
# પંચાસ્તિકાયસંગ્રહ પ્રકાશ

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચન

ભાગ ૨



ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પંચાસ્તિકાયસંગ્રહ પ્રકાશ

(ભાગ–૨)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પંચાસ્તિકાયસંગ્રહ પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઈ.સ. ૧૯૬૪ની સાલના પ્રવચનો)

પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

વિક્રમ સંવત
૨૦૭૭

વીર સંવત
૨૫૪૭

ઈ. સન
2020

**પ્રકાશન**
તા. ૩૦-૧૧-૨૦૨૦, કારતક સુદ-૧૫
શાશ્વત અષ્ટાહ્નિકા મહાપર્વ પૂર્ણાહૂતિ દિન અને
પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીનો જન્મ દિન

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com, email-info@vitragvani.com

**ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

મહાવીર ભગવાન, ગૌતમ ગણધર ત્યારબાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહમાં જઈ સીમંધર ભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરીને ભરતમાં આવેલ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે એ જગતવિદિત છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

નિર્મળ પવિત્ર પરિણતિના ધારક તો હતા જ પરંતુ પુણ્યમાં સમર્થ હતા કે જેથી સીમંધર ભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતાં કરતાં તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી. જેમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ આદિ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

'શ્રી સમયસાર' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધ સ્વરૂપ પ્રકાશ્યું છે. 'શ્રી પ્રવચનસાર'માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર સંઘર્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ, જ્ઞેયતત્ત્વ અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. 'શ્રી નિયમસાર'માં મોક્ષમાર્ગનું સ્પષ્ટ સત્યાર્થ નિરૂપણ છે. 'શ્રી પંચાસ્તિકાયસંગ્રહ'માં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવ પદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે. તથા 'શ્રી અષ્ટપાહુડ' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે એની દૃઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

પંચાસ્તિકાયસંગ્રહ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા વિભિન્ન ગાથાઓ ઉપર ઈ.સ. ૧૯૬૪માં થયેલા ઉપલબ્ધ પ્રવચનોને એકત્રિત કરી શબ્દશઃ ગ્રંથ લિપિબદ્ધ કરવામાં આવેલ છે. પંચાસ્તિકાયસંગ્રહ શાસ્ત્રના પ્રારંભમાં જ આચાર્યદેવ કહે છે, કે આ શાસ્ત્ર સર્વજ્ઞ મહામુનિના મુખથી કહેવાયેલા પદાર્થોનું પ્રતિપાદક, ચતુર્ગતિનાશક અને નિર્વાણનું કારણ છે. આમ ચાર અનુયોગમાં કોઈપણ અનુયોગ હો પરંતુ ચારેય અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે, એમ છેલ્લે ૧૭૨ ગાથામાં કહીને બધાય અનુયોગનો સાર કહ્યો છે. નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગની સંધિ કરીને અતિ સ્પષ્ટ વિવેચન કરવામાં આવેલ છે.

વર્તમાન શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિમાં જે કહેવાઈ રહ્યું છે, તેને પ્રત્યક્ષ ઝીલનારા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ અને તેમના અનન્ય ભક્ત, કે જેમની વિદ્યમાનતા શ્રી કુંદકુંદાચાર્યદેવના વિદેહગમન વખતે સાક્ષાત્ હતી, એવા વ્હાલા પૂજ્ય કહાન ગુરુદેવશ્રીના અધ્યાત્મરસસભર પ્રવચનો, એનું શું કહેવું? જે વિષય

વચનગોચર નથી, વિકલ્પગોચર નથી તેને કથંચિત્ વક્તવ્ય કરવો એ કહાન ગુરુદેવશ્રીની સમર્થ પ્રચંડ શક્તિના દર્શન કરાવે છે અને ભાવિમાં ૐકાર ધ્વનિ છૂટવાની છે તેનું સૂચક છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી. તથા વેબ સાઈટ (www.vitragvani.com) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે પંચાસ્તિકાયસંગ્રહ ગ્રંથ ઉપરના વિભિન્ન ગાથાઓ ઉપર થયેલ ઉપલબ્ધ પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. પંચાસ્તિકાયસંગ્રહ ગ્રંથ ઉપરના સંકલિત પ્રવચનો પણ પહેલા શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પ્રકાશિત થયેલ છે. આ પ્રવચનો પાછળથી પ્રાપ્ત થયેલા પ્રવચનો છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ચરણકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.


સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી સુધીરભાઈ શાહ, સુરત તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,

વિલે પાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ‘ઉમરાળા’ ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ ‘કાનજી’ શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : ‘શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...’

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ‘જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.’

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : ‘શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.’ એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ ‘મોક્ષમાર્ગ પ્રકાશક’ ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ‘સ્ટાર ઑફ ઈન્ડિયા’ નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ‘હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.’ સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | શ્લોક/ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૦૧ | ૧૨.૦૮.૧૯૬૪ | ગાથા-૧૫૫ | ૦૨ |
| ૦૨ | ૧૩.૦૮.૧૯૬૪ | ગાથા-૧૫૬ થી ૧૫૮ | ૧૮ |
| ૦૩ | ૧૪.૦૮.૧૯૬૪ | ગાથા-૧૫૮, ૧૫૯ | ૩૬ |
| ૦૪ | ૧૭.૦૮.૧૯૬૪ | ગાથા-૧૫૯ | ૫૨ |
| ૦૫ | ૧૮.૦૮.૧૯૬૪ | ગાથા-૧૫૯ | ૬૮ |
| ૦૬ | ૧૯.૦૮.૧૯૬૪ | ગાથા-૧૬૦ | ૮૪ |
| ૦૭ | ૨૦.૦૮.૧૯૬૪ | ગાથા-૧૬૦ | ૧૦૧ |
| ૦૮ | ૨૧.૦૮.૧૯૬૪ | ગાથા-૧૬૦, ૧૬૧ | ૧૧૬ |
| ૦૯ | ૨૩.૦૮.૧૯૬૪ | ગાથા-૧૬૧ | ૧૩૩ |
| ૧૦ | ૨૪.૦૮.૧૯૬૪ | ગાથા-૧૬૧, ૧૬૨ | ૧૪૭ |
| ૧૧ | ૨૫.૦૮.૧૯૬૪ | ગાથા-૧૬૨, ૧૬૩ | ૧૬૪ |
| ૧૨ | ૨૬.૦૮.૧૯૬૪ | ગાથા-૧૬૩, ૧૬૪ | ૧૮૦ |
| ૧૩ | ૨૭.૦૮.૧૯૬૪ | ગાથા-૧૬૪ | ૧૯૭ |
| ૧૪ | ૨૮.૦૮.૧૯૬૪ | ગાથા-૧૬૪, ૧૬૫ | ૨૧૨ |
| ૧૫ | ૩૧.૦૮.૧૯૬૪ | ગાથા-૧૬૮, ૧૬૯ | ૨૨૯ |
| ૧૬ | ૦૧.૦૯.૧૯૬૪ | ગાથા-૧૭૦ | ૨૪૮ |
| ૧૭ | ૦૨.૦૯.૧૯૬૪ | ગાથા-૧૭૧, ૧૭૨ | ૨૬૫ |
| ૧૮ | ૧૧.૦૯.૧૯૬૪ | ગાથા-૧૭૨ | ૨૮૯ |
| ૧૯ | ૧૨.૦૯.૧૯૬૪ | ગાથા-૧૭૨ | ૩૦૪ |
| ૨૦ | ૧૩.૦૯.૧૯૬૪ | ગાથા-૧૭૨ | ૩૧૯ |
| ૨૧ | ૧૫.૦૯.૧૯૬૪ | ગાથા-૧૭૨ | ૩૩૪ |
| ૨૨ | ૧૬.૦૯.૧૯૬૪ | ગાથા-૧૭૨ | ૩૪૯ |

| | | | |
|---|---|---|---|
| ૨૩ | ૧૭.૦૯.૧૯૬૪ | ગાથા-૧૭૨ | ૩૬૪ |
| ૨૪ | ૧૮.૦૯.૧૯૬૪ | ગાથા-૧૭૨ | ૩૭૯ |
| ૨૫ | ૧૯.૦૯.૧૯૬૪ | ગાથા-૧૭૨ | ૩૯૫ |
| ૨૬ | ૨૦.૦૯.૧૯૬૪ | ગાથા-૧૭૨ | ૪૧૦ |
| ૨૭ | ૨૧.૦૯.૧૯૬૪ | ગાથા-૧૭૩, શ્લોક-૮ | ૪૨૬ |

ॐ

परमात्मने नमः।

# પંચાસ્તિકાયસંગ્રહ પ્રકાશ

(ભાગ-૨)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પંચાસ્તિકાયસંગ્રહ પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઈ.સ. ૧૯૬૪ની સાલના પ્રવચનો)

जीवो सहावणियदो अणियदगुणपज्जओध परसमओ।
जदि कुणदि सगं समयं पब्भस्सदि कम्मबंधादो।।१५५।।

जीवः स्वभावनियतः अनियतगुणपर्यायोथ परसमयः।
यदि कुरुते स्वकं समयं प्रभ्रस्यति कर्मबन्धात्।।१५५।।

નિજભાવનિયત અનિયતગુણપર્યયપણે પરસમય છે;
તે જો કરે સ્વકસમયને તો કર્મબંધનથી છૂટે. ૧૫૫.

અન્વયાર્થ :— (जीवः) જીવ, (स्वभावनियतः) (દ્રવ્ય અપેક્ષાએ) સ્વભાવનિયત હોવા છતાં, (अनियतगुणपर्यायः अथ परसमयः) જો અનિયત ગુણપર્યાયવાળો હોય તો પરસમય છે. (यदि) જો તે (स्वकं समयं कुरुते) (નિયત ગુણપર્યાયે પરિણમી) સ્વસમયને કરે છે તો (कर्मबन्धात्) કર્મબંધથી (प्रभ्रस्यति) છૂટે છે.

ટીકા :— સ્વસમયના ગ્રહણ અને પરસમયના ત્યાગપૂર્વક કર્મક્ષય થાય છે——એવા પ્રતિપાદન દ્વારા અહીં (આ ગાથામાં) 'જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે' એમ દર્શાવ્યું છે.

સંસારી જીવ, (દ્રવ્ય અપેક્ષાએ) જ્ઞાનદર્શનમાં અવસ્થિત હોવાને લીધે સ્વભાવમાં નિયત (—નિશ્ચળપણે રહેલો) હોવા છતાં, જ્યારે અનાદિ મોહનીયના ઉદયને

**અનુસરીને પરિણતિ કરવાને લીધે [૧]ઉપરક્ત ઉપયોગવાળો (—અશુદ્ધ ઉપયોગવાળો) હોય છે ત્યારે (પોતે) ભાવોનું વિશ્વરૂપપણું (—અનેકરૂપપણું) ગ્રહ્યું હોવાને લીધે તેને જે [૨]અનિયતગુણપર્યાયપણું હોય છે તે પરસમય અર્થાત્ પરચારિત્ર છે; તે જ (જીવ) જ્યારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિ કરવી છોડીને અત્યંત શુદ્ધ ઉપયોગવાળો હોય છે ત્યારે (પોતે) ભાવનું એકરૂપપણું ગ્રહ્યું હોવાને લીધે તેને જે [૩]નિયતગુણપર્યાયપણું હોય છે તે સ્વસમય અર્થાત્ સ્વચારિત્ર છે.**

**હવે, ખરેખર જો કોઈ પણ પ્રકારે સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ કરીને જીવ પરસમયને છોડી સ્વસમયને ગ્રહણ કરે છે તો કર્મબંધથી અવશ્ય છૂટે છે; તેથી ખરેખર (એમ નક્કી થાય છે કે) જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. ૧૫૫.**

**શ્રાવણ સુદ ૫, બુધવાર, તા. ૧૨.૮.૧૯૬૪**
**ગાથા-૧૫૫, પ્રવચન-૧**

૧૫૫ ગાથા ચાલે છે. મોક્ષમાર્ગ પ્રપંચ નામ વિસ્તાર. મોક્ષમાર્ગના વિસ્તારનું વર્ણન એમાં છે. ૧૫૫ ગાથા કાલે આવી ગઈ છે. અન્વયાર્થ થોડો બાકી રહ્યો છે. એ ટીકામાંથી લઈએ, જુઓ, એની ટીકા.

‘**સ્વસમયના ગ્રહણ અને પરસમયના ત્યાગપૂર્વક કર્મક્ષય થાય છે—**’ જુઓ! આ ગાથામાં ચારિત્રને સાક્ષાત્ મોક્ષનું કારણ કહેવામાં આવ્યું છે. તો કહે છે કે ‘**સ્વસમયના ગ્રહણ...**’ પોતાનો શુદ્ધ સ્વભાવ પવિત્ર જ્ઞાયકભાવનો અનુભવ, એનું અંતર દર્શન-જ્ઞાન સહિત સ્વરૂપની ચારિત્રની રમણતા તે સ્વસમયનું ગ્રહણ છે. ‘**અને પરસમયના ત્યાગ...**’ વિકલ્પ જે છે, શુભ-અશુભ જે રાગ છે એ પરસમય છે, એ પરભાવ છે, વિભાવ છે તેના ત્યાગપૂર્વક અર્થાત્ તેના અભાવપૂર્વક ‘**કર્મક્ષય થાય છે.**’ આ વ્યાખ્યા. સ્વસમયનો અનુભવ અને પરસમયના ત્યાગપૂર્વક, પરસમયના અભાવપૂર્વક કર્મક્ષય થાય છે.

‘**એવા પ્રતિપાદન દ્વારા...**’ એવા કથન દ્વારા ‘**અહીં (આ ગાથામાં) ‘જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે’ એમ દર્શાવ્યું છે.**’ જુઓ! આ નિયત-અનિયતની વ્યાખ્યા અત્યારે કોઈ વિપરીત કરે છે કે નિયતનો અર્થ અહીંયાં એ કહે છે, ક્રમબદ્ધ થવું અને અનિયતનો અર્થ અહીંયાં એમ કરે છે કે અક્રમબદ્ધ થવું. આવો અર્થ હમણાં છાપામાં ઘણી વાર આવી

૧. ઉપરક્ત=ઉપરાગયુક્ત. (કોઈ પદાર્થમાં થતો અન્ય ઉપાધિને અનુરૂપ વિકાર (અર્થાત્ અન્ય ઉપાધિ જેમાં નિમિત્તભૂત હોય છે એવી ઔપાધિક વિકૃતિ—મલિનતા—અશુદ્ધિ) તે ઉપરાગ છે). ૨. અનિયત=અનિશ્ચિત, અનેકરૂપ, વિવિધ પ્રકારના. ૩. નિયત=નિશ્ચિત, એકરૂપ, અમુક એક જ પ્રકારના.

ગયો છે. તો એમ છે નહિ, ઈ વાત અહીંયા છે જ નહિ. સમજાણું કાંઈ?

નિયત નામ પર્યાયનું ક્રમબદ્ધ થવું અને અનિયત નામ પર્યાયનું અક્રમબદ્ધ થવું ઈ વાત અહીંયા છે જ નહિ. અહીંયાં તો જીવસ્વભાવમાં નિયત સ્વાભાવિક ચારિત્ર તે મોક્ષમાર્ગ છે તેને અહીંયાં નિયત કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આત્મા દ્રવ્ય અને ગુણે શુદ્ધ છે અને પર્યાયમાં પોતાના શુદ્ધ અનુભવનું અરાગી—વીતરાગી પરિણમન થવું તેનું નામ નિયતચારિત્ર કહેવામાં આવ્યું છે. નિયતનો અર્થ શુદ્ધ પર્યાય ક્રમસર ચાલે છે એમ અહીંયાં અર્થ નથી. સમજાણું કાંઈ?

'**જીવસ્વભાવમાં...**' પોતાનો સ્વભાવ.. આગળ કહેશે. જ્ઞાન અને દર્શન દ્રવ્યસ્વભાવ જે કાયમ ત્રિકાળ એકરૂપ આત્મામાં સ્વભાવ પડ્યો છે. જ્ઞાન-દર્શન. દર્શન શબ્દે સમકિત નહિ. દર્શન શબ્દે સામાન્ય અને જ્ઞાન શબ્દે વિશેષ ચેતના એવા પોતાના જીવસ્વભાવમાં નિયતચારિત્ર-સ્થિરતારૂપ ચારિત્ર, અવિકારીરૂપ ચારિત્ર, નિશ્ચય સ્વભાવરૂપ પરિણતિ તે મોક્ષમાર્ગ છે. એમ અહીંયાં પ્રતિપાદન કરવું છે. સમજાણું કાંઈ? '**એમ દર્શાવ્યું છે.**'

'**સંસારી જીવ, (દ્રવ્ય-અપેક્ષાએ)...**' વસ્તુના સ્વભાવની અપેક્ષાએ '**જ્ઞાનદર્શનમાં અવસ્થિત હોવાને લીધે...**' ભગવાન આત્મા દર્શનચેતના અને જ્ઞાનચેતનારૂપ દ્રવ્યસ્વભાવ તે કાયમી હોવાને લીધે. સમજાણું કાંઈ? ભગવાન આત્મામાં દર્શનચેતના, જ્ઞાનચેતના (છે). દર્શન નામ સામાન્ય, જ્ઞાન નામ વિશેષ. બેય પોતાના નિજ સ્વભાવ—દ્રવ્યસ્વભાવમાં કાયમ રહેવાવાળી ચીજ છે. તો '**(દ્રવ્ય-અપેક્ષાએ) જ્ઞાનદર્શનમાં અવસ્થિત હોવાને લીધે સ્વભાવમાં નિયત...**' સ્વભાવમાં નિયત '**(—નિશ્ચળપણે રહેલો) હોવા છતાં,...**' આવો સ્વભાવ તો નિશ્ચળરૂપ છે. આત્મામાં જાણવું અને દેખવું સ્વભાવ નિયત—કાયમ નિશ્ચળરૂપ છે. છતાં.. એમ છેને? '**હોવા છતાં, જ્યારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને...**' મોહનીયનું ઉદયનું અનુસરણ કરીને '**પરિણતિ કરવાને લીધે...**' હવે પહેલા આ બોલ લીધો. શું કહ્યું?

આત્મા છે તેનો સ્વભાવ નિયત છે, જ્ઞાન અને દર્શન અંતર ત્રિકાળ. આમ હોવા છતાં જ્યારે અનાદિ કાળથી અનાદિ મોહનીયના ઉદયનું અનુસરણ—ઉદયને અનુસરીને. મોહનીયના ઉદય અનુસાર કરવું (જ પડે) એમ નહિ. મોહનીય કર્મના ઉદયનું અનુસરણ કરીને. વર્તમાન પર્યાયે કર્મના ઉદયનું અનુસરણ કર્યું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સ્વયં, સ્વયં થયું. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાન અને દર્શનસ્વભાવસંપન્ન નિયત ત્રિકાળ હોવા છતાં '**જ્યારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને...**' મોહ તો એક જડ કર્મ છે, એના ઉદયનું અનુસરણ. એનો પાક આવ્યો એનું અનુસરણ કરવાવાળી પોતાની વિકારી પર્યાય. અનુસરણ કરવાવાળી.

ઉદય છે એવું અનુસરણ કરવું પડે છે એમ નહિ.

મુમુક્ષુ :— સ્વયં થાય છે.

ઉત્તર :— સ્વયં પોતાથી થાય છે. કોઈ કહે છે કે નહિ? કે કર્મનો જેટલો ઉદય આવે એટલો ડિગ્રી ટુ ડિગ્રી પોતાને વિકાર કરવો પડે છે. ડિગ્રી ટુ ડિગ્રી સમજાણું? એટલા પ્રમાણમાં. જેટલા પ્રમાણમાં શરીરમાં તાવ છે તેટલા પ્રમાણમાં એ... શું કહે છે? થર્મોમિટરમાં એટલા પ્રમાણમાં તાવનું માપ આવે છે. એમ જેટલો મોહનીય કર્મનો ઉદય છે એટલા પ્રમાણમાં આત્મામાં વિકારનું માપ કરવું પડે. એમ નથી. સમજાણું કાંઈ? બહુ ગડબડ કરે છે આ ગાથામાં. ઓહો..!

મુમુક્ષુ :— એવી પરિણતિ કરીને..

ઉત્તર :— અહીંયાં તો આગળ પોતે કહેશે હજી કે પરિણતિ ઉદયનું અનુસરણ કરતી હતી એ ઉદયનું અનુસરણ કરવાનું છોડી દે તો સ્વભાવમાં રમણતા કરે, એ પોતાને કારણે છે. પરના કારણે અનુસરણ થાય છે એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— કરવું પડે એનો અર્થ શું?

ઉત્તર :— એમ કે જેટલો વિકાર કર્યો છે એટલું નિમિત્ત પડ્યું છે. એ નિમિત્તના પાક કાળે એટલો જ (વિકાર) કરવો પડે. કરવો પડે, સ્વતંત્રપણે પરિણમવું પડે પરાધીનપણે. એમ છે નહિ. પરને કારણે કરવું પડે એમ નથી. ત્રણ કાળ ત્રણ લોકમાં પરદ્રવ્ય સ્વતંત્ર છે. એ તો પહેલી ગાથા આવી ગઈ, ૬૨ ગાથા. ૬૨ ગાથામાં આવી ગયું છેને? કે નિશ્ચયથી પર કારકની અપેક્ષા વિના પોતાનો આત્મા જ વિકાર પરિણામનો કર્તા છે, વિકાર પરિણામનું કાર્ય છે, વિકાર પરિણામનું કરણ—સાધન છે, વિકાર પરિણમન પોતામાં લીધા અને દીધા છે, વિકાર પરિણામ પોતામાં કર્યા છે, વિકાર પરિણામ પોતાના આધારે થયા છે. પર નિમિત્ત કારકની અપેક્ષા છોડીને, એમ પાઠ છે. અન્ય કારકની અપેક્ષા રાખ્યા વિના પોતાના સ્વકારકથી પરિણમી રહ્યું છે. સમજાણું કાંઈ? એ તો પહેલા જ ૬૨ ગાથામાં આવી ગયું, આપણે વિસ્તારથી આવી ગયું છે.

એ વાત અહીંયાં વિશેષ સ્પષ્ટ કરે છે કે આત્માનો સ્વભાવ જ્ઞાન-દર્શન-સામાન્ય-વિશેષ ચેતનાસ્વરૂપ અંતર દ્રવ્યસ્વરૂપપણે સ્વભાવપણે કાયમી છે. છતાં... છતાં કહે છેને? હોને પર ભી, બધી હિન્દી નથી આવડતી, થોડી થોડી ગડબડ થઈ જાય છે. જ્યારે અનાદિ મોહનીય કર્મના ઉદયથી. જુઓ! અહીંયાં સુધી '**અનાદિ મોહનીયના ઉદય...**' આટલા શબ્દ રહ્યા પર, આટલું રહ્યું પર. હવે '**અનુસરીને...**' એ પોતાની પર્યાય (છે). ઉદયનું અનુસરણ જેટલું પોતાની યોગ્યતાથી કર્યું એ કરીને પરિણતિ કરવાને લીધે, વિકારી પરિણતિ—અવસ્થા કરવાને લીધે, આત્માની પોતાની ભૂલને લીધે. બીજું કોઈ કારણ નહિ. કર્મનો ઉદય આવ્યો માટે અનુસરણ કરવું પડ્યું એમ નહિ. સમજાણું કાંઈ?

પોતાના જ્ઞાન-દર્શનસ્વભાવનો સાવધાનપણે આશ્રય નહિ કરીને કર્મના ઉદયનું અનુસરણ

કરનારી પરિણતિ પોતામાં સ્વતંત્રપણે પરને આધીન થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! '**મોહનીયના ઉદયને અનુસરીને પરિણતિ...**' નામ પોતાની પર્યાય વિકારી અવસ્થા કરવાને લીધે. '**ઉદયને અનુસરીને પરિણતિ કરવાને લીધે...**' આ લીધું. આ કારણે '**ઉપરક્ત ઉપયોગવાળો...**' જુઓ! આ કારણે ઉપરક્ત નામ.. છેને નીચે? ઉપરક્ત અર્થાત્ ઉપરાગયુક્ત. નીચે નોટ છે. '(**કોઈ પદાર્થમાં થતો અન્ય ઉપાધિને અનુરૂપ...**' અન્ય ઉપાધિને અનુરૂપ. ઉપાધિ નિમિત્ત છે અને તેને અનુરૂપ વિકાર (છે). નિમિત્ત અનુકૂળ છે અને અનુરૂપ નૈમિત્તિક પર્યાય છે. પોતાના ઉપાદાનમાં નિમિત્ત અનુકૂળ છે તેને અનુરૂપ પોતાની પર્યાયમાં નૈમિત્તિક વિકારી પર્યાયનું થવું એનું નામ અનુરૂપ કહેવામાં આવે છે. ઉપાધિને અનુરૂપ અર્થાત્ કર્મનો ઉદય મોહ હોય અને એના ઉદય અનુસાર જ્ઞાનાવરણીયનું હીણપણું થાય એમ નહિ. એટલું અનુરૂપ (લેવું), અનુરૂપનો અર્થ આટલો. જે કર્મ છે એ નિમિત્ત છે એને અનુસરનારી પરિણતિને અનુરૂપ કહે છે. નિમિત્તને અનુરૂપ. નિમિત્તના પ્રકારે કરનારી પરિણતિ એમ નહિ. કરે છે પોતાથી. પરંતુ જેવું નિમિત્ત જ્ઞાનાવરણીય ઉદય છે તો જ્ઞાનની પરિણતિ પોતાના કારણે અનુસરીને હિણી થાય છે એનું નામ અનુરૂપ કહેવામાં આવે છે. જ્ઞાનાવરણીયના ઉદયને અનુકૂળ નિમિત્ત કહેવામાં આવે છે. મોહનીયના ઉદયને નિમિત્ત કહેવામાં આવે છે. એ અનુકૂળ નિમિત્ત છે એને અનુસરનારી પોતાની વિકારી પર્યાય નૈમિત્તિક, એને અનુરૂપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! સમજાય છે કે નહિ ભાઈ? ભાષા થોડી થોડી હિન્દી સમજી લેવી.

'**ઉપરક્ત ઉપયોગવાળો...**' જુઓ! કારણ શું કહ્યું? કારણ શું બતાવ્યું? કે મોહનીયના ઉદયનું અનુસરણ કરીને પરિણતિ કરવાને કારણે '**ઉપરક્ત ઉપયોગવાળો...**' મલિન ઉપયોગવાળો છે. નિમિત્તને કારણે મલિન ઉપયોગવાળો છે એમ નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ના, નિમિત્તને કારણે અહીંયાં કહ્યું જ નથી, અહીંયાં કહ્યું જ નથી. પોતે જ, પોતે એટલે સ્વયં. અમારી ભાષા પોતે છે ગુજરાતી. સ્વયં નિમિત્તનું અનુસરણ કરીને પોતાને કારણે. જુઓને! '**પરિણતિ કરવાને લીધે...**' એમ કહ્યું છે. મોહનીયના ઉદયનું અનુસરણ પોતાની જીવપર્યાયે કર્યું અને કરીને પરિણતિ કરવાને લીધે—વિકારી અવસ્થા કરવાને લીધે ઉપરક્ત ઉપયોગવાળો—મલિન ઉપયોગવાળો (થયો). નીચે છે જુઓ! '**અન્ય ઉપાધિ જેમાં નિમિત્તભૂત હોય છે એવી ઔપાધિક વિકૃતિ...**' ઔપાધિક વિકૃતિ એટલે મલિન પરિણામ, '**મલિનતા—અશુદ્ધિ...**' ઉપરાગ કહેવામાં આવે છે. એને ઉપરાગ મલિન ઉપયોગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો સિદ્ધાંત છે, કોઈ વાર્તા નથી. આ તો એક એક શબ્દમાં એના સિદ્ધાંત તત્ત્વ જે નિયમ છે વસ્તુના એ પ્રસિદ્ધ અને જાહેર કરે છે. પ્રસિદ્ધ જાહેર કરે છે. તારો આત્મા, કર્મના નિમિત્તનું અનુસરણ તારે કારણે તું કરે છે ત્યારે તારી વિકારી પરિણતિને કારણે તારામાં મલિનતા અને અશુદ્ધ ઉપયોગ થાય છે. તારે કારણે

અશુદ્ધ ઉપયોગરૂપ મલિન ભાવ થાય છે. ધન્નાલાલજી! સમજાણું?

મુમુક્ષુ :— ભૂલ ક્યાં કરી?

ઉત્તર :— પર તરફ લક્ષ, રુચિ કર્યા એ ભૂલ કરી. પોતાના જ્ઞાન-દર્શનસ્વભાવ તરફ ઢળ્યો નહિ, પર ઉપર ઢળ્યો એ ભૂલ કરી. એનું અનુસરણ કર્યું ને. પોતાનો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવને ન અનુસર્યો અને નિમિત્તનું અનુસરણ કર્યું, પોતાને કારણે, પરને કારણે નહિ. સમજાણું કાંઈ?

'(—**અશુદ્ધ ઉપયોગવાળો) હોય છે...**' જુઓ! અશુદ્ધ ઉપયોગ. પછી એમાં શુભ અને અશુભ બેય આવી ગયા. શુભ અને અશુભ. મિથ્યાત્વ, અશુભ, શુભ-બધું અશુદ્ધ ઉપરક્ત ઉપયોગવાળો કહેવામાં આવ્યો છે. શુભભાવ હો, અશુભ હો કે મિથ્યાત્વભાવ હો—બધા અશુદ્ધ ઉપયોગવાળા મલિન પરિણામ કહેવામાં આવ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? અશુદ્ધરૂપ થાય છે. '**ત્યારે (પોતે) ભાવોનું વિશ્વરૂપપણું (—અનેકરૂપપણું) ગ્રહ્યું હોવાને લીધે...**' ધ્યાન રાખજો, અનિયતની વ્યાખ્યા થાય છે. કેટલાક લોકો એમ કહે છે કે અનિયત નામ અક્રમ. અનિયત નામ અક્રમ (અર્થાત્) વિકાર આઘોપાછો થાય છે. અનિશ્ચિત વિકાર છે કે આ સમયે આ થાય એમ નિશ્ચિત નથી એમ અહીંથી કહે છે, (એમ) અહીંયાં નથી, એ વાત અહીંયાં છે જ નહિ. ક્રમસર પર્યાય હવે આવશે, સર્વવિશુદ્ધ અધિકાર આવશેને. પ્રતિક્રમણ અધિકાર ચાલે છે, પછી સર્વવિશુદ્ધમાં આવશે. શુદ્ધ હો કે અશુદ્ધ હો, વ્યવસ્થિત પર્યાયની ધારા ચાલે છે. સમજાણું કાંઈ? સર્વવિશુદ્ધ અધિકાર જરી સૂક્ષ્મ છે ઈ કાલે આવશે. શુદ્ધ હો કે અશુદ્ધ હો, સમયે સમયે પરિણતિ ક્રમસર વ્યવસ્થિત ચાલે છે. પણ એનો નિર્ણય કરવાવાળો જીવ પરનું કર્તૃત્વ છોડી, રાગનું કર્તૃત્વ છોડી, હું જ્ઞાતા—જ્ઞાયક છું એમ સ્વભાવનો અનુભવ અને દૃષ્ટિ કરી ત્યારે ક્રમસર થનારી પર્યાયનો જ્ઞાતા-દૃષ્ટા રહ્યો. સમજાણું કાંઈ? આહાહા..! ઈ જુદી વાત છે, અહીં જુદી વાત છે.

અહીં અનિયત ગુણપર્યાયને '**વિશ્વરૂપપણું (-અનેકરૂપપણું) ગ્રહ્યું હોવાને લીધે...**' આ લીધું છે, જુઓ! વિશ્વ નામ અનેકરૂપ, અનેકરૂપ. પર્યાયમાં અનેકરૂપ વિકાર થાય છે. '**ભાવોનું...**' ભાવની વાત છે. ક્રમબદ્ધ છે ઈ કાળની વાત છે. ઈ પછી આવશે ત્યારે વાત ચાલશે. અહીં તો ભાવની વાત છે કે પોતાની પર્યાયમાં કર્મના નિમિત્તનું અનુસરણ કરનારી પર્યાય અનેકરૂપ વિભાવરૂપ થાય છે, એવું અનેકરૂપપણું ગ્રહ્યું હોવાને લીધે, આ કારણે '**અનિયતગુણપર્યાયપણું હોય છે...**' આ કારણે ભાવોનું અનિયત ગુણપર્યાયપણું હોય છે. સમજાણું કાંઈ?

ફરીને. આત્મામાં વિકાર અનેકરૂપ થાય છે એને અનિયતપણું કહ્યું. કેમ? કે વિશ્વરૂપ, ભાવોનું વિશ્વરૂપપણું ગ્રહ્યું હોવાને લીધે તે અનિયત ગુણપર્યાયવાળો થાય છે. અનિયત ગુણપર્યાય આ કારણે છે. બે કારણ આપ્યા. પહેલા ઈ કારણ આપ્યું કે મોહનીયનું અનુસરણ કરીને

પરિણતિ કરવાને લીધે અશુદ્ધ ઉપયોગ થયો. હવે એ અશુદ્ધ ઉપયોગ ભાવોનું વિશ્વરૂપપણું છે એમાં અનેકપણું છે. વિકારમાં અનેકપણું છે. વિકાર દશા એક(સરખી) ન હોય. સ્વભાવની શુદ્ધિ થાય એમાં એકપણું છે અને વિકાર છે એમાં અનેકપણે વિકાર છે. વિવિધ પ્રકાર (છે). નીચે છે જુઓ! અનિયતનો નીચે અર્થ કર્યો છેને. 'અનિયત—અનિશ્ચિત.' અનિશ્ચિતનો અર્થ આઘો પાછો એમ નથી અહીંયાં. 'અનિશ્ચિત, અનેકરૂપ, વિવિધ પ્રકારના.' વિશ્વરૂપ પ્રકારના. વિભાવ અનેકરૂપ છે તો એને અનિયતપણું કહેવામાં આવ્યું છે. ઓહો..! ભાવ અપેક્ષાથી. સમજાણું કાંઈ?

**'અનિયતગુણપર્યાયપણું હોય છે...'** કેમકે અનેકપણું ગ્રહ્યું હોવાને લીધે. કારણ તો આ આપ્યું છે. અનેકપણાનો અર્થ એમ નથી કે અનિશ્ચિતપણું આઘુપાછું કરવાને કારણે. એ વાત અહીંયાં છે જ નહિ. ભાવની પ્રરૂપણા છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— દ્રવ્ય તો ભિન્ન રાખ્યું છેને.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— અનિયત ગુણપર્યાય. પર્યાયમાં અનિયત નામ વિકાર છે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— દ્રવ્ય તો પહેલા કહી દીધું છે. દ્રવ્ય તો પહેલા કહી દીધું છે. **'(દ્રવ્ય અપેક્ષાએ) જ્ઞાનદર્શનમાં અવસ્થિત હોવાને લીધે સ્વભાવ...'** એ તો પહેલા કહ્યું. જીવ કેવો છે? કે દ્રવ્ય અપેક્ષાએ જ્ઞાનદર્શન નિયત સદા છે. બસ એક. એ નિયત છે. નિયત નામ નિશ્ચય છે.

મુમુક્ષુ :— ગુણપર્યાય..

ઉત્તર :— ગુણપર્યાય, ગુણની જે વિકારી પર્યાય છે, એ વિકારને અનિયત કહ્યું છે. પર્યાયને. ગુણની પર્યાય, ગુણની પર્યાય. અનિયત ગુણપર્યાય. એટલે ગુણ નહિ. ગુણ તો ત્રિકાળ એકરૂપ છે. ગુણની વાત અહીંયાં છે જ નહિ. એ તો પહેલા કહી દીધું છે, જુઓને! પહેલાં કહ્યુંને? **'સંસારી જીવ,...'** ત્રીજી પંક્તિ **'(દ્રવ્ય અપેક્ષાએ) જ્ઞાનદર્શનમાં અવસ્થિત હોવાને લીધે સ્વભાવમાં નિયત (—નિશ્ચળપણે રહેલો) હોવા છતાં...'** એ દ્રવ્ય-ગુણ બેય આવી ગયા, દ્રવ્ય-ગુણ બેય આવી ગયા. દ્રવ્ય જીવ અને એમાં જ્ઞાન-દર્શન નિશ્ચળપણે સ્થિત હોવા છતાં. એ બેય આવી ગયા. હવે પર્યાયની વાત ચાલે છે. **'અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને પરિણતિ...'** હવે પર્યાય આવી. **'કરવાને લીધે ઉપરક્ત ઉપયોગવાળો (—અશુદ્ધ ઉપયોગવાળો) હોય છે ત્યારે...'** અશુદ્ધ ઉપયોગવાળો હોય છે ત્યારે **'(પોતે) ભાવોનું વિશ્વરૂપપણું (—અનેકરૂપપણું) ગ્રહ્યું હોવાને લીધે...'** વિભાવનું અનેકપણું પોતાથી ગ્રહ્યું હોવાને લીધે **'તેને જે અનિયતગુણપર્યાય...'** ગુણ શબ્દે અહીંયાં જે ત્રિકાળ ગુણ છે એની વિકારપર્યાયને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— નહિ, વિકાર તો થતો જ નથી. ગુણ તો એવોને એવો છે. ગુણ તો ત્રિકાળ (શુદ્ધ રહે છે). પર્યાય વિકારી થાય છે. ગુણ ત્રિકાળી છે અને પર્યાય વર્તમાન પુરતી છે. વિકારી પર્યાય થાય છે, ગુણ કદી વિકારી નથી થતો. ગુણનો અંશ જે પર્યાય એ વિકારી થાય છે. ગુણ તો ત્રિકાળ સદશરૂપ છે એ તો પહેલા કહ્યું, 'દ્રવ્ય અપેક્ષાએ સદાય અવસ્થિત નિયત નિશ્ચળરૂપ સ્થિત'.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ભિન્ન નહિ, એ તો પર્યાયદૃષ્ટિથી ભિન્ન છે, દ્રવ્યદૃષ્ટિથી અભિન્ન છે. વિકાર પણ ત્રિકાળ દ્રવ્ય-ગુણ-પર્યાયથી અભિન્ન છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ગુણ વિકારી થતો જ નથી. એ તો ઉપચારથી કહેવામાં આવે છે. ગુણ વિકારી થતો જ નથી. ગુણ તો અનાદિઅનંત નિગોદથી માંડી સિદ્ધ (પર્યંત), અનાદિઅનંત દ્રવ્ય અને ગુણ તો એકરૂપ સદશ શુદ્ધ ત્રિકાળ પડ્યા છે. વિકાર, સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ બધું પર્યાયમાં થાય છે. શું કહ્યું? સંસાર એ વિકારી પર્યાય, મોક્ષમાર્ગ અવિકારી પર્યાયની અપૂર્ણતા, મોક્ષ અવિકારી પર્યાયની પૂર્ણતા—આ ત્રણે પર્યાયમાં થાય છે. સમજાણું કાંઈ? ધન્નાલાલજી! આ ગાથા તકરારી બરાબર આવી છે. ઈ અજીતકુમાર લખે છે, જુઓ! તમે કહે છો કે ક્રમબદ્ધ છે. કુંદકુંદાચાર્ય કહે છે, અનિયત અને નિયત બેય છે. અનિયતનો અર્થ અક્રમબદ્ધ કહે છે અહીં, અને નિયતનો અર્થ અહીં ક્રમબદ્ધ કહે છે. તમે કુંદકુંદાચાર્યનું કહેલું માનતા નથી અને તમે કહો છો કે કુંદકુંદાચાર્ય અમારા પરમગુરુ છે. એમ કહે છે.

ભગવાન! અહીંયાં એમ કહ્યું જ નથી, પ્રભુ! અહીંયાં જુદી વાત છે. ક્રમબદ્ધની વાત આવશે ત્યાં વાત ચાલશે, અહીંયાં બીજી વાત છે. અહીંયાં ક્રમ-અક્રમની વાત છે જ નહિ. અહીં ભાવની અપેક્ષા છે. કાળની અપેક્ષાએ ક્રમબદ્ધ છે એ જ્યારે સર્વવિશુદ્ધ અધિકાર આવશે એમાં આવશે.

મુમુક્ષુ :— અહીંયાં ભાવ છે.

ઉત્તર :— ભાવની (વાત) છે. અનેકરૂપ ભાવને અનિયત કહે છે. વિકારરૂપને અનિયત કહે છે. ૪૭ નય ચાલી છેને? પ્રવચનસારમાં ૪૭ નય ચાલી છે. ત્યાં બે નય ચાલી છે--નિયતનય, અનિયતનય. ઈ આ અધિકાર છે. નિયતનય ત્યાં એમ નથી, ક્રમબદ્ધ નિયતનયની વાત ત્યાં છે જ નહિ. ૪૭ નય પ્રવચનસારમાં છેલ્લે ચાલી છે. આપણે નય પ્રજ્ઞાપનનો ગ્રંથ છપાઈ ગયો છે. ત્યાં નિયતનો અર્થ, જેમ પાણીનો શીતળ સ્વભાવ છે, શીતળ પર્યાયને નિયત કહેવામાં આવે છે. ઠંડી પર્યાયનો નિયત નામ એનો સ્વભાવ હોવાને લીધે. અને ઉષ્ણ પર્યાયને અનિયત કહે છે. એ વિકાર છે માટે. ત્યાં ૪૭ નયમાં આ બે લીધા છે,

ઈ વાત અહીંયાં લીધી છે.

નિયત અર્થાત્ થવાનું છે તેમ જ થશે અને અનિયત અર્થાત્ ફેરફાર થશે, ઈ વાત ત્યાં ૪૭ નયમાં પણ નથી, નિયત અનિયતના અર્થમાં અને અહીંયાં પણ ઈ નથી. સમજાણું કાંઈ? ડાલચંદજી! આ ગડબડ કરે છે ઈ. અરે.. ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! આ માર્ગ માંડ માંડ હાથ આવ્યો, મનુષ્યદેહ મળ્યો અને સત્ય શું છે એમાં ગડબડી કરવાનો પ્રભુ! અત્યારે અવસર નથી. આ તો સત્ય માર્ગ છે. સમજાણું કાંઈ?

બે કારણ ભાઈ! મૂક્યા. ઓલામાં કહ્યુંને? **'પરિણતિ કરવાને લીધે...'** પોતે પરિણતિ કરવાને લીધે અશુદ્ધ પર્યાય થઈ છે, અશુદ્ધ ઉપયોગ થયો છે. અને અહીંયાં ભાવોનું અનેકરૂપપણું ગ્રહ્યું હોવાને લીધે. કારણ તો આપ્યું. એને **'અનિયતગુણપર્યાયપણું હોય છે...'** અનિયત ગુણની પર્યાય, વિકારી પર્યાયને અનિયત કહેવામાં આવે છે. વિકારી ભાવને અનિયત કહેવામાં આવ્યું છે. કેમકે એકરૂપ શુદ્ધતા નથી. અશુદ્ધતાને જ અહીંયાં અનિત્ય ગુણપર્યાય કહેવામાં આવ્યું છે.

**'તે પરસમય અર્થાત્ પરચારિત્ર છે;...'** લ્યો. એનું નામ પરસમય પરચારિત્ર છે. અનિયત-ગુણની વિકારી પર્યાયને પરચારિત્ર અને પરસમય કહેવામાં આવ્યું છે. એ પર્યાયને, પર્યાયને. સમજાણું કાંઈ? આહાહા..! **'અનિયતગુણપર્યાયપણું હોય છે તે...'** જુઓ! **'હોય છે તે...'** જેને અહીંયાં અશુદ્ધ ઉપયોગ કહ્યો હતો, ઉપરક્ત ઉપયોગવાળો કહ્યો હતો તે જ ભાવોનું વિશ્વરૂપપણું છે, એ જ અનિયતગુણપર્યાયપણું હોય છે. ત્રણે વાત એની જ છે. **'તે પરસમય...'** એને જ પરસમય કહેવામાં આવ્યો છે. તેને પરચારિત્ર છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એમ જ છે.

પોતાના દ્રવ્ય અને ગુણ તો જ્ઞાન-દર્શનથી.. અહીં ચેતનાથી લેવું છેને, ભરેલા અનાદિઅનંત છે અને પર્યાયમાં જ્યારે કર્મને અનુસરનારી પરિણતિ વિકાર થવાને લીધે મલિનતાને ધારણ કરે છે, એ મલિનતાનું વિશ્વરૂપપણું હોવાને લીધે, અનેકપણું હોવાને લીધે તેને અનિયતગુણપર્યાય કહેવામાં આવ્યું છે. એને પરચારિત્ર અને પરસમય કહેવામાં આવે છે. આટલા વિશેષણ લીધા, જુઓ! ઓહો..! ધન્નાલાલજી! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા દ્રવ્ય અને ગુણ જ્ઞાન, દ્રવ્ય જીવ એનો સ્વભાવ જ્ઞાન-દર્શન. પાઠમાં છે કે નહિ? **'जीवो सहावणियदो'**. પાઠમાં પહેલો શબ્દ છે. ૧૫૫. કુંદકુંદાચાર્ય મહારાજની (ગાથા). **'जीवो सहावणियदो'** બસ. જીવ સ્વભાવ નિયત, જ્ઞાન-દર્શન ત્રિકાળ નિયત. નિયતનો અર્થ ત્રિકાળ છે, ત્રિકાળ છે. **'अणियदगुणपज्जओध परसमओ'**. એની વ્યાખ્યા ચાલે છે, બીજા પદની. પહેલી ગાથાની બીજા પદની. **'अणियदगुणपज्जओध परसमओ'**. આટલી

વ્યાખ્યા ચાલે છે, હજી તો બે પદની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? **'તે પરસમય અર્થાત્ પરચારિત્ર છે;...'** એ દુઃખ, સંસાર છે. એ સંસાર છે, દુઃખદાયક છે, પરિભ્રમણ છે, એ જ ચોર્યાસી લાખ અવતારના બીજડા છે.

હવે સુલટી (વાત), હવે બીજા પદની વ્યાખ્યા. **'जदि कुणदि सगं समयं'**. જુઓ! બીજા પદની પહેલી,.. શું કહે છે? પંક્તિ, બીજી લીટીનું પહેલું પદ છે, જુઓ! **જ્યારે 'તે જ (જીવ)...'** જુઓ! **'તે જ (જીવ) જ્યારે...'** નિમિત્તનું અનુસરણ કરી પોતાની પર્યાયમાં વિકારી પર્યાય ગ્રહણ કરતો હતો તો અનિયતપણું, એમાં વિશ્વપણું નામ વિકારનું અનેકપણું હતું તે અપેક્ષાથી અનિયતગુણપર્યાયવાળો કહ્યો, તે અપેક્ષાથી પરસમય કહ્યું, તે અપેક્ષાથી પરચારિત્ર કહ્યું તે જ સંસારસ્વરૂપ છે. આત્માનો સંસાર ઈ છે. આત્માનો સંસાર કર્મ, શરીર, બાયડી-સ્ત્રી, કુટુંબમાં નથી રહેતો. સમજાણું કાંઈ? જીવનો સંસાર પોતાની પર્યાયને છોડી બહાર રહેતો નથી. બરાબર છે? જીવનો સંસાર પોતાની પર્યાયને છોડી બહાર રહેતો નથી. પોતાની વિકારી પરસમયની પર્યાય તે જ સંસાર છે. નક્કી કરો ભઈ નક્કી, અહીંયાં ગડબડ (ન ચાલે), અહીં તો બરાબર ચોખવટ થવી જોઈએ. પંડિતજી! ચોખવટ થવી જોઈએને. કંઈ પણ એને ભાવમાં ખ્યાલ આવવો જોઈએને, ભાવમાં ખ્યાલ આવવો જોઈએ. એમને એમ માની લે, શું માન્યું?

કહે છે... કેટલું સિદ્ધ કર્યું! અમૃતચંદ્રાચાર્યની ટીકા.. આહા..હા..! આ ભરતક્ષેત્રમાં કુંદકુંદાચાર્યના શ્લોકો અને એની અમૃતચંદ્રાચાર્યની ટીકા. સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય ન ભૂતો ન ભવિષ્યતિ! અલૌકિક!! અંદર ભગવાનનું હૃદય હતું એ કુંદકુંદાચાર્યે ખોલીને કહ્યું કે આ વાત છે, આ વાત છે (એમ કહે છે). જેમ ભેંસના આઉમાં દૂધ હોયને? આઉ સમજો છો? ભેંસ. જોરવાળી બાઈ હોયને? આમ કાઢેને? એમ ગાથામાં ભાવ ભર્યા છે એને તર્ક કરીને ખોલી નાખ્યા છે. ભાવ પડ્યા છે એમાં એને તર્ક કરીને કાઢ્યા છે કે આમ કહ્યું છે, આમ કહ્યું છે, આમ કહ્યું છે. બ્રહ્મચારીજી! સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન! તું તો આત્મા છોને પ્રભુ! તારામાં તો જ્ઞાન અને દર્શન ત્રિકાળ ભર્યા છે. તારામાં કોઈ વિકાર નથી પડ્યો. અને વિકાર કરવાના તારા કોઈ દ્રવ્ય-ગુણ પણ નથી. દ્રવ્ય-ગુણ વિકાર કરવાના નથી. પર્યાયમાં વિકાર કરવાની લાયકાત છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો પર્યાયમાં. પર્યાયનો ધર્મ છે. પર તરફનું અનુસરણ કરીને વિકાર કરવો. પણ કોઈ ગુણ નથી કે વિકાર કરનારો હોય. જો ગુણ હોય તો ત્રિકાળ વિકાર થાય. સમજાણું કાંઈ? એ તો કહે છેને? વિભાવિક શક્તિ—ગુણ છેને? લો ભઈ, એની દલીલ તો કહેવી પડે કે નહિ? વિભાવિક શક્તિ—ગુણ છે. પણ એ ગુણનો ધર્મ નથી વિકાર થવાનો. એ ગુણની પર્યાયમાં નિમિત્તાધીન થઈને કરે છે તો પર્યાયનો ધર્મ વિકાર થવાનો છે. ગુણ અને

દ્રવ્યનો છે જ નહિ. સમજાણું કાંઈ? ઈ બતાવ્યું છે.

દ્રવ્ય તો જીવ છે અને જ્ઞાન-દર્શન ગુણ છે એમાં તો વિકાર છે જ નહિ, વિકાર કરવાની લાયકાત પણ નથી. પણ કર્મના ઉદયનું અનુસરણ કરીને પોતાની પર્યાય પોતામાં અશુદ્ધપણું ઉત્પન્ન કરીને મલિન પર્યાય વિશ્વરૂપપણું ધારણ કરે છે. એ અનિયતગુણપર્યાયને સંસાર કહેવામાં આવ્યું, પરચારિત્ર કહેવામાં આવ્યું, પરસમય કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? વાત તો આ જ છે.

મુમુક્ષુ :— એની ભૂલ કાઢી છે.

ઉત્તર :— બસ, તારી ભૂલ છે. 'અપને કો આપ ભૂલકર હૈરાન હો ગયા'. શું બીજાએ તને ભૂલવાડ્યો છે? કોઈ પરદ્રવ્ય ભૂલાવે છે? તાકાત છે કોઈની? ઈશ્વર બીજાને કરે એનો જૈન નિષેધ કરે અને કર્મ મારામાં કરાવી દે, તો અનંત જડને ઈશ્વર ઠરાવ્યા. પેલા તો એક ચૈતન્યને ઈશ્વર ઠરાવે છે. જગતનો કર્તા એક ઈશ્વર છે. બાકી બધું વ્યર્થ છે એના જેવી વાત છે. એમ અહીંયાં, જડ અજીવ બિચારાને ખબર નથી કે અમે જગતનું તત્ત્વ છીએ કે નહિ. પરમાણુને તો ખબરેય નથી કે અમે જગતનું તત્ત્વ છીએ કે નહિ, જગતના અજીવ છીએ કે નહિ. જાણનારો આત્મા છે કે આ એક જડ છે, આ એક જડ છે. હવે ઈ લગાવે છે કે ભાઈ! કર્મનો ઉદય આવે છેને, ભાઈ શું કરીએ? અમારે કર્મ કરવા પડે, વિકાર કરવો પડે છે. અરે... પ્રભુ! આવો અન્યાય ક્યાંથી લાવ્યો?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કર્મ ભમા રહે, (આત્મા) ખિલૌના હૈ. ઈ એકવાર કહ્યું હતું. કેવા? કોઠિયા, દરબારીલાલ કોઠિયા. (સંવત) ૨૦૦૩ની સાલમાં અહીંયાં વિદ્વત પરિષદ ભરી હતીને. એ કહે, આત્મા કર્મનું રમકડું છે. લખ્યું હતું. પછી આવ્યા. કીધું, આ શું લખ્યું છે? આત્મા જડનું રમકડું છે? ખિલૌના સમજે? રમકડા. ખિલૌના તમારી ભાષા છે. જૂઠ છે. કર્મનું રમકડું કોણ કહે છે? કર્મનું રમકડું કર્મમાં રહ્યું. શું કર્મને કારણે આત્મા રમકડું છે? બિલકુલ નહિ. ભગવાન આત્મા નિજ સ્વભાવનું માહાત્મ્ય છોડીને નિમિત્તનું અનુસરણ કરનારી વિકારી પરિણતિ કરે છે તો દુઃખી થઈને સંસારમાં રખડે છે. સમજાણું કાંઈ? આહાહા..! પોપટભાઈ! ક્યાં ગયા તમારા હિંમતભાઈ? પાછળથી આવ્યા હશે.

હવે આવ્યું સવળું, જુઓ! હવે સુલટું આવ્યું. ઊલટું પણ તેં કર્યું છે, સુલટું પણ તું કરી શકે છે, બધું તારે આધીન છે. કેમ? કર્તાની વ્યાખ્યા—સ્વતંત્રપણે કરે તે કર્તા. કર્તાની વ્યાખ્યા સ્વતંત્રપણે વિકાર પણ કરે તે કર્તા. અને કર્મની વ્યાખ્યા કર્તાનું ઈષ્ટ તે કાર્ય. કાર્ય નામ કર્મ. અજ્ઞાની કર્તા થઈને એનું ઈષ્ટ વિકાર છે તો વિકારપણે કરે છે એ કર્તા અજ્ઞાનીનું વિકાર ઈષ્ટ છે. જ્ઞાની કર્તા થઈને નિર્વિકારી પર્યાય ઈષ્ટ છે, ઈ એનું કાર્ય છે અને કર્તા એનો આત્મા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— બેય દ્રવ્ય સ્વતંત્ર છે.

ઉત્તર :— બેય સ્વતંત્ર છે, સમયે સમયે સ્વતંત્ર છે. ઈ જ ચાલે છેને. સ્વતંત્ર છે, શું કોઈ પરતંત્ર છે? એક સમય પણ પરતંત્ર છે? ત્રણ કાળ ત્રણ લોકમાં નહિ. વિકાર કરે છે તોપણ સ્વતંત્રપણે અને નાશ કરે છે એ પણ સ્વતંત્રપણે. ત્રણ કાળ ત્રણ લોકમાં કોઈ પદાર્થની પરતંત્રતા છે જ નહિ. સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગ પ્રકાશકમાં ઘણું લીધું છેને? શું કરીએ? અમને કર્મ નડે છે. અરે..! જિનાજ્ઞા માને તો આવી અનીતિ સંભવે? જિનાજ્ઞા માને તો આવી અનીતિ સંભવે? તું તો મહંત રહેવા ઈચ્છે છે, મહંત રહેવા ઈચ્છે છે. વિકાર થયો તો કર્મથી થયો. એવી અનીતિ ન સંભવે, પ્રભુ! જિનાજ્ઞા સમજે તો આવી અનીતિ હોઈ શકે નહિ. પોતાથી વિકાર પોતાની પર્યાયમાં પોતાની ભૂલથી થાય છે. હવે નાશ કરવામાં પણ આત્મા સ્વતંત્ર છે. જુઓ!

'**તે જ જીવ...**' તે જ જીવ જ્યારે નિમિત્તનું અનુસરણ કરતો હતો તો વિકાર પોતામાં પોતાને કારણે થતો હતો, તે '**અનાદિ મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિ કરવી છોડીને...**' જુઓ! નિમિત્ત તરફ જે અનુસરણ કરતો હતો તે પરિણતિ છોડી દીધી અને સ્વભાવનું અનુસરણ કર્યું. આહાહા..! સમજાણું કાંઈ? પરિણતિ છોડીને એનો અર્થ છોડીને એનો અર્થ? હજી ક્યાં ઉત્પન્ન થઈ હતી તો છોડે. પણ એ તો કથનની પદ્ધતિ શું કરવી? કથનની પદ્ધતિ એવી છે કે એ પરપરિણતિ ઉત્પન્ન થઈ છે અને હવે છોડી દઉં. એ તો ઉદય પ્રગટ થયો એને શું છોડે? અને પ્રગટ નથી થયો એને શું છોડે? પણ કથન વ્યવહારનયની ભાષાની પદ્ધતિ એમ જ ચાલે. ભાષા જડ છે. ચૈતન્ય ભિન્ન છે એને કહેવું આ.. આ.. છે, એ તો જડ દ્વારા કહેવું છે. દુશ્મન દ્વારા આત્માની વાત કરવી છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઉત્પન્ન ન થઈ. છૂટે છે એમ નહિ. ખરેખર તો પર તરફનું લક્ષ છોડીને સ્વભાવ તરફની પરિણતિ કરી તો પર તરફની પરિણતિની ઉત્પત્તિ ન થઈ. ઉત્પન્ન ન થઈ એને છોડી એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? પૂર્વની જે ઉદયરૂપ હતી એ તો બીજા સમયે એને કારણે છૂટી જાય છે, એને છોડવી પડતી નથી. પણ જ્યારે પોતાનો આત્મા અંદર જ્ઞાન-દર્શનનું અનુસરણ કરે છે કે હું જ્ઞાન છું, દર્શન છું. ત્રિકાળ સ્વભાવ હોં! એ પર્યાયે અનુસરણ કર્યું તો પરનું અનુસરણ કરવાની પર્યાય ઉત્પન્ન ન થઈ એને છોડી એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? ભાઈ! આહાહા..! જુઓ! શું કહ્યું છે? જુઓ! પેલા કહે, શબ્દાર્થ કરો. શબ્દાર્થ તો જેવો હોય એમ આવેને. શબ્દ એમ આવ્યો લ્યો કે ઉદયનું અનુસરણ કરનારી પરિણતિને છોડીને. કરો શબ્દાર્થ. પણ એનો અર્થ જ એ છે કે જ્યારે પોતાનો ચિદાનંદ આત્મા પોતાનો સ્વભાવ જ્ઞાન-દર્શન ત્રિકાળનું ધ્યેય કરીને પરિણતિ પ્રગટ નિર્મળ કરી. '**भूदत्थमस्सिदो खलु**' એ તો આવ્યું કે નહિ ૧૧મી ગાથા? ભગવાન એક

સમયમાં પૂર્ણ શુદ્ધ શુદ્ધ જ્ઞાયક છે એ તરફ પર્યાયનો ઝુકાવ '**भूदत्थमस्सिदो**' ભૂતાર્થ આત્માનો આશ્રય પર્યાયે લીધો ત્યારે પરનું અનુસરણ કરનારી પર્યાય ઉત્પન્ન થઈ નહિ તેને 'છોડીને' એમ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. એ તો કથન બીજું ક્યાંથી લાવે? શું ઉત્પન્ન થઈ હતી? તે જ સમયે નિર્મળ પર્યાય થઈ છે? શું કહ્યું? જે સમયે ઉદય પરિણતિ છે પરને અનુસરનારી તે જ સમયે નિર્મળ પરિણતિ થઈ છે? સમજાણું કાંઈ? પણ જે નિમિત્તનું અનુસરણ કરીને વિકારી પર્યાય વિશ્વરૂપ અનેકગુણપર્યાય(પણું) ધારણ કરતી હતી, પરચારિત્ર પરસમય, તે પરિણતિ બીજે સમયે પોતા તરફ જ્યારે ઢળી તો શુદ્ધ પરિણતિ ઉત્પન્ન થઈ તો એણે અશુદ્ધ પરિણતિ છોડી દીધી એમ કહેવામાં આવ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :— સ્વયં..

ઉત્તર :— એ ઉત્પન્ન નથી થતી. ... અહીં તો. અહીં તો ભાઈ ઉત્પન્ન નથી થતી એને છૂટે છે એમ કહેવામાં આવ્યું છે. પાઠ બહુ સૂક્ષ્મ ઊંડી વાત છે જરી.

પોતાનો સ્વભાવ શુદ્ધ ભગવાન એને જ્યાં ધ્યેય બનાવ્યો તો પરિણતિ શુદ્ધ થઈ, સ્વસમય થયો, સ્વસમય થયો, સ્વચારિત્ર થયો. તે સમયે પરચારિત્ર અને પરસમયની પર્યાય ઉત્પન્ન ન થઈ એને છોડી એમ કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— આ તો ભણ્યા નહિ... એનો આશય છે, અભિપ્રાય છે, વસ્તુસ્થિતિ છે એમ કહેવું છે કે બીજું કહેવું છે? કે વસ્તુસ્થિતિ બીજી ફરી જાય છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— છોડ્યું એમ.

ઉત્તર :— છોડ્યું છોડ્યું, છોડે શું? આ છોડ્યું લ્યો. આ લાકડું છોડ્યું. જેમ લાકડું હતું હાથમાં (અને છોડ્યું) એમ છોડ્યું? છોડ્યા સમજ્યા? છોડ્યા કહે છેને? શું કહે છે? છોડા, છોડ દિયા. ભાઈ! કથન પદ્ધતિની રીત તો જેવી ભાષામાં યોગ્યતા હોય તેમ ચાલે. આશય શું છે? માંગીલાલજી! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. જુઓને! '**जदि कुणदि सगं**' એમ શબ્દ છે. જ્યારે '**कुणदि सगं**' પોતે જાતે કરે છે. પોતે એટલે સ્વયં, સ્વયં. જુઓ! '**તે જ (જીવ) જ્યારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિ કરવી છોડીને...**' જુઓ! એણે કાળલબ્ધિ સામું જોવું છે? કાળલબ્ધિ. મારી કાળલબ્ધિ પાકી છે કે નહિ? મને ક્રમબદ્ધમાં આવવાની છે કે નહિ એમ જોવું છે? સમજાણું કાંઈ? એમ નહિ. એ તો પોતાની પર્યાય પરનું અનુસરણ કરતી હતી, પોતાનું અનુસરણ કરવાનો પ્રયત્ન—પુરુષાર્થ કર્યો તે કાળે પાંચે સમવાય આવી ગયા અને પરપરિણતિ છૂટી ગઈ અને નિર્મળ પરિણતિ ઉત્પન્ન થઈ. પુરુષાર્થ આવ્યો, સ્વભાવ આવ્યો, કાળ આવ્યો, કર્મનો અભાવ એમાં છે, પરિણતિ છે. પાંચે એક સમયમાં થઈ જાય છે. સમજાણું કાંઈ?

**'તે જ (જીવ) જ્યારે...'** એમ નથી કહ્યું કે એની જ્યારે કાળલબ્ધિ પાકી હશે (ત્યારે છૂટશે). એ તો એક જાણવાની વસ્તુ હતી. ક્રમબદ્ધ પણ આવે છે એ જાણવાની વસ્તુ હતી. જ્યારે જ્ઞાયકભાવ તરફ નજર કરી અને સમ્યક્ પરિણતિ ઉત્પન્ન થઈ તે સમયે. શું કહ્યું? જ્યારે ભગવાન આત્મા પોતે અનાદિ કાળની પરનું અનુસરણ કરતી પરિણતિને છોડી દે છે અર્થાત્ સ્વભાવ સન્મુખ પરિણતિ કરે છે ત્યારે **'અત્યંત શુદ્ધ ઉપયોગવાળો હોય છે...'** જુઓ! અત્યંત શુદ્ધ ઉપયોગવાળો હોય છે. સ્વચારિત્ર કહેવું છેને, સ્વસમય કહેવું છેને, મોક્ષમાર્ગ કહેવું છેને, મોક્ષનું કારણ કહેવું છેને. આહાહા..!

મુમુક્ષુ :— સ્વભાવના સદ્ભાવમાં વિભાવનું આચરણ હોતું જ નથી.

ઉત્તર :— ઉત્પન્ન જ નથી થતું. સમજાણું કાંઈ?

**'તે પરસમય અર્થાત્ પરચારિત્ર છે; તે જ (જીવ) જ્યારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરતી...'** કોણ? પોતાની પરિણતિ. કર્મનો ઉદય જો અનુસરણ કરાવે તો તો કર્મનો ઉદય સદાય છે, તો પરિણતિ થયા જ કરે. તો પોતાનો મુક્તિનો ઉપાય કરવાનો તો અવકાશ મળે જ નહિ. નિગોદમાં પણ એમ નથી. નિગોદમાં પણ ભગવાન તો કહે છે કે ભાવકલંક પહુરા. પોતાના પ્રચુર કલંક ભાવથી ત્યાં ટક્યો છે, નહિ કે કર્મને કારણે નિગોદમાં ટક્યો છે. એમ કદી નથી. પોતાના ષટ્કારકની મલિન પર્યાય કરતો થકો ત્યાં ટક્યો છે. કર્મ તો નિમિત્તમાત્ર છે. શું કર્મને કારણે આત્મા નિગોદમાં રહે છે? એ તો જડ છે. જડથી આત્મામાં શું થાય છે? સમજાણું કાંઈ?

કહે છે કે, **'તે જ (જીવ)...'** તે જ એટલે જે અનુસરણ કરતો હતો તે જ જીવ. ભાઈ! એમ લીધુંને? જે પરનું અનુસરણ કરનારી પરિણતિવાળો જીવ, તે જ અંદરમાં પોતાનું અનુસરણ કરે છે કે ઓહો..! હું જ્ઞાયક ચૈતન્ય છું.

મુમુક્ષુ :—

ઉત્તર :— તે જ છૂટીને શુદ્ધ પરિણતિના ષટ્કારક થયા. પોતાને કારણે થયા છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે? નહિ, કર્મથી આપણામાં કહ્યું છે. જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય છે. કર્મને ઘાતિકર્મ કહ્યું છે, ઘાતિ કહ્યું છે. અરે.. ભગવાન! ઘનઘાતિ. ઘનઘાતિ કહ્યું હોય તો શું છે? એમાં છે કે પોતાના આત્માને ઘનઘાતિ નુકસાન કરે છે? કોણ કહે છે નુકસાન કરે છે? કોઈ નથી કરતું. ઘનઘાતિ રહ્યા ઘનઘાતિમાં અને અઘાતિ રહ્યા અઘાતિમાં. એનું અસ્તિત્વ એમાં, પોતાની પર્યાયમાં અસ્તિત્વ ક્યાંથી આવ્યું? પોતાની પર્યાયમાં એનું અસ્તિત્વ તો કિંચિત્ પણ આવતું નથી. નિમિત્તનું અનુસરણ કરીને વિકારીનું અસ્તિત્વ થાય છે એ તો પોતાનો દોષ—ભૂલ છે અને એ જ એની ભૂલને ટાળવાની તાકાત પોતાથી કરે છે. સમજાણું કાંઈ? પરથી નથી.

**'તે જ (જીવ) જ્યારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિ કરવી**

**છોડીને અત્યંત શુદ્ધ ઉપયોગવાળો હોય છે...'** અહીં ચારિત્ર સાક્ષાત્ મોક્ષનું કારણ કહેવું છેને. મોક્ષનું સાક્ષાત્ કારણ કહેવું છેને. અત્યંત શુદ્ધ ઉપયોગવાળો હોય છે. **'ત્યારે (પોતે) ભાવનું...'** જુઓ! અહીં નિયત લેવું છેને. **'(પોતે) ભાવનું એકરૂપપણું ગ્રહ્યું હોવાને લીધે...'** જુઓ! ઓલામાં એમ કહ્યું હતું કે **'પરિણતિ કરવાને લીધે ઉપરક્ત ઉપયોગવાળો...'** એમ કહ્યું હતું. અહીંયાં **'અનુસરતી પરિણતિ કરવી છોડીને અત્યંત શુદ્ધ ઉપયોગવાળો હોય છે ત્યારે (પોતે) ભાવનું...'** ઓલામાં કહ્યું હતું ભાવોનું વિશ્વરૂપપણું ગ્રહ્યું હતું—અનાદિ અજ્ઞાનમાં. જ્યારે પોતે પોતાના સ્વભાવ સન્મુખ થયો **'ત્યારે (પોતે) ભાવનું એકરૂપપણું ગ્રહ્યું...'** પોતાનો સ્વભાવ શુદ્ધ તરફનો આશ્રય કરીને શુદ્ધની પર્યાયનું એકરૂપપણું પોતાથી ગ્રહ્યું હોવાને લીધે **'તેને જે નિયતગુણપર્યાયપણું હોય છે...'** લ્યો જુઓ! નિયતગુણ નીચે છેને? 'નિશ્ચિત, એકરૂપ' એકરૂપને નિશ્ચિત કહે છે, અનેકરૂપને અનિશ્ચિત કહે છે. અક્રમબદ્ધને અનિશ્ચિત કહે છે અને ક્રમબદ્ધને નિશ્ચિત કહે એ વાત અહીંયાં છે જ નહિ. સમજાણું કાંઈ? **'તેને જે નિયતગુણપર્યાયપણું હોય છે...'** જુઓ! નિયતગુણપર્યાય. પર્યાય નિયત હોં! ગુણ તો ગુણ છે જ. નિયત ગુણની પર્યાય સ્વભાવરૂપ પરિણતિ કરે છે, પોતાના શુદ્ધ સ્વભાવનું અનુસરણ કરીને. નિમિત્તનું અનુસરણ કરીને સંસારપર્યાય પરચારિત્ર થતું હતું, સ્વભાવનું અનુસરણ કરે છે એ મોક્ષના માર્ગરૂપ ચારિત્રપર્યાય છે.

**'નિયતગુણપર્યાયપણું હોય છે...'** જુઓ! તો એમાં એ લોકો શું કહે છે? સ્વભાવની શુદ્ધિની પર્યાય તો ક્રમસર છે, આ નિયત છે અને અશુદ્ધ છે તે અક્રમબદ્ધ છે. બે છે. બે માનો તો યથાર્થ માન્યું કહેવાય. એમ વાત છે જ નહિ, અહીંયાં ઈ વાત છે જ નહિ. સમજાણું કાંઈ? એ તો વળી સર્વવિશુદ્ધ (જ્ઞાન અધિકાર) થોડા વખતમાં આવશે. **'તેને જે નિયતગુણપર્યાયપણું હોય છે તે સ્વસમય અર્થાત્ સ્વચારિત્ર છે.'** લ્યો. એ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. પહેલા દર્શન-જ્ઞાન થયા છે, સ્વભાવનું અનુસરણ કરીને શ્રદ્ધા-જ્ઞાન થયા છે. સ્વભાવનું ઉગ્ર અનુસરણ કરીને સ્વચારિત્ર થયું, સ્વસમય થયો તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે.

મુમુક્ષુ :— સ્વસમયની પરિભાષા.

ઉત્તર :— આ પરિભાષા થઈ ગઈ, બધી થઈ ગઈ. સ્વસમય-પરસમય, સ્વચારિત્ર-પરચારિત્ર, અનિયતગુણપર્યાય-નિયતગુણપર્યાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— હા, હા. સાથે છે, અભેદ થઈ છે. નિશ્ચય સાક્ષાત્ ચારિત્ર મોક્ષનું કારણ છે. અહીં તો ચારિત્રને મોક્ષનું કારણ કહ્યું છે. દર્શન-જ્ઞાન સમ્યગ્દર્શન મોક્ષનું કારણ છે, પણ એ મોક્ષમાર્ગનો એક અંશ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન ચોથે એક અંશ છે. ચારિત્રની અભિન્નતા થયા વિના એને અભેદ પૂર્ણ મોક્ષમાર્ગ નથી કહેવાતો. ચોથે ગુણસ્થાને મોક્ષમાર્ગ કહેવાય છે પણ ઉપચારથી. ઉપચારથી એનો અર્થ સમ્યગ્દર્શન-જ્ઞાન ઉપચાર નહિ, સમ્યગ્દર્શન-જ્ઞાન ઉપચાર

નહિ પણ મોક્ષમાર્ગ ઉપચાર, કારણ કે ચારિત્રનો ભાગ ભળ્યો નથી એ અપેક્ષાથી. ત્રણ બોલ મળી જાય તો તો અનુપચાર વાસ્તવિક મોક્ષમાર્ગ થઈ ગયો. પણ સમ્યગ્દર્શન-જ્ઞાન થયા તો ઉપચારથી મોક્ષમાર્ગ થયો. ઉપચારથી એનો અર્થ અત્યારે તો બધા એમ કરે છે કે ચોથા ગુણસ્થાનવાળું સમ્યગ્દર્શન પણ વ્યવહાર સમ્યગ્દર્શન. મોટી ચર્ચા આવી છે હમણાં રતનચંદજીની આવી છે, કાલે પણ મોટી આવી છે. કોઈ ક્ષુલ્લક આદિસાગર છે. અરે.. ભગવાન! મોક્ષશાસ્ત્રમાં તત્ત્વાર્થ શ્રદ્ધાન વ્યવહાર (કહ્યું છે). વ્યવહાર વિકલ્પ તો પરાશ્રિત ભાવ છે. વ્યવહારશાસ્ત્ર, એ આસ્રવતત્ત્વનું શાસ્ત્ર છે? તત્ત્વાર્થ શ્રદ્ધાન કહો, આત્મજ્ઞાન કહો બેય એક જ વાત છે. બીજી વાત નથી. જ્ઞાનપ્રધાનથી તત્ત્વાર્થ શ્રદ્ધાન કહ્યું અને દૃષ્ટિપ્રધાનથી '**भूदत्थमस्सिदो खलु**' ત્રિકાળ દ્રવ્યનો આશ્રય કરે તો સમ્યગ્દર્શન થાય છે એ જ તત્ત્વાર્થ શ્રદ્ધાન છે. એ પોતાની નિર્મળ નિર્વિકારી પર્યાય છે, મોક્ષમાર્ગ છે, પણ પૂર્ણ ચારિત્ર થયું નથી તેથી એને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ એ ચારિત્રનો ભાગ આવ્યો નથીને. ત્રણ કષાયનો અભાવ થઈને જે ચારિત્ર થવું જોઈએ તે નથી. બાકી સ્વરૂપાચરણ પણ નિશ્ચય છે, સમ્યગ્દર્શન પણ નિશ્ચય છે, સમ્યગ્જ્ઞાન પણ નિશ્ચય છે. ત્રણેય નિશ્ચય છે. તો ઈ શું લગાવે છે? જુઓ ભાઈ! તત્ત્વાર્થ શ્રદ્ધાન વ્યવહાર છે તો ત્યાં નિશ્ચયચારિત્ર ક્યાંથી આવશે? માટે ત્યાં પંચ મહાવ્રત આદિ વ્યવહારચારિત્રથી નિશ્ચયચારિત્ર આગળનું આવશે. વ્યવહારચારિત્રથી. એમ નથી, ભગવાન! આવું ક્યાંથી લાવ્યો? વ્યવહાર તો વિકલ્પ છે, રાગ છે. શું રાગથી આગળ જઈ નિર્વિકાર થશે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, એમ થતું જ નથી. નિમિત્તના કથનમાં આવે. કેમ સમજાણું કાંઈ?

'**હવે, ખરેખર જો કોઈ પણ પ્રકારે...**' કોઈ પણ પ્રકારે નામ સ્વનો પુરુષાર્થ કરીને, કોઈ પણ પ્રકારે પોતાનો સ્વનો પુરુષાર્થ કરીને '**સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ કરીને...**' '**હવે, ખરેખર જો કોઈ પણ પ્રકારે સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ કરીને...**' સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર ક્યાંથી આવે? એ સિદ્ધ કરે છે. અહીંયાં તો ચારિત્ર સાક્ષાત્ થાય છે. '**કોઈ પણ પ્રકારે સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ કરીને...**' જુઓ આવ્યું ભાઈ! પેલું આપણે આવી ગયુંને ધવલમાં? કે શ્રુતજ્ઞાન પ્રધાન છે ચારિત્ર કરતાં. એમ ધવલમાં આવ્યું છે. ભાવશ્રુતજ્ઞાનને કેમ પ્રધાન કહ્યું? કે ભાવશ્રુતજ્ઞાન વિના ચારિત્ર આવતું નથી. આ અપેક્ષાથી ચારિત્ર કરતાં ભાવશ્રુતજ્ઞાનને પ્રધાન કહે છે. અહીંયાં મોક્ષમાં એકલા ભાવશ્રુતથી મોક્ષ થતો નથી, ચારિત્રથી થાય છે તો અહીંયાં ચારિત્રની પ્રધાનતા લીધી છે. સમજાણું કાંઈ? ઈ ધવલમાં આવ્યું છે. આવ્યું હતુંને ભાઈ? ભાવશ્રુતજ્ઞાનની પ્રધાનતા શા માટે લીધી? વીરસેનસ્વામીએ એવો પ્રશ્ન કર્યો છે કે ભાવશ્રુતજ્ઞાનને કેમ પ્રધાન કહ્યું છે? ભાઈ! ચારિત્ર ભાવશ્રુતજ્ઞાન વિના થતું નથી. અજ્ઞાન

હોય અને ચારિત્ર આવી જાય એમ છે? પહેલા ભાવશ્રુતજ્ઞાન સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે ત્યારે ચારિત્ર થાય છે. તો ત્યાં શ્રુતજ્ઞાનની પ્રધાનતા લીધી. અહીંયાં કહે છે કે સમ્યગ્જ્ઞાન થવા છતાં ચારિત્ર—સ્વરૂપની રમણતા જ્યાં સુધી ન થાય ત્યાં સુધી મુક્તિ થતી નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને પણ સ્વરૂપમાં રમણતા કરવાની ભાવના હોય છે ચારિત્રમાં. ક્યારે હું પૂર્ણ સ્વરૂપમાં (ઠરું). ચારિત્ર કોઈ બહારથી નથી આવતું. પોતામાં સ્વરૂપની સાવધાનીથી લીનતા કરતાં કરતાં સ્વભાવ સન્મુખ લીનતા થઈ જાય એનું નામ ચારિત્ર છે.

કહે છે, '**ખરેખર જો કોઈ પણ પ્રકારે સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ કરીને...**' જુઓ! પ્રગટ કરીને હોં! પોતાથી. દર્શનમોહનો ઉદય મંદ થયો એટલે સમ્યગ્જ્ઞાન થયું નહિ, નહિ, નહિ. એમ કહે છે. કોઈ પણ પ્રકારે પોતાનો સ્વભાવ સ્વસંવેદન ચિદાનંદ ભગવાન જ્ઞાનમૂર્તિ છે એનું વેદન કરીને '**સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ કરીને જીવ પરસમયને છોડી...**' રાગાદિ પરિણતિને છોડી '**સ્વસમયને ગ્રહણ કરે છે...**' એટલે સ્વસમયને ગ્રહણ કરે છે ત્યારે પરસમય છૂટી જાય છે. ચારિત્ર લેવું છેને. સ્વરૂપમાં રમણતા એટલી રમણતા જામે કે સપ્તમ ગુણસ્થાન યોગ્ય થઈ જાય. પંચ મહાવ્રતનો શુભયોગનો પ્રમાદ પણ ન રહ્યો. એવી રીતે જામી જાય કે સાક્ષાત્ મોક્ષનું કારણ થાય. સમજાણું કાંઈ? પણ ઈ પહેલાં સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ થવી જોઈએ. સમ્યગ્જ્ઞાન વિના એ ચારિત્ર થતું નથી.

'**સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ કરીને જીવ પરસમયને છોડી...**' વિકારી, પરસમય નામ વિકારી પર્યાય. પરસમય નામ શુભાશુભ બેય વિકારી પર્યાય. પાછા પરસમય એટલે અશુભ પરિણામ અને શુભ પરિણામ સ્વસમય એમ નહિ. બેય પરસમય છે, ભગવાન! નિર્ણય તો કર. એ શુભ-અશુભ બેય વિકલ્પ છે, અશુદ્ધ ભાવ છે. અહીંયાં તો શુદ્ધ પરિણતિમાં અશુદ્ધ ભાવનો નિષેધ છે. કહે છે કે '**સ્વસમયને ગ્રહણ કરે છે તો કર્મબંધથી અવશ્ય છૂટે છે;...**' જુઓ! ભાઈ! ભાઈએ લીધું છેને? ટોડરમલ. જે વીતરાગે કહેલો દર્શન, જ્ઞાન, ચારિત્રનો માર્ગ લે, કહ્યું એમ કરે તો થશે, થશે અને થશે જ. જુઓ! અહીંથી ઘણી વાત લીધી છે. ટોડરમલ, મોક્ષમાર્ગ પ્રકાશકમાં બધું શાસ્ત્રના આધારે લીધું છે. પોતાના ઘરની કોઈ વાત લીધી નથી, હોં! એને હવે અપ્રમાણિત ઠરાવે છે. ટોડરમલને અપ્રમાણિત ઠરાવે છે. સ્વતંત્ર જીવ છે. ટોડરમલે ઘરનું કહ્યું નથી. શાસ્ત્રનું મંથન કરીને અંતરમાં જે આવ્યું એની મેળવણી કરી લીધું છે. જુઓ આ, '**અવશ્ય છૂટે છે;...**' ત્યાં પણ લીધું છે કે ભગવાને કહ્યું એવા દર્શન, જ્ઞાન, ચારિત્રનો માર્ગ લે તો જરૂર મિથ્યાત્વનો નાશ થઈને મોક્ષમાર્ગ પ્રગટ થાય છે એમ નિર્ણય કરવો. '**જેથી ખરેખર (એમ નક્કી થાય છે કે) જીવસ્વભાવમાં નિયત ચારિત્ર...**' જીવસ્વભાવ એ જ્ઞાન-દર્શન, એમાં નિશ્ચય શુદ્ધ પરિણતિ '**તે મોક્ષમાર્ગ છે.**' તે મોક્ષમાર્ગ છે એમ ભગવાને કહ્યું છે. કહો, સમજાણું કાંઈ? લ્યો એ ગાથા પૂરી થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૬, ગુરુવાર, તા. ૧૩.૮.૧૯૬૪**
**ગાથા-૧૫૬ થી ૧૫૮, પ્રવચન-૨**

પંચાસ્તિકાય, મોક્ષમાર્ગ વિસ્તારનું વર્ણન ચાલે છે. એમાં ૧૫૫ ગાથા થઈ ગઈ. જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે એવું કથન છેલ્લી પંક્તિમાં આવી ગયું. પોતાનો જીવસ્વભાવ જે જ્ઞાન, દર્શન ત્રિકાળ સ્વભાવ છે એમાં એકાકારતા થવી તે જ સ્વસમયરૂપ સ્વચારિત્ર છે અને તે જ મોક્ષમાર્ગ છે. પુણ્યનો વિકલ્પ ઉઠે છે એ મોક્ષમાર્ગ નથી. સમજાણું કાંઈ?

ઓલું અસ્તિત્વ લીધું છેને? અસ્તિત્વ નહિ અંદર ઉત્પાદ-વ્યય-ધ્રુવ? એનો અર્થ ટીકામાં જરી એવો કર્યો છે થોડો. એમ કે જેમ બે ગુણ લીધા છે અંદર જ્ઞાન અને દર્શન, એમ ચારિત્ર પણ અસ્તિત્વ(પણે) છે અને એનું ઉત્પાદ-વ્યય નિર્મળ પરિણમન (છે). એમ લીધું છે. અંદર અસ્તિત્વ આવ્યુંને ઉત્પાદ-વ્યય-ધ્રુવનું અસ્તિત્વ. એટલે ચારિત્રગુણ પણ અંદર અસ્તિત્વપણે છે. આત્મામાં જ્ઞાન, દર્શન જેમ સ્વભાવ ત્રિકાળ એકરૂપ છે, એમ ચારિત્રગુણ પણ તો ત્રિકાળ છે અંદર. એ જરી અર્થ કર્યો છે. મેં વાંચ્યું હતું, એમાં અર્થ કર્યો છે. જયસેનાચાર્યની ટીકામાં. ત્રીજો ગુણ પણ લેવો, એમ. બે ગુણ છે. સમજાણું કાંઈ?

આત્મા વસ્તુ છે એમાં જ્ઞાન અને દર્શન. સામાન્ય દર્શન ઉપયોગ શક્તિરૂપ હોં! સ્વભાવ-ગુણ. અને વિશેષ જ્ઞાન ઉપયોગ એ બે જીવના સ્વભાવ છે. અને સાથે ચારિત્ર પણ એમાં અનાદિ સ્વભાવ છે. એ ત્રણેમાં એકાકાર થઈને સ્વસમય સ્વભાવ શુદ્ધતાનું પ્રગટ કરવું એને સ્વચારિત્ર અને સ્વસમય મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કે નહિ? એ વાત છેલ્લે આવી ગઈ.

---

जो परदव्वम्हि सुहं असुहं रागेण कुणदि जदि भावं।
सो सगचरित्तभट्ठो परचरियचरो हवदि जीवो।।१५६।।

यः परद्रव्ये शुभमशुभमं रागेण करोति यदि भवम्।
स स्वकचरित्रभ्रष्टः परचरितचरो भवति जीवः।।१५६।।

નિજભાવનિયત અનિયતગુણપર્યયપણે પરસમય છે;
તે જો કરે સ્વકસમયને તો કર્મબંધનથી છૂટે. ૧૫૬.

**અન્વયાર્થ :—** (यः) જે (रागेण) રાગથી (—રંજિહત અર્થાત્ મલિન ઉપયોગથી) (परद्रव्ये) પરદ્રવ્યને વિષે (शुभम् अशुभम् भावम्) શુભ કે અશુભ ભાવ (यदि करोति) કરે છે, (सः जीवः) તે જીવ (स्वकचरित्रभ्रष्टः) સ્વચારિત્રભ્રષ્ટ એવો (परचरितवरः

भवति) પરચારિત્રનો આચરનાર છે.

ટીકા :— આ, પરચારિત્રમાં પ્રવર્તનાર સ્વરૂપનું કથન છે.

જે (જીવ) ખરેખર મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિવશાત્ (અર્થાત્ મોહનીયના ઉદયને અનુસરીને પરિણમવાને લીધે) રંજિત-ઉપયોગવાળો (ઉપરક્ત-ઉપયોગવાળો) વર્તતો થકો, પરદ્રવ્યને વિષે શુભ કે અશુભ ભાવને ધારણ કરે છે, તે (જીવ) સ્વચારિત્રથી ભ્રષ્ટ એવો પરચારિત્રનો આચરનાર કહેવામાં આવે છે; કારણ કે ખરેખર સ્વદ્રવ્યને વિષે શુદ્ધ-ઉપયોગરૂપ પરિણતિ તે સ્વચારિત્ર છે અને પરદ્રવ્યને વિષે [1]સોપરાગ-ઉપયોગરૂપ પરિણતિ તે પરચારિત્ર છે. ૧૫૬.

## ગાથા—૧૫૬ ઉપર પ્રવચન

હવે ૧૫૬. 'આ, **પરચારિત્રમાં પ્રવર્તનારના સ્વરૂપનું કથન** છે.'

जो परदव्वम्हि सुहं असुहं रागेण कुणदि जदि भावं।
सो सगचरित्तभट्ठो परचरियचरो हवदि जीवो।।१५६।।

ટીકા, ટીકા એની. 'આ, **પરચારિત્રમાં પ્રવર્તનારના સ્વરૂપનું કથન** છે.' જુઓ! પરચારિત્ર કોને કહે છે? '**જે (જીવ) ખરેખર...**' વાસ્તવમાં '**મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિવશાત્...**' ભગવાન આત્મા, પોતાનો જ્ઞાન, દર્શન અને આનંદાદિ, ચારિત્ર જે ત્રિકાળી સ્વભાવ છે તેનો આશ્રય છોડીને, એનું અવલંબન છોડીને ખરેખર જો મોહનીયકર્મનો જે ઉદય છે તેનું અનુસરણ કરનારી પરિણતિને કારણે. એને અનુસરનારી પરિણતિવશાત્. વશનો અર્થ કારણ કૌંસમાં લખ્યું છે. મોહનીય ઉદયનું અનુસરણ કરીને પરિણત થવાને કારણે. જુઓ! અહીંયાં શુભ અને અશુભ ભાવ પરચારિત્ર છે, બંધમાર્ગ છે, મોક્ષમાર્ગ નથી એમ ભગવાન કુંદકુંદાચાર્ય સિદ્ધ કરે છે. અત્યારે તો ઘણી ગડબડ થઈ ગઈ છે. જુઓ! ગડબડ નીકળતી જાય છે.

અહીંયાં ૧૫૬માં કહેશે. જુઓ અહીંયાં. '**રંજિત-ઉપયોગવાળો (ઉપરક્ત-ઉપયોગવાળો)...**' મેલા ઉપયોગવાળો—મલિન ઉપયોગવાળો વર્તતો થકો. કોણ? આત્મા. પોતાની પર્યાયમાં શુભ-અશુભ ભાવરૂપ, મલિન પર્યાયરૂપ ઉપયોગમાં વર્તતો થકો. '**પરદ્રવ્યને**

[1] સોપરાગ=ઉપરાગયુક્ત; ઉપરક્ત; મલિન; વિકારી; અશુદ્ધ. (ઉપયોગમાં થતો, કર્મોદયરૂપ ઉપાધિને અનુરૂપ વિકાર (અર્થાત્ કર્મોદયરૂપ ઉપાધિ જેમાં નિમિત્તભૂત હોય છે તેવી ઔપાધિક વિકૃતિ) તે ઉપરાગ છે).

**વિષે શુભ કે અશુભ ભાવને ધારણ કરે છે,...'** પરદ્રવ્યના લક્ષે પરદ્રવ્ય (વિષે) એમ કહેવામાં આવ્યું છે. પરદ્રવ્ય દેવ-ગુરુ-શાસ્ત્ર, દયા, દાનના (વિકલ્પ), પરદ્રવ્ય ઉપર લક્ષ કરીને આ દયા આદિ ભાવ (થાય તે), એમ પરદ્રવ્ય (વિષે) શુભ કે અશુભ ભાવને ધારણ કરે છે. પોતાની પર્યાયમાં કર્મનું અનુસરણ કરીને પોતાના પુરુષાર્થથી સ્વભાવને છોડીને શુભ-અશુભ ભાવને ધારણ કરે છે **'તે (જીવ) સ્વચારિત્રથી ભ્રષ્ટ...'** લો. સમજાણું કાંઈ? પાઠમાં છેને? જુઓ! **'सगचरित्तभट्ठो'** ત્રીજું પદ છે. સમજાણું કાંઈ? ૧૫૭ ગાથામાં તો.. કહ્યું ને હમણાં? જયસેનાચાર્યે ટીકામાં લીધું છે કે **'वृद्धमतसंवादेन'** **'वृद्धमत'** જે વડેરાઓ, સર્વજ્ઞો, તીર્થંકરો, મુનિઓ વગેરે જે મહામુનિઓ થઈ ગયા, વૃદ્ધ વૃદ્ધ—વડેરાઓ, એ તો પુણ્ય-પાપને આસ્રવ અને બંધ કહે છે એવી વડેરાઓની રીત છે. ડાલચંદજી!

મુમુક્ષુ :— આ એકાંત છે?

ઉત્તર :— એકાંત છે. આહાહા..! ૧૫૭માં છે. જયસેનાચાર્યનું હમણાં કહ્યું હતુંને. **'वृद्धमतसंवादेन'** વૃદ્ધોનો. વડેરાઓ, સર્વજ્ઞો, તીર્થંકરો, પરમાત્માઓ, મુનિઓ પરંપરાના વીતરાગી સંતો આમ કહે છે કે જે ભાવ પરદ્રવ્ય તરફનું લક્ષ કરીને શુભ અને અશુભ ભાવ થાય છે એટલું સ્વદ્રવ્યનું લક્ષ છૂટીને (થાય છે). સ્વદ્રવ્યનો આશ્રય થાય તો શુભ-અશુભ ભાવ ઉત્પન્ન થતા જ નથી. પોતાનો સ્વભાવ તો શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક આનંદ નિર્મળાનંદ છે. તેના લક્ષે, આશ્રયે, ધ્યેયે શુભભાવ પણ ઉત્પન્ન નથી થતા. પરદ્રવ્યનો આશ્રય, લક્ષ કરવાથી જે શુભ અને અશુભ ભાવને જે જીવ ધારણ કરે છે, ટકે છે તે સ્વચારિત્રથી ભ્રષ્ટ (છે). નિજ સ્વરૂપની લીનતા... એમાં પણ ક્યાંક કહ્યું છે, આમાં પણ ક્યાંક (આવે છે), શુદ્ધ ગુણપર્યાય પરિણતિ આમાં જ હશે. આવેને? શુદ્ધ ગુણપર્યાયની પરિણતિ. એટલે આ છે નહિ, પણ પર્યાયની પરિણતિ છોડે છે. સમજ્યાને? જેમ આવે છેને બધા શાસ્ત્રમાં? આ એ આવે છે.

જુઓ ૧૫૬માં. **'यः कर्ता'** છેને? **'परचरित्त भट्ठो'** **'यः कर्ता शुद्धगुणपर्यायपरिणत-निजशुद्धात्मद्रव्यात्परिभ्रष्टो'** આ પરિભ્રષ્ટ પણ આ તો શુદ્ધગુણપર્યાયપરિણત નિજ શુદ્ધાત્મા એમ લીધું છેને? તો પરિણતનો અર્થ પરિણત થયો છે એમ નહિ. પાઠ એમ લીધોને? જુઓ! **'शुद्धगुणपर्यायपरिणत-निजशुद्धात्मद्रव्यात्परिभ्रष्टो भूत्वा'** તો કંઈ શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયની પરિણતિ છે અને ભ્રષ્ટ થયો છે એમ નથી. જેમ ઘણે ઠેકાણે આવે છેને? અવસ્થા છોડીને, અવસ્થા છોડીને, ઈ. એમ શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય પરિણતિ એવો નિજ શુદ્ધાત્માનો સ્વભાવ છે. સ્વભાવ આવો હોવો જોઈએ, વસ્તુનો સ્વભાવ આવો હોવો જોઈએ. **'द्रव्यात्परिभ्रष्टो भूत्वा'** તો કંઈ શુદ્ધાત્મપરિણતિ થઈ છે અને પરિભ્રષ્ટ છે એમ નથી. થઈ નથી તેને પરિભ્રષ્ટ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આ તો (કર્તાકર્મમાં) આવ્યું હતુંને? ભાઈ! નહિ? ઉદાસીન અવસ્થાને છોડીને. ૬૯-૭૦ (ગાથા). એ ઘણા ઠેકાણે આવે છે. પોતાની ઉદાસીન અવસ્થાને

(છોડીને). એનો અર્થ ઉદાસીન અવસ્થા થઈ છે અને છોડીને (એમ નથી). આમ તો શક્તિમાં પ્રગટ કરવાની લાયકાત તો નિર્મળ જ છે. શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ અરાગી પરિણતિ થવાની તેની લાયકાત છે. સમજાણું કાંઈ? જુઓ! બેય ગાથામાં કંઈક કંઈક જયસેનાચાર્ય નવું નવું થોડું નાખે છે. ૧૫૬માં શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય પરિણતિ નાખી. ૧૫૭માં '**वृद्धमतसंवादेन**' નાખ્યું.

કહે છે કે, સ્વચારિત્રથી ભ્રષ્ટ અર્થાત્ પોતાનું દ્રવ્ય જ્ઞાન, દર્શન અને આનંદ, એના ગુણ પણ આનંદ, શાંત, એની પરિણતિ નિર્મળ નિર્વિકારી અરાગી-વીતરાગી પરિણતિ થવી તે જ એની પરિણતિ છે. પણ એવી પરિણતિ પ્રગટ નહિ કરીને, એવી પરિણતિથી ભ્રષ્ટ થયો. છે અને ભ્રષ્ટ થયો છે એમ નહિ.

મુમુક્ષુ :— હલકો ભાવ થઈ ગયો.

ઉત્તર :— એ ભ્રષ્ટ ઈ હલકો ભાવ એમ નહિ. આ તો પરિણતિ છે અને ભ્રષ્ટ થયો છે એમ નહિ. એમ. હજી પકડાણું નથી. અહીં બહુ ધ્યાન રાખવું પડે એવું છે. થઈ ગઈ છે અને ભ્રષ્ટ થયો છે એમ નહિ. પણ પાઠમાં એમ લીધું કે પોતાના દ્રવ્ય, ગુણ, શુદ્ધ પરિણતિ દ્રવ્ય-ગુણ-પર્યાય છે તેનાથી પરિભ્રષ્ટ છે. એનો અર્થ પોતાનો સ્વભાવ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન જે પ્રગટ કર્યા એ પ્રમાણે પોતામાં અરાગી પરિણતિ, વીતરાગી પર્યાય પરિણતિ થવી જોઈએ એવી પરિણતિથી ભ્રષ્ટ થયો અર્થાત્ ઉત્પન્ન કરી નહિ અને શુભ-અશુભ ભાવ ધારણ કર્યા. ધન્નાલાલજી! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ અહીં તો સમ્યગ્દષ્ટિ હોય તોપણ જે કંઈ જેટલા શુભાશુભ પરિણામ છે તે સ્વચારિત્રથી ભ્રષ્ટ જ છે. આગળ હજી બધું આવશે. સ્વચારિત્ર, પરચારિત્ર અહીંથી લીધું તો ઠેઠ આગળ સુધી લેશે. એટલો સૂક્ષ્મ પરસમય જ્ઞાનીને પણ રહે છે. અને એને જો ધર્મ માની લે તો સ્થૂળ પરસમય રહે છે. જો ધર્મ માની લે તો (સ્થૂળ) પરસમય મિથ્યાદષ્ટિ થઈ જાય. સ્થૂળ મિથ્યાદષ્ટિ થઈ જાય. સૂક્ષ્મ રહે અને એટલું માને કે રાગ છે. તો સૂક્ષ્મ પરસમય રાગ છે એટલું જાણે. ચારિત્રદોષ છે એટલું જાણે. પણ જો એને ધર્મ માની લે તો સ્થૂળ મિથ્યાદષ્ટિ થઈ જાય. સમજાય છે કાંઈ?

અહીંયાં તો કહે છે કે સ્વચારિત્રથી ભ્રષ્ટ. પાઠ એમ છેને? સ્વચારિત્રથી ભ્રષ્ટ શબ્દ પડ્યો છેને ભાઈ આમાં. સ્વચારિત્ર ભ્રષ્ટ એટલે એ એમાં લીધું. સ્વચારિત્ર છે અને ભ્રષ્ટ છે એમ નહિ. સમજાણું કાંઈ? પછી લીધું ને? શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય પરિણતિ. આ સ્વચારિત્ર લીધું ને? પોતાનું સ્વરૂપ જ્ઞાન અને આનંદની દૃષ્ટિ અને જ્ઞાન કરીને પોતામાં સ્વચારિત્ર સ્વસમયરૂપ મોક્ષમાર્ગ નિર્મળ પરિણતિ નિર્વિકારી એ જ મોક્ષમાર્ગ છે. પણ એટલી નિર્મળ પરિણતિથી ભ્રષ્ટ થાય છે (એટલે) નિર્મળ પરિણતિ ઉત્પન્ન નથી કરતો. ભ્રષ્ટ થાય છે તેનો અર્થ આ.

સમજાણું કાંઈ?

પોતાની નિર્મળ નિર્વિકારી અવિકારી પરિણતિ પ્રગટ નહિ કરીને સ્વચારિત્રથી ભ્રષ્ટ એવું પરચારિત્રનું આચરણ કરવાવાળો કહેવામાં આવે છે. એ પુણ્યમાં આચરણ કરનારું પરચારિત્ર છે, સ્વચારિત્ર નહિ. એ બંધમાર્ગ છે. સમ્યગ્દષ્ટિને પણ એ બંધમાર્ગ છે. ઓહો..હો..! ભારે તકરાર ભાઈ! આ નવું કાઢ્યું આ બધું. એકલો વ્યવહાર શુભભાવથી ચોથાથી સપ્તમ ગુણસ્થાન થાય છે, નહિ તો એકાંત નય થઈ ગઈ. સાથે નિશ્ચય ન હોય તો એકાંત વ્યવહાર એ તો નિશ્ચયની અપેક્ષા તો રહી નહિ. તો એ શુભભાવમાં ધર્મ માનવો અને એકાંત વ્યવહારમાં મોક્ષ માનવો એ તો મિથ્યાદષ્ટિ છે. એમાં તો આવો આશય છે. એકલો રહ્યો ને વ્યવહાર? શુભપરિણામથી ચોથેથી સાતમા (સુધી જાય) તો એકલો વ્યવહાર રહ્યો, એકાંત વ્યવહાર રહ્યો, નિશ્ચય તો સાથે રહ્યો નહિ. અને નિશ્ચયની અપેક્ષા વિનાનો વ્યવહાર એને માનવો એ તો મિથ્યાત્વ, અજ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ?

પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક છે એવી દૃષ્ટિ, જ્ઞાન અને થોડી લીનતા થઈ અને સાથે જરી રાગ છે એને વ્યવહાર કહેવામાં આવે છે. પણ એ વ્યવહાર, નિશ્ચય ન હોય તો વ્યવહાર કોને કહેવો? નહિ, નિશ્ચય બારમે છે. નિશ્ચય બારમે છે અને છટ્ઠે એકલો વ્યવહાર છે. પાંચ, છ અને સાત. એમ હોતું નથી. સમજાણું કાંઈ? મિત્રસેનજી! ચોથે, પાંચમે, છટ્ઠે એકલો શુભભાવ હોય એ વ્યવહાર મોક્ષમાર્ગ અને બારમે નિશ્ચય મોક્ષમાર્ગ. એમ હોતું નથી. આવે છે ભાઈ, બહુ લખાણ આવ્યું છે હમણાં તો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— મૂળ નહિ અને (ફળ) આવી ગયું. પણ નિશ્ચય વિનાનો વ્યવહાર (હોય તો) વ્યવહાર એક નય રહી, બીજી નય તો સાથે છે નહિ. (નિશ્ચયનય) અત્યારે હોવી જોઈએ કે બારમે હોવી જોઈએ? શું કહ્યું? નિશ્ચયનય બારમે અને અહીંયાં વ્યવહારનય. એનો અર્થ શું? એકલો વ્યવહાર રહ્યો. તો કહે છે કે વાત એમ છે જ નહિ. પોતાનો શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને અંશે લીનતા થઈ છે. સાથે રાગ છે ઈ આવે છે તો એટલો સ્વરૂપસ્થિરતાથી ભ્રષ્ટ થયો. સ્વરૂપસ્થિરતાથી ભ્રષ્ટ છે. એ પરચારિત્ર છે, બંધનું કારણ છે. જ્ઞાનીને પણ બંધનું કારણ છે. અજ્ઞાનીને તો બંધ છે જ, એની વાત જ નથી. ધન્નાલાલજી! હમણાં બહુ પ્રવાહ આવ્યો છે. જૈન ગેજેટમાં બહુ આવે છે. નહિ, ચોથે, પાંચમે, છટ્ઠે, સાતમે તો મોક્ષમાર્ગ શુભ વ્યવહાર જ છે. નિશ્ચય તો નીચે હોય જ નહિ. નિશ્ચય તો બારમે હોય. આ ક્યાંથી કાઢ્યું?

આ તો કહે છે કે પોતાના સ્વદ્રવ્યનો આશ્રય છે એટલા દૃષ્ટિ અને જ્ઞાન સમ્યક્ થવા છતાં, જેટલું પરદ્રવ્યનું લક્ષ કરીને શુભપરિણામ વ્યવહારચારિત્ર આદિ અથવા વ્યવહારરત્નત્રય, એ બધા વિકલ્પ ઉત્પન્ન થાય છે (એટલો) એ સ્વચારિત્રથી ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? 'એવો

**પરચારિત્રનો આચરનાર કહેવામાં આવે છે;...**' સમજાણું કાંઈ? '**हवदि जीवो**' એમ છેને? એને એમ કહેવામાં આવે છે. કેમ? '**કારણ કે ખરેખર સ્વદ્રવ્યને વિષે શુદ્ધ-ઉપયોગરૂપ પરિણતિ તે સ્વચારિત્ર છે...**' જુઓ! ખરેખર સ્વદ્રવ્યમાં-નિજ દ્રવ્યમાં... એ પાથરેલું છે ત્યાં કોઈએ ન બેસવું હોં! ધ્યાન રાખવું જોઈએ ને. પાથરેલું છે ત્યાં કોઈએ ન બેસવું. સમજાણું કાંઈ?

ખરેખર નામ યથાર્થપણે નામ વાસ્તવિક રીતે સ્વદ્રવ્યમાં પોતાનો શુદ્ધ ચૈતન્ય આત્મા... તો અહીંયાં શબ્દ છે એનો શું પ્રશ્ન થાય છે? કે શુદ્ધ ઉપયોગરૂપ પરિણતિ. ત્યારે એ એમ કહે છે કે, શુદ્ધ ઉપયોગરૂપ પરિણતિ તો બારમે છે. નીચે તો છે જ નહિ. અરે.. ભગવાન! એમ નથી. સાંભળ તો ખરો. શુદ્ધ ઉપયોગ સાતમે છે. પરિપૂર્ણ શુદ્ધ બારમે છે, પણ સાતમામાં પણ નિર્વિકલ્પ ધ્યાન થયું ચારિત્રમાં શુદ્ધ ઉપયોગ છે. અને ચોથે ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને પણ જ્યારે નિર્વિકલ્પ ધ્યાન થાય છે ત્યારે પણ એને આંશિક શુદ્ધ ઉપયોગ છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીંયાં '**સ્વદ્રવ્યને વિષે શુદ્ધ-ઉપયોગરૂપ...**' પરદ્રવ્યનું લક્ષ છોડીને સ્વદ્રવ્યનો આશ્રય કરીને દૃષ્ટિ, જ્ઞાન તો કર્યા છે. પણ જેટલું પરદ્રવ્યનું લક્ષ કરીને પરચારિત્રરૂપ રાગ થતો હતો એ સ્વચારિત્રથી ભ્રષ્ટ હતો. જ્યારે સ્વભાવના આશ્રયમાં શુદ્ધ ઉપયોગરૂપ પરિણતિ થઈ એ સ્વચારિત્ર છે. સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને પ્રથમ સમ્યગ્દર્શન ઉત્પન્ન થવાના કાળમાં શુદ્ધ ઉપયોગરૂપ રમણતા એને આવી જાય છે. મિત્રસેનજી! સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને આનંદનો, આંશિક અતીન્દ્રિય આનંદનો અનુભવ (થાય છે). જ્યારે પ્રથમ વાર ઉપયોગ નિજદ્રવ્યમાં જામી જાય, ભલે બુદ્ધિપૂર્વક રાગ ઘટી ગયો, અબુદ્ધિપૂર્વક ત્રણ કષાયનો રાગ છે, સમજાણું કાંઈ? છતાં પહેલા સ્વરૂપની નિર્વિકલ્પ દૃષ્ટિના કાળે ઉપયોગ પોતામાં અંશે નિર્મળ ઉપયોગ થઈ જાય છે. પછી બહાર વિકલ્પમાં આવ્યો તો શુદ્ધ પરિણતિ રહે છે. મિથ્યાત્વ, રાગાદિનો નાશ, અનંતાનુબંધીનો અભાવ (થયો) એટલી શુદ્ધ પરિણતિ રહે છે. પણ શુભરાગમાં આવ્યો એટલો અશુદ્ધ ઉપયોગ થઈ ગયો. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત પ્રભુ! ક્યાં ગયા પંડિતજી? સમજાણું કાંઈ? આહા..!

ચોથા ગુણસ્થાનથી શુદ્ધ ઉપયોગનો અંશ શરૂ થઈ જાય છે. પણ લાંબા કાળે શુદ્ધ ઉપયોગ આવે છે. વારંવાર એકદમ આવતો નથી. અને છઠ્ઠે ગુણસ્થાને જ્યાં સ્વરૂપદૃષ્ટિપૂર્વક ચારિત્ર થયું એને તો અંતર્મુહૂર્તમાં શુદ્ધ ઉપયોગ આવે છે. સાતમું અને અંતર્મુહૂર્તમાં છઠ્ઠું. એમ હજારો વાર છઠ્ઠે-સાતમે ગમન કરે છે, ઝુલે છે એને મુનિદશા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં શુદ્ધ ઉપયોગનો પ્રકાર લેવો. પૂર્ણ શુદ્ધ ઉપયોગ ભલે સાતમે થાય, એથી વિશેષ શુદ્ધ ઉપયોગ બારમે થાય. પણ બારમે ઉપયોગ છે ત્યારે જ સ્વચારિત્ર છે અને નીચે સ્વચારિત્ર

નથી એમ નથી. જેટલો સ્વરૂપનો આશ્રય કરીને સમ્યગ્દર્શન, જ્ઞાન સ્વસંવેદનપૂર્વક સ્વરૂપમાં લીનતા રાગ વિનાની થઈ છે એટલું એને સ્વચારિત્ર છે. એટલી તો શુદ્ધ પરિણતિ, શુદ્ધ પરિણતિ છે. ઉપયોગ ભલે એમાં જામ્યો ન હોય. ઉપયોગ ચોથે, પાંચમે કોઈ કાળે જામે છે અને છઠ્ઠાવાળા તો તરત અંતર્મુહૂર્તમાં જામે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— શ્રદ્ધામાં છે.

ઉત્તર :— શ્રદ્ધામાં છે, જ્ઞાનમાં છે પણ ઉપયોગ જામતો નથી. ઘણી વાર લાગે છે. પહેલા થોડો આવ્યો પણ પછી ઘણા અંતરાળ કાળમાં શુદ્ધ ઉપયોગ ચોથે, પાંચમે આવે છે. અને છઠ્ઠે તો તરત આવે છે, અંતર્મુહૂર્તમાં. સમજાણું કાંઈ? શ્રદ્ધામાં તો સમકિતી પોતાનો શુદ્ધ ઉપયોગ, ચારિત્રને જ મોક્ષનો માર્ગ માને છે. વચ્ચે રાગ આવ્યો એને મોક્ષમાર્ગ માનતો નથી. ભક્તિ, દયા, દાન વગેરે ભાગ તો છે. આવે છે ચોથે ગુણસ્થાને આવે છે, ભક્તિ, પ્રભાવના, મંદિર, યાત્રા આદિ બધા ભાવ ચોથા ગુણસ્થાનવાળાને આવે છે. પણ એ શુભભાવ પરદ્રવ્યના લક્ષવાળો છો તો એને બંધનું કારણ જાણે છે. અને પંચમ ગુણસ્થાનમાં આવા દાન, દયા, ભક્તિ, પ્રભાવના આદિના ભાવ આવે છે અને બાર વ્રતના ભાવ પણ પંચમ ગુણસ્થાનમાં આવે છે. પણ જેટલી બે કષાયનો નાશ થઈને શુદ્ધ પરિણતિ થઈ એટલી સંવર, નિર્જરા છે. જેટલા બાર વ્રતાદિના વિકલ્પ છે એ પુણ્યાસ્રવ છે. સમજાણું કાંઈ? અને છઠ્ઠા ગુણસ્થાને ત્રણ કષાયનો નાશ થઈને પુરુષાર્થ કરીને જે સ્વભાવનું આચરણ થયું, શુદ્ધ પરિણતિ થઈ એટલું તો સ્વચારિત્ર છે અથવા સંવર, નિર્જરા છે. સાથે પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણના જે વિકલ્પ ઉઠે છે એ પુણ્યાસ્રવ છે, બંધનું કારણ છે, ભાઈ! માંગીલાલજી! માંગીલાલજીએ ન્યાં જઈને બધા સાધુને કહ્યું. સાધુ કહે, આ તો આપણે સાંભળ્યું નથી. કોઈને નથી મળ્યું. ક્યાં છે? વાત જ નથી. ગડબડ ગડબડ. આ તો સનાતન સર્વજ્ઞ પરમાત્મા, એનો માર્ગ સનાતન સંતો વૃદ્ધ '**वृद्धमतसंवादेन**'. જયસેનાચાર્ય ૧૫૭માં કહેશે. '**जिणा परूवेंति**' છેને? વૃદ્ધો આમ કહે છે. યુવાનિયો! યુવાનિયા એટલે અત્યારના તમે આમ માનો. શેઠી! એ શેઠી છે કે નહિ? માણકેચંદજી આવ્યા છે ઈ. શેઠી છે? કસ્તુરચંદજી. એ શેઠી છેને? સારુ. સમજાણું કાંઈ? શેઠી!

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર વૃદ્ધ વડેરાઓ—સંતો આમ કહે છે કે શુભભાવ એ બંધનું કારણ છે એમ પરમાત્માએ કહ્યું છે. સમજાણું કાંઈ? આજકાલના માનવાવાળા પોતાની કલ્પનાથી માને તો એ વૃદ્ધનો—વડેરાનો મત નથી. વડેરા કહે છેને? બડે, બડે પુરુષ. લ્યો, અમારે વડેરા કહે છે. બડા, બડા પુરુષ—મહાપુરુષ. જુઓ! જયસેનાચાર્યે લીધું છે. મહાપુરુષ '**वृद्धमतसंवादेन**' '**जिणा परूवेंति**' આસ્રવ છે. પુણ્યભાવ, પાપભાવ બેય આસ્રવ છે. એ ચારિત્ર નહિ, સંવર નહિ, સ્વચારિત્ર નહિ. એ તો ખરેખર તો જ્ઞેય છે જ્ઞાનમાં. સમ્યગ્દષ્ટિને પણ રાગ આવે છે, મુનિને પણ આવે છે. પોતાના જ્ઞાનમાં સ્વપરપ્રકાશક જ્ઞાન ખીલ્યું છે

(એમાં) રાગને પરજ્ઞેય તરીકે જાણે છે. સ્વજ્ઞેય તરીકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ રાગ બંધનું કારણ છે, સ્વચારિત્રથી ભ્રષ્ટ છે. એમાં મોક્ષમાર્ગ નથી. અત્યારે તો એવી ઝંઝટ ચાલી છે.. ઓહો..હો..! નહિ, શુભભાવ.. આમ લખ્યું છે, જુઓ! લખ્યું છે. પ્રવચનસારમાં લખ્યું છે કે એ ભાવથી મુક્તિ પણ થશે અને ઈ ભાવથી દેવેન્દ્રની ઋદ્ધિ પણ મળશે. અરે.. ભગવાન! એક ભાવથી બે ન મળે. પ્રભુ! આ ક્યાંથી આવ્યું? એમાં જેટલો શુભરાગ રહે છે એમાં દેવેન્દ્ર પદવી મળશે. જેટલી શુદ્ધ પરિણતિ છે એ તો સંવર, નિર્જરા છે. એમાં બંધ નથી. એક સમયમાં બેય સાથે છે. આત્મસ્વભાવ નિર્મળ મોક્ષમાર્ગથી દેવેન્દ્ર પદવી મળે છે? દેવેન્દ્ર પદવીનું કારણ તો આસ્રવના પરિણામ શુભભાવ છે. અને શું શુભભાવ જેનાથી દેવેન્દ્ર પદવી મળી એ શુભભાવ સંવર છે? બિલકુલ નહિ, એ તો આસ્રવ છે. ભારે ગડબડ કરે છે, ભાઈ! વર્ણીજીની પાસે રહેવાવાળા રતનચંદજીએ બહુ ગડબડી કરી છે હમણાં તો. ઓહો..! કાલે પણ આવ્યું, પહેલા પણ આવ્યું, પ્રશ્નોત્તર ચાલ્યા છે. શિવમાર્ગ છેને? શિવમાર્ગ કોઈ પુસ્તક છેને? માસિક. શિવમાર્ગ માસિક નીકળે છે એમાં પ્રશ્નોત્તરી કાઢી છે ભાઈએ. માસિક છે.

અહીં તો ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વરનું પેટ ખોલીને કુંદકુંદાચાર્ય કહે છે. ભગવાન પાસે કુંદકુંદાચાર્ય આઠ દિવસ ગયા હતા. સાક્ષાત્ ભાવલિંગી મુનિ સંત હતા છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝુલવાવાળા. ભગવાન પાસે ગયા હતા. પરમાત્મા વર્તમાન બિરાજે છે સીમંધરપ્રભુ, એ જ તે વખતે બિરાજમાન હતા, એ જ વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં છે. એ તીર્થંકર ભગવાન પાસે કુંદકુંદાચાર્ય ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા અને ત્યાંથી આવીને આ બધા શાસ્ત્ર બનાવ્યા. પોન્નુર હિલ. વંદેવાસથી ત્રણ-ચાર માઈલ (દૂર) ટેકરી છે ત્યાં બનાવ્યા અને ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. ત્યાંના પંડિત લોકો વાત કરે છે. અમે હમણાં પોન્નુર હિલ ગયા હતાને. એટલે ગયા હતા. પહેલા પોન્નુર હિલ (સંવત) ૨૦૧૫ની સાલમાં ગયા હતા. હમણા બધા ગયા હતા ને, ૭૦ મોટર હતી, એક હજાર માણસ હતું. ત્યાંથી ભગવાન પાસે ગયા હતા અને ત્યાં આસપાસ લાખો તાડપત્રી છે, લાખો અત્યારે. એ તાડપત્રમાં અહીંયાં લખ્યું, એમ ત્યાંના પંડિત લોકો કહેતા હતા. સમજાણું કાંઈ?

અને ત્યાં નીચે, પોન્નુર હિલની નીચે એક પોન્નુર નામનું ગામ છે, મંદિર છે. તો મંદિરવાળા કહેતા હતા કે ભગવાન કુંદકુંદાચાર્યના વખતનું આ મંદિર છે. દર્શન કરવા માટે આવતા હતા. જૂનું દિગંબર છે. જૂનો ગઢ છે, જૂનો, ઘણા વર્ષ જૂનો છે. ત્યાં પોન્નુર હિલ ઉપર ધ્યાન કરતા હતા. ત્યાંથી નીચે ઉતરતા હતા અને આહાર-પાણી લેવા નીકળતા હતા. ત્રણ-ચાર માઈલ છે પોન્નુર ટેકરીથી. કેવી કહેવાય ટેકરી? ધવલ ટેકરી. એક ધવલ ટેકરી છે. જેમાં આ ધવલ લખાણા છે. આ ધવલ ટીકા ત્યાં લખાણી છે. ઈતિહાસમાં બધું આવે છે. એ ત્યાં નજીકમાં છે. બધું બતાવ્યું હતું બધા હજાર માણસને. જુઓ! અહીંયાં વ્યવહારના ગ્રંથ લખાયા

છે, અહીંયા નિશ્ચયના લખાયા છે. બેયની સંધિ (છે). ભગવાન કુંદકુંદાચાર્ય ત્યાં ધ્યાનમાં રહેતા હતા. ગુફા છે. પણ ગુફા તો બહુ સાધારણ છે. ત્યાં રહેતા હતા. હમણાં બે વાર ગયા હતા ને. ત્યાં તો હમણાં એક નવું મકાન પણ થયું છે. ૨૫૦૦ રૂપિયા નાખીને યાદગીરીમાં. અહીંથી સંઘ ગયો હતોને એટલે. અહીંથી (જઈને) કુંદકુંદાચાર્ય આઠ દિવસ ભગવાન પાસે રહ્યા હતા અને આવીને અહીંયાં શાસ્ત્રમાં કહે છે કે ભગવાન તો આમ કહેતા હતા. મહાવીર પરમાત્માની પરંપરામાં અમે ચારિત્રવંત આવ્યા અને ભગવાન પાસે ગયા. તો ભગવાન તો એમ કહે છે કે શુભરાગ છે પરચારિત્ર છે, ભ્રષ્ટ છે, સ્વ ચારિત્ર નહિ. આહા..! કહો, શેઠી! શું કરવું? આ વૃદ્ધોનું માનવું કે આજકાલનાનું માનવું?

**'અને પરદ્રવ્યને વિષે સોપરાગ-ઉપયોગરૂપ પરિણતિ તે પરચારિત્ર છે.'** લ્યો. છેને? શું કહ્યું? પરદ્રવ્ય. પરદ્રવ્ય તરફનો. પરદ્રવ્યમાં એનો અર્થ પરદ્રવ્યનું લક્ષ કરીને જે ઉત્પન્ન થયો સોપરાગ... નીચે છે—**'ઉપરાગયુક્ત, ઉપરક્ત, મલિન, વિકારી, અશુદ્ધ.'** આટલા એક શબ્દના અર્થ છે. સોપરાગના આટલા અર્થ છે. એ અશુદ્ધ ઉપયોગમાં થતો, કર્મોદયરૂપ ઉપાધિને અનુરૂપ વિકાર. ઉપાધિને અનુરૂપ વિકાર. વિકારને અનુકૂળ ઉપાધિ, ઉપાધિને અનુરૂપ વિકાર. **'કર્મોદયરૂપ ઉપાધિ જેમાં નિમિત્તભૂત હોય છે એવી ઔપાધિક વિકૃતિ તે ઉપરાગ છે.'** ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ આમ ફરમાવે છે એમ કુંદકુંદાચાર્ય કહે છે કે સોપરાગ—જેટલો પરદ્રવ્ય તરફ ઝુકાવ થઈને પોતાની પર્યાયમાં...

લ્યો, મોક્ષમાર્ગમાં ઈ કહ્યું છે, મોક્ષ અધિકાર છેને? શું? મોક્ષપાહુડ. મોક્ષપાહુડ છેને અષ્ટપાહુડમાં. ત્યાં (એમ કહ્યું), **'परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ'**. એવો શ્લોક છે. સમજાણું કાંઈ? એ ગાથા છે એમાં. મોક્ષપ્રાભૃત. **'परदव्वादो दुग्गइ'** **'परदव्वादो दुग्गइ'**નો અર્થ કંઈ પરદ્રવ્ય દુર્ગતિનું કારણ નથી. પરદ્રવ્ય તરફના ઝુકાવથી ઉત્પન્ન થવાવાળો રાગ એ દુર્ગતિ છે અને **'सदव्वा हु सुग्गइ'**. પોતાનો જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્ય છે તેના આશ્રયે જે પરિણામ થયા એને સુગતિ કહેવામાં આવ્યું છે. બીજો શબ્દ લીધો, **'परदव्वादो रतं'**. પરદ્રવ્યમાં રત છે એ **'दुग्गइ'** છે, સ્વદ્રવ્યમાં રત છે એ **'सुग्गइ'** છે. એ બીજો શબ્દ એમ લીધો છે. સમજાણું કાંઈ?

પરદ્રવ્ય નુકસાનકારક નથી. પરદ્રવ્યથી પોતામાં નુકસાન નથી થતું, પણ પરદ્રવ્યનો આશ્રય કરીને જેટલા વિકલ્પ ઉઠાવ્યા શુભ-અશુભ ભાવ એ નુકસાનકારક છે, બંધનું કારણ છે. એમ માને કે ભગવાનના દર્શન કરવાથી શુભભાવ થાય અને એ બંધનું કારણ છે, તો કોઈ કરશે નહિ. એમ ઝંઝટ ઉઠાવે છે. અરે..! સાંભળ તો ખરો પ્રભુ! એ તો શુભભાવ આવ્યા વિના રહેશે નહિ. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી દર્શન, જ્ઞાનશુદ્ધિ થવા છતાં ભક્તિનો રાગ, દયાનો રાગ, વિનય, પંચ પરમેષ્ઠીનો રાગ આવ્યા વિના રહેતો નથી. ન આવે તો વીતરાગ થઈ જાય. તો એમ કહે છે કે, એમાં બંધ છે, બંધ છે, બંધ છે એમ કહેશો તો

કોઈ કરશે નહિ. લ્યો. કોણ કરે? સાંભળ તો ખરો, ભગવાન! વિકલ્પ નહિ આવે તો નિર્વિકલ્પમાં ઠરી જશે. પણ એમ કહે કે, નાશ થઈ જશે. અત્યારે માંડ માંડ... નાસ્તિક લોકો છે. પણ અહીં આચાર્ય (કહે છે), આચાર્ય તો અહીંયાં પોકાર કરે છે. આ ખાનગી વાત નથી રાખી કે ગુપ્તમાં કહેવું, આ વાત ગુપ્ત રાખવી. દાંડી પીટીને કહેવી કે આ ભગવાનનું આવું કથન છે, જેટલા પરદ્રવ્યના લક્ષે શુભ-અશુભ ભાવ ઉત્પન્ન થયા એ બંધનું કારણ છે. એમ સર્વજ્ઞોએ કહ્યું છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! હજી કબુલ કરવામાં હા આવે નહિ, એની દૃષ્ટિ ક્યારે સ્વભાવ ઉપર થાય? અને સ્વરૂપમાં સ્થિરતા ક્યારે થાય? 'તે પરચારિત્ર છે.'

---

आसवदि जेण पुण्णं पावं वा अप्पणोध भावेण।
सो तेण परचरित्तो हवदि त्ति जिणा परूवेंति।।१५७।।

आस्रवति येन पुण्यं पापं वात्नोऽथ भावेन।
स तेन परचरित्रः भवतीति जिनाः प्रूपयन्ति।।१५७।।

રે! પુણ્ય અથવા પાપ જીવને આસ્રવે જે ભાવથી,
તેના વડે તે 'પરચરિત' નિર્દિષ્ટ છે જિનદેવથી. ૧૫૭.

**અન્વયાર્થ :—** (येन भावेन) જે ભાવથી (आत्मनः) આત્માને (पुण्यं पापं वा) પુણ્ય અથવા પાપ (अथ आस्रवति) આસ્રવે છે, (तेन) તે ભાવ વડે (सः) તે (જીવ) (परचरित्रः भवति) પરચારિત્ર છે—(इति) એમ (जिनाः) જિનો(प्ररूपयन्ति) પ્રરૂપે છે.

**ટીકા :—** અહીં, પરચારિત્રપ્રવૃત્તિ બંધહેતુભૂત હોવાથી તેને મોક્ષમાર્ગપણાનો નિષેધ કરવામાં આવ્યો છે (અર્થાત્ પરચારિત્રમાં પ્રવર્તન બંધનો હેતુ હોવાથી તે મોક્ષમાર્ગ નથી એમ આ ગાથામાં દર્શાવ્યું છે).

અહીં ખરેખર શુભોપરક્ત ભાવ (—શુભરૂપ વિકારી ભાવ) તે પુણ્યાસ્રવ છે અને અશુભોપરક્ત ભાવ (—અશુભરૂપ વિકારી ભાવ) પાપાસ્રવ છે. ત્યાં, પુણ્ય અથવા પાપ જે ભાવથી આસ્રવે છે, તે ભાવ જ્યારે જે જીવને હોય ત્યારે તે જીવ તે ભાવ વડે પરચારિત્ર છે—એમ (જિનેન્દ્રો દ્વારા) પ્રરૂપવામાં આવે છે. તેથી (એમ નક્કી થાય છે કે) પરચારિત્રમાં પ્રવૃત્તિ તે બંધમાર્ગ જ છે, મોક્ષમાર્ગ નથી. ૧૫૭.

---

## ગાથા—૧૫૭ ઉપર પ્રવચન

હવે ૧૫૭ જુઓ!

**आसवदि जेण पुण्णं पावं वा अप्पणोध भावेण।**
**सो तेण परचरित्तो हवदि त्ति जिणा परूवेंति।।१५७।।**

વીતરાગ સર્વજ્ઞ.. જુઓ! કુંદકુંદાચાર્યને પણ જેમની ઓથ લેવી પડી. '**जिणा परूवेंति**' ભાઈ! સર્વજ્ઞ પરમાત્મા આમ કહે છે, જિનેશ્વર એમ કહે છે. આહાહા..! પોપટભાઈ! કુંદકુંદાચાર્ય (કહે છે). પણ આપ કહો એ જિનેશ્વરનું જ કથન છે. તોપણ લોકોને દૃઢ કરાવવા (એમ કહે છે). ભગવાન! જેટલા શુભ-અશુભ પરિણામ છે એ પરચારિત્ર છે એ '**जिणा परूवेंति**'- સર્વજ્ઞો આમ કહે છે, વીતરાગ આમ કહે છે, જિનમુનિઓ સંતો આમ કહે છે. સમજાણું કાંઈ?

'**ટીકા :— અહીં, પરચારિત્રપ્રવૃત્તિ બંધહેતુભૂત...**' જુઓ! હવે આમાં કથંચિત્ બંધ અને કથંચિત્ સંવર, નિર્જરા ક્યાંથી લાવવી? નહિ, ગમે તે શબ્દ હો એમાં સ્યાત્ લગાવી દેવું. ભાઈ! એમ કહે છે ઈ. કેવી રીતે લગાવે? પણ એ તો છે ઈ છે અને બીજી રીતે નથી. એનું નામ નિશ્ચય છે. સમજાણું કાંઈ? '**અહીં,...**' અહીંયાં '**પરચારિત્રપ્રવૃત્તિ બંધહેતુભૂત હોવાથી...**' જુઓ! '**તેને મોક્ષમાર્ગપણાનો નિષેધ કરવામાં આવ્યો છે...**' ભગવાન! એમાં નિષેધ કરવામાં આવ્યો હોવાથી એમ આવ્યું ને? '**जिणा परूवेंति**' ભગવાને આમ કહ્યું છે. '**जिणा परूवेंति**' આગળ લેશે.

મુમુક્ષુ :— ... શબ્દ આવે છે.

ઉત્તર :— હા, ઈ તો આવે છે પણ આ તો અહીંયાં પણ કહેવામાં આવ્યું એમ. એ તો આવે છે, પછી આવશે. .. આવે છે. આમ પ્રરૂપવામાં આવે છે. બીજા પદમાં આવશે. પછી કૌંસમાં '**(જિનેન્દ્રો દ્વારા)**' એમ કહ્યું છે. બીજી લીટી. અહીં તો અહીંયાં પણ કહેવામાં આવ્યું, એ શબ્દ બેયમાં છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

વાત ઈ છે કે અહીંયાં ચૈતન્ય સ્ફટિકમણિ જેવો (બિરાજે છે). કાલે જૈન ગેજેટમાં દૃષ્ટાંત આપ્યું છે. પરદ્રવ્યથી રાગ વિકાર થાય છે, એમ તમે માનો, માનો. બધે ઈ ગાથા મૂકે. જુઓ! ... કાનજીસ્વામી કહે છે કે વિકાર પોતાની યોગ્યતાથી થાય છે, કર્મ તો નિમિત્તમાત્ર છે, એનાથી નથી થતો. આ લખ્યું ૨૭૮માં. એમ લખ્યું જ નથી, સાંભળ તો ખરો, ભગવાન! તને ખબર નથી. એ જ ગાથા મૂકી છે. આ જુઓ, કુંદકુંદાચાર્યને માને છે કે નહિ? કુંદકુંદાચાર્ય કહે છે, આયુ ક્ષયે મરણ, જીવન. એના આયુક્ષયે એનું મરણ થાય છે. એનું આયુષ્ય હોય

તો મરણ નથી થતું. જુઓ! કર્મને લઈને થાય છે એમ તો લખ્યું છે. અરે.. ભગવાન! એ તો નોકર્મ બીજી ચીજ એને (જીવન-મરણ) નથી કરી શકતી એ બતાવવાનો ભાવ છે. જ્યારે એ બેને કહેવું હોય ત્યારે, એમાં આયુષ્ય છે અને પોતાની રહેવાની યોગ્યતા પોતામાં પોતાને કારણે છે. શું આયુષ્યને કારણે રહે છે? એ તો બીજો જીવાડી શકતો નથી, મારી શકતો નથી એટલું સિદ્ધ કરવા માટે એનું આયુષ્ય એને જીવાડવામાં નિમિત્ત છે અને આયુષ્ય ન હોય તો જીવી શકે નહિ. એને શાતા હોય તો સંયોગ મળી શકે, શાતા ન હોય તો સંયોગ મળી શકે નહિ. બીજાથી એ મેળવી શકે છે એમ નથી એમ નિષેધ કરવા માટે એ વાત લીધી છે. પણ કંઈ એને શાતા આવી તો શાતાને કારણે સંયોગ મળ્યા એમ પણ નથી. શાતાના રજકણ ભિન્ન છે અને પ્રાપ્ત થતાં સંયોગ ભિન્ન ચીજ છે. એ તો બીજી વસ્તુ આવી ત્યારે નિમિત્ત કોણ હતું એટલું બતાવ્યું. એ શાતા એની પાસે પડી હતી અને ચીજ તો આવનારી પોતાના ઉપાદાનને કારણે આવે છે. પંડિતજી! બહારની ચીજ તો એના ઉપાદાનને કારણે આવે છે. ત્યારે શાતાને નિમિત્ત કહેવામાં આવે છે. શું શાતા ખેંચીને લાવે છે? તાકાત છે એક રજકણમાં બીજા રજકણને ખેંચીને લાવવાની?

ત્યાં તો એટલું બતાવ્યું કે એના શુભાશુભ કર્મ વિના એને સુખ-દુઃખ થતા નથી. સુખ-દુઃખનો અર્થ સંયોગ નથી મળતો. એને (સંયોગમાં) સુખ-દુઃખ થાય છે તો એમાં મોહનું નિમિત્ત છે. એના શાતા-અશાતા કર્મ વિના સુખ-દુઃખના સંયોગ મળતા નથી. બીજા સંયોગ પ્રાપ્ત કરાવે છે એ વાતમાં જરીયે સત્યતા નથી. સમજાણું કાંઈ? કેટલું લખ્યું છે. હવે પણ કેટલી વાર બધાના જવાબ અપાઈ ગયા છે. હજી કાલે લખ્યું છે, કર્મથી થાય એમ માનો, નહિતર આ કર્મ નથી રહેતા. દર્શનમોહને કારણે મિથ્યાત્વ થાય છે. ચારિત્રમોહને કારણે રાગ થાય છે. અરે.. ભગવાન! પરદ્રવ્યથી તારા દ્રવ્યમાં થાય અને ઈશ્વર જગતનો કર્તા છે, એમાં તો ચૈતન્યને મનાવ્યો, તેં તો અનંતા જડ ઈશ્વર બનાવ્યા. જડ ઈશ્વરથી અમારામાં વિકાર થાય. પરિભ્રમણ લખ્યું છે. એ કહે છે, કર્મને કારણે રખડે છે. પોતાની યોગ્યતાથી રખડે છે. શાસ્ત્ર તો એમ કહે છે કે કર્મને કારણે રખડે છે. અરે.. ભગવાન! એમ છે નહિ, પ્રભુ! તારી દૃષ્ટિમાં ફેર છે. શું કરે? આહાહા..!

ભાઈ! તારી પર્યાયમાં તારા અપરાધથી વિકાર થાય છે. નિમિત્ત હો. નિમિત્તની કોણ ના પાડે છે. પણ ઈ છે માટે અહીંયાં (વિકાર) થયો એમ નથી. કોઈના સત્‌ના અંશથી કોઈ (બીજાના) સત્‌નો અંશ ઉત્પન્ન થાય છે? તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ પોતે પોતાના પૃથક્ પૃથક્ ક્યાં રહ્યા? પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવ પોતામાં છે અને પરના ઉત્પાદ-વ્યય-ધ્રુવ પરમાં છે. પરથી પૃથક્ ક્યાં રહ્યો પરથી થતું હોય તો? સમજાણું કાંઈ? ભારે ગડબડ ભાઈ!

**'અહીં, પરચારિત્રપ્રવૃત્તિ...'** સમકિતી હોય એને પણ **'બંધહેતુભૂત હોવાથી...'** જ્ઞાનીને પણ રાગ જેટલા પુણ્યના પરિણામ થયા એટલો બંધ હેતુભૂત, બંધનું કારણ (છે). જુઓને,

હેતુભૂત છેને? **'તેને મોક્ષમાર્ગપણાનો નિષેધ કરવામાં આવ્યો છે...'** લ્યો. અસ્તિ-નાસ્તિ બે કહ્યું. મોક્ષમાર્ગ તો એક જ છે. બે મોક્ષમાર્ગ છે જ નહિ. સમકિત બે છે જ નહિ, સમકિત એક જ છે. નિજ સ્વભાવના આશ્રયે અંતર અનુભવમાં પ્રતીતિ થવી એ એક જ સમકિત છે. સમકિત બે પ્રકારના છે જ નહિ. જ્ઞાન પણ એક જ પ્રકારનું છે. નિજ આત્માનું સ્વસંવેદનજ્ઞાન તે જ એક જ્ઞાન છે. ચારિત્ર એક પ્રકારનું છે—સ્વરૂપમાં લીનતા એક ચારિત્ર છે. બે પ્રકારનું સમકિત, બે પ્રકારના જ્ઞાન, બે પ્રકારના ચારિત્ર-ફારિત્ર છે જ નહિ. એ તો બે પ્રકારના કથન કરવાની પદ્ધતિ છે. બે માર્ગ નથી, માર્ગ એક જ છે. મિત્રસેનજી!

ટોડરમલે બહુ સારું લખ્યું છે. શાસ્ત્રમાંથી નીચોડ કાઢીને લખ્યું છે. આ કહે, નહિ. બે મોક્ષમાર્ગ છે, બેય મોક્ષમાર્ગ છે. બે ક્યાંથી આવ્યા? બે મોક્ષમાર્ગ હોય તો બે એક થઈ ગયા. બે રહ્યા કઈ રીતે? શું કરે? લોકોને જ્ઞાન નહિ, ક્રિયાકાંડમાં ઘુસી ગયા અને પ્રરૂપણા કરવાવાળા પણ એવા મળ્યા તો ઝુકી જાય છે કે બરાબર છે, બરાબર વાત છે. તો આપણને આમાં ધર્મ નહિ? ભગવાનના દર્શન, પૂજામાં ધર્મ નહિ? ભઈ, પુણ્ય થાય છે ભાઈ! સાંભળ તો ખરો. પરમાર્થ ધર્મ નહિ. જે જન્મ-મરણનો અંત કરનારી પર્યાય છે એ નહિ. આહાહા..!

કહે છે, **'(અર્થાત્ પરચારિત્રમાં પ્રવર્તન બંધનો હેતુ હોવાથી તે મોક્ષમાર્ગ નથી...)'** તે મોક્ષમાર્ગ નથી એટલે બે મોક્ષમાર્ગ નથી. પોતાના સ્વભાવમાં સ્વચારિત્રની રમણતા એક જ મોક્ષમાર્ગ છે. પરમાં જેટલો રાગ થયો એ મોક્ષમાર્ગ નહિ, બંધમાર્ગ છે. સમજાણું કાંઈ? ઓહો..! પોતાનો નિર્ણય કરવામાં પણ જ્યાં હજી ઠેકાણા નથી... નિર્ણય કર્યા પછી સ્વરૂપમાં લીનતા, દૃષ્ટિ, અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે અને પછી સ્વરૂપમાં લીનતા કરવી એ ચારિત્ર છે. સમજાણું કાંઈ? એ મોક્ષનો માર્ગ છે. ઉપાય એક જ છે. એ તો એમાં લીધું છેને? સાધ્ય-સાધનમાં. ઉપાય-ઉપેય ભાઈ! સમયસારમાં છેલ્લે. એ જ જ્ઞાન અપૂર્ણપણે પરિણમ્યું એ ઉપાય અને પરિપૂર્ણપણે પરિણમ્યું તે ઉપેય. વિકલ્પ-ફિકલ્પને પહેલા વચ્ચે નથી લીધા. પોતાનો જ્ઞાનસ્વરૂપ ભગવાન... પોતાની જ્ઞાનની નિર્મળ પરિણતિ અપૂર્ણ છે એ મોક્ષમાર્ગ છે. જ્ઞાનની સાથે દર્શન, લીનતા આવી ગઈ. જ્ઞાન પૂર્ણ થઈ ગયું એ મોક્ષ છે. એક જ માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી. કથનના (અનેક) પ્રકાર આવે, એમાં શું થયું?

જુઓ! **'અહીં ખરેખર શુભોપરક્ત ભાવ...'** જુઓ! શુભોપરક્ત ભાવ **'(—શુભરૂપ વિકારી ભાવ)...'** ગુજરાતીમાં શુભરૂપ વિકારી ભાવ એમ પહેલા લીધું છેને? અને પછી શુભ ઉપરક્ત ભાવ લીધું છે. શુભઉપરક્ત ભાવ—શુભરૂપ વિકારી ભાવ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ. વિકલ્પ હોં! કોઈ એવી ભાષા કરે છે કે જુઓ! દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કરવી તેને મિથ્યાત્વ કહે છે. અરે.. પ્રભુ! મિથ્યાત્વ નહિ. કોણે કહ્યું? તું સાંભળ તો ખરો. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા એ વિકલ્પ—રાગ, શુભરાગ છે. મિથ્યાત્વ નહિ. એમાં પરમાર્થ ધર્મ માને તો મિથ્યાત્વ છે. શુભરાગ તો મુનિને આવે છે. છઠ્ઠે ગુણસ્થાને આવે છે. શુભરાગ મિથ્યાત્વ

(નથી). એવું લખાણમાં લગાવી દે છે, એઈ..! સોનગઢવાળા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને મિથ્યાત્વ કહે છે. બિચારા લોકોને ખબર નહિ. (શુભરાગને) પરમાર્થ ધર્મ માનવો એ મિથ્યાત્વ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તો રાગ છે, પંચ મહાવ્રતના પરિણામ રાગ છે. રાગ મિથ્યાત્વ નથી. રાગમાં પરમાર્થ ધર્મ માનવો તે મિથ્યાત્વ છે. આહા..! માન્યતા. ઈ નિશ્ચય ધર્મ છે એમ માને તો મિથ્યાત્વ છે. રાગ તો મુનિને આવે છે. છઠ્ઠે ગુણસ્થાને આવે છે. તીર્થંકરને નથી આવતો? જ્યાં સુધી કેવળજ્ઞાન નહોતું, છદ્મસ્થમાં ચારિત્રદશા હતી એમને પણ (રાગ) આવતો હતો. શું મિથ્યાત્વ છે? નહિ. પણ લગાવી દે. લોકોને ખબર નહિ, હા, સોનગઢવાળા એમ કહેતા હશે. ધન્નાલાલજી! અને અહીંથી જવાબ કોઈને દેતા નથી. તમારી મેળાએ તમે સમજો ભાઈ! અહીં કોણ જવાબ આપે છે? એવા તો ઘણા આવે છે.

અહીંયાં તો કહે છે કે '**તે પુણ્યાસ્રવ છે...**' જુઓ!

મુમુક્ષુ :— પુણ્યાસ્રવનું ફળ..

ઉત્તર :— પુણ્યાસ્રવનું ફળ મોક્ષ પરંપરા (કારણ). પહેલા અહીંયા (વ્યવહાર) અને પછી એનું ફળ નિશ્ચય આવશે. એમ નથી. પાઠમાં તો '**आसवदि**' છેને. સમજ્યા? પહેલા બંધ કહ્યું, હવે એને આસ્રવ કહે છે. કારણ ખુલ્લું કરે છે. મોક્ષમાર્ગનો નિષેધ કર્યો, બંધ હેતુભૂત છે, હવે એને આસ્રવ સિદ્ધ કરે છે. બંધનું કારણ અને આસ્રવ એમ સિદ્ધ કર્યું છે.

ખરેખર તે પુણ્યાસ્રવ છે. કોણ? શુભભાવ. સમકિતીનો પણ. દયાનો ભાવ, અહિંસાનો, સત્યનો, દત્તનો, બ્રહ્મચર્યનો ભાવ, મુનિને અઠ્યાવીસ મૂળગુણનો શુભ વિકલ્પ આવે છે, પણ એ પુણ્યાસ્રવ છે, બંધનું કારણ છે, એ મોક્ષનું કારણ નથી. '**અને અશુભોપરક્ત ભાવ (—અશુભરૂપ વિકારી ભાવ) પાપાસ્રવ છે.**' લ્યો. પાઠમાં બેય છે કે નહિ? '**आसवदि जेण पुण्णं पावं वा अप्पणोध भावेण**' લ્યો, સમજાણું કાંઈ? '**अप्पणोध**' એનું શું કર્યું? '**अथ**'. '**अप्पणो अथ**' '**आत्मनोऽथ**' સંસ્કૃત છેને? '**आत्मनोऽथ**' બરાબર છે. '**ત્યાં, પુણ્ય અથવા પાપ જે ભાવથી આસ્રવે છે,...**' પુણ્ય અને પાપના નવા રજકણ જે ભાવથી આસ્રવે છે '**તે ભાવ જ્યારે જે જીવને હોય...**' '**તે ભાવ...**' જુઓ! '**જ્યારે જે જીવને હોય...**' જ્યારે જેને હોય. એ કાળે જેને થવાના છે. '**ત્યારે તે જીવ તે ભાવ વડે પરચારિત્ર છે—**' જુઓ! ભાષા કેટલી લખી છે! '**તે ભાવ જ્યારે જે જીવને હોય...**' એટલું તો લીધું. '**તે ભાવ જ્યારે જે જીવને...**' જે કાળે '**જે જીવને હોય ત્યારે તે જીવ તે ભાવ વડે પરચારિત્ર છે—એમ (જિનેન્દ્રો દ્વારા) પ્રરૂપવામાં આવે છે.**' લો, એ શબ્દ છે પાઠમાં.

એમાં લીધું છે જયસેનાચાર્યદેવે. '**वृद्धमतसंवादेन**'. વૃદ્ધો આમ કહે છે. સમજાણું કાંઈ? એમાં ભાષા આવતી હતી. એ લોકોમાં પણ આવે છેને, શ્વેતાંબરમાં આવે છે. વૃદ્ધનો એ મત છે. ભગવાન માંસ ખાતા ઈ. ટીકામાં એવો શબ્દ છે. ભગવતીમાં ત્યાં પણ એવો શબ્દ

છે. વૃદ્ધ, વૃદ્ધનો એ મત છે. એમ ભગવતી શતક છેને શ્વેતાંબરનું? એમાં (એમ છે કે) ભગવાનને પણ વૃદ્ધ લોકો, આચાર્ય એમ માનતા હતા કે એ ભગવાન પણ માંસ ખાતા હતા. એવો ટીકામાં પાઠ છે. પણ પહેલા... એ.. માંગીલાલજી! આ પાઠ છે, હોં! અમે તો (સંવત) ૧૯૭૨ની સાલ પહેલાં બધું જોયું છે. બધા ચિહ્ન પણ કર્યા છે. એક પંડિતને દેખાડ્યું હતું કે આ શું છે? તો કહ્યું, એ વૃદ્ધનો મત હતો. અરર..ર..! આ વૃદ્ધનો મત? ભગવાનને આહાર ન હોય. આહાર ન હોય એમાં માંસનો આહાર? આ શું કરે છે? નહિ, નહિ. બેચરદાસ પંડિત છેને? એણે કહ્યું હતું હોં! ૭૨ની સાલ. કીધું, આ શું લખ્યું છે? ટીકામાં વૃદ્ધનો મત લખ્યું છે. પૂર્વાચાર્યોનો મત. અરે..! ભગવાનને આહાર? આહારનો વિકલ્પ તો છઠ્ઠા સુધી હોય છે. પછી અપ્રમત્ત દશામાં તો ધ્યાન હોય છે. એમાં કેવળજ્ઞાનમાં અનંત આનંદનો જ્યાં અનુભવ છે ત્યાં આવો વિકલ્પ ક્યાંથી આવ્યો કે હું આહાર લઉં? એને આહાર ક્યાંથી હોય? પહેલા પાઠ એમ લીધો, બીજોરા પાક. બીજોરા પાક છેને? બીજોરા આવે છેને? બીજોરા નથી આવતું? બીજોરા પાક લાવ્યા હતા. ભગવાનને છ માસ ઝાડાનો .. છ માસ. તો પહેલા બીજારો પાક લાવ્યા હતા. પછી કહ્યું કે, બીજોરા પાક પણ હતો, પણ વૃદ્ધનો મત છે કે માંસ પણ છે. આહાહા..! માંસ સમ્યગ્દૃષ્ટિ લેતા નથી, સમ્યગ્દૃષ્ટિને આવો ભાવ (હોતો નથી). માંસનો, દારૂનો, મધનો ભાવ તો હોતો નથી. એને લગાડી દીધું. શું કરે? જગતમાં કોઈ પૂછવાવાળું નથી. જ્યાં જેને ઠીક લાગ્યું ત્યાં લગાવી દીધું. ભગવતી ટીકામાં પાઠ છે હોં! માંગીલાલજી! ભગવતીનું પંદરમું શતક છે કે નહિ? તમે જોયું છે કે નહિ? ભગવતીનું પંદરમું શતક, એ શતકમાં આ પાઠ છે. અહીં વૃદ્ધ કહે છે.. મારે ઓલા વૃદ્ધ ઉપર (લેવું છે). ન્યાં પણ વૃદ્ધ શબ્દ પડ્યો છે, અહીં વૃદ્ધ શબ્દ પડ્યો છે. કારણ કે આ જયસેનાચાર્યનો શબ્દ છેને. એ પહેલા તો શ્વેતાંબર નીકળી ગયેલા. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, વૃદ્ધ—જિનેન્દ્રો, સર્વજ્ઞો પરમાત્મા ત્રિલોકનાથ (દ્વારા) પ્રરૂપવામાં આવે છે કે એ પરચારિત્ર છે, એ પોતાનું સ્વચારિત્ર નથી. '**તેથી (એમ નક્કી થાય છે કે) પરચારિત્રમાં પ્રવૃત્તિ તે બંધમાર્ગ જ છે,...**' લ્યો. પરચારિત્રમાં પ્રવૃત્તિ, શુભરાગમાં પ્રવૃત્તિ એ બંધમાર્ગ જ છે. ખુલાસો કરી દીધો (એ) મોક્ષમાર્ગ નહિ, એ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ એક જ છે. પોતાના શુદ્ધ સ્વભાવનું સમ્યગ્દર્શન, જ્ઞાન નિર્મળ પરિણતિ, નિર્વિકલ્પ વીતરાગી પર્યાય એ એક જ મોક્ષમાર્ગ છે. વચ્ચે રાગ આવે છે એને નિમિત્તથી ઉપચારથી કહ્યું છે. એ છે નહિ. સમજાણું કાંઈ? જુઓ! જયસેનાચાર્ય પણ કેટલી નમ્રતાથી કહે છે! વૃદ્ધનો મત આમ છે. ભગવાનના વૃદ્ધ, જે વૃદ્ધ લોકો હતો એ તો આમ કહે છે આપણા પૂર્વના વડેરા—સંતો, મુનિઓ કે પુણ્યમાં તો આસ્રવ થાય છે, ભાઈ! બંધ છે. મોક્ષમાર્ગ ભગવાને વડેરાઓએ તો કહ્યો નથી. તું ક્યાંથી કાઢે છે? ઓહોહો..! હવે ૧૫૮. એ પરચારિત્ર પ્રવર્તનની વાત કરી, હવે સ્વચારિત્રની વાત.

जो सव्वसंगमुक्को णण्णमणो अप्पणं सहावेण।
जाणदि पस्सदि णियदं सो सगचरियं चरदि जीवो।।१५८।।

यः सर्वसङ्गमुक्तः अनन्यमनाः आत्मानं स्वभावेन।
जानाति पश्यति नियतं सः स्वकचरितं चरति जीवः।।१५८।।

સૌ-સંગમુક્ત અનન્યચિત્ત સ્વભાવથી નિજ આત્મને
જાણે અને દેખે નિયત રહી, તે સ્વચરિતપ્રવૃત્ત છે. ૧૫૮

અન્વયાર્થ :— (यः) જે (सर्वसङ्गमुक्तः) સર્વસંગમુક્ત અને (अनन्यमनाः) અનન્યમનવાળો વર્તતો થકો (आत्मानं) આત્માને (स्वभावेन) (જ્ઞાનદર્શનરૂપ) સ્વભાવ વડે (नियतं) નિયતપણે (—સ્થિરતાપૂર્વક) (जानाति पश्यति) જાણે-દેખે છે, (सः जीव) તે જીવ (स्वकचरितं) સ્વચારિત્ર (चरति) આચરે છે.

ટીકા :— આ, સ્વચારિત્રમાં પ્રવર્તનારના સ્વરૂપનું કથન છે.

જે (જીવ) ખરેખર [૧]નિરુપરાગ ઉપયોગવાળો હોવાને લીધે સર્વસંગમુક્ત વર્તતો થકો, પરદ્રવ્યથી [૨]વ્યાવૃત્ત ઉપયોગવાળો હોવાને લીધે [૩]અનન્યમનવાળો વર્તતો થકો, આત્માને જ્ઞાનદર્શનરૂપ સ્વભાવ વડે નિયતપણે અર્થાત્ અવસ્થિતપણે જાણે-દેખે છે, તે જીવ ખરેખર સ્વચારિત્ર આચરે છે; કારણ કે ખરેખર [૪]દૃશિજ્ઞપ્તિસ્વરૂપ પુરુષમાં (—આત્મામાં) તન્માત્રપણે વર્તવું તે સ્વચારિત્ર છે.

ભાવાર્થ :— જે જીવ શુદ્ધોપયોગી વર્તતો થકો અને જેની પરિણતિ પર પ્રત્યે જતી નથી એવો વર્તતો થકો, આત્માને સ્વભાવભૂત જ્ઞાનદર્શનપરિણામ વડે સ્થિરતાપૂર્વક જાણે-દેખે છે, તે જીવ સ્વચારિત્ર આચરનાર છે; કારણ કે દૃશિજ્ઞપ્તિસ્વરૂપ આત્મામાં માત્ર દૃશિજ્ઞપ્તિરૂપે પરિણમીને રહેવું તે સ્વચારિત્ર છે. ૧૫૮.

---

૧. નિરુપરાગ=ઉપરાગ રહિત; નિર્મળ; અવિકારી; શુદ્ધ. (નિરુપરાગ ઉપયોગવાળો જીવ સમસ્ત બાહ્ય-અભ્યંતર સંગથી શૂન્ય છે તોપણ નિઃસંગ પરમાત્માની ભાવના દ્વારા ઉત્પન્ન સુંદર આનંદસ્યંદી પરમાનંદસ્વરૂપ સુખસુધારસના આસ્વાદથી, પૂર્ણ-કળશની માફક, સર્વ આત્મપ્રદેશે ભરેલો હોય છે).

૨. વ્યાવૃત્ત=પાછો વળેલ; અલગ થયેલ; નિવર્તેલ; નિવૃત્ત; ભિન્ન.

૩. અનન્યમનવાળો=જેની પરિણતિ અન્ય પ્રત્યે જતી નથી એવો. (મન=ચિત્ત; પરિણતિ; ભાવ).

૪. દૃશિ=દર્શનક્રિયા; સામાન્ય અવલોકન.

## ગાથા—૧૫૮ ઉપર પ્રવચન

जो सव्वसंगमुक्को णण्णमणो अप्पणं सहावेण।
जाणदि पस्सदि णियदं सो सगचरियं चरदि जीवो।।१५८।।

'**ટીકા :— આ, સ્વચારિત્રમાં પ્રવર્તનારના સ્વરૂપનું કથન છે. જે જીવ ખરેખર નિરુપરાગ...**' પહેલા સોપરાગ હતું એનાથી વિરુદ્ધ '**ઉપરાગ રહિત, નિર્મળ, અવિકારી, શુદ્ધ.**' પહેલા સોપરાગની વાત હતી, આ નિરુપરાગ (છે). '**નિરુપરાગ ઉપયોગવાળો જીવ સમસ્ત બાહ્ય-અભ્યંતર સંગથી શૂન્ય છે....**' જુઓ! (ફૂટનોટ). '**તોપણ નિઃસંગ પરમાત્માની ભાવના દ્વારા...**' બાહ્ય-અભ્યંતર સંગથી શૂન્ય છે. રાગ પણ નહિ અને બહાર સંગ પણ નહિ. બહારમાં વસ્ત્ર-પાત્ર પણ નથી, અંતરમાં રાગ નથી. '**બાહ્ય-અભ્યંતર સંગથી શૂન્ય છે તોપણ નિઃસંગ પરમાત્માની...**' સંગની સામે. ભગવાન આત્મા રાગના સંગ વિના પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપની ભાવના દ્વારા, ભાવના દ્વારા નામ એની એકાગ્રતા દ્વારા. પોતાના શુદ્ધ સ્વભાવની એકાગ્રતા દ્વારા '**ઉત્પન્ન સુંદર-આનંદસ્યંદી...**' સુંદર આનંદને ઉત્પન્ન કરનાર '**પરમાનંદસ્વરૂપ સુખસુધારસના આસ્વાદથી,...**' ભાષા કરતા થાકતા નથી. જયસેનાચાર્યદેવ ટીકા કરે છે કે ઓહો..! આત્મા દર્શન—સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક પરસંગથી રહિત થઈને પોતાના નિઃસંગ સ્વરૂપમાં રમણ કરે છે તો શું થાય છે? કે '**સુંદર આનંદસ્યંદી...**' સ્યંદી એટલે શું? ઝરતો. સુંદર પરમાનંદ, સુંદર આનંદ ઝરતો પરમાનંદસ્વરૂપ. આત્મામાં આનંદ તો નિત્ય પડ્યો છે એમાં જ્યારે ઉપયોગ લગાવ્યો તો આનંદ ઝરે છે. જેમ પર્વતમાંથી પાણી ઝરે છે. મોટા પર્વતમાંથી પાણી (ઝરે). ભગવાન આનંદસ્વરૂપ પર્વત અતીન્દ્રિય આનંદ ભગવાન પોતાનું નિજ સ્વરૂપ એમાં દૃષ્ટિ, લીનતા કરવાથી પરમાનંદસ્વરૂપ આનંદ ઝરે છે. પોપટભાઈ! એ આનંદ ઝરે છે એ મોક્ષમાર્ગ છે. આહાહા..! મોક્ષમાર્ગમાં દુઃખ નથી. કોઈ કહે છે કે, આહાહા..! ભાઈ! બહુ દુઃખ છે. મોક્ષમાર્ગમાં તો ઘણું સહન કરવું પડે છે, કષ્ટ છે. કહે છે કે તને મોક્ષમાર્ગની ખબર નથી. મોક્ષમાર્ગ કષ્ટદાયક નથી, આનંદદાયક છે. મોક્ષમાર્ગ તો આનંદદાયક છે. એને તું કષ્ટદાયક માને છે (તો તને) વસ્તુની ખબર નથી. સમજાણું કાંઈ?

'**પરમાત્માની ભાવના દ્વારા...**' પરમાત્મા કોણ? પોતાનો (આત્મા) હોં! નિઃસંગ પરમ-આત્મા. પરમ આત્મા એટલે બહિરાત્મા નહિ, અંતરાત્માની પર્યાય નહિ, અંતર પરમ આત્માનું નિજ સ્વરૂપ એની ભાવના દ્વારા, એની એકાગ્રતા દ્વારા ઉત્પન્ન સુંદર આનંદ ઝરતો. સુંદર આનંદ ઝરતો અતીન્દ્રિય આનંદનું વેદન. દુઃખની જ્યાં ગંધ નથી. બાવીસ પરિષહ સહન કરવા પડે ને આમ ને તેમ. '**પરમાનંદસ્વરૂપ સુખસુધારસના આસ્વાદથી,...**' એ સુખ

સુધારસ અમૃતરસ. પોતાના આનંદના અમૃતરસના આસ્વાદથી '**પૂર્ણ-કળશની માફક,...**' જેમ કળશ ભર્યો હોય ને? એમ આ પણ એક કળશ છે, જુઓ! આ કળશની જેમ છે ને. અંદર ચૈતન્ય આનંદનો કળશ ભર્યો છે. આનંદથી ભરેલો છે પોતાનો નિજ કળશ. આ માટીનો કળશ ભિન્ન છે. પોતાનું સ્વરૂપ અરૂપી અમૂર્તમાં, આ કળશની જેમ છેને? અંદર ચૈતન્ય આનંદનો કળશ ભર્યો છે. આનંદથી ભરેલો છે પોતાનો નિજ કળશ. આ માટીનો કળશ ભિન્ન છે. પોતાનું સ્વરૂપ અરૂપી અમૂર્તમાં આનંદનો કળશ ભર્યો છે. આમ ભરપૂર ભરપૂર ભર્યો છે. '**પૂર્ણ કળશની માફક, સર્વ આત્મપ્રદેશે ભરેલો હોય છે)**'. અસંખ્ય પ્રદેશમાં આનંદના ઝરણા (વહે), આનંદના અંકુરા ફૂટે છે. રાગ વિના સ્વરૂપની ચારિત્રની દશા સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જ્યાં સ્થિરતા થઈ તો કહે છે કે આનંદના ઝરણા ફૂટે છે. સમજાણું કાંઈ? લ્યો, તેને મોક્ષમાર્ગ કહે છે. તેનું નામ સ્વચારિત્ર કહે છે. એ સ્વચારિત્રની રમણતા એને કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૭, શુક્રવાર, તા. ૧૪.૮.૧૯૬૪**
**ગાથા-૧૫૮, ૧૫૯ પ્રવચન-૩**

... સમજાણું કાંઈ? છઠ્ઠા ગુણસ્થાનમાં પોતાનું શુદ્ધ સ્વરૂપ અનુભવની દૃષ્ટિ થઈ છે અને પોતાનું સ્વસંવેદન નિશ્ચયજ્ઞાન પણ થયું છે. એ ઉપરાંત ત્રણ કષાયના અભાવ(રૂપ) ચારિત્રની પરિણતિ—પર્યાય પણ છે. પણ હજી ત્યાં શુભરાગ પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂલગુણના વિકલ્પરૂપ શુભ ઉપયોગ વર્તે છે. ત્યાં સુધી શુદ્ધ ઉપયોગરૂપી ચારિત્ર નથી. સમજાણું કાંઈ? તો કહે છે કે **'જે (જીવ) ખરેખર નિરુપરાગ...'** ઉપરાગ રહિત, શુભ ઉપયોગ રહિત, શુદ્ધ ઉપયોગ સહિત (હોવાને લીધે). સમજાણું કાંઈ? ચોથે, પાંચમે ગુણસ્થાને ધ્યાનમાં નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ થાય છે પણ એ અલ્પ છે. એ ચારિત્રની જે સ્વચારિત્રની રમણતા પૂરી હોય એ ત્યાં ચોથે, પાંચમે નથી. સમજાણું કાંઈ? ચોથા, પાંચમા ગુણસ્થાનવાળો પણ જ્યારે પોતાના ધ્યાનમાં એકાકાર છે ત્યારે જરી શુદ્ધ ઉપયોગ તો પ્રગટ થયો છે, પણ સાતમે જે ચારિત્ર સહિત શુદ્ધ ઉપયોગ છે એ પૂર્ણ શુદ્ધ ઉપયોગ નથી. અને પૂર્ણ શુદ્ધોપયોગ વિના ચારિત્રની સ્વચારિત્રની પૂર્ણતા નથી થતી. ભારે માર્ગ! દેવીલાલજી! સમજાણું કાંઈ?

પહેલા **'ખરેખર નિરુપરાગ...'** શુદ્ધ ઉપયોગવાળો **'હોવાને લીધે...'** આ કારણ આપ્યું. **'સર્વસંગમુક્ત...'** છે. ઈ સ્ત્રી, કુટુંબ, પરિવારથી તો મુક્ત છે પણ શુભરાગથી પણ મુક્ત છે. સમજાણું કાંઈ? એના વસ્ત્ર-પાત્રથી તો મુક્ત છે દ્રવ્યથી, પણ અંદરમાં શુભરાગ વિકલ્પ છે એનાથી પણ મુક્ત છે. સર્વસંગમુક્ત. બાહ્યમાં મુક્ત અને અભ્યંતરમાં પણ આવો શુભરાગ જે પંચ મહાવ્રત કે અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ હતો એનાથી મુક્ત છે. ત્યારે એને શુદ્ધ ઉપયોગ થાય છે, ચારિત્રનો. સમજાણું કાંઈ? વસ્ત્ર-પાત્ર જ્યાં સુધી રહે ત્યાં સુધી એનો રાગ રહે, ત્યાં સુધી ચારિત્રની પ્રાપ્તિ નથી થતી. સમજાણું કાંઈ? અને ચારિત્રની પ્રાપ્તિ થઈ, વસ્ત્ર પાત્રનો રાગ છૂટી ગયો, ચારિત્રની પ્રાપ્તિ થઈ પણ જ્યાં સુધી અઠ્યાવીસ મૂળગુણનો, પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે ત્યાં સુધી સ્વચારિત્રની એકતા અભેદતા છે નહિ. ઓહોહો..! સમજાણું કાંઈ?

તો કહે છે, **'સર્વસંગમુક્ત...'** બાહ્યથી તો મુક્ત છે જ. એનું દ્રવ્યલિંગ તો નગ્ન છે અને અંદરમાં શુભરાગથી પણ મુક્ત છે. ત્યારે આવો **'સર્વસંગમુક્ત વર્તતો થકો,...'** આ ઉત્કૃષ્ટ મોક્ષમાર્ગની વાત ચાલે છેને. તો એને સમજવું તો પડશે કે નહિ? ધન્નાલાલજી! લ્યો. આ બધા લોકો ચલાવે છેને? વ્યવહાર સમકિત છે, વ્યવહાર સમકિત છે ચોથે, પાંચમે, છઠ્ઠે. એને ખબર નથી કે ચોથા ગુણસ્થાને અનુભવ થાય છે. અનુભવ સ્વઆશ્રિત થાય ત્યારે ચોથું ગુણસ્થાન આવે છે. આમ પ્રતીતિમાત્ર (કરે કે) ભગવાન સાચા છે, દેવ-ગુરુ સાચા, તત્ત્વ સાચા, એમ પ્રતીતિમાત્ર સમ્યગ્દર્શન નથી. સમજાણું કાંઈ?

પોતાના જ્ઞાનના આનંદનો અનુભવ એક અંશ પણ સ્વસંવેદનજ્ઞાન અને નિજ સ્વરૂપની

આનંદના ઉપયોગમાં પ્રતીતિ થવી એનું નામ અનુભવમાં પ્રતીતિ થવી એનું ચોથું ગુણસ્થાન છે. સમજાણું કાંઈ? આમને આમ પ્રતીતિ પ્રતીતિ (કરે કે) ભગવાન સાચા, દેવ-ગુરુ સાચા, આમ સાચું (માને) એ સમ્યગ્દર્શન છે જ નહિ. ભાઈ! આ લોકો જે આ વ્યવહાર કહે છેને, એને અનુભવની ખબર નથી. એથી પ્રતીત પ્રતીત (કરે છે). એમ નથી. સાત પ્રકૃતિનો ક્ષય કે ક્ષયોપશમ ભલે હો, પણ એ સ્વઆશ્રયે છે. સ્વ ચૈતન્યમૂર્તિ ભગવાન વિકલ્પ અને નિમિત્તનું લક્ષ છોડીને નિજ શુદ્ધ જ્ઞાયકના અનુભવમાં વેદનમાં શાંતિમાં આનંદનો અનુભવ થયો ત્યારે એમાં જે પ્રતીતિ થઈ એવી ભૂમિકાને ચોથુ ગુણસ્થાન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એકલી પ્રતીતિ પ્રતીતિ ન કામ આવે. સમજાણું કાંઈ? સ્વસ્વભાવનો અંતરમાં ઉપયોગ જામ્યા વિના કે સ્વસ્વભાવની રાગથી રહિત એકતા અનુભવનો આનંદ થયા વિના સમ્યગ્દર્શન ત્રણ કાળમાં કદી હોતું નથી. પંડિતજી! એકલી પ્રતીતિ પ્રતીતિ કરે છે તો એમ ન ચાલે, એમ કહે છે.

પણ ઈ છે તો પ્રતીતિ. પણ એ નિજ જ્ઞાનસ્વરૂપના વેદનમાં પ્રતીતિ થાય એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનનું લક્ષણ તો પ્રતીતિ જ છે. પણ ઈ પ્રતીતિ કેવી? કે નિજ જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ પ્રભુનું અંતરમાં લક્ષ કરીને આનંદ વેદન આવ્યું અને અનંત ગુણના અંશ શુદ્ધરૂપ પરિણમ્યા, અનંત પ્રત્યેક ગુણનું શુદ્ધ પરિણમન થયું એમાં જે પ્રતીતિ થઈ એનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? આવું સમ્યગ્દર્શન થવા છતાં અને સ્વરૂપનું સ્વસંવેદનજ્ઞાનનો અંશ થવા છતાં જ્યાં સુધી સ્વરૂપની પરિણતિ વિશેષ જામે નહિ ત્યાં સુધી ચારિત્ર નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો વિકલ્પાત્મક. અહીંયાં તો સ્વરૂપની સ્થિરતારૂપ ચારિત્ર(ની વાત છે). પહેલા તો અમે કહેતા હતા, છઠ્ઠા ગુણસ્થાનની સ્વરૂપની સ્થિરતારૂપ ચારિત્ર. આ ચાલે છે એ તો શુદ્ધ ઉપયોગરૂપી ચારિત્ર. સપ્તમ (ગુણસ્થાન). સમજાણું કાંઈ? જે ભૂમિકાએ જેટલી નિર્મળતા છે અને જેટલી મલિનતા છે એનું એણે જ્ઞાન તો કરવું જોઈએ કે નહિ? કે એમને એમ ચાલે? શેઠ! જ્ઞાન કરવું જોઈએ, હોં! આ બધું સમજવું જોઈએ. પૈસૈ-બૈસે ન્યાં કંઈ નહિ વળે. લાખ, બે લાખ પૈસા ખર્ચી નાખે તો ધર્મ-બર્મ થશે કે નહિ?

મુમુક્ષુ :— આ દેશમાં નહિ થાતો હોય.

ઉત્તર :— આ દેશમાં (પૈસા ખર્ચવાથી) ધર્મ નથી થતો, ત્યાં તમારે બુંદેલખંડમાં થતો હોય તો કોણ જાણે! આહાહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ભૂમિ તો આ જ છે ભાઈ! આત્મા પણ આ જ છે.

ભગવાન આત્મા... પહેલા એણે એની શ્રદ્ધામાં વાત લેવી જોઈએ કે ભગવાન આત્મા

જે સમયે નિજ જ્ઞાયકભાવને પકડીને નિર્વિકલ્પ શાંતિનું વેદન થયું અને એ વેદનમાં પ્રતીતિ થઈ એનું નામ ભગવાન ચોથુ અવિરત ગુણસ્થાન કહે છે—અવિરત સમ્યગ્દૃષ્ટિ. શેઠી! સમજાણું કાંઈ? અને પછી સ્વરૂપમાં વિશેષ સ્વઆચરણનો અંશ વિશેષ અંશ પ્રગટ્યો તો પંચમ ગુણસ્થાનને યોગ્ય દર્શન પડિમા કહેવામાં આવે છે. દર્શન પડિમા એ પંચમ ગુણસ્થાનના લાયકાતની છે. એ ચોથા ગુણસ્થાને નથી. સમજાણું કાંઈ? પહેલી પ્રતિમા. તો એમાં સ્વરૂપ, સ્વરૂપાચરણમાં અંશે શાંતિ વધી જાય છે. અકષાયનો અંશ જે ચોથા ગુણસ્થાને સ્વરૂપાચરણ પ્રગટ્યું છે એનાથી પણ થોડો (વિશેષ) શાંતિનો અંશ પંચમમાં દર્શન પડિમાની ભૂમિકામાં વિકલ્પ હોવા છતાં સ્વરૂપની શાંતિના અંશનું વેદન વિશેષ છે એને પંચમ ગુણસ્થાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને જેટલી બે, ત્રણ, ચાર, પાંચ, છ, અગિયાર પડિમા હોય તેટલી તેટલી અંતરમાં અવિકારી શાંતિનો અંશ વધે છે અને એ પ્રકારનો પડિમાનો વિકલ્પ પણ છે. પડિમાનો વિકલ્પ છે એ પુણ્યબંધ છે. જેટલી અવિકારી શાંતિની પરિણતિ થઈ તે સંવર, નિર્જરા છે. ડાલચંદજી! આ આવું છે.

મુમુક્ષુ :— અવિકારી શાંતિનું વેદન વધવાનું નામ પડિમા છે.

ઉત્તર :— હા, એનું નામ ખરેખર નિશ્ચિય પ્રતિમા છે. વિકલ્પ આવ્યો એ વ્યવહાર પડિમા છે.

પછી (સ્થિરતા વધીને) પહેલા સ્વરૂપમાં સ્થિરતા સાતમું ગુણસ્થાન આવે છે. અહીંયાં સ્વચારિત્ર સપ્તમ શુદ્ધોપયોગ, પછી ખસીને વિકલ્પ આવ્યો એ છઠ્ઠું ગુણસ્થાન થયું. શુદ્ધ પરિણતિ સાથે છે અને પંચ મહાવ્રતાદિનો વિકલ્પ છે ત્યાં સુધી શુદ્ધ ઉપયોગરૂપી સ્વચારિત્રની પૂર્ણતા નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! આ તો વીતરાગ માર્ગ છે. વીતરાગતા પ્રગટ થઈ હોય તેટલો જ માર્ગ છે. જેટલો રાગ બાકી રહ્યો એ ખરેખર માર્ગ નથી.

તો કહે છે કે જ્યારે આત્મામાં શુદ્ધ ઉપયોગવાળો હોવાને લીધે સર્વસંગમુક્ત છે. આ કારણે સર્વસંગમુક્ત છે. શુદ્ધ ઉપયોગ છે ત્યાં સર્વસંગથી મુક્ત જ વર્તે છે. સમજાણું કાંઈ? ત્યાં વસ્ત્ર-પાત્ર આદિ લેવાનો વિકલ્પ હતો અને સપ્તમ ગુણસ્થાન આવી જાય અને છઠ્ઠું આવી જાય એમ નથી. સમજાણું કાંઈ? તો કહે છે કે જ્યારે શુદ્ધોપયોગ વર્તે છે (ત્યારે) **'સર્વસંગમુક્ત વર્તતો થકો, પરદ્રવ્યથી વ્યાવૃત્ત ઉપયોગવાળો...'** હવે નાસ્તિથી વાત કરી. પરદ્રવ્યથી વિમુખ થયો, વિકલ્પથી વિમુખ થયો. અઠ્યાવીસ મૂળગુણનો જે વિકલ્પ છે તેનાથી પણ વિમુખ થયો. સમજાણું કાંઈ?

**'પરદ્રવ્યથી વ્યાવૃત્ત ઉપયોગવાળો...'** શું કહે છે? જ્યારે નિજ સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાન થયા પછી જ્યારે શુદ્ધ ઉપયોગ વર્તે છે તો સર્વસંગમુક્ત જ છે. બાહ્યથી સંગમુક્ત ન થાય અને અંદરથી રાગથી મુક્ત ન થાય અને સાતમું ગુણસ્થાન શુદ્ધ ઉપયોગ આવી જાય એમ બનતું નથી. સમજાણું કાંઈ? પરદ્રવ્યથી વ્યાવૃત્ત. છેને નીચે? વિમુખ થયો. પર

શબ્દે વિકલ્પથી પણ વિમુખ થયો. નિવૃત્ત થયો. નિવૃત્ત અથવા ભિન્ન. આવા ઉપયોગવાળો હોવાથી રાગનો પણ ભાવ જે છે એ ખરેખર પરદ્રવ્ય છે. તેનાથી પણ વિમુખ થવાને લીધે. આ કારણ આપ્યું. ઓલામાં એક કારણ આપ્યું હતું કે શુદ્ધ ઉપયોગવાળો થવાને લીધે સર્વસંગમુક્ત વર્તતો થકો. પછી '**પરદ્રવ્યથી વ્યાવૃત્ત ઉપયોગવાળો હોવાને લીધે અનન્યમનવાળો વર્તતો થકો...**' પોતાના સ્વરૂપ સિવાય બાહ્ય વિકલ્પ નથી. અનન્યમનવાળાનો (અર્થ) કર્યો જુઓ! '**જેની પરિણતિ અન્ય પ્રત્યે જતી નથી એવો. (મન=ચિત્ત, પરિણતિ, ભાવ).**' જેનો ભાવ અનન્ય મનવાળો (અર્થાત્) પોતાના સ્વરૂપમાં જ જેનો ઉપયોગ છે, પર ઉપર વિકલ્પ છે નહિ. એવો '**પરદ્રવ્યથી વ્યાવૃત્ત ઉપયોગવાળો હોવાને લીધે...**' પરમાં વિકલ્પ(રૂપ) અન્યપણું રહ્યું નહિ, '**અનન્યમનવાળો વર્તતો થકો...**' બહુ સૂક્ષ્મ વાત, આ તો મોક્ષમાર્ગની વાત છે, ભાઈ! આ ક્લાસમાં તો ઈ ચાલ્યું હમણા. સમજે તો ખરા વાત શું છે. નિશ્ચય શું છે, વ્યવહાર શું છે, નિમિત્ત શું છે એ અંતર સમજ્યા વિના એની દૃષ્ટિ નિર્મળ ક્યાંથી થશે? સમજાણું કાંઈ? એમને એમ ઓઘે ઓઘે માને એનાથી કંઈ દૃષ્ટિ નિર્મળ નહિ થાય.

કહે છે, '**અનન્યમનવાળો...**' ભગવાન આત્મા પોતાના શુદ્ધ ઉપયોગમાં જ અન્યથી રહિત થઈને રમે છે. '**આત્માને...**' હવે કહે છે '**જ્ઞાનદર્શનરૂપ સ્વભાવ વડે...**' આત્મામાં દર્શન જે સામાન્ય ચેતના અને વિશેષ ચેતના જ્ઞાન એવો જે સ્વભાવ છે તેના વડે '**નિયતપણે અર્થાત્ અવસ્થિતપણે જાણે-દેખે છે...**' પોતામાં પોતાને જ્ઞાન-દર્શનથી જાણે-દેખે છે. પોતામાં પોતાને જાણે-દેખે છે. '**તે જીવ ખરેખર સ્વચારિત્ર આચરે છે;...**' તે જીવ ખરેખર સ્વચારિત્ર આચરે છે. શુદ્ધ ઉપયોગમાં છે તે સ્વચારિત્ર આચરે છે. આહાહા..! અહીંયાં તો લોકોએ હજી નગ્નપણા અને બાહ્ય ક્રિયામાં ચારિત્ર માની લીધું અને બહુ તો વળી અંદર પંચ મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ ઉઠે એમાં ચારિત્ર માની લીધું. એ ચારિત્ર-ફારિત્ર નથી. અઠ્યાવીસ મૂળગુણ પણ મુનિને હોય છે એ વ્યવહારચારિત્ર બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાના સ્વરૂપમાં સ્વચારિત્રમાં શુદ્ધ ઉપયોગમાં નિરુપરાગ અવિકારી અરાગની પરિણતિમાં વર્તે છે ત્યારે એ વાસ્તવમાં સ્વચારિત્ર આચરે છે. સ્વરૂપના-દ્રવ્યના આચરણમાં વર્તે છે ત્યારે ખરેખર સ્વચારિત્ર આચરે છે. વિકલ્પમાં આચરણ છે ત્યાં સુધી સ્વચારિત્રની પૂર્ણતા નથી. સમજાણું કાંઈ? આહાહા..! કેમ? '**કારણ કે ખરેખર દૃશિજ્ઞપ્તિસ્વરૂપ...**' દૃશિ શબ્દે દર્શનક્રિયા અને જ્ઞપ્તિસ્વરૂપ એટલે જાણવાની ક્રિયાસ્વરૂપ '**પુરુષમાં (—આત્મામાં)...**' પુરુષ એટલે આત્મા '**તન્માત્રપણે વર્તવું તે સ્વચારિત્ર છે.**' ભગવાન આત્મામાં જ્ઞાન-દર્શનભાવમાં તન્મયરૂપે વર્તવું એ સ્વચારિત્ર શુદ્ધ ઉપયોગ અનન્યમનવાળો-અન્યથી રહિત-પરદ્રવ્યથી વ્યાવૃત્ત-શુદ્ધ ઉપયોગમાં રમનારો-સર્વસંગથી મુક્ત છે. સમજાણું કાંઈ?

કોઈ એમ કહે કે અમારે તો વસ્ત્ર અને પાત્ર છે અને અમને સપ્તમ ગુણસ્થાન આવી જાય છે. કરણાનુયોગની અપેક્ષાએ તો આવી જાયને? ચરણાનુયોગની અપેક્ષાએ ન આવે. ઈ વાત છે જ નહિ. ઈ વાત તો સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? જ્યાં સુધી વસ્ત્રનો એક તાંતણો પણ, લંગોટી પણ રાખવાનો ભાવ છે ત્યાં સુધી ચારિત્ર આવતું નથી. એને (બાહ્યવસ્તુને) કારણે નહિ, એની મમતા છે (તેને કારણે). સમજાણું કાંઈ? વળી કોઈ એમ કહે છેને કે પહેલા સપ્તમ ગુણસ્થાન તો આવી જાય છે. કરણાનુયોગની અપેક્ષાએ સપ્તમ ગુણસ્થાન આવે છે, ચરણાનુયોગની અપેક્ષાએ પાંચમું રહે છે. તો એમ નથી. ઈ કહે છે, સર્વસંગમુક્ત. ઓહો..!

મુમુક્ષુ :— સર્વસંગમુક્ત.

ઉત્તર :— સર્વસંગમુક્ત. આહા..! મમત્વના પરિણામથી મુક્ત અને મમત્વના નિમિત્તથી પણ મુક્ત એવા સ્વરૂપાચરણને ભગવાન શુદ્ધ ઉપયોગરૂપી સ્વચારિત્ર-સ્વદ્રવ્યના આશ્રયે આચરવું ચારિત્ર કહે છે. રાગમાં જેટલું રહેવું થાય છે તેટલું હજી પરદ્રવ્યરૂપી આચરણ છે. એટલું પણ હજી બંધનું કારણ છે. ભગવાન મહાવીર આદિને જ્યાં સુધી મુનિપણામાં વિકલ્પ ઉઠતા હતા છઠ્ઠા ગુણસ્થાને, ત્યાં સુધી એટલું પરચારિત્ર હતું. આહાહા..! સમજાણું કાંઈ? હવે એ પરચારિત્રથી આત્માની મુક્તિ થશે. એ તો બંધનું કારણ છે. તેથી તો અહીંયાં કહ્યું, '(--**આત્મામાં તન્માત્રપણે વર્તવું તે સ્વચારિત્ર છે.**' આ ચારિત્ર તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન મોક્ષનું કારણ છે, પણ પરંપરા કારણ છે. સીધું કારણ તો ચારિત્ર જ છે. સમજાણું કાંઈ? સાક્ષાત્ ચારિત્ર પ્રગટ્યા વિના મોક્ષ થતો નથી. ક્ષાયિક સમકિતી હો, ત્રણ જ્ઞાનના ધણી તીર્થંકર હો, તીર્થંકર પણ ત્રણ જ્ઞાન મતિ, શ્રુત, અવધિ લઈને ક્ષાયિક સમકિત લઈને આવે છે, પણ જ્યાં સુધી શુદ્ધનો ઉપયોગ ચારિત્ર નથી થતું ત્યાં સુધી એને પણ મુક્તિ થતી નથી. સમજાણું કાંઈ? પોપટભાઈ! ...

'**ભાવાર્થ :— જે જીવ શુદ્ધોપયોગી વર્તતો થકો...**' ચોખ્ખી ભાષા કરી. એમાં ઘણો અર્થ કર્યો હતો ને, નિરુપરાગવાળામાં? તો છેલ્લે (ફૂટનોટમાં) શુદ્ધ છેને? '**ઉપરાગ રહિત, નિર્મળ, અવિકારી, શુદ્ધ.**' તો શુદ્ધ અર્થ લઈ લીધો. '**જે જીવ શુદ્ધોપયોગી વર્તતો થકો અને જેની પરિણતિ પર પ્રત્યે જતી નથી એવો વર્તતો થકો,...**' પર ઉપર જેનું લક્ષ જ નથી જતું અને પોતાના દ્રવ્યમાં લીન થઈ ગયો છે. '**આત્માને સ્વભાવભૂત જ્ઞાનદર્શન પરિણામ વડે...**' આત્માના સ્વભાવભૂત જ્ઞાનદર્શન પરિણામ વડે '**સ્થિરતાપૂર્વક જાણે-દેખે છે,...**' જુઓ! પોતાના જ્ઞાન-દર્શન પરિણામ સહિત સ્થિરતાપૂર્વક જાણે-દેખે છે. પોતાને પોતામાં જ્ઞાન-દર્શનના પરિણામ સહિત સ્થિરતાપૂર્વક જાણે-દેખે છે. '**તે જીવ...**' પરને જાણવા-દેખવાની વાત અહીંયાં છે જ નહિ. '**સ્વચારિત્ર આચરનાર છે;...**' શું કહ્યું સમજાણું? જ્ઞાન-દર્શન પરિણામ સ્થિરતાપૂર્વક જાણે-દેખે છે. કોને? પોતાને. ઓહોહો..!

'તે જીવ સ્વચારિત્ર આચરનાર છે; કારણ કે **દશજ્ઞપ્તિસ્વરૂપ આત્મામાં માત્ર દશિજ્ઞપ્તિરૂપે પરિણમીને રહેવું તે સ્વચારિત્ર છે.**' જાણવા-દેખવામાં પરિણત થવું અને રાગ રહિત પરિણતિ થવું તે જ સ્વચારિત્ર છે. કહો, સમજાણું કાંઈ? હવે ૧૫૯.

મુમુક્ષુ :— 'અપને કો આપ ભૂલકર હૈરાન હો ગયા' આ જ છે?

ઉત્તર :— આ જ છે. 'અપને કો આપ ભૂલકર હૈરાન હો ગયા'. પરને જાણ્યું, અગિયાર(અંગ)ને જાણ્યા, અગિયાર અંગ જાણ્યા અને ઘણી વિદ્યા ભણ્યો, રાગની મંદતા બહુ કરી. બધું આત્મા માટે ફોગટ છે. સમજાણું કાંઈ? પોતાનો આત્મા જ્ઞાનનો સૂર્ય છે, જ્ઞાનનો સૂર્ય છે તેને રાગનો આશ્રય છોડીને સ્વભાવના આશ્રયની દૃષ્ટિ, જ્ઞાન કરીને સ્વરૂપમાં લીનતાની પ્રાપ્તિ થવી એ જ એક સાક્ષાત્ ચારિત્ર મોક્ષનો ઉપાય છે. સમજાણું કાંઈ? દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે મોક્ષનો માર્ગ કહ્યો હતો. અહીંયાં ચારિત્ર જ મોક્ષનો માર્ગ છે. એ આવી ગયું, ચારિત્રમાં દર્શન-જ્ઞાન (આવી ગયા). સમજાણું કાંઈ?

---

चरियं चरदि सगं सो जो परदव्वप्पभावरहिदप्पा।
दंसणाणवियप्पं अवियप्पं चरदि अप्पादो।।१५९।।

चरित्तं चरति स्वकं स यः परद्रव्यात्मभावरहितात्मा।
दर्शनज्ञानविकल्पमविकल्पं चरत्यात्मनः।।१५९।।

**સૌ-સંગમુક્ત અનન્યચિત્ત સ્વભાવથી નિજ આત્મને**
**જાણે અને દેખે નિયત રહી, તે સ્વચરિતપ્રવૃત્ત છે. ૧૫૯**

**અન્વયાર્થ :—** (यः) જે (परद्रव्यात्मभावरहितात्मा) **પરદ્રવ્યાત્મક ભાવોથી રહિત સ્વરૂપવાળો વર્તતો થકો,** (दर्शनज्ञानविकल्पम्) **(નિજસ્વભાવભૂત) દર્શનજ્ઞાનરૂપ ભેદને** (आत्मनः अविकल्पं) **આત્માથી અભેદપણે** (चरति) **આચરે છે,** (सः) **તે** (स्वकं चरितं चरति) **સ્વચારિત્રને આચરે છે.**

**ટીકા :— આ, શુદ્ધ સ્વચારિત્રપ્રવૃત્તિના માર્ગનું કથન છે.**

**જે યોગીન્દ્ર, સમસ્ત [૧]મોહવ્યૂહથી બહિર્ભૂત હોવાને લીધે પરદ્રવ્યના સ્વભાવરૂપ ભાવોથી રહિત સ્વરૂપવાળો વર્તતો થકો, સ્વદ્રવ્યને એકને જ અભિમુખપણે અનુસરતાં થકાં નિજસ્વભાવભૂત દર્શનજ્ઞાનભેદને પણ આત્માથી અભેદપણે આચરે છે, તે ખરેખર સ્વચારિત્રને આચરે છે.**

---

૧. મોહવ્યૂહ=મોહવ્યૂહ. (જે મુનીંદ્ર સમસ્ત મોહસમૂહનો નાશ કર્યો હોવાથી 'પોતાનું સ્વરૂપ પરદ્રવ્યના સ્વભાવરૂપ ભાવોથી રહિત છે' એવી પ્રતીતિ અને જ્ઞાન જેમને વર્તે છે, તથા તે ઉપરાંત જે કેવળ સ્વદ્રવ્યમાં જ નિર્વિકલ્પપણે અત્યંત લીન થઈ નિજસ્વભાવભૂત દર્શનજ્ઞાનભેદોને આત્માથી અભેદપણે આચરે છે, તે મુનીંદ્ર સ્વચારિત્રના આચરનાર છે).

**આ રીતે ખરેખર [૧]શુદ્ધદ્રવ્યને આશ્રિત, [૨]અભિન્નસાધ્યસાધનભાવવાળા નિશ્ચયનયના આશ્રયે મોક્ષમાર્ગનું પ્રરૂપણ કરવામાં આવ્યું અને જે પૂર્વે (૧૦૭મી ગાથામાં) દર્શાવવામાં આવ્યું હતું તે [૩]સ્વપરહેતુક પર્યાયને આશ્રિત, [૪]ભિન્નસાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયે (—વ્યવહારનયની અપેક્ષાએ) પ્રરૂપવામાં આવ્યું હતું. આમાં પરસ્પર વિરોધ આવે છે એમ પણ નથી, કારણ કે સુવર્ણ અને [૫]સુવર્ણપાષાણની માફક નિશ્ચય-વ્યવહારને સાધ્ય-સાધનપણું છે; તેથી જ પારમેશ્વરી (—જિન ભગવાનની) [૬]તીર્થપ્રવર્તના [૭]બંને નયોને આધીને છે. ૧૫૯.**

---

૧. અહીં નિશ્ચયનયનો વિષય શુદ્ધદ્રવ્ય અર્થાત્ શુદ્ધપર્યાયપરિણત દ્રવ્ય છે, એટલે કે એકલા દ્રવ્યનો (—પર નિમિત્ત વિનાનો) શુદ્ધપર્યાય છે; જેમકે, નિર્વિકલ્પ શુદ્ધપર્યાયપરિણત મુનિને નિશ્ચયનયથી મોક્ષમાર્ગ છે.

૨. જે નયમાં સાધ્ય અને સાધન અભિન્ન (અર્થાત્ એક પ્રકારનાં) હોય તે અહીં નિશ્ચયનય છે; જેમકે, નિર્વિકલ્પધ્યાનપરિણત (—શુદ્ધાત્મશ્રદ્ધાનજ્ઞાનચારિત્રપરિણત) મુનિને નિશ્ચયનયથી મોક્ષમાર્ગ છે કારણ કે ત્યાં (મોક્ષરૂપ) સાધ્ય અને (મોક્ષમાર્ગરૂપ) સાધન એક પ્રકારનાં અર્થાત્ શુદ્ધાત્મરૂપ (—શુદ્ધાત્મપર્યાયરૂપ) છે.

૩. જે પર્યાયોમાં સ્વ તેમ જ પર કારણ હોય છે અર્થાત્ ઉપાદાનકારણ તેમ જ નિમિત્તકારણ હોય છે તે પર્યાયો સ્વપરહેતુક પર્યાયો છે; જેમકે છઠ્ઠા ગુણસ્થાને (દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપના આંશિક આલંબન સહિત) વર્તતાં તત્ત્વાર્થશ્રદ્ધાન (નવ પદાર્થગત શ્રદ્ધાન), તત્ત્વાર્થજ્ઞાન (નવ પદાર્થગત જ્ઞાન) અને પંચ મહાવ્રતાદિરૂપ ચારિત્ર—એ બધા સ્વપરહેતુક પર્યાયો છે. તેઓ અહીં વ્યવહારનયના વિષયભૂત છે.

૪. જે નયમાં સાધ્ય તથા સાધન ભિન્ન હોય (—જુદાં પ્રરૂપવામાં આવે) તે અહીં વ્યવહારનય છે; જેમકે, છઠ્ઠા ગુણસ્થાને દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપના આંશિક આલંબન સહિત) વર્તતાં તત્ત્વાર્થશ્રદ્ધાન (નવ પદાર્થ સંબંધી શ્રદ્ધાન), તત્ત્વાર્થશ્રદ્ધાન અને પંચ મહાવ્રતાદિરૂપ ચારિત્ર વ્યવહારનયથી મોક્ષમાર્ગ છે કારણ કે (મોક્ષરૂપ) સાધ્ય સ્વહેતુક પર્યાય છે અને (તત્ત્વાર્થશ્રદ્ધાનાદિમય મોક્ષમાર્ગરૂપ) સાધન સ્વપરહેતુક પર્યાય છે.

૫. જે પાષાણમાં સુવર્ણ હોય તેને સુવર્ણપાષાણ કહેવામાં આવે છે. જેમ વ્યવહારનયથી સુવર્ણપાષાણ સુવર્ણનું સાધન છે, તેમ વ્યવહારનયથી વ્યવહારમોક્ષમાર્ગ નિશ્ચયમોક્ષમાર્ગનું સાધન છે; એટલે કે વ્યવહારનયથી ભાવલિંગી મુનિને સવિકલ્પ દશામાં વર્તતાં તત્ત્વાર્થશ્રદ્ધાન, તત્ત્વાર્થજ્ઞાન અને મહાવ્રતાદિક ચારિત્ર નિર્વિકલ્પ દશામાં વર્તતાં શુદ્ધાત્મશ્રદ્ધાનજ્ઞાનાનુષ્ઠાનનાં સાધન છે.

૬. તીર્થ=માર્ગ (અર્થાત્ મોક્ષમાર્ગ); ઉપાય (અર્થાત્ મોક્ષનો ઉપાય); ઉપદેશ; શાસન.

૭. જિનભગવાનના ઉપદેશમાં બે નયો દ્વારા નિરૂપણ હોય છે. ત્યાં, નિશ્ચયનય દ્વારા તો

સત્યાર્થ નિરૂપણ કરવામાં આવે છે અને વ્યવહારનય દ્વારા અભૂતાર્થ ઉપચરિત નિરૂપણ કરવામાં આવે છે.

પ્રશ્ન :— સત્યાર્થ નિરૂપણ જ કરવું જોઈએ, અભૂતાર્થ ઉપચરિત નિરૂપણ શા માટે કરવામાં આવે છે?

ઉત્તર :— જેને સિંહનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન હોય તેને સિંહના સ્વરૂપના ઉપચરિત નિરૂપણ દ્વારા અર્થાત્ બિલાડીના સ્વરૂપના નિરૂપણ દ્વારા સિંહના યથાર્થ સ્વરૂપના ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે, તેમ જેને વસ્તુનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન હોય તેને વસ્તુ સ્વરૂપના ઉપચરિત નિરૂપણ દ્વારા વસ્તુસ્વરૂપના યથાર્થ ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે. વળી લાંબા કથનને બદલે સંક્ષિપ્ત કથન કરવા માટે પણ વ્યવહારનય દ્વારા ઉપચરિત નિરૂપણ કરવામાં આવે છે. અહીં એટલું લક્ષમાં રાખવાયોગ્ય છે કે—જે પુરુષ બિલાડીના નિરૂપણને જ સિંહનું નિરૂપણ માની બિલાડીને જ સિંહ સમજી બેસે તે તો ઉપદેશને યોગ્ય નથી, તેમ જે પુરુષ ઉપચરિત નિરૂપણને જ સત્યાર્થ નિરૂપણ માની વસ્તુ સ્વરૂપને ખોટી રીતે સમજી બેસે તે તો ઉપદેશને જ યોગ્ય નથી.

(અહીં એક ઉદાહરણ લેવામાં આવે છે :—

સાધ્ય-સાધન વિષેનું સત્યાર્થ નિરૂપણ એમ છે કે ‘છઠ્ઠા ગુણસ્થાને વર્તતી આંશિક શુદ્ધિ સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે’. હવે, ‘છઠ્ઠા ગુણસ્થાને કેવી અથવા કેટલી શુદ્ધિ હોય છે’—એ વાતનો પણ સાથે સાથે ખ્યાલ કરાવવો હોય તો, વિસ્તાર એમ નિરૂપણ કરાય કે ‘જે શુદ્ધિના સદ્ભાવમાં, તેની સાથે સાથે મહાવ્રતાદિના શુભ વિકલ્પો હઠ વિના સહજપણે વર્તતા હોય છે તે છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય શુદ્ધિ સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે.’ આવા લાંબા કથનને બદલે, એમ કહેવામાં આવે કે ‘છઠ્ઠા ગુણસ્થાને વર્તતા મહાવ્રતાદિના શુભ વિકલ્પો સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે; તો એ ઉપચરિત નિરૂપણ છે. આવા ઉપચરિત નિરૂપણમાંથી એમ અર્થ તારવવો જોઈએ કે ‘મહાવ્રતાદિના શુભ વિકલ્પો નહિ પણ તેમના દ્વારા સૂચવવા ધારેલી છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય શુદ્ધિ ખરેખર સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે.’

## ગાથા—૧૫૯ ઉપર પ્રવચન

હવે ૧૫૯.

चरियं चरदि सगं सो जो परदव्वप्पभावरहिदप्पा।
दंसणाणवियप्पं अवियप्पं चरदि अप्पादो।।१५९।।

ઓહોહો..! આચાર્યોએ જગતની કરુણા કરીને આવા શ્લોક ક્યાં રચાઈ ગયા અને કેવા થઈ ગયા! એક કરુણાનો વિકલ્પ આવ્યો પણ જાણે છે કે એ પણ બંધનું કારણ છે, એમને પણ. પણ અમને એટલી કરુણા આવી. જગતના પ્રાણી સત્ય માર્ગનો રસ્તો કઈ રીતે સમજે. એ આવ્યો તો વિકલ્પ છે. છે તો પુણ્યબંધનું કારણ છે. આહાહા..! ઓહોહો..! ઈ નિર્જરાનું કારણ છે કે નહિ શાસ્ત્ર લખ્યું એમાં? સ્વાધ્યાય કરે એમાં નિર્જરા થાય છે, એમ લખે છે. ધવલમાં આવે છે, ધવલમાં કે સ્વાધ્યાય કરતાં સમકિતીને નિર્જરા થાય છે. જયધવલમાં એમ આવે છે કે શુદ્ધ અને શુભ ઉપયોગથી નિર્જરા થાય છે. એ તો શુદ્ધ ઉપયોગથી નિર્જરા થાય છે અથવા શુદ્ધ પરિણતિથી નિર્જરા થાય છે ત્યારે રાગમાં નિમિત્તપણાનો આરોપ કરીને બેથી નિર્જરા થઈ એમ પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છે. શુભરાગથી નિર્જરા કઈ રીતે થાય?

મુમુક્ષુ :— શુદ્ધ પરિણતિ તો છે જ.

ઉત્તર :— શુદ્ધ પરિણતિ છે એનાથી નિર્જરા છે. સ્વાધ્યાય કરવાના કાળમાં, શાસ્ત્ર સ્વાધ્યાયના કાળમાં જેટલી અંતર શુદ્ધ સ્વભાવની પરિણતિ એકાગ્ર થઈ એટલી સંવર, નિર્જરા છે. જેટલો વિકલ્પ આવ્યો એ સંવર, નિર્જરા નથી. બહુ કઠણ વાત. જૈન માર્ગને સમજવામાં બહુ ગડબડ કરી નાખી. આ તો જૈન પરમેશ્વર ત્રણ લોકના નાથ વીતરાગદેવ સો ઈન્દ્રના પૂજ્ય પુરુષ પરમાત્મા. સમજાણું કાંઈ? જેને ઈન્દ્રો પણ દાસાનુદાસ તરીકે સેવા કરે છે. ઈન્દ્ર દક્ષિણાર્ધના સ્વામી, ઉત્તરાર્ધના સ્વામી. દક્ષિણાર્ધના આખા (ઉર્ધ્વ) લોક અર્ધ ખંડના સ્વામી ઈન્દ્ર શક્રેન્દ્ર. ઉત્તરાર્ધના ઈશાન ઈન્દ્ર. પ્રભુ! જેમ માતા પાસે બાળક (બેસે) એમ ઈન્દ્ર ભગવાનના સમવસરણમાં (બેસે છે). મહાવીર્યવંત છે, ત્રણ જ્ઞાન છે, અસંખ્ય દેવ તો જેની સેવામાં છે. અસંખ્ય દેવના સ્વામી છે. નિર્માન (છે), પ્રભુ! અમે આપના દાસાનુદાસ છીએ. આમ નરમાશ નરમાશ, પામરતા.. પામરતા.. પામરતા. ક્ષાયિક સમકિતી હોં! શક્રેન્દ્ર એકભવતારી, એક ભવમાં મોક્ષ જવાના છે, સૌધર્મ ઈન્દ્ર અને ઈન્દ્રાણી બેય. કેટલી નિર્માનતા નિર્માનતા, વિનય વિનય વિનય.. આહાહા..! પ્રભુ! આપનો માર્ગ અલૌકિક પંથ છે. એ માર્ગ કેવો હોય. ઈન્દ્રો પણ એમ કહે, આહા..! પ્રભુ! અદ્ભુત માર્ગ! આપની દિવ્યધ્વનિમાં અલૌકિક માર્ગ આવે છે. આવી વાત ત્રણ કાળમાં બીજામાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે એ માર્ગ શું છે? જુઓ! અર્થ લીધો ટીકા. ગાથા.

चरियं चरदि सगं सो जो परदव्वप्पभावरहिदप्पा।
दंसणाणवियप्पं अवियप्पं चरदि अप्पादो।।१५९।।

'वियप्पं' ભેદ અને અભેદરૂપે ચરે છે. આહાહા..! બે ભેદ તો છેને, દર્શન-જ્ઞાન.

'**ટીકા :— આ, શુદ્ધ સ્વચારિત્રપ્રવૃત્તિના માર્ગનું કથન** છે.' એને વિશેષ સ્પષ્ટ કરે છે. '**આ, શુદ્ધ સ્વચારિત્રપ્રવૃત્તિ...**' પોતામાં શુદ્ધ સ્વભાવની ઉપયોગ-રમણતા એ માર્ગનું કથન છે.

'**જે યોગીન્દ્ર,...**' જુઓ! અહીંયાં યોગીન્દ્ર લીધા. આચાર્ય મહારાજ ટીકા (કરતાં કહે છે), યોગીન્દ્ર. અહો..! જેનો યોગ સ્વરૂપમાં જોડાઈ ગયો છે અંતર એકાકાર. યોગ યોગ સ્વરૂપમાં એકાકાર થયો છે. યોગ એટલે આ કંપન્ન યોગ નહિ. ધ્યાન આમ અંદર જ્ઞાન-દર્શનમાં જોડાયું છે. ચારિત્ર સહિતની વાત છેને અહીંયાં. '**જે યોગીન્દ્ર, સમસ્ત મોહવ્યૂહથી બહિર્ભૂત હોવાને લીધે...**' મોહવ્યૂહથી બહિર્ભૂત હોવાને લીધે '**પરદ્રવ્યના સ્વભાવરૂપ ભાવોથી રહિત સ્વરૂપવાળો વર્તતો થકો,...**' લ્યો. જે કોઈ યોગીન્દ્ર સંત મુનિ સમસ્ત મોહવ્યૂહ. જુઓ નીચે અર્થ છે. મોહવ્યૂહ—વ્યૂહ એટલે સમૂહ, મોહસમૂહ. નીચે નોટ છે. '**જે મુનીંદ્રે સમસ્ત મોહસમૂહનો નાશ કર્યો હોવાથી પોતાનું...**' સમસ્ત નામ ભૂમિકા પ્રમાણમાં હોં! સર્વથા મોહ નાશ થઈ જાય તો તો વીતરાગ થઈ જાય. '**પોતાનું સ્વરૂપ પરદ્રવ્યના સ્વભાવરૂપ ભાવોથી રહિત છે** ' પોતાનું સ્વરૂપ રાગના ભાવથી રહિત છે '**એવી પ્રતીતિ અને જ્ઞાન જેમને વર્તે છે,...**' મારું સ્વરૂપ પરદ્રવ્યના વિકલ્પાદિથી મારો સ્વભાવ ભિન્ન છે, રહિત છે એવી જેને અંતર પ્રતીતિ અને જ્ઞાન વર્તે છે.

'**તથા તે ઉપરાંત જે કેવળ સ્વદ્રવ્યમાં જ નિર્વિકલ્પપણે...**' એ ઉપરાંત સ્વ ચૈતન્યદ્રવ્યમાં જ નિર્વિકલ્પપણે વીતરાગી શુદ્ધ ઉપયોગથી '**અત્યંત લીન થઈ નિજસ્વભાવભૂત દર્શનજ્ઞાનભેદોને...**' જુઓ! દર્શન, જ્ઞાન બે છે. છતાં **અભેદરૂપે** આચરે છે. ભેદ નહિ કરીન અભેદ સ્વરૂપમાં લીન થાય છે. '**તે મુનીંદ્ર સ્વચારિત્રના આચરનાર** છે).' ક્હો, સમજાણું કાંઈ?

'**જે યોગીન્દ્ર, સમસ્ત મોહવ્યૂહથી બહિર્ભૂત હોવાને લીધે...**' મોહના સમૂહથી બહિર્ભૂત નામ બહાર નીકળીને '**પરદ્રવ્યના સ્વભાવરૂપ ભાવોથી રહિત સ્વરૂપવાળો વર્તતો થકો, સ્વદ્રવ્યને એકને જ...**' જુઓ! ભગવાન આત્મા એક જ પોતાનું સ્વદ્રવ્ય એકને જ અભિમુખરૂપથી વર્તતો થકો. જુઓ! એક આત્મા સ્વદ્રવ્ય અભિમુખ (અર્થાત્) તેની સન્મુખ થઈને. સ્વદ્રવ્ય અનંત ગુણનો પિંડ એની સન્મુખ થઈને, અભિમુખ થઈને, પરથી વિમુખ થઈને, સ્વથી અભિમુખ થઈને (વર્તતો થકો). આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જ સ્વદ્રવ્ય તરફ અભિમુખ થઈને પ્રતીત અને જ્ઞાન થાય છે. પણ અહીં તો એ ઉપરાંત વિશેષ લેવું છેને. સમસ્ત મોહવ્યૂહથી બહિર્ભૂત થવું છેને. તો સ્વદ્રવ્યને એકને જ. એક સ્વદ્રવ્ય જ્ઞાયકસ્વભાવ (તરફ) **અભિમુખરૂપપણે અનુસરતાં થકા.** સ્વદ્રવ્યના સન્મુખરૂપ અભિમુખ. અભિ નામ સામે, સન્મુખ. એમ પોતાની પર્યાયમાં વર્તતો થકો.

**'નિજસ્વભાવભૂત દર્શનજ્ઞાનચેતના...'** દર્શન-જ્ઞાનના ભેદને પણ. નિજ સ્વભાવ સામાન્ય દર્શન અને વિશેષ જ્ઞાન એવા ભેદને પણ લક્ષમાંથી છોડીને. ભેદ નહિ. જ્ઞાન, દર્શન ભેદને પણ (છોડીને) **'આત્માથી અભેદપણે આચરે છે,...'** આત્મા અંતર નિજ અભિમુખ થઈને, અભેદ એકરૂપ થઈને નિર્વિકલ્પપણે આચરે છે. **'તે ખરેખર સ્વચારિત્રને આચરે છે.'** તે ખરેખર સ્વચારિત્રને આચરે છે. એ સ્વચારિત્ર જ મુક્તિનું કારણ છે.

હવે આવ્યા તકરારી જેવા શબ્દો. તકરારી જેવા, તકરાર તો છે જ નહિ. અમારે મીઠાલાલજી તો ના જ પાડે છે કે તકરાર કાઢી નાખવાની વાત છે. કાઢી નાખવાની વાત છે. વાત તો એવી છે. **'આ રીતે ખરેખર શુદ્ધદ્રવ્યને આશ્રિત,... '** જુઓ! એનો અર્થ નીચે (છે). **'અહીં નિશ્ચયનયનો વિષય શુદ્ધદ્રવ્ય અર્થાત્ શુદ્ધપર્યાયપરિણત દ્રવ્ય છે,... '** અહીં પર્યાયપરિણત દ્રવ્ય લેવું છે, શુદ્ધ પર્યાય. પર્યાયમાં નિશ્ચય મોક્ષમાર્ગ છેને. તો અહીંયાં.. અહીંયાં, અહીંયાં હોં! **'भूदत्थमस्सिदो खलु'** (કહ્યું છે) ત્યાં બીજી વાત છે. ત્યાં તો એકલો ધ્રુવ નિશ્ચયનો વિષય છે. સમ્યગ્દર્શનમાં **'भूदत्थमस्सिदो'** એકલો ધ્રુવ જ્ઞાયકભાવ સ્વભાવભાવ વિષય છે. અહીંયાં મોક્ષમાર્ગ કહેવો છે કે નહિ? નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર બેય પર્યાય છે. નિશ્ચય મોક્ષમાર્ગ પણ નિર્મળ પર્યાય છે, વ્યવહાર મોક્ષમાર્ગ મલિન પર્યાય છે, શુભરાગ (છે). સમજાણું કાંઈ?

**'નિશ્ચયનયનો વિષય શુદ્ધદ્રવ્ય...'** નામ શુદ્ધ પર્યાય પરિણતિ. શુદ્ધ અવસ્થારૂપ થવાવાળી દશા એવું દ્રવ્ય છે. અર્થાત્ **'એકલા દ્રવ્યનો (—પર નિમિત્ત વિનાનો) શુદ્ધપર્યાય છે.'** એનું નામ અહીંયાં શુદ્ધ પરિણતિ નિશ્ચયનયનો વિષય કહેવામાં આવ્યું છે. નિશ્ચય મોક્ષમાર્ગ કહેવો છેને, મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગ પ્રગટે છે દ્રવ્યના આશ્રયે. એ તો નિશ્ચયનયનો વિષય તો દ્રવ્ય ધ્રુવ જ છે. સમજાણું કાંઈ? પણ પ્રગટ પર્યાય અને વિકાર બેની સાથે મેળવણી કરે છે તો નિર્મળ પર્યાયને અહીંયાં નિશ્ચયનો વિષય કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? **'જેમકે, નિર્વિકલ્પ શુદ્ધપર્યાયપરિણત મુનિને...'** નિર્વિકલ્પ શુદ્ધપર્યાય (પરિણત) મુનિને **'નિશ્ચયનયથી મોક્ષમાર્ગ છે.'** જુઓ! એને નિશ્ચયનયથી મોક્ષમાર્ગ છે. શુદ્ધ પરિણતિ રાગ રહિત શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર છે તે નિશ્ચયનયથી મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— નિશ્ચયનયથી એટલે ...?

ઉત્તર :— નિશ્ચય નામ સ્વઆશ્રિત નિર્મળ પર્યાય. પરાશ્રિત રાગ વ્યવહાર થયો. નિશ્ચય-વ્યવહાર સાથે છે એને અહીંયાં બતાવવો છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ પણ એનો સ્વનિશ્ચય છે. ઓલો રાગ પર છે, વ્યવહાર છે તો આ પરિણતિ નિર્મળ નિશ્ચય (છે). મોક્ષમાર્ગ તરીકે કહેવું છેને. નહિતર તો નિશ્ચય મોક્ષમાર્ગ પર્યાય છે. ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાથી પર્યાય ભેદ છે અને ભેદ છે તો દ્રવ્યની અપેક્ષાથી વ્યવહારનયનો વિષય થયો. કેવળજ્ઞાન પણ વ્યવહારનયનો વિષય છે. તો આ તો મોક્ષમાર્ગ છે. પણ કઈ અપેક્ષાથી? ત્રિકાળ

દ્રવ્યનો વિષય છે એ નિશ્ચયનો વિષય. પર્યાય ભેદ થયો એ વ્યવહારનો (વિષય છે). પણ અહીંયાં મોક્ષમાર્ગની વાત ચાલે છે કે મોક્ષમાર્ગ છે એ તો નિર્મળ પર્યાય છે એને નિશ્ચય કહેવામાં આવી છે. જે સ્વઆશ્રયથી નિર્વિકારી શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ થયા તેને અહીંયાં નિશ્ચયનય કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! આમાં સમજવું ઘણું. મિત્રસેનજી! સમજવું બહુ પડે. સમજ્યા વિના નહિ થાય? સમજવું પડશે, એણે યથાર્થ સમજવું પડશે. પુરુષાર્થ કરવો પડે. પુરુષાર્થ વિના, સમજ્યા વિના થઈ જાય એવી વસ્તુ નથી.

તો કહે છે, **'ખરેખર શુદ્ધદ્રવ્યને આશ્રિત,...'** શુદ્ધદ્રવ્યને આશ્રિત નામ પેલી નિર્મળ પર્યાય. **'અભિન્નસાધ્યસાધનભાવવાળા નિશ્ચયનયના આશ્રયે...'** અભિન્નસાધ્યસાધનભાવવાળા નિશ્ચયનયના આશ્રયે **'મોક્ષમાર્ગનું પ્રરૂપણ કરવામાં આવ્યું,...'** ધ્યાન રાખો. શું કહ્યું? અભિન્નસાધ્યસાધન છે નીચે? ત્રગડો છે. **'જે નયમાં સાધ્ય અને સાધન અભિન્ન (અર્થાત્ એક પ્રકારનાં)...'** નિર્મળ હોય. એક પ્રકારનાં નિર્મળ હોય. સાધન પણ નિર્વિકલ્પ શુદ્ધ અને સાધ્ય પણ નિર્વિકલ્પ શુદ્ધ. એને અહીંયાં અભિન્ન સાધ્યસાધન કહેવામાં આવ્યું છે.

ફરીથી જુઓ! **'જે નયમાં સાધ્ય...'** નામ જે બારમું ગુણસ્થાન કે સાતમું આદિ છે એનું સાધન અભિન્ન. અભિન્ન નામ... જે શુદ્ધ પૂર્ણ છે તે સાધ્ય અને અંદર નીચે શુદ્ધ થોડું છે, શુદ્ધ થોડું, શુદ્ધ થોડું, શુદ્ધ. પૂર્ણ શુદ્ધ સાધ્ય, અપૂર્ણ શુદ્ધ સાધન. પણ અભિન્ન થયા, એક જ જાત થઈ. શુદ્ધ સાધન, શુદ્ધ સાધ્ય ઈ એક જાત થઈ. એક પ્રકારના થયા. તો અભિન્ન સાધ્ય-સાધન કહેવામાં આવ્યું. પહેલી નિર્મળ શુદ્ધ પર્યાય સાધન છે, પછીની વિશેષ શુદ્ધ પર્યાય સાધ્ય છે. નિર્મળે નિર્મળ સાધ્યસાધનને અભિન્ન સાધ્યસાધન કહે છે. સમજાણું કાંઈ?

'અહીં નિશ્ચયનય છે.' જુઓ! **'જેમકે, નિર્વિકલ્પધ્યાનપરિણત (—શુદ્ધાત્મશ્રદ્ધાનજ્ઞાન-ચારિત્રપરિણત) મુનિને નિશ્ચયનયથી મોક્ષમાર્ગ છે કારણ કે ત્યાં (મોક્ષરૂપ) સાધ્ય...'** અહીંયા આમ લીધું છે પહેલાં. **'(મોક્ષરૂપ) સાધ્ય અને (મોક્ષમાર્ગરૂપ) સાધન એક પ્રકારનાં અર્થાત્ શુદ્ધાત્મરૂપ (—શુદ્ધાત્મપર્યાયરૂપ) છે.'** સમજાણું કાંઈ? અહીંયાં સપ્તમ ગુણસ્થાનની નિર્મળ પર્યાય સાધન છે અને મોક્ષ સાધ્ય છે. પણ આમ નીચે લઈ લેવું. સમજાણું કાંઈ? સાતમું સાધ્ય છે તો છઠ્ઠાની શુદ્ધ પર્યાય છે તે સાધન છે. શુદ્ધ પર્યાય સાધન છે, (સાતમું) સાધ્ય છે. એમ સાતમાનો શુદ્ધ નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ સાધન છે, સાધ્ય કેવળજ્ઞાન છે. અભિન્નસાધ્યસાધન થયા (અર્થાત્) એ જ જાતના. નિર્મળ પરિણતિ સાધન અને નિર્મળ પૂર્ણ પરિણતિ સાધ્ય એક જાતના થયા એને અભિન્ન સાધ્યસાધન કહેવામાં આવ્યા છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ નહિ, એ પછી ભિન્નસાધ્યસાધનમાં કહેશે. એ ભિન્નસાધ્યસાધનમાં કહેશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, એ તો નિશ્ચય પરિણતિની અપેક્ષાએ આગળ વધતી જાય છે. સાધન-સાધ્ય, સાધન-સાધ્ય બહુ ચાલે છે એમાં. અનુભવપ્રકાશમાં બહુ લીધું છે. પૂર્વની શુદ્ધ પર્યાય સાધન, પછીની સાધ્ય, શુદ્ધ પર્યાય સાધન, ધર્મધ્યાન સાધન શુક્લધ્યાન સાધ્ય, શુક્લધ્યાન સાધન કેવળજ્ઞાન સાધ્ય. નિર્મળ પર્યાય નિર્મળ પર્યાય હોં! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો ભલે હો. અહીં તો પર્યાય-પર્યાયને નિર્મળ સાધન અને નિર્મળ સાધ્ય એટલું બતાવવું છે. નહિતર તો સાધ્ય જે પ્રગટ થાય છે એ નિર્મળ પર્યાય નીચેની છે એનાથી પ્રગટ નથી થતું. પણ એ રાગથી પ્રગટ નથી થતું, શુદ્ધથી પ્રગટ થાય છે પોતાનું અભિન્ન શુદ્ધ અને અભિન્ન સાધ્ય, અભિન્ન શુદ્ધ સાધન અને અભિન્ન (શુદ્ધ સાધ્યની) અપેક્ષાથી તેને સાધન કહેવામાં આવ્યું છે. નહિતર તો સાધ્ય જે પૂર્ણ પર્યાય છે.. સપ્તમ ગુણસ્થાન સાધ્ય લો અને છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધ પર્યાય સાધન લો, છતાં પણ એ સાતમાનું સ્વરૂપાચરણ દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? પણ અહીંયાં રાગને જ્યારે ભિન્ન સાધન કહીને સાધ્યને કહ્યું તો નિર્મળ પર્યાયને અભિન્ન સાધન કહીને સાધ્યને કહ્યું. અહીંયાં દ્રવ્ય લેવું નહિ. સમજાણું કાંઈ? ભારે!

જુઓ! '**આ રીતે ખરેખર શુદ્ધદ્રવ્યને આશ્રિત અભિન્નસાધ્યસાધનભાવવાળા...**' જુઓ! '**નિશ્ચયનયના આશ્રયે મોક્ષમાર્ગનું પ્રરૂપણ કરવામાં આવ્યું.**' અહીંયાં નિશ્ચય મોક્ષમાર્ગનું પ્રરૂપણ કરવામાં આવ્યું '**અને જે પૂર્વે (૧૦૭મી ગાથામાં) દર્શાવવામાં આવ્યું હતું તે સ્વપરહેતુક પર્યાયને આશ્રિત,...** ' હતું. એ સ્વપરહેતુક પર્યાયને આશ્રિત હતું. નિશ્ચયમાં સ્વદ્રવ્યાશ્રિત હતું અભિન્ન સાધ્યસાધન. અને વ્યવહારમાં સ્વપરહેતુક. નીચે છે જુઓ. '**જે પર્યાયોમાં સ્વ...**' ઉપાદાન '**તેમ જ પર...**' નિમિત્ત '**કારણ હોય છે અર્થાત્ ઉપાદાનકારણ તેમ જ નિમિત્તકારણ હોય છે તે પર્યાયો સ્વપરહેતુક પર્યાયો છે,...**' વ્યવહાર મોક્ષમાર્ગનો વિકલ્પ સ્વપર પર્યાયહેતુક છે. વિકલ્પ જે વ્યવહારનો છે એ સ્વપરહેતુક છે. '**જેમકે, છઠ્ઠા ગુણસ્થાને (દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપના આંશિક અવલંબન સહિત) વર્તતાં તત્ત્વાર્થશ્રદ્ધાન...**' આ વિકલ્પ '**તત્ત્વાર્થજ્ઞાન...**' વિકલ્પ '**પંચ મહાવ્રતાદિરૂપ...**' વિકલ્પ '**એ બધા સ્વપરહેતુક પર્યાયો છે. તેઓ અહીં વ્યવહારનયના વિષયભૂત છે.** '

હવે એ ૧૦૭મી ગાથા લ્યો જરી. એમાં ગડબડ છે. ૧૦૭ છે કે નહિ? ૧૦૭માં અમે વ્યવહાર મોક્ષમાર્ગ બતાવ્યો છે. કહ્યું કે નહિ અહીંયાં? અમૃતચંદ્રાચાર્યે શું કહ્યું? '**પૂર્વે દર્શાવવામાં આવ્યું હતું તે સ્વપરહેતુક પર્યાયને આશ્રિત,...**' હતું. ૧૦૭માં બતાવ્યું હતું એ સ્વપરહેતુક પર્યાયવાળો મોક્ષમાર્ગ બતાવ્યો હતો. ૧૦૭માં વ્યવહાર બતાવ્યો હતો. આપણે ૧૦૭ ચાલી ગઈ છે. ૧૦૭ છે કે નહિ? ૧૦૭ તો ચાલી છેને, અહીંયાં આપણે ચાલી ગઈ છે. જુઓ! ૧૦૭. એમાં ઘણી ગડબડ છે. ઈ સાથે લઈ લ્યો. ૧૦૭. આ વ્યવહાર મોક્ષમાર્ગ સાથે ચાલે છે. જે અહીંયાં નિશ્ચય કહ્યો ૧૫૯માં, એ નિશ્ચયના અભિન્ન સાધ્યસાધન કહ્યા. અને અહીંયાં ૧૦૭માં ભિન્ન

સાધનની વ્યવહાર મોક્ષમાર્ગની વાત છે. સમજાણું કાંઈ? ૧૦૭ની ટીકા.

'**ટીકા :– આ, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની સૂચના છે.**' વ્યવહારની, ભેદરૂપ. '**કાળ સહિત પંચાસ્તિકાયના ભેદરૂપ નવ પદાર્થો...**' કાળ સહિત પંચાસ્તિકાય નામ છ દ્રવ્ય એના ભેદરૂપ નવ પદાર્થ—જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા બંધ અને મોક્ષ. '**તે ખરેખર 'ભાવો' છે...**' પર્યાયરૂપ નવ ભાવો છે. '**તે 'ભાવો'નું મિથ્યાદર્શનના ઉદયથી પ્રાપ્ત થતું...**' તે ભાવોનું. જુઓ! ખૂબી અહીંયાં છે, અહીંયાં ઘણી ગડબડ છે. આ મિથ્યાદર્શનના ઉદયના અભાવવાળા તત્ત્વાર્થશ્રદ્ધાનને વ્યવહાર સમકિત કહે છે એમ આ ગાથામાંથી કાઢે છે. જુઓ! અહીંયાં શું કહે છે? જે નવ ભાવ કહ્યા, છ દ્રવ્યના ભેદરૂપ નવ '**તે 'ભાવો'નું મિથ્યાદર્શનના ઉદયની પ્રાપ્ત થતું જે અશ્રદ્ધાન...**' મિથ્યાશ્રદ્ધાનની પ્રાપ્તિને કારણે થતું અશ્રદ્ધાન '**તેના અભાવસ્વભાવવાળો...**' એ મિથ્યાદર્શનનું જે અશ્રદ્ધાન હતું તે છૂટી ગયું અને '**જે ભાવાંતર—શ્રદ્ધાન...**' ભાવાંતર શ્રદ્ધાન છે જુઓ! 'ભાવવિશેષ; ખાસ ભાવ;' શું? તત્ત્વાર્થનું અશ્રદ્ધાન હતું તેનાથી જુદી શ્રદ્ધા થઈ. કોની? નવ તત્ત્વની. સમજાણું કાંઈ? નવ તત્ત્વની વિરુદ્ધ શ્રદ્ધા હતી તે મિથ્યાદર્શનના નાશથી નિશ્ચય સમ્યગ્દર્શન થયું એ તો સ્વદ્રવ્યાશ્રિત થયું. એ ભૂમિકામાં નવ તત્ત્વની જે વિરુદ્ધ શ્રદ્ધા હતી, એ અવિરુદ્ધ થઈ એવા વિકલ્પને વ્યવહાર સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? શું કહ્યું જુઓ.

'**તે 'ભાવો'નું મિથ્યાદર્શનના ઉદયથી પ્રાપ્ત થતું જે અશ્રદ્ધાન તેના અભાવસ્વભાવવાળો જે ભાવાંતર—શ્રદ્ધાન (અર્થાત્ નવ પદાર્થોનું શ્રદ્ધાન), તે સમ્યગ્દર્શન છે—**' એ વ્યવહાર સમ્યગ્દર્શન, આ વ્યવહાર સમ્યગ્દર્શન છે. કોણ? મિથ્યાત્વનો નાશ થઈને નવ તત્ત્વની શ્રદ્ધા થઈ તે વ્યવહાર સમ્યગ્દર્શન. ભેદરૂપ. મિથ્યાત્વનો નાશ થઈને જે આત્માની શ્રદ્ધા થઈ છે એ તો નિશ્ચય બીજી વાત છે. સમજાણું કાંઈ? જ્યાં મિથ્યાત્વનો નાશ થયો ત્યાં તો સ્વદ્રવ્યાશ્રિત સમ્યગ્દર્શનની ઉત્પત્તિ છે, છે ને છે. અનુભવની દૃષ્ટિ છે. પણ એ ભૂમિકા પહેલા જે મિથ્યાદર્શનની હયાતીમાં નવ તત્ત્વનું અશ્રદ્ધાન—વિપરીત શ્રદ્ધાનનો વિકલ્પ હતો, તે (સ્થાને) અવિપરીત શ્રદ્ધાનવાળો વિકલ્પ રહ્યો તેને વ્યવહાર સમકિત કહેવામાં આવ્યું છે. ગડબડ છે ગડબડ બહુ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો છે. મિથ્યાદર્શનના નાશથી નિશ્ચય ન હોય તો નવ તત્ત્વના વ્યવહારની શ્રદ્ધાને વ્યવહાર કહે કોણ? એ વાત તો બહુ ચાલી છે, બે-ત્રણ દિવસ ચાલી હતી. સમજાણું કાંઈ? આ સમજવાની વાત છે. એકલા નવ તત્ત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન નહિ અને નવ તત્ત્વની વિરુદ્ધ શ્રદ્ધા ગઈ અને અવિરુદ્ધ થઈ તે પણ નિશ્ચય સમ્યગ્દર્શન નહિ. એ તો વ્યવહાર સમ્યગ્દર્શન છે. પોતાના આત્મામાં મિથ્યાત્વનો નાશ થઈને શુદ્ધ સમ્યગ્દર્શન સ્વના આશ્રયે પ્રગટ થયું તે ભૂમિકામાં પહેલા જે મિથ્યાત્વની ભૂમિકા હતી, વ્યવહારની નવ તત્ત્વની વિપરીત શ્રદ્ધા હતી તે

વિપરીત ટાળીને અવિપરીત વિકલ્પરૂપ શ્રદ્ધા થઈ તેને વ્યવહાર સમ્યગ્દર્શન કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :— ...

પૂજ્ય ગુરુદેવશ્રી :— એ નહિ. એ તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન છે એ તો નિશ્ચય છે. એ તો અભેદની વાત છે. મોક્ષશાસ્ત્રમાં, તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન કહ્યું છે એ તો નિશ્ચય સમ્યગ્દર્શન છે. અહીંયાં તો એ તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન અભેદમાં ઉત્પન્ન થયું છે તેને નવ તત્ત્વના વિકલ્પવાળી વ્યવહારશ્રદ્ધા પહેલા ખોટી હતી તે, વિકલ્પવાળી વ્યવહારશ્રદ્ધા સાચી થઈ તેને વ્યવહાર સમકિત (કહે છે). તત્ત્વાર્થશ્રદ્ધાન નિશ્ચયથી પોતામાં પ્રગટ થયું છે તેને નવ તત્ત્વની અવિરુદ્ધ વ્યવહારશ્રદ્ધાને સમ્યગ્દર્શન વ્યવહારથી કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? તો અહીંયાં લગાવે છે કે મિથ્યાદર્શનના ઉદયના નાશ (અભાવ) થવાથી (થતી વ્યવહાર) શ્રદ્ધા એ વ્યવહાર સમ્યગ્દર્શન છે. એ જ વ્યવહાર સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનથી કહે છે. એ વ્યવહાર સમ્યગ્દર્શન નિશ્ચય સમ્યગ્દર્શનની સાથે છે તો વ્યવહાર કહેવાય. સમજાણું કાંઈ? બહુ મહેનત... સમજે નહિ એને બિચારાને શું કરવું? સમજવું. શું કરવું શું?

મુમુક્ષુ :— કેવળી ભગવાને કહ્યું તે સત્ય.

ઉત્તર :— એમ ન ચાલે. કેવળી ભગવાને શું કહ્યું છે? એ શેઠિયા છેને જરી... કેવળી ભગવાન કહે એ સત્ય છે એમ ન ચાલે. શું કહે છે કેવળી અને શું ભાવ છે? ભાવભાસન થયા વિના સાચી શ્રદ્ધા થાય નહિ. ભાસન નામ જ્ઞાનમાં 'ભાવ આ છે' એમ જ્ઞેય થયા વિના ભાવની સાચી શ્રદ્ધા થતી નથી. સમજાણું કાંઈ?

આ શું કહ્યું? ૧૫૯માં કહ્યું કે નહિ? સાથે વ્યવહાર મોક્ષમાર્ગની વાત કરી હતી. આવ્યું ને? અને જે પહેલા દર્શાવ્યું હતું ૧૦૭માં, એ તો સ્વપરહેતુક પર્યાય આશ્રિત. વ્યવહાર સમ્યગ્દર્શન વિકલ્પ છે. તો સ્વ પોતાનું ઉપાદાન પણ છે, કર્મનું નિમિત્ત છે. એવી સ્વપરપર્યાયહેતુક એવું સમ્યગ્દર્શન, નવ પદાર્થનું શ્રદ્ધાન એ સમ્યગ્દર્શન. સ્વપરપર્યાયહેતુકવાળી શ્રદ્ધાને અહીંયાં વ્યવહાર સમ્યગ્દર્શન કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? એ જ લોકો કહે છે કે એ સ્વપરપર્યાયહેતુક સમ્યગ્દર્શન જ ચોથાનું સાચું સમ્યગ્દર્શન છે. ભાઈ! સ્વપરહેતુક જે રાગ છે એ વ્યવહારસમ્યગ્દર્શન સાચું ક્યાંથી થયું? એ તો વિભાવભાવ છે. સ્વપરપર્યાયહેતુક કહ્યું. સમજાણું કાંઈ? બહુ ન સમજાય તો પછી રાત્રે પૂછવું કે આ ગડબડનું શું છે? પણ પકડાય તો પૂછે ને, ન સમજાય એમાં શું પૂછે? કાંઈ ન સમજે એ પૂછે નહિ અને પૂરું સમજાઈ જાય એ પૂછે નહિ. સમજાઈ જાય એને કાંઈ પૂછવું રહેતું નથી અને કાંઈ સમજાય નહિ એને પૂછવું શું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા.

અહીંયા કહે છે ૧૫૯ ગાથામાં તો અભિન્ન સાધ્યસાધનની વાત કરી. અભિન્ન સાધ્યસાધન. શુદ્ધ ઉપયોગરૂપી સાધન અને કેવળજ્ઞાન સાધ્ય. તો નિર્મળ સાધન, નિર્મળ સાધ્ય. હવે અહીંયાં

ભિન્ન સાધ્યસાધનવાળા... કહે છે કે ૧૦૭માં અમે જે વ્યવહાર મોક્ષમાર્ગનું કથન કરી ગયા એ ભિન્ન સાધન અને ભિન્ન સાધ્ય છે. રાગ ભિન્ન છે સ્વપરપર્યાયહેતુક. ભિન્ન સાધ્ય કેવળજ્ઞાન કે સપ્તમ ગુણસ્થાન વગેરે. એ ભિન્ન સાધ્ય છે. રાગની જાત ભિન્ન છે, નિર્મળ સાધ્યની જાત ભિન્ન છે. પણ ૧૦૭માં અમે ભિન્ન સાધ્યસાધનવાળા સ્વપરહેતુક પર્યાયવાળો મોક્ષમાર્ગ કહી ગયા છીએ. આ સમ્યગ્દર્શન જે ત્રીજી લીટીમાં આવ્યું તે સ્વપરપર્યાયહેતુક વિકારી પર્યાયને મોક્ષમાર્ગ કહ્યો છે, સમ્યગ્દર્શન કહ્યું છે. આ દેવીલાલજી ને આ આમાં સમજે છે કે નહિ? શું કહ્યું જુઓ.

'**મિથ્યાદર્શનના ઉદયથી પ્રાપ્ત થતું જે અશ્રદ્ધાન...**' એક. આ વ્યવહારની વાત ચાલે છે. મિથ્યાદર્શનનો અભાવ નહોતો તો નવ તત્ત્વના વિકલ્પની પણ વિપરીત શ્રદ્ધા હતી. સમ્યગ્દર્શન તો નહોતું પણ નવ તત્ત્વના ભેદવાળી વિકલ્પશ્રદ્ધા પણ વિપરીત હતી. એ મિથ્યાદર્શનના અભાવમાં સ્વદ્રવ્યની શ્રદ્ધા જ્ઞાયકની દૃષ્ટિની તો થઈ. એમાં જે પહેલા વ્યવહારિક વિપરીત શ્રદ્ધા હતી એ અવિપરીત શ્રદ્ધા થઈ તેને વ્યવહાર સમ્યગ્દર્શન કહેવામાં આવ્યું છે. નિશ્ચય સમ્યગ્દર્શનની ભૂમિકાના કાળમાં. નિશ્ચય અભેદ સાધ્યસાધન હોય, નિશ્ચયનું અભેદ સાધ્યસાધન હોય તો ત્યાં રાગને ભિન્ન સાધન અને સાધ્ય નિશ્ચય નિર્મળ ત્યારે કહેવાયને. અભિન્ન સાધન તો થયું નહિ અને એકલું રાગ સાધન અને નિશ્ચય સાધ્ય આત્માનું એમ કદી હોતું નથી. સમજાણું કાંઈ?

'**તે સમ્યગ્દર્શન છે.**' આ કયું સમ્યગ્દર્શન? ૧૫૯માં કહ્યું સ્વપરપર્યાયહેતુકવાળું. છેને ૧૫૯? '**સ્વપરહેતુક પર્યાયને આશ્રિત, ભિન્નસાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયે (—વ્યવહારનયની અપેક્ષાએ) પ્રરૂપવામાં આવ્યું હતું.**' ૧૦૭માં આમ પ્રરૂપવામાં આવ્યું હતું કે જે નવ તત્ત્વની વિપરીત શ્રદ્ધા વ્યવહારુ હતી, તેની અવિપરીત શ્રદ્ધા વ્યવહારુ સાચી થઈ એ સ્વપરપર્યાય નામ વિકારી પર્યાયને ત્યાં વ્યવહારથી સમ્યગ્દર્શન કહેવામાં આવ્યું હતું. નિશ્ચયથી તો અભિન્ન સાધ્યસાધન સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા છે તે અભિન્ન સાધન અને પૂર્ણ અભિન્ન સાધ્ય. બેય નિર્મળ. અભિન્ન સાધનની અહીંયાં વાત કરી છે. આ સમ્યગ્દર્શન પર્યાય સ્વપરહેતુક વિકારી પર્યાયને સમ્યગ્દર્શન કહ્યું. બીજી વાત કે શુભ ઉપયોગને અહીંયાં સમ્યગ્દર્શન કહ્યું. હવે વિશેષ જ્ઞાનની વાત આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧૦, સોમવાર, તા. ૧૭.૮.૧૯૬૪**
**ગાથા-૧૫૯, પ્રવચન-૪**

આ ૧૫૯મી ગાથા મોક્ષમાર્ગની ચાલે છે. એમાં નિશ્ચય મોક્ષમાર્ગની વાત છે. એમાં વ્યવહારનયનો મોક્ષમાર્ગ જે ૧૦૭માં કહ્યો હતો એ આવી ગયો. ફરીથી લઈએ છીએ જુઓ! ૧૫૯ની ટીકા. આ ગાથામાં બધા બહુ ગડબડ કરે છે અત્યારે.

'**આ, શુદ્ધ સ્વચારિત્રપ્રવૃત્તિના માર્ગનું કથન છે.**' આ શુદ્ધ સ્વચારિત્ર. અહીં પર્યાય લીધી છે. દ્રવ્ય તો ત્રિકાળ જ્ઞાયકભાવથી શુદ્ધ છે અને એનો સ્વભાવ પણ શુદ્ધ છે. એકરૂપ ચૈતન્યપિંડ પ્રભુ અનંત ગુણના ધામસ્વરૂપ પોતાનું નિજ સ્વરૂપ. એની અંતર્મુખમાં દૃષ્ટિ કરીને અને જ્ઞાન કરીને સ્વરૂપમાં ચારિત્ર નામ ચરવું, રમવું, લીન થવું એવું જે શુદ્ધ સ્વચારિત્ર. શુદ્ધ સ્વચારિત્ર. શુદ્ધ કેમ કહ્યું? કે વ્યવહારચારિત્ર છે એ વિકલ્પ છે તે અશુદ્ધ છે. પંચ મહાવ્રતાદિના પરિણામ શુદ્ધ નથી, એ અશુદ્ધ છે. તો આ ચારિત્ર છે એ પોતાના શુદ્ધ સ્વરૂપમાં રમણતાસ્વરૂપ શુદ્ધ સ્વચારિત્રપ્રવૃત્તિ (છે). જુઓ! એને પણ પ્રવૃત્તિ કહી. પોતાના આત્મામાં સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાનપૂર્વક સ્વચારિત્રમાં પોતામાં પ્રવર્તવું, સ્વરૂપમાં લીન થવું એ ચારિત્રમાર્ગનું કથન છે. આ સ્વચારિત્રપ્રવૃત્તિના માર્ગનું કથન છે અર્થાત્ નિશ્ચય મોક્ષમાર્ગનું કથન છે.

'**જે યોગીન્દ્ર, સમસ્ત મોહવ્યૂહથી બહિર્ભૂત હોવાને લીધે...**' આ બધાની નીચેની વ્યાખ્યા આવી ગઈ છે. મોહના સમૂહથી બહિર્ભૂત હોવાને લીધે. સમસ્ત નામ એની ભૂમિકાને યોગ્ય જે રાગાદિથી રહિત થયો છે. '**પરદ્રવ્યના સ્વભાવરૂપ ભાવોથી રહિત...**' વિકલ્પ જે પરદ્રવ્યના લક્ષે વિકાર હતો તેનાથી રહિત '**સ્વરૂપવાળો વર્તતો થકો,...**' સ્વરૂપવાળો વર્તતો થકો. પોતાના સ્વરૂપમાં શુદ્ધતા નિર્વિકલ્પ સમાધિ—શાંતિમાં વર્તતો થકો '**સ્વદ્રવ્યને એકને જ અભિમુખપણે અનુસરતાં થકાં...**' પોતાની સ્વદ્રવ્ય વસ્તુને એકને જ. બીજા પંચ મહાવ્રતાદિ વિકલ્પ છે તે સ્વપર પ્રત્યયી-હેતુવાળી વિકારી પર્યાય છે. વ્યવહાર મોક્ષમાર્ગ જે છે—વ્યવહાર સમ્યગ્દર્શન, વ્યવહાર જ્ઞાન, વ્યવહાર ચારિત્ર—એ સ્વપરનિમિત્તક વિકારી પર્યાય છે. સ્વપરનિમિત્તનો અર્થ થોડો સ્વનો આશ્રય અને થોડો પરનો આશ્રય એમ નહિ. પણ સ્વ નામ પોતાનું અશુદ્ધ ઉપાદાન નિમિત્તના લક્ષે જે વિકારી પર્યાય ઉત્પન્ન થાય છે તેને અહીંયાં વ્યવહાર મોક્ષમાર્ગ નિશ્ચય મોક્ષમાર્ગમાં નિમિત્તરૂપે કહેવામાં આવ્યો છે. જે કાલે ૧૦૭મી ગાથામાં ચાલ્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— આ સ્વચારિત્ર દશા એ કેવું હોય?

ઉત્તર :— આ મુંઝવણ કાઢી નાખે એવું. ક્યાં ગયા મોહનભાઈ? ન્યાં ક્યાં છેટે (બેઠા

છો). આજે મુંઝવણમાં આવ્યા હતા, લ્યો. શું છે પણ શરીરમાં? શરીરને શરીરમાં ધૂળમાં થાય. આત્માને શું છે એમાં?

મુમુક્ષુ :— આજે દુઃખે છે બહુ.

ઉત્તર :— શરીરને લઈને દુઃખ છે? કોણ કહે છે દુઃખ એવું? શરીરની પ્રતિકૂળતા લક્ષમાં લે છે કે આ પ્રતિકૂળતા (છે) એવી કલ્પના દુઃખનું કારણ છે. શરીર-ફરીર દુઃખનું કારણ છે જ નહિ. કહો, જયચંદભાઈ! સવારે આવ્યા હતા. આંખમાં આંસુ વયા ગયા, હવે આ અશાતા... પણ ક્યાં સુધી માંડવી છે હવે? શરીરમાં...

મુમુક્ષુ :— જાહેર તો કરે ને!

ઉત્તર :— જાહેર કરે તો... એક શ્વેતાંબર સાધુ હતા એનો દાખલો નહોતો આપ્યો? અમારું જામનગર ચોમાસુ થયું. (સંવત) ૧૯૮૮. જામનગર ૮૮નું ચોમાસુ હતું. એક દેરાવાસી સાધુ હતા, ૬૦ વર્ષની ઉંમર, શરીર સુંદર પણ ... પછી હું ત્યાં ગયો હતો, ત્યાં જોડે છે. એક સાધુ હતો એ સેવા કરતો હશે, એક માણસ રાખ્યો હશે. ઈ કહે, મહારાજ! હવે સહન નથી થતું. એમ બિચારો બોલે હોં! સાધુ શ્વેતાંબર સાધુ. કીધું, શું કરશો હવે તમે? સહન કરવાનો ઉપાય એક જ છે, શાંતિ રાખવી. શરીરમાં ગમે તે હો. હવે તો સહન નથી થતું. લ્યો, એને એમ થયું હતું. જયચંદભાઈ! તમારી જેમ. હવે દેહ છોડી દઉં, છૂટી જાય. પણ શી રીતે છૂટે? દેહ તો છૂટેલો જ પડ્યો છે, દેહ તો અલગ જ પડ્યો છે. પોતાની પાસે છે જ નહિ દેહ. પોતાની પાસે નથી. અત્યારે પાસે નથી. દેહ પોતાને સ્પર્શ્યો જ નથી અને આત્મા દેહને કદી અડતો નથી, ત્રણ કાળ ત્રણ લોકમાં. કઈ રીતે સમીપ કહેવો? એની સમીપ તો રાગ-દ્વેષ છે, એ એની સમીપ છે. પર્યાયમાં રાગ-દ્વેષને કારણે દુઃખી થાય છે. શરીરને કારણે બિલકુલ નહિ. તો એ સાધુને પછી આઠ વર્ષ થયા. કારણ કે સૂવે તોપણ આ ઘસાઈ ગયા અને પછી ઈયળ પડી. ઈયળ સમજો છો? કીડા. ઈયળ નથી કહેતા? ઝીણા કીડા. ઝીણી લટ પડી. ઘસાયા કરે. આઠ વર્ષ પછી મરી ગયા. હવે આ દુઃખ તો નરકના દુઃખના અનંતમા ભાગે નથી. પહેલી નરકના પહેલે પાસડે દસ હજારની વર્ષની નરકની સ્થિતિ છે. એ દુઃખ પાસે અનંતમે ભાગે નથી. આહાહા..! ક્યાં દુઃખ આવ્યું? સમજાણું કાંઈ? એનાથી સાતમી નરકનું દુઃખ.. ઓહો..! અગ્નિમાં લોઢાનો મોટો લાખ મણનો નિવડ ગોળો મૂકે એ ઘી જેમ ઓગળી જાય, પીગળી જાય એમ ઓગળી જાય. એવી ત્યાં પીડા છે. એમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. અનંત કાળમાં પ્રાપ્ત નથી કર્યું એવું સમ્યગ્દર્શન રવરવ નરકમાં પામે છે. શું છે? પરની સાથે સંબંધ શું છે?

હું.. ઓહો..! હું તો જ્ઞાયક ચૈતન્ય છું. મારા સ્વભાવથી પરિપૂર્ણ ભરેલો છું. એવી અંતરમાં રાગથી ખસીને દૃષ્ટિ કરી સમ્યગ્દર્શન સ્વદ્રવ્યના આશ્રયે પ્રાપ્ત થાય છે. ત્યાં ક્યાં પ્રતિકૂળતા એને જરીયે બાધા કરે છે એમ છે નહિ. માની લીધું છે કે અરે..! મારે આમ,

મારે આમ. છે નહિ અને મારે આમ એમ માની લીધું.

મુમુક્ષુ :— નજરે દેખાય છે.

ઉત્તર :— ક્યાં નજરે દેખાય છે? ક્યાં નજરે દેખાય છે? શરીર શરીરમાં છે અને આત્મામાં દેખાય છે નજરે. સમજાણું કાંઈ?

અહીં ઈ કહે છે કે પોતાનું જે સ્વદ્રવ્ય છે એની અંતરમાં દૃષ્ટિ કરીને સ્વભાવનું જ્ઞાન કરીને અંતરમાં ચારિત્ર નામ ચરવું, રમવું, જામવું, સ્વરૂપની પ્રવૃત્તિ નિર્વિકલ્પ શાંતિની પ્રવૃત્તિ કરવી એ જ એક મોક્ષમાર્ગ છે. પહેલા શ્રદ્ધામાં તો લે કે આ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. દુઃખથી છૂટવાનો બીજો કોઈ ઉપાય નથી. સમજાણું કાંઈ? '**જે યોગીન્દ્ર, સમસ્ત મોહવ્યૂહથી બહિર્ભૂત હોવાને લીધે પરદ્રવ્યના...**' સ્વભાવથી રહિત '**સ્વદ્રવ્યને એકને જ અભિમુખપણે...**' પોતાનો ભગવાન આત્મા નિજ શાંત, આનંદરસથી પરિપૂર્ણ પ્રભુ નિજ સામર્થ્યથી પરમેશ્વર છે પોતાનો આત્મા. નિજ અનંત ગુણની પરમેશ્વરતાથી ભરેલો ભગવાન એની અભિમુખ—એના સન્મુખ અને વિકલ્પ અને નિમિત્તથી વિમુખ. માર્ગ તો આવો છે. કોઈ બીજો માની લે તો કાંઈ થઈ શકે નહિ. સત્ય તો આ છે. પહેલા એણે અનુભવમાં સમ્યક્ નિર્ણય કરવો જોઈએ કે ભગવાન નિજ સ્વરૂપ શાંત અનાકુળ અકષાયસ્વભાવથી (પરિપૂર્ણ), સ્વભાવ જેનો અકષાય સમસ્વભાવની પૂર્ણતાની શું મર્યાદા? સમજાણું કાંઈ? ઓહો..! સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ.. એવું સ્વદ્રવ્ય, એની અભિમુખ. વિકલ્પથી વિમુખ, સ્વભાવથી અભિમુખ એવા સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક '**અભિમુખપણે અનુસરતાં...**' અનુસરતાં. પહેલા નિર્ણય તો કરે.

ભગવાન પરમાત્મા પોતાનો નિજ પરમેશ્વર પોતાના સ્વભાવને '**અનુસરતાં થકાં નિજસ્વભાવભૂત દર્શનજ્ઞાનભેદને...**' જુઓ! પોતામાં દર્શન અને જ્ઞાન.. આ દર્શન-જ્ઞાનચેતનાની વાત છે હોં! દર્શન કાયમ સામાન્ય સ્વભાવ, જ્ઞાન કાયમ વિશેષ સ્વભાવ એના ભેદને પણ '**આત્માથી અભેદપણે આચરે છે,...**' ભેદનું લક્ષ છોડી. બે ભેદ છે તો ખરા. એમ લીધું. પણ એ ભેદને પણ '**આત્માથી અભેદપણે આચરે છે,...**' પોતામાં અભેદપણે લીન થાય છે. બેને પણ પૃથક્ લક્ષમાં નહિ લઈને. શું કહ્યું સમજાણું? ભગવાન આત્મા દર્શન-જ્ઞાન સામાન્ય-વિશેષ ચેતનાથી ભરેલો છે. એ બે ભેદને લક્ષમાં નહિ લઈને એકરૂપ ચૈતન્ય તરફ અભેદપણે આચરે છે. પોતાનું સ્વરૂપ એકરૂપમાં અભેદપણે અંદર લીન થાય છે '**તે ખરેખર સ્વચારિત્રને આચરે છે.**' કહો, સમજાણું કાંઈ? એ સ્વચારિત્ર એ જ એક મોક્ષનો માર્ગ છે તો એમાં દર્શન-જ્ઞાન તો આવી ગયા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— અનુસરતાં થકાં...

ઉત્તર :— અનુસરતાં. એના સ્વભાવને અનુ-એને અનુકળ થઈને વર્તવું. પોતાના સ્વભાવને અનુસરવું. એટલે સ્વભાવ તરફ ઢળીને એકાકાર થવું. વિકારનું અનુસરણ છોડવું. વિકલ્પ જે

રાગ છે એને અનુકૂળ ચરે છે તેને છોડવું. છોડવું એ પણ નાસ્તિથી વાત છે. પણ પોતાનો જ્ઞાયકસ્વભાવ અંતર્મુખમાં તેને અનુકૂળ થઈને સ્વભાવ તરફ ઠરવું, ચરવું, પ્રવર્તવું. કહો, સમજાણું કાંઈ? એ અનુસરતાં, નિજ સ્વભાવને અનુસરીને એટલે નિજ સ્વભાવમાં લીન થઈને.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પહેલા નિર્ણય કર્યા વિના (ક્યાંથી થાય)? હજી નિર્ણયના ઠેકાણા નથી કે આ ચારિત્ર છે. વિકલ્પ કરે, પંચ મહાવ્રત પાળે, આમ થાય, આમ થાય તો એનાથી મારી મુક્તિ થશે (એ તો) મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? પોતાના સ્વભાવમાં પહેલા એવો નિર્ણય હોવો જોઈએ કે પોતાનો પ્રભુ પૂર્ણ જ્ઞાયક આનંદ છે. એમાં હું પૂર્ણ લીન થાઉં ત્યારે મારો મોક્ષ થશે. એ સિવાય મોક્ષ થશે નહિ. કોઈ બાહ્ય ક્રિયાકાંડ, વિકલ્પ આદિ, મહાવ્રતાદિથી પણ મોક્ષ થતો નથી. સમજાણું કાંઈ?

તે વાસ્તવમાં સ્વચારિત્રને '**ખરેખર સ્વચારિત્રને આચરે છે.**' સ્વ નામ પોતાનું ચારિત્ર. એમ કેમ કહ્યું? કે રાગાદિ જે થાય છે એ પોતાનું સ્વચારિત્ર નથી. એ વિકારી વર્તન છે. જે વ્યવહારચારિત્રનો વિકલ્પ છે એ વિકારી વર્તન છે, સ્વચારિત્ર નહિ. સમજાણું કાંઈ? નિમિત્તરૂપે હો પણ એ સ્વચારિત્ર નહિ. સ્વચારિત્રમાં રમવાથી જ મુક્તિ થાય છે, બીજો કોઈ ઉપાય નથી એમ પહેલા એને નિર્ણય (હોવો જોઈએ). નિર્ણય કરવો જોઈએ કે પરક્રિયા કરવાથી કે રાગાદિ, મહાવ્રત ને દયા, દાન, ભક્તિ, વ્રત પાળવાથી ને આમ કરવાથી કોઈ દિ' કદી મુક્તિ થશે એમ ત્રણ કાળમાં ત્રણ લોકમાં નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ જ કરણ—સાધન છે. ઈ સાધન. અનુસરવું. કર્તા પોતાનો આત્મા. જુઓ! ક્ષાયિક પર્યાય કે ઉપશમ, ક્ષયોપશમરૂપી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય કર્તા આત્મા, કાર્ય પોતાનું, પોતાના સાધનથી—સ્વ સાધનથી કર્યું છે. અને એ નિર્મળ પર્યાય પોતાથી પ્રગટ કરીને આપી છે અને પોતાથી પ્રગટ કરી છે, પોતાના આધારે કરી છે. વિકલ્પનો આધાર નથી, નિમિત્તનો આધાર નથી. જુઓ! સમજાણું કાંઈ? નિજ દ્રવ્યના જ આચરણથી એનો અર્થ કે પોતાનો જ આશ્રય, પોતાનો જ આધાર, પોતાનું અવલંબન, પોતાનું કારણ, સાધન છે. બીજું કોઈ સાધન નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હોય તો ભલે હો, વ્યવહાર સાધન ઉપચારથી કહેવાય છે.

મુમુક્ષુ :— વ્યવહાર ચાલશે કઈ રીતે?

ઉત્તર :— કોનો વ્યવહાર? શું ચલાવવો છે? વ્યવહાર વિકલ્પ આવે છે એટલો વ્યવહાર, બીજું શું ચલાવવું છે? ચલાવવું શું છે, આવે છે.

મુમુક્ષુ :— એને હેય માનવામાં આવે...

ઉત્તર :— હેય માને. આવે તેને હેય જાણવું, સ્વભાવને ઉપાદેય માનવો. લક્ષ્મીચંદજી! શું છે? વ્યવહાર સાધનને હેય માનવું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કરતો નથી, આવે છે. કરતો નથી. વિકલ્પને કરું એ તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. એમ છે જ નહિ. આવે છે. નિશ્ચય સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતાની ભૂમિકામાં પૂર્ણતા ન થાય તો આવો વિકલ્પ શુભરાગ તે કાળે એની યોગ્યતાથી આવે છે. હું બનાવું, કરું એવી બુદ્ધિ નથી. વ્યવહારનયથી કહેવામાં આવે છે કે પાળે છે, કરે છે. એ તો વ્યવહારનયના કથન છે. આહાહા..!

મુમુક્ષુ :— હઠ વિના.

ઉત્તર :— હઠ વિના. હમણાં ત્યાં લેશેને. સમજાણું કે નહિ? હઠ કેવી? કે મારે આ કરવું પડશે, હોં! ભાઈ. મારે શુભભાવ કરવો પડશે. કરવો પડે એનો અર્થ શું? સમજાણું કાંઈ? એ વ્રતનો વિકલ્પ પણ ઝેર છે.

મુમુક્ષુ :— શું કામ કરવો જોઈએ?

ઉત્તર :— કોણ કરે છે? આવે છે.

મુમુક્ષુ :— છોડી દઈશું.

ઉત્તર :— કોણ છોડી દેશે? કોણ છોડે? સ્વરૂપમાં સ્થિર થશે ત્યારે છૂટી જશે. સ્વરૂપમાં સ્થિર થશે ત્યારે છૂટી જશે. છોડે કોણ? પહેલી ભૂમિકામાં છૂટી જાય છે? આવે છે જરૂર. કર્મ જેમાં નિમિત્ત થાય છે... સ્વપરહેતુક પર્યાય છેને? જુઓ! નીચે આવશે. એ સ્વપરહેતુક પર્યાય છે. વિકારનું કર્તૃત્વ જ્ઞાનીને છે જ નહિ. આવી જાય છે એ બીજી વાત છે. આહાહા..! કઠણ વાત છે, લક્ષ્મીચંદજી! ચાલે છે એમાં બહુ ગડબડ છે. બધાને લગાવી દે, આને તેને... ઓહોહો..! ભાઈ! આમ કરતાં કરતાં તમને થઈ જશે. અને દુકાને બેસીને પાપ કરે ઈ કરતાં તો સારું છેને. ક્રમે ક્રમે થશે. ધૂળમાં પણ નહિ થાય. શું થશે? ઈ આગળ કહે છેને, ભાઈ! નહિ આ? જ્ઞાનચેતનાને સ્પર્શતો નથી. નથી આવ્યું? એમાં આવે છેને ઓલા વ્યવહારમાં? ૧૭૨માં નથી આવતું? જ્ઞાનચેતનાને તો સ્પર્શતો નથી. ૧૭૨ છેને? જુઓ! નીચે છે જુઓ!

'**સકળ ક્રિયાકાંડના આડંબરથી પાર ઊતરેલી દર્શનજ્ઞાનચારિત્રની ઐક્યપરિણતિરૂપ જ્ઞાનચેતનાને જરા પણ નહિ ઉત્પન્ન કરતા થકા,...**' છેને? એ વ્યવહારાલંબીની વાત કરે છે. વ્યવહાર, એકલો વ્યવહાર. અહીંયાં ૨૫૯ પાનું છે. હિન્દીમાં ૨૫૯ છે, પેલામાં ૨૬૦માં છેલ્લે છે. ૨૬૦માં છેલ્લી બે પંક્તિ. સમજાણું કાંઈ? '**સકળ ક્રિયાકાંડના આડંબરથી પાર ઊતરેલી...**' છેલ્લી બે લીટી છે. હિન્દી છે કે ગુજરાતી? ગુજરાતી. આ તો હિન્દી છે. વ્યવહારાલંબીની છેલ્લી સાત-આઠ લીટી પહેલા છે. '**સકળ ક્રિયાકાંડના આડંબરથી પાર...**' એકલા વ્યવહારનયની ક્રિયાકાંડમાં પડ્યા છે તે '**દર્શનજ્ઞાનચારિત્રની ઐક્યપરિણતિરૂપ**

**જ્ઞાનચેતનાને જરા પણ નહિ ઉત્પન્ન કરતા થકા,...**' લ્યો, ત્રણ આવ્યા ભાઈ! દર્શન, જ્ઞાન, ચારિત્રની ઐક્યપરિણતિરૂપ જ્ઞાન કિંચિત્ પણ ઉત્પન્ન નથી કરતા. પહેલા થોડી આવીને. કે એકદમ પાધરી જ્ઞાનચેતના બારમાની થઈ જતી હશે? સમજાણું કાંઈ? જુઓ!

એકલા વ્યવહાર ક્રિયાકાંડ કરવાવાળા. છે કે નહિ ધર્મચંદજી? આવ્યું કે નહિ? નથી દેખાતું. વ્યવહારલંબીની વાત ૧૭૨ ગાથામાં (કરી છે). ગુજરાતીમાં ૨૫૮ પાને છેલ્લી બે લીટી. છે? આવ્યું? બોલો શું આવ્યું? જ્ઞાનચેતના. શું કહે છે? વિકલ્પની બધી ક્રિયા પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ, અપવાસ કરી કરીને મરી ગયા વ્યવહારવાળા. પણ નિજ જ્ઞાનચેતના-જ્ઞાનમાં એકાકાર થવું કિંચિત્ પણ ઉત્પન્ન નથી કરતાં તેને કિંચિત્ મોક્ષમાર્ગ નથી. જુઓ! એમાં 'જરા પણ' શબ્દ પડ્યો છે. '**જરા પણ નહિ ઉત્પન્ન કરતા થકા,...**' ક્રિયાકાંડથી પાર થઈને પોતાનો નિર્વિકલ્પ ચૈતન્યપ્રભુની જ્ઞાનચેતના. જ્ઞાનમાં એકાગ્ર થવું એ જ્ઞાનચેતના જરા પણ ઉત્પન્ન નહિ કરતા થકા ચાર ગતિમાં રખડે છે. સમજાણું કાંઈ?

'**પુષ્કળ પુણ્યના ભારથી...**' જુઓને પછી આવ્યું. પુણ્યનો ભાર વધી ગયો. પુણ્ય શુભભાવ. '**મંથર થઈ ગયેલી ચિત્તવૃત્તિવાળા વર્તતા થકા, દેવલોકાદિના ક્લેશની...**' પરંપરાએ પ્રાપ્તિ થાય છે. દેવલોકની પ્રાપ્તિ થાય છે. સમજ્યા? ક્લેશની પ્રાપ્તિ. જાઓ! એને મુક્તિ-બુક્તિ થતી નથી. સમજાણું કાંઈ? લ્યો, આટલું તો અહીં ચોખ્ખુ લખ્યું છે. જરા પણ જ્ઞાનચેતના (ઉત્પન્ન કરતા નથી).

મુમુક્ષુ :— વ્યવહાર કરતા કરતા થાય એમ એમાં લખ્યું છે.

ઉત્તર :— પણ ક્યાં કરતા કરતા..? વ્યવહાર કર્યો પણ આ કરતો નથી માટે મુક્તિ નથી. આટલો વ્યવહાર તો અનંત વાર કર્યો. અવલંબન લીધું ક્રિયાકાંડનું, પંચ મહાવ્રત, દયા, દાન, અપવાસ, ઉણોદરી કરતાં કરતાં બસ! મંથર થઈ ગયો, મસ્ત થઈ ગયો રાગમાં. પણ નિજ જ્ઞાનચેતના જ્ઞાયકમૂર્તિ પ્રભુની જ્ઞાનચેતનાની વેદના—અનુભવ જરા પણ કરતા નથી. એને કદી વ્યવહારથી... એ વ્યવહાર એને નિશ્ચયમાં નિમિત્ત પણ થયો નહિ. આવી જ્ઞાનચેતનાનો અનુભવ કર્યા વિના વ્યવહારને નિમિત્ત પણ કહેવાયો નહિ. એ કરે તો વ્યવહારને નિમિત્ત કહે છે. એકલો વ્યવહાર વ્યવહાર શું છે? કહો, શેઠી! શું થયું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ સાથે છે તો એને નિમિત્ત કહે છે. નિશ્ચય જ્ઞાનચેતના જ્ઞાયકપ્રભુ નિજ સ્વસ્વભાવની અનુભવ—વેદન દૃષ્ટિ કે જ્ઞાનચેતના વિના વ્યવહાર કોને કહેવો? એને વ્યવહાર નિમિત્તરૂપે ૧૦૭ ગાથામાં કહ્યું. બીજરૂપે નિમિત્તરૂપે છે, હો. સમજાણું કાંઈ?

'**આ રીતે ખરેખર શુદ્ધદ્રવ્યને આશ્રિત,...**' જુઓ! આપણે પરમ દિ' આવી ગયું છે શુદ્ધદ્રવ્યને આશ્રિત. શુદ્ધદ્રવ્યને આશ્રિત શું? પર્યાય. નીચે લીધું છે. શુદ્ધપર્યાયપરિણત. શુદ્ધ આત્માની જે નિર્મળ પર્યાયને અહીંયાં શુદ્ધ દ્રવ્યઆશ્રિત કહેવામાં આવ્યું. '**અભિન્ન**

**સાધ્યસાધનભાવવાળા નિશ્ચયનયના આશ્રયે...**' શું કહે છે? આ બધું આપણે આવી ગયું છે. '**અભિન્નસાધ્યસાધનવાળા નિશ્ચયનયના આશ્રયે...**' શું કહ્યું? અભિન્ન નામ પોતાનો આત્મા.. સાધ્ય મોક્ષ પણ શુદ્ધ છે અને નિર્મળ પર્યાય પણ શુદ્ધ છે. એ અભિન્ન સાધ્યસાધન થયું. પોતાના આત્મામાં શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, લીનતાની નિર્મળતા—પવિત્રતાનો અંશ એ સાધન અને પૂર્ણ પવિત્રતા સાધ્ય. એ અભિન્નસાધ્યસાધન થયા. જે જાતનું સાધ્ય છે એ જ જાતનું સાધન છે તો એને અભિન્નસાધ્યસાધન કહેવામાં આવ્યું છે. બરાબર છે? સમજાણું કાંઈ? '**અભિન્નસાધ્યસાધનભાવવાળા...**' જુઓ! '**અભિન્નસાધ્યસાધનવાળા નિશ્ચયનય...**' આ નિશ્ચયનય છે. '**આશ્રયે મોક્ષમાર્ગનું પ્રરૂપણ કરવામાં આવ્યું,...**' અહીંયાં ૧૫૯માં નિશ્ચયનયના આશ્રયે શુદ્ધ દ્રવ્યની નિર્મળ પર્યાય જે સાધન નિર્મળ છે, પૂર્ણ સાધ્ય પણ નિર્મળ છે. આવા અભિન્નસાધ્યસાધનની વાત ૧૫૯ ગાથામાં કહેવામાં આવી. સમજાણું કાંઈ?

'**અને જે પૂર્વે...**' જે કાલે ચાલી હતી તે. '**અને જે પૂર્વે (૧૦૭મી ગાથામાં) દર્શાવવામાં આવ્યું હતું...**' દર્શાવવામાં આવ્યું હતું '**તે સ્વપરહેતુક પર્યાયને આશ્રિત,...**' બે આવશે જુઓ! શુદ્ધદ્રવ્યને આશ્રિત નિશ્ચયનય, સ્વપરહેતુક પર્યાયને આશ્રિત વ્યવહારનય. આ બે સિદ્ધાંત થયા. પોતાનો ત્રિકાળી પવિત્ર સ્વસ્વભાવના આશ્રયે ઉત્પન્ન થયેલી નિર્મળ પર્યાય તે જ સ્વદ્રવ્યાશ્રિત પર્યાયને કહેવામાં આવ્યું છે. આ નિશ્ચય માર્ગ છે. અભિન્નસાધ્યસાધન થયું. અને જે સ્વપરહેતુક પર્યાય વ્યવહારનયનો વિષય. સ્વપરનો અર્થ પોતાનું ઉપાદાન પણ છે અને ઉપાદાનનો ઝુકાવ નિમિત્તમાં છે તો એ વિકારી પર્યાય થઈ. સ્વપરહેતુક પર્યાયને આશ્રિત. સમજાણું કાંઈ? બેય નિમિત્ત થયાને? પોતાના આત્માની પર્યાય હેતુ થઈ અને નિમિત્ત હેતુ થયું. એનાથી ઉત્પન્ન થઈ વિકારી પર્યાય. સ્વપરહેતુક પ્રવચનસારમાં આવે છે કે નહિ? જ્ઞેય અધિકારમાં નથી આવતું? જ્ઞેય અધિકારમાં શરૂઆતમાં આવે છે સ્વપરહેતુક પર્યાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— મિશ્ર નહિ, એકલી અશુદ્ધ છે. સ્વપરહેતુકનો અર્થ મિશ્ર-થોડી શુદ્ધ છે અને થોડી અશુદ્ધ છે એમ નથી. એમાં ઈ ગડબડ છે. સ્વપર પર્યાયમાં થોડી શુદ્ધ છે અને થોડી અશુદ્ધ છે એમ નથી. એકલો વિકલ્પ રાગ છે. સ્વ પોતાનું અશુદ્ધ ઉપાદાન નિમિત્ત તરફ ઢળ્યો તો સ્વપરહેતુક જે અશુદ્ધ વિકલ્પ થયો એને સ્વપરહેતુક વિકારી પર્યાય કહેવામાં આવી છે. વિકારી શુભભાવ. એમાં જરીયે શુદ્ધ નહિ. કોઈ કોઈ લગાવે છે. ઈ આવે છેને બનારસીદાસમાં? પાછળ ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠીમાં નથી આવતું? કે શુભભાવમાં શુદ્ધનો અંશ છે કે નહિ ભાઈ? છે. માનો તો શાબાશ, ન માનો તો શાબાશ નહિ. એ બીજી વાત છે. એ તો શુભભાવ અનાદિનો નિગોદમાં પણ હોય તો શુભભાવમાં જરી શુદ્ધનો અંશ (હોય છે). એ મોક્ષમાર્ગ છે કે એનાથી નિર્જરા થાય છે એ વાત નથી. એ અહીંયાં નહિ.

એ નહિ લેવું કે આ પણ શુભ છે તો પેલો શુદ્ધનો અંશ આવ્યો. પણ શુદ્ધ અંશ આવ્યો એ સંવર, નિર્જરાનું કારણ નથી. ભલે સ્વપરહેતુક ભાઈ, શુભભાવ છે. એમાં એ શુદ્ધભાવ જે કહ્યો છે એ છે ખરો, પણ એ સંવર, નિર્જરાનું કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ગડબડ લગાવી દ્યે ત્યાં. આવે છે? ખબર નથી? આ નિમિત્ત-ઉપાદાન. બનારસીદાસનું નિમિત્ત-ઉપાદાન આવે છે કે નહિ? છેલ્લે આવે છે (ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠી, મોક્ષમાર્ગપ્રકાશક) જુઓ નિમિત્ત-ઉપાદાન. એ કહે કે, જ્ઞાનની શુદ્ધતા.. એમ નથી.

... સર્વથા અશુદ્ધતા હોત તો અશુદ્ધતાની કેટલી શક્તિ હોત. વિશુદ્ધતામાં ચારિત્રનો અંશ છે. '**હે ભાઈ! તેં વિશુદ્ધતામાં શુદ્ધતા માની કે નહિ? જો તેં તેને માની તો કાંઈ અન્ય કહેવાનું કાર્ય નથી, જો તેં નથી માની તો તારું દ્રવ્ય એ પ્રકારે પરિણમ્યું છે ત્યાં અમે શું કરીએ?**' આ જુદી વાત છે. સમજાણું કાંઈ? ગડબડ લગાવી દ્યે.

મુમુક્ષુ :— ત્યાંનું અહીંયાં જોડી દે.

ઉત્તર :— કોઈ અહીંયાં જોડી દ્યે છે. એ તો આત્માની, કોઈ શુભભાવમાં એક શુદ્ધ અંશ જો ન રહે તો આગળ યથાખ્યાત શુદ્ધ થાય છે, તો અશુદ્ધમાંથી શુદ્ધ થાય એવી તાકાત નથી, તો થોડી શુદ્ધતા છે, અજ્ઞાનીને પણ શુદ્ધતા છે, મિથ્યાદષ્ટિને. પણ જ્યારે રાગ અને સ્વભાવની એકતા તૂટીને ગ્રંથિભેદ થઈ ત્યારે સ્વભાવમાં શુદ્ધિ પ્રગટી. ત્યારે એ શુભભાવમાં શુદ્ધતા હતી એમ શુદ્ધતાની સાથે જોડાણ થઈ ગયું. પણ અહીંયાં એકલો શુભભાવ છે એમાં શુદ્ધતાનો અંશ છે માટે સંવર, નિર્જરા (છે), ભાઈ! આ ગડબડ લગાવી દે છે. પણ એ તો એને માને નહિ એટલે વાંધો નહિ. એ તો બનારસીદાસની વાત છે. પંડિત છેને એ. માનો, માનો બધાનું. શુભમાં થોડો થોડો...

મુમુક્ષુ :— એક ચક્રસો..

ઉત્તર :— 'એક ચક્રસો રથ ચલે, રવિકો યહી સ્વભાવ'. બનારસીદાસનું એ કથન જૂઠું છે (એમ અજ્ઞાની કહે છે).

મુમુક્ષુ :— પહેલા તો જૂઠું નહોતું.

ઉત્તર :— પહેલા નહોતું.

મુમુક્ષુ :— પહેલા તો બધા પંડિતોની વાત સાચી હતી.

ઉત્તર :— સાચી હતી, હવે ખોટી થઈ ગઈ.

મુમુક્ષુ :— સોનગઢની વાતને અસત્ય ઠરાવવા બધા પંડિતોની વાત (અસત્ય છે એમ કહે છે).

ઉત્તર :— ઈ વાત છે, વાત તો એમ જ છે. કેમકે એ પંડિતની વાત અહીંની સાથે મેળ ખાય છે. એની સાથે મેળ ખાય છે માટે પંડિત પણ ખોટા, જાઓ! અરે.. ભગવાન! એ પંડિતે ઘરની વાત નથી કરી. મહા.. બનારસીદાસ આદિ તો મહા સમ્યગ્દષ્ટિ હતા. બનારસીદાસે

એના અનુભવમાંથી વિચાર કરતાં કરતાં જે નીકળ્યું છે એ ભાવ કહ્યા છે. એનો અજ્ઞાનીને પત્તો નથી લાગતો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— પંડિત ટોડરમલને સમજાયું નહિ તો...

ઉત્તર :— અરે..! ટોડરમલને શું કામ ન સમજાય? પણ પંડિત થઈ જાય પછી શું કરે? ટોડરમલજીની શું બુદ્ધિ, કેટલો ક્ષયોપશમ... ઓહોહો..! મારું સમ્યક્જ્ઞાન... કહ્યું નહિ? પૂર્વના કોઈ કારણે અને ભવિષ્યમાં મને લાભ થવાના કારણે ... સંસ્કાર, ભવિષ્યમાં મારું કલ્યાણ થવાનું છે. તેથી મને સમ્યક્જ્ઞાન થયું છે તેનાથી હું કહું છું. કહે છે કે નહિ એમાં? એમના તો એક એક શબ્દ શાસ્ત્ર...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધૂળમાંય સૂત્ર મળ્યા નથી, સૂત્ર કોને કહેવા? સૂત્ર કોને કહેવા? આ સૂત્ર પણ અમારા આ ભાઈએ પણ વાંચ્યા નથી? વિમલચંદજીએ ઘણા જોયા છે.

મુમુક્ષુ :— એનું બરાબર સરખું છે, આ...

ઉત્તર :— ઈ કહે છે કે અમારું સરખું છે. અમે બરાબર (છીએ). એમાંથી સરખું કાઢીએ છીએ. અરે.. ભાઈ! એ તો નિમિત્તના કથન છે. આચાર્યોએ જ્યાં ત્યાં અંતરંગ ઉપાદાનની વાત જ કહી છે. એમાં પણ અંતરંગ ઉપાદાનથી કાર્ય થાય છે, બહારથી નહિ એવું એમાં ઘણું આવ્યું છે. એક ઠેકાણે આવ્યું એને બધે ઠેકાણે લગાવી દેવું. એ આચાર્ય હતા, એ પણ મુનિ હતા. કંઈ મુનિની દૃષ્ટિથી વિપરીત છે કોઈ? છે જ નહિ. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે જ્યારે ૧૦૭માં કહ્યું, સ્વપરહેતુક પર્યાયાશ્રિત એ વિકારી પર્યાય છે. સ્વપરનો હેતુ પોતાની પર્યાય નિમિત્તના લક્ષમાં જાય છે તો ઈ અપેક્ષાથી સ્વપરહેતુક કહ્યું. એનો અર્થ એમ નથી કે જરી થોડો શુદ્ધ દ્રવ્યનો પણ આશ્રય છે અને થોડો નિમિત્તનો આશ્રય છે, એ પર્યાયને અહીંયાં સ્વપરહેતુક પર્યાય કહી છે એમ નથી. એકલો વિકાર છે. સ્વપરહેતુક એકલો વિકાર છે, એકલું બંધનું કારણ છે. પણ નિજ દ્રવ્યના આશ્રયે દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા તેમાં નિમિત્તને વ્યવહારે અનુકૂળ જોઈને મોક્ષમાર્ગનો આરોપ કર્યો. આરોપ કર્યો, છે નહિ. 'એગો મોકખ પહો' મોક્ષપંથ તો એક જ છે, બે મોક્ષમાર્ગ નથી. હમણા એમાં આવ્યું હતું કે બે મોક્ષમાર્ગ છેને? નહિ. બે મોક્ષમાર્ગ નથી અને એક છે એમ કહે છેને? એક કહે છેને. નહિ, બે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો કથનની શૈલી. પણ આ કથનશૈલી ન આવી? '**સ્વપરહેતુક પર્યાયને આશ્રિત ભિન્નસાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયે (—વ્યવહારનયની અપેક્ષાએ) પ્રરૂપવામાં આવ્યું હતું.**' એ તો ઓલો નિશ્ચય પ્રરૂપવામાં આવ્યો હતો એ હતુંને? એ તો કથન છેને, કથન. આમાંથી જ એણે બધું કાઢ્યું છે. બે પ્રકારનું કથન છે. વ્યવહાર,

નિશ્ચયનું બે પ્રકારનું કથન છે, પ્રરૂપણા છે. વસ્તુ બે પ્રકારે નથી, વસ્તુ તો એક જ પ્રકારે છે. સમજાણું કાંઈ? અહીંયાં લખ્યું નહિ પહેલા બે લીટીમાં? '**શુદ્ધદ્રવ્યને આશ્રિત, અભિન્નસાધ્યસાધનભાવવાળા નિશ્ચયનયના આશ્રયે મોક્ષમાર્ગનું પ્રરૂપણ કરવામાં આવ્યું.**' બસ, અહીં આવ્યું અને અહીં પાછું પ્રરૂપણ આવ્યું. પ્રરૂપણા કરી છે, પ્રરૂપણ છે. બે પ્રકારે પ્રરૂપણ છે. ઈ વાત છે. આમાંથી જ કાઢ્યું છે. મેં તો પહેલા બહુ વિચાર કરતા કરતા એમાંથી પ્રયોજન પણ આત્મા જ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે છે.

ઉત્તર :— હા, ઈ. કથન બે પ્રકારે છે. પ્રયોજન તો બીજે આવે છે, પદ્મનંદીમાં મૂળ શ્લોકમાં આવે છે. પ્રયોજન આ છે, પ્રયોજન છે એમ મૂળ શ્લોકમાં આવે છે. સમજ્યા?

અહીંયાં શુદ્ધ દ્રવ્યનો, નિજ આત્માનો જેટલો આશ્રય લીધો એટલો તો નિર્મળ ભાવ છે, એ તો નિશ્ચયમોક્ષમાર્ગની પ્રરૂપણા કરી અને સાથે ૧૦૭મી ગાથામાં કહ્યું એ '**સ્વપરહેતુક પર્યાયાશ્રિત ભિન્નસાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયે...**' લ્યો. કહો, સમજાણું કાંઈ? એ વાત નથી વાંચી. જુઓ નીચે નોટ છે. એ બધી નોટ તો પહેલા વંચાઈ ગઈ હતી. ૨૩૩માં પહેલી નોટ.

'**જે નયમાં સાધ્ય તથા સાધન ભિન્ન હોય (—જુદાં પ્રરૂપવામાં આવે) તે અહીં વ્યવહારનય છે; જેમકે,...**' દૃષ્ટાંત '**છઠ્ઠા ગુણસ્થાને (દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપના આંશિક આલંબન સહિત)...**' મુનિ છે એ છઠ્ઠા ગુણસ્થાનમાં છે તો પોતાના શુદ્ધ સ્વભાવનો આશ્રય તો ત્યાં છે, આંશિક છે, પૂરો નથી. પૂરો હોય તો તો કેવળજ્ઞાન થઈ જાય. '**(દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપના આંશિક આલંબન સહિત) વર્તતા...**' એ નિશ્ચય, એ નિશ્ચય. '**તત્ત્વાર્થશ્રદ્ધાન (નવપદાર્થસંબંધી શ્રદ્ધાન),...**' વિકલ્પ. નવ પદાર્થસંબંધી વિકલ્પ. '**તત્ત્વાર્થજ્ઞાન...**' એ વિકલ્પ. '**પંચ મહાવ્રતાદિરૂપ ચારિત્ર...**' એ શુભરાગ. એવો '**વ્યવહારનયથી મોક્ષમાર્ગ છે કારણ કે (મોક્ષરૂપ) સાધ્ય સ્વહેતુક પર્યાય...**' શું કહ્યું? મોક્ષરૂપી પોતાની નિર્મળ પર્યાય સ્વહેતુક પોતાના દ્રવ્યની પર્યાયથી ઉત્પન્ન થઈ છે. તત્ત્વાર્થશ્રદ્ધાન આદિ મોક્ષમાર્ગરૂપ સાધન સ્વપરહેતુક પર્યાય છે. મોક્ષ પોતાની શુદ્ધ પર્યાય છે સ્વદ્રવ્યાશ્રિત એ ભિન્ન સાધ્ય થઈ ગયું અને વિકલ્પ છે એ સ્વરપરહેતુક વિકાર છે તો સાધ્યનું ભિન્ન સાધન થયું. ભિન્ન સાધનનો અર્થ નિમિત્ત થયું. સમજાણું કાંઈ?

તત્ત્વાર્થશ્રદ્ધાન, તત્ત્વાર્થનું જ્ઞાન અને પંચ મહાવ્રત એ વિકલ્પ—રાગ છે, સ્વપરહેતુક પર્યાય રાગ છે. એને ભિન્ન સાધન કેમ કહ્યું? પહેલા જે અભિન્નસાધ્યસાધન કહ્યું હતું, જે શુદ્ધ નિર્મળ સ્વઅંશી નિર્મળ પર્યાય એ સાધન અને નિર્મળ મોક્ષ સાધ્ય, એ તો અભિન્નસાધન(સાધ્ય), એક જ દ્રવ્યની બેય નિર્મળ પર્યાય થઈ. એ અભિન્નસાધ્યસાધન થયું. હવે નિર્મળ સાધ્ય છે એનો નિમિત્ત વિકલ્પ સાધન છે એ ભિન્નસાધનસાધ્ય થયું, ભિન્નસાધનસાધ્ય થયું. રાગ

તે ભિન્ન સાધન છે, નિશ્ચય શુદ્ધ નિર્મળ પર્યાય છે તે સાધ્ય છે એમ વ્યવહારના કથનમાં ભિન્નસાધ્યસાધનની પ્રરૂપણા આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— સાધન તો છે.

ઉત્તર :— વ્યવહાર સાધન તો કહ્યું. વ્યવહાર સાધન કહ્યું એટલે યથાર્થપણે સાધન નથી. એનો અર્થ જ એમ છે. વ્યવહાર સાધનનો અર્થ—વ્યવહાર અન્યથા કહે છે. વ્યવહાર અસત્યાર્થ. એ અમૃતચંદ્રાચાર્યનો અગિયારમો શ્લોક. સઘળોય વ્યવહાર અભૂતાર્થત્વાત્, અસત્યાર્થત્વાત્, અસત્યં અર્થં પ્રધ્યોતયતિ. સઘળોય વ્યવહાર અસત્ય અને પારમાર્થિક વસ્તુને નથી કહેતો, એના વિકલ્પ આદિને કહે છે તો તે અસત્ય હોવાથી અસત્ય અર્થનું જ પ્રતિપાદન કરે છે. સાધન નથી તેને સાધન કહેવું તેનું નામ વ્યવહાર છે. એ સાધન અસત્યાર્થ છે.

ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।
भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो।।११।।

ન્યાં વળી ભૂતાર્થનું પાછું કાઢે જયસેનાચાર્યનું. હવે ન્યાં તો ભૂતાર્થનું જ્ઞાન કરાવ્યું છે. વ્યવહાર પણ ભૂતાર્થ છે એમ કીધું છેને? છે એમ બતાવ્યું. એમાં આશ્રય કરવાલાયક છે એમ ક્યાં કહ્યું છે? આહાહા..! ભારે ભાઈ ગડબડ. હજી તો શાસ્ત્રના અર્થ કરવામાં સ્વપક્ષ કરીને દૃષ્ટિ કાઢવી છે. હવે અંતરમાં સ્વઆશ્રય કાઢવો એ તો ક્યાં રહ્યું? સમજાણું કાંઈ? અંતરમાં રાગ થવા છતાં રાગથી ભિન્ન પ્રભુ ચૈતન્યસ્વભાવ જ્ઞાયક છું એવો સ્વભાવનો અંકુર પ્રગટ કરવો એ તો અંતરના આશ્રયે થાય છે. અહીં તો હજી બહારના આશ્રયની શાસ્ત્રમાં વાત આવે ત્યાં રાજી રાજી થઈ જાય. આ આવ્યું, એ.. આવ્યું જુઓ! આવ્યું. સાધન આવ્યું કે નહિ? સાધન નથી એને સાધન કહેવું એ જ વ્યવહારનયનું લક્ષણ છે. વ્યવહારનયનું એ લક્ષણ છે. છે એમ સમજવું, કહેવું, જાણવું એ નિશ્ચયનય છે. નથી તેને કહેવું, જાણવું એ વ્યવહારનયનું લક્ષણ છે. તો સાધન જે કહ્યું એ સાધન નથી.

મુમુક્ષુ :— વ્યવહાર સાધ્ય..?

ઉત્તર :— વ્યવહાર સાધ્ય નથી, સાધ્ય તો નિશ્ચય છે.

મુમુક્ષુ :— કોઈ કોઈ વ્યવહાર સાધ્ય હોય છે.

ઉત્તર :— ના, ના. સાધ્ય-બાધ્ય હોતો જ નથી. સાધ્ય તો નિર્મળ પર્યાય જ છે. અભિન્ન સાધ્યસાધનમાં એ સાધ્ય નિર્મળ પર્યાય છે. ભિન્નસાધ્યસાધનમાં સાધ્ય નિર્મળ છે, પણ વિકલ્પને નિમિત્તપણે વ્યવહારનયથી સાધન કહેવામાં આવ્યું છે. ખરેખર સાધન, સાધ્ય નિર્મળ પર્યાયનું સાધન નિર્મળ દશા છે. નિર્વિકલ્પ આત્માના અરાગી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જ સાધન અને પૂર્ણ (દશા) સાધ્ય છે. પણ આ ભિન્ન સાધનસાધ્યમાં નિમિત્તમાં ઉપચાર કરીને એમ પ્રરૂપણા કરી કહેવામાં આવ્યું છે. બે પ્રકારના સાધન છે એમ પ્રરૂપણા કરવામાં આવી છે. સાધન બે નથી, સાધન એક છે. પણ એક સાધન નિર્મળ સાધનની સાથે આવા

રાગની મંદતાનું સહચર નિમિત્ત જોઈને બે પ્રકારે કથન ચાલ્યા છે. સાધન એક જ છે, સાધન બે નથી. સમજાણું કાંઈ? આહાહા..! શું કરે?

મુમુક્ષુ :— મોક્ષમાર્ગપ્રકાશક અનુસાર તો વ્યવહાર અન્યથા પ્રરૂપે છે.

ઉત્તર :— અન્યથા કહે છે. લખ્યું છેને. પણ એ એના ઘરનું નથી. વ્યવહાર સઘળોય અભૂતાર્થ-અભૂત અર્થ છે ન્યાંથી કાઢ્યું છે. ઘરનું નથી લખ્યું. સમજાણું કાંઈ? વ્યવહાર અભૂતાર્થ છે, સત્સ્વરૂપને નિરૂપતો નથી અને કોઈ અપેક્ષાથી ઉપચારથી અન્યથા નિરૂપે છે. અન્યથા નિરૂપે છે. નિશ્ચય શુદ્ધનય છે, ભૂતાર્થ છે. કારણ કે તેનું સ્વરૂપ જેવું છે તેવું પ્રરૂપે છે. એમ બન્નેનું સ્વરૂપ તો વિરુદ્ધતા સહિત છે. બેય તો વિરુદ્ધ સહિત થયા. બેય વિરુદ્ધતા સહિતનું ફળ એક છે? વ્યવહારનું ફળ તો બંધ જ છે. પણ અહીંયાં મોક્ષમાર્ગની પ્રરૂપણામાં બે પ્રકારની પ્રરૂપણા આવી છે. પ્રરૂપણા આવી છે, બે પ્રકાર નથી. એ બધું પંચાસ્તિકાયમાંથી કાઢે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પ્રયોજનભૂત વાત ઈ છે. નિશ્ચય એ પ્રયોજન છે. વ્યવહાર તો વચ્ચે આવે છે. વ્યવહાર સાધન કહ્યું એટલે એનાથી થઈ જાય છે એમ નથી. એનો અભાવ કરતા કરતા પૂર્ણ શુદ્ધ થઈ જાય છે. અભાવ કરતા કરતા પૂર્ણ શુદ્ધ થઈ જાય છે. એનો સદ્ભાવ રાખતા રાખતા પૂર્ણ શુદ્ધ થાય છે એમ નથી. ભારે ગડબડ. આહાહા..! માંડ અનંત કાળે મનુષ્યદેહ મળ્યો. એક નિગોદમાં કેટલા... અત્યારે દેખીએ છીએ લીલ ફૂગ. લીલ ફૂગ કહે છે? કાઈ. ફૂગ જોઈએ છીએ. ઓહોહો..! એક શરીરમાં અનંતગુણા જીવ. એવી ફૂગના તો ગંજ પડ્યા છે. અસાધ્ય છેને. એમાંથી મનુષ્ય ક્યારે થાય, ક્યારે જૈનધર્મ મળે, ક્યારે સત્ સાંભળવા મળે અને ક્યારે રુચે? આહાહા..! પણ મનુષ્યપણું મળ્યું ત્યાં.. બસ! અમે કાંઈક છીએ, અમે કાંઈક છીએ. અરે... ભગવાન! અમે કાંઈક છીએ એ અમે આત્મા કાંઈક છીએ. રાગ અમે નથી, નિમિત્ત અમે નથી. હું તો આત્મા છું. જ્ઞાન, દર્શનસ્વભાવથી હું કાંઈક છું. હું કાંઈક છું ઈ તો એ છે. ધન્નાલાલજી!

મુમુક્ષુ :— આપની કોઈ વાત નથી સાંભળતા એ...

ઉત્તર :— શું કરે, ઈ પણ ભગવાન છે. અમે તો એને પણ પ્રભુ કહીને બોલાવીએ છીએ. પ્રભુ પૂર્ણ લક્ષણ ગુણવાળો છે, પણ અપલખણનો પણ પાર નથી. એ પણ પ્રભુ જ છે, ભગવાન જ છે, પર્યાયમાં ભૂલ છે. વસ્તુ તો જેમ છે તેમ છે. ઈ પ્રભુ છે, ઈ પણ પ્રભુ છે. અમે તો કહીએ છીએ, પ્રભુ! એમ ન કરો, આવી ભૂલ ન કરો. ઈ તો પ્રભુ છે, ભગવાન છે, પરમાત્મા છે. ઓહોહો..! અને પરમાત્મપ્રકાશ તો કહે છે કે જેની પર્યાયબુદ્ધિ ગઈ, તે બીજાને પણ પર્યાયબુદ્ધિથી જોતા નથી. આમ છે. પર્યાય છે તેનું જ્ઞાન કરે છે. પોતાની પર્યાય વિકલ્પરહિત થઈ, આત્મા આવો છે તો બધાને એમ જોવે છે. બધા

આત્મા નિર્વિકલ્પ પ્રભુ છે. પર્યાયમાં ભૂલ કરે છે, એક સમયની ભૂલ છે. ઈ ભૂલ એ જ ટાળશે, બીજું કોઈ ટાળવાવાળું નથી. કહો, સમજાણું કાંઈ? કેમ?

અહીં કહે છે, ખ્યાલમાં ઈ વાત બેસી ગઈ છેને એટલે (આ) નથી (બેસતું). ખટક.. ખટક... અંદર (રહ્યા જ કરે). આહાહા..! ત્યારે શું કોઈ શુભરાગ, પંચ મહાવ્રત, આવા વ્યવહાર શ્રદ્ધાનથી કોઈ લાભ નહિ? એમ બેસી ગયું છે. ભગવાન! કંઈ લાભ નથી. એમાં લાભ નથી, પોતાના સ્વભાવના આશ્રયે લાભ છે એમ માન્યા વિના કલ્યાણ નથી.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— આડંબર કહ્યું અહીંયાં તો, વિકલ્પને તો આડંબર કહ્યું. નિયમસારમાં તો કહ્યું, ઉપહાસ કર્યો. પદ્મપ્રભમલધારીદેવ મુનિ. પદ્મપ્રભમલધારીદેવે તો વ્યવહારનો તો ઉપહાસ કર્યો છે. ઉપહાસ.. ઉપહાસ. એટલે એની ટીકા માનતા નથીને. ઈ એની ટીકા નથી માનતા. બે-ચાર ભૂલ કાઢે છે. કારણ કે એમાં તો તદ્દન નિરૂપચાર સ્વભાવ રત્નત્રય એક જ મોક્ષનો માર્ગ છે. અને આવે છેને ઈ? **'णियमेण य जं कज्जं' 'વિપરીતના પરિહાર અર્થે 'સાર' શબ્દ યોજેલ છે.'** નિજ શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, લીનતાથી વિપરીત વ્યવહારરત્નત્રય છે. એમાં કળશમાં પણ એમણે આપ્યું છે, હોં! પદ્મપ્રભમલધારીદેવે. વ્યવહાર રત્નત્રય વિપરીત છે. પછી કળશમાં છે, તો ત્યાં પછી લીધું, અમારે હિંમતભાઈએ ત્યાં લીધું છે. તો કહે, નિયમસાર નહિ. તો સમયસારનો અર્થ શું છે? એનો એ અર્થ થયો. સમયસાર—ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ રહિત તે સમયસાર. એમ નિયમસાર... આ પર્યાયની વાત છે, પેલી દ્રવ્યની વાત છે. સમજાણું કાંઈ? નિમયસાર—પોતાનો શુદ્ધ પરમાત્મસ્વભાવની સમ્યક્ નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, લીનતા યથાર્થ. તેનાથી (વિપરીત) વિકાર જે વિકલ્પ વ્યવહારરત્નત્રય છે એ ભાવકર્મ છે, ભાવકર્મ છે. ભાવકર્મથી રહિતનું નામ નિયમસાર છે. સમજાણું કાંઈ? એની પણ પહેલા તકરાર કરતા હતા કે આમ અર્થ નથી. અરે..! સાંભળ તો ખરો. 'વિપરીતના પરિહાર અર્થે.' તો કહે નહિ. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર વિપરીત છે એમ કહે છે. અરે.. ભાઈ! ઈ પણ વિપરીત તો છે જ પણ...

મુમુક્ષુ :— આ બીજી વાત છે.

ઉત્તર :— આ તો બીજી વાત છે. એ પણ વિપરીત તો છે જ. પણ પોતાના સ્વભાવના આશ્રયે પોતાની દિશામાં દૃષ્ટિ કરીને, જે દશા અંતરમાંથી પ્રગટ થઈ, ઈ પરનું લક્ષ કરીને જે દશા ઉત્પન્ન થઈ એ એક જાતની કેમ હોઈ શકે? ઈ વિપરીત છે. સમજાણું કાંઈ? અષ્ટપાહુડમાં ન કહ્યું? ભાવપાહુડમાં ૮૨ ગાથામાં. જૈનમાર્ગ, કોઈ એમ કહે છે કે વ્રત, પૂજા, ભક્તિ જૈનધર્મ છે. નહિ. એ તો પુણ્ય છે. ૮૨મી ગાથા છે. આપણે આત્મધર્મમાં આવી ગયું છે. પુણ્ય છે, જૈનધર્મ નહિ. વ્રત પરાશ્રયે થાય છે, ભક્તિ પરાશ્રયે થાય છે, દેવ-ગુરુના આશ્રયે થાય છે. એ નિશ્ચયધર્મ નહિ, એ જૈનધર્મ નહિ. પરાશ્રિત ભાવ છે એ ધર્મ છે? એ વીતરાગધર્મ

છે? નહિ. વીતરાગ ધર્મ તો મોહ, ક્ષોભ રહિત પોતાના વીતરાગી સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા એ જ એક જૈનધર્મ છે. જે સમયસારમાં ૧૫મી ગાથામાં કહ્યું. '**जो पस्सदि अप्पाणं**'. ત્યાં વળી ઈ રાડ પાડે કે જુઓ! ઈ આત્માને કર્મબંધ રહિત કહે છે. કર્મબંધ રહિત. આ શાસ્ત્રમાં લખ્યું છે. એમનું ખોટું છે. હવે સાંભળ તો ખરો. એ તો વ્યવહારથી લખ્યું છે. કર્મબંધ અને આત્માનું નિમિત્ત જોઈને. સ્વભાવની દૃષ્ટિમાં આત્મામાં કર્મબંધન છે જ નહિ. કર્મબંધન તો નથી પણ ભાવકર્મ પણ નથી. સાંભળ તો ખરો. વ્યવહારરત્નત્રય સ્વભાવમાં નથી ત્યાં વળી કર્મનો સંબંધ છે. એ દૃષ્ટિના વિષયમાં છે જ નહિ. આહાહા..! સ્વતંત્ર છે. ઈ પણ સ્વતંત્ર જીવ છે. જ્યાં સુધી તેને બેસે,.. જે તીર્થંકર થયા એ તીર્થંકરે પણ પૂર્વે એમ કર્યું હતું. તેના જીવે પણ આવું ઘણું વિપરીત કર્યું હતું, ત્યારે ઈ રખડ્યો છેને. કેમ મિત્રસેનજી? તીર્થંકરનો જીવ પણ અનંત કાળ કેમ રખડ્યો? એણે પણ તીર્થંકરનું નહોતું માન્યું. પછી તીર્થંકર થયા. પછી ભવિષ્યમાં બીજા તીર્થંકર થવાના હશે એ પણ ત્યાર સુધી નહિ માને. સમજાણું કાંઈ? જ્યારે તેની યોગ્યતા પાકશે.. ઓહો..! આ ચૈતન્ય નિરાલંબ પદાર્થ. વિકલ્પનો જેમાં અંશ, રાગના અંશની ગંધ નથી. એકલા ચૈતન્યપુંજનો પિંડ જ, અનંત ગુણનું ધામ ઈ છે. એવી દૃષ્ટિ લાયકાત થશે ત્યારે તેને પણ પ્રગટ થઈ જશે અને એ પછી તીર્થંકર થઈ જશે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શું ...? તમે કોને કહો છો ...? કોને કહે છે તપસ્યા? છ મહિના ન ખાધું ઈ? કોણ એને તપસ્યા કહે છે? પોતાના સ્વરૂપમાં ઉગ્રપણે આનંદનો ઉભરો આવ્યો તેનું નામ તપસ્યા છે.

મુમુક્ષુ :— ઠીક છે.

ઉત્તર :— બસ, ઠીક છે, ઈ જ ઠીક છે, બીજું કાંઈ ઠીક છે જ નહિ. ના, ના એમ કહેવું છે કે પંચ મહાવ્રત લીધા, છ છ મહિનાના અપવાસ કર્યા. લોકો બહારથી જોવે છે. પરંતુ એમ નથી. એટલો આહાર તો આવવાનો નહોતો. જેટલો આહાર આવવાનો નહોતો એ તો જડને કારણે. પોતામાં જરી વિકલ્પ આવ્યો એ પુણ્યભાવ છે. તેનાથી રહિત પોતાના સ્વભાવમાં જેટલું 'પ્રતપન ઈતિ તપઃ,' પ્ર—ઉગ્રપણે શુદ્ધનું.. જેમ સોનું—સુવર્ણને ગેરુ લગાવે છેને? ગેરુ. ગેરુ કહે છેને? ઓપે છે, સોનું આમ ઓપે છે. એમ ભગવાન આત્મા પોતાના દૃષ્ટિ-જ્ઞાનથી તો આત્માને પકડી લીધો છે પછી સ્થિરતા એટલી જામી ગઈ કે અંદરથી આનંદનો ઉગ્ર ઉભરો—ઉફાન, અતીન્દ્રિય આનંદનો ઉભરો આવે તેને તપસ્યા કહે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— રાગ—વિકલ્પ આવ્યો. વિકલ્પ આવ્યો એ કંઈ તપસ્યા નથી. પછી વિકલ્પ રહિત ધ્યાનમાં આવ્યા, સપ્તમ ગુણસ્થાન આવ્યું ઈ તપસ્યા છે, ઈ ચારિત્ર છે. ગડબડ ભારે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પુણ્યથી મળી. પણ દેહ ક્યાં સાધન છે પોતાને? દેહ કંઈ સાધન નથી, પૈસા-બૈસા કંઈ તમને સાધન નથી.

મુમુક્ષુ :— સાંભળવા મળ્યું.

ઉત્તર :— સાંભળવા મળે તે કંઈ સાધન નથી. ભગવાન આત્મા પોતાનો નિર્ણય કરવા માટે જ્યારે તૈયાર થાય ત્યારે પરનું સાધન-ફાધન કંઈ કામ કરતા નથી. સમજાણું કાંઈ? શું કરે? સાંભળવું શું? કાન શું? અને જ્યાં સુધી પૂર્વનો શુભભાવ હતો એ ઠીક હતો—એવી માન્યતા છે ત્યાં સુધી નિજ સ્વભાવ તરફ એની વૃત્તિ જામશે નહિ. ભૂતકાળનો શુભભાવ, વર્તમાનનો શુભભાવ અને ભવિષ્યનો શુભભાવ મને લાભદાયક થયો, થશે. થયો, થશે અને છે એમ જ્યાં સુધી માને છે ત્યાં સુધી સ્વભાવ ઉપર દૃષ્ટિ નહિ જાય. કેમ દેવાનુપ્રિયા! લોજીકથી છે કે નહિ આ? કે ગડબડ છે. લોજીક સર્વજ્ઞ પરમાત્માના ન્યાયથી માર્ગ છે. '**न्यावयम**'. ન્યાયથી. જેવું વસ્તુનું સ્વરૂપ છે એવા ન્યાયથી કહે છે. સમજાણું કાંઈ?

જુઓ! આવ્યું ને એમાં? (વ્રતાદિરૂપ ચારિત્ર) 'વ્યવહારનયથી મોક્ષમાર્ગ છે કારણ કે...' એ 'સાધન સ્વપરહેતુક પર્યાય છે.' નોટ. '**પ્રરૂપવામાં આવ્યું હતું, આમાં પરસ્પર વિરોધ આવે છે એમ પણ નથી,...**' જુઓ હવે બીજી લીટી. પરસ્પર વિરોધનો અર્થ કે આવો નિશ્ચય હોય ત્યારે આવો વ્યવહાર હોય તો એમાં વિરોધ આવ્યો એમ પણ નથી. હોય છે. સ્વભાવના અવલંબનથી જેટલી શાંતિ—સમાધિની નિર્વિકલ્પ પરિણતિ થઈ, પૂર્ણ નથી તો ત્યાં આવો વ્યવહાર, અનુકૂળ નિમિત્ત વ્યવહારથી આવે છે તેમાં પરમાર્થે વિરોધ નથી. વિરોધ નથી એટલે કે ઈ છે માટે અહીંયાં ચારિત્રાદિ નથી રહેતા, ઈ છે તો અહીંયાં સ્વરૂપના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર નથી રહેતા એમ નથી. પોતાને કારણે એ રહ્યું છે, એને કારણે ઈ રહ્યું છે. બેય સાથે હોય એમાં પરસ્પર વિરોધ નથી. શાંતિથી વિરુદ્ધ છે ઈ વાત અહીંયાં નથી. પણ ઈ છે તો અહીંયાં નિર્મળ દશા નથી રહી શકતી અને નિર્મળ દશા છે ને વિકલ્પ આવ્યો તો એનો ત્યારે નાશ થઈ ગયો એમ વાત નથી. કેમકે... પરસ્પર લીધું છે હોં! પરસ્પર. જ્યાં વ્યવહાર છે ત્યાં આવો નિશ્ચય પોતાને કારણે હોય છે. નિશ્ચય પોતાને કારણે હોય ત્યાં વ્યવહાર (એવો હોય છે).

'**સુવર્ણ અને સુવર્ણપાષાણની માફક...**' જુઓ! સુવર્ણ સુવર્ણપાષાણમાંથી પ્રગટ થાય છે. '**નિશ્ચય-વ્યવહારને સાધ્યસાધનપણું છે; તેથી જ પારમેશ્વરી (—જિનભગવાનની) તીર્થપ્રવર્તના બંને નયોને આધીન છે.**' નીચે છે. '**જે પાષાણમાં સુવર્ણ હોય તેને સુવર્ણપાષાણ કહેવામાં આવે છે. જેમ વ્યવહારનયથી સુવર્ણપાષાણ સુવર્ણનું સાધન છે,...**' સુવર્ણનો પત્થર સુવર્ણનું સાધન નિમિત્તથી કહેવામાં આવે છે. ખરેખર તો સુવર્ણ પોતાની પર્યાયથી નિર્મળ થઈને પ્રગટ થાય છે. ઈ આગળ આવશે આગળ, ભાઈ! આગળ

છેને. પોતાને કારણે છે, પરને કારણે નહિ. અગ્નિનું નિમિત્ત થઈને એવું થયું એ વ્યવહારથી કહ્યું. સુવર્ણ જ પોતાની પર્યાયથી પરિણમીને નિર્મળ થઈ જાય છે. સાથે ભલે નિમિત્ત હો, એ તો નિમિત્તની વાત કરી. સુવર્ણ પોતાના ઉપાદાનથી શુદ્ધ થતું જાય છે. એમ આત્મા પોતાથી શુદ્ધ થતો જાય છે. વિકલ્પ સાથે હો. એ તો ઘટતો જાય છે. સમજાણું કાંઈ? **'તેમ વ્યવહારનયથી વ્યવહારમોક્ષમાર્ગ નિશ્ચયમોક્ષમાર્ગનું સાધન છે;...'** વ્યવહારનયથી હોં! **'વ્યવહારનયથી વ્યવહારમોક્ષમાર્ગ નિશ્ચયમોક્ષમાર્ગનું સાધન છે; એટલે કે વ્યવહારનયથી ભાવલિંગી મુનિને સવિકલ્પ દશામાં વર્તતા તત્ત્વાર્થશ્રદ્ધાન, તત્ત્વાર્થજ્ઞાન અને મહાવ્રતાદિરૂપ ચારિત્ર નિર્વિકલ્પ દશામાં વર્તતા શુદ્ધાત્મશ્રદ્ધાન-જ્ઞાનુષ્ઠાનમાં સાધન છે.'** લ્યો, નિમિત્ત છે. નિમિત્ત છે તો એની દશા જતી રહી છે, છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય દશા (જતી રહી) એમ નથી. આવું બેય સ્થાનમાં હોય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧૧, મંગળવાર, તા. ૧૮.૮.૧૯૬૪**
**ગાથા-૧૫૯, પ્રવચન-૫**

ક્યાં સુધી આવ્યું? શેઠી! ચોવીસ કલાક થઈ ગયાને. ત્રેવીસ કલાક. ગાથા-૧૫૯ ચાલે છે. જુઓ! આ વર્તમાનમાં બહુ ગડબડ છે તો આ સમજવાની વસ્તુ છે. કાલે બહુ આવ્યું છે. વ્યવહાર પહેલા છે, વ્યવહાર પહેલા છે, નિશ્ચય પછી. ચોથાથી સાતમા સુધી વ્યવહાર મોક્ષમાર્ગ છે અને કોઈને બારમામાં પણ વ્યવહાર મોક્ષમાર્ગ છે અને તેરમા, ચૌદમામાં પણ કોઈને મોક્ષમાર્ગ છે અને સિદ્ધમાં સાધ્ય છે.

મુમુક્ષુ :— સિદ્ધને તો વ્યવહાર નથીને?

ઉત્તર :— નહિ. સિદ્ધ સાધ્ય છે, સિદ્ધ સાધ્ય છે. ઈ લખ્યું છેને, ..માં લખ્યું છે. તેર, ચૌદ તો મોક્ષમાર્ગ છે. અહીંયાં તમે મોક્ષ સાધ્ય કઈ રીતે લ્યો છો? જેને જેમ રુચે. માથે કોઈ સ્વામી—ધણી નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આત્માની પણ ખબર નથી આત્મા શું છે.

અહીં કહે છે, શું કહે છે જુઓ! અહીં સુધી આવ્યું છે. '**આમાં પરસ્પર વિરોધ આવે છે એમ પણ નથી,...**' છે? શેમાં? જે આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ પુણ્ય-પાપના રાગથી ભિન્ન થઈને નિજ સ્વરૂપના શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એવો સ્વઆશ્રયે સ્વભાવ સાધે છે એ સાધન છે તે નિશ્ચય સાધન છે. અને પૂર્ણ સ્વભાવની પ્રાપ્તિ એ સાધ્ય છે. તો સાધ્ય પણ નિર્મળ છે અને સાધન પણ નિર્મળ છે. તો એને અભિન્નસાધ્યસાધન કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? મોક્ષ-પોતાની નિર્વિકલ્પ શાંતિ, પૂર્ણાનંદની પ્રાપ્તિ પણ નિર્મળ છે અને પોતાના દ્રવ્યના આશ્રયે પોતાની વર્તમાન જ્ઞાનની પર્યાયને સ્વજ્ઞેયમાં એકાકાર કરીને જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્મળ નિર્વિકારી પર્યાય થાય છે તેને નિશ્ચય માર્ગ કહે છે. એ નિશ્ચય સાધન છે અને પૂર્ણ મુક્તિ થવી તે (સાધ્ય છે). આ અભિન્નસાધ્યસાધન થયું, એક જાતનું. સમજાણું કાંઈ? એક જાતનું સાધન અને એક જાતનું સાધ્ય. સમજાણું કે નહિ આમાં?

શુદ્ધતા. પોતાના સ્વભાવમાં પુણ્ય-પાપના વિકલ્પથી, રાગથી રહિત નિજ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપના આશ્રયથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની અરાગી વીતરાગી પર્યાય જે છે તેને સાધન કહેવામાં આવ્યું છે અને સાધ્ય પૂર્ણ દશા. આ અભિન્નસાધ્યસાધન થયું. તો સાધન પહેલા અને સાધ્ય પછી એ પણ એમાં આવી ગયું. હવે આપણે પહેલા અને પછીમાં જરી (લઈએ). ઓલા કહે છેને, પહેલા અને પછી. ત્યારે આ વ્યવહાર... આપણે અહીં તો હવે વ્યવહારમાં

લગાડવું છે. નિશ્ચયમાં તો થયું.

હવે અહીંયાં કહ્યું, '**ભિન્નસાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયે (—વ્યવહારનયની અપેક્ષાએ) પ્રરૂપવામાં આવ્યું હતું.**' શું? ૧૦૭ ગાથામાં. આપણે ૧૦૭ ચાલી ને. એ સ્વપર્યાય કર્મના નિમિત્તના લક્ષે સ્વપરહેતુવાળો જે વિકલ્પ નામ રાગ હતો તેને વ્યવહારનયથી મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? તો કહે છે કે, એ ભિન્નસાધ્યસાધનવાળા વ્યવહારનયથી. શું કહ્યું? કે જે વિકલ્પ છે—રાગ છે તે સ્વપર પ્રત્યય-હેતુ ઉત્પન્ન થયો છે. આત્માના આશ્રયે ઉત્પન્ન થયેલો એ રાગ નથી. જે રાગ છે પંચ મહાવ્રતના પરિણામ, બાર વ્રતના પરિણામ, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા, એ નવ તત્ત્વનું જ્ઞાન અને રાગની મંદતા પંચ મહાવ્રતાદિ એ સ્વપર પ્રત્યય રાગની પર્યાય છે ઈ સાધન છે અને પૂર્ણ શુદ્ધ સાધ્ય છે કે સપ્તમ ગુણસ્થાનવાળી નિર્વિકલ્પ દશા સાધ્ય છે તો ત્યાં સાધ્યસાધન ભિન્ન થઈ ગયા. રાગ સાધન થયો એ ભિન્ન છે અને સાધ્ય જે નિર્વિકલ્પ દશા સપ્તમ ગુણસ્થાનની કે ઉપરની તે નિર્મળ થઈ, તો નિર્મળ ભિન્ન છે, મલિન ભિન્ન છે. વ્યવહારનયથી એને ભિન્ન સાધન, ભિન્ન સાધ્ય કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? પહેલા સાધન અને પછી સાધ્ય એ પણ એમાં આવ્યું.

નિશ્ચય નિર્વિકલ્પ પોતાના સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પહેલા અને પછી પૂર્ણ સાધ્ય. અને તેની સાથે રાગ આવ્યો એ પહેલા અને પછી સાધ્ય, પૂર્ણ સાધ્ય. એને આ નિમિત્ત કહેવામાં આવે છે. પોપટભાઈ! ભિન્ન. કેમકે નિર્મળ સાધ્ય નિર્દોષ દશા અને રાગ સાધન. તો ભિન્નસાધ્યસાધન કહેવામાં આવ્યું છે એ વ્યવહારનયથી. નિશ્ચયનયથી અભિન્ન નિર્મળ દશા અને નિર્મળ પૂર્ણ તે અભિન્નસાધ્યસાધન કહેવામાં આવ્યું. કાલે બહુ આવ્યું છે હોં! અત્યારે બહુ ચાલે છે. કાલે તો ત્રણ-ચાર પાના સંપાદકે ભર્યા છે. સાધ્ય-સાધન, સાધ્ય-સાધન. પહેલા વ્યવહાર હોય છે. સપ્તમ ગુણસ્થાન સુધી તો નિશ્ચય છે જ નહિ. ઓ.. ભગવાન! નિશ્ચય વિના (વ્યવહાર કેવો)?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ વળી આપણે કહીએ છીએ. ઈ તો હજી બારમું કહે છે. આઠમું કહે છે, આ તો હવે બારમું કહે છે. વળી આ જરી... કોઈ વખતે કદાચિત્ છઠ્ઠે રાગ અને સાતમે નિર્વિકલ્પ કિંચિત્માત્ર કહેવાય. વળી એવું થોડું લીધું છે. ખરું તો પૂર્ણ તેરમે સાધ્ય અને નીચે સાધન (છે). અરે..! કંઈક કલ્પના.. કલ્પના.. કલ્પના.

ટોડરમલ તો નિશ્ચય અને વ્યવહારમાં સાહચર્ય કહે છે, સહચારી. સાથે સાથે રહેનારા. સમજાણું કાંઈ? જ્યારે પોતાના સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને નિર્વિકલ્પ પ્રતીત આદિ થઈ તો સાથે જેટલો નવ તત્ત્વના ભેદવાળો રાગ, વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન અને પંચ મહાવ્રતાદિના પરિણામને વ્યવહાર સાહચર્ય—સહચારી કહીને નિમિત્ત જોઈને ઉપચારથી તેને વ્યવહારનય

ભિન્નસાધ્યસાધનવાળાને સાધનમાં વ્યવહારનો આરોપ કરીને ઈ મોક્ષમાર્ગ છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

તો કહે છે, '**આમાં પરસ્પર વિરોધ આવે છે એમ પણ નથી,..**' કે આ શું? અભિન્નસાધ્યસાધન પણ છે અને ભિન્નસાધ્યસાધન પણ છે, આ શું? સાંભળ ભાઈ! એમાં વિરોધ નથી. જેટલો સ્વપર પ્રત્યય આશ્રય વિકલ્પ નામ રાગ રહ્યો, છઠ્ઠા ગુણસ્થાને, પાંચમે, ચોથે આદિમાં એ વિકલ્પ રહ્યો પંચ મહાવ્રતાદિ વ્યવહાર રત્નત્રયનો તેને નિમિત્ત તરીકે, વ્યવહાર તરીકે સાધન કહીને સાધ્ય તેનાથી પ્રાપ્ત થાય છે (એમ કહ્યું). કારણ કે બેય મોક્ષમાર્ગ કહ્યાને? બે. તો બે મોક્ષમાર્ગ તો બેનું ફળ મોક્ષ. સમજાણું કાંઈ? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં એમ લીધું છે કે નિશ્ચય-વ્યવહારમાર્ગથી મોક્ષ થાય છે. તો એમાં કહે છે, માર્ગ બે કહ્યા તો બેનું ફળ એક મોક્ષ કહ્યું. પણ કઈ અપેક્ષાએ? કે સાથે નિમિત્ત છે અને અહીંયાં અભિન્ન સાધન પ્રગટ થયું છે તો બેયથી થયો (એમ કહ્યું). રાગથી થયો એ ઉપચારથી અને શુદ્ધતાથી થયો યથાર્થતાએ. શુદ્ધતાથી મુક્તિ થઈ એ યથાર્થતાએ અને સ્વપર પ્રત્યયથી મુક્તિ થઈ એ ઉપચારથી. કેમકે એ માર્ગ જ ઉપચાર છે તો એનાથી મુક્તિ થઈ એ પણ ઉપચારથી થઈ છે. નવરંગભાઈ! અરે.. ભગવાન! આહાહા..!

કહે છે કે '**આમાં પરસ્પર વિરોધ...**' નથી આવતો. આમ હોય છે. જ્યારે પોતામાં નિશ્ચય શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાનનું સાધન થાય અને પૂર્ણ સાધ્ય થાય તો અભિન્ન સાધ્યસાધન છે. એમાં વ્યવહારરૂપ નિમિત્ત સાહચાર્ય—સાથે રહેવાવાળો છે (તેથી), આરોપથી કહેવામાં આવે છે. તો એમાં કોઈ વિરોધ નથી. કેમ? કેમ નામ કારણ છેને? એમાં એમ શબ્દ છે. 'કારણ કે...' આપણે હિન્દીમાં 'ક્યોંકિ' લખ્યું છે. '**કારણ કે સુવર્ણ...**' જુઓ ધ્યાન રાખજો. '**અને સુવર્ણપાષાણ...**' સુવર્ણ એ ખરેખર ઉપાદાન છે અને સુવર્ણપાષાણ તે નિમિત્ત છે. તો સુવર્ણ થવામાં, પ્રગટ થવામાં સુવર્ણ એ નિશ્ચય છે. અંદર સુવર્ણની જેટલી નિર્મળ પર્યાય પોતાથી થાય છે એ નિશ્ચય છે અને સુવર્ણનો પત્થર નિમિત્તનો જેટલો ખસી જાય છે એટલું એટલું નિમિત્તને-સુવર્ણપાષાણને શુદ્ધનું સાધન કહ્યું, સોળ વલા સોનાનું સાધન કહ્યું એ નિમિત્તથી કહેવામાં આવે છે. કોને? સુવર્ણપાષાણને. સુવર્ણપાષાણને સુવર્ણની પ્રાપ્તિમાં નિમિત્ત કહ્યો. અને સુવર્ણપાષાણને... સુવર્ણ પ્રાપ્તિમાં યથાર્થતાથી શુદ્ધ ઉપાદાન સાધન છે. સુવર્ણ જ પોતાના શુદ્ધ ઉપાદાનથી પરિણમીને પૂર્ણ શુદ્ધ થાય છે. તો સુવર્ણપાષાણ સુવર્ણશુદ્ધિમાં નિમિત્તથી ઉપચારથી શુદ્ધિનું કારણ છે એમ સુવર્ણપાષાણને કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :— સુવર્ણપાષાણમાંથી સુવર્ણ મળે છેને.

ઉત્તર :— નહિ, નહિ. એમાંથી નીકળે છે? સુવર્ણપાષાણ કહ્યું છે. એકલો પત્થર નહિ. સુવર્ણના પાષાણમાંથી જે સુવર્ણ નીકળે છે એ સુવર્ણ તો પોતાની પર્યાયની શુદ્ધતાથી પોતાથી પ્રગટ થઈને પૂર્ણ સોળ વલું (થાય છે). સોળ વલું કહે છેને? સોળ આના, સો ટચ. પૂર્ણ

થાય છે. પણ એમાં સુવર્ણપાષાણનું નિમિત્ત હતું, એમાં સોનું સંબંધરૂપે સોનું હતું ને. તો એટલો નિમિત્તસંબંધ કહીને તેનાથી પણ શુદ્ધિ થઈ એમ નિમિત્તથી આરોપ કરીને કહેવામાં આવ્યું છે. ઈ આગળ કહેશે, હોં! નિમિત્તથી શુદ્ધિ થાય છે, ભાઈ! એટલે અહીં 'શુદ્ધ' શબ્દ વાપરીએ છીએ. હા, આગળ કહેશે કે વ્યવહારની શુદ્ધિ. વ્યવહારની શુદ્ધિ એટલે આ વ્યવહારની શુદ્ધિ. સમજાણું કાંઈ? નવરંગભાઈ! આ પંચાસ્તિકાયનું ભારે. એમાંથી જ કાઢ્યું છે ભાઈએ તો મોક્ષમાર્ગ... સહચર જોઈને કહ્યું છે. યથાર્થમાં મોક્ષમાર્ગ નથી. હવે અહીંયાં આવશે. બે નયનું છેને એમાં તકરાર છે. જુઓ! બધા આ નાખે છે.

સુવર્ણ અને સુવર્ણપાષાણ સમજાણું? સુવર્ણનો પત્થરમાંથી સુવર્ણ નીકળે છે તો સુવર્ણપાષાણને નિમિત્ત કહેવામાં આવ્યું છે. એમ પોતાનો આત્મા શુદ્ધ સ્વભાવની અંતર સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, રમણતા કરે છે, તે સુવર્ણના સ્થાનમાં નિર્મળતા પ્રગટ કરીને પૂર્ણ નિર્મળતાનું કાર્ય કરે છે તેમાં એ વ્યવહારનો વિકલ્પ સુવર્ણપાષાણની જેમ નિમિત્ત અને સહચારી કહેવામાં આવ્યો છે. કહો, સમજાણું કાંઈ? સુવર્ણપાષાણનું આને ક્યાં છે, નથી, એને તો લોઢાનું છે. એ તો ઓલાને હતું. એ તો... કેવા? જેઠાલાલ સંઘવી. એને સુવર્ણપાષાણનું હતું. સુવર્ણપાષાણના પથરા ન્યાં કરતા, એને કાઢતા. કહો, સમજાણું કાંઈ?

સુવર્ણ એ અભિન્નસાધ્યસાધન. સુવર્ણપાષાણ એ ભિન્નસાધ્યસાધન. અથવા સુવર્ણ તે નિશ્ચય અને સુવર્ણપાષાણ તે વ્યવહાર. આવ્યું એમાં? આવ્યું જુઓ. '**સુવર્ણ અને સુવર્ણપાષાણની માફક...**' સુવર્ણ એ નિશ્ચય અને સુવર્ણપાષાણ ઈ વ્યવહાર. આપણે બીજામાં આવી ગયું છે. બીજી વાત તો આવી ગઈ હતી. તીર્થ સુધી નથી આવ્યું. બે નોટ કાલે આવી ગઈ છે. હવે એક અહીંયાં રહી ગઈ છે.

'**નિશ્ચય-વ્યવહારને સાધ્ય-સાધનપણું છે;...**' શું? સુવર્ણપાષાણ વ્યવહારથી સાધન અને સુવર્ણ નિશ્ચયથી નિર્મળતા થાય છે એ નિશ્ચયસાધન. પૂર્ણ સોળ ટચનું સોનું થવામાં. એમ પોતાના આત્મામાં શુદ્ધ સ્વભાવ વીતરાગી પરિણતિ પોતાના સ્વભાવના આશ્રયે થઈ તે જ પૂર્ણ શુદ્ધમાં નિશ્ચયસાધન છે અને રાગ—વિકલ્પ કહ્યો એ સુવર્ણપાષાણના સ્થાને તેમાં વ્યવહારસાધન કહેવામાં આવ્યું છે. જ્ઞાન કરાવવું છે. બીજું નિમિત્ત કોણ છે એનું જ્ઞાન કરાવવું છે. તો અહીં કહે છે જુઓ!

'**તેથી જ પારમેશ્વરી...**' અહીંયાં બધા કહે છે, જુઓ ભાઈ! ભગવાનની આજ્ઞા, તીર્થપ્રવર્તના. તીર્થ નામ મોક્ષમાર્ગ. તીર્થ નામ નીચે છે. 'તીર્થ (અર્થાત્) મોક્ષમાર્ગ;' તીર્થ નામ 'ઉપાય...' તીર્થ નામ 'ભગવાનનો ઉપદેશ...' અને તીર્થ નામ ભગવાનનું 'શાસન.' નીચે આટલા અર્થ કર્યા છે. છેને? '**પારમેશ્વરી (—જિનભગવાનની)...**' માર્ગની શૈલી, જિનભગવાનના ઉપદેશની શૈલી, જૈનભગવાનની શાસનની શૈલી, જૈનભગવાનના ઉપાયની પદ્ધતિ. '**તીર્થપ્રવર્તના બન્ને નયોને આધીન છે.**' અહીંયાં આકરું છે જુઓ! ભગવાનની

તીર્થપ્રવર્તના, શાસનપ્રવર્તના, ઉપદેશપ્રવર્તના, માર્ગની પ્રવર્તના, ઉપાયની પ્રવર્તના બન્ને નયોને આધીન છે. હવે આમાં ગડબડ (કરે) છે. બાબુભાઈ!

બન્ને નયોને આધીનનો અર્થ શું? બન્ને નયોથી એમાં કથન ચાલે છે. પ્રરૂપણા બન્ને નયથી ચાલે છે. પ્રરૂપણ બે પ્રકારનું આવ્યુંને? સમજાણું કાંઈ? ઈ વાત છે. બહુ ગડબડી. પણ આટલી બધી ગડબડ હશે એ તો અમને ખબર નહિ, હોં! આ તો ભારે કાઢ્યું ભાઈ! ચોથેથી સાતમે વ્યવહાર ને બાર સુધી વ્યવહાર. આહાહા..! સ્વપરપ્રત્યયી વ્યવહાર સંવર, નિર્જરાનું કારણ. આહાહા..! આ શબ્દ શું છે? **'સ્વપરહેતુક પર્યાયને આશ્રિત...'** વ્યવહારનય છે ભિન્નસાધ્યસાધનભાવ. તો એ તો વિકલ્પ—રાગ આવ્યો. રાગ સંવર, નિર્જરાનું કારણ છે?

મુમુક્ષુ :— કથંચિત્ છે.

ઉત્તર :— શું કથંચિત્ છે? રાગ તો બંધનું જ કારણ છે પણ અબંધ પરિણામ પોતાથી સ્વભાવમાં શરૂ થયા છે તેની સાથે નિમિત્ત જોઈને અબંધ પરિણામને મોક્ષમાર્ગ કહ્યો અને નિમિત્તને અબંધ પરિણામ વ્યવહારથી કહ્યું અથવા વ્યવહારથી મોક્ષમાર્ગ કહ્યું. બંધ પરિણામ છે તેને અબંધ પરિણામ કહેવા, બંધમાર્ગ છે તેને મોક્ષમાર્ગ કહેવો એ વ્યવહારનયનું લક્ષણ છે. આહાહા..! સમજાણું કાંઈ? ડાલચંદજી! લોકોને આ નય નડે છે. બન્ને નયોને આધીન છે. તમારે તો પહેલી એક નય વ્યવહાર છે અને નિશ્ચય તો બારમે (થાય). ક્યારે થશે બારમું? બે ભવ, પાંચ ભવ પછી. સમજાણું કાંઈ? એમ નથી. ભાઈ!

બન્ને નય સાથે છે. અભિન્નસાધ્યસાધન જ્યારે છે તે જ સમયે ભિન્નસાધ્યસાધન પહેલા કહો એમાં કંઈ વાંધો નથી. સમજ્યા? સાધ્ય નિર્વિકલ્પ દશા પછી આવે છે કે બારમા પછી તેરમું ગુણસ્થાન સાધ્ય આવે છે તો અહીંયાં જેટલી નિર્મળ દશા શુદ્ધ સ્વ આશ્રયે અરાગી શ્રદ્ધા, જ્ઞાન, રમણતા છે તે જ કાળે રાગનો વિકલ્પ છે, એ બેયને સાધન કહેવામાં આવ્યું છે. સાધન. સાધન બન્ને સાથે છે. સાધ્ય પછી છે. ભાઈ! એમ કહે કે સાધન પહેલા, પછી સાધ્ય. પહેલા સાધન લે ભાઈ. પણ કઈ અપેક્ષાએ?

પોતાના સ્વરૂપની પૂર્ણ શુદ્ધિ એ સાધ્ય. એની નિર્મળ વિકાર રહિત આત્માના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની પર્યાય નિશ્ચયસાધન. એ નિશ્ચયસાધન પહેલા અને સાધ્ય પછી. એક વાત થઈ. અને નિશ્ચયસાધનની સાથે વિકલ્પ જે છે સ્વપરપ્રત્યય આશ્રય નવ તત્ત્વની ભેદરૂપ શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન, પંચ મહાવ્રતના પરિણામ એ પણ સાધન વ્યવહારથી. ઈ પહેલા અને પછી સાધ્ય પૂર્ણ થશે. ત્યારે આ સાધન ત્યાં જઈને પૂર્ણ થશે, ત્યારે નિમિત્તનો અભાવ થશે. આ અપેક્ષાથી એને સાધન કહેવામાં આવ્યું છે. આહાહા..! એ તો ક્ષણે ક્ષણે અભાવ તો થતો જાય છે કે નહિ? અરે.. ભગવાન! શું કહે? આવો માર્ગ સીધો સીધો સરળ છે પણ એવું નાખી દીધું... ચીમનભાઈ! આ જુઓ તમારા બધા પંડિતોને બધું કઠણ પડશે મુંબઈમાં. સામા જવાબ દેવા પડશે. એવા બધા આવે છે... શું કહેવાય? પૂર. પાણીની સામે

ઝીલવું કઠણ પડે કે શું હશે? શું છે? આ તો પહેલા વ્યવહાર કહે છે, પછી નિશ્ચય. શ્રીમદ્ તો કહે છે, નિશ્ચય અને વ્યવહાર સાથે છે. 'નય નિશ્ચય એકાંતથી એમાં નથી કહેલ, એકાંતે વ્યવહાર નહિ બંને સાથ રહેલ'. બન્ને શી રીતે કહેશો? અગાસમાં એ ગાથા ચાલી હતી. જ્યારે (સંવત) ૨૦૧૩ની સાલમાં અગાસ ગયા હતા ને. શ્રીમદ્ આ બે સાથે કહે છે. પહેલા વ્યવહાર અને પછી નિશ્ચય એમ તો એમાં કહેતા નથી. શું છે એમાં? તો બિચારા બોલ્યા હતા કે આવી સૂક્ષ્મ વાત અહીંયાં ચાલતી નથી. બે તો સાથે છે. તો બે ધર્મ પણ સાથે છે. નયનો વિષય પણ એક સાથે છે. સમજાણું કાંઈ? ટોડરમલે જે કાઢ્યું છે એ તો શાસ્ત્રનું રહસ્ય એમાંથી કાઢ્યું છે. જે આ ભિન્નસાધ્યસાધન છે એ સાથે વિકલ્પ હોય અને છે તેથી કંઈ નિશ્ચયની શુદ્ધિ પ્રગટ થઈ છે, એની વિરુદ્ધ નથી. વિરુદ્ધનો અર્થ એનો હ્રાસ, વર્તમાનમાં હ્રાસ નથી કરતું. એટલી શુદ્ધિ ઉત્પન્ન નથી થતી એ જુદી વાત છે, પણ જેટલી પોતાના સ્વભાવમાં જ્ઞાયક દ્રવ્યના આશ્રયે શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, લીનતા થયા અને એની સાથે વિકલ્પ સ્વપર નિમિત્તવાળો રાગ છે. બેને સાથે રહેવામાં વિરોધ નથી. સમજાણું કાંઈ?

જેમ સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનને સાથે રહેવામાં વિરોધ છે, એવો આ વિરોધ નથી. એ અપેક્ષાએ વાત છે. સમજાણું કાંઈ? જેમ સમ્યગ્દર્શન છે તો સાથે મિથ્યાદર્શન પણ છે એ વિરોધ છે. એમ નથી હોતું. પણ નિશ્ચય મોક્ષમાર્ગ નિજ સ્વભાવના આશ્રયે છે ત્યારે વ્યવહાર વિકલ્પ છે એનો વિરોધ નથી. વિરોધ નથી, બેય સાથે હોય છે. સમજાણું કાંઈ? શેઠી! આ બધી સમજવાની વાત છે. આ બધા અગ્રેસરો તમારા મોટાઓને બધાને વાંધા ઉઠશે ઓલાને. પંડિતો લાવશે આમ.. એઈ..! ઉકરડા. અરે.. ભાઈ! બાપુ! એ પરમેશ્વરનું ઘર જાણવું એ કોઈ અલૌકિક વાત છે. એ પોતાનો નિજ પરમેશ્વરના ઘરમાં જવું અને એનો નિકાલ કરવો એ બહુ અલૌકિક ઊંડી વાત છે.

ભગવાન આચાર્ય કહે છે કે તીર્થપ્રવર્તના અર્થાત્ નિશ્ચયમોક્ષમાર્ગનું થવું અથવા તીર્થનો તરવાનો ઉપાયનું હોવું. જુઓ! ઉપાય એ તીર્થ છેને ભાઈ! ઉપાય. નીચે ઉપાય છે. તીર્થ એટલે ઉપાય, તીર્થ એટલે માર્ગ. તીર્થ એટલે ભગવાનનું શાસન. ભગવાનના શાસનમાં બે ઉપદેશ આવ્યા છે. બે નયનો ઉપદેશ આવ્યો છે. કહો! પણ એનો અર્થ એવો નથી કે વ્યવહારનયનો જે માર્ગ છે એ પણ શુદ્ધિનો માર્ગ છે. આરોપથી કહ્યું છે, યથાર્થતામાં નથી. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ ભાઈ અશોક? શું નામ છે? અમુલખચંદજી! જુઓ આ અમુલખની વાત છે. અમોલ છે, ભગવાનના ભાવ, આત્માના ભાવ તો અમોલ છે. એની સાથે રાગને પણ અમોલ કહી દેવો એ વ્યવહાર છે. કહો, સમજાણું કાંઈ?

'**બંને નયોનો...**' હવે બંનેનો ભાઈએ—પંડિતજીએ વિશેષ ખુલાસો કર્યો છે, જુઓ! ચોથો છેને ચોથો? ચોગડો.. '**જિનભગવાનના ઉપદેશમાં બે નયો દ્વારા નિરૂપણ હોય છે.**' છે નીચે નોટ? '**ત્યાં, નિશ્ચયનય દ્વારા તો સત્યાર્થ નિરૂપણ...**' જુઓ! નિશ્ચયનય

દ્વારા સત્યાર્થ કથન, સત્યાર્થ શાસન, સત્યાર્થ મોક્ષમાર્ગ, સત્યાર્થ ઉપાય, સત્યાર્થ ઉપદેશ. નિશ્ચયનય દ્વારા સત્યાર્થ ઉપદેશ, સત્યાર્થ નિરૂપણ, સત્યાર્થ માર્ગ, સત્યાર્થ ઉપાય (કરવામાં આવે છે). **'અને વ્યવહારનય દ્વારા અભૂતાર્થ ઉપચરિત...'** અગિયારમી ગાથાના ન્યાયે. સમજાણું કાંઈ? અગિયારમી ગાથા છેને? **'ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ'**. ભૂતાર્થ ત્રિકાળ વસ્તુને જ અમે શુદ્ધનય કહીએ છીએ. ત્રિકાળ ભગવાન શુદ્ધ આત્મા એને જ શુદ્ધનય કહીએ છીએ. પર્યાય, રાગને અમે અસત્યાર્થ કહીએ છીએ. અસત્યાર્થનો આશય એ કે ટકતી ત્રિકાળી ચીજ નથી કે જેમાં દૃષ્ટિ રહેવાથી ટકતી ચીજ હોય એને ભૂતાર્થ કહેવામાં આવે છે. એ પોતે અસ્થિર હોય અને જેમાં દૃષ્ટિ લગાવવાથી દૃષ્ટિ પણ અસ્થિર થાય એને અહીંયાં ભૂતાર્થ કહેવામાં નથી આવ્યું. સમજાણું કાંઈ?

તો અહીંયાં કહે છે, **'વ્યવહારનય દ્વારા અભૂતાર્થ ઉપચરિત નિરૂપણ કરવામાં આવે છે.'** અને ટોડરમલે ભાઈ, એ જ લીધું છેને. કાલે કહ્યું હતું. મોક્ષમાર્ગને જ એણે ભૂતાર્થ, અભૂતાર્થ એમ કહ્યો છે. સમજ્યાને? બે પ્રકાર. ભૂતાર્થ અભૂતાર્થ મોક્ષમાર્ગ છે. એ તો નયને આશ્રયે છેને. એ કંઈ ઘરનું નથી. જુઓ! એ કહ્યું, જુઓ! સમયસારમાં શુદ્ધાત્માનો અનુભવ નિશ્ચય કહ્યો છે. નીચે કહ્યું જુઓ! પ્રમાણે ભૂતાર્થ અભૂતાર્થ મોક્ષમાર્ગપણા વડે. ભૂતાર્થ તે નિશ્ચય અને અભૂતાર્થ તે વ્યવહાર. ભૂતાર્થ અભૂતાર્થ મોક્ષમાર્ગ એ ઘરનું નથી કહ્યું. ઈ અગિયારમી ગાથાના ન્યાયથી કહ્યું છે. ભૂતાર્થ જે સત્યાર્થ એ નિશ્ચયમોક્ષમાર્ગ છે. પર્યાયને લગાવવું. ત્યાં લગાવ્યું છે દ્રવ્ય અને પર્યાયની સાથે. જે મૂળ ગાથા છે (એમાં એમ છે કે) ભૂતાર્થ એ શુદ્ધનય. કાયમી ચીજ એ જ શુદ્ધનય છે અને એક સમયની પર્યાય, રાગ અભૂતાર્થ છે. કેમકે ટકતી કાયમ ટકવાવાળી વસ્તુ નથી. એના આશ્રયે પોતાની નિર્મળ પર્યાય પ્રગટ નથી થતી. તેથી તેને અભૂતાર્થ કહ્યું. વસ્તુ તરીકે છે.

અહીંયાં તો કહે છે, એ શૈલીથી મોક્ષમાર્ગમાં લગાવ્યું. પર્યાયમાં નિર્મળ પર્યાય છે એ ભૂતાર્થ મોક્ષમાર્ગ છે. નિજ દ્રવ્યને આશ્રયે શુદ્ધ શ્રદ્ધા અને ચારિત્ર નિર્મળ નિર્વિકારી નિર્વિકલ્પ અરાગી જે આત્મામાં પરિણતિ પર્યાય થઈ એ ભૂતાર્થ મોક્ષમાર્ગ છે, એ સત્યાર્થ મોક્ષમાર્ગ છે. અને સાથે જે વિકલ્પ આવ્યો સાહચર્ય તે અભૂતાર્થ મોક્ષમાર્ગ છે. અભૂતાર્થનો ઉપદેશ છે, અસત્યાર્થનો ઉપદેશ છે. સમજાણું કાંઈ? આ તો ચાલી ગઈ છે, બહુ ચાલશે હોં! હવે લોકો નહિ મૂકે, ઘણા પંડિત એકસાથે છે. એટલે આ વાત તો ચાલશે, ઘણી ઝંઝટ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સાચી વાત છે. ભાઈ! પ્રભુ! આ સત્ય તો સમજ બાપા! એ કંઈ કોઈના પક્ષનો માર્ગ નથી. આ તો વસ્તુની સ્થિતિ એવી છે. આમ છે એમ ભગવાને કહ્યું છે. કંઈ ભગવાને પોતાથી નવું કંઈ નથી કહ્યું.

જુઓ! અહીં શું કહે છે? એ પ્રમાણે ભૂતાર્થ, અભૂતાર્થ મોક્ષમાર્ગપણા વડે એને નિશ્ચય

વ્યવહારનય એમ જ માનવું એમ અહીંયાં ટોડરમલે કહ્યું છે. આ એને નથી બેસતું. ખોટા ઠરાવે છે. આર્ષવાક્ય લાવો. આ આર્ષવાક્ય નથી? આ ભૂતાર્થ-અભૂતાર્થ આર્ષવાક્ય નથી? ભૂતાર્થ એ નિશ્ચય છે, અભૂતાર્થ એ વ્યવહાર છે, એ આર્ષવાક્ય નથી અગિયારમી ગાથાનું? સમજાણું કાંઈ? આ પણ નથી? જુઓ! જે વ્યવહારમાર્ગ છે એ સ્વપરપર્યાયહેતુક છે. તો સ્વપરપર્યાયહેતુકમાં એમ ન લેવું કે થોડી શુદ્ધતા છે અને થોડી અશુદ્ધતા છે એમ નથી. એ વળી ત્યાં લગાવે છે. એમ નથી. અહીં તો સ્વપરહેતુકથી ઉત્પન્ન થઈ છે, ઉત્પન્ન થઈ છે. આત્મા પણ છે અને નિમિત્તનું લક્ષ છે તેનાથી ઉત્પન્ન થયેલો જે વિકલ્પ-રાગ, એ રાગને વ્યવહારસાધન ઉપચારથી સાથે અનુકૂળ નિમિત્ત વ્યવહારથી જોઈને એને આરોપ કરીને વ્યવહારસાધન કહેવામાં આવ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :— સાથે છે.

ઉત્તર :— સાથે છે એટલું, સાથે છે. બે નયનું જ્ઞાન ન કરે પ્રમાણનું જ્ઞાન સાચું થતું નથી. બેયનું પ્રમાણજ્ઞાન કરવું પડેને. નિશ્ચયનું પણ, વ્યવહારનું પણ. બેયનું પ્રમાણજ્ઞાન હોય તે સાચું જ્ઞાન છે. સમજાણું કાંઈ? ખરેખર તો પ્રમાણજ્ઞાન પહેલા ક્યારે ઉત્પન્ન થાય છે? કે આત્મા જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે એના આશ્રયે જ્યારે સમ્યગ્દર્શન થયું તો શુદ્ધ પ્રમાણજ્ઞાન સાથે થયું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત પૂર્ણ જ્ઞાનનો પુંજ છે એમ અંતર પ્રતીત, અનુભવમાં, જ્ઞાનમાં આવ્યું ત્યારે સમ્યગ્દર્શનના કાળમાં જ્ઞાન ભાવશ્રુતપણાના પ્રમાણને પ્રાપ્ત થયું. ભાવશ્રુતપણાના પ્રમાણને પ્રાપ્ત થયું. સમજાણું કાંઈ? પછી શ્રુતપ્રમાણ છે તે અવયવી છે આખું, એનો નય અવયવ છે. નિશ્ચય છે એક તે પોતાના આશ્રયે કામ કરે છે, પરના લક્ષવાળું વ્યવહાર જ્ઞાન કરે છે. એમ પ્રમાણજ્ઞાનના બે અવયવ થયા. તો પ્રમાણજ્ઞાન થયા વિના નય ક્યાંથી આવી? અવયવી પ્રગટ થયા વિના અવયવ આવ્યો ક્યાંથી? સમજાણું કાંઈ? શરીર નથી અને હાથ છે એનો અર્થ શું? એમ પ્રમાણજ્ઞાન વિના, ભાવશ્રુત પ્રમાણજ્ઞાન વિના એના ભેદ—નિશ્ચય અને વ્યવહાર બે અવયવ ક્યાંથી આવ્યા? રાજમલજી!

તો પ્રમાણજ્ઞાન કઈ રીતે ઉત્પન્ન થાય છે? શું નિમિત્તના આશ્રયે થાય છે? વિકલ્પના આશ્રયે થાય છે? પોતાના સ્વભાવના આશ્રયે (થાય છે). નિશ્ચયનો આશ્રય થયો તો તેનું પણ જ્ઞાન થયું અને સાથે પર્યાયનો ભંગ રહ્યો શુદ્ધનો, રાગનો એ પણ જ્ઞાનમાં સાથે શ્રુતજ્ઞાનમાં બેય સાથે જણાયા. નિશ્ચય સ્વના આશ્રયે, વ્યવહાર ભેદના આશ્રયે (થયો એમ) જ્ઞાન કર્યું એનું નામ પ્રમાણ. સમજાણું કાંઈ? અને પ્રમાણ વિના વ્યવહાર પહેલા અને નિશ્ચય પછી એમ આવ્યું ક્યાંથી? આહાહા..! સમજાણું કાંઈ? પહેલા વ્યવહાર. વ્યવહાર તો એક અંશ છે. અંશી વિના અંશ પહેલા ક્યાંથી આવી ગયો? ઝીણું છે હોં! પોપટભાઈ!

મુમુક્ષુ :— સમજાય એવું છે.

ઉત્તર :— સમજાય એવું છે. હા. એ તો ઉત્સાહી માણસ છેને. ન સમજાય એવું કાંઈ

નથી. આચાર્યો, ન સમજાય એવી વાત કહેતા જ નથી. આહાહા..!

કહે છે, ભગવાન! તારા શ્રુતજ્ઞાનનો ભાવ અંતર્મુખથી થયો તો બે નય પડી ગયા. પ્રમાણના બે ભાગ પડી ગયા. એક નિશ્ચય અને બીજું વ્યવહાર. તો નિશ્ચય સ્વઆશ્રયે નિર્મળતા પ્રગટ છે એને નિશ્ચય મોક્ષમાર્ગ કહે છે. જેટલો વિકલ્પ છે એને વ્યવહારથી સહચારી જોઈને વ્યવહારમોક્ષમાર્ગનો આરોપ છે. યથાર્થમાં મોક્ષમાર્ગ નથી એને કહેવું એનું નામ વ્યવહાર છે. કેમકે સાથે છે એનું જ્ઞાન કરાવવાનું પ્રયોજન છે. વ્યવહારનય દ્વારા અભૂતાર્થ ઉપચરિત નિરૂપણ કરવામાં આવ્યું છે. અભૂતાર્થ કહો, અસત્યાર્થ કહો, નથી તેને કહેવું એનું નામ ઉપચાર કહો. સમજાણું કાંઈ? મિત્રસેનજી!

મુમુક્ષુ :— બિલકુલ આમ જ છે.

ઉત્તર :— બિલકુલ આમ જ છે? આવા ઉત્સાહી થોડા પાંચ, પચાસ, સો, બસ્સો નીકળે તો ખબર પડે કે કેવી વાત છે.

મુમુક્ષુ :— કથનપદ્ધતિ...

ઉત્તર :— કથનપદ્ધતિ બે પ્રકારની છે, વસ્તુ બે પ્રકારની નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— વસ્તુને કહેવાની બે પ્રકારની પદ્ધતિ છે.

ઉત્તર :— બે પ્રકારની પદ્ધતિ છે. ન હોય તો, નિશ્ચય-વ્યવહાર ન હોય તો આખું પૂર્ણ જ્ઞાન કઈ રીતે થાય?

'**હવે પ્રશ્ન :— સત્યાર્થ નિરૂપણ જ કરવું જોઈએ. જુઓ! અભૂતાર્થ ઉપચરિત નિરૂપણ શા માટે કરવામાં આવે છે? એવો પ્રશ્ન** (છે).' પાછળ ઉત્તર.

'**ઉત્તર :— જેને સિંહનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન હોય તેને સિંહના સ્વરૂપના ઉપચરિત નિરૂપણ દ્વારા અર્થાત્ બિલાડીના સ્વરૂપના નિરૂપણ દ્વારા...**' ઉપચરિત એટલે બિલાડીના (સ્વરૂપ) દ્વારા. બિલાડી સિંહ નથી. સિંહ આવો હોય છે એમ બતાવવું છે. ચટપટા હોય, આમ મૂછ હોય. સમજાણું કાંઈ? પણ એને જ સિંહ સમજી લે તો? એમ વ્યવહારથી કહેવામાં આવ્યું હોય તેને જ નિશ્ચય સમજી લે તો? ઈ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ? '**બિલાડીના સ્વરૂપના નિરૂપણ દ્વારા સિંહના યથાર્થ સ્વરૂપના ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે,...**' બિલાડીની સમજ દ્વારા સિંહનું સ્વરૂપ કેવું છે એ તરફ લઈ જાય છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— વિકારમાંથી તો વિકાર જ થાય છે, વિકારમાંથી અવિકાર કેવી રીતે થાય?

'**તેમ જેને વસ્તુનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન હોય...**' નિશ્ચય સ્વરૂપ અખંડ આનંદ જ્ઞાયકમૂર્તિ છે એમ ન સમજાતું હોય 'તેને વસ્તુસ્વરૂપના ઉપચરિત આરોપિત નિરૂપણ દ્વારા વસ્તુસ્વરૂપના યથાર્થ ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે.' એક વાત. એક વાત આવી

વ્યવહારની. બીજી, '**વળી લાંબા કથનને બદલે સંક્ષિપ્ત કથન કરવા માટે પણ વ્યવહારનય દ્વારા ઉપચરિત નિરૂપણ કરવામાં આવે છે. અહીં એટલું લક્ષમાં રાખવાયોગ્ય છે કે—જે પુરુષ બિલાડીના નિરૂપણને જ સિંહનું નિરૂપણ માની બિલાડીને જ સિંહ સમજી બેસે તે તો ઉપદેશને જ યોગ્ય નથી,...**' લ્યો. વ્યવહારથી વાત કરે ત્યાં પકડી લ્યે કે એનાથી નિશ્ચય થાય છે અને તે નિશ્ચયની વાત છે. એ કડુ.. શું ગામ કીધું? ભાઈ! નહિ આપણે? પાંચ ગાઉ રાજકોટથી નહિ? મચ્છર, નિશાળ નિશાળ. કુવાડવા. કુવાડવા, રાજકોટથી પાંચ કોશ દૂર છે. ત્યાં અમે નિશાળમાં ઉતર્યા હતા. ત્યાં એક મચ્છરનું ચિત્ર હતું. મચ્છર નથી થતા? આવડું મોટું ચિત્ર. ચાર પગ ને એમ બતાવ્યું હતું. બાળકને દેખાડ્યું. ઓહો..! મોટો મચ્છર છે. એમાં એક હાથી આવ્યો. (બાળક કહે), માસ્તર સાહેબ! મચ્છર આવ્યો. અને આ ચિત્ર તો અમે જોયું હતું હોં! નિશાળમાં ઉતર્યા હતા. નાનું શરીર ને આમ ચાર પગ બતાવે. પગમાં આમ ઝીણા ઝીણા ભાગ હોય હેઠે. એ બધું બતાવ્યું હતું. ઝીણું સમજાય નહિ એટલે મોટા મોટા પગ બતાવીને મચ્છરનું ચિત્ર ચિતર્યું હતું. આવડું લાંબુ ચિત્ર. એવામાં એક હાથી ગામમાં આવ્યો. (બાળક કહે), માસ્તર સાહેબ! મચ્છર આવ્યો. અરે.. ભાઈ! મચ્છરને (ચિતરીને) અમારે તને (મચ્છર) બતાવવો હતો. મચ્છરને આવડો લાંબો બતાવ્યો એટલે એ લાંબો હાથી છે એમ નહિ. ત્યાં આ બન્યું હતું, હોં!

એમ અહીંયાં વ્યવહારથી બિલાડીનું સ્વરૂપ બતાવીને સિંહ આવો હોય છે એમ બતાવે છે. પણ બિલાડીને જ સિંહ માની લે તો (જૂઠું છે). તને અમે શું કહીએ છીએ, કઈ અપેક્ષાથી કહીએ છે એ તને ખબર નથી અને માની લીધું કે નિશ્ચય થઈ જશે. સિંહ છે, સિંહ છે. 'તેમ જે પુરુષ ઉપચરિત નિરૂપણને જ સત્યાર્થ નિરૂપણ માની...' આ ગાથા પુરુષાર્થસિદ્ધિ ઉપાયની છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાય અમૃતચંદ્રાચાર્યનું. 'વસ્તુસ્વરૂપને ખોટી રીતે સમજી બેસે તે તો ઉપદેશને જ યોગ્ય નથી.' આમાં ખુબી શું લીધી છે? કે વ્યવહારથી કથન કરવામાં આવ્યું એને પકડી લે કે આ જ સત્ય છે. તો કથનની પદ્ધતિ તો વ્યવહારથી આવ્યા વિના રહેતી નથી અને તું એને નિશ્ચય સમજી લે, તને શું કહેવું? તને ઉપદેશ દેવો કઈ રીતે? તું ઉપદેશને યોગ્ય નથી. સમજાણું કાંઈ?

એક સાધુ ઉપદેશ દેતા હતા કે મૌન રહેવાથી આવો લાભ થાય છે. મૌન રહેવાથી આવો લાભ થાય છે. શિષ્યે કહ્યું, સાહેબ! આપ કેમ મૌન નથી રહેતા? સાંભળ તો ખરો. અમે જે કહીએ છીએ એ દલીલ તો સમજ. (અમને મૌન રહેવાનું કહો છો) તો તમે કેમ મૌન નથી રહેતા? તું ઉપદેશ સાંભળવાને પણ લાયક નથી. તને શું કહેવામાં આવે છે એ સમજતો નથી અને પાધરું કહે છે, તમે કેમ બોલો છો? કોણ બોલે? સાંભળ તો ખરો. અહીંયાં તો બોલવાનો વિકલ્પ આવે છે એને ટાળીને નિર્વિકલ્પ રહેવું ઈ સમજાવવું છે. સમજાણું કાંઈ? એ સમજતો નથી અને તું કહે છે કે, તમે કેમ બોલો છો? અરે..! બોલે કે ન બોલે,

સાંભળ તો ખરો.

એમ જ્યારે વ્યવહારનો ઉપદેશ કરે છે (ત્યારે) વ્યવહારથી સમજાવે છે કે જુઓ ભાઈ! આત્મા જ્ઞાન છે, દર્શન છે, આનંદ છે, શાંતિ છે. જુઓ! મહારાજ! તમે નહોતા કહેતા કે આત્મા જ્ઞાન છે? ભાઈ! એ તો ભેદ પાડીને અભેદ બતાવ્યું છે. ભેદસ્વરૂપ વસ્તુ નથી. અમે પણ ભેદસ્વરૂપ નથી માનતા અને તું પણ ભેદસ્વરૂપ નહિ માનતો. બીજો કોઈ ઉપાય નથી. જાણે તે આત્મા, ભેદ તે આત્મા. સમજાણું કાંઈ? પણ એ તો નિશ્ચય તો એકરૂપ છે, અભેદ છે એને બતાવવા માટે છે. એને જ પકડી લ્યે. શું કહેવું? તું ઉપદેશને લાયક નથી. સમજાણું કાંઈ? નિશ્ચય સમજી લે, નિશ્ચયમાંથી ઉપદેશને લાયક નથી એમ અહીંયાં નથી લીધું, અહીં તો વ્યવહારને નિશ્ચય સમજી લે તે ઉપદેશને લાયક નથી એમ કહ્યું છે. સમજાણું કાંઈ?

'અહીં એક ઉદાહરણ લેવામાં આવે છે :—' જુઓ! પંડિતજીએ ઉદાહરણ લખ્યું છે. 'સાધ્ય-સાધન વિષેનું સત્યાર્થ નિરૂપણ એમ છે...' સાચું નિરૂપણ, કથન, ઉપદેશ, શાસન, આજ્ઞા એમ છે કે 'છઠ્ઠા ગુણસ્થાને વર્તતી...' છઠ્ઠું ગુણસ્થાન 'આંશિક શુદ્ધિ...' છઠ્ઠા ગુણસ્થાને ત્રણ કષાયના અભાવની શુદ્ધિ. સમ્યગ્દર્શન, જ્ઞાન નિશ્ચયથી ત્રણ અંશ છે, છઠ્ઠે. તે 'સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે.' જુઓ! છઠ્ઠા ગુણસ્થાને જે શુદ્ધિ છે, જેટલી પવિત્રતા પ્રગટી છે તે જ સાતમા ગુણસ્થાનનું સાધન છે. અહીં તો પર્યાયને બતાવવી છેને. મોક્ષમાર્ગ પર્યાય છેને. મોક્ષમાર્ગ પર્યાય છેને. નિશ્ચય હો કે વ્યવહાર હો. વળી કાલે ઈ આવ્યું છે કે એક પર્યાયમાં ખંડ કરે છે. ... એક પર્યાયમાં ખંડ કરે છે કે થોડો નિશ્ચયમોક્ષમાર્ગ અને થોડો વ્યવહાર છે? એમ તો અમે ક્યાંય જોયું નથી. વળી એમ લખ્યું છે એણે. આહાહા..! એ પ્રશ્ન ચાલતો હશે એમ લાગે છે. તે દિ' નહિ? ઓલો સુરેન્દ્ર. (એણે પૂછ્યું હતું), તમે, એક સમયના બે ભાગ પડે નહિ ઈ ને? પછી દાંત કાઢ્યા. એક સમયમાં બે નહિ, ખંડ ખંડ નહિ. ક્યાં કહ્યું છે એવું? પહેલા વ્યવહાર માર્ગ છે એ પર્યાય પૂર્ણ છે, આખી એક જ છે. પછી નિશ્ચય છે એ શુદ્ધ પૂર્ણ છે, પૂર્ણ શુદ્ધ છે. પણ એક પર્યાય. એક પર્યાયમાં વિકલ્પ અને એ જ પર્યાયમાં થોડી શુદ્ધિ, આવો પર્યાયનો ખંડ અમને તો ક્યાંય જોવામાં નથી આવ્યો. એમ લખ્યું છે એણે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— .. કલ્પના છે. (બે) મોક્ષમાર્ગ સાથે કહ્યો ટોડરમલે કે નિશ્ચય પોતાના શુદ્ધ સ્વરૂપનું સાધન કરે છે ત્યારે સાથે વિકલ્પ છે. તો ઈ શું થયું? જેટલી શુદ્ધિ છે તેટલું નિર્મળ છે અને અશુદ્ધિ છે એ વ્યવહાર છે. એક પર્યાયમાં બે ભાગ કહી દીધા ટોડરમલે. છેને પણ આ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— જ્ઞાનધારા અને કર્મધારા લ્યોને. પુણ્ય-પાપ અધિકારમાં. પુણ્ય-પાપના અધિકારમાં (કહ્યું), જેટલી શુદ્ધતા છે એ જ્ઞાનધારા છે. જ્ઞાનધારાનો અર્થ શ્રદ્ધા, ચારિત્ર—સ્થિરતા એ જ્ઞાનધારા છે. અંશે શુદ્ધ છે, સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન, લીનતા એ જ્ઞાનધારા છે. સાથે કર્મધારા રાગધારા નથી? તો શું થયો? ચારિત્રની પર્યાય પણ કંઈક ખીલી છે, થોડી રાગની ધારા છે. એક પર્યાયમાં બે ભાગ આવી ગયા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— સીધી વાત છે કે એક ...

ઉત્તર :— બસ, એટલી શુદ્ધિ. અને એટલી અશુદ્ધિ છે કે નહિ સાથે? પરિણતિ જે તદ્દન શુદ્ધ થઈ જાય તો તો (બરાબર). હવે થોડી શુદ્ધિ થઈ, સાથે થોડી અશુદ્ધિ છે કે નહિ? તો એક પર્યાયમાં બે છે કે નહિ?

મુમુક્ષુ :— એક પર્યાયમાં બે નહિ, એક પર્યાયમાં..

ઉત્તર :— એ તો ચાર છે. આ તો જરી... એ તો આસ્રવ છે, પુણ્ય-પાપ છે, આસ્રવ પણ છે, બંધ પણ છે અને આ બાજુ સંવર, નિર્જરા પણ છે. હે ભગવાન! આહાહા..! જૈનદર્શન તત્ત્વ એવી ચીજ છે એને સમજવા માટે... એણે લખ્યું છે કાલે. વાંચ્યું તમે? વાંચ્યું? લઈ ગયા હતા? ઠીક. એમાં નીચે (લખ્યું છે). એક પર્યાયના બે ખંડ. વ્યવહારનો એક અંશ મલિનનો અને નિર્મળનો એવું તો અમે જોયું નથી. એ કોરી કલ્પના છે. કાંઈ ભાન ન મળે. પણ એટલું તો લ્યો કે ક્ષયોપશમ સમ્યગ્દર્શન થયું તો સાથે જરી સમકિતમોહનીયનો મેલ પણ છે કે નહિ? તો એક પર્યાયમાં બે ભાગ છે કે નહિ? ક્ષાયિક ન હોય તો. કહો, સમજાણું કાંઈ? ક્ષયોપશમ સમકિત લ્યો. જેટલી શુદ્ધિ, અશુદ્ધિ છે. એ તો ક્ષયોપશમ જ લીધું ને, આ સમકિતમોહનીયનો ઉદય છે તે. એનો અર્થ ક્ષયોપશમ થયો. હવે અહીંયાં ક્ષયોપશમજ્ઞાન લ્યો, તો અભાવરૂપ ભલે કહો, પણ આ ચારિત્ર લ્યો. જેટલી શુદ્ધિ પ્રગટ થઈ, એક કષાયનો નાશ, બે કષાયનો નાશ, ત્રણ કષાયનો નાશ મુનિને (થયો), તો જેટલી શુદ્ધિ એક પર્યાયમાં થઈ તે ચારિત્રની પર્યાય છે. એની સાથે અશુદ્ધિ છે કે નહિ? કે અશુદ્ધિ બીજે રહી ગઈ? એક પર્યાયમાં ક્ષયોપશમ શુદ્ધિ અને ઉદય અશુદ્ધિ (એમ) એક પર્યાયમાં બે ભાગ પડી જાય છે. સાધક કોને કહેવો? સાધક કોને કહેવો? કે કાંઈક નિર્મળ પર્યાય છે અને કાંઈક મલિન પર્યાય છે તો સાધક (છે). સિદ્ધ થઈ ગયો, સાધ્ય પૂર્ણ થઈ ગયું તો કંઈ છે નહિ, પૂર્ણ સિદ્ધ થઈ ગયો. સમજાણું કાંઈ? રાજમલમજી! મિશ્ર પર્યાય છે. ન હોય તો સાધકપણું નથી રહેતું. સાધકમાં થોડું બાધક છે. શુદ્ધિમાં થોડી અશુદ્ધિ છે. એક પર્યાયમાં બે છે. આહાહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સાથે. અહીંયાં સાથે કહીએ છીએને. પણ વિચાર નહિ કે શું વસ્તુ છે. એક પકડી લેવું. નહિ. એક પર્યાયમાં શુદ્ધિ-અશુદ્ધિ બે ક્યાંથી આવ્યા? અમે તો જોયું નથી. આ

શું કહે છે? ચાર કષાયનો અભાવ જ્યાં સુધી ન થાય અને નીચે ચાર કષાય છે પણ પછી પણ જેટલો રાગ, રતિ, અરતિ રહે છે કે નહિ? એટલી પણ અશુદ્ધતા છેને ચારિત્રની પર્યાયમાં. અશુદ્ધતા ન હોય તો ક્ષાયિકચારિત્ર થઈ જાય. ક્ષયોપશમ ચારિત્ર ગણ્યું છે. થોડી મલિનતા, થોડી નિર્મળતા. એક પર્યાયમાં છે કે એમાં બીજી પર્યાય હશે?

અહીંયાં પણ કહે છે કે, 'છઠ્ઠા ગુણસ્થાને વર્તતી આંશિક શુદ્ધિ...' આંશિક શુદ્ધિ નામ હજી છઠ્ઠે પૂર્ણ શુદ્ધિ નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન શુદ્ધિ (છે અને) ત્રણ કષાયનો અભાવ થયો એટલી શુદ્ધિ છે. ચોથા કષાયનો ભાવ સંજ્વલન છે એટલી અશુદ્ધિ છે. કષાય કષાયમાં રહ્યો પણ પોતામાં અશુદ્ધિ છે કે નહિ? 'સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે.' જુઓ! સાતમા ગુણસ્થાનમાં વિશેષ શુદ્ધિ જે નિર્વિકલ્પ થઈ તેનું, એ શુદ્ધિનો અંશ જ સાધન છે. છઠ્ઠા ગુણસ્થાને ત્રણ કષાયના અભાવની જે શુદ્ધિ છે તે સપ્તમ ગુણસ્થાનની નિર્વિકલ્પ શુદ્ધિનું સાધન છે. શુદ્ધિ શુદ્ધિનું સાધન છે. એ અભિન્નસાધ્યસાધન થયું.

'હવે, છઠ્ઠા ગુણસ્થાને કેવી અથવા કેટલી શુદ્ધિ થાય છે' — એ વાતનો પણ સાથે સાથે ખ્યાલ કરાવવો હોય તો,...' સાથે સાથે હોં! 'તો વિસ્તારથી એમ નિરૂપણ કરાય કે 'જે શુદ્ધિના સદ્‌ભાવમાં...' જે શુદ્ધિના સદ્‌ભાવમાં. છઠ્ઠા ગુણસ્થાનમાં જેટલી વીતરાગ પરિણતિ થઈ તે શુદ્ધિના સદ્‌ભાવમાં 'તેની સાથે સાથે મહાવ્રતાદિના શુભ વિકલ્પો હઠ વિના...' મહાવ્રતાદિ વિકલ્પ, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ હઠ વિના. હું લાવું, હું લાવું એમ નહિ. સહજ એ જાતના પુરુષાર્થની ઓછપને કારણે પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ આવે છે. ધરમચંદજી! આ કઠણ વાત છે, હોં! ઉપર ઉપરથી પકડાશે તો નહિ સમજાય. અત્યારે બહુ ગડબડ ચાલી છે. વ્યવહાર પહેલા, નિશ્ચય પછી. એક પર્યાય વ્યવહાર, તો વ્યવહાર સ્વપરપ્રત્યય હેતુ છે પછી સ્વઆશ્રય થશે, એમ નથી. સમજાણું કાંઈ?

'હઠ વિના સહજપણે વર્તતા હોય...' એ શા માટે કહ્યું? જ્યારે પોતાના સ્વરૂપનો અનુભવ, સમ્યગ્દર્શન થયું પછી ત્રણ કષાયનો અભાવ થઈને ચારિત્ર થયું, પછી વિકલ્પ લાવવો નથી અને હઠથી શુભ લાવું એમ પણ નથી. સહજ એ ભૂમિકાને યોગ્ય એવી કષાયની મંદતાનો ઉદય આવે છે. આહાહા..! કહો, માંગીલાલજી! બહુ ગડબડ છે હોં! ત્યાં તો તમારે કાંઈ ખબર નથી. 'છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય શુદ્ધિ સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે.' જુઓ! સમજાણું કાંઈ? 'છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય શુદ્ધિ સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે.' આવા લાંબા કથનને બદલે, એમ કહેવામાં આવે કે 'છઠ્ઠા ગુણસ્થાને વર્તતા...' એ વિકલ્પ 'મહાવ્રતાદિના શુભ વિકલ્પો સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે.' વ્યવહારથી કહેવામાં આવ્યું છે 'તો એ ઉપચરિત નિરૂપણ છે.' વાસ્તવિક તો જે શુદ્ધિ પ્રગટી છે તે જ પૂર્ણ શુદ્ધિનું કારણ છે. તે અનુપચરિત નિશ્ચય સાધન છે. અહીંયાં અહીંયાં બતાવવું છેને. નહિતર તો ખરેખર તો મુક્તિની પર્યાય

દ્રવ્યના આશ્રયે થાય છે. અહીં તો માર્ગની વાત કરવી છેને. બેય માર્ગ પર્યાયમાં છે. બેય માર્ગ પર્યાયમાં છે. કોઈ માર્ગ દ્રવ્ય-ગુણમાં નથી. ભલે નિશ્ચયમાર્ગ દ્રવ્યના આશ્રયે થાય છે પણ છે તો પર્યાયને. નિશ્ચયમોક્ષમાર્ગ પણ પર્યાય છે, વ્યવહારમોક્ષમાર્ગ પર્યાયનો મલિન અંશ છે, સાથે છે. તો નિર્મળ પર્યાય પૂર્ણ શુદ્ધિનું સાધન એ અનુપચરિત નિશ્ચય અને મલિનનો ભાગ, એ સાતમાની જે અનુપચરિત નિર્મળ પર્યાય એનું સાધન વ્યવહાર, એમ વ્યવહારથી ટૂંકુ કથન કરવા માટે ઉપચારથી સાતમાનું સાધન કહેવામાં આવ્યું છે. ટૂંકુ, નાનું કથન કરવા માટે તે કારણથી આમ કહ્યું. ખરેખર તો છઠ્ઠાની શુદ્ધિ છે તે જ નિશ્ચયનું સાધન છે. સાતમાનું સાધન છે. સમજાણું કાંઈ? આહા..! કથનની પદ્ધતિ.

અને ખરેખર તો છઠ્ઠાની શુદ્ધ પર્યાય છે અને અશુદ્ધ પર્યાયથી અહીંયાં ભાગ લેવો છે, નહિતર તો શુદ્ધ પર્યાય જે પછી ઉગ્ર થાય છે એનું ખરેખર સાધન દ્રવ્ય છે. પણ અહીંયાં પર્યાયના બે ભાગમાં સાધન બતાવવું છે, પર્યાયના બે ભાગમાં સાધન—એક અભિન્ન સાધન, એક ભિન્ન સાધન. તો નિર્મળ પર્યાય નિશ્ચયનું સાધન છે એમ નહિ બતાવીને, એમાં વિકલ્પની ભૂમિકામાં કષાયની આટલી મંદતા છે એ મહાવ્રત સાધન નિર્વિકલ્પનું છે એમ ઉપચારથી કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? કેટલી વાત યાદ રાખવી આમાં? શેઠ! આમાં બહુ સમજણ કરવી પડશે, આમ ને આમ નહિ ચાલે. નહિ? બરાબર છે.

આવા લાંબા કથનને બદલે છઠ્ઠા ગુણસ્થાને વર્તતો વર્તમાન શુભ વિકલ્પ સાધન છે એ 'ઉપચરિત નિરૂપણ છે. આવા ઉપચરિત નિરૂપણમાંથી એમ અર્થ તારવવો જોઈએ કે 'મહાવ્રતાદિ શુભ વિકલ્પો નહિ પણ તેમના દ્વારા સૂચવવા ધારેલી છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય શુદ્ધિ ખરેખર...'...' બતાવવી છે. તેના દ્વારા છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય શુદ્ધિ બતાવવી છે. તે 'શુદ્ધિ ખરેખર સાતમા ગુણસ્થાનયોગ...' શું? છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય જે પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ છે એ શું બતાવે છે? કે ત્રણ કષાયના અભાવની શુદ્ધિને બતાવે છે. ત્રણ કષાયનો અભાવ છે એવી શુદ્ધિને બતાવે છે. એ શુદ્ધિ આગળનું કારણ છે. આ એનું કારણ છે એમ વ્યવહારથી કહ્યું છે. તે 'શુદ્ધિ ખરેખર સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે.' લ્યો. કેટલું લખવું પડ્યું.

ઓલા કહે કે... રતનચંદજી કહે. ફૂટનોટ કરીને બધા અર્થ ફેરવી નાખ્યા. બાકી તો સંસ્કૃત પ્રમાણે વાત લખી તે બરાબર છે. સંસ્કૃત પ્રમાણે લખે નહિ તો ક્યાં જાય? અરે.. ભગવાન! શું કરે? પણ વ્યવહાર અભૂતાર્થ આવ્યું એ બધામાં લગાવવું પડે કે નહિ? પર્યાય અભૂતાર્થ, મોક્ષમાર્ગ અભૂતાર્થ, વ્યવહાર એક અભૂતાર્થ. સમજાણું કાંઈ? સાધન અભૂતાર્થ, કારણ અભૂતાર્થ, ગુપ્તિ અભૂતાર્થ, સમિતિ અભૂતાર્થ, ભાઈ! જેટલા પ્રકાર સત્યના છે તેટલા પ્રકાર સામે અભૂતાર્થના પણ લેવા પડશે. મોક્ષમાર્ગ જેમ એક અભૂતાર્થ છે અને એક ભૂતાર્થ છે. એમ સાધન પણ એક ભૂતાર્થ છે, એક અભૂતાર્થ છે. સમિતિ પણ એક ભૂતાર્થ છે, એક અભૂતાર્થ

છે. સમ્યક્ પ્રવૃત્તિ શુદ્ધ જે પોતામાં થઈ એ ભૂતાર્થ સમિતિ છે અને જેટલા વિકલ્પ ઉઠે છે એ અભૂતાર્થ સમિતિ છે.

એમ કારણ પણ ભૂતાર્થ, અભૂતાર્થ છે. ખરેખર ઉપાદાન કારણ યથાર્થ કારણ છે. આરોપિત કારણ અભૂતાર્થ કારણ છે. સમજાણું કાંઈ? નંદલાલજી! આ એક જ ગાથા બસ છે. આ આર્ષવાક્ય. ભૂતાર્થ અભૂતાર્થ તો જેમ દ્રવ્ય અને પર્યાયમાં લગાવ્યા છે. એક પર્યાયમાં બે લગાવ્યા છે, ભૂતાર્થ અભૂતાર્થ. તો એવી જ્યાં જ્યાં પર્યાય જે સાધન, જે કારણ, જે ગુપ્તિ, સમિતિ, યોગ, સમાધિ (આવે છે ત્યાં લગાવવું). સમાધિ પણ બે પ્રકારની છે. આવશ્યક, સામાયિક, ચઉવિસંત્તુ, વંદન, પ્રતિક્રમણ, કાઉસગ્ગ, પચ્ચખાણ એ બધા બે બે પ્રકારના છે. આહાહા..! એ તો કથન બે પ્રકારના આવ્યા વિના બીજી ચીજ કેવી છે તેનું જ્ઞાન થતું નથી. માટે બે પ્રકારે બતાવ્યું છે. નવરંગભાઈ! આહાહા..! જાણ્યા વિના આ ચીજ છે (એમ ખબર કેમ પડે)? અને જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. જ્ઞાન શુદ્ધિને પણ જાણે, અશુદ્ધિને પણ જાણે. જાણે નહિ? સમજાણું કાંઈ? તો જેટલા કથન આવે છે એ બધામાં બે પ્રકારના કથન-એક ઉપચારિક અને અનુપચારિક એટલે એક અભૂતાર્થ અને એક ભૂતાર્થ (છે). એ અગિયારમી ગાથાથી બધા ન્યાય લઈ લેવા. ત્યાં આર્ષવાક્ય છે કે આ આર્ષવાક્ય છે. સમજાણું કાંઈ? લ્યો, એ થઈ ગયું.

શું આવ્યું? તીર્થપ્રવર્તના બન્ને નયોને આધીન છે. ત્યાં ઈ એમ કહે છે કે બન્ને નયોથી મોક્ષમાર્ગ છે, બન્ને નયોથી મોક્ષમાર્ગ છે. બન્ને નયોથી સમિતિ છે, બન્ને નયોથી શુદ્ધતા છે. બન્ને નયોથી નિર્જરા છે, બન્ને નયોથી સંવર છે. એમ નહિ. એનો ઈ અર્થ નથી. પણ બેય (નિશ્ચય) હોય તો તો એક જાત થઈ ગઈ, બે રહી નહિ. નિશ્ચય પણ સંવર, વ્યવહાર પણ સંવર. એક હોય તો બે ભેદ પડે કેમ? બે માર્ગ એક જ હોય તો બે કહ્યા શું કરવા? બે નયમાં તો વિરોધ છે. સમજાણું કાંઈ? બન્ને નયોને આધીન પ્રવર્તના—ઉપદેશ—કથન છે. બે પ્રકારના કથન છે. એક નિશ્ચય છે, એક વ્યવહાર છે. એક વાસ્તવિક છે, એક ઉપચાર છે. એક અભેદથી કથન છે, એક ભેદની કલ્પના વિકલ્પ ઉઠે છે તેનું કથન છે. એવું જ્ઞાન કરાવવા માટે છે. આદરણીય કરવા માટે બે નયના કથન આદરણીય છે અને એનું વાચ્ય આદરણીય છે એમ નથી. સમજાણું કાંઈ? નિશ્ચયનો ભાવ સત્ય છે. મોક્ષમાર્ગ એ ઉપાદેય છે. વ્યવહારનો વિકલ્પ એ ઉપચાર હેય છે. જાણીને હેય છે. એમ બન્ને નયોને આધીન ભગવાનની કથની છે. બન્ને નયો આદરણીય છે કે બન્ને નયો હેય છે એમ નથી. એક નયનો વિષય ઉપાદેય છે અને એક નયનો વિષય હેય છે. એમ ભગવાનનું બન્ને નયોને આધીન કથન છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

धम्मादीसद्दहणं सम्मत्तं णाणमंगपुव्वगदं।
चेट्ठा तवम्हि चरिया ववहारो मोक्खमग्गो त्ति।।१६०।।
धर्मादिश्रद्धानं सम्यक्त्वं ज्ञानमङ्गपूर्वगतम्।
चेष्टा तपसि चर्या व्यवहारो मोक्षमार्ग इति।।१६०।।
ધર્માદિની શ્રદ્ધા સદગ, પૂર્વાંગબોધ સુબોધ છે,
તપમાંહી ચેષ્ટા ચરણ—એ વ્યવહારમુક્તિમાર્ગ છે. ૧૬૦.

અન્વયાર્થ :— (धर्मादिश्रद्धानं सम्यक्त्वम्) ધર્માસ્તિકાયાદિનું શ્રદ્ધાન તે સમ્યક્ત્વ, (अङ्गपूर्वगतम् ज्ञानम्) અંગપૂર્વસંબંધી જ્ઞાન તે જ્ઞાન અને (तपसि चेष्टा चर्या) તપમાં ચેષ્ટા તે ચારિત્ર;—(इति) એ પ્રમાણે (व्यवहारः मोक्षमार्गः) વ્યવહારમોક્ષમાર્ગ છે.

ટીકા :— નિશ્ચયમોક્ષમાર્ગના સાધન તરીકે, પૂર્વોદ્દિષ્ટ (૧૦૭મી ગાથામાં ઉલ્લેખવામાં આવેલા) વ્યવહારમોક્ષમાર્ગનો આ નિર્દેશ છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. ત્યાં, (છ) દ્રવ્યરૂપ અને (નવ) પદાર્થરૂપ જેમના ભેદો છે એવાં ધર્માદિના તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ ભાવ (—ધર્માસ્તિકાયાદિની તત્ત્વાર્થપ્રતીતિરૂપ ભાવ) જેનો સ્વભાવ છે એવો, 'શ્રદ્ધાન' નામનો ભાવિશેષ તે સમ્યક્ત્વ; તત્ત્વાર્થશ્રદ્ધાનના સદ્‌ભાવમાં અંગપૂર્વગત પદાર્થોનું અવબોધન (—જાણવું) તે જ્ઞાન; આચારાદિ સૂત્રો વડે કહેવામાં આવેલા અનેકવિધ મુનિ-આચારોના સમસ્ત સમુદાયરૂપ તપમાં ચેષ્ટા (—પ્રવર્તન) તે ચારિત્ર;—આવો આ, સ્વપરપહેતુક પર્યાયને આશ્રિત, ભિન્નસાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયે (-વ્યવહારનયની અપેક્ષાએ) અનુસરવામાં આવતો મોક્ષમાર્ગ, સુવર્ણપાષાણને લગાડવામાં આવતા પ્રદીપ્ત અગ્નિની માફક [1]સમાહિત અંતરંગવાળા જીવને (અર્થાત્ જેનું અંતરંગ એકાગ્ર—સમાધિપ્રાપ્ત છે એવા જીવને) પદે પદે પરમ રમ્ય એવી ઉપરની શુદ્ધ ભૂમિકાઓમાં અભિન્ન વિશ્રાંતિ (—અભેદરૂપ સ્થિરતા) નિપજાવતો થકો—જોકે ઉત્તમ સુવર્ણની માફક શુદ્ધ જીવ કથંચિત્ ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે સ્વયં (પોતાની મેળે) શુદ્ધ સ્વભાવે પરિણમે છે તોપણ-નિશ્ચયમોક્ષમાર્ગના સાધનપણાને પામે છે.

ભાવાર્થ :— જેને અંતરંગમાં શુદ્ધિનો અંશ પરિણમ્યો છે તે જીવને તત્ત્વાર્થશ્રદ્ધાન, અંગપૂર્વગત જ્ઞાન અને મુનિ-આચારમાં પ્રવર્તનરૂપ [2]વ્યવહારમોક્ષમાર્ગ વિશેષ વિશેષ

૧. સમાહિત = એકાગ્ર; એકતાને પામેલ; અભેદતાને પ્રાપ્ત; છિન્નભિન્નતા રહિત; સમાધિપ્રાપ્ત; શુદ્ધ; પ્રશાંત.
૨. આ ગાથાની શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકામાં પંચમગુણસ્થાનવર્તી ગૃહસ્થને પણ વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો છે. ત્યાં વ્યવહારમોક્ષમાર્ગનું સ્વરૂપ નીચે પ્રમાણે વર્ણવ્યું છે :— 'વીતરાગ સર્વજ્ઞપ્રણીત જીવાદિપદાર્થો સંબંધી

શુદ્ધિનું વ્યવહારસાધન બનતો થકો, જોકે નિર્વિકલ્પશુદ્ધભાવપરિણત જીવને પરમાર્થે તો ઉત્તમ સુવર્ણની જેમ અભિન્નસાધ્યસાધનભાવને લીધે સ્વયમેવ શુદ્ધભાવરૂપ પરિણમન હોય છે તોપણ, વ્યવહારનયથી નિશ્ચયમોક્ષમાર્ગના સાધનપણાને પામે છે.

(અજ્ઞાની દ્રવ્યલિંગી મુનિનું અંતરંગ લેશ પણ સમાહિત નહિ હોવાથી અર્થાત્ તેને (દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપના અજ્ઞાનને લીધે) શુદ્ધિનો અંશ પણ પરિણમ્યો નહિ હોવાથી તેને વ્યવહારમોક્ષમાર્ગ પણ નથી). ૧૬૦.

**શ્રાવણ સુદ ૧૨, બુધવાર, તા. ૧૯.૮.૧૯૬૪**
**ગાથા-૧૬૦, પ્રવચન-૬**

આ મોક્ષમાર્ગના વિસ્તારનો અધિકાર છે. ૧૫૯ ગાથા થઈ ગઈ. ૧૬૦. આ વ્યવહારમોક્ષમાર્ગનું કથન છે. જુઓ! કોઈ કહે છે કે આર્ષવાક્ય તો અહીંયાં વ્યવહારમોક્ષમાર્ગ કહે છે. છેને શબ્દ પાઠમાં? જુઓ! ૧૬૦. આર્ષવાક્ય તો વ્યવહારને મોક્ષમાર્ગ કહે છે અને કોઈ વિદ્વાન એને મોક્ષમાર્ગ ન કહે તો એ પ્રમાણ નથી. એમ કહે છે એમ છે નહિ. અહીંયાં વ્યવહારથી કથન કહેવામાં આવ્યું છે. એને ખુલાસો એની ટીકામાં છે.

**धम्मादीसद्दहणं सम्मत्तं णाणमंगपुव्वगदं।**
**चेट्ठा तवम्हि चरिया ववहारो मोक्खमग्गो त्ति।।१६०।।**

જુઓ, આ ગાથામાંથી કહે છે, હોં! ધ્યાન રાખજો. આર્ષવાક્ય તો એમ છે કે મોક્ષમાર્ગ વ્યવહારને કહે છે અને ટોડરમલ અને રાજમલ ને કેટલાક વિદ્વાનો નિશ્ચયમોક્ષમાર્ગ એક જ છે, વ્યવહારમોક્ષમાર્ગ નથી એમ કહે છે. તો એ આર્ષવાક્યથી વિરુદ્ધ છે એમ કેટલાક કહે છે. તો એમ નથી. વ્યવહારથી કહ્યું એનો અર્થ અહીંયાં લ્યે છે, જુઓ! ટીકા, ૧૬૦ ગાથાની ટીકા.

'ટીકા :— **નિશ્ચયમોક્ષમાર્ગના...**' નિશ્ચયમોક્ષમાર્ગ શું? પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે. અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા જે સપ્તમ ગુણસ્થાનને યોગ્ય જે નિશ્ચયમોક્ષમાર્ગ છે, એ '**નિશ્ચયમોક્ષમાર્ગના સાધન તરીકે...**' પોતાનું સ્વરૂપ જે દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેની

---

સમ્યક્ શ્રદ્ધાન તેમ જ જ્ઞાન બંને, ગૃહસ્થને અને તપોધનને સમાન હોય છે; ચારિત્ર, તપોધનોને આચારાદિ ચરણગ્રંથોમાં વિહિત કરેલા માર્ગ પ્રમાણે પ્રમત્ત-અપ્રમત્ત ગુણસ્થાનયોગ્ય પંચમહાવ્રત-પંચસમિતિ-ત્રિગુપ્તિ-ષડાવશ્યકાદિરૂપ હોય છે અને ગૃહસ્થોને ઉપાસકાધ્યયનગ્રંથમાં વિહિત કરેલા માર્ગ પ્રમાણે પંચમગુણસ્થાનયોગ્ય દાન-શીલ-પૂજા-ઉપવાસાદિરૂપ અથવા દાર્શનિક-વ્રતિકાદિ અગિયાર સ્થાનરૂપ (અગિયાર પ્રતિમારૂપ) હોય છે; એ પ્રમાણે વ્યવહારમોક્ષમાર્ગનું લક્ષણ છે.'

એકતારૂપ નિશ્ચયમોક્ષમાર્ગ છે, જે ચારિત્ર સાક્ષાત્ મોક્ષમાર્ગ કહ્યો હતો એ ચારિત્રની પ્રાપ્તિ નિર્વિકલ્પ સપ્તમ ગુણસ્થાનમાં થાય છે. તો ત્યાં આગળ નિશ્ચય સમ્યગ્દર્શન છે. હું જ્ઞાયક પૂર્ણ છું એવી અનુભવમાં પ્રતીતિ એ ચોથા ગુણસ્થાનથી નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. ચોથા ગુણસ્થાને એ તત્ત્વાર્થશ્રદ્ધાન (થાય છે). મોક્ષશાસ્ત્રમાં આવે છે કે 'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનં'. તો ત્યાં લોકો તત્ત્વાર્થશ્રદ્ધાનને વ્યવહારદર્શન કહે છે. એમ નથી.

મુમુક્ષુ :— ઈ નિશ્ચય સમ્યગ્દર્શન છે.

ઉત્તર :— ઈ નિશ્ચય સમ્યગ્દર્શન છે. ચોથા ગુણસ્થાને નિશ્ચય છે. તો એની ભૂલ ક્યાં થઈ છે? કે એ તત્ત્વાર્થશ્રદ્ધાન વ્યવહારથી ચાલ્યું.. બહુ ચાલ્યું, બધાને પૂછતા હતા તો એમ જ કહેતા હતા. ચાંદમલજીને પૂછ્યું, બીજાને પૂછ્યું, ઘણાને પૂછ્યું, આત્માનંદજીને પૂછ્યું તો કહે, તત્ત્વાર્થશ્રદ્ધાનં વ્યવહારસમ્યગ્દર્શન છે. તો ત્યાંથી પહેલી ભૂલ થઈ છે. કેમ? કે જ્યારે તત્ત્વાર્થશ્રદ્ધાનને વ્યવહારસમ્યગ્દર્શન કહે તો એની સાથે નિશ્ચયસમ્યક્જ્ઞાન અને નિશ્ચય ચારિત્ર હોતા નથી. તેથી તત્ત્વાર્થશ્રદ્ધાનને જ્યારે સમ્યગ્દર્શન કહ્યું તો સાથે જ્ઞાન અને ચારિત્ર પણ વ્યવહારે છે, ત્રણે મળીને મોક્ષમાર્ગ છે એવા અનુકૂળ કથન તેને લાગુ પડતું જોઈને વ્યવહારમોક્ષમાર્ગ પહેલા અને નિશ્ચયમોક્ષમાર્ગ પછી-એમ કલ્પનાથી થઈ ગયું. રાજારામજી! સમજાણું કાંઈ? અમે ઘણાને પૂછીએ છીએ. તો કહે, હા, એ તત્ત્વાર્થશ્રદ્ધાન વ્યવહાર છે. પણ મોક્ષશાસ્ત્રમાં તત્ત્વાર્થશ્રદ્ધાન તો નિશ્ચયસમ્યગ્દર્શનનું સ્વરૂપ છે (એમ કહ્યું છે). એ તો ભેદથી કથન કર્યું છે. સમજાણું કાંઈ? પણ જો એને નિશ્ચય કહે તો સાથે નિશ્ચયજ્ઞાન અને નિશ્ચયચારિત્ર લેવું પડે. તો એ વ્યવહારસમ્યગ્દર્શન, શાસ્ત્રનું વ્યવહારુ જ્ઞાન અને વ્યવહારુ રાગની મંદતા બાર વ્રત ને પંચ મહાવ્રતની ક્રિયા, ત્રણે મળીને વ્યવહારમોક્ષમાર્ગ છે એમ લોકોને બેસી ગયું છે. બરાબર છેને? ..લાલજી! એમ થઈ ગયું છે. એમ નથી.

નિશ્ચય તત્ત્વાર્થશ્રદ્ધાન છે એ નિશ્ચય આત્મજ્ઞાન છે. એ જ્ઞાનપ્રધાનથી તત્ત્વાર્થશ્રદ્ધાનની વાત કરી છે. પોતાનું શુદ્ધ સ્વરૂપ તત્ત્વાર્થશ્રદ્ધાનમાં આત્મજ્ઞાન આવી ગયું છે. આત્મજ્ઞાન અને તત્ત્વાર્થશ્રદ્ધાનમાં કથનની પદ્ધતિફેર છે, વસ્તુફેર નથી.

અહીંયાં કહે છે, જુઓ! એવા '**નિશ્ચયમોક્ષમાર્ગના...**' આ એનો અર્થ ચાલે છે. નિશ્ચય મોક્ષમાર્ગ... અહીંયાં નિશ્ચય સમ્યક્દર્શન ચોથે થયું, સમ્યક્જ્ઞાન પણ ચોથે થયું પણ ચારિત્રની ઓછપ હતી તો ચોથે, પાંચમે મોક્ષમાર્ગ ઉપચારથી કહેવામાં આવ્યો. કેમકે એ ચારિત્ર જે સ્થિરતા થવી જોઈએ એ નથી. એ અપેક્ષાથી બે અવયવોને મોક્ષમાર્ગ ઉપચારથી કહેવામાં આવ્યું છે. અને જ્યારે સપ્તમ ભૂમિકા થઈ ત્યારે સમ્યગ્દર્શન પણ નિશ્ચય છે, સમ્યક્જ્ઞાન પણ નિશ્ચય છે અને ચારિત્ર—સ્વરૂપની નિર્વિકલ્પતાની સ્થિરતા પણ નિશ્ચય છે. ત્રણે એક થઈ ગયા તો ત્યાં નિશ્ચયમોક્ષમાર્ગ કહેવામાં આવ્યો. સમજાણું કાંઈ?

જુઓ! આ ગડબડ બહુ ચાલશે હોં! આ અધિકાર કુદરતી અહીંયાં લીધો છે. એને જે

બેઠી હોય એ કહે. તત્ત્વાર્થશ્રદ્ધાન વ્યવહાર છેને, એમ પન્નાલાલે લખ્યું છે. તત્ત્વાર્થસૂત્ર છેને, એ ટીકામાં નીચે લખ્યું છે એ ખોટું છે. એમ નથી. વ્યવહાર તો પરાશ્રિત છે. એ તો અહીંયાં કહ્યું, સ્વપરપ્રત્યય આશ્રિત વ્યવહાર છે. તો સ્વપરપ્રત્યય આશ્રિત વ્યવહારમાં તો રાગ આવ્યો. રાગ મોક્ષમાર્ગ ક્યાંથી થયો? સમજાણું કાંઈ? રાગ નિશ્ચય સમકિત ક્યાંથી થયું? એ તો વ્યવહાર છે. સમજાણું કાંઈ? એ વ્યવહાર શું? કે નિશ્ચય સમ્યગ્દર્શન થયું છે એની સાથે.. હવે કહેશે, નવ તત્ત્વના ભેદરૂપ ધર્માદિશ્રદ્ધાન જે વિકલ્પ છે એ વ્યવહારશ્રદ્ધા છે. તત્ત્વાર્થશ્રદ્ધાન નિશ્ચયસમ્યગ્દર્શન તો ચોથે થયું છે અને એની સાથે ચોથે, પાંચમે, છઠ્ઠે જેટલો નવ તત્ત્વના ભેદરૂપ વિકલ્પની શ્રદ્ધા છે, ધર્માદિ દ્રવ્યની શ્રદ્ધા છે એને વ્યવહાર વિકલ્પને વ્યવહારસમ્યગ્દર્શન શ્રદ્ધામાં કહેવામાં આવ્યું છે. ખરેખર એ સમ્યગ્દર્શન નથી. આ વ્યવહારમોક્ષમાર્ગ કહે છે એ વ્યવહારમોક્ષમાર્ગ ખરેખર છે નહિ. સમજાણું કાંઈ? આર્ષવાક્ય પણ એમ કહે છે. જુઓ અહીંયા.

નિશ્ચયમોક્ષમાર્ગ, આટલી વ્યાખ્યા. સપ્તમ ગુણસ્થાન. જ્યાં નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચયજ્ઞાન અને નિશ્ચય સ્વરૂપલીનતા નિર્વિકલ્પ આનંદમાં જ્યાં થઈ, શુદ્ધ ઉપયોગ થયો, શુદ્ધ ઉપયોગ થયો. સપ્તમ ગુણસ્થાનમાં શુદ્ધ ઉપયોગ (થયો). તો શાસ્ત્રમાં કહે છે કે નિશ્ચય રત્નત્રયરૂપ શુદ્ધ ઉપયોગ, નિશ્ચય રત્નત્રયરૂપ શુદ્ધ ઉપયોગ. સમજાણું કાંઈ? તો નિશ્ચયરત્નત્રય શુદ્ધ ઉપયોગ, નિશ્ચય રત્નત્રયરૂપ શુદ્ધ ઉપયોગ એ સાથે હોય છે. એ નિશ્ચયમોક્ષમાર્ગ છે, સાતમાને યોગ્ય જે છે, આગળ ભલે નિશ્ચય છે, આગળ આઠમે, નવમે, પણ આને સપ્તમયોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગ એમ કહ્યું. સમજાણું કાંઈ?

‘**નિશ્ચયમોક્ષમાર્ગના સાધન તરીકે,...**’ તો એનું સાધન તો પહેલા હોવું જોઈએ. સમજાણું કાંઈ? તો પહેલા એના સાધન તરીકે ચોથે, પાંચમે કે છઠ્ઠે, અહીંયાં ખરેખર તો છઠ્ઠામાં લેવું છે. અહીં છઠ્ઠાના ચારિત્રવંત મુનિ છેને, તો નિશ્ચયચારિત્ર સાતમે અને નિશ્ચય દર્શન, જ્ઞાન અને ત્રણ કષાયના અભાવરૂપ છઠ્ઠા ગુણસ્થાને જે પરિણતિ છે એની સાથે જે પંચ મહાવ્રતાદિ વ્યવહારવિકલ્પ આવ્યા છે એને વ્યવહારચારિત્ર કહેવામાં આવ્યું. મુનિ પોતાની ભૂમિકાથી વાત કરે છે. સમજાણું કાંઈ?

જેમ સમયસાર છઠ્ઠી ગાથામાં (કહ્યું), ‘**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**’ એમ કેમ કહ્યું? એમ કેમ ન કહ્યું કે ‘**ण वि होदि असंजत्तो संजत्तो, ण वि होदि सजोगी अजोगी**’ સમજાણું કાંઈ? એવા બે ભેદ ન લીધા. છઠ્ઠી ગાથા. ‘**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**’ પોતાની ભૂમિકામાં રહેવાવાળા છે. છઠ્ઠે-સાતમે, છઠ્ઠે-સાતમે આવે છે. તો કહે છે કે એ છ-સાત, છ સુધી પ્રમત્ત, સાતમાથી અપ્રમત્ત. ‘**ण वि होदि**’ અપ્રમત્ત પ્રમત્ત. આત્મા જ્ઞાયકરૂપ ભાવ છે એ પ્રમત્ત-અપ્રમત્ત નથી. પોતાની ભૂમિકાથી વાત કરે છે. સમજાણું કાંઈ? ...!

મુમુક્ષુ :– ...

ઉત્તર :— એ તો બરાબર છે. પણ અહીંયાં પોતાની ભૂમિકામાં પ્રમત્ત-અપ્રમત્ત છે ત્યાંથી બે ભેદ લીધા. નહિતર ચોથા ગુણસ્થાનવાળો પણ એમ કહે કે અસંયત, સંયત બેય નથી, હું તો જ્ઞાયક છું. સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાન સુધી અસંજત છે, પછી સંજત છે. તો એવા પણ બે ભાગ ચૌદમાં પડી જાય છે. અસંજત અને સંજતના બે ભાગ ચૌદમાં પડી જાય છે. એમ નથી લીધું. કેમકે પોતાની ભૂમિકાથી વાત કરે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, એ વાત છે. પ્રમત્ત-અપ્રમત્ત પોતાની ભૂમિકામાં ચાલે છે. હજારો વાર આવે છે એક દિવસમાં. ભાવલિંગી સંત છે. સમજાણું કાંઈ? ઈ એકવાર કહ્યું હતું, ઈ છઠ્ઠીના લેખ છે. એક સમયમાં ભગવાન જ્ઞાયકભાવ, જેમાં પર્યાયનો સ્પર્શ નથી એવો ચિદાનંદ પ્રભુ એ જ સમ્યગ્દર્શનનો વિષય છે અને એના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે. તો વાત કરી. નહિતર તો ચોથા ગુણસ્થાનવાળો બનાવનાર હોય... આ તો મુનિ બનાવનારા છે. સમજાણું કાંઈ? અને મુનિને જ ખરેખર તો હક છે. મુનિ પોતાની ભૂમિકાથી કહે છે કે આ પ્રમત્ત ભૂમિકામાં આવ્યા છઠ્ઠે, ક્ષણમાં સપ્તમ, ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સપ્તમ. નહિ. એ નહિ. હું જ્ઞાયક છું. સમજાણું કાંઈ? નહિતર તો એમ પણ કહેવામાં આવે, અસંજતો, સંજતો. '**ण वि होदि असंजतो संजतो ज्ञायकभावो अहं**' એક બાજુ અસંજતમાં ચાર ગુણસ્થાન આવે છે કે પાંચ લો ભલે, અને સંજતમાં પછીના આવે છે. તો એમ પણ ચૌદ ગુણસ્થાનમાં બે ભાગ પડી જાય છે. એમ નહિ. એમ સજોગ, અજોગ લ્યો. કે સજોગી તેરમે છે અને અજોગી પછી છે. એવા અહીંયાં ક્યાં નીચે ભાગ છે? એટલે પ્રમત્ત-અપ્રમત્ત ભૂમિકા જે પર્યાયની ચાલે છે એવડો હું નથી, એમાં હું નથી, એમાં હું નથી, હું તો જ્ઞાયક છું. સમજાણું કાંઈ? હું તો જ્ઞાયકદ્રવ્ય જે કદી પ્રમત્ત-અપ્રમત્ત પર્યાયરૂપ થતું નથી. અર્થાત્ જડરૂપ થતું નથી અર્થાત્ વિકલ્પરૂપ કદી દ્રવ્ય થતું નથી. સમજાણું કાંઈ? લક્ષ્મીચંદજી!

ઈ કહે છે કે, પોતાની ભૂમિકાથી જ્યારે પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ લીધું તો અહીંયાં પણ અપ્રમત્ત નિશ્ચયમોક્ષમાર્ગ અને પ્રમત્તમાં એ વિકલ્પ આવ્યો શુદ્ધ પરિણતિની સાથે એ વ્યવહાર છે. બેની વચ્ચે વાત કરે છે. શું વ્યવહાર સાધન છે છઠ્ઠાનું અને સાતમાનો નિશ્ચય સાધ્ય છે? પછી ભલે સાધ્ય આગળ લ્યો પણ અહીંયાં પણ સાધ્ય એક અંશે પૂરું થાય છે. સમજાણું કાંઈ? તો કહે છે કે નિશ્ચયમોક્ષમાર્ગના... સપ્તમ ગુણસ્થાનયોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગ. યોગ્ય કહેતાં નિશ્ચય મોક્ષમાર્ગ પછી પણ છે. સમજાણું કાંઈ? તો સપ્તમ ગુણસ્થાનને યોગ્ય જે નિશ્ચયમોક્ષમાર્ગ છે, ન્યાંથી નિશ્ચય શરૂ થયો છે તેના '**સાધન તરીકે,...**' એના સાધન તરીકે, વ્યવહારસાધન તરીકે. આ સાધન તરીકેનો અર્થ વ્યવહારસાધન તરીકે. નિશ્ચયસાધન તરીકે એમ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો અંદર ભલે છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધિ છે તેનું સાધન કહેવામાં આવે છે. એ શુદ્ધિ છેને, એ જ નિશ્ચયનું સાધન. આ સાધન (અપેક્ષાએ) તેને વ્યવહારસાધન કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :— નિમિત્ત...

ઉત્તર :— નિમિત્તથી. પણ 'વ્યવહાર' શબ્દ પડ્યો છેને. અહીંયાં વ્યવહાર લેવો છેને.

મુમુક્ષુ :— જયસેનાચાર્યે લખ્યું છે કે બહિરંગ...

ઉત્તર :— બહિરંગ પદાર્થ છે, બહિરંગ પદાર્થનું સાધન છે. પણ અહીંયાં પાઠમાં છેને, વ્યવહાર. તો વ્યવહાર તો પરાશ્રિત કહી દીધો, સ્વપરપર્યાયહેતુક. તો સ્વપરપર્યાયહેતુક વિકલ્પ-રાગ આવ્યો. રાગને અહીંયાં સાધન કહેવામાં આવ્યું છે. જે સપ્તમ ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ દશા છે તેનું ખરું સાધન તો છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય નિર્મળ દશા છે. એ તો નિશ્ચય અભિન્નસાધન અને નિશ્ચય અભિન્નસાધ્ય (થયું). નિશ્ચય અભિન્નસાધન અને નિશ્ચય અભિન્નસાધ્ય. અહીંયાં ઈ વાત નથી કરવી. અહીંયાં તો વિકલ્પ જે છઠ્ઠા ગુણસ્થાને છે, ચારિત્રમાં સ્થિરતા નથી, પ્રમત્તમાં અસ્થિરતા આવી ગઈ છે એવો જે વિકલ્પનો વ્યવહારનો ભાવ વર્તે છે તેને અહીંયાં વ્યવહારસાધન, નિશ્ચયનું વ્યવહારસાધન કહેવામાં આવ્યું છે. ભિન્નસાધન અને અભિન્નસાધ્ય. ભિન્નસાધન અને અભિન્નસાધ્ય. એ વ્યવહારને અહીંયાં સાધન કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? જરી કઠણ છે. લક્ષ્મીચંદજી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સમ્યગ્દર્શન, જ્ઞાનની શરૂઆત તો ચોથાથી થઈ ગઈ છે પણ ચારિત્રની પૂર્ણતા વિના નિશ્ચયમોક્ષમાર્ગ સપ્તમયોગ્ય જે કહેવામાં આવ્યો છે એવો નિશ્ચયમોક્ષમાર્ગ નીચે હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**નિશ્ચયમોક્ષમાર્ગના સાધન તરીકે...**' આ સાધન કોણ? વ્યવહાર. '**પૂર્વોદ્દિષ્ટ...**' આપણે ૧૦૭ ગાથા આવી ગઈ. પહેલામાં પણ પૂર્વોદ્દિષ્ટ કહ્યું હતું, ૧૫૯ ગાથામાં પણ. ત્યાં પણ કહ્યું હતું, જુઓને! '**અને જે પૂર્વે (૧૦૭મી ગાથામાં) દર્શાવવામાં આવ્યું હતું...**' ૧૦૭નું ૧૫૯માં પણ કહ્યું હતું અને અહીંયાં (પણ કહ્યું). આપણે ૧૦૭ ગાથા તેથી લીધી હતી. એક જ ગાથાની વાત છે. '**પૂર્વોદ્દિષ્ટ...**' ૧૦૭ ગાથામાં '**(ઉલ્લેખવામાં આવેલા) વ્યવહારમોક્ષમાર્ગનો આ નિર્દેશ છે.**' જુઓ! સાધન તરીકે. ક્યુ સાધન? કે પૂર્વઉદ્દિષ્ટ જે ૧૦૭માં કહ્યું, એ વ્યવહારમોક્ષમાર્ગ અહીંયાં સાધન તરીકે કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? ધરમચંદજી! આમને આમ હા પાડે નહિ (ચાલે), ત્યાં પાછા ફરી જાય. ઓલા લોકો બહુ પ્રશ્ન (પૂછે તો) મુંઝાઈ જાય. અરે..! વાત તો એ લોકોની સાચી લાગે છે. આ શું છે? ભાવનો યથાર્થ નિર્ણય હોવો જોઈએ. નિર્ણય પાક્કો હોવો જોઈએ. પહેલા એવો નિર્ણય હોવો જોઈએ. જ્ઞાનમાં એવો અવાય પાક્કો હોવો જોઈએ અને

વીર્યના વેગમાં એવો પાક્કો નિર્ણય હોવો જોઈએ કે નિશ્ચય જે છે... સમ્યગ્દર્શન તો ચોથેથી છે, સમ્યક્‌જ્ઞાન પણ ચોથેથી ઉત્પન્ન થાય છે. જ્ઞાનચેતના ઉત્પન્ન ચોથેથી છે અને જ્ઞાનચેતના તે જ સમ્યક્ નિશ્ચયજ્ઞાન છે. પૂર્ણ જ્ઞાન ભલે ન હોય, પૂર્ણ જ્ઞાન તેરમે છે. પણ ચારિત્રનો અંશ ચોથે જે સ્વરૂપાચરણ જે થયો છે... સમજાણું કાંઈ? એટલું સ્વરૂપાચરણ પણ સાથે છે. પણ એ ચારિત્રવિશેષ, જેને ચારિત્ર સંજ્ઞા આપવામાં આવે એવું ચારિત્ર છઠ્ઠાથી હોય છે અને પૂર્ણ સાતમે થાય છે. તો ત્યાં સાતમા ગુણસ્થાનની દશાને નિશ્ચયમોક્ષમાર્ગ ગણીને, એને યોગ્ય, અને સાધન તરીકે વ્યવહાર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ૧૦૭માં જે કહ્યું હતું તેને અહીંયાં સાધન તરીકે કહેવામાં આવ્યું છે. એનું વિશેષ સ્પષ્ટીકરણ કરે છે. ૧૦૭માં કહ્યું હતું તેનું જ વિશેષ સ્પષ્ટીકરણ કરે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સ્વરૂપાચરણ એ ચારિત્રની સંજ્ઞા નથી. ખરેખર સંયમનું ચારિત્ર બે કષાયનો મટે તો થોડું ચારિત્ર (છે), ત્રણ કષાય મટે તો ચારિત્ર છે. એ તો શાસ્ત્રમાં એમ ચાલ્યું છે, ભાઈ! કે અનંતાનુબંધી સમ્યગ્દર્શનનો ચોર છે. એમ શાસ્ત્રમાં આવ્યું છે. સમજાણું કાંઈ? ઈ ત્યાં પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં છે. ચોર કહ્યું છે. અનંતાનુબંધીને સમ્યગ્દર્શનનો ચોર કહ્યો છે. પછી ભલે પંચમ ગુણસ્થાનમાં સંયમ આવે છે. પણ અહીં તો સમ્યગ્દર્શનનો ચોર છે. તત્ત્વાર્થશ્રદ્ધાનની સાથે સ્વરૂપાચરણ ન હોય તો સમ્યગ્દર્શનનો ચોર છે. એમ પુરુષાર્થસિદ્ધિમાં શ્લોક છેને. શ્લોક છે. સમજાણું કાંઈ? તો એવું ચોરપણું તો નષ્ટ થયું. શેમાં? સમ્યગ્દર્શન થતાં ચોથા ગુણસ્થાનમાં. નિજ તત્ત્વાર્થશ્રદ્ધાન અથવા આત્મજ્ઞાન. '**भूदत्थमस्सिदो खलु**' એ નિશ્ચયસમ્યગ્દર્શન છે. ૧૧મી ગાથા, સમયસાર. ઈ વ્યવહાર-ફ્યવહારની વાત નથી. એ '**भूदत्थमस्सिदो खलु**' ચિદાનંદ ભગવાન એકરૂપ સ્વભાવ છે એમ અંતરમાં જ્ઞાન કરીને અનુભવ થતાં, એમાં પ્રતીતિ થઈ એ નિશ્ચય સમ્યગ્દર્શન છે. સાથે સમ્યક્ જ્ઞાનચેતના પણ પ્રગટ થઈ છે. એ પ્રકારની ચેતનાવરણીય—જે એ જાતના અનુભવના આવરણરૂપ જે ચેતનાઆવરણ હતું તેનો પણ નાશ થયો છે અનુભવચેતનામાં. અને સ્વરૂપાચરણ થયું છે તો અનંતાનુબંધીનો પણ નાશ થયો છે. ત્રણનો નાશ થયો છે. શું કહ્યું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— તેથી તો અહીંયાં કહે છે. એને માટે તો આ વાત ચાલે છે. પેલી વાત ખોટી છે. ચોથા ગુણસ્થાનથી નિશ્ચય સમ્યગ્દર્શન છે. એ તો રાગનો અભાવ કરીને વીતરાગ ચારિત્રને નિશ્ચય સમ્યગ્દર્શન ગણવામાં આવ્યું છે એ સાતમે પણ નિશ્ચય ઈ અપેક્ષાથી ગણવામાં આવ્યું છે. વિશેષ રાગ મંદ થઈ ગયો અને વીતરાગી ચારિત્ર થઈ ગયું. મુનિને વીતરાગી કહેવામાં આવે છે. ભાઈ! ઓહોહો..! અમારે તો એ શ્લોક સ્થાનકવાસી સંપ્રદાયમાં ચાલતો હતો. '...' આવતું હતું કે નહિ? '...' આ બધાને આવડતું હતું. આ બધા એના છેને રખડિયા.

... શું આવે છે? ભૂલી ગયા ભાઈ, ઘણા વર્ષ થયા. ... સમજ્યાને? ... પૃથ્વીનો પતિ. એગંત સુખી મુનિ વીતરાગી. એવો એક શ્લોક આવે છે. તો એ વીતરાગી મુનિ ત્યાં છઠ્ઠા-સાતમાવાળા લ્યે છે. એને ક્યાં છઠ્ઠું-સાતમું હતું. શ્વેતાંબરમાં તો ઈ વાત છે જ નહિ. ગડબડ ગડબડ છે. ઈ તો કહે છે, છઠ્ઠું ગુણસ્થાન લાખો વર્ષ રહે છે. એમ હોય જ નહિ. સમજાણું કાંઈ? છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ લીધી છે ભગવતીમાં, ક્રોડ પૂર્વ ... ક્રોડ પૂર્વ. એમ હોતું જ નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા. ... વ્યવહારની વાતું કરી છે. પરમાર્થની વાત એનામાં છે જ નહિ. પરમાર્થ સર્વજ્ઞ સંતોએ સર્વજ્ઞ મહામુનિઓએ અને કુંદકુંદાચાર્ય (આદિ) મહામુનિઓએ ધર્મનો સ્તંભ જે રોપ્યા છે એ અપ્રતિહત વસ્તુ છે. સમજાણું કાંઈ? એવી વસ્તુની સ્થિતિ ચોથાની, પાંચમાની, છઠ્ઠાની ભૂમિકાને યોગ્ય જે નિશ્ચય-વ્યવહારની એવી વાત બીજે ક્યાંય છે જ નહિ. નિર્ગ્રંથ માર્ગ સિવાય, દિગંબર પંથ સિવાય આવી ચીજ બીજે ક્યાંય નથી. સમજાણું કાંઈ? એ તો છઠ્ઠા ગુણસ્થાનમાં લાંબો કાળ કહે છે. અરે..! છઠ્ઠા ગુણસ્થાનમાં લાંબો કાળ રહે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય, શાસ્ત્ર એમ કહે છે. ભગવાન તો એમ કહે છે કે છઠ્ઠા ગુણસ્થાનનો જેટલો કાળ અમે જોયો એટલો કાળ છઠ્ઠામાં રહી જાય તો મિથ્યાત્વ આવી જાય. એવો ધવલમાં પાઠ છે. એનાથી ઓછામાં આવતા સપ્તમમાં આવે છે, ઓછામાં આવીને સાતમું આવે છે. શું કહ્યું? ભગવાને જેટલો છઠ્ઠા ગુણસ્થાનનો કાળ જોયો તેનાથી ઓછા કાળમાં સાતમું આવી જાય છે. અને સાતમાંથી છઠ્ઠે, છઠ્ઠામાંથી સાતમું. જેટલી સ્થિતિ છે તેટલો ત્યાં પ્રમત્તમાં રહેતા જ નથી. સમજાણું કાંઈ? અંતર્મુહૂર્તમાં ફરી જાય છે.

સાચા મુનિને નિદ્રા પણ એક કલાકની ક્યારેય હોય નહિ. કેમકે સાતમું ગુણસ્થાન ક્ષણમાં આવે છે, ક્ષણમાં છઠ્ઠું આવે છે. નિદ્રા એક કલાકની હોતી જ નથી. એક કલાકની નિદ્રા હોય ત્યાં મુનિપણું છે જ નહિ. આહાહા..! આટલી વસ્તુની સ્થિતિ જ્યાં ચારિત્ર... ઓહોહો..! ધન્ય અવતાર! ચારિત્રની દશા જ્યાં મોક્ષમાર્ગ નિશ્ચય થઈ ગયો. સાતમું ગુણસ્થાન તો પહેલા આવે છે. છઠ્ઠું તો પછી વિકલ્પ—રાગ આવે છે. સમજાણું કાંઈ? માંગીરામજી! શું છે? કોઈ દિ' ન્યાં સાંભળ્યું જ નથી. ગડબડ બધા (કરે), ચારિત્ર આ—લૂગડા ફેરવ્યા ને મહાવ્રત પાળે છે, અહિંસા કરે છે. ધૂળમાંય મહાવ્રત નથી. ન્યાં ક્યાં મહાવ્રત હતો? સમજાણું કાંઈ? ત્યાં એના અગ્રેસર છે હોં! બધામાં પ્રસિદ્ધ છે સ્થાનકવાસીમાં. સાધુમાં બધામાં પ્રસિદ્ધ છે. જૂના માણસ છેને. અરે..! તમે સોનગઢ ગયા! હા, ભાઈ! સોનગઢ તો ગયા. ચારિત્રની શું વ્યાખ્યા છે? આ પૂછ્યું. ચારિત્ર આ પાંચ મહાવ્રત, અહિંસા પાળે. નિશ્ચય-વ્યવહાર કોને કહેવા? મહારાજ, મંગળિક સંભળાવી દ્યો. અમે જઈએ છીએ. ભાઈ! એમ કહ્યું. અરે.. ભગવાન! નિશ્ચય-વ્યવહાર કોને કહે એની હજી ખબર નથી.

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્યની વાત અમૃતચંદ્રાચાર્ય સ્પષ્ટ કરે છે કે નિશ્ચયમોક્ષમાર્ગના સાધન તરીકે આ જે વ્યવહાર કહીએ છીએ એ સાધનનું કથન અહીંયાં કરવામાં આવે છે. હવે, **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે.'** આ વ્યવહાર છે, હોં! ભેદ છેને, ભેદથી કથન છે. **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. ત્યાં, (છ) દ્રવ્યરૂપ અને...'** દ્રવ્યરૂપ પદાર્થ શબ્દ પડ્યો છેને, દ્રવ્યરૂપ, તો એમાં છ દ્રવ્ય લઈ લેવા. સમજાણું કાંઈ? **'धर्मादिनां द्रव्यपदार्थ'** છેને પાઠમાં ઈ? **'धर्मादिनां द्रव्यपदार्थविकल्पवतां'**. એટલે પછી કેટલા દ્રવ્ય અને કેટલા (પદાર્થ) ઈ આ કૌંસમાં ખુલાસો કર્યો કે **'(છ) દ્રવ્યરૂપ અને (નવ) પદાર્થરૂપ જેમના ભેદો છે...'** જુઓ આ વ્યવહારસમકિત. નિશ્ચય તો નિજ સ્વરૂપના સમ્યગ્દર્શન, જ્ઞાન થઈ ગયા છે. સમજાણું કાંઈ? સાથે નવ તત્ત્વના ભેદ છેને, ભેદ છેને. નિશ્ચયનો વિષય તો તદ્દન અભેદ છે. જેમાં ગુણ-ગુણીના ભેદ પણ નથી. એકલું જ્ઞાયકસ્વરૂપ એ નિશ્ચયનો, દૃષ્ટિનો વિષય છે. ઈ સાથે પૂર્ણ નથી તો રાગ આવ્યો તો છ દ્રવ્યની શ્રદ્ધા અને નવ તત્ત્વના ભેદરૂપ **'એવાં ધર્માદિના તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ ભાવ...'** વ્યવહારભાવ, વિકલ્પભાવ, શુભ ઉપયોગભાવ. લ્યો, વળી ઈ કહે કે, રાગ ક્યાંથી આવે? ઈ શુભ ઉપયોગ જ છે. રાગ ક્યાંથી કહો છો? એ કહે છે. અરે.. ભગવાન! દ્રવ્યસંગ્રહમાં તો વ્યવહારરત્નત્રયને શુભરાગ, શુભ ઉપયોગ પાઠમાં લીધો છે. બ્રહ્મ... કેવી કહેવાય એ ટીકા? બ્રહ્મદેવ સૂરી. બ્રહ્મદેવ સૂરીએ લખ્યું છે. પણ છેને વિકલ્પ શુભરાગ ઈ. શુદ્ધ ઉપયોગ અથવા શુદ્ધ પરિણતિ આ બાજુ છે. શુદ્ધ ઉપયોગ તો સપ્તમ ગુણસ્થાનમાં થાય છે પણ શુદ્ધ પરિણતિ છઠ્ઠે ગુણસ્થાને છે. શુદ્ધ ઉપયોગ નહિ. પણ પોતાના શુદ્ધ નિશ્ચય સમ્યગ્દર્શનનું ભાન અને સમ્યક્ ચેતના, જ્ઞાનચેતનાનું ભાન અને અનંતાનુબંધી અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનીના અભાવરૂપ ચારિત્ર- એવી છઠ્ઠા ગુણસ્થાને શુદ્ધ પરિણતિ છે. ચોથા ગુણસ્થાનમાં તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન અને તેનો અનંતાનુબંધીનો અભાવ થયો એટલું સ્વરૂપાચરણ અને જ્ઞાનચેતના અને સમ્યગ્દર્શન- આ ત્રણે ચોથા ગુણસ્થાનમાં એકસાથે છે. પણ એમાં હજી ત્રણ કષાયનો અભાવ નથી થયો તો ત્યાં સ્વરૂપાચરણ કહેવામાં આવે છે. અને પાંચમામાં જ્યારે સ્વરૂપનો વિશેષ આશ્રય લઈને આગળ વધે છે, જ્યારે પંચમ ગુણસ્થાન ઉત્પન્ન થયું તો ત્યાં સમ્યગ્દર્શન નિશ્ચય છે, જ્ઞાનચેતના પણ નિશ્ચય છે, પણ સ્વરૂપાચરણમાં જે અનંતાનુબંધી એકનો ચોથે અભાવ હતો એ બીજો અપ્રત્યાખ્યાનનો અભાવ થઈ ગયો. તો સ્વરૂપની સ્થિરતા વધી ગઈ. એને દેશ-અંશે સંયમ કહેવામાં આવ્યો છે. દેશશાંતિ વધી ગઈ. શાંતિ અવિકારી શાંતિનું વેદન પંચમ ગુણસ્થાનમાં, ચોથે જે વેદન હતું તેનાથી પાંચમે શાંતિનું વેદન વધી ગયું. એ નિશ્ચય છે. જ્ઞાનચેતના નિશ્ચય, દર્શન નિશ્ચય અને બે કષાયના અભાવની સ્થિરતા એ નિશ્ચય છે. એને શુદ્ધ પરિણતિ કહે છે. એ શુદ્ધ પરિણતિવાળાને પણ ચોથે કે પાંચમે જેટલી શુદ્ધ પરિણતિ છે એમાં પણ ક્યારેક ક્યારેક નિર્વિકલ્પ ઉપયોગ જામી જાય છે. ચોથે અને પાંચમે પણ ક્યારેક ક્યારેક નિર્વિકલ્પ

ઉપયોગ જામી જાય છે પણ બહુ થોડો કાળ અને બહુ લાંબા કાળે (આવે છે). ટકવામાં થોડો કાળ અને ઉત્પન્ન થવામાં લાંબો કાળ. સમજાણું કાંઈ?

અને છઠ્ઠા ગુણસ્થાને તો નિશ્ચય સમ્યગ્દર્શન છે, જ્ઞાનચેતના પણ છે અને ત્રણ કષાયના અભાવની શુદ્ધ પરિણતિ છે. શુદ્ધ ઉપયોગ નહિ. સમજાણું કાંઈ? પરિણતિ છે. એ ભૂમિકામાં આ નવ તત્ત્વ આદિના ભેદના વિકલ્પ(રૂપ) શ્રદ્ધાને વ્યવહારસમ્યગ્દર્શન કહેવામાં આવ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :— પ્રભુ! અહીં નિર્ગ્રંથનો શું અર્થ છે?

ઉત્તર :— એ અત્યારે કામ નહિ. ગ્રંથિભેદ થઈ ગયો, રાગાદિની વિશેષ (ભિન્નતા) એ નિર્ગ્રંથ. પહેલા રાગની અને સ્વભાવની એકતા તૂટી ગઈ એટલું સમ્યગ્દર્શન. પછી રાગની અસ્થિરતા વિશેષ છૂટી ગઈ અને ત્રણ કષાયનો અભાવ થઈ ગયો તો એને નિર્ગ્રંથ કહેવામાં આવ્યું છે. આ વાત આવી ગઈ, પહેલા સાંભળો.

મુમુક્ષુ :— ચોથે, પાંચમે પરિણતિ...

ઉત્તર :— પરિણતિ તો સદાય છે. શુદ્ધ ઉપયોગ ક્યારેક ક્યારેક (થાય છે). અને છઠ્ઠા ગુણસ્થાનમાં શુદ્ધ પરિણતિ તો છે, એની સાથેના તત્ત્વાર્થશ્રદ્ધાનની આ વાત ચાલે છે. શુદ્ધ ઉપયોગ જામી જાય તો સાતમું થઈ જાય. એ નિશ્ચયચારિત્ર થઈ જાય અને નિશ્ચયમોક્ષમાર્ગ થઈ જાય. ત્રણેની એકતા થઈ જાય. સમજાણું કાંઈ?

'**એવાં ધર્માદિના તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ ભાવ (—ધર્માસ્તિકાયાદિની તત્ત્વાર્થ પ્રતીતિરૂપ ભાવ) જેનો સ્વભાવ છે એવો, 'શ્રદ્ધાન'**...' જુઓ! એ તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ ભાવ. એનું જે શ્રદ્ધાન એનું નામ સમ્યગ્દર્શન વ્યવહારે કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ ભાવ છેને? '**તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ ભાવ (—ધર્માસ્તિકાયાદિની તત્ત્વાર્થ પ્રતીતિરૂપ ભાવ) જેનો સ્વભાવ છે**...' પાછું એમ. એ શ્રદ્ધાનમાં નવ તત્ત્વ ભેદવાળા અને છ દ્રવ્યની શ્રદ્ધા થઈ છે. એ વિકલ્પ છે, શુભરાગ છે, સ્વપરપ્રત્યય-હેતુ વિકલ્પ—રાગ છે. પોતાના અશુદ્ધ પરિણમનમાં કર્મનું નિમિત્ત છે તો સ્વપરપ્રત્યય આ શ્રદ્ધાન જે છે, સ્વપરપ્રત્યય રાગ છે. સમજાણું કાંઈ? જુઓ નીચે છે. અહીંયાં તો એટલો ખુલાસો સમજી લેવો. જુઓ પાંચમી લીટીમાં છે. '**એવો આ, સ્વપરહેતુક પર્યાયને આશ્રિત,**...' છેને છઠ્ઠી લીટી? નીચે છઠ્ઠી પંક્તિ. પંક્તિ કહે છે? શું કહે છે તમારે? ભાઈ, તમારી હિન્દી બહુ આવડતી નથી. '**સ્વપરહેતુક પર્યાયને આશ્રિત,**...' કોણ? એ શ્રદ્ધાન.

મુમુક્ષુ :— શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર.

ઉત્તર :— પછી એક લીધુંને. અત્યારે એક સાથે લેવું છેને. શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાનની શુદ્ધ પરિણતિ તો છઠ્ઠા ગુણસ્થાને છે. પાંચમામાં પણ એના પ્રમાણમાં, ચોથામાં એના પ્રમાણમાં છે. પણ સાથે છઠ્ઠા ગુણસ્થાનમાં સ્વપરપ્રત્યય-હેતુ નવ તત્ત્વના શ્રદ્ધાનરૂપ

વિકલ્પને વ્યવહાર શ્રદ્ધાન કહેવામાં આવ્યું છે. કેમકે એમાં સ્વપરપ્રત્યય હેતુ રાગ આવ્યો છે. રાગને સમ્યગ્દર્શન કહેવું એ વ્યવહારનું લક્ષણ છે. સમ્યગ્દર્શન છે નહિ એને સમ્યગ્દર્શન કહેવું એનું નામ વ્યવહાર છે. નિશ્ચય સમ્યગ્દર્શન થયું, અનુભવ પ્રતીત આત્માના નિશ્ચય થયા તેને નિશ્ચય કહેવું એ પરમાર્થ છે. સમજાણું કાંઈ? એક બોલ આવ્યો.

**'નામનો ભાવવિશેષ તે સમ્યક્ત્વ;...'** છેને? **'એવો 'શ્રદ્ધાન' નામનો ભાવવિશેષ...'** વિકલ્પરૂપી પર્યાય, રાગરૂપ પર્યાય, શુભ ઉપયોગરૂપ રાગ તે સમ્યક્ત્વ છે. એ સ્વપરપર્યાયને આશ્રિત શુભરાગને અહીંયાં સમકિત કહેવામાં આવ્યું છે. કહો, સમજાય છે કે નહિ ભાઈ? થોડું થોડું ધ્યાન રાખે તો (સમજાય એવું છે). આ તો બહુ સાદી ભાષામાં આવે છે. નવાને જરી લાગે, કઠણ લાગે. નવા હોયને નવા. ચીમનભાઈ! આ તો બધા અમારે જૂના છે. આ મિત્રસેનજી નવા આવ્યા છે. આ વખતે નવા તો ઘણા આવ્યા છે. જિજ્ઞાસુ ને ઉત્સાહ છે. શું છે એને પહેલા સમજવું તો જોઈએ. સમજવાની ભૂમિકા વિના યથાર્થ શ્રદ્ધાનું જ્ઞાન એને કઈ રીતે થાય? સમજાણું કાંઈ?

કહે છે, કોને સમ્યક્ત્વ કહ્યું? એક જેનો સ્વભાવ છે એવું શ્રદ્ધાન. ધર્માસ્તિકાયાદિ તત્ત્વાર્થરૂપ એવો ભાવવિશેષ. ભાવ—ખાસ વિકલ્પ—ભાવ તે સમ્યક્ત્વ છે. સ્વપરહેતુક પર્યાયને અહીંયાં સમકિત કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? મણિભાઈ! આ વ્યવહારની વાત ચાલે છે, વ્યવહાર. આહાહા..! આ સ્વપરહેતુક પર્યાયને નિશ્ચય ચોથું ગુણસ્થાન કહેવું... સમજાણું કાંઈ? સ્વપરહેતુક પર્યાયને ચોથું ગુણસ્થાન કહેવું... ચોથું ગુણસ્થાન તો નિશ્ચય સ્વઆશ્રયથી નિર્વિકલ્પ દૃષ્ટિ પર્યાય ઉત્પન્ન થઈ એ ચોથું ગુણસ્થાન છે. અને સાથે આવી નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ સ્વપરહેતુક વ્યવહારભાવ ભાવવિશેષ તે સમકિત (છે). સ્વપરહેતુકને વ્યવહારે સમકિત કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— સાથે હોવાથી સમકિત કહ્યું.

ઉત્તર :— સાથે છેને, નિમિત્ત છેને, નિમિત્ત છે. એવું સાથે છે. ન હોય? પૂર્ણ હોય ન હોય. વીતરાગ થઈ જાય પછી (ન હોય) અથવા સાતમે નિર્વિકલ્પ ધ્યાન હોય પછી બુદ્ધિપૂર્વક કોઈ રાગ રહેતો નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ન્યાં ક્યાં પછી તો ધ્યાનમાં આનંદમાં છે. મુનિ ક્ષણમાં સાતમે ગુણસ્થાને આવે છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ કરું છું એવો વિકલ્પ પણ નથી. સાતમી ભૂમિકામાં તો હું આનંદનો અનુભવ કરું છું એવો પણ વિકલ્પ નથી. હું અને અનુભવ કરું છું—એ તો બે થઈ ગયા. એવો વિકલ્પ નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— તો એકલો સવિકલ્પ રહ્યો. સ્વપર પર્યાય પ્રતીતવાળો વિકલ્પ એ સમ્યગ્દર્શન

રહ્યું. અરે.. ભગવાન! કેવી રીતે લગાવી દીધું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— અનાદિનો સ્વપરહેતુક...

ઉત્તર :— સ્વપરપર્યાયહેતુક તો અનાદિનો છે. એ તો આવ્યું નહિ ૪૧૩ ગાથામાં? એ તો વ્યવહારમૂઢ છે. એને વ્યવહાર કહેવાવાળા મૂઢ છે. નિશ્ચય પ્રગટ્યા પછી સ્વપરહેતુક વ્યવહાર આવ્યો એ જાણવાલાયક છે. જાણેલો પ્રયોજનવાન ૧૨મી ગાથામાં કહ્યું ઈ વાત ચાલે છે, લ્યો. ૧૨મી ગાથામાં આવ્યુંને? જાણેલો પ્રયોજનવાન છે. જાણવામાં આવ્યું કે આ છે, વિકલ્પ છે. ચોથી, પાંચમી, છઠ્ઠી ભૂમિકામાં આવા નવ તત્ત્વનો વિકલ્પનો ભેદ સમ્યગ્દર્શન-જ્ઞાન થયા છે તો 'છે' એમ જાણવાલાયક છે. આદરવાલાયક નથી. આ સ્વપરપર્યાયહેતુક આદરવા લાયક નથી. વ્યવહારે આદરવાલાયક છે એમ કહેવામાં આવે છે. નિશ્ચયથી આદરવાલાયક નથી.

મુમુક્ષુ :— છ ઢાળામાં જે...

ઉત્તર :— હા, ઈ. ત્યાંનો અર્થ ઊંધો કર્યો છે ભાઈ હમણાં. એ ક્યાંક આવ્યો છે. નહિ? પરદ્રવ્યથી (ભિન્ન) પ્રતીત સમ્યગ્દર્શન ભલા છે. એ બારમે ગુણસ્થાને લગાવ્યું છે. અરે.. ભગવાન! શું કરે છે? હમણા લગાવ્યું છે. એમાં લખાણમાં આવ્યું છે. સમજ્યા? એ 'પરદ્રવ્ય તેં ભિન્ન આપમેં રુચિ સમકિત ભલા હૈ' એ બારમે છે. અરે.. પ્રભુ! અહીંયાં તો હજી તમે એમ લો કે અમુક નિશ્ચયની રુચિ છે અને ધ્યાતા-ધ્યેયનો ચારિત્રમાં અધિકાર લીધો છે, છ ઢાળામાં. 'ધ્યાન ધ્યાતા ધ્યેય કો ભેદ નહિ' એ તો ચારિત્રની પ્રધાનતાથી ત્યાં કથન કર્યું છે. બાકી ચોથા ગુણસ્થાનમાં પણ, હું ધ્યાતા છું, ધ્યાન છું એવો વિકલ્પભેદ ન હોય ત્યારે નિશ્ચય સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? આ જ્ઞાતા છે અને આ જ્ઞેય છે ને હું જ્ઞેયનું જ્ઞાન કરું છું, એવો પણ ભેદ જ્યાં સુધી છે ત્યાં સુધી વિકલ્પાત્મક રાગ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શું કહે છે? તત્ત્વ નામ ભાવ, અર્થ નામ દ્રવ્ય વસ્તુ. દ્રવ્ય, ગુણ, પર્યાય અર્થ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નહિ, નહિ, નહિ. નિર્વિકલ્પ છે. ઈ વાત કહે છેને. એ આત્માનું રૂપ છે. પુરુષાર્થસિદ્ધિ... એ આત્માનું રૂપ છે અને તે જ નિશ્ચય તત્ત્વાર્થશ્રદ્ધાન સિદ્ધમાં પણ રહે છે. ભેદ નહિ, અભેદ દૃષ્ટિ. સાત તત્ત્વના નામ લીધા. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ સાત તત્ત્વ. એકવચન લીધું છે, બહુવચન લીધું જ નથી. એકવચન. એકરૂપ છે. આત્માનું ભાન થયું તો એમાં અજીવ, આસ્રવ, બંધ એમાં નથી. અને સંવર, નિર્જરા, મોક્ષ છે એવું જ્ઞાન એમાં આવી ગયું, શ્રદ્ધા એમાં આવી ગઈ. આત્માનું ભાન થયું એમાં

'આ આત્મા જ્ઞાયકમૂર્તિ છે' તો એની સાથે સંવર, નિર્જરા, મોક્ષની પૂર્ણ પર્યાય આદિ અભેદપણે ખ્યાલમાં આવી ગયા. અને આસ્રવ, બંધ અને અજીવ એમાં નથી એવું જ્ઞાન થઈ ગયું. સાતેય તત્ત્વની શ્રદ્ધા આત્મજ્ઞાનમાં આવી ગઈ. ભિન્ન નથી રહેતી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હો, એ તો સાથે ભાવ છે એ નિશ્ચય સમ્યક્ છે. આ સ્વપરપર્યાયહેતુક વળી વ્યવહારસમ્યગ્દર્શન? તત્ત્વાર્થશ્રદ્ધાન તો રાગ થયો, વિકલ્પ થયો. ચોથા ગુણસ્થાને એકલો વિકલ્પ છે? વિકલ્પવાળું એકલું સમ્યગ્દર્શન છે? નહિ. નિશ્ચય સમ્યગ્દર્શન થયું છે આત્મજ્ઞાનનું, એની સાથે આવો જ નવ પદાર્થનો તત્ત્વાર્થશ્રદ્ધાનનો વિકલ્પ રાગ આવે છે. નહિતર વેદાંત થઈ જાય છે. વેદાંત, એક એક એકલો કહે છે. નહિ, એની ભૂમિકામાં નવ તત્ત્વની અને છ દ્રવ્યની શ્રદ્ધાના વિકલ્પરૂપી વ્યવહાર સમકિત હોય છે. કોઈ એક જ આત્મા કહી દે અને છે દ્રવ્ય છે જ નહિ, નવ તત્ત્વના ભેદ, છ દ્રવ્યના ભેદ છે જ નહિ, એમ નથી. ઈ છે. અભેદદૃષ્ટિ થયા પછી આવો વિકલ્પ જે ભૂમિકામાં આવ્યો, તો કહે છે, અહીંયાં પહેલા કહ્યું ને, તમે પછી કેમ કહો છો? પહેલા તો સાતમા ગુણસ્થાનની અપેક્ષાએ પહેલા સાધન કહ્યું. સમજાણું કાંઈ?

'**તત્ત્વાર્થશ્રદ્ધાનના સદ્ભાવમાં...**' જુઓ! તત્ત્વાર્થશ્રદ્ધાનના સદ્ભાવમાં, વ્યવહારશ્રદ્ધાનના સદ્ભાવમાં નવ પદાર્થ છે, છ દ્રવ્ય છે એવું વ્યવહારશ્રદ્ધાન વિકલ્પના સદ્ભાવમાં (હોય છે). નિશ્ચય દૃષ્ટિ, જ્ઞાન તો છે જ. '**અંગપૂર્વગત પદાર્થોનું અવબોધન...**' અંગ અને પૂર્વના પદાર્થો. પૂર્વગત—એમાં રહેલા. અંગ અને પૂર્વમાં રહેલા પદાર્થોને જાણવું '**તે જ્ઞાન;...**' અંગ અને પૂર્વગત પદાર્થોનું. જુઓ! સમજાણું કાંઈ? એ બધા પદાર્થો અંગ પૂર્વમાં આવ્યા છે. જાણવું તે જ્ઞાન છે. એ વ્યવહારજ્ઞાન છે. એ જ્ઞાન સ્વપરહેતુક પર્યાય છે. શું કહ્યું? આ તો એક એક બોલ સાથે પેલો (વ્યવહાર) લગાવવો છેને.

પોતાનું સ્વરૂપ શુદ્ધ છે એવી જે જ્ઞાનચેતના થઈ એ તો નિશ્ચય છે. સાથે અંગપૂર્વગતનું ભાન કરવું એ વ્યવહાર સમ્યક્જ્ઞાન છે. વ્યવહાર સ્વપરપર્યાયહેતુક એવો વિકલ્પાત્મક એટલો ક્ષયોપશમ દેખાય છે. પણ એ પરલક્ષીભાવ છે. સ્વપરપર્યાયહેતુક જ્ઞાન છે. સ્વઆશ્રયે જે જ્ઞાનચેતના છે તે નિશ્ચય છે. ત્યારે એને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! ભારે ભાઈ! ઠીક થયું પણ, આ બધું વાંચવામાં આવ્યું અને સામે આ બધી વાત આવી. એઈ..! દેવાનુપ્રિયા! ક્યાં ગયા જમુભાઈ? સામે વાત આવે ત્યારે વધારે સ્પષ્ટ થાય છે. નહિતર સામે શંકા ન પડે તો સ્પષ્ટતા શું આવે?

મુમુક્ષુ :— અંગપૂર્વગત એટલે અગિયાર અંગ, ચૌદ પૂર્વ?

ઉત્તર :— હા, અગિયાર અંગ છે, દસ પૂર્વ છે. નવ પૂર્વ છે. નવ પૂર્વનું પણ જ્ઞાન થાય છે અને સમકિતીને બાર અંગનું પણ જ્ઞાન થાય છે. અહીં તો મુનિની વાત છેને.

બાર અંગનું જ્ઞાન એ પણ વ્યવહારજ્ઞાન છે. સ્વપરપર્યાયહેતુક જ્ઞાન છે. આહાહા..! હોય છે. સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાનવાળા સર્વાર્થસિદ્ધિના દેવ સમ્યગ્દર્શન, જ્ઞાનચેતના છે એ ભૂમિકામાં બાર અંગનું પણ જ્ઞાન છે ચોથા ગુણસ્થાનવાળાને સર્વાર્થસિદ્ધિમાં. પણ એ સ્વપરપ્રત્યય હેતુ વ્યવહારજ્ઞાન છે. નિશ્ચય તો અંદર જ્ઞાનચેતના થઈ છે એ નિશ્ચય છે. સમજાણું કાંઈ? શું લક્ષ્મીચંદજી! જુઓ!

'**તે જ્ઞાન...**' અંગપૂર્વગત પદાર્થોનું. કોની સાથે? તત્ત્વાર્થશ્રદ્ધાનના સદ્‌ભાવમાં. એની સાથે વ્યવહારશ્રદ્ધાન છે. એ શ્રદ્ધા સહિત અગિયાર અંગ, બાર અંગનું જ્ઞાન, ચૌદ પૂર્વનું જ્ઞાન, એમાં કહેલા પદાર્થોનો બોધ એ પરલક્ષી છે માટે એને વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે. આ ન બેસે ભાઈ એને. એ લોકો ને એમ કે આવું જ્ઞાન ને.. અરે..! સાંભળ તો ખરો પ્રભુ! આ સ્વપરપ્રત્યય હેતુ નીચે શબ્દ લખ્યો છે. ભગવાન! જરી સાંભળ તો ખરો. અહીં પણ છેને. અહીં કહ્યું છે પછી પ્રશ્ન ક્યાં? અહીંને અહીં તરત તૈયાર કર્યું છે કે આ જે કહ્યું એ સ્વપરપર્યાયહેતુક છે, પછી પ્રશ્ન ક્યાં છે? અહીંની સાથે લીધું છે. સમજાણું કાંઈ?

એ જે તત્ત્વાર્થશ્રદ્ધાન કહ્યું એની સાથે આ જે છે અંગપૂર્વગત પદાર્થનું જ્ઞાન તે '**સ્વપરહેતુક પર્યાયને આશ્રિત, ભિન્નસાધ્યસાધનભાવવાળા...**' જુઓ! અભિન્નસાધન તો સમ્યક્ જ્ઞાનચેતના છે. નિશ્ચય સમ્યક્‌દર્શન છે અભિન્ન છે તો એ આગળનું સાધન નિશ્ચયથી કહેવામાં આવ્યું. જ્ઞાનચેતના છે સાતમા ગુણસ્થાનના જ્ઞાનને એને નિશ્ચયસાધન કહેવામાં આવ્યું. અને આ જે તત્ત્વાર્થશ્રદ્ધાન છે એ અભેદ જે સપ્તમ ગુણસ્થાન છે એનું વ્યવહારસાધન કહેવામાં આવ્યું. નિશ્ચય જે જ્ઞાન છે સપ્તમ ગુણસ્થાનયોગ્ય એનું વ્યવહારુ જ્ઞાન વ્યવહારસાધન કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? આ વ્યવહાર-નિશ્ચયની ભારે ભાંજગડ. અરે.. ભગવાન! એ સમજ્યા વિના તારું જ્ઞાન યથાર્થ થતું જ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

હવે ત્રીજો બોલ. '**આચારાદિ સૂત્રો વડે કહેવામાં આવેલા અનેકવિધ મુનિ-આચારોના સમસ્ત સમુદાયરૂપ તપમાં ચેષ્ટા...**' જુઓ! અહીં તો મુનિની પ્રધાનતાથી વાત કરી છેને. આચારાંગ આદિમાં '**સૂત્રો વડે કહેવામાં આવેલા અનેકવિધ મુનિ-આચારોના...**' પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ વગેરે વગેરે એની વિધિમાં (આવે તે). '**સમસ્ત સમુદાયરૂપ...**' સમુદાયરૂપ—સમૂહમાં '**તપમાં...**' એટલે મુનિપણાની વ્યવહારચેષ્ટામાં પ્રવર્તન. તપમાં એટલે મુનિપણાની વ્યવહારચેષ્ટામાં પ્રવર્તન તે ચારિત્ર છે. તપમાં એટલે નિશ્ચય મુનિપણું તપ એ નહિ. વ્યવહાર તપ નામ જે વિકલ્પ પંચાચાર આદિ છે, જ્ઞાનાચાર, દર્શનાચાર એ વ્યવહાર વિકલ્પ જે છે એ સમસ્ત સમુદાયરૂપ તપમાં એટલે મુનિપણામાં, વ્યવહાર મુનિપણામાં ચેષ્ટા પ્રવર્તન તે વ્યવહારચારિત્ર છે. એ વ્યવહાર વિકલ્પ ચારિત્ર છે. '**આવો આ, સ્વપરહેતુક પર્યાયને આશ્રિત,...**' જુઓ લ્યો. ત્રણે. સમજાણું કાંઈ? રાજમલજી! એ ત્રણે. આ ગાથા

સાથે મેવળવું હોં! આહાહા..! **'આવો આ,...'** આ એટલે કોણ? આ ત્રણ. તત્ત્વાર્થશ્રદ્ધાન, આચારાંગ આદિનું જ્ઞાન અને આચારાંગ આદિમાં કહેલું ચારિત્ર. વ્યવહાર વિકલ્પ પંચ મહાવ્રત (આદિ).

**'સ્વપરહેતુક પર્યાયને આશ્રિત,...'** સ્વપરહેતુક પર્યાય નામ સ્વનું થોડું શુદ્ધ છે, થોડું અશુદ્ધ છે એમ નહિ. સ્વ અશુદ્ધ ઉપાદાન અને નિમિત્ત પર. એકલું અશુદ્ધ ઉપાદાન... નિમિત્ત સાથે લીધું. એવી પર્યાયને વિકલ્પ કહેવામાં આવ્યો છે. રાગ કહેવામાં (આવ્યો છે). એ તો વિકલ્પાત્મક છે જ, દ્રવ્યસંગ્રહમાં બધામાં છે. એ તો એણે નાખ્યું છે એમાં પણ છે. મોક્ષમાર્ગ છે ચોથે, પાંચમે, છઠ્ઠે, પણ વિકલ્પાત્મક છે. પાઠમાં વિકલ્પાત્મક એ પણ મોક્ષમાર્ગ છે એમ નાખ્યું છે. પણ વિકલ્પાત્મક મોક્ષમાર્ગ તો વ્યવહાર છે. સમજાણું કાંઈ? રાગ ઉત્પન્ન થયો એ સ્વદ્રવ્યને આશ્રયે છે? એ તો નિમિત્તના આશ્રયે ઉપાદાનમાં વિકલ્પ આવ્યો. દ્રવ્યના આશ્રયે જે નિર્મળતા ઉત્પન્ન થાય છે એ નિશ્ચય છે. નિમિત્તના આશ્રયે અશુદ્ધ ઉપાદાનમાં વિકલ્પ ઉઠ્યો એ વ્યવહાર છે, વ્યવહાર છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બંન્ને મળીને નહિ. સ્વ પોતાનું ઉપાદાન નિમિત્તનું લક્ષ કરીને જે અશુદ્ધ વિકલ્પ ઉત્પન્ન થયો એને સ્વપરહેતુ કહેવામાં આવે છે. ઉપાદાન હેતુ અને નિમિત્ત હેતુ સાથે કહીને કહ્યું છે. એકસાથે. વિકાર છેને, વિકાર છેને, વિકલ્પ છે. સમજાણું કાંઈ? આહાહા..! કેટલું અમૃતચંદ્રાચાર્યે પાઠમાંથી કાઢીને (સ્પષ્ટ કર્યું છે)! **'धम्मादीसद्दहणं सम्मत्तं'** વ્યવહાર. **'णाणमंगपुव्वगदं' 'णाणमंगपुव्वगदं'** વ્યવહાર. પેલો 'તપ' શબ્દ પડ્યો હતો ને, પાઠમાં છે ખરું ને. **'चेट्ठा तवम्हि चरिया'** મુનિપણામાં વ્યવહાર વિકલ્પની ચેષ્ટા. પંચ મહાવ્રત (પાળું), અપવાસ કરું એવા કોઈ વિકલ્પાદિ છે એ બધો વ્યવહાર સ્વપરહેતુક આશ્રય વિકલ્પ—રાગ-વિભાવ-શુભ ઉપયોગને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. બંધમાર્ગ છે હોં! એ પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં આવ્યુંને. શુભ ઉપયોગનો એ અપરાધ છે. બંધ પડે છે એ મોક્ષમાર્ગથી બંધ નથી પડતો. નિશ્ચય મોક્ષમાર્ગ તો સ્વઆશ્રયે શુદ્ધ છે, એનાથી બંધ નથી.

જુઓ! અહીંયાં મોક્ષમાર્ગ, બંધ અને મોક્ષનું કારણ બે શબ્દ વાપર્યા છે. આપણે પણ આવ્યુંને. બંધમોકખો.. એમાં પણ આવ્યું. બંધોમોકખોવા. એમાં સ્પષ્ટ લખ્યું છે. મોક્ષ તો સ્વદ્રવ્યના આશ્રયે જે પર્યાય થઈ એ જ મોક્ષમાર્ગ છે. એનાથી બંધ નથી. બંધ તો પરાશ્રયે જેટલો શુભરાગ થયો એ શુભરાગનો અપરાધ છે. એ અપરાધ છે એનો બંધ છે. વ્યવહારરત્નત્રય પણ અપરાધ છે. આહાહા..! ભારે વાત ભાઈ! સ્વપરપ્રત્યય રાગ છે કે નહિ? અપરાધ છે, ગુનો છે. અર..ર..ર..! અરે.. ભગવાન! સાંભળ તો ખરો. એ વ્યવહારને નિમિત્ત જોઈને, અનુકૂળ વ્યવહાર જોઈને આરોપ કર્યો છે. ખરેખર તો બંધના કારણને મોક્ષનું કારણ કહેવું એ વ્યવહારનયનું લક્ષણ છે. સમજાણું કાંઈ? એ વ્યવહારનયથી અહીંયાં કહેવામાં આવ્યું છે.

ઘણી ગડબડ થઈ છે. ઓહોહો...! આ હવે વ્યવહારમોક્ષમાર્ગ ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે અને બારમા સુધી (હોય), વળી એક જણો (એમ કહે છે). વળી એક જણો એમ કહે છે, બારમાના પૂર્વ સુધી (હોય). લ્યોને. બારમાના પૂર્વ સુધી. પૂર્વ શબ્દ વાપર્યો છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નિશ્ચય છે જ નહિ નીચે, નિશ્ચય તો બારમે જ થાય, એમ કહે છે.

મુમુક્ષુ :— અમુક કાળ વ્યવહાર અને અમુક કાળ નિશ્ચય...

ઉત્તર :— અમુક કાળ વ્યવહાર અને અમુક કાળ નિશ્ચય. ભેદ. અહીં આ નિશ્ચયની સાથે વ્યવહાર એમ નહિ. એમ હોતું જ નથી કદી.

એક દ્રવ્યાશ્રિત સ્વનિશ્ચય દર્શન-જ્ઞાન થયા એમાં જેટલા ભેદના ભાવ ઉઠે છે એને વ્યવહાર કહેવામાં આવે છે, બસ. બેય સાથે છે. પણ અહીંયાં પહેલા કહ્યું એનો અર્થ, સાતમે જે નિશ્ચયનું સાધ્ય લેવું છે એ નીચે છઠ્ઠા ગુણસ્થાને વર્તતું તત્ત્વશ્રદ્ધાન, વ્યવહારુ જ્ઞાન, વ્યવહાર(ચારિત્ર)—એનું સાધન વ્યવહારથી થાય છે. નિશ્ચયનું સાધન, છઠ્ઠાનો રાગ વ્યવહાર સાધન થાય છે. નિશ્ચય સાધન તો છઠ્ઠા ગુણસ્થાનની નિર્મળ શુદ્ધ પરિણતિ છે. ત્રણ કષાયના અભાવરૂપ પરિણતિ. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ત્રણ કષાયના (અભાવરૂપ) પરિણતિ—શુદ્ધ પરિણતિ એ સાતમા ગુણસ્થાનનું નિશ્ચય સાધન છે. તો એ અભેદસાધ્યસાધન થયા. બેય નિર્મળ અભેદસાધ્યસાધન. ભેદ સાધન અને ભેદ સાધ્ય, એ વિકલ્પાત્મક છે. એને સાધ્યનું વ્યવહાર સાધન કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? ભિન્ન સાધ્યસાધન છે. વ્યવહાર સાધન કહ્યુંને એને, વ્યવહાર સાધન.

જુઓ! '**એવો આ, સ્વપરહેતુક પર્યાયને આશ્રિત,...**' કોણ? ત્રણ. કોણ ત્રણ? વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન, વ્યવહારચારિત્ર. '**ભિન્નસાધ્યસાધનભાવવાળા...**' જુઓ! આટલો તો ખુલાસો કર્યો છે. ભિન્ન સાધ્ય શું? કે સ્વપરપર્યાય પ્રત્યયી જે છઠ્ઠે ગુણસ્થાને રાગ છે એ ભિન્ન સાધન છે અને સાધ્ય ભિન્ન છે. કેમકે વિકલ્પાત્મક છે એ ભિન્ન સાધન થયું. નિર્વિકલ્પ સાતમું સાધ્ય છે. તો નિર્દોષ સાધ્ય એનું સદોષ સાધન, એને ભિન્નસાધનસાધ્ય કહેવામાં આવ્યું છે. તો '**ભિન્નસાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના...**' જુઓ! ઈ કેમ કહ્યું? કે '**વ્યવહારનયના આશ્રયે...**' નિશ્ચય સાતમા ગુણસ્થાનને યોગ્ય સાધ્ય જે નિશ્ચય છે એનો, છઠ્ઠા ગુણસ્થાને જે વિકલ્પ રહ્યો, નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિ અંદર જે છે એ તો અભિન્નસાધ્યસાધનમાં ગઈ. શેઠી! શું અભિન્નસાધ્યસાધન?

મુમુક્ષુ :— શુદ્ધ...

ઉત્તર :— ટૂંકો શબ્દ બોલ્યા. વેપારી છે. નિશ્ચય જે સાધ્ય છે સાતમે શુદ્ધ એનું, છઠ્ઠે જે શુદ્ધ છે (તે સાધન છે), એ બેય શુદ્ધ ગણીને અભિન્નસાધ્યસાધન કહ્યું. અને આ સાધ્ય છે સાતમું અને સાધન છે છઠ્ઠા (ગુણસ્થાનનો) વિકલ્પ, એ ભિન્નસાધ્યસાધન કહેવામાં આવે

છે. વ્યવહારનયના આશ્રયે કેમ કહ્યું એનો ખુલાસો કર્યો. કે વ્યવહારનયના આશ્રયે કહ્યું.

મુમુક્ષુ :— એક સમયમાં બેય પરિણતિ છે?

ઉત્તર :— એક સમયમાં બેય પરિણતિ છે—જ્ઞાનધારા અને કર્મધારા. નિર્મળ પરિણતિ પણ છે, રાગ પણ છે. છઠ્ઠે ગુણસ્થાને, પાંચમે, ચોથે બે ધારા છે. ચોથા ગુણસ્થાનથી પણ જેટલું સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને રાગ રહિત સ્વરૂપની પરિણતિ શુદ્ધ થઈ તે જ્ઞાનધારા છે. જ્ઞાનનો અર્થ રાગધારા નહિ. છે તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો અંશ એ સર્વ જ્ઞાનધારા અને સાથે રાગાદિ છે એ કર્મધારા, બંધની ધારા છે. એ ચોથે, પાંચમે, છઠ્ઠે જ્ઞાનધારા અને કર્મધારા (બેય છે). સાતમે જ્ઞાનધારા એકાકાર થઈ જાય છે. ત્યાં બુદ્ધિપૂર્વકના વિકલ્પ રહેતા નથી. સમજાણું કાંઈ? અરે..! વાત આટલી બધી સમજવી ઈ કરતાં આ કરી નાખ્યા મહાવ્રત ને દયા પાળી દીધી અને વ્રત લઈ લીધા, જાઓ પડિમા લઈ લીધી. કાંઈ છે? ભાઈ! પણ વ્યવહાર કોણ? નિશ્ચય કોણ? એની મર્યાદામાં કેટલી વ્યવહારની સીમા છે અને નિશ્ચયની કેટલી મર્યાદા—સીમા છે એ સમજ્યા વિના સમ્યગ્દર્શનનો નિર્ણય નથી, તો સમ્યગ્દર્શન ક્યાંથી આવશે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ક્યાંથી કરી લ્યે? ધૂળમાં? લીનતા કદી થતી જ નથી, એ તો હઠ થાય છે. માની લે ભલે, એમ છે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

‘**ભિન્નસાધ્યસાધનભાવવાળા...**’ લ્યો જુઓ! બેય ભાવ તો કહ્યા હોં! ભિન્નસાધ્યસાધનભાવ. સાધનભાવ વિકલ્પ અને સાધ્યભાવ નિર્વિકલ્પ સાતમું એ બેય ભાવ. પણ બેય ભાવને કેમ કહ્યા? કે વ્યવહારનયના આશ્રયે. વ્યવહાર અભૂતાર્થ છે. એ અભૂતાર્થ સત્યાર્થ નયથી કહેવામાં આવ્યું છે. બસ, એક જ ૧૧મી ગાથા એવી છે (કે) જૈનદર્શનના પ્રાણ, વસ્તુદર્શનના પ્રાણ છે. સમજાણું કાંઈ? ‘**વ્યવહારનયના આશ્રયે (—વ્યવહારનયની અપેક્ષાએ)...**’ ખુલાસો કર્યો ભાઈએ. ‘**અનુસરવામાં આવતો મોક્ષમાર્ગ,...**’ જુઓ! કોણ? એ વ્યવહાર. વ્યવહારનયના આશ્રયે અનુસરણવામાં આવતો. એવો વિકલ્પ આવ્યો એને વ્યવહારમોક્ષમાર્ગ કહેવામાં આવ્યો.

‘**સુવર્ણપાષાણને લગાડવામાં આવતા...**’ હવે શું કહે છે? સુવર્ણપાષાણ છેને? સોનાનો પત્થર. એમાં અગ્નિ લગાવે ત્યારે સોનું અને પત્થર જુદા પડે છે. સાંભળો! એમાં પણ બે ન્યાય છે. ‘**સુવર્ણપાષાણને લગાડવામાં આવતા પ્રદીપ્ત અગ્નિ...**’ સાધારણ અગ્નિ નહિ. પ્રદીપ્ત અગ્નિ, ઉગ્ર અગ્નિ ઉગ્ર. તેની ‘**માફક...**’ ‘**પ્રદીપ્ત અગ્નિની માફક સમાહિત અંતરંગવાળા જીવને...**’ જુઓ! સમાહિત અંતરંગવાળા જીવને. નીચે સમાહિતનો અર્થ લખ્યો છે. ‘એકાગ્ર, એકતાને પામેલ, અભેદતાને પ્રાપ્ત’ સાતમા ગુણસ્થાનવાળો ‘છિન્નભિન્નતા રહિત, સમાધિપ્રાપ્ત, શુદ્ધ, પ્રશાન્ત’ એ સાતમા ગુણસ્થાનની વાત છે. એવા ‘**સમાહિત અંતરંગવાળા જીવને**

**(અર્થાત્ જેનું અંતરંગ એકાગ્ર—સમાધિપ્રાપ્ત છે એવા જીવને)...'** હવે ખુબી તો શું છે? કે સાતમા ગુણસ્થાને સમાહિત છે તો વ્યવહાર એને પદે પદે અભિન્ન વિશ્રાંતિ કરાવે છે! સમજાણું કાંઈ? શું કહ્યું? સાતમા ગુણસ્થાને તો ધ્યાનમાં છે. તો અહીંયાં કહ્યું, જે વ્યવહાર છે એ કેવો છે?

જેમ સુવર્ણપાષાણમાં અગ્નિ લગાવી એમ સમાહિત અંતરંગવાળો જીવ. સાતમા ગુણસ્થાનવાળા, ધ્યાનવાળા જીવને **'પદે પદે...'** સમય સમયની પર્યાય **'પરમ રમ્ય એવી ઉપરની શુદ્ધ ભૂમિકાઓમાં અભિન્ન વિશ્રાંતિ (—અભેદરૂપ સ્થિરતા) નિપજાવતો થકો...'** કોણ? વ્યવહાર.

મુમુક્ષુ :— વ્યવહારનો તો અભાવ થઈ જાય છે.

ઉત્તર :— અભાવ થઈ જાય છે, પણ એ અહીંથી વ્યવહાર સાધન અભાવ કરીને આગળ ગયો છે તો ત્યાં પણ નિર્મળ ક્રમે ક્રમે શુદ્ધ પરિણતિ વધતી જાય છે. સાતમે પણ સમયે સમયે વધતી જાય છે એને વ્યવહાર સાધને વધારી. વધે છે પોતાથી, હમણા કહેશે. સુવર્ણ પોતાથી જ અંદર વધે છે. પણ અગ્નિથી વધ્યું, ભિન્ન પડ્યું, વધ્યું એમ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. આહાહા..! ભારે ગાથાઓ!

મુમુક્ષુ :— ઘણું ચોખ્ખું.

ઉત્તર :— ઘણી ચોખ્ખી વાત, બહુ સ્પષ્ટ છે. સમજાણું કાંઈ? પદે પદેનો અર્થ? અહીંયાં થોડી તકરાર લે. એમ કે પદ પદ પર વળી એક જ ગુણસ્થાનમાં પદે પદે (શું)? અરે..! અસંખ્ય પર્યાય છેને. એના અસંખ્ય સમય છે. એવી ઉપરની શુદ્ધ ભૂમિકાઓમાં... ઉપરની શુદ્ધ ભૂમિકા લીધી છેને? ઉપરની. **'અભિન્ન વિશ્રાંતિ નિપજાવતો થકો...'** પછી પણ ભલે નિર્મળ હોય એને પણ પહેલા વ્યવહારથી આરોપ કરીને કહેવામાં આવ્યું છે. પછી આઠમે, નવમે પૂર્વનું સાધન... એમાં કંઈ વિરોધ નથી. વ્યવહારથી અભૂતાર્થનયથી કહેવામાં આવે તો એનાથી આગળ રમતા વધી જાય છે. એમાં શું? એમાં કંઈ હરકત નથી. સમજાણું કાંઈ? **'એવી ઉપરની શુદ્ધ ભૂમિકાઓમાં અભિન્ન વિશ્રાંતિ...'** શું? અભેદ સ્થિરતા સાતમા આદિમાં. **'નિપજાવતો થકો...'** કોણ? વ્યવહારરત્નત્રય. શું? વ્યવહારરત્નત્રય નિપજાવતો થકો. કેમ નિપજાવતો થકો (કહ્યું)? કે પોતાથી નિપજે છે એને નિપજાવતો થકો એમ કહેવામાં આવ્યું છે. એ અધિકાર ચાલશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧૩, ગુરુવાર, તા. ૨૦.૮.૧૯૬૪**
**ગાથા-૧૬૦, પ્રવચન-૭**

આ પંચાસ્તિકાય (એમાં) મોક્ષમાર્ગનો વિસ્તાર ચાલે છે. એમાં ૧૬૦મી ગાથા. નિશ્ચય મોક્ષમાર્ગના સાધનરૂપે જે વ્યવહારમોક્ષમાર્ગ છે એનો એમાં નિર્દેશ નામ કથન છે. સમજાણું કાંઈ? નિશ્ચયમોક્ષમાર્ગ—પોતાનો શુદ્ધ આત્મા પવિત્ર અખંડ અભેદ દ્રવ્ય, એના આશ્રયે જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેની એકતાથી નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત સપ્તમ ગુણસ્થાનયોગ્ય જે નિશ્ચયમોક્ષમાર્ગ છે એને આ વ્યવહારને સાધન કહેવામાં આવે છે. વ્યવહારમોક્ષ એનું સાધન વ્યવહારનયથી કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? અહીં સુધી આવ્યું છે, જુઓ!

અહીંથી ફરીને લેવું છેને. **'મોક્ષમાર્ગ, સુવર્ણપાષાણને લગાડવામાં આવતા પ્રદીપ્ત અગ્નિની માફક...'** ઈ વ્યવહારનય છે. છે? સુવર્ણપાષાણ. એકલું સુવર્ણ નહિ. સુવર્ણપાષાણને લગાડવામાં આવતા પ્રદીપ્ત અગ્નિ—ઉગ્ર અગ્નિની માફક. વ્યવહારમોક્ષમાર્ગ કોને સાધન થાય છે? કે **'સમાહિત અંતરંગવાળા જીવને...'** જેને છઠ્ઠા ગુણસ્થાને અંતરંગ શાંતિ, સમાધિ પ્રાપ્ત નિશ્ચયથી શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ છે. સમજાણું કાંઈ? અહીંયાં મુખ્યપણે છઠ્ઠા અને સાતમાની મુખ્યપણે વાત છે. ચોથા, પાંચમાની વાત ગૌણપણે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્વરૂપાચરણ ચોથા ગુણસ્થાને હોય છે. તો ત્યાં વ્યવહારવિકલ્પ છે એને વ્યવહારસાધન ભવિષ્યની અપેક્ષાથી, એટલી એકાગ્રતા કે શાંતિ છે તો એ સાધનને નિશ્ચય નિર્વિકલ્પ શાંતિમાં વ્યવહારસાધન કહેવામાં આવ્યું છે. એમ પાંચમે, એમ છઠ્ઠાની વાત તો અહીંયાં મૂકી છે.

**'સમાહિત અંતરંગવાળા જીવને (અર્થાત્) જેનું અંતરંગ એકાગ્ર—સમાધિપ્રાપ્ત છે...'** કાલે એવો અર્થ કર્યો હતો કે સમાધિપ્રાપ્ત સાતમા ગુણસ્થાનવાળો. યાદ છે? અહીંયાં એમ ન લેવું. પછી અમારા પંડિતજીએ એનો અર્થ કાઢ્યો. એમણે ભાવાર્થમાં પણ લખ્યું જ છે. જેનો શુદ્ધ અંશ.. ભાવાર્થમાં છે. **'જેને અંતરંગમાં શુદ્ધિનો અંશ પરિણમ્યો છે...'** એમ ભાવાર્થની પહેલી પંક્તિમાં પણ છે. એ અહીંયાં લેવું. છઠ્ઠા ગુણસ્થાનમાં શુદ્ધ સમ્યગ્દર્શન, શુદ્ધ સમ્યક્જ્ઞાન અને ત્રણ કષાયનો અભાવ એટલી સમાહિત અભેદ એકાગ્રતા, શુદ્ધતા, પ્રશાંતતા, અભેદતા છઠ્ઠા ગુણસ્થાનમાં પ્રગટ થઈ છે. સમજાણું કાંઈ?

જુઓ, નીચે અર્થ છે, સમાહિતનો અર્થ—એકાગ્ર. એટલો તો એકાગ્ર છે, વધારે સ્પષ્ટ થયું. આ તો છઠ્ઠા ગુણસ્થાનમાં નિશ્ચય તો આટલી એકાગ્રતા છે એમાં એ વ્યવહાર વિકલ્પને ભવિષ્યમાં નિર્વિકલ્પ સાધનમાં વ્યવહાર સાધન કહેવામાં આવ્યું છે. નિશ્ચય સાધન તો નિર્વિકલ્પ જે શાંતિ અને શુદ્ધિની પરિણતિ થઈ છે એ જ સાતમાનું કારણ છે. પણ સાથે વિકલ્પને વ્યવહારસાધન તરીકે કહેવામાં આવ્યું છે. એકાગ્ર, એકતાને પ્રાપ્ત, આ બધી સમાહિતની વ્યાખ્યા

છે. અભેદતાને પ્રાપ્ત. છઠ્ઠા ગુણસ્થાને એટલી તો અભેદતા છે. ત્રણ કષાયનો અભાવ, દર્શન-જ્ઞાન તો થયા છે. કારણ કે અહીંયાં ઈ લેવું છેને. સુવર્ણપાષાણને લગાડવામાં આવતી. એટલે વ્યવહારનય લેવો છે. તો વ્યવહારનય કોને હોય છે? કે જેને છઠ્ઠા ગુણસ્થાનમાં પોતાને યોગ્ય સમાધિ—શાંતિ, સ્થિરતા થઈ છે એને જે વ્યવહાર છે, એ સાતમા માટે વ્યવહાર સાધન થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— શુદ્ધિનો અંશ પરિણમ્યો છે.

ઉત્તર :— શુદ્ધિનો અંશ પરિણમ્યો છે. એકલો શુભભાવ છે, શુભભાવ છે એમ નથી. એમાંથી કાઢતા હશે કે જેને શુભભાવ છે એમાં થોડી સમાધિ—એકાગ્રતા છે, એમ કાઢતા હશે. સમજાણું કાંઈ? પણ એમ છે જ નહિ. સ્વપરહેતુક પર્યાય છે... ઓલામાં બીજો શબ્દ કાંઈક કર્યો છે. આમાં... જીવને.. છેને? કેટલામી છે? ૧૬૦. જૂનું છેને જૂનું. વ્યવહારનો અર્થ કંઈક એમ કર્યો છે. 'જીવ-પુદ્ગલના સંબંધનું' એમ લીધું છે. વ્યવહારમોક્ષમાર્ગ જીવ-પુદ્ગલના સંબંધનું કારણ, એમ લીધું છે. હિન્દી. આણે હેમરાજજીએ. વ્યવહારમોક્ષમાર્ગ કેવો છે? કે જીવ-પુદ્ગલના સંબંધનું કારણ પામીને જે પર્યાય ઉત્પન્ન થઈ છે, એમ લીધું છે. આમાં આપણે સ્વપર(હેતુક) પર્યાય (લીધું છે). સ્વ એટલે જીવ, પર એટલે પુદ્ગલ કર્મ. એમ.

સ્વ-પર.... વ્યવહારમોક્ષમાર્ગ જીવ નામ સ્વ, પર નામ પુદ્ગલના સંબંધરૂપ કારણ પામીને જે પર્યાય ઉત્પન્ન થઈ છે (અર્થાત્) વિકલ્પ, રાગ, વિભાવભાવને સાધન વ્યવહારમોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. આહા..! ભારે ગડબડ છે ભઈ અત્યારે તો આ. એ વ્યવહારમોક્ષમાર્ગ એ જ સાતમું ગુણસ્થાન છે. વ્યવહારમોક્ષમાર્ગ જ ચોથું, પાંચમું અને છઠ્ઠું ગુણસ્થાન છે. નિશ્ચય તો જરીયે નથી એમ કહે છે.

મુમુક્ષુ :— આઠમે...

ઉત્તર :— કોઈ આઠમે ને કોઈ બારમે ને કોઈ તેરમે (કહે છે). અને મોક્ષમાર્ગ તો તેરમે અને ચૌદમામાં કહે છે એ તો. તેરમે અને ચૌદમે. અને મોક્ષમાર્ગ ચૌદમા સુધી મોક્ષમાર્ગ છે, પછી મોક્ષ. નીચે માનતા નથી, એકલો વ્યવહાર માને છે. એમ કદી હોતું જ નથી. નિશ્ચય વિના વ્યવહાર એકાંત છે. બીજા નયની અપેક્ષા વિના બીજી નય એકાંતને પ્રાપ્ત થાય છે. નિશ્ચય જે પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે એની અંતર નિર્વિકલ્પ અનુભવની પ્રતીતિ વિના વિકલ્પને વ્યવહાર નથી કહેવાતો. સમજાણું કાંઈ?

કહે છે કે અહીંયાં... જેમ સુવર્ણપાષાણમાં અગ્નિ લગાવે, એમ સમાહિત અંતરંગવાળા જીવને. એટલે? જેને હજી વ્યવહાર રાગ (આવે છે). રાગ કેવો છે? કે જીવ અને પુદ્ગલના સંબંધથી સ્વપરપ્રત્યય હેતુથી ઉત્પન્ન થયો એવો રાગ, એને વ્યવહારમોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. કોને? કે સમાહિત અંતરંગવાળા જીવને. જેને અંતરમાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ત્રણ કષાયના

અભાવરૂપ શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ છે. શુદ્ધ ઉપયોગ છઠ્ઠે ગુણસ્થાને નહિ. સાતમા ગુણસ્થાનમાં જે શુદ્ધ ઉપયોગ થાય છે એમાં ખરેખર સાધન તો શુદ્ધ પરિણતિ વધીને આગળ શુદ્ધ ઉપયોગ થાય છે. પણ સાથે વિકલ્પને પણ વ્યવહારસાધન કહીને એનાથી શુદ્ધ ઉપયોગ થયો એમ વ્યવહારથી, ઉપચારથી, આરોપથી કહેવામાં આવ્યું છે. છે તો પોતાથી થયેલો. ઈ હમણાં કહેશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— આને હજી વધારે સમજવું છે.

ઉત્તર :— ફરીથી. પૂછવું છે કાંઈ?

મુમુક્ષુ :— શુદ્ધાશુદ્ધ પર્યાય માની લે...

ઉત્તર :— નહિ, નહિ. એ ક્રિયાની વાત અહીંયાં નથી, ભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અસદ્‌ભુત વ્યવહાર, અસદ્‌ભુત. એની અહીંયાં વાત નથી. અહીંયાં તો વિકલ્પ અને નિર્વિકલ્પ બે વચ્ચેની વાત છે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— બસ, એટલી વાત. પરની સાથે અત્યારે કંઈ સંબંધ નથી. અહીં મોક્ષમાર્ગની વાત છેને. તો શરીરની ક્રિયા મોક્ષમાર્ગમાં નિમિત્ત પણ નથી. એ વાત અહીંયાં છે જ નહિ. જે જડની પર્યાય છે એની સાથે કંઈ સંબંધ જ નથી.

અહીંયાં તો પોતામાં જેટલી શુદ્ધતા સ્વદ્રવ્યના આશ્રયે અભેદ ચિદાનંદ ભગવાન નિર્મળના આશ્રયે પર્યાય થઈ એ નિશ્ચય. એની સાથે સ્વપર પ્રત્યય-હેતુ, સ્વ નામ આત્મા અને પર નામ કર્મ, કર્મ બસ, એના સંબંધથી ઉત્પન્ન થયો રાગ એને વ્યવહાર સાધન, વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. શરીર-બરીરની અહીં વાત છે જ નહિ. સમજાણું કાંઈ? જુઓ, આવ્યુંને?

**'સમાહિત અંતરંગવાળા જીવને (અર્થાત્) જેનું અંતરંગ એકાગ્ર—સમાધિપ્રાપ્ત છે...'** છઠ્ઠા ગુણસ્થાનમાં પણ સમાધિપ્રાપ્ત (છે). શુદ્ધ ઉપયોગ નહિ. સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાને પણ સમાધિપ્રાપ્ત છે. જેટલી દર્શન, જ્ઞાનની નિર્મળતા થઈ અને સ્વરૂપાચરણ થયા એટલી એને પણ શાંતિ છે. અને પંચમ ગુણસ્થાનમાં પણ એટલી શાંતિ છે. સમ્યગ્દર્શન, અખંડ સ્વભાવના અવલંબને થયું અને જ્ઞાનચેતના પ્રગટ થઈ, બે કષાયના અભાવથી પાંચમે શાંતિ પણ થઈ. એની સાથે બાર વ્રતાદિના વિકલ્પ ઉઠે છે એને વ્યવહારસાધન સાતમા ગુણસ્થાનનો શુદ્ધ ઉપયોગ પ્રાપ્ત થવામાં, સાધ્ય ભિન્ન છે અને સાધન ભિન્ન છે, એ સાધનથી સાધ્ય થાય છે એમ આરોપ કરીને કહેવામાં આવ્યું છે. ખરેખર શુદ્ધિની વૃદ્ધિ થઈને જ શુદ્ધોપયોગ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'જેનું અંતરંગ એકાગ્ર—સમાધિપ્રાપ્ત છે...'** જુઓ! છેને એમાં? છિન્નભિન્નતા રહિતની વ્યાખ્યા કરી. કોની? જેટલી અભેદ શાંતિ પ્રગટ થઈ છે એમાં છિન્નભિન્નતા નથી. સમ્યગ્દર્શન,

સમ્યક્જ્ઞાન અને જેટલી નિર્વિકલ્પ સ્થિરતા પ્રગટ થઈ છે એમાં છિન્નભિન્નતા નથી. એટલી તો શુદ્ધતા છે. એની સાથે જે વિકલ્પ છે... જુઓ! '**એવા જીવને...**' એવા જીવને. '**પદે પદે...**' પદે પદે, પર્યાયે પર્યાયે '**પરમ રમ્ય એવી ઉપરની શુદ્ધ ભૂમિકાઓમાં...**' છઠ્ઠે પણ શુદ્ધિ વધે છે અને સાતમે શુદ્ધ ઉપયોગ થાય છે. તો આગળ પણ '**ઉપરની શુદ્ધ ભૂમિકાઓમાં અભિન્ન વિશ્રાંતિ...**' અભિન્ન વિશ્રાંતિ સપ્તમમાં શુદ્ધ ઉપયોગ થઈ ગયો. અભિન્ન વિશ્રાંત, અભિન્ન વિશ્રાંત. '**(—અભેદરૂપ સ્થિરતા) નિપજાવતો થકો...**' કોણ? વ્યવહાર. વ્યવહાર કરતો થકો કેમ કહ્યું? કે આત્મા... હમણા લેશે જુઓ! પોતાનું શુદ્ધ ઉપાદાન નિશ્ચયનયથી શુદ્ધની પરિણતિ સ્વયં વધે છે, પરની અપેક્ષા વિના. એને અહીંયાં રાગ છે એ પરંપરાને કારણે અભિન્ન વિશ્રાંતિને ઉત્પન્ન કરે છે એમ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. ઓહોહો..! મોક્ષમાર્ગમાં અત્યારે મોટી ઝંઝટ છે.

અહીંયાં તો (પંડિતો એમ કહે છે), ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે વ્યવહાર મોક્ષમાર્ગ છે. તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શન લઈ લીધું તો એની સાથે પ્રશ્ન આવ્યો હતો કે જ્યારે તત્ત્વાર્થશ્રદ્ધાન વ્યવહાર છે તો તેની સાથે તમે નિશ્ચયજ્ઞાન અને નિશ્ચયચારિત્ર કેવી રીતે લેશો? નિશ્ચયચારિત્ર તો વીતરાગ થશે ત્યારે થશે. વ્યવહાર સમકિત(વાળા)ને નિશ્ચયચારિત્ર કેવી રીતે થશે? એવો પ્રશ્ન આવ્યો હતો. અરે.. ભગવાન! એ વ્યવહાર નહિ. તત્ત્વાર્થશ્રદ્ધાન, સમ્યક્જ્ઞાન, દર્શન એ પોતાનું નિજ સ્વરૂપ છે. નિશ્ચયથી સમ્યક્દર્શન, જ્ઞાન છે. સમજાણું કાંઈ? તો સાથે જ્ઞાન પણ સમ્યક્ નિશ્ચય છે અને સાથે રાગ રહિત જેટલી પરિણતિ ઉત્પન્ન થઈ ચોથામાં સ્વરૂપાચરણ, પાંચમે બે કષાયનો અભાવ, છઠ્ઠામાં ત્રણ કષાયનો અભાવ એટલી પરિણતિ તો શુદ્ધ છે. સમજાણું કાંઈ? અને નિશ્ચય છે. પોતાથી નિશ્ચય છે. ત્યારે જે રાગાદિ ઉત્પન્ન થાય છે એને વ્યવહાર કહેવામાં આવ્યો છે. આહાહા..! પંડિતજી! આ બહુ ગડબડી છે હોં! તમારા પંડિત લોકોએ બરાબર સામે જવાબ દેવો પડશે. જોડાવું પડશે કે આ શું છે? આહાહા..! ભગવાન! એ તારું સ્વરૂપ અભેદના આશ્રયે પ્રગટ ન થયું હોય ત્યાં સુધી વ્યવહાર વિકલ્પને વ્યવહાર કહે કોણ? સમજાણું કાંઈ? વ્યવહારમૂઢ છે. એ તો ૪૧૩મી ગાથામાં ઘણી વાર કહ્યું છે.

પોતાનું સ્વરૂપ ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ નિર્વિકલ્પ અનુભવની પરિણતિ સમ્યગ્દર્શનમાં થઈ, સાથે જ્ઞાનચેતના થઈ, સાથે સ્વરૂપાચરણ થયું ત્યારે જે વિકલ્પ હોય છે, દેવ-ગુરુ-શાસ્ત્ર, નવ તત્ત્વ(ની શ્રદ્ધા) ભક્તિનો રાગ—એને વ્યવહાર કહેવામાં આવે છે. અહીંયાં આચાર્ય મહારાજ મુનિ છે તો મુનિની ભૂમિકાથી વાત કરે છે કે મુનિને છઠ્ઠા ગુણસ્થાને સમ્યગ્દર્શન, જ્ઞાન તો નિશ્ચય છે જ અને ત્રણ કષાયના અભાવની શુદ્ધ પરિણતિ પણ છે. શુદ્ધ પરિણતિ પણ છે. ભલે એને નિશ્ચયચારિત્ર દર્શન, જ્ઞાનની સાથે મળીને જે ત્રણ બોલ છે સાતમા ગુણસ્થાનને યોગ્ય, એ દશા નથી. પણ ત્રણ કષાયનો નાશ થઈને શુદ્ધ પરિણતિ છે. એને

અહીંયાં શુદ્ધ  અંતરંગ સમાહિતવાળો જીવ કહેવામાં આવ્યો છે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— હા, એ તો ઠીક છે. એ શુદ્ધ તો કહે છે, પણ છે મોક્ષમાર્ગ. વ્યવહાર છે. શુદ્ધનો અંશ છેને, પૂર્ણ શુદ્ધ છે તે નિશ્ચય છે. ઈ કહે છે, ખબર છે, બધી કલ્પના છે. અહીંયાં તો જેટલી શુદ્ધતા પ્રગટી એ સ્વઆશ્રયથી અભેદથી નિશ્ચય જ છે. સ્વઆશ્રયો નિશ્ચય, પરાશ્રયો વ્યવહાર—આ મહાસિદ્ધાંત. પંડિતજી! મહાસિદ્ધાંત. બંધ અધિકારની ૨૭૨ ગાથામાં અમૃતચંદ્રાચાર્યની ટીકામાં પરાશ્રિતો વ્યવહાર, સ્વાશ્રિતો નિશ્ચય (કહ્યું છે). તો જેટલો પોતાનો આત્મા રાગ, નિમિત્ત, પર્યાયભેદનું લક્ષ છોડીને એકલા અભેદમાં દૃષ્ટિ કરીને જેટલી સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્થિરતા સ્વદ્રવ્યના અવલંબને પ્રગટ થઈ છે એ તો યથાર્થ-વાસ્તવિક-નિશ્ચય-ભૂતાર્થ છે. એ મોક્ષની પર્યાય ભૂતાર્થ પર્યાય છે. સમજાણું કાંઈ? ત્રિકાળ ભૂતાર્થના આશ્રયે પ્રગટેલી પર્યાય ભૂતાર્થ પર્યાય છે. મોક્ષમાર્ગ સત્ય માર્ગ છે. અને જેટલો રાગ સ્વપરપ્રત્યય હેતુક આવ્યો એને વ્યવહાર કહેવામાં આવ્યો છે. અમુલખચંદજી! આહાહા..!

**'પદે પદે પરમ રમ્ય એવી ઉપરની શુદ્ધ ભૂમિકાઓમાં...'** એ સાતમી ભૂમિકાની વાત છે. **'શુદ્ધ ભૂમિકાઓમાં અભિન્ન વિશ્રાંતિ...'** શાંત નિર્વિકલ્પ ઉપયોગમાં સાતમે એવી સ્થિરતા ઉત્પન્ન કરતો થકો. એમ વ્યવહારથી કહેવામાં આવે છે. એ વ્યવહારનો વિકલ્પ, વ્યવહારમોક્ષમાર્ગ નિશ્ચયમોક્ષમાર્ગમાં અભિન્ન વિશ્રાંતિ ઉત્પન્ન કરતો થકો, આત્મા પોતાથી અભિન્ન વિશ્રાંતિ ઉત્પન્ન કરતો થકો, ત્યારે વ્યવહારથી અભિન્ન વિશ્રાંતિ કરાવતો અથવા કરતો થકો એમ વિકલ્પમાં આરોપ કરવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? આ તો પરીક્ષા ભારે આકરી છે. તમારે એલ.એલ.બી.માં તો પાંચ વાર ફેઈલ થયા, આ તો અનંત વાર ફેઈલ થયો છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

નિજ સ્વરૂપ એકરૂપ પૂર્ણ બ્રહ્મ આનંદ એકસ્વભાવના આશ્રયે જે દર્શન, જ્ઞાન અને ચારિત્ર થયા તે યથાર્થ, યથાર્થ—સત્ય અને નિશ્ચય. અને જેટલું કર્મનું લક્ષ કરીને પોતાના અશુદ્ધ ઉપાદાનમાં વિકલ્પ ઉત્પન્ન થાય છે, સ્વપરપ્રત્યયહેતુક, એને વ્યવહારમોક્ષમાર્ગ નિમિત્ત જોઈને કહેવામાં આવ્યો છે. પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની સાથે સહચારી જોઈને, સહચારી... સમજાણું કાંઈ? સાથે જોઈને એને પણ વ્યવહારમોક્ષમાર્ગ આરોપથી કહેવામાં આવ્યો છે. છે નહિ. મોક્ષમાર્ગ છે નહિ એને (મોક્ષમાર્ગ) કહેવો એનું નામ વ્યવહારમોક્ષમાર્ગ છે. છે એને સમજવું અને અનુભવવું એનું નામ નિશ્ચયમોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ?

**'(—અભેદરૂપ સ્થિરતા) નિપજાવતો થકો...'** કોણ? વ્યવહાર. **'જોકે...'** હવે આવ્યું જુઓ! **'જોકે ઉત્તમ સુવર્ણ...'** પહેલામાં આવ્યું હતું, સુવર્ણપાષાણ. વ્યવહારનયના દૃષ્ટાંતમાં સુવર્ણપાષાણ (આવ્યું હતું). સુવર્ણપાષાણને અગ્નિ લગાવવાથી ભિન્ન થતો જાય છે એમ કહ્યું હતું. હવે અહીંયાં કહ્યું, **'ઉત્તમ સુવર્ણ...'** નિશ્ચય. ઉત્તમ સુવર્ણ પોતાથી જ નિર્મળતાને

પ્રાપ્ત થાય છે. '**ઉત્તમ સુવર્ણની માફક શુદ્ધ જીવ...**' શુદ્ધ જીવ. જે છઠ્ઠા ગુણસ્થાને દર્શન, જ્ઞાનની શુદ્ધ પરિણતિ છે, તે જ જીવ '**કથંચિત્ ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે...**' કથંચિત્ અર્થાત્ શુદ્ધ ઉપાદાનથી પરિણમનારો, નિશ્ચયનયથી પરિણમનારો. નિમિત્ત છે એ કથંચિત્ વ્યવહાર થયો અને આ કથંચિત્ નિશ્ચય. પેલું કથંચિત્ વ્યવહાર, તો આ કથંચિત્ નિશ્ચય. કથંચિત્‌ની અપેક્ષા એટલે પેલા વ્યવહારની અપેક્ષાએ કથંચિત્. છે તો નિશ્ચય. નિશ્ચયથી '**ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે...** ' સપ્તમ ગુણસ્થાનમાં જ્યારે ઉપયોગમાં નિર્વિકલ્પ આનંદમાં ગયો તો, કહે છે, નિશ્ચયથી જેમ ઉત્તમ સુવર્ણ સોળ વલા શુદ્ધિની પ્રાપ્ત થાય છે. સોળ વલું કહે છેને? એમ આત્મા જ પોતાથી જ સ્વઆશ્રયથી નિશ્ચયથી શુદ્ધ ઉપાદાનથી (શુદ્ધ સ્વભાવે પરિણમે છે). પેલો રાગ તો અશુદ્ધઉપાદાન છે. નિજ શુદ્ધ ચિદાનંદ ઉપાદાનના પુરુષાર્થથી નિશ્ચયનયથી પોતાની જ શુદ્ધ પરિણતિને કરીને શુદ્ધ ઉપયોગરૂપ થઈ જાય છે. વ્યવહાર વિના. સમજાણું કાંઈ?

નિશ્ચયથી '**ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે...**' શું? વિકલ્પ હતો એ ભિન્ન સાધન અને નિશ્ચય ભિન્ન સાધ્ય. વિકલ્પ રાગ હતો અને ઉપયોગ નિરાગ હતો, એને જે સાધ્યસાધન કહ્યું હતું, એને નિશ્ચયનયની અપેક્ષાથી અભાવ કરીને. સમજાણું કાંઈ? નિશ્ચયનયથી... એ ભિન્નસાધ્યસાધન જે વ્યવહારનું હતું, વિકલ્પ રાગ વિકાર જે ભિન્ન છે અને રાગથી ભિન્ન નિર્વિકલ્પ શાંતિ છે, સપ્તમ ગુણસ્થાન એ સાધ્ય, (વિકલ્પ) સાધન. ભિન્નપણું છે એનો અભાવ કરીને ભિન્નસાધ્યસાધનભાવના નિશ્ચયનયથી, કથંચિત્ નામ, '**અભાવને લીધે...**' એનો અભાવ કરીને શુદ્ધ ઉપયોગમાં રમી ગયો એને '**(પોતાની મેળે)...**' જુઓ! '**સ્વયં...**' વ્યવહારના અવલંબન વિના. બાબુભાઈ! જુઓ! વાંચનારને આ ખ્યાલ રાખવાની વાત છે. આ વાત બહારમાં બહુ ચાલશે. અને આ ગાથામાંથી બધા કાઢે છે. વ્યવહારમોક્ષમાર્ગ, વ્યવહારમોક્ષમાર્ગ. નિશ્ચય તો બિલકુલ છે જ નહિ. નિશ્ચય તો બારમે થશે કાં તેરમે થશે. અરે.. ભગવાન! એક કોર કહે કે એક નય બીજા નયની અપેક્ષા ન રાખે તો મિથ્યાત્વ છે. કહે છે કે નહિ?

મુમુક્ષુ :— પહેલો વ્યવહાર આવ્યો.

ઉત્તર :— પણ ક્યાંથી આવ્યો પછી આ?

એક નય બીજા નયની અપેક્ષા ન રાખે તો એ નય મિથ્યા છે, એમ તો કહે છે. તો વ્યવહારનયની સાથે નિશ્ચયનયની અપેક્ષા ન હોય તો વ્યવહારનય એકાંત મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી વ્યવહારની સાથે નિશ્ચય ગમનરૂપ સદા છે. ભાઈ! ઓલું ભાઈનું આવ્યુંને. ટોડરમલ. લ્યો, સમજાણું? ચિઠ્ઠી છેને ચિઠ્ઠી. લ્યો, વળી ઈ આવ્યું. આવતા ક્યાંનું ક્યાં આવી ગયું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, ઈ. વ્યવહારની અપેક્ષા વિના નિશ્ચય પરિણમે છે એવું જ્ઞાન થયું ત્યારે વ્યવહારથી રાગ છે એનું જ્ઞાન કરવું તો પ્રમાણજ્ઞાન થાય છે. પ્રમાણમાં અપેક્ષા આવી. એકલા નિશ્ચયમાં તો રાગ વિના એકલો આત્મા નિશ્ચયથી પરિણમે છે. સમજાણું કાંઈ? પણ સાથે રાગ છે, વ્યવહાર છે એનું જ્ઞાન કરવું છે તો પ્રમાણજ્ઞાનમાં વ્યવહારની અપેક્ષા સાથે આવે છે. સમજાણું કાંઈ? ભારે તકરાર ભાઈ! જુઓ, અહીં કાઢવું છેને? શું? રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. સવિકલ્પ દ્વારા... નિરંતર ગમનરૂપ છે. ... પરોક્ષ છે. તો કહે, નહિ.

મુમુક્ષુ :— પ્રત્યક્ષ, પરોક્ષ ભેદ જ ક્યાં છે.

ઉત્તર :— પણ એમાં ભેદ જ ક્યાં છે? એ તો જ્ઞાનના ભેદ છે. જુઓ!

'**પરંતુ એટલું જાણવું કે સમ્યક્ત્વીને વ્યવહારસમ્યક્ત્વમાં વા અન્ય કાળમાં અંતરંગ નિશ્ચયસમ્યક્ત્વ ગર્ભિત છે,...**' જુઓ! વ્યવહાર સમકિતમાં... પંડિતજી! એ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી, ટોડરમલજીની. એના વ્યાખ્યાન થઈ ગયા છે. ચોવીસ વ્યાખ્યાન થયા છે, પુસ્તક છપાશે. ત્રણ ચિઠ્ઠી છેને. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી, નિમિત્ત-ઉપાદાન ચિઠ્ઠી... આ નિમિત્ત-ઉપાદાન ઠીક થયું હોં! ઉપાદાન-નિમિત્તનું તો થઈ ગયું. અને અહીંયાં પરમાર્થ વચનિકાના વ્યાખ્યાન થઈ ગયા છે. છપાશે.

અહીં તો કહે છે, સમ્યક્ત્વીને વ્યવહારસમકિતમાં નિશ્ચયસમકિત ગર્ભિત છે. કહો, સમજાણું કાંઈ? એ ગમનરૂપ છે, એમ પણ ક્યાંક આવે છેને. ઘણી વાત છે. આ તો આટલું ગર્ભિત છે એટલું કીધું. ઓલું, ગમનરૂપ છે એમ છે ક્યાંક. પણ એ આવી ગયું આમાં લ્યોને. ગમનરૂપ છે એમ ક્યાંક કીધું છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ તો ભાષા ફરી ગઈ. આમાં ગર્ભિત છે એમ કહ્યું. વ્યવહારસમકિતની સાથે નિશ્ચય ગર્ભિત છે. સમજાણું કાંઈ? એકલું વ્યવહારસમકિત હોય અને નિશ્ચય ન હોય તો એને વ્યવહાર કહેતા નથી. ટોડરમલે તો બહુ સ્પષ્ટ કર્યું છે પણ લોકો કહે છે, એ અપ્રમાણિત છે, જાઓ!

મુમુક્ષુ :— વ્યવહારસમ્યક્ત્વમાં નિશ્ચયસમ્યક્ત્વ ગર્ભિત છે.

ઉત્તર :— ગર્ભિત છે અંદર.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ નિશ્ચયસમકિતની સાથે વ્યવહાર છે એટલું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સાથે છે. નિશ્ચયની સાથે વ્યવહાર છે અને વ્યવહારની સાથે ગર્ભિત અંદર નિશ્ચયસમકિત છે. એમ વાત છે. આહાહા..! વ્યવહારમાં શું છે? એ તો ઘણે ઠેકાણે નાખ્યું છે. વિકલ્પ છે, રાગ જ્યાં છે ત્યાં નિશ્ચય અંદર હોય તો એને વ્યવહાર કહેવામાં આવે

છે. નહિતર વ્યવહાર કોને કહે? એ તો અહીંનો મોટો પ્રશ્ન છે. સમજાણું કાંઈ? દિગંબર અને (શ્વેતાંબરના) બે પંથ નીકળ્યા તો આ મોટા પ્રશ્નથી જ શરૂઆત થઈ છે. પેલા કહે, પહેલા વ્યવહાર, પછી નિશ્ચય. આ કહે, પહેલો નિશ્ચય. પહેલાનો અર્થ ઈ છે, શું? પહેલાનો અર્થ ઈ છે કે નિશ્ચય હોય તો વ્યવહાર છે. પહેલાનો અર્થ ઈ. પહેલા, પછી નથી આવતું ભાઈ? પંચાસ્તિકાયમાં નથી આવતું? આ જયસેનાચાર્યની ટીકામાં આવે છે. શું? સાંભળો! આત્મા શુદ્ધસ્વરૂપ પહેલા છે પછી આઠ કર્મનો સંયોગ છે, એવો પાઠ આવે છે. તો શું પછી આઠ છે? એવો પાઠ છે હોં! પંચાસ્તિકાયમાં. પહેલા શુદ્ધ સ્વરૂપ જ્ઞાયકમૂર્તિ અખંડાનંદ છે પછી એને કર્મનો સંબંધ અનાદિથી છે. પછી.

મુમુક્ષુ :— અનાદિથી છે.

ઉત્તર :— હા, પણ પછી પછી. ભાવ તો એ સમયે છે પણ એની ગૌણતા બતાવવા. આ શુદ્ધ બતાવવું છેને. એક દ્રવ્યસ્વરૂપ. પછી. પછી નામ વસ્તુમાં નથી અને વિકારની પર્યાય કર્મના સંબંધમાં ઉત્પન્ન થઈ છે તેને પછી કહે છે. છે સાથે. રાજમલજી! દેવીલાલજી! સમજાણું કાંઈ? રાજમલજી! 'પછી' શબ્દ લીધો છે, પંચાસ્તિકાયમાં. સમજાણું કાંઈ? અહીં છે લ્યોને. ક્યાંક કર્યું છે, ચિહ્ન તો ક્યાંક કર્યું છે. પશ્ચાત્. પાનું-૧૭૭. કોનું? પંચાસ્તિકાય. અહીં લખ્યું છે. એક-બે લખ્યા છે. એક જ દાખલો બસ છેને. લ્યો જુઓ! ૧૧૩ ગાથામાં છે. (જયસેનાચાર્યદેવ ટીકા). **'परमार्थेन स्वाधीनतानंतज्ञानसुखसहितोपि' 'परमार्थेन स्वाधीन'** ભગવાન આત્મા. **'परमार्थेन स्वाधीनतानंतज्ञानसुखसहितोपि जीवः पश्चादज्ञानेन पराधीनेन्द्रियसुखासक्तो भूत्वा'** સમજાણું કાંઈ? ઘણે ઠેકાણે છે, બીજે છે. આ તો એક જ દાખલો બસ છેને. એક સિદ્ધાંત હોય. પછી વારંવાર શું એને... એક સિદ્ધાંત બસ છે. સમજાણું કાંઈ? એમાં નથી, સંસ્કૃત ટીકામાં છે. જયસેનાચાર્યની ટીકા છે. ૧૧૩ છેને. જુઓ!

ભગવાન આત્મા.. **'अयमत्र भावार्थ'** એમ કરીને લીધું છે. **'परमार्थेन स्वाधीनतानंतज्ञानसुखसहितोपि'** હોવા છતાં **'जीवः पश्चादज्ञानेन'** પછી અજ્ઞાન. પછી એટલે? છે તો સાથેને સાથે. પણ **'पश्चादज्ञानेन पराधीनेन्द्रियसुखासक्तो भूत्वा यत्कर्म बन्धाति'** સમજાય છે? **'तेनाङ्जादिसदृशमेकेन्द्रियजं दुःखितं'** એમ. છેને, દુઃખી છે. દાખલો આપ્યો છે. કહો, સમજાણું કાંઈ? એક જ દાખલો બસ છેને અહીંયાં. અહીંયાં તો 'પછી' કહે છે તોપણ સાથે છે. અહીં તો એટલું કહેવું છે. એમ નિશ્ચય પછી વ્યવહાર કહો તો એનો અર્થ નિશ્ચયની સાથે વ્યવહાર છે. બસ, એટલું અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે, **'જોકે ઉત્તમ સુવર્ણની માફક શુદ્ધ જીવ...'** નિશ્ચયની અપેક્ષાએ, સ્વઆશ્રયની અપેક્ષાએ શુદ્ધ ઉપાદાનના સ્વતંત્ર પરિણમનમાં ઉગ્ર થયો. **'ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે...'** વિકલ્પ જે ભિન્નસાધ્યસાધનનો હતો એના અભાવના કારણે આગળ નિશ્ચય પરિણતિનો શુદ્ધ ઉપયોગ થયો. **'સ્વયં (પોતાની મેળે) શુદ્ધ સ્વભાવે પરિણમે**

છે...' જુઓ! સ્વયં, એ વ્યવહારની અપેક્ષા વિના શુદ્ધ સ્વભાવથી પરિણમે છે. ઊપજે છે. '**તોપણ...**' હવે પાછું ઈ નાખવું છે. છે તો પોતાના સ્વરૂપના શુદ્ધ ઉપાદાનથી નિશ્ચયથી શુદ્ધની પરિણતિ સ્વદ્રવ્યના આશ્રયે વધી છે. શુદ્ધ ઉપયોગ થયો છે. છતાં '**તોપણ...**' જુઓ! તોપણ આવ્યું. ઓલામાં આવ્યું હતુંને? કે દરેક ધર્મ પોતામાં ચુંબે છે તોપણ. કોઈ કોઈને (એટલે) પરદ્રવ્યને ચુંબતું નથી. અહીંયાં તોપણ આવ્યું. આપણે બીજું તોપણ આવી ગયું હતું. બપોરે તથાપિ નહોતું આવ્યું? ક્રમબદ્ધમાં. ક્રમબદ્ધમાં તોપણ આવ્યું હતું. પરને ઉત્પન્ન કરતો નથી, એમાં તથાપિ આવ્યું હતું. છે કે નહિ? યાદ નથી? કાલે બપોરે કહ્યું હતુંને. (સમયસાર ગાથા-૩૦૮) '**આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે...**' 'કારણ કે સર્વ દ્રવ્યોને...' હવે એ પછી વાત એ તો. ઓલામાં હિન્દીમાં છે, ઠીક. તથાપિ, બસ ઈ. આમ હોવા છતાં-તથાપિ. બસ, ઈ બરાબર છે. તથાપિનો અર્થ જ ઈ છે કે આમ હોવા છતાં આમ હોતું નથી. ઈ 'તથાપિ' શબ્દ ન્યાં આવ્યો હતો. ઓલામાં આવ્યો હતો.

એમ અહીંયાં ભગવાન આત્મા પોતાના સ્વદ્રવ્યના આશ્રયે નિશ્ચયથી શુદ્ધ ઉપયોગને પરિણતિને પ્રાપ્ત થાય છે. '**તોપણ, વ્યવહારનયથી નિશ્ચયમોક્ષમાર્ગના સાધનપણાને પામે છે.**' કોણ? વ્યવહાર. સમજાણું કાંઈ? ઈ બહિરંગ સાધકો ભવતિ. એ જયસેનાચાર્યમાં છે. બહિરંગ સાધક. બહિરંગ સાધક, વ્યવહારને બહિરંગ સાધક કહ્યું. પણ અંતરંગ સાધક છે તો બહિરંગ સાધક આવ્યું કે એકલું બહિરંગ અદ્ધરથી આવ્યું? સમજાણું કાંઈ? અંતરંગ સાધન.. ઈ કહ્યુંને? અંતરંગ સમાધિવાળો. તો રાગને બહિરંગ સાધન કહ્યું. લક્ષ્મીચંદજી! સમજાણું કાંઈ? મોટી તકરાર છે એમાં. સોનગઢવાળા નિશ્ચય પહેલા કહે છે અને વ્યવહાર પછી (કહે છે). અરે..! અનંત તીર્થંકરો કહે છે. સાંભળ તો ખરો. નિશ્ચય વિના વ્યવહાર કેવો? જેને નિશ્ચય સ્વદ્રવ્ય આશ્રયે ઉત્પન્ન થયો પછી એને વ્યવહાર કહો, સાથે વ્યવહાર કહો એમાં કંઈ હરકત નથી. સમજાણું કાંઈ? પણ એકલો વ્યવહાર પ્રગટે અને મોક્ષમાર્ગ સાચો હોય નહિ અને એને વ્યવહાર કહે, એમ ત્રિકાળ હોતું નથી. કહો, સમજાણું કાંઈ?

અહીં કેમ કહ્યું? કે નિશ્ચયથી તો '**ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે સ્વયં (પોતાને મેળે)...**' સ્વયં આત્મા જ પોતાના સ્વઆશ્રયથી નિશ્ચયથી '**શુદ્ધ સ્વભાવે પરિણમે છે...**' નિશ્ચયથી તો વસ્તુ આમ છે. '**તોપણ—નિશ્ચયમોક્ષમાર્ગના...**' જે સાતમા ગુણસ્થાને નિશ્ચયમોક્ષમાર્ગ છે એને છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય વ્યવહાર વિકલ્પ આદિ છે તે સાધનપણાને વ્યવહારથી, નિશ્ચયમોક્ષમાર્ગના વ્યવહારથી સાધનપણાને વ્યવહાર મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— વ્યવહાર ક્યાંથી આવ્યો એકલો વ્યવહાર? નિશ્ચય વિના વ્યવહાર ક્યાંથી આવ્યો?

એ તો વાત ચાલે છે. સમજાણું કાંઈ? શું કીધું? એમ કીધું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સાધન કીધું એની વાત કરે છે. પણ સાધન કોનું? માલ હોય, માલ હોય એનું બારદાન (હોય). માલ ન હોય અને બારદાન કોનું કહેવું? બારદાન સમજો છો? બોરી, બોરી. માલ નથી ને આ ચોખાનું બારદાન, ઘઉંનું બારદાન. પણ ઘઉં—માલ નથીને. સમજાણું કાંઈ? એમ માલ છે અંદરમાં, જ્ઞાનાનંદ દ્રવ્યસ્વભાવ શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન, રમણતા થઈ એ માલ છે. તો વિકલ્પને વ્યવહારને બારદાન બહિરંગ સાધન કહેવામાં આવે છે. તો એને એમ કહેવાય કે બારદાનને ચોખા રાખ્યા છે. અંદર ચાર મણ પડ્યા છેને? આ બારદાને ચોખા રાખ્યા છે. ચોખા તો પોતાથી રહ્યા છે. શું? ચોખા છે એ પોતાથી રહ્યા છે અંદર ચાર મણ, પણ બારદાને ચોખા રાખ્યા છે એમ આરોપથી, વ્યવહારથી કહેવામાં આવે. એમ પોતાનો સ્વભાવ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર માલ પોતાથી છે. પણ જોડે રાગ છે તો બારદાને એને રાખ્યા છે એમ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. અરે.. ભગવાન!

મુમુક્ષુ :— ... આપ કહો છો કે અહીંથી ચાલો. તો મામુલી જનતાએ ...

ઉત્તર :— અહીંથી ચાલો. નક્કી કરવું પડશે. મામુલી ન રહેવું. કોઈ એને કહે કે તમારા બાપને અમારા બાપે પાંચ લાખ રૂપિયા આપ્યા છે, પરલોકમાં. માની લીધું? તમારા બાપાને, અત્યારે પરલોકમાં છે એને અમે પાંચ લાખ આપ્યા છે, લાવો. ન્યાં ચક્કરમાં પડશે? સમજાય તો અહીંયાં પણ ચક્કરમાં નહિ પડે. અમારા, તમારા બાપ પાસે પાંચ લાખ લેણા છે. અમારા બાપાએ તમને ગયા ભાવમાં આપ્યા હતા. જે તમારા બાપા થઈને આવ્યા છે, એને મારા બાપે પૂર્વ ભવમાં આપ્યા હતા.

મુમુક્ષુ :— કોણ માનશે?

ઉત્તર :— કોણ માનશે? એમ કહે છે કે પોતાનો શુદ્ધ સ્વભાવ પોતાના દ્રવ્યસ્વભાવના આશ્રયે નિશ્ચય થયા વિના રાગના વિકલ્પને વ્યવહાર અનંત કાળમાં કદી કહેવામાં આવતો નથી. એ તો વ્યવહારમૂઢ છે. કોને કહેવો વ્યવહાર? અશુભ પરિણામ, શુભ પરિણામનું ચક્કર તો અનાદિથી ચાલ્યું આવે છે. કષાયની મંદતા (કરીને) નવમી ગ્રૈવેયક ગયો અભવિ અને ભવિ બેય. અનંત વાર મિથ્યાદષ્ટિપણે (ગયા) ત્યારે શુભભાવ એટલો હતો કે શરીરના ખંડ ખંડ કરે તોપણ ક્રોધ ન કરે એટલો શુભભાવ હતો. બીજા દેવની ઈન્દ્રાણી ચળાવવા આવે તો ચલાયમાન થાય નહિ એટલો શુભભાવ હતો. એક લંગોટી તાણોવાણો શરીર ઉપર નહોતો અને બે-બે મહિનાની સંલેખના. જેમ ઝાડની ડાળ પડી હોય. ... કહે છેને? ઝાડની ડાળ પડી હોય એમ બે-બે માસ હલવું નહિ, ચાલવું નહિ. પણ એ શુભભાવ છે એ જ ધર્મ છે એમ માની રાખ્યું છે તો મિથ્યાદષ્ટિ અનંત વાર એવી ક્રિયામાં આવી ગયો છે. કહો, સમજાણું કાંઈ? બે-બે માસ. એક બે ઘડી આમ સૂવું પડે તો કહે, અરે.. આ પડખું.. પડખું

કહે છેને? શું કહે છે? કરવટ. અરે..! અહીંયાં તપી જાય છે, અહીંયાં તપી જાય છે. પછી પક્ષઘાત હોય તો બીજો પગ ફેરવે. ફેરવ્યા કરે નહિતર તો... બે માસ આમ પડ્યો રહે મિથ્યાદૃષ્ટિ. પોતાના સ્વદ્રવ્યનો આશ્રય લીધા વિના જેટલી ક્રિયા રાગની છે, બધી રાગની મિથ્યાત્વની બંધની કારણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પૂરો અસંયમ. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' વળી ત્યાં શું કહે છે? ભારે પણ બચાવ કાઢનારા. એ તો અભવિ માટે છે. હવે સાંભળને. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' એમ આવે છે કે નહિ? 'પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. સુખ ન પાયો કે આનંદ, સમ્યગ્દર્શન પામ્યો નહિ. સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદ છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ છે. એને સમ્યગ્દર્શન અને આનંદનો અનુભવ કહે છે. 'પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. સુખ નામ આનંદનો અંશ જે આત્માનો સ્વાદ. સમજાણું કાંઈ? નિશ્ચય સમ્યગ્દર્શનમાં આત્માના આનંદનો સ્વાદ છે. એની પ્રતીતિને સમ્યગ્દર્શન કહે છે. હું પૂર્ણ આનંદમય છું. એવો એનો સ્વાદ (આવે છે). હું પૂર્ણ આનંદમય છું, નિત્યાનંદમય છું. નિત્યાનંદના આશ્રયે મને આનંદ પ્રગટ થાય છે. રાગ ને વિકલ્પ ને નિમિત્તના આશ્રયે નહિ. એવી દૃષ્ટિ થયા વિના અનંત વાર એવી પરાશ્રિત વ્યવહારક્રિયા (કરી) ક્લેશ.. ક્લેશ.. ક્લેશ.. ભાર.. ભાર બોજો.. રાગની મંદતા કરી, પણ આત્માના સહજ સ્વભાવની દૃષ્ટિ થઈ નથી ત્યાં એ ભાર છે, ભાર—બોજો છે, હઠ છે હઠ. હઠથી રાગની મંદતા કરી. ધર્મ નહિ, ધર્મ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો પાત્રતા હોય તો એવું નિમિત્ત મળ્યા વિના રહેતું જ નથી. સમજાણું કાંઈ? ઓહોહો..! જુઓ!

કહે છે, '**સ્વયં (પોતાની મેળે) શુદ્ધ સ્વભાવે પરિણમે છે...**' જુઓ! ત્યાં વ્યવહારની અપેક્ષા છોડી દીધી. સમજ્યા? વ્યવહારની અપેક્ષા-વ્યવહારથી કહેવામાં આવ્યું છે. કથન બે પ્રકારના છે, માર્ગ બે પ્રકારના નિશ્ચય અને વ્યવહાર એમ નથી. ટોડરમલે તો બહુ સ્પષ્ટ કર્યું છે, પણ વર્તમાન પોતાની વિદ્વતાના અભિમાનમાં... બહુ અભિમાન. અરે.. ભગવાન! આ વસ્તુનું સ્વરૂપ છે. અને એમણે તો નિશ્ચય-વ્યવહારાવલંબીની વાત કરી એમ કહ્યું, નિશ્ચય-વ્યવહાર સર્વત્ર એવં જ્ઞાતવ્યં. નિશ્ચય અને વ્યવહારનું લક્ષણ સર્વત્ર એવં જ્ઞાતવ્યં. જ્યાં જ્યાં પોતાના સ્વભાવથી નિશ્ચય થાય છે ત્યાં ત્યાં નિમિત્તને સહચારી જોઈને વ્યવહાર કહેવામાં આવ્યો છે. એમ નિશ્ચય-વ્યવહારનું લક્ષણ સર્વત્ર જાણવું. એમ કહ્યું છે. સમજાણું કાંઈ? ટોડરમલ તો... આચાર્યકલ્પ અત્યાર સુધી તેમને કહેતા હતા, તેમને મિથ્યાદૃષ્ટિ ઠરાવવા કે નહિ, પ્રમાણિત નથી. આહાહા..! કાળ જ કોઈ એવો છે.

અહીં કહે છે કે સ્વયં શુદ્ધ સ્વભાવે ભગવાન આત્મા પરિણમે છે. ભેદભાવ, ભિન્ન ભાવની અપેક્ષા નિશ્ચયથી, નિશ્ચયથી નથી. **'તોપણ...'** આમ હોવા છતાં **'નિશ્ચયમોક્ષમાર્ગના...'** નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ શાંતિના સપ્તમ ગુણસ્થાનયોગ્ય એને છઠ્ઠાનો વ્યવહાર મોક્ષમાર્ગ **'સાધનપણાને પામે છે.'** વ્યવહારથી સાધન કહેવામાં આવે છે.

**'ભાવાર્થ :— જેને અંતરંગમાં શુદ્ધિનો અંશ પરિણમ્યો છે...'** સમાહિત કહ્યું ઈ. જેને અંતરંગમાં. અંતરંગ અને બહિરંગ. બહિરંગ વિકલ્પભાવ, અંતરંગ શુદ્ધિનું પરિણમન. આહાહા..! સમજાણું કાંઈ? જેને નામ જિસકો, **'જેને અંતરંગમાં...'** અંતરમાં દ્રવ્યસ્વભાવ અખંડ આનંદ અભેદના આશ્રયે અંતરંગ, પોતાનો જે ભાગ છે, એ શુદ્ધિનો અંશ પરિણમ્યો છે. નિર્મળ અવિકારી પરિણતિ પ્રગટ થઈ છે. છઠ્ઠાને યોગ્ય છઠ્ઠાની, પાંચમાને યોગ્ય પાંચમાની, ચોથાને યોગ્ય ચોથાની. **'તે જીવને...'** તે જીવને, તે જીવને **'તત્ત્વાર્થશ્રદ્ધાન,...'** વ્યવહાર. નવ તત્ત્વનું ભેદરૂપ શ્રદ્ધાન વ્યવહાર, **'અંગપૂર્વગત જ્ઞાન...'** વ્યવહાર. અંગ અને પૂર્વગત જ્ઞાન વ્યવહાર. સમજાણું કાંઈ? એને વ્યવહાર કહ્યો છે. નિશ્ચય તો પોતાના જ્ઞાનાનંદનું જ્ઞાન તેને જ્ઞાન કહ્યું છે. આહાહા..! અનુભૂતિ એનું જ્ઞાન, ભાવશ્રુત અનુભવ થયો એ જ જ્ઞાન છે. ઈ લખ્યું છે, બતાવ્યું હતુંને એકવાર? કળશટીકામાંથી. શુદ્ધાત્માનુભૂતિ આવી છેને, ત્યાં. કેટલામી ગાથાએ આવ્યું છે? ૧૩મો કળશ? જુઓ! એણે લખ્યું છે હોં! રાજમલે.

**'એમ જાણવું કે આત્માનુભવ મોક્ષમાર્ગ છે.'** ૧૩મા કળશમાં છે, ૧૩ કળશમાં. **'आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या'** આત્માનો નિર્વિકલ્પ અનુભવ એ જ શુદ્ધાત્માનો અનુભવ, એ શુદ્ધજ્ઞાનનો અનુભવ એ જ મોક્ષમાર્ગ છે. **'આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે કે,...'** આ અવસરે કોઈ એમ પણ સંશય કરશે કે **'કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે...'** બાર અંગનું જ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે. નહિ, નહિ. બાર અંગનું જ્ઞાન પણ વ્યવહારજ્ઞાન છે. આહાહા..! બાર અંગનું જ્ઞાન અપૂર્વ લબ્ધિ (છે). **'તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે. તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે.'** બાર અંગનું જ્ઞાન પણ મોક્ષમાર્ગ નહિ. પંડિતજી! ૧૩મો કળશ છે. **'आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या। ज्ञानानुभूतिरियमेव किलेति बुद्धा।'** એ તો છપાવીએ છીએ. .. કળશટીકા એવી ટીકા બહાર આવશે..! બહુ સરસ! રાજમલે એવી ટીકા બનાવી છે. 'પાંડે રાજમલ જૈનધર્મી, સમયસાર નાટકકે મર્મી'. બનારસીદાસે એમાંથી સમયસાર નાટક બનાવ્યું છે.

તો કહે છે કે બાર અંગનું જ્ઞાન વિકલ્પ છે, મોક્ષમાર્ગ નહિ. આહાહા..! આત્માની અનુભૂતિ થઈ, શુદ્ધ અનુભવ થયો એ જ એક મોક્ષમાર્ગ જ્ઞાન છે. વ્યવહારને મોક્ષમાર્ગનો આરોપ અપાય છે એ વાસ્તવિક મોક્ષમાર્ગ નથી. ભારે કઠણ ભાઈ જગતને. ધન્નાલાલજી! અગિયાર અંગ ભણી નાખ્યા, ભણી નાખ્યા. જુઓ! એમાં કેવું કહ્યું. બાર અંગ તો સમ્યગ્દૃષ્ટિને જ

હોય, બાર અંગ મિથ્યાદૃષ્ટિને કદી નથી હોતા. અગિયાર અંગ ને નવ પૂર્વ (હોય). અહીં તો બાર અંગનું જ્ઞાન જે સમ્યગ્દૃષ્ટિને, છઠ્ઠા ગુણસ્થાનવાળાને અને ચોથાવાળાને પણ હોય. સર્વાર્થસિદ્ધમાં છેને. સમજાણું કાંઈ? પણ એ દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે? નહિ, એ નહિ. આહાહા..! પોતાનું નિજ સ્વરૂપ અનુભવમાં આવ્યું એ જ જ્ઞાનને નિશ્ચયજ્ઞાન મોક્ષનું કારણ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? બોલી જાય, સમજાવી દે, લાખો માણસ સમજી જાય એવું ભણતર ભણી ગયો માટે એ મોક્ષમાર્ગ છે એમ નથી.

મુમુક્ષુ :— આત્માનુભવ..

ઉત્તર :— હા. અખંડ જ્ઞાનમૂર્તિ પ્રભુ '**शुद्धनयात्मिका या**' આત્માનુભૂતિ અથવા જ્ઞાનાનુભૂતિ, બેય એક જ વાત છે. દ્રવ્યથી આત્માનો અનુભવ કહ્યો, ગુણથી જ્ઞાનનો અનુભવ કહ્યો. રાગનો અનુભવ છોડીને જ્ઞાન નિર્વિકલ્પસ્વરૂપની અનુભૂતિ થઈ તે જ્ઞાન મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને પણ બાર અંગની લબ્ધિ સમ્યક્જ્ઞાનની અનુભૂતિ આગળ અપૂર્વ લબ્ધિ (લાગતી) નથી.. આહાહા..! કેમ, શૂરચંદજી! સ્વાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. '**તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કંઈ અટક (બંધન) નથી.**' અનુભૂતિ થયા પછી શાસ્ત્ર ભણવાનું કોઈ બંધન નથી. હો, વિકલ્પ આવ્યો તો વાંચી લીધું, સમજે, વિચારે. પણ અંતરની અનુભૂતિ થઈ એ જ એક સમ્યક્જ્ઞાન અને મોક્ષનો માર્ગ છે. દેવીલાલજી! એ અંગ પૂર્વનું જ્ઞાન પણ વ્યવહારજ્ઞાન છે. એ.. લક્ષ્મીચંદજી! ભારે કઠણ માણસને. થોડું આવડે ત્યાં એને થઈ જાય, ઓહો..! આપણને જ્ઞાન થઈ ગયું. શાસ્ત્રનું થોડું જ્ઞાન આવડ્યું, વાતચીત કરતાં આવડ્યું, થોકડા કરતા આવડ્યા.. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, બાપા! જ્ઞાન જુદી વસ્તુ છે.

મુમુક્ષુ :— બીજાનું કલ્યાણ...

ઉત્તર :— બીજાનું કલ્યાણ થાય નહિ ત્રણ કાળમાં. પોતાનું કલ્યાણ વિના બીજાના કલ્યાણમાં નિમિત્ત પણ થઈ શકે નહિ. આહાહા..!

અંગ પૂર્વનું જ્ઞાન, પૂર્વગત જ્ઞાન વ્યવહાર. આમણે બાર અંગ લીધા. બહુ સરસ વાત. ટીકાકાર રાજમલે એવા કળશ બનાવ્યા, કળશની ટીકા. એક એક કળશમાં ભિન્ન ભિન્ન ન્યાય મૂક્યા છે. બહુ સરસ! વાર લાગી. આવશે ત્યારે... એનો કાળ પાકે અને પર્યાય થવાની હોય તે દિ' આવશે. આઘુપાછુ કરે કોણ? જ્યારે પુસ્તક આવવાનું હશે ત્યારે આવશે. બાર માસથી...

'**મુનિ-આચારમાં પ્રવર્તનરૂપ...**' જુઓ! મુનિને જે છઠ્ઠા ગુણસ્થાનમાં સમાહિત દશા થઈ છે એને અહીંયાં તત્ત્વાર્થશ્રદ્ધાન વ્યવહાર છે, અંગપૂર્વગતનું (જ્ઞાન) વ્યવહાર છે, મુનિ આચારમાં પ્રવર્તન પંચ મહાવ્રતાદિ '**વ્યવહારમોક્ષમાર્ગ વિશેષ વિશેષ શુદ્ધિનું વ્યવહારસાધન બનતો થકો,...**' બસ એટલું. વ્યવહારમોક્ષમાર્ગ વ્યવહારથી આગળની શુદ્ધિની ભૂમિકામાં,

વ્યવહારથી શુદ્ધિની ભૂમિ એનાથી વધે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? નીચે છે એનો અર્થ, જુઓ! 'આ ગાથાની શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકામાં પંચમગુણસ્થાનવર્તી ગૃહસ્થને...' પંચમ ગુણસ્થાવર્તી શ્રાવકને 'વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો છે. ત્યાં વ્યવહારમોક્ષમાર્ગનું સ્વરૂપ નીચે પ્રમાણે વર્ણવ્યું છે :— વીતરાગ સર્વજ્ઞપ્રણીત...' સર્વજ્ઞ પરમાત્માએ કહેલા 'જીવાદિ પદાર્થો સંબંધી સમ્યક્ શ્રદ્ધાન...' વ્યવહાર 'તેમ જ જ્ઞાન બંને, ગૃહસ્થને અને તપોધનને સમાન હોય છે.' દર્શન-જ્ઞાન તો બંન્નેને સરખા હોય છે. નિશ્ચય તો છે પણ વ્યવહારે સમાન છે. 'ચારિત્ર, તપોધનને આચારાદિ ચરણગ્રંથોમાં વિહિત કરેલા માર્ગ પ્રમાણે...' અહીં વ્યવહાર કહેવો છેને. અંદર નિશ્ચય તો છે એ જુદી વાત છે. 'તપોધનને આચારાદિ ચરણગ્રંથોમાં વિહિત કરેલા માર્ગ પ્રમાણે..' એ માર્ગને અનુસારે 'પ્રમત્ત-અપ્રમત્ત ગુણસ્થાનયોગ્ય...' જુઓ! સાતમા-છઠ્ઠાની વ્યાખ્યામાં પ્રમત્ત-અપ્રમત્ત લીધું છે. અપ્રમત્તમાં ક્યાં પાંચ મહાવ્રત છે. પણ એ ભૂમિકાની વાત કરે છે.

'પ્રમત્ત-અપ્રમત્ત ગુણસ્થાનયોગ્ય...' છઠ્ઠે આવે છે તો પંચ મહાવ્રત એ વિકલ્પ, રાગ, વ્યવહાર. 'પંચસમિતિ...' વ્યવહાર 'ત્રિગુપ્તિ, ષડાવશ્યકાદિરૂપ...' વ્યવહાર. ષટ્ આવશ્યક, સામાયિક, ચઉવિસંત્તો, વંદન, પ્રતિક્રમણ, કાઉસગ્ગ, પચ્ચખાણ એ આદિ રૂપ વ્યવહાર હોય છે. એટલો સામે નિશ્ચય છે. સમજાણું કાંઈ? જેટલો દ્રવ્યના આશ્રયે પ્રગટ થયો એટલો નિશ્ચય છે. જેટલો વિકલ્પના આશ્રયે પ્રગટ થયો તે વ્યવહાર છે. સમજાણું કાંઈ? બહુ ભઈ કામ આ તો શરૂઆતવાળાને જરી કઠણ પડે પણ વિચાર તો કરવો પડશે કે નહિ એણે? યથાર્થ નિર્ણય કર્યા વિના એની ભૂમિકા આગળ વધશે કઈ રીતે? સમજાણું કાંઈ?

'અને ગૃહસ્થોને ઉપાસકાધ્યયનગ્રંથમાં વિહિત...' વિહિત નામ કહેલા 'માર્ગ પ્રમાણે પંચમગુણસ્થાનયોગ્ય...' મુનિને દાનાદિ આપે ગૃહસ્થાશ્રમમાં, પંચમ ગુણસ્થાનમાં 'દાન, શીલ...' બ્રહ્મચર્ય આદિ કે ... 'પૂજા...' ભગવાનની પૂજા, દેવદર્શનનો શુભભાવ પંચમ ગુણસ્થાનને યોગ્ય નિર્મળતા થઈ છે છતાં એ ભાવ આવ્યા વિના રહેતા નથી. કરવાયોગ્ય છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. કર્તૃત્વબુદ્ધિ હોય તો તો મિથ્યાત્વ છે. બહુ સૂક્ષ્મ વાત છે. વ્યવહારનયથી એમ કહેવામાં આવે છે કે ષટ્કર્મ શ્રાવક કરે. પણ નિશ્ચયમાં એમ નથી. એવો વિકલ્પ આવે છે એને કરે એમ વ્યવહારનયમાં કહેવામાં આવે છે. વાત એવી છે. 'પૂજા-ઉપવાસાદિરૂપ...' આઠમ, પાંખીનો ઉપવાસ પણ કરે છેને, વિકલ્પ આવે છે કે નહિ? શુભરાગ પંચમ ગુણસ્થાનયોગ્ય આઠમનો, ચૌદસ આદિનો ઉપવાસ (કરે). એ નિશ્ચય સમ્યક્દર્શન-જ્ઞાન છે એ ભૂમિકામાં ગૃહસ્થને એટલો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. આવે છે તો રાજીપો છે એમ નથી, ખુશી નથી. પણ આવે છે એને જાણે છે, વ્યવહારથી ઉપાદેય કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

'અથવા દાર્શનિક-વ્રતિકાદિ અગિયાર સ્થાનરૂપ (અગિયાર પ્રતિમારૂપ)...' દર્શનપડિમા, વ્રતપડિમા આવે છેને? ઈ પણ વિકલ્પ છે. નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, જ્ઞાન થયા હોય અને

પંચમ ગુણસ્થાનયોગ્ય બે કષાયના અભાવની પરિણતિ શુદ્ધ થઈ હોય એને આવો વિકલ્પ ભૂમિકામાં આવ્યા વિના રહેતા નથી. '(અગિયાર પ્રતિમારૂપ) હોય છે, એ પ્રમાણે વ્યવહારમોક્ષમાર્ગનું લક્ષણ છે.' વ્યવહારમોક્ષમાર્ગ પંચમ, ચોથા ગુણસ્થાનમાં આવે છે. નિશ્ચય તો સ્વદ્રવ્ય આશ્રયે નિર્મળ પરિણતિ તો છે જ. એની સાથે આવો વ્યવહાર આવે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, ચોથામાં જેટલો નિશ્ચય છે એટલો નિશ્ચય છે. ચારિત્ર ભેગું નથી એટલે... જેટલી શુદ્ધ પરિણતિ છે એટલી દ્રવ્યના આશ્રયે તો નિશ્ચય છે. ભલે મોક્ષમાર્ગ એને નિશ્ચય નથી થયો. કેમકે ત્રણે મળીને મોક્ષમાર્ગ છેને. તો ચારિત્રદશા ચોથે નથી તો ત્યાં મોક્ષમાર્ગ ઉપચારથી છે, પણ જે છે દર્શન-જ્ઞાન એ તો નિશ્ચય છે. સમજાણું કાંઈ? કેટલી વાત યાદ રાખવી માણસને. બહુ વિરોધ. ડાલચંદજી! વિરોધ બહુ થાય છે એની સામે આ હુમલો બહુ. ભાઈ! આવી ચીજ છે એવો નિર્ણય કરો, નિર્ણય કરો, શ્રદ્ધા કરો, વિચાર કરો. અવાયમાં એ વાત નક્કી કરીને એમ લ્યો, એ વિના માર્ગ આગળ ચાલશે નહિ.

'**મુનિ-આચારમાં પ્રવર્તનરૂપ...**' ભાવાર્થમાં. '**વ્યવહારમોક્ષમાર્ગ વિશેષ વિશેષ શુદ્ધિનું વ્યવહારસાધન બનતો થકો, જોકે નિર્વિકલ્પ શુદ્ધભાવપરિણત જીવને પરમાર્થે તો ઉત્તમ સુવર્ણની જેમ...**' ઉપર આવ્યું એ. '**અભિન્નસાધ્યસાધનભાવને લીધે સ્વયમેવ શદ્ધભાવરૂપ પરિણમન હોય છે...**' છઠ્ઠા ગુણસ્થાનની નિર્મળ શુદ્ધિ સાતમે આગળ વધીને અભિન્નસાધ્યસાધન થાય છે. છઠ્ઠા ગુણસ્થાનની નિર્મળ પરિણતિ શુદ્ધ અને આગળ સાતમાની નિર્મળ પરિણતિ સાધ્ય. નિર્મળ પરિણતિ સાધન અને સાતમાની નિર્મળ પરિણતિ સાધ્ય. એ અભિન્નસાધ્યસાધન પોતાથી પરિણમે છે. '**તોપણ, વ્યવહારનયથી નિશ્ચયમોક્ષમાર્ગના સાધનપણાને પામે છે.**' તોપણ વ્યવહારનયથી ત્યાં રાગ, વિકલ્પ આવે છે એવા સાધનને પ્રાપ્ત થાય છે એમ કહેવામાં આવ્યું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧૩, શુક્રવાર, તા. ૨૧.૮.૧૯૬૪**
**ગાથા-૧૬૦, ૧૬૧. પ્રવચન-૮**

૧૬૦ ગાથાનો ભાવાર્થ થઈ ગયો. ૧૬૦માં જે કાઢ્યું છે.. શું? કે પોતાના આત્મામાં જે અભિન્નસાધ્યસાધનભાવથી શુદ્ધ પરિણતિ થઈ છે. એનો અર્થ શું? કે આત્મા જ્ઞાયક શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે, પૂર્ણ આનંદનો આશ્રય કરીને, દૃષ્ટિ લગાવીને અભિન્નસાધ્ય નામ સાધન નિર્મળ દશા ઉત્પન્ન થઈ એ પૂર્ણ સપ્તમયોગ્ય જે નિર્મળ સાધ્ય છે તેનું એ સાધન છે. તો શુદ્ધ પરિણતિ જેને થઈ છે એને વિકલ્પાત્મક જે વ્યવહાર છે એને વ્યવહાર કહેવામાં આવે છે. શુદ્ધ પરિણતિ પોતાના દ્રવ્યથી અભિન્નસાધ્યસાધનવાળી દશા ન પ્રગટી હોય અને એકલો વ્યવહારમોક્ષમાર્ગ હોય એમ બનતું નથી. સમજાણું કાંઈ? એ લીધું, જુઓ! છેલ્લે છેને એટલે કૌંસમાં લીધું છે.

'**(અજ્ઞાની...)**' ૧૬૦માં. '**(અજ્ઞાની દ્રવ્યલિંગી મુનિ...**' અજ્ઞાની દ્રવ્યલિંગી કહ્યું. ખુલાસો કરી દીધો. વળી કો'ક પેલા ચોથા અને પાંચમાવાળા દ્રવ્યલિંગી કહે. એને માટે ખુલાસો કરવો પડ્યો. અમારા પંડિતજી તો બરાબર લગાવે છે. '**(અજ્ઞાની દ્રવ્યલિંગી મુનિનું...**' સમજાણું કાંઈ? '**અંતરંગ લેશ પણ સમાહિત નહિ હોવાથી...**' અંતરંગ પોતાનો શુદ્ધ ભગવાન આત્માના અવલંબનથી શુદ્ધ પરિણતિરૂપ સમાહિત નહિ હોવાથી. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની દ્રવ્યલિંગી નામ આત્માના ભાન વિના અંતરંગ શુદ્ધ ચૈતન્યપ્રભુ જ્ઞાયક આનંદ, એની આનંદની પરિણતિનો અંશ પણ જેને પ્રગટ નથી થયો. એવો '**સમાહિત નહિ હોવાથી...**' પોતાના આત્મામાં શુદ્ધનું અવલંબન લઈને શુદ્ધ પરિણતિ સમ્યગ્દર્શન, જ્ઞાન નિશ્ચયમોક્ષમાર્ગની પરિણતિ ઉત્પન્ન નહિ હોવાથી અજ્ઞાનીને '**તેને દ્રવ્યાર્થિકનયના વિષયભૂત...**' જુઓ! '**શુદ્ધાત્મસ્વરૂપના અજ્ઞાનને લીધે...**' સમજાણું કાંઈ?

તમે કહો છોને, પારિણામિકભાવ, પારિણામિકભાવ. એ આ દ્રવ્યાર્થિકનયનો વિષય. એ શુદ્ધાત્મસ્વરૂપ એ પારિણામિકભાવ. સમજાય છે કારણ? દ્રવ્યાર્થિક—દ્રવ્ય, દ્રવ્ય જેનું પ્રયોજન છે એવા જ્ઞાનનો નય. જે જ્ઞાનનો ભાગ છે એનું, દ્રવ્ય જેનું પ્રયોજન છે એનું નામ દ્રવ્યાર્થિકનય કહેવામાં આવે છે. જે જ્ઞાનનો ભાગ દ્રવ્ય ત્રિકાળ (છે). કેવું દ્રવ્ય? '**દ્રવ્યાર્થિકનયના વિષયભૂત...**' દ્રવ્ય જેનું પ્રયોજન છે એવું જ્ઞાન કરવાવાળી દશાનો વિષય કોણ? શુદ્ધાત્મસ્વરૂપ. એકલો દ્રવ્યસ્વભાવ સામાન્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ, એક સમયની પર્યાય જેની ઉપર ચાલે છે, જેની ઉપર પર્યાય ચાલે છે એ પર્યાયની અંતરંગમાં રહેવાવાળો જ્ઞાયક ધ્રુવસ્વભાવના '**અજ્ઞાનને લીધે...**' સમજાણું કાંઈ? ધ્રુવસ્વભાવ એક સમયમાં શુદ્ધ છે એનું અજ્ઞાન છે- એનું જેને ભાન નથી. એવા અજ્ઞાની જીવને દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મરૂપનું અજ્ઞાન, શુદ્ધાત્મસ્વરૂપનું અજ્ઞાન (હોવાને લીધે). એ શુદ્ધાત્મસ્વરૂપ દ્રવ્યાર્થિકનો વિષય. અર્થાત્

સમ્યગ્દષ્ટિનું ધ્યેય આવો શુદ્ધાત્મ ભગવાન છે તેનું અજ્ઞાન. અજ્ઞાનીને તેનું અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

નિમિત્તમાં પોતાના દ્રવ્યનું અસ્તિત્વ સ્વીકારે છે, કાં એક સમયની પર્યાયમાં પોતાના દ્રવ્યનું અસ્તિત્વ સ્વીકારે છે. તો નિમિત્તમાં આત્મા નથી, એક પર્યાયમાં પૂર્ણ આત્મા નથી. અને ગુણ-ગુણી ભેદમાં અભેદ ચીજ આવતી નથી. સમજાણું કાંઈ? તો એવી અભેદ ચીજ જે શુદ્ધાત્મસ્વભાવ, જે દ્રવ્યાર્થિકનયનો વિષય છે એનું જેને અજ્ઞાન છે એવા મિથ્યાદષ્ટિને વ્યવહારમોક્ષમાર્ગ હોતો નથી. કેમકે શુદ્ધિનો અંશ... જુઓ! '**શુદ્ધિનો અંશ પણ પરિણમ્યો નહિ હોવાથી...**' કહ્યુંને? એ તો કૌંસમાં લીધું. પણ સમાહિત નહિ હોવાથી એને શુદ્ધિનો અંશ, શુદ્ધિનો અંશ.. એનો પછી ખુલાસો કર્યો. શુદ્ધિનો અંશ શું? કે દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનો આશ્રય લઈને જે શુદ્ધિનો અંશ પ્રગટ થયો છે એ અજ્ઞાનીને નથી. સમજાણું કાંઈ? મિત્રસેનજી! મિત્રસેનજી ધ્યાન બહુ રાખે છે.

મુમુક્ષુ :— જૈન તો કહેવાયને?

ઉત્તર :— નામ લખે જૈન, શબ્દમાં કહો. ભાવ જૈન નથી. એ અમારે શેઠિયા છે ત્યાં. પોરબંદરના શેઠિયા છે. (કહે છે), જૈન તો ખરા કે નહિ? ક્યાં ગયા જુગરાજજી! એ પ્રશ્ન કરે છે. એ પણ સ્થાનકવાસીના અગ્રેસર હતા. કહે છે, જૈન ખરા કે નહિ? નામ જૈન છે. ભગવાન આત્મા રાગ અને સ્વભાવની એકતા તૂટ્યા વિના વીતરાગદષ્ટિ થયા વિના જૈનપણું આવતું નથી. ભાવજૈનપણું આવતું નથી. જીતનારો જૈન. તો કોને જીતવાવાળો? કોણ જીતે? પોતાનો ત્રિકાળી શુદ્ધાત્મસ્વભાવ એના આશ્રયથી રાગની એકતા ટાળે, નાશ કરે એને જૈન-જીતવાવાળો, અજ્ઞાનને જીત્યું અને રાગની એકતાબુદ્ધિનો નાશ કર્યો એને જૈન કહે છે. ભાવલિંગી જૈન કહે છે. ભાવલિંગી સમ્યગ્દષ્ટિની અપેક્ષાથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એમાંથી કાઢો.

અહીં તો આ કાઢવું છે કે જ્યાં નિશ્ચયમોક્ષમાર્ગનો શુદ્ધ અંશ પ્રગટ થયો નથી ત્યાં એને વ્યવહારમાર્ગ પણ કહેવામાં આવતો નથી. કોને? પેલા વિકલ્પને. નિશ્ચય જ્યાં શુદ્ધ દ્રવ્ય આત્મા છે જ્ઞાયકપ્રભુ પૂર્ણ શુદ્ધનું અવલંબન લીધા વિના, અજ્ઞાનને કારણે શુદ્ધિનો અંશ નિશ્ચય સંવર, નિર્જરારૂપ દશા સ્વભાવના આશ્રયે પ્રગટ થયા વિના, સાથે વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, નવ તત્ત્વના ભેદના રાગને વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. નિશ્ચય વિના વ્યવહાર કહેવામાં નથી આવતું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— આ કૌંસ શેમાંથી કાઢ્યો?

ઉત્તર :— આમાંથી કાઢ્યો આ. આ શું કહે છે? '**ઉત્તમ સુવર્ણની માફક અભિન્નસાધ્યસાધનભાવને લીધે સ્વયમેવ શુદ્ધભાવરૂપ પરિણમન હોય છે તોપણ,**

**વ્યવહારનયથી નિશ્ચયમોક્ષમાર્ગના સાધનપણાને પામે છે.**' જુઓ! નિશ્ચય અને વ્યવહાર બેય એમાં છે. એમાંથી કાઢ્યું. શું કીધું? કાંપ? કાંપ કીધુંને? કૌંસ કાઢ્યો, ઠીક. ઈ કૌંસ એમાંથી કાઢ્યો. આ તમારા ભાઈબંધે એમાંથી કાઢ્યો છે. સમજાણું કાંઈ? બેય મિત્ર છે સાંજે ફરવામાં. કહો, સમજાણું કાંઈ?

અભિન્નસાધ્યસાધનભાવનો જેને અંતર દશામાં શુદ્ધ પણ નિર્મળ સાધ્ય છે અને સાધન પણ નિર્મળ થયું. સમજાણું કાંઈ? સાધ્ય સપ્તમ ગુણસ્થાનયોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગ સાધ્ય શુદ્ધ છે અને છઠ્ઠા ગુણસ્થાનમાં, પાંચમે, ચોથે ગૌણરૂપે, છઠ્ઠા ગુણસ્થાનમાં પોતાને યોગ્ય જે સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ત્રણ કષાયના અભાવરૂપ શુદ્ધ પરિણતિ થાય છે તેને સાધન કહ્યું અને નિશ્ચય શુદ્ધ સાધ્ય સપ્તમ ગુણસ્થાનને સાધ્ય કહ્યું. તો આવું અભિન્નસાધ્યસાધન જેને પ્રગટ થયું છે તેને વ્યવહાર ભિન્નસાધ્યસાધન કહેવામાં આવે છે. એને વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન, વ્યવહાર પંચ મહાવ્રતના પરિણામને આરોપ (દઈને કહેવાય છે કે) નિશ્ચયનું વ્યવહાર સાધન છે એમ એને વ્યવહારથી લાગુ પડે છે. લાગુ પડે છે કહે છેને? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— આ તો મહારાજ! સપ્તમ ગુણસ્થાનનો વિષય છે.

ઉત્તર :— આ ચોથા ગુણસ્થાનનો વિષય છે. ચોથે... ઠીક કહે છે. ચોથા ગુણસ્થાનમાં પોતાનો શુદ્ધ આત્મા જ્ઞાયકપ્રભુ અભેદ સ્વરૂપ એકાકારની દૃષ્ટિ થયા વિના અભિન્નસાધ્ય સપ્તમ ગુણસ્થાનયોગ્ય જે અભિન્ન સાધ્ય નિર્મળ છે, એનું આ સાધન પ્રગટ્યા વિના, શુદ્ધ સમ્યગ્દર્શન પ્રગટ્યા વિના વ્યવહારને વ્યવહાર કહી શકાય નહિ. સમજાણું કાંઈ? ચીમનભાઈ! ઓહોહો..! આ ન્યાય તો ઘણીવાર આવ્યા છે અહીંયાં. આ જ ચાલશે આ બધી ગાથાઓમાં.

મુમુક્ષુ :— દ્રવ્યલિંગી મુનિ, ભાવલિંગી મુનિ...

ઉત્તર :— જૈન નહિ, એને એકલા દ્રવ્યલિંગી કહે છે. જેને સમ્યગ્દર્શનનું, નિશ્ચયનું ભાન નથી, એકલા વ્યવહાર વિકલ્પ દયા, દાન, ભક્તિ, ભગવાનનો ભક્ત કહેવાય, તો કહે છે, એને વ્યવહાર પણ લાગુ નથી પડતો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નથી, વ્યવહાર લાગુ નથી પડતો. નામનિક્ષેપે કહો. સમજાણું કાંઈ? ખરેખર તો શાસ્ત્ર તો એમ કહે છે કે જેને ભાવ પ્રગટ્યો એનું જ નામનિક્ષેપ યથાર્થ છે. ભાઈ! ત્રણે નિક્ષેપ યથાર્થ લાગુ પડે છે. એમ છે, નિશ્ચયથી તો એમ છે પણ એક નામનિક્ષેપથી કહો. સમજાણું કાંઈ? ત્યારે ભેદ પડેને એના, વાસ્તવિક અભેદ હોય એનો ભેદ પડીને દ્રવ્ય, સ્થાપના અને નામ એને યથાર્થપણે લાગુ પડે છે.

અહીંયાં કહે છે કે જેને અભિન્નસાધ્યસાધન પ્રગટ થયા છે, અભિન્નસાધ્યસાધન સમજાણું? સાધ્ય જે સપ્તમ ગુણસ્થાનયોગ્ય ચારિત્રની એકતા દર્શન-જ્ઞાનની સાથે છે એ સાધ્ય છે અને

સાધન ચોથે, પાંચમે, છઠ્ઠે નિશ્ચય સ્વભાવના આશ્રયે નિર્વિકલ્પ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાનનો અંશ અને ચારિત્રનો અંશ જે પ્રગટ થયો એ નિર્મળ છે અને (સાધ્ય) પણ નિર્મળ છે. આ અપેક્ષાથી બન્નેને અભિન્નસાધ્યસાધન કહેવામાં આવ્યું છે. એને જે નવ તત્ત્વની વ્યવહારુ શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને પંચ મહાવ્રત, બાર વ્રતાદિનો વિકલ્પ આવે તેને નિશ્ચયસાધ્યનું વ્યવહારસાધન (કહેવાય). ભિન્નરૂપ વિકલ્પ છે પણ એને વ્યવહારનો આરોપ આપવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! સમજાણું?

'**શુદ્ધિનો અંશ પણ પરિણમ્યો નહિ હોવાથી...**' જેને પોતાનું દ્રવ્ય શુદ્ધ જ્ઞાયકમૂર્તિ છે એવી અંતરદૃષ્ટિ, જ્ઞાન અને અંશે સ્થિરતાની શુદ્ધિ પ્રગટ નથી થઈ '**તેને વ્યવહારમોક્ષમાર્ગ પણ નથી.**' એને વ્યવહારમોક્ષમાર્ગ પણ કહેવામાં આવતો નથી. ઘણી ઝંઝટ છે. ઓલા કહે, નહિ, નિશ્ચય નહિ. વ્યવહાર છે ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે વ્યવહાર છે. બલિહારી છેને ભગવાન આત્માની. એટલી બલિહારી કે આહાહા..! અરે..! પણ જે સ્વ વસ્તુ છે એ વસ્તુની જ્યાં દૃષ્ટિ થઈ નથી, વસ્તુ ખ્યાલમાં આવી નથી, વસ્તુનો અનુભવ પ્રતીતિમાં લીધો નથી એ વિના વ્યવહારને વ્યવહાર કહેવાવાળો જાગ્યા વિના વ્યવહાર કોને કહેશે? વ્યવહાર તો આંધળો છે.

મુમુક્ષુ :— તમે કહો એ વિચાર જ ક્યાં છે? છે એમ કહી દે.

ઉત્તર :— શું પણ છે? વ્યવહાર તો રાગ છે, ભેદ છે. એ તો આંધળો છે. અભેદનું જ્ઞાન થયા વિના ભેદનું જ્ઞાન થતું નથી. અભેદનું જ્ઞાન થયા વિના રાગનું જ્ઞાન થતું નથી. અભેદનું જ્ઞાન થયા વિના નિમિત્તનું યથાર્થ જ્ઞાન થતું નથી. સમજાણું કાંઈ? નિશ્ચયનું જ્ઞાન થયા વિના વ્યવહારનું જ્ઞાન થતું નથી. શુદ્ધ ઉપાદાનનું જ્ઞાન થયા વિના અશુદ્ધ ઉપાદાન અને નિમિત્તનું જ્ઞાન થતું નથી. નિજ ઉપાદાનનું જ્ઞાન થયા વિના નિમિત્તનું જ્ઞાન થતું નથી. સમજાણું કાંઈ? એવી (વાત) છે તો એનો નિર્ણય કરવો જોઈએને. પહેલા એનો પાક્કો નિર્ણય કરવો કે આમ જ માર્ગ છે. બીજો માર્ગ નથી. ૧૬૦ (ગાથા) થઈ ગઈ.

---

णिच्छणएण भणिदो तिहि तेहिं समाहिदो हु जो अप्पा।
ण कुणदि किं;चि वि अण्णं ण मुयदि सो मोक्खमग्गो त्ति।।१६१।।

निश्चयनयेन भणितस्त्रिभिस्तैः समाहितः खलु यः आत्मा।
न करोति किंचिदप्यन्यन्न मुञ्चति स मोक्षमार्ग इति।।१६१।।

**જે જીવ દર્શનજ્ઞાનચરણ વડે સમાહિત હોઈને,**
**છોડે-ગ્રહે નહિ અન્ય કંઈપણ, નિશ્ચયે શિવમાર્ગ છે. ૧૬૧.**

**અન્વયાર્થ :—** (यः आत्मा) **જે આત્મા** (तैः त्रिभिः खलु समाहितः) **એ ત્રણ વડે ખરેખર સમાહિત થયો થકો (અર્થાત્ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર વડે ખરેખર**

એકાગ્ર—અભેદ થયો થકો) (अन्यत् किंचित् अपि) અન્ય કાંઈ પણ (न करोति न मुञ्चति) કરતો **નથી** કે છોડતો **નથી,** (सः) તે (निश्चयनयेन) **નિશ્ચયનયથી** (मोक्षमार्गः इति भणितः) 'मोक्षमार्ग' કહેવામાં આવ્યો છે.

ટીકા :— વ્યવહારમોક્ષમાર્ગના સાધ્ય તરીકે, નિશ્ચયમોક્ષમાર્ગનું આ કથન છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે સમાહિત થયેલો આત્મા જ જીવસ્વભાવમાં નિયત ચારિત્રરૂપ હોવાને લીધે નિશ્ચયથી મોક્ષમાર્ગ છે.

હવે (વિસ્તાર એમ છે કે), આ આત્મા ખરેખર કથંચિત્ (—કોઈ પ્રકારે, નિજ ઉદ્યમથી) અનાદિ અવિદ્યાના નાશ દ્વારા વ્યવહારમોક્ષમાર્ગને પામ્યો થકો, ધર્માદિસંબંધી તત્ત્વાર્થશ્રદ્ધાનના, અંગપૂર્વગત પદાર્થોસંબંધી અજ્ઞાનના અને અતપમાં ચેષ્ટાના ત્યાગ અર્થે તથા ધર્માદિસંબંધી તત્ત્વાર્થશ્રદ્ધાનના, અંગપૂર્વગત પદાર્થોસંબંધી જ્ઞાનના અને તપમાં ચેષ્ટાના ગ્રહણ અર્થે (—ત્રણના ત્યાગ અર્થે તથા ત્રણના ગ્રહણ અર્થે) [૧]વિવિક્ત ભાવરૂપ વ્યાપાર કરતો થકો, વળી કોઈ કારણે ગ્રાહ્યનો ત્યાગ થઈ જતાં અને ત્યાજ્યનું ગ્રહણ થઈ જતાં તેના [૨]પ્રતિવિધાનનો અભિપ્રાય કરતો થકો, જે કાળે અને જેટલા કાળ સુધી વિશિષ્ટ [૩]ભાવનાસૌષ્ઠવને લીધે સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાથે [૪]અંગ-અંગીભાવે પરિણતિ વડે [૫]તેમનાથી સમાહિત થઈને, ત્યાગગ્રહણના વિકલ્પથી શૂન્યપણાને લીધે (ભેદાત્મક) ભાવરૂપ વ્યાપાર વિરામ પામવાથી (અર્થાત્ ભેદભાવરૂપ-ખંડભાવરૂપ વ્યાપાર અટકી જવાથી) સુનિષ્કંપપણે રહે છે, તે કાળે અને તેટલા કાળ સુધી આ જ આત્મા જીવસ્વભાવમાં નિયત

૧. વિવિક્ત = વિવેકથી જુદા તારવેલા (અર્થાત્ હેય અને ઉપાદેયનો વિવેક કરીને વ્યવહારે ઉપાદેય તરીકે જાણેલા). (જેણે અનાદિ અજ્ઞાનનો નાશ કરી શુદ્ધિનો અંશ પ્રગટ કર્યો છે એવા વ્યવહારમોક્ષમાર્ગી (સવિકલ્પ) જીવને નિઃશંકતા-નિઃકાંક્ષા-નિર્વિચિકિત્સાદિ ભાવરૂપ. સ્વાધ્યાય-વિનયાદિ ભાવરૂપ અને નિરતિચાર વ્રતાદિ ભાવરૂપ વ્યાપાર ભૂમિકાનુસાર હોય છે તથા કોઈ કારણે ઉપાદેય ભાવોનો (-વ્યવહારે ગ્રાહ્ય ભાવોનો) ત્યાગ થઈ જતાં અને ત્યાજ્ય ભાવોનું ઉપાદાન અર્થાત્ ગ્રહણ થઈ જતાં તેના પ્રતિકારરૂપે પ્રાયશ્ચિત્તાદિ વિધાન પણ હોય છે).

૨. પ્રતિવિધાન = પ્રતિકાર કરવાની વિધિ; પ્રતિકારનો ઉપાય; ઈલાજ.

૩. વિશિષ્ટ ભાવનાસૌષ્ઠવ = ખાસ સારી ભાવના (અર્થાત્ ખાસ શુદ્ધ ભાવના); વિશિષ્ટ પ્રકારની ઉત્તમ ભાવના.

૪. આત્મા તે અંગી અને સ્વભાવભૂત સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર તે અંગ.

૫. તેમનાથી = સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી.

ચારિત્રરૂપ હોવાને લીધે નિશ્ચયથી 'મોક્ષમાર્ગ' કહેવાય છે, નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગને સાધ્ય-સાધનપણું અત્યંત ઘટે છે.

ભાવાર્થ :— નિશ્ચયમોક્ષમાર્ગ નિજ શુદ્ધાત્માની રુચિ, જ્ઞપ્તિ અને નિશ્ચળ અનુભૂતિરૂપ છે. તેનો સાધક (અર્થાત્ નિશ્ચયમોક્ષમાર્ગનું વ્યવહારસાધન) એવો જે ભેદરત્નત્રયાત્મક વ્યવહારમોક્ષમાર્ગ તેને જીવ કથંચિત્ (-કોઈ પ્રકારે, નિજ ઉદ્યમથી) પોતાના સંવેદનમાં આવતી અવિદ્યાની વાસનાના વિલય દ્વારા પામ્યો થકો,[1] જ્યારે ગુણસ્થાનરૂપ સોપાનના ક્રમ પ્રમાણે નિજશુદ્ધાત્મદ્રવ્યની ભાવનાથી ઉત્પન્ન નિત્યાનંદલક્ષણવાળા સુખામૃતના રસાસ્વાદની તૃપ્તિરૂપ પરમ કળાના અનુભવને લીધે નિજશુદ્ધાત્માશ્રિત નિશ્ચયદર્શનજ્ઞાનચારિત્રરૂપે અભેદપણે પરિણમે છે, ત્યારે નિશ્ચયનયથી ભિન્ન સાધ્ય-સાધનના અભાવને લીધે આ આત્મા જ મોક્ષમાર્ગ છે. માટે એમ ઠર્યું કે સુવર્ણ અને સુવર્ણપાષાણની માફક નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગને સાધ્ય-સાધકપણું (વ્યવહારનયથી) અત્યંત ઘટે છે. ૧૬૧.

## ગાથા—૧૬૧ ઉપર પ્રવચન

૧૬૧. હવે નિશ્ચય આવ્યો જુઓ! સંધિ કરે છેને. પહેલા વ્યવહાર હતો ૧૬૦માં. પણ એ વ્યવહાર નામ પહેલા વ્યવહાર હતો અને પછી નિશ્ચય હતો એમ નહિ. એમાંથી બધા ઈ કાઢે છે. ૧૬૦માંથી કાઢે છે. '**धम्मादीसद्दहणं**' જુઓ! '**ववहारो मोक्खमग्गो**' આવા શબ્દ પડ્યા છે. પડ્યા છે કે નહિ? જુઓ. પડ્યા છે કે નહિ? '**मोक्खमग्गो त्ति**' જુઓ!

---

૧. અહીં એ ખ્યાલમાં રાખવાયોગ્ય છે કે જીવ વ્યવહારમોક્ષમાર્ગને પણ અનાદિ અવિદ્યાનો નાશ કરીને જ પામી શકે છે; અનાદિ અવિદ્યાના નાશ પહેલાં તો (અર્થાત્ નિશ્ચયનયના-દ્રવ્યાર્થિકનયના—વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનું ભાન કર્યા પહેલાં તો) વ્યવહારમોક્ષમાર્ગ પણ હોતો નથી.

વળી, 'નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગને સાધ્ય-સાધનપણું અત્યંત ઘટે છે' એમ જે કહેવામાં આવ્યું છે તે વ્યવહારનય દ્વારા કહેવામાં આવેલું ઉપચરિત નિરૂપણ છે. તેમાંથી એમ અર્થ તારવવો જોઈએ કે 'છઠ્ઠા ગુણસ્થાને વર્તતા શુભ વિકલ્પોને નહિ પણ છઠ્ઠા ગુણસ્થાને વર્તતા શુદ્ધિના અંશને અને સાતમા ગુણસ્થાનયોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગને ખરેખર સાધન-સાધ્યપણું છે.' છઠ્ઠા ગુણસ્થાને વર્તતો શુદ્ધિનો અંશ વધીને જ્યારે અને જેટલા કાળ સુધી ઉગ્ર શુદ્ધિને લીધે શુભ વિકલ્પોનો અભાવ વર્તે છે ત્યારે અને તેટલા કાળ સુધી સાતમા ગુણસ્થાનયોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગ હોય છે.

આવો મોક્ષમાર્ગ પડ્યો છે પણ મોક્ષમાર્ગ વ્યવહાર છે કે પરમાર્થ છે? પરમાર્થ મોક્ષમાર્ગ પ્રગટ્યા વિના વ્યવહારને વ્યવહારનો આરોપ દેનારો (નિશ્ચય) જાગ્યા વિના વ્યવહાર છે જ નહિ. ઓહોહો..! વ્યવહાર જણાવીને, એ તો બધામાં એવી કથનપદ્ધતિ છે. એ વ્યવહાર ન ભલે... પણ '**ववहारोऽभूदत्थो**' કહ્યું ત્યાં પણ. પહેલા કહ્યું, વ્યવહાર અભૂતાર્થ છે. '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' કહેવામાં એમ જ હોય પહેલો. પણ '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ભૂતાર્થ ભગવાન જ્ઞાયક ચૈતન્યબિંબ એકરૂપને અમે શુદ્ધનય કહીએ છીએ. ત્યારે વ્યવહાર અભૂતાર્થ છે એનું એને જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? અહીં તો નિશ્ચય... સાથે છે, પણ અહીં તો વ્યવહાર લઈને નિશ્ચય કહે છે. પણ અહીં તો સમજાવવામાં પહેલો વ્યવહાર લીધો છે પણ એમાં નિશ્ચય સાથે છે તો વ્યવહાર કહેવામાં આવે છે. અહીંથી શરૂ કરે છે લોકો. ૧૬૧.

**णिच्छणएण भणिदो तिहि तेहिं समाहिदो हु जो अप्पा।**
**ण कुणदि किं चि वि अण्णं ण मुयदि सो मोक्खमग्गो त्ति।।१६१।।**

એની ટીકા, ૧૬૧ની ટીકા. '**વ્યવહારમોક્ષમાર્ગના સાધ્ય તરીકે,...** ' જુઓ! વ્યવહારમોક્ષમાર્ગ સાધન છે અને એના સાધ્યરૂપે '**નિશ્ચયમોક્ષમાર્ગનું આ કથન છે.**' શું કહ્યું? વ્યવહારમોક્ષમાર્ગ સાધન એનું સાધ્ય કોણ? નિશ્ચયમોક્ષમાર્ગ. સાધ્ય નિશ્ચયમોક્ષમાર્ગ, સાધન વ્યવહારમોક્ષમાર્ગ. એનું અહીંયાં નિશ્ચયનું કથન કહે છે. સમજાણું કાંઈ? મોટી ગડબડ છે. ક્લાસ ચાલે ત્યારે આ ગાથા લેવી. નિશ્ચય-વ્યવહારનો મોટો ઝઘડો છે, અનાદિનો છે. વ્યવહારમોક્ષમાર્ગના... મોક્ષમાર્ગના અર્થાત્ વ્યવહારમોક્ષમાર્ગ સાધનને જે સાધ્યરૂપ થયો છે એવા નિશ્ચયમોક્ષમાર્ગનું અહીંયાં કથન કરવામાં આવે છે. આરોપિત મોક્ષમાર્ગના સાધનથી અનારોપિત સાધ્ય જે યથાર્થ નિશ્ચયમોક્ષમાર્ગ છે એનું કથન કરવામાં આવે છે. હવે આવ્યું.

'**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે સમાહિત થયેલો આત્મા...**' પોતાની સમ્યક્ નિશ્ચય શુદ્ધ શ્રદ્ધા, નિશ્ચય સમ્યક્ આત્માની રુચિ, શુદ્ધ ઉપાદાન નિજ શુદ્ધ સ્વભાવની રુચિ એ નિશ્ચયસમ્યગ્દર્શન છે. પોતાના જ્ઞાનમાં સ્વસંવેદનજ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન (થવું) એ સમ્યક્ નિશ્ચયજ્ઞાન. અને સ્વરૂપમાં લીનતા એ ચારિત્ર. એના દ્વારા '**સમાહિત થયેલો...**' સ્થિર થયો, સ્થિર થયો. આ અંગ છે, આત્મા અંગી છે. આગળ અંદર આવશે. આ અંગ છે, ત્રણે અવયવ છે અને આત્મા, સમાહિત થયેલો આત્મા અંગી છે. એ પછી આવશે એમાંને એમાં, ૧૬૧માં. સમજાણું કાંઈ? ભારે વાત પણ ભાઈ! અત્યારે તો નિશ્ચય છે નહિ હવે, વ્યવહાર કરો, વ્યવહાર કરો. માટે આ કાઢ્યું. એની બેસી ગઈ છે વાત. એ વાત એને બેસી ગઈ કે આ વ્યવહાર આવો લાગે છે સાધકપણે એમ નથી. અધ્યાત્મદૃષ્ટિ થયા વિના, નિર્વિકલ્પ અનુભવ વિના નિશ્ચયસમકિત થતું નથી. એકલી પ્રતીત, પ્રતીત-શ્રદ્ધા એમ ન ચાલે વસ્તુમાં. સમજાણું કાંઈ?

અંતર જ્ઞાયકપણું ચિદાનંદ નિર્વિકલ્પસ્વરૂપ એના અનુભવમાં આ આત્મા જ પૂર્ણ આનંદ છે અને પૂર્ણ શુદ્ધ છે એવું ભાન થયું, એમાં પ્રતીતિ થાય એને નિશ્ચયસમ્યક્ કહે છે. બીજાને નિશ્ચયસમ્યક્ કહેતા નથી. એ નિશ્ચયસમ્યગ્દર્શનની સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, છ દ્રવ્યની શ્રદ્ધાને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. એ મિથ્યાત્વ નથી. પણ એ લોકો એવું લગાવે છે કે દેવ-ગુરુ... તમારા ગામમાં લગાવ્યું હતું, ઉદયપુરમાં ચોપડી છપાવી હતી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને મિથ્યાત્વ કહે છે. લ્યો, તે દિ' એવું (કહ્યું હતું). (સંવત) ૨૦૧૫ની સાલ. અરે.. ભગવાન! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તો રાગ છે. એને પરમાર્થ ધર્મ (માને તો મિથ્યાત્વ છે). વ્યવહારધર્મ માને, નિશ્ચયધર્મ સહિત વ્યવહારધર્મ માને તો યથાર્થ છે. વ્યવહારધર્મનો અર્થ ધર્મ નથી. એ ચાલ્યું હતુંને તે દિ' ઉદયપુરમાં. એ તો એને શું થાય?

આ અંતરમાં આત્મા.. કહે છે કે ભગવાન આત્મા '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે સમાહિત થયેલો...**' ત્યારે નિશ્ચયમોક્ષમાર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો વિકલ્પ મિથ્યાત્વ, એ તો અહીં કહ્યું હતું. વળી બહુ લાગ્યું કે આ લોકો બહુ ઓલાને.. તો કહ્યું, વિકલ્પ મિથ્યાત્વ છે. અરે..! વિકલ્પ મિથ્યાત્વ નથી. વિકલ્પ તો મુનિ છઠ્ઠા ગુણસ્થાને કુંદકુંદાચાર્યને પણ આવ્યો, આ લખું એમ. વિકલ્પ મિથ્યાત્વ છે? વિકલ્પમાં પોતાનો નિશ્ચય પરમાર્થ ધર્મ માનવો મિથ્યાત્વ છે. સમજાણું? વિકલ્પ આવે છે એને જ્ઞાની જ્ઞાનમાં જાણે છે. જાણવું મિથ્યાત્વ નથી. રાગ મિથ્યાત્વ નથી, જાણવું મિથ્યાત્વ નથી, વ્યવહાર મિથ્યાત્વ નથી. વ્યવહારના રાગને પરમાર્થ ધર્મ માની લેવો એનું નામ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

તો કહે છે, '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે સમાહિત થયેલો આત્મા જ...**' નિશ્ચય સિદ્ધ કરવો છેને. ત્રણ બોલ અંગ છે. હવે '**આત્મા જ જીવસ્વભાવમાં નિયત...**' પોતાનો જીવસ્વભાવ જ્ઞાન, દર્શન જે ત્રિકાળી એમાં નિયત નિશ્ચય '**ચારિત્રરૂપ હોવાને લીધે નિશ્ચયથી મોક્ષમાર્ગ છે.**' જુઓ! સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાનો જ્ઞાન-દર્શન જે કાયમી સ્વભાવ... એ પહેલા ૧૫૪ ગાથામાં આવ્યું હતું, નિયત જ્ઞાન-દર્શન. જ્ઞાન-દર્શન શબ્દે સમકિત ન લેવું. ચેતના. જ્ઞાન વિશેષચેતના, દર્શન સામાન્યચેતના સ્વભાવથી ભરેલો આત્મા, એમાં એકાકાર થઈને લીનતા પ્રગટ થાય તે નિયત ચારિત્ર છે. એ જ ચારિત્ર મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? ક્યાં ગયા પંડિતજી? તારાચંદજી. આ બેઠા. સમજાણું કાંઈ?

'**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે...**' એટલે ત્રણ અંગ દ્વારા. અહીં ત્રણ અંગ નિશ્ચય છે હોં! ત્રણ અંગ જે પોતાના છે—પર્યાય, સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર જે નિર્વિકલ્પ પર્યાય છે એમાં સમાહિત થયો, અભેદ થયો. આત્મા, અંગમાં અંગી એકાકાર થઈ ગયો. એવો '**આત્મા જ જીવસ્વભાવમાં...**' શબ્દ તો એક 'જ' શબ્દ પડ્યો છે, કોઈ નકામો

શબ્દ નથી. આ તો સિદ્ધાંત છે, મુનિઓના મહાસિદ્ધાંત. મુનિના મુખમાંથી એકલા આગમ ઝર્યા છે આગમ. આગમ નીકળ્યા છે, ઝર્યા છે એકલા. પદ્મપ્રભમલધારીદેવ નિયમસારમાં બે ઠેકાણે કહે છે, મારા મુખમાંથી આગમ ઝરે છે. હવે આ લોકો કહે છે કે નહિ, પદ્મપ્રભમલધારીદેવની ટીકા સાચી નથી. ભગવાન! તારે શું કરવું છે? તારી દૃષ્ટિ સાથે મેળ ન ખાય તો, આવા મહામુનિ પંચ મહાવ્રતધારી કહે છે કે અમારા મુખમાંથી આગમ ઝરે છે, ઈ ખોટા. સારું ભાઈ! સમજાણું કાંઈ? કેમકે એ બધો વિષય નિરપેક્ષ નિશ્ચયરત્નત્રયની ઘણી વાત કરે છે. સ્વભાવરત્નત્રય, નિશ્ચયરત્નત્રય, નિરુપચાર રત્નત્રય, અભ્યંતર રત્નત્રય, અભેદ રત્નત્રય અંતરમાં એ જ એક સાચો મોક્ષમાર્ગ છે. કેમકે મોક્ષમાર્ગનો અધિકાર છેને ભાઈ! નિયમસાર તો મોક્ષમાર્ગનો અધિકાર છેને. એટલા બોલ લીધા છે. બધું કાઢ્યું છે હોં! બધું લખ્યું છે. આટલા આટલા ઠેકાણે (આમ કહ્યું છે). નિરુપચાર રત્નત્રય, ઉપચાર વ્યવહારનય. અભેદ રત્નત્રય આ જે કહે છે. ઈ આ કહે છે. અભ્યંતર રત્નત્રય. સમજાણું કાંઈ? સ્વભાવ રત્નત્રય, સ્વભાવ રત્નત્રય. પોતાનો શુદ્ધ સ્વભાવ ત્રિકાળની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા ... એકાકાર આત્મા અભેદ થયો.

‘**નિયત ચારિત્રરૂપ હોવાને લીધે...**’ સ્વરૂપમાં નિશ્ચયચારિત્ર થયું. ‘**નિશ્ચયથી મોક્ષમાર્ગ છે.**’ આ સપ્તમ ગુણસ્થાનની વાત છે. વાત કરે છે છઠ્ઠા ગુણસ્થાનમાં કરવાવાળા મુનિ તો. છઠ્ઠા ગુણસ્થાનમાં વિકલ્પથી વાત કરે છે, પણ આ સપ્તમ ગુણસ્થાનની વાત છે.

‘**હવે (વિસ્તાર એમ છે કે), આ આત્મા...**’ હવે વિસ્તાર કરે છે. ‘**ખરેખર કથંચિત્ (-કોઈ પ્રકારે નિજ ઉદ્યમથી)...**’ કોઈ પ્રકારે નામ પોતાના પ્રયત્નથી. અનાદિથી જે નિમિત્ત ઉપર અને એક સમયની ચાલતી પર્યાય ઉપર દૃષ્ટિ હતી અને ભેદબુદ્ધિમાં દૃષ્ટિ હતી તે દૃષ્ટિ પ્રયત્નથી પોતાના દ્રવ્યસ્વભાવમાં લગાવી. એ દૃષ્ટિને પોતાના દ્રવ્યસ્વભાવ જ્ઞાયકભાવમાં લગાવી. સમજાણું કાંઈ? ‘**(-કોઈ પ્રકારે નિજ ઉદ્યમથી)...**’ નિજ પ્રયત્નથી ‘**અનાદિ અવિદ્યાના નાશ દ્વારા...**’ જુઓ! પોતાના પ્રયત્ન દ્વારા અનાદિ અજ્ઞાનનો નાશ થાય છે. આમને આમ નાશ થતો નથી કે દર્શનમોહનો નાશ થઈ જાય તો અવિદ્યાનો નાશ થઈ જાય એમ નથી. એ તો નિમિત્ત નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવ્યું છે.

ભગવાન આત્મા ખરેખર કોઈ પ્રકારે અર્થાત્ શુદ્ધ દ્રવ્યસ્વભાવ સન્મુખ કોઈપણ પ્રકારના પ્રયત્નથી અભેદનું લક્ષ થયું. દ્રવ્યનું લક્ષ કહો, શુદ્ધનું લક્ષ કહો, સામાન્યનું લક્ષ કહો, જ્ઞાયકનું લક્ષ કહો, એકરૂપનું લક્ષ કહો, એકલો શુદ્ધ છે એનું લક્ષ કહો, કોઈપણ પ્રકારે પ્રયત્નને એમાં લગાવ્યો. સમજાણું કાંઈ? રાજમલજી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અવિદ્યા—અજ્ઞાન. અવિદ્યા, અજ્ઞાન, મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, વિપરીત માન્યતા, વિપરીત શ્રદ્ધા વગેરે વગેરે. સમજાણું કાંઈ? અવિદ્યા—વિદ્યમાન કાયમ ન ટકે એવા અજ્ઞાનભાવને

અવિદ્યા કહે છે. અવિદ્યા ઘણે ઠેકાણે આવે છે, પ્રવચનસારમાં નહિ? જ્ઞેય અધિકારમાં. સમજાણું કાંઈ?

**'આ આત્મા ખરેખર કથંચિત્ (-કોઈ પ્રકારને, નિજ ઉદ્યમથી) અનાદિ અવિદ્યા...'** જુઓ! એ અનાદિ અજ્ઞાન છે. વિકલ્પ, નિમિત્તમાં પોતાનું સ્વરૂપ છે એ માન્યતા અનાદિ અજ્ઞાન છે. એક વિકલ્પ શુભાશુભ વિકલ્પ ઉઠે છે એમાં પોતાનું અસ્તિત્વ (માનવું) એ અજ્ઞાન છે. ભેદબુદ્ધિમાં અનાદિ અજ્ઞાન પડ્યું છે એ અનાદિ અવિદ્યા, મિથ્યાત્વ છે. અવિદ્યા કહો, મિથ્યાત્વ કહો. અહીં અજ્ઞાનથી લીધું છે. અવિદ્યા-અજ્ઞાનના નાશ દ્વારા અર્થાત્ મિથ્યાત્વના નાશ દ્વારા અર્થાત્ વિપરીત અભિપ્રાયના નાશ દ્વારા અર્થાત્ સ્વરૂપનું અજ્ઞાન હતું, સ્વસ્વભાવ શુદ્ધ આત્મદ્રવ્યનું અજ્ઞાન હતું એ અજ્ઞાનના નાશ દ્વારા, એને અવિદ્યાના નાશ દ્વારા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ભાઈ! આ તો આત્માનું નિજ કામ કરવું હોય એની વાત છે. ભૂખ લાગી હોય. અમારે પંડિતજી સવારે કહેતા હતા, પંડિતજી આ રાજમલજી લ્યોને. દુઃખથી થાક લાગ્યો હોય, દુઃખથી. ચાર ગતિનો થાક... શું કહેતા હતા તમે? થાક લાગ્યો હોય. આહાહા..! હવે આ ચાર ગતિનું દુઃખ આકુળતાનો થાક લાગ્યો હોય તો સ્વરૂપ તરફ દૃષ્ટિ કરવાનો પ્રયત્ન થાય, નહિતર થતો નથી. એ કહે છેને યોગસારમાં, નહિ? 'ચાર ગતિ દુઃખથી ડરે.' નહિ? પહેલો શ્લોક આવે છે કે નહિ? યોગસાર. ચાર ગતિ દુઃખથી ડરે. બધું કાંઈ યાદ છે આપણને? 'તો તજ સબ પરભાવ,' ચાર ગતિ દુઃખ સે ડરે તો તજ સબ પરભાવ. જુઓ! એમાં આવ્યું. એ તો ખ્યાલ હતો. સમજાણું કાંઈ? ચાર ગતિના દુઃખ. ચાર ગતિમાં સ્વર્ગનું પણ દુઃખ. મણિભાઈ! આ શેઠાઈનું સુખ-બુખ નહિ, સ્વર્ગનું પણ સુખ નહિ એમ કહે છે ત્યાં. કહો, સમજાણું કાંઈ? જેઠમલજી! ચાર ગતિના દુઃખ. નવમી ગ્રૈવેયકમાં જવું, ત્યાં રહેવું એ પણ દુઃખ છે. આહાહા..! સાતમી નરકમાં રહેવું, જાવું એ દુઃખ. નવમી ગ્રૈવેયકમાં જાવું એ દુઃખ. સમકિતી તો સર્વાર્થસિદ્ધિમાં પછી જાય છે. અહીં સુધી તો મિથ્યાદૃષ્ટિ જાય છે. ઉપર જાય તો સમ્યગ્દૃષ્ટિ જાય છે. જે દુઃખથી ભયભીત થઈને દૃષ્ટિમાંથી પરભાવનો ત્યાગ કર્યો એ જ ત્યાં સર્વાર્થસિદ્ધિમાં જઈ શકે, બીજા મિથ્યાદૃષ્ટિ જઈ શકતા નથી. કહે છે કે 'ચાર ગતિ દુઃખ સે ડરે તો તજ સબ પરભાવ'. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ચાર ગતિના દુઃખ ડર્યો...

ઉત્તર :— દુઃખથી ડર્યો એનો અર્થ શું? કે એ દુઃખ મારે ન જોઈએ, બસ. આનંદ જોઈએ મારા આત્માનો, એ ડર. અહીં દુઃખ છે તો અહીં આનંદ છે. સમજાણું કાંઈ? આવે છે, 'કહૈ વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં' છેને સમયસાર નાટકમાં? 'અપને રસસૌં ભર્યો અનાદિ ટેક હૌં, મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ, સુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ.' (જીવદ્વાર-૩૩)

કહૈ વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં,
અપને રસસૌં ભર્યો અનાદિ ટેક હૌં,
મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ,
સુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ. ૩૩.

સમજાણું કાંઈ? વિચિક્ષણ કહો, સમ્યગ્દૃષ્ટિ કહો, સમ્યક્જ્ઞાની કહો બધું એક અર્થમાં છે. તો આવું જેને ચાર ગતિના ભવથી ડરી, ઓહો..! પોતાનો સ્વભાવ.. પ્રભુની ભક્તિ કરતાં નથી કહેતા? હે નાથ! હવે આ દુઃખ સહ્યા નથી જતા. ચાર ગતિના દુઃખ હોં! એમ નહિ કે નરક અને ઢોરમાં દુઃખ છે અને સ્વર્ગમાં સુખ છે. ધૂળમાંય નથી. ત્યાં પણ દુઃખી છે આકુળતાથી. ભગવાન! એ આકુળતાનું દુઃખ હવે સહ્યું નથી જાતું. પ્રભુ! પ્રાર્થના કરવાવાળા ભક્તો તો એમ જ કહેને. કોણ આપે, કોણ લે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— જરીયે સુખ નહિ. થોડું દુઃખ હશેને? જરીયે નહિ, એકલું દુઃખ છે. અતીન્દ્રિય આનંદ પોતાનો નિજ સ્વભાવ એનાથી વિપરીત આકુળતાભાવ, એ ચારેય ગતિમાં આકુળતા જ છે. સાતમી નરકમાં હો, નવમી ગ્રૈવેયકમાં હો, ભગવાનના સમવસરણમાં બેઠો હોય પણ પોતાનો ત્રિકાળી અતીન્દ્રિય આનંદ-એનાથી ઊલટી વિકલ્પદશા, એ બધી આકુળતા, આકુળતા, આકુળતા છે. સમજાણું કાંઈ?

તો કહે છે, '**અનાદિ અવિદ્યાના નાશ દ્વારા...**' જુઓ! '**વ્યવહારમોક્ષમાર્ગને પામ્યો થકો,...**' અહીંયાંથી કાઢે છે ઈ.

મુમુક્ષુ :— અનાદિ અવિદ્યાના નાશ થતાં નિશ્ચયસમ્યગ્દર્શન તો થયું છે.

ઉત્તર :— ઈ નહિ. અવિદ્યાના નાશ દ્વારા વ્યવહાર પહેલો પ્રગટ્યો એમ કહે છે. એ તો પંડિત વળી કાઢે છે, કોણ જાણે ક્યાંથી આડુંઅવળું કહે છે.

મુમુક્ષુ :— અવિદ્યાનો નાશ એટલે વિદ્યાની ઉત્પત્તિ.

ઉત્તર :— હા, વિદ્યાની ઉત્પત્તિ. વિદ્યાની ઉત્પત્તિ એટલે વ્યવહારમોક્ષમાર્ગની ઉત્પત્તિ.

મુમુક્ષુ :— નહિ, વિદ્યાની ઉત્પત્તિ દ્વારા.

ઉત્તર :— પહેલો વ્યવહારમોક્ષમાર્ગ અજ્ઞાનનો નાશ થતાં.. સાતમી ગાથામાં આવ્યું કે નહિ? ૧૦૭. મિથ્યાત્વના નાશ થયે સાત તત્ત્વની શ્રદ્ધા વ્યવહાર છે. એ ન્યાં આવ્યું ઈ લગાડી દે અહીં. ત્યાં એમ છે નહિ. મિથ્યાત્વના નાશમાં સમ્યગ્દર્શન જે થાય છે એ તો નિશ્ચયસમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? અવિદ્યાના નાશ દ્વારા સમ્યક્જ્ઞાનની ઉત્પત્તિ, સમ્યગ્દર્શનની ઉત્પત્તિ, નિશ્ચયની ઉત્પત્તિ. પણ અહીં તો એમ કહ્યુંને, દ્વારા, નાશ દ્વારા. પણ એનો અર્થ ઈ છે કે અવિદ્યાનો નાશ થયો છે, સમ્યક્જ્ઞાન ચિદાનંદનું પ્રગટ થયું છે, સમ્યક્ પ્રતીતિ અનુભવની પ્રતીતિ થઈ છે એને વ્યવહારમોક્ષમાર્ગને પામતો થકો. એને જે વિકલ્પ આવ્યો

વ્યવહાર નવ તત્ત્વની શ્રદ્ધાનો, પંચ મહાવ્રતના પરિણામનો, મુનિને યોગ્ય જે છે એ '**વ્યવહારમોક્ષમાર્ગને પામ્યો થકો,...**' નિશ્ચયવંત વ્યવહારમોક્ષમાર્ગને પામતો થકો. શેઠી! એકલા નિશ્ચય વિના વ્યવહાર આવે છે અને અજ્ઞાનનો નાશ થયો, ઈ એમ કહે છે હોં! આ બરાબર સમજવું. એમાંથી બે-ત્રણ ઠેકાણે આવ્યું છે. સમજાણું કાંઈ? જુઓ! પૃષ્ઠ-૨૨૧માં પહેલા આવી ગયું છેને. લખ્યું છે. અનાદિ કાળથી અનંત ચૈતન્ય.. મૂઢ થયો હતો. છેને? '**અનાદિ કાળથી ચૈતન્ય અને (અનંત) વીર્ય બિડાઈ ગયેલ છે એવો તે જ્ઞાની (ક્ષીણમોહ ગુણસ્થાને) શુદ્ધ...**' આવ્યુંને? તમારે હિન્દી છે ઈ? ૧૫૦-૧૫૧ ગાથાની ટીકા. '**અનાદિ કાળથી ચૈતન્ય અને (અનંત) વીર્ય બિડાઈ ગયેલ...**' હતું. વચમાં છે. '**તે જ્ઞાની (ક્ષીણમોહ ગુણસ્થાને) શુદ્ધ જ્ઞપ્તિક્રિયારૂપે અંતર્મુહૂર્ત પસાર કરીને...**' ત્યાં લગાવી દે છે, સમજ્યાને? વ્યવહારમોક્ષમાર્ગ અહીં સુધી છે, એમ અહીંથી લગાવે છે ન્યાં. છેને અહીંયાં? ક્ષીણમોહ ગુણસ્થાન. પંડિતે કર્યું છે. સમજાણું કાંઈ? અને બીજે ઠેકાણે એક છે. ૨૨૭, ૨૨૭માં છે ક્યાંક. જુઓ! (૧૫૫ ગાથા). '**અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને પરિણતિ કરવાને લીધે...**' આપણે આવી ગયું છે ૧૫૫. '**અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને પરિણતિ કરવાને લીધે ઉપરક્ત ઉપયોગવાળો (--અશુદ્ધ ઉપયોગવાળો) હોય છે...**' અનાદિ કર્મના નિમિત્તનું અનુસરણ કરવાવાળો... ૧૫૫માં આવી ગયું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— આ તો મિથ્યાદૃષ્ટિ જીવની વાત છે.

ઉત્તર :— મિથ્યાદૃષ્ટિની વાત છે ત્યાં. અને ૨૫૬માં આવી ગયું. ૨૫૬, ૨૫૬. ૨૫૬ (ગાથા ૧૭૨) આવે છેને? એમાં પણ આવશે. જુઓ! '**અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિને હોવાને લીધે...**' છેને બીજો પેરેગ્રાફ? '**અનાદિ કાળથી ભેદવાસિત...**' આ બધા બોલોમાં તકરાર સૂઝી અને વિશેષ સ્પષ્ટતા અહીંયાં માંગે છે, સમજો! અહીંયાં પણ '**અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમકિ જીવો વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને...**' ત્યાં પણ ઈ કહે છે કે અજ્ઞાન તો નાશ થયું, પહેલા વ્યવહારમોક્ષમાર્ગ હોય છે. જુઓ! અહીંયાં આવ્યું. '**અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે...**' એનો અર્થ કે પૂર્ણ અભેદ થયો નથી. ભેદવાસિત થોડું બાકી છે, અનાદિ છે. એમ, એમ. ભેદવાસિત (બુદ્ધિ) કોઈ નવી છે એમ નહિ. સમ્યગ્દર્શન, જ્ઞાન થયા, નિશ્ચય થયો છતાં હજી ભેદવાસિત બુદ્ધિ રહી છે. ઈ અનાદિની છે. ભેદવાસિત બુદ્ધિ અનાદિની છે, સમ્યગ્દર્શન-જ્ઞાન થવા છતાં. સમજાણું કાંઈ? ભેદવાસિત બુદ્ધિને અનાદિની કહી, કેમ? કે છઠ્ઠા ગુણસ્થાનવાળાની પણ હજી ભેદવાસિત બુદ્ધિ સ્થિરતાની છે. છે કે નહિ? એમાં શું છે?

'**અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવ...**' જુઓ! '**વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને...**' પહેલા તો ચોથે, પાંચમે, છઠ્ઠે તો

ભેદસાધન જ ઉત્પન્ન થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એમ નહિ. અત્યારે તો હિન્દી વંચાય છેને. ગુજરાતી પડ્યું રહ્યું હમણાં. કહો, સમજાણું કાંઈ? આટલે આટલે ઠેકાણે અનાદિ અનાદિ છે તો અનાદિનો નાશ થયો તો પહેલો વ્યવહાર છે એમ એનો અર્થ ન લેવો. અનાદિનું અજ્ઞાન નાશ થયું તો સમ્યગ્દર્શન, જ્ઞાન તો છે પણ નિશ્ચય સપ્તમ ગુણસ્થાન નથી તો છઠ્ઠાને યોગ્ય વ્યવહારનો વિકલ્પ છે, તે અહીંયાં અનાદિ ભેદવાસિત બુદ્ધિનો નાશ થયા પછી આવો વ્યવહાર હોય છે, એમ વાત કહેવામાં આવે છે. રાજમલજી! બહુ સમજવાની વાત છે, હોં! નહિતર બહુ ભણ્યા-ગણ્યા છે ઈ પણ સામા પડશે. આપણે તો સ્પષ્ટ થાય છે, કોઈ વ્યક્તિનું કાંઈ કામ નથી. કઈ અપેક્ષાથી અહીં ચાલે છે (ઈ સમજવું). સમજાણું કાંઈ?

તો કહે છે, ૧૬૧, '**અનાદિ અવિદ્યાના નાશ દ્વારા વ્યવહારમોક્ષમાર્ગને પામતો થકો,...**' અહીંયાં ઈ કાઢે છે કે અનાદિ મિથ્યાત્વનો નાશ થાય છે ત્યારે ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે વ્યવહારમોક્ષમાર્ગ પહેલા આવે છે. પછી વ્યવહારનો અભાવ થઈને બારમે નિશ્ચય આવે છે એમ કહે છે. એમ છે નહિ. બધે ઠેકાણે અનાદિવાસિત છેને, અનાદિવાસિત. તો કહે છે, અનાદિવાસિત બુદ્ધિનો નાશ નથી થયો તો એને પણ બારમે લેવું, બારમે લેવું. પહેલા વ્યવહારમોક્ષમાર્ગ ચોથેથી બારમે. બારમે પૂરો થાય એમ નથી. નિશ્ચય તો પ્રગટ થયો છે પણ અનાદિભેદબુદ્ધિ જો સર્વથા નાશ પામી જાય તો તો કેવળજ્ઞાન થઈ જાય. ભેદબુદ્ધિનો અર્થ પરની પર્યાય... ભેદઆદિ બુદ્ધિનો નાશ થઈને અભેદ દૃષ્ટિ તો થઈ છે, સ્થિરતામાં હજી ભેદવાસિત બુદ્ધિ રહી ગઈ છે, ચારિત્રમોહની. એટલો જો સર્વથા અભેદ થઈ જાય (તો) ખલાસ થઈ ગયું. બારમે ગુણસ્થાનથી તેરમે કેવળજ્ઞાન થઈ જાય.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— માટે જરી ... કરીને કહે છે, ચક્કરમાં પડે એવી વાત કરે છે લોકો. અહીંથી કાઢ્યું છે. મોટા ભણેલા-ગણેલા કહેવાય. એને એ જાતની બેઠી છેને અને આ શૈલી પણ એવી જાતની લાગે એને. પણ એમ નહિ. પહેલો સિદ્ધાંત એ, વ્યવહારો અભૂતાર્થ. શું અભૂતાર્થ માર્ગ પહેલેથી શરૂ થાય છે?

મુમુક્ષુ :— લાભ થયા પછી અભૂતાર્થ આવ્યો?

ઉત્તર :— ઈ પણ અભૂતાર્થ છે વ્યવહાર. અભૂતાર્થનો અર્થ મોક્ષમાર્ગ છે, સાચો નહિ, એ અસત્યાર્થ મોક્ષમાર્ગ છે. સત્યાર્થ પ્રગટ થયો છે એની સાથે વ્યવહાર અસત્યાર્થ પ્રગટ થયો છે. અસત્યાર્થ કહો, જૂઠો કહો, અસત્ય કહો કે જૂઠો કહો. સમજાણું કાંઈ? બસ, અસત્યાર્થ મોક્ષમાર્ગ ચોથે, પાંચમે, છઠ્ઠે શરૂ થયો? જૂઠો. સમજાણું કાંઈ? '**भूदत्थमस्सिदो खलु**' ત્રિકાળ જ્ઞાયક છે, એને અવિદ્યાનો નાશ થયો—એના આશ્રયે અવિદ્યાનો નાશ થયો છે.

મુમુક્ષુ :— આત્માના આશ્રય વિના અનાદિનો નાશ થાય શી રીતે?

ઉત્તર :— શી રીતે થાય? પર્યાયના આશ્રયે પર્યાયના વિકારનો નાશ થાય છે?

વ્યવહારમોક્ષમાર્ગનું લક્ષણ શું? સ્વપરપ્રત્યયહેતુ. તો સ્વ અને પરનો હેતુ તો વિકાર થયો, વિકલ્પ થયો, શુભરાગ થયો. તો શું શુભરાગ સંવર, નિર્જરાનું કારણ છે? સમજાણું કાંઈ? છે જ નહિ. એ અવિદ્યાના નાશનું કારણ ઈ છે? જુઓ! આ શ્લોકોમાંથી કાઢે છે. સમજાણું કાંઈ? અનાદિ અવિદ્યા અહીંયાં આવ્યું, પહેલા આવ્યું, ૧૫૬માં આવ્યું. જુઓ, ભાઈ! આચાર્ય તો આમ કહે છે કે અજ્ઞાનના નાશથી તો પહેલા વ્યવહારમોક્ષમાર્ગ આવે છે, પહેલા નિશ્ચય ક્યાંથી આવ્યો? પણ એ અવિદ્યાનો નાશ થયો એમાં સમ્યગ્દર્શન, જ્ઞાન સ્વભાવના આશ્રયે પ્રગટ થયા એ જ નિશ્ચય છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા. સાથે સાથે વ્યવહાર હોય છે, જ્યાં સુધી નિશ્ચય પૂર્ણ ન થાય સપ્તમ ગુણસ્થાનયોગ્ય નિશ્ચય ન હોય ત્યાં સુધી નિશ્ચય દર્શન, જ્ઞાન, ચારિત્રની સાથે આવો વ્યવહાર સાથે હોય છે. સથવારો. સથવારો કહે છે? માર્ગમાં ચાલે છે તો સાથે હોય છેને? સથવારો. પણ એ સથવારો ભિન્ન છે, હોં! આ ચાલવાની ક્રિયા ભિન્ન છે, એની ક્રિયા ભિન્ન છે. સથવારો સથવારાથી ચાલે છે, ઈ પોતાથી ચાલે છે. એમ નિશ્ચય પોતાના સ્વભાવથી ચાલે છે અને વ્યવહાર વિકલ્પથી, પરના લક્ષે ચાલે છે. બેય એકસાથે રહે છે. સમજાણું કાંઈ?

આ શબ્દમાંથી, મિથ્યાત્વનો નાશ થયા પછી પહેલા તો વ્યવહારમોક્ષમાર્ગ જ થાય છે. બસ. નિશ્ચય નહિ. એમ નથી. નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્વરૂપાચરણ આદિ તો થયા છે અને ભૂમિકાયોગ્ય ચોથે, પાંચમે, છઠ્ઠે સ્થિરતા પણ થઈ છે. એના (—અવિદ્યાના) '**નાશ દ્વારા વ્યવહારમોક્ષમાર્ગને પામતો થકો, ધર્માદિસંબંધી તત્ત્વાર્થ-અશ્રદ્ધાનના,...**' જુઓ! શું (કહ્યું)? ત્યાગ. અતત્ત્વનો ત્યાગ. એટલે ધર્માદિસંબંધિત અતત્ત્વાર્થ શ્રદ્ધાનના અને '**અંકપૂર્વગત પદાર્થોસંબંધી અજ્ઞાનના અને અતપમાં...**' એટલે મુનિપણાથી વિરુદ્ધ જે વ્યવહારતપ, તેની '**ચેષ્ટાના ત્યાગ...**' વ્યવહારના ત્યાગ અર્થે. વ્યવહાર જે વિરુદ્ધ હતો, તત્ત્વાર્થશ્રદ્ધાનથી જે વિરુદ્ધ હતો, સાચું વ્યવહાર તત્ત્વાર્થશ્રદ્ધાન એનાથી વિરુદ્ધનો ત્યાગ. અંગપૂર્વગત વ્યવહારજ્ઞાન એનાથી વિરુદ્ધનો ત્યાગ અને મુનિ(પણાના) વ્યવહારથી વિરુદ્ધ જે ભાવ હતો એનો ત્યાગ. સમજાણું કાંઈ? શું કહ્યું?

'**ધર્માદિસંબંધી તત્ત્વાર્થ-અશ્રદ્ધાનના...**' અશ્રદ્ધાન લીધુંને. અને '**અંગપૂર્વગત પદાર્થોસંબંધી અજ્ઞાન...**' અને અતપમાં મુનિપણાની ચેષ્ટાથી વિરુદ્ધ, જે મુનિપણાનો વ્યવહાર તેનાથી વિરુદ્ધ (વ્યવહાર) હતો તેના ત્યાગ અર્થે, '**તથા ધર્માદિસંબંધી તત્ત્વાર્થશ્રદ્ધાનના,...**' જુઓ, સવળું લીધું. ગ્રહણ, પેલાનો ત્યાગ. અશ્રદ્ધાનનો ત્યાગ, અજ્ઞાનનો ત્યાગ, અતપના વ્યવહારનો ત્યાગ. અને વ્યવહાર તત્ત્વાર્થશ્રદ્ધાનનું ગ્રહણ, અંગપૂર્વગત પદાર્થોસંબંધી વ્યવહારજ્ઞાનનું ગ્રહણ અને મુનિની વ્યવહારચેષ્ટા વિકલ્પનું ગ્રહણ, વ્યવહારવિકલ્પનું ગ્રહણ. સમજાણું કાંઈ? હજી તો વ્યવહારમાં ત્યાગ-ગ્રહણ લીધું. તત્ત્વાર્થ અશ્રદ્ધાનનો ત્યાગ, તે સંબંધીના અજ્ઞાનનો

ત્યાગ અને વ્યવહારચારિત્ર છે તેનાથી વિરુદ્ધનો ત્યાગ. વ્યવહારચારિત્રથી વિરુદ્ધ ભાવનો ત્યાગ. અને વ્યવહારશ્રદ્ધાનું ગ્રહણ, વ્યવહારજ્ઞાનનું ગ્રહણ, પંચ મહાવ્રતાદિ વ્યવહારચારિત્રનું ગ્રહણ. એ ત્યાગ-ગ્રહણ, ત્યાગ-ગ્રહણ વિકલ્પાત્મક છે કે નહિ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અહીંયાં ઈ વાત નથી. દૃષ્ટિ તો છે જ.

મુમુક્ષુ :— અજ્ઞાનમાંથી જ્ઞાનમાં આવ્યો...

ઉત્તર :— આવ્યો, અહીં તો હજી અજ્ઞાનના ત્યાગમાં વ્યવહારજ્ઞાનના ગ્રહણમાં આવ્યો. અહીંયાં ઈ વાત છે. અહીં તત્ત્વાર્થ અશ્રદ્ધાનના ત્યાગમાં વ્યવહાર તત્ત્વાર્થશ્રદ્ધાનના ગ્રહણમાં આવ્યો. ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એનાથી વિરુદ્ધનો ત્યાગ અને એ જાતના વિકલ્પનું વ્યવહારનું ગ્રહણ. વ્યવહારથી વિરુદ્ધનો ત્યાગ અને વ્યવહારના ભાવનું ગ્રહણ. અહીં તો ત્યાગ-ગ્રહણ વ્યવહારની વાતમાં ચાલે છે. નિશ્ચયમાં તો ત્યાગ-ગ્રહણ છે જ નહિ. સ્વરૂપની જેટલી દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા થયા તેમાં ત્યાગ-ગ્રહણ છે જ નહિ. સપ્તમ ગુણસ્થાનમાં સ્થિર થઈ ગયો એમાં ત્યાગ-ગ્રહણ છે જ નહિ. છઠ્ઠા ગુણસ્થાને નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તો નિર્મળ થયા એ તો નિશ્ચય છે. ભલે નીચે મોક્ષમાર્ગ ન કહો, મોક્ષમાર્ગ સાતમે કહો. નીચે તો શુદ્ધ પરિણતિ શરૂ થઈ ગઈ છે. પણ એની સાથે તત્ત્વાર્થ અશ્રદ્ધાનનો ત્યાગ—વ્યવહાર તત્ત્વાર્થ અશ્રદ્ધાનનો ત્યાગ. વ્યવહારુ અંગપૂર્વગત પદાર્થો સંબંધી અજ્ઞાનનો ત્યાગ અને વ્યવહારુ વિકલ્પ જે મુનિયોગ્ય જે વ્યવહારચારિત્રનો છે એનાથી વિરુદ્ધ જે અતપ, એનો ત્યાગ. આવા '**ત્યાગ અર્થે તથા ધર્માદિસંબંધી તત્ત્વાર્થશ્રદ્ધાન, અંગપૂર્વગત પદાર્થોસંબંધી જ્ઞાનના અને તપમાં ચેષ્ટાના...**' વ્યવહાર હોં અહીંયાં. '**ચેષ્ટાના ગ્રહણ અર્થે (—ત્રણના ત્યાગ અર્થે તથા ત્રણના ગ્રહણ અર્થે)...**' ત્રણેમાં ત્યાગ અને ત્રણેમાં ગ્રહણ એવો વિકલ્પ આવે છે એને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જરી આ સૂક્ષ્મ વાત છે વ્યવહારની.

વ્યવહારમાં પણ ત્યાગ-ગ્રહણનો વિકલ્પ છે. વ્યવહારથી વિરુદ્ધનો ત્યાગ અને વ્યવહારના વિકલ્પનું ગ્રહણ એમ કહેવામાં આવ્યું છે. શું? નિશ્ચય દૃષ્ટિ, જ્ઞાન, સ્થિરતા છે અને એમાં જ્યાં સુધી વ્યવહાર આવે છે તો વિરુદ્ધ વ્યવહારનો ત્યાગ અને જે વ્યવહારને યોગ્ય વિકલ્પ છે એનું ગ્રહણ. એનો વિવેક બતાવે છે. હેય ઉપાદેય વ્યવહારમાં. વિરુદ્ધ વ્યવહાર હેય. અવિરુદ્ધને યોગ્ય જે વ્યવહાર છે તે ઉપાદેય. અહીંયાં વ્યવહારની વાત ચાલે છે. સમજાણું કાંઈ? સાધન વ્યવહાર છે એમાં ગ્રહણ-ત્યાગનો વિકલ્પ છે. સાધ્ય નિશ્ચય પૂર્ણ હોય ત્યાં તો છે નહિ, પણ અહીંયાં નિશ્ચયપરિણતિ જેટલી પ્રગટી છે એમાં પણ ત્યાગ-ગ્રહણનો વિકલ્પ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— વિપરીતનો અભાવ, વ્યવહારથી વિપરીતનો ત્યાગ અને વ્યવહારનું વાસ્તવિકતાનું ગ્રહણ. વ્યવહારના વિપરીતનો ત્યાગ અને વ્યવહારની વાસ્તવિકતાનું ગ્રહણ. અહીંયાં વ્યવહારની વાત ચાલે છે. સમજાણું કાંઈ? ધન્નાલાલજી! આ તો હજી વ્યવહારની વાત ચાલે છે. નિશ્ચયપૂર્વકનો વ્યવહાર કેવો છે (એની વાત ચાલે છે). સમજાણું કાંઈ? એ તો સપ્તમ ગુણસ્થાન આપણે ૧૦૭ ગાથામાં આવ્યુંને. તત્ત્વાર્થ અશ્રદ્ધાનનો અભાવ થઈને તત્ત્વાર્થશ્રદ્ધાન (થવું). આવ્યું હતુંને મિથ્યાત્વનો નાશ થઈને. પણ ત્યાં તો વ્યવહારની વાત છે. અહીંયાં વ્યવહારની વાત સ્પષ્ટ કરે છે. આમાં વધારે ખુલાસો છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યની અભેદ દૃષ્ટિ થઈ અને જ્ઞાન સ્વસંવેદન થયું અને સ્વરૂપમાં સ્થિરતા અભેદ ચારિત્રનો અંશ થયો. નિશ્ચયયોગ્ય જે મોક્ષમાર્ગ છે એ નિશ્ચયમોક્ષમાર્ગ નથી. તો એવી ભૂમિકામાં જે નિશ્ચય શુદ્ધ પરિણતિ છે એ તો સંવર, નિર્જરા છે. સાથે એવો વિકલ્પ ઉઠે છે કે વ્યવહારશ્રદ્ધાના વિપરીત ભાવનો ત્યાગ અને અવિપરીતનું ગ્રહણ એ વિકલ્પ. વ્યવહાર અજ્ઞાનનો ત્યાગ અને વ્યવહારજ્ઞાનનું ગ્રહણ. વ્યવહાર તીવ્ર રાગનો ત્યાગ અને વ્યવહાર શુભરાગનું ગ્રહણ. સમજાણું કાંઈ? એ વ્યવહાર વિકલ્પ, નિશ્ચય હોય ત્યાં હજી એવા ત્યાગ-ગ્રહણનો વિકલ્પ આવે છે. જેને ભિન્નસાધ્યસાધન કહ્યું હતું એને છોડીને સ્વરૂપમાં સ્થિરતા થાય છે એમ કહેવામાં આવે છે. જુઓ! સમજાણું કાંઈ?

'**(—ત્રણના ત્યાગ અર્થે તથા ત્રણના ગ્રહણ અર્થે)...**' કોણ ત્રણ? તત્ત્વશ્રદ્ધાન, તત્ત્વજ્ઞાન અને મહાવ્રતના પરિણામ એ ત્રણેનું ગ્રહણ. એનાથી વિરુદ્ધનો ત્યાગ, એનાથી વિરુદ્ધનો ત્યાગ. સમજાણું કાંઈ? તીવ્ર અશુભરાગનો ત્યાગ, અજ્ઞાનનો—જે પદાર્થનો બોધ વ્યવહાર સમ્યક્જ્ઞાન છે તેનાથી વિરુદ્ધ અજ્ઞાનનો ત્યાગ અને તત્ત્વશ્રદ્ધાન જે વિપરીત છે વ્યવહાર, એ સુલટા તત્ત્વશ્રદ્ધાનનું ગ્રહણ, ઊંધાનો ત્યાગ. એનુ નામ વિકલ્પરૂપ વ્યવહાર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :— વ્યવહાર તો પોતે દોષસ્વરૂપ જ છે, વળી એમાં...

ઉત્તર :— એમાં પણ દોષસ્વરૂપમાં પણ છે. ઈ આવશે હજી, એમાં પણ પ્રાયશ્ચિત્ત લેશે અને એમાં પણ બધી વિધિ છે. વ્યવહાર પંચ મહાવ્રતના પરિણામમાં પણ જે અતિચાર લાગે છે એમાં દોષ નથી લાગતો? એ ભૂમિકાને યોગ્ય શુભભાવ હોય એમાં પણ... લેશે, જુઓ! અહીંયાં આવે છેને. બધી વાત છે. જુઓ!

'**વિવિક્ત ભાવરૂપ વ્યાપાર કરતો થકો,...**' જુઓ છેને નીચે નોટ. 'વિવેકથી જુદા તારવેલા (અર્થાત્ હેય અને ઉપાદેયનો વિવેક કરીને...)' આ વ્યવહારના હેય ઉપાદેય હોં! શું? નિશ્ચય ઉપાદેય અને વ્યવહાર હેય એમ નહિ. વ્યવહારમાં શું ગ્રહણ કરવાલાયક છે અને શું છોડવાલાયક છે એવો હેય-ઉપાદેયનો વિવેક કરીને '(વ્યવહારે ઉપાદેયરૂપ જાણેલા)...' જુઓ!

વ્યવહારથી ઉપાદેય. વિકલ્પ આવ્યો નવ તત્ત્વની શ્રદ્ધાનો, નવ તત્ત્વના જ્ઞાનનો, પંચ મહાવ્રતના પરિણામનો. '(જેણે અનાદિ અજ્ઞાનનો નાશ કરી શુદ્ધિનો અંશ પ્રગટ કર્યો છે એવા વ્યવહારમોક્ષમાર્ગી (સવિકલ્પ) જીવને...' જુઓ! 'નિઃશંકતા-નિઃકાંક્ષા-નિર્વિચિકિત્સાદિ ભાવરૂપ...' વિકલ્પ વિકલ્પ વ્યવહાર. 'સ્વાધ્યાય-વિનયાદિ ભાવરૂપ...' વિકલ્પ સ્વાધ્યાય આદિ, ગુરુનો વિનય આદિ. 'અને નિરતિચાર વ્રતાદિ ભાવરૂપ...' આ શુભવિકલ્પની વાત છે. એમાં 'નિરતિચાર વ્રતાદિ ભાવરૂપ વ્યાપાર ભૂમિકાનુસાર હોય છે તથા કોઈ કારણે ઉપાદેય ભાવોનો (—વ્યવહારે ગ્રાહ્ય ભાવોનો) ત્યાગ થઈ જતાં...' અતિચાર લાગવાથી. વ્યવહારમાં અતિચાર લાગવાથી, વ્યવહારમાં દોષ લાગવાથી 'અને ત્યાગ ભાવોનું ઉપાદાન અર્થાત્ ગ્રહણ થઈ જતાં...' શુભનો ત્યાગ અને અશુભભાવ આવી જતાં 'તેના પ્રતિકારરૂપે પ્રાયશ્ચિત્તાદિ વિધાન પણ હોય છે.' વ્યવહારમાં.

મુમુક્ષુ :— આનો અર્થ તો એમ થયો કે વ્યવહાર નિઃશંકાદિ...

ઉત્તર :— પણ હોય જ છે. એમાં વ્યવહાર વિવેક ન હોય તો વ્યવહાર પણ સાચો નથી. સમજાણું કાંઈ? નિશ્ચયમાં તો વિકલ્પનો ત્યાગ જ છે પણ વ્યવહારમાં એ ભૂમિકાને યોગ્ય નવ તત્ત્વની શ્રદ્ધા (હોય), વિપરીત શ્રદ્ધા નહિ. એક દ્રવ્ય છે ને ફલાણું દ્રવ્ય છે ને એકાંત વેદાંત કહે છે એમ નહિ. સમજાણું કાંઈ? એક જ આત્મા છે એવું નહિ. નવ તત્ત્વ છે. નવ તત્ત્વથી વિરુદ્ધનો ત્યાગ, અવિરુદ્ધનું ગ્રહણ. નવ તત્ત્વના યથાર્થ જ્ઞાનનો આદર, વિપરીત જ્ઞાનનો ત્યાગ, પંચ મહાવ્રતનું ગ્રહણ, એનાથી (વિરુદ્ધ) અશુદ્ધભાવનો ત્યાગ. એમાં પણ દોષ લાગી જાય—શુભભાવમાં, ત્યાગનું ગ્રહણ થઈ જાય અને ગ્રહણનો ત્યાગ થઈ જાય શુભમાં તો પ્રાયશ્ચિત લેવાનો વિકલ્પ વ્યવહારમાં આવે છે. આ બધા વિકલ્પ વ્યવહારમાં આવે છે. સમજાણું કાંઈ? લ્યો,

**'કોઈ કારણે ગ્રાહ્યનો ત્યાગ થઈ જતાં અને ત્યાજ્યનું ગ્રહણ થઈ જતાં તેના પ્રતિવિધાનનો અભિપ્રાય કરતો થકો,...'** બસ, એનું પ્રાયશ્ચિત્ત લેતો થકો. ત્યાં સુધી વ્યવહાર આવ્યો. હવે પછી નિશ્ચય કહે છે, હવે આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧૫, રવિવાર, તા. ૨૩.૮.૧૯૬૪**
**ગાથા-૧૬૧. પ્રવચન-૯**

આજનો દિવસ શ્રાવણ સુદ-૧૫ છેને. અકંપાચાર્યને ઉપસર્ગ થયો હતો. એમાં કોઈનો પ્રશ્ન હતો કે આ વિષ્ણુકુમારે કઈ રીતે આવું કર્યું? વિષ્ણુકુમાર તો મુનિ હતા તો આવું કેમ કર્યું? ભેખ બદલ્યો, બ્રાહ્મણનો ભેખ લીધો અને કપટ કર્યું કે આવી મારી જમીન મને આપો. તો એ વખતે મુનિનો એવો ઉપસર્ગ જોઈને પોતાની પર્યાયની યોગ્યતાથી એવો વિકલ્પ આવ્યો. મુનિપણું ન રહ્યું. સમજાણું કાંઈ? ૭૦૦ મુનિનું બહુ દુઃખ જોઈને એમને વિકલ્પ આવ્યો કે અહો! આ મુનિને આટલો ઉપસર્ગ છે, મારી પાસે વિદ્યા છે તો હું એમને મુક્ત કરું. એવો વિકલ્પ છઠ્ઠી ભૂમિકામાં મુનિને ન આવી શકે. મુનિપણું તો એમનાથી છૂટી ગયું. સમ્યગ્દર્શન રહી ગયું. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સ્વરૂપાચરણ રહેવામાં કોઈ બાધા નથી. પણ મુનિપણામાં આવું (ન હોઈ શકે). પણ આવો ઉપસર્ગ જોઈને શાસ્ત્રકાર પણ એની પ્રશંસા અનુમોદના કરે છે. પણ એ છળ જોઈને બીજા મુનિઓએ એમ કરવું ઉચિત નથી, ઉચિત નથી. સમજાણું કાંઈ? અને એવું બની જાય છે. એ કંઈ વિકલ્પ આવ્યો માટે બન્યું, એ તો જરી સમજવાની વાત છે. ત્યાં એવો ઉપસર્ગ મટવાનો સ્વકાળ જ પરમાણુમાં હતો, એવી યોગ્યતા હતી તો આ વિષ્ણુકુમાર મુનિ એમાં નિમિત્ત થઈ ગયા. તેમનાથી ત્યાં થયું એમ કહેવું એ વ્યવહારનયનું કથન છે. શાસ્ત્રની ઘણી વાતો સમજવી લોકોમાં એવી અટપટી થઈ ગઈ કે લ્યો, એમનાથી એવું થયું. એમ નથી. મુનિ છે. મુનિપણું રહ્યું નહિ. મુનિ તો વીતરાગી મુનિ હોય. કોઈને દુઃખ દેવું કે આવું કપટ કરીને વામન રૂપ ધારણ કરવું એવું મુનિને હોતું નથી.

વીતરાગી મહામુનિ, ત્રણ કષાયનો અભાવ છે. ઓહો..! અનંતી શાંતિમાં ઝુલે છે. મહાન સંત પદવી ચારિત્ર પદવી છે તો અનંત આનંદમાં આમ ઝુલે છે. શાંત.. શાંત.. શાંત.. અકષાય સ્વભાવમાં એટલા લીન થઈ ગયા, વીતરાગદશા પ્રગટ થઈ છે. સંજ્વલનનો જરી થોડો વિકલ્પ-દોષ છે પ્રમત્તનો પણ અંદરમાં ત્રણ કષાયના અભાવમાં આત્મરસમાં તરબોળ પડ્યા છે. તરબોળ સમજો છો? તરબોળ એટલે શું? જેમ પુરણપોળી બનાવે ને, ઘીમાં નાખીને આમ ઉપાડે. એમ મુનિ તો વીતરાગરસમાં, દુનિયામાં શું થાય છે અને શું થાય, એની કંઈ પડી નથી. અંતરમાં પોતાની અકષાયની શાંતિ વેદે છે—અનુભવે છે. એમાં આવો કોઈ પ્રકાર આવી ગયો તો મુનિપણું ત્યાંથી ખસી ગયું. પણ વ્યવહારમાં પ્રશંસા કરવામાં આવે કે ઓહો..! વિષ્ણુકુમારે આમ કર્યું અને બચી ગયા. એ તો એમનો શાતાનો ઉદય હતો અને આવું નિમિત્ત આવી ગયું. તો નિમિત્તથી થયું છે એમ વાત નથી. એવી વાત કથા તો બધા જાણે છે. આજના દિવસે અકંપનાચાર્યને દુઃખ થયું અને મુનિને કહી દીધું કે કોઈએ (વાદવિવાદ) ન

કરવું. એ પણ એક વ્યવહારની શૈલી છે. સમજાણું કાંઈ? કોઈએ વિવાદ નહિ કરવો. નહિતર સંઘ ઉપર આજે મોટો ઉપદ્રવ છે. એ તો એમને ખબર નહોતી? કે ઉપદ્રવ આવવાનો છે. પણ જ્યારે એવો વિકલ્પ આવે છે તો મુનિને કહ્યું કે કોઈએ વાદવિવાદ નહિ કરવો. આજે સંઘ ઉપર વિરોધ છે, ઉપદ્રવનું કારણ છે. આવા વિકલ્પની સ્થિતિ છે. બની ગયું, જાણે છે વિકલ્પને. આવ્યો અને બહારમાં જેમ બનવાનું હશે તેમ થશે. અમારા કર્તવ્યથી બહારમાં કંઈ થાય છે (એમ નથી). બહારને કારણે અમને વિકલ્પ આવ્યો એમ પણ નથી. આમ બનવાનું હતું તો અમને વિકલ્પ આવ્યો તો ઈ કર્તા અને આ વિકલ્પ કાર્ય થાય છે, એમ પણ નથી. પોતાની નબળાઈથી એવો વિકલ્પ આવ્યો, મુનિને શુભભાવ આવ્યો. પણ એ દશામાં મુનિની એવી લાયકાત નથી. પછી પ્રાયશ્ચિત્ત લઈને મુનિ થઈ ગયા. પછી તો આરાધકમરણ થઈ ગયું.

મુનિ જ્યાં સુધી પ્રમત્ત અવસ્થામાં છે ત્યાં સુધીની દશા અહીંયાં ચાલે છે. પછી અપ્રમત્તદશા આવે છે. જુઓ! આપણે પરમ દિ' પ્રમત્ત સુધીની વાત આવી. જુઓ! એકસો ને... ગાથા કઈ છે? ૧૬૧. મુનિ છે એને આત્મજ્ઞાન તો અંતરથી થયું છે. ૨૩૮ પાનું. અંતરમાં શુદ્ધ નિર્વિકલ્પ અનુભવ (તો થયો છે). પહેલા અનાદિથી મિથ્યાત્વનો નાશ થઈને પોતાના નિર્વિકલ્પ આનંદના રસની મીઠાશનો સ્વાદ આવી ગયો. એ તો સમ્યગ્દર્શનની ભૂમિકામાં હોય છે. સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાનમાં પોતાનું આનંદસ્વરૂપ નિત્યાનંદ પ્રભુ, બુદ્ધિપૂર્વક રાગથી ખસીને શુદ્ધ ચૈતન્યની સત્તાનું જ્ઞાનચેતનાનું ભાન, જ્ઞાનમાં જ્ઞાનની વેદનની દશા ચોથા ગુણસ્થાનથી શરૂ થઈ જાય છે. પછી આગળ વધીને મુનિ થયા તો ત્રણ કષાયનો અભાવ છે અને છઠ્ઠા ગુણસ્થાનની દશામાં શું છે એ વાત અહીંયાં ચાલે છે.

એમાં વ્યવહારથી જે ગ્રહણ કરવાલાયક વ્યવહારશ્રદ્ધા, આચારાંગ આદિનું વ્યવહારજ્ઞાન અને રાગની મંદતાના પંચ મહાવ્રતાદિ પરિણામ, એને ગ્રહણ કર્યા એમ વ્યવહારથી કહેવામાં આવે છે. વ્યવહારને ગ્રહ્યો. અને એનાથી વિરુદ્ધનો ત્યાગ કર્યો. એનો વિરુદ્ધ (એટલે) કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા, જ્ઞાન અને તીવ્ર રાગનો ત્યાગ. શુભરાગનું ગ્રહણ એવું છઠ્ઠા ગુણસ્થાનમાં પ્રમત્તદશાની ભૂમિમાં એવા શુભ વિકલ્પને ગ્રહણ કર્યો એમ કહ્યું, વ્યવહારને ગ્રહણ કર્યો, વ્યવહારરત્નત્રયને. ગ્રાહ્ય. રાગ તો ગ્રાહ્ય નથીને. આવ્યું કે નહિ એમાં? સમજાણું કાંઈ? ગ્રહણ અર્થે અને '**વિવિક્ત ભાવરૂપ વ્યાપાર કરતો થકો,...**' પરમ દિ' આવી ગયું છે. ત્યાગ અર્થે અને ગ્રહણ અર્થે, બે શબ્દ આવ્યા હતા અંદર. ૨૩૭ પાને.

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તો પોતાની દશામાં છે. એ ઉપરાંત... ૨૩૭માં આવી ગયું હતું. તત્ત્વાર્થ અશ્રદ્ધાનનો, અંગપૂર્વગત અજ્ઞાનનો અને અતપ ચેષ્ટાનો ત્યાગ. એના ત્યાગ હેતુ અને ધર્માદિ આદિ શ્રદ્ધાન, અંગપૂર્વ જ્ઞાન અને તપમાં ચેષ્ટાના ગ્રહણ અર્થે. ત્યાગ-ગ્રહણ થઈ ગયો. આવું છઠ્ઠા ગુણસ્થાનમાં વિકલ્પમાં શુભનું ગ્રહણ અને અશુભનો ત્યાગ

એવી ભૂમિકા પ્રમત્તદશામાં વર્તે છે. કથનશૈલી શું કહે? ગ્રાહ્ય નામ શુભરાગ આવ્યો એને અહીંયાં ગ્રાહ્ય કહ્યું. અને અશુભરાગ છૂટી ગયો એને અહીંયાં ત્યાગ કહ્યું. આહાહા..!

મુમુક્ષુ :— વ્યવહારમોક્ષમાર્ગને સાધ્ય તરીકે..

ઉત્તર :— એ સાધન નિમિત્ત તરીકે, નિમિત્ત તરીકે. સાધન તરીકે. વ્યવહારમોક્ષનું સાધ્ય છે નિશ્ચય અને નિશ્ચયમોક્ષનું સાધન છે વ્યવહારમોક્ષમાર્ગ. વ્યવહારનયથી સાધન છે. નિશ્ચયથી સાધન નથી. ઈ આગળ આવશે. કર્તા, કર્મ, કરણ ઈ આગળ ગાથામાં આવશે. ૧૬૨માં આવશે. ૧૬૨માં કર્તા, કર્મ, કરણના અભેદને કારણે પોતાનો આત્મા.. છે? ૨૪૦ પાનું, છેલ્લી લીટી, છેલ્લી લીટી. પોતાનો જ આત્મા પોતાના સ્વભાવનો કર્તા થઈને પોતાના જ સ્વભાવનું સાધન થઈને અને પોતાના સ્વભાવનું જ કાર્ય કરતો થકો અભેદથી પોતાના અનુભવમાં આત્મા કરે છે. સમજાણું કાંઈ? પણ જ્યાં સુધી સાતમી ભૂમિકા થઈ નથી, નિર્વિકલ્પ સપ્તમ ગુણસ્થાનને યોગ્ય નિશ્ચય મોક્ષમાર્ગ નથી થયો તો છઠ્ઠા ગુણસ્થાનમાં આવો વ્યવહારનું ગ્રાહ્ય અને અવ્યવહાર નામ એનાથી વિરુદ્ધનો ત્યાગ. એવો વિકલ્પ આવે છે એમાં પણ ત્યાગનું ગ્રહણ થઈ જવાથી... છેને? અને ગ્રાહ્યનો ત્યાગ થઈ જતાં. ૨૩૮ પાને પહેલી લીટી.

'**ગ્રાહ્યનો ત્યાગ થઈ જતાં...**' જે પંચ મહાવ્રત વ્યવહારશ્રદ્ધાથી વિરુદ્ધનો ત્યાગ કર્યો છે. '**ગ્રાહ્યનો ત્યાગ થઈ જતાં...**' વ્યવહાર જે ગ્રહ્યો છે એથી રાગ જરી મંદ થયો હતો, એ તીવ્ર થઈ ગયો અને '**ત્યાજ્યનું ગ્રહણ...**' અશુભ ત્યાજ્ય છે એનું અશુભનું જરી ગ્રહણ થઈ ગયું. ભારે. સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયમાં વ્યવહારરત્નત્રયને ગ્રહ્યો, એનાથી વિરુદ્ધનો ત્યાગ કર્યો. હવે ગ્રાહ્યમાં જરી દોષ લાગ્યો તો ગ્રાહ્યનો થોડો ત્યાગ થયો અને અગ્રાહ્ય જે અશુભ અગ્રાહ્ય છે—ત્યાજ્ય છે, એનું થોડું ગ્રહણ થઈ ગયું. એવો રાગભાવ આવ્યો. કહે છે કે, ક્રમબદ્ધમાં આવું કેવું? ભઈ, સાંભળ તો ખરો. આવે છે એની વાત છે અહીંયાં. નવરંગભાઈ! એક કોર વળી ક્રમબદ્ધ તો હમણા આવી ગયું. વળી આ ક્યાંથી આવ્યું?

'**ગ્રાહ્યનો ત્યાગ થઈ જતાં અને ત્યાજ્યનું ગ્રહણ થઈ જતાં તેના પ્રતિવિધાનનો અભિપ્રાય કરતો થકો,...**' જુઓ! એનો છેદ કરવાનો વિકલ્પ કરતો થકો કે આવો અશુભભાવ આવી ગયો. એમ ન હોય. શુભભાવ મંદ થઈ ગયો, છૂટી ગયો એમ ન હોય એવું પ્રતિવિધાન પ્રાયશ્ચિત્તનો વિકલ્પ એ ભૂમિકામાં છઠ્ઠા ગુણસ્થાનમાં આવે છે. વ્યવહારની કથની એવી છે. નિશ્ચય સમજ્યા વિના એમાં ઘુસી જાય કે વિકલ્પ વ્યવહારથી ગ્રાહ્ય છે, વ્યવહારથી ગ્રાહ્ય છે. નિશ્ચયથી તો વ્યવહારની હેયબુદ્ધિ છે. વ્યવહારરત્નત્રયની પણ સમ્યગ્દૃષ્ટિને અંદર હેયબુદ્ધિ છે, પણ વ્યવહારમાં વિવેક કરાવ્યો. વ્યવહારશ્રદ્ધાન, વ્યવહારજ્ઞાન અને વ્યવહાર પંચ મહાવ્રતના પરિણામ ગ્રહ્યા, એનાથી વિરુદ્ધનો ત્યાગ કર્યો. સમજાણું કાંઈ?

'**પ્રતિવિધાનનો અભિપ્રાય...**' અભિપ્રાય શબ્દે વિકલ્પ '**કરતો થકો,...**' કરતો થકો. ભાષા જુઓને. એક કોર કહે કે, જ્ઞાની રાગને કરતો નથી. સમજાણું કાંઈ? અહીંયાં કહે

કે એવો વિકલ્પ કરતો થકો, દોષ લાગ્યો એનો પ્રાયશ્ચિત્ત કરતો થકો. ભાઈ! વ્યવહારથી શું કહે? પરિણમનમાં એમ આવે છેને. તો પરિણમે છે તો કર્તા થયો એમ કહેવામાં આવ્યું છે. વિકલ્પનું એવું પરિણમન છે કે નહિ? ઓહોહો..! સમજાણું કાંઈ? મિત્રસેનજી! વ્યવહાર-નિશ્ચયમાં બહુ ઝઘડા છે. વ્યવહાર-નિશ્ચયનો ઝઘડો નીકળી ગયો. અહીંયાં એવી બધી વાત છે, લ્યો. સમજાણું કાંઈ? અને જ્યારે આટલા વિકલ્પમાં વર્તતો હતો ત્યાં સુધી એ વિકલ્પને વ્યવહારસાધન કહ્યું અને સપ્તમ ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ મોક્ષમાર્ગને સાધ્ય કહ્યું. ભિન્નસાધ્યસાધન, ભિન્નસાધ્યસાધન. સાધ્ય પણ નિર્મળ છે, સાધન રાગ છે તો એ ભિન્ન સાધ્યસાધન થઈ ગયું. સમજાણું કાંઈ?

હવે, જુઓ! આ શબ્દ બહુ મહત્ત્વનો છે. આ લોકો અત્યારે કહે છેને, સાતમે નિશ્ચય ન હોય, નિશ્ચય તો બારમે હોય કે પૂર્વે હોય, લ્યોને. અહીં તો ક્ષપકશ્રેણીથી આગળ બારમે જાય તો પાછો ન પડે. અને અહીં તો કહે છે કે, પડી જાય એમ કહેશે. છઠ્ઠા ગુણસ્થાનમાં જે આત્મશાંતિ સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક વેદાય છે એમાં જે વિકલ્પના ત્યાગ-ગ્રહણનો ભાવ આવ્યો એ છૂટી ગયો. અંતર અનુભવમાં જ્યારે ગયો, નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ સપ્તમ ગુણસ્થાન નિશ્ચય મોક્ષમાર્ગની ભૂમિકાને યોગ્ય જે આવ્યો તો **'જે કાળે...'** જે સમયે **'અને જેટલા કાળ...'** જે સમયે અને જેટલો કાળ. જેટલો કાળ ત્યાં સપ્તમ ગુણસ્થાનમાં રહેવાનો કાળ છે એ કાળ, એ કાળમાં. તેટલા **'કાળ સુધી વિશિષ્ટ ભાવનાસૌષ્ઠવને લીધે...'** ખાસ વિશિષ્ટ સારી નિર્મળ શુદ્ધભાવના. ભાવના શબ્દે એકાગ્રતા. સપ્તમ ગુણસ્થાનયોગ્ય એકાગ્રતા થઈ ગઈ. છઠ્ઠે ગુણસ્થાને જ્યારે એ ભિન્નસાધ્યસાધનમાં વર્તતો ત્યારે તો એની ભૂમિકાની વાત કરી. (તેને) ઓળંગીને, ઓળંગીને, કષાયના કણને ઓળંગીને. ઈ પ્રવચનસારમાં આવે છે. સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રય કષાયનો કણ છે. પંડિતજી! કષાયનો કણ. અગિયારમી ગાથામાં પ્રવચનસારમાં (આવે છે). એ કણને ઓળંગીને શુદ્ધ સામ્ય શુદ્ધ ઉપયોગ ચારિત્રને હું અંગીકાર કરું છું. એમ કુંદકુંદાચાર્યે ત્યાં પહેલા પ્રવચનસારમાં કહ્યું. એ વાત અહીંયાં કહે છે. સમજાણું કાંઈ?

**'જે કાળે...'** જે સમયે. જે કાળે એટલે જે સમયે. **'જેટલા કાળ...'** તે સમયે જેટલો કાળ છે તેટલો (કાળ). જુઓ, જે કાળે એમ આવ્યું છે. સપ્તમ થવા યોગ્ય કાળમાં જેટલો કાળ તેમાં રહ્યો, **'વિશિષ્ટ ભાવનાસૌષ્ઠવને...'** સૌષ્ઠવ નામ વિશેષ સારી ભાવના, વિશેષ શુદ્ધ ભાવના, વિશેષ પ્રકારની ઉત્તમ ભાવના. એકાગ્ર હોં! ભાવના શબ્દે વિકલ્પ નહિ. ભાવના શબ્દે વિકલ્પ નહિ, સ્વરૂપમાં સ્થિરતા થઈ ગઈ, જમાવટ થઈ ગઈ. આખો ચૈતન્યગોળો મુનિને ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું આવે છે તો સાતમે આખો ગોળો ભિન્ન થઈ ગયો. હું અનુભવ કરું છું એવો વિકલ્પ પણ ત્યાં નથી. હું મુનિ છું એવો પણ વિકલ્પ નથી. સમજાણું કાંઈ? જેમ ચોથા ગુણસ્થાનમાં પ્રથમ અનુભવના કાળમાં હું અનુભવ કરું છું, હું આનંદ લઉં છું

એવો પણ વિકલ્પ નથી.

મુમુક્ષુ :— એને ઓળંગી ગયા.

ઉત્તર :— હા, બુદ્ધિપૂર્વકનો ચોથે ઓળંગી ગયા. અહીંયાં પણ બુદ્ધિપૂર્વક છઠ્ઠે જે સંજ્વલનનો હતો, સંજ્વલનનો હતો એને ઓળંગી ગયા અને અંદર ભાવના શુદ્ધ શુદ્ધ શુદ્ધ ચૈતન્યની ભીંત પકડીને એટલો એકાકાર લીન થઈ ગયા.

'**સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર...**' જુઓ ભાષા!

મુમુક્ષુ :— ઓલું વિભાવભૂત હતું.

ઉત્તર :— ઈ વિભાવભૂત. વ્યવહારરત્નત્રય એ સ્વપરપ્રત્યય વિકલ્પ છે. આહા..! આટલી તો સ્પષ્ટ વાત છે. હવે સ્વપરપ્રત્યય મોક્ષમાર્ગ ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે લેવો... શું છે? શું થઈ ગયું પંચમકાળમાં? પંડિતજી! સ્વપરપ્રત્યય છેને વ્યવહારરત્નત્રય, સ્વપરપ્રત્યય. એ આવી ગયું અને હમણાં આવશે. સ્વપરપ્રત્યય વિકલ્પ છે. પોતાના અશુદ્ધ ઉપાદાનમાં નિમિત્તના લક્ષે વિકલ્પ—શુભરાગ ઉત્પન્ન થાય છે એને વ્યવહારરત્નત્રય કહેવામાં આવે છે અને નિશ્ચયરત્નત્રય એ ખરો મોક્ષમાર્ગ છે. વ્યવહારરત્નત્રય નિમિત્તને ઉપચારથી વ્યવહારમોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. છે નહિ એને કહેવામાં આવ્યો છે. આ જુઓ આ. '**સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર...**' સ્વભાવરત્નત્રય આવ્યું. છઠ્ઠે સમ્યગ્દર્શન-જ્ઞાન હતું અને સ્વરૂપની સ્થિરતા પણ એ ભૂમિકાને યોગ્ય હતી અને વિશેષ વધીને '**સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર...**' જેવો પોતાનો સ્વભાવ નિર્મળ શુદ્ધ છે એવી સ્વભાવભૂત પર્યાય નિર્વિકલ્પ વેદન, આનંદના વેદનની પ્રતીત, જ્ઞાન અને રમણતા આવી ગઈ. એવી સ્વભાવભૂત—જેવો દ્રવ્ય-ગુણમાં સ્વભાવ હતો એવી પર્યાયમાં વીતરાગી પર્યાય સ્વભાવભૂત દર્શન, જ્ઞાન, ચારિત્રની થઈ તો '**સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાથે...**' સમજાણું કાંઈ?

'**અંગ-અંગીભાવે પરિણતિ વડે...**' અંગ-અંગીભાવે પરિણતિ વડે. અંગી આત્મા.. જુઓ, નીચે છે. આત્મા તે અંગી અને સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે અંગ—અવયવ છે. આત્મા અવયવી—અંગી અને નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તેના અંગ નામ અવયવ છે. સમજાણું કાંઈ? આ વળી અવયવ હશે મોક્ષમાર્ગમાં? શરીરમાં તો અવયવ હોય, આ હાથ ને આમ... સમજાણું કાંઈ? કાલે સમજાવતા હતા. કાલે ... અવયવ-અવયવી ધરમચંદભાઈ છોકરાઓને (સમજાવતા હતા). એમાં મોટા પણ હતા. છેને? ઈ લેતા હતા. આત્મા દ્રવ્ય છે, એનું જ્ઞાન એક અંગ છે. અંગ છે, અંશ છે. અને જ્ઞાન જ્યારે અંશી છે ત્યારે પાંચ પર્યાય એના અંશ છે. પાંચ પર્યાયમાં જ્યારે કેવળજ્ઞાન અંશી છે તો મતિજ્ઞાન એનો અંશ છે. સમજાણું કાંઈ? ત્રીજો ક્લાસ છેને? ક્યો ક્લાસ છે ધરમચંદભાઈનો? પ્રથમ, પ્રથમ. ઈ સારું સમજાવતા હતા. કોણ છે એમાં? સભામાં છે કે નહિ એમાં બેસનારા? વિદ્યાર્થી. એમણે શું કહ્યું? ઠીક કહેતા હતા. આત્મા એ અંગી છે—અવયવી છે અને એનો એક જ્ઞાનગુણ જુદો

પાડીને લ્યો તો એનો અવયવ છે, અંગ છે.

એમ આત્મા અંગી છે અને શ્રદ્ધાગુણ એનું એક અંગ નામ અવયવ છે. એમ ભગવાન આત્મા અંગી છે તો ચારિત્રગુણ એનો એક અવયવ—અંગ છે. ગુણ તરીકે હોં! પછી જ્યારે જ્યારે પર્યાય પ્રગટ થઈ તો એ ગુણ શ્રદ્ધાગુણની જે પર્યાય પ્રગટ થઈ એ એક ગુણનો અવયવ—અંશ છે. સમજાણું કે નહિ? લ્યો, એલ.એલ.બી.વાળાને જરી વિચાર કરવો પડે. અહીંયાં ત્રણ બોલ લીધા ને? એ ત્રણને અંગ કહ્યા અને આત્માને અંગી કહ્યું. સમજાણું કાંઈ? કેમકે એક સમ્યગ્દર્શનની પર્યાય એ ગુણનો એક અંશ છે, સમ્યક્જ્ઞાનની પર્યાય એ પોતાના ગુણનો એક અંશ છે. સમ્યક્ચારિત્રની પર્યાય ગુણનો એક અંશ છે. ત્રણે અંશ મળીને એક મોક્ષમાર્ગ થાય છે. એ મોક્ષમાર્ગ ત્રણે અંગ છે, આત્મા અંગી છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ઉત્તમવાળાને તો આવડેને.

ઉત્તર :— અમારા ભાઈસાહેબે કહ્યું કે ઉત્તમવાળાને તો આવડતું હશે. સમજાણું કાંઈ? ધરમચંદજી!

ભગવાન આત્મા વસ્તુ છેને વસ્તુ તો એક એક ગુણ એનું અંગ કહો, અવયવ કહો, અંશ કહો. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક પદાર્થ—અંગી—વસ્તુ—અવયવી છે તો એમાં અનંત ગુણ છે એ એના અવયવ છે. શરીર અંગી તો આ એના અવયવ છે. હાથ, પગ, આંગળી અવયવ છે. પણ આ અવયવની જુદી વાત છે હોં! ભિન્ન ભિન્ન રહે છે. આ તો દૃષ્ટાંત દેવું છે. આત્મા એક સમયમાં અનંત ગુણનો પિંડ વસ્તુ એ અંગી છે, અવયવી છે અને એના અનંત ગુણ એના અવયવ છે, અંશ છે, ભાગ છે. ત્રણે શબ્દો એકાર્થમાં છે. સમજાણું કાંઈ? વસ્તુની અપેક્ષાથી શ્રદ્ધાગુણ જે અવયવ કહ્યો એની સમ્યગ્દર્શન પર્યાય પ્રગટ થઈ તે ગુણનો એક અવયવ છે. ગુણનો એક અંશ છે. સમજાણું કાંઈ?

એમ જ્ઞાન જે પ્રગટ સમ્યક્ વેદન થયું, સ્વભાવભૂત સમ્યક્જ્ઞાન એ પણ જ્ઞાનગુણનો એક અવયવ છે, અંશ છે. ગુણ તો ત્રિકાળી છે. અને ચારિત્રગુણ જે આત્મામાં ત્રિકાળી છે એને અંશી કહો તો એની નિર્મળ પર્યાય નિર્વિકાર આ સ્વભાવભૂત ચારિત્ર થયું તે એ ગુણનો એક અવયવ—અંશ છે. સમજાણું કાંઈ? આહાહા..! લ્યો. વળી પૂર્ણ કેવળજ્ઞાનપર્યાય જ્યારે પ્રગટી તો એ તો અવયવી પ્રગટ્યો, અંશની અપેક્ષાએ અવયવી. અને એના મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન અવયવીના અવયવ છે. પૂર્ણનો એ અવયવ એક ભાગ છે. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે ભગવાન આત્મા પોતાના સ્વભાવમાંથી સમ્યગ્દર્શન અને જ્ઞાન તો પહેલા પ્રગટ કર્યા છે અને છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય પણ ચારિત્રની શુદ્ધ પરિણતિ છે. પણ એ પ્રમત્તનો વિકલ્પ, ગ્રાહ્ય-ત્યાગનો વિકલ્પ જે ઉઠતો હતો એને ઓળંગીને સ્વભાવમાં આ ત્રણે અંગ જે છે એ અંગી આત્મા સાથે અભેદ થઈ ગયા. સમજાણું કાંઈ? દેવીલાલજી!

'**ભાવનાસૌષ્ઠવને લીધે...**' હોં પાછું. શું કહ્યું? ખૂબી શું કહી છે? સંજ્વલનનો મંદ ઉદય થઈ ગયો તો ત્યાં સપ્તમ ગુણસ્થાન આવ્યું. ભાઈ! એ લીધું. શું કહે છે? કે છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય પ્રમત્તભાવ વિકલ્પ હતો ત્યાં સંજ્વલનની તીવ્રતા હતી. તો મંદ થઈ ગયો ત્યાં સપ્તમ ગુણસ્થાન આવ્યું એમ નથી. ચારિત્રમોહ મંદ પડ્યો માટે આવ્યું એમ નથી. તેથી કહ્યું, '**વિશિષ્ટ ભાવનાસૌષ્ઠવને લીધે...**' આ કારણ આપ્યું છે. સમજાણું કાંઈ? છઠ્ઠા ગુણસ્થાનમાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પરિણતિ છે એમાં જે વિકલ્પ ગ્રાહ્ય-ત્યાગનો હતો તે ભાવના કરીને છૂટી ગયો. પોતાની શુદ્ધ ભાવનાનો પ્રયત્ન કરતાં તે છૂટી ગયો. અને પોતે અંગ-અંગીરૂપે પરિણમી ગયો. પોતાની શુદ્ધ ભાવના એકાકારના પુરુષાર્થને કારણે થયો છે. ત્યાં સંજ્વલન મંદ હતો માટે સપ્તમ આવ્યું, તીવ્ર હતો માટે છઠ્ઠું આવ્યું એવી અહીંયાં નિમિત્તની વાત નથી. સમજાણું કાંઈ?

તો કહે છે કે વિશિષ્ઠ નામ ખાસ ભાવનાસૌષ્ઠવ. શુદ્ધ, શુદ્ધ ખાસ ભાવના શુદ્ધને લીધે સ્વભાવભૂત સમ્યગ્દર્શન, ચારિત્ર. એ સાતમાનું ચારિત્ર આવ્યું તે પોતાની શુદ્ધ ભાવનાની એકાકારતાથી આવ્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— વ્યય થઈ ગઈ. એ વ્યય થઈ ગઈ. એ તો ઠીક, પણ કર્મ મંદ પડ્યા માટે અહીંયાં સાતમું આવ્યું એમ નથી. પોતાની સૌષ્ઠવભાવના—વિશિષ્ટ—ખાસ ભાવના. છઠ્ઠા ગુણસ્થાનમાં જે ચારિત્રની પર્યાય હતી તેનાથી ખાસ વિશિષ્ટ શુદ્ધ પર્યાયની ભાવના થઈ ગઈ. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :— ...મંદતાથી નહિ.

ઉત્તર :— મંદતાથી નહિ. પોતાના પુરુષાર્થની ઉગ્રતાથી સાતમા ગુણસ્થાનને યોગ્ય જ્યારે વિશિષ્ઠ સૌષ્ઠવ ભાવના થઈ તો અંગ-અંગી એક થઈ ગયા. જે ત્રણે પર્યાયમાં ભેદરૂપ વિકલ્પ પહેલા હતો એ છૂટી ગયો અને સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સાથે. જુઓ! અંગ-અંગી ભાવથી, અંગ નામ સમ્યગ્દર્શન-જ્ઞાન નિર્વિકલ્પ ત્રણે પર્યાય અને અંગી નામ ભગવાન શુદ્ધ પરમાત્મા પોતાનો સ્વભાવ, તેના અંગ-અંગી ભાવથી '**પરિણતિ વડે...**' પરિણમિત થઈ ગયો. નિર્વિકલ્પ અનુભવ ચારિત્રની ભૂમિકાને યોગ્ય થઈ ગયો. ચોથે, પાંચમે તો સમ્યગ્દર્શન-જ્ઞાન આદિમાં અમુક વખતે નિર્વિકલ્પ ઉપયોગ થતો હતો, આ તો એની ભૂમિકામાં ચારિત્રને યોગ્ય '**પરિણતિ વડે...**' પોતાની શુદ્ધ પરિણતિ વધી ગઈ. સપ્તમ ગુણસ્થાનમાં પોતાની એકાગ્રતામાં સ્વભાવ સન્મુખના ઉગ્ર પુરુષાર્થથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**અંગ-અંગીભાવે પરિણતિ વડે...**' જુઓ! પરિણિતિ વડે. પાછુ '**અંગ-અંગીભાવે પરિણતિ વડે તેમનાથી સમાહિત થઈને...**' સ્વભાવભૂત સમ્યગ્દર્શન-ચારિત્રથી સમાહિત થઈને. સમજાણું કાંઈ? એકવાર આવી રમત કરવી પડશે, ત્યારે મુક્તિ થશે, નહિતર મુક્તિ

નહિ થાય. કોઈને એમ લાગે કે આ વાત કેવી છે? આ વાત એવી છે. સમ્યગ્દર્શન, જ્ઞાન થયા પછી ચારિત્ર આવ્યા પછી પણ આવી ભૂમિકાની જમાવટ થયા વિના એની શ્રેણી મંડાય અને કેવળજ્ઞાન થાય એમ કદી બનતું નથી. સમજાણું કાંઈ? **'તેમનાથી સમાહિત થઈને...'** એ ત્રણે એક થયા તેનાથી સમાહિત થઈને. સમજાણું કાંઈ? પર્યાયની જરી અસ્થિરતા એ વિકલ્પમાં હતી એ પર્યાય અંદર એવી જામી ગઈ, તેનાથી સમાહિત (થઈને). આ સમાહિત સપ્તમ ગુણસ્થાનનું છે. સમજાણું કાંઈ? અને પહેલા જે આવ્યું હતું એ છઠ્ઠાનું હતું. ક્યાં આવ્યું હતું? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા સમાહિત થયેલો. પહેલા આવ્યું હતુંને? અંતરંગવાળો. ૧૬૦ ગાથા. **'સમાહિત અંતરંગવાળા જીવને...'** હિન્દીમાં ૨૩૫ પાને છેલ્લી લીટી. **'સમાહિત અંતરંગવાળા જીવને...'** એ છઠ્ઠા ગુણસ્થાનની વાત હતી.

મુમુક્ષુ :— શુદ્ધ પરિણતિ.

ઉત્તર :— શુદ્ધ પરિણતિ. અને જુઓ, એમાં આવ્યું ઈ. **'સ્વપરહેતુક પર્યાયને આશ્રિત,...'** છેને ચોથી લીટી ઉપર? સ્વપરહેતુક પર્યાય વ્યવહાર. સ્વપરહેતુક વિકલ્પ રાગ વ્યવહાર ચોથે, પાંચમે, છઠ્ઠે. અને આ એકલો સ્વભાવભૂત. સમજાણું કાંઈ? છે કે નહિ ધરમચંદજી? ક્યાં છે સ્વપરપ્રત્યય. ૧૬૦માં નીચેથી ઉપર ચોથી લીટી. હાથ ન આવે હાથ ઝટ. ચોથી લીટી ન મળી? **'આવો આ, સ્વપરહેતુક પર્યાયને આશ્રિત, ભિન્નસાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયે...'** ૧૬૦ ગાથામાં છે? સ્વપરપ્રત્યય તો કેટલા ઠેકાણે લીધું છે? એ વિકલ્પ જ્યારે છઠ્ઠા ગુણસ્થાને સ્વપરપ્રત્યયનો હતો, એ એકલા સ્વની ભાવના કરીને છૂટી ગયો. સ્વઆશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પરિણતિ તો હતી, વિશેષ સ્વઆશ્રયે પરિણતિ શુદ્ધ સપ્તમ ગુણસ્થાનને યોગ્ય શુદ્ધ ઉપયોગ જામી ગયો. સમજાણું કાંઈ?

**'તેમનાથી સમાહિત થઈને, ત્યાગગ્રહણના વિકલ્પથી શૂન્યપણાને લીધે...'** જુઓ! કહે છે કે સપ્તમ ગુણસ્થાનને યોગ્ય સમાધિ જામી ગઈ ત્યારે ત્યાગગ્રહણના વિકલ્પથી શૂન્ય (થયો થકો). ઈ પહેલા આવ્યું હતુંને? તીવ્ર રાગ વ્યવહારઅશ્રદ્ધાનનો ત્યાગ, વ્યવહારઅજ્ઞાનનો ત્યાગ, વ્યવહારઅતપનો ત્યાગ, વ્યવહારતપનું ગ્રહણ, વ્યવહારશ્રદ્ધાનું ગ્રહણ, વ્યવહારજ્ઞાનનું ગ્રહણ એવો જે વિકલ્પ છઠ્ઠે હતો, એ ત્યાગગ્રહણના વિકલ્પથી શૂન્ય થઈ ગયો. **'શૂન્યપણાને લીધે (ભેદાત્મક) ભાવરૂપ વ્યાપાર વિરામ પામવાથી...'** અહીંયાં પણ કારણ આપ્યું. પેલામાં સૌષ્ઠવ કારણથી ચઢ્યો તો અહીંયાં શું થયું? કે ત્યાગગ્રહણના વિકલ્પથી શૂન્યપણાને લીધે. વિકલ્પના ત્યાગ-ગ્રહણથી શૂન્ય. ભાવરૂપ વ્યાપાર—ભેદરૂપ વ્યાપાર. વ્યવહારનો ભેદ હતોને. પંચ મહાવ્રતના વ્યવહારશ્રદ્ધા, જ્ઞાન આદિ. ભેદરૂપ વ્યાપારથી વિરામ પામવાથી. વિરામ.. વિરામ.. વિરામ. વિરામ કહે છે? આ મીંડાને શું કહે છે તમારે? પૂર્ણવિરામ, પૂર્ણવિરામ, પૂર્ણવિરામ. પૂર્ણવિરામ થઈ ગયો. એટલો (એને) યોગ્ય, એને યોગ્ય પૂર્ણવિરામ થઈ ગયો.

સમજાણું કાંઈ? સપ્તમ ગુણસ્થાનને યોગ્ય અતીન્દ્રિય આનંદમાં મશગુલ શુદ્ધ ઉપયોગ થઈ ગયો. પછી અતીન્દ્રિય આનંદ અને શુદ્ધ ઉપયોગ બે ભિન્ન નથી. એકસાથે અતીન્દ્રિય આનંદ અને શુદ્ધ ઉપયોગ એકાકાર થઈ ગયો. સમજાણું કાંઈ?

'**(અર્થાત્ ભેદભાવરૂપ-ખંડભાવરૂપ વ્યાપાર અટકી જવાથી)...**' અટકી જવાથી નામ ઉત્પન્ન થયો નહિ. જે છઠ્ઠે ઉત્પન્ન હતો એ રોકાઈ ગયો એમ નહિ. ઉત્પન્ન થયો નહિ. સપ્તમને યોગ્ય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના સ્વભાવમાં જ્યાં સમાહિત થયો... જુઓ! આ સપ્તમ ગુણસ્થાન. આહાહા..! મુનિઓને આવું સપ્તમ હોય.

મુમુક્ષુ :— સાંભળવાથી આનંદ આવે છે તો કરવાથી શા માટે ન આવે?

ઉત્તર :— આવું સપ્તમ ગુણસ્થાન અને વિકલ્પ આવે તો છઠ્ઠું ગુણસ્થાન. ઓહોહો..! એ મુનિપદ, એ ચારિત્રપદ, પરમેશ્વરપદ. એ પરમેશ્વર પંચ પરમેષ્ઠીમાં સાધુ ઘુસી ગયા. સમજાણું કાંઈ? સાધુપદ ચારિત્રપદ ઓહો..! પંચમ ગુણસ્થાનવાળા સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પણ વધી ગયો. સ્વરૂપના અનુભવની દૃષ્ટિ ઉપરાંત શાંતિનો અંશ પણ વિશેષ થયો. પંચમ ગુણસ્થાનયોગ્ય શાંતિ. ચોથા ગુણસ્થાને સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પણ ગુણસ્થાન વધી ગયું. એની એટલી ઋદ્ધિ. ઋદ્ધિ શું એમાં? શાંતિનું કારણ તો સ્વભાવ હતો. જેટલી સ્વરૂપાચરણરૂપ શાંતિ પ્રગટ થઈ ગઈ છે ચોથા ગુણસ્થાનમાં સર્વાર્થસિદ્ધને, તેનાથી પંચમ ગુણસ્થાનમાં શ્રાવકને દર્શનપડિમાવાળાને... દર્શનપડિમા પંચમ ગુણસ્થાનમાં હોય છે, સમ્યગ્દર્શન ચોથે હોય છે. પણ દર્શનપડિમા પાંચમે હોય છે. તો ચોથા ગુણસ્થાન કરતાં શાંતિ વધી ગઈ. પંચમ ગુણસ્થાનની મહિમા કેટલી છે! સમજાણું કાંઈ? અને એમાંથી સાતમું આવ્યું, છઠ્ઠા પછી સાતમું આવ્યું, પછી આવેને? અહીં તો વ્યવહાર બતાવવો છેને. પહેલા છઠ્ઠાનો વ્યવહાર બતાવીને પીછે સાતમાનો નિશ્ચય બતાવે છે. નહિતર આવે છે તો પહેલા સાતમું. પહેલાની વાત નથી લીધી. છઠ્ઠે આમ થાય છે પછી સાતમું આવે છે એમ વાત લીધી. સમજાણું કાંઈ? ઘણો કાળ જેમાં રહેવાનું છે એ વાત કહે છે. પહેલા જ્યારે પંચમમાંથી, ચોથામાંથી સાતમે આવી ગયો એ વાત કહેવાની અહીંયાં જરૂર નથી. તરત ને તરત શ્રેણી ચડી જાય તો ખલાસ થઈ જાય. પણ જ્યારે વ્યવહાર રહે છે એને પણ છઠ્ઠું-સાતમું હજારો વાર આવે છે. પણ છતાં અહીંયાં લાંબો કાળ મુનિ પોતે અહીંયાં છેને. પંચમકાળના મુનિ છે અને શ્રેણી તો છે નહિ. સમજાણું કાંઈ? તો કહે છે, જ્યાં સાતમું આવે છે ત્યાં સમાહિત થઈ જાય છે. આહાહા..!

ભીક્ષા માટે ગયા હોય. આમ (નિર્વિકલ્પ) થઈ જાય. થોડો કાળ આમ રહી જાય તો બીજાને ખબર ન પડે. એમાં સાતમું આવી જાય. સમજાણું કાંઈ? આમ લે છેને, આમ. થંભી જાય. એક ક્ષણ એવા થંભી જાય કે સાતમી ભૂમિકા આવી જાય છે વચ્ચે. એને મુનિપણું કહે છે. આહાહા..! ચાલતા ચાલતા આમ ડગ ભરતા ભરતા, એક કોશ બે કોશ આમ ચાલતા ચાલતા સપ્તમ ગુણસ્થાન આવી જાય છે. સમાહિત.. સમાહિત.. સમાહિત..

આહાહા..! સમજાણું કાંઈ? અને છઠ્ઠે વિકલ્પ આવે છે. વિકલ્પ આવ્યો. ચાલતા હોય અને આમ થાય છે, આમ થાય છે. આહારની ક્રિયા ચાલે છે. છઠ્ઠે એવો વિકલ્પ આવ્યો અને સાતમે સમાહિત થઈ ગયા. સમજાણું કાંઈ? ઓહો..! ધન્ય જેના અવતાર! જન્મ સફળ! જેણે અવતાર લઈને ચારિત્રની પ્રાપ્તિ કરી અને આવી ભૂમિકા.. ઓહો..! ઈન્દ્રોને પૂજ્ય છે! અરે..! ગણધરોને પૂજ્ય છે!! ગણધરો પણ એને પંચ નવકારમાંથી એમને કાઢતા નથી. કાઢે છે? બે ઘડી પહેલા પણ સપ્તમ ગુણસ્થાને, છઠ્ઠા ગુણસ્થાને મુનિ આવ્યા હોય અને ગણધર તો ક્રોડો વર્ષ, અબજો વર્ષથી વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં ગણધર બિરાજે છે. ચાર જ્ઞાન ચૌદ પૂર્વની રચના તો અંતર્મુહૂર્તમાં કરી છે. ક્રોડો વર્ષથી છે. પણ અત્યારે મહાવિદેહક્ષેત્રમાં કોઈ મુનિ સાતમા ગુણસ્થાને આવ્યા હોય.... સમજાણું કાંઈ? જ્યારે અહીંયાં હતા પહેલા... ણમો લોએ સવ્વ સાહૂણં. વિકલ્પ આવે છે કે ણમો લોએ સવ્વ સાહૂણં. મારો નમસ્કાર સંતોના ચરણોમાં છે. આહાહા..! જેને ગણધરના નમસ્કાર પહોંચે એ પદ કેટલું મહત્તાવાળું છે! પંડિતજી! ગણધર. પંચમ કાળના ભાવલિંગી સંત છઠ્ઠે-સાતમે હોય તોપણ ત્યાં જ્યારે શાસ્ત્ર રચે છે તો ણમો લોએ સવ્વ સાહૂણં (નો ઉચ્ચાર કરે છે). છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પ આવ્યો. પણ બે ઘડી પહેલા મુનિ થાય છેને? અરે..! મુનિ બે ઘડી પહેલા થયા હોય, કોઈ સિદ્ધ અત્યારે થયા હોય, કોઈ અનંત કાળ પહેલા થયા, તો શું અનંત કાળ પહેલા થયા હોય એ સિદ્ધ મોટા થઈ ગયા? અનંત કાળ પહેલા થયેલા સિદ્ધ મોટા થઈ ગયા? અત્યારે થયા એ સિદ્ધ થોડા નાના છે? કેમ? સંપદા પૂર્ણ થઈ ગઈ છે. એમ કોઈ સાતમે-છઠ્ઠે ઘણી વાર આવતા હોય, એક ક્ષણ પહેલા ધ્યાન કરીને આનંદમાં મગ્ન થઈ ગયા,... ઓહો..! ધન્ય છે મુનિ તને!

અહીંયાં કહે છે, ભાવરૂપ વ્યાપાર અટકી જવાથી '**સુનિષ્કંપપણે**...' લ્યો, અકંપનાચાર્યના દિવસે સુનિષ્કંપ આવ્યું. એ તો વિચાર એમ આવ્યો, ભાઈ! પરિષહમાં અકંપ રહ્યાને, એટલે અકંપ નામ પણ થઈ ગયું હોય, નામ પણ અકંપ હોય. સમજાણું કાંઈ? નામ પણ એવું હોય, મેળ ખાઈ જાય. નામ એવું હોય અને અહીંયાં સ્થિર થઈ જાય. અકંપ થઈ જાય. આ તો સવારે એવો વિચાર આવી ગયો. અહીં આવ્યું, જુઓ! '**સુનિષ્કંપપણે રહે છે,...**' સપ્તમ ગુણસ્થાનમાં.. આહાહા..! સુનિષ્કંપ. વિકલ્પ નહિ. માથે આવ્યું હતું ને બધું? નિઃશંકતાદિ, નિઃકાંક્ષ આદિના ભાવરૂપ વિકલ્પ, સ્વાધ્યાય આદિ, વિનયાદિનો વિકલ્પ અને નિરતિચાર વ્રતાદિનો વિકલ્પ ત્યાં નથી. બધું છૂટી ગયું. સમજાણું કાંઈ? માંગીરામજી! જુઓ, આ મુનિપણું. આહાહા..!

મુમુક્ષુ :— મુનિમહિમાનો દિવસ છે આજે.

ઉત્તર :— મુનિની મહિમાનો દિવસ છેને આજે. અકંપનાચાર્યનો પરિષહ. એ આવી ગયું, એ તો કુદરતે આવી ગયું, ન્યાં કોણ ખેંચીને લાવે. સમજાણું કાંઈ?

**'સુનિષ્કંપપણે રહે છે, તે કાળે અને તેટલા કાળ સુધી...'** પહેલા કહ્યું હતુને. **'જે કાળે અને જેટલા કાળ સુધી...'** પહેલા આવ્યું હતું. ઈ જે કાળે હતું, આ તે કાળે અને તેટલો કાળ. બસ, એટલો કાળ રહે છે પછી પાછી (છઠ્ઠી) ભૂમિકા આવે છે. કહો, આ સમાહિત ને નિશ્ચય અભેદ એ વ્યવહારમોક્ષમાર્ગ છે સાતમાનો? અરે.. ભગવાન! શું કરે છે આ? શું કરે છે? મુનિની કેવી દશા! જ્યાં સમ્યગ્દર્શન છે ત્યાં અલૌકિક વસ્તુ થઈ ગઈ! સમજાણું કાંઈ? આત્માના આનંદનો કપાટ ખુલી ગયો, જે બંધ હતો. રાગ અને સ્વભાવની એકત્વબુદ્ધિમાં કપાટ બંધ હતા એ કપાટ ખુલી ગયા. સમજાણું કાંઈ? હવે કેટલું કાઢવું કપાટમાં ભર્યું છે એમાંથી. બારણા ખોલી નાખ્યા. પંડિતજી! ચોથા ગુણસ્થાનમાં રાગ જે વિકલ્પ છે એ ત્રિકાળ ભગવાન આનંદસ્વભાવ નિત્યાનંદ પ્રભુ, બેની એકબુદ્ધિમાં આનંદને તાળા માર્યા હતા. એકલા ઝેરનું વેદન હતું. તાળા ખોલી નાખ્યા. ઓહો..! એકલો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ પૂર્ણ શુદ્ધ એમાં જ્યારે એકાકાર થયો તો આનંદની ધારા છૂટી. જેમ ફૂવારામાં છૂટેને. ફૂવારો નહિ? ફૂવારો શું કહે છે? જેટલું દબાણ આપે એટલો ફૂવારો છૂટે. શું કહેવાય? ચાંપ.

મુમુક્ષુ :— .. ગણધરદેવ પણ નમસ્કાર કરે છે.

ઉત્તર :— ગણધર નમસ્કાર કરે છે. મુનિને તો ગણધર નમસ્કાર કરે છે. પંચમ આરાના સાચા ભાવલિંગી મુનિ હોય, ગણધર મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. સાક્ષાત્ ભગવાન બિરાજે છે એમની પાસે ગણધર બિરાજે છે સમવસરણમાં, અત્યારે સમવસરણમાં બિરાજે છે. આવું મુનિપણાનું પદ છે એનો એણે યથાર્થ નિર્ણય કરવો જોઈએ. સાત તત્ત્વમાં સંવર, નિર્જરાની યોગ્યતાવાળા આવા મુનિ છે. સંવર, નિર્જરાની યોગ્યતાવાળા આવા મુનિ છે. આ નવ તત્ત્વની શ્રદ્ધા કરવામાં પણ આ વાત આવી જાય છે. સાતમા ગુણસ્થાનયોગ્ય આવી સંવર, નિર્જરા થાય છે એના આવા પ્રકારની ઓળખાણ કરીને માનવું જોઈએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ સત્ય સ્વરૂપ છે. પરમેશ્વરનું સત્ય સ્વરૂપ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... આહાહા..!

**'સુનિષ્કંપપણે રહે છે, તે કાળે અને તેટલા કાળ...'** આ તો એટલું કહી દીધું છે કે બારમી ભૂમિકાની પૂર્વ ભાષા કરી છે, ત્યાં સુધી લીધું છે. ક્ષપણ શ્રેણી ચડ્યા પછી પડતા નથી. ઉપશમશ્રેણીની વાત છે? આ તો સપ્તમ ગુણસ્થાનને યોગ્ય કાળમાં તેટલો સમય રહી ગયા, પછી પાછા પડી ગયા. એટલો પોતાનો પુરુષાર્થ ઓછો થઈ ગયો તો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠ્યો. વિનય કરું, નમસ્કાર કરું, વાંચન કરું, વાંચન દઉં એવો વિકલ્પ ઉઠ્યો. એ વિકલ્પ ઉઠ્યો એ છઠ્ઠું ગુણસ્થાન થઈ ગયું. સમજાણું કાંઈ? લોકોએ મુનિપણું શું ચીજ છે

એ સમજ્યા નથી અને સાધારણ માની લીધું. બાપા! પરમેશ્વરપદ છે! પંચમકાળના ચારિત્રવંત તો પરમેશ્વરપદ! ઓહોહો..! પંચમ ગુણસ્થાન જ્યાં સર્વાર્થસિદ્ધ કરતાં વધી જાય છે તો છઠ્ઠા અને સાતમાની તો શું વાત! અને એની ઓળખાણ ન થાય એમ પણ નથી. ઓળખાણ ન થાય? શું આંધળો છો? સમજાણું કાંઈ? સંશય, વિમોહ, અનધ્યવસાય છૂટીને જ્ઞાન, દર્શન નિર્મળ નિઃશંક થાય છે એને છઠ્ઠા ગુણસ્થાન, સાતમા ગુણસ્થાનના મુનિ કેવા હોય એનો પણ પત્તો લાગી જાય છે. પોતાને પણ લાગે છે અને બીજાને પણ લાગે છે એવો ધવલમાં પાઠ છે. ધવલમાં એમ પાઠ છે કે મહારાજ! મતિજ્ઞાનનો જે અવયવ છે—અવાય, મતિજ્ઞાનમાં અવાય હોય છે. અવગ્રહ, ઈહા. તો આ પ્રાણી ભવિ છે કે અભવિ એનો નિર્ણય કઈ રીતે કરવો? કે મતિજ્ઞાનના અવાયથી નિર્ણય કરી શકે છે. આ પ્રાણી ભવિ છે. કેમ? એની સાથે એના, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મળ નિશ્ચય કેવા એ પરિણમી ગયા છે. એમ ભાસ સમ્યગ્દષ્ટિને મતિજ્ઞાનનો અવયવ અવાયમાં આવે છે. અને નિર્ણય કરી લ્યે છે કે એ ભવિ જીવ છે. એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ઓળખાણ પણ થઈ ગઈ અને એની સાથે ભવિપણાની પણ ઓળખાણ થઈ ગઈ. એવો ધવલમાં પાઠ છે. સમજાણું કાંઈ?

નિર્મળ જ્ઞાન શું કામ ન કરે? ઓહો..! મતિ-શ્રુતજ્ઞાન તો કેવળજ્ઞાનનો એક અંશ છે. એ નડે છે લોકોને વળી. અંશ છે! એ તો સર્વઘાતિનો નાશ થાય ત્યારે (પ્રગટે). હવે સાંભળ તો ખરો કઈ અપેક્ષા છે. એ કેવળજ્ઞાનનો એક અવયવ છે. કોણ? મતિજ્ઞાન કેવળજ્ઞાનનો એક અવયવ છે. સમજાણું કાંઈ? ઈ જયધવલમાં લીધું છે કે અવયવ, અવયવીને જોયા વિના અવયવનો નિશ્ચય કઈ રીતે થયો? એક સ્તંભ છે, સ્તંભ મોટો. હાંસ છે હાંસ. આમ જોયું તો આટલો ભાગ જ દેખાયો પણ આ સ્તંભનો આ ભાગ એમ એનો નિર્ણય એણે કેવી રીતે કર્યો? આ સ્તંભનો એ અવયવ છે એવા નિર્ણય વિના અવયવનો નિર્ણય થતો નથી. જયધવલમાં છે. સમજાણું કાંઈ? એમ મતિજ્ઞાન કેવળજ્ઞાનસ્તંભનો એક અંશ છે. મતિજ્ઞાની પણ કેવળજ્ઞાનનો નિર્ણય મતિજ્ઞાનમાં કરી લ્યે છે. સમજાણું કાંઈ? અરે..! નહિ, નહિ, નહિ. કોણ જાણે..? આ સમજાય નહિ, આમ હોય જ નહિ, આમ હોય જ નહિ. હોય નહિ, હોય નહિ. પણ હોય, હોય એમ તો લાવ.

અહીં કહે છે કે એ સપ્તમ ગુણસ્થાનવાળો સમાહિત થઈ ગયેલો. તે કાળ અને તેટલો કાળ, તેટલો કાળ. **'આ જ આત્મા જીવસ્વભાવમાં...'** જુઓ! હવે એ ચારિત્રની વાત કરે છેને, મોક્ષનું સાક્ષાત્ કારણ. **'જીવસ્વભાવમાં નિયત ચારિત્રરૂપ...'** એનો અર્થ થયો કે વ્યવહારચારિત્ર જીવસ્વભાવ નહિ. પંચ મહાવ્રત આદિનો વિકલ્પ છઠ્ઠે હોય, પાંચમા ગુણસ્થાને બાર વ્રતનો વિકલ્પ હોય એ જીવસ્વભાવ નહિ. સમજાણું કાંઈ? **'જીવસ્વભાવમાં નિયત...'** નિશ્ચય **'ચારિત્રરૂપ હોવાને લીધે...'** જુઓ કારણ. જ્યાં ત્યાં કારણ નાખ્યું છે. શું કહ્યું? **'આ જ આત્મા જીવસ્વભાવ...'** આત્મા **'જીવસ્વભાવમાં નિયત ચારિત્રરૂપ...'** બધા

આત્મા આત્મા કહે છેને. અંગ-અંગીભાવે પરિણતિ વડે આત્મા, તેનાથી સમાહિત થઈને આત્મા, ત્યાગ-ગ્રહણના વિકલ્પથી શૂન્ય આત્મા. છેલ્લે બધે આત્મા લીધો છે. તે કાળે તેટલો કાળ '**આ જ આત્મા જીવસ્વભાવમાં નિયત ચારિત્રરૂપ...**' સમજાણું કાંઈ? '**હોવાને લીધે...**' સ્વભાવમાં થંભી ગયો. સ્વભાવના થાંભલે ચારિત્રની પર્યાય ચોંટી ગઈ, સ્થિર થઈ ગઈ.

'**નિશ્ચયથી 'મોક્ષમાર્ગ' કહેવાય છે.**' જુઓ લ્યો. આ સ્વભાવ, નિયત ચારિત્રરૂપ સ્વભાવમાં હોવાને લીધે તેને નિશ્ચયથી મોક્ષમાર્ગ કહેવાય છે. સાતમા ગુણસ્થાનને યોગ્ય નિશ્ચય મોક્ષમાર્ગ અહીંયાં કહ્યો છે. સમજાણું કાંઈ? નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન ચોથાથી શરૂ છે. નિશ્ચયસમ્યગ્દર્શન, સમ્યફ્જ્ઞાન ચોથા ગુણસ્થાનથી શરૂ છે. પાંચમે થોડો ચારિત્રનો અંશ વધ્યો, છઠ્ઠામાં વિશેષ, સાતમે એકલો એકાકાર થઈ ગયો તેથી નિશ્ચયથી મોક્ષમાર્ગ કહેવાય છે. તેને ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા અને તેને કહેનારા સંતો, આને મોક્ષમાર્ગ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પીછી, કમંડળ શું કરે? શરીર નહિ, રાગ નહિ, એનું કમંડળ નહિ, મોરપીંછી એમાં નથી. એની ઓળખાણ, આ માતા-પિતાને ત્યાં જન્મ્યા એ પણ એની ઓળખાણ નહિ. એની ઓળખાણ અંદર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો જન્મ થયો એનાથી ઓળખાણ છે. જન્મ કહો, સૃષ્ટિ કહો, ઉત્પત્તિ કહો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— અઠ્યાવીસ મૂળગુણ પણ ઓળખાણ નહિ?

ઉત્તર :— એ પણ ઓળખાણ નહિ. અઠ્યાવીસ મૂળગુણ વિભાવ, ઉદય (છે). ઉદયભાવથી આત્માથી ઓળખાણ થાય?

મુમુક્ષુ :— ઉદયભાવ છે કે ક્ષયોપશમભાવ છે?

ઉત્તર :— ઉદયભાવ છે. ક્ષયોપશમ(ભાવ) ક્યાંથી આવ્યો? એ તો મિથ્યાદષ્ટિને વ્યવહાર પુરુષાર્થ છે તો દ્રવ્યનિક્ષેપે ક્ષયોપશમ કહ્યું છે. યથાર્થમાં ક્ષયોપશમ નથી. સમજાણું કાંઈ? ઈ નિયમસારમાં આવ્યું છે. એ તો અમારે ઘણા વખત પહેલા ચર્ચા થયેલી. (સંવત) ૧૯૭૯-૮૦ની સાલ. ૮૦ને? તમારે નહિ લીંબડી ચોમાસુ...? ૮૦. ૮૦ના માગશરમાં. અનાદિ મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી અનંત વાર જાય છે એને પણ ચારિત્રનો ક્ષયોપશમ છે, એમ ઈ કહેતા હતા. ૮૦ની વાત છે. ચાલીસ વર્ષ થયા. કીધું, નહિ. એ ક્ષયોપશમભાવ નથી. ઉદયભાવ છે. પંચ મહાવ્રત આદિનું પાલન મિથ્યાદષ્ટિને અનાદિના ઉદયભાવનું પાલન છે. ક્ષયોપશમ-ફયોપશમ નહિ. અમારા ભાઈ હતાને, મૂળચંદજી ને રામજીભાઈના ... બે. બે વચ્ચે ચર્ચા ચાલતી હતી હેઠે અને હું ઉપર હતો. હું હેઠે ઉતર્યો, કહે, આ શું? આ બધા ક્ષયોપશમ કહે છે. મેં કહ્યું, ક્ષયોપશમ નહિ. અનાદિથી આત્માના ભાન વિના જેટલી રાગની મંદતા કરી એ તો ઉદયભાવ છે. ક્ષયોપશમ નહિ. સમજાણું કાંઈ? વ્યવહારથી ક્ષયોપશમ કહો. પુણ્યબંધ થઈ

જાય છે તેથી કષાય જરી મંદ થયો. પુરુષાર્થથી થયોને, એ અપેક્ષાથી દ્રવ્યનિક્ષેપે, દ્રવ્યનિક્ષેપે. શુદ્ધ ઉપયોગ થયો નહિ તો દ્રવ્યનિક્ષેપથી શુભ ઉપયોગને ક્ષયોપશમભાવ કહેવામાં આવ્યો. નિયમસારની ટીકામાં છે. ખરેખર તો ઉદયભાવ જ છે. હા, પણ કોઈ લ્યે, ઓલું આવે છેને? પચ્ચખાણ. .. પચ્ચખાણ નથી આવતું? ... સુખે કરીને પચ્ચખાણ, એવો શબ્દ પડ્યો છેને એટલે ટીકાકારે જરી સુખે કરીને પચ્ચખાણ એ સિવાયનું પણ આવું વ્યવહાર પચ્ચખાણ છે એનો અર્થ કાઢ્યો છે, પદ્મપ્રભમલધારીદેવે નિયમસારમાં.

અહીંયાં કહે છે કે આત્મસ્વરૂપના દર્શન અને જ્ઞાન વિના ચારિત્રનો યથાર્થ ક્ષયોપશમ હોતો નથી અને ચારિત્રનો ક્ષયોપશમ થયો, અંદર વધી ગયો તો સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. પ્રવચનસારમાં તો એમ જ કહે છે કે એને અમે મોક્ષતત્ત્વ કહીએ છીએ. સંપૂર્ણ શ્રામણ્યપણે પરિણમી ગયા એને અમે મોક્ષતત્ત્વ કહીએ છીએ. પ્રવચનસારની છેલ્લી પાંચ ગાથા છેને? એમાં એને મોક્ષતત્ત્વ કહ્યું છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શું કરે ઉદય? રાગ તો વિકલ્પ છે. પંચ મહાવ્રત હો કે મુનિને હો કે મિથ્યાદષ્ટિને હોય, બધાને ઉદયભાવ છે.

પોતાના શુદ્ધ ચૈતન્ય ભગવાનનું અવલંબન લીધા વિના બિલકુલ શુદ્ધિનો અંશ ક્ષયોપશમ પ્રગટ થતો નથી. જ્ઞાનનો ક્ષયોપશમ જે અનાદિનો છે એ સ્વભાવજ્ઞાન નથી. એ તો અનાદિનું ક્ષયોપશમજ્ઞાન છે. એ તો એકેન્દ્રિયને પણ છે. પોતાનો જ્ઞાન ચિદાનંદ પ્રભુના અવલંબનથી જે જ્ઞાન થાય છે તેને જ નિશ્ચય સમ્યક્જ્ઞાન ક્ષયોપશમ કહે છે. બીજા ક્ષયોપશમને યથાર્થ ક્ષયોપશમ કહેતા નથી.

તે જ **'મોક્ષમાર્ગ; કહેવાય છે. આથી, નિશ્ચયમોક્ષમાર્ગ અને દ્રવ્યવ્યવહારમોક્ષમાર્ગને સાધ્યસાધનપણું અત્યંત ઘટે છે.'** આવો નિશ્ચયમોક્ષમાર્ગ સાધ્ય હતો, એને વ્યવહારવિકલ્પ જે નિમિત્ત હતો એને વ્યવહારે સાધન કહેવામાં આવ્યું છે. વ્યવહારથી અત્યંત ઘટે છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? વિશેષ ભાવાર્થ લઈશું...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૧, સોમવાર, તા. ૨૪.૮.૧૯૬૪**
**ગાથા-૧૬૧, ૧૬૨ પ્રવચન-૧૦**

૧૬૧. જુઓ, શું ચાલે છે? નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગ. ભાવાર્થ સુધી ચાલ્યું. નીચે નોટ વંચાઈ ગઈ છે, નહિ? નથી વંચાણી? ઈ આમાં આવી ગયું છે, આવી ગયું છે. અહીં આવશે જુઓ.

'**ભાવાર્થ :— નિશ્ચયમોક્ષમાર્ગ નિજ શુદ્ધાત્માની રુચિ,...**' જુઓ! અહીંયાં પરમાર્થ. વર્તમાનમાં બહુ ગડબડી ચાલે છેને કે નિશ્ચયમોક્ષમાર્ગ તો બારમે હોય. કોઈ એમ કહે છે. બારમું અને કેવળજ્ઞાન પ્રાપ્તિ (વચ્ચે) તો અંતર્મુહૂર્ત જ કાળ છે, વિશેષ કાળ નથી. તો અહીંયાં તો નિશ્ચયમોક્ષમાર્ગ નિજ શુદ્ધાત્માની રુચિ. શું? હું જ્ઞાયક શુદ્ધ આનંદ પવિત્ર પૂર્ણ ધામ (છું) એમ અંતર્મુખ થઈને સ્વભાવના અવલંબને જે રુચિ થઈ એ નિશ્ચયસમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? '**નિશ્ચયમોક્ષમાર્ગ નિજ શુદ્ધાત્માની રુચિ,...**' એક. જુઓ! નવ તત્ત્વના ભેદવાળી રુચિ એ તો વ્યવહાર છે. એ પરમાર્થ સમકિત નથી. અને આ પરમાર્થ સમકિત ચોથા ગુણસ્થાનથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ચોથા અને બારમામાં...

ઉત્તર :— બારમામાં એટલો બધો ફેર. ઈ જરી એકો... નહિતર છેને? એક મોખોપંથો. ભાઈ! એમાં ટીકામાં જ કર્યું છે એટલે અહીં જરી... શુભચંદ્રાચાર્ય. નિશ્ચયમાર્ગ આ છે અને એકનો અર્થ બીજે ઠેકાણે એવો કર્યો છે—નિર્વિકલ્પ. શુદ્ધ આવે છેને? નિર્વિકલ્પ શુદ્ધ નિશ્ચયમોક્ષમાર્ગ. કોઈ એક ભવે, કોઈ તૃતીય ભવે આદિ મોક્ષ જાય એમ પાઠ છે ટીકામાં. ત્યારે જો નિશ્ચયમોક્ષમાર્ગ બારમે હોય તો ત્રીજો ભવ એને હોઈ શકે નહિ. એટલે ઈ જરી ... અંદર આમાં છે. સમજ્યા? એટલે જુઓ. અને આ છે ગાથા નિશ્ચયમોક્ષમાર્ગની. એકો મોક્ખ... લ્યો, ઈ આવ્યું? પાના જાડા નીકળતા ઈ આવ્યું. મેં કીધું, ક્યાં હશે? એક, ન તો અનેકધા. એમ ટીકામાં છે, હોં! એક મોક્ષપંથ નિશ્ચયમોક્ષમાર્ગ એક જ પંથ છે. વ્યવહારમોક્ષમાર્ગ તો એક આરોપથી કથન કરવામાં આવ્યું છે. પંડિતજી! આ બરાબર લેવું. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારનો ૨૪૦મો શ્લોક છે. '**एको मोक्षपथो य एष नियतो दृग्ज्ञप्तिवृत्त्यात्मक**' જુઓ! શબ્દ અહીંયા લ્યે છે. દગ-જ્ઞપ્તિ છેને? આપણે ચાલે છે. '**स्तत्रैव स्थितिमेति यस्तमनिशं ध्यायेच्च तं चेतति**' આ ૪૧૨ છે, સમયસારની ૪૧૨મી ગાથા છેને. તે ધ્યા અનુભવ તેહને... આ એનો કળશ છે. ૪૧૨મી ગાથાનો કળશ છે. ૪૧૨ ગાથા. '**तस्मिन्ने निरन्तरं विहरति द्रव्यान्तराण्यस्पृशन्, सोऽवश्यं समयस्य सारमचिरान्नित्योदयं विन्दति।।**' એટલે આ સિદ્ધાંત. પછી '**अचिरात्**'ની વ્યાખ્યા હું તો જોતો હતો પહેલા.

'**अचिरात्**' શીઘ્ર. શીઘ્ર તો કદાચ કોઈ બારમાથી તેરમે પણ કહે. '**तद्भवे तृतीयभवादौ वा**' એમ છે. (પરમઅધ્યાત્મ તરંગિણી). કાં તે ભવે થાય અને કોઈ ત્રીજે ભવે પણ થાય. એટલે (ફક્ત) બારમે ગુણસ્થાને નિશ્ચયમોક્ષમાર્ગ ન રહ્યો. પંડિતજી! બારમે (જ) જો હોય તો ત્રીજો ભવ હોઈ શકે નહિ. એ તો અંતર્મુહૂર્તે જ કેવળજ્ઞાન હોય. બારમે ગુણસ્થાને જો નિશ્ચયમોક્ષમાર્ગ હોય તો તેને અંતર્મુહૂર્તમાં જ કેવળજ્ઞાન થાય છે. અહીં તો કહે છે, નિશ્ચયમોક્ષમાર્ગી જીવને કોઈ શીઘ્ર તદ્‌ભવે અને કોઈ તૃતીયા ભવે (પામે). ત્રીજે ભવે આદિ. આદિ શબ્દ છે ભલે. અહીં તો એમ કહેવું છે કે એ નિશ્ચયમોક્ષમાર્ગ બારમે જ છે એમ નથી, સાતમે (પણ) છે. તો કોઈ એક ભવે મોક્ષમાં જાય, કોઈ ત્રીજે ભવે મોક્ષ જાય. આદિ લીધું છે. શુભચંદ્રાચાર્યે ટીકામાં લીધું છે. સમજાણું કાંઈ? એકનો અર્થ એક ઠેકાણે નિર્વિકલ્પ થાય છે, શુદ્ધ પણ થાય છે. પણ એ કંઈ નહિ. એ તો 'એક'નો અર્થ કર્યોને આમાં તો. '**न त्वनेकधा**'. એટલે બનારસીદાસે એમ કર્યો છે શ્લોક. મોક્ષમાર્ગ એક જ છે, ઈ આમાં. આનું પદ લખ્યું છેને.

એક જ મોક્ષમાર્ગ નિશ્ચય છે, બીજો મોક્ષમાર્ગ છે નહિ અને એ મોક્ષમાર્ગ પ્રાપ્ત કરનાર કોઈ એ ભવે પણ મોક્ષ જાય છે અને કોઈ તૃતીય આદિ ભવે પણ મોક્ષ જાય છે. એનો અર્થ એ થયો કે નિશ્ચય મોક્ષમાર્ગ બારમે છે એ વાત ખોટી છે. પહેલા હોવો જોઈએ જ. (બારમે જ નિશ્ચય મોક્ષમાર્ગ હોય તો) એ ભવે મોક્ષ જાય, ત્રીજો ભવ હોય નહિ. ઈ લેવું છે. શુભચંદ્રાચાર્યે (લીધું), '**तृतीयभवादौ**' એવો પાઠ છે. એટલે આ નિશ્ચયમોક્ષમાર્ગ સાતમે શરૂ થાય છે.

'**નિશ્ચયમોક્ષમાર્ગ નિજ શુદ્ધાત્માની રુચિ...**' એ તો ચોથે ગુણસ્થાને હોય છે. આત્માના નિર્વિકલ્પ અનુભવમાં પ્રતીતિ. સમજાણું કાંઈ? જ્ઞાયકભાવની નિર્વિકલ્પ અનુભવમાં પ્રતીતિ. બુદ્ધિપૂર્વક રાગ છૂટીને, નિમિત્ત, પર્યાયના ભેદનું લક્ષ છોડી એકલા સામાન્ય તરફ એકાકાર થતાં, હું એકાકાર થાઉં, એવો વિકલ્પ પણ નહિ. ચૈતન્ય સામાન્ય જ્ઞાયકભાવ ધ્રુવ એકરૂપ, એનો અંતર્મુખ થઈને નિર્વિકલ્પ અનુભવ થાય છે અને નિર્વિકલ્પમાં આનંદનો સ્વાદ આવે છે એમાં પ્રતીતિ થાય છે. એની રુચિને નામ સમ્યગ્દર્શન કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? અને એ એક જ સમ્યગ્દર્શન છે. બીજા કોઈને વ્યવહારે આરોપ કરીને કહેવામાં આવ્યું. અહીંયાં નિમિત્તથી વાત છેને.

'**નિશ્ચયમોક્ષમાર્ગ નિજ શુદ્ધાત્માની રુચિ...**' અને નિજ શુદ્ધાત્માની '**જ્ઞપ્તિ...**' એમ લેવું. શું (કહ્યું)? શાસ્ત્રનું જ્ઞાન કે બાર અંગનું જ્ઞાન એ નહિ. પોતાના નિજ શુદ્ધાત્માની જ્ઞપ્તિ. જ્ઞાયક ચૈતન્યપ્રભુ પૂર્ણ શાંત અવિકારીનું અંતર જ્ઞાનમાં સ્વસંવેદન, જ્ઞાનનું જ્ઞાનમાં વેદન, જ્ઞાનનું જ્ઞાનમાં ભાન એનું નામ શુદ્ધાત્માની જ્ઞપ્તિ, એનું નામ નિશ્ચયજ્ઞાન, એનું નામ મોક્ષમાર્ગનો એક અવયવ નિશ્ચયજ્ઞપ્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એટલી તકરાર કરે છે. ઓહો..! બહારમાં ક્યાંય લગાવી દ્યે છે. આ '**अचिरात्**' શબ્દમાં લખ્યું છે. '**अचिरात्**' નામ અલ્પ

કાળ. વળી કોઈ કહે કે, અલ્પ કાળ એટલે અંતર્મુહૂર્ત પણ થાય.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ એ તો ક્ષપકમાં તો અંતર્મુહૂર્તે થાય છે. એ તો વળી કહે કે ઉપશમ થાય ને વળી.. એવી વાત કરે છે. કહો. આઠમે ક્ષપક એક અંતર્મુહૂર્તમાં ચડે તો અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થાય. જો આઠમે મોક્ષમાર્ગ કહે તોપણ અંતર્મુહૂર્તમાં મોક્ષ થાય છે. એમ છે નહિ. કોઈને (તે ભવે) હો અને કોઈ બીજો ભવ, ત્રીજો ભવ આદિ કરે છે.

નિશ્ચયમોક્ષમાર્ગ શુદ્ધાત્માની '**જ્ઞપ્તિ...**' પહેલા રુચિ કહ્યું. એ જ્ઞપ્તિ નામ જ્ઞાનનું જ્ઞાન. એ સમયસારમાં આવે છે કે જ્ઞાનનું સમકિત. રાગની પ્રતીતિ અને રાગનું (સમકિત) નહિ. પોતાના જ્ઞાયકસ્વભાવનું સમકિત. જ્ઞાનનું સમકિત, આત્માનું સમકિત. જ્ઞાન શબ્દે આત્મા. આત્મા શુદ્ધ ચિદાનંદની અંતર દૃષ્ટિ નિર્વિકલ્પ એ સમ્યક્. અને જ્ઞાનનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, આત્માની જ્ઞપ્તિ, આત્મામાં જ્ઞાનની એકાગ્રતા એ જ આત્માનું જ્ઞાન. એ આત્મજ્ઞાન જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? એ બીજો બોલ (થયો).

અને નિજ શુદ્ધાત્માની... 'નિજ' શબ્દ કેમ વાપર્યો? કે બીજા તો શુદ્ધાત્મા છે—સિદ્ધ, અરિહંત, એ નહિ, પોતાના નિજ શુદ્ધાત્માની રુચિ, પોતાના નિજ શુદ્ધાત્માની જ્ઞપ્તિ, પોતાના શુદ્ધાત્માની '**નિશ્ચળ અનુભૂતિરૂપ છે.**' સમજાણું કાંઈ? અંતરમાં લીન થઈ જવું. સ્વરૂપમાં નિર્વિકલ્પ ચારિત્ર થઈ જવું. નિશ્ચળ—ચળે નહિ એવું. પંચ મહાવ્રતનો વિકલ્પ પણ જેમાં ઉઠતો નથી. એવી અનુભૂતિરૂપ છે એ નિશ્ચય મોક્ષમાર્ગ છે. એક જ સાચો માર્ગ છે. પણ '**તેનો સાધક...**' વ્યવહારસાધક, વ્યવહારમોક્ષમાર્ગ વ્યવહારસાધક. વ્યવહારમોક્ષમાર્ગ વ્યવહારસાધક. એ '(**નિશ્ચયમોક્ષમાર્ગનું વ્યવહારસાધન**) **એવો જે ભેદરત્નત્રયાત્મક...**' ભેદરત્નત્રયાત્મક. વિકલ્પમાં જે ભેદ પડે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા એ વ્યવહારસમ્યગ્દર્શન. શાસ્ત્રનું જ્ઞાન વ્યવહારજ્ઞાન, રાગની મંદતા પંચ મહાવ્રતની વ્યવહારચારિત્ર. એવો '**ભેદરત્નત્રયાત્મક વ્યવહારમોક્ષમાર્ગ તેને જીવ કથંચિત્ (—કોઈ પ્રકારે, નિજ ઉદ્યમથી) પોતાના સંવેદનમાં આવતી...**' શું કહે છે જુઓ! અનાદિથી. '**પોતાના સંવેદનમાં આવતી અવિદ્યા...**' અજ્ઞાનનું વેદન છે અનાદિ કાળથી તો. શુભ વિકલ્પ હો, અશુભ હો એ વિકલ્પનું વેદન એ અજ્ઞાન, અવિદ્યાનું વેદન છે. અનુભવ, રાગનો અનુભવ અવિદ્યાનો અનુભવ છે. શુભરાગ હો, દયા, દાન વિકલ્પ આદિ, એનો અનુભવ અવિદ્યાનો અનુભવ છે. ચૈતન્યમાં એવો સ્વભાવ નથી.

એવી '**અવિદ્યાની વાસનાના...**' સંવેદનમાં આવતી અવિદ્યાની ગંધ. વાસના શબ્દે ગંધ (તેના) '**વિલય દ્વારા...**' એ ગંધનો નાશ થાય છે. સ્વરૂપ સ્વભાવની અનુભૂતિથી, અંતરદૃષ્ટિથી અવિદ્યાની વાસનાના '**વિલય દ્વારા પામ્યો થકો,...**' નિશ્ચયપૂર્વક એ વ્યવહાર પામ્યો થકો, એમ લીધું છે. નિશ્ચયપૂર્વક એવો વ્યવહાર.. નિશ્ચય ભલે પૂર્ણ સાતમે થાય પણ છઠ્ઠી ભૂમિકાને યોગ્ય જે નિશ્ચય છે તે પૂર્વક એમાં જે વ્યવહાર આવ્યો, તેના દ્વારા

પામતો થકો. '**જ્યારે ગુણસ્થાનરૂપ સોપાનના ક્રમ પ્રમાણે...**' ગુણસ્થાનરૂપી સોપાન-પગથિયું. પગથિયું કહે છે? શું કહે છે? સીઢી, સીઢી. સોપાનના ક્રમાનુસર, ક્રમ અનુસાર (એટલે) ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે... '**નિજશુદ્ધાત્મદ્રવ્યની ભાવનાથી ઉત્પન્ન...**' જુઓ! સાતમેથી પૂર્ણ ચાલે છે. નિજશુદ્ધાત્મદ્રવ્ય. નિજ—પોતાનો શુદ્ધ પ્રભુ પૂર્ણાનંદ, એકલો આનંદનો રસ એની ભાવના. ભાવના શબ્દે એકાગ્રતા. ભાવના શબ્દે એકાગ્રતાથી ઉત્પન્ન '**નિત્યાનંદલક્ષણવાળા...**' સમજાણું કાંઈ? નિત્યાનંદ, જેમાં નિત્ય આનંદપણું છે એવા લક્ષણવાળા '**સુખામૃતના રસાસ્વાદની તૃપ્તિરૂપ...**' ભાષા જુઓ! જયસેનાચાર્યની ટીકા છે, જયસેનાચાર્યની.

'**નિત્યાનંદલક્ષણવાળા સુખામૃતના રસાસ્વાદની તૃપ્તિરૂપ પરમ કળાના અનુભવને લીધે...**' એવી પરમ કળાના અનુભવ—અંતર વેદનને લીધે '**નિજશુદ્ધાત્માશ્રિત...**' નિજ શુદ્ધ આત્મા આશ્રિત. વ્યવહાર છે એ સ્વપરપ્રત્યય આશ્રય છે. નિશ્ચય સત્યમાર્ગ છે એ નિજશુદ્ધાત્માશ્રિત છે. સમજાણું કાંઈ? અહીંયાં બહુ ગડબડ છે હમણાં. મોટા ભણેલાગણેલા પણ આવી ગડબડ કરે છે. સાધારણજનને ખબર ન હોય તો કહે, હશે ભાઈ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ... આમાં તો લખ્યું છે, પરમકળા...

ઉત્તર :— હા, પરમકળા (એટલે) અનુભવકળા. અને નિજકળા આનંદની કળા, અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો એ જ મોક્ષમાર્ગની કળા છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**પરમ કળાના અનુભવને લીધે...**' પરમ શાંત આનંદનો અંશ સ્વસંવેદનમાં પ્રગટ્યો. '**નિજશુદ્ધાત્માશ્રિત...**' જુઓ! આ બધું નિજશુદ્ધાત્મ આશ્રિત પ્રગટ થયું છે. વિકલ્પ કે પરને આશ્રિત નહિ. '**નિશ્ચયદર્શનજ્ઞાનચારિત્રરૂપે અભેદપણે પરિણમે છે,...**' જુઓ! ત્યારે નિશ્ચય સ્વઆશ્રિત સમ્યગ્દર્શન, નિશ્ચય સ્વઆશ્રિત જ્ઞાન, નિશ્ચય સ્વરૂપની લીનતારૂપ ચારિત્ર. એ અભેદરૂપ પરિણમે છે. અંતરમાં એકરૂપ ચૈતન્યમાં સમાહિત નિર્વિકલ્પ સમાધિ થઈ, '**ત્યારે નિશ્ચયનયથી ભિન્ન સાધ્ય-સાધનના અભાવને લીધે...**' ત્યારે નિશ્ચયનયથી, એટલું. '**ભિન્ન સાધ્ય-સાધનના અભાવને લીધે...**' ત્યારે નિશ્ચયનયથી '**આ આત્મા જ મોક્ષમાર્ગ છે.**' એમ લેવું. સમજાણું કાંઈ? શું? ત્યારે નિશ્ચયનયથી '**ભિન્ન સાધ્ય-સાધનના અભાવને લીધે...**' છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પ હતો તેનો અભાવ થયો. એ ભિન્ન સાધન હતું. નિર્વિકલ્પ સપ્તમ ગુણસ્થાનમાં જે શાંતિ (હતી), એનું છઠ્ઠા ગુણસ્થાને ભિન્ન (સાધન) હતું, તે ભિન્ન સાધ્ય-સાધનનો અભાવ.

'**નિશ્ચયનયથી ભિન્ન સાધ્ય-સાધનના અભાવને લીધે...**' આ ભગવાન નિશ્ચયનયથી '**આ આત્મા જ મોક્ષમાર્ગ છે.**' આ આત્મા જ મોક્ષમાર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ સાતમા ગુણસ્થાનથી પોતાનો નિશ્ચયમોક્ષમાર્ગ. ખરેખર છઠ્ઠા ગુણસ્થાનથી પણ ચારિત્રની

પરિણતિ થાય છે તે પણ મોક્ષમાર્ગ છે. અને ચોથેથી પણ ઉપચારથી મોક્ષમાર્ગ જ નિશ્ચયથી છે. પણ ઉપચાર, પેલા ત્રણ બોલ નથી એ અપેક્ષાથી... બાકી ચોથાથી પોતાનો શુદ્ધાત્મા સમાધિ, સમાધિ, સમાધિ વીતરાગસ્વભાવ, એની સમાધિની પ્રતીતિ અને સમાધિની શાંતિનું વેદન ત્યાંથી શરૂ થયું તો છઠ્ઠે ચારિત્ર સહિત થયું, સાતમે નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ થયો. સમજાણું કાંઈ? ઓહો..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, જ્ઞાન થયું, સ્વરૂપાચરણ થયું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— જ્ઞપ્તિ. બેય થાય. રુચિ, જ્ઞપ્તિ અને સ્વરૂપાચરણ. અનંતાનુબંધીનો અભાવ થયો એટલું સ્વરૂપાચરણ (થયું છે). પણ એને સંયમયોગ્ય જે પંચમ ગુણસ્થાને શાંતિનો અંશ છે એટલો નથી. તો ત્યાં આગળ સંયમનો અંશ ગણવામાં આવ્યો અને છઠ્ઠે તો ચારિત્ર ગણવામાં આવ્યું છે.

મુમુક્ષુ :— નિશ્ચળ અનુભૂતિ.

ઉત્તર :— હા, નિશ્ચળ અનુભૂતિ અંદર. સમજાણું કાંઈ? આહાહા..! ચોથે તો નિશ્ચળ અનુભૂતિ નિશ્ચયથી થઈ છે પણ ચારિત્રની નહિ. સ્થિરતા—લીનતા જે છે એ સાતમે થાય છે અથવા ત્રણ કષાયના અભાવની સ્થિરતા છઠ્ઠા ગુણસ્થાને હોય છે. સમજાણું કાંઈ? અનુભૂતિ જ્ઞાનચેતના તો ચોથેથી શરૂ થાય છે.

મુમુક્ષુ :— શુદ્ધાત્માશ્રિત છે.

ઉત્તર :— શુદ્ધાત્માશ્રિત સમ્યક્ વેદન શરૂ થયું જ્ઞાનનું, એ ચોથા ગુણસ્થાનથી જ્ઞાનચેતના છે. એ જ્ઞાનની અનુભૂતિ છે. એને જ જ્ઞાન કહેવામાં આવે છે.

અહીંયાં કહે છે, નિશ્ચયનયથી જ્યાં સાતમે એકાકાર થઈ ગયો ત્યાં '**ભિન્ન સાધ્ય-સાધનના અભાવને લીધે આ આત્મા જ મોક્ષમાર્ગ છે.**' જુઓ! આત્મા જ મોક્ષમાર્ગ છે. અભેદ થઈ ગયો. '**માટે એમ ઠર્યું કે સુવર્ણ અને સુવર્ણપાષાણની માફક...**' સુવર્ણ શુદ્ધ અને સુવર્ણપાષાણ ભિન્ન સાધન. '**નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગને...**' નિશ્ચયમોક્ષમાર્ગ સાધ્ય છે, સુવર્ણની પેઠે અને સુવર્ણપાષાણ વ્યવહારમોક્ષમાર્ગની પેઠે સાધન છે. '**(વ્યવહારનયથી)...**' જુઓ પાછું. '**વ્યવહાર-મોક્ષમાર્ગને સાધ્ય-સાધકપણું (વ્યવહાનયથી) અત્યંત ઘટે છે.**' વ્યવહારનયથી અત્યંત ઘટે છે. એ તો પાઠમાં લીધું હતુંને. સાધ્ય-સાધકપણું અત્યંત ઘટે છે. બહુ ગડબડ, પંચાસ્તિકાયમાંથી ઘણી ગડબડ ઉઠી. પંચાસ્તિકાયમાંથી ઉઠતી હોય કે કલ્પનામાંથી? પંચાસ્તિકાય શું કરે? એ તો શબ્દ છે. એમાં વાચ્ય શું છે (એ સમજે નહિ). એ તો બરાબર લખ્યું છે. યથાર્થ જેટલું જે પ્રમાણે છે (તેટલું જ લખ્યું છે). પંડિતજીએ નીચે લખ્યું છેને. પંડિતજીએ નીચે સ્પષ્ટ લખ્યું તો કહે,

કાગળ લગાવી દો કે એ નહિ. કાગળ લગાવી દો એમાં, બંધ કરી દ્યો. બંધ કરાવી દેને. પુસ્તક પણ બંધ કરી દેને. આત્મા બંધ કરી દીધા પછી લખાણ બંધ કરવું શું છે તારે? આત્મા નિર્વિકલ્પ, વિકલ્પને છોડીને નિર્વિકલ્પ દૃષ્ટિ થાય એનું નામ નિશ્ચય છે. તો ત્યાં તો કહ્યું કે વિકલ્પાત્મક એ મોક્ષમાર્ગ છે. અંદર તાળું મારી દીધું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અહીં તો એનો અભિપ્રાય છોડવાની વાત છે. આહાહા..!

મુમુક્ષુ :— સોનાના પાણામાંથી સોનું નીકળે.

ઉત્તર :— સોનાના પાણામાંથી સોનું નથી નીકળતું. એમ નથી કહ્યું. સોનાને પ્રાપ્ત કરવામાં સોનાનો પથરો નિમિત્તરૂપે સાધન વ્યવહારથી કહેવામાં આવ્યું છે. આટલા શબ્દ. સોનું નીકળવામાં સોનું તો પોતાથી નીકળે છે. પણ સુવર્ણના પત્થરને નિમિત્ત જોઈને વ્યવહારથી એમાંથી એ સુવર્ણનું સાધન છે એમ આરોપ આપીને કથન કરવામાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ? દેવીલાલજી! ઘણી ગડબડ છે, હોં! બરાબર આ ફેરી તમે આવ્યા છો. ઘણી ગડબડ થઈ ને અહીંયાં આવ્યા અને અહીં નિશ્ચયમોક્ષમાર્ગ આવ્યો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— મારીમચડીને...

ઉત્તર :— મારીમચડીને... વસ્તુસ્થિતિ આમ છે. સ્વચૈતન્યમૂર્તિ સ્વદ્રવ્યનું આલંબન જ્યારે ન થયું, ત્યાં સુધી જ્ઞાન, દર્શન, ચારિત્રની નિર્મળતા ક્યાંથી થાય? શું પરના લક્ષે થાય છે? સમજાણું કાંઈ? સ્વ ચિદાનંદ સત્ય ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ. મધ્યબિંદુમાં... જેમ દરિયો પડ્યો છેને. દરિયાના મધ્યબિંદુમાંથી ભરતી આવે છે કે નહિ? આ દરિયો કહે છેને, સમુદ્ર. મધ્યબિંદુમાંથી ભરતી આવે છે. શું ઉપરથી પાણી આવવાથી ભરતી આવે છે? ચોવીસ કલાક ચોવીસ ઈંચ વરસાદ થાય તો ત્યાં ઓટ.. ઓટ.. ઓટને શું કહે છે? ભાટા. પાછું પડે ત્યારે ભરતી આવે છે? વરસાદની નદીથી ભરતી આવે છે? આટલો વરસાદ આવે તો ભરતી આવે છે? ભરતી તો મધ્યબિંદુમાંથી દરિયો ઉછળીને ભરતી આવે છે. બહારનું આટલું પાણી હોય, ચોવીસ-ચોવીસ ઈંચ એક દિવસમાં આટલી નદી પડે, પણ જ્યારે ઓટ થાય ભરતી પછી, તે ભરતી લાવી દે એવી નદીના પાણીમાં તાકાત નથી. એ તો મધ્યબિંદુ અંદરથી ઉછળે છે તો ભરતી આવે છે. પછી ભલે બહારમાં ૧૦૮ ડિગ્રીનો તડકો હોય. ૧૧૮ ડિગ્રી, ૧૦૮ શું ૧૧૮ ડિગ્રીનો તડકો હોય. મધ્યબિંદુ જ્યારે ઉછળે તો એની ભરતી, ભરતી નામ પૂર, પૂરને રોકવા કોઈ સમર્થ નથી.

એમ મધ્યબિંદુમાં દૃષ્ટિ દેવાથી-ચૈતન્ય મધ્ય ધ્રુવમાં દૃષ્ટિ દેવાથી જે પર્યાયમાં સમ્યગ્દર્શનનું પૂર આવ્યું એને રોકવા કોઈ બાહ્યના પ્રાણી સમર્થ નથી. સમજાણું કાંઈ? પછી વિશેષ ભણતર ન હોય, સમજણ ન હોય, વિશેષ ક્ષયોપશમ ન હોય, ઈન્દ્રિયો પણ શિથિલ પડી ગઈ હોય. નારકીના જીવને કેટલી છે જુઓ! સાતમી નારકીના જીવને નવું સમકિત થાય છે. અનાદિ

કાળથી નહોતું થયું એવું નિશ્ચયસમ્યગ્દર્શન થાય છે. કેટલી અગવડતા. જયચંદભાઈ!

મુમુક્ષુ :— આજ ઢીલા છે.

ઉત્તર :— ઢીલા છે? આ શું (કહ્યું)? આ સાતમી નરકના નારકીને કેટલી પ્રતિકૂળતા, એમાં સમ્યગ્દર્શન પામે છે. વિઘ્ન કરવામાં બિલકુલ કોઈ સમર્થ નથી. મધ્યબિંદુમાં દૃષ્ટિ લગાવી, ધ્રુવ ધ્રુવ ભગવાન ચિદાનંદમાં લગાવી (તો) પર્યાયમાં ભરતી આવી. જ્ઞપ્તિ—જ્ઞાનની પર્યાય અને સમ્યગ્દર્શનની પર્યાય, સ્વરૂપાચરણ થયું. ઇન્દ્રિયો શિથિલ હોય, ઇન્દ્રિયો બળતી હોય. ત્યાં તો ઠંડી બહુ છેને, ઠંડી. હો. એમાં મારે શું છે? નિજ આત્માના આશ્રયે જે નિશ્ચયસમ્યગ્દર્શન થયું એ ભરતી—પૂરને રોકનારું જગતમાં કોઈ નથી અને એ પરથી નથી થતું. વ્યવહારસમ્યગ્દર્શનના વિકલ્પથી એ નિર્વિકલ્પ થતું નથી. એ તો નિમિત્તથી કથન કરવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

ફૂટનોટ. 'અહીં એ ખ્યાલમાં રાખવાયોગ્ય છે કે જીવ વ્યવહારમોક્ષમાર્ગને...' જુઓ! આમાં મોટી તકરાર છે. પાઠમાં આવ્યું હતુંને? કે અનાદિ કાળથી... આવ્યું હતું. '**અનાદિ અવિદ્યાના નાશ દ્વારા વ્યવહારમોક્ષમાર્ગને પામ્યો થકો...**' એમ ૧૬૧ ગાથામાં બીજી પંક્તિમાં આવ્યું હતું. એમાંથી બધા કાઢે છે, જુઓ! અજ્ઞાનનો નાશ થઈને પહેલા તો વ્યવહારસમ્યગ્દર્શન મોક્ષમાર્ગ થાય છે. એમ અહીંથી કાઢે છે. એમ છે જ નહિ. જુઓ અહીંયાં નોટ. 'વ્યવહારમોક્ષમાર્ગને પણ અનાદિ અવિદ્યાનો નાશ કરીને...' અજ્ઞાનનો, મિથ્યાત્વનો નાશ કરીને જ 'પામી શકે છે;...' એ તો મિથ્યાત્વનો નાશ ઈ પણ કહે. એ તો કહે કે મિથ્યાત્વના નાશથી વ્યવહારમોક્ષમાર્ગ થાય છે. એ તો એમ કહે. પણ એ મોક્ષમાર્ગ વ્યવહાર છે એમ કહે છે. મિથ્યાત્વના નાશમાં સ્વપરપ્રત્યય આશ્રયે વ્યવહાર મોક્ષમાર્ગ છે એ મિથ્યાત્વના નાશથી થાય છે. એ તો અત્યારે કહે છે. એમ નહિ.

મિથ્યાત્વ, અજ્ઞાન અને અનંતાનુબંધીનો નાશ થયો તો નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચયજ્ઞપ્તિ આત્માની અને સ્વરૂપાચરણ દશા પ્રથમ ચોથા ગુણસ્થાનમાં અપૂર્વ અનુભવમાં ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? બહુ ચર્ચા થશે. ઈશ્વરલાલજી! તમારે ત્યાં બહુ ચર્ચા થશે. સનાવતમાં અને હિન્દુસ્તાનમાંથી ઘણી વાત આવશે. આમ છે ને તેમ છે ને એમ છે. શું કહે છે જુઓ! '**અનાદિ અવિદ્યાના નાશ પહેલાં તો અર્થાત્ નિશ્ચયનયના--દ્રવ્યાર્થિકનયના--વિષયભૂત...**' નિશ્ચયનય કહો, દ્રવ્યાર્થિક કહો. દ્રવ્યઅર્થીક. દ્રવ્ય જેનું પ્રયોજન છે એવું જ્ઞાન. જ્ઞાનનું જેને દ્રવ્ય પ્રયોજન છે, વસ્તુ પ્રયોજન છે એવા જ્ઞાનને દ્રવ્યાર્થિકનય કહે છે. દ્રવ્યાર્થિકનયનો વિષય અખંડ દ્રવ્ય છે. એ નિશ્ચયનયના અર્થાત્ દ્રવ્યાર્થિકનયના 'વિષયભૂત...' ધ્યેયભૂત 'શુદ્ધાત્મસ્વરૂપનું ભાન કર્યા પહેલા તો) વ્યવહારમોક્ષમાર્ગ પણ હોતો નથી.' ઈ તો પણ પંડિત લખે છેને. હિંમતભાઈ લખે છે, પાઠમાં ક્યાં આવ્યું છે? એમ કહે છે. ઈ પાઠમાં જ આવ્યું, સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? ઈ તો સ્પષ્ટ કર્યું છે.

વ્યવહારમોક્ષમાર્ગ પણ નિશ્ચય અનુભૂતિ વિના પોતાના સ્વદ્રવ્ય આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન,

જ્ઞાન, સ્વરૂપાચરણ વિના વ્યવહારમોક્ષમાર્ગ હોતો નથી, નથી, નથી. પહેલા વ્યવહારમોક્ષમાર્ગ હોય પછી નિશ્ચયમોક્ષમાર્ગ થાય એમ ત્રણ કાળમાં કદી નથી. સમજાણું કાંઈ? વ્યવહારમોક્ષમાર્ગ તો એક આરોપથી નિમિત્તથી કથન કરવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કોની સાથે? (શ્વેતાંબર સાથે). કોઈની સાથે સમન્વય થયો નથી. કોણ કહે છે સમન્વય? નિશ્ચય હોય તો વ્યવહાર હોય એમ કહ્યું. ઓલાની સાથે થયું. વાત સાચી. ઓલા કહે છે, પહેલા વ્યવહાર પછી નિશ્ચય. એની સાથે સંબંધ થયો. શ્વેતાંબર સાથે. શ્વેતાંબર એમ જ કહે છે, પહેલા વ્યવહાર પછી નિશ્ચય. દિગંબર એમ નથી કહેતા. અનાદિની દિગંબર,.. દિગંબર નામ જૈનધર્મની પ્રણાલિકા. સનાતનનું નામ દિગંબર. દિગંબર કોઈ પક્ષ નથી. સમજાણું કાંઈ? એ તો મુનિના નામથી દિગંબર કહેવામાં આવ્યું છે. બાકી માર્ગ અનાદિ સનાતન જૈનદર્શનનું વસ્તુસ્વરૂપ વિશ્વદર્શન એવો દિગંબર ધર્મ જે અનાદિ સનાતન એમાં આમ ચાલ્યું આવ્યું હતું. નિશ્ચય હોય તો વ્યવહાર કહેવામાં આવે છે, નિશ્ચય વિના વ્યવહાર હોય નહિ.

એટલે તો ૩૫૦ વર્ષ પહેલા યશોવિજય થયા શ્વેતાંબરમાં. મોટા વિદ્વાન થયા, ઉપાધ્યાય. મહમહો ઉપાધ્યાય યશોવિજય. એણે કાઢ્યું કે દિગંબર તો એમ કહે છે કે પહેલા નિશ્ચય હોય પછી વ્યવહાર. વાત એમ જ છે. સમજાણું કાંઈ? ૩૫૦ વર્ષ પહેલા યશોવિજયે હજારો નવા ગ્રંથો બનાવ્યા છે. ઈ કહે છે. એ પહેલા બતાવ્યું હતું પુસ્તકમાંથી. 'નિશ્ચયનય પહેલા કહે' ૮૪ બોલ કાઢ્યા છે. દિગ્પટ. દિગ્પટ ૮૪ બોલ. દિગંબરના ૮૪ બોલ વિપરીત છે. એમાં એક બોલ એવો કાઢ્યો કે ઈ પહેલા એમ કહે છે કે પહેલા નિશ્ચય, પછી વ્યવહાર. તો એમ જ છે. નિશ્ચય હોય તો જ વ્યવહાર છે. પછી કહો કે સાથે કહો. એ તો પહેલા એકવાર કહ્યું હતું. સમજાણું કાંઈ? સાથે હોય તો પણ પછી કહેવામાં આવે છે. પહેલા પંચાસ્તિકાયમાં કહ્યું હતુંને. અનાદિનો શુદ્ધાત્મા છે પછી કર્મનો સંબંધ થઈને અશુદ્ધ થયો. એવો પાઠ છે. તો પછી પછી નથી, છે તો સાથે. પણ મુખ્યને પહેલા કહ્યું, ગૌણને પછી કહ્યું. અસાધારણ ચીજ મુખ્ય ચિદાનંદ અનાદિ કંદ પ્રભુ એ છે તો એવો શુદ્ધ, પણ પછી પશ્ચાત્ અનાદિ કર્મની સાથે જોડાણથી મલિનતા ઉત્પન્ન થઈ. પશ્ચાત્ કાળ છે તો તે જ સમયે, પણ એમ કહેવામાં આવ્યું. તો ઈ કહે છે, 'નિશ્ચયનય પહેલા. દિગંબર લોકો એમ કહે છે'. એમ જ છે. દિગંબર શું, જૈનદર્શન શું, વસ્તુદર્શન એમ જ છે. સ્વદ્રવ્યનો આશ્રય લીધા વિના વ્યવહારના ભેદરૂપ વિકલ્પને વ્યવહાર કહેવાવાળો જાગ્યા વિના વ્યવહાર હોતો નથી. આ તો તમારામાં કહે છે હવે.

મુમુક્ષુ :— ... કહેનારો જાગ્યા વિના...

ઉત્તર :— જાગ્યા વિના વ્યવહાર કોને કહે? સમજાણું કાંઈ? આ ભેદ છે, અભેદને જાણ્યા વિના ભેદ કોને કહે?

મુમુક્ષુ :— અપન કો ભૂલ ગયા, ઔર કહાંસે લાઈ.

ઉત્તર :— ઔર કહાં સે લાઈ. 'આપ આપકો ભૂલ ગયા, અવર કહાં સે લાઈ.' તને ભૂલી ગયો અને બહારથી મોક્ષમાર્ગ આવી ગયો, એમ કદી હોતું નથી. એમ પ્રથમ નિશ્ચયમોક્ષમાર્ગ શું, વ્યવહાર શું એનો પાક્કો નિર્ણય કરવો (જોઈએ). પાકી સમજણ કરવી જોઈએ. જો સમજણમાં વિપરીતતા હોય તો અંતરમાં પુરુષાર્થ કરવાનો એને અવસર મળશે નહિ. સમજાણું કાંઈ? જુઓ, આવ્યુંને નીચે?

'વળી, 'નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગને સાધ્ય-સાધનપણું અત્યંત ઘટે છે.' એમ જે 'ટીકામાં' કહેવામાં આવ્યું છે તે વ્યવહારનય દ્વારા કરવામાં આવેલું ઉપચરિત નિરૂપણ છે.' એ તો ઉપચરિત કથન છે. વ્યવહાર કહો કે ઉપચરિત કહો. 'તેમાંથી એમ અર્થ તારવવો જોઈએ...' વ્યવહારનયના કથન જ એવા છે હોં! એમાં ભાઈએ લીધું છે, નહિ? ફૂલચંદજીએ. તત્ત્વજ્ઞાન મિમાંસા છેને? અહીંયાં નહિ હોય. જૈનતત્ત્વ મિમાંસા છેને? એમાં લીધું છે પાછળ કે વ્યવહારનયનું લક્ષણ જ એવું છે. થોડું લીધું છે. આપણે નિશ્ચયમોક્ષમાર્ગ ચાલે છેને.

જુઓ અહીંયાં. તત્ત્વવિવેચનની પદ્ધતિ છે. પહેલા લઈ લીધું છે. પરંતુ વ્યવહારનયની તત્ત્વ વિવેચનની પદ્ધતિ આનાથી ભિન્ન પ્રકારની છે. આ ગુણભેદ અને પર્યાયભેદરૂપ તો આત્માને .. કરે જ છે. વ્યવહાર. સાથે જે વિભાવભાવ સંયુક્ત અવસ્થા છે તે રૂપ પણ આત્માને માને છે. આ નયનું બળ નિમિત્તો ઉપર વધારે છે. છેલ્લું પાનું છે. ૨૯૧, ૨૯૨. ૨૯૩ પાને પૂરું થઈ જાય છે અધિકાર. માટે આ નયની અપેક્ષાથી આ કાર્ય નિમિત્તોથી થયું એમ કહેવામાં આવે છે. આ કથન આ જ નયમાં શોભે છે. જો નિમિત્ત ન હોય તો કાર્ય પણ નહિ થાય એમ વ્યવહારનયમાં શોભા પામે છે, નિશ્ચયનયમાં નહિ. એ કથનપદ્ધતિ એવી છે. સમજાણું કાંઈ? આ નિશ્ચય-વ્યવહાર ચાલે છેને બપોરે? છેલ્લા પાને છે. વ્યવહારનયની પદ્ધતિ એવી છે. ગુણભેદ કરીને વાત કરે, પર્યાયથી વાત કરે, રાગથી વાત કરે, સ્વપર પર્યાયને વિકલ્પને મોક્ષમાર્ગ કહે, એવા વ્યવહારના કથન નિશ્ચયનયમાં શોભતા નથી. સમજાણું કાંઈ? એમાં લખ્યું છે.

કહે છે, 'એમ જે કહેવામાં આવ્યું છે તે વ્યવહારનય દ્વારા કરવામાં આવેલું ઉપચરિત નિરૂપણ છે. તેમાંથી એમ અર્થ તારવવો જોઈએ કે 'છઠ્ઠા ગુણસ્થાને વર્તતા શુભ વિકલ્પોને નહિ...' વિકલ્પને જે સાધન કહ્યું છે, સપ્તમ ગુણસ્થાનને યોગ્ય વ્યવહારરત્નત્રયના વિકલ્પને નિશ્ચયનું સાધન કહ્યું છે એમાંથી એમ તારવવું કે 'શુભ વિકલ્પોને નહિ પણ છઠ્ઠા ગુણસ્થાને વર્તતા શુદ્ધિના અંશને અને સાતમા ગુણસ્થાનયોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગને ખરેખર સાધન-સાધ્યપણું છે.' સાધ્ય સપ્તમ ગુણસ્થાન, સાધન છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધ નિર્મળ પરિણતિ. ત્રણ કષાયના અભાવભાળી શુદ્ધદશા એ સાધન અને સાતમું સાધ્ય. નિશ્ચયથી સાધ્ય-સાધન તો આ જ છે.

'છઠ્ઠા ગુણસ્થાને વર્તતો શુદ્ધિનો અંશ વધીને જ્યારે અને જેટલા કાળ સુધી...' જુઓ!

જ્યારે અને જેટલા કાળ સુધી, ઈ આપણે આવ્યું હતુંને? **'જે કાળે અને જેટલા કાળ સુધી...'** એમાંથી આ લીધું. ઉગ્ર શુદ્ધિને કારણે. પુરુષાર્થની ઉગ્રતા. છઠ્ઠા ગુણસ્થાને જે નિર્મળતા છે, ઉગ્ર પુરુષાર્થથી સ્વદ્રવ્યનો આશ્રય લીધો 'શુભ વિકલ્પોનો અભાવ વર્તે છે...' સાતમા ગુણસ્થાનમાં શુભ વિકલ્પનો અભાવ (વર્તે છે) 'ત્યારે અને તેટલા કાળ સુધી...' આ એમાંથી—ટીકામાંથી લીધું. 'સાતમા ગુણસ્થાનયોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગ હોય છે.' જુઓ! પછી ભલે આઠમે હો, નવમે હો. ભાઈ! એમ કહ્યું. સાતમે સાતમા ગુણસ્થાનને યોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગ છે. પછી ભલે આઠમે, નવમે, દસમે બધામાં કહો. પણ સપ્તમયોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગ ત્યાં થઈ ગયો છે. સમજાણું કાંઈ? અરે.. ભાઈ! કોણ જાણે એને સ્વઘરમાં આવવામાં કંટાળો આવે છે, શું છે? બહાર ઘરમાં ફરવું અને મોક્ષમાર્ગ કહેવો. બહાર ફરવું અને છૂટવાનો માર્ગ કહેવો. મોક્ષમાર્ગનો અર્થ શું? છૂટવાનો માર્ગ. વિકલ્પાત્મક રહેવું, બંધમાં રહેવું અને છૂટવાનો માર્ગ કહેવો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કષ્ટદાન માને. ઈ છ ઢાળમાં આવે છેને. 'આતમહિત હેતુ જ્ઞાન અને વૈરાગ્યને કષ્ટદાયક માને.' એની શ્રદ્ધામાં ફેર છે, વ્યવહારશ્રદ્ધામાં ફેર છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, તાળામાં બંધ રાખવું. વિકલ્પમાં રહેવું એમ.

ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યની અનુભૂતિ, એની જ્ઞપ્તિ અને રુચિ તો પહેલા ચોથે થઈ ગઈ છે. પછી શાંતિની વૃદ્ધિ થઈને પાંચમું થયું અને સપ્તમ પહેલા થયું તો છે, સાતમાથી ખસીને છઠ્ઠામાં આવ્યો એની વાત અહીંયાં કરી છે. સમજાણું કાંઈ? તો છઠ્ઠે જેટલી સ્થિરતા, શુદ્ધિ છે એ જ શુદ્ધિ સાતમે સાધ્યનું સાધન છે. પણ વ્યવહાર જે નિમિત્ત છે તેને વ્યવહારસાધન કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? ઓહોહો..! કહો, માંગીરામજી! આ છઠ્ઠા અને સાતમાની વાત. હવે અહીં પરમેશ્વરના ઘરની વાત (ચાલે). એને નિશ્ચય-વ્યવહાર કેવા છે તેની સમજણ, નિર્ણય, શ્રદ્ધા, વીર્યમાં હા આવે એવી રીતે નક્કી તો કરવું પડશે કે નહિ? સમજાણું કાંઈ? કે આમને આમ ચાલશે કે પેલું પણ સાચું, પેલું પણ સાચું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કઈ અપેક્ષા? ઈ પણ સાચું, પેલું પણ સાચું. અપેક્ષા લાગશે મિથ્યાત્વમાં. અમુલખચંદજી! કેમ છે, જુઓ! એમાં નહિ લાગે.

---

जो चरदि णादि पेच्छदि अप्पाणं अप्पणा अणण्णमयं।
सो चारित्तं णाणं दंसणमिदि णिच्छिदो होदि।।१६२।।
यश्चरति जानाति पश्यति आत्मानमात्मनानन्यमयम्।
स चारित्रं ज्ञानं दर्शनमिति निश्चितो भवति।।१६२।।

જાણે, જુએ ને આચરે નિજ આત્મને આત્મા વડે,
તે જીવ દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે નિશ્ચિતપણે. ૧૬૨.

અન્વયાર્થ :— (यः) જે (આત્મા) (अनन्यमयम् आत्मानम्) અનન્યમય આત્માને (आत्मना) આત્માથી (चरति) આચરે છે, (जानाति) જાણે છે, (पश्यति) દેખે છે, (सः) તે (આત્મા જ) (चारित्रं) ચારિત્ર છે, (ज्ञानं) જ્ઞાન છે, (दर्शनम्) દર્શન છે—(इति) એમ (निश्चितः भवति) નિશ્ચિત છે.

ટીકા :— આ, આત્માના ચારિત્ર-જ્ઞાન-દર્શનપણાનું પ્રકાશન છે (અર્થાત્ આત્મા જ ચારિત્ર, જ્ઞાન અને દર્શન છે એમ અહીં સમજાવ્યું છે).

જે (આત્મા) ખરેખર આત્માને—કે જે આત્મમય હોવાથી અનન્યમય છે તેને--આત્માથી આચરે છે અર્થાત્ [૧]સ્વભાવનિયત અસ્તિત્વ વડે અનુવર્તે છે (—સ્વભાવનિયત અસ્તિત્વરૂપે પરિણમીને અનુસરે છે), (અનન્યમય આત્માને જ) આત્માથી દેખે છે અર્થાત્ યથાતથપણે અવલોકે છે, તે આત્મા જ ખરેખર ચારિત્ર છે, જ્ઞાન છે, દર્શન છે—એમ [૨]કર્તા-કર્મ-કરણના અભેદને લીધે નિશ્ચિત છે. આથી (એમ નક્કી થયું કે) ચારિત્ર-જ્ઞાન-દર્શનરૂપ હોવાને લીધે આત્માને જીવસ્ભાવનિયત ચારિત્ર જેનું લક્ષણ છે એવું નિશ્ચયમોક્ષમાર્ગપણું અત્યંત ઘટે છે (અર્થાત્ આત્મા જ ચારિત્ર-જ્ઞાન-દર્શન હોવાને લીધે આત્મા જ જ્ઞાનદર્શનરૂપ જીવસ્વભાવમાં દૃઢપણે રહેલું ચારિત્ર જેનું સ્વરૂપ છે એવો નિશ્ચયમોક્ષમાર્ગ છે). ૧૬૨.

---

## ગાથા—૧૬૨ ઉપર પ્રવચન

હવે ૧૬૨. જુઓ, વિશેષ ખુલાસો કરે છે. ૧૬૨ ગાથા છે.

जो चरदि णादि पेच्छदि अप्पाणं अप्पणा अणण्णमयं।
सो चारित्तं णाणं दंसणमिदि णिच्छिदो होदि।।१६२।।

ટીકા. એમાં અહીંયાં નથી, હરિગીત નથી. '**આ, આત્માના ચારિત્ર-જ્ઞાન-દર્શનપણાનું પ્રકાશન છે...**' જુઓ! આ ભગવાન આત્મા... જુઓ! ચારિત્રથી લીધું. સમજાણું કાંઈ? પહેલાં ચારિત્ર લીધું. '**चारित्तं णाणं दंसण**' છેને પાઠમાં? પાઠમાં પહેલા ચારિત્ર છે. તો

---

૧. સ્વભાવનિયત = સ્વભાવમાં અવસ્થિત; (જ્ઞાનદર્શનરૂપ) સ્વભાવમાં દૃઢપણે રહેલ. ('સ્વભાવનિયત અસ્તિત્વ'ની વિશેષ સ્પષ્ટતા માટે ૧૫૪મી ગાથાની ટીકા જુઓ).

૨. જ્યારે આત્મા આત્માને આત્માથી આચરે-જાણે-દેખે છે, ત્યારે કર્તા પણ આત્મા, કર્મ પણ આત્મા અને કરણ પણ આત્મા છે, એ રીતે કર્તા-કર્મ-કરણનું અભિન્નપણું છે.

એમ લીધું. પ્રધાનતા બતાવવી છે, મુખ્યતા બતાવવી છે એટલે ત્યાંથી લીધું. આ ભગવાન આત્માને '**ચારિત્ર-જ્ઞાન-દર્શનપણાનું પ્રકાશન છે...**' સ્વરૂપની સ્થિરતાનું પ્રકાશન છે, સ્વરૂપના દર્શનનું પ્રકાશન છે, સ્વરૂપના જ્ઞાનનું પ્રકાશન છે. '**(અર્થાત્ આત્મા જ ચારિત્ર, જ્ઞાન અને દર્શન છે એમ અહીં સમજાવ્યું છે).**' જુઓ! આત્માના ચારિત્ર, જ્ઞાન, દર્શનપણાનું પ્રકાશન છે. એમ અભેદ લીધું. '**આત્માના ચારિત્ર-જ્ઞાન-દર્શનપણાનું પ્રકાશન છે (અર્થાત્ આત્મા જ ચારિત્ર, જ્ઞાન અને દર્શન છે એમ અહીં સમજાવ્યું છે).**' ભગવાન આત્મા પોતાના અનુભવની પ્રતીતિ, અનુભવનું જ્ઞાન અને સ્વરૂપની સ્થિરતા એ ત્રણે આત્મા જ છે. આત્મા જ મોક્ષમાર્ગ છે. આહાહા..!

'**જે (આત્મા) ખરેખર આત્માને...**' જુઓ! '**જે (આત્મા) ખરેખર આત્માને...**' જુઓ! ઓલા વિકલ્પ, વ્યવહાર-બ્યવહાર અહીં નથી લેવાનું. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એ આત્મા નહિ. વ્યવહારરત્નત્રયના વિકલ્પ છે એ અનાત્મા છે, એ આસ્રવ છે. સમજાણું કાંઈ? નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ભૂમિકામાં જેટલા વ્યવહારરત્નત્રયના વિકલ્પ ઉઠે છે એ અનાત્મા છે, આત્મા નહિ. અનાત્મા અર્થાત્ આસ્રવ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— વ્યવહાર .. છે જ નહિ. આત્મા નિશ્ચયથી આ છે. વ્યવહાર છે, પર્યાયને આત્મા કહેવો એ વ્યવહાર છે. સંવર, નિર્જરા, મોક્ષની પર્યાયને પણ આત્મા કહેવો એ વ્યવહાર છે. ત્રિકાળ જ્ઞાયકભાવ એકાકારને આત્માને કહેવો એ નિશ્ચય છે. સમજાણું કાંઈ?

તો અહીં કહે છે, '**(આત્મા) ખરેખર આત્માને...**' જુઓ! આત્મા આત્માને '**કે જે આત્મમય હોવાથી...**' ત્રીજો બોલ. '**આત્મામય હોવાથી...**' જુઓ! નિશ્ચયમોક્ષમાર્ગ. '**અનન્યમય છે...**' સમજાણું કાંઈ? '**તેને—આત્માથી આચરે છે...**' તેને આત્માથી આચરે છે. આ કેટલા શબ્દ લીધા! આત્મા જ્ઞાયકભાવ એકલો શુદ્ધ અને એ આત્માને—નિજ સ્વભાવને આત્મામય હોવાથી—સ્વભાવમય હોવાથી અનન્યમય છે તેને આત્માથી આચરે છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આત્માથી આચરે છે.

'**અર્થાત્ સ્વભાવનિયત અસ્તિત્વ વડે અનુવર્તે છે...**' નીચે નોટ છે. 'સ્વભાવમાં અવસ્થિત'. સ્વભાવ જ્ઞાન અને દર્શન. એ ૧૫૪ ગાથામાં આવી ગયું છે. 'સ્વભાવમાં દૃઢપણે રહેલ'. પોતાનું જ્ઞાન વિશેષચેતના, દર્શન સામાન્યચેતના એવો જે નિયત નિજ સ્વભાવ, નિયત નિજ સ્વભાવ, એમાં લીન થાય છે એ નિશ્ચય સ્વઆશ્રિત ચારિત્ર છે. આ ચારિત્રની વ્યાખ્યા. આત્મા પોતાનો સ્વભાવ સામાન્ય દર્શનમય છે. દર્શનઉપયોગ હોં! વિશેષ જ્ઞાનમય છે એવો નિયત નિજ સ્વભાવ એમાં લીન થાય છે તે પોતાના સ્વભાવમાં લીન થાય છે તેથી તેને ચારિત્ર કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ ચારિત્ર નથી. એ તો વિકલ્પ છે, આસ્રવ છે, એ અનાત્મા છે. વ્યવહારરત્નત્રયમાં પંચ મહાવ્રત,

અઠ્યાવીસ મૂળગુણના (વિકલ્પ) અનાત્મા, આસ્રવ છે.

મુમુક્ષુ :— એમાં...

ઉત્તર :— એ ઉદયભાવ કહો કે આસ્રવ કહો, એક જ વાત છે. ઉદયભાવ કહો, આસ્રવ કહો, બંધભાવ કહો, મલિન કહો, ભેદરૂપ ભાવ કહો, અનાત્મા કહો.

મુમુક્ષુ :— સામાન્ય અને વિશેષ બેય..

ઉત્તર :— બેય છેને. સામાન્ય વિશેષચેતના હોં! ચેતના. દર્શન જ્ઞાન. એ ૧૫૪માં આવ્યું છે, ૧૫૪માં. વિશેષ લીધુંને. 'સ્વભાવ નિયત અસ્તિત્વ'ની વિશેષ સ્પષ્ટતા માટે ૧૫૪મી ગાથાની ટીકા જુઓ.' ૧૫૪માં આપણે આવી ગયું છે. ૧૫૪.

'આ, **મોક્ષમાર્ગના સ્વરૂપનું કથન** છે.' ૧૫૪. '**જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ** છે.' અહીંથી શરૂ થયું છે. અહીંથી આપણે શરૂ કર્યું છે પહેલેથી. '**જીવસ્વભાવમાં નિયત ચારિત્ર...**' જીવસ્વભાવ. હવે સ્વભાવ શું? '**જીવસ્વભાવ ખરેખર જ્ઞાનદર્શન છે...**' જુઓ! આ જ્ઞાન-દર્શન સમકિત નથી. '**કારણ કે તેઓ (જીવથી) અનન્યમય છે.**' અનાદિથી અનન્યમય છે. જ્ઞાન-દર્શનભાવ સ્વભાવભાવ અનન્યમય છે. જાણવું-દેખવું સ્વભાવભાવ આત્માથી અનન્યમય છે. '**જ્ઞાનદર્શનનું (જીવથી) અનન્યમયપણું હોવાનું કારણ એ છે...**' કહે છે, જ્ઞાન-દર્શનનું જીવની સાથે અભેદપણું એકરૂપપણું (છે), અન્યપણું નથી. અનન્યમયપણું હોવાનું કારણ એ છે કે '**વિશેષચૈતન્ય અને સામાન્યચૈતન્ય...**' વિશેષચૈતન્ય એ જ્ઞાન, સામાન્યચૈતન્ય એ દર્શન. '**જેનો સ્વભાવ છે એવા જીવથી તેઓ નિષ્પન્ન છે...**' નિષ્પન્ન નામ જીવથી જીવમાં છે. જીવથી સામાન્ય અને વિશેષચેતના છે. દર્શન, સામાન્યચેતના. જ્ઞાન, વિશેષચેતના. એ આત્માથી અનન્યમય એક જ છે. સમજાણું કાંઈ? '**(અર્થાત્ જીવથી જ્ઞાનદર્શન રચાયેલાં છે).**' રચાયેલાં એટલે છે.

'**હવે જીવના સ્વરૂપભૂત એવાં...**' સ્વરૂપભૂત કોણ? જ્ઞાન-દર્શન. તેમાં '**નિયત-અવસ્થિત એવું જે ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ વૃત્તિમય અસ્તિત્વ...**' જુઓ! ચારિત્રગુણ કાયમ રાખીને એમાં ચારિત્રની પર્યાયનું ઉત્પાદ-વ્યય થવું એવું અસ્તિત્વ. '**રાગાદિપરિણામના અભાવને લીધે અનિંદિત છે—તે ચારિત્ર છે; તે જ મોક્ષમાર્ગ છે.**' અહીંથી શરૂ કર્યું હતું આપણે. ૧૫૪થી શરૂ કર્યું હતું પહેલા. સમજાણું કાંઈ?

અહીંયાં કહ્યું, '**આત્માથી આચરે છે...**' આત્માથી આ આચરણ આવ્યું. આચરણ શું? જડનું આચરણ એ તો જડની પર્યાય છે. રાગનું આચરણ એ વિભાવ આચરણ છે. વિકલ્પ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની ભેદરૂપ શ્રદ્ધા, અગિયાર અંગનું જ્ઞાન અને પંચ મહાવ્રતના પરિણામ એ વિકલ્પ આચરણ છે, રાગ આચરણ છે, વિભાવ આચરણ છે. જડઆચરણ નહિ, વિભાવઆચરણ નહિ, (પણ) આત્માથી આચરે છે. ઓહો..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સંબંધ તો ખરોને. અન્યપણે. એમાં અત્યંત... એને કદી અડ્યો જ નથી. ભગવાન આત્મા કર્મને, શરીરને ત્રણ કાળમાં કદી અડ્યો નથી. રાગને અડ્યો છે પર્યાયદૃષ્ટિમાં, પર્યાયના કાળમાં. સ્વભાવની દૃષ્ટિથી ભગવાન રાગને કદી અડ્યો જ નથી. પર્યાયના અંશમાં સંસારને એક સમયમાં અડ્યો છે, સ્પર્શ્યો છે. પરને તો કોઈ દિ' અડ્યો જ નથી. ઉદયભાવને એક સમયની પર્યાયમાં સ્પર્શ્યો છે. સ્વભાવદૃષ્ટિથી તો ઉદયભાવને કદી અડ્યો જ નથી. સમજાણું કાંઈ? આવી દૃષ્ટિ, નિશ્ચય કર્યા વિના એનું વીર્ય સ્વદ્રવ્ય આશ્રિત ગતિ નહિ કરે. ઈ આવે છેને? જેની જરૂરિયાત જાણે, જેની જરૂરિયાત જાણે એનું વીર્ય પૂર્ણ થયા વિના રહેતું નથી. અમારી ગુજરાતીમાં ભાષામાં એમ છે, જેની જરૂરિયાત જાણે તેનો પુરુષાર્થ કર્યા વિના રહે નહિ.

મુમુક્ષુ :— પંચમ કાળ છે.

ઉત્તર :— પંચમ કાળ એના ઘરે રહ્યો. પંચમ કાળ ક્યાં આત્મામાં ઘુસી ગયો છે? પંચમ કાળ ક્યાં આત્મામાં ઘુસી ગયો છે? બનારસીદાસ કહે છે, દિન ને રાત ને ઘડી ને પહોર ને વર્ષ ને દિન તો કાળમાં છે, આત્મામાં ક્યાં છે? એ પદ લીધું છે બનારસીદાસે સમયસાર નાટકમાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— સોનગઢના વીરપુરુષનો સિદ્ધાંત છે.

ઉત્તર :— સ્વભાવનો સિદ્ધાંત છે. આ સોનગઢના ઘરનું ક્યાં છે? આ તો અંતર સ્વભાવ બધાનો આવો સ્વભાવ છે. બધાનો આવો જ સ્વભાવ છે. ભગવાન એવો છે. પૂર્ણાનંદ પ્રભુ દર્શન-જ્ઞાનચેતનાથી ભરેલો છે. નિગોદનો આત્મા પણ દર્શન-જ્ઞાનથી ભરેલો છે અને અભવિ આત્મા પણ દર્શન-જ્ઞાનથી ભરેલો છે. એ પર્યાયમાં નાલાયક, પુરુષાર્થ સ્વભાવ તરફ કરતો નથી. બાકી સ્વભાવ તો ભગવાન જ છે ઈ પણ.

મુમુક્ષુ :— અજ્ઞાનીનું સ્વરૂપ..

ઉત્તર :— અજ્ઞાની તો પર્યાય છે, વસ્તુમાં ક્યાં અજ્ઞાન છે. સમજાણું કાંઈ? અભવિનો આત્મા પણ નિશ્ચય જ્ઞાન-દર્શનચેતનાથી ભરેલો છે. ફક્ત એ જ્ઞાન-દર્શનચેતના ભગવાન આત્માની છે. એ તરફનો ઝુકાવ કરતો નથી, અનાદિનું અજ્ઞાન છે તેથી રખડે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નહિ, નહિ. કર્મ નિમિત્ત. પોતાની પર્યાયની યોગ્યતાથી વિકાર અને મિથ્યાત્વરૂપ પરિણમે છે, કર્મ-ફર્મથી નહિ. કર્મની અપેક્ષા વિના અભવિ પણ પોતામાં મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત (પણે પરિણમે છે). એ પંચાસ્તિસકાયની ૬૨ ગાથા આવી ગઈ છે, ૬૨ ગાથા. અભિન્ન કારક. સર્વ જીવના પોતાથી જ મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ-દ્વેષના પરિણામ (પરિણમે છે). પરની અપેક્ષા રાખતું નથી. નિશ્ચય પરિણમન પરકારકની અપેક્ષા રાખતું નથી. એમ ૬૨ ગાથામાં આવી ગયું છે.

મુમુક્ષુ :— એ આપે શિક્ષણવર્ગમાં ... કરી દીધું છે.

ઉત્તર :— કરી દીધું છે, બધામાં લખ્યું છે. પ્રશ્નોત્તર આદિમાં બધામાં આવી ગયું છે. હવે વાત બહુ બાકી નથી રહી. સમજાણું કાંઈ? પ્રશ્નોત્તરમાં, એમાં બધામાં આવી ગયું છે. ઘણા ગ્રંથો થયા. કેટલા થયા છે? તપસી! ત્યાં તપસી સૂતા હશે. કેટલા નંબરના થયા? ૯૫? ૯૨? ઠીક. સમજાણું કાંઈ? ઘણા પુસ્તકમાં સ્પષ્ટ આવ્યું છે.

મુમુક્ષુ :— અનંતાનુબંધી..

ઉત્તર :— અહીંયાં તો કહે છે, આત્મા '**સ્વભાવનિયત અસ્તિત્વ વડે...**' આહાહા..! જુઓ! સ્વભાવ—જ્ઞાન, દર્શન. નિયત—નિશ્ચય. એનું અસ્તિત્વ-હોવાપણે. '**અનુવર્તે છે...**' સ્વભાવને અનુસરીને વર્તે છે, અંતરમાં આચરણમાં એનું નામ નિશ્ચયચારિત્ર અને મોક્ષનો માર્ગ ભગવાન કહે છે. '**(—સ્વભાવનિયત અસ્તિત્વ વડે પરિણમીને...)**' જુઓ! વર્તે છેને (એટલે), અનુસરે છે.

'**(અનન્યમય આત્માને જ)...**' અનન્યમય આત્માને જ '**આત્માથી જાણે છે...**' અનન્ય આત્માને જ આત્માથી આત્માને જ, '**આત્માને જાણે છે અર્થાત્ સ્વપરપ્રકાશકપણે ચેતે છે,...**' પોતાને જ સ્વપરચેતનાથી ચેતે છે પોતાના આચરણમાં, એ જ નિશ્ચય સ્વરૂપનું આચરણ છે પર્યાયમાં. '**(અનન્યમય આત્માને જ) આત્માથી દેખે છે...**' જુઓ! અનન્ય આત્માને જ. એક તો આચરે છે એમ કહ્યું, અનુવર્તે છે. જાણે છે કહ્યું અને આત્માથી દેખે છે. સમજાણું કાંઈ? '**યથાતથપણે અવલોકે છે,...**' પોતાને જ દર્શનથી અવલોકે છે. જ્ઞાનથી જાણે છે, દર્શનથી દેખે છે. '**તે આત્મા જ ખરેખર ચારિત્ર છે, જ્ઞાન છે, દર્શન છે...**' લ્યો. આ જ ભગવાન આત્મા ખરેખર ચારિત્ર છે. આ પંચમકાળના મુનિ પંચમકાળના પ્રાણીઓને કહે છે કે ચોથા કાળ માટે આ કહ્યું છે? એ.. પંચમકાળ! હજી ૯૦૦ વર્ષ પહેલા તો થયા છે અમૃતચંદ્રાચાર્ય. એ તો કહે છે કે પંચમકાળના સંત પંચમકાળના જીવોને કહે છે. કહો, સમજાણું કાંઈ? અરે.. આત્મા! જ્ઞાન-દર્શનમય તારો (સ્વભાવ) એનું આચરણ, એને જાણવું, એને દેખવું એ જ તારી વસ્તુ છે. સમજાણું કાંઈ?

ચારિત્ર, '**આત્મા જ ખરેખર ચારિત્ર છે,...**' આત્મા જ ખરેખર '**જ્ઞાન છે,...**' એમ લેવું. આત્મા જ ખરેખર '**દર્શન છે...**' ત્રણે બોલ લેવા છેને. ચારિત્ર પહેલા લીધું હતુંને. અર્થમાં પહેલા લીધું હતું, અહીં પણ પહેલા લીધું છે. પાઠમાં પહેલા (લીધું છે) અને અહીં પણ પહેલા લીધું છે. '**એમ કર્તા-કર્મ-કરણના અભેદને લીધે નિશ્ચિત છે.**' લ્યો, આવ્યું તમારું. સમજાણું કાંઈ? એમ કર્તા. જ્યારે આત્મા આત્માને આત્માથી આચરે છે. જ્યારે આત્મા આત્માને આત્માથી આચરે છે, જાણે છે, દેખે છે ત્યારે કર્તા પણ આત્મા. આત્મા. કર્મ પણ આત્માને આત્માથી અને કરણ. ત્રણે આવી ગયા જુઓ! આત્મા એ કર્તા, આત્માને એ કાર્ય, આત્માથી એ કરણ. આચરે છે, જાણે છે, દેખે છે. આત્મા આત્માને આચરે છે,

આત્મા આત્માને આત્માથી આચરે છે. આત્મા આત્માને આત્માથી દેખે છે, આત્મા આત્માને આત્માથી જાણે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— વિકલ્પથી નહિ, નિમિત્તથી નહિ, ઇન્દ્રિય-ફિન્દ્રિયથી નહિ. લ્યો, પેલા કહે છે, ઇન્દ્રિય વિના ક્યાં જાણી શકે છે? હવે સાંભળ તો ખરો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ ઇન્દ્રિયથી તો બહાર રહે છે. ઇન્દ્રિયોથી શું થાય છે? એ તો પહેલા કહ્યું હતુંને, નહિ? જયધવલમાં આવે છે. ઇન્દ્રિયથી તારામાં જ્ઞાન થયું તો સામાન્યજ્ઞાન વિશેષ વિના રહ્યું? સામાન્ય જ્ઞાનગુણ જે છે એનું વિશેષ ક્યાં રહ્યું? સામાન્યનું વિશેષ છે કે ઇન્દ્રિયનું વિશેષ છે? સામાન્યનું વિશેષ છે. ત્રિકાળ જ્ઞાનગુણ જે આત્માનો છે એની વિશેષ પર્યાય થઈ છે. શું ઇન્દ્રિયથી થઈ છે? ઇન્દ્રિયથી થઈ હોય તો સામાન્યે શું કર્યું? સમજાણું કાંઈ? સામાન્ય કોણ? ગુણ. ત્રિકાળ રહેવાવાળો જ્ઞાનગુણ. એ વિશેષ નામ પર્યાય વિના રહ્યો? એ સામાન્યનું વિશેષ વર્તમાન પર્યાયમાં છે કે નહિ? તે જ કાળે સામાન્યનું વિશેષ છે કે નહિ? એ વિશેષ ઇન્દ્રિયોએ કર્યું તો સામાન્યે શું કર્યું? સમજાણું કાંઈ? ઈ જયધવલમાં લીધું છે. ઈ આવ્યું હતું.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ... પહેલા (સંવત) ૨૦૦૦ની સાલમાં ગ્રંથ આવ્યો હતોને. વિંછીયા. ત્યારથી એ બોલ બહાર મૂક્યો હતો. અને એ તો ત્યારે ૧૯ બોલ આવ્યા હતા. બંસીધરજી હતા. માગશર સુદ-૧૨નું વ્યાખ્યાન છે. વસ્તુવિજ્ઞાનસાર. ૧૯ બોલ છેને? એક કલાકનું ઈ વ્યાખ્યાન છે. માગશર સુદ-૧૨. ૨૦૦૨ની સાલ. એમાં ઇન્દ્રિયે તને શું કર્યું? ઇન્દ્રિય તો જડ છે, માટી છે. એનું વિશેષ તો એની પાસે રહ્યું. પરમાણુ છે એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. અને એ વિશેષે તારું વિશેષ કર્યું? જ્ઞાનની પર્યાય એ વિશેષે કરી? અને એના વિશેષની પર્યાય તારા વિશેષથી થઈ? સમજાણું કાંઈ? એ પરમાણુ જે છે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ સામાન્ય ત્રિકાળ એની વર્તમાન વિશેષ પર્યાય. તો સામાન્યે વિશેષ પર્યાય બનાવી કે તારા વિશેષથી થઈ? એમ ... ચાલે છે. જુઓ! એનું વિશેષ છે. એ સામાન્યનું વિશેષ છે, એ તારું વિશેષ છે? અને આત્મામાં જે વર્તમાનમાં જ્ઞાન થાય છે એ સામાન્ય જ્ઞાનગુણ ત્રિકાળનું વિશેષ છે. શું ઇન્દ્રિયનું વિશેષ છે? ઇન્દ્રિયનું વિશેષ એમાં રહ્યું, પોતાનું વિશેષ પોતામાં રહ્યું. સમજાણું કાંઈ?

તો કહે છે, આત્મા કર્તા. સ્વતંત્રપણે કરે તે કર્તા. પોતાની એક એક ગુણની પર્યાયને સ્વતંત્રપણે કરે તે કર્તા. આત્મા કર્મ. આત્માનું ઇષ્ટ તે કર્મ. જ્ઞાનીનું ઇષ્ટ શુદ્ધ પર્યાય, અજ્ઞાનીનું ઇષ્ટ અશુદ્ધ પર્યાય. અહીં તો શુદ્ધ પર્યાયની વાત ચાલે છે. કર્તા, સ્વતંત્રપણે કરે તે કર્તા.

અને કર્તાનું પ્રિય તે કર્મ છે. અજ્ઞાની કર્તા થઈને પ્રિય—વિકારનું કાર્ય કરે છે. જ્ઞાની કર્તા થઈને પ્રિય—શુદ્ધ પર્યાયને કરનારનું કાર્ય કરે છે. સમજાણું કાંઈ? અને કરણ પણ આત્મા, સાધન પણ આત્મા. ઇન્દ્રિયો કરણ નહિ. પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર માટે ઇન્દ્રિયો કરણ નહિ, સાધન નહિ, એ વિકલ્પ સાધન નહિ. કોણ? એ વ્યવહારરત્નત્રયના વિકલ્પ સાધન નહિ. વિકલ્પ રત્નત્રય કર્તા નહિ, નિશ્ચયમોક્ષમાર્ગનો. અને વિકલ્પ, મોક્ષમાર્ગનું કાર્ય નહિ.

આ પ્રમાણે અહીંયાં કર્તા, કર્મ, કરણની અભિન્નતા છે. ઓહો..! સમજાણું કાંઈ? પોતાનો જ આત્મા પોતાથી શુદ્ધનો કર્તા, શુદ્ધ કાર્ય, શુદ્ધ કરણ નામ સાધનથી શુદ્ધ કર્તા છે. જુઓ, એ પહેલા આવ્યું હતું, વ્યવહાર સાધન. વ્યવહારરત્નત્રય વ્યવહાર સાધન. આ નિશ્ચયરત્નત્રયનું નિશ્ચય પોતાનું સાધન. પોતાના સાધનથી નિશ્ચયરત્નત્રય કરે છે. પરથી કહેવું એ વ્યવહારનું કથન જાણવાલાયક છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૨, મંગળવાર, તા. ૨૫.૮.૧૯૬૪**
**ગાથા-૧૬૨, ૧૬૩ પ્રવચન-૧૧**

૧૬૨ ગાથા ચાલે છે, મોક્ષમાર્ગ વિસ્તારના વર્ણનમાં. જુઓ! અહીં સુધી આવ્યું છે. '**તે આત્મા જ ખરેખર ચારિત્ર છે, જ્ઞાન છે, દર્શન છે...**' જુઓ! જરી સૂક્ષ્મ વાત. પોતાનો આત્મા એમાં કર્તા, કર્મ, કરણ આદિ છ શક્તિઓ અનાદિની પડી છે. આત્મદ્રવ્યમાં છ શક્તિઓ—કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ—તો અહીંયાં ત્રણ શક્તિનું વર્ણન મુખ્યપણે લીધું છે. આત્મા છઠ્ઠા ગુણસ્થાનમાં જ્યારે હોય એની મુખ્યપણે અહીંયાં વાત (લીધી છે). ત્યારે પોતાના આત્માના આશ્રયે જેટલા સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પરિણતિ થઈ છે એ તો સંવર, નિર્જરારૂપ છે, સ્વરૂપ જ છે. સાથે જેટલા વ્યવહારમોક્ષમાર્ગના વિકલ્પ વૃત્તિ સ્વપરપ્રત્યય આશ્રયે વિભાવ, વિકાર, વિકલ્પ ઉત્પન્ન થાય છે એને વ્યવહારમોક્ષમાર્ગ કહે છે. પરસમય વ્યવહાર હવે બંધનું કારણ કહેશે. સ્વપરપ્રત્યય છે તો બંધનું કારણ, એને સપ્તમ ગુણસ્થાનને યોગ્ય જે મોક્ષમાર્ગ છે એના વિકલ્પને વ્યવહારસાધન કહેવામાં આવ્યું છે અને વ્યવહારસાધન વ્યવહારનયથી અત્યંત ઘટે છે એમ પણ એમાં કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? સ્વપરપ્રત્યય વ્યવહાર અભૂતાર્થ છે. એક જ ગાથા મહાસિદ્ધાંત.

ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ધ્રુવ '**भूदत्थम सुद्धणओ**' '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ભૂતાર્થ ત્રિકાળ ભગવાન એ જ શુદ્ધનય છે, એ જ શુદ્ધનય છે, એ જ નિશ્ચયનય છે. અને વ્યવહાર જેટલો પર્યાય, વિકલ્પ આદિ છે એ અભૂતાર્થ, અસત્યાર્થ છે, આશ્રય કરવાલાયક નથી. તો એમાં મોક્ષમાર્ગની પર્યાયમાં પણ બે પ્રકાર છે. એક—ભૂતાર્થ મોક્ષમાર્ગ, એક—અસત્યાર્થ મોક્ષમાર્ગ. અસત્યાર્થ કહો કે અભૂતાર્થ કહો, ભૂતાર્થ કહો કે સત્યાર્થ કહો. ભૂતાર્થ મોક્ષમાર્ગ પોતાના દ્રવ્યના આશ્રયે શુદ્ધ ચૈતન્ય શ્રદ્ધા, અનુભવ, આનંદનો અનુભવ, જ્ઞાનનું વેદન અને સ્વરૂપની સ્થિરતા જેટલા અંશે થઈ તેટલો સ્વઆશ્રય, તેને ભૂતાર્થ માર્ગ અથવા ભૂતાર્થ બંધને છેદવાની પર્યાય ભૂતાર્થ કહેવામાં આવે છે. અને જેટલો વિકલ્પ આવ્યો એ પરાશ્રય છે, આ સ્વાશ્રય છે, વિકલ્પ પરાશ્રય છે. તો પરાશ્રયો વ્યવહાર. એ વ્યવહાર નિશ્ચયમોક્ષમાર્ગની અપેક્ષાએ વ્યવહારને નિમિત્ત સાધનરૂપે કહ્યું તોપણ એ અસત્યાર્થ છે. ખરેખર મોક્ષમાર્ગ (નથી), માટે એ અસત્યાર્થ છે. સમજાણું કાંઈ? આમાં બહુ ગડબડ ચાલે છે.

મુમુક્ષુ :— બહુ કઠણ છે.

ઉત્તર :— કઠણ કંઈ નથી, સીધી એક જ વાત છે. આગમપ્રમાણ (આપો). આ આગમપ્રમાણ નથી? વ્યવહાર અભૂતાર્થ (છે).

મુમુક્ષુ :— ...

ઉત્તર :— વ્યવહાર અભૂતાર્થ શું છે? બધોય વ્યવહાર અભૂતાર્થત્વાત્, અસત્યાર્થત્વાત્ અસત્ય અર્થને પ્રદ્યોતન કરે છે એવો પાઠ છે. ભગવાન અમૃતચંદ્રાચાર્યની ટીકાનો પાઠ, ભગવાન કુંદકુંદાચાર્યનો 'વ્યવહાર અભૂતાર્થ' એ શબ્દ પાઠ છે. સઘળોય વ્યવહાર અભૂતમ્ અસત્યમ્ અર્થં, અસત્ય અર્થને પ્રદ્યોત કરે છે. પંડિતજી! વ્યવહારમોક્ષમાર્ગ જે વિકલ્પમાં આવ્યો સ્વપરપ્રત્યય,.. એનો અર્થ એ નથી સ્વનો અર્થ કે સ્વના આશ્રયે જરી શુદ્ધતા અને પરના આશ્રયે છે તેટલી અશુદ્ધતા. એમ અર્થ છે જ નહિ. સ્વપરપ્રત્યય—સ્વ પોતાના આત્માની અશુદ્ધતા એ સ્વ, એમાં પર નિમિત્ત થયું, એનાથી જે વિકલ્પ ઉત્પન્ન થયો રાગની મંદતા એને વ્યવહારમોક્ષમાર્ગનો આરોપ ઉપચારથી સહચારી-સાથે જોઈને, નિમિત્ત જોઈને એને ઉપચારથી વ્યવહાર કહેવામાં આવ્યો છે. નિમિત્ત છે તે યથાર્થ મોક્ષમાર્ગ છે જ નહિ. ઓહોહો..! બહુ આ ઝઘડા ચાલ્યા છે, હોં! ત્યાં તમારે વધારે ચાલશે હજી તો. ઈંદોરમાં, કલકત્તામાં ને.. ઓલો કહે, એકાંત છે. એની સાથે વિરોધ કરનારા આવો. બહુ સારું ભાઈ!

આત્મા મહાન અખંડાનંદ પ્રભુ પૂર્ણ અનંત શાંતરસ અવિકારીરસનું સત્ત્વ, એના આશ્રયે એના ધ્યેયથી જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થયા તો કહે છે કે એ દર્શન, જ્ઞાન, ચારિત્રનો કર્તા આત્મા છે. શું કહ્યું? નિશ્ચયમોક્ષમાર્ગની નિર્વિકારી પર્યાયનો કર્તા આત્મા છે. વિકલ્પ નહિ, વ્યવહાર નહિ, નિમિત્ત નહિ એ એમાં સિદ્ધ થઈ ગયું. બરાબર છે? સમજાણું કાંઈ? એ કર્તા ખરેખર આત્મા જ ચારિત્ર છે, જ્ઞાન છે, દર્શન છે '**એમ કર્તા, કર્મ, કરણના અભેદને લીધે...**' જુઓ! જ્ઞાનપ્રભુ પોતાનો સ્વભાવ જ નિર્વિકારી મોક્ષની અભેદ પર્યાયને કરનારો. સમજાણું કાંઈ? પહેલા વ્યવહારથી સાધન કહ્યું હતું એ કરનારો આત્મા નહિ એમ અહીંયાં નિશ્ચય કહ્યો. એ ઉપચારથી કથન હતું, યથાર્થપણે નહિ. છઠ્ઠા ગુણસ્થાનમાં સ્વપરપ્રત્યય વ્યવહારમોક્ષમાર્ગ જે કહ્યો હતો એ યથાર્થમાં સપ્તમ ગુણસ્થાનયોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગ છે એનો યથાર્થમાં કર્તા નથી. એનો-નિશ્ચયમોક્ષમાર્ગની પર્યાયનો કર્તા આત્મસ્વભાવ છે. કહો, સમજાણું? અહીંયાં એ વાત છે. વિકલ્પનો કર્તા (નથી) એ વાત અત્યારે લેવી નથી. વિકલ્પ પોતાનો કર્તા ને પોતાનું કર્મ. ને નિમિત્ત તો બીજી વસ્તુ છે, અહીંયાં ઈ વાત નથી.

રાગ પોતાથી થયો, પોતાનું કાર્ય, પોતાનું સાધન, પોતે રાખ્યો, પોતાથી અને પોતાના આધારે (થયો). એ અશુદ્ધ પર્યાયના ષટ્કારક પોતાથી થાય છે, નિમિત્તથી નહિ. એ વાત તો પહેલા પરથી પૃથક્ કરવા માટે કહી. પરથી પૃથક્ કરવા માટે કહી. હવે અહીંયાં અશુદ્ધ ઉપાદાન એક સમયના અંશમાં ષટ્કારક જે મલિન પર્યાયનો કર્તા આદિ હતું એ પણ આત્મા હવે નહિ. નિશ્ચય સ્વભાવમાં ધ્યેયમાં લાગ્યો અને નિશ્ચયમોક્ષમાર્ગની પર્યાય સપ્તમ ગુણસ્થાનયોગ્ય જે પર્યાય થઈ એનો કર્તા સ્વભાવ ભગવાન આત્મા જ છે. પૂર્વે વિકલ્પ હતો તે એનો કર્તા નથી. સમજાણું કાંઈ?

આત્મા એ રાગનો કર્તા નહિ. સાંભળો! વ્યવહારમોક્ષમાર્ગનો કર્તા આત્મા નહિ. કેમકે

નિશ્ચય (મોક્ષમાર્ગ) અહીંયાં થયો છે. પણ વ્યવહારમોક્ષમાર્ગ કર્તા થઈને નિશ્ચયમોક્ષમાર્ગ થયો છે એમ પણ નથી. સમજાણું કાંઈ? રાજમલજી! ઈ તમારે ચર્ચા બહુ થશે માથે. ટોડરમલે શું ઘરનું કહ્યું છે? ટોડરમલે તો પોતે દાખલો આપીને કહ્યું છે કે નિશ્ચયનય અને વ્યવહારનયને પરસ્પર વિરોધ છે. એ આચાર્યનો—કુંદકુંદાચાર્યનો દાખલો આપ્યો. '**ववहारोऽभूदत्थो**' માટે વ્યવહારમોક્ષમાર્ગ તે અભૂતાર્થ છે. ભૂતાર્થ માર્ગ એક જ પોતાના સ્વભાવના આશ્રયે નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પોતાના આત્માનો અનુભવ તે એક જ નિશ્ચયમોક્ષમાર્ગ છે. દાખલો કુંદકુંદાચાર્યની ગાથા મૂકીને તો વાત કરી છે. ઘરની વાત કરી છે એણે? સમજાણું કાંઈ? એમ બધામાં લગાવી લેવું.

કર્તા—નિશ્ચયથી એક ભૂતાર્થ આત્મા. જુઓ! બીજો કોઈ કર્તા નહિ. વિકારનો કર્તા પણ પોતાની પર્યાય છે, નિમિત્ત નહિ. હવે અહીંયાં વિકારનો કર્તા ન લેવું, અહીં નિશ્ચયમોક્ષમાર્ગનો કર્તા લેવું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાન, આનંદનો કંદ પ્રભુ, પોતાનો કર્તા નામનો ગુણ છે એ ધ્યેય આત્માથી કર્તાનો ગુણભેદ પણ કર્યા વિના આત્મા જ નિર્મળ નિર્વિકારી મોક્ષમાર્ગની સપ્તમ ગુણસ્થાનયોગ્ય દશાનો કર્તા આત્મા છે. પૂર્વનો રાગ નહિ અર્થાત્ આ પૂર્વની પર્યાય એ પણ વર્તમાન મોક્ષમાર્ગની કર્તા નહિ. જે અભેદ સાધ્યસાધન પહેલા કહ્યું હતું.. સમજાણું કાંઈ? પહેલા અભેદ સાધન કહ્યું હતુંને? કે છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય જે નિર્મળ છે તે અભેદ સાધન છે. કેમકે ઈ પણ નિર્મળ છે, ઈ સપ્તમ ગુણસ્થાનની સાધ્યદશા નિર્મળ છે. અહીંયાં તો કહ્યું કે સીધો આત્મા નિર્મળ મોક્ષમાર્ગની પર્યાયનો કર્તા છે. નવરંગભાઈ!

મુમુક્ષુ :— પૂર્વની પર્યાય...

ઉત્તર :— એ તો જ્ઞાન કરાવવા માટે કહ્યું હતું. સમજાણું કાંઈ? આહાહા..! એ.. ડાલચંદજી! આ તમે બધા મોઢા આગળ (બેસનારાને) સમજવું (પડશે). ન્યાં વાંધા ઉઠશે હોં સામે. સામે તૈયાર થાવું પડશે.

મુમુક્ષુ :— તૈયાર છીએ.

ઉત્તર :— તૈયાર છે. કોઈને માટે ક્યાં, પોતાને માટે તો તૈયાર થવું જોઈએને. એમાં શંકા ન પડે, વિરોધ ન હોય, ડામાડોળ ન હોય એમ નક્કી કરવું એ પોતાને માટે છે, બીજાને માટે નહિ.

તો કહે છે કે, અહીંયાં ભગવાન આત્મા પોતાની સપ્તમ ગુણસ્થાનયોગ્ય નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાયમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રણેની એકતાના અભેદ પરિણમનમાં આત્મા જ કર્તા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— શુદ્ધ પરિણતિ..

ઉત્તર :— એ શુદ્ધ પરિણતિ પણ સીધી નહિ, આત્મા જ સીધો નિર્મળ પર્યાયનો કર્તા છે એમ કહ્યું. પંડિતજી! નિમિત્તકર્તા નહિ, વિકલ્પ વ્યવહારમોક્ષમાર્ગ પહેલા થયો એ

કર્તા નહિ અને પૂર્વે શુદ્ધ પર્યાય છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય હતી એ પણ વર્તમાન અભેદ પરિણમન કાર્યમાં ઈ કર્તા નહિ, આત્મા જ સીધો કર્તા છે. સમજાણું કાંઈ? અને કર્મ—કાર્ય એ પણ પોતાથી છે. આત્મા જ કાર્ય કરવાવાળો છે. એ કર્તા અને કાર્ય. નિર્મળ મોક્ષમાર્ગની પર્યાય પોતાનું કાર્ય છે, આત્માનું કાર્ય છે. વ્યવહારનું કાર્ય નહિ, નિમિત્તનું કાર્ય નહિ, પૂર્વની પર્યાયનું પણ કાર્ય નહિ. સમજાણું કાંઈ? રાગનો પર કર્તા નહિ, પર્યાય કર્તા. પછી, સ્વભાવ મોક્ષમાર્ગનો કર્તા વિકલ્પ નહિ, પોતાના સ્વભાવ કર્તા, એ એનું કાર્ય. સ્વભાવનું એ કાર્ય છે. વિભાવનું કાર્ય નહિ, પૂર્વની પર્યાયનું કાર્ય નહિ, નિમિત્તનું કાર્ય નહિ. સમજાણું કાંઈ? જુઓ!

'**કર્તા-કર્મ-કરણ...**' સાધન. જે પહેલા સાધન કહ્યું હતું... જુઓ! વ્યવહાર થઈ ગયો. પૂર્વે વિકલ્પને સાધન કહ્યું હતું એ સાધન નહિ. અને પૂર્વે છઠ્ઠા ગુણસ્થાનની નિર્મળ પર્યાયને નિશ્ચય અભેદ સાધન કહ્યું હતું, અહીંયાં નિશ્ચયમાં પોતેજ કરણ—સાધન થઈને નિશ્ચયમોક્ષમાર્ગની પર્યાય સીધી પોતાથી વર્તમાનમાં થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! આ સીધો આત્મા કર્તા, કર્મ અને કરણ એ તો સમજાવવું છેને. ન્યાં અંદર ભેદ નથી. આ તો સમજાવવા માટે વાત કરી છે કે પોતાનો આત્મા જ કરણના '**અભેદને લીધે નિશ્ચિત છે,...**' પોતાનો સ્વભાવ શુદ્ધ ચિદાનંદ, એમાં અનાદિ કરણગુણ પડ્યો છે-સાધનગુણ પડ્યો છે. આત્મામાં હોં! ત્રિકાળ. તો એ સાધનગુણને ધરનારો ભગવાન એ આત્મદ્રવ્ય જ સાધનગુણથી પરિણમીને પોતાની નિશ્ચયમોક્ષમાર્ગની પર્યાયરૂપ પરિણમન કરે છે. પૂર્વની પર્યાય નહિ, નિર્મળ નહિ, રાગ નહિ, નિમિત્ત નહિ. સમજાણું કાંઈ? બાબુભાઈ! આ તો ગઈકાલે છેલ્લે આવ્યું હતુંને, એટલે બહુ સ્પષ્ટ નહોતું થયું. છેલ્લી ભાષા હતીને. જુઓ!

'**આત્મા જ ખરેખર ચારિત્ર છે, જ્ઞાન છે, દર્શન છે—એમ કર્તા, કર્મ, કરણના અભેદને લીધે...**' છેને નીચે? આ આત્મા આત્માને, આત્મા કર્તા, આત્મા કર્મ, આત્માથી કરણ. ત્રણે લીધા. આચરે છે. પોતાના કર્તા, કર્મ, કરણથી આચરે છે. પોતાના કર્તા, કર્મ, કરણથી જાણે છે. પોતાના કર્તા, કર્મ, કરણથી પોતાને જાણે છે. પોતાના કર્તા, કર્મ, કરણથી પોતાને દેખે છે. ઓહોહો..! સમજાણું કાંઈ? ત્રણેમાં લેવું. આહાહા..! ભગવાન ચિદાનંદસ્વરૂપ પૂર્ણ સ્વભાવ પૂર્ણ ધ્રુવ ધ્યેય અંતર પૂર્ણ શક્તિના રસકંદ ઉપર દૃષ્ટિ કરવાથી, એ તરફ વર્તમાન પર્યાયને ઢાળવાથી એ આત્મા જ પોતાનો કર્તા, કાર્ય અને સાધન થઈને ચારિત્રનું આચરણ કરે છે. ચારિત્રનું આચરણ, ચારિત્રનું આચરણ, પોતાનો કર્તા, કાર્ય અને સાધન થઈને આત્મા ચારિત્રનું આચરણ કરે છે. ચારિત્રનું અનુષ્ઠાન આત્મા પોતાથી કર્તા, કાર્ય અને સાધનથી આચરે છે. સમજાણું કાંઈ? અને ભગવાન આત્મા પોતાના કર્તા, કાર્ય અને સાધન દ્વારા પોતાને જાણે છે. પોતાના કર્તા, કાર્ય અને કરણ દ્વારા પોતાને જાણે છે. બીજાની વાત અહીંયાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? કર્તા, કાર્ય.. કર્મ નામ કાર્ય, અને કરણના સાધન દ્વારા, કર્તા દ્વારા, કાર્ય દ્વારા પોતાને અવલોકે છે, પોતાને દેખે છે, પોતાને શ્રદ્ધે છે. અંતર્મુખ

પોતાનું અવલોકન પોતાના કર્તા, કાર્ય, કરણ દ્વારા કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'અભેદને લીધે નિશ્ચિત છે,...'** જુઓ! એ અભેદને કારણે કર્તા, કર્મનો નિશ્ચય છે. **'આથી (એમ નક્કી થયું કે) ચારિત્ર-જ્ઞાન-દર્શનરૂપ હોવાને લીધે...'** કોણ? **'ચારિત્ર-જ્ઞાન-દર્શનરૂપ હોવાને લીધે આત્માને જીવસ્વભાવનિયત ચારિત્ર જેનું લક્ષણ છે...'** જુઓ! ભગવાન આત્મા જ જીવસ્વભાવ નિશ્ચયચારિત્ર જેનું લક્ષણ છે. જુઓ! એક જ ચારિત્ર લક્ષણ થઈ ગયું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ના, લક્ષણ નથી લઈ શકતા શું, શુદ્ધાત્મપ્રવૃત્તિરૂપ મોક્ષમાર્ગ લક્ષણ છે. પ્રવચનસારમાં છે. બધામાં લક્ષણ છે. લક્ષણ ન હોય એમ હોય? શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ મોક્ષમાર્ગ છે. પ્રવચનસારમાં આવ્યું, અહીંયાં આવ્યું. પ્રવચનસારમાં છેને પાછળ મોક્ષમાર્ગનો અધિકાર? ત્યાં પણ લીધું, શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિ મોક્ષમાર્ગ. નિશ્ચય મોક્ષમાર્ગ, એકાગ્રતા મોક્ષમાર્ગ એ જ અંદર શ્રમણપણું છે. શુદ્ધાત્મ ભગવાન પૂર્ણાનંદની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ જ મોક્ષમાર્ગનું લક્ષણ છે.

અહીંયાં પણ કહ્યું, **'આત્માને જીવસ્વભાવનિયત ચારિત્ર જેનું લક્ષણ છે...'** કોનું? **'એવું નિશ્ચયમોક્ષમાર્ગપણું...'** નિશ્ચયમોક્ષમાર્ગનું લક્ષણ **'આત્માને જીવસ્વભાવનિયત ચારિત્ર જેનું લક્ષણ છે...'** સમ્યગ્દર્શન, જ્ઞાન તો છે જ, એ ઉપરાંત પોતામાં લીનતા-રમણતા, આનંદમાં મશગુલ થઈ જવું, મશગુલ છું કે નહિ એવો વિકલ્પ પણ છૂટી જવો, એવી દશાનું નામ ભગવાન નિશ્ચયમોક્ષમાર્ગનું લક્ષણ કહે છે અને **'અત્યંત ઘટે છે...'** જુઓ! નિશ્ચયમોક્ષમાર્ગનું લક્ષણ અત્યંત ઘટે છે. કહો, બરાબર છે? **'(અર્થાત્ આત્મા જ ચારિત્ર-જ્ઞાન-દર્શન હોવાને લીધે આત્મા જ જ્ઞાનદર્શનરૂપ જીવસ્વભાવમાં દઢપણે રહેલું ચારિત્ર જેનું સ્વરૂપ છે...'** લક્ષણ સ્વરૂપ લીધું. **'એવો નિશ્ચયમોક્ષમાર્ગ છે.'** કહો. અહીંયાં સપ્તમ ગુણસ્થાનને યોગ્યની વાત લીધી છે. વાત લખતી વખતે વિકલ્પ છે. મુનિને લખતી વખતે વિકલ્પ છે એ પુણ્યબંધનું કારણ છે, એને નિમિત્તથી વ્યવહારથી મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. ખરેખર એ છે નહિ. પોતાના સ્વરૂપમાં નિશ્ચયસમ્યગ્દર્શન ચોથાથી થાય છે પણ ત્યાં મોક્ષમાર્ગના ત્રણ અવયવ પૂર્ણ નથી તો ત્યાં મોક્ષમાર્ગ ઉપચારથી કહેવામાં આવે છે. પણ ઉપચારથી કહેવા છતાં યથાર્થ સમ્યગ્દર્શન અને જ્ઞાન નિશ્ચયથી છે. ઉપચાર તો ત્રીજો અવયવ નથી થયો માટે ઉપચાર કહેવામાં આવ્યો. નહિ કે ચોથા ગુણસ્થાનના સમ્યગ્દર્શન, જ્ઞાન વ્યવહાર સમ્યક્જ્ઞાન અને દર્શન છે. એમ છે નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બે માળ થઈ ગયા, એક માળ બાકી રહી ગયો. બસ, બસ. જુઓ, જૂના માણસ પણ આમ લ્યે છેને હવે. બે માળ થઈ ગયા, એક માળ બાકી રહ્યો. ત્રણ માળ

થઈ જશે એટલે નિશ્ચયમોક્ષમાર્ગ થઈ જશે અને અલ્પ કાળમાં અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થઈ જશે. ૧૬૨ ગાથા પૂરી થઈ. હવે ૧૬૩.

કેટલી વાત કરી છે, આટલું તો સ્પષ્ટ કર્યું છે. કર્તા, કર્મ, કરણ નાખી દીધા. વ્યવહાર સાધનથી અને વ્યવહારમોક્ષમાર્ગથી સાતમું ગુણસ્થાન થાય છે એ ક્યાં રહ્યું? આ તો કહે છે, સપ્તમ ગુણસ્થાનમાં વ્યવહારમોક્ષમાર્ગ જ છે અને કાં છઠ્ઠે વ્યવહારમોક્ષમાર્ગ નથી. એ તો અભેદ નથી તેથી મોક્ષમાર્ગ નથી. ચોથે મોક્ષમાર્ગ ઉપચારથી કહે છે તો છઠ્ઠે તો મોક્ષમાર્ગ છે જ. પણ ત્રણની એકતા નથી, અપૂર્ણતા છે ઈ અપેક્ષાથી અલ્પ ગણીને સાતમે નિશ્ચયમોક્ષમાર્ગ મુખ્યપણે શરૂ થાય છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

---

જેણ વિજાણદિ સવ્વં પેચ્છદિ સો તેણ સોક્ખમણુહવદિ।
इदि तं जाणदि भविओ अभवियसत्तो ण सद्दहदि।।१६३।।

येन विजानाति सर्व पश्यति स तेन सौख्यमनुभवति।
इति तज्जानाति भव्योभव्यसत्त्वो न श्रद्धत्ते।।१६३।।

જાણે-જુએ જે સર્વ તેથી સૌખ્ય-અનુભવ મુક્તને,
-આ ભાવ જાણે ભવ્ય જીવ, અભવ્ય નહિ શ્રદ્ધા લહે. ૧૬૩.

**અન્વયાર્થ :—** (येन) જેથી (આત્મા મુક્ત થતાં) (सर्व विजानाति) સર્વને જાણે છે અને (पश्यति) દેખે છે, (तेन) તેથી (सः) તે (सौख्यम् अनुभवति) સૌખ્યને અનુભવે છે;—(इति तद्) આમ (भव्यः जानाति) ભવ્ય જીવ જાણે છે, (अभव्यसत्त्वः न श्रद्धत्ते) અભવ્ય જીવ શ્રદ્ધતો નથી.

**ટીકા :—** આ, સર્વ સંસારી આત્માઓ મોક્ષમાર્ગને યોગ્ય હોવાનું નિરાકરણ (નિષેધ) છે.

ખરેખર સૌખ્યનું કારણ સ્વભાવની [1]પ્રતિકૂળતાનો અભાવ છે. આત્માનો 'સ્વભાવ' ખરેખર દૃશિ-જ્ઞપ્તિ (દર્શન અને જ્ઞાન) છે. તે બન્નેને [2]વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે. મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો અને દેખતો હોવાથી તેનો અભાવ હોય છે (અર્થાત્ મોક્ષમાં સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ હોય છે). તેથી તેનો [3]અભાવ જેનું કારણ છે એવા [4]અનાકુળતાલક્ષણવાળા પરમાર્થસુખની

---

૧. પ્રતિકૂળતા = વિરુદ્ધતા; વિપરીતતા; ઊલટાપણું.

૨. વિષયપ્રતિબંધ = વિષયમાં રુકાવટ અર્થાત્ મર્યાદિતપણું. (દર્શન અને જ્ઞાનના વિષયમાં મર્યાદિતપણું હોવું તે સ્વભાવની પ્રતિકૂળતા છે.

૩. પારમાર્થિક સુખનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.

૪. પારમાર્થિક સુખનું લક્ષણ અથવા સ્વરૂપ અનાકુળતા છે.

**મોક્ષમાં અચલિત અનુભૂતિ હોય છે—આ પ્રમાણે ભવ્ય જીવ જ [1]ભાવથી જાણે છે, તેથી તે જ મોક્ષમાર્ગને યોગ્ય છે; અભવ્ય જીવ એ પ્રમાણે શ્રદ્ધતો નથી, તેથી તે મોક્ષમાર્ગને અયોગ્ય જ છે.**

**આથી (એમ કહ્યું કે) કેટલાક જ સંસારીઓ મોક્ષમાર્ગને યોગ્ય છે, બધાય નહિ. ૧૬૩.**

## ગાથા—૧૬૩ ઉપર પ્રવચન

હવે ૧૬૩.

**जेण विजाणदि सव्वं पेच्छदि सो तेण सोक्खमणुहवदि।**
**इदि तं जाणदि भविओ अभवियसत्तो ण सद्दहदि।।१६३।।**

ઓહોહો..! '**ટીકા :— આ, સર્વ સંસારી આત્માઓ મોક્ષમાર્ગને યોગ્ય હોવાનું નિરાકરણ (નિષેધ) છે.**' બધા જીવ મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવાને લાયક નથી. સમજાણું કાંઈ? આમ એમ છે કે સર્વ જીવ છે (સિદ્ધ)સમ, સર્વ જીવ છે જ્ઞાનમય. સર્વ જીવ જ્ઞાનમય એક. પણ મોક્ષ પામવાને લાયક બધા છે એમ નથી. ઈ પર્યાયની વાત થઈ. સમજાણું કાંઈ? શેઠી! આમ, સર્વ જીવ છે સિદ્ધસમ. આત્મસિદ્ધિ. યોગસારમાં, સર્વ જીવ છે જ્ઞાનમય. સર્વ જ્ઞાનમય. આખો ચૌદ બ્રહ્માંડ પડ્યો છે, એકલો જ્ઞાનનો દરિયો—સાગર. અભવિ હો કે ભવિ હો કે નિગોદના અનંત (જીવ હો), એકલા જ્ઞાનના સૂર્ય, એકલા જ્ઞાનના સૂર્ય ચૌદ બ્રહ્માંડમાં (છે). આખો જ્ઞાનનો સૂર્ય પડ્યો છે. જ્ઞાનમય એ જ આત્મા. પણ એ તો સ્વભાવ કહ્યો. પર્યાયમાં મોક્ષ થવાને લાયક બધા છે એમ નથી. સમજાણું કાંઈ? '**આ, સર્વ સંસારી આત્મા...**' સંસારી આત્મા '**મોક્ષમાર્ગને યોગ્ય હોવાનું નિરાકરણ (નિષેધ) છે.**'

'**ખરેખર સૌખ્યનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.**' જુઓ, આ એક ટીકા. ખરેખર સૌખ્ય—આનંદનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે. સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ. સ્વભાવની પ્રતિકૂળતાનો સ્વભાવ એ સુખનો અભાવ. પણ સુખનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ એ વાસ્તવિક સુખનું કારણ. કર્મના અભાવની વાત અહીંયા લીધી નથી. કર્મનો અભાવ કરે તો પ્રતિકૂળતા ટળે અને કર્મનો સદ્‌ભાવ છે ત્યાં સુધી પ્રતિકૂળતા છે એમ નથી. ઈ કહે છે જુઓ.

'**આત્માનો 'સ્વભાવ'...**' પહેલા શું કહ્યું સમજાણું? સૌખ્યનું કારણ સ્વભાવની

---

૧. શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકામાં કહ્યું છે કે 'તે અનંત સુખને ભવ્ય જાણે છે, ઉપાદેયપણે શ્રદ્ધે છે અને પોતપોતાના ગુણસ્થાન અનુસાર અનુભવે છે.'

પ્રતિકૂળતાનો અભાવ. પ્રતિકૂળતાનો અભાવ. એનો અર્થ વાસ્તવિક સુખનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ, તો વાસ્તવિક સુખનો અભાવ એ સ્વભાવની પ્રતિકૂળતાનો સદ્‌ભાવ. સમજાણું કાંઈ? વાસ્તવિક સુખનો અભાવ, સ્વભાવની પ્રતિકૂળતાનો સદ્‌ભાવ. સમજાણું કાંઈ? સ્વભાવ ચૈતન્ય પોતાનો વિષય પૂર્ણ છે એટલો જ્યાં સુધી પ્રગટ ન કરે ત્યાં સુધી વિષયની મર્યાદા છે એ જ પૂર્ણ સુખના અભાવનું કારણ છે. પૂર્ણ સુખના અભાવનું ઈ કારણ છે. પોતાના વિષયમાં મર્યાદા રહી એ જ પૂર્ણ સુખના અભાવનું કારણ છે. સમજાણું કાંઈ? વિષયની પૂર્ણ મર્યાદા પૂર્ણ થઈ જાય, પૂર્ણ સુખનો અભાવ જે પ્રતિકૂળતાને (લઈને) હતો એ પ્રતિકૂળતા ગઈ તો પૂર્ણ સુખ થઈ ગયું. શું સમજાણું જરી? ભાષા..

પહેલા કહ્યુંને? **'ખરેખર સૌખ્યનું કારણ...'** આનંદનું—અતીન્દ્રિય આનંદનું કારણ **'સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.'** તો પ્રતિકૂળતાનો અભાવ થાય, સ્વભાવની મર્યાદા જે પૂર્ણ છે એવી મર્યાદા થઈ જાય તો સ્વભાવનો આનંદ આવી જાય. બીજી રીતે કહીએ તો ખરેખર આનંદનો અભાવ એ સ્વભાવની પ્રતિકૂળતાનો સદ્‌ભાવ. સમજાણું કાંઈ? ખરેખર આનંદનો અભાવ એ સ્વભાવની પ્રતિકૂળતાનો સદ્‌ભાવ. અહીંયાં કર્મની સાથે વાત લીધી જ નથી. પોતાનો સ્વભાવની મર્યાદા પૂર્ણ છે એવું જ્યાં સુધી (જ્ઞાન) ન કરે તો પરમ આનંદનો એને અભાવ છે. સમજાણું કાંઈ? અને દુઃખનો સદ્‌ભાવ છે. અને સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ, પૂર્ણ સ્વભાવનું જ્ઞેય (થયું)—પૂર્ણ સ્વભાવ વિષય થઈ ગયો તો પ્રતિકૂળતાનો અભાવ એ આનંદનું કારણ થયું. એ પૂર્ણાનંદનું કારણ.

મુમુક્ષુ :— ... એ વાત નથી લીધી.

ઉત્તર :— આ જ લીધું છે ત્યાં. નિમિત્તથી વાત કરી છે ત્યાં ઉપાદાન... નિમિત્ત અંતરના નૈમિત્તિકની પ્રસિદ્ધિ કરે છે. શું? નિમિત્તનું જ્ઞાન કરવામાં નિમિત્તના કાળમાં સામે નૈમિત્તિકની-ઉપાદાનની કઈ દશા છે એની નિમિત્ત પ્રસિદ્ધિ કરે છે. બસ, નિમિત્તે નૈમિત્તિકની પ્રસિદ્ધિ કરી છે. સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીય નિમિત્ત છે તો પ્રસિદ્ધિ કરે છે કે એમાં કેવળજ્ઞાનનો અભાવ છે. પોતાની પર્યાયમાં કેવળજ્ઞાનનો અભાવ છે એ જ્ઞાનાવરણીય છે તો નિમિત્તથી પ્રસિદ્ધિ (થાય છે કે) પોતાના કેવળજ્ઞાનમાં પોતાનો પુરુષાર્થનો અભાવ છે. પોતામાં કેવળજ્ઞાનની પર્યાયની પૂર્ણતા જોઈએ એનો અભાવ છે એ પોતાનો પુરુષાર્થ ઊંધો છે, એ જ્ઞાનાવરણીય નિમિત્ત-જ્ઞાનની પ્રસિદ્ધિ કરે છે કે એનો જ્ઞાનનો પુરુષાર્થ ઊલટો છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ભાઈ એમ કહે છે કે, આવા અર્થમાં તો મારવું મચડવું છે. એમ કહે છે. એમ સીધો અર્થ નથી તો મારીમચડીને આવો અર્થ થાય છે. વજુભાઈ! કહો. નહિ, સીધો આવો અર્થ છે. સમજાણું કાંઈ? એ ધવલમાં લીધું છે, ભાઈ! લીધી છેને એક? ચક્ષુદર્શનની એક વાત લીધી છે. ધવલમાં એવી વાત લીધી છે કે ચક્ષુદર્શન છે એ ક્ષયોપશમથી પોતાનું

કામ કરે છે. આ રૂપ જોવે છે એમ નહિ. રૂપ જોવું તો જ્ઞાન થઈ ગયું. તો ચક્ષુદર્શનનો ક્ષયોપશમ પોતાને દેખે છે એમ ત્યાં લીધું. શિષ્યે પ્રશ્ન કર્યો, મહારાજ! વીરસેનસ્વામીની આવી ગાથાનું ગળું કેમ મરડો છો? તમે કહ્યું એવો પાઠ છે, ધવલમાં પાઠ છે. આવી ગાથાનું ગળું કેમ મરડી નાખો છો? ગાથામાં એમ લખ્યું છે કે ચક્ષુદર્શનથી જોવું, ચક્ષુદર્શનથી જોવું. તમે કહો છો કે ક્ષયોપશમભાવથી પોતાને જોવાનું એમાં આવ્યું. પરને જોવા જાય તો જ્ઞાન થઈ જાય છે, દર્શન નહિ. સમજાણું કાંઈ?

ચક્ષુદર્શન છેને, તો લોકોને શું ખ્યાલ છે? કે આ ચક્ષુદર્શન દ્વારા આ જોયું કે આ ભગવાન છે, પરમાત્મા છે, આ સીમંધર ભગવાન છે. એમ ચક્ષુદર્શનથી જોવું એ ચક્ષુદર્શન. નહિ, એમ નહિ. એ તો જ્ઞાન થઈ ગયું. ચક્ષુદર્શન તો જ્ઞાન થયા પહેલા અંદર આત્માના ઝુકાવમાં ક્ષયોપશમનો વેપાર થઈ જાય છે એને ચક્ષુદર્શન કહે છે. ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો. પાઠમાં ચક્ષુદર્શનથી જોવું એમ છે અને તમે અંતર જોવાનું કહો છો, તો ગાથાનું ગળું મરડી નાખો છે. સમજાણું કાંઈ? ભાઈએ પ્રશ્ન કર્યો એવો જ ત્યાં પ્રશ્ન છે. ગાથાનું ગળું મરડી નાખો છો. અરે..! નથી મરડતા. સાંભળ! સાંભળ તો ખરો. અહીં દર્શનની વાત ચાલે છે, એમાં ચક્ષુદર્શને આ જોયું એ તો જ્ઞાન થઈ ગયું. એ તો સમજાવવાની ભાષા છે. ભાવ એનો એમ નથી.

ચક્ષુદર્શનથી શું જોયું? રૂપ. અચક્ષુદર્શનથી શું જોયું? અંદર અચક્ષુદર્શન. શબ્દ, ગંધ, રસ, સ્પર્શ. એમ નથી, એમ નથી. ચક્ષુદર્શનથી રૂપ જોવું એ દર્શનનો વિષય રૂપ છે જ નહિ. સામાન્ય અવલોકન દર્શન છે. ત્યાં રૂપ આવ્યું એ તો જ્ઞાન અવલોકન થઈ ગયું. અચક્ષુદર્શન, શબ્દ. અચક્ષુદર્શનનો વિષય શબ્દ છે. નહિ, શબ્દ છે એમ ઉપયોગ થયો એ જ્ઞાન થઈ ગયું. આ શબ્દ છે એમ જ્ઞાન થઈ ગયું. એ અચક્ષુદર્શન ઉપયોગ રહ્યો નહિ. સમજાણું કાંઈ? એમ ગંધ. આ સુખડ છે, હોં! આ અજાયબી છે. આ જાદુની લાકડી છે કે નહિ અહીંયાં? પંડિતજી! આ લાકડી માટે બહુ બોલાય છે. એક લાકડી એવી છે કે ત્યાં જાય તો બધા એમના થઈ જાય છે અને જેની ઉપર લાકડી ફરે એ પૈસાવાળા થઈ જાય છે. વળી એમ કહે. ઘણા માણસ વાતું કરે છે. આ તો હાથમાં પરસેવો થાય છે તો શાસ્ત્રને અડાય નહિ, તો લાકડીથી અડીએ છીએ. સમજાણું કાંઈ?

કહે છે કે આ સુગંધ છે. જુઓ! સુગંધ. આ સુગંધ અચક્ષુદર્શન ઘ્રાણેન્દ્રિયનો વિષય થયો. નહિ. એ સુગંધ છે એ તો જ્ઞાનનો ઉપયોગ થઈ ગયો. આ સુગંધ ખ્યાલ આવે તો જ્ઞાનનો ઉપયોગ થઈ ગયો. એ ક્ષણે અચક્ષુદર્શન ઉપયોગ જ્ઞાન થયા પહેલા થયો. સામાન્યરૂપ ક્ષયોપશમભાવ. બસ, એટલું. આ ગંધ છે, આ રસ છે, આ સ્પર્શ છે, આ શબ્દ છે, આ રૂપ છે, પાંચે ઇન્દ્રિયમાં અચક્ષુ, ચક્ષુના ઉપયોગમાં ભેદ પાડીને ઉપયોગ થતો નથી. સમજાણું કાંઈ? માણેકચંદજી! આજે ઝીણી વાત આવશે. આ તો ભાઈએ કહ્યું ને, ગાથાનો મારીમચડીને

અર્થ કરવો પડે છે. તો કહ્યું કે, જુઓ, અહીંયાં ગાથા છે. આમાં તો સીધી છે. એમાં તો તોડમરોડીને ઘણી એવી વાતો છે.

ચક્ષુદર્શન લીધો અને અર્થ કર્યો આચાર્યે પોતાનો ક્ષયોપશમભાવ. રૂપને જોવું એ ચક્ષુદર્શન નહિ. મહારાજ! બહુ ગળું મરડો છો. ના, ભાઈ! પ્રભુ! કથનની પદ્ધતિ એવી છે કે ચક્ષુદર્શનથી જોવે છે. તો રૂપને જોવું એ ચક્ષુદર્શન નહિ. ચક્ષુદર્શનમાં તો પોતાના ક્ષયોપશમભાવનો આત્માને વેપાર થાય છે એનું નામ ચક્ષુદર્શન કહેવામાં આવે છે. અને શબ્દ, ગંધ, રસ અને સ્પર્શ જાણવા પહેલા આ શબ્દ છે, એવું જ્ઞાન થયું એ અચક્ષુદર્શન વેપાર નહિ. અચક્ષુદર્શન તો સામાન્ય ક્ષયોપશમનો વેપાર અંતરમાં થાય છે એને અચક્ષુદર્શન કહે છે. કહો, રૂપચંદજી! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— અનુભવ કરવા માટે મારવું મચડવું ...

ઉત્તર :— નહિ, બિલકુલ થાય છે. વ્યવહાર અભૂતાર્થ છે એમાં મારવું મચડવું શું? વ્યવહાર ચોખ્ખો અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. નિજ પૂર્ણ રૂપને અને વાસ્તવિક રૂપને કહેતો નથી. પૂર્ણ રૂપને કેમ કહ્યું? કે પર્યાયને અભૂતાર્થ કહીને. સમજાણું કાંઈ? અને વાસ્તવિક રૂપ એ કહેતો નથી એનું નામ વ્યવહાર કહેવામાં આવ્યું છે.

તો અહીંયાં કહે છે, '**ખરેખર સૌખ્યનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.**' જુઓ! આમાં મારીમચડીને નથી કહ્યું કે કર્મની પ્રતિકૂળતાના અભાવથી સુખ થાય છે અને કર્મની પ્રતિકૂળતાના સદ્ભાવથી આનંદ નથી થતો. એમ વાત નથી. શેઠી! બહુ સૂક્ષ્મ છે. ખરેખર, આત્મા આનંદમૂર્તિ નિત્યાનંદ પ્રભુ એનું કારણ, પ્રગટ થવાનું કારણ એના સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ. પ્રગટ કેમ નથી થતો? એના સ્વભાવની પ્રગટ અવસ્થા મર્યાદિતને વિષય કરે છે તેથી અમર્યાદિત વિષય વગર પોતાનો આનંદ રોકાઈ ગયો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— સ્વભાવથી ...

ઉત્તર :— અભાવ કહ્યોને. નહિ, નહિ. આનંદનું કારણ કોણ? કે સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ. અસ્તિ-નાસ્તિ કહી. આનંદનું કારણ, આનંદનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ એ આનંદનું કારણ છે. સમજાણું કાંઈ? વિષય જરી સૂક્ષ્મ છે. કર્મ-ફર્મની વાત લીધી જ નથી. શું કહ્યું?

પોતાનો આત્મા સ્વભાવની પર્યાયનો વિષય પૂર્ણ કરવાવાળો છે. એ સિદ્ધ કરવું છે. આવ્યુંને ઉપર? જુઓને! '**जेण विजाणदि सव्वं पेच्छदि**' '**सव्वं**' શબ્દ પડ્યો છે અંદર. સર્વને દેખે તે સુખને અનુભવે. ભાઈ! આ તો ત્યાંથી કાઢીને કહ્યું કે '**जेण विजाणदि सव्वं पेच्छदि सो तेण सोक्खमणुहवदि। इदि तं जाणदि**' આ તો અહીંથી કાઢ્યું છે. શું કાઢ્યું છે? કુંદકુંદાચાર્ય મહારાજ એમ કહે છે, '**जेण विजाणदि सव्वं पेच्छदि सो तेण सोक्खमणुहवदि**' જે પૂર્ણ જાણે-દેખે તે પૂર્ણાનંદને અનુભવે, એવો પાઠ પડ્યો છે. સમજાણું

કાંઈ? તો અમૃતચંદ્રાચાર્યે એમાંથી કાઢ્યું. આહાહા..! જુઓ! જે કંઈ પૂર્ણ સ્વભાવનું જાણવું નથી થતું એ જ સુખના કારણનો અભાવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— પ્રતિકૂળતા છે.

ઉત્તર :— હા, પ્રતિકૂળતા. અહીં તો પાઠમાં એમ લીધું, **'जेण विजाणदि सव्वं पेच्छदि'** **'सव्वं जाणदि पेच्छदि'** એનો વિષય. કેમકે જ્ઞાન-દર્શન એનો સ્વભાવ. શું? આત્માનો જ્ઞાન-દર્શન કાયમી સ્વભાવ. તો કાયમી સ્વભાવનો **'सव्वं जाणदि पेच्छदि'** એનો વિષય પૂર્ણ. પૂર્ણ વિષય. તો પૂર્ણ વિષય જેને થયો એ **'सोक्खमणुहवदि'**. એ આનંદનો પૂર્ણ અનુભવ કરે છે. એ આ ગાથાના પહેલા પદનો અર્થ (છે). સમજાણું કાંઈ? પોતાના આત્મામાં... પહેલા લીધું હતુંને, સામાન્યચેતના અને વિશેષચેતના? એની વાત વિશેષ લંબાવે છે. કે સ્વભાવ આત્માનો શું કહ્યો? સામાન્ય દર્શનચેતના, વિશેષ જ્ઞાનચેતના. એનો વિષય કેટલો? **'सव्वं जाणदि पेच्छदि'** એનો વિષય પ્રગટ પર્યાય, **'सव्वं जाणदि पेच्छदि'**. **'सव्वं सोक्खमणुहवदि'**. **'सव्वं'** નામ પૂર્ણ. **'सव्वं जाणदि पेच्छदि'** જે જ્ઞાન-દર્શન પોતાના ચૈતન્યની સત્તાનો સ્વભાવ એની પર્યાયનો વિષય **'सव्वं जाणदि पेच्छदि'**. તો **'सोक्खमणुहवदि'**. તો **'सव्वं जाणदि पेच्छदि'** નથી ત્યાં સુખના અનુભવનો અભાવ છે.

મુમુક્ષુ :— અનિશ્ચિત પદાર્થને તો કેવળી જાણતા નથી.

ઉત્તર :— અરે..! અનિશ્ચિતની ક્યાં વાત છે? અહીં **'सव्वं जाणदि पेच्छदि'** એમાં... અરે..! ભગવાન! અનિશ્ચિત... બધું જાણવું, બધાને જાણવું-દેખવું એવી ચૈતન્યની સામાન્ય-વિશેષમય શક્તિ છે. પ્રગટ થઈ તો બધાને **'जाणदि पेच्छदि'** બસ! એ થઈ ગઈ. દ્રવ્ય-ગુણ અને પર્યાય એકાકાર થઈ ગયા. દ્રવ્ય પણ સામાન્યચેતના અને વિશેષચેતનાવાળું છે. ગુણ સામાન્ય અને વિશેષ ચેતનાસ્વરૂપ છે. એની પર્યાય સામાન્ય અને વિશેષરૂપ **'सव्वं जाणदि पेच्छदि'** થઈ ગઈ, એકરૂપ થઈ ગઈ એ સુખનું કારણ છે. એ આનંદનું કારણ છે. એમ અહીંયાં વાત લીધી છે. સમજાણું કાંઈ? આવડા સ્વભાવમાં પ્રતિકૂળતા જે છે અલ્પ મર્યાદાનો અભાવ થાય તો **'सव्वं जाणदि पेच्छदि'** થાય, તો પૂર્ણ આનંદ ઉત્પન્ન થાય છે. પોતાની જાણવા-દેખવાની પર્યાયમાં મર્યાદા—અલ્પતા છે ત્યાં સુધી પૂર્ણ આનંદનો અનુભવ નથી એમ બતાવવું છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એનું જ્ઞાન રોકાયેલું છે. રોકાયેલું પોતાને કારણે. એનો સ્વભાવ તો પૂર્ણ જાણવું-દેખવું સ્વભાવ—શક્તિ છે અને પર્યાયમાં એવી તાકાત છે. એવી પ્રતિકૂળતાનો અભાવ એટલે મર્યાદાથી જાણે-દેખે છે એનો અભાવ કરીને પૂર્ણ જાણવું-દેખવું થયું તો પૂર્ણ આનંદ થયો. અને જાણવું-દેખવું મર્યાદિત છે તો આનંદ નથી, પૂર્ણ આનંદ નથી. પોતાનું જ કારણ છે, બીજું કોઈ કારણ નથી. સમજાણું કાંઈ? આમ કેમ કહ્યું? ખરેખર આનંદનું કારણ...

પાઠમાં સૌખ્ય છેને એટલે સુખ લીધું છે. કુંદકુંદાચાર્યનો શબ્દ. ખરેખર સૌખ્ય—આત્માના અતીન્દ્રિય આનંદનું કારણ સ્વભાવની પ્રતિકૂળતા (એટલે) જે મર્યાદા હતી થોડું જાણવા-દેખવાની એનો અભાવ થયો તો જ્ઞાન-દર્શન પૂર્ણ થયા, તો આનંદ પૂર્ણ થઈ ગયો. સમજાણું કાંઈ?

**'આત્માનો 'સ્વભાવ' ખરેખર દશિ-જ્ઞપ્તિ...'** જુઓ! આત્માનો સ્વભાવ દશિ-જ્ઞપ્તિ છે, જાણવું-દેખવું છે. **'તે બંનેને વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે.'** જુઓ! વિષય અધૂરો રહે છે. ભગવાન આત્મા, દશિ અને જ્ઞાન પોતાનો સ્વભાવ કાયમી અસલી પૂર્ણ અંતર, એની પ્રગટ પર્યાયમાં **'તે બંનેને વિષયપ્રતિબંધ હોવો...'** વિષયમાં રુકાવટ. નીચે નોટ. એ જ્ઞેય પૂર્ણ જાણવું-દેખવું, સ્વજ્ઞેય અને પરજ્ઞેય બધું છેને. મર્યાદા અલ્પતા છે ત્યાં બધું પ્રત્યક્ષ જોયું નહિ, પોતાને પણ. પોતાના મર્યાદિત—થોડા વિષયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણવાનો પોતાનો વિષય પૂરો ન થયો. સમજાણું કાંઈ? જાણવું-દેખવું પોતાની પર્યાયમાં પોતાને ત્રિકાળ પૂર્ણ ત્રણ કાળ ત્રણ લોક એક સમયમાં અસંખ્ય પ્રદેશ સહિત પૂર્ણ જાણવું-દેખવું ન થયું તો એ જ વિષયની રુકાવટ છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શું રુકાવટ છે? પોતાનો વિષય એણે કેમ રોકી રાખ્યો? એનો સ્વભાવ એવો નથી. એવો સ્વભાવ તો પૂર્ણ જાણવું-દેખવું છે. **'सव्वं जाणदि पेच्छदि'** વસ્તુ છે એનું જાણવું-દેખવું અલ્પ હોય એમ કેઈ હોઈ શકે? પદાર્થ છે, આત્મા છે એનો ચૈતન્ય દર્શન-જ્ઞાન કાયમી કાયમી સત્તા સ્વભાવ છે. જેવો ગુણ છે એવું જ કાર્ય થવું જોઈએને. ગુણનું ગુણ જેટલું કાર્ય થવું જોઈએને. સમજાણું કાંઈ? તો ગુણ પરિપૂર્ણ છે તો કાર્ય પણ પરિપૂર્ણ હોવું જોઈએ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, ઈ. એ.. મિત્રસેનજી! સમજી રહ્યા છે.

કહે છે, ઓહો..! ખરેખર આત્માનો સ્વભાવ ખરેખર... પહેલા ખરેખર એ લીધુંને, **'ખરેખર સૌખ્યનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.'** તો હવે કહે છે, સ્વભાવ કોણ? તો કહે છે, સ્વભાવની પ્રતિકૂળતાનો (અભાવ કારણ છે) તો સ્વભાવ કેટલો? **'આત્માનો સ્વભાવ ખરેખર દશિ-જ્ઞપ્તિ...'** ચેતના સામાન્ય, ચેતના વિશેષ. જોવું એ સામાન્યચેતના છે, જાણવું એ વિશેષચેતના છે. પૃથક્ પૃથક્ કરીને જાણવું એ જ્ઞાન છે, સામાન્યરૂપ ભેદ કર્યા વિના દેખવું એ દર્શન છે. એવો એનો કાયમી સ્વભાવ છે. તો **'તે બન્નેને...'** સ્વભાવ આવો છે તો કાર્ય પણ એવું જ પૂર્ણ હોવું જોઈએ. સમજાણું કાંઈ? દ્રવ્ય પૂર્ણ છે, ગુણ દર્શન-જ્ઞાન પૂર્ણ છે તો એની પર્યાયનું કાર્ય પણ પૂર્ણ હોવું જોઈએ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— મર્યાદા થઈ ગઈ. મર્યાદા રહી તો અમર્યાદા થઈ નહિ એ જ દુઃખનું કારણ છે. એ જ સુખના કારણનો અભાવ છે. મર્યાદિત વિષય છે એ જ સુખના કારણનો અભાવ (અમર્યાદા) ન થયો.. સમજાણું કાંઈ? તો દુઃખ છે. તો પૂર્ણ સુખ થયું નહિ. અહીં તો પૂર્ણ સુખની વાત કરે છે. કેવળજ્ઞાન પૂર્ણ આનંદ. તેથી કહે છેને, અભવિ નથી માનતો. અહીં કહે છેને. સમજાણું કાંઈ? ઈ નાખવું છેને. એક સમયમાં પૂર્ણ આનંદ જ્ઞાન, દર્શનની પૂર્ણ પર્યાયનો વિષય પૂર્ણ છે એમ અભવિ નથી માની શકતો. લોજીકથી છે કે નહિ? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આમ જ્ઞાન-દર્શન કાયમી સ્વભાવ, એની કાયમી પૂર્ણ પ્રગટતા એવો અનંત વિષય, મર્યાદા રહિત વિષયના અભાવને કારણે આનંદનો અભાવ છે અને એનો સદ્‌ભાવ થયો તો આનંદનો સદ્‌ભાવ પૂર્ણ થઈ ગયો. એવો આનંદનો પૂર્ણ સ્વભાવ અને જ્ઞાતા-દૃષ્ટાની પૂર્ણ પર્યાય સાથે આનંદની પ્રતીતિ અભવિ નથી કરતો. એના કાર્યમાં એવી તાકાત નથી કે પૂર્ણ કાર્ય કેવળજ્ઞાન, કેવળદર્શન અથવા સામાન્ય-વિશેષ ચેતનાનો વિષય પૂર્ણ પ્રગટ અને એની સાથે પૂર્ણ આનંદનો અનુભવ, એવી અભવિ પ્રતીતિ કરતો નથી. ભવિ પ્રતીત કરે છે. મારામાં આનંદ છે. જ્ઞાન-દર્શન સામાન્ય ચેતના પર દૃષ્ટિ દેવાથી જે આનંદનો અનુભવ એને થયો એવો જ પૂર્ણ વિષય પ્રગટ કરતાં પૂર્ણ આનંદ થશે એની શ્રદ્ધા ભવિને, સમકિતીને હોય છે. સમજાણું કાંઈ? લ્યો, વળી બહુ લાંબી વાત થઈ ગઈ. શું થયું?

ખરેખર '**તે બન્નેને વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે.**' જ્ઞાન-દર્શનનું પ્રગટ કાર્ય—પર્યાય આવું હોવું જોઈએ. એમ અમર્યાદિતને વિષય નહિ કરવાથી વિષય રોકાઈ જાય છે. પોતાને કારણે મર્યાદિત અલ્પ સીમામાં રોકાઈ જાય છે, એ જ પૂર્ણ આનંદનો પ્રતિકૂળતાનો અભાવ ન થયો તો પૂર્ણ આનંદ થયો નહિ. સમજાણું કાંઈ? આ કઈ જાતનો માર્ગ ભાઈ? અહીં તો દ્રવ્યસ્વભાવ, ગુણસ્વભાવ, પર્યાયસ્વભાવની વાત ચાલે છે. સમજાણું કાંઈ? ભગવાન દ્રવ્યસ્વભાવ સામાન્ય દર્શનચેતના, જ્ઞાનચેતના. એ બે શક્તિઓ જેની શક્તિ છે સર્વ પ્રગટ જાણવું-દેખવું, ત્યારે પૂર્ણ આનંદનું કારણ થયું. ત્યારે પૂર્ણ આનંદની પ્રતિકૂળતાનો અભાવ થયો. સમજાણું કાંઈ? ઓહોહો..!

ગુણની આવી કાર્ય-દશા, ગુણ એ સ્વતંત્ર શુદ્ધ પૂર્ણ છે તો એની કાર્યપૂર્ણતા (હોવી જોઈએ), અને કાર્યની પૂર્ણતા-બધા વિષયને જાણવું-દેખવું થઈ ગયું તો આનંદની પૂર્ણતા થઈ ગઈ. ત્યાં કંઈ જાણવાની આકુળતા રહી નહિ, અપૂર્ણતા રહી નહિ, આકુળતા રહી નહિ. પૂર્ણ શુદ્ધભાવ જ્ઞાન-દર્શનમાં કાર્ય થયું તો પૂર્ણ આનંદ થઈ ગયો. એવી શ્રદ્ધા અભવિને નથી થતી. આહા..! એ જ્ઞાન-દર્શન અને પૂર્ણ કાર્ય, પૂર્ણ કાર્યની સાથે પૂર્ણ આનંદ છે. એ અલ્પજ્ઞ પર્યાયની પ્રતીતિ કરવાવાળો, રાગ અને અલ્પજ્ઞ પર્યાયની પ્રતીતિ કરવાવાળો, વ્યવહારનયના વર્તમાન વિષયને પ્રતીત કરવાવાળો નિશ્ચય વિષય પૂર્ણ અને પૂર્ણ આનંદની

પ્રતીતિ એ નથી કરી શકતો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— રોકાઈ ગયું.

ઉત્તર :— રોકાઈ ગયું, તારે કારણે રોકાઈ ગયું. વિષય તો, ત્રણ કાળ ત્રણ લોકને બધાને જાણવું તારો વિષય છેને. વસ્તુ છે, વસ્તુમાં અપૂર્ણ વિષય ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? રાજમલજી! દેવીલાલજી! આહાહા..!

એકલો છૂટો ગોળો છે, ચૈતન્યનો સૂર્ય ઝબકીને અંદરથી પૂર્ણ ન થાય ત્યાં સુધી પૂર્ણ આનંદ ક્યાંથી આવશે? એમ કહે છે. અને પૂર્ણ આનંદ નથી ત્યાં સુધી સાધકને પણ થોડું સુખ અને થોડું દુઃખ છે અને અજ્ઞાનીને તો એકલું દુઃખ છે. અજ્ઞાનીને તો એકલું દુઃખ છે. ક્યાં ગયા લક્ષ્મીચંદજી? સમજાણું કાંઈ? જરી સૂક્ષ્મ વિષય છે. ભગવાન આત્મા.. કહે છે કે આવા આત્માની પ્રતીતિ અભવિને નથી થતી. અભવિ જેવા મિથ્યાદષ્ટિને પણ પ્રતીત નથી થતી. આહાહા..! જેનો જાણવું-દેખવું સ્વભાવ, ખરેખર એ સ્વભાવ પ્રતિબદ્ધ પોતાની મર્યાદામાં રોકાય છે તેથી પૂર્ણ પ્રાપ્ત નથી, તેથી આનંદનો અભાવ છે.

કહે છે, '**વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે.**' પોતાની પર્યાયમાં અલ્પ વિષયની મર્યાદામાં રોકાયો એ જ પૂર્ણ પ્રગટતામાં વિઘ્નકારક છે. પૂર્ણ જ્ઞાન-દર્શનના પૂર્ણ વિષયમાં એ વિઘ્નકારક છે અને એ વિઘ્નને કારણે પૂર્ણ વિષય પ્રગટ્યો નહિ તો પૂર્ણ આનંદ છે જ નહિ. ઓહોહો..!

મુમુક્ષુ :— સિદ્ધ ભગવાન લોકાલોક દેખે છે એને સુખ...

ઉત્તર :— ધૂળમાંય સુખ નથી લોકાલોકનું સુખ. લોકાલોક દેખે એનું સુખ ભગવાનને હશે? ઈ બપોરે આવશે. ગાથા ઈ છેને કર્મફળની. ભગવાન તો લોકાલોકનું નાટક દેખે છે એનું સુખ છે ભગવાનને. અરે.. ભગવાન! અહીં તો પોતાના જ્ઞાન-દર્શનસ્વભાવની પૂર્ણ પર્યાય પ્રગટ થઈ એ સુખનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા..! પર્યાયની પૂર્ણતા.. અને ગુણ છે તેના કાર્ય વિના... એમ લીધું છેને શક્તિમાં?

૪૭ શક્તિ. ઈ શક્તિ પ્રતીતમાં આવી તો કાર્ય (આવે. કાર્ય) આવ્યા વિના શક્તિ પ્રતીતમાં આવતી નથી એમ ત્યાં કહ્યું. આત્મામાં જે પ્રભુતાની શક્તિ પડી છે તો એ શક્તિનું કાર્ય પોતાની પર્યાયમાં ન આવે તો શક્તિ અને શક્તિવાનની પ્રતીતિ થઈ નહિ. શક્તિ અને શક્તિવાનની પ્રતીતિ થતાં પ્રભુતાગુણ ત્રણેમાં વ્યાપ્ત થઈ જાય છે. દ્રવ્ય પ્રભુ, ગુણ પ્રભુ, પર્યાય પ્રભુ. પર્યાયમાં પ્રભુતા આવી જાય છે. સમ્યગ્દર્શનમાં... પ્રભુતાગુણ જે આત્મામાં પડ્યો છે, અહીં પરમેશ્વર આવી ગયો વળી, પરમેશ્વરપદ પડ્યું છે એ શક્તિને ધરનાર પરમેશ્વર આત્માની દૃષ્ટિ કરવાથી પરમેશ્વર શક્તિ જે છે એની પ્રભુતાની શક્તિ પર્યાયમાં આવ્યા વિના રહે નહિ. પ્રભુતાની શક્તિ આવતી નથી ત્યાં સુધી એને દ્રવ્ય-ગુણ-પર્યાયની પ્રતીતિ યથાર્થ નથી. દ્રવ્ય-ગુણની પ્રતીતિ નથી. સમજાણું કાંઈ? મારામાં પ્રભુતા છે, પ્રભુતા છે એમ નહિ.

પ્રભુતા મારામાં છે. મારામાં પૂર્ણ પરમેશ્વરપદ પડ્યું છે. એવી એક શક્તિ, એવી અનંત શક્તિ. શક્તિ—ગુણ છે તો શક્તિ શું વિશેષ વિના રહે છે? અજ્ઞાનમાં એને વિશેષનો ખ્યાલ નથી. સમજાણું કાંઈ? તો ખરેખર ગુણની વિશેષતા પ્રભુતાનું પર્યાયરૂપ પરિણમન થવું એ પ્રભુતાગુણની વિશેષ પર્યાય છે. એ સામાન્ય એકલું રહે ત્યાં સુધી અજ્ઞાન દશા છે, અજ્ઞાન છે. પ્રભુતાની પ્રતીત નહિ, આત્માની પ્રતીતિ નહિ તો કાર્યની દશા પ્રગટ થઈ નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ પ્રભુતા આવી ગઈ. આવી ગઈ એમાં પ્રભુતાની પ્રતીતિ આવી ગઈ એમ સિદ્ધ કરવું છે. પૂર્ણ પ્રભુતા મારો વિષય પૂર્ણ છે અને પૂર્ણાનંદ થયો એમ અંશમાં પ્રતીતિમાં બધું આવી ગયું છે. સમજાણું કાંઈ? ઠીક! ક્યાંની ક્યાં વાત નીકળી. અહીં તો...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શું કહે છે? સમજાણું નહિ.

મુમુક્ષુ :— આજનો દિવસ પ્રભુતા માટે છે.

ઉત્તર :— બરાબર છે. બેનનો જન્મદિવસ છેને આજ! બેનની ઘણી વિશેષતાઓ છે. જગતને એ ચીજ ખ્યાલમાં આવવી દુર્લભ છે. એમનો આત્મા અને એમનો જન્મ કંઈક વિશેષતા લઈને જ આવ્યો છે. સમજાણું કાંઈ? ઠીક ભાઈ! કોણે કહ્યું વળી? ઠીક છે. આજ પ્રભુતાની... સમજાણું કાંઈ? આહાહા..!

વળી શું કહ્યું? કર્મ-ફર્મની વાત જ નથી. નિર્દ્ધત કર્મ રોકે છે તો જ્ઞાન-દર્શનની પર્યાય પૂર્ણ ન થઈ તો પૂર્ણ આનંદ ન થયો એમ નથી. સમજાણું કાંઈ? '**તે બન્નેને...**' કોણ બન્નેને? ભગવાન દર્શન-જ્ઞાનચેતના એની પૂર્ણ પર્યાયને વિષયપ્રતિબંધ હોવો, પૂર્ણ પર્યાયનો વિષય પ્રગટ ન થવો એનું નામ પૂર્ણ પર્યાય પ્રગટ ન થવી એ જ પ્રતિકૂળતા છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— સાધન નથી એનું શું?

ઉત્તર :— અહીં શું સાધન નથી? બહારનું શું સાધન? બધું છે. મહાસુખ તો નામ છે એનું. ક્યાં ગયો મહાસુખ? છે કે નહિ? લ્યો, મહાસુખ નામ છે. વિનયથી કામ લ્યે છે, બાપુજી બાપુજી તો કરે છે, હવે શું બહારના સાધન બાકી છે? બાપુજી આ લ્યો, બાપુજી આ લ્યો, બાપુજી આ લ્યો એમ તો કરે છે બિચારો, લ્યો. ધૂળમાંય બહાર સાધન નથી. કહો, સમજાણું કાંઈ? જડની પર્યાય જડમાં, એમાં પોતાને શું સાધન આવ્યું? બપોરે થોડી વાત આવશે, કર્મફળની વાત આવવાની છેને. શું છે? શું છે? બહારની પર્યાય તો તને અડતી નથી, એમાં તેં સાધન ક્યાંથી માની લીધું? અને વિકલ્પને સુખનું સાધન તેં ક્યાંથી માની લીધું? વિકલ્પ પણ રાગ છે એને સુખનું સાધન કઈ રીતે માની લીધું? કેમકે સ્વભાવમાં વિકલ્પ છે નહિ. સ્વભાવમાં સાધન પડ્યું છે એ સાધનમાં મલિનતા નથી. એ સાધનથી

કાર્ય લીધું નહિ અને વિકલ્પ-સાધનથી લીધું, દૃષ્ટિ મિથ્યા છે, અજ્ઞાન છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

**'વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે.'** લ્યો. **'મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો અને દેખતો હોવાથી તેનો અભાવ હોય છે...'** જુઓ! મોક્ષ સિદ્ધ કરવો છેને. આહાહા..! મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો અને દેખતો હોવાથી. એ પ્રતિકૂળતા જે વિષયની મર્યાદા હતી એ ખલાસ થઈ ગઈ અને પૂરેપૂરો અભાવ થઈ ગયો. પૂર્ણ દશા (થઈ ગઈ). એવી પ્રતિકૂળતાનો અભાવ હોય છે. લ્યો. વિશેષ વાત છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૩, બુધવાર, તા. ૨૬.૮.૧૯૬૪**
**ગાથા-૧૬૩, ૧૬૪ પ્રવચન-૧૨**

નવ પદાર્થપૂર્વક મોક્ષમાર્ગનો વિસ્તાર આ (અધિકારનું) નામ છે. ૧૬૩માં શું કહ્યું જુઓ. '**ખરેખર સૌખ્યનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.**' શું કહ્યું? આત્મા, ખરેખર આત્માનો સ્વભાવ દૃશિ અને જ્ઞપ્તિ છે. આત્માનો સ્વભાવ જાણવું અને દેખવું છે. એ પોતાના વિષયને પૂર્ણ કરે પોતાના સંબંધમાં તો પર તરફના વિષયની રુકાવટ અટકી જાય છે. શું કહ્યું? પોતાનો ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા (સ્વભાવ) અથવા સામાન્ય ચૈતન્ય-વિશેષ ચૈતન્ય એટલે દર્શન અને જ્ઞાન એવો આત્માનો સ્વભાવ, એમાં પરમાનંદના સુખસ્વરૂપ સ્વભાવ કઈ રીતે પ્રાપ્ત થાય છે? વિષયપ્રતિબંધનો અભાવ (થવાથી).

જ્ઞાન-દર્શને જેટલો પરને વિષય કર્યો છે તેટલી ત્યાં આકુળતા છે. સમજાણું કાંઈ? જેટલા પોતાના જ્ઞાન-દર્શનથી પોતામાં સ્વવિષયને, આત્માને સ્વધ્યેય વિષય બનાવીને જેટલા જ્ઞાન અને દર્શન સમ્યક્પણે નિર્મળ થયા એટલી આનંદના અનુભવની પ્રાપ્તિ થઈ. સમજાણું કાંઈ? પ્રાણી સુખને ઇચ્છે છેને? સુખને ઇચ્છે છેને? આનંદ-સુખની અભિલાષા છેને જગતને? તો કહે છે કે આનંદ ક્યાં છે? પોતાનો જે જ્ઞાન અને દર્શન જે ત્રિકાળી સ્વભાવ છે એમાં આનંદ છે. સમજાણું કાંઈ? એ આનંદ નથી નિમિત્તોમાં, નથી કર્મના ઉદયમાં, નથી આનંદ શુભ-અશુભ વિકલ્પમાં. સમજાણું કાંઈ? એ આનંદ આત્મામાં જ્ઞાન-દર્શન જે સ્વભાવ પડ્યો છે એનો અવિનાભાવ આત્મા ચેતના સામાન્ય-વિશેષ ચેતના, એનો અવિનાભાવ જે આનંદ એ પોતામાં છે. જ્ઞાન અને દર્શન જેટલો પોતાને વિષય કરીને જેટલી પરની રુકાવટ દૂર કરે છે, તેટલો આનંદ અને અનુભવનું વેદન થાય છે. સમજાણું કાંઈ? અને પૂર્ણ આનંદના અભાવનું કારણ પોતાના સ્વવિષયને પૂર્ણપણે પકડીને અનુભવ નથી કરતો તો એના જ્ઞાન-દર્શનની મર્યાદા પરનો વિષય જોવામાં રોકાઈ જાય છે. શેઠી! સમજાણું કાંઈ? તો કહે છે, મોક્ષમાર્ગ અધિકારમાં આ વાત લીધી છે.

જેટલા જ્ઞાન અને દર્શન સીમામાં મર્યાદિત વિષય કરે છે, સ્વનો વિષય થોડો કર્યો હોવા છતાં... જેટલો મર્યાદિત વિષય છે અને અંતરનો અમર્યાદિત વિષય પૂર્ણ ન કર્યો... સમજાણું કાંઈ? તેટલી એને આકુળતા છે અને પૂર્ણ આનંદનો એને અભાવ છે.

મુમુક્ષુ :— સમજાણું નહિ.

ઉત્તર :— સમજાણું નહિ? ઠીક, બહુ સારી વાત. એટલું સમજવા માગે એ તો ઠીક છેને. જિજ્ઞાસા તો (છે). કહો.

એમ કહે છે કે ભગવાન આત્મા... કહ્યું ને? એનો સ્વભાવ જ ખરેખર દૃશિ-જ્ઞપ્તિ છે.

એનો સ્વ—પોતાનો-નિજ ભાવ—જાણવું-દેખવું ચેતના સામાન્ય અને વિશેષ ચેતના છે. જાણવું-દેખવું એ ચેતના આત્મામાં છે. એ ચેતનાની સાથે અવિનાભાવ આનંદ છે. એ ચેતના જેટલી સ્વવિષયમાં રોકાય તેટલો આનંદ આવે છે અને જેટલી પરવિષયમાં રોકાઈ જાય એટલો આનંદનો અભાવ અને દુઃખની ઉત્પત્તિનો ભાવ થાય છે. જરી ઝીણી વાત છે. ચોપડામાં બહુ ધ્યાન રાખ્યું છેને.

મુમુક્ષુ :— આપે રોકાઈ જવાનું કીધુંને, બહુ રોકાઈ ગયા.

ઉત્તર :— હા, રોકાઈ ગયા ચોપડામાં ને આ ને... ક્યાં ગયા મોહનભાઈ?

મુમુક્ષુ :— મુંબઈ ગયા છે.

ઉત્તર :— લે, ક્યારે ગયા? ઈ તો ખબર નથી.

મુમુક્ષુ :— આઠ દિવસ થઈ ગયા.

ઉત્તર :— આઠ દિ' થઈ ગયા? ઘણા માણસમાં ક્યાં ખબર પડે? ઠીક. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાનો સ્વભાવ અંદર સુખ છે. ૪૭ શક્તિ લીધી છેને? એમાં જીવતરશક્તિ, ચિતિશક્તિ, દશિ, જ્ઞાનશક્તિ એમ લીધી છે. પહેલા જીવતરશક્તિ લીધી છે. ચૈતન્ય ભાવપ્રાણ. જ્ઞાન, દર્શન, આનંદ, સત્તા. જ્ઞાન, દર્શન, આનંદ, સત્તા જેના ભાવપ્રાણ આત્મામાં ગુણપણે વ્યાપક છે. અને એમાં ચિતિશક્તિ ચેતનાશક્તિ છે. એ ચેતનાના બે પ્રકાર- દશિ અને જ્ઞપ્તિ. ત્રીજી અને ચોથી શક્તિઓ છે. છે કે નહિ? જીવતરશક્તિ, ચિતિશક્તિ, દશિશક્તિ અને જ્ઞાનશક્તિ. પછી સુખશક્તિ લીધી છે. જીવતરશક્તિ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય,... સમજાણું કાંઈ? પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિત્વ અને સર્વજ્ઞ એવી દસમી શક્તિ લીધી છે, જુઓ! ૪૭ શક્તિ છે એમાં. તો કહે છે કે ભગવાન આત્મામાં પોતાનું જીવનું જીવન જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તાપણાનું જીવન એની સત્તામાં વ્યાપકપણે પડ્યું છે. એ જીવનશક્તિનું ચિતિશક્તિ કારણ છે. એ ચિતિશક્તિ જીવનશક્તિનું જ લક્ષણ છે. ચેતના.. ચેતના. ચેતનાના બે પ્રકાર. દશિશક્તિ અને જ્ઞાન.

અહીં એ લીધું છે જુઓ! દશિશક્તિ અને જ્ઞપ્તિશક્તિ એનો સ્વભાવ છે. એ સ્વભાવમાં.. પછી લીધું જુઓ, પાંચમીમાં સુખ લીધું છે ૪૭ શક્તિમાં. એ જ અમૃતચંદ્રાચાર્યે કાઢી છે ૪૭ શક્તિ. એ જ અમૃતચંદ્રાચાર્ય આ ટીકાનો અર્થ કરે છે. તો કહે છે કે, ભગવાન આત્મા દશિ અને જ્ઞપ્તિ, જાણવું અને દેખવું જેનો સ્વભાવ છે. '**તે બન્નેને વિષયપ્રતિબંધ હોવો...**' એ જ્ઞાન-દર્શન પરમાં મર્યાદિતપણે રોકાઈ જવું, પરનું લક્ષ કરીને રોકાઈ જવું. પોતાના લક્ષમાં પૂર્ણપણે રોકાવું નહિ, નિજ ધ્યેયમાં પૂર્ણપણે રોકાવું નહિ અને પરના લક્ષમાં રોકાઈ જવું એ પૂર્ણ આનંદના વિષયનો પ્રતિબંધ, એ જ પ્રતિકૂળતા છે. એ પ્રતિકૂળતાનો અભાવ અથવા સ્વભાવ પ્રત્યેના પૂર્ણ વિષયનો સદ્ભાવ, એ જ પૂર્ણ આનંદનું કારણ છે.

આહાહા..!

મુમુક્ષુ :— કર્મનો ઉદય પ્રતિબંધક નથી.

ઉત્તર :— નથી. કર્મના ઉદયની અહીંયાં વાત જ નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. ઓહો..! જીવનશક્તિ, ચિતિશક્તિ, દશિશક્તિ, જ્ઞાનશક્તિ (આદિ) સ્વભાવથી ભરેલો છે. એમાં સુખશક્તિ પણ અંદર છે પણ પ્રગટમાં જેટલા એ જ્ઞાન અને દર્શન પોતાનો વિષય કરીને એકાકાર થાય છે એટલો ગુણસ્થાન પ્રમાણે આત્માના અતીન્દ્રિય આનંદનો-વેદનનો અનુભવ થાય છે. એનું નામ ભગવાન ધર્મ કહે છે. આહાહા..! ભારે ભાઈ ધર્મ. એ.. નવરંગભાઈ! જેટલા એ જ્ઞાન અને દર્શનની પર્યાય પરને વિષય કરીને રોકાઈ જાય તેટલું દુઃખ છે. એટલો પ્રતિકૂળતાનો ભાવ છે. એ પ્રતિકૂળતાનો અભાવ કરવો એ જ પૂર્ણ આનંદનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

જાણવું-દેખવું અલ્પ પ્રગટ થયું પણ વિશેષ જાણવા-દેખવાની આકુળતા રહી. તેમાં લક્ષ કરતાં વિશેષ જાણવા-દેખવાની આકુળતા થવી તે જ સ્વવિષયનો પૂર્ણ આનંદનો પ્રતિકૂળતાનો ભાવ છે. એ પ્રતિકૂળતાનો અભાવ એ જ પૂર્ણ આનંદનું કારણ છે. ઓહોહો..! સમજાણું કાંઈ? **'બન્નેને વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે.'** નીચે લખ્યું છેને, વિષયપ્રતિબંધ. 'વિષયમાં રુકાવટ અર્થાત્ મર્યાદિતપણું'. પોતાના અમર્યાદિત જ્ઞાન અને દર્શન... ભગવાન આત્મા અમર્યાદિત સ્વભાવ સુખ અને આનંદથી ભરેલો છે, પોતાની પ્રભુતાથી પૂર્ણ પડ્યો છે, પોતાની સ્વચ્છતાથી પૂર્ણ નિર્મળતાનું ધામ પડ્યું છે એમાં વિષય અલ્પ કરવા છતાં, પૂર્ણ વિષય ન કર્યો એટલું પરવિષયમાં રોકાવું થયું, તેટલું પોતાને પોતાને કારણે પૂર્ણ આનંદનો અભાવ થઈ રહ્યો છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

**'મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો અને દેખતો હોવાથી...'** લ્યો, પૂર્ણ વિષય જ્યાં પોતાનો પ્રગટ થઈ ગયો અને પરના વિષયની રુકાવટ વ્યય થઈ ગઈ, એકાકાર ભગવાન પોતાના ચૈતન્યના અસંખ્ય પ્રદેશમાં આનંદની કણિકા જે શક્તિ—ગુણરૂપ પડી છે તેમાં લીન થઈને પૂર્ણ જ્ઞાન-દર્શનની પર્યાય જ્યાં પ્રગટ થઈ ત્યાં મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો દેખતો, **'સર્વને જાણતો અને દેખતો હોવાથી તેનો અભાવ હોય છે...'** કોનો? વિષયને મર્યાદિત જાણવું-દેખવું તેનો અભાવ હોય છે. ભારે અટપટી (વાત). સમજાણું કાંઈ?

ભગવાન આત્મા, જ્યાં પોતાનું સર્વ જાણવું-દેખવું મોક્ષમાં થયું ત્યાં આનંદની રુકાવટ હતી, જે પ્રતિકૂળતા પરની મર્યાદામાં જાણવા-દેખવાનું રોકાવું હતું, તે પોતામાં એકાકાર (થઈને) ઘુસી ગયો તો પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાતા-દ્રષ્ટા થઈ ગયો. એ મોક્ષમાં પૂર્ણ સુખ છે, બીજામાં ક્યાંય સુખ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— પુરુષાર્થ બહુ કરવો પડે.

ઉત્તર :— બહુ પુરુષાર્થનો અર્થ શું? સ્વભાવ તરફ પુરુષાર્થ કરવો, પર તરફથી ખસેડવો.

ખસેડવો એ વ્યવહારથી છે. ભગવાન પૂર્ણાનંદ પડ્યો છે એ જ્ઞાનની પર્યાય, દર્શનની પર્યાય અંતરમાં પૂર્ણ વિષય કરીને લીન થઈ જાય તો સંપૂર્ણ સર્વજ્ઞ અને સર્વદર્શિ પ્રગટ થઈ જાય. સમજાણું કાંઈ? જુઓ! સુખ, વીર્ય. ચિતિ, જીવતર, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુતા. સાતમી શક્તિ પ્રભુતા છે. પછી વિભુતા છે—સર્વવ્યાપક છે. પછી સર્વદર્શિ અને સર્વજ્ઞ. આચાર્યે કર્મસર વાત (કરી છે).

અહીંયાં ભગવાન આત્મા પોતાના જ્ઞાન-દર્શનથી ચૈતન્ય નિજ સ્વભાવથી ભરેલો છે. એમાં જેટલો લીન થઈને એકાકાર થયો એટલો આનંદ (થયો). જેટલો મર્યાદિત વિષય રહી ગયો, અલ્પ જાણવું-દેખવું રહ્યું તેટલી પૂર્ણ આનંદની રુકાવટ થઈ. લ્યો, બહારનું કોઈ કારણ નથી. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગ અધિકાર છેને. એ તો કહે છે કે વ્યવહારમોક્ષમાર્ગમાં રોકાવું એટલો પણ આનંદનો અભાવ છે. એટલું પણ વિકલ્પમાં રોકાવું એમાં પોતાના પૂર્ણ આનંદનો અભાવ છે. સ્વવિષય એમાં પૂર્ણ નથી થતો. આવે છેને આગળ? ભાઈ! નહિ ઓલા આત્મવિષયથી વિરુદ્ધ? વ્યવહારમોક્ષમાર્ગ ભાઈ આવે છેને? ૧૭૨માં આવે છેને? આત્મવિષયથી વિરુદ્ધ છે. એ ૧૭૨માં આવી ગયું છે. ૧૭૨.

ભિન્ન વિષયવાળો. હિન્દીમાં ૨૫૭ પાનું છે, છેલ્લી લીટી છે. '**ભિન્નવિષયવાળાં શ્રદ્ધાન-જ્ઞાન...**' જુઓ! કથન પદ્ધતિ એવી લીધી છેને. જુઓ! અહીંયાં વિષય લીધો. લ્યો. છે? ૨૫૭ પાનું હિન્દીમાં છે, છેલ્લી લીટી છે. ગુજરાતીમાં થોડો ફેર હશે. ઓહોહો..! અદ્ભુત વાત કરે છે! '**ભિન્ન વિષયવાળાં શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર વડે...**' જુઓ કૌંસમાં. '**(—આત્માથી ભિન્ન જેના વિષયો છે એવા ભેદરત્નત્રય વડે)...**' આહાહા..! પછી વળી સંસ્કાર નાખે છે એ પછી વાત. એ વળી આવશે ત્યારે વાત. એ ... છે, આરોપથી કથન છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે, જેટલો વ્યવહારમોક્ષમાર્ગ છે, નવ તત્ત્વની ભેદરૂપ શ્રદ્ધા, પંચ મહાવ્રત, બાર વ્રતનો વિકલ્પ અને શાસ્ત્ર તરફના ઝુકાવવાળું જ્ઞાન એ બધો પરવિષય છે. એમાં આત્મવિષય નથી. સમજાણું કાંઈ? રાજમલજી! વ્યવહારમોક્ષમાર્ગ.. જુઓ! અહીંયાં મોક્ષમાર્ગ અધિકાર ચાલે છે. તો આગળ ત્યાં લઈને કહ્યું અને અહીંયાં પણ ઈ જ કહેવું છે કે જેટલો વ્યવહારના વિષયમાં રોકાય છે તેટલો આત્માના પૂર્ણ આનંદમાં પ્રતિકૂળતા છે. એનો અભાવ કરવો. અહીં ચારિત્રની વ્યાખ્યા ચાલે છેને. ચારિત્ર મોક્ષનો માર્ગ છે. અને ચારિત્ર જેટલું રાગમાં રોકાયું એટલા જ્ઞાન-દર્શન પણ પરના વિષયમાં અટકી જાય છે, રોકાઈ જાય છે. અરે..!

તો કહે છે, '**મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો અને દેખતો હોવાથી તેનો અભાવ હોય છે...**' સમજાણું કાંઈ? એ પ્રતિબંધનો (અભાવ હોય છે). પરદ્રવ્યનો વિષય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા... ઓહો..! લોકો રાડ પાડે છે કે અરે..! આ શું? સમજાણું કાંઈ? સદ્બોધ ચંદ્રોદયમાં એક વાત એમ લીધી છે કે એ બુદ્ધિ વ્યભિચારીણી છે કે જે શાસ્ત્રમાં અટકે છે. શાસ્ત્રમાં અટકતી બુદ્ધિને કુયુશિ, અસતી, કુલ્ટા સ્ત્રી કહી છે. આહાહા..! નથી

ને અહીં? પદ્મનંદી પંચવિંશતિ. સમજાણું કાંઈ? એની રાડ પાડે છે લોકો. અરે..! ભગવાનની વાણીને (આમ કહે છે). ભાઈ! વાણી નહિ, બુદ્ધિ કુલટા છે. સાંભળ તો ખરો. વાણી તો પર રહી ગઈ. શાસ્ત્રમાં જેટલી (બુદ્ધિ) ઘુસી જાય છે એટલો વિકલ્પ છે અને એટલી કુસતી છે ઈ. આહાહા..! સમજાણું કાંઈ? એ પદ્મનંદીમાં છે. સદ્‌બોધ ચંદ્રોદય એક અધિકાર છે, બહુ સરસ છે. પદ્મનંદી આચાર્યે નિશ્ચય ને વ્યવહાર ને દાન ને બધા અધિકાર એવા લીધા છે, બહુ અલૌકિક વાત! મહામુનિ દિગંબર સંત જંગલમાં વસનારા, એમણે ૨૬ અધિકાર બનાવીને પદ્મનંદી પંચવિંશતિ નામ આપ્યું છે, અધિકાર ૨૬ છે. એમાં આ લીધું છે, ભગવાન! તારી બુદ્ધિ શાસ્ત્રમાં પણ રોકાઈ જાય એટલો જ્ઞાન-દર્શનનો વિષય રોકાય છે.

મુમુક્ષુ :— અહીંયાં ભિન્ન સાધ્ય-સાધનનો અભાવ લીધો તો એમાં ધ્યાન કયુ માનવામાં આવશે?

ઉત્તર :— ધ્યાન, ધર્મધ્યાન. પોતાના સ્વરૂપમાં એકાકાર ધર્મધ્યાન છે. શુક્લધ્યાન, આગળ વધીને શુક્લધ્યાન થાય છે. પણ શુક્લધ્યાન જ્યાં થયું તો .. કેવળજ્ઞાન થઈ જાય છે. ધર્મધ્યાનની વાત છેને. એ તો ધવલમાં પહેલેથી દસમા ગુણસ્થાન સુધી ધર્મધ્યાન લીધું છે. ધવલમાં વીરસેનસ્વામીએ દસમા ગુણસ્થાન સુધી ધર્મધ્યાન લીધું છે. સામાન્ય આપણે તત્ત્વાર્થ સૂત્રમાં સાતમા ગુણસ્થાન સુધી ધર્મધ્યાન લીધું છે. આઠથી શુક્લધ્યાન (લીધું છે). એ તો વિશેષ ઉજ્જ્વળતાને કારણે શુક્લ કહ્યું. પોતાના સ્વભાવમાં એકાકાર થવું એનું નામ સ્વભાવધ્યાન કહો કે ધર્મધ્યાન કહો. સમજાણું કાંઈ? જેટલો રાગમાં રોકાય એટલું આર્તધ્યાન છે. જેને વ્યવહાર ધર્મધ્યાન કહે, એને પરમાર્થે આર્તધ્યાન કહે છે. આહાહા..!

ઈ કહે છે, પોતાનો વિષય છોડીને જેટલો પરવિષય બનાવ્યો વ્યવહારરત્નત્રયને પણ, એ પરવિષય છે, કારણ કે એનું લક્ષ પર ઉપર છે. તો એટલી રુકાવટ છે, આનંદની રુકાવટ છે, આનંદમાં એ સહાયક નથી.

મુમુક્ષુ :— .. સહાયક કહેવામાં આવે છે.

ઉત્તર :— સાધનનો અર્થ એ તો નિમિત્તથી સાધન કહ્યું છે. સમજાણું કાંઈ? એ તો સાતમા ગુણસ્થાનનું સાધ્ય છે એનું સાધન વ્યવહારથી નિમિત્તથી કહ્યું છે, ઉપચાર કરીને. ખરેખર સાધન નથી. એ તો કાલે આવી ગયું નહિ? કર્તા, કર્મ અને કરણ. કર્તા, કર્મ કાલે આવી ગયું. કર્તા, કર્મ અને કરણ. વિકલ્પને તો અડવું નહિ એનું નામ અંતરની એકાગ્રતા અને ધર્મધ્યાન છે. આહાહા..!

મુમુક્ષુ :— સિદ્ધપ્રભુનું ધ્યાન...

ઉત્તર :— સિદ્ધપ્રભુનું ધ્યાન તો પોતાને સિદ્ધ સમાન કરીને ધ્યાન કરે તો. આ સિદ્ધ છે એમ લક્ષ કરીને વિકલ્પ આવે છે એ પણ વ્યવહાર ધર્મધ્યાન અને પરમાર્થે આત્માના ચૈતન્યપ્રાણ પીડાય છે. આ તો બાપુ! અધ્યાત્મ પુરુષોની રમતું છે. સમજાણું કાંઈ? એ

કસરતું, એ વ્યાયામશાળા બીજી છે. એ વ્યાયામમાં કદી આવ્યો નથી. ભગવાન આત્મા...

મુમુક્ષુ :— આ વાત તો ભવ્ય જીવોને સમજાય એવી છે.

ઉત્તર :— આવશે, હમણાં કહેશે, હમણાં ઈ કહેશે. અભવિને નહિ બેસે, અપાત્રને આ વાત ન બેસે.

ઓહો..! મારી વસ્તુ મારી પાસે આનંદકંદ અનાકુળ આનંદ છે. એમાં જેટલો એકાકાર થયો એટલો ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમાને યોગ્ય આનંદનો અનુભવ છે. એ હમણાં નીચે કહેશે જયસેનાચાર્યની ટીકામાં. સમજાણું કાંઈ? અને જેટલો આત્મામાં એકાકાર નથી એટલી પ્રતિકૂળતા થઈ. પરમાં લક્ષ ગયું એટલો આનંદનો અભાવ છે, એ જ પૂર્ણાનંદમાં રુકાવટ છે. આહાહા..!

મુમુક્ષુ :— અમર્યાદિત પદાર્થને મર્યાદિત લઈ લીધા.

ઉત્તર :— મર્યાદિત લઈ લીધા. ત્રણ કાળ ત્રણ લોક પોતાની પર્યાયને જાણતા જણાઈ જાય છે. ત્રણ લોક જાણવા નથી. એને ક્યાં જાણવા છે. પોતાની એક સમયની પર્યાયને જાણે છે તેમાં લોકાલોક આવી જાય છે. ભિન્ન નથી રહેતા. પર્યાયની પૂર્ણતા, પર્યાયે સ્વવિષય પૂર્ણ કર્યો તો પર્યાય પૂર્ણ કેવળદર્શન આદિની થઈ એને દેખે છે. દ્રવ્યને, ગુણને અને પર્યાયને ત્રણેને દેખે છે, પોતાને. એમાં એ લોકાલોક, પોતાની પર્યાયને દેખતા પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક સામર્થ્ય છે એમ જ્ઞાનમાં આવી ગયું. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો અને દેખતો હોવાથી તેનો અભાવ હોય છે...**' તેનો એટલે કોનો? વિષયનો પ્રતિબંધ હતો, અલ્પ મર્યાદા હતી તેનો નાશ થઈ ગયો. '**(અર્થાત્ મોક્ષમાં સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ હોય છે). તેથી તેનો અભાવ જેનું કારણ છે...**' જુઓ! '**તેનો અભાવ જેનું...**' 'પારમાર્થિક સુખનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.' નીચે નોટ છે. તેથી તેનો અભાવ. પારમાર્થિક સુખનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ '**જેનું કારણ છે એવા અનાકુળતાલક્ષણવાળા પરમાર્થસુખની...**' ઓહો..! આવું અનાકુળતા લક્ષણવાળું પરમાર્થસુખનું લક્ષણ સ્વરૂપ અનુકૂળતા છે. 'પરમાર્થ સુખનું લક્ષણ અથવા સ્વરૂપ...' નીચે નોટ. 'પરમાર્થ સુખનું લક્ષણ અથવા સ્વરૂપ અનાકુળતા છે.' જેટલો પરવિષયમાં રોકાય છે, સમ્યગ્દૃષ્ટિ પણ, મુનિ પણ જેટલા પરવિષયમાં રોકાય છે તેટલો આનંદનો અભાવ છે, તેટલી આકુળતા છે. ઓહોહો..! આ મોક્ષમાર્ગ અધિકારમાં આ વાત લીધી છે. કારણસર લીધી છે. જેટલો નિશ્ચયસ્વભાવનો વિષય અને અવલંબન લીધું એટલો આનંદ છે. જેટલો પરવિષયમાં રોકાયો તેટલો આનંદનો અભાવ કહો કે દુઃખનો સદ્ભાવ કહો. આકુળતા કહો. આહાહા..!

મુમુક્ષુ :— બંધનું કારણ છે.

ઉત્તર :— બંધનું (કારણ) એ તો હમણાં આવશે. ૧૬૪માં આવશે '**बंधो व मोक्खो**'.

ત્યાં લેશે. એ તો ક્રમસર ગાથા આવી છે.

‘**અનાકુળતાલક્ષણવાળા પરમાર્થસુખની મોક્ષમાં અચલિત અનુભૂતિ હોય છે...**’ મોક્ષમાં સુખની અચલિત અનુભૂતિ (હોય છે). જુઓ! ત્યાં અનુભૂતિ. ચળે નહિ એવી અનુભૂતિ પરમાર્થ ભગવાન આત્મદશામાં પૂર્ણ થઈ ગઈ. સમજાણું કાંઈ? લોકોને ગડબડી કેમ લાગે છે? અરે..! શાસ્ત્રમાં બુદ્ધિ રોકાઈ જાય એ અસતી? પોતાની બુદ્ધિ પોતામાં ન રોકાય તો એ અસતી છે. સમજાણું કાંઈ? પાપના પરિણામથી એ પુણ્યનો વિકલ્પ છે ઈ આવે છે જરૂર, પણ એમાં રોકાવું એ બંધનું કારણ છે. એટલો વિષયપ્રતિબંધ છે. પહેલા એનો સ્વઆશ્રિત નિર્ણય કર્યા વિના પરાશ્રિતપણું એનાથી છૂટશે નહિ. જ્યારે પરાશ્રિતમાં લાભ માનશે તો સ્વઆશ્રિતમાં વીર્ય જશે જ નહિ. વ્યવહારથી લાભ માનશે તો નિશ્ચયનો આશ્રય કરવાના વીર્યની સ્ફુરણા થશે નહિ. પોતાના જ્ઞાન, દર્શન અને વીર્ય નિજ સ્વરૂપ તરફ ઢળશે જ નહિ. ઈ કહે છે.

મુમુક્ષુ :— સ્વયં પ્રતિબંધક થઈ ગયો.

ઉત્તર :— એ તો પ્રતિબંધ થઈ ગયો.

ભગવાન એકલો ચિદાનંદ સ્વવિષયમાં પૂર્ણ આવી જાય (તો) પૂર્ણ સર્વજ્ઞ અને પૂર્ણ પદ, પૂર્ણ આનંદ (પ્રગટ થઈ જાય). સમજાણું કાંઈ? અહીં તો હજી વ્યવહારથી આમ થશે ને ઢીંકણાથી આમ થશે. વ્યવહાર સાધન કહ્યું એને વિષયપ્રતિબંધ કહીને આનંદનો અભાવ બતાવ્યો. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગમાં આ કેમ નાખ્યું? આ મોક્ષમાર્ગ વિસ્તારનું કથન છે આ તો. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા... જુઓ! સુખ આવ્યુંને? ચિતિ, દશિ, જ્ઞાન, સુખ. અનાકુળ લક્ષણ સુખ. વીર્ય—પોતાનું વીર્ય પોતાના આનંદ આદિની નિર્મળ પર્યાયની રચના કરે એ વીર્યનું કામ છે. વીર્ય રાગની રચના કરે એ સ્વાભાવિક વીર્યનું કામ નથી. આત્માનું વીર્ય-બળ સ્વભાવ એ તો નિર્મળ શુદ્ધ પર્યાયની રચના કરવાની તાકાત રાખે છે. સમજાણું કાંઈ? આત્મબળ, એ આત્મબળ નામનો ગુણ છે એ બળવાન થઈને સ્વરૂપની રચના કરવાની તાકાત રાખે છે. વિકારની રચના કરવાનો સ્વભાવ વીર્યમાં તાકાત છે જ નહિ. સમજાણું કાંઈ? જ્યારે પર્યાયની વાત કરવી હોય તો પર્યાયનું વીર્ય જે અશુદ્ધ થઈને કામ કરે છે એ વીર્ય સ્વભાવ નહિ. એનું સ્વભાવવીર્ય વિકારને રચે એવું વીર્ય સ્વભાવમાં છે જ નહિ. આહાહા..! થોડું ઝીણું છે. રાજમલજી! આહા..!

૪૭ શક્તિમાં ભગવાન અમૃતચંદ્રાચાર્યે લીધું છે. વીર્ય કોને કહે છે? સ્વરૂપની રચના કરે એ વીર્ય. સ્વરૂપની રચના કરે એ વીર્ય. ૪૭ શક્તિમાં લીધું છે. સમયસાર. વિભાવની રચના કરે એ આત્મવીર્ય અને આત્મબળ અંતરનું નહિ. રોકાયેલો એ પર્યાયનો ધર્મ એ સ્વભાવધર્મ દ્રવ્યસ્વભાવમાં છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ આત્મા પોતાના વીર્યથી જ્યારે

જ્ઞાન, દર્શનની પૂર્ણ રચના કરી, આનંદની પૂર્ણ રચના થઈ એનું નામ મોક્ષ. ત્યાં પ્રતિકૂળતાનો અભાવ છે, ત્યાં આનંદની પરિપૂર્ણતાનો સદ્‌ભાવ છે. સમજાણું કાંઈ?

**'આ પ્રમાણે ભવ્ય જીવ જ ભાવથી જાણે છે,...'** જુઓ! આ તો આત્માનો પરિત સંસાર—અલ્પ સંસાર રહી ગયો હોય, પોતાની તૈયારી પોતાના સ્વભાવ સન્મુખ થઈ હોય એવો ભવ્ય જીવ જ ભાવથી જાણે છે, એમ કહ્યુંને? ભાવથી જાણે છે એનો અર્થ વિકલ્પથી (જાણે છે) એમ નહિ. સમજાણું કાંઈ? પોતાના આત્માના ભાવથી જાણે છે કે ઓહો..! મારો આનંદ મારી પાસે છે અને મેં મને વિષય કર્યો એટલો મને આનંદ આવ્યો. તે જ આનંદની પ્રતિકૂળતાનો વિષય રહે છે તેટલો મને આનંદનો અભાવ છે. પૂર્ણ સ્વનો વિષય કરું, પરવિષયનો પ્રતિબંધ છૂટી જાય તો પૂર્ણ જ્ઞાન થઈ જાય એમ સમ્યગ્દૃષ્ટિ માને છે. શું કહ્યું? થોડી હિન્દી ગોતવી પડે છે, રોકાઈ જવું પડે છે.

**'ભવ્ય જીવ જ ભાવથી જાણે છે,...'** આહા..! **'તેથી તે જ મોક્ષમાર્ગને યોગ્ય છે;...'** અર્થાત્ ભવ્યપ્રાણી, પોતાના સ્વભાવમાં આનંદ છે, એમ સ્વને વિષય કર્યો છે, એટલો આનંદના નમૂનાનો અનુભવ થયો છે. નમૂનો કહે છેને? આ રૂનું મોટુ ધોકડું હોય છે કે નહિ? રૂની ગાંઠ, ગાંઠ. આટલો .. છે, લ્યો ભાઈ! લાખ ધોકડા આપવાના છે. ધોળો સફેદ, પીળાશ બિલકુલ નહિ. રૂ પીળું હોય ને? પીળું, પીળા રૂની કિંમત (ઓછી હોય). સફેદ, સફેદ માખણ જેવું સફેદ એમાંથી કાઢીને (બતાવે). એમ ભગવાન આત્મા આનંદની ગાંસડી પડી છે. એનો વિષય સમ્યગ્દર્શનથી એકાકાર થઈને ભવ્ય જીવ એને પૂર્ણાનંદની પ્રાપ્તિ કઈ રીતે થાય છે અને હું શા માટે રોકાયો છું અને મારામાં આનંદ છે એનું ભાન ભવ્ય જીવોને થાય છે. એમાંથી નમૂનો લીધો. ગાંસડીમાંથી લીધો. સ્વને વિષય બનાવીને, સ્વને વિષય બનાવીને સમ્યગ્દર્શન, જ્ઞાનની કણિકાનો જાગૃતનો અનુભવ થયો તો એણે નક્કી કર્યું કે, એ આનંદ મારામાં છે. હું જેટલો સ્વને વિષય બનાવું એટલો આનંદ વિશેષ આવે. જેટલો પરના વિષયમાં રોકાઈ જઉં એટલી આકુળતા. પંડિતજી!

મુમુક્ષુ :— જાણવું તો પડશેને.

ઉત્તર :— પહેલા જાણ્યા વિના, નક્કી કર્યા વિના કેવી રીતે ચાલશે? જાણવું પડશે, પહેલા આ જાતની શ્રદ્ધાની જમાવટ કરવી પડશે અને વીર્યને એ જમાવટમાં રોકાવું પડશે કે આ જ માર્ગ છે, બીજો કોઈ માર્ગ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. ભગવાન પાસે જાઓ કે (સ્વર્ગમાં) જાઓ કે નરકમાં જાઓ, જ્યાં હોય ત્યાં માર્ગ તો આ એક જ છે, બીજો કોઈ માર્ગ નથી. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ'. પરમાર્થનો પંથ બીજો હોતો નથી. એમ ભવ્ય જીવ માને છે.

**'ભાવથી જાણે છે,...'** જુઓ! નીચે એનો ખુલાસો કર્યો છે. નીચે, 'શ્રી જયસેનાચાર્યદેવ કૃત ટીકામાં કહ્યું છે કે 'તે અનંત સુખને ભવ્ય જીવ જાણે છે,...' જુઓ! અનંત અનંત

બેહદ અપરિમિત આત્મા આનંદની ગાંસડી છે. એમાં અપરિમિત આનંદ ભર્યો છે એ ભવ્ય જીવ જ જાણે છે. 'ઉપાદેયપણે શ્રદ્ધે છે...' ઉપાદેય, આ આનંદ જ આદરણીય છે, જેટલો વિકલ્પ ઉઠે છે એ આકુળતા છે, એ આદરણીય નથી. આહાહા..! ઘટના.. એ સ્વપરપ્રત્યય મોક્ષમાર્ગ જે ઉત્પન્ન થાય છે એ (આકુળતા છે) એમ કહે છે. આહાહા..! ભાઈ! એ સ્વપરપ્રત્યયનો વિકલ્પ છે... (આકુળતા છે). એ ૧૩મી ગાથામાં આવ્યું ને? નવમામાં. પ્રવચનસારમાં સ્વપરનું આવ્યું. ૯૩ ગાથામાં વિભાવપર્યાય.. સ્વપણામાં તો બહુ આવ્યું છે. સ્વનો અર્થ ત્યાં શુદ્ધતાની વાત નથી. પોતે એકાકાર થઈને નિમિત્ત પર ઉપર લક્ષ થઈને વિકલ્પ થાય છે, એ વિકલ્પ છે એ દુઃખરૂપ છે. એ જ પોતાના સ્વભાવનું ભવ્ય જીવને ભાન થાય છે તો આનંદને ઉપાદેય માને છે.

મુમુક્ષુ :— શ્રદ્ધામાં...

ઉત્તર :— શ્રદ્ધામાં હરકત છે અને રાગ જે આવ્યો એને ઉપાદેય માનતો નથી. વ્યવહારમોક્ષમાર્ગ ઉત્પન્ન થાય છે તેને ઉપાદેય માનતો નથી. કેમકે એ વિકલ્પ અને દુઃખ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધૂળમાં.. રાગમાં સુખ છે એમ શ્રદ્ધા કરો તો નિશ્ચય થાશે. ઓહોહો..! બહુ ગડબડ થઈ ગઈ. સમજાણું કાંઈ?

કહે છે કે ઉપાદેયરૂપ શ્રદ્ધે છે અને જાણે છે એટલું જ નહિ, સાથે થોડું આચરણ પણ થયું છે. ત્રીજું આચરણ કહેવું છેને. ભવ્ય જીવ જ અનંત સુખને સ્વજ્ઞેય કરીને જાણે છે, ઉપાદેયરૂપે શ્રદ્ધે છે, તે જ આનંદને પ્રગટ કરવો ઉપાદેય છે. અને પોતપોતાના ગુણસ્થાન અનુસાર અનુભવ કરે છે. ચોથા ગુણસ્થાનમાં એને યોગ્ય આનંદનો અનુભવ આવે છે, પંચમ ગુણસ્થાનમાં એને યોગ્ય વિશેષ આનંદનો અનુભવ આવે છે, છઠ્ઠા ગુણસ્થાનમાં એને યોગ્ય વિશેષ આનંદનો અનુભવ થાય છે, સાતમે એથી વિશેષ આનંદનો અનુભવ થાય છે, આઠમે વિશેષ અને બારમે પૂર્ણ સુખ, તેરમે અનંત સુખ, સિદ્ધમાં અનંત અવ્યાબાધ સુખ (થાય છે). સમજાણું કાંઈ?

ચોથા ગુણસ્થાનમાં આનંદનું વેદન થોડું, પાંચમામાં વિશેષ, છઠ્ઠે વિશેષ, સાતમે વિશેષ, આઠમે વિશેષ.. જાઓ, દસમે વિશેષ, બારમે પૂર્ણ સુખ. અનંત નહિ હજી. અને તેરમે અનંત સુખ. જ્ઞાન, દર્શન, વીર્ય અનંત થઈ ગયા તો અનંત સુખ (પ્રગટ થયું). સિદ્ધમાં અનંત અવ્યાબાધ સુખ. વેદનીય આદિનો નાશ થઈને અનંત અવ્યાબાધ સુખ (પ્રગટ થયું). સમજાણું કાંઈ?

તો કહે છે પોતપોતાના ગુણસ્થાન અનુસાર અનુભવ કરે છે. જુઓ! ભવ્ય જીવની અહીંયાં વાત કરી છે, હોં! એ જ ભવ્ય છે ખરેખર. ભાન થયું એ ભવ્ય છે. સમકિતી એમ ન લીધું, ભવ્ય જીવ એમ લીધું. ભાષા છે. એમાં આવી ગયું કે જીવ જાણે છે, ઉપાદેયપણે

શ્રદ્ધે છે એમાં સમ્યગ્દર્શન આવી ગયું. અને પોતપોતાના ગુણસ્થાન અનુસાર અનુભવ ચારિત્ર આવી ગયું, આનંદનો અનુભવ કરે છે. સમજાણું કાંઈ? ચારિત્ર આનંદદાયક છે, દુઃખદાયક નહિ. (લોકો) કહે છે, અરે.. ભાઈ! મુનિપણું પાળવું, બાવીસ પરિષહ.. આહાહા..! જંગલમાં રહેવું.. અરે..! શું ચારિત્રને તમે દુઃખ કહો છો? ચારિત્ર દુઃખદાતા છે? ચારિત્ર દુઃખદાતા છે? તારી શ્રદ્ધામાં મોટી વિપરીતતા છે. સમજાણું કાંઈ?

ચારિત્ર સુખદાતા છે. ચારિત્ર-ચરણ અંતરમાં રમવું એ અતીન્દ્રિય આનંદનું દાતા છે. આ એ કહે છેને, જુઓને શું કહે છે? અનુભવ કહે છેને, ગુણસ્થાન અનુસાર આનંદનો અનુભવ. સમજાણું કાંઈ? જેટલો સ્વરૂપમાં રમે છે એટલું ચારિત્ર આનંદદાતા છે. આહાહા..!

મુમુક્ષુ :— લોઢાના ચણા છે.

ઉત્તર :— લોઢાના ચણા છે, દુઃખી થયા હશે. દુઃખી થઈ ગયો એમ છે? મૃગાપુત્રનું આવે છેને. લોઢાના ચણા મીણના દાંતે ચાવવા, એ વાત સંપ્રદાયમાં આવે છે. મીણના દાંત અને લોઢાના ચણા, એવું બાપા ચારિત્ર છે. શું કહેવું છે તારે? ચારિત્ર પ્રતિકૂળતા દુઃખનું કારણ, આકુળતા ખેદનું કારણ? શું કહેવું છે તારે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— તલવારની ધાર ઉપર ચાલવું છે.

ઉત્તર :— તલવારની ધાર ઉપર ચાલવું છે. દુઃખ છે? ચારિત્રની શ્રદ્ધાનું જ તને ભાન નથી. કોને ચારિત્ર કહેવું, કોને સમ્યગ્દર્શન કહેવું, કોને જ્ઞાન કહેવું (એની તને ખબર નથી). આહાહા..! એ આવ્યું નહિ છ ઢાળામાં, નહિ? વૈરાગ્ય ને શું ઈ? 'આત્મહિત વૈરાગ્ય, જ્ઞાન ઔર સ્થિરતા, લખે આપકો કષ્ટ દાન.' મૂઢ છે. પંડિતજી! આવ્યું કે નહિ ઈ? આમ મુનિને જોવે... આહાહા..! એની મા એને ખાય છે, કરડે છે સિંહણ. ઘણું દુઃખ છે. ભગવાન! તેં મુનિને દશા જોઈ નથી. મુનિની દશાની તને ખબર નથી, પ્રભુ! એ તો ચારિત્રમાં આનંદમાં લીન છે. આહાહા..! તું એને દુઃખી સંયોગથી કહે છે તો મુનિપણાના ચારિત્રનો આનંદ શું છે એની તને ખબર નથી. ચારિત્રગુણના ઉપાદેયપણામાં શું આનંદ છે તેની તને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા..! મુનિઓ મહાદુઃખી! તું સુખી, અનુકૂળતા છે તો. ખાવા-પીવા તાજી રોટલી મળે. મુનિઓને તો તાજી રોટલી ન મળે, વાસી મળે, ઠંડુ જોઈતું હોય તો ગરમ મળે, ગરમ જોઈતું હોય તો ઠંડુ મળે. અહીં તો તૈયાર. લોટ તૈયાર કરીને આવ્યા પછી તાવડીમાંથી ફટ થાળીમાં ઊની ઊની સીધી. અને તુરની દાળ ને મગની દાળ. બાપા! આપણે એવું હોય તો શરીર નિરોગ રહે.

મુમુક્ષુ :— આરામથી બેસીને જમવું.

ઉત્તર :— આને ઊભા ઊભા જમવું, આને બેઠા બેઠા આરામથી જમવું. સાચી વાત. એને કેટલું દુઃખ. અરે..! ભગવાન! તને ખબર નથી, પ્રભુ! તમને સુખી માનવા છે? આમ અનુકૂળ રોટલી મળી ને તાજા લાડવા મળ્યા ને તાજુ ઓસામણ મળ્યું. ઓસામણ કહે છે?

આ ઓસામણ નથી કરતા? દાળનું પાણી. ચૂલો હોયને ચૂલો, ત્યાં નીચે અગ્નિ હોયને એને બહાર કાઢી ભાઠા ઉપર રાખે. ઊનું ઊનું પાણી પીવે. ઓસામણ વઘારેલી દાળનું. બાપા! મુનિઓને એવું ક્યાંથી મળે? શું દુઃખી માનવા છે? મૂઢ છો. અમને મળે છે, મુનિને નથી મળતું. આહાહા..! તું બાદશાહ છે અને એને તું ગરીબ માને છે? એમ? ધરમચંદજી! ઈ બાદશાહ છે. આહાહા..! જંગલમાં બાવળ તળે બેઠા હોય, અંતર આનંદના શેરડા, આનંદ અતીન્દ્રિય આનંદ.. આનંદ.. આનંદ.. કહે છે કે એને ગુણસ્થાન પ્રમાણે આનંદનો અનુભવ છે. દુઃખનો અનુભવ નથી. જરી રાગાદિ અલ્પ છે એની ગૌણતા છે, એની મુખ્યતા નથી. તો ધ્યાનમાં બેઠા પરિષહમાં દુઃખ નથી. સમજાણું કાંઈ?

પરિષહના વિજેતા કોને કહે? વિજય કરતાં દુઃખ થાય એ પરિષહ છે? ઈ તો હારી ગયો, પરિષહ જીતી ગયો. ઓહો..! સ્વરૂપની રમણતામાં એટલા મશગુલ, મશગુલ, મશગુલ... છટ્ઠુ-સાતમું, છટ્ઠુ-સાતમું હજારો વાર છે. ચારિત્ર આનંદદાયક છે. જેટલી અટકવું થાય છે તેટલું દુઃખ છે, જેટલી સ્વરૂપમાં લીનતા થઈ છે, પ્રતિકૂળ સંયોગનો બહારમાં પાર ન હોય, અંદર આનંદ છે. એ આનંદની દશાને ચારિત્ર કહે છે, દુઃખની દશા હો એનું નામ ચારિત્ર નથી. સમજાણું કાંઈ? અરે.. ભાઈ! એ આત્માને કેવો માન્યો? આત્માને એવો માન્યો કે આત્માને જેટલું આગળ જતાં ચારિત્ર લેવું પડે એ દુઃખદાયક છે. આત્મા જ દુઃખદાયક છે એનો અર્થ (એમ થયો). આત્મા દુઃખદાયક છે, એનો ગુણ દુઃખદાયક છે, એની નિર્મળ પર્યાય દુઃખદાયક છે. આહાહા...! સમજાણું કાંઈ? રાજમલજી! દેવીલાલજી! શું છે? બહુ ગડબડી થઈ ગઈ. કરી તો જુઓ બહાર. અરે.. ભગવાન! બહારની ક્યાં વાત છે? શું જોવે? બહારમાં કષ્ટ હોય એ તો રાગ-દ્વેષ છે, ભાઈ! પ્રભુ! તારો શાંતરસ અંદર પડ્યો છે. એ શાંતરસમાં અંદર ડુબકી મારવાથી શાંતિ આવે છે. એનું નામ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. ચારિત્ર કોઈ બહારની જડક્રિયા અને વિકલ્પ ઉઠ્યા એ પણ ચારિત્ર નથી.

'પોતપોતાના ગુણસ્થાન અનુસાર અનુભવ કરે છે.' જુઓ! આનંદનો અનુભવ ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે, આઠમે વધી જાય છે. ત્યારે આ કહે કે પરિષહ વધી જાય છે. પંડિતજી! વ્યાખ્યા જ બીજી. આગળ વધ્યો તો આનંદ વધ્યો, અહીંયાં એમ કહે છે. ઓલા કહે, આગળ વધ્યા તો બહુ સહન કરવું પડે, હોં! બહુ સહન કરે છે. શું કહે છે તું? આટલું માપ તારી પાસે? આવું માપ ક્યાંથી લાવ્યો તારું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કોનો ઈલાજ? મુનિ અંદરમાં ઈલાજ કરે છે. ઓહો..! આત્માનું ભાન ન હોય અને બહારથી રોગ આવ્યો અને ઈલાજ નથી કરતા માટે સમતા છે એમ નથી. એ તો હઠ છે. બહારથી ઈલાજ ન કરે અને સહન કરે એ સહનશીલતા છે જ નહિ. જ્ઞાનાનંદ સ્વભાવને વિષય બનાવીને આત્માના આનંદનો અનુભવ કરે એનું નામ સહનશીલતા છે.

તો કહે છે, '**ભવ્ય જીવ જ ભાવથી...**' અહીં તો ભાવથી ભવ્ય જીવ જાણે છેને, અભવ્યને ખબર નથી અપાત્રને. એ તો દુઃખદાયક છે એમ જાણે છે. ધર્મના અંશરૂપથી પ્રગટ થવાથી આનંદ છે. તો પૂર્ણ આનંદની તો શું વાત કરવી! એ પૂર્ણ આનંદમાં એવો આનંદ આવે છે એવી ભવ્ય જીવને જ મોક્ષની શ્રદ્ધા છે. કેવળજ્ઞાનની પર્યાય અને ચારિત્રના ફળરૂપ મોક્ષની શ્રદ્ધા સમકિતદૃષ્ટિને જ હોય છે. અજ્ઞાનીને એ શ્રદ્ધા હોતી નથી. ત્યાં એની પાસે રાગનું માપ છે. રાગનું માપદંડ છે એનાથી માપ કરે છે.

મુમુક્ષુ :— રાગથી માપ ન થાય.

ઉત્તર :— રાગથી માપ થાય નહિ.

'**આ પ્રમાણે ભવ્ય જીવ જ ભાવથી જાણે છે, તેથી તે જ મોક્ષમાર્ગને યોગ્ય છે;...**' તે જ મોક્ષમાર્ગને યોગ્ય છે. ઓહો..! ભવ્ય છેને એટલે યોગ્ય લીધું. '**અભવ્ય જીવ એ પ્રમાણે શ્રદ્ધાતો નથી,...**' આચાર્ય તો કહે છે કે અત્યારે શ્રદ્ધા કરતો નથી એ અભવ્ય છે એમ પણ પ્રવચનસારમાં તો કહે છે. અભવિ, અહીં તો અભવિ જીવ શ્રદ્ધા નથી કરતો એવા જીવમાં બે ભેદ પાડી દીધા—ભવિ અને અભવિ. પહેલા મથાળામાં. બધા જીવ સરખા નથી એમ કહીને અભવ્યને મોક્ષની પ્રગટ પર્યાય કેવી છે, એની પ્રગટ પર્યાય ભૂતાર્થ ધર્મની પર્યાયનું ભાન નથી તો ભૂતાર્થ ધર્મનું પૂર્ણ ફળ શું છે એની શ્રદ્ધા-બદ્ધા નથી. મોક્ષની શ્રદ્ધા નથી, આત્માની શ્રદ્ધા નથી. આત્મા જ્ઞાનમાત્ર આનંદ છે એની શ્રદ્ધા નથી. મોક્ષમાર્ગ નિર્મળ પર્યાયની શ્રદ્ધા નથી. સંવર, નિર્જરાની નહિ, મોક્ષની નહિ, આત્માની નહિ, કોઈની શ્રદ્ધા એને નથી. ઓહોહો..! સમજાણું કાંઈ?

'**આથી (એમ કહ્યું કે) કેટલાક જ સંસારીઓ મોક્ષમાર્ગને યોગ્ય છે,...**' આ સરવાળો લીધો. ભવિ, અભવિ. પ્રવચનસારમાં તો કુંદકુંદાચાર્યે લીધું છે ફડાક દઈને, અભવિ. આત્મામાં આનંદ છે અને ક્ષુધા-તૃષા લાગે છે અને એમાં આહાર લેવાથી આનંદ છે? ભગવાનને પણ આહાર લે તો આનંદ છે? અભવિ છે. ભગવાન સર્વજ્ઞ થયા એને આહાર-પાણી લઈને આનંદ આવે છે, એને પણ ક્ષુધા લાગે છે અને આહાર લે છે, પાણી લે છે, રોગ થાય છે, દવા લે છે. (એવું હોય નહિ.)

મુમુક્ષુ :— અશાતાવેદનીય.

ઉત્તર :— એવી અશાતા વેદનીય-ફેદનીય નથી. તું ભગવાનને જાણતો નથી. ભગવાન તો.. ન જિને, એવો પણ પાઠ છે. એ તો ઉપચારથી કહ્યું, ઉદયને જોઈને. બાકી સર્વાર્થસિદ્ધિની ટીકામાં પૂજ્યપાદસ્વામીએ કહ્યું, ન જિને. જિનને અગિયાર પરિષહ છે જ નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો અજ્ઞાની કાઢે, કાઢવા દ્યોને. એ તો ઉદય જરી છે તો કહ્યું છે, પરમાર્થે ભગવાનને પરિષહ છે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! પૂર્ણ આનંદ અને જ્ઞાતા!

ઓ.. માંગીરામજી! સમજાણું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... આનંદમાં અપૂર્ણતા નથી. એ તો નિમિત્તનો જરી અભાવ નથી એટલી વાત છે. એમાં આનંદ પૂર્ણ છે, અનંત આનંદ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અનંત સુખ, જ્ઞાન, દર્શન, વીર્ય પૂર્ણ થઈ ગયા છે. જ્ઞાન, દર્શન પૂર્ણ થઈ ગયા છે. જ્ઞાન સમાન ન સુખ. આવે છે કે નહિ ઈ? છ ઢાળામાં આવે છે. ઈ સુખનું કારણ છે. જ્ઞાન જ્યાં પૂર્ણ થયું, પૂર્ણ જ્ઞાન સુખનું કારણ છે, આનંદનું કારણ છે. સમજાણું કાંઈ? આવે છે ઈ છ ઢાળામાં. દ્યાનતરાય, દૌલતરામે બહુ સારું (કર્યું છે). પહેલાના પંડિતો.. બનારસીદાસ, ટોડરમલ ને.. ઓહો..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પંડિતનું શું? એ તો સત્ય માર્ગના પ્રણેતા છે. સત્ય માર્ગ ખ્યાલમાં આવ્યો હતો કે આ જ માર્ગ છે. બનારસીદાસે કહ્યું કે સમકિતી વ્યવહારથી મુક્ત છે. રાડ પાડે, બેસે આ લોકોને? વ્યવહારમોક્ષમાર્ગના વિકલ્પથી સમ્યગ્દૃષ્ટિ મુક્ત છે. બંધ અધિકારમાં લીધું છે. અધ્યવસાયમાત્ર... ત્યાં જ્યાં લીધું છેને, એનું પદ બનારસીદાસે બનાવ્યું. વ્યવહારથી સમ્યગ્દૃષ્ટિ મુક્ત છે. કેમ? કે વ્યવહાર, વિકલ્પ છે. વિકલ્પથી પોતાનો સ્વભાવ ભિન્ન અનુભવ કરે છે તો વ્યવહારથી મુક્ત છે. વ્યવહાર એના જ્ઞાનનું જ્ઞેય થઈ ગયું છે. સમજાણું કાંઈ? ત્યારે આ કહે કે, વ્યવહારથી સાધન થઈને આગળ વધે છે. અરે..! સાંભળ તો ખરો. બનારસીદાસજીની વાત આચાર્યના પેટ ખોલીને એમણે કરી છે. અમને પંચાધ્યાયીની સમજણ છે, એમને નથી આવડતી. હવે.. મૂઢ છો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, એમને અપ્રમાણિત ન કરે તો સોનગઢની વાત સાચી પડી જાય છે. એટલે અપ્રમાણિત કહ્યા વિના એને છૂટકો નથી. બનારસીદાસ, ટોડરમલ, રાજમલ એમની વાત જો સાચી કહે તો અહીંનું સાચું ઠરી જાય, અને એમનું ખોટું ઠરે. ... સમજાણું કાંઈ? કહે છેને? ચૂડલો ભાંગે ધણી બેઠા. એવી વાત ક્યાંક આવે છે. કહેવત આવે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ના, ઈ વળી જુદું. આ તો એક વિરોધને ખાતર પોતાનો ચૂડલો ભાંગે, ધણી બેઠો હોય તોપણ. એવી કહેવત આવે છે. એ આવે છે આપણે કહેવત, કાઠિયાવાડમાં આવે છે. ઈ છે.

અહીં કહે છે કે ભગવાન આત્મા સમ્યગ્દર્શન ભાન થયું, શુદ્ધ ચિદાનંદ (છું), એ વ્યવહારથી મુક્ત છે. વિકલ્પ વ્યવહાર છે, એ નિર્વિકલ્પ દૃષ્ટિ, અનુભવની પર્યાયમાં વિકલ્પ દૂર રહે છે,

અંતર એકમેક થયો નથી. લક્ષ્મીચંદજી! સમજાણું કાંઈ? વ્યવહાર વિકલ્પ સમ્યગ્દર્શન નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાનમાં, લીનતામાં એકત્વ થતો નથી. એકત્વ થતો નથી માટે પૃથક્ રહે છે. પૃથક્ રહે છે માટે સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે. બંધ અધિકારમાં લીધું છે, એ વસ્તુનું સ્વરૂપ લીધું છે. સમજાણું કાંઈ? એ સમયસાર નાટકમાં છે. અહીં ક્યાં, બધા પુસ્તક અહીં ક્યાં રાખે?

'**કેટલાક જ સંસારીઓ મોક્ષમાર્ગને યોગ્ય છે,...**' સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— જ્ઞાનમાં નગીનો જડાઈ ગયો...

ઉત્તર :— આ તો અમારે બતાવવું પડેને. રામજીભાઈ બતાવેને ત્યાં કોર્ટમાં. લ્યો, આ કાયદો.

મુમુક્ષુ :— ... અત્યારે બધા ઊંધા અર્થ કરે છે.

ઉત્તર :— ઊંધા અર્થ. સમજાણું?

'**કેટલાક જ સંસારીઓ મોક્ષમાર્ગને યોગ્ય છે,...**' બીજી ભાષાએ કહીએ તો આસ્રવ અને બંધની એકતામાં રહેવાવાળા અનંત જીવ રહેશે. આસ્રવ અને બંધ સાથે એકત્વ માનનારા અનંત જીવ રહેશે. આસ્રવ અને બંધ રહિત બધા થઈ જાય તો બધાની મુક્તિ થઈ જાય, તો સંસાર અનાદિનો પડ્યો છે, અનંત કાલ રહેશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— શ્રદ્ધા ઉપર બળ આવ્યું.

ઉત્તર :— શ્રદ્ધા ઉપર જોર આવ્યું છે અહીંયાં. આસ્રવ અને બંધભાવ સાથે એકત્વ માનનારા અનાદિ રહેશે. એ પાત્ર નથી. એ આસ્રવ અને બંધથી ભિન્ન પાડવાને પાત્ર નથી. એને આ વાત નહિ રુચે. વિકલ્પ આસ્રવ છે, રોકાણો એટલો ભાવબંધ છે. ભાવબંધ છેને? પ્રતિકૂળતા કહ્યુંને? એટલો ભાવ રોકાણો. સમજાણું કાંઈ? એ ભાવબંધ અને આસ્રવથી રહિત ભગવાન આત્મા છે, એ કોઈ જીવ શ્રદ્ધશે. બાકી આસ્રવ અને બંધવાળા માનવાવાળા અનંત રહેશે. અહીં તો ભવિ, અભવિની વાત કરી છે. ૧૬૩ ગાથા થઈ ગઈ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— લાભ-બાભની ક્યાંય નથી. વિરુદ્ધ કાર્યના કારણપણાની પ્રાપ્તિનું કારણ છે. બંધ કારણ છે એમ કહેશે. મોક્ષ થાય સ્વભાવથી, બંધ થાય રાગથી. તેથી તો અહીં લીધું છે. વ્યવહારમોક્ષમાર્ગનો વિકલ્પ ચારિત્રની અપૂર્ણતા છે. ચારિત્ર મોક્ષમાર્ગ લીધો છેને. પહેલેથી ચારિત્ર મોક્ષમાર્ગ લીધો છે, ૧૫૪ ગાથાથી. તો ચારિત્ર પૂર્ણ સ્થિર ન થયું, એટલી અસ્થિરતા વ્યવહારમોક્ષમાર્ગનો વિકલ્પ રહે છે એ બંધનું કારણ છે, સ્થિરતા જેટલી રહે છે એટલું મોક્ષનું કારણ છે. એ ચારિત્ર મોક્ષનું કારણ લઈને વાતનું સ્પષ્ટીકરણ કર્યું છે. સમજાણું કાંઈ? ચારિત્ર પૂર્ણ સ્થિર થઈ જાય તો સાક્ષાત્ મોક્ષ (થઈ જાય). જેટલી સ્થિરતાની ઓછપ એટલી વ્યવહાર વિકલ્પની, મોક્ષમાર્ગની વિષયની રુકાવટ છે. સમજાણું કાંઈ?

दंसणणाणचरित्ताणि मोक्खमग्गो त्ति सेविदव्वाणि।
साधूहि इदं भणिदं तेहिं दु बंधो व मोक्खो वा।।१६४।।
दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग इति सेवितव्यानि।
साधुभिरिदं भणितं तैस्तु बन्धो वा मोक्षो वा।।१६४।।
દગ, જ્ઞાન ને ચારિત્ર છે શિવમાર્ગ તેથી સેવવાં,
—સંતે કહ્યું, પણ હેતુ છે એ બંધના વા મોક્ષના. ૧૬૪.

**અન્વયાર્થ** :— (दर्शनज्ञानचारित्राणि) દર્શન-જ્ઞાન-ચારિત્ર (मोक्षमार्गः) મોક્ષમાર્ગ છે (इति) તેથી (सेवितव्यामि) તેઓ સેવવાયોગ્ય છે-(इदम् साधुभिः भणितम्) એમ સાધુઓએ કહ્યું છે; (तैः तु) પરંતુ તેમનાથી (बन्धः वा) બંધ પણ થાય છે અને (मोक्षः वा) મોક્ષ પણ થાય છે.

**ટીકા** :— અહીં, દર્શન-જ્ઞાન-ચારિત્રનું કથંચિત્ બંધહેતુપણું દર્શાવ્યું છે અને એ રીતે જીવસ્વભાવમાં નિયત ચારિત્રનું સાક્ષાત્ મોક્ષહેતુપણું પ્રકાશિત કર્યું છે.

આ દર્શન-જ્ઞાન-ચારિત્ર, જો થોડી પણ પરસમયવૃત્તિ સાથે મિલિત હોય તો, અગ્નિ સાથે મિલિત ઘીની માફક (અર્થાત્ [1]ઉષ્ણતાયુક્ત ઘીની જેમ) કથંચિત્ [2]વિરુદ્ધ કાર્યના કારણપણાની વ્યાપ્તિને લીધે બંધકારણો પણ છે. અને જ્યારે તેઓ (દર્શન-જ્ઞાન-ચારિત્ર), સમસ્ત પરસમયપ્રવૃત્તિથી નિવૃત્તિરૂપ એવી સ્વસમયપ્રવૃત્તિ સાથે સંયુક્ત હોય છે ત્યારે, જેને અગ્નિ સાથેનું મિલિતપણું નિવૃત્ત થયું છે એવા ઘીની માફક, વિરુદ્ધ કાર્યનો કારણભાવ નિવૃત્ત થયો હોવાને લીધે સાક્ષાત્ મોક્ષકારણો જ છે.

---

૧. ઘી સ્વભાવે શીતળતાના કારણભૂત હોવા છતાં, જો તે થોડી પણ ઉષ્ણતાથી યુક્ત હોય તો, તેનાથી (કથંચિત્) દઝાય પણ છે; તેવી રીતે દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવે મોક્ષનાં કારણભૂત હોવા છતાં, જો તેઓ થોડી પણ પરસમયપ્રવૃત્તિથી યુક્ત હોય તો, તેમનાથી (કથંચિત્) બંધ પણ થાય છે.

૨. પરસમયપ્રવૃત્તિરૂપ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં કથંચિત્ મોક્ષરૂપ કાર્યથી વિરુદ્ધ કાર્યનું કારણપણું (અર્થાત્ બંધરૂપ કાર્યનું કારણપણું) વ્યાપે છે.

(શાસ્ત્રોમાં ક્યારેક દર્શન-જ્ઞાન-ચારિત્રને પણ, જો તેઓ પરસમયપ્રવૃત્તિયુક્ત હોય તો, કથંચિત્ બંધના કારણ કહેવામાં આવે છે; વળી ક્યારેક જ્ઞાનીને વર્તતા શુભભાવોને પણ કથંચિત્ મોક્ષના પરંપરાહેતુ કહેવામાં આવે છે. શાસ્ત્રોમાં આવતાં આવા ભિન્ન ભિન્ન શુદ્ધાશુદ્ધરૂપ મિશ્રપર્યાય વર્તતો હોય છે ત્યારે તે મિશ્રપર્યાય એકાંતે સંવર-નિર્જરા-મોક્ષના કારણભૂત હોતો નથી કે એકાંતે આસ્રવ-બંધના કારણભૂત હોતો નથી. પરંતુ તે મિશ્રપર્યાયનો શુદ્ધ અંશ સંવર-નિર્જરા-મોક્ષના કારણભૂત હોય છે અને અશુદ્ધ અંશ આસ્રવ-બંધના કારણભૂત હોય છે).

માટે 'સ્વસમયપ્રવૃત્તિ' નામનું જે જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તેને સાક્ષાત્ મોક્ષમાર્ગપણું ઘટે છે.* ૧૬૪.

---

## ગાથા—૧૬૪ ઉપર પ્રવચન

दंसणणाणचरित्ताणि मोक्खमग्गो त्ति सेविदव्वाणि।
साधूहि इदं भणिदं तेहिं दु बंधो व मोक्खो वा।।१६४।।

લ્યો, એ સયમસારની ૧૬મી ગાથા આવે છેને?

दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।
ताणि पुण जाण तिण्णे वि अप्पाणं चेव णिच्छयदो।।१६।।

'**મોક્ષ પણ થાય છે.**' જુઓ!

'**ટીકા :— અહીં, દર્શન-જ્ઞાન-ચારિત્રનું કથંચિત્ બંધહેતુપણું દર્શાવ્યું છે...**' જેટલો વ્યવહાર સમ્યગ્દર્શન, જ્ઞાનનો વિકલ્પ છે એટલો બંધહેતુ છે. મોક્ષમાર્ગ બે કહ્યાને? બેમાં એક બંધનું કારણ છે, એક મોક્ષનું કારણ છે એમ અહીંયાં બતાવવું છે. '**દર્શન-જ્ઞાન-ચારિત્રનું કથંચિત્ બંધહેતુપણું દર્શાવ્યું છે અને એ રીતે જીવસ્વભાવમાં નિયત ચારિત્રનું સાક્ષાત્ મોક્ષહેતુપણું પ્રકાશિત કર્યું છે.**' જુઓ! જેટલી સ્થિરતામાં-ચારિત્રમાં ઓછપ રહે છે એટલો વ્યવહાર મોક્ષમાર્ગનો વિકલ્પ ઉત્પન્ન થાય છે. આ મોક્ષમાર્ગના વિસ્તારનો અધિકાર છે. સમજાણું કાંઈ? જેટલી સ્વરૂપમાં લીનતાની ઓછપ રહે છે, ત્યાં વિષયનું પ્રતિબંધપણું કહ્યું હતું. અહીંયાં ચારિત્રની—સ્થિરતાની જેટલી ઓછપ છે એટલો રાગ આવે છે. એ જ દર્શન, જ્ઞાન, ચારિત્રમાં રાગનો ભાગ રહ્યો તે બંધહેતુ છે. '**અને એ રીતે જીવસ્વભાવમાં...**' ભગવાન આત્માના સ્વભાવમાં નિયત ચારિત્રનું, '**સાક્ષાત્ મોક્ષહેતુપણું પ્રકાશિત કર્યું છે.**'

'**આ દર્શન-જ્ઞાન-ચારિત્ર, જો થોડી પણ પરસમયવૃત્તિ સાથે મિલિત હોય...**' પરસમય એટલે રાગ, વિકલ્પ. જેટલી સ્વસમયસ્વરૂપ સ્થિરતા પરસમયની પ્રવૃત્તિ સાથે મિલિત હોય... સમજાણું કાંઈ? એ શ્લોક લીધો છેને? ભાઈ! નિયમસારમાં નહિ? પરસમયમાં બે લીધા છે. બહિરાત્મા અને અંતરાત્મા. સ્વસમયમાં પરમાત્મા લીધા છે. છેને, એ શ્લોક બીજો છે. જેટલો અંતરાત્મા પ્રગટ થયો, પણ જેટલો રાગ બાકી છે તેટલો તે પરસમય છે. ધર્માત્માને પણ. અને બહિરાત્મા તો પરસમય છે જ. પરમાત્મા એકલા સ્વસમય પૂર્ણ થઈ ગયા, પૂર્ણાનંદ

* આ નિરૂપણ સાથે સરખાવવા માટે શ્રી પ્રવચનસારની ૧૧મી ગાથા અને તેની તત્ત્વપ્રદીપિકા ટીકા જુઓ.

પૂર્ણ. તો જેટલો અંતરાત્માને પણ રાગ રહ્યો તેટલો પરસમય છે. સમજાણું કાંઈ? તો પરસમયના બે ભાગ પાડીને બહિરાત્મા અને અંતરાત્મા બેયને પરસમયમાં લીધા છે. આ અપેક્ષાએ. રાગ રહે છે. રાગ રહે છે એ પરસમયની પ્રવૃત્તિની સાથે મિલિત હોય તો અગ્નિ સાથે... એની દૃષ્ટાંત સાથે મેળવણી થશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૪, ગુરુવાર, તા. ૨૭.૮.૧૯૬૪**
**ગાથા-૧૬૪, પ્રવચન-૧૩**

૧૬૪ ગાથા ચાલે છે. શું અધિકાર છે? આ પંચાસ્તિકાયને પણ અહીંયાં સમયસાર કહે છે. પંચાસ્તિકાય સમયસાર. નામ પણ છેને એમાં. પંચાસ્તિકાય સમયસાર. સમજાણું કાંઈ? પંચાસ્તિકાય સમયસારમાં નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગનો વિસ્તારનું વર્ણનનો અધિકાર ૧૬૪ ગાથામાં ચાલે છે. ૧૫૪થી ચાલ્યો આવ્યો છે.

'**ટીકા :— અહીં, દર્શન-જ્ઞાન-ચારિત્રનું કથંચિત્ બંધહેતુપણું દર્શાવ્યું છે...**' કથંચિત્. કથંચિત્ મોક્ષનું કારણ છે, કથંચિત્ બંધનું કારણ છે. ઈ શું કથંચિત્? કહ્યુંને કથંચિત્. જુઓ, આવે છેને. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે પોતાના સ્વભાવના આશ્રયે થાય છે એ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? ટીકામાં બધું છે હોં! જયસેનાચાર્યદેવની ટીકામાં. અહીંયાં આવ્યુંને, બંધહેતુ એમાં આવ્યું છે. જેટલા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પોતાના સ્વદ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થાય એ તો મોક્ષનું જ કારણ છે. એ જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જેટલા પરદ્રવ્યના આશ્રયે પરાશ્રિત ઉત્પન્ન થાય એટલું એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? તો બેય એમાં સમાવી દીધા, લ્યો.

શુદ્ધરત્નત્રય અને અશુદ્ધ વ્યવહારરત્નત્રય. શુદ્ધરત્નત્રય—સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પોતાના સ્વદ્રવ્યના આશ્રયે થાય છે અને વ્યવહારરત્નત્રય જેને અહીંયાં સાધન કહ્યું, વ્યવહારસાધન કહ્યું તે સાક્ષાત્ પુણ્યબંધનું કારણ છે. પરંપરા તેનો અભાવ કરીને થશે તો પરંપરા એ વ્યવહારરત્નત્રય જે સ્વપરપ્રત્યય, સ્વપરપ્રત્યય હેતુ, આત્મા અને નિમિત્તના સંબંધમાં ઉત્પન્ન થવાવાળો રાગરૂપી ભાવ એ સ્વપરપ્રત્યય છે, તેને વ્યવહારમોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. એ પરાશ્રિત ભાવ છે. એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં બે ભાગ પાડી દીધા. એક સ્વઆશ્રિત અને એક પરાશ્રિત. એક નિશ્ચય, એક વ્યવહાર. એક શુદ્ધરત્નત્રય, એક અશુદ્ધ રત્નત્રય. સમજાણું કાંઈ? તો જેટલા દર્શન, જ્ઞાન, ચારિત્ર...

ખરેખર સમ્યગ્દર્શનને રાગવાળું સમ્યક્—સમ્યગ્દર્શન કહ્યું એ તો વ્યવહારથી છે. સમજાણું કાંઈ? શું? સમ્યગ્દર્શન તો પોતાના સ્વરૂપના આશ્રયે નિર્વિકલ્પ રાગ વિનાની પ્રતીતિ થાય છે એ એક જ પ્રકારનું સમ્યગ્દર્શન છે. પણ અહીંયાં પરાશ્રિત ભાવ, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એવા રાગને પણ અહીંયાં વ્યવહાર સમકિત કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? નવ તત્ત્વના ભેદ. અભેદ સ્વના આશ્રયે થયું એ નિશ્ચય સમ્યગ્દર્શન છે. અને પરના આશ્રયે થયું એ વ્યવહારસમ્યગ્દર્શન છે. તો વ્યવહાર સમ્યગ્દર્શનમાં વ્યવહાર એ રાગ છે અને સમ્યગ્દર્શન ને સમ્યક્ શ્રદ્ધાગુણની પર્યાય છે એમ નથી. સમજાણું કાંઈ? શું કહ્યું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ ચારિત્રગુણની વિકારી પર્યાય છે. એને અહીંયાં પરાશ્રિત વ્યવહાર સમ્યગ્દર્શન કહેવામાં આવ્યું છે.

જુઓ! અહીંયાં કહે છે, કથંચિત બંધહેતુ. કોણ કથંચિત્ બંધહેતુ? જે દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એમાં કથંચિત્ બંધહેતુ અને એમાં કથંચિત્ મોક્ષહેતુ. એ ત્રણેમાં. વ્યવહાર રત્નત્રય કથંચિત્ બંધહેતુ એમ નહિ. શું કહ્યું સમજાણું? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે ત્રણ છે એમાંથી કથંચિત્ બંધહેતુ ત્રણમાં છે અને કથંચિત્ મોક્ષહેતુ ત્રણમાં છે એમ લેવું. ત્રણેમાં. જેટલા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પોતાના જ્ઞાયક ચિદાનંદ સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થયા, સ્વ આશ્રયે, શુદ્ધાત્મા આશ્રયે, એટલા તો નિશ્ચય રત્નત્રય, શુદ્ધ રત્નત્રય મોક્ષનું સાક્ષાત્ કારણ છે. અને એ જ સમ્યગ્દર્શન, જ્ઞાન જેટલા પરાલંબનમાં જેટલું વ્યવહારદર્શન, વ્યવહારજ્ઞાન, વ્યવહારચારિત્ર રાગની મંદતાનો શુભ ઉપયોગરૂપ ભાવ (પરિણમે છે) તેને અહીંયાં વ્યવહારસમકિત કહ્યું, એને વ્યવહારજ્ઞાન કહ્યું. એને વ્યવહારચારિત્ર કહ્યું. એ ત્રણે દર્શન, જ્ઞાન, ચારિત્ર નથી. છતાં એને કહેવું એ પરાશ્રિત છે, સ્વપરપ્રત્યય છે તો એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? ડાલચંદજી! જુઓ! અહીંયાં આ ત્રણમાં બહુ ગડબડ થશે. આ પાઠ બોલીએ છીએ, જુઓ!

'**दंसणणाणचरित्ताणि मोक्खमग्गो त्ति सेविदव्वाणि**' '**सेविदव्वाणि**' બેય. '**साधूहि इदं भणिदं तेहिं दु बंधो व मोक्खो वा।**' બેય સેવવા. વ્યવહાર અને નિશ્ચય. પણ એનો અર્થ... એ તો આવે છે, ભેદરત્નત્રય આરાધવા, સેવવા. પણ એનો અર્થ સમજવો જોઈએ કે નહિ? સમજાણું કાંઈ? '**दंसणणाणचरित्ताणि मोक्खमग्गो त्ति सेविदव्वाणि**' '**इदं भणिदं तेहिं**' '**तेहिं**' એટલે દર્શન, જ્ઞાન, ચારિત્ર. '**तेहिं दु बंधो व मोक्खो वा**' એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર બંધ અને મોક્ષનું કારણ છે, એમ ગાથા છે. સમજાણું કાંઈ? જુઓ! અર્થમાં પણ એમ કહ્યું છે. '**तैः तु**' '**પરંતુ તેમનાથી...**' તેમનાથી એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી '**બંધ પણ થાય છે અને મોક્ષ પણ થાય છે.**' પંડિતજી! આ '**सेविदव्वाणि**' બેયમાં આવ્યું. ઈ આવે છેને, હોય છે એટલે '**सेविदव्वाणि**'. આરાધે છે એમ પણ કહેવાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ... બેયને માટે?

ઉત્તર :— બેને માટે. તેથી તો આ અટકાવ્યું.

'**दंसणणाणचरित्ताणि मोक्खमग्गो त्ति सेविदव्वाणि**' '**तेहिं**' તે દર્શન, જ્ઞાન, ચારિત્ર જે સેવવાનો મોક્ષમાર્ગ કહ્યો '**तेहिं दु बंधो व मोक्खो वा**'. તે બંધનું અને મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? છે કે નહિ એમાં? જુઓને, અર્થમાં છે કે નહિ? શબ્દાર્થમાં છે. '**દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષમાર્ગ છે...**' શબ્દાર્થ '**તેથી તેઓ સેવવાયોગ્ય છે—**' તે સેવવાયોગ્ય છે. બેય, હોં! '**એમ સાધુઓએ કહ્યું છે; પરંતુ તેમનાથી...**' એ મોક્ષમાર્ગથી '**બંધ પણ થાય છે અને મોક્ષ પણ થાય છે.**' વ્યવહારનયથી કથન ચાલે છે તો એને

બેય સેવવા, આવે છે એને સેવવા એમ કહેવામાં આવે છે. વ્યવહારથી એવું નિમિત્ત આવે છે. પરદ્રવ્ય આશ્રયે નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા.. ખરેખર તો એ સમકિત નથી. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં લખે છેને? સરાગ સમકિત. જયસેનાચાર્ય તો બહુ લખે છે. સમજાણું કાંઈ? અને વીતરાગ સમકિત. લોકો એ તકરાર કરે છેને. પણ સરાગ સમકિતનો અર્થ શું? સમ્યગ્દર્શન એ તો પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધાની નિર્મળ પર્યાય છે. અને સરાગ છે એ તો ચારિત્રની વિકારી પર્યાય છે. તો સરાગ સમકિતનો અર્થ શું? સમ્યગ્દર્શન અનુદયરૂપ છે, ઉપશમરૂપ છે, ક્ષયોપશમરૂપ છે, ક્ષાયિકરૂપ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન, પોતાનું જે સમ્યગ્દર્શન, સ્વભાવના આશ્રયે જે ઉત્પન્ન થયું એ તો ઉપશમરૂપ છે, ક્ષયોપશમરૂપ છે, ક્ષાયિકરૂપ છે અને રાગ ઉદયરૂપ છે. શું (કહ્યું) સમજાણું? બેય ભિન્ન થઈ ગયા.

સમ્યગ્દર્શનને સરાગ સમકિત કહેવું એનો અર્થ શું? ઉદયવાળું સમ્યગ્દર્શન, એમ? ઉદયવાળું સમ્યગ્દર્શન. સરાગ સમકિતનો અર્થ ઉદયવાળું સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન ઉદયવાળું છે જ નહિ. સમ્યગ્દર્શન તો પોતાના શુદ્ધ ચૈતન્યના આશ્રયે નિર્વિકલ્પ—રાગ વિનાની નિર્મળ પર્યાય નિર્દોષ શુદ્ધ થઈ એને સમ્યગ્દર્શન કહે છે. એ તો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવે છે. અને રાગને જ્યાં સરાગ સમકિત કહો તો રાગ તો ઉદયભાવ છે. તો ઉદયભાવવાળું સમકિત, એ તો ચારિત્રનો રાગ છે અને જ્યાં ચારિત્રનો રાગ નથી એ અપેક્ષાથી આરોપથી કથન (કર્યું) કે સરાગ સમકિત અને રાગ રહ્યો નહિ ત્યાં વીતરાગ સમકિત. સમકિત તો વીતરાગી જ છે. લો. સમજાણું કાંઈ? આ ગાથામાંથી બંધ અને મોક્ષ ને કેટલી વાતું કાઢે છે. પણ કઈ અપેક્ષાએ?

મુમુક્ષુ :— કારણ એક, કાર્ય બે.

ઉત્તર :— કારણ એક... કારણ પણ બે અને કાર્ય પણ બે, અહીંયાં તો છે. અહીં તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કારણ પણ બે અને કાર્ય પણ બે. જેટલું સમ્યગ્દર્શન, જ્ઞાન સ્વના આશ્રયે થયા એ કારણ એક, એનું મોક્ષ એક કાર્ય. અને એ જ સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્ર જેટલું રોકાઈને રાગમાં રોકાયું પરદ્રવ્યના આશ્રયે એ કારણ અને એનું કાર્ય બંધ. એ પરંપરા મોક્ષનું કારણ સાધન ગણીને કહેવામાં આવ્યું છે. પહેલા (કહ્યું) એની સાથે મેળવવું છેને. શુદ્ધરત્નત્રય સાધ્ય અને અશુદ્ધરત્નત્રય સાધન, વ્યવહારરત્નત્રય સાધન. એ વ્યવહારરત્નત્રય વિકલ્પાત્મકને રત્નત્રય કહ્યું એ છે નહિ, વાસ્તવિક રત્નત્રય નથી. રત્નત્રય-સમ્યગ્દર્શન નિર્મળ ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ, ઉપશમભાવ છે, સમ્યક્જ્ઞાન પણ ક્ષયોપશમભાવ છે, સમ્યક્. અને ચારિત્ર પણ ક્ષયોપશમભાવ છે. સમજાણું કાંઈ?

એની સાથે સરાગ સમ્યગ્દર્શન, સરાગ જ્ઞાન, સરાગ ચારિત્ર. એ તો ઉદયભાવવાળા જ્ઞાન, દર્શન, ઉદયભાવવાળું જ્ઞાન, ઉદયભાવવાળું ચારિત્ર. એ તો આરોપથી કથન કરવામાં આવ્યું. ચારિત્રની પ્રધાનતા બતાવવામાં કે જ્યાં સુધી ચારિત્રનો રાગ છે તો એના સમકિતને

સરાગ સમકિત કહ્યું. સમકિત સરાગ-ફરાગ છે જ નહિ. સમજાણું કાંઈ? અને રાગ ગયો તો સમકિતને વીતરાગ સમકિત કહેવામાં આવ્યું. એ ચારિત્રના (રાગના) અભાવની અપેક્ષાએ. સમ્યગ્દર્શન તો છે ઈ છે વીતરાગ, એક પ્રકારનું જ છે. આહાહા..! ભારે ભાઈ! સમજાણું કાંઈ? એમ સમ્યક્જ્ઞાન તો આત્માના આશ્રયે થયું એ એક જ સમ્યક્જ્ઞાન છે. એ જ્ઞાનમાં રાગવાળું જ્ઞાન, બંધવાળું જ્ઞાન એમ અહીંયાં આવ્યું કે નહિ?

સમ્યગ્દર્શન નિશ્ચય સ્વઆશ્રયે છે એ સમ્યગ્દર્શન મોક્ષનું કારણ અને જેટલી એની સાથે નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા પરાશ્રિત હોવાથી બંધનું કારણ છે. તો સમ્યગ્દર્શન જ કથંચિત્ બંધ અને કથંચિત્ મોક્ષ અર્થાત્ સ્વઆશ્રયવાળું મોક્ષનું કારણ છે અને પરાશ્રયવાળું બંધનું કારણ છે. સમજાણું કાંઈ? એમ જ્ઞાન, આત્મજ્ઞાન જે છે એ જ જ્ઞાન છે. એમાં ઉદયભાવ છે જ નહિ કે રાગવાળું જ્ઞાન, રાગવાળું જ્ઞાન. પણ સાથે શાસ્ત્ર ભણવા આદિનો વિકલ્પ રાગ છે એને ગણીને રાગવાળું જ્ઞાન, એક રાગ વિનાનું જ્ઞાન, એક રાગવાળું જ્ઞાન (કહેવામાં આવ્યું). સમજાણું કાંઈ? તો જેટલો પરાશ્રયે રાગ રહ્યો એ પુણ્યબંધનું સાક્ષાત્ કારણ છે, પરંપરા મોક્ષનું કારણ (એમ) અહીંયાં ભેદ સાધ્ય-સાધનમાં લેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? કેટલા બોલો આમાં..

એમ ચારિત્ર, સ્વરૂપના આશ્રયે જેટલો શાંત, અવિકાર ઉપશમરસ ઢળી ગયો, અવિકારી પરિણમન (થયું) એ ચારિત્ર. એક જ સ્વઆશ્રયે ચારિત્ર. એને પરાશ્રયે રાગ બાકી રહ્યો (એ) સરાગચારિત્ર (કહ્યું). તો ચારિત્ર તો ચારિત્ર છે ઈ છે. પણ રાગને કારણે એને સરાગચારિત્ર કહેવામાં આવે છે. તો રાગ છે એ બંધનું કારણ છે અને જે નિર્મળ ચારિત્ર તે મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ?

'**અહીં, દર્શન-જ્ઞાન-ચારિત્રનું કથંચિત્ બંધહેતુપણું...**' કથંચિત્‌નો અર્થ વ્યવહારરત્નત્રય કથંચિત્ બંધનું કારણ અને કથંચિત્ મોક્ષનું કારણ, એમ નહિ. એમ નિશ્ચયરત્નત્રય કથંચિત્ બંધનું કારણ અને કથંચિત્ મોક્ષનું કારણ, એમ નહિ. પણ દર્શન, જ્ઞાન, ચારિત્ર સામાન્ય વાત કરી ત્યારે એમાં એક ભાગ મોક્ષનું કારણ, બીજો (ભાગ) બંધનું કારણ. એ અપેક્ષાથી કથંચિત્ બંધનું કારણ કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ? '**અને એ રીતે જીવસ્વભાવમાં નિયત ચારિત્રનું...**' જુઓ! મુદ્દો અહીં આ લેવો છે. શરૂ ઈ કર્યું છેને. ચારિત્ર જેટલું સ્વરૂપમાં પૂર્ણ થઈ ગયું એ મોક્ષનું કારણ છે. એ ચારિત્રમાં જેટલી નબળાઈ રહી ગઈ, દર્શન-જ્ઞાન-ચારિત્રમાં રાગ આવ્યો તે નબળાઈને વ્યવહાર દર્શન, જ્ઞાન, ચારિત્ર કહેવામાં આવ્યું. એ ચારિત્રની નિર્મળતાની પૂર્ણતાનો એમાં અભાવ છે. તો એ પ્રકાર.. જીવસ્વભાવ જ્ઞાન અને દર્શન. કોણ જ્ઞાન-દર્શન? ચેતના. જીવમાં સામાન્યચેતના દર્શન, વિશેષચેતના જ્ઞાન. એવા જીવસ્વભાવમાં નિયત નિશ્ચય ચારિત્રનું. નિશ્ચયચારિત્ર સ્વમાં લીન થવું '**સાક્ષાત્ મોક્ષહેતુપણું...**' સાક્ષાત્ મોક્ષહેતુપણું '**પ્રકાશિત કર્યું છે.**' ચારિત્રને જ સાક્ષાત્ મોક્ષહેતુપણું સિદ્ધ કર્યું છે. એ ચારિત્રમાં

સમ્યગ્દર્શન, જ્ઞાન નિર્મળ ત્રણે આવી ગયા. કહો, સમજાણું કાંઈ? આ અર્થમાં ઘણી ગડબડી (કરે) છે. જુઓ! પંચાસ્તિકાયમાં એમાં લીધું છે, રાત્રે નહોતી વાત ચાલી? શુદ્ધ, અશુદ્ધ રત્નત્રય યથાક્રમેણ મોક્ષ અને પુણ્યબંધનું કારણ છે. તો શુદ્ધ રત્નત્રય એ મોક્ષનું કારણ છે અને અશુદ્ધ રત્નત્રય પુણ્યનું કારણ છે. તો અશુદ્ધ રત્નત્રય જો એકલું છઠ્ઠા સુધી હોય તો એકલું પુણ્યનું કારણ થયું. અને પછી પરંપરા મોક્ષનું કારણ સાધન જોઈને કહ્યું. સમજાણું કાંઈ એમાં?

એકલું અશુદ્ધ રત્નત્રય તો સાક્ષાત્ પુણ્યનું કારણ કહ્યું. સમજાણું કાંઈ? ત્યારે વર્તમાન (શુભભાવ) પુણ્યનું કારણ છે એ તો પરંપરા નિમિત્ત જોઈને (કહ્યું). મોક્ષના ભિન્નસાધ્યસાધનભાવમાં ભિન્ન સાધ્ય એ નિર્મળ છે, ભિન્ન સાધન એ મલિન છે તેને નિમિત્ત જોઈને એને ભિન્નસાધ્યસાધન કહ્યું. પણ એની સાથે ભિન્ન સાધ્યસાધનના કાળમાં કે વ્યવહારરત્નત્રય અશુદ્ધ રત્નત્રયના કાળમાં અશુદ્ધ રત્નત્રય સાક્ષાત્ તો પુણ્યનું કારણ છે. તો એના કાળમાં ન્યાં કોઈ સંવર, નિર્જરાનું કારણ છે કે નહિ? ભાઈ! સમજાણું કાંઈ? શુદ્ધ રત્નત્રય સાતમાને યોગ્ય નિશ્ચય હોય એ તો સાતમે, પણ પહેલા ચોથે, પાંચમે, છઠ્ઠે.. અહીંયાં તો એ કહ્યું કે, અશુદ્ધ રત્નત્રય છે એ તો બંધનું કારણ છે. તો બંધનું કારણ છે તો ચોથે, પાંચમે, છઠ્ઠે એકલા અશુદ્ધ રત્નત્રય હોય તો (સંવર, નિર્જરાના) પરિણામ પ્રગટ થયા છે કે નહિ? સમજાણું કાંઈ? કે બંધ પરિણામથી સંવર, નિર્જરા થાય છે? તો એ કહે છે કે, નહિ, ચોથે, પાંચમે, છઠ્ઠે તો શુભ ઉપયોગ વ્યવહાર રત્નત્રય છે એમાં જ શુદ્ધ અંશ છે. જેટલી નિવૃત્તિ થઈ એટલો શુદ્ધ છે, પ્રવૃત્તિ વિકલ્પ રહે છે એ અશુદ્ધ છે. એમ છે જ નહિ.

મુમુક્ષુ :— જે કારણ બંધનું હોય એ સંવરનું કારણ...

ઉત્તર :— એ સંવરનું કારણ ક્યાંથી થશે? ત્યારે કહે છે કે એમાં પરંપરા મોક્ષનું કારણ કહ્યું છેને? ભેદરત્નત્રયને સાધ્યસાધન કહ્યુંને? એ તો ઉપચારથી વ્યવહારથી કહ્યું છે. યથાર્થમાં એ છે જ નહિ. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા (કહ્યું). ચોથે, પાંચમે, છઠ્ઠે દેવ-ગુરુ-શાસ્ત્ર, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ છે. પાંચમે, છઠ્ઠે બાર વ્રત અને પંચ મહાવ્રતની યોગ્યતાવાળા મંદ કષાયનું જ નિમિત્ત છે. એમ અનુકૂળ વ્યવહારથી નિમિત્ત જોઈને પરંપરા સાધન છે એવો આરોપ કરવામાં આવ્યો છે. ઓહોહો..! મિત્રસેનજી! લોકો બહુ ગડબડ કરી નાખે છે.

કહે છે, ભગવાન આત્મા... બે વાર લીધું છે ભાઈએ નહિ? ટીકામાં. સ્વઆશ્રિત, પરાશ્રિત બે વાર લીધું છે અને ત્રીજી વાર શુદ્ધાત્માશ્રિત, એમ ત્રીજી વાર લીધું પાછું. એ વળી પાછો ખુલાસો ચોખ્ખો કર્યો છે. ભગવાન આત્મા.. અહીં ત્રણ બોલમાં બે પ્રકાર લેવા. એક, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સ્વાશ્રય, સ્વાધીન, રાગ વિના નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્ર છે એ તો વર્તમાન સંવર, નિર્જરા છે, સાક્ષાત્ મોક્ષનું કારણ છે. અને રાગ જેટલો બાકી રહ્યો, ભેદવાળી શ્રદ્ધા, શાસ્ત્રનું ભેદરૂપ જ્ઞાન અને પંચ મહાવ્રતના વિકલ્પને પરંપરા

સાધન કહ્યું, સાક્ષાત્ પુણ્યબંધનું કારણ છે. સમજાણું કાંઈ? પરાશ્રિત થયું તેથી. જેટલો પરાશ્રિત રાગ, નવ તત્ત્વનો ભેદ પરાશ્રિત થયો. શાસ્ત્રજ્ઞાન પરાશ્રિત થયું અને પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીસ મૂળગુણના પરાશ્રિત થયા. ધન્નાલાલજી! આહાહા..!

મુમુક્ષુ :— એક સિદ્ધાંત—સ્વાશ્રિત તે નિશ્ચય, પરાશ્રિત તે વ્યવહાર.

ઉત્તર :— **બસ, વાત ઈ. સ્વાશ્રિતો નિશ્ચય, પરાશ્રિતો વ્યવહાર, મહાસિદ્ધાંત.**

મુમુક્ષુ :— ... પરંપરા મોક્ષનું કારણ કહ્યું.

ઉત્તર :— પરંપરા મોક્ષનો આરોપ આપવામાં આવ્યો છે. એનો અભાવ કરશે. દૃષ્ટિમાં ખ્યાલ છે કે હેય છે. ઉપાદેય તો આ જ છે—સંવર, નિર્જરા, મોક્ષ પ્રગટ કરવાની અપેક્ષાએ. ઉપાદેય એકલું દ્રવ્ય જ છે. નિશ્ચયથી ઉપાદેય તો જ્ઞાયકભાવ જ ત્રિકાળ જ્ઞાયક અખંડાનંદ જ ઉપાદેય છે, પણ પ્રગટ કરવાલાયક સંવર, નિર્જરા, મોક્ષ છે. પ્રગટ કરવાની અપેક્ષાથી ઉત્પાદની અપેક્ષાથી એને ઉપાદેય કહેવામાં આવ્યું છે. અને આસ્રવ, બંધને વ્યયની અપેક્ષાથી હેય કહેવામાં આવ્યા છે. નાશ કરવાલાયક છે. સમજાણું કાંઈ? ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્ થઈ ગયા ત્રણે. જુઓ! એક સમયમાં ધ્રુવ જ્ઞાયકભાવ એ જ સાક્ષાત્ ઉપાદેય છે. સ્વઆશ્રય. અને સંવર, નિર્જરા, મોક્ષ નિર્મળ પર્યાય છે, ઉત્પન્ન કરવાલાયક છે, શુદ્ધ છે, પોતાના સ્વભાવમાંથી પ્રગટ થાય છે. મોક્ષ પણ એક અંશ છે. કેવળજ્ઞાન છેને, એક અંશ છે. સ્વભાવમાંથી ઉત્પન્ન થાય છે અને સ્વભાવની પર્યાય પ્રગટ થવાનું કારણ છે, પ્રગટ કરવા માટે આદરણીય છે આ અપેક્ષાથી તેને ઉપાદેય કહેવામાં આવ્યા છે. અને પુણ્ય ને પાપ, આસ્રવ ને બંધભાવ હેય કહ્યા. કેમકે એ વ્યય કરવાલાયક છે, ઉત્પન્ન કરવાલાયક નથી. સમજાણું કાંઈ? બહુ પણ ઝીણું. કેટલી વાત યાદ રાખવી?

અહીં ગડબડી આ છેને, '**बंधो व मोक्खो वा**'. તેથી અમારા પંડિતજીએ ખુલાસો કર્યો છે. ઈ કહે છે, ભાઈ! જુઓ! સમ્યગ્દર્શનને સ્વર્ગના આયુષ્યનું બંધનું કારણ કહ્યું, તત્ત્વાર્થ સૂત્રમાં. હમણા આવ્યું હતું. અરે..! સમ્યગ્દર્શન, સ્વર્ગના બંધનું કારણ એ સમ્યગ્દર્શન નહિ. સમ્યગ્દર્શનની સાથે વિકલ્પ છે એ સ્વર્ગ આયુષ્યનું કારણ છે. પંડિતજી! એ તત્ત્વાર્થસૂત્રમાં આવે છેને? '**सम्यक्त्वं च**' એ સ્વર્ગના આયુષ્યનું કારણ. સરાગ સંયમ... એમ ષોડશકારણ (ભાવનાથી) જે તીર્થંકર ગોત્ર બંધાય છે એમાં પણ દર્શનવિશુદ્ધિ જે લીધી છે એ દર્શનવિશુદ્ધિ તીર્થંકર ગોત્રના બંધનું કારણ નહિ. એની સાથે વિકલ્પ આવ્યો છે એ તીર્થંકર ગોત્રના બંધનું કારણ છે. સમ્યગ્દર્શન બંધનું કારણ? સમ્યગ્દર્શન તો સંવર, નિર્જરાનું કારણ છે. એ તો મોક્ષનું કારણ શુદ્ધ છે. એનાથી બંધ થતો નથી. ઈ લગાવી દે. ક્યારેક સમ્યગ્દર્શન-જ્ઞાન પણ બંધનું કારણ છે. જુઓ! આ લખ્યું. અને ક્યારેક શુભભાવ પણ મોક્ષનું કારણ છે. નીચે આવશે, ખુલાસો આવશે કે એમ છે જ નહિ. જુઓ!

**'આ દર્શન-જ્ઞાન-ચારિત્ર, જો થોડી પણ પરસમયવૃત્તિ સાથે મિશ્રિત હોય...'**

એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર '**જો થોડી પણ પરસમય...**' નામ એ જે સ્વપરપ્રત્યય હેતુ વ્યવહારરત્નત્રય કહ્યું હતું, વિકલ્પ, રાગ, વિભાવ. સ્વપરપ્રત્યય હેતુ એ વિભાવ, સ્વાશ્રય એ સ્વભાવ, તો કહે છે, એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જો અલ્પ પણ, '**થોડી પણ પરસમયવૃત્તિ સાથે મિશ્રિત હોય તો, અગ્નિ સાથે મિલિત ઘીની માફક...**' લ્યો. ઘી તો ઠંડુ છે પણ અગ્નિ સાથે મળ્યું એટલે થોડું ઉષ્ણ થઈ ગયું છે. '**અગ્નિ સાથે મિલિત ઘીની માફક...**' ઘી. '**(અર્થાત્ ઉષ્ણતાયુક્ત ઘીની જેમ) કથંચિત્ વિરુદ્ધ કાર્યના કારણપણાની...**' વિરુદ્ધ કાર્યના કારણપણાની '**વ્યાપ્તિને લીધે બંધકારણો પણ છે.**' હવે બેનો ખુલાસો. પહેલા આવ્યુંને ઈ? ઉષ્ણતાયુક્ત ઘી. નીચે ખુલાસો. 'ઘી સ્વભાવે શીતળતાના કારણભૂત હોવા છતાં...' ઘી તો ઠંડુ છે. 'જો તે થોડી પણ ઉષ્ણતાથી યુક્ત હોય...' અગ્નિની સાથે યુક્ત જો ઘી ઊનું હોય 'તો, તેનાથી (કથંચિત્) દઝાય પણ છે;...' સમજાણું કાંઈ? બાળે છે. ઊનું ઘી નાખે આમ તો બળી જાય. ઊના ઘીથી બળી જાય. સમજાણું કાંઈ?

'તેવી રીતે દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવે મોક્ષનાં કારણભૂત હોવા છતાં,...' સ્વભાવ તો મોક્ષનું જ કારણ છે '**જો તેઓ થોડી પણ પરસમયપ્રવૃત્તિથી યુક્ત હોય તો, તેમનાથી (કથંચિત્) બંધ પણ થાય છે.**' રાગથી બંધ પણ થાય છે. એમાંથી કાઢે કે થોડો બંધ પણ થાય છે કથંચિત્, એમ નહિ. એ તો ત્રણે શુદ્ધ છે તેનાથી મોક્ષ થાય છે અને ત્રણેમાં થોડી અશુદ્ધતા છે એ બેની અપેક્ષાથી કથંચિત્ મોક્ષ, કથંચિત્ બંધ (કહેવાય છે). અશુદ્ધ છે તે કથંચિત્ બંધનું કારણ છે.

મુમુક્ષુ :— પરસમયપ્રવૃત્તિથી...

ઉત્તર :— પરસમયપ્રવૃત્તિથી યુક્ત રાગ, રાગ.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— બુદ્ધિપૂર્વક રાગ છે તો અબુદ્ધિપૂર્વક તો છે જ અંદર. આ નવ તત્ત્વની શ્રદ્ધા, આ પંચ મહાવ્રતના ભાવ બુદ્ધિપૂર્વક ખ્યાલ છે. તે કાળે ખ્યાલમાં ન આવે એવા અબુદ્ધિપૂર્વકના પણ છે. એ વાતનું અહીં કામ નથી. પણ છતાં બુદ્ધિપૂર્વક છે તો અબુદ્ધિપૂર્વક અંદર છે ખરો. અબુદ્ધિપૂર્વકનો અર્થ એમ નથી... ખ્યાલમાં નહિ આવનારાને અબુદ્ધિપૂર્વક કહે છે. તે જ સમયે. પંચ મહાવ્રતના, વ્યવહારરત્નત્રયના વિકલ્પ થયા, ખ્યાલમાં આવ્યા. એને ઉપચારથી અસદ્ભૂત વ્યવહારનયથી બુદ્ધિપૂર્વકનો રાગ કહેવામાં આવ્યો. અને તે જ સમયે ખ્યાલમાં નહિ આવનારો અંદરમાં છે. ઉપયોગ સ્થૂળ છેને. તે જ સમયે ખ્યાલમાં નહિ આવનારો છે. પણ બુદ્ધિપૂર્વક અબુદ્ધિપૂર્વકને સિદ્ધ કરે છે. વળી ક્યાં આવ્યા? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ફરીથી કહીએ છીએ, કહીએ છીએ. જે રાગ વ્યવહાર ખ્યાલમાં આવ્યો, નવ તત્ત્વની ભેદરૂપ શ્રદ્ધાનો વિકલ્પ અને પંચ મહાવ્રતનો વિકલ્પ જે ખ્યાલમાં આવ્યો એને બુદ્ધિપૂર્વક

કહેવામાં આવ્યો. એને અસદ્‌ભુત ઉપચારથી કહેવામાં આવ્યું અને અસદ્‌ભુત અનુપચાર તે જ સમયે છે. બુદ્ધિપૂર્વક છે તે અબુદ્ધિપૂર્વકને સિદ્ધ કરે છે. બુદ્ધિપૂર્વક સાધન છે અને એટલો ખ્યાલમાં આવવાવાળો છે તો અંદરમાં ખ્યાલમાં નહિ આવવાવાળો રાગ પણ છે. એને અબુદ્ધિપૂર્વકને અહીંયાં અનુપચારથી અસદ્‌ભુત રાગ કહેવામાં આવ્યો છે. ભારે વાત ભાઈ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... શબ્દ તો કરે છે કે નહિ? રાગ છે. હવે રાગ ખ્યાલમાં આવ્યો અને મારું જાણવું, એ અસદ્‌ભુત ઉપચાર થયો. છે નહિ પોતાના સ્વભાવમાં. રાગ આવ્યો તો ખ્યાલ આવ્યો કે આ છે, એ વ્યવહાર ઉપચાર. એ જ વખતે ખ્યાલમાં નહિ આવવાવાળો એને સાધ્ય બનાવીને, આ બુદ્ધિપૂર્વકનો રાગ વ્યવહાર સાધન બન્યો, સાધનથી સાધ્ય છે, અંદર નક્કી અબુદ્ધિપૂર્વક રાગ છે. નહિતર અબુદ્ધિપૂર્વક રાગ આમ પ્રગટ જાણવામાં ન આવે. સમજાણું કાંઈ? કઠણ વાત. પંચાધ્યાયીની વાત છેને.

મુમુક્ષુ :— પરસમય એટલે રાગ?

ઉત્તર :— રાગ. પરસમય શબ્દે રાગને આધીન જેટલા દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા તેટલી પરસમયપ્રવૃત્તિ છે. સ્વભાવ સાથે જેટલા થયા તે સ્વસમયપ્રવૃત્તિ છે. એ બીજી વાત છે, ચાલતી વાત જુદી છે.

અહીં ચાલે છે એમાં ખ્યાલમાં આવ્યો કે નહિ? એવો પ્રશ્ન કર્યોને? આત્મામાં ચાર નય ઉતારી છે પંચાધ્યાયીમાં. સમજાણું કાંઈ? પહેલા બહુ સ્પષ્ટીકરણ થતું હતું. એકવાર તો અહીંયાં પોણા કલાકમાં પાંચ ઈંચ વરસાદ થયો હતો. (સંવત) ૧૯૯૨ની સાલ, જેઠ સુદ-૧૨. પોણા કલાકમાં પાંચ ઈંચ. ત્યારે અમે અને વિરજીભાઈ-બે, ચાર નયમાં સાધ્ય-સાધન ઘટાવતા હતા. સાધન-સાધ્ય, સાધન-સાધ્ય. ૯૨, સમજ્યા? ૨૮ વર્ષ થયા. આ હીરાભાઈના મકાનમાં. વરસાદ, વરસાદ પાણી.

જેટલો રાગ છેને ખ્યાલમાં આવવાવાળો એ સાધન થયું. કોનું? અબુદ્ધિપૂર્વક સિદ્ધ કરવામાં કે અંદર રાગ છે. એક વાત. અને અબુદ્ધિપૂર્વક પણ સિદ્ધ થઈ ગયો. હવે અબુદ્ધિપૂર્વક રાગ છે એનું જ્ઞાન થયું કે આ રાગ છે, તેનું જ્ઞાન થયું. એ સદ્‌ભુત ઉપચારનય જ્ઞાનનો કહેવામાં આવે છે. એનું જ્ઞાન કર્યુંને કે આ રાગ છે. રાગ બુદ્ધિપૂર્વક, અબુદ્ધિપૂર્વક છે, બેય છે એવું જ્ઞાન કર્યું. તો એનું જ્ઞાન કર્યું એ સ્વના જ્ઞાનની તાકાત છે અને પરનું જ્ઞાન કર્યું એ સ્વપરપ્રકાશકજ્ઞાન પ્રમાણજ્ઞાન સદ્‌ભુત ઉપચારનયનો વિષય થઈ ગયો. અને જ્ઞાન છે તે આ ગુણીનું છે, આત્માનું છે, એ જ્ઞાન આત્માનું છે એ સદ્‌ભુત અનુપચાર થઈ ગયો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— આત્મધર્મમાં આવી ગયું છે.

ઉત્તર :— આત્મધર્મમાં આવી ગયું છે, ઘણી વાતો આવી ગઈ છે. પહેલા ઘણી વાતો

આવી ગઈ છે. સમજાણું કાંઈ? છઠ્ઠી ગાથા, સાતમી ગાથામાં ઉતાર્યા છે. છઠ્ઠીમાં ત્રણ અને સાતમીમાં એક.

ण वि होदि अपमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।
एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव।।६।।

એમાં (છઠ્ઠીમાં) ત્રણ નય ઉતારી છે. અસદ્ભુત ઉપચાર, અનુપચાર, સદ્ભુત ઉપચાર. અને સાતમી ગાથામાં સદ્ભુત અનુપચાર.

ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।
ण वि णाणं चरित्तं ण दंसणं जाणगो सुद्धो।।७।।

ઈ અનુપચાર. આ પર્યાય અથવા ગુણ એનો છે તેથી અનુપચાર. સમજાણું કાંઈ? આવી અભેદદૃષ્ટિ કરવામાં, એકાકાર થવામાં એ ચારેય નયનું લક્ષ છૂટીને... સમજાણું કાંઈ? ઉપચારનું, અનુપચારનું, પરને જાણવાનું અને આ જ્ઞાન આનું, એવો ભેદ પણ છૂટીને. પંડિતજી! આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, વળી બુદ્ધિપૂર્વકમાં આવું નીકળી ગયું જરી. બુદ્ધિપૂર્વકના પંચ મહાવ્રત છે ઈ. વ્યવહારશ્રદ્ધા એ બુદ્ધિપૂર્વકનો રાગ છે, અબુદ્ધિપૂર્વક સાથે છે. આ નવ તત્ત્વની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ એ બધો રાગ છે, પરસમયપ્રવૃત્તિ છે. એને વ્યવહારરત્નત્રય કહેવામાં આવે છે. એને સાક્ષાત્ પુણ્યબંધનું કારણ કહેવામાં આવે છે. એને પરંપરા સાધન, સાધ્યનું કહેવામાં આવ્યું છે. આહાહા..! બાબુભાઈ! આહાહા..! ભગવાન! કેટલી વાત! સમજાણું કાંઈ?

અહીં તો એટલું સિદ્ધ કરવું હતું કે 'તેવી રીતે દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવે મોક્ષનાં કારણભૂત હોવા છતાં, જો તેઓ થોડી પણ પરસમયપ્રવૃત્તિથી યુક્ત હોય તો, તેમનાથી (કથંચિત્) બંધ પણ થાય છે.' તો જેટલો પરાશ્રિત રાગ થયો તે જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કહેવામાં આવ્યુંને? એમાંથી જેટલા ભાગે પરનો આશ્રય લીધો એ બંધનું કારણ છે. સ્વનો આશ્રય લીધો... જેમ ઘી ઊનું—ઉષ્ણ થયું. નાખે તો શું કહે છે? બાળે છે કે નહિ? જલા દે.

પહેલા એક વાત થઈ હતી. ભાઈ! આ ગુલાબચંદજી હતાને? ગુલાબચંદજી અમારે એક સ્થાનકવાસી હતા. પછી બ્રહ્મચર્યની વાત કરે તો એવી વાત કરેને, કડક ભાષા. ઘરે દીકરીઓ જણે, વહુ જણે અને સાસુ જણે, ત્રણ ત્રણ જણે. એવી ભાષા બોલે. સમજાણું કાંઈ? ગુલાબચંદજી હતા એક, રાજકોટના સ્થાનકવાસી સાધુ. પછી એવું બોલેને. આ? એક કોર સાસુ જણે, એક કોર વહુ જણે અને એક કોર દીકરી જણે. લાજ નથી આવતી. એવી ભાષા. પછી એક ગૃહસ્થ હતો, (એ કહે), મહારાજ! ઘી તો ખરા પણ ઊનું બહુ. ભાઈ! એમ કહેતા હતા. નવરંગભાઈ! ઊનું ઘી બહુ પણ. બાળે છે. ભાઈ! સાંભળનારા શેઠિયા બેઠા હોય, ગૃહસ્થો બેઠા હોય જરી.. સમજ્યાને? આમ તો મોટી ઉંમરે પરણ્યા હોય તો એને છોકરુ થાય ને છોકરાને છોકરા થાય ને છોડ્યુંને છોકરા થાય. ત્રણે સુવાવડ એકસાથે

જુદા જુદા ઓરડામાં હોય ક્યાંક. ઓલો કડક માણસને, એવું કહે... તમે જોયા હતા કે નહિ? આ તો એના ભગત હતા. નહિ? (સંવત) ૧૯૮૨માં ને? ૮૨માં. ૮૨માં પહેલા ન્યાં હતા. ૮૨માં જ ગુજરી ગયા. ૬૯માં. ૬૯માં સુંદર વોરાની સામે હતા. સુંદર વોરાની સામે છેને ભોજનશાળા? ત્યાં ઉતર્યા હતા. ૬૯ની સાલ. ત્યાં હું આવ્યો હતો, ૬૯માં જેઠ મહિને. ૬૯. ચોમાસુ ત્યાં હતું. ૬૯નું ચોમાસુ ત્યાં હતું. સુંદર વોરાનો અપાસરો. સુંદર વોરાના અપાસરાની સામે ભોજનશાળા છે. ૬૯માં હું ગયો હતો ત્યાં, ૬૯ની સાલમાં ગયો હતો. અહીં કહે છે.. એ એવું બોલતાને કડક, પછી હળવે દઈને એક શેઠ બોલ્યા, મહારાજ! વાત તો ઠીક પણ ઊનું ઘી બહુ. બાળે. આકરું લાગે માણસને.

એમ આ ઘી ઊનું છે, ઊનું. ઘી છે પણ બાળે છે. અગ્નિના સંપર્કથી બાળે છે. કહો, સમજાણું કાંઈ? હવે '**કથંચિત્ વિરુદ્ધ કાર્ય...**' એનો અર્થ ચાલે છે, જુઓ! કથંચિત્ વિરુદ્ધ કાર્ય શું? સમ્યગ્દર્શન-જ્ઞાન તો મોક્ષનું કારણ છે અને કાર્ય મોક્ષ છે. સમ્યગ્દર્શન, ચારિત્ર તો નિશ્ચય કારણ છે અને કાર્ય મોક્ષ છે. તો મોક્ષ કાર્યથી વિરુદ્ધ કાર્ય, એનું કારણપણું. બંધ જે મોક્ષથી વિરુદ્ધ કાર્ય બંધ, એનું કારણપણું. બંધનું કારણ. શું કહ્યું? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે સ્વઆશ્રયે છે એ તો મોક્ષનું કારણ છે. તો મોક્ષ કાર્ય, ઈ કારણ. તો મોક્ષકાર્યથી વિરુદ્ધ કાર્ય. વિરુદ્ધ કાર્ય કોણ? કે બંધ. એનું કારણ કોણ? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જેટલા પરાશ્રયે થયા એટલું બંધનું કારણ છે. અર્થાત્ મોક્ષકાર્યથી વિરુદ્ધ કાર્યનું કારણ છે. સમજાણું કાંઈ? ભાષા એવી અટપટી છે. પણ અહીં તો મોક્ષ સમજાવવો છે. એની સાથે મોક્ષના કાર્યથી વિરુદ્ધ કાર્ય બંધનું એ વ્યવહારરત્નત્રય કારણ છે એમ બતાવવું છે. સમજાણું કાંઈ?

જેટલા અશુદ્ધરત્નત્રય છે વિકલ્પાત્મક થયો, જેટલી નિર્વિકલ્પ વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર છે એ તો મોક્ષનું કાર્ય અને મોક્ષનું કારણ છે. હવે મોક્ષના કાર્યથી (વિરુદ્ધ કાર્ય) અશુદ્ધરત્નત્રય છે, પરસમયપ્રવૃત્તિ છે, પરના લક્ષે એટલો પરાશ્રિત ભાવ (થયો), દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ પરદ્રવ્યના આશ્રયે થયાને એ ભાવ? સમજાણું કાંઈ? જયસેનાચાર્યમાં તો બેયમાં લીધું છે. ઓલું પાપમાં પણ લીધું છે. ભાઈ! એમ કે મિથ્યાત્વ, વિષયકષાયમાં પરદ્રવ્ય. સ્ત્રી, કુટુંબ, કુદેવ, કુગુરુ એ પરદ્રવ્યના આશ્રયે મિથ્યાત્વ આદિ પાપબંધનું કારણ છે. સમજાણું કાંઈ? બે બતાવવું છેને. પરદ્રવ્યના બે પ્રકાર. એક પરદ્રવ્ય જેનાથી સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રના આશ્રયે અને ભેદના આશ્રયે થયો રાગ, એ પુણ્યબંધનું કારણ. મોક્ષકાર્યથી વિરુદ્ધ બંધકાર્યનું કારણ છે. પણ એક મિથ્યાત્વ, વિષયકષાયના પરિણામ જે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર નિમિત્ત અને સ્ત્રી-કુટુંબ પરિવાર પાપના નિમિત્ત, એના આશ્રયે થયેલા ભાવ એ પાપબંધનું કારણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ પુણ્ય છે. પેલા ત્રણ મોક્ષનું કાર્ય છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધામાં

નિમિત્ત એ પરદ્રવ્ય છે. તો એ પાપબંધનું મિથ્યાત્વબંધનું કારણ છે. અને વિષયકષાયના નિમિત્તમાં સ્ત્રી, કુટુંબ, પરિવાર, બાયડી, છોકરા, કુટુંબ આદિ એ પાપના અશુભ પરિણામ છે અને પરદ્રવ્યાશ્રિત છે. એ પાપબંધનું કારણ છે. અને દેવ-ગુરુ ને શાસ્ત્ર સાચા, સાધર્મી વગેરેના આશ્રયથી ઉત્પન્ન થયા, એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો વિકલ્પ જે શુભરાગ છે એ સાક્ષાત્ પુણ્યનું કારણ છે. સમજાણું કાંઈ? અને પરંપરા વ્યવહારથી સાધન ગણીને મોક્ષનું સાધન વ્યવહારથી કહેવામાં આવ્યું છે. નિશ્ચયથી તો શુદ્ધ રત્નત્રય પરિણતિ છે એ જેટલું શુદ્ધપણું ચોથે, પાંચમે, છઠ્ઠે શુદ્ધપણું પ્રગટ થયું તે જ સાક્ષાત્ નિશ્ચયરત્નત્રયને યોગ્ય જે મોક્ષમાર્ગ છે એનું ખરું સાધન તો શુદ્ધ નિર્મળ પર્યાય છે. છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધ પર્યાય સાધન છે. રાગને સાધન કહીને, મોક્ષનું વ્યવહારસાધન કહેવામાં આવ્યું.

મોક્ષના બે કારણ કહ્યા પછી કાર્યના બે કારણ ક્યાંથી થશે? વ્યવહારરત્નત્રય અને નિશ્ચયરત્નત્રય મોક્ષનું કારણ, બે મોક્ષના માર્ગ. લ્યો. બે મોક્ષના માર્ગ. એનો અર્થ કે જે વ્યવહાર મોક્ષનો માર્ગ કહ્યો એ છે બંધનો માર્ગ. પણ ત્યાં વ્યવહાર સાધ્યસાધનમાં જે લીધો એ સાધ્યસાધનમાં લીધું એ મોક્ષનું સાધન છે એમ લીધું અથવા શુદ્ધનું સાધન છે એમ નિમિત્તથી લીધું. ઓહોહો..! ભારે ભાઈ ઝંઝટ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ દર્શનમાં રાગ સાથે છેને, નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા. એટલી પરસમયપ્રવૃત્તિ રાગ છેને. નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા રાગ છેને. એ વિકલ્પમાં આવ્યો પણ એનું નામ વ્યવહારસમકિત છેને. નિશ્ચયસમકિતની સાથે નવ તત્ત્વના વિકલ્પ થયા તો આ સમકિતની સાથે નિમિત્ત છે, ઉપચાર છે, સહચારી છે તો એને વ્યવહારસમકિત કહેવામાં આવ્યું. છે નહિ, રાગ છે. પણ અહીંયાં નિમિત્ત જોઈને વ્યવહારસમકિત કહેવામાં આવ્યું. વ્યવહાસસમકિત એ સમકિત છે જ નહિ, છે તો રાગ. તો વ્યવહાર કહે છેને. વ્યવહાર, અન્યથા કહે એનું નામ વ્યવહાર. યથાર્થ કહે એનું નામ નિશ્ચય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :— વિરુદ્ધ છેને, કહ્યુંને. સમ્યગ્દર્શન-જ્ઞાન નિર્મળ છે, એની સાથે વ્યવહાર કષાયની મંદતા એવી જ હોવી જોઈએ, બીજું ન હોવું જોઈએ એવી અનુકૂળતા જોઈને વ્યવહારથી સાધ્યનું સાધન કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— હા. અનુકૂળતા વ્યવહારથી, નિશ્ચયથી નહિ. એ તો ભાષા વચ્ચે આવે છે, સમજવું બરાબર. આઘીપાછી ભાષા નહિ. સમજાણું કાંઈ? વ્યવહારથી કેમ અનુકૂળ? એ તો પહેલા કહ્યું કે છઠ્ઠા ગુણસ્થાનમાં વ્યવહાર અનુકૂળનો અર્થ, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર, અરિહંત ત્રિલોકનાથ પરમાત્મા, ગુરુ નિર્ગ્રંથ, શાસ્ત્ર સનાતન અનેકાંત કહેવાવાળા, એની શ્રદ્ધા એ રાગ

અહીંયાં નિશ્ચય સમ્યગ્દર્શનમાં એ જ રાગની પર્યાય નિમિત્તરૂપ હોય છે, એ જ અનુકૂળ છે. કુદેવ, કુગુરુની શ્રદ્ધાના નિમિત્તનો રાગ ત્યાં અનુકૂળ નથી. અને છઠ્ઠા ગુણસ્થાનમાં પોતાનું જે જ્ઞાન થયું—આત્મજ્ઞાન, એની સાથે અનુકૂળ શું છે? સર્વજ્ઞ ભગવાને કહેલા શાસ્ત્રનું જ્ઞાન તે નિમિત્તરૂપ અનુકૂળ છે. કુશાસ્ત્રનું જ્ઞાન નિમિત્તરૂપ પણ અનુકૂળ નથી. આ કારણે તેને નિમિત્તથી વ્યવહારથી અનુકૂળ કહેવામાં આવ્યું છે.

મુનિને છઠ્ઠા ગુણસ્થાનમાં જે નિર્મળ પર્યાય થઈ તેની સાથે અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ એ જ એક અનુકૂળ નિમિત્ત છે. એણે વસ્ત્ર-પાત્ર લેવા, આધાકર્મી આહાર લેવો એવો વિકલ્પ વ્યવહારથી અનુકૂળ નથી. આ અપેક્ષાએ વ્યવહાર અનુકૂળ કહેવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? બહુ વિષય નીકળી ગયો. આજ તો એક કલાકમાં ઘણું નીકળ્યું.

મુમુક્ષુ :— મોટો વિષય.

ઉત્તર :— મોટો વિષય. લ્યો, અમારા છોટાભાઈ કહે છે. અમારા પંડિત છે તોપણ કહે છે, મોટો વિષય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નહિ, બિલકુલ નહિ. અડધું કોણ કહે છે? અડધું-ફડધું કરે.. આ શું કહે છે? '**વિરુદ્ધ કાર્યના કારણપણાની વ્યાપ્તિને લીધે બંધકારણો પણ છે.**' આ અડધું કરે છે શું? જેટલા શુદ્ધ રત્નત્રય છે એ જ સંવર, નિર્જરા અને મોક્ષનું કારણ. જેટલા અશુદ્ધ રત્નત્રય છે, મોક્ષકાર્યથી વિરુદ્ધ બંધકાર્યનું કારણપણું હોવાથી એ વિપરીત છે. વિરુદ્ધ કાર્ય છે. ઠીક છે, અમારે દેવીલાલજી કહે છે, બે ભાગ પાડી દ્યો. થોડું અહીંયાં ને થોડું ત્યાં. ઈ જાણીને પૂછે છે. જાણીને પૂછે છેને સ્પષ્ટતા માટે. સમજાણું કાંઈ? સ્પષ્ટીકરણ તો થાય છેને. કેમ?

હવે અહીંયાં નીચે બીજો બોલ આવ્યોને? '**વિરુદ્ધ કાર્યના કારણપણાની વ્યાપ્તિને લીધે...**' આપણે ઉપરથી અર્થ કર્યો, પણ હવે અંદર લખ્યું છે, જુઓ! 'પરસમયપ્રવૃત્તિયુક્ત દર્શન-જ્ઞાન-ચારિત્રમાં કથંચિત્ મોક્ષરૂપ કાર્યથી વિરુદ્ધ કાર્યનું કારણપણું (અર્થાત્ બંધરૂપ કાર્યનું કારણપણું) વ્યાપે છે.' ત્યાં તો વ્યાપ્તિ તો બંધના કારણ સાથે છે. હવે ખુલાસો કરે છે. '(શાસ્ત્રોમાં ક્યારેક દર્શન-જ્ઞાન-ચારિત્રને પણ, જો તેઓ પરસમયપ્રવૃત્તિયુક્ત હોય તો, કથંચિત્ બંધનાં કારણ કહેવામાં આવે છે;...' જેમ અહીંયાં (કહ્યું) તેમ બીજે (સમજી લેવું). 'વળી ક્યારેક જ્ઞાનીને વર્તતા શુભભાવોને પણ કથંચિત્ મોક્ષના પરંપરાહેતુ કહેવામાં આવે છે.' જુઓ! પરંપરા વિરુદ્ધ. મોક્ષમાર્ગને કદાચિત્ બંધ કહે છે અને બંધભાવને કદાચિત્ મોક્ષનો પરંપરા હેતુ કહે છે. બે પ્રકારની કથની ચાલે છે.

'શાસ્ત્રોમાં આવતાં આવા ભિન્ન ભિન્ન પદ્ધતિનાં કથનો ઉકેલવામાં...' બેનો મેળ કરવામાં 'એ સારભૂત હકીકત ખ્યાલમાં રાખવી કે—જ્ઞાનીને જ્યારે શુદ્ધાશુદ્ધરૂપ મિશ્રપર્યાય વર્તતો

હોય છે...' જુઓ! 'શુદ્ધાશુદ્ધ મિશ્રપર્યાય વર્તતો હોય છે ત્યારે તે મિશ્રપર્યાય એકાંતે સંવર-નિર્જરા-મોક્ષના કારણભૂત હોતો નથી...' લ્યો, એ શબ્દ આવ્યો શુદ્ધાશુદ્ધ રત્નત્રયનો. શુદ્ધાશુદ્ધ રત્નત્રય સાથે છે એ મિશ્રપર્યાયમાં એકાંતે સંવર-નિર્જરા (નથી), મિશ્રપર્યાય છે, એટલી મિશ્ર થઈને. શુદ્ધ પણ છે, અશુદ્ધ પણ છે માટે મિશ્ર થઈ. નિશ્ચયરત્નત્ર છે અને વ્યવહારરત્નત્રય છે માટે મિશ્ર થઈ. 'ત્યારે તે મિશ્રપર્યાય એકાંતે સંવર-નિર્જરા-મોક્ષના કારણભૂત હોતો નથી કે એકાંતે આસ્રવ-બંધના કારણભૂત હોતો નથી. પરંતુ તે મિશ્રપર્યાયનો...' હવે જુઓ. મિશ્રપર્યાય લેવી છેને. એ મિશ્રપર્યાય એકાંતે મોક્ષનું કારણ નથી, એકાંતે બંધનું કારણ નથી. તો એના બે ભાગ પડી ગયા. 'શુદ્ધ અંશ સંવર-નિર્જરા-મોક્ષના કારણભૂત હોય છે...' લ્યો. જેટલા સ્વસ્વભાવના આશ્રયે શુદ્ધ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નિર્મળ થયા એ જ મોક્ષનું કારણ છે. તે જ કાળે 'અશુદ્ધ અંશ આસ્રવ-બંધના કારણભૂત હોય છે.' લ્યો. જેટલો અશુદ્ધ અંશ રહે છે, જે આ બંધનું કારણ કહ્યું ઈ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરસમયપ્રવૃત્તિમાં પ્રવર્તે છે તે જ સમયે તે ભાવ તો બંધનું કારણ છે. શુદ્ધ મોક્ષનું કારણ છે. મિશ્ર લે એ એકાંત સંવર-નિર્જરા અને એકાંત બંધનું કારણ નથી. પણ ભિન્ન પાડતાં, શુદ્ધ અંશ એ સંવર-નિર્જરાનું કારણ છે, અશુદ્ધ એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સામાન્ય વાત કરી એમાં જેમ કે દ્રવ્ય. દ્રવ્ય કથંચિત્ નિત્ય, કથંચિત્ અનિત્ય. એક થયું. ખલાસ. હવે જ્યારે દ્રવ્ય દ્રવ્યાર્થિકથી એકાંત નિત્ય છે. પર્યાયાર્થિકથી એકાંત પર્યાયમાં અનિત્ય છે. એમ નથી કે દ્રવ્યાર્થિકથી કથંચિત્ નિત્ય છે અને કથંચિત્ અનિત્ય છે. એ તો જ્યારે દ્રવ્ય સામાન્ય લે, સામાન્ય દ્રવ્ય, દ્રવ્ય અને પર્યાય, તો કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય. પણ એનું દ્રવ્ય લીધું—સામાન્ય દ્રવ્ય આખું, ત્રિકાળ દ્રવ્યાર્થિકનયથી, નિશ્ચયનયથી દ્રવ્ય નિત્ય જ છે, નિત્ય જ છે. નિશ્ચયનયથી દ્રવ્યાર્થિકનયથી કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય છે એમ નથી. અને પર્યાય એક સમયની છે એ આખા દ્રવ્યની અપેક્ષાથી કથંચિત્ નિત્ય, અનિત્ય લઈ લીધું, પણ પર્યાયદૃષ્ટિથી પર્યાય અનિત્ય જ છે. પર્યાયદૃષ્ટિથી પર્યાય નિત્ય પણ છે અને અનિત્ય પણ છે એમ નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એક સમયની અનિત્ય છે. પર્યાય અનિત્ય જ છે.

મુમુક્ષુ :— એક સમય માટે નિત્ય છેને?

ઉત્તર :— નહિ, નહિ, નહિ. નિત્ય કેવી? છે અપેક્ષાથી સત્, પણ છે અનિત્ય. એક સમય રહેવાવાળી છે. સમજાણું કાંઈ? લે, આ કહે છે, પંડિત માટે વ્યાખ્યાન છે. આ બધા પંડિત સમજવાને લાયક માટે વ્યાખ્યાન છે. બધા જિજ્ઞાસુ કેટલા આવ્યા છે જુઓને આ ફેરે. સમજવાની જિજ્ઞાસાવાળા નવા ઘણા આવ્યા છે. કહો, સમજાણું કાંઈ? આ પાઠ છે

એમાંથી તો અર્થ થાય છે. પાઠ સાથે મેળવીને યાદ ન રહે? એવું ક્યાં છે. એની સાથે મેળવીને યાદ રહે છે કે નહિ?

કહે છે, '**વિરુદ્ધ કાર્યના કારણપણાની વ્યાપ્તિને લીધે...**' એનો અર્થ કર્યો નીચે. વિરુદ્ધનો અર્થ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એ મોક્ષનું કારણ છે અને એની સાથે રાગ આવ્યો એ મોક્ષના કાર્યથી વિરુદ્ધ બંધનું કારણ છે. એક જ..

મુમુક્ષુ :— પ્રયોજનભૂત છે એટલે સમજવું પડશે.

ઉત્તર :— સમજવું પડશે. બરાબર છે, બરાબર છે. લ્યો, ડાલચંદજી કહે છે. આ મૂળ વાત છે.

મુમુક્ષુ :— ... પર્યાય એક સમયમાં છે?

ઉત્તર :— એક સમયમાં છે. રાગ પણ છે અને અરાગ પણ છે. જેટલો સ્વદ્રવ્યના આશ્રયે નિર્મળ થયો એટલો શુદ્ધ છે. જ્ઞાનધારા અને કર્મધારા. લ્યો, વળી ઈ આવ્યું. આજે ઝીણું જ આવ્યું. એક પર્યાયમાં બે ભાગ. ઓલા રાડ પાડે છેને. એક પર્યાયમાં બે નહિ. જુઓ! સમજાણું કાંઈ? ઈ કહે છેને, વ્યવહાર સમ્યગ્દર્શન અને નિશ્ચય સમ્યગ્દર્શનના સ્વામી ભિન્ન ભિન્ન છે. ભાઈ! આવ્યું છેને એમાં? નહિ. એક સમયમાં નિશ્ચય સમ્યગ્દર્શનનો સ્વામી એ છે, વ્યવહાર વિકલ્પ આવે છે એનો સ્વામી વર્તમાન એની ભૂમિકામાં ઈ છે. આવ્યું હતું. સ્વામી ભિન્ન ભિન્ન, કાળ ભિન્ન ભિન્ન. ત્રણ બોલ લીધા છે. ત્રીજો બોલ યાદ ન રહ્યો. ત્રણ બોલ લીધા છે. સમ્યગ્દર્શનનો સ્વામી એક જ છે. સમજાણું કાંઈ? ભિન્ન ભિન્ન સ્વામી નથી.

સરાગ સમકિત લગાવે છે? રાગ તો ઉદયનું કાર્ય છે. એને ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાય સાથે લગાવે છે? તારું શાસ્ત્ર ભણતર બધું વૃથા છે. તેં કાયક્લેશ કર્યો. ભણીને ભણીને વાંચી વાંચીને તેં શું કાઢ્યું? સમજાણું કાંઈ? સરાગ સમકિત? શું કહે છે? સરાગ સમકિત? ઝેરવાળું અમૃત? શું કહે છે? ઝેર ભિન્ન છે, અમૃત ભિન્ન છે. એમ સમ્યગ્દર્શન પર્યાય શ્રદ્ધા ગુણની નિર્મળ છે. રાગ ચારિત્રગુણની વિકારી છે. એની સાથે સરાગ સમકિત કહેવું, સમકિતના બે ભાગ પાડે છે એ વસ્તુનું સ્વરૂપ સમજતા નથી. સમકિત તો એક જ ભાગ છે. નિશ્ચય વીતરાગી દૃષ્ટિ પોતાના સ્વભાવની થઈ, ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે, તેરમે, જાઓ સિદ્ધમાં (બધે એક સમાન છે). આહાહા..!

મુમુક્ષુ :— અભેદ..

ઉત્તર :— અભેદ તો હતી, એની અહીંયાં વાત નથી. નિર્મળ પર્યાય થઈ એ એક જ પ્રકારની છે. ચોથે હો, પાંચમે હો, છઠ્ઠે હો અને સિદ્ધમાં. વિષય તો અભેદ છે એ તો છે જ. આ તો સમ્યગ્દર્શન એક જ પ્રકારનું છે, બીજો પ્રકાર છે જ નહિ. રાગને સમકિત કહેવું એ તો આચાર્યોએ અપેક્ષિત કહ્યું છે. ચારિત્રની પ્રધાનતાના કથનની વાત છે. મંદ રાગ છે, બહુ થોડો રહી ગયો ત્યાં વીતરાગ સમકિત કહેવામાં આવ્યું. ઘણો રાગ છે ત્યાં રાગવાળું

સમકિત, રાગની તીવ્રતા છે, નાશ કરવાલાયક છે એમ બતાવવા સરાગ (સમકિત કહ્યું). પણ સમકિત છે એ તો નિશ્ચય જ છે. સમજાણું કાંઈ? સ્વઆશ્રયે પ્રગટ થયું તે નિશ્ચય સમ્યક્ એક જ શુદ્ધ છે. એક જ પ્રકારનું છે. એને રાગથી કહેવું, બીજા ગુણની પર્યાયને બીજા ગુણની પર્યાયમાં લગાવવી.. એમાં પ્રયોજન શું આવ્યું? ચારિત્રગુણની વિકલ્પ પર્યાય છે એ વિકાર છે. અને સમ્યગ્દર્શન પોતાના શ્રદ્ધાગુણની નિર્મળ નિર્વિકારી પર્યાય છે. એક ગુણની બીજી એ પણ વિકારી, એને આની સાથે લગાવવી નહિ. નિશ્ચયમાં યથાર્થ છે, વ્યવહારથી આચાર્યોએ વાત કરી છે. સમજાણું કાંઈ?

**'વિરુદ્ધ કાર્યના કારણપણાની વ્યાપ્તિને લીધે બંધકારણો છે પણ છે. અને જ્યારે તેઓ (દર્શન-જ્ઞાન-ચારિત્ર),... '** જુઓ! **'સમસ્ત પરસમયપ્રવૃત્તિથી નિવૃત્તિરૂપ...'** વિકલ્પથી ખસીને પોતાના શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રમાં એકલો સ્વસમયના આશ્રયે થઈ ગયો. ઓહોહો..! સમજાણું કાંઈ? **'સમસ્ત પરસમયપ્રવૃત્તિથી નિવૃત્તિરૂપ...'** રાગથી નિવૃત્તિરૂપ, સ્વભાવના અવલંબને ઉગ્રરૂપ, સ્વભાવના અવલંબનમાં ઉગ્રરૂપ, રાગથી ખસવારૂપ. **'એવી સ્વસમયપ્રવૃત્તિ સાથે સંયુક્ત થાય છે...'** કોણ? દર્શન-જ્ઞાન-ચારિત્ર. **'ત્યારે, જેને અગ્નિ સાથેનું મિલિતપણું નિવૃત્ત થયું છે...'** લ્યો. જેમ અગ્નિની સાથે ઘી નહોતું, (ત્યારે) એકલું ઠંડુ હતુ. નારાયણ કહે છેને? ઠંડા નારાયણ ઘી. એક અમારે હતા. જયરામભાઈ ઘીને નારાયણ કહેતા હતા. રોગીને દ્યો. પણ આ મરી જશે, કીધું. નારાયણ, નારણભાઈને આપ્યું હતું વિંછીયા એને રોગ હતોને. ભઈ, બધે ઠેકાણે ન હોય નારાયણ. અરે..! પ્યાલો ફાટી ગયો. આ બધા ઊંટવૈદા જેવા વૈદા. ઘીમાં કાંઈ વાંધો નહિ, એ તો નારાયણરૂપ કહેવાય. પણ આ કફ હોય, જામી જાશે ઘીમાં. નારાયણરૂપ ત્યાં નથી થતું. રોગ વધી ગયો હતો, ભાઈ!

**'ત્યારે, જેને અગ્નિ સાથેનું મિલિતપણું નિવૃત્ત થયું છે...'** કોને? ઘીને. **'એવા ઘીની માફક, વિરુદ્ધ કાર્યનો કારણભાવ નિવૃત્ત થયો...'** શું? પોતાનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનું કારણ છે એમાંથી વિરુદ્ધ કાર્ય—બંધ વિરુદ્ધ કાર્ય એનું કારણપણું, એ પરસમયપ્રવૃત્તિનો વિકલ્પ નિવૃત્ત થઈ ગયો છે. સમજાણું કાંઈ? આ વાત સમજાય નહિ એવી નથી. આ તો બહુ સાધારણ ભાષાથી કહેવામાં આવે છે. એવી કોઈ શાસ્ત્રીય ભાષા કઠણ નથી, પણ ખ્યાલ તો કરવો જોઈએને અંદર. **'સાક્ષાત્ મોક્ષકારણો જ છે.'** જુઓ લ્યો. એ સાક્ષાત્ મોક્ષકારણ જ છે. એમાં પુણ્ય છે એ સાક્ષાત્ મોક્ષકારણ પરંપરા સાધન કહેવામાં આવ્યું છે. કથનપદ્ધતિમાં શું અપેક્ષા છે એ સમજવું જોઈએને. **'માટે 'સ્વસમયપ્રવૃત્તિ' નામનું જે જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તેને સાક્ષાત્ મોક્ષમાર્ગપણું ઘટે છે.'** લ્યો, સમજાણું કાંઈ? સ્વસમયપ્રવૃત્તિ પોતાનો સ્વભાવ, તેની સાથે જીવસ્વભાવમાં નિયત નિશ્ચય ચારિત્ર તેને સાક્ષાત્ મોક્ષમાર્ગપણું ઘટે છે. એની વાત થોડી પ્રવચનસારમાં છે એને મેળવવાની વાત છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૬, શુક્રવાર, તા. ૨૮.૮.૧૯૬૪**
**ગાથા-૧૬૪, ૧૬૫ પ્રવચન-૧૪**

પંચાસ્તિકાયમાં ગાથા-૧૬૪. મોક્ષમાર્ગનો વિસ્તાર ચાલે છે એમાં છેલ્લી પંક્તિ છે. **'માટે 'સ્વસમયપ્રવૃત્તિ' નામનું જે જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તેને સાક્ષાત્ મોક્ષમાર્ગપણું ઘટે છે.'** ત્યાં બેય લીધા, ઈ ગાથામાં. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જેટલા પરસમય નામ રાગનું અવલંબન કરે છે એટલું એ બંધનું કારણ છે. વ્યવહારરત્નત્રય ખરેખર તો પરને અવલંબે તો બંધનું કારણ છે. એમ છે. કોઈએ ત્યાં પ્રશ્ન કર્યો હતો. એમ કે વ્યવહારરત્નત્રય બંધનું કારણ કેમ ન કહ્યું? રાગ બંધનું કારણ કહ્યું. પણ એ તો વ્યવહારરત્નત્રયનો પહેલા ખુલાસો આવ્યો છે. સ્વપરપ્રત્યયને વ્યવહારરત્નત્રય કહે છે. કહો, સમજાણું કાંઈ?

સ્વપરપ્રત્યયનો અર્થ શું? નહિ, નહિ. સ્વપરપ્રત્યયનો અર્થ સ્વમાં અનુભૂતિનો પ્રશ્ન નથી. સ્વપરપ્રત્યયનો અર્થ... ધાર્યું નહિ ઈ. આત્મા અને નિમિત્ત કર્મ એનાથી ઉત્પન્ન થયેલો વિકલ્પ, એને સ્વપરપ્રત્યય કહે છે. એમાં અનુભૂતિનો પ્રશ્ન છે જ નહિ. સમજાણું કાંઈ? સ્વઆશ્રય આત્માના આશ્રયે જેટલા નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા એ તો સ્વદ્રવ્ય આશ્રય મુક્તિનું કારણ છે. પણ જેટલા વિકલ્પ વ્યવહારરત્નત્રય સ્વપરપ્રત્યય-હેતુ ઉત્પન્ન થાય છે, મોક્ષમાર્ગ ત્રણે છે—સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, પણ એમાંથી એક વ્યવહાર છે. પરના આશ્રયે જેટલા વિકલ્પ ઉઠે છે તે બંધનું કારણ છે. સ્વપરપ્રત્યય-હેતુ વ્યવહારરત્નત્રય બંધનું કારણ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— લખ્યું છેને. '**बंधो व मोक्खो वा**'. શું કહ્યું? કાલે આવી ગયુંને? શું કહ્યું? '**साधूहि इदं भणिदं तेहिं दु बंधो व मोक्खो वा**' કોણ '**तेहिं**'? '**तेहिं**' કોણ, કાલે કહ્યું હતું. '**तेहिं**' તેનાથી—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી બંધ થાય છે. અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી મુક્તિ થાય છે. પાઠ એમ બોલે છે, જુઓ! '**दंसणणाणचरित्ताणि मोक्खमग्गो त्ति सेविदव्वाणि। साधूहि इदं भणिदं तेहिं**' એટલે મોક્ષમાર્ગથી બંધ થાય છે અને મોક્ષમાર્ગથી મોક્ષ થાય છે. બે થાય છે. જેટલો પોતાના સ્વદ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય થયા એ તો સાક્ષાત્ એકલું મોક્ષનું કારણ છે, ચારિત્ર સહિત. અને જેટલો સ્વપરપ્રત્યય રાગ આવ્યો, એ મોક્ષમાર્ગ જે વ્યવહારે કહ્યો હતો તે બંધનું કારણ છે. પુણ્યબંધનું જ કારણ છે. એ તો કાલે બહુ ચાલ્યું હતું. પછી સાધ્યસાધન જોઈને વ્યવહારે એને સાધન કહ્યું છે પણ સાક્ષાત્ વર્તમાન તો એ પુણ્યબંધનું જ કારણ છે. એનો ખુલાસો કર્યો. સમજાણું કાંઈ? એ શ્રાવકને પણ હોય છે અને મુનિને પણ હોય છે. સમજાણું કાંઈ? નિશ્ચયરત્નત્રય.. કાલે નિયમસારમાંથી કહ્યું હતું.

શ્રાવક પણ પંચમ ગુણસ્થાનમાં પોતાના આત્માની નિશ્ચયરત્નત્રયની સેવા કરે છે. પંડિતજી! કાલે આવ્યું હતું. એ નિયમસારમાં કહ્યું હતું. ભક્તિના અધિકારમાં. શ્રાવક અને મુનિ, બેય પોતાનો સ્વભાવ પંચમ ગુણસ્થાનને યોગ્ય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વદ્રવ્યના આશ્રયે છે, નિશ્ચય શુદ્ધરત્નત્રય પંચમ ગુણસ્થાનને યોગ્ય છે તેની એ સેવા કરે છે, આરાધન કરે છે. અને મુનિ, મુનિને યોગ્ય જે શુદ્ધ રત્નત્રય છે તેનું એ આરાધન, ભક્તિ અને ભજન કરે છે. ભજન નામ એકાગ્રતાની વાત છે. ત્યાં વિકલ્પ-ફિકલ્પની વાત નથી. સમજાણું કાંઈ?

કોઈ કહે છે કે સાતમે નિશ્ચયરત્નત્રય હોય. અહીંયાં તો પાંચમે પણ શુદ્ધ રત્નત્રય લીધા. પાઠમાં લીધું કે ગૃહસ્થ અને મુનિ બન્નેને દર્શન, જ્ઞાન, ચારિત્રની સેવા છે. અહીં પણ ઈ લીધું. સમજાણું કાંઈ? દર્શન, જ્ઞાન, ચારિત્રની સેવા અહીંયાં સામાન્ય વાત કરી પણ ત્યાં વિશેષ સ્પષ્ટ કરી દીધું અને સમયસારની છેલ્લી ગાથાઓ છેને, ૪૧૧ આદિ, એમાં પણ લીધુંને? એમાં ઈ લીધું છે કે ગૃહસ્થલિંગ અને મુનિલિંગને છોડીને એટલે લક્ષ છોડીને પોતાનું શુદ્ધ રત્નત્રય અભેદ રત્નત્રય છે તેને પંચમ ગુણસ્થાનવાળા આરાધે છે. સમજાણું કાંઈ? ત્યાં અભેદ રત્નત્રય લીધા છે. નિયમસારમાં શુદ્ધ રત્નત્રય લીધા. ઈ તો એક જ અર્થ છે. અભેદ રત્નત્રય કહો, શુદ્ધ રત્નત્રય કહો, અભ્યંતર રત્નત્રય કહો, સ્વભાવ રત્નત્રય કહો, સ્વઆશ્રય રત્નત્રય કહો, બધા એક અર્થમાં છે. રાજમલજી! સમજાણું કાંઈ? ક્યાં ગયા રાજમલજી? દેવીલાલજી! આ સમજવું. ઘણી ગડબડ ઉઠે છે, હોં! હજી થશે. એ લોકો એકદમ સમાધાન નહિ કરે. આમ છે ને આમ છે. મુનિને સપ્તમ ગુણસ્થાન (હોય), અત્યારે વ્યવહાર રત્નત્રય એકલા છે. નિશ્ચય નથી. છાપામાં-પત્રમાં ઘણી વાર આવ્યું છે.

અહીં તો કહે છે, સમયસારમાં કહ્યું, નિમયસારમાં કહ્યું. સમજાણું કાંઈ? અને પુણ્ય-પાપના અધિકારમાં પણ સમયસારમાં એમ કહ્યું કે જ્યારે તમે શુભભાવનો નિષેધ કરો છો તો મુનિને શરણ કોનું? એનો અર્થ કરતાં નાટક સમયસારમાં બનારસીદાસે બેય લીધા છે કે આપ જ્યારે શુભભાવનો ધર્મમાં નિષેધ કરો છો તો શ્રાવકને અને મુનિને આલંબન કોનું રહ્યું? સમજાણું કાંઈ? શુભભાવની ક્રિયા, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ રાગાદિ ધર્મ નહિ, ધર્મ નહિ, ધર્મ નહિ. તો શ્રાવકને અને મુનિને આલંબન કોનું રહ્યું? એમ બનારસીદાસે લીધું છે. સમજાણું કાંઈ? અહીંયાં નથી. કળશટીકા છેને. નિષિદ્ધે. પાઠમાં એકલું લીધું છે ભલે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના અધિકારમાં છેને? નિષિદ્ધે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપનો પાંચમો શ્લોક છે.

निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल
प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः।
तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेवां हि शरणं
स्वयं विन्दन्त्येते परमममृतं तत्र निरताः।।१०४।।

એમાં બનારસીદાસે લીધું. એ કળશના અર્થમાં લીધું, જુઓ!

**સિષ્ય કહૈ સ્વામી તુમ કરની અસુભ સુભ,**
**કીની હૈ નિષેધ મેરે સંસૈ મન માંહી હૈ.**

તમે તો શુભ-અશુભ બેય રાગનો નિષેધ કર્યો કે ધર્મ નહિ, ધર્મ નહિ. લક્ષ્મીચંદજી! '**સિષ્ય કહૈ સ્વામી તુમ કરની અસુભ સુભ**' શુભ-અશુભ કરણી હોં! વિકલ્પ, શુભ-અશુભભાવ. '**કીની હૈ નિષેધ મેરે સંસૈ મન માંહી હૈ.**' મને શંકા છે, શિષ્ય કહે છે. '**મોખકે સધૈયા ગ્યાતા દેસવિરતી મુનિ**' મોક્ષકે સધૈયા—મોક્ષને સાધવાવાળા જ્ઞાતા. દેશવિરતી, દેશવિરતી અને મુનિ. જુઓ! બેય લીધા છે. દેશવિરતી નામ પંચમ ગુણસ્થાનવાળા અને મુનિ. '**તિનકી અવસ્થા તૌ નિરાવલંબ નાંહી હૈ.**' પ્રભુ! એમની નિરાલંબન અવસ્થા તો છે નહિ. પંચમ ગુણસ્થાનમાં શ્રાવક જ્ઞાતા છે. છઠ્ઠા ગુણસ્થાનમાં મુનિ છે. નિરાલંબ તો છે નહિ, વિકલ્પ તો આવે છે અને તમે તો નિષેધ કરો છો કે એ ધર્મ નથી. અઠ્યાવીસ મૂળગુણ ધર્મ નથી, પંચ મહાવ્રત ધર્મ નથી, બાર વ્રત ધર્મ નથી તો આલંબન કોનું છે એને?

'**કહૈ ગુરુ કરમકૌ નાસ અનુભૌ અભ્યાસ,**' અનુભવ અભ્યાસ. પંચમ ગુણસ્થાનવાળાને કહે છે, હોં! બેયને—મુનિને અને એને. '**કહૈ ગરુ કરમકૌ નાસ અનુભૌ અભ્યાસ, એસૌ અવલંબ ઉનહીકૌ ઉન પાંહી હૈ.**' પંચમ ગુણસ્થાનમાં પણ અંદર નિજ સ્વરૂપનું અવલંબન શ્રાવકને છે. એ મોક્ષમાર્ગ છે. એ મોક્ષના સધૈયા છે. છેને? સમજાણું? શું કહ્યું? સાધનારા, મોક્ષકે સધૈયા. શ્રાવક અને મુનિ બેય મોક્ષ કે સધૈયા. પંચમ ગુણસ્થાનવાળા શ્રાવક અને છઠ્ઠાવાળા મુનિ મોક્ષ કે સધૈયા—જ્ઞાતા. બેય જ્ઞાતા-દૃષ્ટા છે. રાગ આવે છે એના જ્ઞાતા-દૃષ્ટા છે. કર્તા-ધરતા નથી. જે ષટ્ કર્મ આવ્યાને પંચમ ગુણસ્થાનયોગ્ય? આવે છેને? દેવસેવા, ગુરુ ઉપાસના વગેરે, એ વિકલ્પના જ્ઞાતા-દૃષ્ટા છે, કર્તા-હર્તા નથી.

કહે છે કે જ્યારે આવો જ્ઞાતા રાગનો પણ કર્તા નથી તો પંચમ ગુણસ્થાનની સેવામાં એણે કોનું અવલંબન લેવું? દેવ-ગુરુ-શાસ્ત્રના આલંબન નિમિત્તને ઉડાવી દીધું. પરના (લક્ષે થતો) શુભભાવ એને ઉડાવી દીધો. હવે કરવું શું એણે? રાજમલજી!

મુમુક્ષુ :— જ્ઞાતા-દૃષ્ટા બનાવી દીધો.

ઉત્તર :— બનાવ્યો નહિ, છે. બનાવ્યો નહિ. હવે જ્ઞાતાએ શું સેવવું એની વાત છે. જ્ઞાતા દેશવિરતિ, મુનિ. દેશવિરતિ જ્ઞાતા અને જ્ઞાતા મુનિ '**તિનકી અવસ્થા તૌ નિરાવલંબ નાંહી હૈ. કહૈ ગુરુ કરમકૌ નાસ અનુભૌ અભ્યાસ.**' પંચમ ગુણસ્થાનમાં પણ અંતર આનંદનો અનુભવ અભ્યાસ એ જ મોક્ષનો માર્ગ છે, એ જ કર્મનો નાશ કરવાવાળો છે. વચ્ચે વ્યવહાર વિકલ્પ આવે છે એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? જુઓ!

'**ઐસૌ અવલંબ ઉનહીકૌ ઉન પાંહી હૈ.**' એનું એની માંહી. એમાં એટલે આત્મામાં. રાગ આત્મા નથી. ષટ્ કર્મના વિકલ્પ ઉઠે છે એ આત્મા નથી, એ તો આસ્રવ વિકલ્પ છે. બનારસીદાસ આવું કહી ગયા છે. એમાં મુનિશ લીધા છે, તો એમણે બે કાઢ્યા, શ્રાવક

અને મુનિ.

મુમુક્ષુ :— આધાર પંડિતનો...

ઉત્તર :— પંડિતે અંદરથી ન્યાયથી કાઢ્યું છે. એ તો પહેલા કહ્યું નહિ અહીંયાં? સમયસારમાં કહ્યું, અંદર નિયમસારમાં લીધું, હવે આ આધાર આચાર્યના છે, એની સાથે આ આધાર છે. સમજાણું કાંઈ? રાજમલજી! તમારે બધાએ તૈયાર થવું પડશે, હોં! બહુ.

'**નિરુપાધિ આતમ સમાધિ સોઈ સિવરૂપ,**' જુઓ! નિરુપાધિ. વિકલ્પ વિનાનો નિર્વિકલ્પ જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવ '**સમાધિ સોઈ સિવરૂપ.**' એ જ શિવરૂપ '**ઔર દૌર ધૂપ પુદ્ગલ પરછાંહી હૈ.**' (પદ ૮) બાકી બધા વિકલ્પ ઉઠે છે, બાર વ્રતના શ્રાવકને, મુનિને અઠ્યાવીસ મૂળગુણના '**ઔર દૌર ધૂપ પુદ્ગલ પરછાંહી હૈ.**' આહાહા..! પંડિતજી! એ વિકલ્પ પુદ્ગલની પર્યાય—પરછાંહી હૈ. જુઓ! બનારસીદાસની વાત સહન કરવી... લોકો પછી કાઢી નાખે છે કે એ બનારસીદાસે કહ્યું છે. અરે.. સાંભળ તો ખરો. બનારસીદાસ ઘરનું નથી કહેતા. આચાર્ય સંસ્કૃતમાં કહે છે. સંસ્કૃતમાં બધું ભર્યું છે. ઈ જ વાત કહે છે. એની ચાલતી ભાષામાં સ્પષ્ટ કરે છે. અહીંયાં પણ શ્રાવક અને મુનિ બેયને ત્યાં પંચમ ગુણસ્થાન યોગ્ય અને છઠ્ઠા ગુણસ્થાન યોગ્ય આત્માનું જેટલું અવલંબન છે, તો અહીંયાં તો ત્રણેય છે—દર્શન-જ્ઞાન-ચારિત્ર, પંચમ ગુણસ્થાનયોગ્ય શુદ્ધ રત્નત્રયની સેવા કરે છે. એનો આધાર આત્મા છે. સમકિતી, શ્રાવક અને મુનિ નિરાધાર નિરાલંબન નથી. ઈ આવ્યું કે નહિ?

અને અહીંયાં સમયસારમાં આવ્યું. ૪૧૧મી ગાથામાં કહ્યું. '**जहित्तु लिंगे सागारणगारए हें वा गहिदे। दंसणणाणचरित्ते अप्पाणं जुंज मोक्खपहे।**' જે લિંગ ગ્રહ્યું તેનું લક્ષ છોડીને '**जहित्तु**'. સમજાણું કાંઈ? પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્ર સેવવા. શ્રાવક અગિયારમી પડિમાવાળા, કોપીન આદિ લીધાને? વેશ લીધો છે. પંચમ ગુણસ્થાનવાળા પણ શુદ્ધ રત્નત્રયનું, અભેદ રત્નત્રયનું સેવન પંચમ ગુણસ્થાનમાં પણ કરે છે. બીજે ઠેકાણે તો બહુ આવે છે. દ્રવ્યસંગ્રહમાં, પરમાત્મપ્રકાશમાં. ભેદાભેદ રત્નત્રય આરાધક, ભેદાભેદ રત્નત્રય આરાધક. પણ આરાધકનો અર્થ આવો કરે. આ પકડે. આમાં કોઈ બીજું કરી શકે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— છોડવાનું એટલે લક્ષ છોડીને. છોડવું શું? વસ્તુ છૂટી જાય છે? પોતાના સ્વભાવનું અવલંબન કરો. નિશ્ચય રત્નત્રયનો આધાર છે ત્યારે એનો વિકલ્પ વ્યવહાર પણ હો, નગ્ન દશા પણ હો. હોય એને છોડવું એનો અર્થ શું છોડી દેવું છે? એનું લક્ષ છોડીને, એને મોક્ષમાર્ગ નહિ માનીને. અઠ્યાવીસ મૂળગુણ, બાર વ્રતના વિકલ્પને મોક્ષમાર્ગ નહિ માનીને, લક્ષ છોડીને, એનો આશ્રય છોડીને એકલા આત્માનું અવલંબન લેવું એ જ શ્રાવક અને મુનિનું અંતરમાં અવલંબન છે. જુઓ! આવી વાત તો છે. ગૃહસ્થાશ્રમમાં રહેલા પંચમ ગુણસ્થાનવાળા. અહીંયાં ભલે અગિયારમી પડિમા લીધી છે. કોપિન આદિ લીધા છે, ભેખ. પણ બાકી બધા

લઈ લેવા. ત્યાં લીધા ને. ત્યાં ક્યાં અગિયારમી પડિમા લીધી છે. ત્યાં તો પડિમાના ભેદ પાડ્યા છે. આ નિયમસાર, ત્યાં તો આપણે નીચે પડિમામાં ભેદ પાડ્યા છે. શ્રાવક અને મુનિ, ... બેય પાઠ કુંદકુંદાચાર્યના છે. બેયને પોતાના શુદ્ધ રત્નત્રયનું આરાધન છે અને સેવે છે. જેટલા રાગાદિ હોય તેટલો જાણવાલાયક બંધભાવ છે. સમજાણું કાંઈ? આવું સાંભળીને કોઈ સ્વચ્છંદી થઈ જાય એ તો એની કલ્પનાથી છે. કોઈ વસ્તુના સ્વરૂપથી સ્વચ્છંદી થાય એમ બને નહિ. સમજાણું કાંઈ?

આવો સ્વભાવ.. ઓહો..! વિકલ્પ છે, નિમિત્ત છે, છે તો ખરાને. ન હોય તો એનો નિષેધ કરવો, લક્ષ છોડવું ક્યાંથી આવ્યું? લક્ષ છોડીને ચૈતન્યપ્રભુ પૂર્ણ જ્ઞાનથી ભરેલું અભેદ સ્વરૂપ એના અભેદ રત્નત્રયની સેવા કરવી એ જ શ્રાવક અને મુનિને આલંબન અને આરાધન છે. મિત્રસેનજી! આ પંચમ ગુણસ્થાનમાં આવું લીધું છે. આહાહા..! ઉત્સાહી, ઉત્સાહી છે. સમજાણું કાંઈ?

હવે આપણે અહીંયાં નીચે બાકી રહી ગયું હતું. વિરુદ્ધ કાર્ય છેને? ક્યાં એ રહી ગયું? **'સ્વસમયપ્રવૃત્તિ' નામનું જે જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તેને સાક્ષાત્ મોક્ષમાર્ગપણું ઘટે છે.'** છેને? ૧૬૪ ગાથાની છેલ્લી પંક્તિ એની ફૂટનોટ નીચે. 'આ નિરૂપણ સાથે સરખાવવા માટે શ્રી પ્રવચનસારની ૧૧મી ગાથા અને તેની તત્ત્વપ્રદીપિકા ટીકા જુઓ.' આમાં પણ ગડબડ કરે છે, આ ૧૧મી ગાથા છેને. એનો અહીંયાં આધાર આપ્યો છે. અમારા પંડિતજીએ એની સાથે સરખામણી કરી છે. જુઓ! પ્રવચનસારની ૧૧મી ગાથા.

**धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपओगजुदो।**
**पावदि णिव्वाणसुहं सुहोवजुत्तो य सग्गसुहं।।११।।**

જુઓ! પાઠમાં ફેર પડશે હોં! ૧૬૫માં આવશે, '**सुद्धसंपओगादो**' ભાઈ! '**सुद्धसंपओगादो**' એ બીજી વાત અને આ બીજી વાત. '**सुद्धसंपओगजुदो**' એ શુદ્ધ ઉપયોગ છે અને અહીંયાં જે ૧૬૫માં '**सुद्धसंपओगादो**' આવશે એ શુભભાવ છે. સમજાણું કાંઈ?

તો અહીંયાં કહે છે કે જે આત્મા ધર્મપરિણત સ્વભાવવાળો હોય છે, ધર્મપરિણત— અરાગી, વીતરાગી સ્વભાવનું જેને નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત પરિણતિ અવસ્થા થઈ છે, એ શુદ્ધ ઉપયોગ પરિણતિ વહન કરે અને ટકાવી રાખે, શુદ્ધ ઉપયોગમાં રહે ત્યારે તો વિરોધી શક્તિ વિનાનો હોવાને લીધે પોતાનું કાર્ય કરવાને સમર્થ છે. કેમકે રાગ વિરોધ બંધનું કારણ એનાથી રહિત થયો, તો પોતાનો શુદ્ધ ઉપયોગ મોક્ષકાર્ય કરવામાં સમર્થ છે. મોક્ષકાર્ય કરવામાં શુદ્ધ ઉપયોગ સમર્થ છે. એવા ચારિત્રવાળો હોવાથી સાક્ષાત્ મોક્ષ પામે છે.

**'જ્યારે તે ધર્મપરિણત સ્વભાવવાળો...'** આમાં ગોટા કરે છે, જુઓ! નહિ, ધર્મપરિણત છોડી દે છે અથવા ધર્મપરિણત શુભ ઉપયોગવાળો છે એમ કહે છે. એ શુભ ઉપયોગ જ ધર્મપરિણત છે એમ નથી. જ્યારે તે ધર્મપરિણત સ્વભાવવાળો હોવા છતાં પોતાના સ્વભાવમાં

ત્રણ કષાયનો અભાવ એવો ધર્મ પરિણતિ તો એને છે. એને ધર્મપરિણતિ કહે છે. શુભભાવને ધર્મપરિણતિ નથી કહેતા. સમજાણું કાંઈ? ધર્મપરિણતિ સ્વભાવવાળો થઈને. સમ્યગ્દર્શન-સમ્યક્જ્ઞાન—સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપનું ત્રણ કષાયના અભાવરૂપ પરિણમન, એવો હોવા છતાં શુભ ઉપયોગ પરિણતિ સાથે જોડાય છે. જ્યારે એ શુભરાગ સાથે જોડાય છે તો સ્વર્ગ પામે છે. એ શુભરાગ આવ્યો એના પુણ્યબંધથી સ્વર્ગમાં જાય છે. પણ ધર્મપરિણતિ તો છે. એ શુભ ઉપયોગ ધર્મપરિણતિ નથી. એવો અર્થ આવ્યો હતો એક પત્રમાં. એક મોટા પંડિતે લખ્યું હતું કે જુઓ! શુભ ઉપયોગ ધર્મપરિણતવાળો.. એની અહીંયાં વાત જ ક્યાં છે. અહીં તો ધર્મપરિણતિ તો પોતાની અંદરમાં શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની પરિણતિ થઈ છે એને ધર્મપરિણતિ કહે છે. એની સાથે જો શુદ્ધ ઉપયોગ હોય તો મોક્ષ થાય છે, પણ સાથે શુદ્ધ ઉપયોગ ન હોય, શુભ ઉપયોગ હોય તો સ્વર્ગમાં જાય છે. એમ વાત છે. સમજાણું કાંઈ?

'**ત્યારે, જે વિરોધી શક્તિ સહિત હોવાને લીધે...**' ઈ આપણે ચાલ્યુંને અહીંયાં, એનો આધાર. વિરોધી શક્તિ થઈ ઈ. ધર્મપરિણત હોવા છતાં રાગ—શુભ ઉપયોગ આવ્યો. એ શુદ્ધ ઉપયોગ અથવા શુદ્ધ પરિણતિ તો મોક્ષનું કારણ છે, પણ રાગ બંધરૂપી કાર્યનું કારણ વિરોધી શક્તિવાળું છે. મુનિને છઠ્ઠા ગુણસ્થાનમાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ત્રણ કષાયના અભાવરૂપ ચારિત્ર હોવા છતાં શુભ ઉપયોગ વિરોધ કાર્ય છે એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? તો એનાથી '**સ્વકાર્ય કરવાને અસમર્થ છે...**' શુભરાગ છે એ મોક્ષકાર્ય કરવાને અસમર્થ છે. '**અને કથંચિત્ વિરુદ્ધ કાર્ય કરનારું...**' થઈ ગયું. એ રાગ આવ્યો એ બંધનું કારણ થઈ ગયું. '**એવા ચારિત્રવાળો...**' છે તો ચારિત્રવાળો. શુભપરિણામને કારણે નહિ, (પણ) શુદ્ધ પરિણતિ (હોવાથી). એમનું નામ નહિ દેતા. અહીં (ટેપમાં) ઉતરે છેને. એક પંડિતે લખ્યું હતું, બહુ મોટા પંડિત છે, ઈ કહે, જુઓ! અહીંયાં શુભ ઉપયોગને ધર્મપરિણત કહ્યો છે. એમ છે જ નહિ. ધર્મપરિણત તો અંદર શુદ્ધ, રાગ રહિત જેટલી દશા થઈ છે એને શુદ્ધ પરિણતિની ભૂમિકા છઠ્ઠી ભૂમિકા કહેવામાં આવે છે. છઠ્ઠી ભૂમિકા એટલે છઠ્ઠું ગુણસ્થાન. એમાં જે શુભરાગ આવ્યો એ વિરુદ્ધ કાર્ય કરનારું ચારિત્ર હોવાથી.

જુઓ! અહીંયાં પણ દૃષ્ટાંત આપ્યું. '**અગ્નિથી ગરમ થયેલું ઘી જેના ઉપર છાંટવામાં આવ્યું હોય તે પુરુષ દાહદુઃખને પામે છે તેમ, સ્વર્ગસુખના બંધને પામે છે.**' એ શુભ ઉપયોગમાં તો સ્વર્ગનું સુખ ગરમ ઘી જેવું છે. ઘીથી દાઝેલા જેવું છે સુખ છે ત્યાં. રાગ.. રાગ.. રાગ.. રાગ.. રાગ.. ઈન્દ્રાણીઓ ને લક્ષ્મી ને સાધન. એનો ઝુકાવ સમકિતીને પણ. આ સમકિતી છે એની વાત ચાલે છે. અને છઠ્ઠા ગુણસ્થાનમાં પણ ચારિત્રપરિણતિ નિર્મળ હોવા છતાં જો શુભરાગમાં જોડાણ થઈ જાય તો સ્વર્ગમાં ચાલ્યો જાય. ઘીથી દાઝેલા જેવા ભોગનો ભોગ લેશે. આકુળતા.. આકુળતા. સમકિતીને પણ ચોથે ગુણસ્થાને ત્યાં એટલી આકુળતા થશે. તેથી શુદ્ધ ઉપયોગ ઉપાદેય છે અને શુભ ઉપયોગ હેય છે. છઠ્ઠા ગુણસ્થાનમાં

પણ પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણનો જે વિકલ્પ આવ્યો એ હેય છે. શુદ્ધ ઉપયોગ જ ઉપાદેય છે અને નીચેની ભૂમિકામાં જેટલી શુદ્ધ પરિણતિ થઈ એ ઉપાદેય છે. સમજાણું કાંઈ?

અહીંયાં અગ્નિના દૃષ્ટાંત સાથે સરખાવ્યું. તત્ત્વપ્રદીપિકા ટીકા જુઓ. આ વાંચી ઈ. '**धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपओगजुदो**।' મોક્ષ પામે છે. ધર્મ પરિણત આત્મા જો શુભ ઉપયોગ સહિત હોય, ધર્મ પરિણત તો છે જ, એકલો શુભ ઉપયોગ નહિ. ભારે ગડબડ કરે છે. એ ધર્મ પરિણત આત્મા '**सुद्धसंपओगजुदो**' મોક્ષ (પામે). ધર્મ પરિણત આત્મા શુભરાગ સહિત હોય તો સ્વર્ગ (પામે). સમજાણું કાંઈ?

હવે અહીંયાં ૧૬૫ ગાથા. જુઓ ત્યાં '**सुद्धसंपओगजुदो**' હતું. અહીંયાં જુદી ભાષા છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો રાગ સહિત બંધ છે ઈ. સમકિત સાથે બંધ નથી. રાગ સાથે આવે છેને, એનો બંધ. એ તો બધામાં, દર્શનવિશુદ્ધમાં પણ વિકલ્પ આવ્યો એ તીર્થંકરગોત્રનો બંધ (કરે છે). એ તો શુદ્ધ જ છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં લીધું નહિ? જેટલા અંશમાં સમ્યગ્દર્શન શુદ્ધ છે તેટલું મુક્તિનું કારણ. જેટલો રાગ અંશ છે.. ત્રણ ગાથા છે. એ આવે, આવે છે. એમાં ભલે સમ્યગ્દર્શન, જ્ઞાન (શબ્દ) નથી પણ, ચારિત્રમાં જેટલો અંશમાં ચારિત્ર નિર્મળ છે તેટલું મોક્ષનું કારણ છે. એ જ પર્યાયમાં જેટલો રાગ છે (તેટલું બંધનું કારણ છે). દર્શન-જ્ઞાનમાં તો એક પર્યાય બીજી નથી થતી. પણ આ ચારિત્રમાં તો થાય છે કે નહિ? પણ જ્ઞાનધારા અને કર્મધારા કઈ રીતે આવી? એક પર્યાયમાં બે ભાગ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ચારિત્રની પર્યાય ક્યાં... અહીંયાં પણ ચારિત્રપર્યાયની વાત છે. પરસમયપ્રવૃત્તિ કરે છે એટલો દોષ છે, બંધનું કારણ છે એ સિદ્ધ કરવું છે. સાક્ષાત્ શુદ્ધ ઉપયોગ ચારિત્ર તો મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

જેટલા અંશે જે રાગ રહ્યો, ... પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં ત્રણ ગાથા છેને? એ ચારિત્રમાં પણ જેટલા અંશે રાગ રહિત પરિણતિ થઈ એક સમયની પર્યાય એ મોક્ષનું કારણ. એ જ પર્યાયમાં જેટલો રાગ રહ્યો એ બંધનું કારણ. એક પર્યાયમાં બે ભાગ આવ્યા. જ્ઞાનધારા. જ્ઞાનધારાનો અર્થ સમ્યક્જ્ઞાન-દર્શન અને ચારિત્રની શુદ્ધતા એ જ્ઞાનધારા અને જેટલો રાગ એ કર્મધારા, બંધધારા. સમકિતીને બેય એકસાથે ચાલે છે. સમજાણું કાંઈ? કોઈ ઠેકાણે એમ પણ કહી દે કે સમ્યગ્દષ્ટિ અબંધ છે, આસ્રવ રહિત છે. દૃષ્ટિની પ્રધાનતાથી—મુખ્યતાથી એમ પણ કહે અને સાથે ભિન્નતા બતાવવા માટે રાગ-બંધધારા પણ ચાલે છે તેટલો બંધધારામાં રાગ છે તેટલી અહીંયાં નિર્મળતામાં ઓછપ છે. બેય વાત બતાવવી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અહીંયાં આવશે, અહીં આવશે. ત્યાં શુદ્ધ ઉપયોગ છે અને આ '**सुद्धसंपओगादो**'

એ શુભરાગ છે. હમણાં આવશે. હજી આપણે ચાલ્યું નથી. આ શબ્દ '**सुद्धसंपओगादो**' એમ શબ્દ છે અને ત્યાં '**सुद्धसंपओगजुदो**' શબ્દ છે. એટલે શુદ્ધ ઉપયોગ સહિત ત્યાં છે. આ '**सुद्धसंपओगादो**' એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર જે શુદ્ધ છે એના ઉપર લક્ષ ગયું તો શુભ ઉપયોગ છે. અહીંયાં ૧૬૫માં. ત્યાં '**सुद्धसंपओगजुदो**' એટલે શુદ્ધ ઉપયોગ છે. અને શબ્દમાં ફેર છે. ત્યાં '**सुद्धसंपओगजुदो**' છે અને અહીંયાં '**सुद्धसंपओगादो**' એવો શબ્દ છે. હમણાં આવશે.

---

अण्णाणादो णाणी जदि मण्णदि सुद्धसंपओगादो।
हवदि त्ति दुक्खमोक्खं परसमयरदो हवदि जीवो।।१६५।।
अज्ञानात् ज्ञानी यदि मन्यते शुद्धसंप्रयोगात्।
भवतीति दुःखमोक्षः परसमयरतो भवति जीवः।।१६५।।
**જિનવરપ્રમુખની ભક્તિ દ્વારા મોક્ષની આશા ધરે**
**અજ્ઞાનથી જો જ્ઞાની જીવ, તો પરસમયરત તેહ છે. ૧૬૫.**

**અન્વયાર્થ :— શુદ્ધસંપ્રયોગથી (શુભ ભક્તિભાવથી) દુઃખમોક્ષ થાય છે એમ જો અજ્ઞાનને લીધે જ્ઞાની [1]માને, તો તે પરસમયરત જીવ છે. ('અર્હંતાદિ પ્રત્યે ભક્તિ-અનુરાગવાળી મંદશુદ્ધિથી પણ ક્રમે મોક્ષ થાય છે' એવું જો અજ્ઞાનને લીધે (—શુદ્ધાત્મસંવેદનના અભાવને લીધે, રાગાંશને લીધે) જ્ઞાનીને પણ (મંદ પુરુષાર્થવાળું) વલણ વર્તે, તો ત્યાં સુધી તે પણ સૂક્ષ્મ પરસમયમાં રત છે).**

**ટીકા :— આ, સૂક્ષ્મ પરસમયના સ્વરૂપનું કથન છે.**

**સિદ્ધિના સાધનભૂત એવા અર્હંતાદિ ભગવંતો પ્રત્યે ભક્તિભાવથી [2]અનુરંજિત ચિત્તવૃત્તિ તે અહીં 'શુદ્ધસંપ્રયોગ' છે. હવે, [3]અજ્ઞાનલવના આવેશથી જો જ્ઞાનવાન પણ 'તે શુદ્ધસંપ્રયોગથી મોક્ષ થાય છે' એવા અભિપ્રાય વડે ખેદ પામતો થકો તેમાં (શુદ્ધસંપ્રયોગમાં) પ્રવર્તે, તો ત્યાંસુધી તે પણ [4]રાગલવના સદ્ભાવને લીધે [5]'પરસમયરત' કહેવાય છે. તો પછી નિરંકુશ રાગરૂપ ક્લેશથી કલંકિત એવી અંતરંગ**

---

૧. માનવું = વલણ કરવું; ઈરાદો રાખવો; આશા ધરવી; ઈચ્છા કરવી; ગણના કરવી; અભિપ્રાય કરવો.

૨. અનુરંજિત = અનુરક્ત; રાગવાળી; સરાગ.

૩. અજ્ઞાનલવ = જરાક અજ્ઞાન; અલ્પ અજ્ઞાન.

૪. રાગલવ = જરાક રાગ; અલ્પ રાગ.

૫. પરસમયરત = પરસમયમાં રત; પરસમયસ્થિત; પરસમય પ્રત્યે વલણવાળો; પરસમયમાં આસક્ત.

વૃત્તિવાળો ઈતર જન શું પરસમયરત ન કહેવાય? (અવશ્ય કહેવાય જ).* ૧૬૫.

## ગાથા—૧૬૫ ઉપર પ્રવચન

૧૬૫.

अण्णाणादो णाणो जदि मण्णदि सुद्धसंपओगादो।
हवदि त्ति दुक्खमोक्खं परसमयरदो हवदि जीवो।।१६५।।

અમૃતચંદ્રાચાર્યે તો ફક્ત અસ્થિરતાનો દોષ લીધો છે અને જયસેનાચાર્યે બેય લીધા છે. ‘**ટીકા :— આ, સૂક્ષ્મ પરસમયના સ્વરૂપનું કથન છે.**’ ૧૬૫ની ટીકા. અહીંયાં લેવું છે કે જ્યાં સુધી સમ્યગ્દર્શન-જ્ઞાન હોવા છતાં ચારિત્રની પૂર્ણ શુદ્ધિ ન થાય ત્યાં સુધી તે સાક્ષાત્ મોક્ષનું કારણ નથી થતું. તો એ ચારિત્રમાં જેટલી પરસમયમાં પ્રવૃત્તિ છે.. એ શુભ રત્નત્રય પણ પરસમયપ્રવૃત્તિ થઈ. સ્વપરપ્રત્યય રાગ થયો. એને અહીંયાં ‘**सुद्धसंपओगादो**’ કહેવામાં આવ્યું છે. દેવ-ગુરુ-શાસ્ત્રની અપેક્ષાથી. નવ તત્ત્વની શ્રદ્ધા આદિ આગળ લેશે. ‘**સૂક્ષ્મ પરસમયના સ્વરૂપનું કથન છે.**’ શું કહે છે? શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર અંદર હોવા છતાં સૂક્ષ્મ શુભરાગ, શુભરાગને સૂક્ષ્મ પરસમય કહેવામાં આવ્યો છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નહિ, નહિ, નહિ. સમ્યગ્દષ્ટિ. અહીં સૂક્ષ્મ લીધું છે. અને અમૃતચંદ્રાચાર્યમાં એ લીધું જ નથી. એ અજ્ઞાનનો અર્થ અલ્પ જ્ઞાન અને ઓછું જ્ઞાન લીધો છે. જયસેનાચાર્યની ટીકામાં સૂક્ષ્મ સમયનો અર્થ રાગ, સ્થૂળનો અર્થ મિથ્યાત્વ (લીધો છે). સ્થૂળ પરસમય એમ બે લીધા છે. અહીંયાં આપણે અમૃતચંદ્રાચાર્યનું (લઈએ). પછી નીચે લઈશું.

‘**સૂક્ષ્મ પરસમયના સ્વરૂપનું કથન છે.**’ ભગવાન આત્મા પોતાના શુદ્ધ શ્રદ્ધા અને ચારિત્ર, જ્ઞાન સ્વભાવના આશ્રયે થવા છતાં જેટલો વ્યવહારનો વિકલ્પ રહે છે એ વિકલ્પ સૂક્ષ્મ પરસમય છે. પરસમય નામ વિભાવપરિણતિ છે. એ વિભાવપરિણતિ છે. સ્વસમય

* આ ગાથાની શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકામાં આ પ્રમાણે વિવરણ છે :—
કોઈ પુરુષ નિર્વિકાર-શુદ્ધાત્મભાવનાસ્વરૂપ પરમોપેક્ષાસંયમમાં સ્થિત રહેવા ઈચ્છે છે, પરંતુ તેમાં સ્થિત રહેવાને અશક્ત વર્તતો થકો કામક્રોધાદિ અશુભ પરિણામના વંચનાર્થે અથવા સંસારસ્થિતિના છેદનાર્થે જ્યારે પંચ પરમેષ્ઠી પ્રત્યે ગુણસ્તવનાદિ ભક્તિ કરે છે, ત્યારે તે સૂક્ષ્મ પરસમયરૂપે પરિણત વર્તતો થકો સરાગ સમ્યગ્દષ્ટિ છે; અને જો તે પુરુષ શુદ્ધાત્મભાવનામાં સમર્થ હોવા છતાં પણ, તેને (શુદ્ધાત્મભાવનાને) છોડીને ‘શુભોપયોગથી જ મોક્ષ થાય છે’ એમ એકાંતે માને, તો તે સ્થૂલ પરસમયરૂપ પરિણામ વડે અજ્ઞાની મિથ્યાદષ્ટિ થાય છે.

સ્વભાવપરિણતિ છે. પરસમય છે તેટલી વિભાવપરિણતિ છે. મિથ્યાદૃષ્ટિ એમ નહિ હોં અહીંયાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા. એટલું જરી પરસમયમાં રાગમાં જોડાણ છે એટલો પણ પરાલંબી ભાવ પરસમય કહેવામાં આવે છે. પરાલંબી ભાવ કહેવામાં આવે છે. એટલું પણ એને બંધનું જ કારણ છે. છે સમ્યગ્દૃષ્ટિ, છે મુનિ છઠ્ઠે ગુણસ્થાને. છઠ્ઠા ગુણસ્થાનમાં ત્રણ કષાયનો અભાવ હોવા છતાં જેટલી પંચ મહાવ્રતના વિકલ્પ આદિ પરસમયની પ્રવૃત્તિ છે તેટલું તેમને બંધનું કારણ છે. ઈ બતાવવું છે. સમજાણું કાંઈ?

જુઓ! '**सुद्धसंपओगादो**' લીધુંને, એની વ્યાખ્યા કરે છે. '**સિદ્ધિના સાધનભૂત...**' જુઓ ભાષા. મુક્તિના નિમિત્તભૂત. મુક્તિના ઉપાદાનભૂત તો પોતાનો શુદ્ધ આત્મા, પણ નિમિત્તભૂત અર્હંતાદિ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ દેવ, સિદ્ધ, પંચ પરમેષ્ઠી એ સિદ્ધિના સાધનભૂત નિમિત્તભૂત છે. કેમ? કે જેને સમ્યગ્દર્શન થાય છે એને તો આવા સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનું નિમિત્ત છે. બીજા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર એની શ્રદ્ધામાં આવતા નથી. જ્યાં સુધી કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધાનો રાગ છે ત્યાં સુધી તો મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિને, ધર્માત્માને પંચ પરમેષ્ઠી જ મુક્તિમાં નિમિત્તસાધન ગણવામાં આવ્યા છે. સમજાણું કાંઈ?

એમ '**સિદ્ધિના સાધનભૂત...**' એવા. સિદ્ધિ નામ મુક્તિના નિમિત્તભૂત સાધન. વ્યવહારસાધન હોં! વ્યવહારનિમિત્ત છેને. '**એવા અર્હંતાદિ ભગવંતો પ્રત્યે...**' ઓહો..! પંચ પરમેષ્ઠી, પરમેશ્વર '**પ્રત્યે ભક્તિભાવથી...**' ભક્તિભાવથી '**અનુરંજિત ચિત્તવૃત્તિ...**' અનુરંજિત એટલે અનુરક્ત, રાગવાળી, સરાગ પ્રવૃત્તિ—વૃત્તિ '**તે અહીં 'શુદ્ધસંપ્રયોગ' છે.**' ત્યાં શુદ્ધસંપ્રયોગ છે અર્થાત્ શુભ ઉપયોગ છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ શુદ્ધ છેને. એનું લક્ષ સંપ્રયોગ—શુદ્ધ (દેવ-ગુરુ) તરફનો યોગ—જોડાણ એ શુભરાગ છે. અહીંયાં શુભરાગની વાત ચાલે છે. (પ્રવચનસારની) ૧૧મી ગાથામાં જે આવ્યું હતું એ, '**सुद्धसंपओगजुदो**' શુદ્ધ ઉપયોગ (હતો). '**धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपओगजुदो णिव्वाण लहई**'. '**धम्मेण परिणदप्पा अप्पा जदि शुभउपयोगजुदो स्वर्ग लहई**'. ૧૧મી ગાથામાં એમ કહ્યું.

અહીંયાં તો કહે છે, આચાર્યોએ સંતોએ, દિગંબર મુનિઓએ તો વાત એટલી સ્પષ્ટ કરી દીધી છે કે ક્યાંય ગડબડી રહી નહિ. મહાન સંતો કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પૂજ્યપાદસ્વામી, સમંતભદ્રાચાર્ય આદિ અનેક આચાર્ય સંતોએ, ધર્મનો ધોરી માર્ગ જેવો છે એવો ખોલીને કહી દીધો છે, એમાં કોઈ ખામી નથી. જુઓ! ભગવાનની ભક્તિનો ભાવ, ભગવાન આચાર્ય કહે છે, એ પણ શુભરાગ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કહ્યુંને, શુદ્ધ તો ભગવાન કીધાને. અર્હંતાદિ ભગવાન શુદ્ધ છેને. એ શુદ્ધ તરફનું જોડાણ એ શુભરાગ. એમ છેને? '**सुद्धसंपओगादो**' એમ શબ્દ છેને. શુદ્ધ તરફનો પ્રયોગ, લક્ષ. એ શુભ થયો. જોડવું. શુદ્ધ તો એ છે. એમાં જોડાણ. એ તો શુદ્ધસંપ્રયોગ છેને. શુદ્ધસંપ્રયોગ છે. જે સાચા દેવ-ગુરુ છે એના તરફ ભક્તિભાવનું—રાગનું જોડાણ થઈ ગયું. એનું નામ '**सुद्धसंपओगादो**' કહેવામાં આવે છે. '**सुद्धसंपओगजुदो**' નહિ, '**सुद्धसंपओगादो**'. પ્રયોગવાળા. સમજાણું કાંઈ? લ્યો, ઓલા કહે કે નહિ, અરિહંતની ભક્તિથી તો નિર્જરા છે. પરદ્રવ્યના અવલંબનથી પણ નિર્જરા છે. જુઓ, બહુ ચાલ્યું છે. ધવલમાં એવા પાઠ છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. ભાઈ! પરદ્રવ્ય ઉપર લક્ષ રહે તો સ્વદ્રવ્યનો એટલો આશ્રય તો રહ્યો નહિ અને સ્વદ્રવ્યના આશ્રય વિના સંવર, નિર્જરા કદી ઉત્પન્ન થતી નથી. પરદ્રવ્ય તરફ ઝુકાવ છે એટલો વિકલ્પ છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર તરફનો ઝુકાવ એ પાપભાવ છે. સુદેવ, સુગુરુ તરફનો ઝુકાવ એ શુભરાગ પુણ્યભાવ છે. પણ પરદ્રવ્ય તરફનો ઝુકાવ એ શુદ્ધભાવ હોય નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— મિથ્યાદૃષ્ટિ છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માને છે કે આ મારું કલ્યાણ કરશે, એ તો ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા, નિર્ગ્રંથ સંતો મુનિઓ ચારિત્રની પ્રધાનતાવાળા મુનિઓ અને ભગવાને કહેલા અનેકાંત, સ્વથી છે અને પરથી નથી એવા અનેકાંત શાસ્ત્રની ભક્તિ શુભભાવ છે. એ સિવાય કુગુરુ, કુદેવ, કુશાસ્ત્રની ભક્તિ મિથ્યાદૃષ્ટિનો અશુભરાગ છે. એ મિથ્યાદૃષ્ટિપણું છે, રાગ ભલે કોઈ મંદ હો. પણ મિથ્યાદૃષ્ટિપણું છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શુદ્ધ ઉપયોગમાં નથી રહેતો. પરિણતિ તો છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઉપયોગ નહિ. શુદ્ધ પરિણતિ તો છે. ત્રણ કષાયના અભાવની શુદ્ધ પરિણતિ છે. પંચમ ગુણસ્થાનમાં બે કષાયના અભાવની શુદ્ધ પરિણતિ છે. પણ શુદ્ધ ઉપયોગમાં નથી તો આવો શુભરાગ આવી જાય છે. સમજાણું કાંઈ? શુદ્ધ પરિણતિ ભિન્ન છે, પછી શુદ્ધ ઉપયોગને પણ પરિણતિ કહે છે. પણ એકલી પરિણતિ છે એને શુદ્ધ ઉપયોગ નથી કહેતા.

મુમુક્ષુ :— પરિણતિ તો હંમેશા હોય છે.

ઉત્તર :— હંમેશા હોય છે. ચોથે ગુણસ્થાને જેટલા મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો નાશ થયો એટલી શુદ્ધ પરિણતિ કાયમ (હોય જ છે). નિદ્રા હો, ભોગ હો, લડાઈ હો એટલી શુદ્ધ પરિણતિ કાયમ રહે છે. અને પંચમ ગુણસ્થાનમાં જેટલી શુદ્ધ પરિણતિ (અને) બે કષાયનો અભાવ છે એ..., ભોગ હો, વેપાર-ધંધો મોટો દરિયા—સમુદ્રમાં વહાણવટુ કરતા

હોય અને નિદ્રા હો તોપણ શુદ્ધ પરિણતિ કાયમ રહે છે. અને છઠ્ઠા ગુણસ્થાનવાળા (મુનિ) આહાર કરતા હોય, જ્યારે થોડી નિદ્રા આવી જતી હોય તોપણ શુદ્ધ પરિણતિ તો કાયમ રહે છે.

મુમુક્ષુ :— એ જ સંવર, નિર્જરાનું કારણ છે.

ઉત્તર :— એ જ સંવર, નિર્જરાનું કારણ છે. સમજાણું કાંઈ? ઓહોહો..! ભાઈ! હજી તો એણે અંતરમાં નિરાલંબી વાત શું છે, સ્વાલંબન શું છે એનો વિવેક કરવો મુશ્કેલ પડે છે. તો એની અંદર ઘુસવું, ચિદાનંદમૂર્તિ છે એની અનુભવની દૃષ્ટિ તો મહાન પ્રયત્નથી પ્રાપ્ત થાય છે. એમ સાધારણ પ્રયત્નથી એ પ્રાપ્ત નથી થતી.

તો કહે છે, જે સિદ્ધિના... ભાષા કેવી લીધી આચાર્ય મહારાજે! ઓહોહો..! '**सिद्धिसाधनीभूतेषु**'. સિદ્ધિનું નિમિત્ત છે એવા પંચ પરમેષ્ઠી મહા ભગવંતો '**પ્રત્યે ભક્તિભાવથી અનુરંજિત...**' જુઓ! ચિત્તવૃત્તિ. એમાં એ આવ્યુંને. કષાય અનુરંજિત લેશ્યા. ગોમ્મટસારમાં આવે છે લેશ્યાની વ્યાખ્યા. અહીં અનુરંજિત ચિત્તવૃત્તિ કર્યું છે. સમજાણું કાંઈ? '**ભક્તિભાવથી અનુરંજિત...**' અનુરક્ત, રાગવાળી, સરાગ ચિત્તવૃત્તિ છે. જુઓ! એ ચિત્તવૃત્તિ છે '**તે અહીં શુદ્ધસંપ્રયોગ છે.**' એનું નામ શુદ્ધસંપ્રયોગ કહેવામાં આવ્યું છે. એનું નામ શુભરાગ કહેવામાં આવ્યું છે.

'**હવે, અજ્ઞાનલવના આવેશથી...**' અજ્ઞાન શબ્દે અહીંયાં મિથ્યાત્વ નહિ લેવું. જાણપણું ઓછું છે, અલ્પ જ્ઞાન છે. '**અજ્ઞાનલવના આવેશથી જો જ્ઞાનવાન પણ...**' સમ્યક્જ્ઞાની પણ એ શુદ્ધસંપ્રયોગથી મોક્ષ થાય છે એવા અભિપ્રાય વડે '**ખેદ પામતો થકો...**' માન્યતામાં નહિ, હોં! ખેદ. રાગમાં રોકાય છે, એમાં પ્રવર્તે છે '**ત્યાં સુધી તે પણ રાગલવના સદ્‌ભાવને લીધે પરસમયરત કહેવાય છે.**' જ્યાં સુધી મુનિ પણ છઠ્ઠા ગુણસ્થાનમાં અને પાંચમું ગુણસ્થાનવાળા શુદ્ધસંપ્રયોગમાં ટકે છે કે મોક્ષ થાય છે... મોક્ષ અભિપ્રાયમાં નહિ, હોં! અસ્થિરતાથી એમ થાય છે. એમ જ્યાં સુધી રહે તો તેના વડે ખેદ પામતો થકો. છઠ્ઠા ગુણસ્થાન અને પાંચમા ગુણસ્થાનવાળા પણ એમાં પ્રવર્તે ત્યાં સુધી તે પણ રાગલવ (અર્થાત્) કિંચિત્ રાગ, અલ્પ રાગ. લવ છેને લવ (એટલે) થોડો. '**સદ્‌ભાવને લીધે પરસમયરત કહેવાય છે.**' પરસમયમાં રત નામ પરિણતિ. એકાકાર લીન એમ અહીંયાં ન લેવું. પરસમયની પ્રવૃત્તિ. પરસમયમાં એકાકાર થઈ ગયો છે એમ નહિ. જ્ઞાતા-દૃષ્ટા હોવા છતાં, પાંચમાં, છઠ્ઠા ગુણસ્થાનમાં જ્ઞાતા-દૃષ્ટાની ભૂમિકામાં રહેવા છતાં જેટલો રાગમાં એકાકાર થયો અસ્થિરતાને કારણે, અસ્થિરતાનો દોષ છે હોં! એ ચારિત્રદોષ છે. મિથ્યાત્વનો દોષ નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એટલી અસ્થિરતા થાય છે. પર્યાયમાં એટલી અસ્થિરતા થાય છે. પરસમયસ્થિત, એટલો રાગમાં પરસમયસ્થિત થયોને. પરસમય તરફ ઢળવાવાળો. રતની વ્યાખ્યા એટલી. પર

તરફ એટલો ઝુકાવ થયોને. પરસમયમાં આસક્ત. એટલો વિકલ્પમાં આસક્ત થયો. રુચિ નથી. દૃષ્ટિ એની ઉપર નથી. દૃષ્ટિ, જ્ઞાતા-દૃષ્ટા અને હું અખંડ છું એના ઉપર દૃષ્ટિ છે. અને નિર્મળ પરિણતિ પણ સાથે છે. પણ સાથે આટલો, દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ, પંચ પરમેષ્ઠી પ્રત્યે ભક્તિનો વિકલ્પ ગયો તો એટલો પરસમયમાં ઝુકાવ થયો તો તેને પરસમયરૂપ આસક્તિ કહેવામાં આવે છે. કેમ અમુલખચંદજી! સમજાય છે? ના નથી પાડતા. ત્યાં બહુ ચાલશે. તમારું ક્યુ ગામ? અશોકનગર. આહાહા..! તકરાર.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ખેદ છે. રાગ છેને. એટલી આકુળતા છે, આકુળતા છે. એટલી આકુળતા છેને. બંધનું કારણ છે એ તો આકુળતા છે. મોક્ષનું કારણ એ અનાકુળતા છે. રાગ મંદ આકુળતા શુભ, અશુભરાગ તીવ્ર આકુળતા. આકુળતા તો બેય આકુળતા છે, દુઃખ છે. શુભરાગ પણ દુઃખ છે.

મુમુક્ષુ :— અજ્ઞાનલવ...

ઉત્તર :— એ અજ્ઞાનલવ એટલે અલ્પ જ્ઞાન. પહેલા કહ્યુંને. ઓછું જ્ઞાન. ખ્યાલ નથી, આમ જ્ઞાન અટક્યું નહિ વિશેષમાં, થોડામાં અટકી ગયું તો એને જ્ઞાન ઓછું છે તો રાગ આવે છે. એમ.

મુમુક્ષુ :— અલ્પ જ્ઞાન..

ઉત્તર :— અલ્પ જ્ઞાન એટલે જ્ઞાનની ઓછપ. વિપરીત જ્ઞાન એમ નહિ. જ્ઞાનની ઓછપ લેવી ત્યાં. સમજાણું કાંઈ?

**'તો પછી નિરંકુશ રાગરૂપ ક્લેશથી કલંકિત એવી અંતરંગ વૃત્તિવાળો ઈતર જન શું પરસમય ન કહેવાય?'** જ્યારે આટલો શુભરાગ પણ પરસમય છે, નિરંકુશ રાગ, અશુભરાગ, પાપરાગ, વિષયરાગ, ભોગરાગ, આબરુરાગ, કીર્તિરાગ, પોતાની મોટાઈનો રાગ, પોતાની મહત્તાનો રાગ—એ તો નિરંકુશ રાગ છે. સમજાણું કાંઈ? ક્લેશથી કલંકિત. ક્લેશ, અશુભરાગ ક્લેશથી કલંકિત છે. **'એવી અંતરંગ વૃત્તિવાળો...'** અંતરંગ પરિણતિવાળો. અહીંયાં અંતરંગ પરિણતિ કહેવી છે. **'ઈતર જન...'** મુનિ જેવા પણ શુદ્ધ પરિણતિ હોવા છતાં શુભરાગમાં અનુરંજિત થયા તો પરસમય કહેવામાં આવ્યા, તો નિરંકુશ રાગ (અર્થાત્) એકલો ધંધો, રાગ, ભોગ, વિષય, આબરુ-કીર્તિનો રાગ નિરંકુશ રાગ છે, પાપરાગ છે. એવા ક્લેશથી કલંકિત **'અંતરંગ વૃત્તિવાળા ઈતર જન શું પરસમય ન કહેવાય? (અવશ્ય કહેવાય જ).'** લ્યો. સમજાણું કાંઈ? શુભ સાથે અશુભને તીવ્ર ક્લેશ કહીને (એમ કહ્યું કે) એ તો પરસમય છે જ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નહિ, નહિ, નહિ. એવા પરિણામ લેવા. શ્રદ્ધા ન લેવી. અહીંયાં શ્રદ્ધાની

વાત નથી. ઈ જયસેનાચાર્ય નીચે લેશે. અમૃતચંદ્રાચાર્ય તો એટલું (કહે છે), એટલા લક્ષમાં ત્યાં રોકોઈ જાય છે. એટલો અભિપ્રાય એટલે ત્યાં અભિપ્રાય એટલે શ્રદ્ધા આદિ નહિ પણ એ જાતના શુભ પરિણામ થયા ને, એ જાતના શુભ છે એટલો પરસમય છે.

મુમુક્ષુ :— .. એટલે પરિણામ?

ઉત્તર :— પરિણામ, અસ્થિરતાના પરિણામ. સમજાણું કાંઈ?

હવે નીચે કહે છે. નીચે નોટ છે. 'આ ગાથાની જયસેનાચાર્યકૃત ટીકામાં આ પ્રમાણે વિવરણ છે :— કોઈ પુરુષ નિર્વિકાર-શુદ્ધાત્મભાવનાસ્વરૂપ પરમોપેક્ષાસંયમમાં સ્થિત રહેવા ઈચ્છે છે.' નિર્વિકાર શુદ્ધાત્મભાવનાસ્વરૂપ પરમઉપેક્ષાસંયમ. એ વિકલ્પ છેને, ઈ અપ્રતસંયમ થઈ ગયો. આ પરમઉપેક્ષાસંયમ. 'સ્થિત રહેવા ઈચ્છે છે પરંતુ તેમાં સ્થિત રહેવાને અશક્ત વર્તતો થકો...' સ્વરૂપમાં લીન થવા ઈચ્છે છે. ભાવ, ઈચ્છે છે એનો અર્થ ભાવના. 'પરંતુ તેમાં સ્થિત રહેવાને અશક્ત વર્તતો થકો...' પોતાને કારણે, હોં! પોતાની નબળાઈથી શુદ્ધ સ્વભાવમાં નિર્વિકાર પરમપેક્ષાસંયમમાં સ્થિત રહેવાની અશક્તિ છે.

'કામક્રોધાદિ અશુભ પરિણામના વંચનાર્થે...' જુઓ ભાષા. અશુભભાવના વંચનાર્થે. અશુભભાવથી બચવા માટે. વંચના—ઈ ઠગી ન જાય એનાથી બચવા માટે. એ તો કથનપદ્ધતિની વ્યવહારશૈલી છે. સમજાણું કાંઈ? એવો વિકલ્પ આવે છે કે નહિ કે અશુભ ન હો. એમ. બાકી તો એ કાળે શુભ આવવાનો છે ત્યારે અશુભ વંચનાર્થ એ શુભભાવને કહેવામાં આવ્યો છે. ક્રમબદ્ધમાં તો એવો ભાવ આવવાનો જ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અશુભ નથી આવતો. પણ એના વિકલ્પમાં જરી એમ આવે છેને કે આ અશુભ ઠીક નથી. એટલું. આવ્યો ઈ તો આવી ગયો છે, પણ ઈ ભૂમિકાને યોગ્ય એ ઠીક નથી તો અશુભથી બચવા માટે. એક વાત. 'અથવા સંસારસ્થિતિના છેદનાર્થે...' જુઓ! સંસારસ્થિતિ (છેદનાર્થે) એનો અર્થ શું? કે શુભરાગમાં પુણ્ય અને પાપની સ્થિતિ ઘટી જાય છે. સમજાણું કાંઈ? શું (કહ્યું)? સંસારસ્થિતિ જે લાંબી છેને, ઈ સંસાર છે. તો શુભભાવમાં પુણ્ય અને પાપની સ્થિતિ ઘટે છે એનું નામ સંસારસ્થિતિના છેદનાર્થે કહ્યું છે. સ્થિતિ હોં! કર્મની મર્યાદા-કાળ છે ઈ.

મુમુક્ષુ :— સંવર નહિ.

ઉત્તર :— સંવર નહિ. એ સ્થિતિ ઘટે છે. શુભભાવમાં પણ એટલી તાકાત તો છે કે જે પુણ્ય અને પાપની સ્થિતિ લાંબી હોય એ ઘટી જાય. ઘણી ઘટી જાય છે. પુણ્યની સ્થિતિ છે, પણ આ પાપની સ્થિતિ ઘટે છે. પુણ્યનો રસ (-જોડાણ) વધી જાય છે. પુણ્યનો રસ (-જોડાણ) વધી જાય છે. અહીં પાપની સ્થિતિ ઘટે છે. પુણ્યની સ્થિતિ પણ થોડી વધે. તો પણ અહીંયાં પાપની સ્થિતિ ઘટીને એ અપેક્ષાથી સંસારસ્થિતિ ઘટી એમ કહેવામાં

આવ્યું છે.

મુમુક્ષુ :— પાપનો સંવર...

ઉત્તર :— પાપનો સંવર વ્યવહારથી છે, એ યથાર્થમાં નથી. અહીં તો સમ્યગ્દૃષ્ટિની વાત છે હોં! તો પાપનો સંવર છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. દ્રવ્યસંગ્રહમાં આવ્યું છે. આવે છેને દ્રવ્યસંગ્રહમાં? અશુભભાવ નિવૃત્તિ, શુભભાવ પ્રવૃત્તિ. પણ ઈ સમ્યગ્દૃષ્ટિની વાત છે. એકલા અજ્ઞાનીને શુભમાં પ્રવૃત્તિ અને અશુભથી નિવૃત્તિ છે જ નહિ. એને તો એકલો મિથ્યાત્વ અને આસ્રવ છે.

અહીં સંસાર લાંબી સ્થિતિ પાપની છે એટલી ઘટે છે, એટલું લેવું હો! પુણ્યની નહિ. 'જ્યારે પંચ પરમેષ્ઠી પ્રત્યે ગુણસ્તવનાદિ ભક્તિ કરે છે...' જુઓ! ગુણસ્તવન. કોઈ કહે છેને, ભગવાનનું સ્મરણ કર્યું એમાં રાગ શું આવ્યો? સમજાણું કાંઈ? એવું રેકોર્ડિંગ છપાઈ ગયું છે કે ભગવાનના ગુણ સ્મરે છે, ગુણસ્મરણ કરે એમાં રાગ શું આવ્યો? આ પોતાના ગુણ-ગુણીનો ભેદ કરે છે તો રાગ આવ્યો તો ભગવાનના ગુણસ્મરણમાં રાગ આવ્યા વિના રહેતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો ગુણ અને સ્તવન આદિમાં બધું લેવું. સિદ્ધનું, અરિહંત આદિનું સ્મરણ કરે છે. પંચ પરમેષ્ઠી લીધાને. પાંચેય લીધા. સાધુ પણ લીધા છે.

પાંચેય પરમેષ્ઠી ભગવંત છે. ઓહોહો..! ભાવલિંગી સાધુ, ભાવલિંગી ઉપાધ્યાય, ભાવલિંગી આચાર્ય. પહેલા બે તો કેવળી છે. ગુણસ્તવન આદિ, સ્મરણ આદિ, ભક્તિ આદિ. સમજાણું કાંઈ? ભક્તિ કરે છે, એના લેખ કરતો હોય બહુમાનનો એ પણ ભક્તિનો ભાવ છે. આવે છેને? આચાર્ય કહે છે, .. માર્ગની પ્રભાવના અર્થે હું આ શાસ્ત્ર રચું છું. એ શુભરાગ છે. શાસ્ત્ર લખ્યું એ માર્ગની પ્રભાવના માટે આ કર્યું છે. એ પણ શુભરાગ છે. મારું મન ત્યાં ખટક ખટક થતું હતું કે ટીકા થાય, ટીકા થાય, ટીકા થાય. એમ મન ત્યાં લાગ્યું રહેતું હતું તો આ ટીકા થઈ ગઈ. પંચાસ્તિકાયમાં એમ લખ્યું છે, મારું મન ત્યાં જ લાગતું હતું. અમૃતચંદ્રાચાર્ય લખે છે. આ એની ટીકા નથી, એનું સ્પષ્ટીકરણ નથી. મન ત્યાં વારંવાર જતું હતું તો વિકલ્પ આવ્યો. એ પુણ્યબંધનું કારણ શુભ ઉપયોગ છે, એટલો પરસમય છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, ત્યાંને ત્યાં લાગે છે. વારંવાર વિકલ્પ આવ્યા કરતો હતો. નથી એમાં? આમાં છે કે નહિ? ટીકામાં આમાં છે કે નહિ? આમાં આમાં. જુઓ! ક્યાં છે? '**પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી જેનું મન અતિ ચલિત થતું હતું**...' ૧૭૩ ગાથાની ટીકામાં વચ્ચે છે. લીટી કરી છે. ૧૭૩ છે કે નહિ? એમાં છઠ્ઠી લીટી લેવી. આ હિન્દી છેને હિન્દી, તો ૨૬૭ પાનું. '**(—માર્ગની પ્રભાવના અર્થે જ), પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી જેનું મન અતિ ચલિત થતું હતું**...' જુઓ! આવી ટીકા થાય, ટીકા થાય. અમૃતચંદ્રાચાર્ય કહે છે હોં! સમજાણું કાંઈ? ભગવાન કુંદકુંદાચાર્યદેવનો આવો પાઠ છે તો એનું સ્પષ્ટીકરણ

થાય એમ મનમાં વારંવાર વિકલ્પ આવ્યા કરતો હતો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ લખાશે.. બહુ જોર દેવાય એવું નથી અત્યારે. કહો, સમજાય છે કાંઈ? ચારનું એણે ઘણું કર્યું છે, હવે પાંચમુ હળવે હળવે થાશે.

'**પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી જેનું મન અતિ ચલિત થતું હતું એવા મેં...**' જુઓ! '**એવા મેં આ 'પંચાસ્તિકાયસંગ્રહ' નામનું સૂત્ર કહ્યું...**' સમજ્યાને? અમૃતચંદ્રાચાર્ય કહે છે અને કુંદકુંદાચાર્યદેવનું હૃદય પણ અમૃતચંદ્રાચાર્ય કહે છે કે એમના મનમાં પણ વારંવાર એમ થતું હતું કે પંચાસ્તિકાય બનો, પંચાસ્તિકાય બનો એવો વિકલ્પ આવ્યા કરતો હતો. પંચાસ્તિકાય શબ્દોમાં શબ્દને કારણે બની ગયું. અમારે કારણે નહિ. ઈ પછી લીધું છે. પછી લેશે, જુઓ! આ અંદર કહ્યું, હવે પછી લીધું, જુઓ પાછળ. '**પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (—યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે...**' પાછળ છે. ૨૬૮ પાને શ્લોક છે. '**શ્લોકાર્થ :— પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (-–યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે...**' શબ્દોએ કહ્યું છે, મેં નહિ. '**એવા શબ્દોએ...**' છે લક્ષ્મીચંદજી? '**આ સમયની વ્યાખ્યા...**' જુઓ! આ સમય. '**(—અર્થસમયનું વ્યાખ્યાન અથવા પંચાસ્તિકાયસંગ્રહની ટીકા) કરી છે. સ્વરૂપગુપ્ત (—અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત) અમૃતચંદ્રસૂરિનું (તેમાં) કાંઈ જ કર્તવ્ય નથી.**' મારું તો એમાં જરીયે કર્તવ્ય નથી. એ શબ્દમાં સ્વપર વાર્તા કહેવાની તાકાત છે એનાથી બની ગઈ છે. એ ટીકા મારાથી બની નથી. બની છે અને (છતાં) બની નથી કહે છે?

મુમુક્ષુ :— ...પણ પુદ્‌ગલથી બની છે.

ઉત્તર :— પુદ્‌ગલથી બની છે, **મારાથી બની જ નથી.** ભાષા પોતાની પર્યાયથી થાય છે. આત્માને વિકલ્પ આવ્યો માટે ભાષા થાય છે? બિલકુલ જૂઠ છે.

મુમુક્ષુ :— નિમિત્ત નૈમિત્તિક સંબંધ તો છે.

ઉત્તર :— નિમિત્ત નૈમિત્તિક સંબંધનો અર્થ શું?

મુમુક્ષુ :— તેમના યોગે...

ઉત્તર :— યોગે બોલવામાં આવે છે. થઈ છે એમ નહિ. થયું હોય તો નિમિત્ત નૈમિત્તિક સંબંધ ન રહ્યો, કર્તાકર્મ સંબંધ થઈ ગયો.

મુમુક્ષુ :— મહારાજ! જેમ આપની...

ઉત્તર :— ઈ બોલવામાં એમ આવે છે. ઈ તો બોલવામાં આવે છે. એની યોગ્યતા છે એવું ભાષામાં નિમિત્ત પડે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એવું જ કાર્ય એને (ઉપાદાનના) કારણે થાય છે. ત્યારે નિમિત્ત કહેવાય

છે. સોનગઢમાં આવ્યા તો એ પર્યાય ત્યાં પ્રગટ થાય છે એમ નહિ. એ જ પર્યાય તે સમયે પ્રગટ થવાની લાયકાત છે તો વાણીને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત ત્યારે કહેવામાં આવે છે. એનાથી થઈ હોય તો નિમિત્ત ક્યાં રહ્યું? એ તો કર્તા થઈ ગયો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ ઈ કાર્ય થાય છે ત્યારે જ નિમિત્ત નૈમિત્તિક સંબંધ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

૧૬૫. અહો..! આપણે ચાલે છેને ઈ ફૂટનોટ. 'ત્યારે તે સૂક્ષ્મ પરસમયરૂપે પરિણત વર્તતો થકો સરાગ સમ્યગ્દૃષ્ટિ છે.' જુઓ! સરાગ સમ્યગ્દૃષ્ટિનો અર્થ, સમ્યગ્દૃષ્ટિ તો વીતરાગી જ છે પણ રાગના ઉપચારથી લક્ષ કરીને સરાગ સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. આ જયસેનાચાર્યે કર્યું છે. ... સરાગ સમ્યગ્દૃષ્ટિ? સમ્યગ્દૃષ્ટિના બે ભાગ પાડો છો તમે. એકદમ સ્વસમયની અપેક્ષાથી કથન છેને. સ્વસમયની અપેક્ષાથી કથન છે તો એમાં એવું જ કથન આવે. સરાગ સમ્યગ્દૃષ્ટિ એટલે મિથ્યાદૃષ્ટિ નહિ. નિશ્ચયસમ્યગ્દૃષ્ટિ છે પણ એ ચારિત્રદોષનો રાગ આવ્યો એટલી અપેક્ષાથી એને ઉપચાર કરીને સમ્યગ્દૃષ્ટિને સરાગ કહ્યું છે.

'અને જો તે પુરુષ શુદ્ધાત્મભાવનામાં સમર્થ હોવા છતાં તેને (શુદ્ધાત્માને) છોડીને શુભોપયોગથી જ મોક્ષ થાય છે' અહીંયાં લેવું 'એમ એકાંત માને...' કે શુભ ઉપયોગથી થશે, વિકલ્પ કરતાં કરતાં થશે જ, શું નહિ થાય. અમારે ક્યાં ... છે. એ રાગથી થાય છે, શુભ છેને, અમારે ક્યાં બીજો કોઈ સ્વાર્થ છે? એમ માને 'તો તે સ્થૂલ પરસમયરૂપ પરિણામ વડે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ થાય છે.' સમજાણું કાંઈ? સૂક્ષ્મમાં અસ્થિરતાનો દોષ છે, સ્થૂળમાં મિથ્યાદૃષ્ટિનો દોષ છે. તેનાથી જો મોક્ષ માને તો અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ થાય છે. જયસેનાચાર્યે બે લીધા છે, અમૃતચંદ્રાચાર્યે એક જ લીધું છે. કેમકે ચારિત્રની અલ્પતા બતાવવી છેને. ચારિત્રમાં અલ્પતા છે તો એટલા વિકલ્પ જોડાય છે તો સૂક્ષ્મ પરસમય થઈ ગયો. અસ્થિરતાનો દોષ થયો. એને છોડીને જ્યારે નિર્મળ સ્વસમય થશે ત્યારે મોક્ષ પામશે. એમ અમૃતચંદ્રાચાર્યે લીધું.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ : ગાથા--૧૬૬, ૧૬૭ ઉપર પ્રવચન ઉપલબ્ધ નથી.**

**શ્રાવણ વદ ૯, સોમવાર, તા. ૩૧.૮.૧૯૬૪**
**ગાથા-૧૬૮, ૧૬૯ પ્રવચન-૧૫**

પંચાસ્તિકાય. મોક્ષમાર્ગવિસ્તારનો અધિકાર. છેલ્લે (૧૬૭ ગાથામાં) કહ્યું, 'અર્હંતાદિકવિષયક પણ રાગરેણુ (—અર્હંતાદિ પ્રત્યેની પણ રાગરજ) ક્રમે દૂર કરવાયોગ્ય છે.' એની સંધિ ૧૬૮માં લ્યે છે. જુઓ! અરિહંત, શાસ્ત્ર આદિનો જે રાગ એ પણ ક્રમે ક્રમે ગુણસ્થાન યોગે રાગ ઘટાડવા લાયક છે. કહો, શેઠી! એ રાગથી ધર્મ નથી થતો. પંચ પરમેષ્ઠીની ભક્તિ, શાસ્ત્રનું બહુમાન, પ્રતિમાના દર્શન, ભક્તિ, પૂજા, જાત્રા વગેરે. એ રાગ ક્રમશઃ ગુણસ્થાન અનુસાર—ચોથા ગુણસ્થાને અનંતાનુબંધીનો ગયો તો અપ્રત્યાખ્યાન... આદિનો શુભરાગ આવ્યો. પાંચમે એનાથી ઓછો આવ્યો રાગનો રસ મંદ, એનાથી છઠ્ઠે અધિક મંદ અને પછી ક્રમે ઘટાડીને સ્વરૂપની વીતરાગતા પ્રગટ કરવી. રાગલવ પણ દોષકારક છે એમ અહીંયાં સિદ્ધ કરવું છે. ૧૬૮.

---

धरिदुं जस्स ण सक्कं चित्तुब्भामं विणा दु अप्पाणं।
रोधो तस्स ण विज्जदि सुहासुहकदस्स कम्मस्स।।१६८।।
धर्तुं यस्य न शक्यम् चित्तोद्भ्रामं विना त्वात्मानम्।
रोधस्तस्य न विद्यते शुभाशुभकृतस्य कर्मणः।।१६८।।

**મનના ભ્રમણથી રહિત જે રાખી શકે નહિ આત્માને,**
**શુભ વા અશુભ કર્મો તણો નહિ રોધ છે તે જીવને. ૧૬૮.**

**અન્વયાર્થ :— જે (રાગના સદ્ભાવને લીધે) ચિત્તના ભ્રમણ વિનાનો પોતાને રાખી શકતો નથી, તેને શુભાશુભ કર્મનો નિરોધ નથી.**

**ટીકા :— આ, રાગલવમૂલક દોષપરંપરાનું નિરૂપણ છે (અર્થાત્ અલ્પ પણ રાગ જેનું મૂળ છે એવી દોષોની સંતતિનું અહીં કથન છે).**

**અહીં (આ લોકમાં) ખરેખર અર્હંતાદિ પ્રત્યેની ભક્તિ પણ રાગપરિણતિ વિના હોતી નથી. રાગાદિપરિણતિ હોતાં, આત્મા [1]બુદ્ધિપ્રસાર વિનાનો (—ચિત્તના ભ્રમણથી રહિત) પોતાને કોઈ પણ રીતે રાખી શકતો નથી; અને બુદ્ધિપ્રસાર હોતાં (—ચિત્તનું ભ્રમણ હોતાં), શુભ વા અશુભ કર્મનો નિરોધ હોતો નથી. માટે, આ**

---

૧. બુદ્ધિપ્રસાર = વિકલ્પોનો ફેલાવો; વિકલ્પવિસ્તાર; ચિત્તનું ભ્રમણ; મનનું ભટકવું તે; મનની ચંચળતા.

અનર્થસંતતિનું મૂળ રાગરૂપ ક્લેશનો વિલાસ જ છે.

ભાવાર્થ :— અર્હંતાદિની ભક્તિ પણ રાગ વિના હોતી નથી. રાગથી ચિત્તનું ભ્રમણ થાય છે; ચિત્તના ભ્રમણથી કર્મબંધ થાય છે. માટે આ અનર્થોની પરંપરાનું મૂળ કારણ રાગ જ છે. *૧૬૮.

## ગાથા—૧૬૮ ઉપર પ્રવચન

**धरिदुं जस्स ण सक्कं चित्तुब्भामं विणा दु अप्पाणं।**
**रोधो तस्स ण विज्जदि सुहासुहकदस्स कम्मस्स।।१६८।।**

ટીકા. જુઓ છેલ્લી ગાથાઓ છે. થોડો રાગ પણ પંચ પરમેષ્ઠીની ભક્તિનો રાગ, પૂજાનો, સ્મરણનો એ '**રાગલવમૂલક દોષપરંપરાનું નિરૂપણ છે...**' શેઠી! પહેલાથી બધું ઊંધું છે. પહેલા આવ્યા હતા એનાથી અત્યારે બધું વિરુદ્ધ છે. રાગથી કાંઈક લાભ થશે, રાગથી કાંઈક લાભ—સંવર, નિર્જરા થશે. વ્યવહાર રાગ કરતાં કરતાં કાંઈક થાય કે નહિ? નહિ. એ તો દોષપરંપરાનું નિરૂપણ છે. '(**અલ્પ રાગ જેનું મૂળ છે એવી દોષોની સંતતિ...**)' જુઓ! દોષોની સંતતિનું એ રાગ મૂળ છે. ઓહો..! જ્ઞાનીને રાગ આવે છે એ પરંપરા મોક્ષનું કારણ લખ્યું છે અને અહીં વળી આ શું લખ્યું? એ.. દેવીલાલજી! આગળ પણ આવશે. હવે પછીની ગાથામાં આવશે કે રાગ પરંપરા દુરતર, પણ પાઠમાં દુરતર છે. તો એનો પરંપરા (અર્થ કર્યો). દુરતર એટલે આગળ જતાં મોક્ષ થશે. હમણાં નહિ થાય એમ છે.

મુમુક્ષુ :— આગળ તો થાશેને.

ઉત્તર :— આગળ એનાથી નહિ થાય. એનાથી થતો નથી. એ તો એનો અભાવ કરીને થાય છે.

અહીંયાં તો સીધી વાત કરી જ્ઞાનીને માટે પણ. આ જ્ઞાનીની વાત ચાલે છે હોં! છઠ્ઠા ગુણસ્થાને, ચોથે, પાંચમે ગૌણરૂપે પણ એની વાત ચાલે છે. થોડો પણ '**રાગ જેનું મૂળ છે એવી દોષોની પરંપરા...**' ઓહો..! એક બાજુ કહે કે તીર્થંકર પ્રકૃતિ પરંપરા મુક્તિનું કારણ છે. શાસ્ત્રમાં આવે છે. સમકિતમોહનીયની પ્રકૃતિ પરંપરા મોક્ષનું કારણ આવે છે. વ્યવહારરત્નત્રય પરંપરા મોક્ષનું કારણ છે અથવા સ્વપરપ્રત્યય રાગ એ પરંપરા મોક્ષનું કારણ

* આ ગાથાની શ્રી જયસેનાચાર્યદેવવિરચિત ટીકામાં નીચે પ્રમાણે વિવરણ કરવામાં આવ્યું છે :— માત્ર નિત્યાનંદ જેનો સ્વભાવ છે એવા નિજ આત્માને જે જીવ ભાવતો નથી, તે જીવને માયા-મિથ્યા-નિદાનશલ્યત્રયાદિક સમસ્તવિભાવરૂપ બુદ્ધિપ્રસાર રોકી શકાતો નથી અને તે નહિ રોકાવાથી (અર્થાત્ બુદ્ધિપ્રસારનો નિરોધ નહિ થવાથી) શુભાશુભ કર્મનો સંવર થતો નથી, તેથી એમ ઠર્યું કે સમસ્ત અનર્થપરંપરાઓનું રાગાદિવિકલ્પો જ મૂળ છે.

છે. અહીંયાં કહે છે કે એ સ્વપરપ્રત્યય વિકલ્પ જે રાગ છે એ દોષની પરંપરાનું કારણ છે. ઓહોહો..! સમજાણું કાંઈ? રાજમલજી! આ પંડિતોને તૈયાર થવું જોઈએ અહીંયાં. ઓહો..! પહેલા અહીંયાં સ્પષ્ટ કરી દીધું પછી કહે એ તો વ્યવહારનો અભાવ કરીને નિશ્ચય પૂર્ણ શુદ્ધિ થશે એની વાત ત્યાં કરી છે.

અહીંયાં તો કહે છે કે એટલો શુભરાગ... આવીને બધી વાત. અરિહંત પ્રત્યે, મુનિઓ પ્રત્યે આવ્યું કે **નહિ**? ૧૬૦માં. એ બધો (રાગ) પરિહરવા લાયક છે. અન્વયાર્થમાં છે. ટીકામાં નથી લીધું, અન્વયાર્થમાં છેને. '**અર્હંત, સિદ્ધ, ચૈત્ય...**' નામ ભગવાનના પ્રતિમા. ૧૬૬નો અન્વયાર્થ. ૧૬૬ ગાથાના શબ્દનો અન્વયાર્થ. ૧૬૬ સમજો છોને? મિત્રસેનજી! ૧૬૬નો અન્વયાર્થ. ટીકા નહિ, અન્વયાર્થ શબ્દાર્થ. '**અર્હંત, સિદ્ધ, ચૈત્ય (—અર્હંતાદિની પ્રતિમા) પ્રવચન (શાસ્ત્ર),...**' આ પણ તકરાર ચાલે છે કે **નહિ**? પંચ પરમેષ્ઠીની પ્રતિમા હોય કે **નહિ**? શાસ્ત્રમાં તો પંચ પરમેષ્ઠીની પ્રતિમા હોય છે. ભાવલિંગી સંત મુનિ હોય એની પણ હોય છે. ભાવલિંગી સંત. સમજાણું કાંઈ? '**પ્રવચન (શાસ્ત્ર), મુનિગણ અને જ્ઞાન પ્રત્યે ભક્તિ...**' આટલા બોલ લીધા. આ બધો શુભરાગ છે. એ શુભરાગને અહીંયાં ૧૬૮માં કહે છે કે દોષની પરંપરાનું મૂળ છે. ઓહો..! સમજાણું કાંઈ? દોષની પરંપરાનું મૂળ છે. એ જ રાગને પછી મોક્ષનું પરંપરા કારણ કહેશે. શેઠી! એ તો કથનની પદ્ધતિ છે. પહેલા આ સિદ્ધ કરીને પછી પરંપરા કારણ કહેશે કે રાગનો અભાવ કરીને (મોક્ષ થશે). શ્રાવકને પણ કહ્યુંને? પ્રવચનસારમાં. એનો શુભરાગ તો ધર્મનું કારણ છે. શુભરાગ જ ધર્મનું કારણ છે, મુક્તિનું કારણ છે એમ પ્રવચનસારમાં લીધું છે. શ્રાવકને માટે. મુનિને પરંપરા દુઃખનું કારણ અને શ્રાવક માટે સુખનું કારણ? એ તો તીવ્ર રાગ ઘટાડવા માટે શ્રાવકને એવો મંદ રાગ ભક્તિનો, દેવ-ગુરુ-શાસ્ત્રનો, ષટ્ કર્મનો આવે છે એ અપેક્ષાથી ત્યાં વ્યવહારથી એમ કહ્યું કે શ્રાવકને શુભભાવ મુક્તિનું કારણ છે. કોઈ ઠેકાણે પરંપરા કારણ કહ્યું. શ્રાવકને પણ વ્યવહાર રત્નત્રય આદિ શુભરાગ પરંપરા કારણ કહ્યું. અહીંયાં કહ્યું કે દોષનું મૂળ કારણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો વિકલ્પ એ ભૂમિકામાં આવે છે, પણ છે તો દોષની પરંપરાનું મૂળ છે. હળવે હળવે કહીએ છીએ. આવશ્યકનો અર્થ વ્યવહારે આવશ્યક કહેવામાં આવે છે. અવશ્ય આવે છેને. એ ભૂમિકામાં પાંચમે, ચોથે ગુણસ્થાન આદિમાં ભગવાનના દર્શન, પૂજા, સેવા, સંયમ આવ્યા વિના રહેતા નથી. ભૂમિકાને યોગ્ય આવે જ છે, હોય છે. વ્યવહારનયથી કરે છે એમ પણ કહેવામાં આવે છે. કરે છે એમ પણ વ્યવહારનયથી કહેવામાં આવે છે. ખરેખર તો આવે છે. એ આવે છે એને અહીંયાં કહે છે... આહાહા..!

મુમુક્ષુ :— દોષ છે.

ઉત્તર :— દોષની પરંપરાનું મૂળ છે, દોષ છે એમ નહિ. દોષ તો વર્તમાન સિદ્ધ કર્યો.

મુમુક્ષુ :— એનો ફાયદો શું?

ઉત્તર :— હા, પછી લાભ થશે કે નહિ? અત્યારે તો કરે છે. એ ખુલાસો આચાર્ય મહારાજ કરે છે.

પ્રભુ! '**રાગલવમૂલક...**' થોડો પણ રાગ છે એ દોષની પરંપરાનું મૂળ છે. એમાં આત્માની શાંતિનું મૂળ છે એમ નથી. પહેલા એનો નિર્ણય કરવો જોઈએ. નિર્ણય યથાર્થ થયા વિના એને સમ્યગ્દર્શનનો અનુભવ થતો નથી. સમજાણું કાંઈ? જુઓ! '**અહીં (આ લોકમાં) ખરેખર અર્હંતાદિ પ્રત્યેની ભક્તિ પણ...**' અર્હંતાદિ કહ્યુંને? અર્હંતાદિની અપેક્ષા રાખીને '**ભક્તિ પણ રાગપરિણતિ વિના હોતી નથી.**' રાગની પરિણતિ લીધી, જુઓ! રાગની પરિણતિ છે એ, પર્યાય છે રાગ. સમજાણું કાંઈ? એક સમયમાં એ રાગ... કાલે ચાલ્યું હતુંને? એક સમયમાં તો રાગ તાદાત્મ્યપણે છે. એક સમયમાં રાગ પર્યાયમાં તદ્રૂપ છે. સ્વભાવની દૃષ્ટિથી રાગને સંયોગભાવ કહેવામાં આવ્યો.

અહીં તો કહ્યું, જ્ઞાનીને રાગની પરિણતિ છે, એની પર્યાયમાં છે. પરમાં નહિ, પરથી નહિ. રાજારામજી! સમજાણું કાંઈ? પંડિતજી! એ પ્રશ્ન ઉઠ્યો હતોને. તમારે ત્યાં બહુ ઉઠે છે. અહીંયાં તો કહ્યું, એક સમયમાં રાગ તો તાદાત્મ્ય છે આત્માની સાથે. પર્યાયદૃષ્ટિથી હોં! સ્વભાવદૃષ્ટિથી-નિત્ય દૃષ્ટિથી એ તાદાત્મ્ય સ્વભાવ સાથે નહિ, એ સંયોગભાવ છે. નિમિત્તથી ઉત્પન્ન થયો તો સંયોગભાવ છે. ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિથી નિત્યાનંદની દૃષ્ટિથી વિકાર સંયોગભાવ છે અને એના અસ્તિત્વમાં જ્યારે સ્વીકારવું છે તો એની પર્યાયમાં જ રાગ અનિત્ય તાદાત્મ્યપણે એક સમયમાં ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? ... એની પર્યાયમાં જ રાગ અનિત્ય તાદાત્મ્યપણે એક સમયમાં ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? એટલી અપેક્ષા ન સમજે તો...

એક બાજુ અહીં પંચાસ્તિકાયમાં આવ્યું કે, રાગ પોતાથી પોતાને કારણે કર્મ થઈને પોતામાં ઉત્પન્ન થાય છે. એ રાગને સંયોગીભાવ કહ્યો તો એ રાગ કંઈ પરમાણુ નથી. રાગ કોઈ વર્ણ, ગંધ, રસ, સ્પર્શની ચીજ નથી. પણ રાગ સ્થૂળ છે, સ્વભાવ સૂક્ષ્મ શાંત આનંદ છે. ત્રિકાળ આનંદ સૂક્ષ્મ ચિદાનંદ પ્રભુ છે તો એ રાગને સ્થૂળ કહ્યો છે. સમયસારમાં. સ્થૂળ શુભરાગ. અશુભરાગ પણ સ્થૂળ અને શુભરાગ પણ સ્થૂળ. હેમરાજજી! પુણ્ય-પાપ અધિકારમાં. સામાયિક ગ્રહણ કરે છે પણ આટલો રાગ પણ છોડીને નિવૃત અનુભવ ન કરે તો એ પણ મુક્તિનું કારણ નથી. મુક્તિએ નહિ જાય. તો ત્યાં શુભ પરિણામને પણ સ્થૂળ (કહ્યા). એ અહીંયાં કહ્યું, એ એની રાગપરિણતિ છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનીને, પણ અહીંયાં છઠ્ઠા ગુણસ્થાનથી મુખ્ય લીધું છે. ગૌણપણે ચોથે, પાંચમે પણ આવ્યું છે.

તો કહે છે, મુનિઓ સંતો કુંદકુંદાચાર્ય આદિ, ભગવાનની ભક્તિ કરવા નીકળ્યા હતા, જાત્રા કરવા નીકળ્યા હતા. સાંભળ્યું છે કે નહિ? ગિરનાર, જ્યાં વાદ થયો હતો અને સરસ્વતીને

બોલાવી હતી. ગયા હતા, બે સંપ્રદાય... આવે છે, રાગ આવે છે. ભક્તિનો, જાત્રાનો આવે છે. પણ છે એ રાગ પરિણતિ, વિકાર પરિણતિ, મલિન પરિણતિ વિના નથી થતો. રાગ મલિન પરિણતિ વિના ભક્તિ નથી થતી. આહાહા..! અમારે તો વીતરાગભાવ છે, ભગવાન પાસે અમે ગયા હતા. અમારે કોઈ રાગ-બાગ નથી, ભગવાનની ભક્તિ છે. પણ એ ભગવાનની ભક્તિ એ જ રાગ પરિણતિ છે. સમજાણું કાંઈ? કહો.

મુમુક્ષુ :— મુક્તિ પ્રાપ્ત કરવી છે.

ઉત્તર :— મુક્તિ પ્રાપ્ત કરવી છે તો શું રાગથી મુક્તિ પ્રાપ્ત થાય છે? એમ કહે છે હોં! તમે કહો છો એમ. અમે (સંવત) ૧૯૯૬માં જૂનાગઢ ગયા હતા. એક શ્વેતાંબર હતા. ઈ કહે કે, અમારે ક્યાં મુક્તિ.. નામ શું કીધું? અમારે ક્યાં રાગ જોઈએ, અમારે તો ભગવાનની ભક્તિથી વીતરાગતા જ જોઈએ. પણ ભગવાનની ભક્તિ એ જ રાગ છે. જોઈએ છે શું? સમજાણું કાંઈ? તો બીજાએ વળી એમ લખ્યું છે કે ભગવાનની ભક્તિમાં તો ગુણસ્મરણ છે. એમાં કષાય ક્યાં આવ્યો? એમ લખ્યું છે. ધન્નાલાલજી! એમ લખ્યું છે ટેપ રેકોર્ડિંગમાં. ભગવાનની ભકિતમાં તો ગુણસ્મરણ છે, એમાં રાગ ક્યાં આવ્યો? પણ ઈ રાગ જ છે, ક્યાં આવ્યો શું? એ કષાયનો લવ છે. આહાહા..! પરાશ્રિત—પર પદાર્થ આશ્રિત છે. પરાધીન પરદ્રવ્યને આશ્રયે (થયો છે). ભલે મિથ્યાત્વ નથી પણ છે રાગની પરિણતિ દોષરૂપ છે.

આ વીતરાગમાર્ગ છે. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગમાં રાગનો કણ પણ બંધનું કારણ છે. નહિતર વીતરાગ, એટલો રાગ છોડીને વીતરાગ શા માટે થયા? રાગ છોડીને વીતરાગ શા માટે થયા? અલ્પજ્ઞ છોડીને સર્વજ્ઞ કેમ થયા? ભગવાનની આજ્ઞામાં અલ્પજ્ઞ અને રાગ છોડીને સર્વજ્ઞ અને વીતરાગ થવું એમ આજ્ઞા છે. સમજાણું કાંઈ? તો એટલો પણ રાગ... જુઓ! કેટલું સ્પષ્ટ કરે છે. પછી પરંપરા પરંપરા આની સાથે લઈ લેવું. આ અજ્ઞાનીની વાત નથી.

મુમુક્ષુ :— દુરતર છેલ્લે છે.

ઉત્તર :— છેલ્લે, દુરતર કહેશેને. એ તો દુરતરનો અર્થ કર્યો છે અમૃતચંદ્રાચાર્યે. પાઠમાં તો દુરતરં છે. ૧૭૦ ગાથા. '**दूरतरं णिव्वाणं**'. ૧૭૦માં છે. '**सपयत्थं तित्थयरं अभिगदबुद्धिस्स सुत्तरोइस्स**' જુઓ! '**दूरतरं णिव्वाणं**' દુરતર થાય છે. આગળ જઈને મોક્ષ જશે. રાગથી નહિ. આગળ જઈને. પણ રાગનો અભાવ કરીને, રાગ અત્યારે છે, મોક્ષ હવે પછી જશે. રાગનો અભાવ કરીને જશે. સમજાણું કાંઈ? એનો અમૃતચંદ્રાચાર્યે દુરતરંનો અર્થ પરંપરા મોક્ષનું કારણ લીધો છે. મોક્ષહેતુ પણ પરંપરાથી. જુઓ! '**સાક્ષાત્ મોક્ષહેતુપણાનો અભાવ હોવા છતાં પરંપરાએ મોક્ષહેતુપણાનો સદ્‌ભાવ દર્શાવ્યો છે.**' ૧૭૦. અહીંયાં દર્શાવ્યું કે રાગ દોષની પરંપરાનું મૂળ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ રાગ ચાલે છે ત્યાં સુધી દોષ જ ચાલે છે. એમ. જ્યાં સુધી રાગ

ચાલશે ત્યાં સુધી દોષ જ ચાલશે. એમ. સમજાણું કાંઈ? રાગનો અભાવ કરે ત્યારે તો દોષની પરંપરા તૂટી ગઈ. પણ રાગ જ્યાં સુધી ચાલશે ત્યાં સુધી રાગની પરંપરા (છે). ચોથા ગુણસ્થાનમાં રાગ ત્રણ કષાયનો છે. પાંચમે બે કષાયનો છે, છઠ્ઠે એક કષાયનો છે. રાગનો દોષની પરંપરા જ રાગ છે. એમ. એ રાગ અભાવનું કારણ નથી એમ સિદ્ધ કરવું છે. રાગ રાગનો અભાવ કરવાનું કારણ નથી. રાગની પરંપરા તો રાગ.. રાગ.. રાગ.. રાગ.. રાગ પરંપરાનું કારણ છે. એમ સિદ્ધ કરવું છે. એમ વસ્તુની સ્થિતિ એવી છે. કહો, ઈશ્વરચંદજી! સમજાણું કાંઈ? બહુ ગડબડી કરે છે હોં બહારમાં. એકાંત છે, સ્યાદ્‌વાદ લ્યો. કેમ ડાલચંદજી! અરે.. ભગવાન! પ્રભુ! સ્યાદ્‌વાદ શેમાં લાગે? જેમાં હોય એમાં લાગે કે ન હોય એમાં લાગે? રાગમાં બંધનું કારણ છે એમાં મોક્ષનું (કારણ) ક્યાંથી (આવે)? એ તો બોલવામાં આવે છે. પંડિતજી! જુઓ અહીંયાં.

મુમુક્ષુ :— તીર્થંકરગોત્ર જે છે એ તો પરંપરા..

ઉત્તર :— તીર્થંકરગોત્ર શું છે? જે ભાવે બંધાયો એ ભાવનો અભાવનો કરશે ત્યારે તો તીર્થંકર પ્રકૃતિનો પાક આવશે. શેનાથી મોક્ષ થયો? પોતાથી થયો. એ ચાલી હતી એ વખતે, ઘણા વર્ષ પહેલા. (સંવત) ૨૦૦૨ની સાલ. અઢાર વર્ષ થયા, સાડા અઢાર. માગશર સુદ-૧૧, વ્યાખ્યાન થયું હતું ત્યારે ખળભળાટ થયો હતો પંડિતોમાં. અરે..! આમ કેમ કહો છો? ૨૦૦૨ની માગશર સુદ-૧૧. પછી બારસનું વ્યાખ્યાન થયું છેને? વસ્તુવિજ્ઞાનસાર. એ બારસનું વ્યાખ્યાન છે. ૧૧નું સવારનું વ્યાખ્યાન થયું. પંડિતો બેઠા હતા. એકાંત છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય છે એ બંધનું કારણ છે, મોક્ષનું કારણ બિલકુલ નથી. આ ઈ થયું. એમાં આ રાગ ન આવ્યો? જ્યાં સુધી એ રાગ રહે છે ત્યાં સુધી દોષની પરંપરાનું કારણ છે. ભાઈ! આ એનો એ રાગ નથી આવ્યો? તીર્થંકરભાવનો રાગ એમાં નથી આવ્યો? તીર્થંકરપણું જ્યાં સુધી બંધાય છે, બંધાય છે કે નહિ? આઠમા ગુણસ્થાન સુધી બંધાય છે. ચોથે, પાંચમે બંધાય છે તો અત્યારે નરકમાં પણ શ્રેણિક રાજા તીર્થંકર ગોત્ર બાંધે છે. બાંધે છે કે નહિ? ભલે સંક્લેશ પરિણામ હો, તોપણ બંધાય છે.

મુમુક્ષુ :— નિરંતર.

ઉત્તર :— હા, નિરંતર પ્રકૃતિ, ધ્રુવ પ્રકૃતિ કાયમ બંધાય છે. ભલે સંક્લેશ પરિણામ હો, રૌદ્રધ્યાન હો પણ તીર્થંકરગોત્ર જ્યારથી શરૂ થયું, (નિરંતર) બંધાય છે, આઠમા ગુણસ્થાન સુધી. જ્યારે શ્રેણી માંડશે ત્યારે બંધ થશે. પછી એનો પૂર્ણ બંધ, બંધ થશે. બંધ બંધ થશે. બંધનો બંધ પૂરો થશે. બંધ અટકી જશે, બંધ થઈ જશે. ત્યારે તો કેવળજ્ઞાન થઈ જશે. પોતાની ક્ષપકશ્રેણિથી, પોતાના સ્વરૂપના પુરુષાર્થથી. અને બંધ પૂરો થયો પછી એ પ્રકૃતિનું ફળ તેરમે આવ્યું. કેવળજ્ઞાન થયા પછી પ્રકૃતિનું ફળ આવે છે. નહિ, એ તીર્થંકર પ્રકૃતિનું ફળ જ તેરમે આવે છે. કેવળજ્ઞાન થયા પછી પ્રકૃતિનું ફળ આવે છે. શું ભોગવવું છે? એનાથી

શું થાય છે? આહાહા..! લોકોને એમ થાય છે.. આહાહા..! જેને તીર્થંકરગોત્ર બંધાય છે એ તો રાગનો આદર કરતો નથી. એની અચિંત્ય મહિમા એને નથી. એટલો પણ રાગ આવ્યો, બંધ થશે, સ્વર્ગમાં જાવું પડશે. મનુષ્યભવ થશે, બે ભવ થશે. તીર્થંકર થયા વિના કેવળ નહિ પામે. તો બે ભવ થશે. સમજાણું કાંઈ? તો પેલા કહે કે, મોક્ષ જશે. આ કહે છે કે, બે ભવ થયા. ડાલચંદજી! બે ભવ વિના નહિ જાય. તીર્થંકરપણાનો બંધ પડ્યો તો સ્વર્ગમાં જશે. પહેલા નરકના આયુષ્યનો બંધ થઈ ગયો હોય તો, શ્રેણિકની રાજાની જેમ (નરકમાં જાય). પણ એ તો ભવ કરવો પડ્યો. રાગ પરંપરા દોષનું કારણ છે અને જેને રાગ ન આવ્યો એ ભવમાં, તોડીને કેવળજ્ઞાન પામશે, મોક્ષમાં જશે. તીર્થંકર થયા વિના મોક્ષમાં જશે. સમજાણું કાંઈ? એ.. જેઠમલજી!

મુમુક્ષુ :— પરંપરા દોષનું કારણ થાય તો રાગ લંબાવે તો...

ઉત્તર :— એ રાગ લંબાય જ છે, એમ કહે છે અહીંયાં. તીર્થંકર જેવો રાગ પડ્યો હોય એ રાગ લંબાય જ છે. જુઓ! ક્યાં સુધી લંબાય છે? આઠમા ગુણસ્થાન સુધી લંબાય છે, બંધ થાય છે. ઓહોહો..! વીતરાગની શ્રેણી. ચિદાનંદ દ્રવ્ય આશ્રિત વસ્તુ... ઓહોહો..! એની મહિમા છે, કોઈ રાગ આવ્યો એની મહિમા નથી. રાગથી કોઈ કેવળજ્ઞાન પામ્યા છે એમ નથી.

મુમુક્ષુ :— સપ્તમ ગુણસ્થાનમાં તો અભેદ નિર્વિકલ્પ દશા થઈ જાય છે, એમાં રાગ લંબાવાનો ક્યાં પ્રશ્ન ક્યાં છે?

ઉત્તર :— ત્યાં પણ રાગ છે. અબુદ્ધિપૂર્વક છે કે નહિ? અબુદ્ધિપૂર્વકનો આઠ કર્મનો બંધ થાય છે કે નહિ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, છેને. એટલો દોષ છે. આવ્યો શા માટે? આવે છે શા માટે? વીતરાગસ્વરૂપ સ્વભાવ છે આત્મા. ઈ કહે છે, જુઓ!

**‘અર્હંતાદિ પ્રત્યેની ભક્તિ પણ રાગપરિણતિ વિના હોતી નથી.’** કોઈ કહે કે અમે ભગવાનના દર્શન કરીએ છીએ, અમારે વીતરાગ પરિણતિ છે. જૂઠું છે. પોતાના સ્વભાવના અલંબનથી જેટલી પરિણતિ થઈ છે એટલી પરિણતિ શુદ્ધ છે. ચોથે ગુણસ્થાને મિથ્યાત્વ, અનંતાનુબંધીનો અભાવ થઈને શુદ્ધ પરિણતિ થઈ તેટલી શુદ્ધ છે. પાંચમે બે કષાય ટાળીને શુદ્ધ પરિણતિ થઈ એટલી શુદ્ધ છે. મુનિને ત્રણનો અભાવ કરીને થઈ એટલી શુદ્ધ પરિણતિ છે અને મુનિઓને પણ સાથે રાગ આવ્યો, એ રાગની પરિણતિ વિના ભક્તિ નથી હોતી. અહીંયાં એમ તો સિદ્ધ કરવું છે. તારાચંદજી! ઓહોહો..!

‘ખરેખર...’ જુઓ, શબ્દ પાછો એમ લીધો છેને. **‘इह खलु’** ઈ ને? **‘इह खल्वर्हदादिभक्तिरपि न रागानुवृत्तिमन्तरेण भवति’** **‘खलु’** નિશ્ચયથી. એનો અર્થ કર્યો

છે '**खलु**'. ખરેખર પંચ પરમેષ્ઠી પરદ્રવ્ય છે. તો પરદ્રવ્ય તરફની અપેક્ષાથી ભક્તિ પણ રાગની પરિણતિ-વિકારની અવસ્થા વિના નથી થતી. સમજાણું કાંઈ? જ્ઞાનીની પર્યાયમાં રાગ પરિણતિ થાય છે. જડમાં નહિ, જડથી નહિ. એ ઉદયભાવ છે, જીવતત્ત્વ છે. લ્યો. ઓહોહો..! એ પાંચ તત્ત્વ કહ્યાને? બીજો અધ્યાય, તત્ત્વાર્થસૂત્ર. ઉપશમ, ક્ષયોપશમ. ઉદય સ્વતત્ત્વ છે. સ્વતત્ત્વમાં છે તો સ્વતત્ત્વ છે. કઈ અપેક્ષાથી? એની સીમામાં રાગ થાય છે. એના અસંખ્ય પ્રદેશની સીમામાં રાગ થાય છે. એ રાગ કંઈ પરમાં થતો નથી. બપોરે ચાલે છે એ જુદી વાત છે. તમારા નિશ્ચય, વ્યવહારમાં. ત્યાં એ રાગ સ્વભાવને કારણે (થતો નથી), સંયોગભાવ છે. સંયોગીભાવ છે, સ્વભાવભાવ નથી. કાઢી નાખવાની વસ્તુ છે. જેમ જડ કર્મ સંયોગ છે, એવો જે વિકાર સંયોગી છે. કઈ અપેક્ષાથી? ત્રિકાળ શુદ્ધ જ્ઞાયકભાવની અપેક્ષાથી વિકારને સંયોગ કહ્યું. નીકળી જાય છે તો પુદ્‌ગલ જેમ નીકળી જાય છે, ઈ પણ નીકળી જાય છે. બધું પુદ્‌ગલ જ છે, જા. એ પોતાનો સ્વભાવ નથી. પણ કોઈ પહેલેથી આ નક્કી કર્યા વિના (માને) કે રાગ પરિણતિ પુદ્‌ગલની છે, પોતાની નહિ, પોતામાં નથી થતી, તો એ સંયોગીભાવને સ્વભાવથી ભિન્ન નથી કરી શકતો. પહેલા રાગની પરિણતિ મારામાં મારા કારણે પરપદાર્થ તરફ દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ લક્ષ થાય છે, તો થાય છે. સમજાણું કાંઈ? એને છોડીને સ્વચ્છંદ કરવો એની અહીંયાં વાત નથી. ઈ પણ રાગ છે તો ખાઓ, પીવો, અશુભરાગ કરો. ઈ વાત અહીંયાં નથી. લે. એ પણ રાગ પરિણતિ છે. રાગ પરિણતિ છે, તો ખાવું, પીવું ભોગની રાગ પરિણતિ નથી? એ પાપ પરિણતિ છે. સમજાણું કાંઈ? વેપાર-ધંધા આદિની રાગ પરિણતિ નથી? રાગ પરિણતિ વિના વેપાર-ધંધો થાય છે? રાગ પરિણતિ અશુભ પરિણતિ વિના ભોગ થાય છે? અશુભ રાગ પરિણતિ વિના ખાવામાં આવો (રાગ થાય છે)? ક્રિયા જડની છે. પણ દૂધપાક, પૂરી આમ ચડાવે, તો રાગ પરિણતિ વિના ઈ થાય છે? એ અશુભરાગ પરિણતિ છે. એઈ..! વેપાર કરે ને, ભલે ઝવેરાતનો કરે, હીરાનો કરે. તો એ પાપ પરિણતિ વિના કરે છે ઈ?

મુમુક્ષુ :— કમાય છે.

ઉત્તર :— ધૂળમાંય કમાતો નથી. કમાતો હોય તો એમાં શું થયું? કમાયા પછી ધર્માદામાં આપે. ધર્માદાનો અર્થ શું? એ વખતે કદાચિત્ રાગની મંદતા હોય તો લક્ષ્મીમાંથી રાગ મંદ કરે તો પુણ્ય બંધાઈ જાય. લક્ષ્મી મળી છે તો એનાથી પુણ્ય થાય છે એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— આ ઈ કહ્યું. અંદર નબળાઈ છે તો થયા વિના રહેતો નથી. એમ કહે છે. ઈ કહ્યું છેને ત્યાં મોક્ષમાર્ગ પ્રકાશકમાં. તમે કહો છો એમ પ્રશ્ન કર્યો છે. અશુભ તો આવ્યા વિના રહે નહિ, શુભ તો આપણે કરીએ તો થાય, એની મેળાએ કેમ આવે? માટે રાગ ન કરીએ... પણ એ રાગ આવે, આવ્યા વિના રહે નહિ. ભૂમિકા શું વીતરાગ થઈ ગઈ

છે? અશુભ ટાળવા માટે એવા કથન આવે છે—અશુભ વંચનાર્થં. ખરેખર તો તે સમયે એવી જ પરિણતિ આવવાની લાયકાત છે. કથન વ્યવહારના, અનેક પ્રકારની કથની ચાલે. પંડિતજી! અશુભ વંચનાર્થં. એ તો અનેક પ્રકારે એવા વિકલ્પ આવે છેને. આવું શુભ થાય, અશુભ ન હો. એમ. બાકી તો શુભ પરિણતિ તે કાળે આવવાની છે તે જ આવે છે. એ કોઈ લાવી લવાય છે? સમજાણું કાંઈ? પણ છે. રાગ પરિણતિ વિના પંચ પરમેષ્ઠીની ભક્તિ, પૂજા, દાન વગેરે મુનિ સ્મરણ, શાસ્ત્ર પ્રેમ આદિ રાગ પરિણતિ વિના ન થાય.

'રાગાદિ પરિણતિ હોતાં,...' એ રાગાદિની પરિણતિ હોતાં. પ્રેમ આવ્યોને? પ્રેમ આવ્યો, હરખ આવ્યો વગેરે. **'આત્મા બુદ્ધિપ્રસાર વિનાનો (—ચિત્તના ભ્રમણથી રહિત) પોતાને કોઈ પણ રીતે રાખી શકતો નથી;...'** જુઓ! બુદ્ધિપ્રસાર (અર્થાત્) વિકલ્પોનો ફેલાવો, ચિત્તનું ભ્રમણ. છઠ્ઠા ગુણસ્થાને પણ જેટલો પંચ મહાવ્રતનો વિકલ્પ આવ્યો એ ચિત્તનું ભ્રમણ છે. ચિત્ત રાગમાં ભમે છે. સ્વરૂપમાં નથી ઠરતું. આહાહા...! બુદ્ધિપ્રસાર છેને. વિકલ્પોનો ફેલાવો, ચિત્તનું ભ્રમણ, મનનું ભટકવું, મનની ચંચળતા. આટલા તો અર્થ કર્યા. અરે..! ભગવાનની ભક્તિમાં વળી મનની ચંચળતા ક્યાં આવી? ત્યારે શું આત્માની સ્થિરતા આવી? સમજાણું કાંઈ? એ અશુભ ચંચળતા પાપની ઘણી છે એને ઘટાડવા એટલી શુભ ચંચળતા આવે છે, પણ છે બુદ્ધિનો પ્રસાર, વિકલ્પનો વિસ્તાર. એમાં નિર્વિકલ્પતા નથી. સમજાણું કાંઈ?

**'બુદ્ધિપ્રસાર વિનાનો (—ચિત્તના ભ્રમણથી રહિત)...'** એમ કહે કે ચિત્ત ભમતું નથી અને રાગ આવ્યો. એમ હોતું નથી. ચિત્તનો સંગ કર્યા વિના શુભરાગ થતો જ નથી. સ્વભાવના સંગથી નથી થતો એમ કહે છે. અંદર ચિત્ત-મન છે એના સંગથી શુભરાગની પરિણતિ ઉઠે છે, ભગવાન ઉપર જાય છે. સમજાણું કાંઈ? ચિત્તનો સંગ છૂટી જાય અને રાગ થાય એમ બનતું નથી. અસંગ ભગવાન આત્માના સંગમાં પડે અને રાગ રહે એમ બને નહિ અને ચિત્તના સંગમાં જાય અને વીતરાગ પરિણતિ થાય એમ બને નહિ. ચિત્ત છે તેનો સંગ કર્યો તો શુભરાગ પરિણતિ ભક્તિમાં થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! અસંગ પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ જેટલી ચિત્તના સંગમાં ભક્તિ આદિ થાય છે એ બધી રાગની પરિણતિ છે.

મુમુક્ષુ :— ભાવમન?

ઉત્તર :— હા, મન, ભાવમન. સમજાણું કાંઈ? દ્રવ્યમન છેને એની સાથે સંયોગ કરે છે. ભાવમનમાં રાગ કેમ થાય છે? કે દ્રવ્યમનનો સંગ કરે છે તો. દ્રવ્યમનનો સંગ કરે તો. પરદ્રવ્યનું લક્ષ કરે છે તો ભક્તિ ઉત્પન્ન થાય છે. એ ચિત્ત છે તે દ્રવ્યમન છે, વિકલ્પ છે તે ભાવમન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઠીક કહ્યું. બુદ્ધિપ્રસાર—બુદ્ધિનો વિસ્તાર એટલે વિકલ્પનો વિસ્તાર. પંડિતજીએ અર્થ તો કર્યા છે. કાલે પણ લીધું હતું ભાઈ, નહિ? જયસેનાચાર્યનું પંચાસ્તિકાયનું. આવે છે કે નહિ? જયસેનાચાર્યમાં. સમજાણું કાંઈ? બુદ્ધિ આવે છે. ઉદય, બુદ્ધિ, શુભ અને અશુભ. ઈ આવે છે કે નહિ? સમજાણું કાંઈ? સમયસારમાં. સમયસારમાં આવે છે, કર્તાકર્મ અધિકારમાં આવે છે, જયસેનાચાર્યદેવની ટીકામાં ચાર બોલ વધારે છે. ૧૬ છે, પછી ચાર બોલ છે. બુદ્ધિ, ઉદય, શુભ અને અશુભ બધો રાગ છે. બુદ્ધિનો અર્થ અહીંયાં ઈ છે. કેવળજ્ઞાનને પણ બુદ્ધિ કહે છે શાસ્ત્રમાં. અહીં તો પ્રસાર છે. સંકોચ નહિ, બુદ્ધિનો પ્રસાર છે, વિસ્તાર છે રાગનો. આહાહા..! ફેલાવ છે.

‘**બુદ્ધિપ્રસાર વિનાનો (—ચિત્તના ભ્રમણથી રહિત) પોતાને કોઈ પણ રીતે રાખી શકતો નથી;...**’ કોઈ રીતે રાખી નથી શકતો. સ્વરૂપમાં લીન થાય અને ભગવાનની ભક્તિનો વિકલ્પ ઉઠે એમ છે જ નહિ. ઓહોહો..! આ તો વીતરાગમાર્ગ આવું કહે, હોં! બીજાને તો આમ રાડ બોલી જાય. રાગ ચિત્તના સંગ વિના ઉત્પન્ન થાય નહિ. પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે, ભક્તિ તો રાગ છે. ‘**અને બુદ્ધિપ્રસાર હોતાં (—ચિત્તનું ભ્રમણ હોતાં),...**’ જુઓ! ‘**શુભ વા અશુભ કર્મનો નિરોધ હોતો નથી.**’ જુઓ! શુભભાવ થયો એમાં શુભકર્મ તો બંધાય છે, સાથે મોહનીય આદિ પણ ચારિત્રમોહનીય અને જ્ઞાનાવરણીય પણ અશુભ બંધાય છે. બેથી બંધાય છે. મિત્રસેનજી! આ નક્કી કરવું પડશે. ત્યાં ગડબડી છે લોકોમાં.

મુમુક્ષુ :— રાગની સાથે જ્ઞાનની પર્યાય..

ઉત્તર :— જ્ઞાન તો નિર્મળ છે, જેટલી પોતાની પર્યાયમાં છે તેટલી તો શુદ્ધતા છે. તેની સાથે રાગ આવ્યો. ચારિત્રની એક પર્યાયમાં બે ભાગ છે, ચારિત્રની એક પર્યાયમાં બે ભાગ છે. જેટલો કષાયનો અભાવ થયો તેટલી શુદ્ધ છે, જેટલો રાગ આવ્યો એટલી અશુદ્ધ છે. એક સમયમાં એક પર્યાયના બે ભાગ.

મુમુક્ષુ :— પંડિત કહે છે.

ઉત્તર :— પંડિત નહિ, અહીંયાં ભગવાન કહે છે. સમજાણું કાંઈ?

આત્માના સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત જેટલો એક, બે, ત્રણ કષાયનો અભાવ થયો તેટલી ચારિત્રપર્યાય નિર્મળ શુદ્ધ વીતરાગી પર્યાય છે અને જેટલો રાગ તેટલી વિકારી છે. એક પર્યાયમાં બે ભાગ—વીતરાગ અને રાગ. આહાહા..! જૈનદર્શન...

મુમુક્ષુ :— દોરી કાઢી હશે?

ઉત્તર :— હા, દોરી કાઢી છે. જેટલો અંતર્મુખ થયો તેટલો નિર્મળ, જેટલો બહિર્મુખ રહ્યો તેટલો રાગ. વેદાંત આદિને તો આ એવું લાગે... આ વેદાંતની સાથે... અરે.. ભાઈ! તને વેદાંતની... એક પર્યાય આવી, એવી તો અનંતી પર્યાય અનંત ગુણની છે. એમાં કેટલાક ગુણમાં બે ભાગ. જેટલો સ્વદ્રવ્યનો આશ્રય તેટલો આનંદ, જેટલો પરદ્રવ્ય આશ્રય તેટલું

દુઃખ. એ આનંદની પર્યાયમાં બે ભાગ. એક આનંદ અને દુઃખ. એક પર્યાયમાં બે ભાગ--આનંદ અને દુઃખ. શાંતિ અને અશાંતિ ચારિત્રની અપેક્ષાથી. જેટલી સ્થિરતા એટલી શાંતિ. એક પર્યાયમાં બે ભાગ. ઓહોહો..! સ્વાદ એકલો આનંદનો છે, દૃષ્ટિની અધિકતામાં. પણ નબળાઈ છે એનો પણ સ્વાદ અંદર છે, કર્મચેતનાનો, કર્મફળચેતનાનો. એનો સ્વામી નથી એ જુદી વાત છે, પણ વેદનમાં છે. જ્ઞાની છઠ્ઠા ગુણસ્થાન સુધી કર્મફળચેતના (વેદે છે). આ રાગ છે એમાં હરખનું વેદન છે, વિકારવેદન છે. એ દૃષ્ટિનો વિષય ચાલે ત્યારે (એમ કહેવાય કે) એકલી જ્ઞાનચેતનાનું (વેદન છે). સમજાણું કાંઈ? બપોરે ઈ ચાલે છે. દૃષ્ટિ કહે, એકલું... વેદન-ફેદન છે જ નહિ કંઈ. જ્ઞાનની અધિકતા અને દૃષ્ટિની અધિકતા બતાવવા માટે. રાગાદિ દુઃખ છે એને ગૌણ કરીને કહ્યું. અહીં સાથે લેવું છે. જ્ઞાનપ્રધાન કથન છે. સમજાણું કાંઈ? જેટલી શાંતિ છે એટલી ચારિત્રની એક પર્યાયમાં વીતરાગતા છે. જેટલો રાગલવ ઉત્પન્ન થયો તે જ પર્યાયમાં મલિનતા. એ કર્મફળચેતના કહો, કર્મચેતના કહો. રાગ થયો એ કર્મચેતના અને કર્મફળચેતના અને જેટલી સ્વરૂપની સ્થિરતા એટલી જ્ઞાનચેતના અને શુદ્ધ કર્મ અને શુદ્ધ કર્મફળચેતના.

મુમુક્ષુ :— ક્ષેત્ર અપેક્ષાથી ભાગ નથી, ભાવ અપેક્ષાથી ભાગ છે.

ઉત્તર :— ક્ષેત્ર અપેક્ષાએ ભાગ છે. ખરેખર તો અસંખ્ય પ્રદેશમાં છે પણ દૃષ્ટિની અપેક્ષાએ વિકારનું ક્ષેત્ર બહાર ગણ્યું છે. બાકી જ્ઞાનની અપેક્ષાએ એના ક્ષેત્રમાં છે, સ્વક્ષેત્રમાં છે. સ્વક્ષેત્રમાં છે, અસંખ્ય પ્રદેશમાં છે. સમજાણું કાંઈ? અસંખ્ય પ્રદેશમાં સ્વ સીમામાં દુઃખ અને સુખ બેય છે. સ્વ સીમામાં શાંતિ અને અશાંતિ બેય છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ તો વાત આવીને. સમયસારમાં પાછળ નથી લીધું? '**कषायकलिरेकतः**' આમ જુએ તો કષાય દેખાય છે, આમ જુએ તો અકષાય દેખાય છે. એની પોતાની પર્યાયમાં છે. પર સાથેની વાત નથી. એ તો દૃષ્ટિની એકદમ જોર દેવું હોય તો એક ભાવનું અધિકપણે આનંદનું વેદન (છે), દુઃખનું વેદન જ્ઞાનીને નથી. એ (સ્વભાવની) અધિકતાથી (અને) રાગની ગૌણતા કહીને મુખ્યતાની અપેક્ષાથી કથન છે. એને સર્વથા કથન સમજી ન લેવું. સમજ્યા? જેટલો ત્રણ કષાયનો રાગ છે ચોથા ગુણસ્થાને એટલું દુઃખ છે. પંચાધ્યાયીમાં નથી કહ્યું? એક ઠેકાણે કહ્યું છે. જ્ઞાની પણ દુઃખથી છૂટ્યો નથી. પંચાધ્યાયીમાં ગાથા આવે છે. અસંખ્ય પ્રદેશમાં દુઃખ છે. ઘા વાગે છે એમ લખ્યું છે. ભાઈ! પંચાધ્યાયીમાં ગાથા છે. પંચાધ્યાયીએ તો ભારે કામ લીધું છે. સમકિતી પણ એનાથી બચ્યો નથી. જેમ આ વા હોયને વા, તમારે વા હતો? શું હતું તમારે? વા હતો? લ્યો, આ શેઠિયાને વા હતો. શાસ્ત્ર કહે છે, સમકિતીને પણ સંધિ વા થયો છે. જેટલો રાગ છે એટલું આખા અસંખ્ય પ્રદેશે સાંધે સાંધે દુઃખ છે. એ અસંખ્ય પ્રદેશ સાંધા છે, આ નહિ. આ તો (જડ છે). અસંખ્ય પ્રદેશ છે, પ્રદેશે

પ્રદેશે આત્માની અંદર જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય (ત્યાં સુધી) આકુળતા છે, આકુળતા ત્યાં સુધી છે—દુઃખ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અંદર એટલો પૂર્ણ અનંત છે. અનંત થશે કેવળીમાં. કેવળ થઈ જશે તો અરિહંત થઈ જશે. બારમે સુખ પૂર્ણ થઈ જશે, તેરમે અનંત (જ્ઞાન) થઈ જશે. અહીંયાં સુખનો અંશ છે. ચોથે સુખનો અંશ છે. પાંચમે વિશેષ, છઠ્ઠે વિશેષ, સાતમે વિશેષ, આઠમે વિશેષ, અગિયાર સુધી. બારમે પૂર્ણ. સમજાણું કાંઈ? પણ જેટલો અંશ છે તેમાં બીજો અંશ રાગનો-દુઃખનો પણ છે. આહાહા..! એ પણ બચે નહિ એવો પાઠ છે હોં! એક શ્લોકમાં. જેમ સંધિ વામાં (હોય), એમ એને પણ દુઃખ—આકુળતા થાય છે. આકુળતાને ટાળવી અને નિરાકુળતા પૂર્ણ પ્રગટ કરવી એ જ જ્ઞાનીનું સાધ્ય છે. સમજાણું કાંઈ?

'**(ચિત્તનું ભ્રમણ હોતાં), શુભ વા અશુભ કર્મનો નિરોધ હોતો નથી.**' જુઓ! અહીં તો શુભભાવથી શુભ પણ બંધાય છે અને અશુભ પણ બંધાય છે. એ જ સમયે છે કે નહિ? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય બંધાય છે કે નહિ? અંતરાય અને ચારિત્રમોહ. શુભભાવથી ચારિત્રમોહ પણ બંધાય છે. ઓહોહો..! એક બાજુ કહે કે સમ્યગ્દૃષ્ટિને બંધ નથી, સમ્યગ્દૃષ્ટિને આસ્રવ નથી. પ્રસિદ્ધ હો કે મિથ્યાત્વ એ સંસાર છે. કાલે આવ્યું કે નહિ? બપોરે. સવારે આ. અપેક્ષા ફરે છે. કાળ ફરે માટે એમ નથી. સમજાણું કાંઈ? એ તો દૃષ્ટિ એકલો દ્રવ્યસ્વભાવ પૂર્ણ સ્વભાવ અનંત ગુણરૂપ પરમ પવિત્રનો આનંદગુણ, પરમ પવિત્ર ધામ એકરૂપ છે એવી જ્યાં દૃષ્ટિ થઈ, દ્રવ્ય મુક્ત છે તો દૃષ્ટિવંત પણ મુક્ત છે. એ દર્શનપ્રધાનની વાત છે. પણ એની પર્યાય પર્યાય જ્યારે જોવામાં આવે તો દસમા ગુણસ્થાન સુધી રાગ છે, ત્યાં સુધી દુઃખ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા. સમજાણું કાંઈ?

'**શુભ અશુભ કર્મનો નિરોધ હોતો નથી.**' ઓહો..હો..! સંતોની ઉગ્રતા, સંતોની વીર્યની ઉગ્રતા. અરે..! અમને આ શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ આવ્યો. લખવાનો વિકલ્પ આવ્યો છે, પણ છે તો દુઃખ. એનાથી શુભાશુભ બંધાય છે. આહાહા..! ચોથે બંધ અને આસ્રવ નથી. એક દૃષ્ટિએ છે. ... અમને પણ શુભાશુભ બંધાય છે. આહાહા..! પર્યાયમાં કમી છે એટલો બંધ છે. સર્વથા નથી એમ નહિ. સર્વથા બંધ રહિત ભગવાન કેવળજ્ઞાની છે. અકષાય ભાવ થયો. સમજાણું કાંઈ? નવો બંધ ભલે બારમે ન પડે. પણ હજી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય પડ્યા છે એટલી અંદર દ્રવ્યબંધની પર્યાય નવી ન પડે, પણ એટલો ભાવબંધ લંબાય છે. અસંખ્ય સમય, બારમા ગુણસ્થાનમાં દ્રવ્યબંધ છે તો અહીંયા ભાવબંધ પણ પોતાથી છેને. નહિતર ત્રણ બારમે ત્રણ કર્મ કેમ રહ્યા? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય,

અંતરાય કેમ રહ્યા? અહીંયાં ભાવબંધની પરિણતિ નવી નવી ઉત્પન્ન થાય છે. નવો બંધ પડે કષાયથી એ નહિ. પણ એટલો ભાવબંધ ન હોય તો ભાવમુક્તિ થઈ જાય. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**માટે,...**' ઓહો..! '**આ અનર્થસંતતિનું મૂળ...**' સમકિતીના છઠ્ઠા ગુણસ્થાનના રાગને (કહ્યું). ઓહોહો..! અપેક્ષાનું જ્ઞાન ન સમજે (તો ગોટા થાય). એક કોર (એમ કહે), ચોથા ગુણસ્થાને જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. એક (કોર) કહે છે કે છઠ્ઠા ગુણસ્થાને ભક્તિનો રાગ '**અનર્થસંતતિનું મૂળ રાગરૂપ ક્લેશનો વિલાસ જ છે.**' સમજાણું કાંઈ? અરે.. ભાઈ! ભોગ તે કાંઈ નિર્જરાનો હેતુ છે? ચોથા ગુણસ્થાને ભોગ નિર્જરાનો હેતુ હોય તો આ તો કહે છે, છઠ્ઠા ગુણસ્થાને અમને ભગવાનની ભક્તિ આદિ, શાસ્ત્રની રુચિ, શાસ્ત્રની પ્રભાવનાનો ભાવ—વિકલ્પ આવ્યો એ વિકલ્પ પણ અનર્થસંતતિ છે. પ્રયોજનભૂત શુદ્ધ પરિણતિ એમાં નથી. એટલી અનર્થસંતતિનું મૂળ રાગરૂપ ક્લેશનો વિલાસ છે. એ રાગરૂપ ક્લેશનો વિલાસ છે. ભગવાન ચૈતન્યનો વિલાસ નહિ. ચૈતન્યનો વિલાસ અનાકુળ આનંદની મોજું એમાં નથી. આહાહા..! મુનિઓ પણ પોકાર કરે છે, જુઓ! સમજાણું કાંઈ? સાક્ષાત્ નક્કી થઈ ગયું છે કે એકાદ ભવમાં મુક્તિ કેવળજ્ઞાન લેવાવાળા છે, પણ આ રાગ છે. રાગ ચાલશે એ અનર્થપરંપરા છે. રાગમાંથી અર્થપરંપરા થઈ જશે, અર્થ નામ સ્વપદાર્થની શુદ્ધિ થાય છે એમ નથી. ઓહો..! ભારે ભાઈ! '**અનર્થસંતતિનું મૂળ રાગરૂપ ક્લેશનો વિલાસ જ છે.**' શું? રાગરૂપ ક્લેશનો વિલાસ જ છે. કોનો? અનર્થસંતતિનું મૂળ. રાગરૂપ ક્લેશનો વિલાસ અનર્થસંતતિનું મૂળ. ઓહોહો..! કથનપદ્ધતિ પણ કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય અલૌકિક વાત! વીતરાગપણું ખડું કરવું છેને! જ્યાં સુધી વીતરાગતા ન થાય ત્યાં સુધી મુક્તિ નથી, કેવળ નથી. બારમે વીતરાગતા થાય છે ત્યારે કેવળ થાય છે. રાગ રહે અને રાગથી કેવળ પરંપરા થાય એમ નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, ઘાતિયા બંધાય છેને. ઘાતિની વાત કરી. પહેલા ઘાતિ કહ્યુંને. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય અને ચારિત્રમોહ. ચાર કહ્યા, ચાર પડે છે, રસ પડે છે, સ્થિતિ પડે છે, બંધ પડે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... તો શું થયું? સૂક્ષ્મતા વીતરાગતામાં વિઘ્ન કરવાવાળા રાગનું જ્ઞાન થતાં એને પ્રમોદ આવવો જોઈએ કે ઓહો..! આટલો પણ રાગ મને નુકસાનકારક છે. એટલો પણ છેદીને સ્થિર થઈશ ત્યારે મને શાંતિની પૂર્ણતા પ્રાપ્ત થશે. એમાં તો વીર્યની સ્ફુરણા છે. વીર્યની સ્ફુરણાની વૃદ્ધિ છે, આઘાત નહિ.

'**ભાવાર્થ :— અર્હંતાદિની ભક્તિ પણ રાગ વિના હોતી નથી. રાગથી ચિત્તનું**

**ભ્રમણ થાય છે;...'** ચિત્ત ભટકે છે. '**ચિત્તના ભ્રમણથી કર્મબંધ થાય છે. માટે આ અનર્થોની પરંપરાનું મૂળ કારણ રાગ જ છે.'** જુઓ! ચિત્તનું ભ્રમણ, રાગ રહિત ભક્તિ નથી, રાગથી ચિત્તનું ભ્રમણ, ભ્રમણથી કર્મબંધ અને અનર્થની પરંપરા આ કારણે લ્યો. નીચે અર્થ કર્યો છે. જયસેનાચાર્યે. એ બીજા અર્થમાં છે. ત્યાં મિથ્યાત્વ સહિતમાં લીધું છે.

'માત્ર નિત્યાનંદ જેનો સ્વભાવ છે...' નોટ. 'માત્ર નિત્યાનંદ જેનો સ્વભાવ છે એવા નિજ આત્માને...' જુઓ! આત્માનો સ્વભાવ માત્ર નિત્યાનંદ પ્રભુ સહજાનંદ પ્રભુ, પરમાનંદ પ્રભુ એનો સ્વભાવ છે. નિત્ય આનંદકંદરસથી ભરેલો ભગવાન એવો જેનો, 'જેનો સ્વભાવ છે એવો નિજ આત્માને જે જીવ ભાવતો નથી,...' જે જીવ આવા નિત્યાનંદની એકાગ્રતા નથી કરતો. ભાવતો નામ ભાવના નથી કરતો. સમજાણું કાંઈ? આમ ભાવતો નથી 'તે જીવને માયા-મિથ્યા-નિદાનશલ્યત્રયાદિક...' શલ્ય ત્રયાદિક. માયા, મિથ્યા અને નિદાનશલ્ય ત્રયાદિક 'સમસ્તવિભાવરૂપ બુદ્ધિપ્રસાર રોકી શકાતો નથી...' સમજાણું કાંઈ? જેટલા પ્રમાણમાં પોતાનો સ્વભાવ ભાવતો નથી તેટલા પ્રમાણમાં, સર્વથા નથી ભાવતો એને મિથ્યાત્વ, માયા અને નિદાન ત્રણે શલ્ય રોકી શકાતો નથી. મિથ્યાત્વ ટળ્યા પછી જેટલા માયા અને થોડો રાગ રહ્યો એ પણ દુઃખનું કારણ છે. એ ટાળી શકતો નથી. નિજ આત્માને જીવ ભાવતો નથી તો સમસ્ત વિભાવરૂપ બુદ્ધિપ્રસાર રોકી શકાતો નથી. એ નહિ રોકાવાથી, બુદ્ધિનો—વિકલ્પના વિસ્તારનો નિરોધ નહિ થવાથી 'શુભાશુભ કર્મનો સંવર નથી થતો. તેથી એમ ઠર્યું કે સમસ્ત અનર્થપરંપરાઓનું રાગાદિવિકલ્પો જ મૂળ છે.' સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અહીંયાં તો આપણે ચાલે છે ઈ જ્ઞાનમાં અસ્થિરતા લીધી છે. જયસેનાચાર્યે ત્રણે લીધા છે. મિથ્યાત્વ સહિત પણ સ્વરૂપનું ભાન નથી એને પણ રાગ પરંપરા અનર્થનું કારણ છે. અને મિથ્યાત્વ ગયા પછી પણ રાગ રહ્યો એ પણ અનર્થનું કારણ છે. જેટલી આત્માની ભાવના નથી તેટલી રાગની પરંપરા દુઃખનું કારણ છે. મિથ્યાદૃષ્ટિને તો આત્માની ભાવના બિલકુલ નથી. સમ્યગ્દૃષ્ટિની આત્મભાવના દર્શન અપેક્ષાએ જેટલી શુદ્ધ થઈ તેટલી છે. પંચમ ગુણસ્થાનમાં બીજો કષાય ટળ્યો એટલી ભાવના છે. છઠ્ઠે ત્રણ કષાયનો અભાવ થયો તેટલી ભાવના છે. પણ હજી ભાવના બાકી છે તો રાગ રહે છે, એમ કહેવું છે. સમજાણું કાંઈ? એ ૧૬૮ ગાથા થઈ.

---

तम्हा णिव्वदिकामो णिस्संगो णिम्ममो य हविय पुणो।
सिद्धेसु कुणदि भत्तिं णिव्वाणं तेण पप्पोदि।।१६९।।
तस्मान्निवृत्तिकामो निस्सङ्गो निर्ममश्च भूत्वा पुनः।
सिद्धेषु करोति भक्तिं निर्वाणं तेन प्राप्नोति।।१६९।।

તે કારણે મોક્ષેચ્છુ જીવ અસંગ ને નિર્મમ બની,
સિદ્ધો તણી ભક્તિ કરે, ઉપલબ્ધિ જેથી મોક્ષની. ૧૬૯.

અન્વયાર્થ :— માટે મોક્ષાર્થી જીવ નિઃસંગ અને નિર્મમ થઈને સિદ્ધોની ભક્તિ (—શુદ્ધાત્મદ્રવ્યમાં સ્થિરતારૂપ પારમાર્થિક સિદ્ધભક્તિ) કરે છે, જેથી તે નિર્વાણને પામે છે.

ટીકા :— આ, રાગરૂપ ક્લેશનો [૧]નિઃશેષ નાશ કરવાયોગ્ય હોવાનું નિરૂપણ છે.

રાગાદિપરિણતિ હોતાં ચિત્તનું ભ્રમણ થાય છે અને ચિત્તનું ભ્રમણ હોતાં કર્મબંધ થાય છે એમ (પૂર્વે) કહેવામાં આવ્યું, તેથી મોક્ષાર્થીએ કર્મબંધનું મૂળ એવું ચિત્તનું ભ્રમણ તેના મૂળભૂત રાગાદિપરિણતિનો એકાંતે નિઃશેષ નાશ કરવાયોગ્ય છે. તેનો નિઃશેષ નાશ કરવામાં આવતાં, જેને [૨]નિઃસંગતા અને [૩]નિર્મમતા પ્રસિદ્ધ થઈ છે એવો તે જીવ શુદ્ધાત્મદ્રવ્યમાં વિશ્રાંતિરૂપ પારમાર્થિક સિદ્ધભક્તિ ધરતો થકો *સ્વસમયપ્રવૃત્તિની પ્રસિદ્ધિવાળો હોય છે. તે કારણથી તે જ જીવ કર્મબંધનો નિઃશેષ નાશ કરી સિદ્ધિને પામે છે. ૧૬૯.

## ગાથા—૧૬૯ ઉપર પ્રવચન

૧૬૯.

तम्हा णिव्वदिकामो णिस्संगो णिम्ममो य हविय पुणो।
सिद्धेसु कुणदि भत्तिं णिव्वाणं तेण पप्पोदि।।१६९।।

૧. નિઃશેષ = સંપૂર્ણ; જરાય બાકી ન રહે એવો.

૨. નિઃસંગ આત્મતત્ત્વથી વિપરીત એવો જે બાહ્ય-અભ્યંતર પરિગ્રહ તેનાથી રહિત પરિણતિ તે નિઃસંગતા છે.

૩. રાગાદિ ઉપાધિરહિત ચૈતન્યપ્રકાશ જેનું લક્ષણ છે એવા આત્મતત્ત્વથી વિપરીત મોહોદય જેની ઉત્પત્તિમાં નિમિત્તભૂત હોય છે એવા મમકાર-અહંકારાદિરૂપ વિકલ્પસમૂહથી રહિત નિર્મોહપરિણતિ તે નિર્મમતા છે.

* સ્વસમયની પ્રસિદ્ધિવાળો = જેને સ્વસમયમાં પ્રવૃત્તિ પ્રસિદ્ધ થઈ છે એવો. (જે જીવ રાગાદિપરિણતિનો સંપૂર્ણ નાશ કરી નિઃસંગ અને નિર્મમ થયો છે તે પરમાર્થ-સિદ્ધભક્તિવંત જીવે સ્વસમયમાં પ્રવૃત્તિ સિદ્ધ કરી છે તેથી સ્વસમયપ્રવૃત્તિને લીધે તે જ જીવ કર્મબંધનો ક્ષય કરી મોક્ષને પામે છે, અન્ય નહિ).

જુઓ! અહીંયાં 'સિદ્ધ' શબ્દ લીધો છે, પોતાનું સ્વરૂપ.

'**ટીકા :— આ, રાગરૂપ ક્લેશનો નિઃશેષ નાશ કરવાયોગ્ય હોવાનું નિરૂપણ છે.**' લ્યો. એ રાગરૂપ ક્લેશનો વિલાસ છેલ્લે કહ્યું હતુંને? તેનો નિઃશેષ નાશ કરવાયોગ્ય હોવાનું કથન છે. '**રાગાદિપરિણતિ હોતાં ચિત્તનું ભ્રમણ થાય છે...**' એ પૂર્વની વાત યાદ કરી છે. '**ચિત્તનું ભ્રમણ હોતાં કર્મબંધ થાય છે એમ (પૂર્વે) કહેવામાં આવ્યું,...**' ૧૬૮માં. '**તેથી મોક્ષાર્થીએ કર્મબંધનું મૂળ એવું જે ચિત્તનું ભ્રમણ...**' લ્યો. કર્મબંધનું મૂળ એવું ચિત્તનું ભ્રમણ. આત્મદ્રવ્યસ્વભાવ કર્મબંધનું મૂળ નથી. રાગ કર્મબંધનું મૂળ છે. આત્મભગવાન મોક્ષનું મૂળ છે. સ્વભાવ મોક્ષનું મૂળ છે, રાગ બંધનું મૂળ છે. સમજાણું કાંઈ?

'**મોક્ષાર્થીએ કર્મબંધનું મૂળ એવું જે ચિત્તનું ભ્રમણ તેના મૂળભૂત રાગાદિપરિણતિનો એકાંત નિઃશેષ નાશ કરવાયોગ્ય છે.**' એકાંતે નાશ કરવાયોગ્ય છે. કથંચિત્ રાખવાયોગ્ય અને કથંચિત્ નાશ કરવાયોગ્ય (એમ) એમાં લગાવી દો અનેકાંત. એકાંતે નિઃશેષ નાશ કરવાયોગ્ય છે. કિંચિત્ રાગ રાખવાયોગ્ય નથી. આહાહા..! એ વીતરાગમાર્ગને શોભે. અજ્ઞાનીને એ શોભે નહિ. વીતરાગ.. આહાહા..! બિલકુલ રાગ આવે છે, હો, આ પંચમ આરાના મુનિ છે, પંચમ આરાના પ્રાણીને કહે છે. પંચમ આરાના મુનિ છે, કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય. અરે.. આત્મા! તારી નિર્મળ દૃષ્ટિમાં એમ લે કે રાગનો કણ આવે છે શુભ એ પણ નાશ કરવાલાયક છે. નાશ કર્યા વિના તને પૂર્ણની પ્રાપ્તિ નથી થતી. એમ પહેલા એમાં મોક્ષની પ્રતીતિ આવવી જોઈએ. સમજાણું કાંઈ? '**એકાંત નિઃશેષ નાશ...**' બે શબ્દ લગાવ્યા. એકાંતે સર્વ નિઃશેષ નાશ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નાશ રાગ.

મુમુક્ષુ :— નાશ કરવામાં ભાવ શું છે?

ઉત્તર :— રાગ, રાગ. રાગ નાશ કરવાલાયક છે એનો અર્થ વીતરાગ સ્વભાવ તરફ ઢળવાથી રાગનો નાશ થઈ જાય છે. ઈ ભાવ આવ્યો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ નાશ થયોને ઈ. રાગ, સ્વભાવનો આશ્રય જ્યાં થયો તો રાગની ઉત્પત્તિ ન થઈ. એ તો પહેલેથી કહ્યું છે. કથન પદ્ધતિ તો ઈ આવે છે, બીજી ક્યાં આવે છે. અમૃતચંદ્રાચાર્ય પોતે કહે છે. રાગનો નાશ કરવો. નાશનો અર્થ વીતરાગ સ્વદ્રવ્યનો પૂર્ણ આશ્રય કરીને રાગની ઉત્પત્તિ ન થવી તેને રાગનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. એ તો પહેલા ઘણી વાર કહ્યું છે. એ તો ઘણી વાર કહ્યું પણ કથન પદ્ધતિ તો આમ જ ચાલે. આચાર્ય ... એવી ચાલે. પદ્ધતિ કેવી ચાલે? સમજાણું કાંઈ?

'**એકાંતે નિઃશેષ નાશ કરવાયોગ્ય છે.**' એનો અર્થ રાગ રાખવાયોગ્ય નથી અને રાગ

ઉત્પન્ન કરવાયોગ્ય નથી. પોતાના સ્વભાવ ઉપર આશ્રય કરતાં વીતરાગપર્યાયની ઉત્પત્તિ થાય છે તો રાગ ઉત્પન્ન નથી થતો એને, રાગ એકાંતે નાશ કરવાયોગ્ય છે એમ કહેવામાં આવ્યું છે. કથન પદ્ધતિ વ્યભિચારી છે. કથનની બીજી રીત શું કરે? દર વખતે આમ કહે.. સમજાણું કાંઈ? કે આત્માના આશ્રયે રાગ ઉત્પન્ન જ નથી થતો. એ વારંવાર કહે તો કથનની પદ્ધતિ ચાલે નહિ. સમજાણું કાંઈ? ધન્નાલાલજી! રાગાદિ પરિણતિનો... એનો અર્થ રાગ ઉત્પન્ન કરવાલાયક નથી. હેય છે તો નાશ કરવાલાયક છે અને સંવર, નિર્જરા અને મોક્ષ ઉત્પાદ કરવાલાયક છે. તો ઉપાદેય ગણીને ઉત્પન્ન કરવાલાયક છે એમ કહ્યું. રાગ હેય છે તો નાશ કરવાલાયક છે એમ કહ્યું. ધ્રુવ સ્વભાવ આશ્રય કરવાલાયક રહ્યો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવ ધ્રુવ આશ્રય કરવાલાયક રહ્યો. સંવર, નિર્જરા, મોક્ષ ઉત્પન્ન કરવાલાયક છે. ઉત્પાદ, વ્યય, ધ્રુવ ત્રણે છે કે નહિ? તો એક સમયમાં ત્રણે કેવી રીતે ઘટાવવા? દ્રવ્યસ્વભાવ ત્રિકાળ છે તે આશ્રય કરવાલાયક છે. સંવર, નિર્જરા, મોક્ષ ઉપાદેય છે. કેમ? ઉત્પન્ન કરવાલાયક છે તે અપેક્ષાથી ઉપાદેય છે. હું ઉત્પન્ન કરું એમ વાત નથી. પણ ઉત્પન્ન કરવાલાયક છે તો ઉપાદેય છે અને રાગ-દ્વેષ આદિ ભાવ નાશ કરવાલાયક છે માટે હેય છે. સમજાણું કાંઈ? હેય કરું એમ નથી. શબ્દ તો શું કહે? સંવરમાં ઉત્પન્ન કરું એમ નથી. દ્રવ્યસ્વભાવના આશ્રયે સંવર, નિર્જરા અને મોક્ષ ઉત્પન્ન થઈ જાય છે. પણ એ ઉત્પન્ન કરવાલાયક છે તો એને ઉપાદેય કહ્યું. અને સ્વભાવના આશ્રયે રાગ ઉત્પન્ન નથી થતો તો રાગ નાશ કરવાલાયક છે. હેય કરીને નાશ કરવાલાયક કહેવામાં આવ્યું છે. એ ઉત્પાદ, વ્યય, ધ્રુવની સંધિ છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

'**તેનો નિઃશેષ નાશ કરવામાં આવતાં, જેને...**' જુઓ! '**નિઃશેષ નાશ કરવામાં આવતાં, જેને નિઃસંગતા...**' (નિઃસંગ અર્થાત્) 'આત્મતત્ત્વથી વિપરીત એવો જે બાહ્ય-અભ્યંતર પરિગ્રહ તેનાથી રહિત પરિણતિ...' નિઃસંગ થઈ જાય છે. રાગ જેટલો ગયો તો આત્મા નિઃસંગ થાય છે. એકલો સંગ વિનાનો. '**નિર્મમતા...**' 'રાગાદિ ઉપાધિરહિત ચૈતન્યપ્રકાશ જેનું લક્ષણ છે...' ચૈતન્યપ્રકાશ જેનું લક્ષણ છે એવા આત્મતત્ત્વથી વિપરીત મોહોદય જેની ઉત્પત્તિમાં નિમિત્તભૂત હોય છે...' કોણ? મોહ. 'એવા મમકાર-અહંકારાદિરૂપ વિકલ્પસમૂહથી રહિત નિર્મોહપરિણતિ તે નિર્મમતા છે.' નિઃસંગ થયો સ્વભાવમાં, નિર્મમત્વ થયો પરથી. '**તેનો નિઃશેષ નાશ કરવામાં આવતાં,...**' પ્રસિદ્ધ થઈ, રાગનો નાશ કરવાથી નિઃસંગતા, નિર્મમતા પ્રસિદ્ધ થઈ એનું નામ વીતરાગતા છે.

'**એવો તે જીવ...**' હવે કહે છે જુઓ! બે વાત કરી. નાશ કરવાલાયક કહ્યું, નિઃસંગતા, નિર્મમતા પ્રસિદ્ધ ઉત્પન્ન થઈ કહ્યું. '**એવો તે જીવ શુદ્ધાત્મદ્રવ્યમાં વિશ્રાંતિરૂપ પારમાર્થિક સિદ્ધભક્તિ ધરતો થકો...**' આ સિદ્ધભક્તિ પાઠમાં છે પણ સિદ્ધ (એટલે) એ સિદ્ધ નહિ. સમજાણું કાંઈ? પાઠમાં એ લીધું છે હોં! '**सिद्धेसु कुणदि भत्ति**' પણ સિદ્ધ શબ્દે

આત્મા. પોતાનો સિદ્ધ સમાન સર્વગુણસંપન્ન એવો ભગવાન શુદ્ધાત્મદ્રવ્યમાં વિશ્રાંતિ.. વિશ્રાંતિ.. વિશ્રાંતિ... થાક ઉતાર્યો. રાગની ઉત્પત્તિનો થાક લાગ્યો હતો. દુઃખ હતું. એ વિશ્રાંતિ લેવાથી દુઃખ ગયું, શાંતિ થઈ. ઓહોહો..!

'**શુદ્ધાત્મદ્રવ્યમાં વિશ્રાંતિરૂપ પારમાર્થિક સિદ્ધભક્તિ...**' જુઓ! પારમાર્થિક સિદ્ધભક્તિ. સિદ્ધ ભગવાનના ગુણ ગાય એ તો વ્યવહારભક્તિ છે. સિદ્ધ ભગવાનની ભક્તિ તો પહેલા આવી. અરિહંત સિદ્ધમાં ન આવ્યું? એ તો પહેલા આવ્યું. નામ લીધું હતું કે નહિ એમાં? અરિહંત, સિદ્ધ. ૧૬૬માં. અરિહંત અને સિદ્ધ તો લીધા હતા. ત્યાં તો રાગ લીધો હતો. અને અહીં સિદ્ધની ભક્તિમાં તો વીતરાગતા લીધી. આ સિદ્ધભક્તિ છે. સમજાણું કાંઈ? પોતાનો આત્મા શુદ્ધાત્મદ્રવ્યમાં વિશ્રાંતિરૂપ પારમાર્થિક સિદ્ધભક્તિ ધારણ કરે છે. સિદ્ધભક્તિ પરમાર્થે ધારણ કરે છે. લ્યો. મુનિઓની આવે છેને આહાર લેતી વખતે? સિદ્ધભક્તિ નથી આવતી? બીજી કઈ આવે છે? ભક્તિ આવે છે. સિદ્ધભક્તિ દીક્ષા લેવા વખતે. બે ભક્તિ કાંઈક કરે છે એ વખતે. ઈ સિદ્ધભક્તિ તો ભગવાનની ભક્તિ છે, વિકલ્પવાળી. સમજ્યા? આહાર વખતે કરે છે. '**સ્વસમયપ્રવૃત્તિની પ્રસિદ્ધિવાળો હોય છે.**' લ્યો. ત્યારે આત્મા સ્વસમયની પ્રવૃત્તિ અંદર. જુઓ! પ્રવૃત્તિ. શુદ્ધની પરિણતિરૂપી પ્રવૃત્તિ (તેની) પ્રસિદ્ધિવાળો હોય છે. '**તે કારણથી તે જ જીવ કર્મબંધનો નિઃશેષ નાશ કરી સિદ્ધિને પામે છે.**' લ્યો, મુક્તિ લઈ લીધી. ઠેઠ સુધી. છેલ્લી ગાથાઓ છેને. એટલો રાગ પણ નાશ કરીને મુક્તિને પ્રાપ્ત થાય છે. પછી થોડો ભાગ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

सपयत्थं तित्थयरं अभिगदबुद्धिस्स सुत्तरोईस्स।
दूरतरं णिव्वाणं संजमतवसंपउत्तस्स।।१७०।।
सपदार्थं तीर्थंकरमभिगतबुद्धेः सूत्ररोचिनः।
दूरतरं निर्वाणं संयमतपःसम्प्रयुक्तस्य।।१७०।।

સંયમ તથા તપયુક્તને પણ દૂરતર નિર્વાણ છે,
સૂત્રો, પદાર્થો, જિનવરો પ્રતિ ચિત્તમાં રુચિ જો રહે. ૧૭૦

**અન્વયાર્થ :—** સંયમતપસંયુક્ત હોવા છતાં, નવ પદાર્થો તથા તીર્થંકર પ્રત્યે જેની બુદ્ધિનું જોડાણ વર્તે છે અને સૂત્રો પ્રત્યે જેને રુચિ (પ્રીતિ) વર્તે છે, તે જીવને નિર્વાણ દૂરતર (વિશેષ દૂર) છે.

**ટીકા :—** અહીં, અર્હંતાદિની ભક્તિરૂપ પરસમયપ્રવૃત્તિમાં સાક્ષાત્ મોક્ષહેતુપણાનો અભાવ હોવા છતાં પરપંરાએ મોક્ષહેતપુણાનો [1]સદ્ભાવ દર્શાવ્યો છે.

જે જીવ ખરેખર મોક્ષને અર્થે ઉદ્યમી ચિત્તવાળો વર્તતો થકો,, અચિંત્ય સંયમતપભાર સંપ્રાપ્ત કર્યો હોવા છતાં પરમવૈરાગ્યભૂમિકાનું આરોપણ કરવામાં સમર્થ એવી પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નહિ હોવાથી, 'પીંજણને ચોંટેલ રૂ'ના ન્યાયે, નવ પદાર્થો તથા અર્હંતાદિની રુચિરૂપ (પ્રીતિરૂપ) પરસમયપ્રવૃત્તિનો પરિત્યાગ કરી શકતો નથી, તે જીવ ખરેખર સાક્ષાત્ મોક્ષને પ્રાપ્ત કરતો નથી પરંતુ ક્લેશાદિના ક્લેશની પ્રાપ્તિરૂપ પરંપરા વડે તેને પ્રાપ્ત કરે છે. ૧૭૦.

---

૧. ખરેખર તો એમ છે કે—જ્ઞાનીને શુદ્ધાશુદ્ધરૂપ મિશ્ર પર્યાયમાં જે ભક્તિ-આદિરૂપ શુભ અંશ વર્તે છે તે તો માત્ર દેવલોકાદિના ક્લેશની પરંપરાનો જ હેતુ છે અને સાથે સાથે જ્ઞાનીને જે (મંદશુદ્ધિરૂપ) શુદ્ધ અંશ પરિણમે છે તે સંવર-નિર્જરાનો અને (તેટલા અંશે) મોક્ષનો હેતુ છે. ખરેખર આમ હોવા છતાં, શુદ્ધ અંશમાં રહેલા સંવર-નિર્જરા-મોક્ષહેતુત્વનો આરોપ તેની સાથેના ભક્તિ-આદિરૂપ શુભ અંશમાં કરીને તે શુભ ભાવોને દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિની પરંપરા સહિત મોક્ષપ્રાપ્તિના હેતુભૂત કહેવામાં આવ્યા છે. આ કથન આરોપથી (ઉપચારથી) કરવાં આવ્યું છે એમ સમજવું. (આવો કથંચિત્ મોક્ષહેતુત્વનો આરોપ પણ જ્ઞાનીને જ વર્તતા ભક્તિ-આદિરૂપ શુભ ભાવોમાં કરી શકાય છે. અજ્ઞાનીને તો શુદ્ધિનો અંશમાત્ર પણ પરિણમનમાં નહિ હોવાથી યથાર્થ મોક્ષહેતુ બિલકુલ પ્રગટ્યો જ નથી—વિદ્યમાન જ નથી ત્યાં પછી તેના ભક્તિ-આદિરૂપ શુભ ભાવોમાં આરોપ કોનો કરવો).

૨. પ્રભુશક્તિ = પ્રબળ શક્તિ; ઉગ્ર શક્તિ; પુષ્કળ શક્તિ; (જે જ્ઞાની જીવે પરમ ઉદાસીનતાને પ્રાપ્ત કરવામાં સમર્થ એવી પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નથી તે જ્ઞાની જીવ કદાચિત્ શુદ્ધાત્મભાવનાને અનુકૂળ, જીવાદિપદાર્થોનું પ્રતિપાદન કરનારાં આગમ પ્રત્યે રુચિ (પ્રીતિ) કરે છે, કદાચિત્ (જેમ કોઈ રામચંદ્રાદિ પુરુષ દેશાંતરસ્થિત સીતાદિ સ્ત્રીની પાસેથી આવેલા માણસોને પ્રેમથી સાંભળે છે.

**શ્રાવણ વદ ૧૦, મંગળવાર, તા. ૧-૯-૧૯૬૪**
**ગાથા - ૧૭૦, પ્રવચન - ૧૬**

सपयत्थं तित्थयरं अभिगदबुद्धिस्स सुत्तरोईस्स।
दूरतरं णिव्वाणं संजमतवसंपउत्तस्स।।१७०।।

એની ટીકા. જુઓ, આ પંચાસ્તિકાય એની છેલ્લી ગાથા છે. અહીંયાં કહે છે કે '**અહીં, અર્હંતાદિની ભક્તિ...**' અરિહંતની ભક્તિ અને નવ પદાર્થની રુચિ, એમાં શાસ્ત્રનો પ્રેમ (એની) રુચિ, એ તરફ બુદ્ધિનો ઝુકાવ એ પરસમયપ્રવૃત્તિ છે. સમજાણું કાંઈ? એટલો રાગ લવ (-થોડો) છે, વિકલ્પનો ભાગ છે. અર્હંતાદિ, સિદ્ધ આદિ, પંચ પરમેષ્ઠી આદિ... ટીકામાં આવશે. '**ભક્તિરૂપ પરમસયપ્રવૃત્તિમાં સાક્ષાત્ મોક્ષહેતુપણાનો અભાવ...**' કેમકે રાગ છે તો એનાથી મોક્ષનું કારણ થતું નથી. '**હોવા છતાં પરંપરાએ મોક્ષહેતુપણાનો સદ્ભાવ દર્શાવ્યો છે.**' કુંદકુંદાચાર્યે કહ્યું કે '**दूरतरं णिव्वाणं**' '**दूरतरं णिव्वाणं**' જેને રાગભાવ એટલો લવ બાકી છે અને શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની પરિણતિ પણ છે. પણ એટલા રાગના કારણે '**दूरतरं णिव्वाणं**' બહુ આગળ (-દૂર) રાગને ટાળીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષ થશે. જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી સ્વર્ગમાં જશે અને ક્લેશ—દેવના સુખનો ક્લેશ ભોગવશે. ઓહોહો..!

શ્રોતા :- પરંપરાએ મોક્ષ તો થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ પરંપરા એનાથી ક્યાં કહ્યું? રાગ હજી છે એને તો સાક્ષાત્ પુણ્યબંધ જ છે. પણ પરંપરા એટલે પછી રાગ ટાળીને જ્યારે પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા થશે ત્યારે મોક્ષ થશે. એ પરંપરા, '**दूरतरं**'નો અર્થ જ પરંપરા લીધું છે.

શ્રોતા :- ઉપર એમ જ કહે છે કે સિદ્ધપદ એટલે પરંપરા માટે એના કર્તા...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એનાથી નથી થતો. થાય છે તો રાગના અભાવથી. બધી ગડબડ અહીં છે. જુઓને નીચે અર્થ છે. એનો જ છેને એ? નીચે છે જુઓ.

---

તેમનું સન્માનાદિ કરે છે અને તેમને દાન આપે છે તેમ) નિર્દોષ પરમાત્મા તીર્થંકર પરમદેવોનાં અને ગણધરદેવ-ભરત-સગર-રામ-પાંડવાદિ મહાપુરુષોનાં ચારિત્રપુરાણો શુભ ધર્માનુરાગથી સાંભળે છે તથા કદાચિત્ ગૃહસ્થ-અવસ્થામાં ભેદાભેદરત્નત્રય પરિણત આચાર્ય-ઉપાધ્યાય-સાધુનાં પૂજનાદિ કરે છે અને તેમને દાન આપે છે—ઇત્યાદિ શુભ ભાવો કરે છે. આ રીતે જે જ્ઞાની જીવ શુભ રાગને સર્વથા છોડી શકતો નથી, તે સાક્ષાત્ મોક્ષને પ્રાપ્ત કરતો નથી પરંતુ દેવલોકાદિના ક્લેશની પરંપરાને પામી પછી ચરમ દેહે નિર્વિકલ્પસમાધિવિધાન વડે વિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવવાળા નિજશુદ્ધાત્મામાં સ્થિર થઈ તેને (મોક્ષને) પ્રાપ્ત કરે છે).

'સદ્ભાવ દર્શાવ્યો છે.' એની નીચે નોટ છે. '**ખરેખર તો એમ છે કે—જ્ઞાનીને...**' નામ શુદ્ધસ્વભાવનો અનુભવ સમ્યગ્દર્શન દૃષ્ટિ થઈ છે તેને '**શુદ્ધાશુદ્ધરૂપ મિશ્ર પર્યાય...**' હોય છે. જ્યાં સુધી કેવળજ્ઞાન ન હોય ત્યાં સુધી પૂર્ણ શુદ્ધપર્યાય તેને થતી નથી. '**જે ભક્તિ-આદિરૂપ શુભ અંશ વર્તે છે...**' એમાં જે ભક્તિ, શાસ્ત્રની રુચિ, શાસ્ત્રનો પ્રેમ એવો જે '**શુભ અંશ વર્તે છે તે તો માત્ર દેવલોકાદિના...**' દેવલોક આદિ. સ્વર્ગ અને ત્યાંથી મનુષ્ય થાશે તે પુણ્યનું ફળ છે. એ રાગ બાકી રહ્યો એનું ફળ છે.

'**દેવલોકાદિના ક્લેશની પરંપરાનો જ હેતુ છે...**' જુઓ! અંદરમાં લખ્યું કે મોક્ષનો પરંપરા હેતુ છે. એ તો પહેલા આવી ગયું ને? એ તો પહેલી વાત આવી ગઈ છે. પરંપરાએ અનર્થનો હેતુ, એ તો આવી ગયુંને પહેલાં? ૧૬૮માં. ત્યાં એ વાત સિદ્ધ કરીને અહીંયાં જ્યાં સુધી સ્વરૂપની સ્વસમયની પરિણતિ પૂર્ણ શુદ્ધ નથી ત્યાં સુધી રાગ આવે છે. એ રાગ છોડીને પછી ભવિષ્યમાં કેવળજ્ઞાન અને મોક્ષને પામશે. અત્યારે તો રાગનું, પુણ્યબંધનું જ કારણ છે. કહો, સમજાણું કાંઈ? '**દેવલોકાદિના...**' અથવા એ દેવલોકમાંથી નીકળીને ચક્રવર્તી વગેરે '**ક્લેશની પરંપરાનો જ હેતુ છે...**' શુભરાગ. '**અને સાથે સાથે જ્ઞાનીને જે (મંદશુદ્ધિરૂપ)...**' તીવ્ર શુદ્ધિ હોય તો કેવળજ્ઞાન થઈ જાય. '**(મંદશુદ્ધિરૂપ) શુદ્ધ અંશ પરિણમે છે...**' અંતરમાં નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર જેટલા અંશે વીતરાગ પરિણતિ નિર્વિકલ્પ છે '**તે સંવરનિર્જરાનો અને (તેટલા અંશે) મોક્ષનો હેતુ છે.**'

'**ખરેખર આમ હોવા છતાં, શુદ્ધ અંશમાં કરીને તે શુભ ભાવોનો દેવલોકાદિના...**' સંવર, નિર્જરા, મોક્ષહેતુત્વનો આરોપ. જુઓ! શુદ્ધ અંશમાં જેટલી શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા થઈ છે, એ '**શુદ્ધ અંશમાં રહેલા સંવર-નિર્જરા-મોક્ષહેતુત્વનો આરોપ તેની સાથેના ભક્તિ-આદિરૂપ શુભ અંશમાં કરીને...**' સમજાણું કાંઈ? '**તે શુભ ભાવોનો દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિની પરંપરા સહિત...**' જુઓ! '**તે શુભ ભાવોનો દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિની પરંપરા સહિત મોક્ષપ્રાપ્તિના હેતુભૂત કહેવામાં આવ્યા છે.**' સાથે રાગ રહ્યો એ શુદ્ધ અંશનો એમાં આરોપ આપ્યો. શુદ્ધ અંશ જ મોક્ષનો માર્ગ છે. તો મોક્ષમાર્ગનો આરોપ આપીને પરંપરા મોક્ષનો હેતુ છે એમ કહેવામાં આવે છે. નહિતર છે તો એ પરંપરા ક્લેશનું જ કારણ. આહાહા..! બહુ આ મોટી ગડબડ ચાલે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કબસે ચલતી હૈ?

ઉત્તર :- એ તો અનાદિથી ચાલે છે. પણ આ તો બહાર આવી એટલે અત્યારે (ચાલતી દેખાય છે), નહિતર તો એમને એમ આંધળું ચાલતું હતું.

જુઓ! '**આ કથન આરોપથી (ઉપચારથી) કરવામાં આવ્યું છે...**' રાગથી મુક્તિ પરંપરા (થાય) એ આરોપ નામ ઉપચારથી કહેવામાં આવ્યું છે. '**(આવો કથંચિત્ મોક્ષહેતુત્વનો**

**આરોપ પણ જ્ઞાનીને જ વર્તતા...'** સમ્યગ્દૃષ્ટિને પંચમ ગુણસ્થાને ધર્માત્મા, મુનિ આદિ છે એને **'ભક્તિ-આદિરૂપ શુભભાવોમાં કરી શકાય છે.'** જેની દૃષ્ટિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી નિર્મળ થઈ છે એની સાથે ભક્તિ આદિના રાગમાં એ આરોપથી કહેવામાં આવ્યું છે. આ કથન સમજાણું?

**'અજ્ઞાનીને તો શુદ્ધિનો અંશમાત્ર પણ પરિણમનમાં નહિ હોવાથી...'** લ્યો પ્રશ્ન કરતા હતા ને ભાઈ સવારે? આ લોકો કહે છે કે અમારે સીધું શુદ્ધમાં જવું? પહેલાં હજી અમે અશુદ્ધમાં શુભ તો કરીએ. પણ પહેલાં અહીંયાં નિર્મળ દૃષ્ટિ કરવાની વાત ચાલે છે. સમજાણું કાંઈ? એ શુભભાવ જે છે એ રાગ છે, બંધનું કારણ છે. મારા સમ્યગ્દર્શનનો એ વિષય નથી. સમજાણું કાંઈ? એવી પોતાની શુદ્ધ સ્વભાવની દૃષ્ટિમાં શુભરાગ બંધનું કારણ માન્યા વિના પોતાના સ્વભાવની સાચી દૃષ્ટિ તેને થતી નથી. તો અહીંયાં દૃષ્ટિના વિષયની વાત છે. લોકો એ પ્રશ્ન કરે છે. લ્યો, પાધરું અમારે શુદ્ધમાં ચાલ્યું જવું? પાધરું શું કહે છે? સીધું. સીધું શુદ્ધ ઉપયોગમાં ચાલ્યા જવું?

જો ભાઈ! એમાં બે વાત છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પહેલાં નિશ્ચય તો દર્શનમાં એમ હોવો જોઈએ કે જેટલો શુભરાગ આવે છે એ બંધનું જ કારણ છે. એ શુભ ઉપયોગ છૂટતો નથી. દૃષ્ટિમાંથી છૂટે છે કે બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી. એક વાર દૃષ્ટિમાંથી છૂટે છે. પછી તો શુદ્ધ ઉપયોગ થશે ત્યારે શુભભાવ છૂટી જશે. વાત સમજાણી કાંઈ? ડાલચંદજી! બે વાત થઈ કે પહેલાં તો દૃષ્ટિમાંથી છૂટકારો કરવો કે જેટલો વિકલ્પ પુણ્યબંધનું કારણ છે એ બંધરૂપ છે, મોક્ષમાં બિલકુલ કારણ નથી. એવી નિર્મળ દૃષ્ટિ કર્યા વિના એની ભૂમિકા કદી આગળ વધશે નહિ. અને એ શુભોપયોગ ટળશે ક્યારે? ટળવાના બે પ્રકાર થયા. સમજાણું કાંઈ? કયા બે પ્રકાર? કે એક તો શુભરાગ મુક્તિનું કારણ નથી એવી દૃષ્ટિ કરવી.

મુમુક્ષુ :- પહેલાં શ્રદ્ધામાંથી નીકળે.

ઉત્તર :- શ્રદ્ધામાંથી નીકળી ગયો શુભરાગ બંધનું કારણ. અને પછી શુભરાગ જ્યારે શુદ્ધ ઉપયોગ થશે ત્યારે શુભરાગ ઉત્પન્ન નહિ થાય. એ ચારિત્રની અપેક્ષાથી વાત છે. સમજાણું કાંઈ? ભાઈ! રાજમલજી!

કાઢવાની વાત બે પ્રકારે છે. અહીંયાં કહ્યુંને કે અજ્ઞાનીને જે રાગાદિ થાય છે એમાં તો આરોપિત કથન પણ કરવામાં આવતું નથી. કેમકે શુદ્ધ પરિણતિ અને શ્રદ્ધા, જ્ઞાન તો છે નહિ. રાગથી ધર્મ માને છે, સંવર-નિર્જરા માને છે, વિકલ્પથી મોક્ષ માને છે, એમાં શુદ્ધિ, શુભરાગમાં શુદ્ધિ છે એમ માને છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. એને તો શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાનની પરિણતિનો અભાવ છે. સમજાણું કાંઈ? તો એવા જીવને જે શુભરાગ છે એમાં મોક્ષનો વ્યવહારે આરોપ આવે છે એ આરોપ પણ એને હોતો નથી. કેમકે દૃષ્ટિમાં, રાગ બંધના કારણનો નિષેધ નથી. બરાબર છે?

મુમુક્ષુ :- પહેલા .. બંધનું કારણ છે.

ઉત્તર :- એવો નિર્ણય કર્યા વિના તેની નિર્ણય દૃષ્ટિ સાચી હોતી નથી. સમજાણું કાંઈ? ભાઈ! એ સવારે વાત કરતા હતા કે શું અમારે (સીધું શુદ્ધમાં આવી જવું)? એવી વાત ચાલતી હતી. એમ કહેતા હતા કે સીધું સીધું જાવું? પહેલી શ્રદ્ધા તો કરે. શ્રદ્ધામાંથી તો કાઢી નાખે કે રાગ પુણ્યબંધનું કારણ છે, એ મુક્તિનું, સંવર-નિર્જરાનું બિલકુલ કારણ નથી. એમ હોવા છતાં, શુભભાવ હોવા છતાં દૃષ્ટિમાંથી શ્રદ્ધા છોડવી એ પહેલી વાત છે. માંગીરામજી! સમજાણું કાંઈ? અને શુભરાગ ટળશે નહિ ત્યાં સુધી. ક્યારે ટળશે? જ્યારે શુદ્ધોપયોગના આચરણમાં લીન થશે ત્યારે શુભરાગ ઉત્પન્ન થતો નથી, ત્યારે શુભરાગ ટળશે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? ઈશ્વરચંદજી! બે પ્રકારે શુભરાગનું છેદન (થાય છે).

મુમુક્ષુ :- એક શ્રદ્ધા અને ચારિત્ર.

ઉત્તર :- એક શ્રદ્ધામાંથી છેદન પહેલાં કરવું. શ્રદ્ધામાં છેદન વિના એની સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાન સાચું હોતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે છે. એ તો આવે છે નહિ, દૌલતરામમાં? 'પરિણતિ.. કરી...' આવે છે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હો, હોય છે. જ્યાં સુધી શુદ્ધ ઉપયોગ ન હોય ત્યાં સુધી શુભરાગની પરિણતિ હોય છે, પણ દૃષ્ટિમાં બંધનું કારણ જ્યાં સુધી ન લે ત્યાં સુધી એની દૃષ્ટિ સમ્યક્ થતી નથી. સમજાણું કાંઈ? મિત્રસેનજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ લોકો એમ કહે છે, લ્યો. અમારે છોડી દેવું? છોડવાનો ક્યાં પ્રશ્ન છે? છોડવાના બે પ્રકાર. છોડી દેવાના બે પ્રકાર. શુભભાવ બંધનું કારણ છે, રાગ છે, પરંપરાથી એને દેવલોકનું દુઃખ મળશે. દુઃખ જ છે હોં. ત્યાં ધૂળ નહિ. જુઓ! ક્લેશની પરંપરાનો હેતુ છે. એ ક્લેશ પરંપરાની પ્રાપ્તિ છે. ક્લેશ છે ત્યાં. એમ પહેલાં શ્રદ્ધામાંથી, રાગ બંધનું કારણ છે અને મોક્ષનું કારણ નથી એમ કાઢ્યા વિના તેની શ્રદ્ધા સાચી થતી નથી. અને પછી શુભરાગનું ટળવું એ તો પોતામાં શુદ્ધ આચરણમાં શુદ્ધ ઉપયોગ લાગે ત્યારે શુભરાગની ઉત્પત્તિ થતી નથી. એણે શુભરાગ આચરણમાંથી કાઢ્યો. પહેલા શ્રદ્ધામાંથી કાઢ્યો હતો. પછી આચરણમાંથી કાઢ્યો. એમ કાઢવાની બે રીત છે.

મુમુક્ષુ :- કાઢવાની વાત છે.

ઉત્તર :- રાખવાની તો વાત છે જ નહિ.

મુમુક્ષુ :- શ્રદ્ધામાં રાખવાની?

ઉત્તર :- શ્રદ્ધામાં પણ રાખવાની વાત નથી અને આચરણ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી થાય છે, પણ રાખવાની વાત નથી. એ તો પોતાની નબળાઈથી શુદ્ધ ઉપયોગ પુરુષાર્થથી થતો નથી, પોતાને કારણે હોં. પરને કારણે નહિ. પોતાના પુરુષાર્થની નબળાઈથી અંદરમાં શુદ્ધ ઉપયોગની લીનતાનું ચારિત્ર નથી થતું તો શુભરાગ જરૂર થાય છે. પણ રાખવાનો છે એ વાત નથી. આવે છે અને વ્યવહારથી ઉપાદેય કહેવામાં આવે છે, પણ પરમાર્થથી દૃષ્ટિમાં જ્યાં સુધી તેને ઉપાદેય માનશે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ રહેશે. એક પણ ભૂમિકા ચડશે નહિ. અને ટળશે ક્યારે? એમ તો નહિ ટળે. જ્યાં સુધી શુદ્ધોપયોગ નહિ જામે, ચારિત્રમાં શુદ્ધ ઉપયોગ ન હોય ત્યાં સુધી શુભ ઉપયોગ ટળતો નથી. સમજાણું કાંઈ? તો બીજો ઉપાય શુદ્ધ ઉપયોગ થઈને શુભરાગ ટળે છે એ બીજો ઉપાય ચારિત્રનો છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**અજ્ઞાનીને તો શુદ્ધિનો અંશમાત્ર પણ પરિણમનમાં નહિ હોવાથી...**' કેમકે એ તો રાગને જ ધર્મ માને છે. એની દૃષ્ટિ રાગના ધ્યેયમાં છે. એ તો મિથ્યાદૃષ્ટિ છે. એના શુભરાગમાં તો આરોપ પણ નથી અપાતો કે આ મોક્ષનું પરંપરા કારણ છે. એવો આરોપ પણ એમાં નથી. '**યથાર્થ મોક્ષહેતુ બિલકુલ પ્રગટ્યો જ નથી—વિદ્યમાન જ નથી...**' અજ્ઞાનીને તો. '**ત્યાં પછી તેના ભક્તિ-આદિરૂપ શુભ ભાવોમાં આરોપ કોનો કરવો?**' સમજાણું કાંઈ? માલ નથી તો બારદાન કોનું કહેવું? માલ હોય તો કહે છે કે ભાઈ! આ શુભરાગ છે, પરંપરા મોક્ષના કારણનો આરોપ એમાં અપાય છે. સમજાણું કાંઈ? જ્યારે શુદ્ધ ઉપયોગ થશે ત્યારે ટળી જશે. પણ વર્તમાનમાં તો અશુભ ટળે છે એ અપેક્ષાએ તેને શુભને પરંપરા મોક્ષના કારણનો આરોપ આપ્યો છે. કહો, સમજાણું?

'**જે જીવ ખરેખર મોક્ષને અર્થે ઉદ્યમી ચિત્તવાળો વર્તતો થકો,...**' એ પાઠની ટીકા ચાલે છે હવે. પાઠમાં છેને? '**सपयत्थं तित्थयरं संजमतवसंपउत्तस्स**' ૧૭૦ ગાથાનું બીજું પદ છે. '**જે જીવ ખરેખર...**' હોં. ખરેખર-યથાર્થમાં '**મોક્ષને અર્થે ઉદ્યમી ચિત્તવાળો વર્તતો થકો,...**' પોતાના સ્વભાવસન્મુખ દૃષ્ટિ, જ્ઞાન અને સંયમ સહિત વર્તતો થકો '**અચિંત્ય સંયમ-તપભાર સંપ્રાપ્ત કર્યો હોવા છતાં...**' જુઓ! મુનિપણાની વાત કરે છેને? પોતાના '**મોક્ષને અર્થે ઉદ્યમી ચિત્તવાળો...**' પોતાના શુદ્ધ સ્વભાવ પ્રત્યેનો પ્રયત્ન ઉદ્યમવાળો. શુદ્ધ ચિદાનંદસ્વભાવ પૂર્ણ આનંદ હું પૂર્ણ છું એવો ચિત્તનો પુરુષાર્થ જે આત્મા તરફ વળે છે, ઢળે છે. એવા '**ચિત્તવાળો વર્તતો થકો,...**' જુઓ! પોતાના પુરુષાર્થથી વર્તતો થકો. એમ કહ્યું છે. કર્મ કોઈ મંદ પડ્યા માટે પોતાના સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ વર્તે છે એમ છે નહિ.

'**અચિંત્ય સંયમ-તપભાર...**' ભાષા એટલી જુઓ! '**અચિંત્ય સંયમ-તપભાર...**' સ્વરૂપની સ્થિરતામાં ઈન્દ્રિય, છકાયની હિંસાનો ત્યાગ, સંયમ અંદરમાં, સ્વરૂપમાં સમ્યગ્દર્શનપૂર્વક સંયમ અને તપ. પ્રતપન ઈતિ તપઃ. આત્માની પર્યાય, જેમ સોનું, સુવર્ણને ગેરુ લગાડતા

સોનું ઓપે છે, એમ આત્માની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની એટલી નિર્મળતા થાય કે જેમાં આત્મા ઓપ નામ શોભી ઉઠે છે. એવી દશાને તપ કહે છે. સમજાણું કાંઈ? '**અચિંત્ય સંયમ-તપભાર...**' એમ લીધું છેને? એટલે આ વિકલ્પ અનશન, ઉણોદરી કે એવું કાંઈ તપ-બપ યથાર્થ છે નહિ. અચિંત્ય સંયમ, અચિંત્ય તપ એવો ભાર નામ સંપ્રાપ્ત, એ દશાને પ્રાપ્ત એમ લેવું. '**હોવા છતાં પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ કરવામાં સમર્થ...**' પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ કરવામાં સમર્થ '**એવી પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નહિ હોવાથી,...**' જુઓ ભાષા! આહાહા..!

મુમુક્ષુ :- વૈરાગ્યભૂમિકા છે પણ પરમ વૈરાગ્યભૂમિકા.

ઉત્તર :- પણ વૈરાગ્ય છે, સંયમ છે, તપ છે, સ્વભાવ સન્મુખ પુરુષાર્થની દૃષ્ટિ આદિનો અનુભવ છે. છતાં પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ. એ વિકલ્પથી પણ છૂટીને શુદ્ધ ઉપયોગમાં રમવું, અંદરમાં પરમ ઉદાસ થઈ જવું, પરમવૈરાગ્યભૂમિકા. જુઓ! વૈરાગ્ય ભૂમિકા શુદ્ધ ઉપયોગ દશા. તેના '**આરોહણ કરવામાં સમર્થ...**' એમ આરોહણ કરવામાં સમર્થ '**એવી પ્રભુશક્તિ...**' ભાષા એવી છે. '**ઉત્પન્ન કરી નહિ હોવાથી,...**' જુઓ! પોતાને કારણે પરમવૈરાગ્યમાં જનારી શક્તિ પ્રગટ નહિ કરી હોવાથી. કર્મને કારણે નહિ. છે કે નહિ એમાં?

'**પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ કરવામાં સમર્થ એવી પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નહિ હોવાથી,...**' નીચે. '**પ્રભુશક્તિ = પ્રબળ શક્તિ;...**' શુદ્ધ ઉપયોગમાં રમવું. એકદમ પરમ વૈરાગ્યમાર્ગ. દર્શનશુદ્ધિ સહિત પરથી, વિકલ્પથી બિલકુલ ઉદાસ થઈને વીતરાગ પરિણતિમાં જામી જાવું એનું નામ પરમવૈરાગ્યભૂમિકા કહેવામાં આવે છે. એમાં '**પ્રભુશક્તિ = પ્રબળ શક્તિ; ઉગ્ર શક્તિ; પુષ્કળ શક્તિ. (જે જ્ઞાની જીવે પરમ ઉદાસીનતાને પ્રાપ્ત કરવામાં સમર્થ એવી પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નથી...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોવા છતાં શુભરાગ વર્તે છે તો પરમવૈરાગ્ય ઉદાસીનદશા નથી. સમજાણું કાંઈ? સાચું સમ્યગ્દર્શન, સાચો સંયમ, સાચું તપ એટલું હોવા છતાં છઠ્ઠા ગુણસ્થાનમાં પણ જ્યારે એવો રાગ આવ્યો તો પરમવૈરાગ્ય ભૂમિકામાં આરોહણ કરવામાં અસમર્થ છે. '**ઉત્પન્ન કરી નથી...**' એમ વાત છે. પોતાની પ્રભુશક્તિ ઉત્પન્ન નથી કરી. કર્મને કારણે સંજ્વલનની તીવ્રતાને કારણે છઠ્ઠા ગુણસ્થાને રાગ રહે છે એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે છે, પણ અહીંયાં છઠ્ઠે છે ત્યાં સુધી એટલી શક્તિ નથી. અહીંયાં છઠ્ઠાની વાત કરવી છેને. છઠ્ઠામાં રાગ છે તો શુદ્ધ ઉપયોગની પ્રભુશક્તિ એટલી પ્રગટ કરી નથી. છઠ્ઠામાં ક્યાં કરી છે? સાતમે જાય ત્યારે પ્રબળ શક્તિ પ્રગટ કરી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભલે આવે, પણ છતાં અહીંયાં તીવ્રતા સાતમામાં રહેવાનો પુરુષાર્થ એની અહીંયાં

ઉગ્રતાની વાત કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પ્રભુશક્તિ ઉત્પન્ન કરે..

ઉત્તર :- ઈશ્વરશક્તિ—પોતાના પરમેશ્વરની શક્તિ સ્વભાવસન્મુખ ઢળવાની.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પ્રભુત્વશક્તિ, પરમેશ્વરશક્તિ કહીને. પરમ પુરુષાર્થરૂપી પ્રભુત્વશક્તિ. જે પોતાના સ્વભાવ તરળ ઢળે, રાગથી છૂટીને એવી શક્તિ પ્રગટ ન કરી હોવાથી રાગભાગ રહે છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? કહ્યુંને. પ્રભુશક્તિ, પ્રબળશક્તિ, ઉગ્ર શક્તિ, પ્રચુર શક્તિ ઉત્પન્ન ન કરી. પ્રભુશક્તિ જો ઉત્પન્ન કરે તો સાતમું ગુણસ્થાન ઉપયોગ શુદ્ધ વીતરાગતા થઈ જાય. તો છઠ્ઠા ગુણસ્થાને મુનિ સંયમ, તપ, સમ્યગ્દર્શન સહિત હોવા છતાં રાગના લવમાં નવ તત્ત્વની શ્રદ્ધામાં, શાસ્ત્રના પ્રેમમાં, અરિહંતની ભક્તિ, તીર્થંકરની રુચિનો પ્રેમ રહી જાય છે તો સ્વરૂપની ઉગ્ર પુરુષાર્થની શક્તિ રોકાઈ ગઈ છે. સમજાણું કાંઈ? એ રાગમાં રોકાણી છે. પોતાની જ નબળાઈ છે એમ બતાવે છે.

મુમુક્ષુ :- ઉત્પન્ન કરેલી છે.

ઉત્તર :- ઉત્પન્ન કરી નથી. પ્રભુશક્તિ સ્વભાવમાં ઉત્પન્ન કરવા લાયક, કરી નથી.

મુમુક્ષુ :- કરી નથી તો કરવી જોઈએ.

ઉત્તર :- કરવી જોઈએ પણ કરી નથી. છઠ્ઠા ગુણસ્થાને એટલી છે નહિ. છઠ્ઠે ગુણસ્થાને એટલો રાગ છે તો પ્રભુત્વશક્તિ ઉત્પન્ન કરી નથી એમ કહે છે. પ્રભુત્વ સામર્થ્ય ઈશ્વર શક્તિ. સ્વરૂપમાં ઢળી જવું એવી ઈશ્વરશક્તિ. પરમેશ્વરશક્તિ, પ્રભુશક્તિ. આત્મા પ્રભુ એની પ્રભુત્વશક્તિ, પરમેશ્વરશક્તિ, ઉગ્રપણે પોતામાં વળવું એવું પ્રગટ કર્યું નથી તો શુભરાગમાં જોડાણ રહે છે. કહો, સમજાણું કાંઈ? કર્મની વાત અહીંયાં કરી જ નથી. કર્મનો તીવ્ર ઉદય રહ્યો માટે છઠ્ઠું ગુણસ્થાન આવ્યું અને મંદ થઈ જાય તો સાતમે ચાલ્યો જાશે. ગોમ્મટસારમાં એમ નિમિત્તથી કથન છે. એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, છઠ્ઠા-સાતમાની મુખ્ય વાત છે. ચોથા-પાંચમે એમ છે. ચોથે-પાંચમે પણ જેટલો રાગમાં આવે છે એટલી પ્રભુત્વ શક્તિ રોકાઈ ગઈ છે. ઉગ્ર પ્રભુનો પુરુષાર્થ પંચમ ગુણસ્થાનયોગ્ય પ્રભુતા નથી તો ચોથું રહે છે. સાતમે યોગ્ય પ્રભુતા નથી તો છઠ્ઠે રહે છે. સમજાણું કાંઈ? સાતમા યોગ્ય પ્રભુત્વશક્તિનો પુરુષાર્થ નથી તો પાંચમામાં જ રહે અને સાતમા યોગ્ય પ્રભુશક્તિનો પુરુષાર્થ નથી તો છઠ્ઠે રહે છે. પોતાના કારણે જ રહે છે. ઓલામાં આવે છે ને ક્યાંક ભાઈ, શું? જ્ઞાન... આવે છે કે ભાઈ છઠ્ઠે જાય છે એ આ કારણે પુરુષાર્થની મંદતા છે માટે આવે છે. દીપચંદજી. દીપચંદજીમાં આવે છે.

મુમુક્ષુ :- જ્ઞાનદર્પણ.

ઉત્તર :- જ્ઞાનદર્પણમાં. ત્યાં કહ્યું છે, કોઈ એમ કહે કે છઠ્ઠે ગુણસ્થાને સંજ્વલનનો તીવ્ર રાગ આવ્યો માટે આવ્યા, મંદ થયો તો સાતમે આવ્યા. ખોટું બોલે છે. એમ લખ્યું છે એમાં. પાઠ એમ નથી. સમજાણું કાંઈ? એ જ્ઞાનદર્પણમાં છે. દીપચંદજીએ કર્યું છે ને. અહીંયાંથી લીધું છે.

આપણે અહીંયાં છઠ્ઠા ગુણસ્થાનની મુખ્ય વાત છે. ચોથે-પાંચમે પણ જેટલો રાગ રહે એટલી એટલી પ્રભુશક્તિની પુરુષાર્થની ખામી છે. કોઈ બીજું કારણ નથી કે ચારિત્રમોહ નડે છે માટે હું રોકાઈ ગયો છું. એ તો નિમિત્તનું કારણ છે. પોતાની પરમેશ્વર શક્તિ ઉગ્ર પુરુષાર્થ નથી તો ચોથે ગુણસ્થાને અવ્રતમાં રોકાયો છે. સમજાણું કાંઈ? ઉગ્ર પુરુષાર્થ નથી, સાતમા યોગ્ય પુરુષાર્થ પહેલાં હોવો જોઈએ, તો પાંચમામાં રોકાણો છે અને ઉગ્ર પુરુષાર્થ તીવ્ર નથી તો છઠ્ઠામાં રાગમાં રોકાણો છે. બસ! આ વાત છે. રાજમલજી! છે એમાં? જુઓ! પ્રભુશક્તિ પોતાની શક્તિથી, પોતાના વીર્યને કારણે. પરનું કારણ નથી. પરનું તો નિમિત્તનું જ્ઞાન કરાવવાની વાત છે.

મુમુક્ષુ :- એટલી બધી સરળ વાત છે.

ઉત્તર :- એ તો કહેતા હતા કાલે આવ્યું હતું. ઓહોહો..! એટલી સરળ વાત છે અને અરે..! કબુલ તો કરો. એટલી ઉપાદાન-નિમિત્તની વાત સરળ છે. આવ્યું હતું કાલે. નિમિત્તથી થાય છે એવી વાત... આહાહા..! અરે..! ભગવાન! આહાહા..! નિમિત્ત તો, પ્રભુ! એ તો પોતાની પર્યાયનો પુરુષાર્થનો કાળ છે માટે થાય છે, ત્યારે નિમિત્ત સામે છે માટે તેને નિમિત્ત કહેવાય છે. એ સિવાય બીજી ચીજ આત્મામાં નથી ભાઈ! તને ખબર નથી, શું કરે? સમજાણું કાંઈ? ભગવાન પણ એટલો સામર્થ્યવાન છેને ઈ પણ?

મુમુક્ષુ :- પ્રભુશક્તિ..

ઉત્તર :- પ્રભુશક્તિ એની છે. પ્રભુથી પણ માને નહિ. પ્રભુત્વશક્તિની ઊલ્ટી ગતિ સાક્ષાત્ પરમેશ્વરનું પણ માને નહિ. આ તો વ્યવહાર ચારિત્ર... વ્યવહાર ચારિત્ર રાડ પાડે છે, હોં! અરે..! ભગવાન! વ્યવહારચારિત્ર ક્યારે થાય? પ્રભુ! એની ખબર નથી. એ વ્યવહારચારિત્ર એમ કે ગણધરોએ પાળ્યું, તીર્થંકરોએ પાળ્યું, કુંદકુંદાચાર્યે પાળ્યું. પ્રભુ! રાગનું પાલન મુનિને હોય? અહીં તો કહે છે કે અમારી શક્તિ મંદ છે માટે અમારા પંચ મહાવ્રતના રાગમાં અમે રોકાઈ ગયા છીએ. પાળે શું? પાલન કરવું, રક્ષા કરવી છે એની? વ્યવહારનયથી અશુભરાગ નથી તો શુભરાગ પાળે છે, પંચ મહાવ્રત પાળે છે, અઠ્યાવીશ મૂળગુણ પાળે છે એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! વીતરાગ માર્ગમાં રાગને પાળવો, પંપાળવો? પંપાળવો શું કહે છે તમારે? પોષણ કરવું. હોય છે જરૂર અને વ્યવહારે એમ પણ કહેવામાં આવે છે. શુદ્ધ દૃષ્ટિપૂર્વક શુભરાગ વ્યવહાર એનું નિમિત્ત દેવ-ગુરુ-શાસ્ત્ર છે. વ્યવહારે ઉપાદેય છે એમ પણ કહેવામાં આવે છે. પણ નિશ્ચયમાં ઉપાદેય નથી એમ

નિર્ણય કર્યા વિના વ્યવહારથી ઉપાદેયનો આરોપ પણ તેને આવતો નથી. આહાહા..! શું કરે? કહો, સમજાણું કાંઈ?

**'પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નથી તે જ્ઞાની જીવ કદાચિત્ શુદ્ધાત્મભાવનાને અનુકૂળ,...'** જુઓ! ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ છઠ્ઠા ગુણસ્થાનવાળા મુખ્ય (અને) ગૌણ પાંચમા-ચોથાવાળા. **'શુદ્ધાત્મભાવનાને અનુકૂળ, જીવાદિપદાર્થોનું...'** અનુકૂળનો અર્થ શું? નિમિત્ત. નિમિત્તને અનુકૂળ કહે છે અને નૈમિત્તિકને અનુરૂપ કહે છે. નિમિત્તને અનુકૂળ કહે છે, નૈમિત્તિકને અનુરૂપ કહે છે. જેમ ઘડો બનવામાં નિમિત્ત કુંભાર અનુકૂળ છે અને ઘડાની પર્યાય નિમિત્તને અનુરૂપ છે. સમજાણું કાંઈ? શું? ઘડો બને છે એની પર્યાયમાં કુંભાર અનુકૂળ કહેવામાં આવ્યો. એ નિમિત્ત છે માટે અનુકૂળ કહ્યું. અને એ નૈમિત્તિક ઘડાની પર્યાય અનુરૂપ છે. પોતાથી બની છે એ નિમિત્તને અનુરૂપ છે. એનું જે નિમિત્ત છે એને આ નૈમિત્તિક અનુરૂપ છે. સમજાણું કાંઈ? નૈમિત્તિકને અનુરૂપ કહે છે અને નિમિત્તને અનુકૂળ કહે છે. બસ આ વ્યાખ્યા. એ સમયસારની ૮૬ ગાથા. સમયસારની ૮૬મી ગાથામાં આ વ્યાખ્યા છે. લખ્યું છેને?

તો અહીંયાં અનુકૂળ શબ્દનો અર્થ એમ લેવો કે **'કદાચિત્ શુદ્ધાત્મભાવનાને અનુકૂળ,...'** અનુકૂળનો અર્થ નિમિત્ત. વળી અનુકૂળનો અર્થ એનાથી વૃદ્ધિ થાય છે એમ નથી. **'જીવાદિપદાર્થોનું પ્રતિપાદન કરનારાં...'** સમજાણું કાંઈ? એ અનુકૂળ છે એમાં. એ તો ઘણી વ્યાખ્યા થઈ ગઈ, ૮૬મી ગાથામાંથી નહિ? એ આવ્યું જુઓ. ૮૬. **'કુંભાર ઘડાના સંભવને અનુકૂળ...'** કુંભાર ઘડાના સંભવને—સંભવ નામ ઉત્પત્તિને **'અનુકૂળ પોતાના વ્યાપારપરિણામને—કે જે પોતાથી અભિન્ન છે અને પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને—કરતો પ્રતિભાસે છે,...'** કુંભાર એની પર્યાયનો કર્તા પ્રતિભાસો.

**'પરંતુ ઘડો કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ પોતાના વ્યાપારને અનુરૂપ...'** કુંભારની નિમિત્તતા ઘડાની પર્યાય છે એમાં અનુકૂળ અને એને અનુરૂપ એ પર્યાય છે. ઘડાની પર્યાય નિમિત્તને અનુરૂપ છે. જુઓ! **'ભરેલો હોવા છતાં પણ (તે કુંભાર) પોતાના વ્યાપારને અનુરૂપ એવા માટીના ઘટ-પરિણામને—કે જે માટીથી અભિન્ન છે અને માટીથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને—કરતો પ્રતિભાસતો નથી;...'** પ્રતિભાસતો નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- માટીની પર્યાય—ઘડાની પર્યાય. ઘડાની પર્યાય આ નિમિત્તને અનુરૂપ છે. એ પહેલાં કહ્યું હતુંને. સમજાણું કાંઈ? આ રોટલી બને છે રોટલી. દડો નથી કરતા આમ? હોય છેને ફૂલકા? કપડું છે એ નિમિત્ત અનુકૂળ અને એને અનુરૂપ દડો થવો એ નિમિત્તને અનુરૂપ જ છે. રોટલી આમ ફૂલે છેને? એ નિમિત્ત અનુકૂળ. નિમિત્તને અનુકૂળ કહે છે અને નૈમિત્તિકને

અનુરૂપ, નિમિત્તને અનુરૂપ કહે છે. નિમિત્તને એ અનુરૂપ છે, નિમિત્તને એ અનુરૂપ છે. એનાથી અનુરૂપ બન્યું છે એમ નથી. સમજાણું કાંઈ? એ ૮૬ ગાથા છે એમાં. કર્તા ન ભાસો, ન ભાસો, કહે છે. કર્તા ન ભાસો.

મુમુક્ષુ :- નિમિત્ત-નૈમિત્તિક?

ઉત્તર :- નિમિત્ત અનુકૂળ, નૈમિત્તિકને નિમિત્ત અનુકૂળ, નિમિત્તને નૈમિત્તિક અનુરૂપ. સમજાણું કાંઈ? એ તો ઘણી વાર આવી ગયું છે, આત્મધર્મમાં બધી વાત આવી ગઈ છે.

એ અહીં કહ્યું છે કે અનુકૂળ. કોણ અનુકૂળ? સમ્યગ્દષ્ટિ જ્ઞાની ચારિત્રવંત આદિને નિમિત્તપણે જીવાદિ પદાર્થનું પ્રતિપાદન કરનારા આગમ, એની પ્રીતિ, એ વિકલ્પ એને અનુકૂળ છે, નિમિત્ત છે. કુગુરુ, કુશાસ્ત્રનું વાંચન આદિ એને અનુકૂળ નથી. એ અપેક્ષાથી અહીંયાં અનુકૂળ કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ? '**જીવાદિ પદાર્થોનું પ્રતિપાદન કરનારાં આગમ...**' એટલે કે નવ પદાર્થ, છ દ્રવ્ય, પંચાસ્તિકાય (કહે). બીજા આગમ નહિ અજ્ઞાનીના કે જેમાં એક જ દ્રવ્ય કહ્યું છે ને એક જ આત્મા છે. જે '**જીવાદિ પદાર્થોનું પ્રતિપાદન કરનારાં આગમ પ્રત્યે રુચિ (પ્રીતિ)...**' કેમ કે એ નવ તત્ત્વ, છ દ્રવ્યનો વિકલ્પ જ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાનને અનુકૂળરૂપ નિમિત્ત છે. બીજા અનુકૂળ નિમિત્ત નથી. કહો, સમજાણું કાંઈ?

'**કદાચિત્ (જેમ કોઈ રામચંદ્રાદિ પુરુષ દેશાંતરસ્થિત સીતાદિ સ્ત્રીની પાસેથી આવેલા...**' લ્યો, સીતાની પાસેથી આવેલા. બહુ પ્રેમ છે ને એ દાખલામાં બતાવ્યું છે. '**માણસોને પ્રેમથી સાંભળે છે,...**' શું છે સીતાજીના (સમાચાર)? શું કરે છે ત્યાં? રાવણના વનમાં રહે છે. શું કરે છે ત્યાં? લાવ્યા એ વાત. સીતાજી કેમ છે? પ્રેમથી એ વાત સાંભળે છે. '**તેમનું સન્માનાદિ કરે છે...**' આવો.. આવો... આવો. પરદેશથી એ આવ્યો હોય સ્ત્રીની ખબર લઈને. પરદેશમાં. અહીંયાં તો ગામનો હરિજન હોય કે ચમાર હોય. પણ શું આવ્યો? અરે..! ભાઈ! શેઠસાહેબ! આપની પત્નીના સમાચાર લાવ્યો છું. હું ઘણા દિવસથી તપાસ કરું છું. તમારું સ્થાન મળતું નહોતું. ઓહોહો..! આવ.. આવ... અહીંયાં તો સામું પણ જોતો ન હોય ગામમાં. આજે મારે ત્યાં ભોજન કરજે હોં. શું છે? બાઈએ એમ કહ્યું છે. આપની પત્ની છે એણે આમ (કહેવડાવ્યું છે). આ દૃષ્ટાંત આપે છે હોં. '**તેમનું સન્માનાદિ કરે છે અને તેમને દાન આપે છે...**' અહીંયાં ભોજન કરજે હોં. આજે અહીં કરજે. અરે..! ના ના બાપા! હું તો ચમાર છું. ભલે ચમાર હોય તો નીચે બેસજે. અહીંયાં જમવાનું છે. કાંઈ વાંધો નહિ.

'**તેમ...**' એ તો દૃષ્ટાંત થયું. '**નિર્દોષ-પરમાત્મા તીર્થંકર પરમદેવોનાં અને ગણધરદેવ-...**' ગણધરદેવ એમનું ચારિત્ર, ભગવાનનું ચરિત્ર પુરાણ. ભરત રાજાનું મહાપુરાણ '**સગર-રામ-પાંડવાદિ મહાપુરુષોનાં ચારિત્રપુરાણો...**' એ ભગવાનના ઘરેથી આવેલી વાત છે. સમજાણું કાંઈ? પ્રતિનિધિ છે એમ એકવાર કહ્યું હતું. ભગવાનના અમે તો પ્રતિનિધિ છીએ.

ભગવાન આમ કહે છે, ઈ શાસ્ત્ર લઈને અમે આવ્યા છીએ. સાંભળો! સમજાણું કાંઈ? એવી .. આવે છે. એ દ્રૌપદીના અધિકારમાં. **'ચારિત્રપુરાણો શુભ ધર્માનુરાગથી સાંભળે છે...'** જુઓ! સમ્યગ્દૃષ્ટિ મુનિ, શ્રાવક કે ચોથા ગુણસ્થાને તીર્થંકર પરમદેવની વાત! ઓહો..! ત્રણ લોકના નાથ પરમાત્મા ક્યાંથી આવ્યા? ક્યાં જન્મ્યા? ક્યાં કેવળજ્ઞાન પામ્યા? કેવી દિવ્યધ્વનિ? એવા પુરાણો સાંભળે છે. ગણધરદેવના પુરાણ સાંભળે છે, ચક્રવર્તીના, રામ પાંડવો આદિ મહાપુરુષોનાં ધર્માનુરાગથી સાંભળે છે. જુઓ! ધર્માનુરાગથી. ઓહો..! ભગવાન પરમાત્મા. અમારે પણ પૂર્ણ થાવું છે. એવા પરમાત્માની વાત સંભળાવો, શું છે?

**'કદાચિત્...'** હવે જરી અહીંયાં વિશેષ લ્યે છે. **'ગૃહસ્થદશામાં...'** ગૃહસ્થદશામાં એટલી વાત. હવે વિશેષ અહીંયાં ખુબી છે. **'ભેદાભેદરત્નત્રયપરિણત આચાર્ય-ઉપાધ્યાય-સાધુનાં પૂજનાદિ કરે છે...'** હવે ખુબી અહીંયાં છે. પાઠમાં જયસેનાચાર્યની ટીકામાં 'ભેદાભેદરત્નત્રય ભાવનારતા' શબ્દ પડ્યો છે. ભેદાભેદરત્નત્રયભાવનારતા. પણ એનો અર્થ એમ છે કે ભેદાભેદરત્નત્ર પરિણત. અહીં શું ખુબી છે? છઠ્ઠા ગુણસ્થાને ભેદાભેદરત્નત્રય પરિણત દશા છે એમ સિદ્ધ કર્યું છે. અભેદરત્નત્રય પછી થશે. 'ભાવનારતા' શબ્દમાં પછી પંડિતજીએ ભેદભાદરત્નત્રયભાવના. ભાવના વિકલ્પ નથી. બહુ ઠેકાણે આવે છે. ભાવના નામ પરિણતિ, એકાગ્રતા છે. એમાં રતા નામ લીન છે. તો અહીંયાં શું સિદ્ધ કરવું છે? કે મુનિ છઠ્ઠા ગુણસ્થાને ભેદ વ્યવહાર રત્નત્રય અને અભેદ નિશ્ચયરત્નત્રય પરિણત. ભાઈ! આ છઠ્ઠે ગુણસ્થાને અભેદરત્નત્રયપરિણત છે અહીયાં. અહીંયાં પરિણતિ કહ્યું કે નહિ? 'ભાવનારતા' કહ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વિકલ્પ ઉઠે છે એ વ્યવહાર. નિશ્ચય પરિણતિ એ અભેદ. પૂર્ણ ભલે સાતમે થાય. પણ અહીંયાં ખુબી શું છે? એનું પૂજન આદિ કરે છે અને દાન દે છે. તો દાન ક્યારે દે? કે વિકલ્પમાં આવ્યા, આહાર લેવા ઊભા હોય ત્યારે ને? પણ સાથે છઠ્ઠું-સાતમું આવે છે. સમજાણું કાંઈ? ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાવનાનો ઈ એક જ અર્થ છે. ભાવના કહો કે પરિણત કહો. ભાવનાનો અર્થ કાંઈ વિકલ્પ નથી. એ તો ખુલાસો પંડિતજીએ સ્પષ્ટ કરવા માટે કહ્યો. કોઈ ભાવનાનો અર્થ એમ લઈ લે કે ભાવના કરે છે.. ભાવના કરે છે. સમજ્યા? એમ નથી.

ભેદાભેદ વ્યવહારરત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા, શાસ્ત્રની રુચિ વગેરે ભેદ વ્યવહારરત્નત્રય અને આત્માની શ્રદ્ધા, જ્ઞાન અભેદરત્નત્રય **'પરિણત આચાર્ય-ઉપાધ્યાય-સાધુનાં પૂજનાદિ કરે છે અને તેમને દાન આપે છે—'** જરા એમાં એમ પણ લઈ શકીએ ... એ આવ્યું હતું ને ભાઈ? કે પંચ મહાવ્રત પ્રમત્ત-અપ્રમત્ત દશામાં. આવ્યું હતું ને? પ્રમત્ત-અપ્રત્તદશામાં પંચ મહાવ્રત એમ આવ્યું હતું ને? એમ કોઈ અહીંયાં ભેદાભેદરત્નત્રય

પરિણત એટલે અભેદ સાતમે થઈ જાય છે, ભેદ અહીંયાં, એવા પરિણત બેમાં એને દાન દે છે ત્યારે ભલે એને વિકલ્પ હોય. સમજાણું કાંઈ? પણ એ છઠ્ઠા-સાતમાં...

મુમુક્ષુ :- ઘડીકમાં આવી જાય.

ઉત્તર :- પણ અહીંયાં અભેદરત્નત્રયનું સાતમું ગુણસ્થાન આવે છે, તો છઠ્ઠે પણ ભેદરત્નત્રય હોવા છતાં અભેદરત્નત્રયમાં જાવું છે તો અભેદરત્નત્રયની ભાવના એમ કહેવામાં આવે છે. શું?

મુમુક્ષુ :- ગૃહસ્થ અવસ્થામાં..

ઉત્તર :- ગૃહસ્થ અવસ્થામાં આવા પુરુષોને દાન દે છે એમ કહેવું છે.

મુમુક્ષુ :- ગૃહસ્થ અવસ્થામાં ભેદાભેદ...

ઉત્તર :- નહિ, નહિ, નહિ. 'ગૃહસ્થદશામાં' આટલું રાખવું. ત્યાં રોકાઈ જવું. ક્યાં?

મુમુક્ષુ :- ગૃહસ્થ અવસ્થામાં.

ઉત્તર :- રોકાઈ જવું. હવે એ ગૃહસ્થદશામાં ગૃહસ્થ શું કરે છે એ લેવું. '**ભેદાભદરત્નત્રયપરિણત આચાર્ય-ઉપાધ્યાય-સાધુનાં પૂજનાદિ કરે છે...**' કોણ? ગૃહસ્થદશામાં ગૃહસ્થ.

મુમુક્ષુ :- .. બેયને લાગુ પડે છે.

ઉત્તર :- હા. ઓલાને બેયને. હવે આ ગૃહસ્થને એકલાને લાગુ પડે. મુનિ તો કાંઈ આહારદાન દેતા નથી. તો પહેલાં એ સામાન્ય વાત કરી હતી. નવ તત્ત્વની રુચિ, ભગવાનની ભક્તિ આદિ સાંભળવું. એ તો બેયને છે. આ દાન અને પૂજન કરવું એ તો એકને ગૃહસ્થને (હોય છે). સમજાણું કાંઈ?

'**આચાર્ય-ઉપાધ્યાય-સાધુનાં પૂજનાદિ કરે છે...**' ભક્તિ, સ્તવન '**અને તેમને દાન આપે છે...**' ભેદાભેદરત્નત્રયપરિણત મુનિઓને કોણ દાન દે છે? ગૃહસ્થ અવસ્થામાં રહેલા શ્રાવક. '**ઈત્યાદિ શુભભાવો કરે છે...**' જુઓ! શુભભાવ કરે છે. વ્યવહારનયથી તો એમ જ આવે કે નહિ? પરિણમન છેને એનું? પોતાની પર્યાયમાં શુભભાવ પરિણમન છે તો શુભભાવ કરે છે એમ કહેવામાં આવે છે. કર્તૃત્વબુદ્ધિથી હું કરું એવી શ્રદ્ધાની અપેક્ષાથી કરતો નથી. પણ જ્ઞાનની અપેક્ષાએ પરિણમન છે તો જ્ઞાન જાણે છે કે મારામાં પરિણમન છે તો શુભને કરે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે અટપટી વાત.

મુમુક્ષુ :- ... પરિણમન હોય અને કર્તા ન હોય.

ઉત્તર :- પરિણમન હોય છે, પણ હું કરું એવી બુદ્ધિ નથી. દૃષ્ટિમાં એની પર્યાય ઉપર બુદ્ધિ નથી. પણ પર્યાયમાં પરિણમન તો એનું જ છે. સમજાણું કાંઈ? શુભરાગ તો પરિણમન જીવનું જ છે. ચોથે હો, પાંચમે હો, છઠ્ઠે હો, કોઈ જડનું નથી. એ તો સ્વભાવની દૃષ્ટિથી રાગને સંયોગીભાવ કહ્યો એ સ્વભાવમાં તન્મય નથી. ત્રણ કાળ ત્રણ લોકમાં પોતાનો જે શુદ્ધ સ્વભાવ છે એમાં રાગ તન્મય નથી. એ અપેક્ષાએ સંયોગભાવ કહ્યો. બાકી છે તો

એની પર્યાયમાં અનિત્યતાદાત્મ્ય, અનિત્યતાદાત્મ્ય. નિત્ય સ્વભાવમાં તાદાત્મ્યરૂપ નથી. સમજાણું કાંઈ? ઓહોહો..!

આનું કહ્યું સમજાણું ભાઈ? જેમ ઓલા પ્રમત્ત-અપ્રમત્ત. બસ. ભાઈ! એટલે છઠ્ઠામાં કદાચ ન લે અભેદમાં. કારણ કે જેમ ઓલું પ્રમત્ત-અપ્રમત્તમાં પાંચ મહાવ્રત આદિ લીધા છે, તો એમ આ ભેદ-અભેદમાં એનું લેવું એમ કહે છે. ભલે અભેદ સાતમે આવે અને .. તો આહારદાન. અને એમાં પણ અભેદ તો આવી જાય છેને? આહારદાન વખતે પણ મુનિને સાતમું ગુણસ્થાન અભેદ આવી જાય છે. તો સાધારણ વાત કરીને ભેદાભેદરત્નત્રયપરિણત...

મુમુક્ષુ :- ભેગું કરીને ભેદાભેદ...

ઉત્તર :- બસ, કરીને મુનિને આહાર દે છે, પૂજા કરે છે એમ કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પરિણતિ તો છે અહીંયાં. અહીં તો ઓલો અભેદરત્નત્રયનો સવાલ આવે ને? અભેદરત્નત્રયનો સવાલ આવે ત્યારે સપ્તમ ગુણસ્થાન આવે અને અહીંયાં...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ન કહેવાય એમ. છઠ્ઠે અભેદરત્નત્રય પરિણત સાતમાની અપેક્ષાએ ન કહેવાય.

મુમુક્ષુ :- ... પરિણતિવાળો કહેવાય. ભેદરત્નત્રય...

ઉત્તર :- શુદ્ધ પરિણતિ છે. અભેદરત્નત્રયને પણ સાથે કેમ લીધું? આ અપેક્ષાએ લીધું કે જેમ પ્રમત્ત-અપ્રમત્ત એકસાથે આવે છેને? તો પ્રમત્ત-અપ્રમત્તને યોગ્ય પંચ મહાવ્રત આદિ લીધાં. છે તો પંચ મહાવ્રત છઠ્ઠે. એમ ભેદાભેદરત્નત્રય જીવ. એનો અર્થ કે ક્ષણમાં અભેદ આવે છે, ક્ષણમાં ભેદ આવે છે. તો પરિણત એને કહેવામાં આવે છે. અભેદની અપેક્ષાએ સાતમું, ભેદની અપેક્ષાએ અહીંયાં છઠ્ઠું. શુદ્ધ પરિણતિ હોવા છતાં.

'**દાન આપે છે—ઈત્યાદિ શુભ ભાવો કરે છે.**' અહીંયાં છઠ્ઠા ગુણસ્થાનવાળા આદિ મુનિને ગૃહસ્થ જે દાન દે છે તો શુભભાવ કરે છે. '**આ રીતે જે જ્ઞાની જીવ શુભ રાગને સર્વથા છોડી શકતો નથી,...**' જુઓ! સમ્યગ્દૃષ્ટિ ચોથે, પાંચમે, છઠ્ઠે '**શુભ રાગને સર્વથા છોડી શકતો નથી, તે સાક્ષાત્ મોક્ષને પ્રાપ્ત કરતો નથી પરંતુ દેવલોકાદિના ક્લેશની પરંપરાને પામી...**' શુભભાવથી તો સ્વર્ગનું સુખ મળશે (કે) જે ક્લેશ છે. સમજાણું કાંઈ? '**પરંપરાને પામી...**' ત્યાં પણ એમ કહ્યું છે પ્રવચનસારમાં કે પુણ્ય અને પાપ બેમાં જે ભેદ માને છે, એક નથી માનતો તે ઘોર સંસારમાં રખડશે. હિંડંતી. બેય એક સમાન બંધ છે. પુણ્યભાવ હોય કે પાપ હોય. ન માને તો ઘોર સંસાર હિંડંતી. સમજાણું કાંઈ? ભેદ છે. વ્યવહારથી ભેદ છે. પરમાર્થથી ભેદ નથી. શુભકષાય અને તીવ્ર કષાયની અપેક્ષાએ ભેદ છે. બંધની અપેક્ષાએ બિલકુલ ભેદ નથી. એમ ન માને અને પુણ્યથી કાંઈક લાભ થાય છે, પાપથી નુકસાન થાય છે એમ માને તો દૃષ્ટિ વિપરીત છે. ઘોર સંસાર લીધું છે ત્યાં.

સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હો. નરકમાં સુખી રહે છે એ તો દૃષ્ટિની અપેક્ષાએ સુખી છે. અશુભરાગ અને શુભરાગની અપેક્ષાએ સુખી નથી. એ તો જેટલો રાગ ટળ્યો છે એ અપેક્ષાએ સુખી છે. વિષયનો જેટલો રાગ રહ્યો એ અપેક્ષાએ તો દુઃખી છે. નરકમાં પણ દુઃખી છે અને સ્વર્ગમાં પણ દુઃખી છે. જ્યારે એ તો આત્માની શાંતિની મુખ્યતા લેવી હોય તો નરકમાં પણ ગટાગટી (એમ) આવે છે કે નહિ? એ શુદ્ધતાની અપેક્ષાની મુખ્યતાથી ગટાગટી. બાકી ત્યાં નરકમાં પણ દુઃખ છે. ત્રણ કષાય છે એ રાગ છે, વિકાર છે, આકુળતા છે. ભગવાન અનાકુળ તરફની શક્તિ એટલી પ્રબળ નથી તો રોકાય છે. બીજાને કારણે નથી. ઓહોહો..! શ્રેણિક રાજા તીર્થંકર થવાના (એમને) દુઃખ તો છે, ત્રણ કષાયનું દુઃખ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરંપરાનો શબ્દાર્થ કરો.

ઉત્તર :- પરંપરા નામ રાગ છોડીને પછી શુદ્ધ થઈ જશે. પરંપરા એ એક પછી એક. રાગ પહેલા અશુભ છૂટ્યો, પછી શુભ છોડીને શુદ્ધ થઈ જશે.

મુમુક્ષુ :- કરતા કરતા થાય ને?

ઉત્તર :- નહિ... નહિ... નહિ. કરતા કરતાની વાત જ ક્યાં છે? કીધુંને. અશુભ છોડ્યું ને શુભ થયું, શુભ છોડીને શુદ્ધ થશે. એ આરોપ આપ્યો છે. પરંપરાનો અર્થ વ્યવહાર છે. અહીં વ્યવહારની જ વાત છે ને. પરંપરા નિશ્ચયની ક્યાં છે? નિશ્ચયમાં તો સાક્ષાત્ હોય.

'**પછી ચરમ દેહે નિર્વિકલ્પસમાધિવિધાન...**' જુઓ! છઠ્ઠા-સાતમાનું .. સમજ્યા? છઠ્ઠાની ક્રિયા છે કા સાતમાની ક્રિયા છે. એમાં રાગ તો રહ્યો છે. પુણ્યબંધ થઈ ગયો. ગયા ત્યાં દેવલોકાદિ. દેવલોકાદિનો અર્થ શું? દેવલોકમાં ગયો, ત્યાં પણ ચક્રવર્તી આદિ પદ અરે..! તીર્થંકર હોય તોપણ એટલો રાગ જ્યાં સુધી ગૃહસ્થાશ્રમમાં અવ્રતપણે રહ્યા છે, એટલો પણ રાગ દુઃખ છે. તીર્થંકરોને પણ અવ્રતપણે રહેવું એટલું આકુળતાનું દુઃખ છે. '**નિર્વિકલ્પસમાધિવિધાન વડે...**' જુઓ!

મુમુક્ષુ :- એનું નામ પરંપરા.

ઉત્તર :- એ પરંપરા. પહેલાં શુભરાગને છોડીને '**ચરમ દેહે નિર્વિકલ્પ...**' વિકલ્પરહિત '**નિર્વિકલ્પસમાધિવિધાન વડે વિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવવાળા...**' વિશુદ્ધ દર્શનજ્ઞાનસ્વભાવવાળા '**નિજશુદ્ધાત્મામાં સ્થિર થઈને...**' જુઓ એમ. રાગમાં અસ્થિરતા થોડી હતી તે છૂટી ગઈ. '**વિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવવાળા નિજશુદ્ધાત્મામાં સ્થિર થઈને તેને (મોક્ષને) પ્રાપ્ત કરે છે.**' અસ્થિરતા છે તેને છોડીને સ્થિર થઈને પ્રાપ્ત કરશે એ અપેક્ષાએ પરંપરા કહેવામાં આવ્યું છે. અસ્થિરતા છોડીને કરશે. સમજાણું કાંઈ? અરે..! ભગવાન.

મુમુક્ષુ :- પરંપરા સંતતિ?

ઉત્તર :- હા હા, સંતતિ કહો. પરંપરા ક્લેશની સંતતિ આવ્યું ને એમાં. દોષની સંતતિ નથી આવ્યું? ૧૬૮. **'રાગલવમૂલક દોષપરંપરાનું નિરૂપણ...'** આવ્યું કે નહિ? અનંત સંતતિ જુઓ! એ ૧૬૮ની છેલ્લી લીટી. **'આ અનર્થસંતતિનું મૂળ રાગરૂપ ક્લેશનો વિલાસ જ છે.'** ટીકાનો છેલ્લો શબ્દ. જુઓ! એ શુભરાગ તો અનર્થ સંતતિનું મૂળ રાગરૂપ ક્લેશનો વિલાસ છે. પણ અહીંયાં આરોપ કરીને (કહ્યું). જ્ઞાનીના રાગની ત્યાં વાત કરી છે. એ જ અહીંયાં જ્ઞાનીના રાગની પરંપરાનો આરોપ દઈને વાત કરી છે.

મુમુક્ષુ :- છોડી દેવાનું.

ઉત્તર :- છોડી દેવાનું એ અપેક્ષાએ. એ વાત પહેલા નક્કી કરી દીધી છે કે નહિ? જ્ઞાનીનો રાગ પણ અનર્થની સંતતિ છે. રાગ... રાગ... રાગ... રાગ... રાગ... સમજાણું કાંઈ?

શું કહે છે? જુઓ! **'પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ કરવામાં સમર્થ એવી પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નહિ હોવાથી,...'** ઉત્પન્ન કરી નહિ હોવાથી. પોતાનો ઉગ્ર પુરુષાર્થ કરીને વીતરાગ સપ્તમ ભૂમિકાને યોગ્ય દશા ઉત્પન્ન કરી નહિ હોવાથી **'પીંજણને ચોંટેલ રૂ'** એ ન્યાય પહેલા આવી ગયો હતો. પીંજારો પીંજારો કહે છે ને? **'પીંજણને ચોંટેલ રૂના ન્યાયે, નવ પદાર્થો...'** જુઓ! લ્યો, અહીં નવ પદાર્થ વિકલ્પની શ્રદ્ધાવાળા લીધા છે હોં. નવ પદાર્થ સ્વપરવિકલ્પ. **'અર્હંતાદિની રુચિરૂપ (પ્રીતિરૂપ)...'** પંચ પરમેષ્ઠીની રુચિરૂપ પ્રીતિ. લ્યો ઓલા કહે, નહિ. જ્ઞાનીને બધાની રુચિ છે. એમ લખ્યું છે. રુચિ શું? અહીં તો પરસમય રાગની રુચિની અપેક્ષાએ રુચિ કહ્યું છે. ત્યાં દૃષ્ટિની અપેક્ષાએ છે એવી રાગની રુચિ જ્ઞાનીને છે?

મુમુક્ષુ :- રુચિ એટલે તો પરસમય થયો.

ઉત્તર :- ના ના, એ રુચિ એટલે રાગ. પણ એ તો ઓલા કહે છે ને કે વ્યાખ્યામાં આવ્યું હતુંને કે જ્ઞાનીને રાગની રુચિ નથી. તો કહે, નહિ. જ્ઞાનીને બધાની રુચિ છે. એમ આવ્યું છે સામું લખાણ.

અહીં કહે છે કે **'અર્હંતાદિની રુચિરૂપ (પ્રીતિરૂપ) પરસમયપ્રવૃત્તિનો પરિત્યાગ કરી શકતો નથી,...'** સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. નિશ્ચય. સ્વરૂપ નિશ્ચયથી એમ છે. પણ અપૂર્ણ છે. ભાર એટલે બોજો એમ નહિ લેવું ત્યાં. એવી સ્થિરતા એટલી છઠ્ઠે ગુણસ્થાનને યોગ્ય સંયમ અને તપ થઈ ગયો છે. એમ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પરસમય છે?

મુમુક્ષુ :- .. બે નંબરની ગાથામાં.

ઉત્તર :- એ નહિ. એ તો એકલું મિથ્યાત્વ સ્થૂળ પરસમય. આ સૂક્ષ્મ પરસમય. પહેલાથી ચાલ્યુ આવ્યું છેને? આ સૂક્ષ્મ પરસમયની વાત ચાલે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપૂર્વક જેટલો રાગ છે એટલી સૂક્ષ્મ પરસમયપ્રવૃત્તિ છે. એટલું ટળી જાય તો એકલા પરમાત્મા મોક્ષદશા અથવા સાતમા ગુણસ્થાનયોગ્ય આદિ મોક્ષમાર્ગ થઈ જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, તો ત્યાં સ્થૂળ મિથ્યાદષ્ટિ છે. જયસેનાચાર્યનું પણ આવી ગયું આપણે. એને મિથ્યાદષ્ટિ કહ્યો. પહેલા આવી ગયું ને? ... આવ્યું ને? માયા, નિદાન શલ્ય આદિ. એમાં પણ આવ્યું, જુઓ! મિથ્યાત્વસહિત હોય તો તો સ્થૂળ સ્થૂળ પરસમય છે. એને ધર્મ માની લે, રાગથી મોક્ષ માની લે તો મિથ્યાદષ્ટિનો સ્થૂળ પરસમય છે. રાગથી નહિ માનવું. સમજાણું કાંઈ? એ ત્રણ છેને માયા, નિદાન, મિથ્યાત્વ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે. એમાં મિથ્યાદષ્ટિને જ લીધો છે. છેને એમાં?

'માયા, મિથ્યા નિદાન, શલ્ય ત્રય આદિ સમસ્ત વિભાવરૂપ ... રોકા નહીં જા સકતા.' સમજાણું કાંઈ? જયસેનાચાર્યની ટીકામાં. એ તો આવી ગયું છે. આપણે અહીં વ્યાખ્યાનમાં ખુલાસો આવી ગયો છે. રાગથી પરમાર્થ ધર્મ માનનારા એ મિથ્યાત્વ પરસમય—સ્થૂળ પરસમય છે. અને રાગથી મુક્તિ નહિ માનનારા (છતાં) પરિણતિમાં અસ્થિરતા છે તે સૂક્ષ્મ પરસમય છે. એકલો સ્વસમય પૂર્ણ ત્યાં રાગનો લવ રહેતો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'ખરેખર સાક્ષાત્ મોક્ષને પ્રાપ્ત કરતો નથી...'** લ્યો! નવ પદાર્થો અરિહંતાદિ. હવે અહીંયાં પરંપરા કરશે એટલે એવો અર્થ લે છે લોકો. સમજ્યા? વ્યવહાર સમકિત છે આ બધું નવ પદાર્થની શ્રદ્ધા. એ ચોથે, પાંચમે, છઠ્ઠે પરંપરા કરશે. એ તો નિર્વિકલ્પ દૃષ્ટિની જ્ઞાનદશા બાપુ! આત્માના અનુભવ વિના સમ્યગ્દર્શન થતું જ નથી. એકલી શ્રદ્ધા, શ્રદ્ધા માને એ શ્રદ્ધા ક્યાં છે શ્રદ્ધા? સમજાણું કાંઈ? સ્વવિષય અંતરમાં દૃષ્ટિમાં આવ્યા વિના એ અનંત કાળની પરિણતિ પલટ્યા વિના રાગની એકતાબુદ્ધિ અનંત કાળની છે એમાં નવ તત્ત્વ કે આ.. આ.. આ.. (ધાર્યું) એ તો અનાદિ કાળની શ્રદ્ધા છે. રાગથી છૂટીને નિર્વિકલ્પ જ્ઞાયકમૂર્તિ એકલો ચૈતન્ય છે એવું વેદન અનુભવમાં આવ્યા વિના નિશ્ચય ચોથું ગુણસ્થાન હોતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ મૂળ રકમ છે.

ઉત્તર :- આ મૂળ રકમ છે. મૂળ રકમમાં વાંધા ઉઠ્યા. નવ તત્ત્વની શ્રદ્ધા કરો, શ્રદ્ધા કરો, ફલાણું કરો. અહીંયાં તો કહી દેશે ખુબ કળશટીકાકાર તો. એ જીવનો વિચાર આદિ પણ બંધનું જ કારણ છે. વિચાર શબ્દે વિકલ્પ લેવો હોં ત્યાં. વિચાર તો કાંઈ નિર્વિકલ્પ થઈ ગયો? રાગ આત્માનો, આ આત્મા.. આ આત્મા.. આ આત્મા... બંધનું કારણ છે.

વિકલ્પનું સ્થાન સ્વભાવમાં ક્યાં છે? આ, આ નહિ એવું વસ્તુમાં ક્યાં છે? વસ્તુમાં તો એકલો જ્ઞાયક છે. આ આત્મા (એમ) વિકલ્પ ઉઠ્યો. આ નહિ એ પણ વિકલ્પ છે, બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**પરસમયપ્રવૃત્તિનો પરિત્યાગ કરી શકતો નથી,...**' એટલે સૂક્ષ્મ હોં સૂક્ષ્મ. '**તે જીવ ખરેખર સાક્ષાત્ મોક્ષને પ્રાપ્ત કરતો નથી.**' સાક્ષાત્ વર્તમાન એકદમ કેવળજ્ઞાન પ્રાપ્ત કરતો નથી. '**પરંતુ દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિરૂપ...**' શુભરાગથી વચ્ચે દેવલોકાદિ મળશે, ચક્રવર્તીપદ મળશે, તીર્થંકરપદ મળે તોપણ રાગ છેને એટલો? બે ભવ થયા કે નહિ? એક સ્વર્ગમાં ગયો અને ત્યાંથી એક મનુષ્યમાં આવશે. તો રાગની પરંપરા એમાં આવી કે નહિ? બે ભવ થયા. એ રાગ બંધ છે એ મુક્તિનું કારણ જ નથી.

જુઓ! '**દેવલોકાદિના ક્લેશની...**' આદિ શબ્દ છે ને? '**પ્રાપ્તિરૂપ પરંપરા વડે તેને પ્રાપ્ત કરે છે.**' પછી રાગનો જ્યારે અભાવ કરશે, અસ્થિરતા છોડશે, સ્થિરતા કરશે ત્યારે પ્રાપ્ત કરશે. લ્યો, ૧૭૦ ગાથા થઈ. કહો, સમજાણું કાંઈ?

હવે વિશેષ. પહેલા એ રાગને અનર્થ સંતતિનું કારણ કહ્યું હતું. વચ્ચે દૂરતરં કહીને પરંપરા કહ્યું, હવે વળી એ સાક્ષાત્ મોક્ષના અંતરાયનું કારણ છે એમ કહે છે. સમજાણું કાંઈ? (એ) રાગ વચ્ચે આવે છે અંતરાય (છે), સાક્ષાત્ મોક્ષના તો અંતરાયનું કારણ છે.

૧૭૧.

**अरहंतसिद्धचेदियपवयणभत्तो परेण णियमेण।**
**जो कुणदि तवोकम्मं सो सुरलोगं समादियदि।।१७१।।**

'**ટીકા :- આ, માત્ર અર્હંતાદિની ભક્તિ જેટલા રાગથી ઉત્પન્ન થતો...**' અર્હંત આદિની ભક્તિ. સમજાણું કાંઈ? ખુલાસો નથી અંદર? અંદર નથી, નહિ? શબ્દનો ખુલાસો નથી. પહેલા અન્વયાર્થ લ્યો, અન્યવયાર્થ લ્યો એમાં છે. નીચે નથી.

'**અન્વયાર્થ :- જે (જીવ), અર્હંત,...**'ની ભક્તિ, '**સિદ્ધ,...**' ભગવાનની ભક્તિ. એ પરસિદ્ધ લેવા. પહેલામાં સ્વસિદ્ધ આવ્યું હતું. આ ચૈત્ય લેવું. અર્હંતાદિ પાંચ ભગવાનની પ્રતિમાઓ '**અને પ્રવચન (શાસ્ત્ર) પ્રત્યે ભક્તિયુક્ત પ્રવર્તતો થકો,...**' જુઓ! એ ભગવાનના શાસ્ત્ર પ્રત્યે ભક્તિ એ પણ રાગ છે. ... લેવું. અર્હંતાદિ પાંચ ભગવાનની પ્રતિમાઓ અને પ્રવચન શાસ્ત્ર એ પ્રતિ ભક્તિયુક્ત વર્તે છે. જુઓ! એ ભગવાનના શાસ્ત્ર પ્રત્યે ભક્તિ એ પણ રાગ છે. આહાહા..!

'**પ્રત્યે ભક્તિયુક્ત પ્રવર્તતો થકો, પરમ સંયમ સહિત...**' ભલે પરમ સંયમસહિત હોય. '**તપકર્મ (-તપરૂપ કાર્ય) કરે છે,...**' ઈચ્છાનિરોધથી અમૃતનો અનુભવ વિશેષ કરતો હોય, '**તે દેવલોકને સંપ્રાપ્ત કરે છે.**' એટલા શુભરાગથી સ્વર્ગમાં જશે. ઈ અંતરાય કરનારો ... છે. એ વાત વિશેષ કહેશે... અંતરાયનું કારણ. સ્વયં અંતરાય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૧૧, બુધવાર, તા. ૨-૯-૧૯૬૪**
**ગાથા - ૧૭૧-૧૭૨, પ્રવચન - ૧૭**

મોક્ષમાર્ગનો વિસ્તાર. આમાં હવે ૭૧ અને છેલ્લે ૭૨ કહીને એનો સરવાળો પૂરો કરશે. ૧૬૪ ગાથાથી શરૂ થયું છે કે મોક્ષમાર્ગ બંધ અને મોક્ષ બેયનું કારણ છે. મોક્ષમાર્ગ છે એ બેય—બંધનું પણ કારણ છે અને મોક્ષનું પણ કારણ છે.

મુમુક્ષુ :- એકને એક ભાવ?

ઉત્તર :- મોક્ષમાર્ગ. એકને એક ભાવ નહિ મોક્ષમાર્ગ. નિશ્ચય મોક્ષમાર્ગ છે એ જ યથાર્થ મોક્ષનું કારણ છે. વ્યવહાર મોક્ષમાર્ગ છે એ બંધનું કારણ છે.

મુમુક્ષુ :- .. મોક્ષનું કારણ કેમ કહ્યું?

ઉત્તર :- વ્યવહારથી કહ્યું. નિમિત્ત દેખીને વ્યવહાર કહ્યો એ વાત ઘણી આવી ગઈ છે. ૧૬૪થી શરૂ થયું છે. સમજાણું કાંઈ? જુઓને! ૧૬૪માં એમ કહ્યું કે મોક્ષમાર્ગ છે એ '**बंधो व मोक्खो वा**'.

મુમુક્ષુ :- એનાથી બંધ થાય છે.

ઉત્તર :- બરાબર છે, એનાથી બંધ થાય છે. પણ મોક્ષમાર્ગથી બંધ થાય ને. ક્યા મોક્ષમાર્ગથી? પણ એ લખ્યું નથી. એક જ ભાવથી બંધ અને એક જ ભાવથી મોક્ષ આમ થાય છે? એમ હોય નહિ કદી ત્રણ કાળમાં. મોક્ષમાર્ગ કહેવું અને બંધ પણ કહેવું અને મોક્ષનું કારણ પણ કહેવું તો બે પ્રકારનો મોક્ષમાર્ગ થયો. એક વ્યવહાર મોક્ષમાર્ગ, એક પરમાર્થ નિશ્ચય અભેદ રત્નત્રય મોક્ષમાર્ગ. વ્યવહાર મોક્ષમાર્ગ બંધનું કારણ છે. એ તો અહીં ચાલ્યું છે. એ કારણે તો અહીં વાત કરી.

જુઓ ૧૬૪માં એ આવ્યું. ૧૬૫માં એ આવ્યું. એ ૧૬૪ની વાત થઈ. ૧૬૫માં એમ આવ્યું કે '**રાગલવના સદ્‌ભાવને લીધે પરસમયરત કહેવાય છે.**' એ આવ્યું. પરસમયરત છે એટલો. જેટલો વ્યવહાર પરાશ્રિત... વ્યવહાર પરાશ્રિત છે, તો ત્યાં મોક્ષમાર્ગ નિશ્ચય છે એ સ્વાશ્રિત છે. સ્વાશ્રિતથી મુક્તિ યથાર્થ થાય છે. અને વ્યવહાર મોક્ષમાર્ગ આરોપથી કહ્યું એનાથી બંધ થાય છે. તો ત્યાં બંધ લીધું અને મોક્ષ લીધું.

અહીંયાં શું લીધું જુઓ ૧૬૫માં. '**રાગલવના સદ્‌ભાવને લીધે પરસમયરત કહેવાય છે.**' શુભભાવ વ્યવહાર મોક્ષમાર્ગ પણ સ્વ અને પરહેતુ પ્રત્યય જે રાગ ઉત્પન્ન થયો છે એ પરસમય રત કહેવામાં આવ્યું છે, ૬૫માં. અને ૬૬માં '**સર્વત્ર રાગની કણિકા પણ પરિહરવાયોગ્ય છે,...**'

મુમુક્ષુ :- મોક્ષમાર્ગ...

ઉત્તર :- નહિ, એ નથી. કેમકે એ પરસમય પ્રવૃત્તિનું કારણ છે. આ તો સરવાળો લીધો છેલ્લે. હવે ૧૬૭માં (એમ કહ્યું), એ રાગરેણુ અલ્પ પણ છોડવાલાયક છે. કેમ? એ છેલ્લી વાત, છેલ્લે શબ્દ લખ્યો છે. 'અર્હંતાદિવિષયક પણ રાગરેણુ ક્રમે દૂર કરવાયોગ્ય છે.' છેલ્લી લીટી. સમજાણું કાંઈ? અને ૬૮માં તો તેને અનર્થસંતતિનું મૂળ કારણ કહ્યું. સમજાણું કાંઈ? 'અનર્થસંતતિનું મૂળ રાગરૂપ ક્લેશનો વિલાસ જ છે.' એ કહ્યું. તો એ છોડવાલાયક છે એમ એમાં આવી ગયું. અને ૧૬૯માં એકલા પોતાના સ્વભાવથી મુક્તિ થાય છે એ વાત કહી. નિર્વાણ લીધોને? સિદ્ધભક્તિ લીધી ને સિદ્ધ? પોતાના સ્વભાવના આશ્રયે જ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, નિર્વિકલ્પ અભેદરત્નત્રય પરિણતિથી જ એ મુક્તિ થઈ છે એ ૧૬૯માં ખુલાસો કર્યો. ૧૭૦માં ખુલાસો એ કર્યો... સમજાણું કાંઈ? પરંપરા હેતુ કહ્યું. એને ત્યાં પરંપરા હેતુ કહેવામાં આવ્યું. કેમકે રાગ ટળીને ક્રમે ક્રમે શુદ્ધ ઉપયોગ થશે ત્યારે મોક્ષ થશે.

---

अरहंतसिद्धचेदियपवयणमत्तो परेण णियमेण।
जो कुणदि तवोकम्मं सो सुरलोगं समादियदि।।१७१।।
अर्हत्सिद्धचैत्यप्रवचनभक्तः परेण नियमेन।
यः करोति तपःकर्म स सुरलोकं समादत्ते।।१७१।।
જિન-સિદ્ધ-પ્રવચન-ચૈત્ય પ્રત્યે ભક્તિ ધારી મન વિષે,
સંયમ પરમ સહ તપ કરે, તે જીવ પામે સ્વર્ગને. ૧૭૧.

અન્વયાર્થ :— (यः) જે (જીવ), (अर्हत्सिद्धचैत्यप्रवचनभक्तः) અર્હંત, સિદ્ધ, ચૈત્ય (—અર્હંતાદિની પ્રતિમા) અને પ્રવચન (—શાસ્ત્ર) પ્રત્યે ભક્તિયુક્ત વર્તતો થકો, (परेण नियमेन) પરમ સંયમ સહિત (तपः कर्म) તપકર્મ (—તપરૂપ કાર્ય) (करोति) કરે છે, (सः) તે (सुरलोकं) દેવલોકને (समादत्ते) સંપ્રાપ્ત કરે છે.

ટીકા :— આ, માત્ર અર્હંતાદિની ભક્તિ જેટલા રાગથી ઉત્પન્ન થતો જે સાક્ષાત્ મોક્ષનો અંતરાય તેનું પ્રકાશન છે.

જે (જીવ) ખરેખર અર્હંતાદિની ભક્તિને આધીન બુદ્ધિવાળો વર્તતો થકો [1]પરમસંયમપ્રધાન અતિતીવ્ર તપ તપે છે, તે (જીવ), માત્ર તેટલા રાગરૂપ ક્લેશથી જેનું નિજ અંતઃકરણ કલંકિત (—મલિન) છે એવો વર્તતો થકો, વિષયવૃક્ષના [2]આમોદથી જ્યાં અંતરંગ (—અંતઃકરણ) મોહિત હોય છે એવા સ્વર્ગલોકને કે જે સાક્ષાત્ મોક્ષને અંતરાયભૂત છે તેને—સંપ્રાપ્ત કરીને, સુચિરકાળ પર્યંત (—ઘણા લાંબા કાળ સુધી) રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો અંદરમાં સંતપ્ત (—દુઃખી, વ્યથિત) થાય છે. ૧૭૧.

---

૧. પરમસંયમપ્રધાન = ઉત્કૃષ્ટ સંયમ જેમાં મુખ્ય હોય એવું. ૨. આમોદ=(૧) સુગંધ, (૨) મોજ.

## ગાથા—૧૭૧ ઉપર પ્રવચન

હવે કહ્યું ૧૭૧માં.

अरहंतसिद्धचेदियपवयणभत्तो परेण णियमेण।
जो कुणदि तवोकम्मं सो सुरलोगं समादियदि।।१७१।।

એની '**ટીકા :- આ, માત્ર અર્હંતાદિની ભક્તિ જેટલા રાગથી ઉત્પન્ન થતો જે સાક્ષાત્ મોક્ષનો અંતરાય છે તેનું પ્રકાશન છે.**' જુઓ! સાક્ષાત્ મોક્ષનો અંતરાય છે. શું દેવીલાલજી! રાગ છે, રાગ છે. પહેલી શ્રદ્ધામાં તો એને હેય માનવું જોઈએ. પછી ક્રમશ દૂર થાય છે એ બતાવ્યું. અને અહીંયાં કહ્યું અર્હંત, સિદ્ધ, પ્રતિમા, પ્રવચન—એટલું છેને અંદર? '**અર્હંત, સિદ્ધ, ચૈત્ય (-અર્હંતાદિની પ્રતિમા) અને પ્રવચન (-શાસ્ત્ર) પ્રત્યે ભક્તિરૂપ વર્તતો થકો,...**' એટલા રાગથી ઉત્પન્ન થતો જે સાક્ષાત્ મોક્ષનો અંતરાય એનું પ્રકાશન છે. સમજાણું કાંઈ? લ્યો, તેને વ્યવહારે મોક્ષમાર્ગ કહેવો અને સાક્ષાત્ મોક્ષને તો અંતરાય કહેવો.

મુમુક્ષુ :- તો જ એને વ્યવહાર કહેવાય ને.

ઉત્તર :- તો વ્યવહાર કહેવાય ને. વ્યવહાર પરાશ્રિત હોય છે, નિશ્ચય સ્વાશ્રિત હોય છે એ મહાસિદ્ધાંત છે. તો સ્વાશ્રિત જે મોક્ષમાર્ગ થયો એ તો ખરેખર મોક્ષનું કારણ છે. પરાશ્રિત મોક્ષનું કારણ જે કહ્યું આરોપથી, ખરેખર બંધનું જ કારણ છે. સમજાણું કાંઈ?

'**જે (જીવ) ખરેખર અર્હંતાદિની ભક્તિને...**' ત્યારે કોઈ કહે કે એવું ભક્તિનું વારંવાર લખાણ આવે તો અમે છોડી દઈશું. છોડી દેવાની ક્યાં વાત છે અહીંયાં? તીવ્ર છોડે. એ પરિણામ તો આવે છે એને બંધનું કારણ જાણવું. પછી શ્રદ્ધા અને નિર્મળ સમ્યગ્દર્શન વિના ચારિત્રની શુદ્ધિ આગળ વધતી નથી. એ વાત કહે છે. છોડે શું? એ તો પરિણામ ક્રમસર આવવાના હોય એ આવ્યા વિના રહે નહિ. સમકિતી, મુનિને પણ આવે છે. પણ એનું ફળ શું છે અને એનું સ્વરૂપ શું છે એ ખ્યાલમાં-દૃષ્ટિમાં લેવા લાયક છે એમ બતાવે છે.

'**ખરેખર અર્હંતાદિની ભક્તિને આધીન...**' એ બધા લેવા પ્રતિમા વગેરે. '**બુદ્ધિવાળો વર્તતો થકો...**' '**ભક્તિને આધીન બુદ્ધિવાળો વર્તતો થકો...**' એમ. છેને? '**પરમસંયમપ્રધાન અતિતીવ્ર તપ તપે છે,...**' ભલે એ પરમસંયમપ્રધાન જેમાં એવું તપ કરતો હોય મુનિપણાનું. મુનિપણાની વ્યાખ્યા છેને? આ સાચું સંયમ આદિ છે હોં! સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત. '**માત્ર તેટલા રાગરૂપ ક્લેશથી જેનું નિજ અંતઃકરણ કલંકિત (-મલિન) છે...**' ભાષા જુઓ! એટલો રાગ. અર્હંતાદિની ભક્તિ, પ્રવચનની ભક્તિ, પ્રતિમાની ભક્તિ, સિદ્ધ પરમાત્માની ભક્તિ. '**તેટલા રાગરૂપ ક્લેશથી જેનું નિજ અંતઃકરણ...**' જુઓ! અંતર પરિણામ મલિન-

કલંકિત છે એવો વર્તતો થકો '**વિષયવિષવૃક્ષના આમોદથી જ્યાં અંતરંગ મોહિત હોય છે એવા સ્વર્ગલોકને**—' એમ. સ્વર્ગલોક કેવું છે? કે વિષયવિષવૃક્ષના આમોદ. ત્યાં તો વિષયરૂપી ઝેરનું વૃક્ષ છે.

મુમુક્ષુ :- મજા પડે છેને?

ઉત્તર :- આમોદ, એને એવો આમોદ છે, સુગંધ છે, મોજ છે એવી. વિષયરૂપી ઝેરના વૃક્ષનું આમોદ છે ત્યાં. આત્માના અમૃતનું આમોદ નથી. ઈ બતાવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમોદનું ફળ કડવો સ્વાદ આપે છે?

ઉત્તર :- એ કડવો જ આપે આકુળતા.

મુમુક્ષુ :- એ સુગંધને આમોદ લખે છે.

ઉત્તર :- પણ કેવી? વિષયવિષવૃક્ષના આમોદ. વિષયના વૃક્ષના ફળનો આમોદ- સુગંધ એની મોજ, રાગની મોજ છે. ઝેરની મોજ છે ત્યાં. આહાહા..! જ્યાં શુભભાવને ઝેર કહ્યો ત્યાં પુણ્ય પરિણામના ફળમાં રાગ આવ્યા વિના અનુભવ કરે છે. તો અશુભભાવ તો ઝેર જ છે. વિષયરાગ તો ઝેર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઝેર અને વળી આમોદ?

ઉત્તર :- આમોદ એટલે ઝેરનો આમોદ—ઝેરની સુગંધ.

'**જ્યાં અંતરંગ મોહિત હોય છે...**' જુઓ! એવી મજામાં જેનું અંતઃકરણ મોહિત થાય છે. પુણ્ય પરિણામથી વિષયવિષવૃક્ષ ફળ્યા એમાં મોહિત થાય છે. '**એવા સ્વર્ગલોકને**——' જુઓ એવું સ્વર્ગલોક. '**કે જે સાક્ષાત્ મોક્ષને અંતરાયભૂત છે...**' જુઓ! એવા સ્વર્ગલોકને '**સંપ્રાપ્ત કરીને,...**' એમ લેવું છેલ્લે. '**કે જે સાક્ષાત્ મોક્ષને અંતરાયભૂત છે...**' સ્વર્ગમાં તો સાક્ષાત્ આત્માના પરમાનંદનો ત્યાં અંતરાય પડે છે. પરમાનંદમાં જાવું અને પૂર્ણાનંદની પ્રાપ્તિ કરવી એ ધર્મશાળામાં—એ સ્વર્ગમાં નથી. સમજાણું કાંઈ? રસ્તો કાપતા કાપતા રાત પડી ગઈ અને કોઈ ધર્મશાળામાં રહી ગયો. સમજાણું કાંઈ? એમ અહીંયાં રસ્તો કાપતા કાપતા રાગ રહી ગયો તો ત્યાં આગળ રાત રહેવું પડ્યું, એ વિષયવૃક્ષના આમોદમાં એ સ્વર્ગલોક દુઃખરૂપ છે.

મુમુક્ષુ :- રાત રહીને પછી છોડીને જતા રહે છે.

ઉત્તર :- છોડી જતા રહે છે. સવારે છોડીને ચાલ્યું જવાનું છે ત્યાં. સવાર પડે ચાલ્યા જવાનું છે. શું કરે? પચ્ચીસ કોસ જવાનું હતું અને પંદર-સોળ કોસ જ માંડ કામ કર્યું બળદે. રાત પડી ગઈ. ભાઈ, કરો રોકાણ. સવારે અહીંથી નીકળી જવાનું છે અને થોડો માર્ગ પૂરો કરવાનો છે. એમ પોતાનો સ્વભાવ આનંદ માર્ગ મોક્ષનો એને કરતા... કરતા.. કરતા.. રાગલવ રહી ગયો. રાગના પુણ્યથી, રાતે જેમ પડાવ નાખે છે એમ સ્વર્ગમાં સમ્યગ્દૃષ્ટિનો પડાવ થયો છે.

મુમુક્ષુ :- ખરેખર તો મોક્ષનું અંતરાય છે.

ઉત્તર :- અંતરાય છે એ કહ્યું ને. સમજાણું કાંઈ? આહાહા..! ઓહો..! પોતાના પરમ આનંદમાં રહેવું, એમાં એટલો ચાલ્યો હતો, રાગ આવ્યો હતો, એનું ફળ તો વિષયવિષવૃક્ષ છે. એની મજા છે એ ઝેરની મજા છે એમ કહે છે. સમજાણું કાંઈ? મજા ઝેરની છે. આકુળતા છે. એક જણો કહેતો હતો અમારે ત્યાં. મહારાજ! તમે પુણ્યને શું કરવા (આમ કહો છો)? એટલું સ્વર્ગમાં સુખ તો પામશે, ભોગવશે પછી વળી મોક્ષ જશે. પુણ્યથી સ્વર્ગનું સુખ તો થોડું નિરાંતે ભોગવશે. લ્યો! નાગલપુરના હતા એક. બોટાદ. છેલ્લે ગયા હતા, ઓલી ફેરે ગયા ત્યારે. આને હજી વળગ્યું છે. કેટલા વર્ષથી સામાયિક ને પોષા ને પડિક્કમણા (કરતા). સલોત. એ ગુજરી ગયા ભાઈ કેશવલાલ હતા ને. મહારાજ! તમે કહો છો... એ બધા જૂના બોટાદના ભક્તો કહેવાય બોટાદ સંઘાડાના. એટલે એ કહે, પણ મહારાજ! પુણ્યનો તમે નિષેધ કરો છો ક્રિયાનો, પણ એનાથી સ્વર્ગનું સુખ તો મળશેને. અને પછી સુખ ભોગવીને પછી મોક્ષ જશે. નરકમાં જશે, કીધું, ત્યાંથી ઢોરમાં. વિષયના સુખનો જેને પ્રેમ છે એ તો મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- ... ગુણસ્થાનવર્તીનો ભાવ છે.

ઉત્તર :- એ છઠ્ઠાની વાત અહીંયાં ચાલે છે. મુખ્યપણે છઠ્ઠાની.

મુમુક્ષુ :- સ્વામીત્વનો...

ઉત્તર :- સ્વામીત્વનો અભાવ છે, પણ પુણ્યબંધ આવી ગયો છેને? બંધ થઈ જાય છેને. સ્વામીત્વનો ભલે અભાવ હોય. શ્રદ્ધામાં આદર નથી, પણ અસ્થિરતામાં આવ્યો છે કે નહિ? ચારિત્રની અપેક્ષાએ આવ્યો છે. પુણ્યબંધ છે, છઠ્ઠે ગુણસ્થાને કુંદકુંદાચાર્યને છે. એ પોતાની વાત પણ સાથે કરે છે. અરે..! આ રાગ આવ્યો. આ રાગ છે ભક્તિ આદિનો. પુણ્યબંધ થશે. સ્વર્ગમાં જાવું પડશે. સમજાણું કાંઈ? પદ્મનંદી આચાર્ય પણ ભક્તિ કરતા કરતા છેલ્લે એ કહે છે. અહો..! મહારાજ! આ આત્માના આનંદ આગળ અમારે સ્વર્ગ અને સ્વર્ગના કારણનો શું આદર છે? કારણ કે ખબર છે કે અમે પંચમકાળના મુનિ છીએ તો અમારે રાગ તો છે, પુણ્યબંધ થઈ જશે અને સ્વર્ગમાં જ અવતાર થશે.

અહીંથી નિષેધ કરતા જાય છે. એ વિષય નહિ, એ વિષય નહિ. એ અમારો આનંદ નહી હોં! અમારો આનંદ તો અમારી પાસે છે. પણ પંચમકાળમાં અમારી શક્તિ મંદ (છે) તો એટલો જરી રાગ આવે છે. એ વ્યવહારનો આશ્રય લીધો, રાગ આવ્યો, પુણ્યબંધ થશે. છઠ્ઠા ગુણસ્થાની વાત છે મૂળ છે અહીંયાં. છઠ્ઠા ગુણસ્થાનમાં સંત કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય મહામુનિઓ... સમજાણું કાંઈ? પરમસંયમપ્રધાન, મહાસંયમી ત્રણ કષાયનો અભાવ છે, છઠ્ઠે ગુણસ્થાને બિરાજમાન છે. હજારો વાર છઠ્ઠું-સાતમું જેને આવે છે. સાક્ષાત્ ચૈતન્યમૂર્તિ. પણ એટલો પણ અમારો રાગ (છે). છેલ્લી ગાથા છે કે નહિ? કરતા... કરતા... કરતા... કરતા.. ઓહો..! અમારા જ્ઞાનમાં ખ્યાલ છે કે એટલો રાગ પણ વિષયનું વિષવૃક્ષ છે, (એના ફળમાં) ત્યાં ઝેરના આનંદમાં જવું પડશે. સમજાણું કાંઈ? અત્યારથી નિષેધ કરે છે. એ નહિ... નહિ...

નહિ... એ સુખ અમારું નહિ. સુખ અમારી પાસે છે. અમે પૂર્ણ કરી શક્યા નહિ માટે આ સ્વર્ગના સુખમાં અવતાર લેવો પડ્યો. સમજાણું કાંઈ?

આ છઠ્ઠા ગુણસ્થાનમાં પણ જેનો રાગ અર્હંતાદિમાં છે તો અંતઃકરણ મલિન, કલંકિત છે. આવ્યા વિના રહેતો નથી. જ્યાં સુધી વીતરાગતા ન થાય તો સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની ચારિત્રવંતને પણ પંચપરમેષ્ઠીની ભક્તિ, સ્તવન, ગુણસ્મરણ વગેરે આવે તો છે. શાસ્ત્ર લખવા એ પણ ભક્તિ છે. કહે છેને આગળ? '**मग्गप्पभावणट्ठं**' ૬૩માં છે કે નહિ ભાઈ? શું છે ૬૩માં જુઓને. મેં આ માર્ગની પ્રભાવના માટે આ લખ્યું છે. એવું? ૭૩માં છે જુઓ. '**मग्गप्पभावणट्ठं**' પોતાની વાત કરે છે. પોતાની, નિજની. ૧૭૩. છેલ્લી ૧૭૩-૭૩. છેલ્લી. '**मग्गप्पभावणट्ठं पवयणभत्तिप्पचोदिदेण मया।**' પ્રવચનની ભક્તિથી પ્રેરણાથી મેં આ કર્યું. જુઓ અહીંયાં વાત તો પોતાની કરે છે. ૧૭૩ ગાથા. હિન્દીમાં ૨૬૬ પાનું. ૨૬૬ પાનું. ૧૭૩ ગાથા. '**मग्गप्पभावणट्ठं**' છેને? '**पवयणभत्ति**' પ્રેરણાથી. પ્રવચનની ભક્તિની પ્રેરણાથી મેં '**मया**' કરી. મને રાગ છે, શુભરાગ છે. સમજાણું કાંઈ? ૧૭૩ ગાથા. મૂળ શ્લોક, મૂળ શ્લોક. '**भणियं पवयणसारं पंचत्थियसंगहं सुत्तं।।**' જુઓ! મારી પ્રવચનની ભક્તિની પ્રેરણાથી મેં આ બનાવ્યું. માર્ગની પ્રભાવના માટે. મારા માર્ગની પ્રભાવના તો અંદર વીતરાગભાવ વિશેષ છે, વીતરાગભાવ વિશેષ, પણ જરી બહારની પ્રભાવનાનો વિકલ્પ આવ્યો તો આ બની ગયું. એમાં પુણ્ય બંધાશે. સમજાણું કાંઈ? અને સ્વર્ગના ક્લેશરૂપી સામગ્રીમાં અથવા ક્લેશનું સુખ ભોગવવા ત્યાં જવું પડશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભગવાનના વચનના સારભૂત છે આ.

ઉત્તર :- હા. મુનિ. આહાહા..! છઠ્ઠે ગુણસ્થાને બિરાજમાન અને હજારો વાર સાતમે આવે છે, છઠ્ઠે જાય છે. પણ અમારા આયુષ્યનો બંધ રાગમાં પડશે (તો) એ સ્વર્ગનું જ પડશે. સમજાણું કાંઈ?

એવો મોહિત થયો. મોહિત શબ્દે ચારિત્રનો મોહિત છે હોં. અસ્થિરતા. દૃષ્ટિથી મોહ થયો એમ નથી. શું કહ્યું? એ છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ પણ સ્વર્ગમાં જશે તો વિષયસુખથી મહામોહથી અંતરંગ મોહિત હોય છે. અંતરમાં એટલી આસક્તિ એને થશે. ત્યાં ચોથું ગુણસ્થાન છે. અહીંયાં છઠ્ઠું હતું, સાતમું હતું. દેહ છૂટીને ત્યાં ચોથું-સમ્યગ્દર્શન રહી ગયું.

'**મોહિત હોય છે...**' જુઓ! અમને પણ ત્યાં મોહથી ત્યાં રાગ આવશે સ્વર્ગમાં. પંચમકાળના મુનિને કેવળજ્ઞાન નથી, મુક્તિ નથી, તો રાગ બંધાઈને ત્યાં જશે અને મોહિત થાય છે. એટલી વિષયમાં આસક્તિ અશુભરાગની આવે છે. એને મોહિત કહ્યા. મિથ્યાદૃષ્ટિની વાત નથી અહીંયાં, સમ્યગ્દૃષ્ટિની વાત છે. આહાહા..! ક્ષાયિક સમકિત હોય, છઠ્ઠે ગુણસ્થાને કોઈને. પણ આ તો પંચમકાળના મુનિ છે. પણ અપ્રતિહત ક્ષાયિક છે. ક્ષયોપશમ છે પણ અપ્રતિહત છે. એ ક્ષયોપશમમાંથી ક્ષાયિક થઈને કેવળજ્ઞાન લેવાના છે કુંદકુંદાચાર્ય. સમજાણું

કાંઈ?

કહે છે કે અરે..! રાગનું ફળ (જે) સ્વર્ગનું સુખ (એ) ઝેર છે. એમાં મોહિત હોય છે. **'કે જે સાક્ષાત્ મોક્ષને અંતરાયભૂત છે...'** નિષેધ... નિષેધ કરતા જાય છે. આહાહા..! અરે..! એટલો કાળ ત્યાં સ્વર્ગમાં રહેવું પડશે એ અમારા મુક્તિના પ્રયાસમાં વિઘ્ન છે. એટલો અંતરાય છે. ઓહોહો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... નહિ, પુરુષાર્થની ખામી છે. કર્મનું જોર ક્યાં છે? ઠીક છે ને? એમ કે આટલી ઝંખના છે અને રાગ નથી ટળતો તો કર્મની પ્રેરણા-જોર છે કે નહિ? બિલકુલ નહિ. કહ્યું હતુંને પહેલાં, એ પ્રભુત્વશક્તિ. એ તો પહેલાં લીધું ૭૦માં. અમારી પ્રભુત્વશક્તિ અમે એટલી પ્રગટ કરી નથી એ કારણે છે. ઘણાં લોકોને.... ટીકા તો એવી છે સર્વજ્ઞની વાણી સાક્ષાત્! સમજાણું કાંઈ? અમારી પરમવૈરાગ્યભૂમિકામાં પ્રભુત્વશક્તિ ઉત્પન્ન ન કરી હોવાથી. અમે પરમ વૈરાગ્ય વીતરાગભાવમાં અમારી ઈશ્વરશક્તિ અમે એટલી પ્રગટ નથી કરી. એ કારણે અમારામાં એટલો રાગ રહી જાય છે, એ કારણે સ્વર્ગમાં જવું પડશે. સામાન્ય વાત કરે છે પણ પોતાની વાત પણ એમાં કરે છે. એવી સંધિ ઘણી છે. ભાવપાહુડમાં એમ છે, મોક્ષપાહુડમાં એમ છે. શૈલી જ એવી છે. પદ્મનંદી આચાર્ય પણ જ્યાં પૂરું કરે છે ત્યાં એમ કહે છે, અરે..! સ્વર્ગમાં જાવું પડશે. આલોચનામાં નહિ? આલોચનમાં પણ સ્વર્ગની વાત છેલ્લી ગાથામાં કરે છે. આલોચના અધિકાર છેને? છેલ્લે ઈ કહે છે, અરે..! સ્વર્ગમાં ત્યાં દુઃખ છે, રાગ છે. એમ છે. એ અમને ન જોઈએ. જગતનું સુખ ત્રણ કાળમાં ન જોઈએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ન થાઓ. કેમકે આવે તો છે, પણ વર્તમાન એની ચાહના નથી. ત્યાં પણ દૃષ્ટિથી ચાહના તો છે જ નહિ, પણ અસ્થિરતાથી મોહિત થાય છે. ક્લેશ ભોગવવો પડશે. કહો, સમજાણું કાંઈ? સંપ્રાપ્ત કરીને. કોને? સ્વર્ગલોકને સંપ્રાપ્ત કરીને. કેવું છે સ્વર્ગલોક? **'કે જે સાક્ષાત્ મોક્ષને અંતરાયભૂત છે...'** સ્વર્ગમાં પણ પુરુષાર્થ કરીને, ચારિત્ર કરીને વીતરાગ થાય એવી યોગ્યતા નથી. સમજાણું કાંઈ? પુણ્યનું ફળ ઘણું છે. તો એમાં વિષયમાં સમકિતીની વૃત્તિ પણ જાય છે. સમજાણું કાંઈ?

બહુ પાણી હોય ને. નદીનું પાણી બહુ વહેતું હોય, એમાં કોઈ બીજ રોપે તો બીજનું ઝાડ વધતું નથી, ઉગતું નથી. એમ સમ્યગ્દૃષ્ટિ ગયા પણ એકલા પુણ્યનું ફળ ત્યાં સ્વર્ગ છે. એમાં ચારિત્રનું બીજ ઉગતું નથી. સમજાણું કાંઈ? અને નરકમાં ગયા પાપ કરીને, સમ્યગ્દૃષ્ટિ કોઈ. ત્યાં પણ ખાર જમીન છે. જેમ ખાર જમીનમાં ઝાડ ઉગતા નથી, એમ ત્યાં પાપ કરીને ગયા તો ત્યાં ચારિત્ર નથી. અહીં પુણ્ય કરીને ગયા ત્યાં પણ ચારિત્ર નથી. સમજાણું કાંઈ? સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... છતાં એટલો રાગ તો છઠ્ઠા ગુણસ્થાને મુનિને રહે

છે તો ક્લેશ ભોગવવો પડશે.

'**સુચિરકાળ પર્યંત...**' જુઓ ભાષા હવે લીધી. કેમકે ત્યાં તો પલ્યોપમ, સાગરોપમ (આયુષ્ય છે). એક પલ્યોપમમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એક દસ ક્રોડાક્રોડી પલ્યોપમનું એક સાગરોપમ થાય છે. પહેલા સ્વર્ગમાં ગયા હોય તો બે સાગરમાં જાય. બે સાગર. બે સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ. એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ અને એક પલ્યોપમમાં અસંખ્ય અબજ વર્ષ. સુચિરકાળ. અરે..! એટલો ઘણો કાળ સ્વર્ગમાં '**પર્યંત (-ઘણા લાંબા કાળ સુધી) રાગરૂપી અંગારાઓથી...**' આહાહા..! એ કહે કે ઘણા કાળનું સુખ મળ્યું. આ કહે છે કે અરે..! રાગરૂપી અંગારામાં ત્યાં શેકાઈ જશે. અસ્થિરતા. સમ્યગ્દૃષ્ટિ કહે છે હોં! સમ્યગ્દૃષ્ટિને પણ ત્યાં રાગરૂપી અંગારામાં શેકાવું પડશે.

મુમુક્ષુ :- પશ્ચાતાપ...

ઉત્તર :- પશ્ચાતાપ હોય, પણ રાગ છે તો શું કરે? પશ્ચાતાપ કરે એટલો વળી રાગ મંદ હોય, પણ રાગ થાય છે કે નહિ? પુણ્યનું ફળ ઘણું આવ્યું. સુચિરકાળ લીધું છે અને મુનિને તો.. સમજાણું કાંઈ? ઘણી સ્થિતિ હોય છે. શ્રાવક પણ સમ્યગ્દૃષ્ટિ હોય તો એ પણ પલ્યોપમ સાગરોપમમાં જાય છે ત્યાં સ્વર્ગમાં. પંચમ ગુણસ્થાનવાળા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની, રાગ બાકી રહે છે તો સ્વર્ગમાં જાય છે. મુનિ પણ સ્વર્ગમાં જાય છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ રાગની મંદતા અપેક્ષાએ ઠીક કહ્યો છે. શાસ્ત્રમાં પૂજ્યપાદસ્વામી સમાધિશતકમાં કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિને અવ્રતાદિથી પાપથી નરકમાં જવું એ કરતા વ્રતાદિના પરિણામથી સ્વર્ગમાં જાવું એ, જેમ તડકામાં બેઠેલા પ્રાણીને દુઃખ છે અને તડકામાંથી આગળ ચાલતા વડના વૃક્ષમાં તેને છાયા છે. એ અપેક્ષાએ ત્યાં વ્યવહારથી કહ્યું છે. સમાધિશતકમાં છે. સમજાણું કાંઈ?

એક માણસને ગામથી દૂર જાવું છે તો વચ્ચે તડકો આવ્યો તો તડકામાં બેઠો છે. કોઈ માણસની વાટ જોઈને. વાટને શું કહે છે? વાટ જોઈને, રાહ જોઈને. કોઈ ત્રીજો માણસ આવવાનો હોય એની રાહ જોઈને તે માણસ તડકામાં બેઠો હતો અને એક માણસ રાહ જોતા એક ઝાડ હતું, આગળ થોડું ચાલવું પડ્યું તો ત્યાં બેઠો. જ્યારે એ માણસ આવ્યો તો ત્યાંથી ચાલીને એ સાથે ગયા. અને તડકામાં બેઠેલા માણસને આતાપ-દુઃખ સહન કરવું પડ્યું. એમ સમ્યગ્દૃષ્ટિને શુદ્ધ ઉપયોગની રાહ જોવાની છે. જ્યાં સુધી શુદ્ધ ઉપયોગ ન આવે ત્યાં સુધી જે અશુભમાં રહે તો આતાપનું દુઃખ છે. એવું નરક આદિનું દુઃખ ભોગવવું પડશે. સમજાણું કાંઈ? અને એ તડકામાંથી નીકળીને જરી વ્રત આદિ શુભભાવ આવે છે, પંચમ ગુણસ્થાનને યોગ્ય, મુનિને છઠ્ઠે ગુણસ્થાનને યોગ્ય શુભભાવ આવે છે. એમ ત્યાં વ્યવહારે તેને ઝાડની છાયા કીધી. સમાધિશતક, પૂજ્યપાદસ્વામી.

મુમુક્ષુ :- મોક્ષપાહુડમાં છે.

ઉત્તર :- હા, મોક્ષપાહુડમાં છે. પણ એટલી છાયામાં આવ્યો. એ નરકના દુઃખ કરતા આ સુખ (સારૂં) એટલું વ્યવહારથી લીધું. અવ્રત કરીને નરકમાં જાવું. સમ્યગ્દષ્ટિની વાત છે હોં! સમ્યગ્દર્શન વિના અવ્રતનો ત્યાગ કરે અને વ્રત થઈ જાય એમ કદી બનતું નથી. ઓહોહો..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઓલું તીવ્ર છે આ મંદ દુઃખ..

ઉત્તર :- આ મંદ દુઃખ છે. બસ છે તો દુઃખ. પણ મંદ છે. તો ત્યાંથી નીકળીને મનુષ્ય થશે અને જ્યારે શુદ્ધોપયોગ પ્રાપ્ત કરશે ત્યારે મોક્ષ થશે. તો શુદ્ધ ઉપયોગની બેયને રાહ છે. વાટ તો બેય શુદ્ધોપયોગની જોવે છે. પણ એક અશુભભાવમાં રહે અને શુભભાવમાં રહે છે એટલો ફેર છે. તડકો અને છાયો, ધૂપ અને છાયાની (ઉપમા) દેવામાં આવી છે.

મુમુક્ષુ :- સ્વર્ગલોકના અંગારાથી ...

ઉત્તર :- અહીંયાં ઉગ્ર પુરુષાર્થ કરવો. પંચમ આરામાં એટલો પુરુષાર્થ થઈ શકતો નથી કે સ્વર્ગમાં ન જાય. સમકિતી સ્વર્ગમાં જ જાય છે. બીજા ભવમાં જતા નથી. સમ્યક્ થયા પછી જે આયુષ્ય બંધાય તો સ્વર્ગનું જ બંધાય છે. પહેલા આયુષ્ય બંધાઈ ગયું હોય અને સમકિત પછી થાય તો નરકમાં, પશુમાં પણ જાય છે જુગલિયા આદિમાં. પણ સમકિત થયા પછી વૈમાનિક દેવનું જ આયુષ્ય બંધાય છે. બીજું આયુષ્ય નથી.

મુમુક્ષુ :- આ પંચમ કાળનો દોષ છે.

ઉત્તર :- એ પંચમકાળનો નહિ, પોતાના પુરુષાર્થનો દોષ છે. પુરુષાર્થની ખામી છે એટલા દોષને કારણે સ્વર્ગના સુખમાં એટલે કે પરમાર્થે દુઃખમાં જાય છે. જુઓ! ભાષા કેવી લીધી છે. સમજાણું કાંઈ?

**'સુચિરકાળ પર્યંત...'** અસંખ્ય, અબજ વર્ષ. ઓહોહો..! જેના એક પલ્યોપમમાં અસંખ્ય તો મોક્ષ જાય છે દુનિયામાંથી. શું? એનું એક પલ્યોપમનું આયુષ્ય હોય તો અઢી દ્વીપમાંથી એક પલ્યોપમમાં અસંખ્ય જીવ મુક્તિને પામે છે. બરાબર છે? કેમકે છ માસ અને આઠ સમયમાં છસ્સોને આઠ મુક્તિ પામે છે, તો એક પલ્યોપમમાં અસંખ્ય જીવ મનુષ્ય ક્ષેત્રથી કેવળજ્ઞાન પામીને મોક્ષ જાય છે. એટલો કાળ અમારે ત્યાં રહેવું પડશે એમ કહે છે. આહાહા..! જુઓ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાય જ છે. છ મહિના અને આઠ સમયમાં છસ્સોને આઠ કેવળજ્ઞાન પામીને મોક્ષ સિદ્ધ થાય જ છે. તો એક પલ્યોપમમાં દસ ક્રોડાક્રોડી સાગરોપમમાં એક સાગરોપમ. એમાં તો અસંખ્ય મોક્ષ અઢી દ્વીપમાંથી ચાલ્યા જાય છે.

અરે..! **'સુચિરકાળ પર્યંત રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો...'** જુઓને ભાષા!

અહીંથી (નિષેધ) કરતા જાય છે. આહાહા..! આ શુભરાગ આવ્યો એનો નકાર, આ બંધનું ફળ આવ્યું એનો પણ નકાર. અને એ સમયે રાગ આવશે અશુભ દાહ્ય, તેનો પણ નકાર. આહાહા..! સમજાણું કાંઈ? **'અંદરમાં સંતપ્ત થાય છે.'** જુઓ! અંતરંગમાં સુખી નથી થતો. અંતરંગમાં દુઃખી, વ્યથિત વ્યથા-વ્યથા, એ પાપનો ભાવ વિષયની વ્યથા ભોગવે છે સમકિત દૃષ્ટિ. પછી ત્યાંથી મનુષ્ય થઈને જ્યારે ચારિત્ર પ્રાપ્ત કરીને શુદ્ધોપયોગ પ્રાપ્ત કરશે ત્યારે કેવળજ્ઞાન પામશે. લ્યો એ ૧૭૧ થઈ.

હવે ૧૭૨. થોડી શરૂ કરીએ. પછી તો કાલથી બંધ છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- હા, આગલું ઠીક છે.

મુમુક્ષુ :- પછી તો છેલ્લે દિવસે.

ઉત્તર :- ના, ના .. સુધી પહોંચે એવું નથી. અડધો કલાક તો થઈ ગયો.

---

तम्हा णिव्वुदिकामो रागं सव्वत्थ कुणदु मा किंचि।
सो तेण वीदरागो भविओ भवसायरं तरदि।।१७२।।
तस्मान्निर्वृत्तिकामो रागं सर्वत्र करोतु मा मिञ्चित्।
स तेन वीतरागो भव्यो भवसागरं तरति।।१७२।।

તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ,
વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે. ૧૭૨.

**અન્વયાર્થ :—** (तस्मात्) તેથી (निर्वृत्तिकामः) **મોક્ષાભિલાષી** જીવ (सर्वत्र) **સર્વત્ર** (किञ्चित् रागं) **કિંચિત્** પણ રાગ (मा करोतु) **ન** કરો; (तेन) **એમ કરવાથી** (सः भव्यः) તે ભવ્ય જીવ (वीतरागः) **વીતરાગ થઈ** (भवसागरं तरति) **ભવસાગરને** તરે છે.

**ટીકા :—** આ, **સાક્ષાત્મોક્ષમાર્ગના સાર-સૂચન દ્વારા શાસ્ત્રતાત્પર્યરૂપ ઉપસંહાર** છે (અર્થાત્ અહીં સાક્ષાત્મોક્ષમાર્ગનો સાર શો છે તેના કથન દ્વારા શાસ્ત્રનું તાત્પર્ય કહેવારૂપ ઉપસંહાર કર્યો છે).

**સાક્ષાત્મોક્ષમાર્ગમાં અગ્રેસર ખરેખર વીતરાગપણું છે. તેથી ખરેખર [1]અર્હંતાદિગત રાગને પણ, ચંદનવૃક્ષસંગત અગ્નિની માફક, દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતર્દાહનું કારણ સમજીને, સાક્ષાત્ મોક્ષનો અભિલાષી મહાજન સઘળાય પ્રત્યેના**

---

૧. અર્હંતાદિગત રાગ = અર્હંતાદિ પ્રત્યેનો રાગ; અર્હંતાદિવિષયક રાગ; અર્હંતાદિનો રાગ, (જેમ ચંદનવૃક્ષનો અગ્નિ પણ ઉગ્રપણે બાળે છે, તેમ અર્હંતાદિનો રાગ પણ દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતરંગ બળતાનું કારણ થાય છે.)

રાગને છોડી, અત્યંત વીતરાગ થઈ, જેમાં બળબળતા દુઃખસુખના કલ્લોલો ઊછળે છે અને જે કર્માગ્નિ વડે તપ્ત, કકળાટવાળા જળસમૂહની અતિશયતાથી ભયંકર છે એવા ભવસાગરને પાર ઊતરી, શુદ્ધસ્વરૂપ પરમામૃતસમુદ્રને અવગાહી, શીઘ્ર નિર્વાણને પામે છે.

—વિસ્તારથી બસ થાઓ. જયવંત વર્તો વીતરાગપણું કે જે સાક્ષાત્‌મોક્ષમાર્ગને સાર હોવાથી શાસ્ત્રતાત્પર્યભૂત છે.

તાત્પર્ય દ્વિવિધ હોય છે : [૧]સૂત્રતાત્પર્ય અને શાસ્ત્રતાત્પર્ય. તેમાં, સૂત્રતાત્પર્ય સૂત્રદીઠ (ગાથાદીઠ) પ્રતિપાદિત કરવામાં આવ્યું છે; શાસ્ત્રતાત્પર્ય હવે પ્રતિપાદિત કરવામાં આવે છે :—

સર્વ [૨]પુરુષાર્થમાં સારભૂત એવા મોક્ષતત્ત્વનું પ્રતિપાદન કરવાના હેતુથી જેમાં પંચાસ્તિકાય અને ષડ્‌દ્રવ્યના સ્વરૂપના પ્રતિપાદન વડે સમસ્ત વસ્તુનો સ્વભાવ દર્શાવવામાં આવેલ છે, નવ પદાર્થના વિસ્તૃત કથન વડે જેમાં બંધ-મોક્ષના સંબંધી (સ્વામી), બંધ-મોક્ષનાં આયતન (સ્થાન) અને બંધ-મોક્ષના વિકલ્પ (ભેદ) પ્રગટ કરવામાં આવ્યાં છે, નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગનું જેમાં સમ્યક્ નિરૂપણ કરવામાં આવ્યું છે તથા સાક્ષાત્ મોક્ષના કારણભૂત પરમવીતરાગપણામાં જેનું સમસ્ત હૃદય રહેલું છે—એવા આ ખરેખર [૩]પારમેશ્વર શાસ્ત્રનું, પરમાર્થે વીતરાગપણું જ તાત્પર્ય છે.

તે આ વીતરાગપણાને વ્યવહાર-નિશ્ચયના [૪]અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો ઈષ્ટસિદ્ધિ થાય છે, પરંતુ અન્યથા નહિ (અર્થાત્ વ્યવહાર અને નિશ્ચયની સુસંગતતા રહે એવી રીતે વીતરાગપણાને અનુસરવામાં આવે તો જ ઇચ્છિતની સિદ્ધિ થાય છે, બીજી રીતે થતી નથી).

---

૧. એક એક ગાથાનું તાત્પર્ય તે સૂત્રતાત્પર્ય છે અને આખા શાસ્ત્રનું તાત્પર્ય તે શાસ્ત્રતાત્પર્ય છે.

૨. પુરુષાર્થ = પુરુષ-અર્થ; પુરુષ-પ્રત્યે જન. (પુરુષાર્થોના ચાર વિભાગ પાડવામાં આવે છે : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ; પરંતુ સર્વ પુરુષ-અર્થોમાં મોક્ષ જ સારભૂત (તાત્ત્વિક) પુરુષ-અર્થ છે).

૩. પારમેશ્વર = પરમેશ્વરના; જિનભગવાનના; ભાગવત; દૈવી; પવિત્ર.

૪. મોક્ષમાર્ગપ્રાપ્ત જ્ઞાની જીવોને પ્રાથમિક ભૂમિકામાં, સાધ્ય તો પરિપૂર્ણ શુદ્ધતાએ પરિમત આત્મા છે અને તેનું સાધન વ્યવહારનયે (આંશિક શુદ્ધિની સાથે સાથે રહેલ) ભેદરત્નત્રયરૂપ પરાવલંબી વિકલ્પો કહેવામાં આવે છે. આ રીતે તે જીવોને વ્યવહારનયે સાધ્ય અને સાધન ભિન્ન પ્રકારનાં કહેવામાં આવ્યા છે. (નિશ્ચયનયે સાધ્ય અને સાધન અભિન્ન હોય છે).

(ઉપરોક્ત વાત વિશેષ સમજાવવામાં આવે છે :—:

**અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને [૧]સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે (અર્થાત્ સુગમપણે મોક્ષમાર્ગની પ્રારંભભૂમિકાને સેવે છે). જેમ કે : '(૧) આ શ્રદ્ધેય (શ્રદ્ધવાયોગ્ય) છે, (૨) આ અશ્રદ્ધેય છે, (૩) આ શ્રદ્ધનાર છે અને (૪) આ શ્રદ્ધાન છે; (૧) આ જ્ઞેય (જાણવાયોગ્ય) છે, (૨) આ અજ્ઞેય છે, (૩) આ જ્ઞાતા છે અને (૪) આ જ્ઞાન છે; (૧) આ આચરણીય (આચરવાયોગ્ય) છે, (૨) આ અનાચરણીય છે, (૩) આ આચરનાર છે અને (૪) આ આચરણ છે;- એમ (૧) કર્તવ્ય (કરવાયોગ્ય), (૨) અકર્તવ્ય, (૩) કર્તા અને (૪) કર્મરૂપ વિભાગોના અવલોકન વડે જેમને કોમળ ઉત્સાહ ઉલ્લસિત થાય છે એવા તેઓ (પ્રાથમિક જીવો) ધીમે ધીમે મોહમલ્લને (રાગાદિને) ઉખેડતા જાય છે; કદાચિત્ અજ્ઞાનને લીધે (-સ્વસંવેદનજ્ઞાનના અભાવને લીધે) મદ (કષાય) અને પ્રમાદને વશ થવાથી પોતાનો આત્મ-અધિકાર (આત્માને વિષે અધિકાર) શિથિલ થઈ જતાં પોતાને ન્યાયમાર્ગમાં પ્રવર્તાવવા માટે તેઓ પ્રચંડ દંડનીતિનો પ્રયોગ કરે છે; ફરી ફરીને (પોતાના આત્માને) દોષાનુસાર પ્રાયશ્ચિત્ દેતા થકા તેઓ સતત ઉદ્યમવંત વર્તે છે; વળી, [૨]ભિન્નવિષયવાળાં શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર વડે (—આત્માથી ભિન્ન જેના વિષયો છે એવા ભેદરત્નત્રય વડે) જેનામાં સંસ્કાર આરોપાતા જાય છે એવા ભિન્નસાધ્યસાધનભાવવાળા પોતાના આત્માને વિષે--ધોબી દ્વારા શિલાની સપાટી ઉપર ઝીંકવામાં આવતા, નિર્મળ જળ વડે પલાળવામાં આવતા અને ક્ષાર (સાબુ)**

---

૧. સુખે કરીને = સુગમપણે; સહજપણે; કઠિનતા વિના. (જેમણે દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનાં શ્રદ્ધાનાદિ કરેલ છે એવા સમ્યગ્જ્ઞાની જીવોને તીર્થસેવનની પ્રાથમિક દશામાં (--મોક્ષમાર્ગસેવનની પ્રારંભિક ભૂમિકામાં) આંશિક શુદ્ધિની સાથે સાથે શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર સંબંધી પરાવલંબી વિકલ્પો (ભેદરત્નત્રય) હોય છે. કારણ કે અનાદિ કાળથી જીવોને જે ભેદવાસનાથી વાસિત પરિણતિ ચાલી આવે છે તેનો તુરત જ સર્વથા નાશ થવો કઠિન છે).

૨. વ્યવહાર-શ્રદ્ધાનજ્ઞાનચારિત્રના વિષયો આત્માથી ભિન્ન છે; કારણ કે વ્યવહારશ્રદ્ધાનનો વિષય નવ પદાર્થો છે. વ્યવહારજ્ઞાનનો વિષય અંગ-પૂર્વ છે અને વ્યવહારચારિત્રનો વિષય આચારાદિકસૂત્રકથિત મુનિ-આચારો છે.

૩. જેવી રીતે ધોબી પાષાણશિલા, પાણી અને સાબુ વડે મલિન વસ્ત્રની શુદ્ધિ કરતો જાય છે, તેવી રીતે પ્રાક્પદવીસ્થિત જ્ઞાની જીવ ભેદરત્નત્રય વડે પોતાના આત્મામાં સંસ્કાર આરોપી તેની થોડી થોડી શુદ્ધિ કરતો જાય છે એમ વ્યવહારનયે કહેવામાં આવે છે. પરમાર્થ એમ છે કે તે

લગાડવામાં આવતા મલિન વસ્ત્રની માફક—થોડી થોડી [૩]વિશુદ્ધિ પ્રાપ્ત કરીને, તે જ પોતાના આત્માને નિશ્ચયનયે ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે, દર્શનજ્ઞાનચારિત્રનું સમાહિતપણું (અભેદપણું) જેનું રૂપ છે, સકળ ક્રિયાકાંડના આડંબરની નિવૃત્તિને લીધે (—અભાવને લીધે) જે નિસ્તરંગ પરમચૈતન્યશાળી છે તથા જે નિર્ભર આનંદથી સમૃદ્ધ છે એવા ભગવાન આત્મામાં વિશ્રાંતિ રચતા થકા (અર્થાત્ દર્શનજ્ઞાનચારિત્રના ઐક્યસ્વરૂપ, નિર્વિકલ્પ પરમચૈતન્યશાળી તથા ભરપૂર—આનંદયુક્ત એવા ભગવાન આત્મામાં પોતાને સ્થિર કરતા થકા), ક્રમે સમરસીભાવ સમુત્પન્ન થતો જતો હોવાથી પરમ વીતરાગભાવને પ્રાપ્ત કરી સાક્ષાત્ મોક્ષને અનુભવે છે.'

(હવે કેવળવ્યવહારાવલંબી (અજ્ઞાની) જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે :—)

પરંતુ જેઓ કેવળવ્યવહારાવલંબી (કેવળ વ્યવહારને અવલંબનારા) છે તેઓ ખરેખર [૧]ભિન્નસાધ્યસાધનભાવના અવલોકન વડે નિરંતર અત્યંત ખેદ પામતા થકા, (૧) ફરીફરીને ધર્માદિના શ્રદ્ધાનરૂપ અધ્યવસાનમાં તેમનું ચિત્ત લાગ્યા કરતું હોવાથી, (૨) પુષ્કળ શ્રુતના (દ્રવ્યશ્રુતના) સંસ્કારથી ઊઠતા વિચિત્ર (અનેક પ્રકારના) વિકલ્પોની જાળ વડે તેમની ચૈતન્યવૃત્તિ ચિત્રવિચિત્ર થતી હોવાથી અને (૩) સમસ્ત યતિ-આચારના સમુદાયરૂપ તપમાં પ્રવર્તનરૂપ કર્મકાંડની ધમાલમાં તેઓ અચલિત રહેતા હોવાથી, (૧) ક્યારેક કાંઈકની (કોઈક બાબતની) રુચિ કરે છે, (૨) ક્યારેક

---

ભેદરત્નત્રયવાળા જ્ઞાની જીવને શુભ ભાવોની સાથે જે શુદ્ધાત્મસ્વરૂપનું આંશિક આલંબન વર્તતું હોય છે તે જ ઉગ્ર થતું થતું વિશેષ શુદ્ધિ કરતું જાય છે. માટે ખરેખર તો, શુદ્ધાત્મસ્વરૂપનું આલંબન કરવું તે જ શુદ્ધિ પ્રગટાવવાનું સાધન છે અને તે આલંબનની ઉગ્રતા કરવી તે જ શુદ્ધિની વૃદ્ધિ કરવાનું સાધન છે. સાથે રહેલા શુભભાવોને શુદ્ધિની વૃદ્ધિનું સાધન કહેવું તે તો માત્ર ઉપચારકથન છે. શુદ્ધિની વૃદ્ધિના ઉપચરિતસાધનપણાનો આરોપ પણ તે જ જીવોના શુભભાવોમાં આવી શકે છે કે જે જીવે શુદ્ધિની વૃદ્ધિનું ખરું સાધન (શુદ્ધાત્મસ્વરૂપનું યથોચિત્ આલંબન) પ્રગટ કર્યું હોય.

૧. ખરેખર સાધ્ય અને સાધન અભિન્ન હોય છે. જ્યાં સાધ્ય અને સાધન ભિન્ન કહેવામાં આવે ત્યાં 'આ સત્યાર્થ નિરૂપણ નથી પણ વ્યવહારનય દ્વારા ઉપચરિત નિરૂપણ કર્યું છે' એમ સમજવું જોઈએ. કેવળવ્યવહારાવલંબી જીવો આ વાતને ઊંડાણથી નહિ શ્રદ્ધતા થકા અર્થાત્ 'ખરેખર શુભભાવરૂપ સાધનથી જ શુદ્ધભાવરૂપ સાધ્ય પ્રાપ્ત થશે' એવી શ્રદ્ધા ઊંડાણમાં સેવતા થકા નિરંતર અત્યંત ખેદ પામે છે. (વિશેષ માટે ૨૩૩મા પાનાની પહેલી તથા ચોથી ફૂટનોટ જુઓ).

કાંઈકના (કોઈક બાબતના) વિકલ્પ કરે છે અને (૩) ક્યારેક કાંઈક આચરણ કરે છે; દર્શનાચરણ માટે—તેઓ કદાચિત્ પ્રશમિત થાય છે, કદાચિત્ સંવેગ પામે છે, કદાચિત્ અનુકંપિત થાય છે, કદાચિત્ આસ્તિક્યને ધારે છે, શંકા, કાંક્ષા, વિચિકિત્સા અને મૂઢદષ્ટિતાના ઉત્થાનને અટકાવવા અર્થે નિત્ય કટિબદ્ધ રહે છે, ઉપબૃંહણ, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવનાને ભાવતા થકા વારંવાર ઉત્સાહને વધારે છે; જ્ઞાનાચરણ માટે—સ્વાધ્યાયકાળને અવલોકે છે, બહુ પ્રકારે વિનયને વિસ્તારે છે, દુર્ધર ઉપધાન કરે છે, સારી રીતે બહુમાનને પ્રસારે છે, નિહ્નવદોષને અત્યંત નિવારે છે, અર્થ, વ્યંજન અને [1]તદુભયની શુદ્ધિમાં અત્યંત સાવધાન રહે છે; ચારિત્રાચરણ માટે—હિંસા, અસત્ય, સ્તેય, અબ્રહ્મ અને પરિગ્રહની સર્વવિરતિરૂપ પંચમહાવ્રતોમાં તલ્લીન વૃત્તિવાળા રહે છે, સમ્યક્ યોગનિગ્રહ જેનું લક્ષણ છે (—યોગનો બરાબર નિરોધ કરવો તે જેનું લક્ષણ છે) એવી ગુપ્તિઓમાં અત્યંત ઉદ્યોગ રાખે છે, ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપ અને ઉત્સર્ગરૂપ સમિતિઓમાં પ્રયત્નને અત્યંત જોડે છે; તપાચરણ માટે--અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન અને કાયક્લેશમાં સતત ઉત્સાહિત રહે છે, પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, વ્યુત્સર્ગ, સ્વાધ્યાય અને ધ્યાનરૂપ [2]પરિકર વડે નિજ અંતઃકરણને અંકુશિત રાખે છે; વીર્યાચરણ માટે—કર્મકાંડમાં સર્વ શક્તિ વડે [3]વ્યાપૃત રહે છે; આમ કરતા થકા, કર્મચેતનાપ્રધાનપણાને લીધે—જોકે અશુભકર્મપ્રવૃત્તિને તેમણે અત્યંત નિવારી છે તોપણ—શુભકર્મપ્રવૃત્તિને જેમણે બરાબર ગ્રહણ કરી છે એવા તેઓ, સકળ ક્રિયાકાંડના આડંબરથી પાર ઊતરેલી દર્શનજ્ઞાનચારિત્રની ઐક્યપરિણતિરૂપ જ્ઞાનચેતનાને જરા પણ નહિ ઉત્પન્ન કરતા થકા, પુષ્કળ પુણ્યના ભારથી [4]મંથર થઈ ગયેલી ચિત્તવૃત્તિવાળા વર્તતા થકા, દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિની પરંપરા વડે ઘણા લાંબા કાળ સુધી સંસારસાગરમાં ભમે છે. કહ્યું પણ છે કે—[5]'चरणकरणप्पाहाणा ससमयपरमत्थमुक्कवावारा। चरणकरस्स सारं णिच्छयसुद्धं ण जाणंति।।' (અર્થાત્ જેઓ ચરણપરિણામપ્રધાન

૧. તદુભય = તે બંને (અર્થાત્ અર્થ તેમ જ વ્યંજન બન્ને)

૨. પરિકર = સમૂહ, સામગ્રી.

૩. વ્યાપૃત = રોકાયેલ; ગૂંથાયેલ; મશગૂલ; મગ્ન.

૪. મંથર = મંદ; જડ; સુસ્ત.

૫. આ ગાથાની સંસ્કૃત છાયા આ પ્રમાણે છે : 'चरणकरणप्रधानाः स्वसमयपरमार्थमुक्तव्यापाराः। चरणकरणस्य सारं निश्चयशुद्धं न जानन्ति।। '

૬. શ્રી જયસેનાચાર્યદેવકૃત તાત્પર્યવૃત્તિ-ટીકામાં વ્યવહાર-એકાંતનું નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે :—

**છે અને સ્વસમયરૂપ પરમાર્થમાં વ્યાપારરહિત છે, તેઓ ચરણપરિણામનો સાર જે નિશ્ચયશુદ્ધ (આત્મા) તેને જાણતા નથી).**[૬]

(હવે કેવળનિશ્ચયાવલંબી (અજ્ઞાની) જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે :—)

**હવે, જેઓ કેવળનિશ્ચયાવલંબી છે, સકળ ક્રિયાકાંડના આડંબરમાં વિરક્ત બુદ્ધિવાળા વર્તતા થકા, આંખો અર્ધ-વિંચેલી રાખી કાંઈક પણ સ્વબુદ્ધિથી અવલોકીને [૧]યથાસુખ રહે છે (અર્થાત્ સ્વમતિકલ્પનાથી કાંઈક ભાસ કલ્પી લઈને મરજી મુજબ-જેમ સુખ ઊપજે તેમ—રહે છે), તેઓ ખરેખર [૨]ભિન્નસાધ્યસાધનભાવને તિરસ્કારતા થકા, અભિન્નસાધ્યસાધનભાવને નહિ ઉપલબ્ધ કરતા થકા, અંતરાળમાં જ (—**

---

જે કોઈ જીવો વિશુદ્ધજ્ઞાનદર્શનસ્વભાવવાળા શુદ્ધાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ નિશ્ચયમોક્ષમાર્ગથી નિરપેક્ષ કેવળશુભાનુષ્ઠાનરૂપ વ્યવહારનયને જ મોક્ષમાર્ગ માને છે, તેઓ તેના વડે દેવલોકાદિના ક્લેશની પરંપરા પામતા થકા સંસારમાં પરિભ્રમણ કરે છે; પરંતુ જે શુદ્ધાત્માનુભૂતિલક્ષણ નિશ્ચયમોક્ષમાર્ગને માને અને નિશ્ચયમોક્ષમાર્ગનું અનુષ્ઠાન કરવાની શક્તિના અભાવને લીધે નિશ્ચયસાધક શુભાનુષ્ઠાન કરે, તો તેઓ સરાગ સમ્યગ્દૃષ્ટિ છે અને પરંપરાએ મોક્ષને પામે છે.—આમ વ્યવહાર-એકાંત નિરાકરણની મુખ્યતાથી બે વાક્ય કહેવામાં આવ્યાં.

(અહીં જે 'સરાગ સમ્યગ્દૃષ્ટિ' જીવો કહ્યા તે જીવોને સમ્યગ્દર્શન તો યથાર્થ જ પ્રગટ્યું છે પરંતુ ચારિત્ર-અપેક્ષાએ તેમને મુખ્યપણે રાગ હયાત હોવાથી તેમને 'સરાગ સમ્યગ્દૃષ્ટિ' કહ્યા છે એમ સમજવું. વળી તેમને જે શુભ અનુષ્ઠાન છે તે માત્ર ઉપચારથી જ 'નિશ્ચયસાધક (-નિશ્ચયના સાધનભૂત)' કહેવામાં આવ્યું છે એમ સમજવું).

૧. યથાસુખ = મરજી મુજબ; જેમ સુખ ઊપજે તેમ; યથેચ્છપણે. (જેમને દ્રવ્યાર્થિકનયના (નિશ્ચયનયના) વિષયભૂત શુદ્ધાત્મદ્રવ્યનું સમ્યક્ શ્રદ્ધાન કે અનુભવ નથી તેમ જ તેને માટે ઝંખના કે પ્રયત્ન નથી; આમ હોવા છતાં જેઓ નિજ કલ્પનાથી પોતાને વિષે કાંઈક ભાસ થતો કલ્પી લઈને નિશ્ચિંતપણે સ્વચ્છંદપૂર્વક વર્તે છે. 'જ્ઞાની મોક્ષમાર્ગી જીવોને પ્રાથમિક દશામાં આંશિક શુદ્ધિની સાથે સાથે ભૂમિકાનુસાર શુભ ભાવો પણ હોય છે'— એ વાતને શ્રદ્ધતા નથી, તેમને અહીં કેવળનિશ્ચયાવલંબી કહ્યા છે).

૨. મોક્ષમાર્ગી જ્ઞાની જીવોને સવિકલ્પ પ્રાથમિક દશામાં (છઠ્ઠા ગુણસ્થાન સુધી) વ્યવહારનયની અપેક્ષાએ ભૂમિકાનુસાર ભિન્નસાધ્યસાધનભાવ હોય છે અર્થાત્ ભૂમિકા પ્રમાણે નવ પદાર્થો સંબંધી, અંગ-પૂર્વ સંબંધી અને શ્રાવક-મુનિના આચારો સંબંધી શુભ ભાવો હોય છે.—આ વાત કેવળનિશ્ચયાવલંબી જીવો માનતા નથી અર્થાત્ (આંશિક શુદ્ધિ સાથેની) શુભભાવવાળી પ્રાથમિક દશાને તેઓ શ્રદ્ધતા નથી અને પોતે અશુભ ભાવોમાં વર્તતા હોવા છતાં પોતાને વિષે ઊંચી શુદ્ધ દશા કલ્પી લઈ સ્વચ્છંદી રહે છે.

**શુભ તેમ જ શુદ્ધ સિવાયની બાકી રહેલી ત્રીજી અશુભ દશામાં જ), પ્રમાદમદિરાના મદથી ભરેલા આળસુ ચિત્તવાળા વર્તતા થકા, મત્ત (ઉન્મત્ત) જેવા, મૂર્છિત જેવા, સુષુપ્ત જેવા, પુષ્કળ ઘી-સાકર ખીર ખાઈને તૃપ્તિ પામેલા (-ધરાયેલા) હોય એવા, જાડા શરીરને લીધે જડતા (—મંદતા, નિષ્ક્રિયતા) ઊપજી હોય એવા, દારુણ બુદ્ધિભ્રંશથી મૂઢતા થઈ ગઈ હોય એવા, જેનું વિશિષ્ટચૈતન્ય બિડાઈ ગયું હોય છે એવી વનસ્પતિ જેવા, મુનીંદ્રની કર્મચેતનાને [1]પુણ્યબંધના ભયથી નહિ અવલંબતા થકા અને પરમ નૈષ્કર્મ્યરૂપ જ્ઞાનચેતનામાં વિશ્રાંતિ નહિ પામ્યા થકા, (માત્ર) વ્યક્ત-અવ્યક્ત પ્રમાદને આધીન વર્તતા થકા, પ્રાપ્ત થયેલા હલકા (નિકૃષ્ટ) કર્મફળની ચેતનાના પ્રધાનપણાવાળી પ્રવૃત્તિ જેને વર્તે છે એવી વનસ્પતિની માફક, કેવળ પાપને જ બાંધે છે. કહ્યું પણ છે કે—[2]'णिच्छयमालम्बंता णिच्छयदो णिच्छयं अयाणंता। णासंति चरणकरणं बाहरिचरणालसा केई।।' (અર્થાત્ નિશ્ચયને અવલંબનારા પરંતુ નિશ્ચયથી**

૧. કેવળનિશ્ચયાવલંબી જીવો પુણ્યબંધના ભયથી ડરીને મંદકષાયરૂપ શુભભાવો કરતા નથી અને પાપંબધના કારણભૂત અશુભભાવોને તો સેવ્યા કરે છે. આ રીતે તેઓ પાપને જ બાંધે છે.

૨. આ ગાથાની સંસ્કૃત છાયા આ પ્રમાણે છે. '**णिच्छयमालम्बंदता णिच्छयदो णिच्छंय अयाणंता। णासंति चरणकरणं बाहरिचरणालसा केई।।**'

૩. શ્રી જયસેનાચાર્યદેવવિપરચિત ટીકામાં (વ્યવહાર-એકાંતનું સ્પષ્ટકીરણ કર્યા પછી તુરત જ) નિશ્ચયએકાંતનું નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે :—

વળી જેઓ કેવળનિશ્ચયાવલંબી વર્તતા થકા રાગાદિવિકલ્પરહિત પરમસમાધિરૂપ શુદ્ધ આત્માને નહિ ઉપલબ્ધ કરતા હોવા છતાં, મુનિએ (વ્યવહારે) આચારવાયોગ્ય ષડ્આવશ્યકાદિરૂપ અનુષ્ઠાનને તથા શ્રાવકે (વ્યવહારે) આચરવાયોગ્ય દાનપૂજાદિરૂપ અનુષ્ઠાનને દૂષણ દે છે, તેઓ પણ ઉભયભ્રષ્ટ વર્તતા થકા, નિશ્ચયવ્યવહાર-અનુષ્ઠાનયોગ્ય અવસ્થાંતરને નહિ જાણતા થકા પાપને જ બાંધે છે (અર્થાત્ કેવળ નિશ્ચય-અનુષ્ઠાનરૂપ શુદ્ધ અવસ્થાથી જુદી એવી જે નિશ્ચય-અનુષ્ઠાન અને વ્યવહારઅનુષ્ઠાનવાળી મિશ્ર અવસ્થા તેને નહિ જાણતા થકા પાપને જ બાંધે છે). પરંતુ જો શુદ્ધાત્માનુષ્ઠાનરૂપ મોક્ષમાર્ગને અને તેના સાધકભૂત (વ્યવહારસાધનરૂપ) વ્યવહારમોક્ષમાર્ગને માને, તો ભલે ચારિત્રમોહના ઉદયને લીધે શક્તિનો અભાવ હોવાથી શુભ-અનુષ્ઠાન રહિત હોય તથાપિ-જોકે તેઓ શુદ્ધાત્મભાવનાસાપેક્ષ શુભ-અનુષ્ઠાનરત પુરુષો જેવા નથી તોપણ—સરાગ સમ્યક્ત્વાદિ વડે વ્યવહારસમ્યગ્દૃષ્ટિ છે અને પરંપરાએ મોક્ષને પામે છે.—આમ નિશ્ચય-એકાંતના નિરાકરણની મુખ્યતાથી બે વાક્ય કહેવામાં આવ્યા. (અહીં જે જીવોને વ્યવહારસમ્યગ્દૃષ્ટિ કહ્યા છે તેઓ ઉપચારથી સમ્યગ્દૃષ્ટિ છે એમ ન સમજવું. પરંતુ તેઓ ખરેખર સમ્યગ્દૃષ્ટિ છે એમ સમજવું. તેમને ચારિત્ર-અપેક્ષાએ મુખ્યપણે રાગાદિ હયાત હોવાથી સરાગ સમ્યક્ત્વવાળા કહીને 'વ્યવહારસમ્યગ્દૃષ્ટિ' કહ્યા છે. શ્રી જયસેનાચાર્યદેવે પોતે જ ૧૫૦-૧૫૧મી ગાથાની ટીકામાં કહ્યું છે કે—જ્યારે આ જીવ આગમભાષાએ કાળાદિલબ્ધિરૂપ અને

(ખરેખર) **નિશ્ચયને નહિ જાણનારા કેટલાક જીવો બાહ્ય ચરણમાં આળસુ વર્તતા થકા ચરણપરિણામનો નાશ કરે છે).**[3]

(હવે **નિશ્ચય-વ્યવહાર બન્નેનો** [1]**સુમેળ રહે એવી રીતે ભૂમિકાનુસાર પ્રવર્તનારા જ્ઞાની જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે :—**)

પરંતુ જે, અપુનર્ભવને (મોક્ષને) માટે નિત્ય ઉદ્યોગ કરનારા [2]**મહાભાગ ભગવંતો, નિશ્ચય-વ્યવહારમાંથી કોઈ** [3]**એકને જ નહિ અવલંબતા હોવાથી** (—કેવળનિશ્ચયાવલંબી કે કેવળવ્યવહારાવલંબી નહિ હોવાથી) **અત્યંત મધ્યસ્થ વર્તતા, શુદ્ધચૈતન્યરૂપ આત્મતત્ત્વમાં વિશ્રાંતિના** [4]**વિરચન પ્રત્યે અભિમુખ વર્તતા, પ્રમાદના ઉદયને અનુસરતી વૃત્તિને નિવર્તાવનારી** (ટાળનારી) **ક્રિયાકાંડપરિણતિને માહાત્મ્યમાંથી વારતા** (—શુભ ક્રિયાકાંડપરિણતિ હઠ વિના સહજપણે ભૂમિકાનુસાર વર્તતી હોવા છતાં અંતરંગમાં તેને માહાત્મ્ય નહિ અર્પતા), **અત્યંત ઉદાસીન વર્તતા, યથાશક્તિ આત્માને આત્માથી આત્મામાં સંચેતતા** (અનુભવતા) **થકા નિત્ય-ઉપયુક્ત રહે છે,** તેઓ (—તે મહાભાગ ભગવંતો), **ખરેખર સ્વતત્ત્વમાં વિશ્રાંતિ અનુસાર ક્રમે કર્મનો સંન્યાસ કરતા** (-–સ્વતત્ત્વમાં સ્થિરતા થતી જાય તેના પ્રમાણમાં શુભ ભાવોને છોડતા), **અત્યંત નિષ્પ્રમાદ વર્તતા, અત્યંત નિષ્કંપમૂર્તિ હોવાથી જેમને વનસ્પતિની ઉપમા આપવામાં આવતી હોવા છતાં જેમણે કર્મફળાનુભૂતિ અત્યંત નિરસ્ત (નષ્ટ) કરી છે એવા, કર્માનુભૂતિ પ્રત્યે નિરુત્સુક વર્તતા, કેવળ (માત્ર) જ્ઞાનાનુભૂતિથી ઉત્પન્ન થયેલ તાત્ત્વિક આનંદથી અત્યંત ભરપૂર વર્તતા, શીઘ્ર સંસારસમુદ્રને પાર ઊતરી, શબ્દબ્રહ્મના શાશ્વત ફળના** (—નિર્વાણસુખના) **ભોક્તા થાય છે.** ૧૭૨.

---

અધ્યાત્મભાષાએ શુદ્ધાત્માભિમુક પરિણામરૂપ સ્વસંવેદનજ્ઞાનને પ્રાપ્ત કરે છે ત્યારે પ્રથમ તો તે મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિઓના ઉપશમ અને ક્ષયોપશમ વડે સરાગ-સમ્યગ્દૃષ્ટિ થાય છે).

૧. નિશ્ચય-વ્યવહારના સુમેળની સ્પષ્ટતા માટે ૨૫૫મા પાનાની બીજી ફૂટનોટ જુઓ.

૨. મહાભાગ = મહા પવિત્ર; મહા ગુણિયલ; મહા ભાગ્યશાળી.

૩. મોક્ષને માટે નિત્ય ઉદ્યમ કરનારા મહાપવિત્ર ભગવંતોને (-મોક્ષમાર્ગી જ્ઞાની જીવોને) નિરંતર શુદ્ધદ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનું સમ્યક્ અવલંબન વર્તતું હોવાથી તે જીવોને તે અવલંબનની તરતમતા પ્રમાણે સવિકલ્પ દશામાં ભૂમિકાનુસાર શુદ્ધપરિણતિ તેમ જ શુભપરિણતિનો યથોચિત સુમેળ (હઠ વિના) હોય છે તેથી તે જીવો આ શાસ્ત્રમાં (૨૬૧મા પાને) જેમને કેવળનિશ્ચયાવલંબી કહ્યા છે એવા કેવળનિશ્ચયાવંલબી નથી તેમ જ (૨૫૮મા પાને) જેમને કેવળવ્યવહાવલંબી કહ્યા છે એવા કેવળવ્યવહારવલંબી નથી.

૪. વિરચન = વિશેષપણે રચવું તે; રચના; રચવું તે.

## ગાથા—૧૭૨ ઉપર પ્રવચન

૧૭૨.

**तम्हा णिव्वुदिकामो रागं सव्वत्थ कुणदु मा किंचि।**
**सो तेण वीदरागो भविओ भवसायरं तरदि।।१७२।।**

કોઈ સ્થાનમાં સર્વત્ર રાગ ન કરો, મહાજન! મહાજન કહેશે અંદર. હે મહાજન! હે આત્મા! મહાપુરુષો જે રસ્તે ચાલ્યા એ રસ્તે ચાલનારા '**सव्वत्थ कुणदु मा किंचि रागं**' સર્વત્ર રાગ ન કરો. પ્રભુ! આપ શું કામ રાગ કરો છો—એમ કોઈ કહે તો સામે? અરે..! ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! એ તો કહેશે કે અમને માર્ગની પ્રભાવનાની પ્રેરણા થઈ. અમારું મન એમાં લાગ્યા રહેતું હતું. છેને? એમાં છે કે નહિ? ૧૭૩માં છે કે નહિ એ? લાગ્યું રહે છે. છેને એ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. ૨૬૪ પાને છે ને એ. શરૂઆત જુઓ. ૨૬૫? ૨૬૪. '**પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી જેનું મન અતિ ચલિત થતું હતું...**' જુઓ! ઈ આવ્યું ૨૬૭ પાને વચમાં છઠ્ઠી લીટી, પાંચમી. '**(માર્ગની પ્રભાવના અર્થે જ), પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી...**' અમને વારંવાર વિકલ્પ આવતો હતો. પ્રવચનસાર, સમયસાર, પંચાસ્તિકાયની ટીકા થાય એવો વિકલ્પ અમૃચંદ્રાચાર્યને વારંવાર વિકલ્પ આવતો હતો. '**પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી જેનું અતિ ચલિત થતું હતું...**' જુઓ! હું જાણનારો છું, પણ એમાં ચલિત થતું હતું. ટીકા થાય... ટીકા થાય... ટીકા થાય.. એવું મનમાં (થતું હતું). આ માર્ગની પ્રભાવના થાય, એનું સ્પષ્ટીકરણ થાય એવો વારંવાર વિકલ્પ આવ્યા કરતો હતો. જુઓ! મુનિ. અમૃતચંદ્રાચાર્ય પોતાના માટે કહે છે. છઠ્ઠે ગુણસ્થાને બિરાજમાન છે. અમારું મન વારંવાર, આ પુસ્તકની ટીકા થાય, આ ટીકા થાય, આ શાસ્ત્રનું સ્પષ્ટીકરણ થાય એમ મન વારંવાર શુભરાગમાં ચલાયમાન થતું હતું. આવે છે કે નહિ? જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી એવો ભાવ આવે છે.

'**એવા મેં આ 'પંચાસ્તિકાયસંગ્રહ' નામનું સૂત્ર કહ્યું—**' જુઓ! '**ચલિત થતું હતું એવા મેં...**' મારું મન આમ ચલિત થતું હતું શુભરાગમાં ટીકા કરવા માટે. એથી મેં આ કર્યું છે એમ કહે છે. સમજાણું કાંઈ? વીતરાગ ન થાય ત્યારે મુનિને એવો રાગ આવે છે. પણ કહે છે કે અરેરે..! એ રાગ સુચિરકાળ સુધી સ્વર્ગમાં જાવું અને જેનું મન અંતઃ તપ્ત થશે. આહાહા..! નિષેધ... નિષેધ... નિષેધ... સમજાણું કાંઈ? હવે છેલ્લો સરવાળો કરે છે.

'**ટીકા :- આ, સાક્ષાત્મોક્ષમાર્ગના સાર-સૂચન દ્વારા...**' જુઓ! '**સાક્ષાત્મોક્ષમાર્ગના સાર-સૂચન દ્વારા...**' એ વ્યવહાર મોક્ષમાર્ગ પરંપરા એમ લ્યે ને એમાંથી. આ સાક્ષાત્ મોક્ષમાર્ગ. પરંપરા એટલે નિમિત્ત. '**સાક્ષાત્મોક્ષમાર્ગના સાર-સૂચન દ્વારા...**' ઓહો..! સાક્ષાત્ મોક્ષમાર્ગનો સાર, એના સૂચન દ્વારા '**શાસ્ત્રતાત્પર્યરૂપ...**' પંચાસ્તિકાય આદિ આખા શાસ્ત્રના તાત્પર્યરૂપ '**ઉપસંહાર છે...**' આખા શાસ્ત્રનો સાર શું છે? ચારેય અનુયોગનો સાર શું છે? પંચાસ્તિકાયનો સાર શું છે? સમયસારનો, પ્રવચનસારનો, અષ્ટપાહુડનો સાર આ ચાર અનુયોગનું બધું કથન લીધું, પણ એનો સાર શાસ્ત્રતાત્પર્ય (શું) છે.

'**(અર્થાત્ અહીં સાક્ષાત્મોક્ષમાર્ગનો સાર શો છે તેના કથન દ્વારા શાસ્ત્રનું તાત્પર્ય કહેવારૂપ ઉપસંહાર કર્યો છે.) સાક્ષાત્મોક્ષમાર્ગમાં અગ્રેસર ખરેખર વીતરાગપણું છે.**' લ્યો! સાર શું છે? સાક્ષાત્મોક્ષમાર્ગમાં અગ્રેસર. અગ્રેસર-મુખ્ય ખરેખર વીતરાગપણું છે. વીતરાગપણું આખા શાસ્ત્રનો સાર છે. ત્યાં રાગ આવ્યો, મુનિને બતાવ્યો, પાંચમા ગુણસ્થાને રાગ બતાવ્યો, ચોથા ગુણસ્થાનને યોગ્ય પણ રાગ બતાવ્યો, મુનિને યોગ્ય પંચ મહાવ્રત આદિનો રાગ આવે છે એમ બતાવ્યું, (પણ બધાનો) સાર વીતરાગતા છે. એનું તો જ્ઞાન કરાવ્યું. સમજાણું કાંઈ?

'**સાક્ષાત્મોક્ષમાર્ગમાં અગ્રેસર ખરેખર વીતરાગપણું છે.**' આખું જૈનદર્શન, જૈનશાસનનો સાર વીતરાગતા છે. સમજાણું કાઈ? રાગ કરવો એ કાંઈ શાસ્ત્રનું તાત્પર્ય અને વીતરાગતાનો સાર નથી. '**તેથી ખરેખર અર્હંતાદિગત રાગને પણ,...**' જુઓ! '**रागं सव्वत्थ कुणदु मा किंचि।**' એવો પાઠ છે ને અંદર? એની સાથે મેળવ્યું. ૧૭૧-૭૦ની સાથે. '**ખરેખર અર્હંતાદિગત રાગ...**' અરિહંત, સિદ્ધ, પ્રતિમા, શાસ્ત્રનો પ્રેમ, ભક્તિ, પૂજા વગેરે. '**રાગને પણ, ચંદનવૃક્ષ...**' નીચે લીધું. '**અર્હંતાદિગત રાગ = અર્હંતાદિ પ્રત્યેનો રાગ;...**' એ તરફનો રાગ. '**અર્હંતાદિવિષયક રાગ;...**' સંબંધી રાગ. અર્હંતાદિ સંબંધી રાગ.

'**અર્હંતાદિનો રાગ. (જેમ ચંદનવૃક્ષનો અગ્નિ પણ ઉગ્રપણે બાળે છે,...**' સુખડની અગ્નિ, ચંદન સુખડની અગ્નિ. '**જેમ ચંદનવૃક્ષનો અગ્નિ પણ ઉગ્રપણે બાળે છે, તેમ અર્હંતાદિનો રાગ પણ દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતરંગ બળતરાનું કારણ થાય છે.)**' અત્યંત બળતરા, અંતરંગ જ્વલનનું કારણ. બળે... બળે... બળે... વિકલ્પથી. આહાહા..! છઠ્ઠું ગુણસ્થાન લઈને તો જઈ શકતા નથી. દેવની સ્થિતિમાં ચોથું ગુણસ્થાન રસ્તામાં થઈ ગયું. સ્વર્ગમાં જાય છે ત્યાં રસ્તામાં જ ચોથું ગુણસ્થાન થઈ ગયું. ચોથા ગુણસ્થાનની ત્યાં ઉત્પત્તિ થઈ. તો કહે છે કે અરેરે..! એ પુણ્યના ફળમાં બળતરા થશે. ત્યાં સંસારનું સુખ, સ્વર્ગનું સુખ જ્વલન-જ્વલન બળતરા થશે. બળતરાને શું કહે છે? જ્વલન. આહાહા..!

'**ચંદનવૃક્ષસંગત અગ્નિની માફક,...**' લ્યો! છે તો ચંદનવૃક્ષ, પણ લાગી છે અગ્નિ. ત્યાં ઘી લીધું હતું. સમજાણું કાંઈ? ઘી તો છે ઠંડુ. એમ છે તો આ ચંદનવૃક્ષ સુગંધી.

આમોદ લીધું હતું ને ઓલું આમોદ. સુગંધ ભલે છે પણ જુઓ સુગંધ બળતી અગ્નિ છે. અગ્નિ છે સુખડની. સુખડની અગ્નિ રાખે છેને આ લોકો નહિ પારસી? બહુ કાયમ રાખે. પારસી લોકો એની અગિયારી હોય ને મંદિર ત્યાં સુખડને સળગાવે કાયમ, ચોવીસે કલાક. બારેમાસ અગ્નિ રાખે. અગ્નિના દર્શન કરે એ. આ સુખડની લાકડી છે જુઓ. મુંબઈની સુખડની લાકડી. આ પણ મુંબઈની છે. જાદુગરી લાકડી. એ કહે છે ને કે જાદુગરી છે. દ્વેષથી કહે છે. અને લોકોને વાત આખી વિરોધ પડી ગઈ. શું કરે? જેની જેવી પાત્રતા હોય ઈ પ્રમાણે થાય.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- લઈ ગયા હતા એ.

માટે દેવલોકમાં '**ચંદનવૃક્ષસંગત અગ્નિની માફક, દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિ વડે...**' લ્યો, આ દેવલોકના ક્લેશની. આદિમાં દેવલોકમાંથી નીકળીને કોઈ સમકિતી ચક્રવર્તી થાય. સમજાણું કાંઈ? તીર્થંકર પણ થાય. પણ જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી જે શુભભાવ આવે છે એ ક્લેશ છે.

મુમુક્ષુ :- સુખડની...

ઉત્તર :- હા. અહીંયાં આદિ શબ્દ છેને? સ્વર્ગ અને મનુષ્ય બેય. બે ભવ આદિ હોય. સ્વર્ગમાંથી નીકળી મનુષ્ય થશે, ચક્રવર્તીનું રાજ (મળે). સમ્યગ્દૃષ્ટિ આરાધક છે તો સારા પુણ્યમાં જ ઉપજશે. બીજામાં ઉપજતા નથી. રાજા, મહારાજા, કોઈ અબજોપતિને ત્યાં જ એનો જન્મ થાય છે. બીજી જગ્યાએ જન્મ થતો નથી. એ આવે છે ને એ? રત્નકરંડ શ્રાવકાચારમાં નહિ? કીર્તિ... છ બોલ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. સમ્યગ્દૃષ્ટિ છે તો એવું એને પુણ્ય છે કે સ્વર્ગમાંથી પણ નીકળીને ઋદ્ધિ, કીર્તિ મહા ત્યાં જ એનો જન્મ થશે. રંકના ઘરે સમ્યગ્દૃષ્ટિ અવતરતા નથી. પહેલાં પ્રાપ્ત કર્યું હોય. પ્રાપ્ત કર્યા પછી સ્વર્ગમાં જશે. એ છ બોલ છે. તેજો, ઋદ્ધિ વગેરે આવે છે ને. વિદ્યા, બહુ પરાક્રમ, મહારાજા જેવો દેખાય, મોટા ઈન્દ્ર જેવા, એવા કુળમાં સમ્યગ્દૃષ્ટિનો અવતાર થાય છે. સાધારણ ગરીબ કુળમાં અવતરતા નથી. પણ કહે છે કે ત્યાં બળશે. એ સામગ્રી તરફ લક્ષ જશે એટલો ક્લેશ... ક્લેશ... ક્લેશ... સમ્યગ્દૃષ્ટિને પણ ક્લેશ ભોગવવો પડશે. આહાહા..!

લ્યો! એક કોર જ્ઞાનીને ક્લેશ છે જ નહિ. એકલો આનંદનો ભોક્તા છે. અહીંયાં પણ એટલું કહેવું છે કે ભાઈ! એટલી કર્મચેતના ઉત્પન્ન થાય છે. એ કર્મચેતના અને કર્મફળચેતના. મહામુનિ જે બાળ બ્રહ્મચારી હોય, પણ એને એટલો રાગ હતો કે સ્વર્ગમાં ગયા તો કરોડો ઈન્દ્રાણીઓ (હોય) અને ત્યાંથી નીકળીને એવા પુણ્યમાં અવતરશે.

કહો, એક જણો પ્રશ્ન કરતો હતો કે આ શાસ્ત્રમાં આમ કેમ લખ્યું? અહીં બ્રહ્મચર્ય પાળે અને ત્યાં ઈન્દ્રાણી મળે. અરે..! સાંભળ તો ખરો. બ્રહ્મચર્યનું ફળ ઈન્દ્રાણી આદિ છે? એ તો રાગ છે. જુઓ! મોટા પંડિત કહેતા હતા શ્વેતાંબરના. અત્યારે છે. એણે પ્રશ્ન કર્યો ૭૨ની સાલ. ૭૨ શું ૯૨. અહીંયાં ૯૨ની સાલમાં હીરાભાઈના મકાનમાં. ૯૨. ૨૮ વર્ષ થયા. એક પંડિત છે શ્વેતાંબરના. એ આવ્યા. એમણે પ્રશ્ન કર્યો કે આવું કેમ લખ્યું છે કે શાસ્ત્રમાં કે બ્રહ્મચર્ય પાળે, જ્ઞાની હોય, એ મરીને સ્વર્ગમાં જાય, ત્યાં ઈન્દ્રાણી મળે. સાંભળ તો ખરો, કીધું. આત્માનો ધર્મ શરૂ કરી દીધો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને હજી પૂર્ણ થયો નથી તો એનો બંધ પડશે, ઈ ક્યાં જાશે? ગધેડામાં જાશે એ? નરકમાં જાશે એ? ક્યાં જાશે? સમજાણું કાંઈ? એને શુભરાગ રહ્યો તો સ્વર્ગમાં જ જશે. અને સ્વર્ગમાંથી નીકળીને પણ એ મહાન ઉત્તમકુળમાં જ અવતરશે. મહાન ઋદ્ધિ, સમૃદ્ધિ આદિ એવા કુળમાં જન્મે છે. આહા..! વાત સાચી, કીધું. એ બ્રહ્મચર્યનું ફળ નથી. જેટલો રાગ બાકી રહ્યો એનું એ ફળ છે. તો એણે કબુલ કર્યું હોં. કે આવું અમને સમજાવતા ન આવડે. પણ સમજાવનાર તમે ઊંધા, શાસ્ત્રની શ્રદ્ધા ન મળે કે શાસ્ત્રમાં શું કહે છે. જુઓ! શાસ્ત્રમાં એમ લખ્યું છે કે અહીં ધર્મ પાળે ત્યાં ઈન્દ્રાણી મળે. એમ કહ્યું છે શાસ્ત્રે? ધર્મનું ફળ ઈન્દ્રાણી કહ્યું છે શાસ્ત્રમાં? એ ૯૨ની સાલની વાત છે. એના મકાનમાં. સમજાણું કાંઈ? છે કે નહિ વાસુદેવ? નથી આવ્યા. સમજાણું કાંઈ?

એ સ્વર્ગ આદિ મળે એ ધર્મનું ફળ નથી. બાકી રહેલા રાગનું ફળ છે. તારાચંદજી! સમ્યક્ સાધન કર્યું, સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, જ્ઞાન થયું, અંશે શાંતિ થઈ. હવે પૂર્ણ ન થયું તો દેહ છૂટી ગયો આયુષ્ય પૂરું થયું તો. જાશે ક્યાં? એ ક્યાં જન્મશે? શું એ નરકમાં જાય? પશુમાં જાય? મનુષ્યમાં નહિ જાય (કેમકે) પુણ્ય ઘણાં છે. સમ્યગ્દષ્ટિને પુણ્ય ઘણા હોય છે. સત્યભૂમિકામાં પુણ્ય ઘણા થાય છે. દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિ, પ્રભાવના, વાંચન, શ્રવણ, મનન, કીર્તન બહુ આવે છે સમ્યગ્દષ્ટિને. ક્ષાયિક સમકિતી હોય એને પણ. એ સમયે કેવળજ્ઞાન ન થાય ત્યારે એવો રાગ થાય છે તો એ વૈમાનિકમાં જન્મશે અને એની સ્થિતિ થોડી નથી હોય, એની સ્થિતિ મોટી હશે. અને ત્યાંથી નીકળીને મોટા ચક્રવર્તી કે મોટા તીર્થંકર કે મોટા બળદેવ આદિ થઈને કેવળજ્ઞાન લેશે.

મુમુક્ષુ :- બ્રહ્મચર્યના બે ભાગ—...

ઉત્તર :- બ્રહ્મચર્યના બે ભાગ નથી. બ્રહ્મ નામ આત્માના આનંદનું જેટલું (વેદન) કરવું છે એનાથી તો સંવર-નિર્જરા જ છે. જેટલી પોતાના પુરુષાર્થની ખામી રહી, રાગ વિકલ્પ રહી ગયો, એટલા વિકલ્પનું ફળ સ્વર્ગ મળશે, મળશે ને મળશે. પણ જાય ક્યાં? કેવળ છે નહિ. આ પરિણામ છે નહિ નરક જવાને લાયક. તો ક્યાં ભવ? આયુષ્ય પૂરું થઈ ગયું. જાશે ક્યાં? ધર્મચંદજી! સમજાણું કાંઈ?

એક પંડિત હતા એણે કહ્યું. તમે શાસ્ત્રની વાત કહી. વાત તો તમારી સાચી, હવે સાચી લાગે છે. અવતરશે ક્યાં? કીધું. પૂર્ણ ધર્મ થયો નથી અને ધર્મની શરૂઆત થઈ ગઈ. દષ્ટિ, જ્ઞાન વગેરે. હવે દેહ છૂટી ગયો. આયુષ્ય પૂરું થઈ ગયું. હવે ક્યાં જાવું એણે? ચાર ગતિમાં ક્યાં જન્મશે એ? એ નરકમાં નહિ જાય, મનુષ્યમાં નહિ આવે, પશુ નહિ થાય, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષમાં નહિ જાય. વૈમાનિકમાં પણ દેવી તરીકે નહિ જાય. સમજાણું કાંઈ? આરાધક પુણ્ય છે. સત્યભૂમિકામાં બાંધેલું પુણ્ય છે. એ પુણ્યથી ઊંચા સ્વર્ગમાં જશે. પણ દુઃખ છે. વીતરાગતા પ્રાપ્ત નથી કરી એટલું ત્યાં રાગના ફળનું દુઃખ છે. સમજાણું કાંઈ?

'**દેવલોકાદિના ક્લેશની...**' આદિ છેને? તો ઉત્તમ મનુષ્ય લેવા. '**ક્લેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતર્દાહનું કારણ સમજીને,...**' જુઓ! '**અત્યંત અંતર્દાહનું કારણ સમજીને,...**' અંતરદાહમાં બળે છે. પહેલાં ઊનું ઘી કહ્યું હતું. બળેલું ઘી. ગરમ ઘી નાખે તો ફોડલા પડી જાય, ફોડા પડી જાય. પાણી છાંટે ઊનું અને આ ઘી છાંટે એમાં ફેર શું? પાણી તો હજી પાતળું હોય પણ ઘી જરા જાડુ હોય તો ચોંટી જાય. ઊનું ધગધગતું ચોંટી જાય. આહાહા..!

મુમુક્ષુ :- જ્યાં સુધી અહીં ... ત્યાં સુધી બળ્યા જ કરે.

ઉત્તર :- બળ્યા કરે.

તો કહે છે કે '**અંતર્દાહનું કારણ સમજીને, સાક્ષાત્ મોક્ષનો અભિલાષી મહાજન...**' આહાહા..! જુઓ! '**સાક્ષાત્ મોક્ષનો અભિલાષી મહાજન...**' અરે..! મહાજન! અરે..! મહાજન! મહાજન. તેને મહાજન કહે છે. હે મહાપુરુષ! એમ નથી કહેતા? આ મહાજન કહે છે. એ '**સાક્ષાત્ મોક્ષનો અભિલાષી મહાજન સઘળાય પ્રત્યેનો રાગને છોડી,...**' બધા પ્રત્યેનો. એ કહેતા હતા ને પહેલાં. અર્હંતાદિ પ્રત્યેનો, અર્હંતાદિ પ્રત્યેનો રાગ. આવ્યું હતું ને નીચે નોટમાં? તો અહીંયાં કહ્યું કે '**સઘળાય પ્રત્યેનો...**' સમજાણું કાંઈ? '**રાગને છોડીને,...**' આહાહા..! પહેલા શ્રદ્ધામાં રાગને તો છોડ્યો છે, પણ હવે અસ્થિરતાના રાગને છોડીને એવો પુરુષાર્થ કરવાની વાત છે. '**અત્યંત વીતરાગ થઈને,...**' અત્યંત વીતરાગ થઈને. અત્યંત વીતરાગનો અર્થ? છઠ્ઠા ગુણસ્થાનમાં આંશિક વીતરાગ તો છે. ત્રણ કષાયનો નાશ થયો એટલો વીતરાગ તો છે. પણ જરી રાગ આવે છે એને છોડીને અત્યંત.... આહાહા..! એકલા જ્ઞાતા-દૃષ્ટાના આનંદનું ધ્યાન.

'**જેમાં બળબળતા દુઃખસુખના કલ્લોલો ઊછળે છે...**' શેમાં? ભવસાગર. આ ભવસાગર. આખા ભવસાગરથી તરી જા એમ કહે છે. કેવો છે ભવસાગર? જેમાં બળબળતા દુઃખસુખના કલ્લોલો. બળબળતી આમ. એ ગુજરાતીમાં છે. દુઃખના. આ દુઃખસુખની કલ્લોલો. સુખ એટલે કલ્પના. આ કલ્પનામાં સુખ માન્યું અને કલ્પનામાં દુઃખ માન્યું એની વાત છે. આ તો આખા ભવસાગરની વાત કરે છેને. આખો ભવસાગર. '**જેમાં બળબળતા...**' ઉછળતી, બળબળતી અગ્નિ. ભવસાગર તો આવો છે, આખો ભવસાગર. '**દુઃખસુખના કલ્લોલો ઊછળે**

છે.' સુખ શબ્દે આ સંસારની કલ્પનાનું સુખ હોં! આત્માનો આનંદ ક્યાં છે ત્યાં ભવસાગરમાં?

**'અને જે કર્માગ્નિ વડે તપ્ત,...'** છે. કર્મની અગ્નિથી બળેલો ભવસાગર છે. ચારેય ગતિ. ઓહોહો..! સમજાણું કાંઈ? હજી **'કકળાટવાળા જળસમૂહની અતિશયતાથી ભયંકર છે...'** ખળભળ ખળભળ જળસમૂહ. દરિયો લેવો છે ને ભવસાગર? કેવો છે? કકળાટવાળા **'કર્માગ્નિ વડે તપ્ત, કકળાટવાળા જળસમૂહની...'** આપણે અહીં ચોખા રાંધે છેને ચોખા? એનું પાણી હોય છેને? એમાં ફદીયા પડે. ખદબદતું હોય. ચોખા રાંધે તો. એવો ભવસાગર **'કર્માગ્નિ વડે તપ્ત, કકળાટવાળા જળસમૂહની...'** ખળભળાટ. ચોર્યાસીમાં અવતાર. ચક્રવર્તીપદમાં હોય, વાસુદેવપદમાં હોય, બળદેવપદમાં હોય, ઈન્દ્રપદમાં હોય.

**'જળસમૂહની...'** એ સાથે લેવું. **'કર્માગ્નિ વડે તપ્ત,...'** શું? **'કકળાટવાળા જળસમૂહ...'** ખળભળ... ખળભળ... જેમ ઓલા ચોખા શેકાય છે, એમ આ ભવસાગરમાં આત્મા દુઃખમાં શેકાય છે. ઓહોહો..! જેમ આ શક્કરિયું હોય છે ને શક્કરિયું, નહિ? શું કહે છે? અગ્નિમાં બાફે છેને? એમ ઝળવળતી અગ્નિમાં ભવસાગરમાં આત્મા શેકાય છે. આહા..! શાંતસાગર પ્રભુ! ઓહોહો..!

એક આવ્યું હતું કાલે કે ધૂળના ઢગલામાં જેમ સ્ફટિકની મૂર્તિ પડી હોય. ધૂળના ગંજમાં, ઢગલામાં. એમ ધૂળના ઢગલામાં ભગવાન આખો સ્ફટિક આનંદકંદ પડ્યો છે. એ શ્લોકમાં આવ્યું હતું ક્યાંક. સમજાણું કાંઈ? ધૂળનો ઢગલો હોય ને ધૂળનો? એમાં સ્ફટિક. દેખાય છે અંદર ધૂળ જેવું. અંદર ગરતી નથી. એમ આ ધૂળનો ઢગલો છે, ઢગ ઢગ. ભગવાન ચૈતન્ય આનંદની સ્ફટિક મૂર્તિ પડી છે. ચૈતન્યપ્રકાશ અને આનંદની મૂર્તિ આ ધૂળના ઢગલામાં ભિન્ન પડી છે. સમજાણું કાંઈ? એની શ્રદ્ધા-જ્ઞાન કરીને એમાં રમવું એ જ મોક્ષનો માર્ગ છે. બંધનથી છૂટીને અંદર આખો પડ્યો છે.

જુઓ! એવી **'અતિશયતાથી....'** પાછું એમ. **'કર્માગ્નિ વડે તપ્ત, કકળાટવાળા જળસમૂહની અતિશયતાથી...'** જોર મોટા દરિયામાં પાણીનું જોર હોય છે કે નહિ? એવું કકળાટવાળા જળનું. ઓહોહો..! ક્યાં એકેન્દ્રિય, ક્યાં નિગોદ, ક્યાં ઈયળ, ક્યાં કીડી, ક્યાં હાથી, ક્યાં મગરમચ્છ, ક્યાં સ્વર્ગના દેવ, ચારેય બાજુ ખળભળાટ ખળભળાટ દુઃખ છે. સમજાણું કાંઈ? **'એવા ભવસાગરને પાર ઊતરી,...'** હે મહાજન! વીતરાગી થઈને.. આહાહા..! પોતાને પણ સંબોધે છે. પોતાને પણ સંબોધે છે કે હે મહાજન! હવે તું પાર થઈ જા, પાર થઈ જા, આ ભવસાગરથી પાર થઈ જા. શું લેવું? જુઓ સામે લે છે. દુઃખની સામે લે છે. પાર ઊતરી...

**'ભવસાગરથી પાર ઊતરી, શુદ્ધસ્વરૂપ પરમામૃતસમુદ્રને અવગાહી,...'** જુઓ! એ ભવસાગર દુઃખનો સમૂહ લીધો. શુદ્ધ સ્વરૂપ પરમામૃત સમુદ્ર. ઓહો..! ચૈતન્ય વસ્તુ અરૂપી ગુણઘન, ગુણઘન ગુણનો પિંડ એ ચૈતન્ય અમૃત શુદ્ધ સ્વરૂપ પરમ અમૃતસ્વરૂપ. એ તો

પરમ અમૃતનું સ્વરૂપ છે આત્મા. મરવું નથી (એવું) અમૃત છે. પૂર્ણામૃત ચૈતન્યસુખ એવું પૂર્ણ ઠસોઠસ. ચૈતન્ય સ્ફટિક રત્ન જેવો. ઠસોઠસ જેમ સ્ફટિકમાં જેવી સફેદાઈ અને ચળકાટ ભર્યો છે એમ આખા આત્મામાં પરમ અમૃત આનંદસાગર અંદર ભરેલો પડ્યો છે. રાજમલજી! દેવીલાલજી! શું છે આ? ઓલો સંસારસાગર બતાવ્યો, ભગવાન અમૃતસાગર બતાવ્યો. સમજાણું કાંઈ? ઓહો..! નામ આવી ગયું અમૃતચંદ્ર આચાર્ય. શુદ્ધ સ્વરૂપ એ તો આવી ગયું છે. આ સામે બતાવ્યુંને, દુઃખની સામે.

**'શુદ્ધસ્વરૂપ પરમામૃતસમુદ્રને અવગાહીને,...'** પ્રવેશ કર, પ્રવેશ કર એમાં. એમ કહે છે. જેમ દરિયામાં પ્રવેશ કરે છે કે નહિ? સમુદ્રમાં પ્રવેશ કરે તો મોતીના ઢગલા મળી જાય છે. એમ ચૈતન્યપ્રભુ મહાસાગર અમૃતનો મહાસાગર છલોછલ ડોલે છે, ઝુલે છે અંદર. એમાં પ્રવેશ કર. અવગાહ કર, પ્રવેશ કર, અવગાહ કર. નિમિત્તમાંથી ખસીને, વિકલ્પથી ખસીને મહાસમુદ્ર આનંદ પ્રભુ પડ્યો છે એમાં અવગાહ કર. આહાહા..! પ્રવેશ કર.

**'શીઘ્ર નિર્વાણને પામે છે.'** લ્યો! સરવાળો લીધો. વીતરાગભાવ પ્રાપ્ત કરીને અલ્પકાળમાં એ પરમામૃતરૂપી સમુદ્ર ભગવાન આત્મા એવા નિર્વાણને પામે છે. **'વિસ્તારથી બસ થાઓ. જયવંત વર્તો વીતરાગપણું...'** આહાહા..! જયવંત વર્તો વીતરાગપણું **'કે જે સાક્ષાત્‌મોક્ષમાર્ગનો સાર હોવાથી શાસ્ત્રતાત્પર્યભૂત છે.'** જ્યાં જ્યાં કહેવું છે ત્યાં ત્યાં રાગરહિત રુચિ અને રાગરહિત સ્થિરતા એ જ શાસ્ત્રનો કહેવાનો આશય છે. આખા શાસ્ત્રમાં વિકારની રુચિ છોડીને, વિકારની અસ્થિરતા છોડીને, સ્વભાવની રુચિ કરીને, સ્વભાવમાં સ્થિર થવું એ જ આખા શાસ્ત્રનું વીતરાગ તાત્પર્ય છે. એ એક જ તાત્પર્ય છે.

(મુમુક્ષુ :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૫, શુક્રવાર, તા. ૧૧-૯-૧૯૬૪**
**ગાથા - ૧૭૨, પ્રવચન - ૧૮**

... એમાં મોક્ષમાર્ગના વિસ્તારનું કથન ચાલે છે. તેમાં છેલ્લી ગાથા છે. ૧૭૩. છેલ્લો સાર છે. પણ ૧૭૨. એ ચાલતું હતું આપણે. આઠ દિવસ પહેલાં છોડી દીધી હતી. ૧૭૨ ગાથા. ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ, એમાં મોક્ષમાર્ગ શું છે? નિશ્ચયમોક્ષમાર્ગ શું છે? વ્યવહાર શું છે? એની સંધિ શું છે? એનું અહીંયાં વર્ણન કરે છે. ૧૭૨ પાઠ.

तम्हा णिव्वुदिकामो रागं सव्वत्थ कुणदु मा किंचि।
सो तेण वीदरागो भविओ भवसायरं तरदि।।१७२।।

એની **'ટીકા :- આ, સાક્ષાત્‌મોક્ષમાર્ગના સાર-સૂચન દ્વારા...'** આત્માનો (વીતરાગભાવ) સાક્ષાત્ મોક્ષમાર્ગ છે એના સૂચન દ્વારા **'શાસ્ત્રતાત્પર્યરૂપ ઉપસંહાર છે...'** શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગભાવ છે. વીતરાગભાવ આખા શાસ્ત્રનું તાત્પર્ય છે. શું કહ્યું? દ્રવ્યાનુયોગ હોય, ચરણાનુયોગ હોય, કથાનુયોગ હોય કે કરણાનુયોગ હોય. બધા શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગભાવ છે. અર્થાત્ સંયોગ- નિમિત્ત અને રાગવિકાર અને એક સમયની પર્યાયની ઉપેક્ષા કરીને— તેને છોડીને પોતાના ત્રિકાળ જ્ઞાયકભાવ તરફ વળવું, એની દૃષ્ટિ, એનું જ્ઞાન અને ચારિત્ર એ આખા શાસ્ત્રનું વીતરાગભાવ તાત્પર્ય છે. શેઠી!

રાગ વ્યવહારથી (કથન) આવે છે શાસ્ત્રનું તાત્પર્ય નથી. પોતાનું સ્વરૂપ એક સમયમાં પૂર્ણ જ્ઞાયક એકરૂપ સ્વભાવ એ તરફના ઝુકાવથી જે દૃષ્ટિ થાય છે, એ બાજુ વળવાથી જે જ્ઞાનની પર્યાય થાય છે અને એ બાજુ વળવાથી જે ચારિત્રની અરાગી પર્યાય થાય છે એ ત્રણેને વીતરાગભાવ કહેવામાં આવે છે. એ વીતરાગભાવ આખા શાસ્ત્રનું તાત્પર્ય છે. **'(અર્થાત્ અહીં સાક્ષાત્‌મોક્ષમાર્ગનો સાર શો છે તેના કથન દ્વારા શાસ્ત્રનું તાત્પર્ય કહેવારૂપ ઉપસંહાર કર્યો છે.'**

**'સાક્ષાત્ મોક્ષમાર્ગમાં અગ્રેસર ખરેખર વીતરાગપણું છે.'** ભગવાનની વાણીમાં-આખા શાસ્ત્રમાં સંયોગ, રાગ અને એક સમયની પર્યાયનો આશ્રય છોડીને, ત્રિકાળી જ્ઞાયકભાવપણે (મોજૂદ છે) એની અપેક્ષા લઈને પોતાની પર્યાયમાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગદશા થાય તેને બધા શાસ્ત્રનું તાત્પર્ય કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? **'સાક્ષાત્ મોક્ષમાર્ગમાં અગ્રેસર ખરેખર વીતરાગપણું છે.'** સમજાણું કાંઈ? પોતાનો સ્વભાવ એક સમયમાં પૂર્ણ જ્ઞાયક અને આનંદ આદિ એક શુદ્ધરૂપ છે એનું અવલંબન લઈને, પરનો વિષય છોડીને અને દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરેને પણ વિષય કરવો એમાં રાગ થાય છે. સમજાણું કાંઈ? એ રાગનું પણ લક્ષ છોડીને, પરનો આશ્રય છોડીને સ્વઆત્માને વિષય બનાવીને પોતાની પર્યાયમાં વીતરાગ

દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર પ્રગટ કરવું એ આખા શાસ્ત્રની દિવ્યધ્વનિનો સાર છે. શેઠ! સમજાણું કાંઈ? ઝીણી વાત છે. આખું પંચાસ્તિકાય નહિ, પણ બધા શાસ્ત્રોનું તાત્પર્ય કહે છે. સમજાણું કાંઈ?

કોઈ ઠેકાણે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્રનો-જિનવાણીનો પ્રેમ... જિનવાણીનો પ્રેમ એ આવી ગયું ૧૭૧માં. દેવ અરિહંતની ભક્તિ, સિદ્ધ ભગવાનની ભક્તિ, પ્રવચન-વાણી જિનવાણીનો પ્રેમ અને ભગવાનની પ્રતિમા આદિની પૂજાનો રાગ એ બધો શુભરાગ છે. સમજાણું કાંઈ? રાગ છે. એ પહેલાં આવી ગયું છે. હવે અહીંયાં કહેશે. '**તેથી ખરેખર અર્હંતાદિગત રાગને પણ,...**' છે શબ્દ? અર્હંતાદિગત, અર્હંતાદિગત. અર્હંત આદિ એ ૧૭૧માં લઈ લીધું છે. ૧૭૧. એક પાના પહેલાં. અર્હંત, સિદ્ધ, ચૈત્ય, પ્રવચન ભક્ત. ૧૭૧માં છે. મૂળ ગાથાના અન્વયાર્થમાં છે. અરિહંત પરમેશ્વરની ભક્તિ એ પણ શુભરાગ છે. સમજાણું કાંઈ? અને સિદ્ધ ભગવાનની ભક્તિ એ પણ શુભ વિકલ્પ રાગ છે અને અર્હંતાદિની પ્રતિમા, અરિહંત, સિદ્ધની મૂર્તિ એની ભક્તિ એ પણ એક રાગ છે. અને પ્રવચન પ્રત્યે ભક્તિ. ૧૭૧માં છે. ૧૭૧ ગાથાનો જુઓ શબ્દાર્થ. '**અર્હંત, સિદ્ધ, ચૈત્ય અને પ્રવચન પ્રત્યે ભક્તિયુક્ત વર્તતો થકો,...**' એ રાગ છે. સમજાય છે કાંઈ? આ જિનવાણીનો પ્રેમ પણ રાગ છે. આહાહા..! ભગવાનની પૂજા, ભક્તિ કરવી એ પણ રાગ છે. જાત્રા કરવા આદિનો વિકલ્પ ઉઠે છે એ પણ એક શુભરાગ છે. એ રાગ આવે છે, પણ એ રાગને પણ '**ચંદનવૃક્ષસંગત અગ્નિની માફક,...**' જુઓ! નીચે નોટ છે.

'**અર્હંતાદિગત રાગ = અર્હંતાદિ પ્રત્યેનો રાગ, અર્હંતાદિકવિષય...**' એટલે અર્હંત શબ્દે સિદ્ધ પ્રવચન, ભક્તિનો રાગ, '**અર્હંતાદિનો રાગ. (જેમ ચંદનવૃક્ષનો અગ્નિ પણ ઉગ્રપણે બાળે છે,...**' એ ચંદનવૃક્ષની અગ્નિ. પહેલાં ઘીનું દૃષ્ટાંત આપ્યું હતું કે ઉષ્ણ ઘી બાળે છે. એમ આ શુભરાગ પણ આત્માની શાંતિને બાળે છે. સમજાણું કાંઈ? '**તેમ અર્હંતાદિનો રાગ પણ દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતરંગ બળતરાનું કારણ થાય છે.)**' રાગ આવે છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા અંશે હોવા છતાં ભગવાનની પૂજા, ભક્તિ, પ્રવચનનો પ્રેમ, જિનવાણીનો પ્રેમ હોય છે, પણ એ રાગનું ફળ, ચંદનવૃક્ષની અગ્નિ જેમ બાળે છે એમ, રાગથી પુણ્યબંધ થાય અને દેવલોકના વિષયની અગ્નિ બાળશે. દેવલોકના વિષય એમાં મળશે. આહાહા..! તારાચંદજી! એ લખ્યું છેને? દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિ. ક્લેશ. રાગ છેને? પુણ્ય છે એ. તો વર્તમાનમાં પણ ક્લેશ છે અને એના ફળમાં સ્વર્ગ અને ચક્રવર્તી આદિનું પદ મળશે જ્ઞાનીને, એ પણ ક્લેશ ત્યાં છે. જેટલું રાગના ફળમાં એનું જોડાણ થાય છે એટલો ક્લેશ છે.

'**અત્યંત અંતરંગ બળતરાનું કારણ થાય છે.**' બળતરાનું કારણ છે. બળે છે અંદર. અગ્નિ જેમ ચંદનની અગ્નિ પણ બાળે એમ પુણ્ય રાગ, ભગવાનની ભક્તિનો રાગ પણ વર્તમાનમાં

પણ બળતરાનું કારણ છે અને ભવિષ્યમાં ફળ બળતરાનું જ કારણ થાય છે. આવે છે બીજી વાત છે, પણ એ મોક્ષમાર્ગ છે એમ નથી. સમજાણું કાંઈ?

તો '**અર્હંતાદિગત રાગ...**' એટલે પાંચ બોલ લીધા હતા એ. અરિહંત, સિદ્ધ, પ્રતિમા, પ્રવચન આદિ ભક્તિ. એ '**ચંદનવૃક્ષસંગત અગ્નિની માફક, દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિ...**' ક્લેશ પ્રાપ્ત થશે. '**અત્યંત અંતર્દાહનું કારણ સમજીને,...**' એ દાહનું કારણ છે. દુનિયા અત્યારે મોટો ભાગ ત્યાગી ને પંડિત લગભગ એ ક્રિયાકાંડ જે રાગ દયા, દાન, ભક્તિ, પૂજાને જ ધર્મ માને છે. શરીરની ક્રિયાને ધર્મ (મનાવે છે). લ્યો! જીવતું શરીર એનાથી ધર્મ થાય. અમરચંદભાઈ! આવ્યો હતોને, પ્રશ્ન આવ્યો હતો ત્યાં જયપુરમાં. આહાહા..!

ભાઈ! એ સમ્યગ્દર્શન, જ્ઞાન પોતાના શુદ્ધ આત્માનો આશ્રય કરીને થયા, જ્યાં સુધી (પૂર્ણ) વીતરાગ પર્યાયમાં ન હોય ત્યાં સુધી એવો ભાવ અશુભથી બચવા—અશુભવંચનાર્થ--એવો શુભભાવ ભક્તિ આદિનો આવે છે. પણ છે પુણ્યબંધનું કારણ. જિનવાણીનો પ્રેમ, આગમનો પ્રેમ, આગમની ભક્તિ એ પણ શુભરાગ છે. પરદ્રવ્ય છે, આગમ પણ પરદ્રવ્ય છે, વાણી પરદ્રવ્ય છે, પ્રતિમા પરદ્રવ્ય છે, અરિહંત પરદ્રવ્ય છે, સિદ્ધ પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? તો જેટલો પરદ્રવ્ય પ્રત્યેનો રાગ, જ્ઞાનીને—સમકિતીને, મુનિને પણ આવે છે, પણ છે રાગ બંધનું કારણ. અને એના ફળમાં સ્વર્ગાદિ ચક્રવર્તીના પદમાં બળદેવ આદિ પદમાં ક્લેશ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય સુખ નથી, ઈ જ કહે છે અહીંયાં. સુખ કેટલું છે ત્યાં? અહીં સુખ કેટલું તમને? કહો, સમજાય છે કાંઈ?

'**દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતરદાહનું કારણ સમજીને,...**' જુઓ! જ્ઞાનીએ—ધર્મીએ એને સમજવું જોઈએ. આવે છે જરૂર, હોય છે જરૂર. જ્યાં સુધી (પૂર્ણ) વીતરાગ પર્યાય દશામાં ન પ્રગટે ત્યાં સુધી સમ્યગ્દર્શન, જ્ઞાનપૂર્વક ચારિત્રની રમણતા છે એવા મુનિઓને પણ એવો રાગ આવે છે. પણ એ રાગ બંધનું કારણ છે. સંવર-નિર્જરાનું કારણ નથી. શોભાલાલભાઈ!

મુમુક્ષુ :- વર્તમાન પર્યાય...

ઉત્તર :- શાસ્ત્રની ભક્તિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગ છેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ રાગ એ ક્લેશ છે. રાગ એ જ આકુળતા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ અહીંયાં કહ્યુંને પહેલું? કે જ્યાં સુધી વીતરાગદશા ન હોય ત્યાં સુધી આવ્યા વિના રહે નહિ. ભગવાનની ભક્તિ તો ઠીક, પણ આ વાણીનો પ્રેમ પણ રાગ છે. આ સાંભળવાનો પ્રેમ છે એ પણ રાગ છે. એથી ન આવે એમ નહિ, હોય ખરો. પણ છતાં એ રાગરૂપી આકુળતા છે. એનો બંધ પુણ્ય છે અને એના ફળમાં દેવલોકની કે ચક્રવર્તીની, બળદેવની ઋદ્ધિ ક્લેશપણે (વેદાય છે), એ ઋદ્ધિમાં લક્ષ જશે એટલે ક્લેશ થશે, ત્યાં કાંઈ ભોગમાં સુખ છે નહિ. સમજાય છે કાંઈ? ત્યારે કોઈ કહે કે પણ ત્યારે શું કરવા કરો છો? પણ એ આવ્યા વિના રહે નહિ. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી વચ્ચે એવો રાગ ભક્તિ આદિનો આવ્યા વિના રહેતો નથી. જિનવાણીનો પ્રેમ હોય. એમ પણ કહેવાય કે જિનવાણીથી જ્ઞાન થાય છે. એમ કહેવાય, પણ છે નહિ. જિનવાણી પરવસ્તુ છે. જેમ પ્રતિમા પરવસ્તુ છે, સાક્ષાત્ અરિહંત હોય તોપણ પરવસ્તુ છે. એની પણ ભક્તિનો ભાવ ઉઠે એ શુભરાગ છે. એ કહ્યું ને ૧૭૧માં. અરિહંત, સિદ્ધ, પ્રતિમા આદિ, નામ સ્મરણ ભગવાનનું કરવું નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એ બધો શુભભાવ છે, રાગ છે. સમજાણું કાંઈ?

કહે છે કે આવે છે, એનું ફળ શું છે? કે એનું ફળ બંધ છે. આહાહા..! એની પહેલાં દૃષ્ટિ આવી નિર્મળ કરવી જોઈએ કે એ રાગ કરતા કરતા મારું કલ્યાણ થઈ જશે (એમ નથી). જ્ઞાનીને રાગ આવે છે તો એ સમજે છે કે એટલી મારી ચારિત્રની નબળાઈ છે તો આવો રાગ આવે છે. જિનવાણી માતા, સમયસાર શાસ્ત્ર આદિનું શ્રવણ કરવું, પ્રેમ કરવો એ બધો શુભભાવ વિકલ્પ છે. કેમકે એ પરદ્રવ્ય છે. સમજાણું? એટલે વાંચવું નહિ, એમ નહિ પાછુ ત્યાં.

મુમુક્ષુ :- પણ આપે એમ કીધું કે એમાં ક્લેશ...

ઉત્તર :- પણ એ રાગ છેને? રાગ આવ્યા વિના રહેતો નથી. પાપનો રાગ કેમ આવે છે ઘરે? ઓલા નટુને સાચવવા માટે માથા ફોડીને આટલા વર્ષ થયા તોપણ હજી, શ્વાસ ચડે તોપણ ભેગું જાવું એની સાથે કોર્ટમાં. એ પાપ રાગ આવે છે કે નહિ?

મુમુક્ષુ :- પાપરાગ આવે એમાં તો ક્લેશ છે જ.

ઉત્તર :- આ પુણ્યરાગમાં પણ ક્લેશ મંદ ક્લેશ છે. અશુભરાગ એ તીવ્ર ક્લેશ છે, મંદ રાગ એ મંદ ક્લેશ છે. વીતરાગતા આત્મામાં પ્રગટે એટલી અનાકુળતા આનંદ છે. આવી વસ્તુનો એણે યથાર્થ નિર્ણય તો કરવો કે નહિ? નિર્ણય કર્યા વિના એને સમ્યગ્દર્શન ક્યાંથી થાય? અને સમ્યગ્દર્શન વિના આત્માનો મોક્ષ કદી થતો નથી.

મુમુક્ષુ :- રાગ...

ઉત્તર :- હવે આ ક્લેશ કીધો ને, શું સાંભળ્યું? રાગ પોતે ક્લેશ છે, રાગ વર્તમાન આકુળતા છે. બાયડી, છોકરાનો રાગ તો પાપ આકુળતા છે. અહીં તો પંચ પરમેષ્ઠીનો પ્રેમ અને જિનવાણીનો પ્રેમ પણ મંદ રાગ આકુળતા છે. એ કહ્યું.

'**અર્હંતાદિગત રાગ...**' આદિ શબ્દ છેને. ભગવાનની વાણી સાંભળવી, શ્રવણ એવો વિકલ્પ આવે છે. પણ એ વિકલ્પ છે, પરદ્રવ્ય જેનો વિષય છે. સ્વદ્રવ્યને વિષય બનાવીને જ્ઞાન, દર્શન, ચારિત્ર જેટલા પ્રગટ થાય એટલું શુદ્ધ છે. એ શુદ્ધ છે એ સંવર-નિર્જરા છે. અને પરદ્રવ્યનો વિકલ્પ ઉઠે એટલો આસ્રવ અને બંધ છે. આહાહા..! આવા સમ્યક્ યથાર્થ નવ તત્ત્વની શ્રદ્ધાના ઠેકાણા નથી. આસ્રવ, બંધના કારણને ધર્મ માને, ધર્મના કારણને પરને આશ્રયે થાય એમ માને એ તો બધા તત્ત્વની ભૂલ છે. બરાબર છે દેવીલાલજી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ લાગી જાય? કોણ કરે છે? એ તો બનવાયોગ્ય થશે ત્યારે રાગ આવ્યા વિના રહેશે નહિ. અને મંદિર-બંદિર કોણ રાગવાળો બનાવી શકે છે? કોણ કહે છે? આ પુસ્તક કોણ બનાવી શકે છે? પુસ્તક કાંઈ આત્મા બનાવી શકે છે? જિનવાણીની રચના, વાણીની રચના પણ પુદ્ગલથી થાય છે, આત્માથી નહિ.

મુમુક્ષુ :- કોઈ બનાવશે નહિ.

ઉત્તર :- કોણ બનાવે છે તે બનાવશે નહિ? સસલાના શિંગડા સમજ્યાને? શું કહે છે? ખરગોશ. શિંગડાને કોઈ કાપશે નહિ. પણ છે ક્યાં તે કાપે? એમ વાણીની રચના અક્ષર એક બને છે, એક અક્ષર. ભગ-વાન. ભ-તો એક અક્ષરમાં અનંત પરમાણુનો સ્કંધ છે અને એક એક સ્કંધમાં અનંત અનંત પરમાણુ છે. એક એક પરમાણુ પોતાની પર્યાયથી અક્ષર બને છે. શું વાણીને જીવ બનાવી શકે છે?

મુમુક્ષુ :- આ હિંમતભાઈએ ન બનાવ્યું સાહિત્ય?

ઉત્તર :- ના, ના. હિંતમભાઈને વ્યવહારથી ઓળખાવાય. ક્યાં ગયા મોહનભાઈ? સમજાય છે કાંઈ? એ છેલ્લું આવે છેને આમાં આવ્યું છે કે નહિ? નથી આવ્યું, આમાં નહિ. આમાં આમાં. આ જુઓ અંદર છે ૧૭૩. ૧૭૩ ગાથામાં. ૨૬૭ પાનું. એમાં ૨૬૭. એમાં જુઓ ચોથી લીટી છે.

'**(માર્ગની પ્રભાવના અર્થે જ), પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી જેનું મન અતિ ચલિત થતું હતું એવા મેં આ પંચાસ્તિકાયસંગ્રહ નામનું સૂત્ર કહ્યું—**' સમજાણું કાંઈ? અને પછી છેલ્લો શ્લોક છે જુઓ. છેલ્લો શ્લોક ૨૬૮ પાનું-૨૬૮ પાનું. '**પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ સારી રીતે કહ્યું છે એવા શબ્દોએ...**' છે? શબ્દોએ બનાવ્યું છે પુસ્તક, મેં નહિ. મેં પુસ્તક બનાવ્યું એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! '**પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ...**' નામ યથાર્થ સ્વરૂપ '**સારી રીતે કહ્યું છે એવા...**' એટલે એ શબ્દોએ. '**શબ્દોએ આ સમયની વ્યાખ્યા કરી છે;...**' '**(-અર્થસમયનું વ્યાખ્યાન અથવા પંચાસ્તિકાયસંગ્રહશાસ્ત્રની ટીકા)...** ' શબ્દોએ કરી છે. '**સ્વરૂપગુપ્ત (-અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત) અમૃતચંદ્રસૂરિનું (તેમાં)**

**કાંઈ જ કર્તવ્ય નથી.**' સમજાણું કાંઈ?

શબ્દો તો વાણી છે, અક્ષર ઉઠે છે એ જડમાંથી ઉઠે છે. શું આત્મા શબ્દ બનાવી શકે છે? જેમ ઈશ્વર જગતનો કર્તા એમ માને અને આ એમ માને કે મેં વાણી બનાવી. બધા એક મિથ્યાદષ્ટિ એક વર્ગમાં છે. વાણી જડ છે, અનંત પરમાણુના સ્કંધની અવસ્થા છે. એ સ્કંધની અવસ્થામાં પુદ્ગલની પર્યાય થઈ છે. શું આત્માથી થઈ છે? આહાહા..! ભાઈ! જિનવાણી તો રાખો, ભગવાનની દિવ્યધ્વનિ ભગવાને બનાવી. ભગવાન અરૂપી કેવળજ્ઞાનઘન છે. શું વાણીના કર્તા એ છે? વાણી તો જડ છે. અનંત પરમાણુનો રાશિ-પિંડ છે એનાથી એ પર્યાય બને છે. શું આત્માથી બને છે? સમજાણું કાંઈ? ભારે કઠણ ભાઈ આ જગતને. કઠણ છે. જુઓ! હું કઠણ કહું તો એ પણ કઠણ કહે.

મુમુક્ષુ :- સાચું ગળે ઉતારવાનું ...

ઉત્તર :- ગળે ઉતરે પણ આ ઉતરે એવું છે. પરમાણુ છે કે નહિ? અક્ષર, વાણી શું છે?

મુમુક્ષુ :- પણ પહેલું એમ માને આ શબ્દો એની મેળે...

ઉત્તર :- એની મેળાએ થાય છે આ.

મુમુક્ષુ :- બોલાય છે કે નહિ એની મેળે?

ઉત્તર :- આ શ્વાસ કોને લઈને ચાલે છે? જુઓ આ અંદર. લોકો એમ કહે છે કે શ્વાસ જીવનો સગો નથી. એમ નથી કહેતા? શ્વાસ કેટલો ચાલે છે જુઓ તમારે. ચાલે છે તો આમ આમ ચાલે. તમારો ભાવ છે એ કરવાનો? એ પરમાણુનો પિંડ છે શ્વાસ. મરતા દાખલો નથી આપતો ઘણીવાર? મૃત્યુનો કાળ આવે છે ત્યારે શ્વાસ અહીંયાં નાભિથી છૂટી જાય છે. નાભિથી શ્વાસની ગતિ એક દોરા, બે દોરા ઉપર ખસી જાય છે. તો ખ્યાલમાં આવે કે ખસી ગઈ. નીચે ન ઉતારી શકે. ઘર છોડી દીધું—શ્વાસે ઘર છોડી દીધું. શું આત્મા શ્વાસનો કર્તા છે? આહાહા..! એ શ્વાસની ક્રિયા જડના અનંત રજકણના સ્કંધની ક્રિયા-પર્યાય છે. ખ્યાલ આવે કે ઘર છોડી દીધું. શ્વાસ નીચે નથી બેસતો. ઉપર ઉપર (ચાલે છે). સમજાણું કાંઈ? લોકોમાં એમ કહે છે કે ભાઈ, શ્વાસ જીવનો સગો નથી. તો સગુ કોણ છે? નથી કહેતા? તમારે પણ કહેતા હશે કાંઈક. શું કહે છે તમારે હિન્દીમાં?

મુમુક્ષુ :- શ્વાસ .. રિશ્તા નહીં.

ઉત્તર :- હા, રિશ્તા નથી, નાતો નથી. શ્વાસ સાથે તારો સંબંધ નથી. કોની સાથે તારે સંબંધ છે? શ્વાસ તો કાયમ ચાલે છે, ભાષા તો ક્યારેક ક્યારેક બોલાય છે. એ કાયમ ચાલે છે એ પણ તારું કર્તવ્ય નથી તો વાણી તારું કર્તવ્ય ક્યાંથી થયું?

મુમુક્ષુ :- વાત ગળે ઉતરવી જોઈએ ને?

ઉત્તર :- ગળે ઉતરી એવી વાત છે આ. જડ છે કે ચૈતન્ય વાણી? અને જડ છે

એમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ પોતામાં બને છે કે નહિ? નિમિત્ત શું કરે? નિમિત્ત કર્તા હોય તો તો નિમિત્ત રહેતું નથી. એ સમયે પરમાણુનો સ્કંધ પિંડ પોતાની પર્યાયમાં ભાષાયોગ્ય ઉત્પન્ન થાય છે. પૂર્વની વર્ગણાની પર્યાયનો વ્યય, ભાષાનો ઉત્પાદ, પરમાણુની ધ્રુવતા. એક સમયમાં પરમાણુ ઉત્પાદ, વ્યય, ધ્રુવ એક સમયમાં થાય છે, એ આત્માથી નહિ.

મુમુક્ષુ :- આપણા વિચારો પ્રમાણે સ્કંધો...

ઉત્તર :- વિચારો પ્રમાણે નથી આવતા. એ એને કારણે આવે છે.

મુમુક્ષુ :- આવે છે એને કારણે...

ઉત્તર :- વિચારે કાંઈક અને બોલાઈ જાય કાંઈક. નથી થતું અહીં?

મુમુક્ષુ :- એ તો ક્યારેક એમ બને.

ઉત્તર :- તો એ ક્યારેક, માટે એનો અર્થ એ થઈ ગયો કે તમારા વિચાર પ્રમાણે ભાષા નીકળતી નથી. કહો, હજી આટલા વર્ષે નક્કી કરવું છે હજી?

મુમુક્ષુ : આ તો જરાક...

ઉત્તર :- જરાક જરાક શું પણ હવે ક્યાં સુધી હવે?

મુમુક્ષુ :- આત્માના ભાવની સાથે સંબંધ...

ઉત્તર :- કાંઈ સંબંધ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે નક્કી કર્યું. અત્યાર સુધી હજી મુંડાવ્યું છે કાંઈક.

મુમુક્ષુ :- ભાવ જેવા થાય છે એવી શબ્દરચના એને કારણે...

ઉત્તર :- શબ્દ એને કારણે થાય. શબ્દની રચના આત્મા વિકલ્પ કરે, રાગ કરે તો થાય (એમ) ત્રણ કાળમાં નહિ અને એનું જ્ઞાન કરે કે આમ બોલવું જોઈએ, માટે બોલાય એમ નહિ. ભારે જગતની વાત વાંધા.

અહીં તો કહે છે કે જીવ અને જડ બે જુદા છે કે નહિ? તો જુદો જુદાનું શું કરે? અહીં તો કહે છે એ તો બહાર રહ્યા ભગવાન, ભગવાનની વાણી કહેવામાં આવે છે. વાણી ભગવાને કરી જ નથી. વાણી વાણીથી નીકળી છે. ભગવાન તો નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તનો અર્થ? એને રચી નથી તો નિમિત્ત કહેવામાં આવે છે. એ રચનાર હોય તો એમને નિમિત્ત કહેવાય નહિ, તો કર્તા કહેવાય. સમજાણું કાંઈ? ભારે અભિમાન! ભાષાનું અભિમાન, દેહની ક્રિયાનું અભિમાન. મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું.. કહે છે કે એ વાત તો પર રહી, પણ આ ભગવાન પરદ્રવ્ય છે, એની વાણી પણ પરદ્રવ્ય છે, પ્રતિમા પરદ્રવ્ય છે, જાત્રા સમ્મેદશિખર, ગિરનાર પરદ્રવ્ય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરદ્રવ્ય તો પહેલેથી કીધું હવે એ તો. પહેલા તો એ કીધું કે ભાઈ! બાયડી

છોકરા માટે ત્યાં કોર્ટમાં જાય તો એકલું પાપ છે. પરદ્રવ્યને આશ્રયે ત્યાં પાપ છે અને આ દેવ-ગુરુ-શાસ્ત્રને આશ્રયે જે ઉત્પન્ન થાય એ પુણ્યરાગ છે. મંદ કષાય છે પણ છે રાગ. સમજાણું કાંઈ? કેટલાક એમ બનાવી દે કે સમ્મેદશિખરના દર્શન કરે તો સંસારનો નાશ થઈ જાય છે. મિથ્યા છે.

મુમુક્ષુ :- એકવાર વંદે જો કોઈ...

ઉત્તર :- હા, એકવાર વંદે. વંદે તો શુભભાવ છે. એમાં શું આવ્યું? મોક્ષ-બોક્ષ ક્યાંથી થાય? સમ્મેદશિખરના શું, સાક્ષાત્ અરિહંતના દર્શન સમવસરણમાં અનંત વાર કર્યા અને કલ્પવૃક્ષના ફૂલ, હીરાના થાળ અને મણિરત્નના દીવા. હો, થાય છે. એ ક્રિયા પરથી થાય છે, ભાવ પોતામાં થાય છે, પણ એ ભાવ શુભવિકલ્પ રાગ છે. એ સંવર નિર્જરા છે કે મુક્તિનું કારણ છે એમ નથી. ઓહોહો..! કહો, અહીં તો એ વાત હવે નાના નાના છોકરા પણ સમજે છે અહીં તો. સમજાણું?

**'દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતર્દાહનું કારણ સમજીને, સાક્ષાત્ મોક્ષનો અભિલાષી મહાજન...'** અરે..! મહાજન! હે ધર્માત્મા! એ **'સઘળાય પ્રત્યેના રાગને છોડી,...'** બાયડી, છોકરા, કુટુંબનો રાગ તો છોડી દીધો. હવે અહીંયાં દેવ, ગુરુ અને શાસ્ત્ર, વાણીનો રાગ છે એ પણ છોડીને સ્થિર થા એમ કહેવું છે. સમજાણું કાંઈ? રાગ છોડીને અશુભ રાગ કર એમ નથી કહેવું. પણ એ શુભરાગ છોડીને શુદ્ધમાં રમે તો મુક્તિ થશે, નહિતર મુક્તિ થશે નહિ. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

**'સાક્ષાત્ મોક્ષનો અભિલાષી મહાજન...'** મહાજન. આત્માને કહે છે, હે મહાજન! હે મોટા આત્મા! **'સઘળાય પ્રત્યેના રાગને છોડીને,...'** આ તો સાક્ષાત્ મોક્ષમાર્ગ બતાવવો છેને? તો **'સઘળાય પ્રત્યેના રાગને છોડીને,...'** એ જિનવાણી, આગમ, પ્રતિમા, દેવ અને ગુરુ એ પ્રત્યેનો રાગ છે એ બહિર્ વિષયનો રાગ છે. સમજાણું કાંઈ? એ ભજન-બજન કરવા, ભક્તિ કરવી, આમ કરવું એ બધો શુભરાગ છે. ક્રિયા તો જડથી થાય છે, આત્માથી નહિ. એ ઢોલક-બોલક વાગે છે, વીણા વાગે છે એ આત્માથી નહિ. એમાં ભક્તિનો રાગ આવે એટલો શુભરાગ છે, પણ એ રાગ બંધનું કારણ છે એવો એણે નિર્ણય કરવો જોઈએ. એ રાગ કરતા કરતા સમ્યગ્દર્શન થશે અને રાગ કરતા કરતા કેવળજ્ઞાન થશે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? ભારે રાડ પાડે છે લોકો કે અરર..! આવા શુભરાગ (કરે છે). પણ એ નક્કી તો કર. શુભરાગને.. ભાઈ! પહેલા દૃષ્ટિમાં તો છોડવાયોગ્ય છે એમ નિર્ણય તો કર. જ્ઞાનમાં અને દૃષ્ટિમાં એ રાગ આદરણીય નથી. આવે છે, હોય છે, ઉપાદેય નથી. ઉપાદેય તો અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ઉપાદેય છે. સમજાણું કાંઈ? એવી જ્યારે નિર્ણયની ભૂમિકા પણ સાચી ન કરે તો કદી તેને સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..!

અરે..! મહાજન! ઓહો..! આચાર્યે જુઓને કેવો શબ્દ વાપર્યો છે! સમજાણું? .. મહાજન! **'સઘળાય પ્રત્યેના રાગને છોડી,...'** ભગવાન આત્મા એકલો નિર્મળ નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ, એકરૂપ વસ્તુ ત્રિકાળ શુદ્ધ એનું લક્ષ કરીને એને વિષય ઉગ્રપણે બનાવો અને પરદ્રવ્યનો રાગનો વિષય છોડી દે. અહીં તો પૂર્ણ સાક્ષાત્ મોક્ષમાર્ગ બતાવવો છેને, સાક્ષાત્ મોક્ષમાર્ગ. સમજાણું કાંઈ? **'અત્યંત વીતરાગ થઈ,...'** અત્યંત વીતરાગ થઈને. એટલો પણ રાગ છોડીને અંદર સ્વરૂપમાં અંતર વીતરાગ થઈને **'જેમાં બળબળતા દુઃખસુખના કલ્લોલો ઊછળે છે...'** જેમાં બળબળતા. પાણી ઉકળતું હોય ને પાણી પાણી? ચોખા રાંધે છે ને ચોખા? પાણીમાં ખદબદ ખદબદ થાય છેને, પૈસા પડે એવું પાણી. ઉકળતું પાણી કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ પાણી. **'બળબળતા દુઃખસુખના કલ્લોલો ઊછળે છે અને જે કર્માગ્નિ વડે તપ્ત, કકળાટવાળા જળસમૂહની અતિશયતાથી ભયંકર છે એવા ભવસાગરને પાર ઊતરી,...'** ભવસાગર કેવો છે? કે બળબળતા દુઃખસુખના કલ્લોલો. દુઃખ સુખ. સુખ એટલે? આત્માનું સુખ નહિ. આ કલ્પના (કે) અમને પૈસા મળ્યા, બાયડી છે ને આ ધૂળ મળી એમાં જે કલ્પના થાય કે અમે સુખી છીએ, એ સુખ પણ દુઃખનું કલ્લોલ છે.

મુમુક્ષુ :- ફેંસલો કરી નાખ્યો.

ઉત્તર :- ફેંસલો.

એ **'દુઃખસુખના કલ્લોલો ઊછળે છે...'** કલ્પનામાં દુઃખ-સુખની કલ્પના ઉછળે છે **'અને જે કર્માગ્નિ વડે તપ્ત,...'** ભવસાગર છે. કર્મરૂપી અગ્નિ લાગી છે. રાગ-દ્વેષ... રાગ-દ્વેષ... રાગ-દ્વેષ... **'કકળાટવાળા...'** ખળબળ.. ખળબળ.. **'જળસમૂહની અતિશયતાથી ભયંકર...'** કકળાટવાળા એવા જળનો સમૂહ એવી અગ્નિ **'એવા ભવસાગરને પાર ઊતરી,...'** આહાહા..! સ્વર્ગમાં પણ ક્લેશ, નરકમાં પણ ક્લેશ, શેઠાઈમાં ક્લેશ, રાંકાઈમાં ક્લેશ, ચક્રવર્તીપદમાં ક્લેશ, સ્ત્રીના સંગમાં ક્લેશ, ભગવાનના સંગમાં જઈને વાણી સાંભળી એ પણ રાગનો ક્લેશ. આહાહા..! સમજાણું કાંઈ? આવે છે એ બીજી વાત છે. જ્યાં સુધી પૂર્ણ કેવળજ્ઞાન અને વીતરાગ ન થાય ત્યાં સુધી આવ્યા વિના રહે નહિ. ઈ હમણાં કહેશે. પણ છે એ રાગ બંધનું કારણ. એવો એણે નિર્ણય કરવો જોઈએ. ત્યાંથી દૃષ્ટિ હટાવીને સ્વરૂપમાં સ્થિર થશે ત્યારે કેવળજ્ઞાન પામશે. એ સિવાય પામશે નહિ. સમજાણું કાંઈ?

**'શુદ્ધસ્વરૂપ પરમામૃતસમુદ્રને અવગાહી,...'** જુઓ! એ ભવસાગર તો રાગ છે. એ રાગને છોડીને ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ પરમામૃતસમુદ્ર. ભગવાન આત્મા એકરૂપ ત્રિકાળ, પરમ અમૃતસમૂહ. પરમ અતીન્દ્રિય અમૃતનો સ્વરૂપ ઢગલો છે આત્મા નિત્યાનંદ, અવગાહીને-પ્રવેશીને-જેમ સમુદ્રમાં જાય છે તો મોતી મળે છે. આ મોતી નહિ? નીચે મોતી પડ્યા હોય. એમ ભગવાન આત્મા અમૃતનો સમુદ્ર, શુદ્ધ સ્વરૂપ પરમ અમૃતના સમુદ્રને અવગાહીને અંતર્મુખ

પ્રવેશીને, અંતરમાં પ્રવેશીને '**શીઘ્ર નિર્વાણને પામે છે.**' એ શીઘ્ર નામ અલ્પ કાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મુક્તિ થાય છે. એ રાગથી છૂટીને સ્વરૂપમાં સ્થિરતા કરે છે ત્યારે મુક્તિ થાય છે. જ્યાં સુધી રાગ રહે છે, સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને, ચારિત્રવંતને પણ જેટલો રાગ રહે ત્યાં સુધી તેને દેવલોકાદિના ક્લેશમાં જાવું પડશે. ત્યાંથી નીકળીને જ્યારે રાગ છોડશે ત્યારે કેવળજ્ઞાન પામશે. સમજાણું કાંઈ?

'**વિસ્તારથી બસ થાઓ.**' આચાર્ય મહારાજ કહે છે, વિસ્તારથી બસ થાઓ. આ ૯૦૦ વર્ષ પહેલાની ટીકા છે. અમૃતચંદ્રાચાર્ય. બે હજાર વર્ષ પહેલાંની આ ગાથા છે. મહા જૈનદર્શન નહિ પણ વસ્તુદર્શનનો સાર. જગતનું દર્શન, એનો સાર. જૈનદર્શન કોઈ બાહ્યમાં નથી રહેતું. જૈનદર્શન પોતાની પર્યાયમાં ભાવશ્રુતજ્ઞાનની પરિણતિ રાગરહિત થવી એનું નામ જૈનશાસન. આહાહા..! સમજાણું કાંઈ? જૈનશાસન. એ પંદરમી ગાથામાં કહ્યું છેને, સમયસાર.

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।**
**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।**

જેણે પોતાના આત્માને કર્મબંધથી રહિત, વિકારથી રહિત, ભેદથી રહિત, અનેક પર્યાયનો ભંગ ઉઠે એનાથી રહિત એકરૂપ, કષાય અગ્નિ વિકલ્પથી પણ રહિત એકરૂપ એવા પોતાના આત્માને જે અંતરમાં પ્રતીત, અનુભવમાં દેખે છે એણે આખું જૈનશાસન દેખ્યું. સમજાણું કાંઈ? આહાહા..! એ ૧૫મી ગાથામાં આવ્યું. '**पस्सदि जिणसासणं सव्वं**' ભગવાન કુંદકુંદાચાર્યની ગાથા છે. સમયસાર-૧૫મી. સમજાણું કાંઈ?

તો કહે છે, અરે..! આત્મા! વિસ્તારથી હવે બસ થાઓ. જયવંત વર્તે વીતરાગતા. '**સાક્ષાત્‌મોક્ષમાર્ગનો સાર હોવાથી શાસ્ત્રતાત્પર્યભૂત છે.**' સાક્ષાત્‌મોક્ષમાર્ગનો સાર હોવાથી શાસ્ત્રનું તાત્પર્ય ફળ વીતરાગતા છે. એ આખા શાસ્ત્રનો સાર નામ માખણ છે. હવે '**તાત્પર્ય દ્વિવિધ હોય છે :**' તાત્પર્ય નામ સાર બે પ્રકારના છે. એક '**સૂત્રતાત્પર્ય...**' એ નીચે. '**એકેક ગાથાસૂત્રનું તાત્પર્ય તે સૂત્રતાત્પર્ય છે.**' દરેક ગાથામાં શું કહેવું છે એ ત્યાંથી જાણવું એ સૂત્રતાત્પર્ય. અને આખા શાસ્ત્રમાં શું કહેવું છે એ જાણવું એ (શાસ્ત્રતાત્પર્ય) વીતરાગતા.

'**સૂત્રતાત્પર્ય અને શાસ્ત્રતાત્પર્ય. તેમાં, સૂત્રતાત્પર્ય સૂત્રદીઠ (ગાથાદીઠ) પ્રતિપાદિત કરવામાં આવ્યું છે;...**' સમજાણું કાંઈ? '**અને શાસ્ત્રતાત્પર્ય હવે પ્રતિપાદિત કરવામાં આવે છે :-**' બતાવવું છે વીતરાગ. પણ જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા નિશ્ચય હોવા છતાં એને વ્યવહારનો રાગ કેવો આવે છે, એવા નિશ્ચય અને વ્યવહારને અવિરોધ સિદ્ધ કરવા. સમજાણું કાંઈ? આ ગાથા મોટી છે. ઘણા દિવસ સુધી ચાલશે. ઘણી લાંબી ગાથા છે.

'**સર્વ પુરુષાર્થોમાં સારભૂત...**' જુઓ! સર્વ પુરુષ. પુરુષ એટલે? અર્થ. પુરુષ અર્થ-પુરુષ પ્રયોજન. '**(પુરુષાર્થોના ચાર વિભાગ પાડવામાં આવે છે : ધર્મ,...**' નામ પુણ્યનો

પુરુષાર્થ, '**અર્થ,...**' નામ લક્ષ્મીનો પુરુષાર્થ, '**કામ,...**' નામ ભોગનો પુરુષાર્થ, '**મોક્ષ;...**' નામ વીતરાગ થવાનો પુરુષાર્થ. '**પરંતુ સર્વ પુરુષ-અર્થોમાં મોક્ષ જ સારભૂત (તાત્ત્વિક) પુરુષ-અર્થ છે.)**' આત્માનું પ્રયોજન મોક્ષનો સાર પ્રયોજન છે. લક્ષ્મીનો પુરુષાર્થ રાગનો, પાપનો, ભોગનો પુરુષાર્થ પાપના—બેય અશુભ છે અને પુણ્યનો પુરુષાર્થ એ શુભ છે. અને ત્રીજો વીતરાગનો પુરુષાર્થ એ મોક્ષ છે. સમજાણું કાંઈ? ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મ શબ્દે અહીંયાં પુણ્ય લેવું. રાગની મંદતા પુણ્ય છે એને અહીંયાં વ્યવહારધર્મ કહેવામાં આવે છે. અને લક્ષ્મી છે એ પુણ્યનું ફળ છે, એ અર્થની પ્રાપ્તિ કરવી એ પાપ પુરુષાર્થ છે. અને ભોગ લેવો એ પણ પાપ પુરુષાર્થ છે. બે પાપ છે, એક પુણ્ય છે, મોક્ષ વીતરાગતા છે. સમજાણું કાંઈ? મોક્ષ પુરુષાર્થ કરવો એ જ ખરેખર જીવનો પ્રયોજનભૂત અર્થ છે.

'**સર્વ પુરુષાર્થોમાં સારભૂત એવા મોક્ષતત્ત્વનું પ્રતિપાદન કરવાના હેતુથી...**' મોક્ષ તત્ત્વનું પ્રતિપાદન કરવાના હેતુથી હોં! '**જેમાં પંચાસ્તિકાય...**' ભગવાને પંચાસ્તિકાય વર્ણન કર્યું. પંચાસ્તિકાય સમજ્યા? એક કાળ સિવાય જીવ, પુદ્‌ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. '**અને ષડ્‌દ્રવ્ય...**' એમાં કાળ આવી ગયો. '**ષડ્‌દ્રવ્યના સ્વરૂપના પ્રતિપાદન વડે સમસ્ત વસ્તુનો સ્વભાવ દર્શાવવામાં આવેલ છે,...**' આ પંચાસ્તિકાયમાં ભગવાનની વાણીએ સમસ્ત પંચાસ્તિકાય, ષટ્‌દ્રવ્ય, નવ તત્ત્વ એ સમસ્ત કહ્યા.

'**નવ પદાર્થના વિસ્તૃત કથન વડે જેમાં...**' એ છના નવ. '**જેમાં બંધ-મોક્ષના સંબંધી (સ્વામી),...**' બતાવ્યો. બંધનો સ્વામી અજ્ઞાની રાગ, દ્વેષ આદિ. મોક્ષનો સ્વામી વીતરાગી દેવ વગેરે. '**બંધ-મોક્ષનાં આયતન (સ્થાન)...**' ભાવ બતાવ્યા. એ બંધનો ભાવ વિકારભાવ, મોક્ષનો ભાવ નિર્વિકાર બતાવ્યો. '**બંધ-મોક્ષના વિકલ્પ (ભેદ) પ્રગટ કરવામાં આવ્યાં છે,...**' બંધના ભેદ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. મોક્ષનો ભેદ નિશ્ચય અને વ્યવહાર. સમજાણું કાંઈ? અથવા મોક્ષનો દ્રવ્ય અને ભાવ બે (ભેદ). બે દ્રવ્યમોક્ષ અને બે ભાવમોક્ષ. કર્મનું છૂટવું એ દ્રવ્યમોક્ષ છે અને વીતરાગપણું પ્રાપ્ત થવું કેવળજ્ઞાન એ ભાવમોક્ષ છે. સમજાણું કાંઈ? '**બંધ-મોક્ષનાં આયતન (સ્થાન)...**' નામ ભાવ બતાવ્યા. બંધ-મોક્ષના ભેદ બતાવ્યા.

'**નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગનું જેમાં સમ્યક્ નિરૂપણ કરવામાં આવ્યું છે...**' હવે આવ્યું. ભગવાનના શાસ્ત્રમાં પંચાસ્તિકાય આદિ શાસ્ત્રમાં નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગ, જેમાં સમ્યક્ નિરૂપણ કરવામાં આવ્યું છે. જુઓ, હવે વ્યવહાર આવ્યો. મોક્ષમાર્ગનું કથન બે પ્રકારનું છે. મોક્ષમાર્ગ તો એક જ છે—નિશ્ચયમોક્ષમાર્ગ. પણ કથન બે પ્રકારના આવે છે. પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા એ નિશ્ચયમોક્ષમાર્ગ યથાર્થ છે. સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ, નવ તત્ત્વની શ્રદ્ધા, અગિયાર અંગનું જ્ઞાન આદિ અને પંચ મહાવ્રતના પરિણામ એ વ્યવહારમોક્ષમાર્ગને નિમિત્ત દેખીને વ્યવહારમોક્ષમાર્ગનો આરોપ આપવામાં આવ્યો

છે. સમજાણું કાંઈ?

**'નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગનું જેમાં સમ્યક્ નિરૂપણ કરવામાં આવ્યું છે...'** નિરૂપણ. સમ્યક્ નિરૂપણ કરવામાં આવ્યું છે. સાચું સ્વરૂપ વ્યવહારનું શું, નિશ્ચયનું શું એ કહેવામાં આવ્યું છે. **'તથા સાક્ષાત્ મોક્ષના કારણભૂત પરમવીતરાગપણામાં જેનું સમસ્ત હૃદય રહેલું છે-'** લ્યો! નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગની કથની કરી, પ્રરૂપણા કરી, પણ **'સાક્ષાત્ મોક્ષના કારણભૂત પરમવીતરાગપણામાં જેનું સમસ્ત હૃદય...'** એ ભગવાનના જ્ઞાનની વાણીમાં સાક્ષાત્ વીતરાગતા ભરી છે. એનું હૃદય વીતરાગ છે. સમજાણું કાંઈ? હાર્દ-હાર્દ કહે છે ને? શું લખ્યું છે? હૃદય-હૃદય. આખા શાસ્ત્રનું હૃદય વિકલ્પ અને નિમિત્તથી ખસીને પોતાના સ્વભાવમાં દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા કરવી એ સમસ્ત શાસ્ત્રનું હૃદય છે. એ સમસ્ત શાસ્ત્રનું હૃદય છે. રાગ કરાવવો નથી, રાગ આવે છે એનું જ્ઞાન કરાવવું છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, નવ તત્ત્વની શ્રદ્ધા ભેદવાળી, પંચ મહાવ્રતના પરિણામ મુનિને આવે છે. આવે છે એનું જ્ઞાન કરાવવું છે. પણ (રાગ) રાખવો છે એમ નથી કહેવું. સમજાણું કાંઈ?

**'મોક્ષના કારણભૂત પરમવીતરાગપણામાં...'** શું કહ્યું? મોક્ષનું કારણ વીતરાગતા કહ્યું. મોક્ષનું કારણ, શુભરાગ એ મોક્ષનું કારણ નથી. **'જેનું સમસ્ત હૃદય રહેલું છે—એવા આ ખરેખર પારમેશ્વર શાસ્ત્રનું,...'** જુઓ! આ પારમેશ્વર શાસ્ત્ર છે. પરમેશ્વર શાસ્ત્ર, જિન ભગવાનનું શાસ્ત્ર, ભાગવત શાસ્ત્ર, દૈવી શાસ્ત્ર, પવિત્ર શાસ્ત્ર. એટલા વિશેષણ શાસ્ત્રના આપ્યા. એ ભાગવત છે, આ ભાગવત વંચાય છે. અન્યમાં કહે છેને, ભાગવત પુરાણ. વીતરાગ ભગવાનનું ભાગવત, વીતરાગ ભગવાનની વાણી પરમેશ્વર દૈવી શાસ્ત્ર, દૈવી શાસ્ત્ર, પવિત્ર શાસ્ત્ર. શાસ્ત્રને પણ પવિત્ર કહેવામાં આવ્યું છે. **'આ ખરેખર પારમેશ્વર શાસ્ત્રનું, પરમાર્થે વીતરાગપણું જ તાત્પર્ય છે.'** કરી કરીને વીતરાગપણું જ કરવું એ એનું તાત્પર્ય છે. ત્યાં સુધી તો ઠીક.

હવે કહે છે, **'તે આ વીતરાગપણાને વ્યવહાર-નિશ્ચયના...'** જુઓ! એમાં વ્યવહાર પહેલો શબ્દ લીધો છે. એટલે કોઈને તર્ક એમ થાય કે પહેલા વ્યવહાર અને નિશ્ચય પછી. આપણે અર્થ પણ એના તરફથી કરવો જોઈએ ને. પહેલાં લીધું હતું એમાં નિશ્ચય અને વ્યવહાર. ક્યાં? બીજી લીટીમાં. **'નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગનું જેમાં સમ્યક્ નિરૂપણ કરવામાં આવ્યું છે...'** સમજાણું કાંઈ? અહીંયાં લીધું કે **'વીતરાગપણાને વ્યવહાર-નિશ્ચયના અવિરોધ વડે...'** નિશ્ચય અને વ્યવહાર પરસ્પર સાપેક્ષ વિરોધરહિત હોવા જોઈએ. સમજાણું કાંઈ? ખુલાસો પછી કરશે હવે. અવિરોધ નીચે છેને? અવિરોધમાં બગડો કર્યો જુઓ. જરી સમજાવા માટે.

**'વીતરાગપણાને વ્યવહાર-નિશ્ચયના અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો**

**ઈષ્ટસિદ્ધિ થાય છે, પરંતુ અન્યથા નહિ (અર્થાત્ વ્યવહાર અને નિશ્ચયની સુસંગતતા રહે...'** મેળ. **'એવી રીતે વીતરાગપણાને અનુસરવામાં આવે તો જ ઈચ્છિતની સિદ્ધિ થાય છે, બીજી રીતે નથી થતી.)'** હવે નીચે બગડો. **'છઠ્ઠા ગુણસ્થાને...'** જરી આ નિશ્ચય-વ્યવહારની સંધિ કરે છે. મુનિદશા થાય છે તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અનુભવપૂર્વક વીતરાગતા, ત્રણ કષાયનો અભાવ, એવી છઠ્ઠે ગુણસ્થાને મુનિદશા હોય છે. એ દૃષ્ટાંત આપે છે. **'મુનિયોગ્ય શુદ્ધપરિણતિ નિરંતર હોવી...'** નિશ્ચય સાધ્ય નથી, નિશ્ચયમોક્ષમાર્ગ નથી છઠ્ઠે. પણ શુદ્ધ પરિણતિ જે અભેદ સાધન છે એ તો કાયમ નિશ્ચય રહેવું. શું કહે છે? સાધ્ય તો નિશ્ચય મોક્ષમાર્ગ સાતમું ગુણસ્થાન છે. એનું છઠ્ઠા ગુણસ્થાનમાં સાધ્ય (એ) નિશ્ચય મોક્ષમાર્ગ... સાધન સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિની સ્થિરતા એ એનું સાધન છે. જેટલી શુદ્ધિ પ્રગટી એ સાધન અને સાતમું ગુણસ્થાન સાધ્ય. આ નિશ્ચય સાધ્યસાધન. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... મોક્ષમાર્ગ.

ઉત્તર :- મોક્ષમાર્ગનું કારણ થયું, સાધન થયું. મોક્ષમાર્ગ અહીં સાતમે લે છે. શુદ્ધ ઉપયોગ સાતમે થાય છે અહીંયાં ઈ વાત લેવી છે. અહીંયાં પરિણતિ જેટલી શુદ્ધ થઈ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ત્રણ કષાયના અભાવની પરિણતિ છે એ સાધ્ય(રૂપ) નિશ્ચય મોક્ષમાર્ગ યોગ્ય સાતમું ગુણસ્થાન છે એનું સાધન. સમજાણું કાંઈ? આહાહા..! અને **'શુદ્ધ પરિણતિ નિરંતર હોવી તેમ જ મહાવ્રતાદિસંબંધી શુભભાવો યથાયોગ્યપણે હોવા...'** મુનિને અઠ્ઠાવીશ મૂળગુણનો વિકલ્પ, અહિંસા, સત્ય, દત્તનો વિકલ્પ એ ભૂમિકામાં હોય છે. સમજાણું કાંઈ? **'યથાયોગ્યપણે હોવા...'** શુભભાવ આવે છે... પરિણતિ શુદ્ધ છે અને પંચ મહાવ્રત અને અઠ્ઠાવીશ મૂળગુણનો રાગ આવ્યો એ શુભ છે.

હવે આ સમજવાની વાત અહીંયાંથી આવી. **'તે નિશ્ચય-વ્યવહારના અવિરોધનું (સુમેળનું) ઉદાહરણ છે.'** સુમેળ. સુમેળનો અર્થ? કે જ્યાં પોતાના સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા થઈ એ નિશ્ચય સાધ્યનું સાધન. નિશ્ચય સાધ્ય શુદ્ધ ઉપયોગ સાતમું ગુણસ્થાન, એનું એ સાધન એ નિશ્ચય. એની સાથે પંચ મહાવ્રતાદિ અઠ્ઠાવીશ મૂળગુણનો રાગ આવે એ વ્યવહાર. ત્યાં એવો જ એવો રાગ આવે, બીજો રાગ આવે નહિ. છઠ્ઠા ગુણસ્થાને વસ્ત્ર-પાત્ર લેવાનો રાગ નથી આવતો. તો ગુણસ્થાન રહેતું નથી. આધાકર્મી એના માટે બનાવેલો આહાર લેવાનો વિકલ્પ નથી. એવો શુભરાગ અઠ્ઠાવીશ મૂળગુણનો, એકવાર આહાર લેવો, ઊભા ઊભા આહાર લેવો એ બધો વિકલ્પ છે, શુભભાવ છે. એ નિશ્ચયની સાથે, નિશ્ચય સાધનની સાથે એવો વ્યવહારના સાધનની સુસંગતા મેળ છે. બીજા રાગની તીવ્રતા આદિ એની સાથે સુસંગત નથી. સમજાણું કાંઈ?

ફરીથી. અહીં વીતરાગપણું વ્યવહાર-નિશ્ચયના અવિરોધ દ્વારા લખ્યું છે તો અવિરોધનો

અર્થ શું? કે સુંસગત મેળ બરાબર નિશ્ચય-વ્યવહારનો. તો એનો અર્થ શું? પોતાના આત્મામાં જેટલો સ્વદ્રવ્ય જ્ઞાયકમૂર્તિનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન અને લીનતા છે એ તો નિશ્ચય સાધન છે. શુદ્ધ પરિણતિ નિશ્ચયસાધન છે. કોનું? સપ્તમ ગુણસ્થાનને યોગ્ય નિશ્ચય મોક્ષમાર્ગનું. અને એ સાધનની સાથે અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ હોય છે મુનિને. વસ્ત્ર-પાત્ર લેવાનો, આધાકર્મી આદિ લેવાનો કે ભોગનો વિકલ્પ કે એવો હોતો નથી. તો એવી ભૂમિકામાં કષાયની મંદતા એ પ્રકારની છે એ નિમિત્તરૂપ છે, તો ઉપાદાનની શુદ્ધ પરિણતિ નિશ્ચય એની સાથે વ્યવહારની રાગમંદતા વ્યવહાર સાધન, એ બેયની એવી સુસંગતી હોવી જોઈએ. સમજાણું કાંઈ? કોઈ કહે કે અમને છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધ પરિણતિ તો પ્રગટ થઈ છે, પણ ભાવ અમારે હજી ભોગનો, વસ્ત્ર લેવાનો, પાત્ર લેવાનો, અમારા માટે બનેલો આહાર લેવાનો ભાવ અમને આવે છે અને એ અમારો વ્યવહાર છે. તો એ વ્યવહાર છે નહિ. એ સુમેળ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જેમ કેસર હોયને કેસર? તો કેસરનું નિમિત્ત ડબ્બો પણ કઠણ હોવો જોઈએ. કોથળામાં કેસર ન રહે. કોથળો સમજો છો? બારદાન—બોરી. એમાં કેસર ન રહે. એ તો ભૂક્કો થઈને નીકળી જાય. દાણા રહી શકે, નાળિયેર રહી શકે કોથળામાં. કેસર રહે? તો ડબ્બો પણ કેસરને અનુકૂળ સુસંગત ડબ્બાનું નિમિત્ત છે. ડબ્બો કહો, બરણી કહો, એ નિમિત્તનું સુસંગત એવું જ હોય. એમ નિશ્ચય આત્મા, પોતાના આત્માની સ્વઆશ્રયે દૃષ્ટિ, જ્ઞાન, લીનતા થોડી થઈ તે નિશ્ચય—સાધન નિશ્ચય. એની સાથે સુસંગત અઠ્યાવીશ મૂળગુણનું હોવું, નવ તત્ત્વની શ્રદ્ધા ભેદનું હોવું, છ દ્રવ્યની ભેદવાળી શ્રદ્ધા હોવી, પંચ મહાવ્રતના પરિણામ થવા, ભગવાને કહેલા શાસ્ત્રનું વ્યવહારું જ્ઞાન હોવું એટલું નિમિત્ત નિશ્ચયની સાથે સુસંગત છે. બીજું નિમિત્ત સુસંગત છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

એમ પાંચમા ગુણસ્થાનને યોગ્ય પણ, પાંચમા ગુણસ્થાનને યોગ્ય શ્રાવકને પોતાના શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ અને જેટલી શાંતિ, સ્થિરતા પ્રગટી—શુદ્ધ પરિણતિ, એની સાથે નિમિત્ત બાર વ્રતનો વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ એટલું એ પંચમ ગુણસ્થાનને અનુકૂળ નિમિત્તરૂપ વ્યવહાર છે. વ્યવહારથી અનુકૂળ હોં, નિશ્ચયથી નહિ. નિશ્ચય અને વ્યવહારની સંધિનો એટલો સુમેળ સુસંગતી છે, બીજી સુસંગતી નથી. અમે સાચા શ્રાવક થયા છીએ અને હવે અમે કુગુરુને માનીએ છીએ, હનુમાનને માનીએ છીએ. બધાને પગે લાગીએ છીએ અને બધા અમારા દેવ છે એવો વિકલ્પ છે એ અહીંયાં અનુકૂળ નિમિત્ત જ નથી. એને અનુકૂળ નિમિત્ત એટલું વિકલ્પમાં કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, બાર વ્રતના વિકલ્પ, એવો ભાસ એ જ એમાં અનુકૂળ નિમિત્ત વ્યવહારની સુસંગતી, નિશ્ચયની પરિણતિ સાથે એટલી સુસંગતી છે. સમજાણું કાંઈ? તારાચંદજી! ઓહોહો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વ્યવહારથી મૈત્રી, નિશ્ચયથી વિરુદ્ધ. અહીંયાં વ્યવહારથી વાત ચાલે છે ને? સમજાણું કાંઈ? નિશ્ચય પોતાની શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાનની સાથે જેટલો અનુકૂળ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ નિમિત્ત છે તો અનુકૂળ વ્યવહારથી કહેવામાં આવ્યું. વ્યવહારથી મૈત્રી કહેવામાં આવે છે. નિશ્ચયથી મૈત્રી નથી. એ રાગ છે. આત્માના સ્વભાવની પરિણતિ અરાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? સમજવાની ચીજ છે એને સમજે નહિ, શ્રદ્ધા કરે નહિ અને એમાં ધર્મ થઈ ગયો, લ્યો ધર્મ થઈ ગયો અમારે. હું શુદ્ધ છું, હું શુદ્ધ છું, ધર્મ થઈ ગયો. શું શુદ્ધ છે? શુદ્ધ તો ત્રિકાળ એકરૂપ આત્મા છે. એનું અંતર અવલંબન કરીને શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા જેટલી અરાગી થાય છે એટલું તો શુદ્ધ સાધન છે, શુદ્ધ સાધન છે. એ સાધનની સાથે, જુઓ! એક સમયમાં બે સાધન છે. એક સમયમાં બે સાધન છે. સાધ્ય સાતમા ગુણસ્થાનને યોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગ. સાધન એક સમયમાં બે છે. પણ બેય સાધનનો ભાવફેર છે. નિશ્ચય સાધન શુદ્ધદશા, વ્યવહારસાધન રાગ. તો બેનો કાળ સાધનનો એક છે, બેના સાધનનો કાળ એક છે. બેના ભાવમાં ફેર છે. સમજાણું કાંઈ? સાધ્ય સાતમું છે. તો સાધ્યનો સ્વામી ભિન્ન છે. સાતમા ગુણસ્થાનવાળો સ્વામી છે. નીચલાવાળાનો સાધનનો સ્વામી છઠ્ઠું ગુણસ્થાન, સાતમાનો સ્વામી સપ્તમ ગુણસ્થાન છે. અને સાધ્ય છે અખંડ ત્રિકાળ ત્રણની એકતા એ ભાવ છે, નીચે શુદ્ધ પરિણતિ અપૂર્ણ, સમજાણું કાંઈ? એવો ભાવ. બેના ભાવમાં ફેર છે. એ પછી આવશે હવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બે ફેર છે. શું ફેર છે એ વિશેષ (કાલે આવશે), વખત થઈ ગયો છે.

એ વાત કહે છેને કોઈ કે સાધનનો સ્વામી બીજો, સાધ્યનો સ્વામી બીજો, કાળ બીજો, ભાવ બીજો. એમ છે નહિ. એનું સ્પષ્ટીકરણ વિશેષ આવશે...

(મુમુક્ષુ :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૬, શનિવાર, તા. ૧૨-૯-૧૯૬૪**
**ગાથા - ૧૭૨, પ્રવચન - ૧૯**

૨૫૬ હિન્દી. '(**ઉપરોક્ત વાત વિશેષ સમજાવવામાં આવે છે :—**)' શું કહે છે? બધા શાસ્ત્રનો સાર તો વીતરાગપણું છે. વીતરાગપણું પ્રગટ કરવું એ બધા શાસ્ત્રનું હાર્દ નામ હૃદય છે. પણ એ વીતરાગપણું વ્યવહાર અને નિશ્ચયનું સુસંગતપણું, સુસંગત. નિશ્ચય અને વ્યવહારનું એકબીજા સાથે યથાર્થ મિલાન—મેળ કેવો હોય છે? એમ જો (મેળ) થાય તો ઈષ્ટ સિદ્ધિ થાય છે. નહિતર ઈષ્ટસિદ્ધિ થતી નથી. એ વાત વિશેષ સમજાવે છે.

'**અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે...**' અનાદિ કાળનો આત્મા છે એને અભેદપણું અનંત કાળમાં કદી થયું નથી. આત્મા અખંડ આનંદ અને જ્ઞાન ચૈતન્યમૂર્તિ એના સ્વરૂપમાં અનાદિથી કદી અભેદપણું પૂર્ણ થયું નથી. સમજાણું કાંઈ? તો '**અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો વ્યવહારનયે...**' પ્રાથમિકનો અર્થ છઠ્ઠા ગુણસ્થાનવાળા મુખ્યપણે (અને) ગૌણપણે ચોથા અને પાંચમા સમ્યગ્દૃષ્ટિ જીવ.... મિથ્યા ભેદ અનાદિ કાળથી ટળ્યો નથી. સમ્યગ્દર્શન થયું, આત્માનું ભાન થયું, શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક હું આનંદ છું એવી દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા અંશે થઈ હોવા છતાં અનાદિ કાળની ભેદવાસિત (અર્થાત્) હજી રાગની વાસનાવાળી બુદ્ધિ છે. એ જ્ઞાનીને ભેદવાસના હજી ટળી નથી. સમજાણું કાંઈ? '**અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો...**' પ્રાથમિક નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને શુદ્ધતાનો અંશ થોડું ચારિત્ર પ્રગટ્યું છે તેને અહીંયાં પ્રાથમિક જીવ કહેવામાં આવ્યો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભેદજ્ઞાન ક્યાં કહ્યું? ભેદવાસિત બુદ્ધિ કહી. અર્થ બે વાર કર્યા. ભેદજ્ઞાન હોવા છતાં ભેદવાસિત બુદ્ધિ સર્વથા નથી ટળી એવું વચ્ચે કહ્યું હતું. સમજાણું કાંઈ?

ફરીને. આપણે ક્યાં આમાં પુનરુક્તિમાં કાંઈ દોષ લાગતો નથી. વારંવાર વાત આવે. આત્મા એક સમયમાં શુદ્ધ ચૈતન્ય પૂર્ણ જ્ઞાયકભાવ છું એવી સ્વઆશ્રય દૃષ્ટિ થઈ. અને કેટલીક સ્વઆશ્રયે લીનતા, ચારિત્રની નિર્મળ પર્યાય પણ થઈ. છતાં અનાદિ કાળની જે વાસના જે રાગનો બિલકુલ અભાવ કરીને સ્થિર થવું જોઈએ એવી વાસના ટળી નથી. શેઠી! અહીં તો શબ્દે શબ્દે ધ્યાન રાખવા જેવું છે. એક શબ્દ આડો અવળો થાય તો એમાં...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કહે છેને. આ ઈ કહ્યું કે આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્રમાં જેટલી અસ્થિરતા છે એ અસ્થિરતા અનાદિ કાળની છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને પણ એ વાસના અનાદિ

કાળની છે. એ વાસના નવી નથી. પહેલા ક્યારેક પૂર્ણ અભેદ થઈ ગયો અને પછી વાસના થઈ એમ નથી. સમજાણું કાંઈ?

'**અનાદિ કાળથી ભેદવાસિત...**' જ્ઞાનની પર્યાયમાં પૂર્ણ અભેદ થવું જોઈએ એ સમ્યગ્દૃષ્ટિ જીવને કે શ્રાવક જીવને કે મુનિની છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકાવાળાને એ રાગનો ભેદ-ભાગ એમાં રહે છે. જ્ઞાનમાં સ્થિરતા નથી તો ભેદવાસિત ભેદ પડે છે. સર્વથા અભેદ થયો નથી. દૃષ્ટિ પૂરતો અભેદ થયો છે. હું જ્ઞાયક છું, ચૈતન્ય દ્રવ્ય છું, વસ્તુ છું એવું પર્યાયમાં પર્યાયવાન દ્રવ્યને દૃષ્ટિમાં લઈને અભેદ દૃષ્ટિ પૂરતું... દૃષ્ટિ પૂરતુંને શું કહે છે? દૃષ્ટિના પ્રમાણમાં તો અભેદ થયો છે. અને જ્ઞાનની અપેક્ષાએ પણ જેટલો અંતરમાં એકાકાર થયો એટલો અભેદ થયો છે. સ્થિરતા પણ જેટલો રાગરહિત થઈ એટલો અભેદ થયો છે. પણ જ્ઞાનની પર્યાય સર્વથા અભેદ થઈને કેવળજ્ઞાન થઈ જાય એવું અભેદપણું થયું નથી, તો જ્ઞાનીને પણ રાગવાસિત, ભેદવાસિત બુદ્ધિ છે. સમજાણું કાંઈ? પૂર્ણ અભેદ નથી થયો ત્યાં સુધી તો ભેદવાસિત અનાદિની બુદ્ધિ છે. મિથ્યાત્વ છે એ વાત અહીંયા નથી કહેવી. મિથ્યાત્વ ગયા પછી પણ ભેદની વાસનાનો રાગભાવ, જ્ઞાનની પૂર્ણતાનો અભાવભાવ, જ્ઞાનની પૂર્ણતાનો અભાવભાવ, ચારિત્રનો પૂર્ણતાનો અભાવભાવ (વર્તે છે) એટલો ભેદભાવ હજી એને પણ રહે છે. ભારે વાત!

તો કહે છે કે '**અનાદિ કાળથી ભેદવાસિત...**' હોં! ભેદજ્ઞાન એવો શબ્દ નથી. ભેદજ્ઞાન બીજી વાત અને ભેદવાસિત બુદ્ધિ બીજી વાત છે. હજી રાગથી, પુણ્ય-પાપની વૃત્તિ ઉઠે છે એનાથી હું ભિન્ન છું એવું સમ્યગ્દર્શન જ્ઞાન અને અંશે લીનતા શુદ્ધિની થઈ છે. છતાં પૂર્ણ શુદ્ધતા નથી તો રાગની વાસના, જ્ઞાનની અપૂર્ણતા એવી ભેદવાસિત ભંગ-ભાગ બુદ્ધિ રહી ગઈ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખામી છે.

'**અનાદિ કાળથી ભેદવાસિત...**' ભેદની ગંધ, જ્ઞાનની પૂર્ણતાનો અભાવ પર્યાયમાં એટલી અપૂર્ણતાની ગંધ છે. દેવીલાલજી! ભાઈ વિષય એવો છે. સવારે અને બપોરે એવો વિષય છે કે જરી, ઉપયોગમાં જરી લક્ષ રાખે તો વાત સમજ્યા વિના રહે નહિ. એના ખ્યાલમાં તો આવે ને કે શું કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- .... લાભ થાય.. બરાબર સમજાવો.

ઉત્તર :- એ જ કહેશે હમણા વ્યવહારથી લાભ નથી, પણ એવી ભેદવાસિત બુદ્ધિ છે તો એવો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. સ્વપર(હેતુ) પ્રત્યય આત્માનું અશુદ્ધ ઉપાદાન, નિમિત્ત ઉપર લક્ષ જાય છે. એવો વિકલ્પ રાગ હજી બાકી છે. જ્ઞાનીને પણ સમ્યગ્દર્શન થયું સ્વભાવના આશ્રયે, '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' એક સમયમાં

પૂર્ણ જ્ઞાયકભાવ, સ્વભાવભાવ એક સમયમાં પૂર્ણ અભેદ છે એવી દૃષ્ટિ થઈ. જ્ઞાન પણ સ્વસંવેદન સમ્યક્ થયું અને જ્યાં સ્વભાવને આશ્રયે થોડી લીનતા પણ, શુદ્ધતા પણ પ્રગટી. એને અહીંયાં થોડી ભેદવાસના રહી ગઈ છે તો '**અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો...**' છઠ્ઠા ગુણસ્થાનવાળા મુખ્યપણે (અને) ગૌણપણે પાંચમા અને ચોથા ગુણસ્થાનવાળા, તેને અહીંયાં પ્રાથમિક જીવ ગણવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને...**' ધ્યાન રાખજો આમાં મોટી વિપરીતતા થાય છે. લોકોમાં એવો અર્થ કરીને. '**પ્રાથમિક જીવો...**' પાંચમા ગુણસ્થાન અને છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય શુદ્ધતા પ્રગટ થઈ હોવા છતાં અશુદ્ધતાનો, સ્વપરના નિમિત્તવાળો વિકલ્પ નામ રાગ એ સાધન અને શુદ્ધતા પૂર્ણ તે સાધ્ય એવો વિકલ્પ છઠ્ઠે ગુણસ્થાને, પાંચમા ગુણસ્થાને આવે છે. એને રાગ આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અથવા શ્રદ્ધા કરવા લાયક.. હમણાં કહેશે. શ્રદ્ધા કરવા લાયક છે અને આ શ્રદ્ધા નહિ કરવા લાયક છે અને આ જાણવા લાયક છે અને આ નહિ જાણવા લાયક છે, આ આચરવા લાયક છે, આ નહિ આચરવા લાયક છે એવી રાગવાસિત બુદ્ધિ, રાગની ગંધની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. તેને અહીંયાં આત્મા શુદ્ધ મોક્ષપર્યાય પ્રગટ કરે એ સાધ્ય, એનો વિકલ્પ ઉઠે છે એને ભિન્ન સાધન કહીને, શુદ્ધિથી વિકલ્પ ભિન્ન છે, ભિન્ન સાધન કહીને ભિન્ન સાધ્ય (કહ્યું). રાગ સાધન છે અને નિર્મળ પૂર્ણ (પર્યાય) સાધ્ય છે. એવો વિકલ્પ એને પ્રથમ ભૂમિકામાં આવે છે. રાજમલજી! બરાબર સમજવું હોં! આ ૧૭૨ ગાથા પણ એવી છે. એવો અટપટો અર્થ કરે છે લોકો. સમજતા નથી.

બાપુ! આ વસ્તુ કોઈ ભિન્ન છે. એ અંતર વસ્તુ કોઈ બાહ્ય સામગ્રીથી મળતી નથી. સમજાણું કાંઈ? છ ખંડનો રાજા હોય તોપણ ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરે છે. બાહ્ય સામગ્રી કાંઈ એને (અવરોધ) કરતી નથી, તેમ બાહ્ય સામગ્રી એને મદદ કરતી નથી. અંતરમાં વસ્તુ સ્વરૂપ ચૈતન્યજ્યોત અખંડ આનંદની અભેદ મૂર્તિ પ્રભુ, એમાં દૃષ્ટિ લગાવીને ચક્રવર્તીપદમાં પણ ક્ષાયિક સમ્યગ્દર્શન મળે છે, પ્રાપ્ત કરે છે.

અને સમ્યગ્જ્ઞાનની કણિકા, આત્માનું ધ્યાન કરીને, આત્માનું જ્ઞાન કરીને જ્ઞાનની કણિકા જાગે છે. અને સ્વરૂપાચરણ પણ સમ્યગ્દૃષ્ટિને છ ખંડના રાજમાં પડ્યો હોય તોપણ સ્વરૂપ આચરણનો એટલો અનંતાનુબંધીનો અભાવ થઈને સ્વરૂપ આચરણની શાંતિ પણ એની પાસે છે. અને પંચમ ગુણસ્થાનમાં એથી વિશેષ સ્વરૂપ આચરણની સ્થિરતાનો, શુદ્ધતાનો અંશ પ્રગટ્યો છે અને છઠ્ઠા ગુણસ્થાને મુનિને સ્વરૂપ આચરણની શુદ્ધિનો વિશેષ સ્થિરતાનો ભાવ પ્રગટ્યો છે. છતાં હજી રાગભાગ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ. સમજાણું કાંઈ? શાસ્ત્રને જાણવાનો રાગ, આ જાણવા લાયક છે, આ નહિ જાણવાલાયક

છે—એવા વિકલ્પની વાસના મુનિને પણ છઠ્ઠા ગુણસ્થાને ભિન્ન સાધન તરીકે રાગને સાધન કહ્યું. શુદ્ધ સ્વભાવ પૂર્ણ પ્રાપ્ત છે તેને સાધ્ય કહ્યું. સમજાણું કાંઈ? પણ એ સાધન છે એ ભિન્નસાધ્યસાધનભાવનું અવલંબન લીધું, એ સમયે અભિન્નસાધ્યસાધન પણ છે. શું કહ્યું? અર્થ કરીએ છીએ હોં! એમને એમ શબ્દ નહિ વાંચીએ.

અભિન્નસાધ્યસાધનનો અર્થ કે ચોથે ગુણસ્થાને, પાંચમે, છઠ્ઠે જેટલો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે એના અવલંબને જેટલી નિર્મળ પરિણતિ પર્યાય પ્રગટ થઈ છે એ સાધન નિશ્ચય સાધન છે. અને શુદ્ધતા પૂર્ણ થાય કે સાતમે ગુણસ્થાનને યોગ્ય હોય એ સાધ્ય છે. તો શુદ્ધતા સાધન અને શુદ્ધ પૂર્ણ સાધ્ય એને અભિન્ન સાધનસાધ્ય કહે છે. અપૂર્ણ શુદ્ધતા એ સાધન, પૂર્ણ શુદ્ધતા એ સાધ્ય. શુદ્ધતાની અપેક્ષાએ બેને અભિન્ન સાધ્યસાધન કહેવામાં આવ્યા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અભિન્ન સાધન... સાધ્ય તો પૂર્ણ છે. પણ જેટલી પર્યાયની શુદ્ધિ થઈ એટલું અભિન્ન સાધન છે.

મુમુક્ષુ :- સાધ્ય.

ઉત્તર :- આ તો પૂર્ણ કીધું ને. પહેલા કહ્યું ને, ચોથા ગુણસ્થાને પણ પૂર્ણ સાધ્ય મોક્ષ અથવા સાતમું ગુણસ્થાન. એ સાધ્ય ત્રણેને એક જ છે. પૂર્ણ કહ્યું. સાતમા ગુણસ્થાને અભેદ થઈ જાય એ શુદ્ધ સાધ્ય છે. મોક્ષ થાય, કેવળજ્ઞાન થાય એ પણ ચોથા ગુણસ્થાને સાધ્ય છે. સમજાણું કાંઈ? એ સાધ્યમાં ધ્યેય જે પ્રગટ કરવાનું છે એ શુદ્ધ છે.

મુમુક્ષુ :— લક્ષ.

ઉત્તર :— લક્ષ નહિ. અહીંયાં પૂર્ણ પર્યાય કરવાની વાત છે. પૂર્ણ શુદ્ધની પર્યાય પ્રગટ કરવી એ સાધ્ય છે. અને પોતાના શુદ્ધ સ્વભાવનો આશ્રય લઈને જેટલી શુદ્ધતા પ્રગટી છે એ શુદ્ધ સાધ્યનું સાધન છે. જરી સૂક્ષ્મ વાત છે. બહુ ગડબડ ચાલે છે અત્યારે.

મુમુક્ષુ :— અનંતાનુબંધીના અભાવથી...

ઉત્તર :— અનંતાનુબંધીનો અભાવ અને મિથ્યાત્વનો અભાવ. બેના અભાવથી જેટલી શુદ્ધતા પ્રગટી છે એ સાધ્યનું નિશ્ચય સાધન છે. શુદ્ધ પૂર્ણ સાધ્યનું નિશ્ચય સાધન છે. અને વિકલ્પ ઉઠે છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો એ ભિન્ન સાધ્યસાધન છે. કેમકે સાધ્ય શુદ્ધ છે અને વિકલ્પ રાગ ભિન્ન છે તો એને ભિન્ન સાધ્યસાધન કહેવામાં આવ્યું છે. વાત અટપટી છે. પુસ્તક છે કે નહિ? જુઓ! જુઓ, એમાં આ પાઠનો અર્થ જ બીજી જાતનો છે. શાંતિથી સાંભળો, ધીરજથી સમજો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ફરીથી કહીએ. અહીં તો એકદમ નથી લેતા.

આત્મા જે છે એ એક સમયમાં શુદ્ધ પૂર્ણ દ્રવ્યસ્વભાવ છે. એક વાત. પર્યાયમાં અશુદ્ધતા

છે, પર્યાયમાં અશુદ્ધતા છે. બે વાત. હવે જ્યારે પર્યાયમાં અશુદ્ધતા છે તો પર્યાયે જ્યારે દ્રવ્યનો આશ્રય લીધો, સમ્યગ્જ્ઞાનની પર્યાય, સમ્યક્‌શ્રદ્ધાની પર્યાયે ત્રિકાળ દ્રવ્યનો આશ્રય કર્યો તો પર્યાયમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ચોથા ગુણસ્થાને સ્વરૂપ આચરણની શુદ્ધિ પ્રગટ થઈ. એ શુદ્ધિ પ્રગટ થઈ એ સંવર-નિર્જરા છે. એ શુદ્ધિ પ્રગટી એ નિશ્ચયસાધન છે. સાધ્ય જે પૂર્ણ શુદ્ધ છે એ સાધ્ય, એનું સાધન નિશ્ચયસાધન છે અને સાથે વિકલ્પ ઊઠે છે—દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો, નવ તત્ત્વના ભેદની શ્રદ્ધાનો, પંચ મહાવ્રતનો રાગ, શ્રાવકને પંચમ (ગુણસ્થાન) યોગ્ય બાર વ્રતનો રાગ અને ચોથે ગુણસ્થાને ભક્તિ આદિ, વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એને ભિન્ન સાધન કહ્યું. સાધ્ય તો શુદ્ધ, સાધ્ય શુદ્ધ અને નિશ્ચય સાધન શુદ્ધ તો અભિન્ન સાધનસાધ્ય કહ્યું. સાધ્ય શુદ્ધ, રાગ ભિન્ન વિકલ્પ છે તો એને ભિન્ન સાધનનો આરોપ દઈને, સાધ્યનું વ્યવહારસાધન એ છે એમ કહેવામાં આવ્યું છે.

બીજી વાત. એક સમયમાં બે સાધન છે, એક ક્ષણમાં બે સાધન છે. નિશ્ચયસાધન અને વ્યવહારસાધન એક ક્ષણમાં છે. આપણે છઠ્ઠા ગુણસ્થાનની મુખ્યતાથી વાત કરીએ છીએ. પાંચમા ગુણસ્થાને, ચોથા ગુણસ્થાને એ પ્રમાણે લઈ લેવું. સમજાણું કાંઈ? તો એક ક્ષણમાં બે સાધન. સાધ્ય એક શુદ્ધ. નિશ્ચય પ્રાપ્ત કરવું, પૂર્ણ શુદ્ધ નિર્મળ પર્યાય પ્રાપ્ત કરવી એ સાધ્ય. એના બે સાધન એક ક્ષણમાં. જેવડી પોતાની વસ્તુ છે એનું અવલંબન કરીને જેટલી શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને સ્વરૂપાચરણ આદિ સ્થિરતા પ્રગટી છે એ નિર્વિકલ્પ શુદ્ધ છે, અરાગી પરિણતિ છે, સંવર-નિર્જરારૂપ શુદ્ધતા છે અને એટલી ક્ષાયિકરૂપ સમકિત પર્યાય હોય તો (અથવા) એવી ક્ષયોપશમ, ક્ષાયિકરૂપ પર્યાય છે તેને નિશ્ચયસાધન કહ્યું અને પૂર્ણ સાધ્યને સાધ્ય—પ્રાપ્ત કરવાયોગ્ય કહ્યું. અને એ કાળે જેટલો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ સ્વપર (હેતુ) પ્રત્યયનો આશ્રય, પરના વિષયવાળો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ આદિ વિકલ્પ ઉઠે છે એ સાધ્યનું વ્યવહારસાધન કહેવામાં આવે છે. આ શુદ્ધતાને નિશ્ચયસાધન કહેવામાં આવ્યું. આહાહા..! સમજાય છે કાંઈ?

એક સમયમાં બે સાધન. એક વ્યવહારસાધન, એક નિશ્ચયસાધન. કોનું? સાધ્યનું. પૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત થાય એવા સાધ્યના બે સાધન. એક યથાર્થ નિશ્ચયસાધન અને એક અયથાર્થ, સાધ્ય શુદ્ધ છે એનાથી વિપરીત રાગ છે, તો એને ભિન્ન સાધ્યસાધન કહેવામાં આવે છે.

અહીંયાં કહે છે કે '**અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે...**' આ આવા કારણે '**પ્રાથમિક જીવ...**' નામ છઠ્ઠા ગુણસ્થાનવાળો જીવ. મુખ્યપણે આપણે એ લેવું છે અત્યારે. ગૌણપણે પાંચમા અને ચોથાવાળા લેવા. '**વ્યવહારનયે...**' જુઓ ભાષા! '**વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને...**' વ્યવહારનયથી. વ્યવહારનયનો અર્થ-જે સ્વપરપ્રત્યય વિકલ્પ ઉઠે છે એને વ્યવહારનયથી વ્યવહારનય કહેવામાં આવે છે. પોતાનો શુદ્ધ સ્વભાવ છે એનો આશ્રય લઈને જેટલી શુદ્ધિ પ્રગટી એને નિશ્ચય કહે છે. અને જેટલો રાગ રહ્યો

હજી છઠ્ઠે ગુણસ્થાને પાંચ મહાવ્રતના પરિણામ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, અગિયાર અંગ ભણવા, એટલો જે ભાગ છે એ વ્યવહારનયે પ્રાથમિક જીવને ભિન્ન સાધ્યસાધનભાવનું અવલંબન લઈને, સાધ્ય શુદ્ધ છે અને વિકલ્પ અશુદ્ધ છે તો તેને ભિન્ન સાધ્યસાધનનું અવલંબન વ્યવહારનયથી લેવામાં આવ્યું એમ કહેવામાં આવ્યું છે. આવે છે ને સવિકલ્પ અવસ્થા.

છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પ હોય તો વસ્ત્રના ત્યાગનો, આધાકર્મી આદિના ત્યાગનો છે. વસ્ત્રાદિ લઉં એવો વિકલ્પ એને હોતો નથી. તો એને અઠ્યાવીશ મૂળગુણનો જે રાગ આવે છે એ સ્વપરપ્રત્યયી વિકલ્પ છે. પોતાના પુરુષાર્થની ખામીથી નિમિત્તના લક્ષે વિકલ્પ આવ્યો છે, તો રાગ છે એ સાધ્યનું વ્યવહારનયથી સાધન કહેવામાં આવ્યું છે. અમરચંદભાઈ! જરી વાતમાં બહુ ગડબડ કરે છે. હજી તો કહે છે કે ચોથે, પાંચમે અને છઠ્ઠે વ્યવહાર સમ્યગ્દર્શન હોય છે, નિશ્ચય હોય જ નહિ. અરે..! ભગવાન! આ ક્યાંથી લાવ્યો? ભારે ભાઈ! આ તો ભારે એની ભગવાનપણાની ઊલ્ટાઈ પણ ઘણી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તારી ઊલટી દશા પણ ઘણી ભાઈ!

જ્યાં એકલો વ્યવહાર છે ત્યાં ચોથુ, પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન ક્યાંથી આવ્યું? એ અત્યારે કેટલાક પંડિત લોકો લે છે. પત્રમાં બહુ આવે છે કે ચોથે, પાંચમે, છઠ્ઠે વ્યવહાર મોક્ષમાર્ગ છે. નિશ્ચય મોક્ષમાર્ગ સાતમે છે. એ વ્યવહારથી નિશ્ચય પ્રાપ્ત થાય છે. અરે..! ભાઈ! પરાશ્રિત વ્યવહાર છે, સ્વઆશ્રિત નિશ્ચય છે. બે સિદ્ધાંત છે. સ્વઆશ્રય નિશ્ચય, પરાશ્રિત વ્યવહાર. તો પરાશ્રિત વ્યવહારથી નિશ્ચયની પ્રાપ્તિ અભિન્ન સાધ્યસાધનનો સ્વઆશ્રય થયા વિના કદી થતી નથી.

મુમુક્ષુ :- એ ન હોય તો ભિન્ન સાધન કહેવાય કેમ?

ઉત્તર :- પણ એ જ હમણા કહેશે નીચે. જુઓ!

'**પ્રાથમિક જીવો વ્યવહારનયે...**' અહીં શબ્દ લેવો. કોને? ભિન્નસાધ્યસાધનભાવનું અવલંબન. વ્યવહારનયથી અવલંબન છે. નીચે કહ્યું, જુઓ. ત્રગડો છે ને ત્રગડો. ત્રીજી નોટ. '**મોક્ષમાર્ગપ્રાપ્ત જ્ઞાની જીવોને...**' જુઓ! મોક્ષમાર્ગ પ્રાપ્ત છે. મોક્ષમાર્ગ નથી પ્રગટ્યો, સમ્યગ્દર્શન-જ્ઞાન નથી એની અહીંયા વાત નથી. મોક્ષમાર્ગ પ્રાપ્ત નામ શુદ્ધ સ્વભાવ શ્રદ્ધા, જ્ઞાન અને અંશે સ્થિરતાપ્રાપ્ત એવા જ્ઞાની જીવોને '**પ્રાથમિક ભૂમિકામાં,...**' ભલે મોક્ષમાર્ગ પ્રાપ્ત ત્યાં કર્યો, નિશ્ચય મોક્ષમાર્ગ અભેદરૂપે સાતમે છે અને પૂર્ણરૂપે આગળ છે. છતાં અહીંયા પણ એટલો મોક્ષમાર્ગ તો છે, નિશ્ચય જેટલો પ્રગટ્યો એટલો મોક્ષમાર્ગ તો છે.

'**મોક્ષમાર્ગપ્રાપ્ત જ્ઞાની જીવોને પ્રાથમિક ભૂમિકામાં,...**' એટલે કે છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકામાં લેવું આપણે મુખ્યપણે. '**સાધ્ય તો પરિપૂર્ણ શુદ્ધતાએ પરિણત આત્મા છે...**' સાધ્ય તો શુદ્ધ નિર્મળ પર્યાયથી પરિણત આત્મા. એ તો સાધ્ય—પૂર્ણ પર્યાય પ્રગટ કરવા

લાયક. અને તેનું સાધન... '**તેનું સાધન વ્યવહારનયે (આંશિક શુદ્ધિની સાથે સાથે રહેલો)...**' અંતર છઠ્ઠા ગુણસ્થાને સ્વદ્રવ્યના આશ્રયે જેટલી શુદ્ધિ દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા એને આંશિક શુદ્ધિ કહેવામાં આવે છે. પૂર્ણ શુદ્ધિ હોય તો સાધ્ય થઈ જાય. આંશિક શુદ્ધિની સાથે સાથે રહેનાર, સાથે સાથે રહેનાર.

'**ભેદરત્નત્રયરૂપ પરાવલંબી વિકલ્પો કહેવામાં આવે છે.**' જુઓ! ભેદરત્નત્રય. વ્યવહાર સમ્યગ્દર્શન અર્થાત્ દેવ-ગુરુ-શાસ્ત્રની ભેદરૂપ શ્રદ્ધા, નવ તત્ત્વની ભેદરૂપ શ્રદ્ધા. છે તો રાગ, (પણ) તેને સમકિત કહેવું એ તો વ્યવહારનયે સમકિત કહે છે. અને શાસ્ત્રનું જ્ઞાન એ પણ છે તો વ્યવહાર, ખરેખર જ્ઞાન નથી. છે તો વિકલ્પ. અને પંચ મહાવ્રતના પરિણામ એ ભેદરત્નત્રય થયા. એ '**ભેદરત્નત્રયરૂપ પરાવલંબી વિકલ્પો કહેવામાં આવે છે.**' એટલો પરાશ્રયે રાગ ઉત્પન્ન થાય છે.

'**આ રીતે તે જીવોને વ્યવહારનયે સાધ્ય અને સાધન ભિન્ન પ્રકારનાં કહેવામાં આવ્યા છે.**' એ જીવોને સ્વભાવના આશ્રયે શુદ્ધિનો અંશ પ્રગટ્યો છે એ સાધન નિશ્ચય છે અને એ નિશ્ચય સાધનના કાળમાં વ્યવહાર પરાવલંબી વિકલ્પ જેટલો વ્યવહારરત્નત્રયનો ઊઠે છે તેને વ્યવહારથી સાધન, પૂર્ણ શુદ્ધિનું વ્યવહારસાધન કહેવામાં આવ્યું છે. તો બેય સાધનસાધ્ય સાથે છે. ઓલા લખ્યું છે ને કે કાળ ભિન્ન છે, ભાવ ભિન્ન છે, સ્વામી ભિન્ન છે. અહીં કહે છે કે નિશ્ચય અને વ્યવહારનું સાધન જે છે એનો કાળ એક છે, સ્વામી પણ એક છે છઠ્ઠા ગુણસ્થાનવાળા, ભાવ ભિન્ન છે. કહો, ક્યો ભાવ ભિન્ન છે? એક વીતરાગનો અંશ છે, એક રાગનો અંશ છે અને પૂર્ણ શુદ્ધિ એ પૂર્ણ વીતરાગતા છે. એ ભાવથી પણ ભિન્ન છે. નિશ્ચય સાધન...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહ્યું ને. નિમિત્તપણું સાધન છે. રાગ આવ્યો વ્યવહારરત્નત્રયનો એ નિમિત્તરૂપ સાધન. અને અંદર શુદ્ધિ પ્રગટી એ શુદ્ધ ઉપાદાનરૂપી સાધન. નિમિત્તરૂપી સાધન, ઉપચારથી સાધન, વ્યવહારથી (સાધન). એ તો કહ્યું ને પહેલાં. બે વાર, ત્રણ વાર કહ્યું. વ્યવહાર સાધન કહો કે નિમિત્ત સાધન કહો કે ઉપચાર સાધન કહો. વાસ્તવિક સાધન નથી, પણ શુદ્ધિની સાથે નિમિત્ત આવ્યું તો આરોપ દઈને એને સાધન કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માટે તો ભિન્નસાધ્યસાધન કહ્યું. ઝીણી વાત છે. સમજાણું કાંઈ? મખ્ખનલાલજી!

આત્મા... સાથે સાથે લીધું ને? આંશિક શુદ્ધિની સાથે સાથે. તો જેટલો પોતામાં શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ—ચારિત્રનો અંશ પ્રગટ્યો એ તો સાધ્યનું અભિન્ન સાધન છે. સાધ્ય પૂર્ણ શુદ્ધનું અભિન્ન સાધન છે. નિશ્ચય શુદ્ધે શુદ્ધ. પણ વિકલ્પ જે વ્યવહારરત્નત્રયનો ઊઠે છે એ છે વિકલ્પ. તેથી સાધ્યનું ભિન્ન સાધન વ્યવહારનયથી નિમિત્તનો આરોપ દઈને સાધન

કહેવામાં આવ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે તો વિરોધ, રાગ છે, બંધનું કારણ છે. પણ ત્યાં એવું જ નિમિત્ત છે કે દેવ-ગુરુ, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ છે. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનો વિકલ્પ નથી. પંચ મહાવ્રતનો વિકલ્પ છે. વસ્ત્ર, પાત્ર, આધાકર્મી (આહાર) લેવાનો વિકલ્પ નથી. વીતરાગે કહેલા શાસ્ત્રના છ કાય આદિનું જ્ઞાન છે, અન્યનું કહેલું જ્ઞાન નથી. એ અપેક્ષાએ વ્યવહારથી નિમિત્તને, ભિન્ન સાધનને સાધન કહેવામાં આવ્યું છે. આહાહા..! ભારે ભાઈ! મોક્ષમાર્ગ સમજવા માટે ભાઈ એને જ્ઞાનમાં જરી (અવકાશ હોવો જોઈએ). અત્યારે તો બહુ વિરુદ્ધ ચાલ્યું છે. અત્યારે તો કહે ચોથે, પાંચમે, છઠ્ઠે એકલો વ્યવહારમોક્ષમાર્ગ, નિશ્ચય મોક્ષમાર્ગ સાતમે (હોય). ઠીક! એક જણો કહે, બારમે (નિશ્ચય) મોક્ષમાર્ગ (હોય) (કેમકે) ઓલો રાગ ટળી જાય ત્યાં. રાગ છે ત્યાં સુધી વ્યવહારમોક્ષમાર્ગ. કંઈક કંઈક ગપ્પા ચાલે છે અત્યારે. ઓહોહો..!

તો કહે છે કે '**વ્યવહારનયે સાધ્ય અને સાધન ભિન્ન પ્રકારનાં કહેવામાં આવ્યા છે. (નિશ્ચયનયે સાધ્ય અને સાધન તો અભિન્ન હોય છે.)**' એ તો પહેલાં કહ્યું કે શુદ્ધિ તો એમાં પ્રગટ થઈ છે. કઈ શુદ્ધિ? વસ્તુ જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ એનું અવલંબન લઈને સમ્યગ્દર્શન થયું છે નિશ્ચય, જ્ઞાન સમ્યક્ થયું છે નિશ્ચય અને સ્થિરતા થઈ તે રાગરહિત નિશ્ચય. એવા શુદ્ધતાના અંશને, પૂર્ણ શુદ્ધતાનું નિશ્ચયસાધન કહીને સાધ્યસાધન એક છે એમ કહ્યું. સાથે વિકલ્પ જેટલો ઊઠે છે એ શુદ્ધ સાધ્યથી ભિન્ન જાતનો રાગ છે. પણ એ કાળે એવો વિકલ્પ આવવો એ ભૂમિકાને યોગ્ય આવે છે તો તેને સાધ્યનું વ્યવહારસાધન કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- અપેક્ષા સમજવાની.

ઉત્તર :- અપેક્ષા સમજવી જોઈએ. અપેક્ષા સમજ્યા વિના...

મુમુક્ષુ :- સાધ્ય સાધન માનીને...

ઉત્તર :- એ વાત છે, ભાઈ! વસ્તુ સમજ્યા વિના... જેમ કોઈ કાર્ય થાય છે તો નિમિત્ત હોય છે કે નહિ સામે? એમ નિશ્ચયના કાર્યમાં આ વ્યવહાર વિકલ્પ નિમિત્ત કહેવામાં આવ્યું છે. નિમિત્ત કહેવામાં આવ્યું છે. ખરેખર એ મોક્ષમાર્ગ નથી. રાગ ભાગ છે. પણ તેને સ્વભાવની સાધનદશામાં શુદ્ધતા પ્રગટ થઈ છે એ મોક્ષમાર્ગ છે, તો રાગને નિમિત્ત દેખીને ઉપચાર કરીને વ્યવહારથી તેને મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. તેને અહીંયાં નિમિત્ત સાધન કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- તેને જ નિશ્ચયસાધન અને તેને જ વ્યવહારસાધન કહ્યું.

ઉત્તર :- ના, એને જ નહિ. એ જીવને. એ જીવને જેટલી શુદ્ધતા પ્રગટ થઈ છે એ નિશ્ચયસાધન અને જેટલો વ્યવહારનો વિકલ્પ ઉઠે છે એ વ્યવહારસાધન. બેય સાધન ભિન્ન

છે. કોઈને સાધન નથી. ઓહો..! જરી ઝીણી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, હા. સુતરનો ફાળ કરે છેને. શોભાલાલભાઈ! અમારે અહીંયા લગન હોય ને લગન? તો પહેલાં આમ કરતા હતા. દીકરીના લગન કરે ને? તો વરને વર હોય ને? તમારે દુલ્હા કહે છે ને? એને સુતરના ફાળકા ગૂંચવણ કરીને આપે. ગૂંચવણ સમજો છો? શું કહે છે? સુલજાને કે લિયે. આ કન્યા પરણવા આવ્યો છે તો એની બુદ્ધિ સ્થિર છે કે ઘણી આકુળતા છે? જો સ્થિર હોય તો સુતરની ગાંઠ ખોલી નાખે. નહિતર તો તોડી નાખે. એ તોડી નાખે. સમજાણું કાંઈ? અમારે પહેલાં કાઠિયાવાડમાં રિવાજ હતો. અત્યારે છે? હશે. વરને એક સુતરનો ફાળકો આપે. આમ ગૂંચવણ કરીને હોં! આમ આમ કરીને. તો ધીરો હોય તો ખોલી શકે, ઉતાવળ કરે તો તોડી નાખે.

મુમુક્ષુ :- એની પરીક્ષા થઈ જાય.

ઉત્તર :- સ્થિરતા નથી એને. એમ અહીંયાં નિશ્ચય અને વ્યવહારની ગાંઠમાં શું ખોલવું છે એના માટે એનું જ્ઞાન નિર્મળ હોવું જોઈએ. સમજાણું કાંઈ? આહાહા..!

અમારે પંડિતજીએ ખુલાસો તો ઘણો કર્યો છે નીચે નોટમાં. સમજાણું કાંઈ? જુઓ અહીંયાં સુધી આવ્યું કે '**ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને...**' કોને? છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ જ્યાં સુધી પૂર્ણ વીતરાગ નથી થયા તો એટલી ભેદવાસિત બુદ્ધિ હજી રાગની રહી ગઈ છે. તો તેને પોતાના સ્વરૂપનું સાધન નિશ્ચય શુદ્ધતા તો પ્રગટી છે, એ જ ખરેખર તો સાધ્યનું સાધન છે. પણ એ સાધ્યના સાધનમાં રાગની મંદતાનો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે ઉઠે છે એને નિમિત્ત (જાણીને) વ્યવહારસાધન, પૂર્ણ સાધ્યનું વ્યવહારસાધન કહેવામાં આવ્યું છે. ખરેખર એ સાધન નથી. નથી એને (સાધન) કહેવું એનું નામ વ્યવહાર અને છે એને જાણવું એનું નામ નિશ્ચય. આહાહા..! સમજાણું કાંઈ? '**ववहारोऽभूदत्थो**' વ્યવહારથી જે કહેવામાં આવ્યું છે એ સાધન. સાધન બે પ્રકારના નથી. સાધન તો એક પ્રકારનું છે પણ સાધનની કથની બે પ્રકારની ચાલી છે. નિરૂપણ બે પ્રકારે ચાલ્યું છે. સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધું છે ટોડરમલે કે ભાઈ, મોક્ષમાર્ગ બે નથી. મોક્ષમાર્ગ તો એક જ છે. સ્વભાવની શુદ્ધિ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર પ્રગટ કરવા એ. પણ સાથે ભૂમિકાને યોગ્ય રાગની મંદતા દેખીને એમાં નિમિત્તને ઉપચારથી વ્યવહાર સહચારી દેખીને સાથે સાથે લીધું છે ને અમારે પંડિતજીએ, જુઓ. આંશિક શુદ્ધિની સાથે સાથે. કૌંસમાં. એ સમ્યગ્દર્શન જ્ઞાનની ભૂમિકા શુદ્ધ પ્રગટ થઈ છે એની સાથે સહચર રહે છે વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રનો વિકલ્પ, તો સહચર દેખીને નિમિત્તને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. ખરેખર એ મોક્ષમાર્ગ નથી. ઓહોહો..! સમજાય છે કાંઈ? આંટીઘૂંટીની વાત છે એમ નથી. આ તો આંટીઘુંટી નીકળે એવી વાત છે.

હવે એક બીજો શબ્દ આવ્યો. '**અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનને અવલંબીને...**' અહીંયાં કેટલાક શું કહે છે? કે ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને તો વ્યવહારનયથી ભિન્ન સાધ્યસાધન છે ત્યાં એકલો વ્યવહાર જ છે. એમ કહે છે. એમ નથી. વ્યવહારનયનું અવલંબન, વ્યવહારનય ત્યારે એને કહેવામાં આવે છે કે આત્માના શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રનું અવલંબન લઈને પ્રગટ નિર્મળ થયા હોય તો એની સાથે (રહેલા) રાગને વ્યવહારસાધનનો આરોપ દેવામાં આવે છે. એકલું સાધન-ફાધન... એ તો આગળ કહેશે. આગળ વ્યવહારાવલંબીની વાત કરશે. એકલું ભિન્ન સાધ્ય અને સાધન એકલું વિકલ્પ (માને છે) એ તો મિથ્યાદૃષ્ટિ છે, એ તો અનાદિથી કર્યું છે.

સાધ્ય શુદ્ધ માનીને અને આ વિકલ્પ શુભરાગની ક્રિયા વ્યવહારરત્નત્રયના રાગથી મને શુદ્ધિની પ્રાપ્તિ થશે એમ માનીને તો વ્યવહારાવલંબી અનંત વાર મિથ્યાદૃષ્ટિ થઈ રહ્યો છે. એ પછી કહેશે. સમજાણું કાંઈ? એ વ્યવહારનય દેવ-ગુરુ-શાસ્ત્ર તો ભિન્ન વિષય છે. પોતાના વિષયથી, પોતાના સ્વભાવના વિષયથી વ્યવહારરત્નત્રય પર વિષયવાળો છે. એકલો પર વિષયવાળો ભાવ અનંત વાર કરી ચૂક્યો છે શુદ્ધ સ્વભાવના ભાન વિના. તો એની કોઈ સંવર-નિર્જરા એકલો વ્યવહાર સાધ્યસાધનથી થયા નહિ. સમજાણું કાંઈ?

નિશ્ચયની સાથે ચાલે તો નિમિત્ત કહેવામાં આવે. સમજાણું કાંઈ? નિશ્ચય સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કર્યા વિના એકલો પરાશ્રિત વ્યવહાર તો બંધનું જ કારણ છે. પણ નિશ્ચયનું સાધન કરીને વ્યવહારનો વિકલ્પ આવ્યો, છે તો બંધનું જ સાધન, પણ અહીંયાં મોક્ષમાર્ગનું યથાર્થપણું અંદર પ્રગટ થયું છે એ સાથે નિમિત્તને પણ મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો અને સાધન કહેવામાં આવ્યું. સાધન નથી એને સાધન કહેવું વ્યવહારનય છે, સાધન છે એને સાધન જાણવું એ નિશ્ચયનય. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવી હોય છે. મુનિ કે પાંચમા ગુણસ્થાનને યોગ્ય શુદ્ધિ જે પોતાના દ્રવ્યને આશ્રયે પ્રગટે ત્યારે એ ભૂમિકાને યોગ્ય આવો જ બાર વ્રતના વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વનો વિકલ્પ એવો જ રાગની મંદતાનો ભાવ થાય છે તેને વ્યવહારસાધન કહીને આરોપથી સાધનને મોક્ષમાર્ગ કહ્યું છે, ખરેખર એ મોક્ષમાર્ગ નથી. આહાહા..! છે અટપટી ભાષા હોં! આગળ આવશે હજી. એનાથી.. સમજ્યાને? સંસ્કાર નાખતો જાય છે. સમજાણું કાંઈ?

પાંચમા ગુણસ્થાનને યોગ્ય શ્રાવકને પણ બાર વ્રતના વિકલ્પ અને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા એવો ભેદવાસિત રાગ ઉત્પન્ન થાય છે, પણ એ નિશ્ચયસ્વભાવ પૂર્ણ સાધ્યની અંદર દૃષ્ટિ, જ્ઞાન પ્રગટ કર્યા છે તો નિમિત્તને વ્યવહારસાધન કહેવામાં આવ્યું

છે, બીજી કોઈ વાત નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચોથાવાળાને પણ એમ જ છે?

ઉત્તર :- ચોથાવાળાને પણ એમ જ છે. ચોથાવાળાને પણ જેટલા દ્રવ્યને આશ્રયે, વસ્તુના અવલંબને સ્વને આશ્રયે દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા થઈ એ જ શુદ્ધિ છે. એ જ સંવર, નિર્જરા છે, એ જ મોક્ષમાર્ગનો એક અંશ પણ કહેવામાં આવે છે. અને અહીંયાં સાથે જેટલો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગાદિ આવ્યા એ રાગને વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન કહેવામાં આવ્યા. ખરેખર એ છે જ નહિ. નથી એને કહેવું એ વ્યવહાર, છે એને જાણવું એ નિશ્ચય. આહાહા..! બહુ ગડબડી ચાલે છે હોં! બહાર નીકળશે તો બહુ ગડબડી ચાલશે, અહીંયા ચાલે છે એ વાતની સામે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહારથી એકલો બંધ જ થાય છે. બેય ક્યાં કહ્યું? શુદ્ધિથી સંવર, નિર્જરા થાય છે. એ તો વાત કહી નહિ ઘણી વાર આગળ. સ્વભાવના આશ્રયે જેટલી શુદ્ધિ થાય એ તો સંવર, નિર્જરા છે. એ તો શુદ્ધિ છે. એ તો પાંચ, સાત, દસ વાર આવી ગયું. અને જેટલો વિકલ્પ વ્યવહાર છે એ બંધનું કારણ છે. તેને ભિન્ન સાધન કહેવામાં આવ્યું છે. નિશ્ચયસાધન જે સ્વભાવની શુદ્ધિ પ્રગટ થઈ છે એ નિશ્ચયસાધન છે નિશ્ચયસાધ્યનું. ઘણી વાર વાત આવે છે પણ લક્ષ રાખવું જોઈએ ભાઈ. સમજાણું કાંઈ? પોણો કલાક તો થઈ ગયો.

મુમુક્ષુ :- હવે તો પકડાઈ જવું જોઈએ.

ઉત્તર :- હા, આવવું જોઈએ. આવું કથન ચાલે છે એ એના ખ્યાલમાં વાત આવવી જોઈએ.

મુમુક્ષુ :- વ્યવહાર કેમ કહ્યો?

ઉત્તર :- કેમ કહ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાર્ય તો શુદ્ધ છે, એને (રાગને) કેમ સાધન કહ્યું? એવું નિમિત્ત દેખીને સાધન વ્યવહારથી કહ્યું. છે તો બંધનું કારણ. પણ બંધના કારણને મોક્ષનું સાધન કહેવું એ વ્યવહારનયનું લક્ષણ છે. સમજાણું કાંઈ?

બે વાત છે. ભિન્ન સાધ્યસાધન છે એ વિકલ્પ છે અને પરવિષય છે. એનો વિષય પર છે. સમજાણું કાંઈ? અને એ વિકલ્પ સ્વપરપ્રત્યયના આશ્રયે ઉત્પન્ન થયો છે. સ્વનો આશ્રય, થોડો સ્વનો આશ્રય અને થોડો પરનો આશ્રય એમ નહિ. પણ અશુદ્ધ ઉપાદાન પર્યાયમાં રાગ થયો તેનું નિમિત્ત કર્મ છે અને અશુદ્ધ ઉપાદાન પોતાની પર્યાય. બેના સંગે ઉત્પન્ન થયો તેને સ્વપરપ્રત્યય રાગ કહે છે. સ્વપરપ્રત્યય(માં) રાગનો વિષય પર છે દેવ-

ગુરુ-શાસ્ત્ર આદિ અને આત્માના જ્ઞાન-દર્શન, યથાર્થ શાંતિ, જ્ઞાન-દર્શનનો વિષય આત્મા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન, શાંતિ—ચારિત્રનો વિષય આત્મા છે અને વ્યવહારનો વિષય પર છે. સમજાણું કાંઈ? નિશ્ચયસાધન છે ત્યાં વ્યવહારનો આટલા વિકલ્પને નિશ્ચય શુદ્ધનું વ્યવહારસાધન કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? ઓહોહો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વ્યવહારનયથી આવ્યું ને, 'વ્યવહારનયે **ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને...**' વ્યવહારનયથી શબ્દ તો અંદર સંસ્કૃત ટીકામાં પડ્યો છે. ભાઈ! આ માર્ગ આત્માનો પંથ છે. એકલો કૂટસ્થ કૂટસ્થ દ્રવ્ય કરે કે દ્રવ્યમાં કાંઈ નથી, કાંઈ નથી એમ નહિ. દ્રવ્યમાં અશુદ્ધતા નથી, પણ પર્યાયમાં અશુદ્ધતા છે. અનાદિ સંસારમાં છે. એ અશુદ્ધતા, જેટલી દ્રવ્ય શુદ્ધને આશ્રયે, ત્રિકાળના આશ્રયે અશુદ્ધતા ટળી એટલી તો શુદ્ધતા થઈ ગઈ, પૂર્ણ અશુદ્ધતા ટળે તો કેવળજ્ઞાન થઈ જાય. પૂર્ણ અશુદ્ધતા ટળી નથી, તો જેટલી અશુદ્ધતા ટળીને શુદ્ધિ થઈ એ મોક્ષનું વાસ્તવિક નિશ્ચયસાધન. એની સાથે જે વિકલ્પ આવે છે અશુદ્ધનો, એને આરોપ દઈને નિશ્ચય સાધ્યનું વ્યવહારસાધન કહેવામાં આવ્યું છે. બેયનો ભાવફેર, બેયનો કાળ એક, બેયનો ફળ ફેર, બેયની દિશા ફેર.

વ્યવહારસાધનનો વિષય પર છે. આવશે પછી જુઓ ૨૫૭. ભિન્નવિષયવાળા શ્રદ્ધા-જ્ઞાન. ૨૫૭ની છેલ્લી લીટી છે.

મુમુક્ષુ :- એક સમયમાં બેય ભાવ છે?

ઉત્તર :- બેય ભાવ છે એક સમયમાં. સાથે સાથે છે. નીચે છે. '**ભિન્નવિષયવાળાં શ્રદ્ધા-જ્ઞાન...**' છેને? છેલ્લી લીટીનો છેલ્લો શબ્દ.

મુમુક્ષુ :- ગુજરાતીમાં છે. ૨૫૫ પાને.

ઉત્તર :- અહીંયાં હિન્દીમાં છે ૨૫૭માં છેલ્લી લીટી. '**ભિન્નવિષયવાળા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વડે...**' જુઓ! એ ભિન્ન વિષય છે. વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન, વ્યવહારરાગનો વિષય પર છે. નિશ્ચય સમ્યક્, નિશ્ચય જ્ઞાન, નિશ્ચય ચારિત્રનો વિષય સ્વ છે. નિશ્ચય સમ્યગ્દર્શન, સાચું સમ્યગ્દર્શન, સાચું જ્ઞાન અને સાચું ચારિત્ર એનો વિષય આત્મા છે એ નિશ્ચય. અને જેટલો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠ્યો એ પર છે. એનો સ્વપરપ્રત્યય વિકલ્પ છે. વિષય પર છે. બંધનું કારણ છે. ૧૬૪ ગાથામાં આવી ગયું. ૧૬૪માં ને? '**बंधो व मोक्खो वा**' ન આવી ગયું? ૧૬૪માં આવી ગયું, ૧૬૪માં ગયું.

**दंसणाणचरित्ताणि मोक्खमग्गो त्ति सेविदव्वाणि।**
**साधूहि इदं भणिदं तेहिं दु बंधो व मोक्खो वा।।१६४।।**

વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાનથી બંધ થાય છે. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાનથી મુક્તિ થાય છે, શુદ્ધતા થાય છે. ૧૬૪ પાનામાં મૂળ ગાથા આવી ગઈ. ૧૬૪ ગાથા. વચ્ચે આઠ દિવસ

પડ્યું રહ્યું હતું ને. આઠ દિવસ બીજું ચાલતું હતું ને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સુતરનો ફાળકો..

હવે શું કહે છે જુઓ! વજન અહીંયાં છે કે **'અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ...'** નામ જ્ઞાનમાં પરિપૂર્ણતા નથી થઈ તો અપૂર્ણતા અને રાગ તો અનાદિ કાળનો છે. અને **'પ્રાથમિક જીવ...'** એટલે પ્રથમ જીવ સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની વગેરે. ચારિત્રવંત એ પણ. **'વ્યવહારનયે...'** વ્યવહારનયે, હોં! **'ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને...'** એકલું જો નિશ્ચયસાધ્યસાધન ન હોય તો વ્યવહારને સાધ્યસાધન કહેવામાં આવતું જ નથી. એ આગળ લેશે વ્યવહારાવલંબીમાં. એકલું સાધ્ય શુદ્ધ પ્રગટ કરવું છે અને શુભરાગની ક્રિયા, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એનાથી મને શુદ્ધતા થશે (એમ માને છે એ) મૂઢ છે, વ્યવહારાવલંબી મિથ્યાદૃષ્ટિ છે. પણ જેને નિશ્ચયસાધ્યસાધન પ્રગટ્યું છે એના ભિન્ન સાધનને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિશ્ચય વિના વ્યવહાર ક્યાંથી આવ્યો?

ઉત્તર :- વ્યવહાર ક્યાંથી આવ્યો પણ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહાર તો આંધળો છે. અને નિશ્ચય જ્ઞાન તો જાગે છે. (જ્ઞાન) જાગ્યું તો જાણ્યું કે હા, વ્યવહાર છે. એ જાણવામાં આવ્યું. જાણવાલાયક છે, આદરવાલાયક નથી. સમજાણું કાંઈ?

એ **'વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને...'** વ્યવહારનયે અવલંબીને. તો ત્યાં નિશ્ચયનયથી દ્રવ્યનું અવલંબન છે જ. દ્રવ્યનું અવલંબન નિશ્ચયથી ન હોય તો વ્યવહારનયે અવલંબન પણ કહેવામાં આવતું નથી. આહાહા..! **'અવલંબીને સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે...'** આ શબ્દ આવ્યો હતો. વ્યવહારનયે અવલંબીને સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે. **'(અર્થાત્ સુગમપણે મોક્ષમાર્ગની પ્રારંભભૂમિકાને સેવે છે).'** નીચે સુખથી એનો અર્થ કર્યો છે, જુઓ!

**'સુખે કરીને = સુગમપણે; સહજપણે; કઠિનતા વિના. (જેમણે દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનાં શ્રદ્ધાનાદિ કરેલ છે...'** જુઓ! દ્રવ્યનયનું દ્રવ્યાર્થિકનય. દ્રવ્ય જેનો વિષય છે એવો દ્રવ્યાર્થિકનય. એ દ્રવ્યસ્વરૂપ જ્ઞાયક છે એના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપ છે એના શ્રદ્ધાન, જ્ઞાન, ચારિત્ર થયા છે **'એવા સમ્યગ્જ્ઞાની જીવોને તીર્થસેવનની પ્રાથમિક દશામાં...'** એ તીર્થ છે ને? ચોથું, પાંચમું, છઠ્ઠું ભેદ પડે છે એટલું તીર્થ છે. **'(-મોક્ષમાર્ગસેવનની પ્રારંભિક ભૂમિકામાં) આંશિક શુદ્ધિની સાથે સાથે...'** જેટલી સ્વભાવના આશ્રયે શુદ્ધિ પ્રગટ થઈ એ શુદ્ધિની સાથે **'શ્રદ્ધાજ્ઞાનચારિત્ર સંબંધી પરાવલંબી વિકલ્પો**

**(ભેદરત્નત્રય)...**' લ્યો, આટલો ખુલાસો કર્યો છે. '**હોય છે.**' એવો વિકલ્પ મુનિને પણ આવે છે. કુંદકુંદાચાર્યને પણ આવે છે. સમજાણું કાંઈ? વીતરાગતા ક્યાં થઈ છે? ભેદવાસિત બુદ્ધિ પડી છે હજી થોડી. મિથ્યાત્વ નથી પણ ચારિત્રમાં દોષ એટલો અસ્થિરતાનો વિકલ્પ છે.

'**કારણ કે અનાદિકાળથી જીવોને જે ભેદવાસનાથી વાસિત પરિણતિ ચાલી આવે છે...**' સર્વથા અભેદ કદી નથી થયો. આ મિથ્યાત્વની વાત નથી. રાગના અભાવની શુદ્ધિ કદી થઈ નથી. તો '**પરિણતિ ચાલી આવે છે તેનો તુરત જ સર્વથા નાશ થવો કઠિન છે.**' તે ક્ષણે, આત્માનું ભાન થયું એ ક્ષણે સર્વથા કેવળજ્ઞાન થઈ જાય એમ બનતું નથી. તો ભાન થવા કાળે જેટલી સ્થિરતા—શુદ્ધિ પ્રગટ થઈ એ તો યથાર્થ છે. અને તે કાળે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે છે એ સુખે સુખે તરે છે એમ વ્યવહારનયથી કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? સુખે એટલે વ્યવહારનયે સુખે સુખે. તીવ્ર કષાય નથી, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના વિકલ્પની શ્રદ્ધા એને વ્યવહાર અનુકૂળ ગણવામાં આવ્યો. વ્યવહારથી અનુકૂળ એટલે વ્યવહારથી સુખે સુખે તરે છે એમ કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ?

હવે એ વ્યવહારનું સ્વરૂપ શું છે? વ્યવહારનું શું સ્વરૂપ છે? જેને અહીંયાં વ્યવહાર સાધન કહ્યું. ભિન્નસાધ્યસાધન કહ્યું, અભિન્નસાધ્યસાધનની ભૂમિકાના કાળે ભિન્ન સાધ્યસાધન કહ્યું એ ભિન્ન સાધનનું સ્વરૂપ શું? સમજાણું કાંઈ? કહે છે કે '**જેમ કે (૧) આ શ્રદ્ધેય (શ્રદ્ધવાયોગ્ય) છે,...**' આ દેવ-ગુરુ-શાસ્ત્ર શ્રદ્ધા કરવાલાયક છે. અરે..! આત્મા શ્રદ્ધા કરવાલાયક છે-એવો વિકલ્પ ઉઠે છે તેને વ્યવહાર સાધનમાં ગણવામાં આવ્યું છે. હજી, નવ તત્ત્વ શ્રદ્ધા કરવાલાયક છે, છ દ્રવ્ય શ્રદ્ધા કરવાલાયક છે, આત્મા પૂર્ણ શુદ્ધ છે એ શ્રદ્ધા કરવાલાયક છે—એવો વિકલ્પ ઉઠે છે. સમ્યગ્દર્શન તો થયું છે, પણ હજી વ્યવહારના વિકલ્પમાં, વ્યવહારશ્રદ્ધાના વિકલ્પમાં આ શ્રદ્ધા કરવાલાયક છે.

'**(૨) આ અશ્રદ્ધેય છે,...**' કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર અશ્રદ્ધેય છે, સુગુરુ-સુદેવ-સુશાસ્ત્ર શ્રદ્ધેય છે એવો વિકલ્પ ઉઠે છે એને અહીંયાં વ્યવહારતીર્થ અથવા વ્યવહારસાધન અથવા વ્યવહાર પરના વિષયવાળો વિકલ્પ એને વ્યવહારમોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

'**(૩) આ શ્રદ્ધનાર છે...**' જુઓ આત્મા. આત્મા શ્રદ્ધનાર છે. ભેદ થયો ને ભેદ? આત્મા શ્રદ્ધનાર છે અને શ્રદ્ધા કરવાયોગ્ય દેવ-ગુરુ-શાસ્ત્ર છે અને કુદેવ-કુગુર-કુશાસ્ત્ર અશ્રદ્ધેય છે અને '**(૪) આ શ્રદ્ધાન છે;...**' આ સમ્યગ્દર્શનની પર્યાય શ્રદ્ધાન. એવો વિકલ્પ ઉઠે છે. રતિભાઈ! આ સવાર અને બપોરે બેય આ જરી (ઝીણો વિષય છે). આજે ઉત્તમમાર્દવનો દિવસ છે. વીતરાગભાવ. પર્યાયમાં રાગ થાય છે. રાગ ન હોય તો તો વીતરાગ થઈ જાય. રાગ થાય છે તો કયા પ્રકારે તેને વ્યવહાર સાધન કહેવામાં આવ્યો એની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? સમજાય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો રાગ.... ધર્મ નિશ્ચયનો તો છે નહિ, તો વ્યવહાર ક્યાંથી આવ્યો? રાગને ધર્મ માને છે તો નિશ્ચય છે નહિ તો વ્યવહાર ક્યાંથી કહેવામાં આવ્યો? એ તો વ્યવહારાભાસ થયો. મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? સાચી વાત શું છે, વિષય વિપરીત શું છે એની શ્રદ્ધાના ઠેકાણા નહિ, એને સમ્યગ્દર્શન ક્યાંથી થાય? હજી શ્રદ્ધાના ઠેકાણા નથી. વ્રત ક્યાંથી આવ્યા? સમ્યગ્દર્શન વિના, હજી શ્રદ્ધાના ઠેકાણા નથી ત્યાં વ્રત ક્યાંથી આવ્યા? પડિમા લઈ લીધી પાંચ ને દસ ને અગિયાર પડિમા છે. રામજીભાઈ કહે ને પછી પંદર હોય તો પંદર લઈ લે. ક્યાં ખબર નથી કોને કહેવી પડિમા અને કોને કહેવી... આહાહા..!

આ શ્રદ્ધા સંબંધીના વિકલ્પની વાત આવી ચાર બોલમાં. વ્યવહાર સમ્યગ્દર્શનના વિકલ્પમાં આ ચાર બોલ આવ્યા. નિશ્ચય સમ્યગ્દર્શનમાં વિકલ્પ નથી. એ તો શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ નિર્મળ થઈ એ નિશ્ચય. વ્યવહાર સમ્યગ્દર્શનમાં આ આત્મા શ્રદ્ધા કરનાર, આ શ્રદ્ધા પર્યાય, આ શ્રદ્ધેય કરવા યોગ્ય, આ અશ્રદ્ધેય—એવા વિકલ્પને વ્યવહાર સમ્યગ્દર્શન, વ્યવહાર સમ્યગ્દર્શન, નિશ્ચય સાધ્યનું વ્યવહારસાધન કહેવામાં આવ્યું. હવે એના જ્ઞાનની વાત વિશેષ લેશે...

(મુમુક્ષુ :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૭, રવિવાર, તા. ૧૩-૯-૧૯૬૪**
**ગાથા - ૧૭૨, પ્રવચન - ૨૦**

આ પંચાસ્તિકાયની ૧૭૨ (ગાથા ચાલે છે). મોક્ષમાર્ગના વિસ્તારની વાત છે. જુઓ! બે લીટી ફરીથી. ચાલી તો ગયું છે બહુ વિસ્તારથી કાલે. પણ છોટાભાઈએ જરી... અમારા આ શેઠીએ વળી જરી (ફરીથી લેવાનું કહ્યુ). સુખથી, એનો સુખથી પ્રશ્ન હતો. જુઓ, શું કહે છે? જરી ઝીણી વાત છે.

'**અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે...**' પહેલાં આટલા શબ્દનો અર્થ. છે? કાલે બે લીટી ચાલી છે. ફરીથી. '**અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે...**' એનો શું અર્થ? કે અનાદિથી આત્મા પોતાની પર્યાયથી અંદરમાં અભેદ કદી પૂર્ણરૂપ થયો નથી. સમ્યગ્દર્શન ધર્મ પામવા છતાં, આત્મા અખંડ આનંદ જ્ઞાયક છે એવી પરથી દૃષ્ટિ ખસેડી પોતાના સ્વભાવની દૃષ્ટિ કરી અને સ્વરૂપની સ્થિરતા પણ થોડી કરી, છતાં સર્વથા અભેદ થવું... એ અનાદિ વાસનાની વૃત્તિ પડી છે તો એનાથી (છૂટીને) અભેદ થયો નથી.

અહીંયાં સમ્યગ્દૃષ્ટિની વાત. સમજાણું કાંઈ? અનાદિ એ રાગવાળી બુદ્ધિ છે. રાગમાં રોકાવું એવું અનાદિથી છે. સવારે ચાલ્યું હતું એ બીજી વાત. એ તો સમ્યગ્દર્શનમાં અજ્ઞાનની વાત ચાલી હતી. પોતાના જ્ઞાનની પર્યાયમાં રાગાદિને પોતાનો માને છે એ અનાદિ મિથ્યાવાસના છે. પણ આ જે છે એ પોતાના સ્વરૂપમાં તદ્દન અભેદ થવું જોઈએ, એવો અભેદ થયો નહિ તો રાગની ભેદતા, રાગ, દયા, દાનના પરિણામથી ભેદબુદ્ધિ અનાદિથી ચાલી આવી છે. સમજાણું કાંઈ? આ મિથ્યાદૃષ્ટિની વાત નથી.

જ્ઞાનીને પણ રાગમાં એકાકારનો અસ્થિરતા ભાવ ચાલ્યો આવે છે. અનાદિ કાળથી ભેદ નામ રાગમાં રોકાવું એવી વાસના, એવી ગંધ, એવી અસ્થિરતાબુદ્ધિ હોવાને કારણે, જ્ઞાન રાગમાં રોકાવાને કારણે. સમજાણું કાંઈ? ભાઈ! આમાં તો જ્ઞાનમાં વિચાર અને મંથન કરવાની જરૂર છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ચૈતન્ય જ્ઞાન અનંત ગુણનો જ્ઞાતા-દૃષ્ટાનું ધામ હોવા છતાં પર્યાયમાં અનાદિથી રાગની એકતાબુદ્ધિ છે એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? અને પછી રાગની એકત્વબુદ્ધિ ટળ્યા પછી પણ જેટલી જ્ઞાનમાં રાગની અસ્થિરતા છે એ પણ અનાદિવાસિત બુદ્ધિ છે. સમજાણું કાંઈ? શેઠી! પહેલાં ભેદવાસના તૂટી ગઈ હતી અને અભેદ થયો હતો અને પછી ભેદ થયો એમ વાત નથી. સમજાણું કાંઈ? અહો..! એનો માર્ગ સમજવો એમાં પણ મહાન પ્રયત્ન છે. સમજવામાં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ છે. બીજો ક્યો પ્રયત્ન કોણ કરે છે? ઓહો..!

અનાદિ કાળથી કદી આત્મા કર્મ, પુદ્‌ગલ, અક્ષર, શબ્દને કદી અડ્યો જ નથી, કદી અનાદિથી ભેટ્યો જ નથી. શું કહે છે સમજાણું? આ શરીર, વાણી, કર્મ, બાહ્યના પદાર્થ એને કદી અજ્ઞાની આત્મા પણ પરને ભેટ્યો નથી, અડ્યો નથી. અમારી ગુજરાતી ભાષામાં કહીએ તો તેને અડ્યો નથી. સમજાણું કાંઈ? કદી ત્રણ કાળમાં, અનંત કાળમાં. ભગવાન આત્મા એ અક્ષર અનક્ષર શબ્દો, એ કર્મનું ખરવું ને આવવું, શરીરમાં આવી ક્રિયા આમ થવી કે ન થવી, એ બધી જડની પર્યાયને કદી આત્મા અડ્યો જ નથી. સમજાણું કાંઈ? ભાઈ! શોભાલાલભાઈ! પદાર્થ જડ છે, પર છે. શેઠ! શું? માવાના જાંબુને અડ્યો જ નથી કદી. ખાતા હતા ને? બરફી ને માવા ને શું કહે છે? ઘારી ને પુરી.

ભગવાન કહે છે કે પ્રભુ! તું તો અરૂપી ચૈતન્ય છોને. એ રૂપીના એક રજકણથી માંડીને અનંત પરમાણુનો સ્કંધ એને કદી ભેટ્યો નથી, કદી અડ્યો નથી, કદી એકમેક થયો નથી, કદી સંબંધ કર્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ ભેદવાસિત બુદ્ધિ સિદ્ધ કરવી છે. પરને તો કદી અડ્યો નથી. સૂવું, જાગવું, દોડવું, નાચવું, બોલવું એ બધી જડની ક્રિયા છે. આત્મા કદી તેને અડ્યો જ નથી. હવે એણે સ્પર્શ્યું છે શું? કે રાગ અને પોતાનો જ્ઞાયકભાવ બેની એકપણાની માન્યતા રાગમાં કરી છે એને પર્યાયદૃષ્ટિમાં સ્પર્શ્યો છે. વિકારને. એનું નામ મિથ્યાત્વભાવ, મિથ્યાદર્શન શલ્યભાવ, એનું નામ મિથ્યાદૃષ્ટિપણું. સમજાણું કાંઈ? એ અનાદિની વાસના છે એની પર્યાયમાં હોં! પરને તો કદી અડ્યો જ નથી. વાંચન, બોલે, ચાલે, હાલે કોઈ ક્રિયા એણે કરી તો નથી, પણ કોઈ જડની ક્રિયાને સ્પર્શ્યો નથી. ખબર નથી કે હું એને અડું છું કે નહિ? સ્પર્શ્યો જ નથી કોઈ દિ'.

સ્પર્શ્યો છે કોને? કે પોતાનું સ્વરૂપ જ્ઞાયક ચિદાનંદ અનંત અનંત અનંત ગુણરાશિ પ્રભુ, પોતાના સ્વરૂપને ભૂલીને પોતાની પર્યાય—અવસ્થામાં વિકલ્પ જે ઊઠે છે પોતામાં, તેને એકબુદ્ધિથી અડીને એ મારો રાગ છે, હું રાગરૂપ છું એવી માન્યતા અનાદિની મિથ્યાદૃષ્ટિની વાસના છે. આત્મામાં છે. સમજાણું કાંઈ? પરનું અસ્તિત્વ તો પોતામાં નથી અને પરના અસ્તિત્વને અડ્યો પણ નથી. સમજાણું કાંઈ? ખાધું ને હમણાં, બરફી ને મોસંબી ને આ.

મુમુક્ષુ :- એ તો ચાલ્યું ગયું.

ઉત્તર :- પણ અડ્યો જ નથી તો ચાલ્યું ક્યાંથી જાય? કદી આત્મા ભગવાન અરૂપી અજ્ઞાનપણે પણ પરપદાર્થને કદી અડ્યો નથી, ભેટ્યો નથી, એક થયો નથી, પર થયો નથી, સંબંધ કર્યો જ નથી. તારાચંદજી! બરાબર છે? હવે એણે કર્યું છે શું? કે જે વિકલ્પ, દયા, દાન, કામ, ક્રોધ, વિકલ્પ જે વૃત્તિ ઉઠે છે વિકાર, પોતાની પર્યાયમાં હોં! જીવમાં-આત્મામાં. એને એક માનીને સંબંધ કર્યો, રાગને અડ્યો અને રાગને પોતાનો માન્યો એનું નામ મિથ્યાદૃષ્ટિપણું છે. હવે એ મિથ્યા દૃષ્ટિ ટળવા છતાં સ્વભાવનું ભાન થઈને, રાગને હું અડું છું, રાગ મારો છે, રાગમાં એકત્વ છે, એમ મિથ્યાદૃષ્ટિપણું છૂટ્યા છતાં પણ રાગની અસ્થિરતાની વાસના

પડી છે તેનામાં. સમજાણું કાંઈ? એ પણ અનાદિની વાસના છે. કદી રાગની અસ્થિરતા છૂટી ગઈ હતી અને પાછી રાગની અસ્થિરતા થઈ છે એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ખબર નથી... ખબર નથી (કે) શું તત્ત્વ છે. આત્માનંદજી ક્યા ગયા? નથી આવ્યા? સમજાણું કાંઈ?

**'અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે...'** પોતાની પર્યાયમાં અનાદિ કાળથી રાગથી, અસ્થિરતાથી વાસિત બુદ્ધિ છે. સમજાણું કાંઈ? **'પ્રાથમિક જીવો...'** અર્થાત્ જેણે પોતાનો આત્મા જ્ઞાનસ્વરૂપ, શુદ્ધ સ્વરૂપ આનંદમૂર્તિ હું છું, એવી રાગ અને વિકલ્પથી પૃથક્ પોતાના આત્માનું, જ્ઞાતા-દૃષ્ટાનું ભાન થયું, પ્રતીત થઈ, શ્રદ્ધા થઈ, અભિપ્રાય થયો, અનુભવ થયો. એમાં હજી અસ્થિરતાનો રાગ બાકી છે. સમજાણું કાંઈ? જો રાગ બાકી ન હોય તો પૂર્ણ વીતરાગ થઈ જાય. અને રાગ બાકી છે એ રાગ અનાદિની વાસનાવાળો છે. કોઈ નવો રાગ ઉત્પન્ન થાય છે એમ નથી. સમયે સમયે ભલે ઉત્પન્ન થાય, પણ વાસના રાગની અનાદિની એવીને એવી છે. રાગથી ભિન્ન દૃષ્ટિ કરી, પણ ભિન્ન સ્વરૂપમાં સ્થિરતા નથી કરી. સમજાણું કાંઈ? તો અનાદિ કાળથી ભેદવાસિત... અમરચંદભાઈ! આ તો પદનો અર્થ થાય છે.

આ તો સિદ્ધાંત છે અને સિદ્ધાંતના એક એક શબ્દમાં મહાન આગમ પડ્યા છે. સમજાણું કાંઈ? એક એક શબ્દમાં અનંત આગમ છે. કહે છે કે એક તો **'અનાદિ કાળથી ભેદવાસિત...'** રાગની વાસનાવાળું જ્ઞાન. જ્ઞાન છૂટું પડ્યું ભલે રાગથી, પણ હજી વાસના રાગની અસ્થિરતાની રહી ગઈ. એ અસ્થિરતાનો રાગ **'અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો વ્યવહારનયે...'** એટલે છઠ્ઠા ગુણસ્થાનવાળો મુખ્ય જીવ (અને) ગૌણપણે પાંચમા અને ચોથાવાળો જીવ, એને અહીંયાં પ્રાથમિક જીવ કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? એ પ્રાથમિકનો અર્થ થયો.

એ **'જીવો વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને...'** જ્ઞાની(ને) આત્માનું ભાન થયું છે. સમ્યક્ ચૈતન્યમૂર્તિ હું જ્ઞાતા-દૃષ્ટા છું. સ્વભાવથી તો રાગને કદી સ્પર્શ્યો જ નથી. સ્વભાવથી. પરને તો સ્પર્શ્યો નથી. સ્વભાવની દૃષ્ટિથી તો રાગને પણ સ્પર્શ્યો નથી. પણ પર્યાયમાં રાગની અસ્થિરતા છે. **'પ્રાથમિક જીવો વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને...'** અર્થાત્ સાધ્ય તો શુદ્ધ છે, શુદ્ધ દશા પ્રગટ કરવી છે. સાતમા ગુણસ્થાનને યોગ્ય કે પૂર્ણ પરિણતિ નિર્મળ શુદ્ધ સાધ્ય—એ સાધ્ય છે. અને એ સાધ્યનું સાધન ભિન્ન છે. સાધ્ય શુદ્ધ છે અને સાધન સાધ્યથી ભિન્ન પ્રકારનું છે. ભિન્નસાધ્યસાધન. સાધ્ય શુદ્ધ છે તો એનું અભિન્ન સાધન તો પ્રગટ થયું છે. કેવું? કે શુદ્ધ પૂર્ણ પ્રગટ કરવાનો ભાવ છે, પણ પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય એના અવલંબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે શુદ્ધ અવસ્થા છે એટલું શુદ્ધ પૂર્ણ (દશા) એનું નિશ્ચયસાધન પ્રગટ થયું છે. તેને અભિન્ન સાધ્યસાધન

કહેવામાં આવે છે. ભારે વાત. એય..! શેઠ! આમાં બહુ મહેનત કરવી પડે છે સમજવામાં.

મુમુક્ષુ :- તમે સમજાવો.

ઉત્તર :- સમજાવે કોણ? સમજે કોણ? સમજવાનું તો એને છે કે નહિ?

કહે છે કે એક વાત કે '**પ્રાથમિક જીવો વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને...**' એનો અર્થ એ થયો કે એનામાં—આત્મામાં નિશ્ચય સાધ્યસાધન થયા છે. ભાઈ! સમજાય છે? શું નામ ભાઈ?

મુમુક્ષુ :- સનતકુમાર.

ઉત્તર :- સનતકુમારજી! આ તો ચક્રવર્તીનું નામ છે ઈ. એ તો સનતકુમાર જ છે આત્મા. એમાં શું છે? સ્વભાવનું ચક્ર રાખે છેને? તો અજ્ઞાન અને રાગ-દ્વેષને ઉડાડી દે એવો આત્મા છે. કેમ તારાચંદજી! શું કહે છે? ભાઈ! અમારા છોટાભાઈએ કીધું હતું થોડું ફરીને લેવું એમ કીધું હતું કાલે. લ્યો, હવે એ તો અમારે પંડિત છે અહીં મોટા હોં!

મુમુક્ષુ :- અમને લાભ થયો.

ઉત્તર :- પણ હવે એણે આવીને એમ કહ્યું અને અમારા ભાઈ આ શેઠી તો ડોસા વૃદ્ધ છે. એણે કહ્યું, સુખેથી શું છે? સુખ તો આવતા વાર લાગશે હોં હજી.

કહે છે, પ્રભુ! સાંભળ તો ખરો. વ્યવહારનયથી ભિન્નસાધ્યસાધનભાવનું અવલંબન. એનો અર્થ શું? કે પોતાનું શુદ્ધ જ્ઞાન ચિદાનંદ આનંદસ્વરૂપ પૂર્ણ છે એની દૃષ્ટિ થઈ છે—શ્રદ્ધા, એનું સ્વસંવેદનજ્ઞાનનું જ્ઞાનમાં વેદન થયું છે અને જ્ઞાનમાં સ્થિરતાની ચારિત્રની દશા પણ અંશે ઉત્પન્ન થઈ છે. તેને પૂર્ણ સાધ્ય જે શુદ્ધ છે એનું એ નિશ્ચયસાધન, અભિન્નસાધનસાધ્ય કહેવામાં આવે છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અભિન્ન થયું. તો અભિન્નની સાથે ભિન્નસાધ્યસાધન બીજું છે એ વાત અહીં સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ? એમાં પણ એટલો અર્થ છે... બહુ જરી વળી જુદું આવ્યું. શું? કે ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ જ્ઞાયક છે એનું સાધ્ય પૂર્ણ શુદ્ધ થવું એ સાધ્ય છે, સાધવાલાયક છે અને તેનું સાધન નિશ્ચયસાધન, જેવું શુદ્ધ સાધ્ય છે તો અહીંયાં શુદ્ધ જેટલું પ્રગટ થયું, સ્વભાવની દૃષ્ટિ, સ્વભાવનું જ્ઞાન, સ્વભાવની સ્થિરતા એને અહીંયાં સાધન કહેવામાં આવે છે. એ સાધન અભિન્નસાધ્યસાધન. કેમકે શુદ્ધ સાધ્ય છે એનો આ શુદ્ધતાનો અંશ સાધન કહેવામાં આવ્યું. એ સાધનની વ્યાખ્યા પણ એવી છે. વળી સૂક્ષ્મ આવ્યું થોડું.

એ સાધન છે, પછી સાધ્ય પ્રગટ થશે તેથી એને સાધન કહેવામાં આવ્યું છે. પણ સાધન નિશ્ચય થયું તો બળજોરીથી સાધ્યને પ્રગટ કરશે એમ નથી. આત્માવલોકનમાં છેને ભાઈ? શું કહ્યું સમજો. જરી વાત સૂક્ષ્મ છે. ફરી કહીએ છીએને. બે, ત્રણ, ચાર બોલ વિના ચાલે એવું નથી અહીં તો. અને ન બોલે, પૂછે તો બે-ચાર વાર તો આવે જ વાત. એ વિના

પકડાય એવી નથી વાત.

મુમુક્ષુ :- .... સાધ્યસાધક છે અંદર...

ઉત્તર :- એમ નથી. સાંભળો!

ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ અનંત ગુણનું ધામ છે એવી દૃષ્ટિ થઈ અને એનું સમ્યગ્જ્ઞાન થયું, એના સ્વરૂપની સ્થિરતા પણ થઈ. એ શુદ્ધતાને પર્યાયમાં જે શુદ્ધતા પ્રગટ થઈ છે એને શુદ્ધ સાધન, નિશ્ચયસાધન કહ્યું. કેમકે પ્રગટ કરવાનું સાધ્ય પૂર્ણ શુદ્ધ છે અને આ ચીજ અપૂર્ણ શુદ્ધ છે. તો અપૂર્ણ શુદ્ધને અહીંયાં અભિન્નસાધન, સાધ્યની સાથે અભિન્નસાધન કહ્યું. પણ સાધનનો અર્થ એમ ન લેવો કે એ સાધન શુદ્ધતા પ્રગટી છે તો એ જ સાધન સાધ્યને લાવશે. સાધ્યને પ્રગટ કરશે એમ નથી. વળી આ શું? ચંદુભાઈ! કેમકે સાધન તો એમ કહેવામાં આવ્યું કે સાધ્યની દશા પ્રગટ થયા પહેલાં એમાં એવી શુદ્ધતા, નિર્મળતા સાધન હતું. એ પહેલાં શુદ્ધ જ હતું અને પછી સાધ્ય પ્રગટશે તો એ સાધન આવ્યું તો એને કારણે પ્રગટ થશે એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. હજી સમજાયું નથી, એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ નહિ, આ પણ નવી શુદ્ધતા છે. સાંભળો બરાબર.

આ તો સાધ્યસાધનનો ભેદ છે. અહીં તો નિશ્ચય શુદ્ધસાધન જે થયું... વાત આખી બહુ ફેર છે. વર્તમાનમાં તો એટલી ગડબડ છે કે સમજવું હજી કઠણ પડે. અનાદિનું છે જ નહિ, શુદ્ધ સાધન અનાદિનું છે જ નહિ. સમજાણું કાંઈ? હજી તો અહીં અભિન્નસાધ્યસાધનની વાત ચાલે છે. તેમાં અનાદિનું છે જ નહિ ઈ. એ તો નવી પર્યાય પ્રગટ થઈ. પણ એ નવી પર્યાય શુદ્ધ સ્વભાવને આશ્રયે પ્રગટ થઈ. સાધન કહ્યું સાધ્યનું, પણ એ નવી પ્રગટ થઈ એ નિશ્ચય અભિન્નસાધ્યસાધન. છતાં એ સાધન સાધ્યને લાવશે કે સાધનની પર્યાય બળજોરીથી સાધ્ય પ્રગટ કરશે એમ નથી.

મુમુક્ષુ :- એ એને જોર કરીને લાવે એવું નથી.

ઉત્તર :- હા. છતાં તેને અહીંયાં અભિન્નસાધ્યસાધન કહેવામાં આવ્યું છે. અહીં એ સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યય થાય છે પણ એ પર્યાય સ્વતંત્ર છે, સાધ્યની પર્યાય સ્વતંત્ર છે. મોક્ષમાર્ગની નિશ્ચયપર્યાય પણ મોક્ષને પ્રગટ કરે એમ છે જ નહિ. અમરચંદભાઈ! કેમકે એ પર્યાય તો પૂર્વે વર્તતી હતી અને પછી એ (સાધ્ય) થશે તેથી તેને સાધન કહેવામાં આવ્યું છે. પણ સાધન આવ્યું તો બળજોરથી સાધ્યને પ્રગટવું જ પડે એવી સાધનમાં તાકાત નથી. શુદ્ધ

સાધન હોં. હજી ભિન્ન સાધનની પછી વાત કરે છે. એ તો જુદી વાત છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ ચૈતન્યજ્યોત અખંડાનંદ કંદ પડ્યો છે. એનું સાધન કર્યું અંદરમાં (શુદ્ધાત્માનું) તો સાધન એને શુદ્ધ થયું, અનંત કાળમાં નથી થયું એવું. અને સાધ્ય પૂર્ણ શુદ્ધ (દશા) છે. તો પૂર્ણ સાધ્યનું અભિન્ન સાધન કહ્યું. કેમકે એ શુદ્ધ છે, આ પણ શુદ્ધ છે. તો અભિન્ન સાધન, અભિન્ન સાધ્ય, એક જાતનું છે. એક જાતનું.

મુમુક્ષુ :- .. પૂર્ણ.

ઉત્તર :- પૂર્ણ છે. એ અપેક્ષાએ તેને નિશ્ચયથી અભિન્નસાધ્યસાધન કહ્યું, પણ છતાં એ શુદ્ધતા જે અભિન્ન પ્રગટ થઈ છે એનાથી સાધ્ય થવું જ પડે, એનાથી થશે જ એમ નથી. સાધ્યની નિર્મળ પર્યાય સ્વતંત્ર પ્રગટ થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દ્રવ્યના આશ્રયે સ્વતંત્ર થાય છે. આ પર્યાયના આશ્રયે થતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ ઝીણું થઈ ગયું. આ ઝીણામાં વળી ઝીણું. વળી અમારા છોટાભાઈ કહે, થોડું ફરીને કહેજો. વળી આવ્યું પાછું ઝીણું એમાં.

મુમુક્ષુ :- પર્યાયના આશ્રયે નથી થતી, સ્વતંત્ર થાય છે?

ઉત્તર :- એ સ્વતંત્ર પર્યાય છે સાધ્યની. પર્યાય છે સાધન તો સાધ્ય થશે એમ નથી. સાધ્યસાધનનો અર્થ એટલો કે સાધ્ય પ્રગટ થયા પહેલાં આવી દશા હતી. એમ. નહિતર એ સાધન પણ સાધ્યનું સાક્ષી જ છે. સાધન પણ સાધ્યનું સાક્ષી છે. એનાથી પ્રગટ થશે એમ નહિ.

મુમુક્ષુ :- સાધ્ય..

ઉત્તર :- આવ્યું છે. એ તો પૂર્વે સાધન છે એમ કહેવામાં આવ્યું. પણ એ શુદ્ધ સાધન થયું તો સાધ્યને લાવશે એમ નથી. શું એક પર્યાય બીજી પર્યાયની ધણી છે? શું સ્વામી છે? સમજાણું કાંઈ? ઝીણી વાત છે.

મુમુક્ષુ :- ઘણી ઊંડી.

ઉત્તર :- ઘણી ઊંડી એટલે ન સમજાય એવી નથી.

મુમુક્ષુ :- બુદ્ધિ પ્રમાણે સમજે.

ઉત્તર :- બુદ્ધિમાં પ્રયાસ તો કરવો પડશે કે નહિ? બીડી-તમાકુમાં કેવો પ્રયાસ છે? બુંદેલખંડમાં આમ શેઠ... શેઠ... શેઠ... શેઠ... શેના શેઠ પણ? સમજાણું કાંઈ? અહીં તો આત્માના સ્વભાવના શ્રેષ્ઠ અને શેઠ દૃષ્ટિમાં થાય ત્યારે શેઠ કહેવાય છે.

દૃષ્ટિમાં પોતાનો આત્મા અને એ પણ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર શુદ્ધ સ્વભાવની અંતર્મુખતાથી પ્રગટ દશા થઈ એ જ સાધ્યને લાવશે જ એવું જોર પર્યાયમાં નથી. કેમકે એ પર્યાય તો વ્યય થઈ જાય છે. નવી પર્યાય(ને) વ્યય લાવે એમ છે નહિ. અને ઉત્પાદ

પૂર્વે હતો શુદ્ધ સાધન, માટે સાધ્ય થશે જ એને કારણે એમ નથી. એ તો ફક્ત સાધ્ય પહેલા નિશ્ચયસાધન કયુ હતું એને બતાવવા માટે નિશ્ચયસાધ્યસાધન અભિન્ન કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આ તો દસલક્ષણી પર્વના દિવસ છે તો એમાં યથાર્થ વાત શું છે એની દૃષ્ટિ એણે સમજવી પડશે કે નહિ?

તો કહે છે કે, અહીંયાં તો અહીં સુધી આવ્યું કે વ્યવહારનયથી... પહેલા નિશ્ચયનયથી વાત કરી. અહીં વ્યવહારનયથી (કથન) છે, નિશ્ચયનયથી અભિન્નસાધ્યસાધન છે તો અહીંયાં વ્યવહારનયથી ભિન્નસાધ્યસાધન કહ્યું. નિશ્ચય વિના વ્યવહાર કદી હોતો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તેથી તો આ લીધું છે પહેલાં.

નિશ્ચયનું સાધન પ્રગટ્યા વિના વ્યવહારના સાધનનો આરોપિત ભાવ કહેવો એ પણ યથાર્થ નથી. અને એક સમયમાં બેય સાધન છે. પણ બેયનો ભાવ ફેર છે. એક અંતર શુદ્ધ ઉપાદાનની દૃષ્ટિથી, અંતર જ્ઞાયકભાવથી દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા કરી એ શુદ્ધ છે. એને શુદ્ધ અભિન્નસાધ્યસાધન કહેવામાં આવ્યું છે. નિર્મળની એક જાતિ ગણીને, નિર્મળની એક જાતિ ગણીને, શુદ્ધતા (સાધન) અપૂર્ણ અને શુદ્ધતા (સાધ્ય) પૂર્ણ, પણ શુદ્ધતા છે એની એક જાતિ ગણીને નિશ્ચયથી એ નિર્મળદશાને સાધન કહેવામાં આવ્યું છે.

હવે એની સાથે. '**વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને...**' ધર્મીજીવને એ નિશ્ચયના સાધનની સાથે વ્યવહારસાધન (હોય છે). દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ, શાસ્ત્રને ભણવાનો વિકલ્પ (હોય છે). એ વિકલ્પ સ્વપરપ્રત્યયી પર્યાય છે. એકલી શુદ્ધ પર્યાય નથી. પહેલા જે નિશ્ચય અભિન્નસાધ્યસાધન કહ્યું એ અભિન્ન શુદ્ધ છે તો સ્વદ્રવ્ય આશ્રય શુદ્ધ થયું. સ્વઆશ્રયે શુદ્ધ. પણ હવે આ ભિન્નસાધ્યસાધન જે કહે છે એ વિકલ્પ છે, રાગ છે. એ રાગ સ્વપરપ્રત્યય છે. પોતાની પર્યાય નિમિત્તને લક્ષે ઉત્પન્ન થઈ છે તો રાગ છે, વિકલ્પ છે, મેલ છે, ઉપાધિ છે, શુભભાવ છે. એ શુભભાવને વ્યવહારનયથી ભિન્ન સાધ્ય (સાધન કહ્યું) કેમકે શુભભાવ એ મલિન છે, વિકલ્પ છે અને સાધ્ય છે એ શુદ્ધ છે. તો સાધ્ય શુદ્ધથી જાત ભિન્ન થઈ. સાધ્ય જે શુદ્ધ પ્રગટ કરવું છે એનાથી વિકલ્પ ભિન્ન થયો. ભિન્ન થયો એ કારણે સાધ્ય અને સાધન ભિન્ન છે એવું એ સાધનને સાધ્યનું સાધન વ્યવહારનયથી કહેવામાં આવ્યું છે. ભાઈ! આ તો માર્ગ એવો છે. એ સમજ્યા વિના એમને એમ અનાદિ કાળથી ચાલ્યો આવે છે. અંધાધુંધી, અંધાધુંધ.

'**વ્યવહારનયે...**' અહીંયાં વજન છે. વજન સમજો છો? ત્યાં આગળ આચાર્યને એમાં શું કહેવું છે એનું જોર છે. કે '**વ્યવહારનયે...**' એ વિકલ્પ ઉઠે છે વ્યવહારરત્નત્રયનો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો, નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ ભેદવાળો અને અગિયાર અંગનો અભ્યાસ, પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠવો એ સાધ્ય શુદ્ધનું સાધન વ્યવહારનયથી કહેવામાં આવ્યું છે.

કેમકે રાગ અને વિકલ્પ હોવાથી સાધ્ય શુદ્ધનું વ્યવહારસાધન કહેવામાં આવ્યું છે. નિશ્ચયસાધન પ્રગટ્યું છે—અભિન્ન સાધન, (તેથી સાથેના રાગને) વ્યવહાર નિમિત્ત સાધન કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહાર સાધન જ નથી. ક્યાંથી આવ્યો વ્યવહાર? માલ વિના કોથળો શેનો? કોથળો સમજો છો? બારદાન. માલ નથી અને બોરી કોની? પણ કોની બોરી? માલ વિના? ખાલી બોરી પણ શેની? તમાકુની, દાણાની, સાકરની. બોરી. પણ માલ હોય તો પછી કહેવાય કે આ સાકરની બોરી, દાણાની બોરી, ચોખાની. એમ નિશ્ચય બોરી હોય, માલ હોય ત્યારે તેને તેની બોરી કહેવાય છે. વિકલ્પ ઉઠે છે. સમજાણું કાંઈ? બહુ ગડબડ છે માટે ધીમેથી, શાંતિથી વિસ્તાર કરવામાં આવે છે. એકદમ બે લીટી કેમ કરે? બે લીટી પૂરી કરી એમ કો'ક કહેતું હતું. ભાઈ! પૂરું ક્યાં કરે? એનો વિસ્તાર જે છે એટલો સમજણમાં આવે નહિ અને એમને એમ વાંચી જાય, એમાં કાંઈ યથાર્થ હાથ આવે નહિ. કહો, સમજાણું કાંઈ? વલ્લભદાસભાઈ! લ્યો, આ વાત ઝીણી અત્યારે આવી. સવારે કાંઈક એવું આવ્યું અને અત્યારે એવું આવ્યું. રવિવારે અનુકૂળ આવ્યું. અમારે ક્યાં ગયા? ગયા? આ બેઠા. ... ઈ કહે, રવિવારે એવું જ આવે છે. ઈ વળી એમ કહે છે.

જુઓ ભાઈ! થોડું પણ યથાર્થ સમજાવું જોઈએ. ભલે અગિયાર અંગનું જ્ઞાન ન હોય, નવ પૂર્વનું ન હોય, પણ જેટલું હોય એટલું યથાર્થ અને સત્ય હોવું જોઈએ. સમજાણું કાંઈ? થોડુંક સાચું જ્ઞાન પણ કેવળજ્ઞાનને લાવી શકે છે અને અગિયાર અંગ અને નવ પૂર્વનો અભ્યાસ પણ મિથ્યાત્વને ટાળી શકતો નથી. સમજાણું કાંઈ?

કહે છે કે '**પ્રાથમિક જીવો...**' અર્થાત્ ચોથા-પાંચમા અને મુખ્ય છઠ્ઠા ગુણસ્થાનવાળા સંત, સાધુ, તેને નિશ્ચય અભિન્નસાધ્યસાધન પ્રગટ થયું છે તેને વ્યવહારનયથી ભિન્નસાધ્યસાધનભાવનું અવલંબન આવે છે—રાગનો આશ્રય આવે છે. દેવની ભક્તિ, ગુરુની ભક્તિ, દેવ-ગુરુની શ્રદ્ધા એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. તો એવું અવલંબન લઈને. ત્યાં સુધી અર્થ થયો. હવે આવ્યું અમારા શેઠીનો અર્થ. '**સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે...**' સુખે કરીને કહો કે સુખથી. એટલે સુખથી તીર્થની શરૂઆત કરીને. સુખે કરીને કહો અહીંયાં હિન્દી ભાષામાં. હવે એનો અર્થ નીચે અમારા પંડિતજીએ કર્યો છે જુઓ. '**સુખે કરીને = સુગમપણે; સહજપણે; કઠિનતા વિના.**' અર્થાત્ શુભભાવ આવે છે, સ્વરૂપમાં સ્થિરતા નથી. પરિણતિ શુદ્ધ છે. શું? ધર્મીની પરિણતિ શુદ્ધ છે. પરિણતિ શું? પર્યાય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય પરિણતિ શુદ્ધ છે. પણ શુદ્ધોપયોગમાં નથી આવ્યો. સ્વરૂપમાં ઠરીને શુદ્ધોપયોગ નથી તો એ કાળે એને વ્યવહારનું આલંબન આવ્યા વિના રહેતું નથી.

મુમુક્ષુ :- પરિણતિ અને ઉપયોગ...

ઉત્તર :- લ્યો! કેટલી વાર કહ્યું? ઘણી વાર કહ્યું કે પરિણતિ નામ શુદ્ધ દશા. છઠ્ઠા

ગુણસ્થાને, ચોથા ગુણસ્થાને, પાંચમામાં—ત્રણેમાં જેટલી દ્રવ્યને આશ્રયે દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા થઈ એટલી પર્યાય શુદ્ધ પરિણતિ કાયમ રહે છે. સમ્યગ્દર્શન પ્રગટ થયું તો સમ્યગ્દર્શનની શુદ્ધ પરિણતિ દર્શનની અને અનંતાનુબંધીના અભાવની એટલી ચારિત્રની, એ શુદ્ધ પરિણતિ નામ પર્યાય કાયમ રહે છે અને શુદ્ધોપયોગ તો જ્યારે અંતરમાં ધ્યાનમાં જાય છે ત્યારે શુદ્ધોપયોગ થાય છે. સમજાણું કાંઈ?

ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દૃષ્ટિને પણ શુદ્ધ પરિણતિ સમ્યગ્દર્શન અને અનંતાનુબંધી અભાવની પર્યાય કાયમ રહે છે. લડાઈમાં હોય, ભોગમાં હોય. સમજાણું કાંઈ? એ શુદ્ધ પરિણતિ કાયમ છે. પણ ઉપયોગ હજી શુભ-અશુભ ભાવમાં જાય છે તો શુદ્ધ ઉપયોગ નથી. સમજાણું કાંઈ? શુદ્ધોપયોગ તો જ્યારે ધ્યાનમાં જાય છે ત્યારે શુદ્ધોપયોગ ચોથા ગુણસ્થાનમાં કદાચિત કોઈવાર કોઈ કાળે આવે છે.

અને પાંચમા ગુણસ્થાને પણ શુદ્ધ પરિણતિ મિથ્યાત્વ અને અનંતાનુબંધીની અને અપ્રત્યાખ્યાનની ગઈ એટલી શુદ્ધ પર્યાય તો કાયમ ચાલુ છે. કાયમ ચાલુ છે. દુકાને બેઠો હોય, ભોગમાં હોય, લડાઈમાં હોય. લડાઈ તો ન હોય. સમજાણું કાંઈ? જરી ક્રોધ પણ હોય, માન, માયા, લોભ વિકલ્પ ઉઠ્યા હોય તોપણ જેટલી શુદ્ધ પરિણતિની પર્યાય પ્રગટી એ તો નિરંતર રહે છે. અને ક્યારેક શુદ્ધોપયોગના ધ્યાનમાં આવે છે. શુભાશુભનો વિકલ્પ છૂટીને શુદ્ધોપોયગનું ધ્યાન કોઈ કાળે ક્યારેક આવે છે. ચોથા ગુણસ્થાન કરતાં પાંચમામાં બહુ ટૂંકા કાળમાં આવે છે શુદ્ધોપયોગ. ચોથે લાંબા કાળે આવે છે.

અને છઠ્ઠા ગુણસ્થાને શુદ્ધ પરિણતિ, સમ્યગ્દર્શનની શુદ્ધ પર્યાય અને ત્રણ કષાયના અભાવની શુદ્ધ પર્યાય એ શુદ્ધ પરિણતિ તો કાયમ રહે છે. મુનિને ખાવાનો વિકલ્પ થયો હોય, સૂવાનો વિકલ્પ થયો હોય, બોલવાનો વિકલ્પ થયો હોય, વાંચવાનો વિકલ્પ થયો, સાંભળવાનો વિકલ્પ થયો હોય, ભગવાનની જાત્રાનો, ભક્તિનો વિકલ્પ થયો હોય મુનિને પણ, ત્યારે પણ જેટલી શુદ્ધ પરિણતિ રાગરહિત શ્રદ્ધા-જ્ઞાન પરિણતિ થઈ એ પરિણતિ તો કાયમ રહે છે.

હવે એ પરિણતિ વખતે શુદ્ધોપયોગ નથી. કેમકે વ્યવહારનું અવલંબન છે. આવ્યું ને? એ રાગ, દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ એનું અવલંબન છે. શુદ્ધોપયોગ રમતો નથી. એ (શુભ) છૂટીને શુદ્ધમાં રમે તો સાતમું ગુણસ્થાન આવી જાય. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! કહે છે કે મુનિને પણ છઠ્ઠા ગુણસ્થાનમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ત્રણ કષાયનો અભાવનું ચારિત્ર એટલી નિર્મળ ધારા, જેને નિર્મળ પરિણતિ કહી, નિર્મળ પર્યાય કહી, શુદ્ધ દશા કહી, નિર્વિકારી દશા કહી, એવી દશા તો મુનિને કાયમ રહે છે. ચોથાને યોગ્ય ચોથાની શુદ્ધતા, પાંચમાને યોગ્ય પાંચમાની શુદ્ધતા, છઠ્ઠાને યોગ્ય છઠ્ઠાની શુદ્ધતાની પર્યાય કાયમ ચાલે છે. બહુ આમાં તો અભ્યાસ કરવો પડે છે શોભાલાલભાઈ! ધ્યાન ઘણું રાખે છે હોં! તમારા કરતા સમજવાની બહુ ધગશ છે એને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પૂછે છે-એમાંથી પ્રશ્ન કરે છે એમાંથી એમ લાગે છે કે એ સમજવાની દરકાર કરે છે. સમજવાની દરકાર કરવી. સમજાણું કાંઈ? આ તો મહાનિધાન આત્માનું પ્રગટ કરવાની સમજણ છે. સમજાણું કાંઈ? ધૂળની ... કોણ કરી શકે છે? કદી સ્પર્શ્યો નથી એ તો પહેલાં કહ્યું હતું. લક્ષ્મીને કદી સ્પર્શ્યો નથી. જાંબુ, ગુલાબજાંબુને કદી ખાધા નથી, બરફીનો કદી આત્માએ સંબંધ કર્યો નથી, સ્ત્રીના શરીરનો સંબંધ કદી આત્માએ કર્યો નથી. શરીરને અડ્યો નથી કદી ત્રણ કાળ ત્રણ લોકમાં અજ્ઞાનીએ પણ. ફક્ત સ્પર્શે છે પોતાના સ્વરૂપને ભૂલીને અજ્ઞાન અને રાગ-દ્વેષને. આહાહા..!

એમાં અહીંયાં છૂટવામાં બે ભાગ પાડ્યા. અજ્ઞાન અને મિથ્યાત્વ અને રાગ જેટલા છૂટી ગયા, સ્વભાવના આશ્રયે નિર્મળ દશા શ્રદ્ધા, જ્ઞાનની થઈ, ચારિત્રની થઈ. એ નિર્મળ દશાની પરિણતિ છે એ શુદ્ધ છે. વિકલ્પ સાથે ભલે હોય, અને એ શુદ્ધને સાધન કહીને, પૂર્ણ શુદ્ધનું સાધન નિશ્ચયથી કહેવામાં આવ્યું છે. સાધ્ય અને સાધન એક જાતના ગણીને એને સાધન કહ્યું, પણ સાધનનો અર્થ પણ પહેલાં લઈ લીધો કે સાધન છે તો સાધ્ય એને કારણે આવશે એમ નથી. એ સાધ્ય પહેલા એવી દશા વર્તતી હતી એનું જ્ઞાન કરાવ્યું. સાધન પણ સાધ્યનું સાક્ષી છે. આહાહા..! એ નિશ્ચયસાધન હોં! અરે..! અહીં તો ઓલા વ્યવહારને સાધારણ સાધન ભાઈ બનાવવું છે એથી આ (કહેવાય છે). સમજાણું કાંઈ?

વ્યવહારસાધન જે કહેવામાં આવ્યું છે એ નિમિત્ત જોઈને. જ્ઞાનના શ્રદ્ધા, જ્ઞાન, લીનતા છે થોડી, ત્યાં તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો, શ્રદ્ધાનો રાગ આવે છે. એને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનો રાગ આવતો નથી. જે એક જ આત્મા માનવાવાળા છે, આત્મા સર્વથા અજ્ઞાનથી પણ કર્તા નથી એમ માનવાવાળા છે એવી માન્યતા તો એને વ્યવહારમાં પણ થતી નથી. સમજાણું કાંઈ?

નિશ્ચયમાં તો પરદ્રવ્યનું વલણ છે જ નહિ. નિશ્ચય જેટલું શુદ્ધ સાધન છે એટલું તો સ્વદ્રવ્યના આશ્રયે છે, પણ જેટલો પરદ્રવ્યના આશ્રયે વ્યવહારરત્નત્રય ઉત્પન્ન થયો, તેને અહીંયાં સાધન ભિન્ન કહ્યું, એ ભિન્ન સાધનમાં સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે એમ કહ્યું. કેમ? કે શુદ્ધોપયોગમાં જઈ શકતો નથી અને અશુભ પરિણામને લાવવા નથી, તો વચ્ચે દેવ-ગુરુ-શાસ્ત્ર, સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્ર, પંચ મહાવ્રતના પરિણામ, પંચમ ગુણસ્થાનને યોગ્ય બાર વ્રતના વિકલ્પ આવે છે, એનું વ્યવહારે અવલંબન લીધું એમ કહેવામાં આવે છે. વ્યવહારે અવલંબન લીધું. અશુભને ટાળવા અને અશુભથી બચવા એ શુભભાવ આવ્યો એનું એણે અવલંબન લીધું. અવલંબન લઈને એવો શબ્દ છેને?

નિશ્ચયમાં અવલંબન પોતાના દ્રવ્યનું છે. એમાં શુદ્ધ પર્યાય અવલંબન છે સાધ્યને માટે. શુદ્ધ પર્યાયનું અવલંબન દ્રવ્ય છે. પણ જ્ઞાની સ્વરૂપમાં સ્થિર થઈ શકતો નથી એવી ભૂમિકામાં

'**વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને...**' એવો વિકલ્પ આવે કે સત્ય કહેવું, અસત્યને ઉથાપવું. એ પણ એક વિકલ્પ છે. સમજાણું કાંઈ? એ પણ એક વિકલ્પ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો પણ વિકલ્પ છે અને વ્યવહારરત્નત્રય ત્રણેય વિકલ્પ છે. વિકલ્પ નામ રાગ છે. એ રાગનું અવલંબન લીધું. સ્વરૂપમાં સ્થિર થઈ શકતો નથી તો અવલંબન લીધું તો કઠિનતા વિના ત્યાં ટકે છે તો સુખથી પાર થાય છે એમ કહેવામાં આવ્યું. શેઠી!

પગથિયા હોય છે ને પગથિયા? દેરી ઉપર ચડવા માટે. સોપાન. ચઢે છે તો પગથિયાથી. પણ ઓલું લાકડું છે ને આડું નાખે છે ને હાથ રાખવા માટે. શું કહે છે? કઠોડો કહે છે અમારે તો. કઠોડો કહે છે ને? હાથ રાખે છે. ચાલે છે પગથી હોં!

એમ આત્મા ચાલે છે તો પોતાના શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની પર્યાયથી ગતિ કરે છે પરિણમનમાં. એમાં આવા વ્યવહારનો વિકલ્પનો કઠોડો, વ્યવહારથી અવલંબન આવે છે. નિમિત્તરૂપ અવલંબન. સમજાણું કાંઈ? અને નિશ્ચય જે સાધ્યસાધન કહ્યું એ તો નિશ્ચય શુદ્ધ પરિણતિ થઈ. એ તો યથાર્થમાં પૂર્ણ સાધ્યનું નિશ્ચય સ્વઆશ્રય સાધન કહેવામાં આવ્યું છે. ભારે વાત ભાઈ! આ બધી સાધારણ સમાજ કહે છે એને માટે આ? પણ પણ રસ્તો જ આ છે, બીજો કોઈ રસ્તો નથી. આ સાધારણ સમાજ માટે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સુખેથી...

ઉત્તર :- સુખેથી અર્થ કઠિનતા વિના. જુઓ. સહજરૂપ. સહજ એટલે? વિકલ્પ તો રાગ છે. પણ સ્વભાવમાં જઈ શકતો નથી તો વિકલ્પનો આશ્રય વ્યવહારથી લીધો, વ્યવહારથી લીધો. અશુભમાં ન ગયો, અશુભથી બચ્યો એવો વ્યવહાર આવ્યો તો સહજપણે ક્રમે ક્રમે ક્રમે રાગ ઘટાડે છે, શુદ્ધિ વધે છે વ્યવહારથી તો સુખે પાર થાય છે, એમ વ્યવહારથી કહેવામાં આવે છે. નિશ્ચયથી તો પોતાના સ્વભાવની સ્થિરતા દ્વારા સુખે પાર થાય છે. પણ સાથે રાગનું અવલંબન વ્યવહાર વિકલ્પ ઉઠ્યો છે, શુદ્ધોપયોગ નથી, (રાગ) આવ્યો છે તો એથી સુખે સુખે તીર્થની સેવા કરીને પાર થશે એમ કહેવામાં આવ્યું છે. વ્યવહારનયનું કથન એવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ફરીને કહીએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો કહી દીધું.

'**સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે...**' એનો અર્થ શું? કે એમાં કષાયની મંદતા આવી શુભભાવ, તો એમાં બહુ જોર ન કરવું પડ્યું સ્વરૂપમાં સ્થિરતા કરવાનો. સહજ એવો વિકલ્પનો આશ્રય થયો તો એને આશ્રયે સુખે તીર્થની સેવા વ્યવહારથી કરે છે, વ્યવહારથી પાર (કરવાની) શરૂઆત કરે છે એમ કહેવામાં આવ્યું. નિશ્ચયથી તો પોતાના સ્વભાવના આશ્રયે

સુખે કરીને શરૂઆત થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ જ સુખે કરીને છે. એનો અહીંયાં વિકલ્પમાં આરોપ દઈને સુખે તીર્થનો પ્રારંભ કરે છે એમ કહેવામાં આવે છે. કેમકે શુદ્ધોપયોગ નથી તો રાગની મંદતાનું અવલંબન ન લે તો ભ્રષ્ટ થઈ જાય. સમજાણું કાંઈ? પ્રવચનસારમાં કહ્યું ને? શુદ્ધોપયોગ આવ્યો પણ નહિ અને મારે શુભના વિકલ્પનું અવલંબન લેવું નથી. અવલંબન લેવું નથી તો ક્યાં જશે? તો અશુભમાં જાશે. સમજાણું કાંઈ? શુદ્ધમાં સ્થિર રહી શકતો નથી. ઉપયોગ તો ગણધરનો પણ નથી રહી શકતો શુદ્ધોપયોગ. ત્યારે જો વ્યવહારનું અવલંબન ન લે તો અશુભમાં જશે. એ કારણે સુખે તીર્થની શરૂઆત કરે છે, વ્યવહારથી સુખે શરૂઆત કરે છે. '(**અર્થાત્ સુગમપણે...**' સુગમપણે '**મોક્ષમાર્ગની પ્રારંભભૂમિકાને...**' પ્રથમ ભૂમિકામાં રાગનું સેવન કરે છે અથવા રાગ આવે છે તેનું અવલંબન લીધું, તો વ્યવહારથી સેવન કરે છે એમ કહેવામાં આવ્યું છે. ઓહોહો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તત્ત્વની દૃષ્ટિ સમજવી હોય તો દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવો પડશે. દ્રવ્યાનુયોગ-તત્ત્વની દૃષ્ટિ શું છે અને કેમ ઉત્પન્ન થાય, કેવી ભૂલ છે એ સમજ્યા વિના સ્વરૂપ ક્યાંથી આવશે? પ્રથમાનુયોગનો અર્થ કેમ કરવો એની પણ એને ખબર નહિ પડે. ચરણાનુયોગમાં, કરણાનુયોગમાં શું કહેવું છે એની ખબર નહિ પડે આ દૃષ્ટિ વિના. ચાર અનુયોગ છે. એમાં જે લખ્યું છે એ પ્રમાણે બરાબર સમજી જાય તો તો દ્રવ્યનો આશ્રય (કરવાનું) દ્રવ્યાનુયોગનું કથન છે એમાં. કથાનુયોગમાં નથી એમ નહિ, પણ મુખ્યપણે વાર્તા છે. ગૌણપણે અંદરમાં લીધું કે આત્મા દ્રવ્ય આવું છે ને તેવું છે. બધું લીધું છે. પણ ધ્યાન ન જાય એને. નિશ્ચયની વાતમાં ધ્યાન ન જાય અને ઓલી એકલી કથા (વાંચે). એમાં તો રાગ, વિકલ્પ છે. પર ઉપર લક્ષ છે, પુણ્ય છે એ તો. કથા સાંભળવામાં પરનું લક્ષ છે. દ્રવ્યાનુયોગ સાંભળે તોપણ શુભભાવ છે તો કથાનુયોગ-પ્રથમાનુયોગ સાંભળે તો એ પણ શુભરાગ છે. અમરચંદભાઈ! એ તો પરદ્રવ્ય તરફનું લક્ષ છે, ઝુકાવ છે. આહાહા..! અરે..! માણસને સત્ય સમજવાની દરકાર ન કરે ને એટલે કાંઈ કાંઈ ઓથ લઈને આમ થાય છે.. આમ થાય છે.. આમ થાય છે... પરને આશ્રયે થાય છે. પ્રભુ! એ તો પરનો આશ્રય તો વ્યવહારથી કહ્યું છે. સ્વના આશ્રય વિના કદી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થતા નથી. સમજાણું કાંઈ?

હવે, '**જેમ કે...**' એ કહે છે કે વ્યવહાર કેવો આવે છે? વિકલ્પનું અવલંબન ક્યા પ્રકારનું આવે છે? ભિન્નસાધ્યસાધનમાં સાધન કયા પ્રકારનું ઉત્પન્ન થાય છે? અભિન્ન સાધ્યસાધનની ભૂમિકામાં. '**(૧) આ શ્રદ્ધેય (શ્રદ્ધવાયોગ્ય) છે,...**' એ વિકલ્પ આવ્યો. નિશ્ચયમાં તો આ શ્રદ્ધા કરવાયોગ્ય છે અને એવા કોઈ બોલ હોતા નથી. એ તો અભેદ વસ્તુની દૃષ્ટિ

થઈ, જ્ઞાતા જ્ઞેયના (ભેદને) છોડીને...

મુમુક્ષુ :- ગ્રહણ-ત્યાગ..

ઉત્તર :- ગ્રહણ-ત્યાગ પણ નહિ, આ શ્રદ્ધવા યોગ્ય છે અને નહિ શ્રદ્ધવાયોગ્ય, એ તો વિકલ્પ ઉઠ્યો છે. અંતરદૃષ્ટિ જ્યાં થઈ જ્ઞાયકમાં એમાં 'આ શ્રદ્ધવાયોગ્ય છે' એ તો વિકલ્પ છે, રાગ છે. અંતર દૃષ્ટિ જ્યાં નિર્વિકલ્પદૃષ્ટિ થઈ ત્યાં એવો ભેદ છે જ નહિ. એવી દૃષ્ટિમાં ભેદ નહિ હોવા છતાં પૂર્ણ વીતરાગતા નથી તો આવા ભેદના વિકલ્પનું અવલંબન આવ્યા વિના રહેતું નથી. ઓહોહો..! એ નિમિત્તની અનુકૂળતા ગણવામાં આવી છે. આ નિમિત્તની અનુકૂળતા. અનુકૂળ કહો કે નિમિત્ત કહો. અનુકૂળ કહો કે નિમિત્તથી સુખે સુખે તરશે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આને નિમિત્તથી સુખે તરે એમ કહેવામાં આરોપ આવે છે. કથન બે પ્રકારના છે. સુખે તરવું તો એક જ ઉપાયથી છે—સ્વભાવથી છે. પણ કથન બે પ્રકારના છે. મોક્ષમાર્ગનું કથન બે પ્રકારનું છે. મોક્ષમાર્ગ બે પ્રકારના નથી. સાધનના (કથનના) પ્રકાર બે, સાધન બે નથી. એમ સુખેથી તરે છે એમ કથન બે પ્રકારના છે. સુખે તરે છે એમ બે બોલ નથી. પોતાના સ્વભાવથી તરે છે, એ વિકલ્પ વ્યવહાર આવ્યો એટલો સાચા દેવ, સાચા ગુરુ અને કુદેવનું નિમિત્ત છૂટી ગયું તો એટલો (વિકલ્પ) રહ્યો, એટલો વ્યવહાર અવલંબનમાં સુખે સુખે કઠિનતા વિના આગળ વધી જશે સ્વભાવને આશ્રયે. એને નિમિત્તમાં સુખેથી તરે છે એમ કહેવામાં આવ્યું છે. કહો, સમજાય છે કાંઈ?

આ ભાગવત શાસ્ત્ર વંચાય છે. આવ્યું હતુંને પહેલાં? એમાં જ છે આ. પારમેશ્વર ન આવ્યું? એ તો આવી ગયું પહેલું. પારમેશ્વર શાસ્ત્ર. ન કહ્યું એમાં? પારમેશ્વર શાસ્ત્ર. જુઓ! ચોથી લીટી એમાં જ છે. પારમેશ્વર શાસ્ત્રનું. પરમેશ્વર જિન ભગવાન ભાગવત દૈવી પવિત્ર શાસ્ત્ર. ભાગવત શાસ્ત્ર છે. ભગવાન પરમાત્માએ કહેલું શાસ્ત્ર છે. જૈન પરમેશ્વર ત્રિકાળ નેતા, જ્ઞાનના પૂર્ણ જ્ઞાતા એમણે કહેલું દૈવી શાસ્ત્ર. ઓહોહો..! સમજાણું કાંઈ?

વ્યવહારનો શું વિકલ્પ ઉઠે છે? જેને વ્યવહાર ભિન્નસાધ્યસાધન કહ્યું, સાધ્ય નિશ્ચય શુદ્ધ છે અને સાધન વિકલ્પ છે, તો પ્રથમ ભૂમિકામાં પૂર્ણ વીતરાગ ન થયો હોય એ દશામાં કેવો વિકલ્પ આવે છે? કે આ શ્રદ્ધેય—શ્રદ્ધા કરવાયોગ્ય છે. સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્ર શ્રદ્ધા કરવાયોગ્ય છે. અને આત્મા પણ શ્રદ્ધા કરવા લાયક છે. એવો પણ ભેદ પડીને વિકલ્પ ઉઠે છે એ વ્યવહાર છે. શ્રદ્ધા તો થઈ છે. પણ વિકલ્પ એવો આવે કે ઓહો..! પૂર્ણ આનંદ પ્રભુ એ જ શ્રદ્ધાનો વિષય છે અને એ જ શ્રદ્ધા કરવાલાયક છે. એવો વિકલ્પ ઉઠે છે, પ્રગટ દૃષ્ટિ થઈ હોવા છતાં.

'(૨) **આ અશ્રદ્ધેય છે,...**' કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર, એકાંત માનનારો અશ્રદ્ધેય છે, શ્રદ્ધા

કરવા લાયક નથી. ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ કહેલા દેવ-ગુરુ-શાસ્ત્ર સિવાય કોઈ શ્રદ્ધા કરવા લાયક નથી. એવો જ્ઞાનીને સાધ્યનો ભિન્નરૂપ વિકલ્પ, એવું વ્યવહાર સાધનનું અવલંબન આવે છે. '(૩) **આ શ્રદ્ધનાર છે...**' જુઓ! આત્મા શ્રદ્ધનાર છે. એ પણ વિકલ્પ થયો. આત્મા શ્રદ્ધા કરવાલાયક છે. આત્મા અને આત્મા શ્રદ્ધા કરવાલાયક બે ભેદ થયો, વિકલ્પ થયો. '(૪) **આ શ્રદ્ધાન છે;...**' આ સમ્યગ્દર્શન એ શ્રદ્ધાન છે—પર્યાય. આ શ્રદ્ધાન છે એવો ભેદરૂપ પર્યાયનો વિકલ્પ તેને વ્યવહારસમ્યગ્દર્શનનો વિકલ્પ કહેવામાં આવ્યો છે. તેને સાધ્યનું વ્યવહારસાધન કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! ચાર આનાનો (હિસાબ ન મળે) તો આઠ આનાનું ઘાસતેલ બાળે. શું? હિસાબમાં ચાર આના ન મળે હિસાબ કરતા કરતા (તો) આઠ આનાનું તેલ બાળે. અહીં મેળ કરવો, નિશ્ચય શું? વ્યવહાર શું? સાધન શું? સાધ્ય શું? નિર્મળ શું? મલિન શું? ગડબડ છે ગડબડ.

મુમુક્ષુ :- બધાનો મેળ થવો જોઈએ.

ઉત્તર :- અહીંયાં ક્યાં એને મેળ કરવો છે? બીજો મેળ કરવો છે ચોપડાનો ને બહારનો ને ધૂળનો. સમજાય છે? અને કાં કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર, એ પણ કાંઈક છે, એમાં પણ કાંઈક છે. અને ત્યાગી હશે, મોટા મોટા હશે, વરદાન આપે, કાંઈક વચન આપે અને કંઈકના ઓલા થઈ જાય પૈસા-બૈસા મળે અને રાજાઓ એને માનતા હશે તો કાંઈ નહિ હોય ખુબીઓ? હવે રાજા કેવા? ભૂતડા જેવા રાજા. રાજા એટલે શું? પૂર્વના પુણ્યને લઈને પૂતળા બેસાડ્યા માથે. એની બુદ્ધિ કેટલી? કે રાજા જેને માને એ મોટા હશે. આ ક્યાંથી તેં કિંમત કરી? સમજાય છે કાંઈ? અરે..! એને માટે તો કરોડો રૂપિયા ખર્ચી નાખે છે અને એની પાછળ તો મોટરું ફરે છે માટે કાંઈક હશે. ધૂળમાંય નથી, સાંભળને.

અહીં કહે છે કે એ શ્રદ્ધા કરવાલાયક નથી. શ્રદ્ધા કરવાલાયક સત્ય છે, અસત્ય શ્રદ્ધા કરવાલાયક નથી એવો વિકલ્પ ઉઠે છે એ શ્રદ્ધાનો વિકલ્પ આવ્યો—રાગ. હવે '(૧) **આ જ્ઞેય (જાણવાયોગ્ય) છે,...**' આત્મા જાણવાલાયક છે એવો વિકલ્પ ઉઠ્યો. પરિપૂર્ણ ભગવાન અખંડાનંદ (છે એમ) જાણ્યો છે છતાં હજી વિકલ્પ ઉઠે છે. ઓહો..! વારંવાર એમાં, જાણવાલાયક છે, ભગવાનના શાસ્ત્ર જાણવાલાયક છે, ભગવાન શું કહે છે એ જાણવાલાયક છે, એ જાણવાયોગ્ય છે એવો વિકલ્પ આવ્યો. જેને અહીંયાં ભિન્નસાધ્યનું સાધન કહ્યું.

'(૨) **આ અજ્ઞેય છે,...**' આ જાણવા લાયક નથી. અજ્ઞાનીની વાત જાણવાલાયક નથી. એ શું કહે છે? સાંભળો તો ખરા. પણ શું જાણે એમાં? અજ્ઞાની પોતાના સત્યથી વિરુદ્ધ કહે છે તે અજ્ઞેય છે—જાણવાલાયક નથી. સમજાણું કાંઈ? '(૩) **આ જ્ઞાતા છે...**' આત્મા જાણનાર છે. ભેદ પડી ગયોને? આ જાણવાયોગ્ય, આ જાણવાલાયક નથી. આ જાણનાર એમ ભેદ પડી ગયો, એ તો વિકલ્પ ઉઠ્યો. '**અને (૪) આ જ્ઞાન છે;...**' આ જ્ઞાન છે, આ જ્ઞાતા છે, આ જાણવાલાયક છે, આ જાણવાલાયક નથી. એવા ચાર

પ્રકારનો ભેદ પડ્યો તેને જ્ઞાનનો શુભરાગનો વિકલ્પ કહેવામાં આવ્યો છે. તેને સાધ્યનું વ્યવહાર સાધન કહેવામાં આવ્યું છે. એવો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ?

હવે ત્રીજું. '(૧) **આ આચરણીય (આચરવાયોગ્ય) છે,...**' જુઓ! છેને? '**આ આચરણીય (આચરવાયોગ્ય) છે,...**' આત્મામાં ઠરવું, ઠરવું એ આચરણ કરવાયોગ્ય છે એ પણ એક વિકલ્પ છે. અથવા વ્યવહારમાં પંચ મહાવ્રત આદિનો રાગ આચરણ કરવાયોગ્ય છે એ પણ એક વિકલ્પ છે. '(૨) **આ અનાચરણીય છે,...**' આ અશુભભાવ જ્ઞાનીને આચરણીય નથી—આચરણ કરવાલાયક નથી, પાપના પરિણામ આચરણ કરવા લાયક નથી. એ પણ એક વિકલ્પ રાગ છે.

'(૩) **આ આચરનાર છે...**' આત્મા આચરણ કરનાર છે. શુભ કે શુદ્ધનું આચરણ કરનારો આત્મા છે એ પણ એક વિકલ્પ આવ્યો. '**અને (૪) આ આચરણ છે;....**' શુદ્ધ સ્વરૂપની સ્થિરતા એ નિશ્ચય આચરણ છે. આ વિકલ્પ આવ્યો એ વ્યવહાર આચરણ છે. એવા વિકલ્પનો ભાવ ચારિત્રમાં થયો એ ત્રણે વિકલ્પ થયા—દર્શનનો, જ્ઞાનનો અને ચારિત્રનો. તેને અહીંયાં ભિન્ન સાધન કહેવામાં આવ્યું. અભિન્ન સાધન પ્રગટ થયું હોય તેને વ્યવહાર એવો આવે છે તો તેને ભિન્ન સાધન કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? હવે વિશેષ કર્તાકર્મનો બોલ કાલે લેશે...

(મુમુક્ષુ :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૯, મંગળવાર, તા. ૧૫-૯-૧૯૬૪**
**ગાથા - ૧૭૨, પ્રવચન - ૨૧**

આ પંચાસ્તિકાયની ૧૭૨મી ગાથા ચાલે છે. મોક્ષમાર્ગનો વિસ્તાર. એમાં અહીંયાં એમ આવ્યું, જુઓ! '**થોડી થોડી વિશુદ્ધિ પ્રાપ્ત કરીને,...**' ત્યાં સુધી આવ્યું છે. શું કહ્યું એમાં? કે આ આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદ શુદ્ધ સંપન્ન પદાર્થ છે. શુદ્ધ સંપદાસંપન્ન એની અંતર દૃષ્ટિ કરીને નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થયું હોય અને પોતાના આત્માનું સમ્યગ્જ્ઞાન થયું હોય અને સ્વરૂપમાં લીનતાનો—ચારિત્રનો પણ અંશ પ્રગટ થયો હોય તેને મોક્ષરૂપી પર્યાય અથવા સાતમા ગુણસ્થાનને યોગ્ય શુદ્ધ પરિણતિ ઉપયોગ, એનું વ્યવહારસાધન એ ભૂમિકામાં કેવું હોય છે એની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? આ પહેલી ભૂમિકા (બાંધી કે) આ શું ચાલે છે.

આ આત્મા અનાદિ અજ્ઞાન વાસનાનો તો નાશ કરીને રાગ, વિકલ્પ ઉઠે છે એ વિકાર અને સ્વભાવ ત્રિકાળ સ્વભાવ એ ભિન્ન છે એવું ભાન પહેલાં થયું. સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સાથે જરી સ્વરૂપની સ્થિરતાનો સ્વરૂપાચરણ શુદ્ધિનો અંશ પ્રગટ થયો એ નિશ્ચય સાધન, શુદ્ધ મોક્ષમાર્ગ અથવા શુદ્ધ પરિણતિ અથવા શુદ્ધ મોક્ષ એનું નિશ્ચયસાધન એ શુદ્ધ પ્રગટ દશા થઈ તેને નિશ્ચયસાધન કહેવામાં આવ્યું છે.

અને નિશ્ચયસાધન સ્વદ્રવ્ય, સ્વપર્યાય, સ્વહેતુ નિર્મળ પર્યાય છે. પોતાના દ્રવ્યને આશ્રયે શુદ્ધ નિર્મળ, દ્રવ્યના શુદ્ધ ચૈતન્યપણાની સન્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ દશા પ્રગટ થઈ એ સ્વહેતુ, સ્વદ્રવ્યઆશ્રયી સ્વ નિર્મળ પર્યાય છે અને મોક્ષ અથવા સાતમા ગુણસ્થાનને યોગ્ય શુદ્ધ ઉપયોગની પરિણતિ પણ શુદ્ધ છે. તો એ શુદ્ધનું આ નિશ્ચયસાધન કારણ કહેવામાં આવ્યું છે. સાથે વ્યવહારસાધન હોય છે કે જે નિશ્ચયનું વ્યવહારસાધન કહેવામાં આવ્યું છે, કે જે પરવિષયવાળા ભેદરત્નત્રય છે. પરવિષય જેમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ વિકલ્પ રાગ છે, પરદ્રવ્યનો વિષય છે એમાં. શાસ્ત્રનું જ્ઞાન એ પણ રાગ છે, એમાં પર વિષય (થાય) છે, અને પંચ મહાવ્રત અથવા અઠ્યાવીશ મૂળગુણ આદિ વ્યવહારચારિત્રના પરિણામ પણ પરદ્રવ્યના લક્ષે, આશ્રયે છે. તો વ્યવહારરત્નત્રય રાગમય છે એ સ્વપરહેતુ પર્યાય છે. પોતાની પર્યાય નિમિત્તના અવલંબને ઉત્પન્ન થઈ એટલી પર્યાયને સ્વપરહેતુ શુભરાગ કહેવામાં આવે છે. એ શુભરાગને અહીંયાં ભેદરત્નત્રય કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? એ ભેદરત્નત્રયને સાધન કરીને...

દૃષ્ટાંત આપ્યું છે એમાં, જેમ '**ધોબી દ્વારા શિલાની સપાટી ઉપર...**' શિલાની સપાટી પર '**ઝીંકવામાં આવતા,...**' અમારે ગુજરાતીમાં એવો શબ્દ છે ઝીંકવું, પછાડવું. પછાડે

જાને પર છેને એમાં? અને '**નિર્મળ જળ દ્વારા પલાળવામાં આવતા...**' અને એ વસ્ત્ર નિર્મળ જળમાં પલાળેલું '**અને ક્ષાર (સાબુ) લગાડવામાં આવતા...**' સાથે સાબુ લગાવ્યો. ધોબી, એ શિલા, પાણી અને સાબુ—ત્રણ આવ્યા ત્રણ. '**મલિન વસ્ત્રની માફક...**' મલિન વસ્ત્રમાં '**થોડી થોડી વિશુદ્ધિ પ્રાપ્ત કરીને,...**' તેમ આત્મામાં નિર્મળ શુદ્ધ અંશ પ્રગટ થયો છે, સાથે વ્યવહાર-વિકલ્પથી કાંઈક કાંઈક શુદ્ધિ થાય છે એમ વ્યવહારનયથી કહેવામાં આવ્યું છે. ઓહોહો..! સમજાણું કાંઈ? એની નીચે નોટ છે.

'**જેવી રીતે ધોબી પાષાણશિલા, પાણી અને સાબુ વડે મલિન વસ્ત્રની શુદ્ધિ કરતો જાય છે, તેવી રીતે...**' નીચે નોટ છે. કેમ હજી નથી કાઢ્યું? કોને આપી દીધું? કહો, સમજાણું કાંઈ? '**ધોબી પાષાણશિલા, પાણી અને સાબુ વડે મલિન વસ્ત્રની શુદ્ધિ કરતો જાય છે,...**' નીચે નોટ છે. ૨૫૮ પાનું. '**તેવી રીતે પ્રાક્પદવીસ્થિત...**' પ્રાક્ નામ છઠ્ઠા ગુણસ્થાને રહેનારા. શુદ્ધોપયોગની સ્થિરતા હજી થઈ નથી, પણ શુદ્ધ પરિણતિ નિર્મળ સ્વદ્રવ્યના આશ્રયે થઈ છે અને વિકલ્પ વ્યવહાર સાધન પણ સાથે છે. તેને પ્રાક્પદવી, પહેલી પદવીમાં '**સ્થિત જ્ઞાની જીવ...**' જુઓ! છે તો જ્ઞાની. '**ભેદ રત્નત્રય દ્વારા...**' એ વિકલ્પ નામ શુભોપયોગ દ્વારા '**પોતાના આત્મામાં સંસ્કાર આરોપી તેની થોડી થોડી શુદ્ધિ કરતો જાય છે એમ વ્યવહારનયે કહેવામાં આવે છે.**' એ તો રાગ શુભરાગ છે. પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું જ્ઞાન અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ રાગ છે. પરદ્રવ્યના વિષયથી પોતામાં ઉત્પન્ન થયો છે એ તો રાગ છે. રાગથી શુદ્ધિ આત્મામાં થાય છે એ વ્યવહારનયથી, ઉપચારથી નિમિત્ત જોઈને આરોપથી કહેવામાં આવ્યું છે. ભારે ગડબડ ભાઈ! સમજાણું કાંઈ?

'**પરમાર્થ એમ છે કે તે ભેદરત્નત્રયવાળા જ્ઞાની જીવને શુભ ભાવોની સાથે...**' એ શુભભાવ છે ભેદરત્નત્રય. '**જે શુદ્ધાત્માસ્વરૂપનું આંશિક આલંબન વર્તતું હોય છે...**' શુદ્ધ ભગવાન જ્ઞાયક આત્મા એનું જે અંતર આંશિક—થોડું આલંબન—આશ્રય—આધાર—વર્તે છે '**તે જ ઉગ્ર થતું થતું...**' અંતર વસ્તુ જ્ઞાયક તરફ વિશેષ અંતરનું સાધન, અંતરનું અવલંબન લઈને '**વિશેષ શુદ્ધિ કરતું જાય છે.**' પોતાની નિર્મળ પર્યાય તો આત્માના આશ્રયે જ શુદ્ધિ થાય છે. વ્યવહાર વિકલ્પ આવે છે એનાથી શુદ્ધિ થતી નથી. સમજાણું કાંઈ?

'**માટે ખરેખર તો, શુદ્ધાત્મસ્વરૂપનું આલંબન કરવું તે જ શુદ્ધિ પ્રગટાવવાનું સાધન છે અને તે આલંબનની ઉગ્રતા કરવી તે જ શુદ્ધિની વૃદ્ધિ કરવાનું સાધન છે.**' પહેલાં શુદ્ધિનું સાધન કહ્યું, શુદ્ધિ પ્રગટ કરવાનું. પછી શુદ્ધિ પ્રગટ થઈ એમાં વૃદ્ધિ કરવી એ પણ અંતર જ્ઞાયકભાવનો આશ્રય કરવાથી જ શુદ્ધિ પ્રગટ થઈ, વિશેષ આશ્રય કરવાથી શુદ્ધિની વૃદ્ધિ થઈ. ભારે ભાઈ સમજવું! આ બધી સમજણ કરવી. સમજણ કરવી.

સમજણ કર્યા વિના ધર્મ નથી થતો?

મુમુક્ષુ :- ધર્મ પોતે જ સમજણ છે.

ઉત્તર :- ધર્મ એટલે આત્માનો જ્ઞાનસ્વભાવ. ચિદાનંદ, સચ્ચિદાનંદ પ્રભુ. જેવો સિદ્ધ સ્વભાવ છે એવો અંતર સ્વભાવ છે. એ સિદ્ધને પ્રગટ થઈ ગયો. અહીંયા શક્તિ—સ્વભાવ શુદ્ધ છે એના અંતર અવલંબનથી જેટલા સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્થિરતાનો અંશ શુદ્ધિ પ્રગટ થઈ એ સ્વભાવના આશ્રયે, અવલંબનથી થઈ છે. વ્યવહાર-નિમિત્તના અવલંબને થતી નથી. અને તે જ શુદ્ધિની વૃદ્ધિ સ્વભાવના ઉગ્ર અવલંબનથી થાય છે. વ્યવહારના અવલંબને થાય છે એમ કહેવું વ્યવહારનયનું કથન છે. જુઓ! એ કહ્યુંને?

**'સાથે રહેલા શુભભાવોને શુદ્ધિની વૃદ્ધિનું સાધન કહેવું તે તો માત્ર ઉપચારકથન છે. શુદ્ધિની વૃદ્ધિના ઉપચરિતસાધનપણાનો આરોપ પણ...'** હવે એ બીજી વાત કરે છે. એકલા દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો ભાવ છે એનો વ્યવહારથી સાધનનો આરોપ પણ કોને આવે છે? જેણે નિશ્ચયનું સાધન અંતર પ્રગટ કર્યું હોય તેને.

મુમુક્ષુ :- કોણ કબુલે?

ઉત્તર :- ન કબુલ રાખે તો એને ઘરે રહ્યો. વસ્તુનું સ્વરૂપ તો આવું છે. માને, ન માને એટલે કાંઈ વસ્તુસ્થિતિ પલટી જાય? સમજાણું કાંઈ?

ભગવાન જ્ઞાનજ્યોતિ ચૈતન્યમૂર્તિ પ્રભુ, એના અંતર અવલંબનથી જેટલી શુદ્ધિ પ્રગટ થઈ તેની સાથે જેટલો શુભરાગ આવ્યો તો શુદ્ધિની વૃદ્ધિ તો સ્વભાવના અવલંબને જ થાય છે, પણ સાથે શુભરાગ ભેદરત્નત્રય આવ્યો એનાથી શુદ્ધિ થાય છે એવું વ્યવહારનયનું ઉપચાર કથન છે. દેવીલાલજી! ઓહોહો..! વ્યવહાર અસત્યાર્થ, અભૂતાર્થ છે. એ અસત્ય અર્થને પ્રગટ કરે છે. જેનાથી સંસ્કાર શુદ્ધ ન થાય, જેનાથી વૃદ્ધિ ન થાય એનાથી વૃદ્ધિ સંસ્કાર થાય છે એમ કહેવું એ જ વ્યવહારનયનું લક્ષણ છે. અન્યથા કહેવું તે વ્યવહારનયનું સ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ બધું સમજવું પડશે હોં! કેમ શોભાલાલભાઈ! ભાઈને કહે છે કે સમજવું પડશે બધાએ.

મુમુક્ષુ :- એ વિના જ્ઞાન નહિ થાય.

ઉત્તર :- નહિ થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પણ પહેલી સમજણ કરવા જેટલી તો સ્થિરતા કરે. શું ચીજ છે? કઈ રીતે પ્રગટ થાય છે? કઈ રીતે પ્રગટ નથી થતી? શું વિઘ્નરૂપ ભાવ છે? શું અવિઘ્નરૂપ દશા છે? એ દશા કઈ રીતે પ્રગટ થાય છે? એવી સમજણ કર્યા વિના એનો પુરુષાર્થ કઈ દિશામાં કરવો એની પણ એને ખબર નથી. આંધળે આંધળો ચાલે. આંધળો બતાવે અને આંધળો ચાલે. ખાડમાં પડશે. ખાડ એટલે ચોર્યાસીના અવતાર. એમ. આવા ચોર્યાસીના

અવતારમાં રખડશે.

જેને ધર્મ કરવો છે, જન્મ-મરણનો અંત લાવવો છે એને, ત્રિલોકનાથ પરમાત્મા જૈનપરમેશ્વર ફરમાવે છે એમ મુનિઓ—સંતો ફરમાવે છે. ભાઈ! તારી ચીજમાં તો પૂર્ણ આનંદ, પૂર્ણ આનંદ પડ્યો છેને. અતીન્દ્રિય આનંદનો રસ ઝરે છેને. અતીન્દ્રિય રસ પડ્યો છે. જે સિદ્ધમાં આનંદ છે એવો આનંદ તારા દ્રવ્યમાં—વસ્તુમાં છે. એવી આનંદની દૃષ્ટિ કરવી, જેનાથી શુદ્ધ આનંદનો અંશ પ્રગટ થાય, એ આનંદનું જ્ઞાન કરવું, જેના જ્ઞાનના સ્વસંવેદનમાં શાંતિ હોય, એ જ આનંદમાં ઢળવું, જેમાં સ્થિરતાની શાંતિમાં આનંદની વૃદ્ધિ થાય એ જ એક મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? બીજા કહે કે આત્માનો શુદ્ધનો અનુભવ કરવો એ એક જ મોક્ષમાર્ગ છે.

પણ એવા મોક્ષની ધારા શુદ્ધ પરિણતિ જ્ઞાનીને ઉત્પન્ન હોવા છતાં જ્યાં સુધી પૂર્ણ દશા ન થાય ત્યાં સુધી એવો વ્યવહાર, દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતનો અહિંસા આદિ રાગનો ભાવ અને શાસ્ત્રનો અભ્યાસ, સ્વાધ્યાય કરવો એવો શુભરાગ આવ્યા વિના રહેતો નથી. એ આવે છે એને વ્યવહાર સાધન કહીને એ સાધનથી શુદ્ધિની વૃદ્ધિ થઈ એમ વ્યવહારનયથી કહેવામાં આવ્યું છે. આહાહા..! રાજમલજી! આ વ્યાજ કાઢે તો એમાં કેટલી હુશિયારી કરવી પડે છે એમાં? શેઠ! દસ લાખ દીધા હોય અને ચાર આના લેખે વાણિયા વ્યાજ કાઢે. દરરોજનું વ્યાજ. દરરોજનું સમજ્યાને? ચક્રવૃદ્ધિ વ્યાજ. વ્યાજની ઉપર વ્યાજ. દસ લાખ આપ્યા હોય, ચાર આના લેખે, દસ લાખવાળા બાર આના, રૂપિયો ન આપે. એમાં હવે તો કહે છે વધી ગયું વ્યાજ. લોકો એમ કહે છે. પણ એ ચાર આના લેખે દસ લાખનું વ્યાજ એક દિવસનું ચડે. એ ઉપરાંત પાછું ચાર આના તરીકે ઓલા પૈસા અને વ્યાજ સહિતનું વ્યાજ. એમ ચક્રવૃદ્ધિનું વ્યાજ કાઢે.

અહીંયાં આત્મામાં શું છે? ભગવાન જાણે ભાઈ! આપણે કાંઈ સમજીએ નહિ. આપણે કરો ધર્મ. ક્યાંથી ધૂળમાં ધર્મ થશે? ચીજ શું છે? કઈ રીતે નિર્મળતા થાય છે અને મલિનતા પર્યાયમાં કેટલી થાય છે એને શું કહે છે એની ખબર નથી. સમજાણું કાંઈ?

તો આચાર્ય કહે છે કે આત્માનો શુદ્ધ ભગવાન મહિમાવંત ત્રિકાળી સ્વભાવ, એના અવલંબનથી શુદ્ધિ પ્રગટ થઈ—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને એના ઉગ્ર અવલંબનથી શુદ્ધિની વૃદ્ધિ થાય છે. સાથે શુભરાગ રહ્યો એનાથી શુદ્ધિની વૃદ્ધિ થઈ એમ ઉપચારથી કથન કરવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? '**શુદ્ધિની વૃદ્ધિના ઉપચરિતસાધનપણાનો આરોપ પણ તે જ જીવના શુભભાવોમાં આવી શકે છે કે જે જીવે શુદ્ધિની વૃદ્ધિનું ખરું સાધન (—શુદ્ધાત્મસ્વરૂપનું યથોચિત આલંબન) પ્રગટ કર્યું હોય.**' એ શુભ વ્યવહારરત્નત્રયમાં પણ શુદ્ધિના સાધનનો વ્યવહાર એને કહેવાય કે જેને પોતાનો નિર્મળ સ્વભાવ આનંદ એની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતાની નિર્મળ દશા પ્રગટ કરી હોય, તેના રાગને વ્યવહારસાધન આરોપથી

કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉગ્રતા.

ઉત્તર :- ઉગ્રતા કીધુંને, પહેલાં બે વાર અર્થ કર્યો. આત્મા જ્ઞાયકસ્વભાવ પૂર્ણાનંદ મૂર્તિ છે એમાં દૃષ્ટિ લગાવીને જે શુદ્ધિ પ્રગટ થઈ એ સ્વભાવનું વિશેષ-ઉગ્ર સાધન-આલંબન કર્યું. પર્યાયમાં દ્રવ્યનો વિશેષ આશ્રય કર્યો એનું નામ ઉગ્ર સાધન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આલંબન ઉગ્ર કર્યું એટલે નિર્મળ સાધન પ્રગટ થયું. લ્યો! એને સમજવું કઠણ પડે છે. સમજવું કઠણ પડે એવું આમાં કાંઈ નથી. સહેલી સાદી ભાષા છે. પ્રગટ કરવામાં પુરુષાર્થ લગાવવો એ બીજી વાત છે, પણ સમજવામાં એવી કોઈ કઠણ વાત નથી. સમજવાની વાત કરી. પછી પ્રગટ કેમ કરવું એ પ્રયત્ન તો અપૂર્વ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા, આત્મા છેને, આત્મા વસ્તુ અંદર, એ આત્મામાં અતીન્દ્રિય આનંદનો રસ પડ્યો છે. પૂર્ણ આનંદ, ગુણ અનંત શક્તિ, એક આનંદમાં અનંત શક્તિ અને એના આનંદની અનંતી પર્યાય (પ્રગટ થાય) એવો આનંદ. એક ગુણ છેને? વ્યાપક છેને બધામાં? તો એક ગુણમાં એટલી અનંત શક્તિ. આત્માના અનંત ગુણોમાં નિમિત્ત થવાની તાકાત છે અને અનંત ગુણમાં જ્ઞાનનો આનંદ, દર્શનનો આનંદના ચારિત્રનો આનંદ, સ્વચ્છતાનો આનંદ એવો બધામાં આનંદ આવે છે. એવો આનંદ સહજાનંદ જે આત્માનો સ્વભાવ છે ત્રિકાળ, એના ઉપર દૃષ્ટિ કરવાથી જે રાગ ને વિકલ્પ ને પુણ્ય-પાપ ઉપર અનાદિથી દૃષ્ટિ છે... એ સવારે ચાલે છે, એ મિથ્યાદૃષ્ટિપણું છે. દયા, દાન, કામ, ક્રોધનો વિકલ્પ ઉઠે છે એ તરફ લક્ષ કરીને એટલું જ પોતાનું અસ્તિત્વ સ્વીકારવું એ અજ્ઞાનભાવ છે. એક રાગનું કર્તૃત્વ સ્વીકારવું થાય છે એ અજ્ઞાનભાવથી છે. આહાહા..! કહો, શેઠ! શું કરવું આમાં? ઠપકા પણ બહુ મળે છે. આ (ક્રિયા) કાંઈ કરી શકે નહિ અને આ (તત્ત્વ) સમજાય નહિ. ન સમજાય એમ હોય નહિ. અનંત કાળ એણે અજ્ઞાનમાં ગાળ્યો તો અજ્ઞાન કેમ થાય છે? જ્ઞાન કેમ થાય છે? એણે સમજણ અને પ્રયત્ન અને ઉલ્લાસિત વીર્યથી સમજવાનું કામ કરવું પડશે. ઉલ્લસિત વીર્યથી, ઉલ્લાસિત વીર્યથી. સમજાણું કાંઈ?

ઓહો..! આ આત્મા વસ્તુ સચ્ચિદાનંદ સિદ્ધ પ્રભુ છે. સિદ્ધ ભગવાન થયા એ ક્યાંથી થઈ નિર્મળ પર્યાય? કોઈ બહારથી આવી છે? એ અંતરમાં પડી છે એમાંથી ધારાવાહી પ્રગટ થઈ છે. સમજાણું કાંઈ? એવો આત્મા... 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આવે છે કે નહિ એ બનારસીદાસમાં? એવું શુદ્ધ સ્વરૂપ એની દૃષ્ટિ કરવાથી... પુણ્ય-પાપના વિકલ્પની સ્વભાવમાં એકતાબુદ્ધિ છે એ અજ્ઞાન છે. સ્વભાવની દૃષ્ટિ કરવાથી એ એકતાબુદ્ધિનું અજ્ઞાન નાશ પામે છે. નાશ થતાં ઉત્પત્તિ કોની થાય છે? કે શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ શાંતિની ઉત્પત્તિ થાય છે. એવા શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની ઉત્પત્તિ થઈ એ પૂર્ણ સાધ્યનું નિશ્ચયસાધન

છે. એવું જેને પ્રગટ્યું હોય તેને જે વ્યવહારરત્નત્રયનો શુભરાગ આવે છે એને વ્યવહારસાધનનો આરોપ એને દેવામાં આવે છે. જેને દૃષ્ટિના સ્વભાવનું ભાન પણ નથી અને એકલા દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો રાગ કરે છે એ તો વ્યવહારસાધનનો આરોપ દેવાને પણ લાયક રહ્યો નહિ. કેમ અમરચંદભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પ્રગટ તો આપે કરવાનું છે, અમારે તો સાંભળવું છે.

ઉત્તર :- લ્યો, પ્રગટ તમારે કરવાનું છે કે કોણે કરવાનું છે? પણ સાંભળનારા સમજીને પ્રગટ કરવા માટે સાંભળે છે કે મફત સાંભળે છે? ડેરિયાજીએ ઠીક નાખ્યું હોં! પૈસાવાળાને નાખે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે તારી ચીજ તારી સમીપ પૂર્ણાનંદથી ભરેલી છે. તારી દૃષ્ટિમાં અપરાધ છે. સમજાણું કાંઈ? એ દૃષ્ટિ પોતાના પૂર્ણ સ્વભાવને સ્વીકાર નહિ કરીને દયા, દાન, વ્રત, આદિનો રાગને સ્વીકારે છે, ભગવાન એને જ મિથ્યાદૃષ્ટિ કહે છે. સમજાણું કાંઈ? એવી મિથ્યાદૃષ્ટિનો જ્યારે સમ્યક્ સ્વભાવના આશ્રયે નાશ થયો તો સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્થિરતાનો અંશ પ્રગટ થયો, સાથે રહેલા શુભરાગને વ્યવહારસાધનનો આરોપ દેવામાં આવે છે. અજ્ઞાની આત્માનું ભાન કર્યા વિના એકલા દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો, પૂજાનો, જાત્રાનો ભાવ કરે તો શુભરાગ છે. એને વ્યવહારસાધનનો આરોપ અપાતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ ચાર લીટી થઈ. '**થોડી થોડી વિશુદ્ધિ પ્રાપ્ત કરીને,...**' ત્યાં સુધી આવ્યું.

'**તે જ પોતાના આત્માને...**' હવે ત્યાંથી ખસેડે છે. થોડો જે શુભરાગ રહ્યો '**તે જ પોતાના આત્માને નિશ્ચયનયે ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે...**' જુઓ! **નિશ્ચયનયે** એટલી વાત. '**ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે...**' ત્યાં એમ લેવું. બે ભાગલા પાડી દેવા. શું કહ્યું સમજાણું કાંઈ? ભગવાન પોતાનો પૂર્ણ શુદ્ધ પ્રભુ,... એણે કદી સાંભળ્યું નથી, સમજ્યો નથી, માહાત્મ્ય આવ્યું નથી. બહારની દૃષ્ટિમાં એમને એમ ફર્યા કરે, ફર્યા કરે. એ આવ્યું છેને? બિલ્લી-બિલ્લી. શું? મીંદડી, મીંદડી. બિલાડી. ઓલી જડીબુટ્ટી હોય છે. એવો દાખલો આપ્યો છે સમયસાર નાટકમાં. બિલ્લી લોટણ. એક જડીબુટ્ટી હોય ને? એની સુંઘે તો ચારે કોર એમને એમ (લોટ્યા કરે). એમ રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ ને બહારના તમાકુ ને વેપાર ને હીરા ને માણેક એને સુંઘ્યા સુંઘ કરીને ફર્યાફર કરે છે. શેઠ! બિલાડી હોય છેને બિલાડી? એ સમયસાર નાટકમાં દૃષ્ટાંત આપ્યું છે. બિલાડી છે એ જડીબુટ્ટી હોય... એવી જડીબુટ્ટી વનસ્પતિની ગાંઠ (હોય છે).

મુમુક્ષુ :- લોટન પણ કહે છે અને...

ઉત્તર :- ઠીક. આમ આમ ફરે એની બાજુથી, પેલી વસ્તુ તો ત્યાં પડી છે. એમ જગતની વસ્તુ બાહ્ય પદાર્થ તો જ્યાં છે ત્યાં છે. પોતાનું લક્ષ ત્યાં કરી કરી કરી રાગ-દ્વેષ, રાગ-દ્વેષ, રાગ-દ્વેષ કરતા કરતા ફર્યા કરે છે અનાદિથી. આ ઠીક, આ ઠીક નહિ, આ કર્યું ને

આ કર્યું એમ પરના લક્ષે ફર્યા કરે છે.

ઈ દૃષ્ટિ ગુલાંટ ખાઈને, હું શુદ્ધ આનંદઘન જડીબુટ્ટી છું, જેમાં મોક્ષમાર્ગ સાચો પડ્યો છે અને જેમાં મોક્ષ જ છે. પોતાનો શુદ્ધસ્વભાવ, મુક્ત દ્રવ્યસ્વભાવ મુક્તસ્વરૂપ જ છે. એવી પરથી દૃષ્ટિ પર્યાયથી, વિકલ્પથી, નિમિત્તથી, સંયોગથી ખસેડી નિજ સ્વભાવમાં દૃષ્ટિ લગાવવી એ જ સમ્યગ્દર્શનની ઉત્પત્તિનો હેતુ છે. સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનપર્યાય પ્રગટ થઈ અને સાથે સમ્યગ્જ્ઞાન થયું, સાથે સ્વરૂપાચરણ પણ ગુણસ્થાન પ્રમાણે ચોથે, પાંચમે, છઠ્ઠા પ્રમાણે સ્વરૂપાચરણ થયું. એની સાથે જેટલો શુભરાગ રહ્યો વ્યવહારરત્નત્રય, તેને નિશ્ચય સાધ્યનું વ્યવહારસાધન, જ્ઞાનીને શુદ્ધ સાધન પ્રગટ્યું છે તેના (રાગને) વ્યવહારસાધનનો આરોપ કહેવામાં આવે છે. અજ્ઞાનીને તો સાધ્ય શુદ્ધ અને સાધન શુદ્ધિની ખબર નથી એટલે એ રાગ દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો કરે તેને તો વ્યવહારસાધન પણ કહેવામાં આવતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જશે ચાર ગતિમાં, નિગોદમાં જશે ધીમે ધીમે.

આચાર્ય તો કહે છે કે અરે..! એક વસ્ત્રનો તાણો રાખીને પણ 'હું મુનિ છું' એમ રાગને મુનિપણું માને છે, નિગોદમાં જશે.

મુમુક્ષુ :- તિલતુષ રાખે તો?

ઉત્તર :- તિલતુષ ન રાખે, ગાડા રાખે. અરે..! ભગવાન! ભગવાન કુંદકુંદાચાર્ય ફરમાવે છે અને એવી વસ્તુસ્થિતિ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મોટર ને મોટર ગાડા. અરે..! પ્રભુ! એક તિલતુષમાત્ર રાખીને પણ, 'હું મુનિ છું' એમ માને છે તો એવો રાખવાનો મમતાનો ભાવ છે ત્યાં મુનિપણું હોતું જ નથી. એવી નિર્મમત્વદશા થઈ નથી અને મમત્વની ભૂમિકામાં 'હું મુનિ છું' એમ માને છે તો ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, નિગોદં ગચ્છઈ, નિગોદમાં જશે હળવે.. હળવે.. કદાચિત સ્વર્ગમાં જશે, ભૂતડા-બુતડા થશે. ત્યાંથી તિર્યંચમાં થઈને (નિગોદમાં જશે). આ પરમ વીતરાગમાર્ગની દૃષ્ટિ છોડીને એકલો રાગ... રાગ... રાગ... રાગ... વ્યવહાર એમાં ધર્મ માને છે તો એમાં નરક, નિગોદનો જ રસ્તો છે. સમજાણું કાંઈ? એમાં જન્મ-મરણનો અંત આવશે નહિ. કહો, સમજાણું કે નહિ? જુગરાજજી! બરાબર છે. આ બધા શેઠિયાઓએ તૈયાર થવું પડશે. એકલા પૈસા-બૈસાથી કામ નહિ થાય.

**'તે જ પોતાના આત્માને...'** કોને? કે જેને નિશ્ચય સ્વભાવનું સાધન નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન પ્રગટ થયા છે એને જે વ્યવહાર વિકલ્પ દેવ-ગુરુ-શાસ્ત્ર આદિનો આવ્યો એ ક્રિયાકાંડનો આડંબર છે. રાગ આવ્યો ને રાગ? એ આડંબર છે. **'તે જ પોતાના આત્માને નિશ્ચનયે ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે,...'** એ વિકલ્પ આવ્યો એનાથી હું છૂટી ગયો.

સમજાણું કાંઈ? ભિન્નસાધ્યસાધનભાવનો અભાવ. જે નિમિત્ત(રૂપ) મંદ રાગને વ્યવહારસાધન કહેવામાં આવ્યું હતું, નિશ્ચય સાધ્ય (થયું તો) એ લક્ષ છૂટી ગયું. શુદ્ધિ તો છે અહીંયાં પણ પછી રાગનું લક્ષ છૂટી ગયું અને ભિન્ન સાધ્યસાધનભાવ (છૂટી ગયો). ભિન્ન સાધ્ય નામ જે નિશ્ચયમાં (પૂર્ણ) સ્વભાવશુદ્ધિ થવી, એનું સાધન સ્વભાવશુદ્ધિનું સાધન હતું એમાં વ્યવહારસાધન આવ્યું હતું ક્રિયાકાંડનું વ્યવહારનયે, એ તરફનું લક્ષ છોડીને **'ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે, દર્શનજ્ઞાનચારિત્રનું સમાહિતપણું (અભેદપણું) જેનું રૂપ છે,...'** જુઓ! પોતાના જ્ઞાનાનંદ સ્વભાવમાં લીન થઈ ગયો. સાતમું ગુણસ્થાન. વ્યવહાર ક્રિયાકાંડનો વિકલ્પ છઠ્ઠા ગુણસ્થાન સુધી હતો, શુભરાગ. તેને વ્યવહારસાધનનો આરોપ આપ્યો હતો. તેનાથી ખસીને નિશ્ચયનયથી એટલે સત્યદૃષ્ટિથી ભિન્નસાધ્યસાધનભાવનો અભાવ. સાધ્ય શુદ્ધ અને અશુદ્ધ જે વ્યવહાર વિકલ્પનું સાધન હતું તેનો અભાવ કરી દીધો, લક્ષ છોડી દીધું અને સ્વરૂપમાં સ્થિરતા થઈ ગઈ. ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રનું, નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સમાહિતપણું-અભેદપણું થઈ ગયું.

**'(અભેદપણું) જેનું રૂપ છે,...'** જુઓ! સાતમા ગુણસ્થાનની શુદ્ધોપયોગ દશા. સમજાણું કાંઈ? છઠ્ઠા ગુણસ્થાન સુધી શુભરાગનું, વિકલ્પનું નિમિત્ત હતું. એનું લક્ષ છૂટીને પોતાનો આનંદકંદ પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ એમાં ઘૂસીને લીન થઈ ગયો. દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણની એકતા આત્મારૂપ થઈ. એવા **'સકળ ક્રિયાકાંડના આડંબરની નિવૃત્તિને લીધે...'** જુઓ! જે છઠ્ઠા ગુણસ્થાને, પાંચમા ગુણસ્થાને વ્યવહારરત્નત્રય આદિનો વિકલ્પ હતો તેને અહીંયાં ક્રિયાકાંડ કહેવામાં આવ્યું છે. રાગની ક્રિયા એ ક્રિયાકાંડ છે, એ જ્ઞાનકાંડ નથી. અમરચંદભાઈ! આચાર્યે ઘણું સ્પષ્ટ કર્યું છે. ભાઈ! તમે સમજો તો ખરા કે શું ચીજ છે? અને પછી પ્રયત્ન કરવો, સમજણ યથાર્થ થાય તો પ્રયત્ન કરશે. પણ સમજણ જ જેની યથાર્થ નથી એ પ્રયત્ન ક્યાં કઈ રીતે કરશે? કહે છે કે ભગવાન આત્મા ... પોતાનું સ્વરૂપ શું છે એની તો કિંમત નથી. બીડીની કિંમત, તમાકુની કિંમત. હીરાની કિંમત, ધૂળની કિંમત પૈસાની. પાંચ લાખનો, દસ લાખનો બંગલો હોય. આહાહા..! ભારે ભાઈ! શું છે પણ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, તત્કાળ છે રાગની. ઝેર છે રાગ, તત્કાળનું દુઃખ છે એમાં. પરમાં લક્ષ કરે તો રાગ ઉત્પન્ન થાય છે. ઝેર છે. અહીંયાં તો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એ પણ ઝેર છે. જેને વ્યવહારસાધન કહ્યું એ ઝેર છે. પણ આવે છે, વ્યવહારનયથી અનુકૂળ ગણીને વ્યવહારસાધન કહેવામાં આવ્યું છે. આહા..! સમજાણું કાંઈ?

**'જેનું રૂપ છે, સકળ ક્રિયાકાંડના આડંબરની...'** ભાષા જુઓ વાપરી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આડંબર કહ્યું છેને. પાઠમાં છેને. એમાં શું? કહો, સમજાણું કાંઈ? '**भिन्नसाध्यसाधनभावाभावादर्शनज्ञानचारित्रसमाहित्वरूपे विश्रान्तसकलक्रियाकाण्डा-डम्बरनिस्तरङ्ग**' એ તો પાઠનો અર્થ છેને. પાઠમાં છે એનો અર્થ છે હિન્દીમાં. કોઈ શબ્દ આઘોપાછો કર્યો નથી.

ભગવાન આત્મા જ્ઞાન સત્ શાશ્વત જ્ઞાન આનંદની ખાણ, એમાં દૃષ્ટિ કરીને જેટલી શુદ્ધતા પ્રગટી એ તો વાસ્તવિક સાધ્યનું સાધન છે, વાસ્તવિક ધ્યેયનું સાધન છે. સાથે વ્યવહાર ક્રિયાકાંડ, પંચ મહાવ્રત ને અઠ્યાવીશ મૂળગુણ ને એવો જે વિકલ્પ ઉઠતો હતો એ ક્રિયાકાંડનો આડંબર હતો. છઠ્ઠે આવે છે. એ આડંબર સંકેલ્યો. સમજાણું કાંઈ? એ વિકલ્પ છોડીને સકળ ક્રિયાકાંડના... જુઓ! સકળ ક્રિયાકાંડ. જેટલો છઠ્ઠા ગુણસ્થાને વીતરાગની વ્યવહારઆજ્ઞાના પંચ મહાવ્રત અઠ્યાવીશ મૂળગુણ, પોતાના ગુરુનો વિનય, ભક્તિ, જાત્રા એ બધો રાગની ક્રિયાકાંડનો ભાવ છે. હોય છે છઠ્ઠે, પાંચમે પણ હોય છે અને ચોથે પણ હોય છે, પણ છે રાગ, પુણ્યબંધનું કારણ શુભરાગ છે. તેને નિવૃત્ત કરીને. '**નિવૃત્તિને લીધે...**' જુઓ! એ ક્રિયા આડંબરની નિવૃત્તિને લીધે. એ શુભરાગ આવ્યો એને સાથે લઈને નિવૃત્તિ થઈ એમ નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

પહેલી દિશા શું છે? અને કઈ દિશામાં જાવું છે એ નક્કી કરે છે કે નહિ? નક્કી કર્યા વિના ચાલે છે? કહે છે કે દર્શન-જ્ઞાન-ચારિત્રનું અભેદપણું સમાહિતપણું જેનું રૂપ. ઓહો..! સાતમા ગુણસ્થાનને યોગ્ય મોક્ષમાર્ગ થઈ ગયો શુદ્ધોપયોગ અંદર. કહો, સમજાણું કાંઈ? પછી આગળ વધતા વધતા ચાલ્યો જશે. '**સકળ ક્રિયાકાંડના આડંબરની નિવૃત્તિને લીધે (-અભાવને લીધે)...**' એમ. વિકલ્પનો અભાવ થઈ ગયો. પછી શુદ્ધોપયોગમાં રમણતા થઈ. '**નિસ્તરંગ...**'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિકલ્પની ખાસ વાત, વિકલ્પની ખાસ વાત. સ્વરૂપથી વિકલ્પ બાહ્ય છે. ચૈતન્યના શુદ્ધ સ્વભાવથી વિકલ્પ બાહ્ય ચીજ છે. અંતરની ચીજ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આડંબર જ છે. પહેલાથી જ આડંબર છે. પણ છોડ્યો ત્યારે આંડબર છોડ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રય છે એ વિકલ્પ શુભ બહિર્બુદ્ધિથી બાહ્ય લક્ષે ઉત્પન્ન થાય છે. અંતર સ્વભાવના આશ્રયે વ્યવહાર ઉત્પન્ન થતો નથી. વ્યવહાર પરાશ્રિત છે, નિશ્ચય સ્વઆશ્રિત છે. મહાસિદ્ધાંત. કહો, મોતીલાલજી!

મુમુક્ષુ :- બાર અંગનું જ્ઞાન...

ઉત્તર :- બાર અંગનું જ્ઞાન પરાવલંબી છે. શું છે? ભગવાન આત્માનું અંતર જ્ઞાન સ્વાવલંબી છે. સ્વાવલંબી છે એ જ મોક્ષનો માર્ગ છે, પરાવલંબી વિકલ્પ એ બંધનું કારણ છે. આહાહા..!

ભારે વાત ભાઈ! માણસ સમજતા નથી, વિચાર કરતા નથી. આચાર્ય શું કહે છે? કેમ હોવું જોઈએ? એય..! સોનગઢ એકાંત કરે છે, એકાંત કરે છે. સાંભળ ને સમજ તો ખરો ભાઈ! બાપુ! તારા પંથમાં અંતરમાં લાવવાની ચીજ છે. ન આવી શકે તોપણ નિર્ણય તો એમ કરવો પડે કે નહિ? કે અંતરમાં જાવું એ જ એક મોક્ષનો માર્ગ છે, બીજો મોક્ષમાર્ગ નથી. કહો, સમજાણું કાંઈ?

'**નિસ્તરંગ પરમચૈતન્યશાળી છે...**' ઓહો..! ભાગ્યશાળી અને ચૈતન્યશાળી આવ્યું હવે. કહો, શોભાલાલભાઈ! તમને-બધાને કહે છેને ભાગ્યશાળી છે. શેઠિયાઓને કહે ભાગ્યશાળી છે. ભાગ્યશાળી સમજો છો? કર્મ. પુણ્યશાળી છે, ભાગ્યશાળી છે. અહીંયાં કહે છે કે આ પરમ ચૈતન્યશાળી છે. વિકલ્પનો જે શુભભાવ હતો એ છૂટીને પરમચૈતન્યશાળી થઈ ગયો. સમજાણું કાંઈ? સાતમા ગુણસ્થાને પરમચૈતન્યશાળી. પછી આગળ પણ વધી ગયો. આઠ, નવ, દસ. ઓહો..! આ ભાગ્યશાળી. લોકો કહે કે આ પુણ્યશાળી છે. બીજું શું કહે છે? પ્રતિભાશાળી. પ્રતિભાશાળી છે. લ્યો, એ બીજી વાત આવી ગઈ.

મુમુક્ષુ :- સ્વભાવશાળી.

ઉત્તર :- આ સ્વભાવશાળી છે પરમચૈતન્યશાળી.

જુઓ પાઠ છે હોં! '**चैतन्यशालिनि**' સંસ્કૃતમાં છે. '**चैतन्यशालिनि**' ઓહો..! સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા તો થોડી હતી અને વિકલ્પનું લક્ષ છોડીને અંદરમાં સાતમા ગુણસ્થાનને યોગ્ય અને આગળ નિર્વિકલ્પ સ્થિરતા થઈ (તો) પરમ ચૈતન્યશાળી (થતાં) એકલા જ્ઞાયકભાવની શુદ્ધતા પ્રગટી. '**તથા જે નિર્ભર આનંદથી સમૃદ્ધ છે...**' ઓહોહો..! નિસ્તરંગ પરમચૈતન્યશાળી. તરંગ નથી ઉઠતા એમાં. વિકલ્પનો તરંગ પણ નહિ. નિસ્તરંગ. સમજાણું કાંઈ? ઉન્મગ્ન, નિમગ્ન એ અર્થ આવ્યો હતો ઓલામાં, ભાઈ! ઓલામાં આવે છે નહિ? ૯૪ ગાથામાં. ૯૪ નહિ, ૯૮-૯૮. પ્રવચનસારમાં આવે છે. ઉન્મગ્ન, નિમગ્ન ૯૮માં આવે છે. ભેદ ઉન્મગ્ન થાય છે અને ઓલો અભેદમાં નિમગ્ન થાય છે. સમાઈ જાય છે. આવે છેને?

મુમુક્ષુ :- આનંદના તરંગો ઉઠે છે.

ઉત્તર :- ઉઠે છે. પણ એ અહીંયાં વિકલ્પ નહિ. એ તો પરમચૈતન્યશાળીનો આનંદ થયો. એ તરંગ ઉઠે છે પણ એ અભેદ થાય છે અને વિકલ્પ આવે છે એ ભેદતરંગ છે. સમજાણું કાંઈ? નિસ્તરંગ. લ્યો એ વળી તરંગમાં યાદ આવ્યું ઓલું ઉન્મગ્ન અને નિમગ્ન. ભાઈ! આવે છેને? ઓલી નદી ઉન્મગ્ન, નિમગ્ન શબ્દ પડ્યો છે. વ્યવહાર ઉન્મગ્ન થાય છે, અને નિમગ્ન થાય છે—અંદર ડૂબી જાય છે. અભેદ દૃષ્ટિમાં ભેદ નિમગ્ન થાય છે. ભેદદૃષ્ટિમાં ભેદ ઉત્પન્ન થઈ જાય છે. સમજાણું કાંઈ? એવી પર્યાય પ્રગટ થાય છે એ ઉન્મગ્ન થયો. અંદર ચાલી જાય છે એ પર્યાય નિમગ્ન થઈ ગઈ.

એમ અહીંયાં વિકલ્પનો નાશ થઈ ગયો. અને પર્યાયમાં પરમચૈતન્યશાળી દશા જે નિર્ભર આનંદથી સમૃદ્ધ છે. જુઓ! નિર્ભર-ભરેલું. ભરપૂર આનંદથી વિશેષ શાંતિ થઈ ગઈ. નિર્ભર-પૂર્ણ આનંદથી સમૃદ્ધ. અતીન્દ્રિય આનંદના સ્વાદમાં મશગુલ થઈ ગયો. પોતાના આનંદનો સ્વાદ લેવામાં, પૂર્ણ આનંદથી ભરપૂર એવા ભગવાન આત્મામાં આ '**વિશ્રાંતિ રચતા થકા...**' કહો, એ તો અહીં કથન છે. હું વિશ્રાંતિ રચું એવું પણ ત્યાં નથી.

ભગવાન આત્મા..! જુઓ ભાષા. ભગવાન આત્મા એ સમ્યગ્દર્શન-જ્ઞાન તો થયું હતું, અને જે શુભવિકલ્પ આવે એ ક્રિયા આડંબર તરફથી લક્ષ છોડીને અંતરમાં નિમગ્ન થાય છે તો '**નિર્ભર આનંદથી સમૃદ્ધ છે એવા ભગવાન આત્મામાં...**' આહાહા..! ભગવાન આત્મા એમ કરીને તો બોલાવ્યો છે. ભગવાન આત્મા! એ વિકલ્પ આવે છે એ પામરતા છે. પૂર્ણાનંદમાં.. '**વિશ્રાંતિ રચતા થકા...**' જુઓ! વિશ્રાંતિ. રાગનો થાક હતો, રાગ વિકલ્પ ઉઠતો હતો ને? એ ખેદ હતો. મુનિ પણ રાગ ઉત્પન્ન થાય છે એટલો ખેદ છે, અવિશ્રાંતિ છે, દુઃખ છે. પંચ મહાવ્રતનો, અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ ઉઠે છે એ પણ દુઃખ છે, અશાંતિ છે, ઉપાધિ છે, વિકલ્પ છે, તરંગ છે, ઝેર છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ઉતરે છે ત્યારે તો કહેવાય છે આ. એમ કે બહાર જાશે આ બધું. બહાર નીકળીને બહાર જવા માટે આવે છે. સમજાય છે કાંઈ?

આમ પહેલી દૃષ્ટિ થઈ છે, સ્થિરતામાં કચાશ હતી એટલી પરસમયમાં પ્રવૃત્તિ હતી. ચારિત્ર સાક્ષાત્ મોક્ષનું કારણ છે તો જેટલી પરસમયમાં પ્રવૃત્તિ છે એટલું અચારિત્ર છે. એનો સ્વપરહેતુ પર્યાય રાગની છે, વ્યવહારરત્નત્રય કહેવામાં આવે છે, અવિશ્રાંતિ છે. એનાથી ખસીને આત્મામાં વિશ્રાંતિ કરતા થકા. જુઓ! આ વિશ્રાંતિ. પોતાના આત્મમહેલમાં પેસીને જેટલી શુદ્ધિ કરે તેનું નામ વિશ્રાંતિ છે. લ્યો, આ વાસ્તુ લે છે. આહાહા..! પોતાના નિજમહેલમાં... ભગવાન આનંદનો મહેલ અંદર પડ્યો છે પૂર્ણાનંદ (એની) પહેલી દૃષ્ટિ થઈ હતી, જ્ઞાન તો કર્યું હતું, સ્થિરતા પણ થોડી હતી. પણ વિકલ્પ છે એટલી અશાંતિ, અવિશ્રાંતિ હતી. વ્યવહારરત્નત્રય અવિશ્રાંતિ હતી. આહાહા..! તો આ બીજી અવિશ્રાંતિ ક્યાં રહી? પાપનો ભાવ ને મહેલમાં અને ધૂળમાં રહેવું, આહાહા..! એ તો બધી અવિશ્રાંતિ છે. ભાઈ! વિશ્રાંતિગૃહ નામ નથી આપતા કાંઈ? એવું વાંચ્યું છે ક્યાંક મકાન ઉપર. વિશ્રાંતિગૃહ. ધૂળમાંય વિશ્રાંતિગૃહ નથી. પાંચ લાખનો હજીરો બનાવ્યો, દસ લાખનો. હજીરા સમજ્યા? મોટા મહેલ લાંબા. વિશ્રાંતિગૃહ.

મુમુક્ષુ :- મકબરો કહે છેને.

ઉત્તર :- કબ્રસ્તાનને હજીરો કહ્યો. હજીરો છેને. શું છે? મોટો મહેલ બનાવ્યો એમાં ઉંદરની જેમ પડ્યો હોય અંદર પોતાનો માનીને. ધાર હોય છેને ધાર. પત્થરની નહિ ધાર? એની ગુફામાં પડ્યો હોય એમ મોટી ધારમાં પડ્યો છે. નોળકોળ જેવો છે. ભાન નથી કે હું કોણ

છું અને કઈ સંપદાથી હું નભુ છું અને આ સંપદા શું મારી છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો રાગની એકતા (કરે છે) એ કબર ખોદે છે. આવો મોટો (બંગલો). શું છે? બંગલામાં તું ક્યાં છો? તું તો રાગમાં પણ નથી તો પરમાં ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? આહાહા..!

**'ભગવાન આત્મામાં વિશ્રાંતિ રચતા થકા...'** ઓહોહો..! લ્યો, દસ વાગ્યા સુધી ચાલ્યું, હોં! હવે તો મોટરું થઈ ગઈ. નહિતર તો ગાડેથી જાતા હતા ને. ગાડું શું? બેલગાડી. તો જ્યાં ચાર કોશ, પાંચ કોશ ચાલે પછી ખાવા માટે રોકાય. વિશ્રાંતિ લે. બળદને છોડો, ઘાસ નાખો. આપણે ઢેબરા-બેબરા સાથે લીધા હોય. ઢેબરા-બેબરા એ વખતે ઊંચા હોં! હવે તો આ બધા મૈસુબ ને આ... ઢેબરા હોય અને એની સાથે આથણું હોય ને ગામમાંથી છાશ લઈ આવે, ગામમાં જઈને. વિશ્રાંતિ લ્યો હવે. ૧૦ થી ૨ બેસે. ચાર કલાક. બે પછી (ગાડા) જોડે. એમ અહીંયાં આત્મામાં વિશ્રાંતિ લે. અનાદિ કાળથી થાક લાગ્યો હતો.

મુમુક્ષુ :- આ વિશ્રાંતિ...

ઉત્તર :- એમ છે. રસ્તામાં ભૂખ લાગી હોય અને એ ઢેબરા ઘી ચોપડેલા હોય અને એમાં અથાણું હોય અથાણાને શું કહે છે? આચાર. કેરીનું આથણું અને એમાં દહીં હોય સાથે સરખું. દસ-દસ-બાર-બાર ઢેબરા. હા. હવે ખાઈ-પીને પછી સૂઈ જાય, લ્યો. એમ અહીંયાં કહે છે, નિરાંતે આનંદનું ભાથું સાથે લીધું છેને. અંદરમાં ગતિ કરતા... કરતા... કરતા... સ્થિર થયો તો વિશ્રાંતિ થઈ ગઈ એમાં સૂવે છે. આ (અજ્ઞાની) જાગે છે. સમજાણું કાંઈ? એ ખાઈ-પીને સૂઈ જાય છે.

**'ભગવાન આત્મામાં વિશ્રાંતિ રચતા થકા (અર્થાત્ દર્શનજ્ઞાનચારિત્રના ઐક્યસ્વરૂપ, નિર્વિકલ્પ પરમચૈતન્યશાળી...'** નિસ્તરંગ કીધું હતું ને? એનું નિર્વિકલ્પ પરમચૈતન્યશાળી. **'ભરપૂર-આનંદયુક્ત...'** નિર્ભરનો અર્થ કર્યો. **'ભરપૂર-આનંદયુક્ત એવા ભગવાન આત્મામાં પોતાને સ્થિર કરતા થકા),...'** વિશ્રાંતિનો અર્થ કર્યો, બધાનો કર્યો. નિસ્તરંગનો અર્થ નિર્વિકલ્પ કર્યો. છેને? અને નિર્ભરનો અર્થ ભરપૂર કર્યો. આનંદથી સમૃદ્ધનો અર્થ આનંદયુક્ત કહ્યું. એમ ભગવાન આત્મામાં વિશ્રાંતિનો અર્થ સ્થિર કર્યો. બધાનો અર્થ કર્યો.

**'ક્રમે સમરસીભાવ સમુત્પન્ન થતો જતો હોવાથી...'** ક્રમે ક્રમે વીતરાગદશા ઉત્પન્ન થતી જાય છે. અંદર સ્થિરતા (કરતો) સાત, આઠ, નવ (ગુણસ્થાન ચડતો જાય છે). **'માટે પરમ વીતરાગભાવને પ્રાપ્ત કરી...'** પરમ વીતરાગભાવ પૂર્ણ પ્રાપ્ત કરીને **'સાક્ષાત્ મોક્ષને અનુભવે છે.'** લ્યો! સાક્ષાત્ પૂર્ણાનંદનો અનુભવ એ સાક્ષાત્ મોક્ષનો અનુભવ. એ એક અધિકાર, નિશ્ચયસાધન સહિતમાં વ્યવહારસાધનવાળો જીવ પછી સાધન છોડીને ઠરે છે તો વીતરાગભાવની પૂર્ણતા થાય છે એવો એક અધિકાર પૂરો થયો. સમજાણું કાંઈ?

'(**હવે કેવળવ્યવહારાવલંબી (અજ્ઞાની) જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે :—**)' શું કહે છે? પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય અમૃત આનંદ એની અંતર જ્ઞાન, નિશ્ચય દૃષ્ટિ કર્યા વિના એકલા ક્રિયાકાંડ, વ્યવહાર દયા, દાન, ભક્તિ, વ્રત, તપના કરે છે એ વ્યવહારાલંબી જીવ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? '**કેવળવ્યવહારાલંબી...**' છેને? '(**કેવળ વ્યવહારને અવલંબનારા**)...' કેવળ વ્યવહાર એટલે નિશ્ચય છે નહિ. સ્વભાવ શુદ્ધ જ્ઞાનમૂર્તિ પ્રભુ એની સમ્યગ્દૃષ્ટિ નથી, એનું જ્ઞાન નથી, એ તરફનો અંશે પણ સાવધાનીનો ઝુકાવ નથી. એકલા દયા, દાન આદિ બધું કહેશે હોં! આ જરી કઠણ વાત આવી. અહીંયા એકલા વ્યવહારને અવલંબનારો છે '**તેઓ ખરેખર ભિન્નસાધ્યસાધનભાવના અવલોકન વડે...**' જુઓ! કોઈ કહે કે ભાઈ! આ પહેલા ભિન્નસાધ્યસાધન કહ્યું હતું તો નિશ્ચય નથી અને એકલું ભિન્ન સાધન છે એમ નથી.

મુમુક્ષુ :- નિશ્ચય વગરનો અહીં આવ્યો.

ઉત્તર :- આ હવે આવ્યો નિશ્ચય વિનાનો વ્યવહાર. પહેલા કહ્યો એ તો નિશ્ચયની સાથેનો વ્યવહાર (હતો). નિશ્ચય સાધનનું સાધ્ય હતું એમાં વ્યવહાર કેવો એની વ્યાખ્યા થઈ ગઈ. હવે નિશ્ચય જ્યાં સાધન જ નથી નિશ્ચય આત્માનું (અને) એકલા ક્રિયાકાંડનું વ્યવહાર અવલંબન કરતા કરતા અમારી શુદ્ધિ થઈ જશે, અમને ધર્મ થઈ જશે—એમ માનનારને વ્યવહારાલંબી મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. સમજાણું કાંઈ?

એ '**ખરેખર ભિન્નસાધ્યસાધનભાવના અવલોકન વડે...**' જુઓ! ખરેખર એ તો ભિન્ન સાધ્યસાધનભાવને જ માને છે. એ ક્રિયા આપણે કરીએ દયા, વ્રત, ભક્તિ, તપ, જપ, સામાયિક, પોષા, પડિક્કમણા (આદિના) વિકલ્પ ઉઠે છે બસ! એ સાધન છે એની સાથે નિશ્ચય પ્રગટ થઈ જશે. એવો અજ્ઞાની અવલોકન... એનું જ્ઞાન પરથી, રાગથી મારો સ્વભાવ પ્રગટ થશે એવું અવલોકન કરનારા '**નિરંતર અત્યંત ખેદ પામતા થકા,...**' લ્યો! નિરંતર. એ સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાનમાં જેટલો રાગ હતો એટલો ખેદ હતો. સમજાણું કાંઈ? પણ આ તો નિરંતર એકલો ખેદ છે. એમાં અંશે ખેદ અને અંશે આનંદ હતો. આહાહા..! સમજાણું કાંઈ? (આ તો) એકલો વ્યવહારાભાસ નિશ્ચયની ખબર વિના. હું શું ચીજ છું? કેવી દૃષ્ટિ હોવી જોઈએ? કેવું જ્ઞાન હોવું જોઈએ? કેમ સ્વરૂપમાં સ્થિર થવું જોઈએ? એની ખબર નથી, ખબર નથી. સમ્યગ્દર્શન-આત્મા શું છે એની ખબર નથી. સમ્યગ્જ્ઞાન આત્માના આશ્રયે થાય એની ખબર નથી, ચારિત્ર પોતાના આશ્રયે થાય એની ખબર નથી. આ ક્રિયાકાંડ કરતા... કરતા... કરતા... આ અત્યારે ચાલે છે ઈ. અમરચંદભાઈ! અત્યારે તો એ જ ચાલે છે. બસ! એ જ ચાલે છે. કરો ભાઈ કરો... કરો... કરો... વ્યવહાર કરતાં કરતાં ક્યારેક નિશ્ચય થઈ જશે.

મુમુક્ષુ :- નાની લાઈન ઉપર ગાડી ચાલતા ચાલતા...

ઉત્તર :- આ નાની લાઈન જ નથી. આ તો ઝેરની લાઈન છે. ઠીક પ્રશ્ન કરે છે સનતકુમારજી. એમ કહે છે. આહા..! એમ કે પહેલા નાની લાઈન લ્યો, પછી મોટીમાં ચડી જશે. પણ આ નાની જ નથી. આ તો વિપરીતની છે. જાવું છે ભાવનગર અને જાય છે ઢસા.

મુમુક્ષુ :- અદિશામાં જવાની (લાઈન છે).

ઉત્તર :- અદિશામાં. એકલો વ્યવહાર તો પરદિશા સન્મુખ છે. આ વ્યવહાર તો ભિન્ન વિષય છે. પોતાનો સ્વવિષય તો એમાં છે જ નહિ. આહાહા..! એ દિશા જ ઊલટી છે. દૃષ્ટિ ઊલટી, દિશા ઊલટી, સાધન ઊલટું, લક્ષ ઊલટું, ફળ ઊલટું, કારણ ઊલટું. સમજાણું કાંઈ?

પહેલાં કહ્યું હતું એ તો સ્વની દિશા લીધી હતી. આત્માને વિષય બનાવીને દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા હતા. એમાં થોડો શુભરાગ હતો એની દિશા પર ઉપર હતી. માટે તેને સાધન કહેતા હતા, નિશ્ચય થયો એ કારણે. પણ અહીંયાં નિશ્ચયનું ભાન નથી, સમ્યગ્દર્શન ભેદજ્ઞાન નથી. કરો, ભાઈ પડિમા લઈ લ્યો, વ્રત લઈ લ્યો, ભક્તિ કરો, પૂજા કરો, મંદિર બનાવો પાંચ લાખ, દસ લાખનું.

મુમુક્ષુ :- સિદ્ધચક્રની પૂજા કરીએ એટલે ધર્મ થાય.

ઉત્તર :- બસ! સિદ્ધચક્રની પૂજા, મેનાસુંદરી એ આવે છે કે નહિ? .. આવે છે. એ બધું આવે છે. સિદ્ધચક્રનો પાઠ કરલો દિન આઠ. જાવ. મેના રાણી ... સિદ્ધચક્રના પાઠથી તમારું કલ્યાણ થશે. સંદેહ ન કરવો. ધૂળમાં સિદ્ધચક્રનો પાઠ તો રાગ છે, એ તો વિકલ્પ છે. એમાં નિર્વાણનો માર્ગ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? જ્ઞાનીને સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયા છે તેને સ્વરૂપમાં સ્થિરતા ન થાય ઉપયોગની, ત્યારે એવો ભાવ આવે છે. પણ એ ભાવને વ્યવહારસાધન નિશ્ચયવાળાને કહેવામાં આવ્યું છે. એ પણ છે તો બંધનું જ કારણ. પણ સ્વરૂપનું સાધન પ્રગટ્યું છે, તો બીજાને વ્યવહારસાધનનો આરોપ દેવામાં આવે છે. અજ્ઞાનીને તો કાંઈ છે જ નહિ. પોતાનું દ્રવ્ય શું છે, દૃષ્ટિ શું છે, નિર્વિકલ્પ જ્ઞાતા-દૃષ્ટા શું છે એની ખબર નથી. કરતા રહો, કાંઈક કરતા રહો. ક્યારેક બેડા પાર થઈ જશે. શરીરની સ્થિતિ પૂરી થઈ જશે. સમજાણું કાંઈ?

'**નિરંતર અત્યંત ખેદ પામતા થકા,...**' ખેદ પામે છે. આહાહા..! '(૧) **ફરી ફરીને ધર્માદિના શ્રદ્ધાનરૂપ અધ્યવસાનમાં તેમનું ચિત્ત લાગ્યા કરતું હોવાથી,...**' જુઓ ભાષા! એક એકમાં ફેર કરે છે. અજ્ઞાની પોતાના સ્વભાવની દૃષ્ટિ કર્યા વિના, એકલા ધર્માદિ છ દ્રવ્યની શ્રદ્ધાનો અધ્યવસાયમાં તેમનું ચિત્ત લાગ્યા કરે છે. એમાં એકત્વબુદ્ધિ રહી છે. આ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આ દેવ છે અને આ ગુરુ છે. પર છેને? અધ્યવસાયમાં છ દ્રવ્ય આવ્યા ને? સમજાણું કાંઈ? છ. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ભગવાને છ દ્રવ્ય જોયા. એ છ દ્રવ્યની પર તરફના લક્ષવાલી શ્રદ્ધા, એમાં ચિત્ત લાગ્યા કરતું હોવાથી. જુઓ!

**'શ્રદ્ધાનરૂપ અધ્યવસાનમાં તેમનું ચિત્ત લાગ્યા કરતું હોવાથી,...'** છ દ્રવ્યમાં. પોતાનું દ્રવ્ય શું છે એની દૃષ્ટિ કરતા નથી. લ્યો, એકલા છ દ્રવ્યનાં (વિકલ્પમાં) ચિત્ત લાગ્યા કરતું હોવાથી, એ શુભભાવ છે. પણ મિથ્યાત્વસહિત છે તો એકલું વ્યવહારસાધન પણ એને કહેવામાં આવતું નથી. મિથ્યાત્વ પરિણામથી વનસ્પતિ થઈ જશે. એ આગળ કહેશે કે વનસ્પતિ જેવો થઈ જાશે.

**'(૨) પુષ્કળ શ્રુતના (દ્રવ્યશ્રુતના) સંસ્કારથી ઊઠતા...'** શાસ્ત્રનો અભ્યાસ, ખુબ અભ્યાસ કરવો, પાના ફેરવીને ચારેય બાજુ શાસ્ત્રના. આમ છે ને આમ છે. ભગવતી આરાધનામાં આમ લખ્યું છે, એમાં અકાળમરણ આમ લખ્યું છે, એમાં ફલાણું એમ લખ્યું છે. અરે..! સાંભળ તો ખરો પ્રભુ! જે પર્યાય આવે છે કોઈપણ દ્રવ્યમાંથી, એમાં કારણ યોગ્યતા હતી એમાંથી આવે છે. એમાં અકાળ-ફકાળ મરણ આવ્યું ક્યાંથી? પરમાણુમાં પણ એ સમયની સ્થિતિ પૂરી એમ થવાની હતી. પર્યાય અંદરમાં હતી એ કારણરૂપ કાર્ય આવ્યું છે. સમજાણું કાંઈ? **'સંસ્કારથી ઊઠતા...'** આ કહ્યું છે સર્વાર્થસિદ્ધિમાં. જુઓ! ઔષધ કરવાથી રોગ મટે છે, આમ કરવાથી આમ થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શાસ્ત્ર શું છે? શાસ્ત્ર કોણ કરે છે સ્વનું?

**'સંસ્કારથી ઊઠતા વિચિત્ર (અનેક પ્રકારના) વિકલ્પોની જાળ વડે...'** એકલું પર શાસ્ત્ર, ભગવાનના શાસ્ત્ર હોં! અન્યના શાસ્ત્રની અહીંયા વાત જ નથી. ભગવાનના શાસ્ત્રમાં પરનું લક્ષ કરીને આમ... આમ... આમ... **'વિચિત્ર (અનેક પ્રકારના) વિકલ્પોની જાળ વડે તેમની ચૈતન્યવૃત્તિ ચિત્રવિચિત્ર થતી હોવાથી...'** ચિત્રવિચિત્ર થાય છે. મેલી. મિથ્યાત્વસહિત પુણ્યબંધ થાય, ધર્મ-બર્મ છે નહિ. સમજાણું કાંઈ? અને **'(૩) સમસ્ત યતિ-આચારના સમુદાયરૂપ તપમાં પ્રવર્તનરૂપ...'** મુનિના આચાર પાળે છેને અઠ્યાવીશ મૂળગુણ? આમ પાળવું, દયા આમ પાળવી, સદોષ આહાર ન લેવો, નિર્દોષ આહાર લેવો. સમજાણું કાંઈ? **'યતિ-આચારના સમુદાયરૂપ...'** બધો સમૂહ પ્રકાર. આટલો સ્વાધ્યાય કરવો, ચાર બાજુ વંદન કરવા, આ દિશાએ વંદન કરવા, આમ સામાયિક કરવી એવા વિકલ્પની જાળ. એ **'સમુદાયરૂપ તપમાં પ્રવર્તનરૂપ...'** તપ શબ્દે મુનિપણું. વ્યવહારમુનિપણામાં પ્રવર્તનરૂપ **'કર્મકાંડની ધમાલમાં...'** જુઓ! શુભરાગની ધમાલ. **'તેઓ અચલિત રહેતા હોવાથી...'** કર્મકાંડની ધમાલ. આમાં ધમાર કર્યું છેને? એની ભાષામાં. તમારે શું કહે છે હિન્દીમાં? અમારે કહે છે ધમાલ. આખો દિ' ધમાલ. આમ પાળવું, આમ ખાવું, આમ કરવું, આમ કરવું, જઈને પગ ધોવા, સાફ કરવા. એવી ક્રિયાકાંડની ધમાલમાં રોકાઈ જાય છે. એ રાગ છે, પુણ્યબંધનું કારણ છે, પણ મિથ્યાત્વસહિત છે. એ સાધન-ફાધન છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૦, બુધવાર, તા. ૧૬-૯-૧૯૬૪**
**ગાથા - ૧૭૨, પ્રવચન - ૨૨**

મોક્ષમાર્ગનો પંચાસ્તિકાયનો અધિકાર છે. એમાં અહીંયાં બીજો અધિકારમાં કેવળવ્યવહારાવલંબી જીવની વાત ચાલે છે. પહેલા આવી ગયું... ૨૫૯ પાનું. ૨૫૯ હિન્દી. પહેલા એ અધિકાર આવ્યો કે આત્મામાં અભિન્નસાધ્યસાધન જેને પ્રગટ્યું છે એટલે કે પોતાનો આત્મા શુદ્ધ પરમાત્મસ્વરૂપ નિજાનંદ નિર્વિકલ્પ છે એવી જેને નિશ્ચયદૃષ્ટિ થઈ છે અને સ્વસંવેદનજ્ઞાન અંતર નિશ્ચય થયું છે અને સ્વરૂપ તરફની લીનતાના નિર્વિકારી ચારિત્ર પરિણામ થયા છે તેને અભેદ સાધ્યસાધન કહેવામાં આવ્યું. સાધ્ય તો શુદ્ધ પૂર્ણ અને આ શુદ્ધિ જેટલી પ્રગટ થઈ એ સાધન. સમજાણું કાંઈ? શુદ્ધિ પૂર્ણ થવી અથવા સાતમા ગુણસ્થાનને યોગ્ય શુદ્ધની પરિણતિ થવી તે સાધ્ય અને આ સાધન નિશ્ચય. પોતાનું સ્વરૂપ વિકલ્પ નામ રાગ ભેદરહિત અખંડ આનંદ અને જ્ઞાયકભાવથી ભરેલો છે એવી અંતર્મુખ દૃષ્ટિ નિશ્ચયની થવી અને જ્ઞાન ને લીનતા થવી, એ નિર્મળ પર્યાય સાધ્ય જે પૂર્ણ શુદ્ધ અથવા સાતમા ગુણસ્થાનને યોગ્ય શુદ્ધતા એનું નિર્મળ પર્યાય સાધન કહેવામાં આવી. નિર્મળ પર્યાય સાધ્ય પૂર્ણ. તેને અભેદ સાધ્યસાધન કહ્યું.

એ ભૂમિકામાં ભિન્ન સાધ્યસાધનભાવ પણ હોય છે. સમજાણું કાંઈ? વિકલ્પ તરીકે પંચ મહાવ્રતના પરિણામ એવા ભેદરત્નત્રય, વ્યવહારરત્નત્રય સ્વપરપ્રત્યયહેતુ એવો રાગભાગ નિશ્ચયનું સાધ્યસાધન છે ત્યાં વ્યવહાર સાધ્યસાધનનો આરોપ દેવામાં સાધનમાં આવ્યો એવો રાગ ઉત્પન્ન થાય છે. તેને વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય કહે છે. નિશ્ચય નામ શુદ્ધ સાધ્ય. સમજાણું કાંઈ? એમ નહિ સમજીને એકલો વ્યવહાર ક્રિયાકાંડ વ્યવહારરત્નત્રયનો જે વ્યવહારાભાસ છે, નિશ્ચયની સંધિ વિના જ્ઞાયક વસ્તુ અંતરમાં સમજ્યા વિના એકલો વ્યવહારનો વિકલ્પ કરે છે, થાય છે એ મિથ્યાદૃષ્ટિ વ્યવહારાલંબી એકાંત મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. શેઠી! બરાબર છે? સમજાણું કાંઈ?

હવે એક પ્રશ્ન એમ હતો અમરચંદભાઈનો કે આ ક્રમબદ્ધમાં ઘણી ભૂલો થાય છે. આ ક્રમબદ્ધ છેને? ક્રમબદ્ધ થાય એમાં આ વ્યવહાર વિકલ્પ સાધન (કરવું) ક્યાં (રહ્યું)? અને નિશ્ચય સ્વરૂપનું સાધન કરવું એ ક્રમબદ્ધમાં રહ્યું ક્યાં? એમ કે લોકો ભૂલથી (સંદેહથી) પ્રશ્ન કરે છે. સમજાણું કાંઈ? ભાઈ પણ જાય છેને શોભાલાલભાઈ ત્યાં જાય છે. .. એમ કહેતા હતા.

ક્રમબદ્ધમાં એમ સમજવું કે દરેક પદાર્થ(માં) પોતાની પર્યાયના સ્વકાળે ક્રમથી એ પર્યાય એમાં-દ્રવ્યમાં થાય છે. તેમાં સ્વકાળનો પર્યાયકાળ આવે છે તો તેમાં તે પર્યાય ક્રમનિયમમાં

પર્યાયનો કાળ છે તો પર્યાય આવે છે. એમ ક્રમસર વર્તનાર જ્ઞાની એનો ક્રમનો જ્યારે નિર્ણય કરે છે તો પોતામાં અકર્તાપણાની બુદ્ધિનો પુરુષાર્થ થાય છે. કહે છે... રતનલાલજી આવે છે કે નહિ સ્વાધ્યાયમાં? નથી આવતા. ... છે ત્યાં. એ કરશે. ઠીક! એ કહેતા હતા, કો'ક કો'ક દસ-પંદર જણા ભેગા થઈને સ્વાધ્યાય કરતા કરતા તેમાં સંદેહ શું છે, ભૂલ શું છે એ સમજાય છે. વાંચન નહિ, સ્વાધ્યાય નહિ તો એમાં શું છે? કેમ છે? અહીંયાં શું કહે છે? બીજા શું કહે છે? છે કેમ? એનો નિચોડ કોણ કરે સ્વાધ્યાય વિના? તો એને શાસ્ત્રનો સ્વાધ્યાય તો હંમેશા હોવો જોઈએ.

અહીંયાં ક્રમબદ્ધમાં એમ કહ્યું કે ભાઈ ક્રમબદ્ધ તો.. પણ ક્રમબદ્ધ સિદ્ધ નથી કરવું ત્યાં. આચાર્ય મહારાજને, આત્માનો જ્ઞાનસ્વભાવ છે એ અકર્તા છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ છે, શુદ્ધ સ્વભાવ છે, તો એ કોને કરે? કોને કરે? તો કહે છે કે પરની પર્યાય ક્રમસર થાય છે એનું હું શું કરું? થાય છે એમાં શું કરું? ન થાય એમાં શું કરું? અને મારામાં પણ સમયે સમયે ક્રમસર જે રાગાદિની પર્યાય ઉત્પન્ન થાય છે એના ઉપર—ક્રમબદ્ધનો નિર્ણય કરનારની દૃષ્ટિ રાગ ઉપર નથી. કેમકે રાગ આવે તો મારે લાવવો શું? નથી આવતો એને લાવવો શું? એમ ક્રમબદ્ધને માનનારને રાગ અને પરનું કાર્ય મારું નથી અને મારું કાર્ય તો રાગ અને પરનો અકર્તા છે એમ સમ્યગ્જ્ઞાનમાં નિર્ણય થાય છે, ત્યારે રાગ અને પરનો અકર્તા છું એવો પુરુષાર્થ થયો એનું નામ મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. શોભાલાલજી! બહુ ગડબડ ચાલે છે.

મુમુક્ષુ :- ક્રમબદ્ધમાં આવું બધું આવે ક્યાંથી?

ઉત્તર :- એ ક્રમના અર્થમાં તાત્પર્ય એ છે કે હું બીજાનું તો શું કરી શકું? અને હું મારું પણ શું કરી શકું? અરે..! મારામાં પણ નિર્મળ પર્યાય થાય છે એનો વિકલ્પ શું કરવો કે હું લાવું?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હા, થતી નથી તો વિકલ્પ શું કરું? હું તો જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ છું, હું પોતાને જાણનાર છું એવો અંતરમાં નિર્ણય, અનુભવ કરવો એનું નામ અકર્તાપણું, એનું નામ ક્રમબદ્ધનું તાત્પર્ય ફળ છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. ઝીણી છે પણ સમજવાલાયક છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાય થાય છે. ક્રમ એટલે ક્રમસર થનારી પર્યાય. પર્યાયની વાત ચાલે છેને. પર્યાય નામ દરેક દ્રવ્યમાં ક્રમવાર, ક્રમવાર, ક્રમવર્તી, ક્રમસર, ક્રમે ક્રમે આવનારી પર્યાય ક્રમસર થાય છે, આગળ-પાછળ નહિ. (આગળ-પાછળ) એટલે પહેલી પર્યાય પછી આવે અને વર્તમાન પર્યાય પછી આવે અને પછીની વર્તમાનમાં આવે (એમ નહિ).

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ન થાય એને શું કરે? ન થાય તેનું કરવું શું અને છે એને છોડવી શું? અને છે એનું કરવું શું? ઝીણી વાત છે. ભગવાન આત્મા જ્ઞાન ચૈતન્યજ્યોત છે એમ ક્રમબદ્ધના લક્ષવાળો પરનું લક્ષ છોડીને પોતાના જ્ઞાનમૂર્તિનું લક્ષ કરે છે તો જ્ઞાતા-દૃષ્ટા ઉત્પન્ન થયો અને રાગ અને પરનો અકર્તા થયો તેનું નામ સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાન છે. સમજાણું કાંઈ? એમ માની લે કે મને જ્યારે થવું હશે ત્યારે થશે. પણ તારી દૃષ્ટિ ક્યાં છે? તું થાવાનું હોય ત્યારે થાય (એમ કહે છે પણ) દૃષ્ટિ ક્યાં છે તારી? જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ કરે તો એને જે થાય છે તેના જાણનાર રહેવું. સમજાણું કાંઈ? સનતકુમારજી! જરી ગડબડ બહુ છે.

ત્યાં સર્વવિશુદ્ધ અધિકારમાં, સમયસારમાં આવ્યું કે આત્માનું અકર્તાપણું '**दृष्टान्तपुरस्सरमाख्याति**' એવો શબ્દ આવ્યો છે અમૃતચંદ્રાચાર્યની ટીકામાં. આત્માનું અકર્તાપણું '**दृष्टान्तपुरस्सरमाख्याति**'. જેમ સોનાના કુંડળ આદિ ક્રમસર જે પર્યાય કુંડળમાં થાય છે તે પર્યાય કુંડળની છે. કુંડળ સમજો છો? એમ દ્રવ્યમાં જે ક્રમસર પર્યાય ક્રમવાર આવવાની છે તે દ્રવ્યની છે, પરની નથી. એવો નિર્ણય કરનારની દૃષ્ટિ પરના કર્તૃત્વના લક્ષથી, રુચિથી ખસી જાય છે અને પોતાની પર્યાયમાં આવનારો રાગ કે નિર્મળ પર્યાય એને હું રચું, એવો વિકલ્પ પણ એને હોતો નથી. પોતાની જ્ઞાયક ચૈતન્યભૂમિ, જ્ઞાયક ભગવાન ચૈતન્યજ્યોત છે તેમાં દૃષ્ટિ જામી જાય છે તો રાગનો અને પરનો અકર્તા થાય છે તેનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. સમજાણું કાંઈ?

ભગવાને જોયું તેમ થશે. ભગવાને જોયું પણ તને નિર્ણય ક્યાં છે? ભગવાન તો સર્વજ્ઞ છે. એમણે જેમ જોયું તેમ થાય છે. આવે છેને ઈ?

જે જે દેખી વીતરાગને, તે તે હોસિ વીરા રે,
અનહોની કબ હુ ન હોસિ કાહે હોત અધીરા રે.
જે જે દેખી વીતરાગને, તે તે હોસિ...

હવે એને પલટાવી નાખવા માગે છે કેટલાક. એમ નહિ. 'જે જે દેખી વીતરાગને તે તે હોસિ' એમ નહિ. 'જે જે હોસિ પરદ્રવ્યમેં ઐસી દેખી વીરા રે...' પંડિતો કેટલાક તો આમ બદલી નાખે છે, ફેરવી નાખે છે. અરે..! ભગવાન! શું કરે છે તું? સમજાણું કાંઈ?

જે, વીતરાગ અને સર્વજ્ઞ પરમાત્મા જગતમાં છે એવી જ્ઞાનની એક પરિપૂર્ણ પર્યાયનો સ્વીકાર અસ્તિત્વ—સત્તાનો સ્વીકાર જ્યારે કરે છે ત્યારે સ્વીકાર કરનારની દૃષ્ટિ પર ઉપરથી ખસી જાય છે, રાગ ઉપરથી ખસી જાય છે, અલ્પજ્ઞ પર્યાયની દૃષ્ટિ ખસી જાય છે અને અલ્પજ્ઞ પર્યાય સર્વજ્ઞસ્વભાવ ઉપર ધુસી જાય છે ત્યારે સર્વજ્ઞની સત્તાનો તેને સ્વીકાર થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ જગતમાં સર્વજ્ઞ પરમેશ્વર છે. એક જ્ઞાન ગુણ એની એક સમયની પર્યાય. તેમાં પોતાનું પૂર્ણ સ્વરૂપ અને ત્રિકાળ દ્રવ્ય-ગુણ-પર્યાય પૂર્ણ છે. વિકલ્પનો આશ્રય લીધા વિના, નિમિત્તનો

આશ્રય લીધા વિના પોતાની પર્યાયમાં પૂર્ણ જ્ઞાનદશા પ્રગટ થઈ તેને સર્વજ્ઞ કહો, આ સાત તત્ત્વમાં તેને મોક્ષતત્ત્વ કહો. સાત તત્ત્વની શ્રદ્ધા આવે છે કે નહિ? તો મોક્ષની શ્રદ્ધા અને સર્વજ્ઞની શ્રદ્ધા ક્યારે થાય છે? કે એની દૃષ્ટિ રાગથી ખસીને... કેમકે રાગથી સર્વજ્ઞની સત્તાનો નિર્ણય થતો નથી. અલ્પજ્ઞના આશ્રયે, હું અલ્પજ્ઞ છું એના આશ્રયે સર્વજ્ઞની સત્તાનો સ્વીકાર થતો નથી. સર્વજ્ઞ સ્વભાવ જે આત્મામાં છે તેને આશ્રયે અલ્પ જ્ઞાનમાં સર્વજ્ઞની સત્તાનો સ્વીકાર થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગુજરાતી ક્યાં છે? હિન્દી છે આ તો. એમ કે ભાષા સાદી કહો. ગુજરાતી નહિ. ભાવ કઠણ છે, ગંભીર છે. ગંભીર છે ઊંડી વાત. ઓહોહો..!

જેનો એક જ્ઞાનગુણ, અનંત ગુણમાંથી એક ગુણ, શક્તિ ત્રિકાળ. જેની શક્તિમાં અનંત અનંત શક્તિ એક ગુણમાં. એમાં ત્રિકાળ પર્યાય થવાની તાકાત છે. તેમાં એક સમયની પર્યાય જ્યારે જ્ઞાનની પૂર્ણ થઈ, જેમાં-એ પર્યાયમાં અનંત કેવળીઓ દેખાય છે, જ્ઞાનની એક સમયની પર્યાય અનંતા સિદ્ધને જાણે છે. અનંત સિદ્ધને જાણે છે. લોકાલોકને જાણનાર એક કેવળી એવા અનંત સિદ્ધને, કેવળીને જાણે છે. અમરચંદભાઈ! લોકાલોક તો ક્યાંય ગયા. લોકાલોક તો એક કેવળજ્ઞાનની એક પર્યાયમાં આવી ગયા. પોતાની પર્યાય જાણવામાં આવી ગયા. એવા અનંત કેવળી એક કેવળજ્ઞાનની પર્યાયમાં જણાઈ ગયા. આવી ગયા કે નહિ? કારણ કે સર્વ જીવનું જ્ઞાન થાય છેને? સંસારી, સિદ્ધ, મોક્ષગામી બધાનું જ્ઞાન તેમાં થાય છે કેવળજ્ઞાનીને.

એક જ્ઞાનગુણની એક સમયની દશામાં અનંત સિદ્ધનો સ્વીકાર જ્ઞાનમાં આવ્યો, એક સમય છે, પણ ત્રણ કાળનું જ્ઞાન છે એવા અનંત સિદ્ધનું જ્ઞાન એક સમયમાં આવી ગયું. એવી એક જ્ઞાનની પર્યાયના સ્વભાવનું માહાત્મ્ય, સત્તા છે એવો સ્વીકાર કરનાર અર્થાત્ મોક્ષપર્યાયનો સ્વીકાર કરનાર કહો કે કેવળજ્ઞાનનો સ્વીકાર કરનાર કહો, એ સ્વીકાર કરનારની દૃષ્ટિ નિમિત્ત ઉપરથી ખસીને, વિકલ્પથી ખસીને, અલ્પજ્ઞ તરફના ઝુકાવથી ખસીને અંતર સ્વભાવ દ્રવ્યસ્વભાવ સર્વજ્ઞસ્વભાવ છે એ બાજુ વળે છે ત્યારે સર્વજ્ઞની સત્તાનો સ્વીકાર થાય છે. તો નિર્વિકલ્પ શ્રદ્ધા થઈ ગઈ, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થઈ ગયું. સમજાણું કાંઈ? ભાષા સાદી છે, પણ ભાવ ગંભીર છે એમ કહો. હવે તો હિન્દી બોલાય છે એટલે એને ગુજરાતી કે હિન્દી કાંઈ ફેર પડતો નથી લાગતો. કહો, સમજાણું કાંઈ?

ભાઈ! એ વસ્તુનું સ્વરૂપ જ્ઞેય જ્ઞાયક. હવે એ તો ટીકા જ કરે છે કે લ્યો, જ્ઞેય જ્ઞાયકની ચર્ચા વાર્તા કરે અને સંયમ-ફંયમ પાળવા નહિ. અરે..! ભગવાન! એ દૃષ્ટિમાં અનંત અનંત પદાર્થનું અકર્તૃત્વ થયું અને પોતાનો જ્ઞાનાનંદ અનંત સ્વભાવની પર્યાયના પરિણમનનો કર્તા થયો, એટલો સંયમ થઈ ગયો. સમ્યગ્દર્શનમાં પરથી ખસીને પોતાનો સ્વભાવ આવો પરિપૂર્ણ છે એવી એક શ્રદ્ધા થઈ, એવું જ્ઞાન થયું અને ચારિત્ર-સ્વરૂપમાં પૂર્ણ રમણતા કરવી છે

એવી પ્રતીત પણ એમાં આવી ગઈ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવી ગઈ. તો એમાં સ્થિરતાની ખામી છે, પણ એથી કરીને તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન, સ્વરૂપાચરણમાં કોઈ ફેર છે અને એમાં સંયમ—વિશેષ સ્થિરતા નથી તેથી એ મોક્ષમાર્ગ નથી-એમ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લોકોને એમ થાય છે કે આ વ્યવહાર.. વ્યવહાર.. કરતા કરતા ક્યારેક નિશ્ચય થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો અધિકાર ચાલે છે. એની તો વાત ચાલે છે કે ભાઈ! નિશ્ચય સમ્યગ્દર્શન સ્વરૂપના સામર્થ્યનો, સામર્થ્યનો વિશ્વાસ અંતરમાં જાણવાથી જે આવે છે એવો આવ્યો નથી તો શેમાં સ્થિરતા થશે એની તો એને ખબર નથી. તો એકલો વિકલ્પ કરે પંચ મહાવ્રતનો, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો એ તો રાગ છે. મિથ્યાત્વસહિત પુણ્ય બંધાશે. એમાં કોઈ સંવર-નિર્જરાનો અંશ કદી થતો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પહેલાં અધિકાર કહ્યો કે જ્ઞાનમાં ભાસ થયો કે ક્રમબદ્ધ કહો કે અકર્તાપણું કહો કે જ્ઞાતા-દૃષ્ટાપણું કહો—ત્રણેય એક વાત છે. થાય છે એને મારે કરવું શું? નથી થતું એને કરવું શું? નિર્મળ પર્યાય થાય છે એનો વિકલ્પ કરું કરું, એમ વિકલ્પ કરવાથી નિર્મળ પર્યાય થાય છે? સ્વભાવમાં એકાકાર દૃષ્ટિ કરવાથી નિર્મળ પર્યાય થાય છે. તો એનો ઝુકાવ તો વસ્તુના સામાન્ય સ્વભાવ તરફ ઢળવું એનું એ કર્તવ્ય છે. સમજાણું કાંઈ? વળી જીવંધરે લખ્યું છે, જુઓ! .. વ્યવહાર અસત્યાર્થ નહિ. આ પ્રવચનસારમાં લખ્યું છે. દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેય થઈને સત્ છે. પણ એ તો બીજી વાત છે. એ તો જાણવાની વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મોટો લેખ લખ્યો છે આજે. આ સત્ય છે, ફલાણું અસત્ય છે. ત્રણે મળીને સત્ છે. પણ એ તો આખું દ્રવ્ય અને ગુણ, પર્યાયની વાત સમજાવવા માટે છે. પણ આશ્રય કરવાલાયક કોણ છે? જેની ખાણમાં અનંત કેવળજ્ઞાન, અનંત આનંદ ભર્યા છે એવું ભૂતાર્થ દ્રવ્ય એ જ આશ્રય કરવાલાયક છે. એ અપેક્ષાએ, પર્યાય એની છે (છતાં) એને આચાર્યે આશ્રય કરવાલાયક નથી માટે અસત્યાર્થ અને અભૂતાર્થ કહ્યું છે. નથી એમ નહિ.

ખરેખર તો પર્યાયને અસત્યાર્થ કહી એ ગૌણ કરીને કહ્યું છે. (સર્વથા) નથી એમ નથી કહ્યું. બે વાત છે. પોતાની પર્યાયમાં અનંતી પર્યાય છે, વિકલ્પ પણ છે તેને ગૌણ કરીને અસત્યાર્થ કહ્યા છે, નથી કહીને અસત્યાર્થ કહ્યા છે એમ નથી. દેવીલાલજી! ઈ ધ્રુવસ્વભાવ

નથી અને જેમાં દૃષ્ટિ ટકાવવી છે એ તો ધ્રુવ છે અને પર્યાય ઉપર દૃષ્ટિ મૂકવાથી દૃષ્ટિ પણ અસ્થિર થાય અને પર્યાય પણ અસ્થિર છે તો એનાથી તો રાગ જ ઉત્પન્ન થાય છે. એ રાગના નાશ કરવાના કાળે, સ્વભાવમાં દૃષ્ટિ એકાકાર થાય છે તો વીતરાગી નિર્વિકલ્પ દૃષ્ટિ થવી એ ભૂતાર્થના આશ્રયનું ફળ છે. તેથી પર્યાય અને રાગને અસત્યાર્થ (કહ્યું છે). નથી માટે નહિ પણ આશ્રય કરવાલાયક નથી (માટે) ગૌણ તરીકે અસત્યાર્થ કહેવામાં આવ્યું છે. અમરચંદભાઈ! આહાહા..!

એ તો આવ્યું નહિ? આપણે નથી આવ્યું? આ નયસારની ગાથા આપી નથી? નયચક્રની. નિશ્ચયનય પૂજ્ય છે કે પ્રમાણ પૂજ્ય છે? પ્રમાણમાં તો બે વાત આવે છે માટે એ મોટું છે. અમરચંદભાઈ! આ તો અમરચંદભાઈએ પ્રશ્ન કર્યો હતો ક્રમબદ્ધનો જરી. તો પ્રમાણજ્ઞાન છે એ પૂજ્ય છે કે નિશ્ચય (પૂજ્ય) છે? આપણે જૈનતત્ત્વમિમાંસા આવી ગયું છે નયચક્રમાં. એણે કહ્યું કે પ્રમાણમાં બે અંશનું જ્ઞાન આવે છે. એમાં એ પર્યાય અને વ્યવહારનો નિષેધ નથી આવતો. અને નિશ્ચયમાં સ્વભાવના આશ્રયે વ્યવહારનો નિષેધ આવે છે. નિષેધ આવે છે તો નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. બેનું જ્ઞાન કરવામાં, જ્ઞાન કરવામાં વ્યવહાર અને રાગનો નિષેધ નથી આવતો માટે પ્રમાણજ્ઞાન કરતાં નિશ્ચયજ્ઞાન, નિશ્ચયદૃષ્ટિ પૂજ્ય છે. દેવીલાલજી! આહાહા..! કોઈ સમજે નહિ, શું કહે છે? કેમ છે? વિકલ્પ નથી? મુનિઓને પણ પંચ મહાવ્રતનો વિકલ્પ તો આવે છે. આવે, એની કોણ ના પાડે છે? એને નિશ્ચયસાધન પ્રગટ્યું છે. જ્ઞાયકભાવ હું કર્તાહર્તા કોઈનો નથી. જાણવું-દેખવું મારો સ્વભાવ છે એમ દૃષ્ટિમાં આવ્યું છે. પંચ મહાવ્રતનો રાગ વ્યવહાર આવે છે એનો પણ જ્ઞાની જ્ઞાતા રહે છે, કર્તા થતો નથી. એ એનું ફળ છે જ્ઞાતાનું. સમજાણું કાંઈ? શું કરે? કોઈ પરાણે ... આ તો જૂઠું... જૂઠું... ઓહોહો..!

મોક્ષમાર્ગપ્રકાશમાં એટલું સ્પષ્ટ કરી દીધું છે અને મોક્ષમાર્ગપ્રકાશકનો તો વર્ણીજી બહુ સ્વાધ્યાય કરતા હતા. એક મહિનામાં ચાર વાર. હવે એ મોક્ષમાર્ગપ્રકાશને જૂઠો ઠરાવે છે. શું છે? કેમ કે એમાં તો એમ લખ્યું છે કે વ્યવહારમોક્ષમાર્ગ તો નિમિત્તરૂપ છે. શુદ્ધ ઉપાદાનની અકર્તાપણાની દૃષ્ટિ અને જ્ઞાન પ્રગટ થયા તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ આવે છે તેને નિમિત્ત કહે છે. ખરેખર તે બંધનું કારણ છે. તેને નિમિત્ત દેખીને મોક્ષનો આરોપ આપીને વ્યવહાર કહ્યો. ઉડાડી દ્યો. વ્યવહાર મોક્ષમાર્ગ સાતમા સુધી છે. નિશ્ચય આઠમાથી શરૂ થાય છે. ભિન્ન-ભિન્ન... મોક્ષમાર્ગ ભિન્ન કરી દીધો. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવી ગયો નિશ્ચય. એટલે એણે રાગ કરવો. રાગ કરો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરતા કરતા કરતા નિશ્ચય થઈ જશે. અરે..! ભગવાન! તારું સ્વરૂપ તો જ્ઞાન છે, આનંદ છે—એવી દૃષ્ટિ કર્યા વિના તારો શુભરાગ પણ આત્માના કલ્યાણમાં કોઈ કારણ-ફારણ નથી.

મુમુક્ષુ :- નિમિત્ત કારણ છે.

ઉત્તર :- સાંભળને હવે. એ તો શુદ્ધતા પ્રગટી હોય તો નિમિત્ત કહેવામાં આવે. શુદ્ધતાની દૃષ્ટિ અને ભાન વિના તારા વ્યવહારને નિમિત્ત પણ કોણ કહે છે? સમજાણું કાંઈ? ચારે કોર ખળભળાટ થઈ ગયો છે. જૈનદર્શન... હવે જ્યાં જ્યાં આનો સ્વાધ્યાય થતો હોય ત્યાં જૈનદર્શન ... એમ લખ્યું છે. અને પૈસા દેવા. નીકળો ભાઈ ગૃહસ્થો, નહિતર જ્યાં ત્યાં સ્વાધ્યાય થઈ ગયો છે સોનગઢનો. અરે..! ભગવાન!

મુમુક્ષુ :- કોઈનો રોક્યો રોકાય છે.

ઉત્તર :- કોઈનો રોક્યો રોકાય છે ભાઈ? જેની યોગ્યતા છે તેને મળશે જ અને સમજવાનો પ્રયત્ન પણ કરશે. એ કોઈથી રોક્યો રોકાય અને અહીંયાં છે તો ત્યાં પર્યાય થાય છે એમ પણ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, એ જૈનદર્શન.. .. આ જૈનદર્શનનું ઓલું છેને, ઇંદોરથી નીકળે છેને. એને પૈસા આપીને... એમ કે પૈસા આપો, સોંઘા કરો અને એકદમ જ્યાં વાંચન હોય ત્યાં બબ્બે મફત મોકલો એવું કાંઈક લખ્યું છે. એ ઠીક છે ભાઈ! બાપુ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ અમે શું કહીએ છીએ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થાય-બાય કાંઈ નહિ. વિકલ્પ આવે છે દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, તપ બિલકુલ નિશ્ચયમાં સહાયક નથી. તેથી સોનગઢને કહે છે. એ વાત સાચી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનું વિશેષ જ્ઞાન ન હોય, એનું વિશેષ સ્પષ્ટીકરણ ખ્યાલમાં ન હોય તો તેને .. કઠણ લાગે. તો પોતાના કારણે એણે યથાર્થ સમજવું જોઈએ. જવાબ દેવા માટે નહિ, પણ પોતાને શીખવું છે માટે તેણે યથાર્થ સમજવું જોઈએ કે આ માર્ગ આમ જ છે, બીજો નથી. ત્રણ કાળ ત્રણ લોક ઈન્દ્ર હોય કે નરેન્દ્ર હોય, ભગવાન પાસે બેઠા હોય તોપણ ભગવાન તરફ લક્ષ રાખે એ સમ્યગ્દર્શનમાં બિલકુલ કારણ નથી. સમજાણું કાંઈ? પર ઉપર લક્ષ કરવાથી આત્માનું જ્ઞાન થાય? એકલો જ્ઞાનનો ભંડાર જેમાં પડ્યો છે, કેવળજ્ઞાનનો કંદ એકલો પરમાત્મ નારાયણ નિજ પરમાત્મસ્વરૂપ, એવી અંતર દૃષ્ટિ થયા વિના, એનું માહાત્મ્ય આવ્યા વિના, એને દૃષ્ટિમાં ઝીલ્યા વિના તારી દૃષ્ટિ શુદ્ધ ક્યાંથી થશે? દૃષ્ટિમાં પર્યાય ને રાગ ને નિમિત્ત ઝીલે, હવે એ તો અનાદિથી કર્યું છે, એમાં છે શું? સમજાણું કાંઈ? એવો પહેલાં એણે નિર્ણય કરવો જોઈએ. સમ્યગ્દર્શન પહેલાં પણ એણે આવો નિર્ણય કરવો જોઈએ કે મારો સ્વભાવ પૂર્ણ છે એ તરફ દૃષ્ટિ કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે. વિકલ્પ ને રાગ

ને ખેદ ને નિમિત્ત (કે) સાક્ષાત્ સમવસરણમાં બેઠો હોય તો સમવસરણમાં સાંભળે છે માટે એના કારણે સમ્યગ્દર્શન થાય છે એમ ત્રણ કાળમાં નથી. સનતકુમારજી!

ભગવાન એમ કહે છે. ભગવાન કહે કે અમારી શ્રદ્ધા તમારે (કરવી હોય), અમે છીએ એવી માન્યતા કરવી હોય તો અમારા તરફથી લક્ષ છોડો. તમારો ભગવાન છે એના તરફ લક્ષ કરો. શેઠ! એ નહિ.. એ નહિ... એ નહિ. ભગવાનને ના પાડે છે. એમ નહિ.. એમ નહિ... ભગવાન! એમ નહિ. સમજાવ ભગવાનને તું. ભગવાન એમ કહે કે નહિ.. નહિ... મહારાજ! એમ નહિ. એ આવે છેને? ભરતેશમાં આવે છે ભરતેશ. ભરતેશ વૈભવમાં એક લેખ આવે છે. એ જ્યારે નેમી હતાને વિદ્યાધર? વૈતાક પર્વતનો નેમિરાજા, આ ભરતના સાળા. ભરત ચક્રવર્તીના સાળા. તે એકવાર આવ્યા હતા. મોટા રાજા હતા. એ પણ મહાશુરવીર હતા મોટા, આઠ આઠ હજાર રાણીઓ. મોટા પુણ્યવંત ઈન્દ્ર જેવા હતા. હજી તો પહેલાં હતાને, જુગલિયામાંથી આવ્યા છેને પહેલા તો? એ કન્યા દેવા આવ્યા હતા ભરતના પુત્રને, પોતાની બહેનના દીકરાને ભાણેજને આપતા હતા ને. અહીં ચર્ચા થતી હતી. પછી દીકરાને બોલાવ્યો ભરતે. નેમિકુમાર બેઠા હતા. નેમિકુમાર સાથે ચર્ચા થઈ.

નેમિકુમાર કહે... નેમિરાજ, નેમિરાજ. વિદ્યાધર મોટા. ચર્ચા થતા થતા એમ થઈ કે અભેદરત્નત્રય એ મોક્ષનો માર્ગ છે. ભેદરત્નત્રય બંધનું કારણ છે. એ કહેતા કહેતા નેમિરાજ કહે કે નહિ. અભેદરત્નત્રય મોક્ષનો માર્ગ છે. ભરત કહે, કેમ નહિ? ભગવાનની ભક્તિ, આપણા ૠષભદેવ ભગવાન દાદા બિરાજે છે એની ભક્તિ મોક્ષમાર્ગ નથી? નેમિરાજ કહે, નહિ. એ પુણ્યબંધનું કારણ છે. દીકરાને કહ્યું. બેટા! તારા મામા કહે છે એ સત્ય છે કે અમે કહીએ છીએ એ સત્ય છે? પિતાજી! શું થઈ ગયું તમને? આપ કહેતા હતાને કે વ્યવહારરત્નત્રય બંધનું કારણ છે. હવે કેમ ફરી ગયા? મામા કહે છે તે બરાબર છે. ભરત કહે, અરે..! આ કન્યા દેવા આવ્યા તો તેના પક્ષમાં તું ચડી ગયો? શું થયું તને? અરે..! પિતાજી! શું કહો છો તમે?

શું તમે અમને એમ કહેતા હતા? તમે પહેલાં કહેતા હતા કે ભગવાન ત્રિલોકનાથ હોય, દેવાધિદેવ હો, દાદા છે અમારા, પિતાના પિતા છે, પણ એમની ભક્તિનો વિકલ્પ છે એ તો પુણ્ય જ છે. પુણ્ય જ છે, ધર્મ નહિ. એ સમજતા હતા ભરત ચક્રવર્તી પણ દીકરાને પક્ષ કરીને... અરે..! આવો પક્ષ કર્યો? એ કન્યા દેવા આવ્યા, કન્યાની લાલચમાં એના પક્ષે ચડી ગયો? શું કહો છો પિતાજી? એમ નથી. સ્વભાવ ભગવાન આત્મા, પોતાના શુદ્ધ સ્વભાવ સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન, લીનતા અભેદરત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે. વ્યવહાર... વ્યવહાર બંધનું કારણ છે. મોક્ષમાર્ગ નહિ, નહિ, નહિ. ... સમજાણું કાંઈ? એ ભરતેશમાં એક એવો ટૂકડો લીધો છે. ભરતેશ કથા છે ને?

એમ અહીંયાં ત્રિલોકનાથ પરમાત્મા કહે છે કે અરે..! ભવ્ય જીવો! ભગવાન આત્મા

પરમાત્મસ્વરૂપ પડ્યું છે એની સન્મુખની દૃષ્ટિ અને (વિકલ્પથી) વિમુખ દૃષ્ટિ એનું નામ સમ્યગ્દર્શન ઉત્પન્ન થવાનો ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી ત્રણ કાળ ત્રણ લોકમાં. ભગવાન પાસે જાવ, (સ્વર્ગ)માં જાવ, નરકમાં જાવ, પશુમાં જાવ આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. વિકલ્પ આવે છે જરૂર. વ્યવહાર હોય છે, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની હોય છે પણ એ રાગ છે. એને નિમિત્તસાધન, નિશ્ચયસાધન પ્રગટ્યું હોય તો નિમિત્તસાધન કહેવામાં આવે છે. નિશ્ચય પ્રગટ્યા વિના તેને નિમિત્તસાધનનો આરોપ પણ અપાતો નથી. કહો, સમજાણું કાંઈ?

હવે એ કેવળ વ્યવહારાવલંબી ધમાલમાં અચલિત રહે છે એ આવ્યું. છેને? ધમાલ-ધમાલ આખો દિ'. આ અપવાસ કર્યા, આ કર્યા, જુઓને, સુગંધ દસમીએ કેટલી મજા પડે. દસ પૂજા અને દસમાં જય જય બોલે એમાં મજા કેટલી પડે! આ હવે અંદરમાં વિકલ્પરહિત વાત. કહો, એય..! એકલા સ્વભાવના લક્ષ અને દૃષ્ટિ વિના, કહે છે કે શ્રદ્ધા, જ્ઞાન અને આચરણની ધમાલમાં પડ્યો છે. સમજાણું કાંઈ? એમાં ખબર પણ પડે. ભગવાનની જય.. ભગવાનની જય.. પાંચ, સાત વાર ખુબ બોલે એટલે એને એમ થઈ જાય કે હાશ.. બીજાને એમ થઈ જાય. એ તો શુભભાવની હદ છે. પણ એના શુભભાવની મર્યાદા છે. એનું લક્ષ, રાગરહિત મારી ચીજ છે એવા સ્વભાવનું લક્ષ અને દૃષ્ટિ ન હોય તો તેને વ્યવહાર પણ કહેવાતો નથી. એની મર્યાદા કેટલી? આવે છે જરૂર, પણ એમાં એકાકાર થઈ જાય. આહા..! એનાથી મારું કલ્યાણ થશે. શોભાલાલજી! આવે છે જરૂર. નામસ્મરણ આવે છે, ભક્તિભાવ આવે છે, પૂજાનો આવે છે. નમો અરિહંતાણં બોલવું એ પણ શુભરાગ છે. આવે છે જરૂર, પણ એમાં એકાકાર થઈને તેનાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થશે એ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. સમજાણું કાંઈ? કેમ?

જુઓ! અહીં તો છેલ્લો શબ્દ એ આવ્યો છેને કાલે? ઓહો..! પોતાનો જ્ઞાનસ્વભાવ, જ્ઞાનગુણ અનંત ગુણની પર્યાય ક્રમસર થાય છે. પણ ક્રમસર થાય છે, ક્રમસર-ક્રમવાર, એની દૃષ્ટિ ક્રમસર કરવા ઉપર નથી. હું જ્ઞાયક છું, ચિદાનંદ છું એના ઉપર દૃષ્ટિ રહેવાથી રાગ આવે છે એને કરું એવી પર્યાયબુદ્ધિ નથી. એ ક્રમબદ્ધનું ફળ છે. એકલું ક્રમબદ્ધ-ક્રમબદ્ધ કરે, આવવાનું છે તે આવવાનું છે એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? દૃષ્ટિ તરફનો, જ્ઞાયક તરફનો તો ઝુકાવ નથી અને આવવાની પર્યાય આવશે, આવવાની પર્યાય આવશે. શેમાં આવશે? શું છે તારું દ્રવ્ય? એ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ વિના આવવાની હશે આવશે, આવવાની હશે તે આવશે તેને ક્રમબદ્ધના ઠેકાણાં જ નથી. કર્તાબુદ્ધિ તો છે અને ક્રમસર માનવું એ બે ક્યાંથી આવ્યું? હું કરું.. હું કરું.. હું કરું... હું કરું પછી આમ કરું, પછી આમ કરું. વળી એવું કરું તો ઠીક (અને) ક્રમબદ્ધ માન્યું (એમ) બે ક્યાંથી આવ્યા તને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. એ કર્તા એટલે કરું એમ કહ્યું જ નથી. કરું... કરું... કરું... વળી ક્રમબદ્ધ

માનવું. કરું અને ક્રમબદ્ધ માનવું એમ બે ક્યાંથી આવ્યું? અમરચંદભાઈ! એ તો વિરુદ્ધ જ છે. આ આવવું એ જુદી વાત છે અને હું કરું એ જુદી વાત છે. આવવું એ તો જ્ઞાન-દર્શનની દૃષ્ટિ હોવા છતાં રાગ, ભક્તિ આવ્યા વિના રહેતી નથી. પણ હું રચું, કરું એ દૃષ્ટિ રાગ ઉપર છે, એ પર્યાયબુદ્ધિ છે, અંશબુદ્ધિ છે, મિથ્યાબુદ્ધિ છે. આહાહા..! તો ક્રમબદ્ધમાં હું આમ કરું... આમ કરું... એમ કરું.. કરું આવે અને વળી ક્રમબદ્ધ છે, બે ક્યાંથી આવ્યા? ક્રમબદ્ધને માનનારને કરું.. કરું એવો વિકલ્પ ઉઠતો નથી. અમરચંદભાઈ! બરાબર છે સનતકુમારજી? આ તો ભાઈએ પ્રશ્ન કર્યો હતોને અંદર, એનું થોડું વળી (સ્પષ્ટીકરણ કર્યું). આમને જાવું છે ગિરનાર. એટલે પછી કાલે વળી આવે તો ક્યાં... કીધું, આજે જ આવી જાય.

ઓહો..! ભગવાન! થોડું જાણવું પણ યથાર્થ જાણવાથી જેમાં સ્વની રુચિ થાય એવું કર્તવ્ય કરવું જોઈએ. બાકી તો બધું થાય છે... થાય છે... થાય છે... એ તો પહેલા આવી ગયું. અભિન્નસાધ્યસાધનમાં.. આપ્યું છે નીચે. નીચે છે જુઓ. નીચે નોટ છેને? **'ખરેખર સાધ્ય અને સાધન અભિન્ન હોય છે.'** નીચે નોટ છે. ભિન્નસાધ્યસાધનભાવની નીચે. નોટમાં. ખરેખર તો સાધ્ય નામ શુદ્ધિ પ્રગટ કરવી એ. અને સાધન નામ એ (અપૂર્ણ) શુદ્ધિ પ્રગટ થઈ એ. પૂર્ણ શુદ્ધિ પ્રગટ કરવી એ સાધ્ય છે, ધ્યેય છે અને એ (અપૂર્ણ) શુદ્ધિ સ્વભાવના આશ્રયે પ્રગટ થઈ છે તે સાધન છે. ખરેખર સાધ્ય અને સાધન એક હોય છે—અભિન્ન હોય છે. નિર્મળ પર્યાયનું સાધન નિર્મળ પર્યાય એનું નામ સાધ્યસાધન અભિન્ન.

**'જ્યાં સાધ્ય અને સાધન ભિન્ન કહેવામાં આવે ત્યાં આ સત્યાર્થ નિરૂપણ નથી...'** સમજાણું કાંઈ? ભિન્ન સાધન કહેવામાં આવે છે... ભીખાભાઈ! અહીંયાં તો એવું છે. 'રણે ચડ્યો રજપૂત છૂપે નહિ. ભાગ્ય છૂપે નહિ ભભુત લગાયા. ચંચળ નારી કો નેણ છૂપે નહિ, ચંદ્ર છૂપે નહિ બાદલ છાયા.' એમ સત્યાર્થ વસ્તુ જે છે એ રોકી રોકાતી નથી. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ એવી સ્વરૂપ નિર્મળ(દૃષ્ટિ) એ નિશ્ચય સાધન અને નિર્મળ સાધ્ય એ યથાર્થ વાત છે. જેમાં સાધ્યસાધન ભિન્ન કહેવામાં આવે (કે) આ વ્યવહારવિકલ્પનું સાધન અને શુદ્ધિ સાધ્ય એ સત્યાર્થ નિરૂપણ નથી. **'પણ વ્યવહારનય દ્વારા ઉપચરિત નિરૂપણ કર્યું છે...'** નિમિત્ત જોઈને.. શુદ્ધ સાધનદશામાં ચાલે છે એની કમજોરીમાં એ ભૂમિકાને યોગ્ય એવો કષાય મંદતાનો શુભરાગ આવે છે. પણ એ ખરેખર ઉપચરિત નિરૂપણ છે, ઉપચાર છે, યથાર્થ નથી, વાસ્તવિકતા નથી. **'એમ સમજવું જોઈએ.'**

**'કેવળ વ્યવહારાલંબી જીવો...'** કેવળ વ્યવહારાલંબી જીવ એટલે? અર્થાત્ નિશ્ચય સમ્યક્ શુદ્ધ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ કર્યા વિના... એકલો ભગવાન જ્ઞાનમૂર્તિ, રાગ નહિ, સંસાર ઉદય-ફુદય મારા સ્વભાવમાં છે જ નહિ. એકલો પરમપારિણામિક કારણપ્રભુ, કારણ આત્મા એવી દૃષ્ટિ કર્યા વિના, એવી દૃષ્ટિને પ્રગટ કર્યા વિના **'કેવળ વ્યવહારાલંબી જીવો આ વાતને ઊંડાણથી નહિ શ્રદ્ધતા થકા...'** ઊંડાણથી શ્રદ્ધા કરતા નથી. **'ખરેખર શુભભાવરૂપ**

**સાધનથી જ...'** ખરેખર શુભભાવ—દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, નવ તત્ત્વના ભેદનો રાગ વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ, બાર વ્રતના વિકલ્પ, શાસ્ત્ર ભણવાનો વિકલ્પ—એવા **'શુભભાવરૂપ સાધનથી જ શુદ્ધભાવરૂપ સાધ્ય પ્રાપ્ત થશે...'** મારું શુદ્ધ સાધ્ય આ સાધનથી પ્રગટ થશે. **'એવી શ્રદ્ધા ઊંડાણમાં સેવતા થકા...'** સમજાણું કાંઈ? **'આ વાતને ઊંડાણથી નહિ શ્રદ્ધતા થકા...'** અને **'એવી શ્રદ્ધા ઊંડાણમાં સેવતા થકા...'** શુભભાવથી -રાગથી થાય એવી ઊંડાણથી શ્રદ્ધા છે અને શુભભાવથી નથી (થતું) એવી ઊંડાણથી શ્રદ્ધા નથી.

**'શુદ્ધભાવરૂપ સાધ્ય પ્રાપ્ત થશે. એવી શ્રદ્ધા ઊંડાણમાં સેવતા થકા નિરંતર અત્યંત ખેદ પામે છે.'** સમજાણું કાંઈ? એકલા આનંદની જ્ઞાન દૃષ્ટિ થઈ નથી, એકલો વિકલ્પ દયા કરી, આમ કર્યું, ભક્તિ કરી, પૂજા કરી, વ્રત કર્યા, તપ કર્યા, અનશન કર્યા, ઉણોદરી.. શું કહેવાય આ ષોડશકારણ. ષોડશકારણ તો સમ્યગ્દૃષ્ટિને હોય છે. મિથ્યાદૃષ્ટિને ષોડશકારણ ક્યાંથી આવ્યા? અમરચંદભાઈ! દર્શનવિશુદ્ધિ વિના ષોડશકારણ આવ્યા ક્યાંથી? સમ્યગ્દૃષ્ટિપૂર્વક જે વિકલ્પ થાય છે તો ષોડશકારણથી બંધ થાય છે. તીર્થંકરનો બંધ થાય છે. તો સમ્યગ્દૃષ્ટિને વિકલ્પનો પણ આદર નથી. જેનાથી તીર્થંકરગોત્ર બંધાય એનો પણ સમ્યગ્દૃષ્ટિને આદર નથી. આ તો ખુશ ખુશ થાય કે આહાહા..! આમ કરીએ ને પછી તીર્થંકર થશું. અરે..! ભગવાન! (સંવત) ૧૯૮૫ની સાલમાં કીધું હતું કે તેતર થશે. તીર્થંકર તો અનંત જીવને તારવામાં નિમિત્ત છે. તું ખાવામાં નિમિત્ત થઈશ. ધ્રુજી ઉઠ્યો સંપ્રદાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. શું છે તને? તત્ત્વદૃષ્ટિ વિના તને તીર્થંકરગોત્રનો વિકલ્પ ક્યાંથી થયો? સમજાણું કાંઈ? આહાહા..!

**'(વિશેષ માટે ૨૨૧મા પાનાની બીજી તથા પાંચમી ફૂટનોટ જુઓ.)'** અંદર આવી ગયું છે. ૨૩૩ પાનું છે ને. આમાં પણ ૨૩૩ છે. એમાં ૨૩૩ પાનું છે હિન્દીમાં. ગુજરાતીમાં હશે ક્યાંક.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મોંઘી છે? આવું કેમ કર્યું પણ તમારા મિત્રે?

જુઓ પહેલી નોટ. **'જે નયમાં સાધ્ય અને સાધન ભિન્ન હોય.'** ભિન્ન પ્રરૂપણ કરવામાં આવે. સાધ્ય સાધન શું? શુદ્ધિ તે સાધ્ય અને રાગ વિકલ્પ તે સાધન. એવું જેમાં કહ્યું હોય **'તે અહીં વ્યવહારનય છે.'** એ તો પરાશ્રિત વ્યવહારનયનું કથન છે. **'જેમ કે, છઠ્ઠા ગુણસ્થાને (દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપના આંશિક આલંબન સહિત)...'** દ્રવ્યાર્થિકનયે દ્રવ્ય શુદ્ધ છે એનું જ્ઞાન કરવાથી, શુદ્ધાત્મ સ્વરૂપના આંશિક આલંબન સહિત. હજી પૂર્ણ અવલંબન થઈ જાય તો કેવળજ્ઞાન થઈ જાય. પણ આંશિક આલંબન

સહિત '**વર્તતાં તત્ત્વાર્થશ્રદ્ધાન (નવપદાર્થ સંબંધી શ્રદ્ધાન),...**' એ વિકલ્પ છે. સ્વપર પ્રત્યયનો આશ્રય તે રાગ છે.

'**તત્ત્વાર્થજ્ઞાન...**' શાસ્ત્રનું. '**અને પંચમહાવ્રતાદિરૂપ ચારિત્ર...**' વ્યવહાર ચારિત્ર. એ વિકલ્પ છે, રાગ છે, શુભરાગ છે. '**વ્યવહારનયથી મોક્ષમાર્ગ છે કારણ કે (મોક્ષરૂપ) સાધ્ય સ્વહેતુક પર્યાય છે...**' જુઓ! મોક્ષરૂપ સાધ્ય સ્વહેતુક આત્માના આશ્રયે પર્યાય છે '**અને (તત્ત્વાર્થશ્રદ્ધાનાદિમય મોક્ષમાર્ગરૂપ) સાધન સ્વપરહેતુક પર્યાય છે.**' વિકારી છે. માટે તેને વ્યવહારથી કહેવામાં આવે છે. યથાર્થમાં તે માર્ગ નથી. ઓહોહો..! ચોથી?

'**જિન ભગવાનના ઉપદેશમાં બે નયો દ્વારા નિરૂપણ હોય છે. ત્યાં, નિશ્ચયનય દ્વારા તો સત્યાર્થ નિરૂપણ કરવામાં આવે છે અને વ્યવહારનય દ્વારા અભૂતાર્થ ઉપચરિત નિરૂપણ કરવામાં આવે છે.**' અભૂતાર્થ જૂઠું ઉપચરિત નિરૂપણ કરવામાં આવ્યું છે. સાચું નિરૂપણ કરવું જોઈએ. '**પ્રશ્ન :- સત્યાર્થ નિરૂપણ જ કરવું જોઈએ; અભૂતાર્થ ઉપચરિત નિરૂપણ શા માટે કરવામાં આવે છે?**' એવી લાંબી વાત છે. સિંહને સમજાવવા માટે બિલાડીનું દૃષ્ટાંત દેવામાં આવે છે. પણ બિલાડીને જ સિંહ માની લે (તો જૂઠું છે). તેમ નિશ્ચયને સમજાવવામાં વ્યવહાર આવે છે, (પણ) વ્યવહારને જ નિશ્ચય માની લે તે ઉપદેશ સાંભળવાને લાયક નથી. સમજાણું કાંઈ? એ બધી વાત એમાં છે.

હવે અહીંયાં. શું કહે છે? પોતાના આત્મા શુદ્ધ પરમાત્મસ્વરૂપની દૃષ્ટિ તું કર. એનો આશ્રય લીધા વિના એકલા વ્યવહારનો આશ્રય લીધો, બધામાં '**પ્રવર્તનરૂપ કર્મકાંડની ધમાલમાં...**' એમ લખ્યું છે. ભાષા કેવી આચાર્યે કરી છે. ધમાલ... ધમાલ... વિકલ્પની ધમાલ... પણ આજે કેટલા થાય છે આમ જુઓ, લ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગ થાય છે પણ એમાં આટલી ધમાલ! એ હું રહી ગયો, ઓલો કહે હું રહી ગયો, ઓલો કહે, (હું રહી ગયો). ક્યાં રહી ગયો? તારી પાસે છે વિકલ્પ. મોઢા આગળ જાય એ વળી વધારે ઓલો કહેવાય. પાછળ રહી ગયો એને.. પણ પાછળ અને મોઢા આગળ તો તારા વિકલ્પમાં છે કે કાંઈ બહારમાં છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. આ ત્રણ લોકના નાથને રીઝવવો અંદર. બહારનો ત્રણ લોકનો નાથ કે દિ' હતો આને? એ ભગવાન ભગવાનના નાથ છે. સમજાણું કાંઈ? પોતાનો નાથ તો પોતાની પાસે રહે છે. એક સમય પણ દૂર નથી. આવે છેને એ સમયસાર નાટકમાં (બંધ દ્વાર પદ ૪૮)? મારો ધણી છે... શું કહે છે? 'મેરો ધણી નહીં દૂર દિસંતર. મોહીમેં હૈ મોહિ સૂજત નિકૈ.' સમયસાર નાટકમાં આવે છે. બીજે શોધે છે. મારી પાસે છે. 'મોહી સુજત' સમજાણું કાંઈ? મેરો ધણી હૈ મોહી કી પાસ, સૂઝત હૈ નિશ્ચય. નિશ્ચય છે, નિશ્ચય એટલે બરાબર.

બરાબર મારી પાસે છે. મારો ભગવાન બહાર નથી. સમજાણું કાંઈ? ભગવાન મંદિરમાં રહે છે, મારો ભગવાન શેત્રુંજયમાં રહે છે, સમ્મેદશિખરમાં રહે છે. ના. ના. મારો ભગવાન મારી પાસે છે. સમજાણું કાંઈ? ભારે વાત! પછી આ નહિ કરે. પણ એને આવી દૃષ્ટિ થશે તેને ભક્તિનો શુભરાગ આવ્યા વિના રહેશે નહિ.

મુમુક્ષુ :- રાગ ...

ઉત્તર :- આવશે, થશે, પણ એને નિમિત્તરૂપ જાણવો. શુદ્ધ ઉપાદાન સ્વભાવ અંતરમાં છે એના આશ્રયે નિર્મળતા થઈ. એક જ વાત. એ જ નિશ્ચયથી છે. ઉપચારથી કહ્યું તો વળગી ન પડવું. સમજાણું કાંઈ? મામા કહે છેને ઉંદરને નહિ? રામજીભાઈ ઘણીવાર દાખલો નથી આપતા? એ મામો મોસાળું પૂરતો હશે દીકરીના લગન આવે તો? મામા! આવજો ભાઈ અમારી પાસે પૈસા નથી. મોસાળું કહે છે કે શું કહે છે? મોસાળું. એ ઉંદર પૂરતો હશે. સમુળગો કપડા કાપી જાય. એ કપડા ન કાપી જાય એના માટે મામો મામો કરે છે. ભાઈસાહેબ સાચવજે હોં!

મુમુક્ષુ :- તારે તો કપડા દેવા જોઈએ.

ઉત્તર :- હા એમ. તારે તો દેવું જોઈએ એને ઠેકાણે તું લઈ જા છો આ? એમ કરીને સ્વાર્થ છે હોં!

કહે છે, '**(૧) ક્યારેક કાંઈકની** (કોઈક બાબતની) **રુચિ કરે છે,...**' ત્રણ બોલ લે છે ને શ્રદ્ધામાં? ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અમાપ.. ઓહોહો..! એ તો વિકલ્પ છે. એ વિકલ્પ જ મારો મોક્ષમાર્ગ છે એમ નથી. '**(૨) ક્યારેક કાંઈકના** (કોઈક બાબતના) **વિકલ્પ કરે છે...**' જ્ઞાનનો. શાસ્ત્રના જ્ઞાનમાં કોઈ આમ આવ્યું, આમ આવ્યું. '**(૩) ક્યારેક કાંઈક આચરણ કરે છે;...**' એ ચારિત્રનો વિકલ્પ આવ્યો. '**દર્શનાચરણ માટે—તેઓ...**' અજ્ઞાની, આત્માની દૃષ્ટિ વિના એકલા શુભ વિકલ્પમાં '**કદાચિત્ પ્રશમિત થાય છે,...**' સમકિતનો ગુણ છે ને? પ્રશમ, સંવેગ, નિર્વેગ. કષાય મંદ. તે પણ કદાચિત્ છે હોં! એકધારું નહિ. કારણ કે સ્વભાવની દૃષ્ટિ તો નથી, અંતર શાંતિ નથી.

'**કદાચિત્ પ્રશમિત થાય છે, કદાચિત્ સંવેગ પામે છે,...**' સંવેગ એકદમ. ઓહોહો..! બહુ જાણ્યું, બહુ જાણ્યું. '**કદાચિત્ અનુકંપિત થાય છે,...**' આહાહા..! પ્રાણીને તો હું નહિ ... એવો વિકલ્પ ઉઠાવીને એમાં લીન થઈ જાય છે. અને એનાથી મને ધર્મ થાશે, મોક્ષમાર્ગ થશે એમ અજ્ઞાની માની લે છે. બહુ કઠણ વાત છે. '**કદાચિત્ આસ્તિક્યને ધારે છે,...**' સમસવસરણ ભગવાનનું (એથી વિરુદ્ધ) બીજો કહે તો માથું કાપે તો(પણ) ન મૂકું. એમાં આસ્તિક્યનો તો વિકલ્પ છે હજી. સમજાણું કાંઈ? ભગવાનનું આવું સમવસરણ હોય, સાત યોજન લાંબુ, આમ ને તેમ. એનાથી બીજી વાત કહે, તો કહે નહિ. એવી આસ્તિક્યતા બતાવે છે. એ આસ્તિક્યનો તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? એટલો ખ્યાલમાં-વિકલ્પમાં એકાકાર

થઈ જાય છે કે બસ! અમારે તો સમ્મેદશિખરની એકવાર જાત્રા થઈ જાય તો કલ્યાણ થઈ જાય. 'એકવાર વંદે જો કોઈ.' ખૂબ ત્યાં જાય. છેને ત્યાં? સડસડાટ ગયો તો મને વહેલા આપો. મોઢા આગળ ગયો હતો, સૌની પહેલાં એક વાગ્યે ઉઠ્યો હતો. શું છે? ભગવાનનો ભેટો મેં પહેલાં દર્શન કર્યા હતા હોં! પણ આટલો બધો ઉત્સાહ શો? રાગ છે એમાં આટલો બધો ઉત્સાહ શો? ધમાલ... ધમાલ. સ્વરૂપચંદજી!

આવે છે, ભક્તિ હોય, પણ એમાં એકાકાર થઈ જાય અને એને એમ થઈ જાય કે મારું તો કલ્યાણ થઈ ગયું. બેડો પાર થઈ ગયો. પહેલાં દર્શન કર્યા. અન્યમતમાં તળાવમાં પાણી પડ્યું હોયને તો પહેલાં ન્હાય (એટલે) પાણીને જગાડે એ પહેલો પવિત્ર કહેવાય. રાત્રે ચાર વાગે, સાડા ત્રણ વાગે ઊઠીને જાય પાણીમાં, એ પાણીને જગાડ્યું કહેવાય. ખબર છેને બધી અમને તો. એક રાતે બોલતો કે ચાર વાગે વહેલા ઉઠવાનું. ત્યાં ન્હાવા .... વહેલો પાણીને જગાડવા જાય. પાણીમાં પહેલો પડે એ પવિત્ર પહેલો થઈ જાય. સમજાય છે?

કહે છે, '**કદાચિત્ આસ્તિક્યને ધારે છે, શંકા, કાંક્ષા, વિચિકિત્સા...**' વ્યવહારમાં શંકા નથી કરતો, કાંક્ષા-કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની કાંક્ષા નથી કરતો, વિચિકિત્સા સમજ્યા? ગુરુના શરીરમાં કોઈ મેલ આદિ હોય તો એની વિચિકિત્સા નથી કરતો . '**મૂઢદષ્ટિતાના ઉત્થાનને અટકાવવા અર્થે...**' લ્યો! શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મૂઢદષ્ટિ એને રોકવા માટે '**નિત્ય કટિબદ્ધ રહે છે.**' કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને નથી માનતો. .. શું છે? એ તો વિકલ્પ છે. એટલું માનનારો હું સમ્યગ્દષ્ટિ છું. સમજાણું કાંઈ? એ તો વિકલ્પ છે ભાઈ! કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને ન માનવા અને સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રને માનવા એ વિકલ્પ છે. મિથ્યાત્વ નહિ હોં, વિકલ્પ છે એ. તેને ધર્મ માને કે આ સંવર, નિર્જરા છે તો મિથ્યાત્વ છે. સાંભળવા મળે નહિ અને ધમાલ મચાવે એય..! એકાંત છે રે એકાંત. આચાર્ય કહે છે કે એ ચાર બોલમાં રોકવામાં. શંકા આદિ રોકવા. સમજ્યાને? '**નિત્ય કટિબદ્ધ રહે છે,...**' .. એ તો વિકલ્પ છે, રાગ છે. સમજાણું કાંઈ?

'**ઉપબૃંહણ,...**' એના અવગુણ ઢાંકવા '**સ્થિતિકરણ,...**' બીજાનું સ્થિતિકરણ કરવું. '**વાત્સલ્ય અને પ્રભાવનાને ભાવતા થકા વારંવાર ઉત્સાહને વધારે છે;...**' ઓહોહો..! મેં કેટલું સ્થિતિકરણ કર્યું, કેટલાની પ્રભાવના કરી. પણ પરમાં શું? વિકલ્પ આવ્યો એ તો શુભ છે. પરની પ્રભાવના શું તું કરી શકે છે? એ જ અહીં આવ્યું. જુઓ! પરની સ્થિતિકરણ નથી કરી શકતો એમ કીધું. નહિ, કરી શકે છે. જીવદયા પાળી શકે છે એમ માનવું, અનેકાંત માનવું. જીવદયા પાળી શકે, એક જ ન પાળી શકે.. નહિ, ઉપકાર કરી શકે કેમ લખ્યું? અરે..! જીવ તિર્યંચ બીજાને ખાય છે એમ લખ્યું છે. ખાય છે એવું સ્વામિકાર્તિકેયમાં આવે છે. નાના માછલાને મોટા માછલા ખાય છે. કેટલું લખાણ. મારી ન શકે તો લખ્યું છે કેમ એવું? આવે છે ને જ્યારે દુઃખ બતાવવું હોય ત્યારે મોટા માછલા નાના માછલાને ખાઈ

જાય છે. એમ બતાવવું છે, ત્યાં ક્રિયા કરી શકે છે એમ ક્યાં આવ્યું? ત્યાં તો દુઃખ બતાવવું છે. આહાહા..! એવા દૃષ્ટાંત આપ્યા છે.

મુમુક્ષુ :- નિશ્ચય આમ અને વ્યવહાર આમ...

ઉત્તર :- બસ, હા. બેય સાચું છે. જીવાડી પણ શકે, ઉપકાર કરી શકે છે. સ્થિતિકરણ કરી શકે એમ નથી કીધું ભગવાને? એ સર્વજ્ઞની વાણી નથી? અરે..! સાંભળ ભાઈ! એ વીતરાગની વાણી(માં) વ્યવહારે વિકલ્પ આવ્યો તેને વ્યવહારે સ્થિતિકરણ કર્યું એમ કહેવામાં આવે છે. શું પરની સ્થિતિ આત્મા કરી શકે છે? આહાહા..! ભારે કઠણ.. ભારે કઠણ... આહાહા..! અમે બીજાને ઉપકાર અને અપકાર કરી શકીએ છીએ. જુઓ! દાખલો આપ્યો છે. કહો, સમજાણું? એ '**ઉપબૃહણં, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવનાને ભાવતા થકા વારંવાર ઉત્સાહને વધારે છે;...**' લ્યો એ દર્શનાચરણની વાત કરી.

'**જ્ઞાનાચરણ માટે-સ્વાધ્યાયકાળને અવલોકે છે,...**' ટાઈમ થઈ ગયો ભાઈ સ્વાધ્યાયનો. એવો વિકલ્પ કરે છે. '**બહુ પ્રકારે વિનયને વિસ્તારે છે,...**' બરાબર પાનાને થુંક નહિ અડાડવું, આમ ન કરવું, પુસ્તક નીચે નહિ મૂકવું એવા વિકલ્પમાં એકાકાર તત્પર થઈ જાય છે. સમજાણું કાંઈ? '**વિનયને વિસ્તારે છે,...**' ભાષા જુઓ! '**દુર્ધર ઉપધાન કરે છે,...**' શાસ્ત્રનો અભ્યાસ કરો, ફળશે. એટલો અભ્યાસ કરે તો શાસ્ત્રજ્ઞાન થઈ જશે. એ તો વિકલ્પ છે. એવી ધમાલથી-વિકલ્પથી તને અંદર જ્ઞાન થશે? સમજાણું કાંઈ? મોતીલાલજી! ઘણી વાત...

'**સારી રીતે બહુમાનને પ્રસારે છે,...**' બહુમાન કરે છે શાસ્ત્રનો, પુસ્તકનો, દેવનો, ગુરુનો. કહો, '**નિહ્નવદોષને અત્યંત નિવારે છે,...**' જેની પાસેથી મળ્યું હોય એનું નામ લે છે. એવો વિકલ્પ વ્યવહારે હોય છે. '**અર્થ, વ્યંજન અને તદુભયની શુદ્ધિમાં અત્યંત સાવધાન રહે છે;...**' બરાબર શબ્દનો અર્થ થવો જોઈએ, વ્યંજન શબ્દ હોવો જોઈએ બેયની શુદ્ધિ હોવી જોઈએ. લ્યો! સમજ્યા? એમાં '**અત્યંત સાવધાન રહે છે;...**' એમાં ને એમાં સાવધાન રહે છે. પણ આત્મા શું છે એની કોઈ સાવધાની છે કે એકલા વિકલ્પમાં જ તારી સાવધાની છે? એવા જીવને અહીંયાં વ્યવહારાલંબી, સ્વભાવની દૃષ્ટિ કર્યા વિના એને વ્યવહારલંબી કર્તાબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ કહ્યો છે.

(મુમુક્ષુ :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૧, ગુરુવાર, તા. ૧૭-૯-૧૯૬૪**
**ગાથા - ૧૭૨, પ્રવચન - ૨૩**

પંચાસ્તિકાયનો મોક્ષમાર્ગનો અધિકાર ચાલે છે. તેમાં એકલો વ્યવહારાલંબી અનાદિ કાળથી પોતાનો શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા કોણ છે એની દૃષ્ટિ અને અનુભવ કર્યા વિના એકલા સમ્યગ્દર્શનની બાહ્યાચરણની ક્રિયા નિઃશંક આદિ કરે છે તો એમાં શુભભાવ બંધાય છે, એમાં આત્માનું કલ્યાણ થતું નથી. સમજાણું કાંઈ? નિશ્ચય વિનાનો એકલો વ્યવહાર. પહેલાં અધિકાર ચાલ્યો કે નિશ્ચય આત્મા નિર્વિકલ્પ જ્ઞાનમૂર્તિ છે, એવો એનો અનુભવ, દૃષ્ટિ કરવાથી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એવો વ્યવહારનો વિકલ્પ આવે છે. તેને વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આચરણનો જે શુભરાગ તેને નિશ્ચયમાં વ્યવહારસાધન કહેવામાં આવ્યું છે. પણ પોતાનો શુદ્ધ ચૈતન્ય જ્ઞાનમૂર્તિ આત્મા, એની જ્ઞાનચેતના પ્રગટ કર્યા વિના.. સમજાણું કાંઈ? એકલા દર્શનાચાર, જ્ઞાનાચાર વ્યવહાર... અને અત્યારે તો ચારિત્રના આચરણની વાત ચાલે છે. જુઓ.

**'ચારિત્રાચરણ માટે—હિંસા, અસત્ય, સ્તેય, અબ્રહ્મ અને પરિગ્રહની સર્વવિરતિરૂપ પંચમહાવ્રતોમાં તલ્લીન વૃત્તિવાળા રહે છે.'** પંચ મહાવ્રતના વિકલ્પમાં તલ્લીન રહે છે એ રાગ છે. પંચ મહાવ્રતના પરિણામ પણ શુભ વિકલ્પ રાગ છે, ધર્મ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અત્યારે જુઓ એવી વાત બહુ ચાલે છે કે પંચ મહાવ્રત કેમ પાળ્યા, જો પંચ મહાવ્રત રાગ હોય અને બંધનું કારણ હોય તો? કુંદકુંદાચાર્યે પણ પાળ્યા હતા. કોણ પાળે? એ આવ્યા હતા. તેને નિમિત્તરૂપ પાળ્યા એમ કહેવામાં આવે છે. પણ એ રાગ આવ્યો એ મોક્ષનું કારણ નથી. સમજાણું કાંઈ? એ સંવર-નિર્જરા નથી. આ પંચ મહાવ્રતના પરિણામ પણ ચારિત્ર નથી. ચારિત્ર તો આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદ્ઘન આનંદકંદ એનો અનુભવ કરીને તેમાં લીન થઈ જવું—સ્થિરતા, લીનતા, અરાગતા, વીતરાગતા એવા ભાવને ચારિત્ર કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ચારિત્ર છે નહિ.

એવું વીતરાગી ચારિત્ર હોય, ત્યારે પંચ મહાવ્રતનો વિકલ્પ આવ્યો તેને નિમિત્તરૂપ સાધન વ્યવહારથી કહેવામાં આવે છે. પણ એવું ભાન નથી. હું કોણ છું? કેવો છું? ક્યાં છું? કેમ છું? એવું આત્મતત્ત્વ, આત્મજ્ઞાન, આત્મભાન વિના એકલા પંચ મહાવ્રતના પરિણામમાં **'તલ્લીનવૃત્તિવાળા રહે છે,...'** એમ લખ્યું છે જુઓ. છે શોભાલાલભાઈ? પણ એ ધર્મ નથી. અને તેમાં ધર્મ માને છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આ કઠણ. આ આચાર્યનું કથન નથી સમજતા અને એમાંથી આચાર્યનું કથન આમ લે. પહેલા ચોથા, છઠ્ઠા સુધી તો વ્યવહાર

છે... વ્યવહાર છે... સાતમે પછી થોડો નિશ્ચય આવે છે.

અહીં તો કહેશે હમણાં કે કિંચિત્ જ્ઞાનચેતના. પોતાનો આત્મા પવિત્ર અનંત ગુણનો પિંડ એક નિર્વિકલ્પ વસ્તુ, એની દૃષ્ટિ સમ્યક્ કર્યા વિના, એની જ્ઞાનચેતના—અંતરમાં જ્ઞાનમાં જ્ઞાનચેતના, એવી જ્ઞાનચેતના પ્રગટ કર્યા વિના અને સ્વરૂપની સ્થિરતારૂપ પણ જ્ઞાનચેતના. તારાચંદભાઈ! ઝીણી વાત છે. વર્તમાનમાં તો બહુ ધક્કો લાગે છે. આખી વાત વીતરાગમાર્ગથી વિરુદ્ધ માર્ગ કરે છે અને માને છે કે અમે ધર્મ કરીએ છીએ અને ક્રમે ક્રમે ધર્મ થઈ જશે. બહુ ફેરફાર ઓહોહો..! એટલું આચાર્ય અહીંયાં સ્પષ્ટ કરે છે અને ટોડરમલે સાતમા અધ્યાયમાં એટલું સ્પષ્ટ કર્યું સાતેય તત્ત્વનું કે ભાઈ! અહિંસા (આદિ) મહાવ્રત તો પુણ્યાસ્રવ છેને. તત્વાર્થસૂત્રમાં તો તેને પુણ્યાસ્રવ કહ્યું છેને. અમરચંદભાઈ! સમજાણું કાંઈ?

અહીં ભગવાન અમૃતચંદ્રાચાર્ય મહારાજ કુંદકુંદાચાર્યના શ્લોકનું સ્પષ્ટીકરણ કરે છે. સર્વજ્ઞ ભગવાન પરમાત્માનું હાર્દ ખોલે છે કે પરમાત્મા પરમેશ્વર જૈન ત્રિલોકનાથ વીતરાગ પરમાત્માએ તો એવું ફરમાન કર્યું કે પોતાના જ્ઞાનસ્વરૂપના જ્ઞાનની દૃષ્ટિ, જ્ઞાનનું જ્ઞાન અને જ્ઞાનનું ચારિત્ર એને પ્રગટ કર્યા વિના એકલા પંચ મહાવ્રતનો વિકલ્પ, અઠ્ઠાવીશ મૂળગુણનો વિકલ્પ એ પુણ્યબંધનું જ કારણ છે. કિંચિત્ તેમાં ચારિત્ર અને ધર્મ નથી. એ વ્યવહારાવલંબી જીવ તેને ધર્મ માનીને ખેદખિન્ન થઈને સ્વર્ગાદિ દેવમાં ક્લેશ ભોગવવા જશે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

જુઓ, તલ્લીન વૃત્તિ. જ્ઞાનીના એક એક શબ્દમાં શું પડ્યું છે? કે જ્ઞાનીને આત્માના ભાનપૂર્વક પંચ મહાવ્રતનો વિકલ્પ આવે છે, પણ તલ્લીન નથી. એક એક શબ્દમાં આપણે વિસ્તાર નથી કર્યો, પણ દરેકમાં એમ લીધું છે. સમજાણું કાંઈ? છે? દર્શનાચરણ ઉત્થાનને રોકવામાં નિત્ય કટિબદ્ધ રહે છે. પ્રભાવનાને ભાવતા વારંવાર ઉત્સાહ વધારે છે. સ્વાધ્યાયના કાળનું અવલોકન કરે છે. વિસ્તાર કરે છે વિનયમાં. પ્રસરિત કરે છે. અત્યંત સાવધાન રહે છે શબ્દ, અર્થ અને તદુભયમાં. જ્ઞાનીને પણ એવો વિકલ્પ તો આવે છે પણ તલ્લીન નથી, અત્યંત સાવધાન નથી. કર્તૃત્વબુદ્ધિ રહિત જ્ઞાતા-દૃષ્ટા થઈને પંચ મહાવ્રતનો વિકલ્પ આવ્યો તેને જાણે-દેખે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વિકલ્પ આવે છે પણ તેમાં તલ્લીન નથી.

ઉત્તર :- તલ્લીન નથી. તલ્લીન નથી પણ જ્ઞાતા-દૃષ્ટા (છે) અને કર્તૃત્વ નથી. એટલી વાત છે. થાય તો છે. પૂર્ણ વીતરાગ નથી. છઠ્ઠે ગુણસ્થાને મુનિ આત્મજ્ઞાની ધર્માત્મા, સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથે જેવો કહ્યો એવી અંતર દૃષ્ટિ, આત્માનો અનુભવ નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ છે અને નિર્વિકલ્પ જ્ઞાનનું વેદન પણ છે અને સ્વરૂપના ત્રણ કષાયના અભાવનું ચારિત્ર પણ મુનિને હોય છે. એ મુનિને અંદર પંચ મહાવ્રતનો વિકલ્પ રાગ આવે છે, તલ્લીન નથી (રાગને) પોતાનો સ્વભાવ નથી જાણતા. બંધનું કારણ જાણીને જ્ઞાતા-દૃષ્ટા રહે છે.

ઓહોહો..! બહુ ફેરફાર થઈ ગયો. હવે ટોડરમલનું મોક્ષમાર્ગપ્રકાશક, એમાંથી સત્ય વાત ખોટી ઠરાવવા તૈયાર થઈ ગયા. આહાહા..! આ પણ અમૃતચંદ્રાચાર્યનો પાઠ છે, ટોડરમલને એક કોર રાખો. આ શું કહે છે?

જુઓ! **'પંચ મહાવ્રતોમાં તલ્લીન વૃત્તિવાળા રહે છે,...'** વ્યવહારાલંબી તેને જ ધર્મ અને મોક્ષનું કારણ માનીને તેમાં ગરકાવ-લીન આખો દિ' રહે છે. બસ! અહિંસા, દયા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એવો વિકલ્પ આવ્યો તો એ જ જાણે માર્ગ અને એ જ અમારો મુખ્ય ઉદ્ધાર કરનારા. આહાહા..! **'સમ્યક્ યોગનિગ્રહ જેનું લક્ષણ છે એવી ગુપ્તિઓમાં અત્યંત ઉદ્યોગ રાખે છે,...'** જુઓ! અત્યંત ઉદ્યોગ રાખે છે. ગુપ્તિ-વ્યવહારગુપ્તિ. મન, વચન અને કાયાથી ખસીને અશુભથી શુભમાં અત્યંત ઉદ્યોગ રાખે છે. એ તો શુભરાગ છે. અજ્ઞાની વ્યવહારાલંબી આત્માના ભાન વિના અત્યંત ગુપ્તિમાં ધર્મ માનીને પોતાના આત્મા શુદ્ધથી ચ્યુત થાય છે.

મુમુક્ષુ :- સમ્યક્ વિશેષણ લાગે છે.

એ **'સમ્યક્ યોગનિગ્રહ જેનું લક્ષણ છે...'** સમ્યક્ એટલે? અશુભથી બરાબર પાછો વાળ્યો છે. એમ. નીચે આવશે ને. અશુભ પ્રવૃત્તિનું તેણે અત્યંત નિવારણ કર્યું છે, અત્યંત નિવારણ કર્યું છે. શુભ કર્મપ્રવૃત્તિને બરાબર ગ્રહણ કરી છે. અત્યંત નિવારણ અશુભથી... આવશે નીચે. નીચે જ છે. એટલે અશુભને બરાબર નિગ્રહ કર્યો છે એમ. પાપના પરિણામથી પાછો વળ્યો છે બરાબર અને પુણ્ય પરિણામને ગુપ્તિ માને છે. શુભ વિકલ્પને જ ગુપ્તિ માને છે. વિકલ્પ ઉઠે છે અંદર ભક્તિનો, રાગનો, ગુણ-ગુણીના ભેદનો, તો માને છે કે અમને ગુપ્તિ છે. એ ગુપ્તિ છે જ નહિ. સમજાણું કાંઈ? સમ્યક્... શું કહ્યું?

**'યોગનિગ્રહ જેનું લક્ષણ છે (-યોગનો બરાબર નિરોધ કરવો તે જેનું લક્ષણ છે)...'** બરાબર યોગનો નિરોધ કરે છે. કોનો બરાબર? અશુભનો. અશુભ રાગ નથી રાખતા. હિંસા નહિ, જૂઠું નહિ, ચોરી નહિ, કલ્પના નહિ બીજી અશુભની. પાછા ખસીને શુભરાગમાં અતિ આદર કરે છે. પણ એ પુણ્ય છે, આત્મસ્વભાવ નથી, ચારિત્ર નથી. વ્યવહાર પંચ મહાવ્રતનો રાગ એ ચારિત્ર નથી. ચારિત્ર તો આત્માના અંતર અનુભવમાં સ્થિરતા, નિર્વિકલ્પ આનંદ પ્રગટ કરવો એ ચારિત્ર છે. આહાહા..! બહુ કઠણ જગતને. દેવીલાલજી! પોકાર... પોકાર.. કરે છે આખો દિ'.

ભાઈ! તારા રસ્તા બીજા છે પ્રભુ! મુક્તિનો માર્ગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવે (દેખાડ્યો છે કે) અંતર રાગરહિત ચિદાનંદ આખો અખંડાનંદ પ્રભુ છે એમાં ઘુસીને જ્ઞાનચેતના જ્ઞાનનું વેદન, જ્ઞાનનું વેદન (કરવું). આ તો રાગ છે, અશુભ યોગથી હઠીને શુભરાગ(માં રમવું એ) પણ રાગ છે, એ જ્ઞાનનું વેદન નથી અને અંતર જ્ઞાનનું વેદન થયા વિના મોક્ષનો માર્ગ છે જ નહિ. બહુ આકરી વાત. સમજાણું કાંઈ?

'**ઈર્યા,...**' અત્યંત યુક્ત રહે છે. આમ જોઈને ચાલવું, સાડા ત્રણ હાથ જોવું કે કોઈ જીવને દુઃખ ન થાય. '**ભાષા,...**' વિચારીને બોલવું. વ્યવહાર. '**એષણા,...**' નિર્દોષ આહાર લેવો. એને માટે બનાવેલો આહાર નહિ. સમજ્યા? એષ કાંઈપણ નહિ, અમારા માટે બન્યો છે એ પાણી, આહાર. અહીં તો એના પણ ઠેકાણા નથી. અહીં તો એના માટે બધું ચોકા કરે છે, આહાર, પાણી લાવે છે બધું વેચાતું. શું કહેવાય? વૈક્રય કરીને. એનું તો ઠેકાણું અહીંયાં વ્યવહારનો પુણ્યબંધના પણ ઠેકાણા નથી. આ તો એષણા. અત્યંત યુક્ત રહે છે. નિર્દોષ આહાર લેવો, મારા માટે કરેલો નહિ લેવો. પણ એ શુભ વિકલ્પ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**આદાનનિક્ષેપ...**' કોઈપણ ચીજ ગ્રહણ-મૂકવામાં અત્યંત પ્રયત્નમાં યુક્ત રહે છે. જુઓ! પાંચ સમિતિમાં. બરાબર વિકલ્પ રાખીને પ્રયત્નમાં (રહે છે), પણ છે શુભરાગ. એ પ્રવૃત્તિરૂપ પરિણામ શુભના છે. એ ચારિત્ર નહિ, એ ધર્મ નહિ, એ સંવર-નિર્જરા નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**ઉત્સર્ગરૂપ...**' કોઈપણ ચીજ છોડવી હોય તો બરાબર જતનાપૂર્વક '**સમિતિઓમાં પ્રયત્નને...**' ઘોડાની જેમ ચાલવું કે એમ નહિ. આમ ધ્યાન રાખીને (ચાલે), કોઈ પ્રાણીને દુઃખ ન થાય એવી રીતે વસ્તુ લેવી, મૂકવી અને છોડવી. જતના (રાખે), કીડી-મકોડા ન હોય. એ '**પ્રયત્નને અત્યંત જોડે છે;...**' છતાં એ શુભવિકલ્પ નામ શુભરાગ છે, ધર્મ નથી. સમજાણું કાંઈ? આ વ્યવહારાલંબીની વાત ચાલે છે. એકલા વ્યવહારનું અવલંબન લઈને ક્રિયાકાંડમાં રાગ મંદ કરે છે, એમાં ધર્મ માને છે એ મિથ્યાદૃષ્ટિ છે, મૂઢ છે. સમજાણું કાંઈ? આહાહા..! મોતીલાલજી!

હવે '**તપાચરણ માટે—અનશન,...**' કરે છે. સાધુ નામ ધરાવીને, હજારો રાણી છોડીને અનશન કરે છે. છ-છ મહિનાના અપવાસ, બાર-બાર મહિના. અનશન-એટલે આહાર નહિ. પણ એ તો આહાર લેવો નહિ એવો વિકલ્પ આવ્યો એ અનશન એ શુભરાગ છે, સંવર નહિ. આહાહા..! સંવર તો અંતર જ્ઞાનમૂર્તિ ચિદ્‌ઘનમાં પ્રવેશ કરવો, નિર્વિકલ્પ આનંદની જાગૃતિ અંદર ઢંઢોળવી તેનું નામ ભગવાન તપ કહે છે. આજે સવારે (આવ્યું), આજે તપનો જ દિવસ છે. તપનો દિવસ છેને આજે? એ સવારે આવી ગયું.

સ્વરૂપ ભગવાન આત્મા અનંત અનંત શુદ્ધ પરમાત્મસ્વભાવનો પુંજ. પરમાત્મસ્વભાવ એટલે પરમસ્વભાવ. એવા ભગવાન પોતાનો આત્મા તેમાં સાવધાન થઈને ઉપયોગ લગાવવો એ ચારિત્ર અને જોર—પુરુષાર્થ વિશેષ ઉગ્ર કરીને લીન થવું તે તપ. સમજાણું કાંઈ? બાકી બધી લાંઘણ. આહાહા..! રાડ નાખી જાય. લાખોપતિની દીકરીએ આઠ આઠ અપવાસ કર્યા હોય, એને કહે કે નિર્જરા નહિ. તારા (અપવાસ) સાંભળને હવે. મરી જા ને સુકાઈ જા તારા અપવાસથી. હાય.. હાય..! એવા તો અનંત વાર કર્યા. ચંદુભાઈ! ભાઈ! રાગ મંદ કર્યો હોય તો પુણ્ય બંધાય. આહારમાં ગૃદ્ધિની મંદતા કરી હોય તો પુણ્ય બંધાય. પણ મેં

આહાર છોડ્યો અને મને ધર્મ થયો, મિથ્યાદૃષ્ટિ છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની શું આજ્ઞા છે? અને શું વીતરાગધર્મ છે? વીતરાગધર્મ છે, રાગધર્મ નથી. સમજાણું કાંઈ? તો રાગથી રહિત મારી ચીજ અતીન્દ્રિય આનંદનો સ્વાદ અને અતીન્દ્રિય આનંદમાં સ્થિર થઈ જવું એવા ભાન વિના એકલો અનશનનો વિકલ્પ પુણ્યબંધનું કારણ છે. ..જી! આ અપવાસ-બપવાસ કરે છેને? આ દેશસેવામાં બહુ કરે છે, મરી જાય છે બિચારા.

મુમુક્ષુ :- અનશન કરે છે.

ઉત્તર :- અનશન કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઠીક, દેરિયાજીનું ઠીક...

**'અનશન,...'** એ વિકલ્પ છે, શુભરાગ છે. શુભાશુભ ઈચ્છાનો નિરોધ કરીને આત્મામાં લીન થઈ જવું, આનંદની ઉગ્રતાનું વેદન થવું એનું નામ અનશન તપ છે. સમજાણું કાંઈ? અહીં તો એકલો આહાર છોડ્યો અને એ તરફનું લક્ષ રહે (કે) આજે મેં આહાર છોડ્યો, અપવાસ કર્યો, એ શુભરાગ છે. વ્યવહારાલંબી તેને ધર્મ માને છે એ મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. વીતરાગ પરમેશ્વરનો ધર્મ શું છે એ એને સમજાયો નથી. ઓહોહો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. તો રાગનું કર્તૃત્વ ક્યાંથી આવ્યું? રાગનું કર્તૃત્વ રહેતું નથી. રાગનો અકર્તા થયા વિના એને શુદ્ધતાનું લક્ષ ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં શુદ્ધતા ધૂળમાં આવી? શુદ્ધ તો સ્વભાવ અંદર છે. એની રુચિ, દૃષ્ટિ થઈ નથી. રાગની મંદતાથી અપવાસ આદિ કર્યા. જુઓને! એ તો વ્યવહારાલંબી જીવ છે, રાગી જીવ છે, પુણ્ય બંધાશે. મિથ્યાદૃષ્ટિ છે. પુણ્ય બંધાશે, સ્વર્ગાદિમાં જશે. ત્યાંથી નીકળીને પશુ આદિમાં જઈને નિગોદમાં જાશે. સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ સાંભળવો પણ કાયરને... નપુંસક કહ્યો છે નહિ? એક ત્રીજે ઠેકાણે. પ્રવચનસારમાં કહ્યું. નહિ? ક્લીબ. ૯૪માં. ૯૪માં કહ્યું છે. ઓલામાં તો સમયસારમાં તો આવે છે. ૯૪માં તો એમ કહ્યું છે કે અરે..! પ્રાણી! તું દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો શુભરાગ ક્રિયાકલાપને ભેટે છે. આમ ભેટે છે કે આહાહા..! અને એનાથી રહિત પોતાનો શું સ્વભાવ છે એની સ્વભાવદૃષ્ટિ કરવામાં નપુંસક છે-હીજડો છે-પાવૈયો છે. એમ કહ્યું છે. સમજાણું કાંઈ? છે કે નહિ અહીંયા? ઓલા બે સમયસારના નહિ, આ તો ૯૪માં આવે છે ને? સમજાણું કાંઈ? જુઓ. ૯૪.

**'જેઓ જીવપુદ્‌ગલાત્મક અસમાનજાતીય દ્રવ્યપર્યાયનો—કે જે સકળ અવિદ્યાઓનું એક મૂળ છે...'** દેહની ક્રિયા (પ્રવચનસાર). દેહની પર્યાય અને આત્મા બેને અંદર એક માનીને **'અવિદ્યાઓનું એક મૂળ છે તેનો—આશ્રય કરતા થકા યથોક્ત આત્મસ્વભાવની**

**સંભાવના કરવાને નપુંસક હોવાથી...'** ક્લીબ છે. રાગ અને શરીરની પર્યાયની ક્રિયા એનાથી ભિન્ન મારો આત્મસ્વભાવ છે એવા અંતર સ્વભાવની સંભાવના, સંચેતન, અનુભવ, માન્યતા, આદર કરવામાં નપુંસક હોવાથી **'તેમાં જ બળ ધારણ કરે છે તેઓ—જેમને નિરર્ગળ એકાંતદૃષ્ટિ ઉછળે છે...'** એકાંત દૃષ્ટિ. આ એકાંત દૃષ્ટિ છે. રાગની ક્રિયા વિકલ્પ ઉઠે છે એ તો રાગ છે. એકાંતે એમાં ધર્મ (માને છે), એકાંત દૃષ્ટિ તારી ઊછળે છે. ભગવાન આત્મામાં રાગ નથી એવા આત્માનો સ્વભાવ તારી દૃષ્ટિમાં, જ્ઞાનમાં લીધો નથી અને આમ કરતાં મને ધર્મ થઈ જશે, તો મૂઢ છે. જુગલરાજજી! ભારે ભાઈ. આ પ્રવેશ કરવો, સાંભળવું કઠણ પડે. આહાહા..! નવા માણસને તો આમ ધ્રુજ ઉઠી જાય.

મુમુક્ષુ :- મંદ કષાયને...

ઉત્તર :- મંદ કષાયને ધર્મ માને તો મિથ્યાત્વ થઈ જાય. મંદ કષાય મિથ્યાત્વ નથી. એમાં ધર્મ માને છે. મંદ કષાય મિથ્યાત્વ નથી. તેમાં, માને છે કે હું સંવર કરું છું, હું નિર્જરા કરું છું એનું નામ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? જ્ઞાનીને પણ મંદ કષાય તો આવે છે. આ અધિકાર તો પહેલા આવી ગયો. પોતાના સ્વરૂપનું ભાન હોવા છતાં સ્વરૂપમાં સ્થિરતા નહિ થતાં તો એવો વિકલ્પ આવે છે, અનશન ઉણોદરીનો જ્ઞાનીને પણ. પણ એને ધર્મ નથી સમજતા. એનાથી રહિત જેટલો શુદ્ધોપયોગ સ્વરૂપમાં રહે તેટલો જ ધર્મ છે. સમજાણું કાંઈ?

**'આ મનુષ્યશરીર છે, એમ અહંકાર-મમકાર વડે ઠગાતા થકા, અવિચલિતચેતનાવિલાસ-માત્ર આત્મવ્યવહારથી ચ્યુત થઈને, જેમાં સમસ્ત ક્રિયાકલાપને છાતી-સરસો ભેટવામાં આવે છે...'** આહાહા..! જેમ નાનું બાળક હોય ને, એને એનો પિતા છાતીએ ભેટે છે ને. એમ અજ્ઞાની એ રાગનો ભાવ, પંચ મહાવ્રત, અનશન, ઉણોદરીનો વિકલ્પ, એ પોતાના આત્માના સ્વભાવ સાથે એકત્વ કરે છે. ભેટે છે કે રાગ મારું સ્વરૂપ, રાગ મારું સ્વરૂપ, રાગ મારું સ્વરૂપ. સમજાણું કાંઈ? આખી દુનિયાથી જુદી ચીજ છે. વીતરાગમાર્ગ પરમેશ્વર ત્રિલોકનાથનો માર્ગ આખી દુનિયાથી જુદો છે. આહાહા..!

કહો, **'અનશન, અવમૌદર્ય,...'** છેને? જુઓ! **'અવમૌદર્ય,...'** અવ-ઉદર. પેટમાં થોડું લેવું. બે-ચાર ફળ લેવા, નહિ લેવા. એ તો શુભરાગ હોય તો એવું થાય, પણ એ ધર્મ નથી. પોતાના આત્મામાં રાગનો અભાવ થઈને સ્થિરતા થવી એનું નામ ખરેખર ઉણોદરી તપ છે. રાગને ઘટાડીને ઉણોદરી આહાર લીધો એ વિકલ્પ છે. એ પુણ્યબંધનું કારણ છે, કર્મચેતના છે. બહુ કઠણ માણસને. સમજાણું કાંઈ?

**'વૃત્તિપરિસંખ્યાન,...'** બસ! આજે બહાર ભોજન કરવા નીકળું છું તો અભિગ્રહ ધારે છે. બે ઘરે જાવું, એક ઘરે જાવું. એવી વૃત્તિપરિસંખ્યાન. એ પણ એક વિકલ્પ છે. એમાં સર્વસ્વ માની લીધું. અભિગ્રહ ધારણ કર્યો. અમે આમ કરીએ છીએ. પાંચ શ્રીફળ હોય, વચ્ચે કેરી પડી હોય, એમાં એક માથે સોપારી હોય તો લેવી એવો કોઈ અભિગ્રહ કર્યો

હોય લ્યો. હવે એવો અભિગ્રહ ધાર્યો હોય તો પાંચ, પંદર દિવસ, મહિનો ન મળે. એ તો વિકલ્પ છે. પુણ્ય હોય તો મળે, ન હોય તો ન મળે. વિકલ્પ છે, એ કોઈ આત્મસ્વભાવની સાવધાની નથી. બધું માની લીધું એમાં.

મુમુક્ષુ :- કઠિન તપસ્યા છે.

ઉત્તર :- કઠિન તપસ્યા ક્યાં છે? પામરતા છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ '**રસપરિત્યાગ,...**' દૂધ, દહીં, ખાંડ, સાકર, કોઈ પકવાન નહિ ખાવા. નહિ ખાવાનો વિકલ્પ છે એ શુભરાગ છે. રસનો ત્યાગ.. આત્મરસના આદર વિના રાગના રસનો આદર નથી છૂટતો. સમજાણું કાંઈ? સહજાનંદ પ્રભુ આત્મા આનંદ જેવા સર્વજ્ઞ વીતરાગ પરમાત્માને અતીન્દ્રિય આનંદ પૂર્ણ પ્રગટ થયો છે એવો પોતાના આત્મામાં આનંદ પડ્યો છે, એવા અતીન્દ્રિય આનંદનો રસ લેવો એ ખરેખર પોતાના રસનો આદર છે અને પરરસનો ત્યાગ છે. સમજાણું કાંઈ? પોતાના આનંદના સ્વાદ આગળ પરની ઈચ્છા જ ન થાય. રાગ આવ્યો છતાં તેની એકાગ્રતા—ભાવના નથી. અહો..! મારી ચીજમાં તો પૂર્ણ શાંતિ પડી છેને. એમ અંતરમાં સમાવું એનું નામ ભગવાન ખરેખર આત્માના રસનો આદર અને પરરસનો ત્યાગ (કહે છે). સમજાણું કાંઈ? રાગરસનો ત્યાગ હોં! અહીં તો બાહ્ય રસનો ત્યાગ કરીને અમે લુખ્ખું ખાધું, આમ ખાધું, અમે તપસી થઈ ગયા. લ્યો, વળી એ તપસી આવ્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- લોકો તો કહે છે.

ઉત્તર :- લોકો કહે. લોકોને ક્યાં ભાન છે? એમને એમ અનાદિ મૂઢપણે વેપાર કરતા કરતા નવરો હોય તો ત્યાં બેસે, આવીને જે સાંભળે.. ઓહો..! થઈ ગયો ધર્મ લ્યો. સાંભળી લીધો ધર્મ. માથે બેસીને વાત કરતો હોય ઓલો કાંઈ. આમ કરવું ને અપવાસ કરવા, ભાઈ! લાભ થશે. બાર પ્રકારના તપ કહ્યા છે. બાર તપમાં અનશન, ઉણોદરીને તપ કહ્યા છે. એક રોટલી ઓછી ખાશે આઠ રોટલી ખાતો હોય એમાં, તો ઉણોદરી તપ થશે. તપ એ નિર્જરા છે અને નિર્જરા મોક્ષનું કારણ છે.

મુમુક્ષુ :- બીજી વાર થયું.

ઉત્તર :- ક્યાં ગયા કેવળચંદભાઈ! કહો, સમજાણું? એમના ચિરંજીવીએ પ્રશ્ન કર્યો હતો. શું? એક રોટલી છોડે તોપણ એમાં ઉણોદરી તપ છેને? પણ એ તપ વધારે (મોટું) કે આત્મા ગયા એ? કહે એમાં પણ છે. આત્મા આત્મા શું કરે છે? કારણ કે બાર પ્રકારના તપમાં બધું આવે છે. આહાહા..! આ તુલારામ. તુલારામ કહે, એમાં તપસ્યા કે નિર્જરા આવે છેને? આવ્યા હતા ને નવની સાલમાં. તુલારામ ગજરાજના ભાઈ, નહિ? કોઈએ પૂછ્યું હતું. પૂછી લ્યો શેઠ મહારાજને. 'તપસા નિર્જરા' તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. તો એ તપસ્યાથી નિર્જરા થાય છે કે નહિ? અરે..! સાંભળ તો ખરો. કઈ તપસ્યા?

પોતાના આત્માના આનંદની અનુભવ દૃષ્ટિ થયા પછી... એ તો સવારે આવી ગયું. સ્વરૂપમાં અંતર ઉગ્ર સાવધાનીથી આનંદનો ઓડકાર આવવો એનું નામ ભગવાન તપસ્યા અને નિર્જરા કહે છે. આવી તપસ્યા તો અનંત વાર કરી. અનંત કાળમાં મનુષ્યપણું પહેલી વાર મળ્યું છે? અનંત વાર મળ્યું છે. એવા બાહ્ય ત્યાગ તો અનંત વાર કર્યા, એવા માસ માસ ખમણના અપવાસ પણ અનંત વાર કર્યા. ધૂળમાંય ધર્મ નથી. પોતાના આત્માના સ્વભાવની દૃષ્ટિ થયા વિના રાગ મંદ હોય તો પુણ્ય બંધાય. સંવર-નિર્જરા છે? ત્રણ કાળમાં નિર્જરા એમાં છે નહિ. કહો, સમજાણું કાંઈ? જુઓને! અત્યારે તો શક્તિ ન હોય તો બિચારા માંડ કરે માન લેવા માટે. અઠ્ઠાઈ કરે. મરી જાય. મરી ગઈ બાઈ નહિ હમણા એક? જોરાવરમાં. આઠ અપવાસ, છ અપવાસે મરી ગઈ. ભાઈ રહેવા દે.. હવે રહેવા દે.. પણ આ બધા કરે છે.

મુમુક્ષુ :- નિર્વાણ થઈ ગયો.

ઉત્તર :- નિર્વાણ ધૂળમાંય થયો નથી. એવી લાંઘણુ તો અનંત વાર કરી છે. સમજાણું કાંઈ? ચૈતન્ય ચમત્કાર સૂર્ય ભગવાન વીતરાગી પિંડ આત્મા છે એવી અંતર દૃષ્ટિ થયા વિના એમાં લીનતા કદી થતી નથી. ક્યાંથી ચારિત્ર આવ્યું? અને ક્યાંથી સમ્યક્ આવ્યું અને ક્યાંથી એને તપ થઈ ગયો? સમજાણું કાંઈ?

કહે છે, **'રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન...'** બસ, હું તો એકાંતમાં રહું છું. સ્ત્રી નહિ, કોઈ નહિ. એકાંત વનમાં—જંગલમાં રહું છું. તો શું થયું વનમાં-જંગલમાં રહ્યો એમાં? દેરિયાજી! ભારે પણ પથરણા ખંખેરી નાખે. એકાંત.

મુમુક્ષુ :- એકાંત જ છે, એમાં શું છે?

ઉત્તર :- શું છે. એ શ્રીમદ્ કહે છેને?

યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો.
વનવાસ રહ્યો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો.
જપ ભેદ જપે તપ ત્યોંહી તપે, ઉરસે હી ઉદાસ લહી સબ પે.
સબ શાસ્ત્રન કે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ લિયે.
વહ સાધન વાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.
અબ ક્યોં ન વિચારત હૈ મન સે, કુછ ઔર રહ્યા ઉન સાધન સે.

આ બધા સાધનથી જુદી ચીજ છે. કહો, સમજાણું કાંઈ? 'વહ સાધન વાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.' ક્યાંથી પડે? વિકલ્પને આશ્રયે પડે? એ તો નિર્વિકલ્પ ચીજ છે. જ્ઞાનઘન વીતરાગ આનંદકંદની મૂર્તિ ચૈતન્ય સ્ફટિકરતન. ચૈતન્ય સ્ફટિકમૂર્તિ ચૈતન્યની છે. એકલા પૂર્ણાનંદથી ભરેલો. એમાં એકાકાર થયા વિના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કદી ત્રણ કાળમાં થતા નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. સાચા મનથી નથી કર્યું. બહાર દેખાવ માટે કર્યું.

ઉત્તર :- બહારના દેખાવથી કરે તો નવમી ગ્રૈવેયક જાય નહિ. એ તો કપટ થયું, માયા થઈ. નવમી ગ્રૈવેયક જાય અને માયા કરે તો કપટ થયું. આ તો શુભભાવ એવો કર્યો. લોકોને ક્યાંય એવી માન્યતા ગરી ગઈ છેને ગાંઠ. આહાહા..!

'**કાયક્લેશમાં સતત ઉત્સાહિત રહે છે,...**' જુઓ, બધામાં લઈ લેવું. કાયક્લેશ. બેસવું, આસન લગાવવું. ચાર ચાર કલાક સુધી બેસે. ઘોર આસન, પદ્માસન. શું થયું એમાં? રાગ મંદ હોય તો એ તો પર ઉપર લક્ષ છે. રાગ મંદ થાય તો પરદ્રવ્ય આશ્રય વિષયભેદ છે. સ્વવિષયમાં આવ્યો નથી. શુભરાગ થઈ જાય. '**સતત ઉત્સાહિત રહે છે,...**' લ્યો સતત એમાં ઉત્સાહિત. અનશનમાં, ઉણોદરીમાં, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ વગેરે. '**પ્રાયશ્ચિત,...**' '**નિજ અંતઃકરણને અંકુશિત રાખે છે;...**' એનો છેલ્લો સરવાળો એ. '**પ્રાયશ્ચિત,...**' કોઈ પાપ થાય તો ગુરુ પાસે જાય. મહારાજ! આવો દોષ થયો છે. શું કરવું? આ બધા પથરણા ખંખેરી નખાવે છે. ભાઈ! બાપુ! એ હોય છે. વિકલ્પ છે ભાઈ! તારી ચૈતન્યમૂર્તિમાં વિકલ્પ કેવો? એ નિર્વિકલ્પ શાંત ઠરેલું આખું તત્ત્વ છે. જ્ઞાનજ્યોતિમાં આ કરું... આ કરું.. એવો વિકલ્પ કેવો? સમજાણું કાંઈ? આહાહા..! કહો, ઈશ્વરચંદજી! લ્યો આવ્યું છે તમારા સનાવદથી લખાણ આવ્યું છે. આમ કરવું... આમ કરવું... સમકિતની શું ગણતરી? જ્ઞાન અને ચારિત્ર સમકિતરૂપી હાથીને ખાઈ જાય છે. આહાહા..!

મુમુક્ષુ :- સમકિત વિના ચારિત્ર...

ઉત્તર :- અરે..! ભગવાન! સમ્યક્ વિના ભાઈ બાપા! એમ કહે છે જુઓ. ભાઈ! બાપા! આંખ મીંચાશે, આમ ટાંગા ટળવળ ટળવળ કરશે. બહાર નહિ તો અંદર થાય. પર ઉપરના લક્ષમાં રાગ થયો અને તેનાથી તે ધર્મ માન્યો તો સ્વભાવનો અનાદર થઈ ગયો. શાંતિ નહિ રહે. મરણ ટાણે શાંતિ નહિ રહે. હાય.. હાય.. એમ કરશે.

એક જણો પૂછતો હતો કે મહારાજ! અત્યારના ત્યાગીઓના મરણ... ટળવળ ટળવળ મરે છે. આવું હોય? સમાધિમરણ એવું છે? એણે જોયું હશે. એક ગૃહસ્થ હતા દિગંબર. એણે પૂછ્યું કે જેટલા આ સાધુ આદિ હું જોઉં છું મરણ કાળે તો આમ આકુળ વ્યાકુળ થતા હોય છે. તો આ પંચમ આરાનું સમાધિમરણ આવું હોય? ભાઈ! બાપા! સમાધિમરણ ભાઈ કોને કહેવા? અંદર પુણ્ય-પાપના વિકલ્પનું લક્ષ છોડીને, અંતર શાંતિ, સમાધિ નિર્વિકલ્પ દૃષ્ટિ, સમ્યગ્દર્શનમાં પહેલી સમાધિ થાય છે. એવી સમાધિ, નિર્વિકલ્પ સમ્યગ્દર્શનની સમાધિ પ્રગટ્યા વિના મૃત્યુકાળે શાંતિની સમાધિ ક્યાંથી આવશે? અંતર શાંત... શાંતરસમાં ઝુલતા ઝુલતા દેહ છૂટ્યો કે નહિ, ખબર નથી. સમ્યગ્દર્શન વિના કદી સમાધિ હોતી નથી. ક્યાંથી સમાધિમરણ કરે? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આનંદમાં અંદર ઝુલે છે. પર ઉપર લક્ષ જતાં વિકલ્પ આવે છે. આવે વિકલ્પ

તોપણ અંદર જ્ઞાતા-દ્રષ્ટાપણે સમાધિમાં છે. જાણે. છૂટવાનો કાળ આવી ગયો, દેહ છૂટવાનો કાળ. સમજાણું કાંઈ? દેહને છૂટવાનો અવસર આવી ગયો. જાણે. છૂટો જ છે. પોતાની દૃષ્ટિમાં ચૈતન્યગોળો ભિન્ન ભાસ્યો છે, ભિન્નપણે અનુભવ કરે છે એનું નામ સમાધિમરણ છે. આમ .. અને સમાધિ મરણ થઈ ગયું. ટાંગા ટળવળે, અંદર આલસવિલસ થાય. હાય.. હાય... હવામાં રાખો ભાઈ! ફલાણું કરો, માણસ ખસી જાવ, હવા આવવા દ્યો. નહિતર દુઃખી થાય. હવા તે અંદરની આવે કે બહારની? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પંખો લગાવો.

ઉત્તર :- પંખો લગાવે એમાં શું થયું? પંખો અંદરમાં લગાવે. શુદ્ધ ચૈતન્યને હાલકડોલક કરે અંદરથી. અખંડાનંદ ચૈતન્ય હું છું, દૃષ્ટિમાં પરિણતિની શુદ્ધતા પ્રગટ થાય એ શાંતિનો પંખો લાગી ગયો. બહારથી તો ધૂળમાંય નથી.

કહે છે, પ્રાયશ્ચિત લે છે. '**વિનય,...**' અંતઃકરણને અંકુશિત રાખે છે. બરાબર વિનય કરવો. દેવ-ગુરુ-શાસ્ત્રની વૈયાવચ્ચ કરવી. લ્યો દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ. શુભરાગ છે. સમજાણું કાંઈ? '**વ્યુત્સર્ગ,...**' કરે. કાયોત્સર્ગ આમ લગાવે. 'તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં વોસરામી' પણ એમાં શું થયું? એ તો પર ઉપર લક્ષ છે. ભગવાન આત્મા અંદરમાં આનંદનો કાયોત્સર્ગ નામ વિકલ્પ પણ એક કાયા છે, વિકલ્પ પણ એક કાર્મણ કાયાનું ફળ છે, એવો વ્યુત્સર્ગ સ્વરૂપમાં લીન થવું તેનું નામ કાયોત્સર્ગ છે. સમજાણું કાંઈ?

'**સ્વાધ્યાય,...**' આ સ્વાધ્યાય કરે શાસ્ત્રની તો એ શુભરાગ છે. પરદ્રવ્ય તરફનું લક્ષ છે સ્વાધ્યાય, એ પણ શુભરાગ છે. ખરો સ્વાધ્યાય એ નથી. સ્વ-અધ્યાય અંદર ચિદાનંદમાં સ્વમાં અંતરમાં એકાકારનું ઘૂંટણ થવું એનું નામ સ્વાધ્યાય છે. કહો, શાસ્ત્રનું વાંચન એ પણ રાગ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્મરણ થાય છે, પણ વિકલ્પ છેને. પર ઉપર લક્ષ છે. વાંચણી, પૂછણા, પર્યટના, અનુપ્રિયા, ધર્મકથા એ તો વિકલ્પ રાગ છે. શેઠી! આ તો અલૌકિક વાત છે. સ્વ-અધ્યાય ચૈતન્ય પ્રભુ પોતાનું અવલોકન કરતા કરતા એનો વિકાસ થઈ જાય અંદરમાં એનું નામ સ્વાધ્યાય છે. એ સંવર-નિર્જરા. પરનો-શાસ્ત્રનો સ્વાધ્યાય કરે એ તો વિકલ્પ છે અને વ્યવહારાવલંબી એ જીવ છે. ત્યાં અવલંબન કરીને ધર્મ માને છે. એની તો વાત ચાલે છે.

'**ધ્યાનરૂપ પરિકર વડે...**' સમૂહ, સામગ્રી ધ્યાન. બસ! આમ બેસી જાઓ બરાબર. પણ શું? એ પણ વિકલ્પ છે. અંતર્મુખની દૃષ્ટિ કર્યા વિના એકાગ્ર... એકાગ્ર... એકાગ્ર... અશુભથી ખસ્યો, ધ્યાન એ વ્યવહારુધ્યાન એ પણ વિકલ્પ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આખું સ્થાન બતાવ્યુંને. જેની ઉપર નજર કરતાં નજરનું સ્થાન મળે, સત્તાનું,

શાશ્વતનું એ સ્થાન છે. જેની ઉપર નજર કરે છે એ શાશ્વત ધામ છે. નજર ઠરે છે એવું ચૈતન્ય ધામ છે. ત્યાં નજર કરતો નથી અને બહારમાં નજર કરે છે.

મુમુક્ષુ :- આટલું બધું રાખે છે.

ઉત્તર :- આટલું બધું રાખે શું રાખે છે? શું ધૂળ રાખે છે? એમ કહે છે અહીંયાં.

મુમુક્ષુ :- ... માર્ક જ નથી આપતા.

ઉત્તર :- આ માર્ક નથી આપતા એમ હોય? ધર્મના માર્ગમાં મીંડા, પુણ્યનો માર્ગ છે બંધનો. કહો, સમજાણું કાંઈ?

**'સ્વાધ્યાય અને ધ્યાનરૂપ પરિકર વડે...'** સમૂહ. બસ! આમ કરવું, કપડા બાંધી લ્યો, આમ કરી લ્યો. બરાબર ... એ તો પર ઉપર લક્ષ છે તારું. ધ્યાન ક્યાંથી આવ્યું? જરી હજી વાત કઠણ બહુ છે હોં! શેઠ!

મુમુક્ષુ :- સમજાય જાય તો કઠણ નથી.

ઉત્તર :- એ તો એનો સ્વભાવ છે. ન સમજાય એવી વાત છે જ નહિ. પણ એની દરકાર કરતો નથી. ચિદ્દઘન પડ્યો છે મોટો. સમજાય નહિ, એની દૃષ્ટિ ન થાય એમ કેમ બને? પણ એની દરકાર નથી.

મુમુક્ષુ :- ધ્યાનની વાત તો ...

ઉત્તર :- ધ્યાન. એ ધ્યાન અંતર દૃષ્ટિનું નથી. વિચારમાં મંથન ચાલે કે હું આવો છું, હું આવો છું, એ તો વિકલ્પ છે. હું જ્ઞાન છું, હું આત્મા છું, હું શુદ્ધ છું, હું પવિત્ર છું એવો વિચાર કરે એ તો વિકલ્પ છે. શેઠી! ભાઈ! આ તો ભગવાન અમૃતચંદ્રાચાર્ય મહારાજ અનાદિ મિથ્યાદૃષ્ટિ વ્યવહારાવલંબી કેવા હોય છે એની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ આવે છે હમણા જુઓ.

**'નિજ અંતઃકરણને અંકુશિત રાખે છે;...'** અંતઃકરણને હોં! મનને. અશુભથી ખસીને... **'વીર્યાચરણ માટે—કર્મકાંડમાં...'** વીર્ય. તો **'સર્વશક્તિ વડે વ્યાપૃત રહે છે;...'** રોકાયેલો, ગુંથાયેલા, મશગુલ, મગ્ન, વ્યાપૃત. સર્વ શક્તિ વડે જેટલું વીર્ય હોય એટલું. અપવાસ એટલા કરે. જેટલી શક્તિ હોય એટલા અપવાસ કરો. સમ્યગ્દર્શન વિના, જ્ઞાતાના જ્ઞાનના ભાન વિના એ વીર્યની સ્ફૂરણા જે રાગની મંદતામાં થાય એ પણ કર્મચેતના છે. **'એમ કરતા થકા, કર્મચેતનાપ્રધાનપણાને લીધે,—'** કર્મચેતના નામ શુભરાગ. શુભરાગ એક કાર્ય છે. એમાં ચેતના ચેતાઈ ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જોકે અશુભપ્રવૃત્તિને તેમણે અત્યંત નિવારી છે...'** જુઓ! અત્યંત નિવારણ. એ પરિણામની અપેક્ષાએ છે, મિથ્યાત્વની અપેક્ષાએ નહિ. અશુભ ચારિત્રમોહના જે પરિણામ છે એનાથી નિવારણ કર્યું છે. અશુભ કર્મ નામ કાર્ય-પરિણામ, અશુભરાગ એ અંતર પરિણતિનો

તેમણે અત્યંત નિવારી છે. શુભવિકલ્પ, શુભવિકલ્પ, શુક્લલેશ્યા, પદ્મલેશ્યા. શુક્લલેશ્યા, તેજોલેશ્યા એવા પરિણામ શુભ પુણ્યબંધનું કારણ છે. રતિભાઈ! આ સાંભળ્યું નથી ૬૨-૬૩ વર્ષમાં. ૬૨ ક્યાંથી? ૭૧ થઈ ગયા. ૭૧ થયાને? કેટલા? હા પણ ૭૧. કહો, સમજાણું? ક્યાં ગયા ફાવાભાઈ?

કહે છે કે.. આ તો આપણે થોડું થોડું લીધું છે હોં! એમાં વિસ્તાર ઘણો છે. '**કર્મચેતનાપ્રધાનપણાને લીધે—જોકે અશુભકર્મપ્રવૃત્તિને...** ' કર્મ શબ્દે કાર્ય. અશુભ પરિણામથી '**તેમણે અત્યંત નિવારી છે તોપણ—શુભકર્મપ્રવૃત્તિને જેમણે બરાબર ગ્રહણ કરી છે...**' જુઓ બરાબર ગ્રહણ કર્યું છે. એય..! માયા માટે નહિ. શુભભાવ... શુભભાવ... શુભભાવ... જુઓ! આ શાસ્ત્ર કેટલું સ્પષ્ટ કરે છે! શુભભાવ બરાબર ગ્રહણ કર્યા છે. કોઈને માટે નહિ. દુનિયાને દેખાડવા માટે નહિ. પણ એનું લક્ષ પર ઉપર છે, પોતે શું ચીજ છે એના ઉપર દૃષ્ટિ નથી.

'**સકળ ક્રિયાકાંડના આડંબરથી...**' જુઓ! સકળ ક્રિયાકાંડ એ બધું કર્યું શુભવિકલ્પનું. એટલું તો સ્પષ્ટીકરણ છે કે એ વ્યવહાર છે એ સ્વપરપ્રત્યય વિકલ્પ છે અને પરવિષયવાળો છે, ક્રિયાકાંડનું આડંબર છે, બંધનું કારણ છે. સમજાણું કાંઈ? સ્વદ્રવ્ય આશ્રય નથી, સ્વવિષય નથી. '**પાર ઉતરેલી દર્શનજ્ઞાનચારિત્રની ઐક્યપરિણતિરૂપ જ્ઞાનચેતનાને...**' જુઓ! હજી ચોથે ગુણસ્થાનને યોગ્ય જે દર્શનજ્ઞાનચારિત્રની એક અહીં '**જરા પણ નહિ ઉત્પન્ન કરતા થકા,...**' ચોથે ગુણસ્થાને પોતાનો આત્મા જ્ઞાન, દર્શન, આનંદની ગાંગડી પૂર્ણ, એની સાવધાનીથી સમ્યગ્દર્શન, એમાં એકાકારતા, એમાં સ્વરૂપાચરણની લીનતા, એવી ત્રણની એક પરિણતિ. જુઓ! ચોથા ગુણસ્થાને પણ આમ લીધું છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનચેતનાને જરા પણ નહિ ઉત્પન્ન કરતા થકા,...**' અંદર જ્ઞાન ભગવાન, એમાં એકાકાર નહિ થઈને, રાગના પરિણામમાં ધર્મ માનતો થકો, શુભ પરિણામનું અવલંબન લેતો થકો સંતોષાઈને દેવલોકમાં ચાલ્યા જાય છે ક્લેશ ભોગવવા. બસ, પુણ્યબંધ થાય. કહો, સમજાણું કાંઈ? બંધ થાયને? ભગવાન અબંધસ્વરૂપ આત્મા છે. અબંધ પરિણામ આ જ્ઞાનચેતના. શું કહે છે? એ '**બધા આડંબરથી પાર ઊતરેલી દર્શનજ્ઞાનચારિત્રની...**' જુઓ! આડંબરથી પાર ઊતરેલી. તેનાથી રહિત થઈને. '**દર્શનજ્ઞાનચારિત્રની ઐક્યપરિણતિરૂપ...**' ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ સ્વભાવનો સૂર્ય એની દૃષ્ટિ, એનું જ્ઞાન અને એની લીનતા. એવી જ્ઞાનચેતના એક પરિણતિરૂપ જ્ઞાનચેતના. જુઓ! સમજાણું કાંઈ? આ એક પરિણતિ ક્યાં લેતા હશે ઓલા અર્થવાળા? સાતમામાં લેતા હશે? આઠમામાં લેતા હશે? તો પછી આ એમ કે આ તો મિથ્યાદૃષ્ટિની વાત કરી છે. ચોથેથી છઠ્ઠા સુધી વ્યવહાર અને સાતમે આ. અહીં તો મિથ્યાદૃષ્ટિની વાત ચાલે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચોથાની વાત છે પહેલી શરૂઆતની. એ ચોથું આવે પહેલું. કિંચિત્ નથી. જુઓ. **'જ્ઞાનચેતનાને જરા પણ નહિ ઉત્પન્ન કરતા થકા,...'** સમજાણું કાંઈ? **'જ્ઞાનચેતના જરા પણ...'** એમ કહેવામાં આશય છે. થોડી પણ જ્ઞાનચેતના પ્રગટ કર્યા વિના, વિશેષ જ્ઞાનચેતના સાતમા ગુણસ્થાનની ક્યાંથી આવશે? એ તો પહેલામાં પડ્યો છે. વિકલ્પ ઉપર લક્ષ છે. પરવિષય પરદ્રવ્યમાં પડ્યો છે. આમ કરવું.. આમ કરવું... આમ કરવું.. આખો ચૈતન્ય અસાધારણ સ્વભાવ ત્રિકાળ છે એ તો પડ્યો રહ્યો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ત્રણની એકતારૂપ વિશેષ ચારિત્ર થયું તો વિશેષ ત્યાં જ્ઞાનચેતના થઈ. પૂર્ણ જ્ઞાનચેતના તેરમે થાય. પણ શરૂઆત જ્ઞાનચેતનાની ચોથાથી થાય છે. અમરચંદભાઈ! આ જ્ઞાનચેતના ચોથા ગુણસ્થાનથી ઉત્પન્ન થાય છે. નિર્વિકલ્પ પ્રતીતિ જ્ઞાનની જ્ઞાનમાં એવી ચેતના દર્શનજ્ઞાનની એકતારૂપ પરિણતિ એટલી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભલે આવે, તો કોણ ના પાડે છે? સમજાણું કાંઈ? આ તો આટલા આટલા ભાવ હોય છતાં અંદરમાં એકાકાર થતા નથી તો એક પરિણતિ... ત્રણ શબ્દ લીધા છેને? **'દર્શનજ્ઞાનચારિત્રની ઐક્યપરિણતિરૂપ જ્ઞાનચેતના...'** એમાં પણ **'જરા પણ નહિ ઉત્પન્ન કરતા થકા,...'** જ્ઞાનચેતના પૂર્ણ તો નથી. સમજાણું કાંઈ? પણ કિંચિંત્ ભગવાન જ્ઞાનસ્વભાવ એનું વેદન જ્ઞાનમાં (નહિ ઉત્પન્ન કરતા થકા). પેલું તો રાગનું વેદન જેટલી ક્રિયાકાંડ કરી એ. ક્રિયાકાંડનો આડંબર કહ્યું છે. રાગની ક્રિયાથી પાર ઊતરેલી જ્ઞાનચેતના. જેમાં વિકલ્પ નથી એવો શુદ્ધ સ્વભાવ એવી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ઐક્યપરિણતિરૂપ જ્ઞાનચેતના. ત્રણેને એક કરીને જ્ઞાનચેતના કહી છે, જુઓ! સમજાણું કાંઈ? પહેલા જેટલા બોલ કહ્યા એ જ્ઞાનચેતનાના નહિ. એ કર્મચેતનાના કહ્યા. કર્મચેતનાનો અર્થ શુભભાવ. આહાહા..! માણસને તો..

ભાઈ! સત્ય વાત તો એવી છે. તેને સમજ્યા વિના તેનો પ્રયત્ન કઈ દિશામાં વળશે? આમને આમ હેરાન હેરાન થઈને ચાલ્યો ગયો. મુનિ થયો તો શું થયું? બહારમાં શ્રાવક નામ ધરાવ્યું તો શું થયું? બિરૂદ લગાવ્યું આવડું મોટું. તેં તારી જાતની સંભાળ કરી? સમજાણું કાંઈ? તારી જાત પરમાત્માની જાત છે. સમજાણું કાંઈ? એવી જાતમાં સ્વરૂપની દૃષ્ટિ, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપની લીનતારૂપ એક પરિણામ, એક પરિણતિરૂપ. જુઓ! ત્રણેની ઐક્ય પર્યાયરૂપ. એની દૃષ્ટિમાં તો લેવું જોઈએ ને કે આ કરવું છે, બીજું કરવાલાયક છે નહિ. એણે નિર્ણય તો કરવો જોઈએ કે કરવાલાયક તો આ જ છે. બીજું કાંઈ છે નહિ. સંસાર ખાતે છે, બંધ ખાતે છે. કહો, આ દુકાનનો ધંધો ને ફંધો એ તો પાપ ખાતે, આ ક્રિયા પુણ્ય ખાતે. એ બધું બંધના ખાતામાં નાખી દ્યો.

ભગવાન આત્મા, જ્ઞાનની પર્યાય જેની છે તે તરફ એકાગ્ર થઈને દર્શનજ્ઞાનચારિત્ર એક

પરિણતિની જ્ઞાનરૂપ દશા જરા પણ ઉત્પન્ન નહિ કરતા થકા. કોઈ કર્મને કારણે, ફલાણાને કારણે એમ નથી લીધું. એ જ્ઞાનરૂપ દશા જરા પણ ઉત્પન્ન નહિ કરતા થકા. અરે..! શું કરીએ, દર્શનમોહનો ઉદય છે. કોણે કહ્યું તને એવું? તારા પુરુષાર્થની ખામીને કારણે જ્ઞાનચેતના નથી, બીજું કોઈ કારણ નથી. પર્યાયમાં પોતાના સ્વભાવનું જેટલું માહાત્મ્ય આવવું જોઈએ એવું માહાત્મ્ય કરતો નથી. માહાત્મ્ય રાગનું કરે છે તો એ તારો જ દોષ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાર્ય ચેતનમાં. ચૈતન્યને દૃષ્ટિમાં તો લે. એ ચૈતન્યપ્રભુ પૂર્ણાનંદ છે એ તરફ ઢળવું એ એક જ માર્ગ છે. રાગની ક્રિયાથી ખસવું, સ્વભાવ તરફ વળવું એ એક જ માર્ગ છે. શરૂઆતથી માંડી પૂર્ણ સુધી. એ વિચાર આવ્યો હતો રસ્તામાં. ઓલું ભેદજ્ઞાન પ્રારંભથી આવ્યું હતું ને. શબ્દ એવા પડ્યા છે ને અર્થ ઊંધા કરે. ભેદવિજ્ઞાન પ્રારંભથી તે પૂર્ણ. એટલે ઓલા કહે કે જુઓ ચોથેથી એને પૂર્ણ ભેદજ્ઞાન થાય બારમે જાવ. અરે.. ભાષા! એવી ભાષા આવી ગઈ છેને. પણ એ પૂર્ણનો અર્થ સહિત છે. એ પૂર્ણનો અર્થ સહિત છે. શૂન્ય છે એની સાથે પૂર્ણ છે. પણ ઓલું પ્રારંભથી પૂર્ણ એમ લખ્યું ને.

મુમુક્ષુ :- એટલે શરૂઆતથી જ પૂર્ણ છે.

ઉત્તર :- પૂર્ણ જ છે. પૂર્ણ નામ સહિત જ છે. જ્ઞાન ભેદવિજ્ઞાન. સમજાણું કાંઈ? એવો શુદ્ધનયનો પક્ષ તો પહેલાં કરે. પક્ષ કરો પહેલાં કે આ જ કરવું છે, એ જ પક્ષ છે, એ જ લક્ષ છે, એમાં દક્ષતા કરીને તેમાં લીન થવું એ જ આત્માનું આચરણ છે. બાકી બધી વાત વિકલ્પમાં જાય છે. સમજાણું કાંઈ?

'**જરા પણ નહિ ઉત્પન્ન કરતા થકા,...**' જુઓ! જ્ઞાનચેતનાનો પણ ભંગ પાડ્યો સ્થિરતા વધે છે-વધે છે તો. '**જ્ઞાનચેતના જરા પણ નહિ ઉત્પન્ન કરતા થકા, પુષ્કળ પુણ્યના ભારથી...**' લ્યો! જુઓ! પુણ્યના ભારથી. પુણ્ય થયું, ઘણું પુણ્ય થયું, બોજો. ગધેડાની ઉપર જેમ લાકડીનો બોજો હોય છે. '**પુષ્કળ પુણ્યના ભારથી મંથર થઈ ગયેલી,...**' '**મંદ; જડ; સુસ્ત.**' સુસ્ત થઈ ગયો. ઓહોહો..! એવી '**ચિત્તવૃત્તિવાળા વર્તતા થકા,...**' મંદ, જડ, સુસ્ત જેવી ચિત્તવૃત્તિવાળા. વ્યવહારના અવલંબનમાં પડ્યો, નિશ્ચયનું ભાન નથી.

'**દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિની પરંપરા વડે...**' પરંપરા તો થાય છે. શું? ક્લેશની પરંપરા. પુણ્ય બંધાશે. દેવલોક આદિ સ્વર્ગમાં જાશે. ત્યાંથી કોઈ રાજા, મહારાજા થશે. પણ ક્લેશ, ક્લેશ અને ક્લેશ. રાજા, મહારાજા હોય તોપણ રાગનો ક્લેશ છે, દેવલોકમાં પણ રાગનો ક્લેશ છે. કહો, સારા કુળમાં જઈશું પછી આપણે કરશું. હમણાં સાધારણ કુળમાં આવી ગયા છીએ. કહો, શોભાલાલભાઈ! તમારા જેવા મોટા સારા કુળમાં આવીને પછી કરશું એમ કોઈ ભાવના ભાવે લ્યો. અમે ગરીબ માણસ છીએ, શું કરીએ? પાંચ-પચાસ હજારની મૂડી નહિ

અમારી પાસે. હવે પૂંજા-બુંજાનું શું કામ છે ન્યાં? સારા ઘરમાં અવતરશું આવતા ભવે, બધી સામગ્રી-બામગ્રી હશે, કમાવાની ચિંતા ન હોય પછી ધર્મ કરીશું. તો અત્યારથી બધી સામગ્રી મિથ્યા અને શરીરની સામગ્રીની તો ભાવના છે તને. પરપદાર્થની ભાવના છે એમાં તું ક્યાંથી કરીશ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય નહિ મળે. સાંભળને. અહીં તો એ કહે છે. તારી ભાવના છે મળવાની. સ્વભાવનો તો નિષેધ કરે છે. એ નહિ... એ નહિ... એ નહિ... હમણા નહિ... હમણા નહિ... હમણા નહિ... એ લાવો... એ લાવો... સામગ્રી લાવો. હવે બીડીઓવાળા બિચારા શું કરે? એક રૂપિયો પેદા કરે. ઘરમાં આઠ માણસ. તો અત્યારે ધર્મ નહિ થાય ભાઈ! એ મળ્યા હતા. અમને તો ઘણાં મળે છેને. બીડી વાળે છે ને? પહેલાં તો ત્રણ આના, ચાર આના મળતા હતા. ત્રણ આનાની હજાર. એ વાળવાવાળાને હોં! બનાવવાળાને. પહેલા ભુંગળા કરે, ખાલી રાખીને, પછી એક સાથે આમ આમ.. એટલે ઝટ બીડી વળે.

મુમુક્ષુ :- એક રૂપિયાની પાંચ હજાર.

ઉત્તર :- પાંચ હજાર. હા. ત્રણ આનાની હજાર મને ખબર છેને. એક હજારના ત્રણ આના. અત્યારે વધારે હશે. બે રૂપિયા, દોઢ રૂપિયો જેવું હશે.

મુમુક્ષુ :- બે રૂપિયા, અઢી રૂપિયા.

ઉત્તર :- હા હોય. એમ કે લ્યો હવે પણ બે, અઢી રૂપિયા હોય ને ઘરમાં આઠ માણસ હોય. કોનું કરવું? તમારી જેવું ક્યાં છે કે પૈસાના દરેડા ચાલ્યા જાય. એને આઠ માણસ હોય, બિચારા એકલાને શું કરવું? કહો. હવે સાંભળને એકલો જ છો. કરી લેને અહીંયાં. એ તો બહારનું જે થાવું હશે તે થાશે. અત્યારથી નિષેધ કરતો જઈશ તો ત્યાં નિષેધ જ રહેશે.

‘**દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિની પરંપરા...**’ ક્લેશની પ્રાપ્તિની પરંપરા એમ. ‘**ઘણા લાંબા કાળ સુધી સંસારસાગરમાં ભમે છે.**’ લ્યો! આ વ્યવહારાલંબી નિશ્ચયના ભાન વિના આવી ક્રિયાકાંડમાં રમી રહ્યો છે. પુણ્યબંધ થઈને સ્વર્ગમાં જશે. અને ઘણા લાંબા કાળ સુધી, ઘણા લાંબા કાળ સુધી સંસારસાગરમાં ભમે છે. એનો શ્લોક કહ્યો છે.

(મુમુક્ષુ :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૨, શુક્રવાર, તા. ૧૮-૯-૧૯૬૪**
**ગાથા - ૧૭૨, પ્રવચન - ૨૪**

આ પંચાસ્તિકાયમાં મોક્ષમાર્ગનો વિસ્તાર ચાલે છે. તેમાં વર્તમાન ચાલતા અધિકારમાં,... અનાદિ કાળથી નિજ શુદ્ધ સ્વભાવના ભાન વિના એકલું વ્યવહાર અવલંબન કરતા કરતા અમારો મોક્ષ થશે. દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજા વગેરે બધું આવી ગયુંને? એ આચરણ કરતા કરતા અમારું કલ્યાણ થઈ જશે એવા શુભ અનુષ્ઠાન દ્વારા શુદ્ધતાનું ફળ આવશે એમ માનીને જે શુભભાવનું અનુષ્ઠાન કરે છે એનું ફળ શું? '**દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિની પરંપરા વડે...**' શુભભાવ છે તો એનાથી દેવલોક કે ત્યાંથી નીકળીને કોઈ શેઠાઈ, ગૃહસ્થ આદિ થઈને '**પરંપરા વડે ઘણા લાંબા કાળ સુધી સંસારસાગરમાં ભમે છે.**'

પહેલાં પણ એક આવ્યું હતું કે દેવલોકની ક્લેશની પરંપરા દ્વારા મુક્તિ થશે એવું પહેલાં આવ્યું હતું. સમજાણું કાંઈ? ૭૦-૭૦માં આવ્યું હતું, ૧૭૦મી ગાથા. છેલ્લો ટૂકડો છે કે જે કોઈ આત્મા પોતાના નિશ્ચય શુદ્ધ, શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની રમણતા કરે છે, પણ હજી સુધી અંદરમાં શુભભાવ છોડતો નથી, શુભભાવ છે એને છોડતો નથી તો એ '**દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિરૂપ પરંપરા વડે તેને પ્રાપ્ત કરે છે.**' છે? ૧૭૦ ગાથાની છેલ્લી લીટી. શેઠી! હાથ આવ્યું? ક્યાં આવ્યું? આવ્યું. ૧૭૦ ગાથાની હિન્દી ટીકાની છેલ્લી લીટી. પોતાનો શુદ્ધ સ્વભાવ ચૈતન્ય તેની દૃષ્ટિ અને જ્ઞાન અને જેટલી સ્વરૂપની સ્થિરતા થતાં છતાં જ્યાં સુધી શુભભાવને પ્રાપ્ત કરીને તેમાં રહે છે, એને છોડતો નથી તો તેને દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિ થશે. પણ પછી રાગનો અભાવ કરીને તેને મુક્તિ થશે. સમજાણું કાંઈ? નિશ્ચય ચૈતન્ય સ્વરૂપ પરમપવિત્ર જ્ઞાયકભાવ તેની દૃષ્ટિ, જ્ઞાન એને કેટલીક લીનતા સહિત આત્મા શુભભાવ સહિત હોય અને શુભભાવ છોડતો નથી અને સ્વરૂપની પૂર્ણ સ્થિરતા થઈ નથી તો શુભભાવના ફળમાં દેવ, સારા રાજકુળ આદિમાં અવતાર થઈને ક્રમે ક્રમે રાગ છોડીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરશે. સમજાણું કાંઈ?

અહીંયાં એ કહ્યું કે એકલું સમ્યક્ ચૈતન્ય શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને અંતર આશ્રય વિના એકલો વ્યવહાર ક્રિયાકાંડ કરે છે તેને પણ દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિ (થાય છે). ત્યાં પણ દેવલોકાદિ ક્લેશની પ્રાપ્તિ કહ્યું હતું. અહીં પરંપરા વડે દેવલોક મળશે, પછી કોઈ રાજકુળ આદિમાં અવતરશે અને પછી અત્યંત દીર્ઘકાળ સુધી સંસાર સાગરમાં ભ્રમણ કરે છે. સમજાણું કાંઈ? આ ચંદુભાઈનો પ્રશ્ન હતો એ ઉપરથી આ વિચાર જરી (આવ્યો). પહેલાં બોલમાં અને ચોથા બોલમાં શું ફેર છે આમાંને આમાં? સમજાણું કાંઈ?

આ બીજો બોલ ચાલ્યો. પહેલો બોલ એમ ચાલ્યો ૧૭૨માં. આ વાત કરી એ તો

૧૭૦ની કરી. ૧૭૨માં પહેલાં એમ આવ્યું કે અનાદિ વાસના હજી પૂર્ણ ટળી નથી, ભેદ સાધ્યસાધન... નિશ્ચય અભેદસાધ્યસાધન છે એની સાથે ભેદસાધ્યસાધન છે. શુભરાગરૂપી વ્યવહારથી સાધ્યનું સાધન છે. નિશ્ચયથી સાધ્યનું સાધન નિશ્ચયસ્વભાવને અનુકૂળ શ્રદ્ધા, જ્ઞાન આદિ કેટલીક લીનતા છે. તો એ ક્રમે ક્રમે રાગને છોડીને. એમાં એ 'ક્રમ' શબ્દ છે જુઓ. છે કે નહિ એમાં? '**ક્રમે સમરસીભાવ સમુત્પન્ન થતો જતો હોવાથી...**' એ પહેલામાં છેલ્લી લીટી. કેવળવ્યવહારાલંબીની શરૂઆત કરતા પહેલાં. છે? ચંદુભાઈ!

'**ક્રમે સમરસીભાવ સમુત્પન્ન થતો જતો હોવાથી...**' ક્રમશઃ '**માટે પરમવીતરાગને પ્રાપ્ત કરી સાક્ષાત્ મોક્ષને અનુભવે છે.**' કહો, સમજાણું? અને પછી લેશે નિશ્ચયની વાત જ્યાં છેને? એકલા નિશ્ચયની વાત. ત્યાં એમ લેશે કે માત્ર પાપને જ બાંધે છે. નિશ્ચયાવલંબીને આત્માનું જ્ઞાન, આનંદનો અનુભવ નથી અને એકલા શુભભાવને છોડી દે છે એ તો અશુભભાવમાં આવીને એકલા પાપને બાંધે છે. એ ત્રીજો બોલ એમાં આવ્યો. અને છેલ્લે નિશ્ચય-વ્યવહારનો સુમેળ કરતા કરતા, એમાં એ આવ્યું કે શીઘ્ર સંસારસમુદ્રને પાર ઉતરીને. એવો બોલ આવ્યો છે. ૧૭૨માં છેલ્લે. છે? પહેલામાં ક્રમશઃ, (પછીમાં) શીઘ્ર. આ તો પાના ઝટ ફેરવે એને ખ્યાલ આવે એની વાત છે. મૂંઝાઈ જાય પાનું ફેરવતા એક કાઢે ને બીજું નીકળે તો કાંઈ સમજાય નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ, એમ છે. ઠીક! કલાક પૂરતું કામ છે અને પછી ક્યાં યાદ રાખવું છે અમારે? શેઠી! દલાલ છે દલાલ.

અહીંયાં પાંચ બોલની વાત કરવી છે. આ ગાથામાં ભાઈ ચાર અને પહેલી ગાથા ૧૭૦માં ગઈ. સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક એની દૃષ્ટિ હોવા છતાં જ્યાં સુધી શુભભાવને છોડતો નથી અને શુદ્ધોપયોગ થતો નથી અને એમાં જો દેહ છૂટી જાય તો શુભભાવના ફળમાં દેવલોકાદિ મળશે. શુદ્ધ દૃષ્ટિ, જ્ઞાન છે તો ક્રમે ક્રમે રાગનો અભાવ કરીને મુક્તિને પામશે. ક્રમે. સમજાણું કાંઈ? પહેલા ૧૭૦માં દેવલોકાદિ પરંપરા કહ્યું છે ત્યાં 'ક્રમે' શબ્દ નથી. ત્યાં પરંપરા કરીને મોક્ષ થશે એટલું (લીધું છે).

હવે ૧૭૨માં જ્યારે પહેલાં ભેદસાધ્યસાધનભાવની વાત કરી ત્યાં અભેદ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યનું શુદ્ધ ધ્યેયનું નિશ્ચય સાધનસંપન્ન છે. હું શુદ્ધ છું, આનંદ છું, જ્ઞાયક છું એવા સાધનસાધ્યથી સંપન્ન છે. એની સાથે વ્યવહારના વિકલ્પનું સાધન છે તો ક્રમે... ક્રમે... ક્રમે... રાગ ઘટાડીને તે મુક્તિને પામશે. ત્રીજા બોલમાં... અહીંયાં બીજો બોલ. અને આમ કહેવામાં ત્રીજો આવ્યો. ૧૭૨માં બીજો. એકલો વ્યવહારાલંબી છે, જેને જ્ઞાન ચૈતન્યમૂર્તિનો બિલકુલ અનુભવ નથી, શ્રદ્ધા નથી, જ્ઞાન નથી અને એકલા શુભભાવનું આચરણ કરે છે તો એ દેવલોકની ક્લેશની પરંપરાને પામીને ઘણા લાંબા કાળ સુધી સંસારમાં ભમે છે. સમજાણું કાંઈ? આ તો ચંદુભાઈએ

પ્રશ્ન કર્યો હતો જરી રાતે. પછી હજી ત્રીજો બોલ નિશ્ચયાલંબી (અજ્ઞાની)નો આવશે. ત્યાં એકલું પાપ બાંધશે એમ કહેશે. ચોથો બોલ સાધ્યસાધનસહિત નિશ્ચય સહિત શુભરાગ, પણ એનું જોર સ્વભાવસન્મુખ છે. એકદમ જાણ્યો તો એ જઈને શીઘ્ર કેવળજ્ઞાનને પામશે. એવા ચાર બોલનું વર્ણન ૧૭૨માં આવ્યું છે. એક પહેલાં આવ્યું સમકિતસહિતનું કે દેવલોક પામીને મુક્તિમાં જશે.

હવે ચાલતી ગાથા. '**चरणकरणप्पहाणा ससमयपरमत्थमुक्कवावारा। चरणकरणस्स सारं णिच्छयसुद्धं ण जाणंति।।**' એ ગાથા ચાલે છે. ક્યાં આવ્યું ગાથા ચાલે છે ત્યાં? મૂંઝાઈ જાય છે. આ ચાલતી ગાથા ૧૭૨ ગાથા ચાલી. હિન્દીમાં ૨૬૧ પાનું છે. સમજાણું કાંઈ? '**(અર્થાત્ જેઓ ચરણપરિણામપ્રધાન છે...**' અર્થ લખ્યો છે. જેની દૃષ્ટિમાં શુભભાવ જ પ્રધાન છે. દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજા, વ્યવહાર જ્ઞાનાચરણ, વ્યવહારદર્શનાચરણ, વ્યવહાર ચારિત્રાચરણ, વ્યવહારતપાચારણ, વ્યવહારવીર્યાચારણ ચરણપરિણામ, શુભપરિણામ જેમાં મુખ્ય છે '**અને સ્વસમયરૂપ પરમાર્થમાં વ્યાપારરહિત છે,...**' જુઓ! મગનલાલજી! સમજાણું કાંઈ? ભગવાન સ્વસમય શુદ્ધ ચૈતન્ય એનું સ્વસમયરૂપ પરમાર્થ એવા વેપાર રહિત છે. અંતરની નિશ્ચયદૃષ્ટિ, નિશ્ચયજ્ઞાન અને નિશ્ચયની સ્થિરતારૂપ અંતર સ્વસમયનો વેપાર છે નહિ. એકલા શુભાચરણનો વેપાર છે. તો ચરણપરિણામ પ્રધાન છે અને સ્વસમયરૂપ પરમાર્થમાં વ્યાપારરહિત છે. અહીં વેપાર આવ્યો. શુદ્ધના વ્યાપારરહિત છે અને એકલા શુભ પરિણામનો વ્યાપાર કરે છે.

મુમુક્ષુ :- શુભ કરતાં કરતાં શુદ્ધ થાય છે.

ઉત્તર :- કરતાં કરતાં ક્યાંથી થાશે? ધૂળમાં? રાગમાંથી અરાગ ક્યાંથી આવશે? બહુ ગડબડ ચાલી છે અત્યારે તો. ઓહોહો..!

શું કહે છે જુઓ! એ કહેશે ખરા કે '**તેઓ ચરણપરિણામનો સાર...**' શું કહે છે? કે શુભ પરિણામનો સાર તો અંતરમાં શુદ્ધપણે જાવું એ છે. આવા શુભને છોડીને. અને શુભમાં રહેતા રહેતા શુદ્ધતા આવે છે એમ કદી બનતું નથી. સમજાણું કાંઈ? શુભ ચરણપરિણામનો. ચરણ શબ્દે શુભ પરિણામ છે. શુભ કષાયની મંદતાનો સાર એ છે કે તેનાથી ખસીને અંતરમાં શુદ્ધની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા થવી એ સાર. એ નિશ્ચય શુદ્ધને નથી જાણતો. અંતરમાં નિશ્ચય સ્વભાવની શુદ્ધતા શું? એ બિલકુલ શ્રદ્ધે નહિ, જ્ઞાન કરે નહિ, એકલા શુભ અનુષ્ઠાનથી મારું કલ્યાણ થઈ જશે, શુભભાવથી મુક્તિ થાય છે એવી ઊંડી દૃષ્ટિ પડી છે એ મિથ્યાદૃષ્ટિ દીર્ઘકાળ સુધી સ્વર્ગ આદિમાં જઈને સંસારમાં પરિભ્રમણ કરશે. સમજાણું કાંઈ?

નીચે થોડું લખ્યું છે. ઓલો ત્રગડો છેને નોટમાં? '**શ્રી જયસેનાચાર્યદેવકૃત તાત્પર્યવૃત્તિ-ટીકામાં વ્યવહાર-એકાંતનું નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે :—**' 'જે

કોઈ **જીવો વિશુદ્ધજ્ઞાનદર્શનસ્વભાવવાળા શુદ્ધાત્મતત્ત્વના...**' એક વાત. કેવો છે ભગવાન આત્મા? શુદ્ધાત્મ તત્ત્વ કેવું છે? શુદ્ધ આત્મતત્ત્વ. વિશુદ્ધજ્ઞાનદર્શનસ્વભાવ. જેનો વિશુદ્ધજ્ઞાનદર્શન જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ ત્રિકાળ છે, એવા '**શુદ્ધાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ નિશ્ચયમોક્ષમાર્ગથી નિરપેક્ષ...**' એવું શુદ્ધ ચૈતન્ય વિશુદ્ધ જ્ઞાનદર્શનમય શુદ્ધાત્મતત્ત્વ. જે પુણ્ય-પાપ વિકલ્પથી રહિત એવા આત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ આચરણરૂપ નિશ્ચયમોક્ષમાર્ગથી નિરપેક્ષ. નિશ્ચયમોક્ષમાર્ગ તો છે નહિ, એકલા વ્યવહારમાં ચાલે છે. સમજાણું કાંઈ?

'**કેવળ શુભાનુષ્ઠાનરૂપ વ્યવહારનયને જ...**' કેવળ શુભ અનુષ્ઠાન. દયા, ભક્તિ, વ્રત, તપ, પૂજા, દાન આદિ કરી કરીને શુભ અનુષ્ઠાનમાં '**વ્યવહારનયને જ મોક્ષમાર્ગ માને છે,...**' કહો, સમજાણું કાંઈ? '**તેઓ તેના વડે દેવલોકાદિના ક્લેશની પરંપરા પામતા થકા સંસારમાં પરિભ્રમણ કરે છે;...**' જે અમૃતચંદ્રાચાર્યમાં આવ્યું એ લીધું. '**પરંતુ જો શુદ્ધાત્માનુભૂતિલક્ષણ નિશ્ચયમોક્ષમાર્ગને માને છે...**' જુઓ વ્યાખ્યા. પહેલાં શુદ્ધાત્મતત્ત્વ વિશુદ્ધજ્ઞાનદર્શન સંપન્નની શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતા નથી. એકલા શુભ અનુષ્ઠાનથી મને મુક્તિ થશે એમ માને છે તે તો પરિભ્રમણ કરશે.

'**પરંતુ જો શુદ્ધાત્માનુભૂતિલક્ષણ નિશ્ચયમોક્ષમાર્ગને...**' નિશ્ચયમોક્ષમાર્ગની વ્યાખ્યા કરી. નિશ્ચયમોક્ષમાર્ગ-સાચા મોક્ષમાર્ગની વ્યાખ્યા શું? કે શુદ્ધાત્માનુભૂતિલક્ષણ નિશ્ચયમોક્ષમાર્ગ. પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, પોતાનો શુદ્ધ આત્મા પરમ પવિત્ર નિધાન એની અનુભૂતિ- અનુભવ કરવો. શુદ્ધ સ્વભાવનો અનુભવ કરવો, શુદ્ધ સ્વભાવની નિર્વિકલ્પ અનુભૂતિ પ્રગટ કરવી એ જ શુદ્ધાત્માનુંભૂતિલક્ષણ નિશ્ચયમોક્ષમાર્ગ છે. એની દૃષ્ટિ આદિ થઈ હોય, તેને માનતો હોય '**અને નિશ્ચયમોક્ષમાર્ગનું અનુષ્ઠાન કરવાની શક્તિના અભાવને લીધે...**' પણ અંદરમાં ઠરવાની, સ્વરૂપમાં સ્થિર કરવાની શક્તિના અભાવને લીધે. સમજાણું કાંઈ?

'**અનુષ્ઠાન કરવાની શક્તિના અભાવને લીધે નિશ્ચયસાધક શુભાનુષ્ઠાન કરે,...**' નિશ્ચય એવી દૃષ્ટિ, જ્ઞાન, લીનતામાં કચાશ છે તો એ શુભરાગને વ્યવહારથી નિશ્ચયમાર્ગનું સાધન કહેવામાં આવ્યું છે. એવા શુભરાગમાં હોય તો એ સરાગ સમ્યગ્દૃષ્ટિ છે. સરાગ નામ દૃષ્ટિ તો સમ્યક્ વીતરાગી જ છે પણ શુભરાગના અનુષ્ટાનમાં આવ્યો છે તો એ અપેક્ષાએ રાગવાળો સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવ્યું છે. એ '**પરંપરાએ મોક્ષને પામે છે.**'

મુમુક્ષુ :- એ પરંપરા છે?

ઉત્તર :- એ પરંપરા મોક્ષ છે. જે પહેલાં ૧૭૦માં કહ્યું હતું એ.

'**આમ વ્યવહાર-એકાંતના નિરાકરણની મુખ્યતાથી બે વાક્ય કહેવામાં આવ્યાં.**' હવે ખુલાસો કર્યો છે. અહીંયાં જે સરાગ સમ્યગ્દૃષ્ટિ જીવ કહ્યો. સરાગ કહ્યો ને? મિથ્યાદૃષ્ટિ નથી. છે તો સમ્યક્ શુદ્ધ ચૈતન્યની અનુભવદૃષ્ટિ, પણ સરાગ કેમ કહ્યું? કે સાથે રાગ છે

એનો ઉપચાર કરીને સમકિતીને સરાગ કહ્યો. સમ્યગ્દર્શન સરાગ-ફરાગ છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અસ્થિરતાની અપેક્ષાથી સમ્યગ્દૃષ્ટિ સરાગી એમ કહેવામાં આવે છે. એ ચારિત્રના દોષથી લેવામાં આવ્યું. સમ્યગ્દૃષ્ટિ તો સ્વભાવની દૃષ્ટિ થઈ એ તો વીતરાગદૃષ્ટિ છે. પણ સ્થિરતાની કચાશ અને ખામીને કારણે જે શુભરાગ આવ્યો એને વ્યવહારસાધન ગણીને તે રાગને સમ્યગ્દર્શનની સાથે મેળવીને સરાગ સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

'**પરંતુ તે જીવોને સમ્યગ્દર્શન તો યથાર્થ જ પ્રગટ્યું છે પરંતુ ચારિત્ર અપેક્ષાએ તેમને મુખ્યપણે રાગ હયાત હોવાથી તેમને સરાગ સમ્યગ્દૃષ્ટિ કહ્યા છે એમ સમજવું. વળી તેમને જે શુભ અનુષ્ઠાન છે તે માત્ર ઉપચારથી જ નિશ્ચયસાધક કહેવામાં આવ્યું છે...**' શુભ અનુષ્ઠાન જે કહ્યું એ નિશ્ચયનું, સ્વભાવ શુદ્ધતાનું વ્યવહારથી સાધન કહ્યું છે એમ સમજવું. સમજાણું કાંઈ? કેટલું સમજવું? એક કલાકમાં ઘણી વાતો આવે છે. સમજવું કેટલું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઓલા પણ કેટલાક ગરી ગયા હોયને લાકડા ગયા કાળમાં. એમાં સમજવું... સમજવું... સમજવું. એક કલાક. જ્ઞાનસ્વરૂપી આત્મા છે. બીજી ચીજ ક્યાં છે ઈ? એ જ્ઞાનને સમજવું, અંદર દૃષ્ટિ કરવી એ નિશ્ચય છે અને સાથે રાગ આવે તેને એ શુભ અનુષ્ઠાન વ્યવહારસાધન છે એમ સમજવું. સમજાણું કાંઈ?

'**હવે, કેવળનિશ્ચયાલંબી,..**' હવે એ વ્યવહારાવલંબીની વાત કહી, બે વાત કહી. એક નિશ્ચય સાધનસાધ્ય સહિત વ્યવહાર સાધ્યસાધનવાળો દેવલોકાદિ (જઈને) ક્રમે ક્રમે મોક્ષ જશે. એક. અહીંયાં એકલો વ્યવહારાલંબી નિશ્ચયના ભાન વિના એકલા વ્યવહારાલંબીવાળો દેવલોકાદિની પરંપરા કરીને દીર્ઘકાળ સંસારમાં ડૂબશે, રખડશે. '**હવે, કેવળનિશ્ચયાલંબી (અજ્ઞાની) જીવોનું...**' નિશ્ચયાલંબી અજ્ઞાની. તેનું '**પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે :—**' જુઓ!

'**હવે જેઓ કેવળનિશ્ચયાલંબી છે,...**' નિશ્ચય પ્રગટ્યો નથી. હું જ્ઞાન છું, આનંદ છું, શુદ્ધ છું, એવી દૃષ્ટિ પ્રગટ નથી થઈ, પણ એકલો નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય... કરીને (માને છે કે) મારે નિશ્ચય છે એ નિશ્ચયાલંબી છે. '**સકળ ક્રિયાકર્મકાંડના આડંબરમાં વિરક્ત બુદ્ધિવાળા વર્તતા થકા,...**' જ્યાં જ્યાં શુભાચરણની ક્રિયાની વાત શાસ્ત્રમાં ચાલે તો કહે, એ નહિ... એ નહિ... એ નહિ. નિશ્ચય સ્વરૂપનું ભાન નથી અને વ્યવહારનું આચરણ આવે શાસ્ત્રમાં તો એ તો વ્યવહાર છે, એ તો રાગ છે, રાગ છે, રાગ છે, રાગ છે, રાગ છે. તિરસ્કાર કરતા કરતા નિશ્ચયની દૃષ્ટિ નથી, વ્યવહારનો શુભભાવ કરવો નથી, એકલા અશુભભાવમાં જાશે.

અહીં તો અત્યારે '**કેવળનિશ્ચયાલંબી...**' અજ્ઞાનીની વાત છે હોં! નિશ્ચયનું ભાન હોય કે હું જ્ઞાનાનંદ શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટા છું એવા ભાનમાં જ્યાં સુધી સ્થિરતા ન થાય તો એમાં શુભરાગનું વ્યવહાર સાધન આવ્યા વિના રહેતું નથી. પણ આ તો અજ્ઞાની પોતાના નિશ્ચયની વાત કરે. આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે, એમાં કાંઈ નથી. ભગવાને વ્યવહારક્રિયા કહી, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ એ બધો શુભરાગ છે, શુભરાગ છે. કોણ ના પાડે છે? શુભરાગ છે. પણ શુભરાગ પણ કરે નહિ અને નિશ્ચયનો અનુભવ હોય નહિ. સનતકુમારજી! વાત તો...

કહે છે કે '**સકળ ક્રિયાકર્મકાંડના...**' દયા, દાન, ભક્તિ, નામ સ્મરણ આદિ, પૂજા, વ્યવહાર જેટલો કહ્યો ને ૧૭૨માં પહેલાં? વ્યવહારાવલંબીનો. સ્વાધ્યાય આદિ કરવો, આદિ જે જે વ્યવહાર કહ્યો એ '**સકળ ક્રિયાકર્મકાંડના આડંબરમાં વિરક્ત...**' નહિ... નહિ.. નહિ.. એ શુભભાવ નહિ, એ શુભભાવ નહિ, એ શુભભાવ નહિ. શુભ તો બંધનું કારણ છે. બંધનું જ કારણ છે, કોણ ના પાડે છે? પણ નિશ્ચય દૃષ્ટિ થઈ નથી, અનુભવ છે નહિ, વ્યવહારમાં આવતો નથી. એકલું પાપ રહેશે. સમજાણું કાંઈ? છેવટે પાપ બંધાશે. એમ કહેશે. જુઓ! કેવળ પાપને બાંધે છે.

નિશ્ચય અંદરમાં દૃષ્ટિ અને જ્ઞાન અને લીનતાનો અનુભવ છે નહિ અને નિશ્ચય અમારો આત્મા બસ શુદ્ધ છે... શુદ્ધ છે... શુદ્ધ થઈ ગયો. ક્યાંથી શુદ્ધ થયો? અંતરમાં એકાગ્રતા થયા વિના શુદ્ધતા પ્રગટ થતી નથી. અંતર એકાગ્રતા કરતો નથી અને શાસ્ત્રમાં જ્યાં વ્યવહારના આચરણની વાત આવે એનો તિરસ્કાર કરે છે. એ શબ્દ આવશે—તિરસ્કાર. એ નહિ... એ નહિ. શું છે? અંદર ઠરતો નથી, શુભભાવ કરવો નથી. તો કરવું છે શું તારે? શુભભાવ ધર્મ નથી. પણ શુભભાવ પણ કરવો નથી, નિશ્ચયમાં દૃષ્ટિ (પણ) કરવી નથી. તો કરવું છે શું તારે? અશુભભાવ કરશે. સંકલ્પ-વિકલ્પ કર્યા કરશે અને માને કે અમે નિશ્ચયમાં છીએ, નિશ્ચયમાં છીએ. ક્યાંથી નિશ્ચયમાં આવ્યો? સહજાનંદ પ્રભુ પોતાના પુરુષાર્થથી જ્ઞાનમાં જ્ઞાનનું વેદન નિશ્ચયમાં કર્યા વિના અને વ્યવહારની વાત આવે તો એના '**આડંબરમાં વિરક્ત...**' એ બધો આડંબર છે વ્યવહારનો. ક્રિયાનો આડંબર છે રાગનો. આડંબર જ છે, સાંભળ તો ખરો. પણ તને વ્યવહાર આચરણની વાત કરે તો કરવું નથી, નિશ્ચયમાં અનુભવની દૃષ્ટિ છે નહિ, તો શું કરવું છે તારે?

મુમુક્ષુ :- અવલંબન તો લીધું ને.

ઉત્તર :- અવલંબન ક્યાં લીધું છે? નામમાત્ર અવલંબન છે કે મને નિશ્ચય છે. એમ હું જ્ઞાતા છું, દૃષ્ટા છું, જ્ઞાતા છું, દૃષ્ટા છું. અમને કાંઈ લેવાદેવા નથી. અમને કોઈ બંધન-બંધન છે નહિ. અમારે કાંઈ કરવાનું જ નથી. સ્વરૂપ પણ કરવું નથી અને શુભભાવ પણ કરવો નથી. ક્યાં જાવું છે તારે?

મુમુક્ષુ :- ...નું અવલંબન લઈ લીધું.

ઉત્તર :- નામમાત્ર લીધું છે. વસ્તુનું ક્યાં લીધું છે?

મુમુક્ષુ :- શબ્દમાં અવલંબન છે.

ઉત્તર :- શબ્દનું અવલંબન લીધું. શબ્દમાં શું આવ્યું?

ભગવાન આત્મા નિશ્ચય સ્વરૂપ શુદ્ધ એની દૃષ્ટિ લગાવીને, સમ્યગ્દર્શન જ્ઞાન પ્રગટ થયા, પછી સ્થિર નહિ થઈ શકતાં, જ્ઞાનીને પણ શુભભાવ તો આવે છે. અહીંયાં તો નિશ્ચય છે નહિ અને શુભભાવની ક્રિયા શાસ્ત્રમાં આવે છે તો (કહે છે), બંધનું કારણ છે, કર્મચેતના છે, કર્મચેતના છે. તો કર્મચેતના જ છે. સાંભળને. કોણે ના પાડી? પણ કર્મચેતનામાં શુભમાં આવવું નહિ, શુદ્ધની દૃષ્ટિમાં જાવું નથી. અશુભમાં આવશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શબ્દો તો આવડે છે.

ઉત્તર :- શબ્દો આવડે એમાં શું થયું? શબ્દો તો જડ પણ બોલે છે. આ રેકોર્ડિંગ પણ શબ્દ બોલે છે.

નિશ્ચય જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ. ઓહો..! જેની સંપદામાં પરમાત્મસ્વરૂપ પડ્યું છે એવી અંતરની દૃષ્ટિ, શ્રદ્ધા, જ્ઞાનનો પ્રયાસ તો કરતો નથી અને વ્યવહારઆચરણની વાત જ્યાં શાસ્ત્રમાં આવે તો કહે કે એ તો આડંબર છે. બુદ્ધિવાળો વર્તતો થકો, આંડબર વિરક્ત. નહિ... નહિ.. નહિ... '**આંખો અર્ધી-વિંચેલી રાખી કાંઈક પણ સ્વબુદ્ધિથી અવલોકીને યથાસુખ રહે છે...**' આમ આંખ બંધ કરી દે. આંખ બંધ કરી દે એમાં શું આવ્યું? એ તો જડ છે. '**આંખો અર્ધી-વિંચેલી રાખી...**' અડધી આંખ બંધ કરીને. '**કાંઈક પણ સ્વબુદ્ધિથી અવલોકીને...**' અંદર પ્રકાશ દેખાય છે હોં! કોઈ પ્રકાશ દેખાય છે. પ્રકાશ દેખાય છે એ તો જડ છે, રાગ છે, એ તો પુદ્ગલ છે. આંખને બહુ ભીંસેને તો અંદર દેખાય કાંઈક. પણ એ તો જડ દેખાય છે. પ્રકાશ તો જડ છે. એ આત્મા ક્યાં છે? આત્મામાં જડનો પ્રકાશ ક્યાં છે? ચૈતન્ય પ્રકાશની દૃષ્ટિ, જ્ઞાન તો છે નહિ અને રાગનું શુભાચરણ કરવાનું નથી છોડતા. તો કહે છે, શું કરે છે? '**આંખો અર્ધી-વિંચેલી રાખી કાંઈક પણ સ્વબુદ્ધિથી અવલોકીને...**' સ્વબુદ્ધિથી. અંદર થઈ ગયું. ઓહોહો..! એકાકાર થઈ ગયો એવી કલ્પનામાં '**યથાસુખ રહે છે...**' યથાસુખ.

મુમુક્ષુ :- મન...

ઉત્તર :- ક્યાં? મનથી કાંઈ નથી એમ કહે છે. ના ના, આમ બેઠો એમાં શું થઈ ગયું ધૂળમાં? બીજી કલ્પનાએ ચડી ગયો. કલ્પના શુભની આવે છે એની ના પાડે છે. અંદરની દૃષ્ટિ નથી. કલ્પના બીજી આવે એની ખબર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળ છે. એમ જ કહે છે અહીંયાં. ઘણાં હોય છે ને અહીંયાં. એક આવ્યો હતો ને. કીધું નહોતું ઘણાં વર્ષ પહેલાં? સમજાણું? બસ, સૂઈ રહે ખાઈ-પીને. દૂધ, ખાઈને

ધ્યાનમાં અમે રહીએ છીએ. આવે સાંભળવા ધ્યાનમાંથી. આ મહારાજ કુંદકુંદાચાર્યની વાત કરે છે, કુંદકુંદાચાર્ય એ કુંદકુંદાચાર્ય તો મારી કેટલી વાર આવી ગયો. પ્યાલો ફાટ્યો લાગે છે કીધું આનો. આ ગામમાં બન્યું હતું. સમજાણું કાંઈ? બસ! સૂઈ રહે છ કલાક સુધી આમ. શરીરે ઠીક, ચિંતા બીજી નહિ, ધ્યાનમાં ચડે. કાંઈ હોય નહિ, પ્રમાદ એકલો. આ મહારાજ કુંદકુંદાચાર્ય કહે છે કે ભગવાન પાસે ગયા હતા. ત્યાંથી લાવ્યા. એ કુંદકુંદાચાર્ય તો મારી કેટલી વાર એક દિવસમાં આવી જાય છે. ઓલી કલ્પના કરેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. આમ તો વાંચેલું. પણ આ યથાસુખ કહે છેને. બસ શાતાશિળીયા. અનુકૂળ ખાવું, પીવું અને લહેર કરે અને પછી આંખો મીંચીને બેસે એટલે થઈ ગયું ધ્યાન. સમજાણું કાંઈ? એ નોકરી કરતા હતા પહેલાં સ્થાનકવાસીમાં, મુંબઈ. પછી નોકરીમાં કાંઈક મળતા હશે.. પછી એના હાથમાં હોયને બધા પૈસા? સ્થાનકવાસીની નોકરી. શેમાં? આ અપાસરાની કોઈ. પછી એની પાસે પૈસા આવે તો આપી દે કો'કને. નામુ કંઈ નામુ? આ ત્રણ હજાર રૂપિયા? મારા ગુંજામાં આવે તો મારા પૈસા. પણ તારા બાપના છે આ પૈસા? અધ્યાત્મી નામ ધરાવે. અધ્યાત્મી. બસ! અધ્યાત્મી છે. અમારે કાંઈ નથી. ગુંજામાં અહીંયાં પડ્યા હોય પૈસા. પણ તારા બાપના છે? આ સ્થાનકવાસીના અપાસરાના છે. ત્રણ હજારનો ફાંકો (ગોટાળો) નીકળ્યો હતો. ઘણા વર્ષ પહેલાની વાત છે હોં! ત્રણ હજાર રૂપિયા ક્યાં ગયા? અધ્યાત્મી! અધ્યાત્મી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અધ્યાત્મી એટલે?

ઉત્તર :- આ અધ્યાત્મી એટલે કીધું ને આ નિશ્ચય. અમે એકલા આત્માને જ માનીએ છીએ. બસ, આત્મા.. આત્મા... અમારો આત્મા જ રમે છે સદાય. એમ. પણ આ ત્રણ હજાર રૂપિયા કો'કના, તારો પગાર સો રૂપિયાનો. આ કો'કને આપ્યા, ભાન ન મળે વ્યવહારની તને. ક્યાંથી થઈ ગયો અધ્યાત્મી આત્મા? આત્મજ્ઞાની અમે છીએ બસ. આત્મજ્ઞાની થઈ ગયો. સમજાણું કાંઈ? એવા તો ઘણા જોવા મળે છે, ઘણા આવે છે. આંખ મીંચીને બેસે, અંદર કલ્પના કાંઈક કરે. કાંઈક દેખાય છે. ધૂળ દેખાતું નથી, એ તો પ્રકાશ હોય કાંઈક. સમજાણું કાંઈ?

'**યથાસુખ...**' જુઓ નીચે લખ્યું છે. '**મરજી મુજબ; જેમ સુખ ઊપજે તેમ; યથેચ્છપણે (જેમને દ્રવ્યાર્થિકનયના (નિશ્ચયનયના) વિષયભૂત શુદ્ધાત્મદ્રવ્યનું સમ્યક્ શ્રદ્ધાન કે અનુભવ નથી...**' છે નીચે નોટમાં? જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ આત્મા, એને તો દૃષ્ટિમાં લીધો નહિ, જ્ઞાનનું વેદન નથી અને અનુભવ નથી. '**તેને માટે ઝંખના કે પ્રયત્ન નથી,...**' જુઓ! એને માટે ઉત્સુકતા અંદરમાં એકાકાર થાઉં, પ્રયત્ન કરું એ નહિ. '**આમ હોવા છતાં જેઓ નિજ કલ્પનાથી પોતાને વિષે કાંઈક ભાસ થતો કલ્પી લઈને નિશ્ચિતપણે**

**સ્વચ્છંદપૂર્વક વર્તે છે,...'** ભોગ, ખાવું, પીવું, લહેર કરવી અને અંદર માને કે અમને નિશ્ચય છે, નિશ્ચય છે. શું નિશ્ચય છે?

મુમુક્ષુ :- અનર્ગળ વૃત્તિ

ઉત્તર :- અનર્ગળ વૃત્તિ, સ્વચ્છંદ વૃત્તિ છે. અને દૃષ્ટિ નથી, શુભરાગ નથી. એકલા પાપભાવમાં ચાલ્યો જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઝંખના સ્વચ્છંદપૂર્વક.

**'જ્ઞાની મોક્ષમાર્ગી જીવોને પ્રાથમિક દશામાં આંશિક શુદ્ધિની સાથે સાથે...'** ધર્મી જીવને સમ્યગ્દર્શન, જ્ઞાનની સાથે પહેલી દશામાં શુદ્ધિની સાથે ભૂમિકાનુસાર શુભભાવ હોય છે. સમ્યગ્દષ્ટિને હોય છે, પાંચમા ગુણસ્થાનવાળાને હોય છે, મુનિને પણ હોય છે. **'એ વાતને શ્રદ્ધતા નથી,...'** નહિ, એ શુભભાવ નહિ, શુભભાવ નહિ. પણ આવ્યા વિના રહેતો નથી. સાંભળ તો ખરો. સમ્યગ્દષ્ટિને પણ શુભભાવ આવ્યા વિના રહેતો નથી. ક્યાંથી શુદ્ધોપયોગ રહેશે અંદર? અને એકલું માને કે બસ બીજું કાંઈ નહિ. ધ્યાનમાં ચડી ગયા અમે.

**'તેમને અહીં કેવળનિશ્ચયાલંબી કહ્યા છે.'** કેવળ નિશ્ચયાવલંબી. વાતું કરે, અંતર દૃષ્ટિ નહિ, જ્ઞાન નહિ, અંતર ચિદાનંદ શું સ્વરૂપ છે એની ઉત્સુકતા નહિ, પ્રયત્ન નહિ, તે તરફ ઝુકાવ નહિ, એ તરફ વલણ નહિ અને એકલો શુભભાવ આવે તો કહે, એ નહિ... એ નહિ... એ નહિ. શુભભાવ હોય તોપણ તેને ધર્મ છે એમ વાત નથી. પણ અહીં તો નિશ્ચયમાં જતો નથી અને શુભભાવ છોડી દે છે અથવા શુભભાવ કરવો નહિ. પાપ બાંધશે એકલું. નિશ્ચયાવલંબી એકલા પાપને બાંધશે એમ કહે છે. સમજાણું કાંઈ? યથાસુખ.

**'(અર્થાત્ સ્વમતિકલ્પનાથી કાંઈક ભાસ કલ્પી લઈને મરજી મુજબ—જેમ સુખ ઊપજે છે તેમ—રહે છે), તેઓ ખરેખર ભિન્નસાધ્યસાધનભાવને તિરસ્કારતા થકા,...'** શું કહે છે? કે સમ્યગ્દર્શનપૂર્વક નિશ્ચય સાધન થયું તેને પણ શુભરાગની ક્રિયા ભિન્ન સાધન આવે છે, શુભરાગ આવે છે. એને તિરસ્કારે છે કે નહિ શુભરાગ નહિ.. નહિ શુભરાગ નહિ. એ શુભરાગ નહિ. **'અભિન્નસાધ્યસાધનભાવને નહિ ઉપલબ્ધ કરતા થકા,...'** અંતરમાં જ્ઞાતા પૂર્ણ સ્વભાવની પ્રાપ્તિ અંદર શુદ્ધ નિશ્ચયથી, નિશ્ચય પરિણતિથી થાય છે તેને પ્રાપ્ત કરતા નથી. સમજાણું કાંઈ?

**'અંતરાળમાં જ (-શુભ તેમ જ શુદ્ધ સિવાયની બાકી રહેલી ત્રીજી અશુભ દશામાં જ),...'** નિશ્ચયની દૃષ્ટિ નથી, વ્યવહાર શુભભાવ કરવો નથી. ત્રીજું **'પ્રમાદમદિરાના મદથી ભરેલો...'** પ્રમાદ... પ્રમાદ... પ્રમાદ... આંખ મીંચાઈ ગઈ. સમજાણું કાંઈ? લ્યો આ વ્યવહારાલંબીની વાત છે, એવી નિશ્ચયાલંબીની વાત અજ્ઞાનીની છે. એવી કલ્પના સ્વચ્છંદી ઘણા થઈ જાય છે. નિશ્ચયનું નામ દઈને અમને શું? ઈન્દ્રિયના ભોગ થાય છે તો ભોગ

જડની પર્યાય છે. અમને શું? બહુ સારું. ભાઈ! ભોગનો ભાવ કોનો છે? છે તો જડની ક્રિયા. ભાવ કોનો છે? તારો ભાવ છે અને તું કહે છે કે જડની ક્રિયા છે. કોણે કહ્યું એવું?

મુમુક્ષુ :- બીજા કરતા તો સારોને?

ઉત્તર :- ક્યાં સારો? ભૂંડો મૂર્ખ છે મોટો. એ બીજો જરી પુણ્ય બાંધી પરંપરા રખડશે. આ સીધો પાપ બાંધીને પછી પણ રખડશે. શું સમજ્યા? ઓલાને સ્વર્ગાદિ જરી મળે એકાદ-બે ભવ એ. અને (આ) સીધો પાપમાં જાય એટલી વાત છે. બાકી તો સારો, નરસો (કંઈ નથી), બેય ખોટા છે. બેય ખોટા છે. એમાં ગતિ મળે એકાદ ભવ એમાં આત્માને સારું શું થયું? એનાથી સુધરતા હશે? શુભભાવની ક્રિયા કરતા કરતા સુધરી જાશે. (એમ) કહે છેને. પણ નિમિત્ત કારણ ક્યાંથી મળે? ઉપાદાન હોય તો નિમિત્ત કહેવાય ને? નિમિત્ત કહેવાય ક્યાંથી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, છે, છે. આવે છે ને. બેય ખબર છે, બેય ખબર છે. કહો, સમજાણું કાંઈ?

શુભભાવની જ્યાં આચરણના શાસ્ત્રમાં આવે (તો કહે), નહિ. પરની દયાનો ભાવ છે શુભ, ધર્મ નથી. ભક્તિનો ભાવ છે શુભ, ધર્મ નથી. પણ શુભભાવની વાત જ્યારે આવે ત્યારે તિરસ્કાર કરે છે કે નહિ. એ નહિ. શુભમાં રહી શકતો નથી. શુભભાવ આવે તો તિરસ્કાર કરે છે. એકલો અશુભભાવ જ રહ્યો તેને. સમજાણું કાંઈ?

**'પ્રમાદમદિરાના મદથી ભરેલો આળસુ ચિત્તવાળા વર્તતા થકા,...'** એ આળસુના ગોર. ગોર કોને કહે છે સમજો છો? અંતરની ચીજ શું છે એની તો દૃષ્ટિ નથી, ઉત્સુકતા નથી, પ્રયત્ન નથી, વીર્ય નથી, જાગૃતિમાં કેમ આવે? એ તરફનો તો બિલકુલ ઝુકાવ નથી. શુભભાવ ન કરવા, એ તો કર્મચેતના છે. કર્મચેતના છે કોણ ના પાડે છે? સાંભળ તો ખરો. જ્ઞાનચેતના વિના શુભચેતના આવ્યા વિના રહેતી નથી. અને જ્ઞાનચેતના થાય તોપણ જ્યાં સુધી સ્થિરતામાં નથી રહેતો, તો શુભચેતના રાગનો એવો ભાવ કર્મચેતના જ્ઞાનીને પણ આવ્યા વિના રહેતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! ભાષા કેટલી વાપરી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોને? શુદ્ધચેતનાને મોક્ષ થશે. એની વાત ક્યાં છે અહીંયાં? એની અહીં વાત ક્યાં ચાલે છે? શુદ્ધચેતનાનું તો ભાન પણ નથી અને અશુદ્ધ કર્મ એકલી ક્રિયાકાંડ શુભરાગનો તિરસ્કાર કરે છે.

**'પ્રમાદમદિરાના મદથી ભરેલા આળસુ ચિત્તવાળા વર્તતા થકા, મત્ત (ઉન્મત્ત) જેવા,...'** ગાંડા પાગલ હોય ને પાગલ જેવા. અમને શું છે? નિશ્ચયમાં અમારે શું કરવાનું

છે? રાગ આવો તો આવો, ભોગ આવો તો આવો, લડાઈ આવો તો આવો, અમને શું છે? ઓહોહો..!

મુમુક્ષુ :- પરમહંસ...

ઉત્તર :- પરમહંસનો અર્થ બીજો છે. એ તો રાગથી ભિન્ન થઈને અંતર દૃષ્ટિ કરીને, હંસ જેમ (પાણી) અને દૂધને ભિન્ન કરે છે ખટાશ નાખીને, એમ અંદર રાગ અને સ્વભાવને ભિન્ન કરવો એનું નામ હંસ છે. વિકલ્પથી રહિત ઉત્કૃષ્ટપણે સ્થિરતા કરવી એ પરમહંસ છે. સમજાણું કાંઈ? અંતરમાં દૃષ્ટિનું ભાન નથી, તત્ત્વ શું છે એની ખબર નથી, બસ થઈ ગયું જાવ. માંસ ખાવું હોય, સ્ત્રીનો ભોગ અમને ક્યાં છે? એ તો જડની ક્રિયા છે. બહુ સારુ. ભાવ કોણ કરે છે એ સમયે? ભાવ તો તારો છે કે નહિ? પાપ છે તારું. મરી જઈશ આવો સ્વચ્છંદ કરીશ તો. સમજાણું કાંઈ? શું કહે છે? ક્રમમાં તો એમ આવવાનું હતું, બસ! ક્રમમાં એમ થવાનું હતું. બહુ સારી વાત છે. સાંભળ તો ખરો. ક્રમમાં આવનારની દૃષ્ટિ ક્યાં ઘૂસે છે? જ્ઞાયક ચૈતન્યમૂર્તિ હું આનંદ છું, એની દૃષ્ટિ છે, એને રાગ ક્રમે આવ્યો તેનો જ્ઞાતા અને તેને રાગ બહુ મંદ આવે છે. એને રાગ મંદ આવે છે. અજ્ઞાની ક્રમબદ્ધ ક્રમબદ્ધ કરીને સ્વચ્છંદ સેવે, મિથ્યાત્વ સેવે, રાગ-દ્વેષ કરે અને કહે કે અમને આવવાનો હતો. તે મિથ્યાત્વ અને અનંતાનુબંધીનું પોષણ કરે છે. સમજાણું કાંઈ?

'**(ઉન્મત્ત) જેવા,...**' ઘેલો જેવો, પાગલ-પાગલ બસ. કીધું નહિ? મોક્ષમાર્ગપ્રકાશક વાંચીને આવ્યો હતો એક સાધુ. સ્થાનકવાસીના હતા, પછી દેરાવાસી થઈ ગયો. પછી અહીંયાં હતું ચોમાસું. અહીં આવ્યા. નિશ્ચય હોય એમાં શું છે? ચાહે ગમે તે હો, પણ નિશ્ચય હોય એમાં તીવ્ર રાગ થતો જ નથી. સાંભળ તો ખરો. જેને નિશ્ચયનું ભાન દૃષ્ટિ થઈ, અનંતાનુબંધીનો રાગ તો થતો જ નથી. એવો તીવ્ર રાગ કરે અને માને કે અમને કાંઈ નથી, અમને કાંઈ નથી. મરી જઈશ. નિગોદમાં જઈશ. સમજાણું કાંઈ? વાત તો એવી છે.

'**મૂર્છિત જેવા,...**' મૂર્છામાં પડ્યોને બસ આમ. છ-આઠ કલાક સુધી આમ ને આમ આંખ મીંચીને. શું કર્યું તેં? શુભ વિકલ્પ પણ ન કર્યો. એમને એમ આંખ મીંચીને બસ પ્રમાદ પ્રમાદ. '**સુષુપ્ત જેવા,...**' સૂતો હોયને. સૂઈ ગયો હોય. થોડું થોડું આમ થાય. અમે ધ્યાન કરીએ છીએ. શું ધ્યાન કરે? '**પુષ્કળ ઘી-સાકર-ખીર ખાઈને તૃપ્તિ પામેલા...**' ખાઈને બેઠો હોયને, આમ જાણે બસ. પેટ હોય મોટું, આવું શરીર. અમને નિશ્ચય થઈ ગયો. અરે..! ભગવાન! નિશ્ચય થાય એની દિશા જુદી છે.

મુમુક્ષુ :- આત્મા તૃપ્ત થઈ ગયો.

ઉત્તર :- કઈ રીતે તૃપ્ત થયો? કહે છે. એક અમે સાંભળ્યું હતું. ૭૦ની સાલમાં. રાજકોટ .. ૭૪માં દીક્ષા લીધી હતી. વાળ-બાળ લોચ કર્યા હતા ને. લોચ કરાવે છેને એમાં તો. ૭૦ની સાલમાં જ્યારે પહેલી દીક્ષા લીધી ત્યારે. વરસાદ આવ્યો તો એક રામ મંદિરમાં ગયા.

વરસાદ આવતો હતો ને. તો એક બાવો બોલ્યો જોઈને કે આહાહા..! અરે..! નારાયણને દુઃખ ન દેવું. એમ બોલ્યા. ૭૦ની સાલની વાત છે. ૭૦ સમજ્યાને? ૫૧ વર્ષ થયા.

મુમુક્ષુ :- ૭ અને ૧૦

ઉત્તર :- ૧૯૭૦. ૧૯૦૦, ૭ અને ૧૦. ૫૦ વર્ષ થયા. સુંદર શરીર હતું, કોમળ શરીર હતું, આ તો ૫૦ વર્ષ પહેલાંની વાત છે. પછી તો અમે દિશાએ જંગલમાં જતા હતા ત્યાં વરસાદ આવ્યો. એ બાવો બોલ્યો, નારાયણને દુઃખ ન દેવું, જેટલી અનુકૂળતા કરે, શાતા ઉપજાવે, આત્માને સુખ આપે એટલો લાભ થશે. આત્મા નારાયણ છે. તેને અપવાસ કરવા અને કષ્ટ દેવા એ દુઃખ છે એમ કહે છે. માલ ઊડાવવો. આત્મા નારાયણને તૃપ્તિ કરાવવી. નારાયણને દુઃખ (ન દેવું). અરે..! મરી જઈશ. તૃપ્તિ તે શું રાગની ક્રિયાથી તૃપ્તિ થશે? નારાયણ ભગવાન આત્મા છે. એ તો રાગથી રહિત દૃષ્ટિ કરીને તૃપ્તિ થશે. રાગથી તૃપ્તિ થશે તને? નારાયણનો અર્થ શું? રાગ તો દુઃખ છે, અતૃપ્તિ છે. શુભાશુભ વિકલ્પ ઉઠે એ બધી અતૃપ્તિ છે. આત્મા જ્ઞાન શીતળ શાંતિ (સ્વરૂપ છે) એવી અંતરમાં દૃષ્ટિ કરવી એનાથી નારાયણને તૃપ્તિ થાય છે. સમજાણું કાંઈ? રાગનો અભાવ કરીને સ્થિર થવું એ જ આત્માની તૃપ્તિ છે. રાગ-ભોગની વૃત્તિ છે એ અતૃપ્તિ છે. મરી જઈશ, કીધું. આવા ને આવા બાવા બોલે. સમજાણું કાંઈ?

જુઓ! '**ખાઈને તૃપ્તિ પામેલા (-ધરાયેલા) હોય એવા,...**' એવા દેખાય એમ. '**જાડા શરીરને લીધે જડતા ઊપજી હોય...**' મહાધ્યાની મહંત છે ભાઈ! એને તો ગમે તે ખવરાવો. '**એવા, દારૂણ બુદ્ધિભ્રંશથી મૂઢતા થઈ ગઈ હોય એવા,...**' જુઓ! '**જાડા શરીરને લીધે જડતા (-મંદતા, નિષ્ક્રિયતા) ઊપજી હોય એવા,...**' કાંઈ કાંઈક નિષ્ક્રિય જડ જેવો દેખાય. છે અંદર અશુભરાગ, પણ બહારમાં જાણે..

મુમુક્ષુ :- પાતળા શરીરવાળાને...

ઉત્તર :- એ જાડું શરીર એટલે આ તો દાખલો આપ્યો.

મુમુક્ષુ :- એ જેવું કરે છે એવું આ કરે છે.

ઉત્તર :- એમ. જાડા શરીરની અહીં ક્યાં વાત છે? મોટા શરીરની જેમ. મોટું શરીર હોય જડતા, એવું એને આમ થઈ જાય જડતા જેવું. મોટા શરીરવાળાને થાય છે એમ અહીં નથી. પણ મોટા શરીરવાળો જેમ .. એમ આ એક સ્થૂળમાં કલ્પના કરીને બેઠો. બસ થઈ ગયો મને. અમને નિશ્ચય થઈ ગયો. કંઈક જરી કલ્પના કરે કે સુખ જરી મંદ રાગમાં લાગે, (માને કે) આત્માનો અનુભવ થઈ ગયો. અરે..! ભાઈ! અનુભવ આનંદની દિશા તો કોઈ બીજી જ છે. સમજાણું કાંઈ? એવી અંતર દૃષ્ટિ કર્યા વિના, એકલા શુભભાવનું આચરણ ન કરે, '**દારૂણ બુદ્ધિભ્રંશથી...**' બુદ્ધિ આકરી બુદ્ધિથી ભ્રંશ થઈ ગયો છે. '**મૂઢતા થઈ ગઈ હોય એવા,...**' ઓહોહો..! કેટલા શબ્દો!

જ્ઞાનાનંદ અનંત એક દ્રવ્ય, એના અનંત ગુણ, એની અનંત પર્યાય, ખબર નથી પર્યાયની, નથી ખબર દ્રવ્યની, નથી ખબર ગુણની, નથી ખબર વિકારની. સમજાણું કાંઈ? પર્યાયમાં શુદ્ધિ કેટલી થાય છે, કયા પ્રકારે એની ખબર નથી. એ તો બસ ધ્યાન કરે છે, અમે ધ્યાન કરીએ છીએ. ધ્યાન કોનું? સસલાના શિંગડાનું? સસલાના શિંગડા એટલે ખરગોશનું? સસલાને શિંગડા હોય નહિ. તો વસ્તુ શું છે એની તો તને ખબર નથી. સમજાણું કાંઈ? સર્વજ્ઞ ભગવાનના મુખેથી નીકળેલી ચીજ એક આત્મા, એક આત્મા, અનંત અનંત ગુણ, અનંત સંખ્યાએ ગુણનો પિંડ. એક સમયમાં અનંતી પર્યાય, એક સમયમાં શુભ-અશુભ આદિ રાગ, એવી ચીજ શું છે એની ખબર નથી, દૃષ્ટિ કરવી નહિ, એ જાણવાનો પ્રયત્ન નથી અને અમને નિશ્ચય થઈ ગયો અને વ્યવહારનું આચરણ છોડીને સુખશૈયા, સુખશૈયા, શાતાશિળીયા. એકલું પાપ બાંધે છે. સમજાણું કાંઈ?

'**જેનું વિશિષ્ટચૈતન્ય બિડાઈ ગયું હોય છે...**' જેનું ખાસ ચૈતન્ય બિડાઈ ગયું છે. મુંદ ગયાને શું કહે છે? બિડાઈ ગયું છે. ચૈતન્યસ્વભાવ, કમળ જેમ ખીલે છે તેમ પર્યાયમાં ખીલવો જોઈએ દૃષ્ટિ કરીને. ભાન નથી, રાગની તીવ્રતામાં પોતાની પર્યાયમાં વિશિષ્ટ ચૈતન્ય બિડાઈ ગયું હોય છે, સંકોચાઈ ગયો છે. '**એવી વનસ્પતિ જેવા,...**' લ્યો! વનસ્પતિ જેવો થઈ ગયો. જેમ વનસ્પતિ હલે નહિ એવો.

'**મુનીંદ્રની કર્મચેતનાને પુણ્યબંધના ભયથી નહિ અવલંબતા થકા...**' જુઓ! મુનીંદ્ર, તેની કર્મચેતના નામ શુભ આચરણ. શું કહ્યું? આંકડો. પુણ્યબંધ. એકડો એકડો નીચે. આ ક્યાંથી આવી નીચે નોટ? ઓલી ભિન્નસાધ્યસાધનની. એ આવ્યું હતું ને ઓલું ભિન્નસાધ્યસાધનભાવ. નીચે નોટ લખી છે આ બાજુ. '**મોક્ષમાર્ગી જ્ઞાની જીવોને સવિકલ્પ પ્રાથમિક દશામાં (છઠ્ઠા ગુણસ્થાન સુધી) વ્યવહારનયની અપેક્ષાએ ભૂમિકાનુસાર ભિન્નસાધ્યસાધનભાવ હોય છે અર્થાત્ ભૂમિકા પ્રમાણે નવ પદાર્થો સંબંધી, અંગ-પૂર્વ સંબંધી અને શ્રાવક-મુનિના આચારો સંબંધી શુભ ભાવો હોય છે.—એ વાત કેવળ નિશ્ચયાવલંબી જીવો માનતા નથી...**' નહિ... નહિ... નહિ... નહિ. સમજાણું કાંઈ? '**(આંશિક શુદ્ધિ સાથેની) શુભભાવવાળી પ્રાથમિક દશાને તેઓ શ્રદ્ધતા નથી અને પોતે અશુભ ભાવોમાં વર્તતા હોવા છતાં પોતાને વિષે ઊંચી શુદ્ધ દશા કલ્પી લઈ સ્વચ્છંદી રહે છે.**' કહો, સમજાણું કાંઈ?

અહીંયાં કહ્યું કે પુણ્યબંધના ભયથી. નીચે છે. '**કેવળનિશ્ચયાલંબી જીવો પુણ્યબંધના ભયથી ડરીને...**' અરે..! દયા, દાન, અરે..! ભક્તિ, અરે..! આ બંધ છે. એમ કરીને શુભભાવથી ડરે છે અને શુભભાવ કરતા નથી. '**મંદકષાયરૂપ શુભભાવો કરતા નથી અને પાપબંધના કારણભૂત અશુભભાવોને તો સેવ્યા કરે છે.**' ભોગની વાસના, લડાઈની વાસના, ક્રોધ, માન, માયા, લોભ, મદ અભિમાન એવા ભાવ તો કરે છે. પણ મુનીંદ્રને છઠ્ઠા ગુણસ્થાનને

યોગ્ય કુંદકુંદાચાર્ય જેવા મુનિ હોય, તોપણ આત્માનો અનુભવ, દૃષ્ટિની સ્થિરતાની સાથે એટલો શુભ આચારણનો ભાવ, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ આવ્યા વિના રહેતા નથી. એને તો માનતા નથી કે નહિ. એવા શુભભાવ નહિ. સમજાણું કાંઈ?

'**પુણ્યબંધના ભયથી નહિ અવલંબતા થકા અને પરમ નૈષ્કર્મ્યરૂપ જ્ઞાનચેતનામાં વિશ્રાંતિ નહિ પામતા થકા,...**' બેય વાત. પુણ્યબંધથી ડરે છે, સ્વરૂપમાં ઠરતા નથી. સમજાણું કાંઈ? '**પરમનૈષ્કર્મ્યરૂપ જ્ઞાનચેતના...**' જુઓ! પરમનૈષ્કર્મ્યરૂપ રાગ વિનાની, ભગવાન આત્માની રાગ વિનાની દશા એવી '**જ્ઞાનચેતનામાં વિશ્રાંતિ નહિ પામ્યા થકા, (માત્ર) વ્યક્ત-અવ્યક્ત પ્રમાદને આધીન વર્તતા થકા,...**' પ્રગટ પ્રમાદ અને અપ્રગટ પ્રમાદને આધીન થઈને જડ જેવો થાય છે. સમજાણું કાંઈ?

'**પ્રાપ્ત થયેલા હલકા (નિકૃષ્ટ) કર્મફળની ચેતનાના પ્રધાનપણાવાળી પ્રવૃત્તિ...**' હલકા અશુભભાવની કર્મફળની ચેતના '**જેને વર્તે છે એવી વનસ્પતિની માફક,...**' વનસ્પતિને કર્મફળ છેને અંદર? દુઃખનો અને સુખનો ભોગ. એવો હલકા '**કેવળ પાપને જ બાંધે છે.**' લ્યો! શુદ્ધની દૃષ્ટિ, જ્ઞાન કરતા નથી, પરિણામ પુણ્યનું આચરણ કરવું છોડી દીધું. અમારે કરવું નથી, અમારે નથી કરવું. પાપ બાંધે છે. સમજાણું કાંઈ? ભાઈ! વ્યવહારાવલંબીની વાત ઠીક લાગે અને નિશ્ચયાવલંબીની વાત જરી ઠીક ન લાગે કેટલાકને. આ ક્યાં આવ્યું વળી આવું? આવી વાત છે.

મુનિને યોગ્ય કે શ્રાવકને યોગ્ય એવી ભૂમિકા નિશ્ચય પ્રગટી હોય તોપણ શુભ આચરણનો ભાવ તો થાય છે. ન થાય તો શું વીતરાગ થઈ ગયો? કાં અજ્ઞાની રહ્યો. શુદ્ધતાની ભૂમિની ખબર નથી, શુભભાવની કર્મચેતનાનું અવલંબન લેવું નહિ. શુભભાવ કર્મચેતના. અશુભભાવ થશે એકલો કલ્પનાનો. '**કેવળ પાપને જ બાંધે છે.**' જુઓ! ઓલા વળી જરી પુણ્ય વ્યવહારાવલંબીવાળો સ્વર્ગાદિ (પ્રાપ્ત કરશે એમ) કહ્યું હતું. સમજાણું કાંઈ? સ્વર્ગાદિમાં જઈને પરંપરા અત્યંત દીર્ઘ સંસારમાં ભમનારો કહ્યો. સમ્યગ્દર્શન સહિત શુભભાવને છોડી શકતો નથી, શુભભાવ થાય છે તો દેવલોકાદિ પ્રાપ્ત કરીને ક્રમે પરંપરાએ મોક્ષને પ્રાપ્ત કરે છે. આ તો (નિશ્ચયાવલંબી) એકલું પાપ જ બાંધે છે.

'**કહ્યું પણ છે કે—**' '**णिच्छयमालंबंता णिच्छयदो णिच्छयं अयाणंता। णासंति चरणकरणं बाहरिचरणालसा केई।।**' '**(અર્થાત્ નિશ્ચયને અવલંબનનારા પરંતુ નિશ્ચયથી (ખરેખર) નિશ્ચયને નહિ જાણનારા...**' ખરેખર નિશ્ચય જ્ઞાનસ્વરૂપ, આનંદ અને વીતરાગસ્વભાવ છે એનું તો જ્ઞાન, દૃષ્ટિ કરતા નથી. '**કેટલાક જીવો બાહ્ય ચરણમાં આળસુ વર્તતા થકા...**' અને શુભ ક્રિયાકાંડમાં આળસુ વર્તતા થકા '**ચરણપરિણામનો નાશ કરે છે.**' શુભભાવનો પણ નાશ કરે છે તો એકલું પાપ બાંધે છે. સમજાણું કાંઈ? લાંબી વાત છેને અંદર? નોટ.

'આ ગાથાની સંસ્કૃત છાયા આ પ્રમાણે છે :' નીચે નોટ છે ને? 'निश्चयमालम्बन्तो निश्चयतो निश्चयमजानन्तः। नाशयन्ति चरणकरणं बाह्यचरणालसाः केऽपि।।' હવે એ લખ્યું છે ને અંદરમાં એકડો? 'શ્રી જયસેનાચાર્યદેવરચિત ટીકામાં (વ્યવહાર-એકાંતનું સ્પષ્ટીકરણ કર્યા પછી તુરત જ) નિશ્ચય-એકાંતનું નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે--' 'વળી જેઓ કેવળનિશ્ચયાલંબી વર્તતા થકા રાગાદિવિકલ્પરહિત પરમસમાધિરૂપ શુદ્ધ આત્માને નહિ ઉપલબ્ધ કરતા હોવા છતાં,...' અંદર સમાધિ શાંતિ નિર્વિકલ્પને પ્રાપ્ત ન કર્યા અને 'મુનિએ (વ્યવહારે) આચરવાયોગ્ય ષડ્-આવશ્યકાદિરૂપ ક્રિયા.' સામાયિક વિકલ્પ હોં રાગ. 'અનુષ્ઠાનને તથા શ્રાવકે (વ્યવહારે) આચરવાયોગ્ય દાનપૂજાદિરૂપ અનુષ્ઠાનને દૂષણ દે છે, તેઓ પણ ઉભયભ્રષ્ટ વર્તતા થકા, નિશ્ચયવ્યવહાર-અનુષ્ઠાનયોગ્ય અવસ્થાંતરને નહિ જાણતા થકા પાપને જ બાંધે છે (કેવળ નિશ્ચય-અનુષ્ઠાનરૂપ શુદ્ધ અવસ્થાથી જુદી એવી જે નિશ્ચય અનુષ્ઠાન અને વ્યવહાર-અનુષ્ઠાનવાળી મિશ્ર અવસ્થા તેને નહિ જાણતા થકા પાપને જ બાંધે છે); પરંતુ જો શુદ્ધાનુષ્ઠાનરૂપ મોક્ષમાર્ગને અને તેના સાધકભૂત (વ્યવહારસાધનરૂપ) વ્યવહારમોક્ષમાર્ગને માને, તો ભલે ચારિત્રમોહના ઉદયને લીધે શક્તિનો અભાવ હોવાથી શુભ-અનુષ્ઠાન રહિત હોય...' શુભરાગ એ સમયે ન હોય, પણ દૃષ્ટિમાં છે કે હું જ્ઞાન છું, આનંદ છું અને શુભ છોડીને મારે સ્થિર થવાનું છે. શુભરાગ આવે છે, અશુભભાવ થાય છેને સમકિતીને? સમજાણું કાંઈ? તો ભલે 'શુભ-અનુષ્ઠાન રહિત હોય તથાપિ--જોકે તેઓ શુદ્ધાત્મભાવનાસાપેક્ષ...' શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિની સાપેક્ષ 'શુભ-અનુષ્ઠાનરત પુરુષ જેવા નથી...' જેમ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ જ્ઞાનમાં લીનવાળો શુભભાવ છે, એવા આ જ્ઞાની નિશ્ચયની દૃષ્ટિ સહિત શુભભાવમાં રહી શકે નહિ. સમજ્યા? તો નિશ્ચયસહિતના શુભભાવાળાથી તો તે હલકો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દૃષ્ટિ જાળવી રાખવી.

ઉત્તર :- દૃષ્ટિ જાળવી રાખવી અને શુભભાવમાં બંધનું કારણ છે, મને શુભ થવું જોઈએ વ્યવહાર એમ માને છે. રહી શકે નહિ.

'તથાપિ શુભ-અનુષ્ઠાનરત પુરુષો જેવા નથી...' સમ્યગ્દૃષ્ટિને જે શુભભાવ છે એવા નથી. સમ્યગ્દૃષ્ટિ અહીંયાં શુભભાવમાં આવ્યો નથી અને અશુભભાવ આવ્યો, દૃષ્ટિમાં છે તો તે અશુભ જેવો નથી. 'તોપણ—સરાગ સમ્યક્ત્વાદિ વડે વ્યવહારસમ્યગ્દૃષ્ટિ છે અને પરંપરાએ મોક્ષને પામે છે.—આમ નિશ્ચય-એકાંતના નિરાકરણની મુખ્યતાથી બે વાક્ય કહેવામાં આવ્યાં.' લ્યો! એ પણ ખુલાસો કર્યો.

'(અહીં જે જીવોને વ્યવહારસમ્યગ્દૃષ્ટિ કહ્યાં છે તેઓ ઉપચારથી સમ્યગ્દૃષ્ટિ છે એમ ન સમજવું પરંતુ તેઓ ખરેખર સમ્યગ્દૃષ્ટિ છે એમ સમજવું. તેમને ચારિત્ર-

**અપેક્ષાએ મુખ્યપણે રાગાદિ હયાત હોવાથી સરાગ સમ્યક્‌ત્વવાળા કહીને વ્યવહારસમ્યગ્દૃષ્ટિ કહ્યા છે. શ્રી જયસેનાચાર્યદેવે પોતે જ ૧૫૦-૧૫૧મી ગાથાની ટીકામાં કહ્યું છે કે---જ્યારે આ જીવ આગમભાષાએ કાળાદિલબ્ધિરૂપ અને અધ્યાત્મભાષાએ શુદ્ધાત્માભિમુખ પરિણામરૂપ સ્વસંવેદનજ્ઞાનને પ્રાપ્ત કરે છે ત્યારે પ્રથમ તો તે મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિઓના ઉપશમ અને ક્ષયોપશમ વડે સરાગ-સમ્યગ્દૃષ્ટિ થાય છે.)'** સરાગ સમકિતનો અર્થ—છે તો સમકિત સાચું, પણ સાથે રાગ છે એ અપેક્ષાએ સરાગ સમકિત કહેવામાં આવ્યું છે. તો કહે છે કે એકલા નિશ્ચયનું ભાન નથી, દૃષ્ટિ નથી, પ્રયત્ન નથી, ઉત્સુકતા નથી, સાવધાની નથી અને શુભભાવ છોડી દેવા. નહિ, એ અમારે કરવા નથી, એ અમારે નથી કરવા. તો એકલા પાપ બાંધીને... બસ પાપ બાંધે પછી સંસારમાં રખડશે. હવે બેના મેળવાળા કોણ છે એની વાત કરશે...

(મુમુક્ષુ :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૩, શનિવાર, તા. ૧૯-૯-૧૯૬૪**
**ગાથા – ૧૭૨, પ્રવચન – ૨૫**

... તેનું વિવરણ ચાલે છે. એમાં ત્રણ બોલ તો આવી ગયા. શું આવ્યું? કે પોતાનો આત્માને અનાદિથી, અજ્ઞાનીનો આત્માને અનાદિથી રાગ-દ્વેષની અસ્થિરતા અનાદિથી છે એ છૂટી નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન થયું છે. સમજાણું કાંઈ? આત્મા ચૈતન્ય છે. શુદ્ધ આનંદનો અનુભવ, નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચયજ્ઞાન અને નિશ્ચય સ્વરૂપની સ્થિરતા થઈ છે, પણ હજી રાગ જે વાસના અસ્થિરતા છે એ અનાદિકાળની છે તે નાશ થઈ નથી. સમજાણું કાંઈ? તો એની વાસના હોય છે. નિશ્ચયનું સાધન કરે છે તો એ સમયે વ્યવહાર રાગની મંદતાનું પણ વ્યવહારસાધન જ્ઞાનીને આવે છે. એ વ્યવહારસાધન દ્વારા ક્રમે ક્રમે શુદ્ધતાની વૃદ્ધિ કરે છે એવું આરોપથી કથન કરવામાં આવ્યું છે. પોતાનો વસ્તુનો સ્વભાવ છે એના આશ્રયે જ શુદ્ધિની વૃદ્ધિ કરે છે. પણ રાગની મંદતા વ્યવહાર નિમિત્તરૂપ સાધન છે એનાથી સંસ્કારમાં આગળ વૃદ્ધિ કરે છે એમ કહેવામાં આવ્યું છે. એક વાત પૂરી થઈ ત્યાં.

બીજી વાત કે એકલો વ્યવહારલંબી અનાદિ કાળનો, નિશ્ચય સ્વભાવનું સાધન અંતર પ્રગટ કર્યું નથી અને એકલો વ્યવહાર, દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, સ્વાધ્યાય, વાંચણી, પૂછણા, પર્યટના આદિ બધું, એકલા શુભરાગમાં રહે છે અને શુભરાગથી મને સંવર, નિર્જરા અને મોક્ષ થશે એમ માનનારા વ્યવહારાલંબી પુણ્ય પરિણામને બાંધીને સ્વર્ગાદિમાં જઈને પરંપરાએ ચાર ગતિમાં રખડશે. એ બીજી વાત કરી.

ત્રીજી વાત એમ કહી કે નિશ્ચયાવલંબી, જેને આત્માનું ભાન નથી અને આત્મા નિશ્ચય શુદ્ધ છે... શુદ્ધ છે... શુદ્ધ છે... એમ બકે છે. અને શુભભાવ આવે તો કહે છે કે નહિ, શુભભાવ નહિ, એ શુભભાવ નહિ, એ શુભભાવ નહિ, એ શુભભાવ નહિ. નામ, સ્મરણ, ભક્તિ, પૂજા, દાન, વ્યવહાર વ્રતનો વિકલ્પ આવે તો કહે છે, એ નહિ. એમ શુભરાગનો નિષેધ કરે છે અને નિશ્ચયની પ્રાપ્તિ અંદર કરતા નથી. એકલા પાપના પરિણામ કરીને પાપ બાંધીને ચાર ગતિમાં રખડે છે. એવા ત્રણ બોલ આવ્યા.

ચોથો બોલ અહીંયાં. સમજાણું કાંઈ? દેવીલાલજી! '(હવે **નિશ્ચય-વ્યવહાર બન્નેનો સુમેળ રહે...**' છે ભાઈ? ક્યાં છે? ૨૬૫. ખબર પડેને ક્યાં છે. '(હવે **નિશ્ચય-વ્યવહાર...**' શેઠ! છે એમાં? મળ્યું? છે. '(હવે **નિશ્ચય-વ્યવહાર...**' નિશ્ચયનો અર્થ શું? કે પોતાનો સ્વભાવ શુદ્ધ દ્રવ્ય જ્ઞાયક છે એનો આશ્રય લીધો છે એવા નિશ્ચય શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એનો અંશ પ્રગટ્યો એનું નામ નિશ્ચય અને જેટલી ખામી છે એમાં રાગની મંદતાનો શુભરાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ વગેરે વગેરે જે વ્યવહારના કહ્યા એ, એ ભાવો સાથે છે. '**બંનેનો**

**સુમેળ રહે...'** સ્વભાવ જ્ઞાયક ચૈતન્ય છે શુદ્ધ પરમાનંદમૂર્તિ એનું પણ અવલંબન લઈને જેટલી સ્વઆશ્રયે શુદ્ધ દશા પ્રગટ કરી છે એનું નામ નિશ્ચય કહેવામાં આવે છે. એમાં જરા પરાશ્રય જેટલો વ્યવહાર રહે છે એ છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય પંચ મહાવ્રત આદિના પરિણામ, તેને વ્યવહાર કહેવામાં આવે છે. એ નિશ્ચય અને વ્યવહારનો સુમેળ-સંગતિ છે. સમજાણું કાંઈ? એ સુમેળ રહે. છઠ્ઠું ગુણસ્થાન હોય...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અત્યારે કહ્યું એ બીજી રીતે કહે છે હવે. હવે શીઘ્ર સ્વભાવ સન્મુખ વળવું એ. પહેલાંમાં કહ્યું હતું કે રાગની મંદતા કરતા કરતા આગળ વધવું એમ કહ્યું હતું. અહીંયાં હવે રાગ આવે છે પણ સ્વભાવ સન્મુખ થઈને તેને શીઘ્રપણે નાશ કરીને મુક્તિ લેવી એમ કહે છે. એ વાત કાલે આવી ગઈ. પણ યાદ નથી. કાલે ગયું ને એ તો. ૨૪ કલાક થઈ ગયા. સમજાણું કાંઈ? એ વાત કાલે પહેલા આવી ગઈ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહ્યું ને, ગઈ કાલને ચોવીસ કલાક થઈ ગયા. યાદ ન રહી શકે, એમ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, કહ્યું હતું. કાલે તો પાંચ બોલ કહ્યા. અત્યારે તો ચાર કહ્યા. આ ચોથો બોલ ચાલે છે પણ કાલે તો પાંચ કહ્યા હતા. સમજાણું કાંઈ? ૧૭૦મી ગાથા લઈને (કહ્યું હતું). રાગની મંદતા છે, સ્વભાવનું સાધન છે. એવા રાગથી પુણ્ય બાંધીને દેવલોકાદિ ક્લેશ પામીને પછી રાગનો અભાવ કરીને મુક્તિને પામશે. એ પહેલો બોલ આમાં નહોતો એ લીધો હતો. સમજાણું કાંઈ?

બીજો બોલ આ આવ્યો (જે) આમાં પહેલો બોલ આવ્યો. અહીંયાં પણ પહેલા અનાદિની રાગની વાસના છે. અનાદિની. શ્રદ્ધા, જ્ઞાન તો એ જ છે. રાગ તો અનાદિની અસ્થિરતા છેને. તો એને ટાળવાનો પ્રયત્ન ધીમે ધીમે કરતાં સ્વભાવ સન્મુખની દૃષ્ટિ રાખીને સ્વભાવનું શુદ્ધ સાધન તો છે. પણ રાગની મંદતા જ્યાં સુધી ન છૂટે તો તેમાં સ્વર્ગાદિમાં જઈને ક્રમે ક્રમે રાગ ઘટાડીને મોક્ષ થશે. સમજાણું કાંઈ? એ પહેલો બોલ અહીંયાં ૧૭૨માં (આવ્યો). ચંદુભાઈ!

અને બીજો બોલ વ્યવહારાલંબીનો (આવ્યો). આત્મા સ્વદ્રવ્યનો આશ્રય બિલકુલ નથી. સમજાણું કાંઈ? ચૈતન્ય જ્ઞાનાનંદ પૂર્ણ શુદ્ધ સ્વભાવ એનો આશ્રય બિલકુલ નથી. એકલા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, વિચાર, સ્વાધ્યાય કરવો, વાંચણી, પૂછણા, પર્યટના, ... વગેરે. એ એકલા કલ્પનાના શુભભાવમાં રહે છે અને માને છે કે શુભરાગથી ક્રમે મને મોક્ષ થશે. તો કહે છે કે એ શુભરાગથી દેવલોકાદિ મળશે અને પરંપરા ચાર ગતિમાં રખડશે. સમજાણું કાંઈ? નિશ્ચયમાં એ લીધું કે આત્માનો-સ્વનો આશ્રય તો બિલકુલ લીધો

નથી અને વાતું કરે કે આત્મા નિર્લેપ છે, શુદ્ધ છે, આવો છે, આવો છે અને શુભરાગનું કારણ જ્યારે આવે તો કહે, એ નહિ. એ તો બંધનું કારણ છે... બંધનું કારણ છે... બંધનું કારણ છે. એમ શુભમાં આવતો નથી, નિશ્ચય પ્રાપ્ત કરતો નથી. વચ્ચે અશુભભાવ કરીને પાપબંધ કરીને ચાર ગતિમાં રખડશે.

હવે અહીંયાં શીઘ્ર સ્વભાવ સાધનની સાથે સુમેળ અને ક્રમે ક્રમે ત્યાં કહ્યું હતું, (અહીં) ઉગ્રપણે પુરુષાર્થ કરીને શીઘ્ર મોક્ષ જશે એવી વાતનો સુમેળ કરે છે. એ પાંચમી વાત રહી ગઈ અમારે ચંદુભાઈ કહે છે કે બેની મિશ્રની કેમ વાત એમાં નથી? આ સાંભળો. પછી આવવાની હશે તો આવશે. '**હવે નિશ્ચય-વ્યવહાર...**' નિશ્ચય કોને કહ્યું સમજાણું? કે સ્વ ચૈતન્ય જ્ઞાનાનંદ શુદ્ધ સ્વભાવ વસ્તુ છે એનો આશ્રય કર્યો છે. નિર્વિકલ્પ દૃષ્ટિ, સ્વસંવેદન જ્ઞાનનું વેદન, અને રાગના અભાવરૂપ સ્થિરતાનો અંશ પ્રગટ કર્યો એનું નામ નિશ્ચય. સાથે વ્યવહાર વિકલ્પ આવે—વાંચણી, પૂછણા, પર્યટના વગેરે. સ્વાધ્યાય વગેરે આ શ્રદ્ધવાયોગ્ય છે, આ શ્રદ્ધવાયોગ્ય નથી એ ઓલામાં ગયું. અહીં પણ એ લીધું કે બાર પ્રકારના તપમાં વિકલ્પ આવે છે. વગેરે. એ વ્યવહારનો સુમેળ રહે. નીચે લખ્યું છે જુઓ. '**નિશ્ચય-વ્યવહારના સુમેળની સ્પષ્ટતા માટે ૨૪૧માં પાનાની બીજી ફૂટનોટ જુઓ.**' એટલે બીજી ફૂટનોટમાં આ લખ્યું છે. '**ભૂમિકાનુસાર પ્રવર્તનારા જ્ઞાની જીવોનું...**' જ્ઞાની જીવોનું '**પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે :—**' જ્ઞાની જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે. જુઓ! બહુ સ્પષ્ટ કરી દીધું એમાં તો. હજી પહેલાં બોલમાં તો એમ લાગે કે અનાદિ વાસના ઘટે અને વ્યવહાર ભેદ સાધ્યસાધન આવ્યું. અભિન્ન સાધ્યસાધન ત્યાં ગૌણ હતું અહીં ખુલ્લું કરી દીધું. સમજાણું કાંઈ? શું ખુલ્લું કર્યું? સાંભળો!

'**પરંતુ જે, અપુનર્ભવને (મોક્ષને) માટે...**' ધ્યાન રાખજો. આ નિશ્ચય અને વ્યવહાર છઠ્ઠે ગુણસ્થાને છે એમ આ ટીકામાં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? નિશ્ચય સાતમે છે અને છઠ્ઠે એકલો વ્યવહાર છે એમ નથી. કહે છે કે '**અપુનર્ભવને (મોક્ષને) માટે...**' મુખ્યપણે છઠ્ઠે, ગૌણપણે પાંચમું અને ચોથું પણ લેવું. '**અપુનર્ભવને (મોક્ષને) માટે નિત્ય ઉદ્યોગ કરનારા...**' જુઓ! મોક્ષને માટે નિત્ય ઉદ્યોગ કરનારા. સ્વભાવસન્મુખ કાયમ પ્રયત્નનો પ્રવાહ ચાલુ છે. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય એકલો વિકલ્પરહિત એની તરફ પ્રયત્ન નિરંતર ચાલુ છે. '**(મોક્ષને) માટે નિત્ય ઉદ્યોગ કરનારા...**' એક. હજી વાત આવશે ઘણી.

'**મહાભાગ ભગવંતો,...**' છઠ્ઠા ગુણસ્થાનવાળાને પણ મહાભાગ્ય ભગવંતો કહેવામાં આવ્યા છે. અમરચંદભાઈ! જુઓ, કોઈ કહે છે કે આ વ્યવહાર છઠ્ઠા સુધી છે અને સાતમે નિશ્ચય થાય છે, પછી થાય. અહીં નિશ્ચય અને વ્યવહાર એકસાથે છે એમ કહ્યું છે. સમજાણું કાંઈ? '**નિત્ય ઉદ્યોગ કરનારા...**' શેમાં? મોક્ષને માટે. પૂર્ણ શુદ્ધની પ્રાપ્તિ માટે સ્વઆશ્રયમાં કાયમ પ્રયત્ન કરનારા, જ્ઞાતા... જ્ઞાતા... જ્ઞાતા... સ્વભાવ પ્રત્યે નિત્ય પુરુષાર્થ કરનારા. મહાભાગ

ભગવંતો. સમજાણું કાંઈ? નીચે અર્થ કર્યો. '**મહાભાગ = મહા પવિત્ર; મહા ગુણિયલ; મહા ભાગ્યશાળી.**' એવા ભગવંતો. છઠ્ઠા ગુણસ્થાનની વાત ચાલે છે મુખ્યપણે. ગૌણપણે પાંચમું અને ચોથું પણ સાથે છે જ.

'**નિશ્ચય-વ્યવહારમાંથી કોઈ એકને જ નહિ અવલંબતા હોવાથી...**' શું કહ્યું? નિશ્ચય અને વ્યવહારમાં કોઈ એકનું અવલંબન નહિ, બેય સાથે છે. છેને? '**(—કેવળનિશ્ચયાવલંબી કે કેવળવ્યવહારાલંબી નહિ હોવાથી)**' એનો અર્થ શું થયો? કે નિશ્ચય અને વ્યવહાર બંને એકસાથે છે. સમજાણું કાંઈ? ક્યાં? આ પ્રયત્ન કરે છે, જે અધિકાર ચાલે છે એ જીવ. પોતાના સ્વભાવ ચૈતન્ય તરફ ઝુકાવ છે, મોક્ષ માટે નિત્ય પ્રયત્ન છે અને મહાભાગ્ય '**નિશ્ચય-વ્યવહારમાંથી કોઈ એકને જ નહિ અવલંબતા હોવાથી...**' એટલે કે બંને સાથે રહેવાથી. છેને? સમજાણું કાંઈ?

એકનો નીચે ખુલાસો છે. '**મોક્ષને માટે નિત્ય ઉદ્યમ કરનારા મહાપવિત્ર ભગવંતોને...**' ત્રગડો. '**(મોક્ષમાર્ગી જ્ઞાની જીવોને)...**' મોક્ષમાર્ગી જ્ઞાની જીવોને. છઠ્ઠે, પાંચમે, ચોથે મોક્ષમાર્ગી જ્ઞાની જીવોને એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? કે છઠ્ઠે મોક્ષમાર્ગી નથી અને સાતમે મોક્ષમાર્ગી છે, એ તો ચારિત્રની પૂર્ણતાની અપેક્ષાને યોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગ ત્યાં કહ્યો છે. સમજાણું કાંઈ? દેવીલાલજી! જુઓ! આ ગડબડ બહુ ચાલે છે એનું અહીં સ્પષ્ટીકરણ છે.

કહે છે કે '**નિરંતર શુદ્ધદ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનું સમ્યક્ અવલંબન વર્તતું હોવાથી...**' શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવ જે શુદ્ધ દ્રવ્યનયનો વિષય છે એનું કાયમ, નિરંતર અવલંબન વર્તતું હોવાથી '**તે જીવોને...**' તે જીવોને. '**તે અવલંબનની તરતમતા પ્રમાણે...**' એ અવલંબનની તરતમતા પ્રમાણે. સમજ્યા? '**સવિકલ્પદશામાં ભૂમિકાનુસાર...**' જુઓ! છઠ્ઠે ગુણસ્થાને સવિકલ્પ દશા, રાગની દશા. દયા, દાન, ભક્તિ, વ્રત અથવા વિનય આદિનો વિકલ્પ છે. એવી '**દશામાં ભૂમિકાનુસાર શુદ્ધપરિણતિ...**' અહીં આમ લેવું છે. છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય, પંચમ ગુણસ્થાન યોગ્ય સવિકલ્પ દશા છે. સમજાણું કાંઈ? વાણી, પૂછણા, પર્યટના વગેરે (અને) અનશન, ઉણોદરી, વિકલ્પ આદિ એવા કાળમાં એની શુદ્ધ પરિણતિ છે સ્વદ્રવ્યને આશ્રયે. સમજાણું કાંઈ? આહાહા..!

એવી '**ભૂમિકાનુસાર શુદ્ધપરિણતિ...**' ચોથા ગુણસ્થાને સવિકલ્પ દશામાં ભૂમિકાનુસાર અનંતાનુબંધી મિથ્યાત્વના અભાવની શુદ્ધ પરિણતિ. પાંચમે વિકલ્પકાળમાં એ પંચમ ગુણસ્થાનને યોગ્ય શુદ્ધ પરિણતિ. છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણનો આવ્યો, એ કાળે એ ગુણસ્થાનને યોગ્ય શુદ્ધ પરિણતિ. પરિણતિ સમજ્યા? શુદ્ધ પરિણતિ, શુદ્ધ અવસ્થા, નિર્મળ દશા દ્રવ્યને આશ્રયે પ્રગટી સ્વઆશ્રયે, તેને અહીંયાં વિકલ્પની દશામાં ભૂમિકાનુસાર શુદ્ધ પરિણતિ (કહી છે). સમજાણું કાંઈ? એ રાગાદિ આવે છે. સમજાણું કાંઈ? દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા આદિ વગેરે વિકલ્પ છે. એ વિકલ્પના કાળે જેટલી શુદ્ધ પરિણતિ

અંદર સ્વઆશ્રયે છે એ '**શુભપરિણતિનો યથોચિત સુમેળ...**' એ શુદ્ધપરિણતિ અને સાથે શુભરાગ એ ભૂમિકાયોગ્ય શુભવિકલ્પ, બેની યથોચિત-યથા ઉચિત સુમેળ '**(હઠ વિના)...**' હઠ વિના સહજ એ ભૂમિકામાં એવો વિકલ્પ આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ, જ્ઞાનીને વિકલ્પ ભૂમિકામાં આવે છે. એ વખતે શુદ્ધ પરિણતિ સહજ ભૂમિકાયોગ્ય છે. બેનો સુમેળ. સમજાણું કાંઈ?

'**તેથી તે જીવો આ શાસ્ત્રમાં (૨૪૬મા પાને) જેમને કેવળનિશ્ચયાવલંબી કહ્યા છે એવા કેવળનિશ્ચયાવલંબી નથી...**' બેની ના પાડી ને? નિશ્ચય-વ્યવહારમાંથી કોઈનું અવલંબન નથી. એટલે કે એકલું નિશ્ચયનું અવલંબન નથી. '**અને (૨૪૫મા પાને) જેમને કેવળવ્યવહારાલંબી કહ્યા છે એવા કેવળવ્યવહારાલંબી નથી.**' સમજાય છે? આહાહા..!

મુમુક્ષુ :- બેની મદદ તો સુમેળ...

ઉત્તર :- કીધું ને, બેયનું એકાંત અવલંબન નથી. પણ બેય સાથે છે. નિશ્ચયનું પણ અવલંબન સ્વભાવની શાંતિ, શ્રદ્ધા, જ્ઞાન પ્રગટ થયા છે અને એ ભૂમિકાને યોગ્ય સવિકલ્પ રાગની દશા પણ છે. સવિકલ્પદશા રાગ છે, ભૂમિકાયોગ્ય શુદ્ધપરિણતિ પણ છે. એકલું નિશ્ચયનું અવલંબન, એકલા વ્યવહારનું અવલંબન નથી. એકલા નિશ્ચયનું અવલંબન છે અને વ્યવહાર નથી તોપણ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અને એકલું વ્યવહારાવલંબન છે, નિશ્ચય અંદર નથી તોપણ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- એટલે એક એકની મુખ્યતા જોઈએ, હવે બેયની...

ઉત્તર :- નહિ. એ એક એકની એકાંતની હતી. હવે અહીંયાં એકાંતની નહિ, બેય સાથે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એકલો નિશ્ચય.. નિશ્ચય (કરે અને) પર્યાયનું સાધન અંદર પ્રગટ્યું નથી, સ્વભાવનો આશ્રય પ્રગટ્યો નથી અને એકલા શુભભાવમાં પણ અવલંબન લીધું નથી, તો નિશ્ચયાવલંબી એકલો થયો, પાપ બાંધ્યું. અને નિશ્ચયનું સાધન કર્યું નથી, એકલા શુભરાગને સાધન માન્યું એ વ્યવહારાવલંબી થયો. જ્ઞાની બેયનું એકનું અવલંબન આવવું અને એકનું નહિ એમ નહિ. બેયનું સાથે છે. નથી એકાંત નિશ્ચયનું અવલંબન, નથી એકાંત વ્યવહારનું અવલંબન. એકસાથે શુદ્ધ પરિણતિ યોગ્ય નિશ્ચય છે અને એ કાળે રાગનો વિકલ્પ દેવ-ગુરુ-શાસ્ત્ર, ભક્તિ, વ્યવહારરત્નત્રય, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા, આચારંગ આદિનું જ્ઞાન અને પંચ મહાવ્રતાદિના વિકલ્પ એ બેય સાથે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉપયોગની વાત નથી, છે. સાથે છે. નિમિત્તરૂપ સાધન કહેવામાં આવે એવી પરિણતિ છે. એટલું સિદ્ધ કરવું છે. એનાથી મોક્ષ થશે એ વ્યવહારથી કથન કરવામાં આવ્યું. નિશ્ચય સ્વભાવની શુદ્ધ પરિણતિથી મુક્તિ થાય છે. વ્યવહારથી કથન ઉપચારનું કથન છે.

પણ છે બેય. શુદ્ધ પરિણતિ છે અને શુભ નથી એમ નથી અને એકલું શુભ છે અને શુદ્ધ નથી એમ પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! હજી તો ખુબી એમાં લેશે. પ્રમાદની પ્રવૃત્તિ થાય અને ટાળે. હજી છઠ્ઠું ગુણસ્થાન છે ત્યાં આત્માની નીચલી દશાની વાત છે. અને એકસાથે નિશ્ચય અને વ્યવહાર બેય છે. નિશ્ચય સાતમે અને વ્યવહાર ચોથેથી છઠ્ઠે (એમ) એક કાળે નથી એમ નથી. સમજાણું કાંઈ? એ કહે છે કે એક કાળ નથી. વ્યવહારનો કાળ ભિન્ન છે, નિશ્ચયનો કાળ ભિન્ન છે. વ્યવહારનો સ્વામી ભિન્ન છે, નિશ્ચયનો સ્વામી ભિન્ન છે. વ્યવહારનો ભાવ ભિન્ન છે, નિશ્ચયનો ભાવ ભિન્ન છે. એ ભાવ એ કાળે ભિન્ન, એક કાળે ભિન્ન એમ નથી. પછીના કાળે ભિન્ન છે એમ કહે છે. એ ખોટી વાત છે. સમજાણું કાંઈ? શું કહ્યું? વ્યવહારનો ભાવ ભિન્ન, નિશ્ચયનો ભાવ ભિન્ન પણ એક કાળે છે. એ તો કહે કે વ્યવહારનો ભાવ ભિન્ન છે અને નિશ્ચયનો કાળ ભિન્ન છે અને ભાવ પણ પછી ભિન્ન છે. ચંદુભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, એમ નથી. સમજાણું કાંઈ? આ વાત તો અનંત કાળમાં કાં એકલો નિશ્ચય કલ્પી લે કે બસ, આત્મા નિર્લેપ છે... નિર્લેપ છે... નિર્લેપ છે... શુદ્ધ છે, જ્ઞાતા છે. પણ ક્યાંથી આવ્યો નિર્લેપ? પર્યાયમાં સ્વનો આશ્રય કર્યા વિના પ્રગટ શુદ્ધ સાધન ક્યાંથી આવ્યું? અને આત્મામાં શું છે? એ તો વિકલ્પ આવે છે... વિકલ્પ આવે છે... શુભરાગ કરો. કરતા... કરતા... કરતા... કલ્યાણ થઈ જશે, એ પણ એક સાધન છે. એ સાધન છે જ નહિ.

મુમુક્ષુ :- બેય એક કાળે છે.

ઉત્તર :- એક કાળે છે. ભાવ ભિન્ન છે. ભૂમિકા છઠ્ઠા, પાંચમા, ચોથાની છે.

મુમુક્ષુ :- .. બેય સાથે સાથે છે.

ઉત્તર :- હા, સાથે સાથે છે. સંવર, નિર્જરા પણ સાથે છે, બંધનો ભાવ પણ સાથે છે. સાથે છે એની તો વાત ચાલે છે. સમજાણું કાંઈ?

**'એકને જ નહિ અવલંબતા હોવાથી (—કેવળનિશ્ચયાવલંબી અને કેવળવ્યવહારાવલંબી નહિ હોવાથી)...'** અથવા નિશ્ચય સાધન અને વ્યવહારસાધન બેય સાથે છે. સમજાણું કાંઈ? **'અત્યંત મધ્યસ્થ વર્તતા,...'** એટલે કે સ્વદ્રવ્યનો આશ્રય લીધો એટલી શુદ્ધતા પ્રગટી એ પણ છે અને પરદ્રવ્યનો આશ્રય એમાં જરી દેવ-ગુરુ-શાસ્ત્ર આદિની શ્રદ્ધા, અગિયાર અંગનું જ્ઞાન અને પંચ મહાવ્રતના પરિણામ આદિ, બાર વ્રતના પરિણામ એ સાથે છે. બેયમાં મધ્યસ્થ છે. મધ્યસ્થનો અર્થ ન તો એકલો નિશ્ચય છે, ન તો એકલો વ્યવહાર છે. બેય સાથે છે તેને મધ્યસ્થ કહે છે. સમજાણું કાંઈ?

**'શુદ્ધચૈતન્યરૂપ આત્મતત્ત્વમાં વિશ્રાંતિના વિરચન પ્રત્યે અભિમુખ વર્તતા,... '**

જુઓ! શું કહે છે? શુદ્ધચૈતન્યરૂપ આત્મતત્ત્વ. આત્મા કેવો છે? કે શુદ્ધચૈતન્યરૂપ આત્મતત્ત્વ. શુદ્ધજ્ઞાયકભાવરૂપ આત્મતત્ત્વમાં વિશ્રાંતિ. એમાં વિશ્રાંતિ—ઠરવું. સ્વભાવ જ્ઞાયકભાવ શુદ્ધચૈતન્યમય આત્મતત્ત્વ છે એમાં ઠરવું, વિશ્રાંતિ. વિરચન-વિશેષપણે રચવું. જુઓ! શુદ્ધ ચૈતન્યરૂપ આત્મતત્ત્વમાં વિશ્રાંતિ એ મોક્ષનું સાક્ષાત્ સાધકપણું છે. એ '**વિરચન પ્રત્યે અભિમુખ...**' છે. જ્ઞાયકભાવ, શુદ્ધભાવ, અનંત અનંત... એ સવારે બહુ કહી હતી ગુણની વ્યાખ્યા. આવ્યું હતા કે નહિ?

મુમુક્ષુ :- ખુબ આવ્યું.

ઉત્તર :- ખુબ આવ્યું લ્યો ભાઈ અમારે કહે છે, બહુ આવ્યું. એક એક ગુણનું સ્વભાવ સામર્થ્ય એવું આખું દ્રવ્ય, એની સન્મુખ થઈને વિશ્રાંતિ નામ અંતર ઠરે છે, વિશેષ શાંતિ ઠરે છે. સમજાણું કાંઈ?

અને '**અભિમુખ વર્તતા,...**' સ્વભાવ સન્મુખ દૃષ્ટિ, જ્ઞાનાદિ પર્યાય. સ્વભાવ સન્મુખ વર્તતો થકો. એટલી વાત પ્રધાનપણે લીધી. હવે '**પ્રમાદના ઉદયને અનુસરીને વૃત્તિને...**' જુઓ! અહીંયાં સવિકલ્પદશા છઠ્ઠા ગુણસ્થાનની છે, પાંચમા ગુણસ્થાને એને યોગ્ય. તો અહીં છઠ્ઠા ગુણસ્થાને પ્રમાદના ઉદયનું અનુસરણ આવ્યું જરી. એ ભૂમિકાને યોગ્ય ન હોય એવો થોડો પ્રમાદ આદિ આવ્યો, એ '**વૃત્તિને નિવર્તાવનારી...**' પ્રમાદના પરિણામમાં તીવ્રમાંથી નિવર્તાવનારી શુભક્રિયા. છે તો શુભક્રિયા પ્રમાદ. પણ તીવ્ર પ્રમાદ જરી થતો હતો તેનાથી પાછો ખસી. આ ક્રિયા ક્યાં થાય છે? સાતમે થાય છે? અહીં તો કહ્યું, નિશ્ચય-વ્યવહાર એકસાથે છે અને એને એ થાય છે. સમજાણું કાંઈ?

જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપ્રભુ એનો આશ્રય કરીને અને એની વિશ્રાંતિ કરીને એની સન્મુખ તો છે, પણ હજી પૂર્ણ નથી એટલે એ ભૂમિકાને યોગ્ય જરી પ્રમાદના પરિણામ ચલિત થયા તો એવી વૃત્તિને-પ્રમાદવૃત્તિને નિવર્તન કરનારી. ત્યાં હિન્દીમાં અર્થ કર્યો. આપણે ભાઈએ તો પાઠ પ્રમાણે કર્યો હશે ને ત્યાં. '**प्रमादोदयानुवृत्तिनिवर्तिकां**' એટલો પાઠ છે. એટલે ત્યાં આગળ હિન્દી એમ કર્યું છે કે એનું પ્રાયશ્ચિત લેતા થકા. ભાઈ! અહીં છેને પ્રમાદ. પ્રાયશ્ચિત એટલે એ વિકલ્પદશા છે. 'આ નહિ' એમ પ્રાયશ્ચિતનો વિકલ્પ આવે છે. સમજાય છે કાંઈ? એ પહેલાં આવ્યું હતુંને દોષાનુસાર પ્રાયશ્ચિત લે છે. એને આવે છે. પહેલામાં આવ્યું હતું. કહો, સમજાણું કાંઈ?

આવી સમજણ કરવી (કે) કેવી ચીજ છે? કઈ રીતે ઢળે છે? કેમ ઢળે છે? એમાં પણ જરી શુદ્ધ સ્વભાવનો અંતર આશ્રય કરતા મુનિ વિશ્રાંતિ સ્વભાવ તરફ લે છે અને સ્વભાવ તરફ અભિમુખ છે છતાં અંદર પ્રમાદની પરિણતિ થોડી આવે છે તેને નિવર્તાવનારી ક્રિયાકાંડ. પ્રાયશ્ચિતનો વિકલ્પ આવે છે વિકલ્પ. એ ક્રિયાકાંડ પરિણતિ આવે છે. સમજાણું કાંઈ? ત્યાં નિશ્ચય અને વ્યવહાર બેય છે. સ્વભાવના આશ્રયરૂપ નિશ્ચય છે પર્યાયરૂપ હોં!

અને એટલો વિકલ્પ તીવ્ર જરી હતો ત્યાંથી ખસીને શુભ પરિણામ આવ્યા, એવી '**ક્રિયાકાંડપરિણતિને માહાત્મ્યમાંથી વારતા...**' પણ છતાં એ શુભપરિણામનું માહાત્મ્ય નથી અંદરમાં. શું કહ્યું સમજાણું?

મુમુક્ષુ :- અવલંબન છે.

ઉત્તર :- અવલંબન છે છતાં માહાત્મ્ય નથી કે ઓહો..! આ શુભભાવ(રૂપ) પ્રાયશ્ચિત થયું તો એનાથી મારી શુદ્ધિ થઈ જશે એમ માહાત્મ્ય નથી. શુભરાગ આવ્યો. કહો, સમજાણું કાંઈ? શું કહ્યું?

જુઓ! આ અધિકારમાં બહુ સ્પષ્ટ છે. નિશ્ચય-વ્યવહાર એકસાથે છે એમ બહુ સ્પષ્ટ છે. વ્યવહાર પહેલાં અને નિશ્ચય પછી... સમજાણું કાંઈ? એમ નથી. પૂર્ણ નિશ્ચય થઈ જાય એ તો કેવળજ્ઞાન છે. એમાં તો કોઈ વાત નથી. અહીં તો જ્યાં નિશ્ચય છે ત્યાં વ્યવહાર છે અને વ્યવહાર છે ત્યાં નિશ્ચય સાથે કઈ રીતે રહે છે? અને કઈ ભૂમિકામાં છે? સમજાણું કાંઈ? અત્યારે બહુ ગડબડ ચાલે છે માટે ધીમે ધીમે અહીંયાં તેનું સ્પષ્ટીકરણ થાય છે. કોઈ કહે કે નહિ, એકલો વ્યવહાર, પહેલા એકલો વ્યવહાર કહ્યો હતો. એ 'વાસના' આવી હતી ને પહેલા? એકલો વ્યવહાર છે. વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનાથી વધતા વધતા નિશ્ચય સાતમે એનાથી થશે. સમજાણું કાંઈ? એમ નથી.

કોઈ કહે કે વ્યવહારનો કાળ ભિન્ન છે, નિશ્ચયનો ભિન્ન છે. કોઈ કહે કે વ્યવહારનો સ્વામી ભિન્ન છે અને નિશ્ચયનો સ્વામી ભિન્ન છે. વ્યવહાર-નિશ્ચયનો ભાવ ભિન્ન છે. ભાવ ભિન્ન એ બરાબર છે, પણ એક કાળે ભિન્ન છે અને ઓલા ભિન્ન કાળમાં ભિન્ન છે એમ કહે છે. સમજ્યું કાંઈ? આહાહા..! એને માટે તો આ અધિકાર છે. મૂળ ગાથામાં તો વીતરાગતાની જ વાત છે. પણ જ્યાં સુધી પૂરી વીતરાગતા ન હોય ત્યાં સુધી અંદર વીતરાગની પરિણતિ જેટલી થઈ એની સાથે એને યોગ્ય સવિકલ્પ વ્યવહારરત્નત્રય આવે છે. સમજાણું કાંઈ? એવા વિકલ્પકાળમાં પણ જરા પ્રમાદ થઈ ગયો હોય તો એનાથી નિવર્તીને, પ્રાયશ્ચિત કરીને શુભપરિણતિ કરી. 'કર્યું' એમ અહીં તો કથન છે ને. કર્તૃત્વબુદ્ધિ નથી. પણ એવો શુભભાવ આવ્યો. એ શુભભાવને પણ માહાત્મ્યથી વારે છે અર્થાત્ એનું માહાત્મ્ય નથી કરતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાવ શુદ્ધ એ શુદ્ધ છે અને રાગ એ રાગ છે. પણ રાગનું માહાત્મ્ય નથી કરતા. એ વાત સમજાતી નથી હજી. માહાત્મ્ય નથી કરતા એ વાત ચાલે છે. તમારો પ્રશ્ન..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ મિશ્રની વાત ચાલતી નથી. શું ચાલે છે એની તમને ખબર નથી. ચાલે છે કે રાગ આવે છે પણ એનું માહાત્મ્ય નથી કરતા એ વાત ચાલે છે. મિશ્ર તો છે, એ પ્રશ્ન ક્યાં છે? એ તો વાત કરી કે ભાઈ, શુદ્ધ છે, પણ એ રાગ આવ્યો એનું માહાત્મ્ય

નથી કરતા એ વાત ચાલે છે અહીંયાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આદર નથી.

ઉત્તર :- આદર નથી. છે, એ વાત તો પહેલા ચાલી ગઈ. એ તો કેટલી વાર કહ્યું. નિશ્ચય સ્વભાવના આશ્રયે સાધન થયું એ નિશ્ચય અને એ ભૂમિકામાં વ્યવહારરત્નત્રયનો વિકલ્પ કેટલી વાર આવ્યો? વિકલ્પ છે, વ્યવહાર છે, નિશ્ચયકાળમાં વ્યવહાર છે, વ્યવહારકાળમાં શુદ્ધ પરિણતિનો કાળ પણ છે. પણ એ સાથે હોવા છતાં એ ભૂમિકાને યોગ્ય જરી પ્રમાદ થઈ જાય તો પ્રાયશ્ચિત અથવા 'આ નહિ' એવો વિકલ્પ આવ્યો, એ વિકલ્પ આવ્યો એનું પણ માહાત્મ્ય નથી કરતા.

મુમુક્ષુ :- આદર તો..

ઉત્તર :- આદર તો સ્વભાવ તરફ છે. સમજાણું કાંઈ?

અહીં તો ક્રિયાકાંડ પરિણતિને માહાત્મ્યથી વારતો થકો. કરે છે, સહજ એ વિકલ્પ આવ્યો છે. આવ્યા વિના રહેતો નથી. હજી છદ્મસ્થ છે એનો રાગ પણ (આવે છે). શુદ્ધ પરિણતિ છે, સ્વદ્રવ્યના આશ્રયે શુદ્ધ પરિણતિ છે શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતાનો અંશ સ્વદ્રવ્યને આશ્રયે થયો, પરદ્રવ્યનો આશ્રય એટલો રહ્યો કે તેમાં વ્યવહારરત્નત્રયનો વિકલ્પ વર્તે છે. એ યોગમાંથી જરાક સ્ખલિત થયો તો પ્રાયશ્ચિતરૂપે શુભરાગ આવ્યો. સમજાણું કાંઈ? એ તો કથનની પદ્ધતિ એવી છે. એ (આગલો રાગ) તો ચાલ્યો ગયો અને વર્તમાન (પ્રાયશ્ચિતરૂપ) શુભરાગ થાય છે એને એના પ્રાયશ્ચિતરૂપ (એવો) એનો અર્થ કરે છે. અને એ રાગ આવ્યો એનું માહાત્મ્ય ટાળતા થકા. માહાત્મ્ય નથી. હોય છે, છે નિશ્ચય અને વ્યવહાર બેય. પણ વ્યવહારનું માહાત્મ્ય ટાળતા થકા. માહાત્મ્ય નથી કરતા એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ!

મૂળ માર્ગને સમજ્યા વિના એવી બાહ્યમાં એકલી પ્રવૃત્તિ, ક્રિયાકાંડ અને કાં નિશ્ચય શુષ્કજ્ઞાની થઈ જાય. શુષ્કજ્ઞાની. બસ! થઈ ગયા અમે નિર્લેપ, શુદ્ધ છે, કાંઈ નથી. ક્યાંથી નથી? અંદર સ્વદ્રવ્યના આશ્રયનો પ્રયત્ન કર્યા વિના શુદ્ધની શ્રદ્ધા, જ્ઞાનની પર્યાય પ્રગટ થતી નથી અને પ્રગટ પર્યાય નથી થઈ ત્યાં સુધી શુદ્ધ શુદ્ધ ક્યાંથી થયું? દ્રવ્યમાં શુદ્ધ છે એમાં તને શું આવ્યું? સમજાણું કાંઈ? દ્રવ્ય-ગુણ શુદ્ધ છે એમાં તારી પર્યાયમાં શું આવ્યું? માહાત્મ્ય તો એ છે.

વસ્તુ ચિદાનંદ પ્રભુ જ્ઞાયકભાવ સ્વભાવ પડ્યો છે એનો આશ્રય લઈને દૃષ્ટિ, જ્ઞાન, લીનતા થઈ એ જ શુદ્ધ છે. એ જ સાધન નિશ્ચયનું છે, કેવળનું અથવા સાધ્યનું. પણ એ કાળે આવો વ્યવહાર આવે છે. વ્યવહારરત્નત્રયને યોગ્ય, એ ભૂમિકાને યોગ્ય વિકલ્પ આવે છે. શ્રાવકને બાર વ્રત આદિ, મુનિને પંચ મહાવ્રત આદિ, અઠ્યાવીશ મૂળગુણ આદિ, એમાં સ્ખલન થઈ જાય તો જરા પ્રાયશ્ચિતનો વિકલ્પ પણ આવે છે. એ વિકલ્પ વ્યવહાર છે. શુદ્ધ પરિણતિ નિશ્ચય છે. છતાં વ્યવહારનું માહાત્મ્ય ટાળતા થકા. ઓહોહો..! ઘણું કર્યું અમે, પ્રાયશ્ચિત

લીધું, એમ નથી. શુભરાગ આવ્યો વ્યવહારરત્નત્રયનો, એનાથી જરી સ્ખલિત થયો તોપણ શુભરાગ આવ્યો. સમજાણું કાંઈ? તોપણ એનું માહાત્મ્ય નથી. માહાત્મ્ય સ્વભાવનું છે.

નિશ્ચય-વ્યવહાર બે સાથે છે, પણ વ્યવહારનું માહાત્મ્ય નથી. એમ કહે છે કે વ્યવહાર છે એટલું બતાવે છે. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહાર ક્રિયાકાંડ જેટલો શાસ્ત્રમાં લખ્યો છે એવી ભૂમિકાને યોગ્ય એવો વિકલ્પ તેને છે. છતાં... છતાં કહે છેને? એમ હોવા છતાં... શુભરાગને ક્રિયાકાંડ કહ્યું, જુઓ એનું નામ. છઠ્ઠે ગુણસ્થાને આવે છે કુંદકુંદાચાર્ય જેવા મુનિઓને પણ. વ્યવહાર આવ્યા વિના રહે નહિ, કાં કેવળજ્ઞાન થઈ જાય. સાથે સાધ્યનું નિશ્ચયસાધન સાથે છે, છતાં વ્યવહારસાધનનું માહાત્મ્ય નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સ્વભાવનું જ નિરંતર સાધન છે. સ્વભાવની મુખ્યપણે દૃષ્ટિ છે એ કદી ખસતી નથી. આહાહા..! ભારે નિશ્ચય વ્યવહાર, એવી ગડબડ ચાલી છેને.

આ એક અધિકાર એવો ચોથામાં છે. સમજ્યાને? ઓલા પહેલામાં ગોટા વાળ્યો હોય એનો અહીં ખુલાસો કરી નાખે છે. અને પહેલામાં કહ્યું કે વ્યવહારસાધન સાધન છે. પણ એકલું વ્યવહારસાધન વ્યવહારાલંબીને છે એ તો મિથ્યાત્વ કહ્યું. અહીં નિશ્ચયસાધન સ્વભાવનું છે. અહીંયા ખુલાસો કર્યો છે કે ક્યા ક્યા ગુણસ્થાનમાં છે. જુઓ! જ્યાં પ્રમાદ થાય છે તે ભૂમિકામાં વ્યવહાર છે ત્યાં નિશ્ચય પણ છે, છતાં વ્યવહારનું માહાત્મ્ય નહિ કરીને નિશ્ચયનું માહાત્મ્ય કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! દેવીલાલજી!

નિત્ય ઉદ્યોગ કરનારા, નિશ્ચય-વ્યવહાર સાથે રહેનારા, અત્યંત મધ્યસ્થ વર્તનારા, આત્મતત્ત્વમાં વિશ્રાંતિના વિરચન-રચના કરનારા, સ્વભાવસન્મુખ વર્તનારા. એટલો નિશ્ચય કહ્યો. સાથે '**પ્રમાદના ઉદયને અનુસરતી વૃત્તિને નિવર્તાવનારી (ટાળનારી)...**' અશુભથી. '**ક્રિયાકાંડપરિણતિને...**' શુભ ક્રિયાકાંડની પરિણતિ, શુભ વિકલ્પની અવસ્થા. જુઓ! એમાં પણ પરિણતિ કહી. સમજાણું કાંઈ? શુદ્ધની પણ પરિણતિ છે અને સાથે અશુદ્ધની પણ પરિણતિ છે. સમજાણું કાંઈ? શુભ '**ક્રિયાકાંડપરિણતિને માહાત્મ્યમાંથી વારતા (-શુભ ક્રિયાકાંડપરિણતિ હઠ વિના...**' હઠ નથી. સહજ એ ભૂમિકાને યોગ્ય એવો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. હઠ વિના. અરે..! મારે આવું પ્રાયશ્ચિત કરવું પડશે, એમ નથી. મને આટલું પાપ લાગ્યું તો આટલા અપવાસ કરવા પડશે. ગુરુ શું દંડ આપશે? શું થશે? એમ નથી. શેઠી!

સહજ સ્વભાવની આશ્રયદૃષ્ટિ હોવા છતાં, નિર્વિકલ્પ દૃષ્ટિ હોવા છતાં અને જ્ઞાનીની મુખ્યદૃષ્ટિ મુખ્ય તો દ્રવ્ય ઉપર જ સદાય છે. કદી પર્યાય અને રાગની મુખ્યતા જ્ઞાનીને હોતી નથી. હોતી નથી છતાં રાગ આવે તોપણ માહાત્મ્ય તો અંતર તરફ છે. (માટે રાગથી) નિવારે છે. હવે વ્યવહારરત્નત્રયનું માહાત્મ્ય ટાળે છે એમ કહે છે. આ કહે કે વ્યવહારરત્નત્રયથી

નિશ્ચયરત્નત્રય થાય છે. અરે..! ભગવાન! કહો, દેવીલાલજી! કેટલો ફેર!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય. હોય છે તેથી તો વાત કરે છે, સાથે સુમેળ છે. પણ એ માહાત્મ્ય નહિ કરવાની ચીજ છે. બહુ ઉલ્લાસિત થઈ ગયો કે ઓહોહો..! મેં અપવાસ કર્યા, મેં આમ કર્યું, દંડ આપ્યો ને મારા પાપ ઓસર્યા એ વિકલ્પથી, એવું માહાત્મ્ય નહિ કરવાથી. માહાત્મ્ય નથી. આવે છે.

'**ક્રિયાકાંડપરિણતિને માહાત્મ્યથી વારતા...**' આહાહા..! ટીકા તો કેટલી સ્પષ્ટ કરી છે! હવે આ તો અમૃતચંદ્રાચાર્ય એમ કે આમ શું કરે છે? આમ શું કરે છે? વળી કો'ક કહે છે, અમૃતચંદ્રાચાર્ય કડક કરે છે. વળી એમ કોઈ કહે છે. કોઈ કહે કે અમૃતચંદ્રાચાર્યે ઢીલું કરી દીધું. વળી એમ કહે છે. સમજાણું કાંઈ? એક એ ભટ્ટારક હતાને? કારંજા. એ કહે કે અમૃતચંદ્રાચાર્યે વ્યવહાર કહી કહીને ઘણું હળવું કરી દીધું. વળી કોઈ કહે, અમૃતચંદ્રાચાર્યે કડક કરી દીધું કુંદકુંદાચાર્ય કરતાં, અર્થ કરી કરીને. અરે..! ભગવાન! ભાઈ! જેમ છે તેમ છે. ભાઈ! તને ખબર નથી એ અંદરના માર્ગની રીત અને પંથ શું છે. એકલું શાસ્ત્ર-શાસ્ત્ર કર્યા કરે. વેદિયાની જેમ આ શાસ્ત્રમાં આ લખ્યું, આ શાસ્ત્રમાં આમ લખ્યું. બધું લખ્યું છે. પણ એનો સાર શું છે? સાર તો વીતરાગતા કહ્યું. એ (વાત) તો ચાલે છે. તો વીતરાગપણું નિમિત્ત, રાગ, પર્યાયથી ઉપેક્ષા કરીને સ્વભાવ તરફ ઢળવું એ વીતરાગતા બધા શાસ્ત્રનો સાર છે. પણ એ વીતરાગતા જ્યાં સુધી પૂર્ણ ન થાય (ત્યાં સુધી) સાથે અનુકૂળરૂપ છ દ્રવ્ય, નવ તત્ત્વનો ભેદ, છકાયની દયાનો વિકલ્પ, અગિયાર અંગનું જ્ઞાન એવા જ નિમિત્તરૂપ વિકલ્પ આવે છે તેને વ્યવહારસાધન નિમિત્ત કહેવામાં આવે છે. એ સાધન આવવા છતાં અંતરમાં તેનું માહાત્મ્ય આવતું નથી. સમજાણું કાંઈ? એકસાથે બે હોવા છતાં એકમાં માહાત્મ્ય છે અને બીજામાં માહાત્મ્ય નથી. આહાહા..! લ્યો, આ તો કહે, નહિ. બેય સમકક્ષ જ છે. બેય સત્ય છે, બેય આદરણીય છે, બેયનું ફળ મોક્ષ છે. કહે છેને, ભાઈ. બધા ભણ્યા-ગણ્યા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કથન શું કહે છે? કઈ અપેક્ષાએ કહે છે? એનો અર્થ સમજ્યા વિના. અહીં તો સ્વદ્રવ્યના આશ્રયે વીતરાગતા જ સિદ્ધ કરવી છે. વીતરાગતા બધા શાસ્ત્રનો સાર છે ચાર અનુયોગનો. વીતરાગતાનો અર્થ પરથી ઉપેક્ષા. સ્વનો આશ્રય કરવો, પરની ઉપેક્ષા કરવી એ બધા શાસ્ત્રનો સાર છે. સ્વદ્રવ્યનો આશ્રય અને પરની ઉપેક્ષા એનું નામ વીતરાગતા એ બધા શાસ્ત્રનો સાર છે. પણ સ્વદ્રવ્યનો આશ્રય પૂર્ણ ન થયો હોય ત્યાં સુધી પરાશ્રય એવા વ્યવહાર વિકલ્પની ભૂમિકા આવ્યા વિના રહેતી નથી. સમજાણું કાંઈ?

વળી એક પર્યાયમાં બે ભાગ ક્યાંથી આવ્યા? એમ માને છે કેટલાક. શુદ્ધ પર્યાય થઈ

અને એ જ પર્યાયમાં થોડો ભાગ રાગનો રહ્યો એ અશુદ્ધ છે. પણ એ બન્ને છે. સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? એમ કે બેમાં એક પર્યાય કહો, એને વ્યવહારમાર્ગ કહો. શું? જે સ્વભાવને આશ્રયે શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન થયા અને જરી રાગ રહ્યો, એ બેય મળીને વ્યવહારમોક્ષમાર્ગ એમ કહો. એમ છે જ નહિ. જેટલી સ્વભાવને આશ્રયે શુદ્ધતા થઈ એ જ નિશ્ચયસાધન મોક્ષનું છે અને જેટલો રાગાદિ વ્યવહારરત્નત્રય થયો એ બંધનું જ કારણ છે. પણ નિમિત્ત દેખીને મોક્ષના માર્ગનો આરોપ દેવામાં આવ્યો છે. એમ છે નહિ એને કહ્યું છે. છે (બન્ને) એકસાથે. ચંદુભાઈ! સમજાણું કાંઈ? સમજમેં આયા? સમજાણું કાંઈ એટલે ઈ.

વિકલ્પ હોતા નથી. એક જણો કહેતો હતો. સાધુ આવ્યા હતા. વિકલ્પ એ તો મિથ્યાત્વ છે. ઠીક! હજી ભાન ન મળે કાંઈ ત્યાં... એ જાણે કે નિશ્ચયની વાત છેને અહીંયા, તો આપણે એમ લગાવી દ્યો. નગ્ન સાધુ આવ્યા હતા નગ્ન. ત્યાં સાથે બેઠા હતા. વિકલ્પ તો મિથ્યાત્વ છે. વિકલ્પ મિથ્યાત્વ છે તો છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ તો આવે છે. અમારે વ્યવહારનું શું કામ છે? વળી એમ બોલતા હતા. બીજી વાત. ઓહો..! પાવર ફાટ્યો લાગે છે, કીધું, આનો. નિશ્ચયનું ભાન નથી. અમારે વ્યવહારનું શું કામ છે? એમ બોલે. (સંવત) ૨૦૦૯ની સાલમાં. અગિયાર વર્ષ થયા. સમજાણું કાંઈ? વિકલ્પ છે એ મિથ્યાત્વ છે એમ પાટ ઉપર બેસીને બોલ્યા હતા. આ જ પાટ ઉપર. વિકલ્પ છે એ મિથ્યાત્વ છે. અરે..! વિકલ્પ મિથ્યાત્વ છે? શુભરાગ મિથ્યાત્વ છે? કોણ કહે છે? આ શું કહે છે? છઠ્ઠે ગુણસ્થાને મુનિને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એ મિથ્યાત્વ નથી. સમજાણું કાંઈ? તેને પરમાર્થ ધર્મ માને તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? પણ અહીંયાં નિશ્ચયની વાત ચાલે છેને તો લગાવો, એને અનુકૂળ બોલો. શોભાલાલજી! ભાઈ! અહીંયાં એમ અનુકૂળ નથી. નિશ્ચય છેને માટે. પણ નિશ્ચય છે તો નિશ્ચય સ્વદ્રવ્ય આશ્રય, પણ પૂર્ણ ન થાય ત્યાં સુધી એવો પરાશ્રય રાગ થયા વિના રહે નહિ. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર છદ્મસ્થ હોય છઠ્ઠે ગુણસ્થાને એને પણ શુભરાગ આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ?

'**(-શુભ ક્રિયાકાંડપરિણતિ...**' કૌંસમાં. '**હઠ વિના સહજપણે...**' સહજનો અર્થ- છે તો રાગ. પણ સહજનો અર્થ 'હું કરું' એવી બુદ્ધિ નથી. સહજનો અર્થ અંદરમાં શુદ્ધ સ્વભાવ એમ નહિ. '**હઠ વિના સહજપણે ભૂમિકાનુસાર...**' પંચમ ગુણસ્થાનને યોગ્ય બાર વ્રતનો વિકલ્પ આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજાનો, ષટ્કર્મનો આવે છે કે નહિ? ષટ્ કર્મ. એવો વિકલ્પ એની ભૂમિકાને યોગ્ય, ષટ્કાર્ય કહે છે એ સહજરૂપે આવે છે. હઠથી આવે કે અમારે કરવું પડશે, અરે..! સવારે આ કરવું પડે, શ્રાવકના છ કર્તવ્ય છે એમ નથી. સ્વનો આશ્રય કરે છે અપૂર્ણ છે, તો એવો ષટ્કર્મનો વિકલ્પ હઠ વિના આવ્યા વિના રહેતો નથી.

'**હોવા છતાં અંતરંગમાં તેને માહાત્મ્ય નહિ અર્પતા,...**' જુઓ! વ્યવહારરત્નત્રયનું

અંતરંગમાં માહાત્મ્ય નહિ અર્પતા. આ તો બધાનો ખુલાસો કરી નાખે છે એક ટીકામાં તો. આ સમજવું નહિ અને જ્યાં ઓલું કીધું, અનાદિથી ભેદવાસના ટળી નથી માટે પહેલા તો વ્યવહારરત્નત્રય કરતા કરતા પછી નિશ્ચય આવશે. એવો અર્થ પહેલાં બોલમાં લઈ લીધો. અરે..! ભગવાન! એમ નથી. ત્યાં તો એમ વાત કરી કે વાસના અનાદિની અસ્થિરતા છે એ અનાદિની છે. સમ્યગ્દર્શન, ચારિત્ર અંશ નવા પ્રગટ્યા એ અનાદિનો નથી, એ તો નવો છે. વાસના બાકી રહી છે એ કાંઈ નવી છે એમ નથી. અનાદિની અસ્થિરતા છે તો ક્રમે ક્રમે ટાળવામાં નિશ્ચયનો આશ્રય—સાધન છે, વ્યવહાર એમ સુખે સુખે કરે છે એમ ત્યાં કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે જ્યાં સુખે સુખે કરતા હતા, કર્યું હતું, વ્યવહારના કારણે સંસ્કાર કરતા હતા, ક્રમે ક્રમે વિશુદ્ધિ ઉત્પન્ન કરતા હતા, એમ જે ત્યાં કહ્યું હતું, એ અહીંયા કહે છે કે વ્યવહારનું માહાત્મ્ય છોડી દે. સમજાણું કાંઈ? એમ તું ત્યાં અર્થ લગાવીને એમ માન કે જુઓ! આ રીતે તેને શુદ્ધિ થાય છે, તેને સંસ્કાર પડે છે. એ ક્રમે ક્રમે વ્યવહારથી આગળ વધે છે. છોડી દે એવું માહાત્મ્ય. હોય એનું માહાત્મ્ય છોડવું કે ન હોય એનું? અમરચંદભાઈ! છે કે નહિ? છઠ્ઠે ગુણસ્થાને, પંચમ ગુણસ્થાને, ચોથે ગુણસ્થાનને યોગ્ય વ્યવહારરત્નત્રયની શ્રદ્ધા, જ્ઞાન આદિનો રાગ છે. છે તેનું માહાત્મ્ય ન કરવું. એક બાજુ માહાત્મ્ય કરવું અને એક બાજુ ન કરવું. થઈ ગયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીંયાં આત્મા તરફનું માહાત્મ્ય કરવું. રાગ આવતા છતાં માહાત્મ્ય ન કરવું. તો કહે, બેયનું માહાત્મ્ય કરવું? એનું નામ બે નયને માન્યા કહેવાય? લ્યો આ મિશ્ર. નિશ્ચય માનવો અને વ્યવહાર બેયનું માહાત્મ્ય કરવું, બેયને સત્ય માનવા, બેયને ઉપાદેય માનવા, વ્યવહારસાધનને પણ ભલો માનવો, નિશ્ચયસાધનને પણ ભલો માનવો. એ લીધું છે એમણે ટોડરમલજીએ. વ્યવહારસાધનને પણ ભલો માને છે. મૂઢ છે. છે ખરો, પણ ભલો ક્યાં છે ત્યાં?

મુમુક્ષુ :- એનો ખુલાસો થઈ ગયો.

ઉત્તર :- છેને. એ તો આમાંથી લીધું છે એણે. ઘરનું નથી કાઢ્યું. એ તો પંડિત ગૃહસ્થ હતા ને. અમારે આર્ષનો આચાર માનવો છે. પણ આર્ષ શું કહે છે એની તને ખબર નથી ને તારે શું આર્ષને માનવું છે? આ આર્ષનો તો અર્થ ચાલે છે. અમૃતચંદ્રાચાર્ય મહામુનિ સંત છઠ્ઠે સાતમે ઝુલનારા કહે છે કે આ વિકલ્પ છે અમારી ભૂમિકાને યોગ્ય. આ લખે છે એ શું છે? શાસ્ત્રની પ્રભાવના થાય એવો વિકલ્પ આવ્યો છે ને? એ તો રાગ છે. શાસ્ત્ર તો શાસ્ત્રથી બન્યું છે. ક્યાં એણે બનાવ્યું છે? એ તો કહેશે હમણા છેલ્લા શ્લોકમાં. અમારા શાસ્ત્રના કર્તા અમે નથી. તો કહે, વ્યવહારથી તો કરે છે. આ કોણ જાણે શું છે કાંઈ?

સ્યાદ્વાદને ઓલું કહ્યું છે ખરું ને મોક્ષમાર્ગનું? દરેક વચન સ્યાદ્વાદનું સ્યાત્ લેવું. કથંચિત્ કહે છે એમ લેવું. પણ એનો અર્થ શું? આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન! તું તો પૂર્ણ શુદ્ધ વસ્તુ છે. એનો આશ્રય લીધો ત્યારે શુદ્ધતા થઈ. ત્યારે અશુદ્ધતાનો રાગ શુભરાગરૂપ છે એનું માહાત્મ્ય ન કરવું. માહાત્મ્ય તો સ્વભાવ તરફનું રાખવું. કહો, સમજાણું કાંઈ? **'અંતરંગમાં તેને માહાત્મ્ય નહિ અર્પતા...'** સમજાણું કાંઈ? ઓલી પરિણતિને અંતરંગથી માહાત્મ્ય નથી આપતા. આ આવ્યો (એને) જાણે છે. એ પણ જાણવાનું કામ તો ખરેખર પોતાના સ્વભાવનું જ છે. સમજાણું કાંઈ? છતાં રાગ આવ્યો, જાણે છે (કે) વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. સમજાણું કાંઈ? એ ૧૨મી ગાથા સમયસાર. તે કાળે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, આદરણીય નથી. આ શું કહે છે? અહીંયા પણ એ જ કહે છે, અમૃતચંદ્રાચાર્ય અહીંયા કહે છે. ત્યાં પણ એ જ કહ્યું છે એમણે. સમજાણું કાંઈ? પાંચ મિનિટ જ બાકી છે? આટલામાં આટલો વખત ગયોને? કાલે પણ સારી વાત છે. સમજાણું કાંઈ?

**'અત્યંત ઉદાસીન...'** પછી શું કહે છે? આહાહા..! એ રાગનો સુમેળ છે નિશ્ચયની ભૂમિકામાં એવા જ દેવ-ગુરુ-શાસ્ત્ર, નિર્ગ્રંથ ગુરુ, નિર્ગ્રંથના કહેલા વીતરાગી શાસ્ત્ર, સમજાણું કાંઈ? અને ભગવાને કહેલા છ દ્રવ્ય, ત્રિલોકનાથે કહેલા છ કાયના જીવ, એ બધાની માન્યતાનો વિકલ્પ જ્ઞાનીને છે. સમજાણું કાંઈ? નિર્વિકલ્પમાં તો દ્રવ્યને આશ્રયે જે પરિણતિ થાય છે એ નિશ્ચય. આ રાગ છે પણ રાગથી માહાત્મ્ય વારીને અત્યંત ઉદાસીન (વર્તતા). જુઓ!

**'અત્યંત ઉદાસીન વર્તતા,...'** રાગથી પણ ઉદાસીન. શુભરાગથી. મુનિને અશુભરાગ તો છે જ નહિ. સમજાણું કાંઈ? ઉદાસ, શુભરાગથી ઉદાસ. શુદ્ધ આત્મામાં આસન લગાવ્યું છે. શુદ્ધ આત્મામાં આસન લગાવ્યું છે. દૃષ્ટિના ધ્યેયમાં તો ત્યાં લાગ્યું છે. હો, પ્રરૂપણા કરતા હોય, વાંચન કરતા હોય, શાસ્ત્ર રચતા હોય. સમજાણું કાંઈ? શિષ્યને પ્રાયશ્ચિત પણ દેતા હોય કે આમ કેમ કર્યું? નહિ, તમને સંઘ બહાર કાઢી મૂકશું. એવો વિકલ્પ મુનિને છઠ્ઠે ગુણસ્થાને આવે છે. પણ એનું પણ માહાત્મ્ય ટાળીને (નિવર્તે છે). અમે તો માર્ગની ઘણી વૃદ્ધિ કરીએ છીએ ને એમાં? શુભરાગ આવ્યો તો માર્ગની પ્રભાવના (થઈ). સાંભળ તો ખરો. માર્ગની પ્રભાવના અંદરમાં છે કે બહારમાં? બહારમાં તો તેને કારણે થશે? સમજાણું કાંઈ?

કોઈ કહે છે કે જૈનશાસનના વિરોધી હોય તો એને મારવા, આમ કરવું. અરે..! ભગવાન! એવું ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? રાગ આવી જાય કે એમ ન હોય. એવો માર્ગ નથી, આ માર્ગ છે એવું સ્થાપન પણ શુભરાગ છે. આ માર્ગ નથી એવું ઉત્થાપન દ્વેષ છે. પણ એ વિકલ્પ પુણ્યબંધનું કારણ છે. એ આવ્યા વિના રહેતો નથી. માહાત્મ્ય ટાળ્યા વિના રહેતા નથી અને આવ્યા વિના રહેતો નથી. સનતકુમારજી! આહાહા..! અને એક સમયની એક પર્યાયમાં

બે ભાગ. ચારિત્રની અપેક્ષાએ લ્યો તો કેટલીક શુદ્ધ પર્યાય છે અને કેટલીક રાગ વ્યવહાર આવ્યો એ અશુદ્ધ છે. એક પર્યાયના બે ભાગ. બે ભાગ થયા ને? અમરચંદભાઈ! પર્યાય એક, સમય એક, ભાગ બે. જેટલો સ્વદ્રવ્યને આશ્રયે શુદ્ધ થયો, એ જ નિશ્ચયનું સાધન. જેટલો પરદ્રવ્યાશ્રિત વિકલ્પ ઉઠે છે, એ જ પર્યાયમાં મલિનતા. છતાં એનું માહાત્મ્ય નથી અને શુદ્ધનું માહાત્મ્ય કરતા અત્યંત ઉદાસીન વર્તતા.

'**યથાશક્તિ...**' જુઓ! આ વાત લીધી. '**આત્માને આત્માથી આત્મામાં સંચેતતા...**' યથાશક્તિ. પોતાની યોગશક્તિ, જુઓ! છઠ્ઠા ગુણસ્થાને પણ અંદર વિકલ્પ આવ્યો તેનાથી ખસીને આત્માને, આત્માથી... વિકલ્પથી નહિ. આત્મા જ્ઞાયક ચૈતન્ય નિર્લેપ શુદ્ધ વસ્તુ એવા આત્માને આત્માથી, નિર્વિકલ્પ પરિણતિ આત્માથી આત્મામાં. ઓહોહો..! શુદ્ધ સ્વભાવમાં વેદતા થકા, અનુભવતા થકા. પોતાનો નિર્વિકાર ભાવ આત્માથી, આત્માને, આત્મામાં વેદતા થકા. જુઓ! '**(અનુભવતા) થકા...**' આહાહા..! એનું જ્ઞાન, નિર્ણય કર્યા વિના સત્ય શું, અસત્ય શું એનો વિવેક ક્યાંથી થશે? એમને એમ આંધળે આંધળું માની લે કે ચાલો આમ છે, શુદ્ધ છે, શુદ્ધ છે. પણ શું શુદ્ધ છે? વ્યવહાર છે... વ્યવહાર છે... વ્યવહાર છે. પણ વ્યવહાર શું છે, કોને વ્યવહાર કહે છે, એનો ભાવમાં કોઈ ખ્યાલ આવે છે કે નહિ? સમજાણું કાંઈ?

ટોડરમલ કહે છેને? બે નય શાસ્ત્રમાં કહી છે એને માન્યા વિના છૂટકો નથી. એકને છોડી શકાતી નથી અને બેનું સ્વરૂપ જાણવામાં આવતું નથી. શું? બેમાંથી એકેય છોડી શકાતી નથી અને બેનું શું સ્વરૂપ છે એ જાણવામાં આવતું નથી. શું કરવું? અનેકાંત કરી નાખો પછી. સમજાણું કાંઈ? નિશ્ચયથી પણ સાધન છે, વ્યવહાર પણ એક સાધન છે, એ પણ એક સત્ય છે, એ પણ એક સત્ય છે, એ પણ ઉપાદેય છે, આ પણ ઉપાદેય છે. ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :- ભ્રમણામાં.

ઉત્તર :- ભ્રમણામાં આવ્યું તને. ભગવાનના મુખની વાણી અને ભગવાનના શાસ્ત્રમાં તો એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**સંચેતતા (અનુભવતા) થતા નિત્ય-ઉપયુક્ત રહે છે,...**' જુઓ! નિત્ય-ઉપયુક્ત રહે છે. મહાભાગ્ય ભગવંતો પોતાના સ્વરૂપ તરફના વલણનો વારંવાર ઉપયોગ કરે છે. રાગ આવવા છતાં ભૂમિકામાં છે, વ્યવહાર છે. આ બાજુનો ઝુકાવ વારંવાર કરે છે. વિશેષ કહેશે...

(મુમુક્ષુ :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૪, રવિવાર, તા. ૨૦-૯-૧૯૬૪**
**ગાથા - ૧૭૨, પ્રવચન - ૨૬**

મોક્ષમાર્ગનું વર્ણન પંચાસ્તિકાયની ૧૭૨માં ચાલે છે. ૧૭૨માં ચોથો અધિકાર છે. શું અધિકાર છે? '**નિશ્ચય-વ્યવહાર બન્નેનો સુમેળ...**' ઉચિત યોગ્યતાની સાથે અવિરોધતા. સમજાણું કાંઈ? નિશ્ચયસાધન અને વ્યવહારસાધન. પોતાનો આત્મા એક સમયમાં પૂર્ણ શક્તિ-સત્ત્વ પૂર્ણ આનંદ (સ્વરૂપ છે), પણ પ્રયોગ અંતરમાં કરવાથી નિર્મળતા પ્રગટે છે. સમજાણું કાંઈ? સત્તા—શક્તિ પડી છે.

જેમ પીપરનો દાણો હોય છેને પીપરનો? લીંડીપીપર. એમાં ચોસઠ પહોરી તીખાશ પડી છે અંદરમાં. છે કે નહિ અંદર? લીંડીપીપર કહે છેને છોટીપીપર? ચોસઠ પહોરી અંદર તીખાશ પડી છે અને લીલો રંગ અંદર પડ્યો છે. જેટલું લઢણ પત્થરનું આવે એ તો નિમિત્ત છે. પણ અંદરની એકાગ્રતા જેટલી પ્રગટ થાય તેમ તેમ ચોસઠ પહોરીમાંથી બે, ચાર, પાંચ, પચ્ચીસ, પચાસ, ચોસઠ (પ્રગટ થાય). સમજાય છે? ચોસઠ પહોરી તીખાશ પ્રગટે છેને? એ ક્યાંથી પ્રગટે છે? પત્થરમાંથી આવે છે? પીપરમાંથી આવે છે. પત્થરમાંથી આવતી હોય તો કાંકરા અને કોલસા પણ ઘસી નાખે, જો એમાંથી આવતી હોય તો. પ્રાપ્તની પ્રાપ્તિ છે. જેમાં હોય એમાંથી મળી શકે છે.

તો આત્મદ્રવ્યમાં વસ્તુમાં જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ પૂર્ણ ગુણસ્વભાવ શક્તિરૂપ પૂર્ણ પડ્યો છે. સમજાણું કાંઈ? એ સીધી પીપર ખાય. ખાય એમ કહે છેને? તો એટલી તીખી ન લાગે. સીધી પીપર ખાવ તો તીખાશ ચોસઠ પહોરી નહિ લાગે. અંદર ભરી છેને? ભરી છેને? તો ખાવ. શોભાલાલભાઈ! અંદરમાં ચોસઠ પહોરી ભરી છે તો ખાય ત્યારે ચોસઠ પહોરી લાગે છે કે નહિ? છેને અંદર? છે, માટે ખાય તો ચોસઠ પહોરી પ્રગટ થાય છે કે નહિ? એમ નહિ. અંદર છે પણ એનો પ્રયોગ એકાકાર અંદરમાં થાય, અંદરથી પર્યાય પ્રગટ થવાની લાયકાતથી, અંદર છે એની પ્રાપ્તિ અને પ્રગટતા-પ્રસિદ્ધિ થાય છે. અંદર છે એની પ્રસિદ્ધિ થાય છે.

એમ આત્મામાં એક સમયમાં જ્ઞાન, આનંદ, સ્વચ્છતા, વિભૂતા આદિ અનંત શક્તિઓ સત્ત્વ શક્તિરૂપ આત્મા પડ્યો છે. એમાંથી કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણાનંદ પ્રગટે છે. કોઈ બહારના સંયોગથી નહિ, રાગથી નહિ, પર્યાયમાંથી નહિ. પર્યાયમાંથી આવે છે? પીપરનો દાણો ઘૂંટતા ઘૂંટતા પચાસ પહોર થયા. તો પચાસ પહોરમાંથી પછી ચોસઠ પહોરી થાય છે? પચાસ પહોરનો તો વ્યય થાય છે. ઉત્પાદ તો પછી બીજો થયો. તો ઉત્પાદ ક્યાંથી આવ્યો? અંદર શક્તિમાં એકાગ્રતા કરીને, એકાગ્રતા નામ અંતર ઘૂંટે છે, અંદર છે એ બહાર

આવી છે.

એમ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ સત્ત્વ સામાન્ય શક્તિરૂપ પૂર્ણ પડ્યું છે. એમાં જેટલો સ્વદ્રવ્યનો આશ્રય લઈને જેટલા શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા નિર્મળ પ્રગટ કરી એ શક્તિમાંથી આવે છે. એટલાનું નામ શુદ્ધ સાધન મોક્ષનું અથવા નિશ્ચયરત્નત્રયનું. એનું નામ શુદ્ધ સાધન કહેવામાં આવે છે અથવા શુદ્ધ કારણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને તેની સાથે ભૂમિકાને યોગ્ય, જેમકે છઠ્ઠું ગુણસ્થાને છે તો શુદ્ધિની પ્રગટતા અંદરમાં ત્રણ કષાયના અભાવની અંદરમાંથી પ્રગટ પર્યાય આવી સ્થિરતા. એ શુદ્ધ પરિણતિની સાથે શુદ્ધ પર્યાયની સાથે જે શુદ્ધતા પ્રગટ છે એ શુદ્ધ સાધન છે. મોક્ષનું શુદ્ધ સાધન છે. એ ભૂમિકાને યોગ્ય એને પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણનો રાગાદિ આવે છે તેને વ્યવહારસાધન કહેવામાં આવે છે. એ નિશ્ચય અને વ્યવહારનો અવિરોધ છે. બેનો સુમેળ છે, બેની ઉચિત યોગ્યતા ત્યાં થાય છે, ઉચિત યોગ્યતા. સમજાણું કાંઈ?

જેટલા પ્રમાણમાં અંદર શુદ્ધિ સ્વભાવ ચૈતન્યના આશ્રયે પ્રગટ થઈ, એટલા પ્રમાણમાં ત્યાં નિમિત્તપણું રાગની મંદતાની યોગ્યતાવાળો ભાવ રહે તેનું નામ નિશ્ચય-વ્યવહારનો અવિરોધ અથવા નિશ્ચય-વ્યવહારનો સુમેળ અથવા નિશ્ચય-વ્યવહારની યોગ્યતાની ઉચિતતા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અહીંયાં એ અધિકાર ચાલે છે. નિશ્ચય-વ્યવહાર બંનેનો સુમેળ. અહીં સુધી આવ્યું છે, જુઓ.

'**અંતરંગમાં તેને માહાત્મ્ય નહિ અર્પતા,...**' શું કહે છે? શુભરાગ આવે છે. આ બાજુ છે. ૨૬૫ પાનું છે હિન્દી. અંતરંગમાં તેને શુભભાવ આવે છે એને ઉચિત. મુનિપણાને લાયક, પંચમ ગુણસ્થાનને લાયક તેને શુભભાવ, દયા, દાન, ભક્તિ, વ્રતાદિનો વિકલ્પ એની યોગ્યતા પ્રમાણે એ ભૂમિકામાં આવે છે. તો કહે છે કે આવવા છતાં મુનિ અંતરંગમાં તેને માહાત્મ્ય નહિ આપતા થકા. તેને માહાત્મ્ય આપતા નથી. માહાત્મ્ય તો અંતર જ્ઞાનાનંદ સ્વભાવ, એમાં જેટલો સ્વસન્મુખ થાય છે એનું માહાત્મ્ય આપે છે. કહો, સમજાણું કાંઈ?

'**અત્યંત ઉદાસીન વર્તતા,...**' થકા. છેલ્લી દશા છેને? અત્યંત ઉદાસ. રાગ હોવા છતાં, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ નામ શુભરાગ હોવા છતાં, માહાત્મ્ય ટાળીને પોતાના સ્વભાવ સન્મુખમાં રાગથી અત્યંત ઉદાસ રહીને '**યથાશક્તિ આત્માને...**' જુઓ! '**આત્માથી આત્મામાં સંચેતતા...**' પહેલાં તો નિર્ણય દૃષ્ટિ કરી છે. હું જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય છું એવી દૃષ્ટિ—સમ્યગ્દર્શન પહેલા પ્રગટ કર્યું છે. પહેલામાં પહેલી ભૂમિકા. સમજાણું કાંઈ? એ વિના સમ્યગ્જ્ઞાન અને ચારિત્રની વૃદ્ધિ અને શુદ્ધિનું ટકવું બિલકુલ થતું નથી.

તો પહેલાં અંદરમાં પૂર્ણ શુદ્ધ છું... જેમ પીપરમાં ચોસઠપહોરી તાકાત અંદર પડી છે એવી પ્રતીત કરે છે તો ઘૂંટવાનો નિમિત્તનો પ્રયોગ તેને થાય છે. સમજાણું કાંઈ? પ્રગટે છે એ તો પોતાની પર્યાય એ કાળે, પણ ઘૂંટવાનું ત્યાં નિમિત્ત છે. એમ પોતાના આત્મામાં

એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ ચૈતન્ય સચ્ચિદાનંદ, રાગ અને પરના કારણ વિના નિષ્કારણ કારણપરમાત્મા, પરના કારણ વિના પોતાનું પૂર્ણ સ્વરૂપ, પરમ પારિણામિક સ્વભાવનું દૃષ્ટિમાં માહાત્મ્ય કરીને અનુભવ કર્યો એ પહેલામાં પહેલી સમ્યગ્દર્શન વસ્તુ છે. એ છે તો પછી સ્વભાવના આશ્રયે જ્ઞાન થયું એનું નામ જ્ઞાન કહેવાય છે અને એ છે તો સ્વભાવના આશ્રયે સ્થિરતા કરી એટલું ચારિત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને એની સાથે, જેમ ઓલો પત્થર ઘસવામાં નિમિત્ત છે, એમ રાગાદિ યોગ્યતા તેના મેળવાળો રાગ છે તેને નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ કરતાં કરતાં યથાશક્તિ ગુણસ્થાનયોગ્ય છઠ્ઠા આદિ સાતમે આગળ, પોતાના આત્માને આત્માથી નિર્વિકલ્પ સ્વભાવ, એકલો સમસ્વભાવી ભગવાન, આખા વિશ્વદૃષ્ટા, વિશ્વનો દૃષ્ટા અને અનંત ગુણનું વિશ્વરૂપ. સમજાણું કાંઈ? આખા વિશ્વનો દૃષ્ટા અને અનંત ગુણનું વિશ્વરૂપ, અનંતસ્વરૂપ, એવો આત્મા તેને '**નિત્ય-ઉપયુક્ત રહે છે,...**' તેમાં લીન થઈને (રહે છે). મોક્ષની તૈયારી છે ને? અહીં તો એની વાત ચાલે છેને. છેલ્લો અધિકાર છે. '**નિત્ય-ઉપયુક્ત રહે છે, તેઓ (-તે મહાભાગ ભગવંતો),...**' આહાહા..! જુઓ! આચાર્ય પણ કહે છે કે મહાભાગ ભગવંતો, મહાગુણશાળી ભગવંતો, મહા ચૈતન્યશાળી ભગવંતો. લ્યો, આ પુણ્યશાળી કહે છે કે નહિ? શોભાલાલભાઈ! આ તમને બધા પુણ્યશાળી કહે શેઠિયાઓને. આ પૈસે પુણ્યશાળી છે, આ પૈસાશાળી છે અને ભાગ્યશાળી છે. કહો, સમજાણું કાંઈ?

અહીં તો કહે ચૈતન્યશાળી ભગવંતો પોતાની નિજ સ્વરૂપસંપદા ઉપર ઉપયુક્ત રહેતા આત્માને આત્માથી આત્મામાં સંચેતતા—અનુભવતા થકા ખરેખર... જુઓ! જુઓ આ નિચોડ. '**સ્વતત્ત્વમાં વિશ્રાંતિ અનુસાર...**' રાગની મંદતા છે એને અનુસાર અશુદ્ધતા નથી ટળતી, કર્મનો નાશ એના આશ્રયે નથી થતો. જેટલો અવિરોધી શુભરાગ ભલે હોય તેને ઉચિત, પણ એનાથી રાગ નથી ટળતો અને એનાથી કર્મ નથી ખરતા. સમજાણું કાંઈ?

'**ખરેખર સ્વતત્ત્વમાં વિશ્રાંતિ...**' જ્ઞાયક ચિદાનંદ પ્રભુ એ ખરેખર સ્વભાવ એમાં વિશ્રાંતિ-ઠરવું એકાકાર થઈને. એટલી '**વિશ્રાંતિ અનુસાર...**' સમજાણું કાંઈ? પહેલા ક્રમસર આવ્યું હતું આપણે. ૧૭૨માં નહોતું પહેલામાં? એમાં આવ્યું હતું ને? પહેલો ભાગ હતો એમાં નહિ? ક્રમે સમરસીભાવ સમુત્પન્ન થતો જાય છે. છેલ્લો ભાગ હતો છેલ્લી લીટી. પહેલા ભાગની—અવિરોધની. ૨૫૯ પાને છે છેલ્લી લીટી. કેવળ વ્યવહારાલંબીની શરૂઆત કર્યા પહેલા. '**ક્રમે સમરસીભાવ સમુત્પન્ન થતો જતો હોવાથી પરમ વીતરાગભાવને પ્રાપ્ત કરી સાક્ષાત્ મોક્ષને અનુભવે છે.**' અહીં પહેલો ક્રમે લઈને પછી શીઘ્ર કહેશે. સમજાણું કાંઈ?

'**ખરેખર સ્વતત્ત્વમાં વિશ્રાંતિ અનુસાર...**' એવો શબ્દ પડ્યો છે જુઓ! મંદ રાગ આવ્યો, ઉચિત છે, સુમેળ છે પણ રાગને કારણે નિર્જરા થાય છે કે સંવર થાય છે કે મોક્ષની સન્મુખ થાય છે એમ નથી. '**ખરેખર સ્વતત્ત્વમાં...**' પોતાનો સ્વભાવ જ્ઞાયક ચૈતન્ય

આનંદ નિત્યાનંદ પ્રભુ, શક્તિનું સરોવર, ભંડાર એમાં વિશ્રાંતિ. ઠરવું... ઠરવું... ઠરવું... એ '**વિશ્રાંતિ અનુસાર ક્રમે કર્મનો સંન્યાસ કરતા...**' ક્રમે ક્રમે કર્મનો સંન્યાસ નામ ત્યાગ. આ તો પ્રરૂપણાની શૈલી સમજાવવી છેને? નહિ તો કર્મનો ત્યાગ શું કરે? સમજાણું કાંઈ? એ કર્મનો ત્યાગ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ તો આમ કહ્યું. '**ખરેખર સ્વતત્ત્વમાં વિશ્રાંતિ...**' સચ્ચિદાનંદ પ્રભુ, એમાં જેટલો તત્ત્વ સ્વભાવમાં વિશ્રાંત થાય છે એ '**અનુસારે ક્રમે કર્મનો સંન્યાસ કરતા (-સ્વતત્ત્વમાં સ્થિરતા થતી જાય તેના પ્રમાણમાં શુભભાવોને** છોડતા),...' લ્યો! શુભભાવને આદર આપતા આગળ વધે છે એમ નથી. સમજાણું કાંઈ? વલ્લભદાસભાઈ! લોકોને એમ કે આ વ્યવહાર... આહાહા..! ભાઈ! તારા સ્વદ્રવ્યમાં પૂર્ણ સામર્થ્ય પડ્યું છે. તને રાગની મંદતાનું અવલંબન લઈને આગળ વધાય છે એમ ત્રણ કાળમાં નથી. એ પૂર્ણાનંદ પૂર્ણ મિદં. ભગવાન આત્મા પૂર્ણ મિદં. એવો શુદ્ધ કારણપ્રભુ એમાં જેટલી વિશ્રાંતિ, એકાગ્રતા, સ્થિરતા, આશ્રયતા, ધ્રુવતાનું જેટલું ઉગ્રપણે અવલંબન લીધું એટલો શુભભાવ છૂટી જાય છે. અહીં કહે છે કે શુભભાવને છોડતા થકા. કથનપદ્ધતિ શું કરવી? સમજાણું કાંઈ?

જેની શૈલીમાં વ્યવહારનયની પ્રધાનતાથી કથન આવે છે. તેનો અર્થ કે ક્રમશઃ શુભભાવ આવે છે એને હું છોડું. એમ છે? ભગવાન જેટલો પોતામાં ગુમ થાય છે, ચૈતન્ય સ્વભાવમાં જેટલી વિશ્રાંતિ કરીને લીન થાય છે એટલો શુભભાવ છૂટી જાય છે તેને શુભભાવ છોડતાં થકા એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! પહેલી સમજણ જ સાચી નથી એને દૃષ્ટિ ક્યાંથી થાય? અને દૃષ્ટિ વિના જ્ઞાન અને ચારિત્ર ક્યાંથી થાય? મોટી ગડબડ... ગડબડ... ગડબડ કરી નાખી. ઓહો..! આવો અવસર મળ્યો, માંડ માંડ ચોર્યાસીમાંથી નીકળીને ક્યા આવ્યો, ક્યાં કાંઠે આવી ગયો છે. સમજાણું કાંઈ? બધો અવસર આવી ગયો છે.

એમ પહેલા શ્રદ્ધામાં પાક્કો નિર્ણય કરવો જોઈએ કે મારા સ્વદ્રવ્યના આશ્રયે જેટલો હું રહીશ એટલી મારી શુદ્ધિ પ્રગટ થશે, એટલી શુદ્ધિ ટકશે અને જેટલો સ્વદ્રવ્ય આશ્રય થશે એટલી શુદ્ધિ વધશે. શુભરાગથી શુદ્ધતા ઉત્પન્ન થતી નથી, શુભરાગથી શુદ્ધતા ટકતી નથી, શુભરાગથી શુદ્ધતા વધતી નથી. સમજાણું કાંઈ? હોય છે. એ તો કહ્યુંને, સુમેળ તો કહ્યું. ગુણસ્થાનયોગ્ય એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. સમ્યગ્દૃષ્ટિને પણ ભાવ આવે છે, પંચમ ગુણસ્થાને અને મુનિને પણ (આવે છે). અહીં મુનિપ્રધાનથી કથન વાત છે.

'**અત્યંત નિષ્પ્રમાદ વર્તતા,...**' જુઓ! કર્મની તો વાત પણ નથી કરી અહીંયા કે કર્મ જેટલા ઘટતા જાય એટલો નિષ્પ્રમાદ થતો જાય. ભગવાન! તારામાં એટલું વીર્ય સામર્થ્ય છે કે અનંત ગુણની શુદ્ધિની રચના કરવાનું વીર્ય પૂર્ણ પડ્યું છે તારામાં. અનંત.. અનંત... અનંત... અનંત... બેહદ ઓહો..! જેની બળ નામની શક્તિ, એના સ્વભાવ સામર્થ્યની અચિંત્યતા કેટલી! એ સ્વભાવમાં વીર્ય છે, એ વીર્યવાનનો આશ્રય કરતા વીર્યથી શુદ્ધિની રચના થાય

છે. એ વીર્યથી શુદ્ધિની રચના થાય છે એવું વીર્યનું સામર્થ્ય છે. ઓહોહો..! ભારે કામ. અગમ્ય વાતું. એને લોકો બહારથી ક્રિયાકાંડ અને બહારથી માને. એને જો કહે તો કહે નહિ.. નહિ.. નહિ.. એ ખરું. એ પણ ખરું. આ પણ સાચું અને આ પણ સાચું. આ ચંદુભાઈ માગે છે એ મિશ્ર કે આમાંથી મિશ્રનું કાઢોને કાંઈક. નિશ્ચય પણ સાચો અને વ્યવહાર પણ સાચો એનું નામ મિશ્રદષ્ટિ-મિથ્યાદષ્ટિ. અને નિશ્ચયથી પણ લાભ થાય અને વ્યવહારથી પણ લાભ થાય એનું નામ નિશ્ચય-વ્યવહારનો ખીચડો. સમજાણું કાંઈ? અને નિશ્ચય પણ સત્ય છે અને વ્યવહાર પણ સત્ય છે. નિશ્ચય પણ ઉપાદેય અને વ્યવહાર પણ ઉપાદેય. બે નયનો ખીચડો. શું કરે? ભગવાને બે નય કહી છે.

મુમુક્ષુ :- અડધો લાભ તો થયો.

ઉત્તર :- ઝેરનો લાભ થયો મિથ્યાત્વનો. અડધો લાભ ક્યાંથી થયો? નિશ્ચય પણ સત્ય, વ્યવહાર પણ સત્ય, ક્યાંથી આવ્યું? બેય જૂઠા થઈ ગયા. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા...! એ મિશ્રમાં આ કાઢ્યું છે ટોડરમલજીએ. ભાઈ! તું વ્યવહારસાધનને પણ ભલો માને, નિશ્ચય સાધનને પણ ભલો માને, તો બેયનો વિષય વિરોધ છે. વિરોધ છે તો એની તને સાચી ઓળખાણ તો નથી અને બેય નય અમારે માનવા છે. ભગવાનનું બે નયનું કથન છે. બે નયની કથની. આવી ને આમાં? નહિ? હમણાં આવ્યું એમાંથી કાઢે છે બધા. આ કેટલામી ગાથામાં નહિ? .. બે નય. ૧૫૯. એમાંથી કાઢ્યું છેને લોકોએ. એ ૧૫૯. '**તીર્થ પ્રવર્તના બંને નયોને આધીન છે.**' ૧૫૯ ગાથા. ૨૩૩ પાનું છે હિન્દીમાં. ચાર લીટી છે ટીકાની સાથે. જુઓ! '**તેથી જ પારમેશ્વરી (-જિનભગવાનની) તીર્થ પ્રવર્તના બંને નયોને આધીન છે.**' છે ભાઈ? સનતકુમારજી! ભગવાનની વાણીમાં તીર્થ પ્રવર્તના બંને નયોને આધીન છે. પણ બંને નયને આધીનનો અર્થ-એ બે નયને આધીનનું કથન છે. વ્યવહારને પણ જણાવે છે અને નિશ્ચયને પણ આદરણીય કરીને બતાવે છે. બેય છે. બે છે એ અપેક્ષાએ બે નયનું કથન છે. બે નયમાં વ્યવહાર પણ સાચો અને નિશ્ચય પણ સાચો, તો બે નય રહી નહિ. બે નયને તો વિષયનો વિરોધ છે. વ્યવહારનો વિષય તો પર્યાય, રાગ અને નિમિત્ત, ભેદ છે. નિશ્ચયનો વિષય અભેદ છે. બેનો વિરોધ થયો, બેની દિશા ફેર છે. વ્યવહારમાં પરદ્રવ્યનું લક્ષ છે, નિશ્ચયમાં સ્વ તરફનું લક્ષ છે. વ્યવહાર ભેદરૂપ છે, નિશ્ચય અભેદરૂપ છે, વ્યવહાર રાગરૂપ છે, નિશ્ચયની પરિણતિ અરાગરૂપ છે. બે એક ક્યાંથી થશે? એમાંથી કાઢ્યું છે હોં! ના પાડે છે કે નહિ, એ નહિ માનવું. ટોડરમલનું નહિ, એ અપ્રમાણિત છે. આહા..! અરે..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમાંથી, આમાંથી જ કાઢ્યું છે. નવ તત્ત્વ ને બધું આમાંથી કાઢ્યું છે. નવ તત્ત્વનો ખુલાસો છે ને આમાં. તત્ત્વાર્થશ્રદ્ધાન આત્મરૂપ છે. આત્મરૂપ સિદ્ધમાં જેવા પરિણામ

છે એવા તિર્યંચ સમકિતીને તત્ત્વાર્થશ્રદ્ધાનના એવા જ પરિણામ છે. સમ્યગ્દર્શનમાં તિર્યંચ અને સિદ્ધમાં કાંઈ ફેર નથી. તો કહે, નહિ. છઠ્ઠા ગુણસ્થાન સુધી વ્યવહારસમકિત છે. સાતમેથી નિશ્ચયસમકિત છે. આહા..! અરે..! બે નયનું પ્રવર્તન કથન કર્યું પણ કઈ અપેક્ષાએ કર્યું? સરખું કહ્યું? ઉપાદેય કહ્યું? બેયના કથન વિરોધ છે એને બન્નેને સત્ય માનવું ભ્રમ છે. એ કહ્યું નહિ? પણ એ તો એક ન સમજે તો બેય નથી સમજતા. બેયમાં ભ્રમ છે તને. ભગવાને બે નય કહી છે, શું કરીએ? એક નય છોડી જાય નહિ, છોડે તો એકાંત થઈ જાય અને બે નયનું સાચું સ્વરૂપ સમજાતું નથી. એ માને છે. અનેકાંત મિથ્યાદૃષ્ટિ પણ અનેકાંતને માને છે, પણ સમજીને માનતા નથી. લખ્યું છે, ઘણું લખ્યું છે એમાં. આ અનેકાંત છે અમારે તો. નિશ્ચય આ, વ્યવહાર આ. બેય લાભદાયક છે, બેય સત્ય છેને ભગવાનની વાણી. આત્મા ત્રિકાળી નિત્ય છે દ્રવ્યાર્થિકનય એ સત્ય નથી? અને વ્યવહારનયથી પર્યાય છે અનિત્ય એ સત્ય નથી? બેય સત્ય છે. પણ સત્યનો અર્થ શું? સમજાણું કાંઈ? એ પર્યાય તરીકે સત્ય છે, ત્રિકાળ દ્રવ્યના આશ્રય કરીને એ પર્યાય આશ્રય કરવાલાયક નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાંચે છે પણ શું કરે? ગ્રંથ બોલે છે કાંઈ? દૃષ્ટિમાં ફેર, દૃષ્ટિમાં ફેર. આખું વલણ ફેર. કેટલું અત્યારે તો જોર દે છે. અહીં તો કહે છે કે ટોડરમલના મૂળ પાઠમાં કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનો કર્તા હર્તા નથી. કર્મ અને આત્મા એક ક્ષેત્રે રહો, પણ કર્તા હર્તા છે નહિ. એને કારણે એ પરિણમે છે, આત્માને કારણે આત્મા પરિણમે છે. તો કહે, નહિ, એમ નથી. બધું લખ્યું છે.

અહીં તો વ્યવહારથી નિશ્ચય નહિ, તો વળી પરિણમાવવું-ફરિણમાવવું ક્યાંથી આવ્યું? શુભ પરિણમન જીવનું છે. રાગનું પરિણમન જીવનું શુભ છે. છતાં એ શુભ પરિણમન આત્માના સંવર, નિર્જરા, મોક્ષનું કારણ છે જ નહિ. મોક્ષનું ઘાતક છે તેને મોક્ષનું કારણ કહેવું એ વ્યવહારનયનું લક્ષણ છે. અન્યથા કહે છે. શું કરે પણ? લોકો સામાન્ય એને સમજાય નહિ. આ.. આ.. એમ ન હોય.

કહે છે કે પોતામાં '**સ્વતત્ત્વમાં વિશ્રાંતિ...**' જુઓ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બે નય. ભલે બે નયનું કથન તો આવ્યું. એ તો કહ્યું નહિ? સુમેળ છે. પણ કઈ નયમાં વિશ્રાંતિ લેવી છે? ઠરવું શેમાં? તારે ક્યા ઘરમાં રહેવું છે?

'**સ્વતત્ત્વમાં વિશ્રાંતિ અનુસાર ક્રમે કર્મનો સંન્યાસ કરતા...**' શુભકર્મ વિકાર એ સ્વભાવના આશ્રયે શુભભાવ ઘટતો જાય છે. શુભભાવના આશ્રયે શુભભાવ ઘટે છે એમ નથી. રાગને આશ્રયે રાગ ઘટે? જેમાં રાગ નથી, એકલો સ્વભાવ છે એવી અંતર દૃષ્ટિ અને આશ્રય કરવાથી સ્વતત્ત્વની વિશ્રાંતિ અનુસાર રાગ ઘટે છે તેને 'રાગ છોડે છે' એમ કહેવાય

છે. આટલું તો સ્પષ્ટ કથન છે છતાં ઝઘડો અને વાદવિવાદ (કરે). 'સદ્ગુરુ કહે સહજ કા ધંધા.' સમયસાર નાટકમાં કહે છે બનારસીદાસ. 'વાદવિવાદ કરે સો અંધા.' સમજાણું કાંઈ? 'સદ્ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.'

એક બિચારો આવ્યો હતો ત્યાં, (સંવત) ૧૯૯૯ની સાલમાં ભજન કરવા માટે. એ કહેતો હતો ત્યાં. અન્યમતિ આવ્યો હતો ત્યાં. કાંપમાં. સુરેન્દ્રનગર. બહુ ધમાલ ચાલતી હતી ને તે દિ', સામે સાધુ ૨૫-૨૫ તોફાન કરવા આવે. શું છે? એક જણો તો કહે, આ લડાઈ થશે કે શું? અરે..! ભગવાન! આ તત્ત્વ લુપ્ત થઈ જશે. આ મહારાજ અહીંથી નીકળ્યા માંડ અને અહીં આવ્યા. આમ ફરી જશે. ચાલો સાધુની ટોળી. સામે પડો. અરે..! ભગવાન! આ વાદવિવાદની ચીજ નથી. આ કોઈ બહારના પુરુષાર્થની ક્રિયાથી પ્રાપ્ત થતું નથી. બહાર નામ રાગ હોં! બાહ્ય જડનું તો કોણ કરી શકે છે? નહિ, એ વ્યવહારને ધર્મ નથી માનતા, વ્યવહારને ઉડાવી દે છે. વ્યવહાર કરતા કરતા ધર્મ થાય છે. વ્યવહાર જ પોતે નિજધર્મ છે. વ્યવહારમાં પણ શુદ્ધિનો અંશ તો પડ્યો છે. એમ કોઈ કહે છે.

અહીં કહે છે કે જેટલી, શુદ્ધ શક્તિના સ્વભાવના આશ્રયે વિશ્રાંતિ થાય છે એટલા પ્રમાણમાં શુભરાગ ઘટતો જાય છે. બસ! એક સિદ્ધાંત. સમજાણું કાંઈ? અને એ જ નિશ્ચય-વ્યવહારનો અવિરોધ અથવા સુમેળ-સુસંગતી છે. આત્માના આશ્રયે રાગ ઘટે એ સુસંગતી છે. અહીંથી ઘટે છે અને રાગના આશ્રયે ઘટે છે એ તો વિરોધ થયો. અનેકાંત ન થયું. અહીંના આશ્રયથી ઘટે છે, રાગના આશ્રયે નથી ઘટતો એનું નામ અનેકાંત. અને એ શું કહે છે? અહીંયાં પણ નિર્જરા છે અને શુભમાં પણ નિર્જરા છે. આ લખ્યું છે જયધવલમાં, જયધવલમાં. શુદ્ધ અને શુભ ઉપયોગ વિના નિર્જરાનો કોઈ અવસર જ નથી. એ તો શુદ્ધભાવથી નિર્જરા થાય છે, સાથે શુભભાવ છે તેને નિમિત્ત જોઈને આરોપ કરીને પ્રમાણનું જ્ઞાન કરાવ્યું. સમજાણું? અહીં તો સાધન કહ્યું. પણ સાધનથી નિર્જરા છે એમ નથી. એ વાત તો અહીં સ્પષ્ટ કરે છે. સાધન તો કહ્યું. નિમિત્તને વ્યવહારસાધન કહ્યું. શુભરાગ ભૂમિકા પ્રમાણે સમ્યગ્દૃષ્ટિને પણ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન, સ્વરૂપાચરણમાં ટકતો નથી તો એટલો ભાવ ચોથે ગુણસ્થાને પણ ભક્તિ આદિ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે છે. પાંચમે પણ આવે છે અને છઠ્ઠે પણ આવે છે. પણ આવે છે એ નિર્જરાનું કારણ નથી. સાધન કહ્યું. જુઓને વાત કેવી સિદ્ધ કરે છે! અમરચંદભાઈ! વ્યવહાર સાધન તો કહ્યું છતાં તે સાધનના આશ્રયે શુદ્ધિ નથી થતી.

મુમુક્ષુ :- સાધ્યને અનુકૂળ સાધન કહ્યું.

ઉત્તર :- અનુકૂળ છે, નિમિત્ત છે એ તો કહે છે. પણ સ્વતત્ત્વ જ્ઞાયકમૂર્તિ પ્રભુ એની દૃષ્ટિ પહેલાં થઈ છે અને એ દૃષ્ટિના આશ્રયમાં જેટલો ઉગ્ર આશ્રય લીધો એટલા પ્રમાણમાં શુભભાવને છોડે છે અને એટલા પ્રમાણમાં કર્મની નિર્જરા તો કર્મથી થાય છે તો અહીંયા

વાત કરી નથી. સમજાણું કાંઈ?

'**અત્યંત નિષ્પ્રમાદ વર્તતા, અત્યંત નિષ્કંપમૂર્તિ હોવાથી...**' કેટલા શબ્દો વાપર્યા છે જુઓ! નિષ્કંપ. એ શુભરાગ હતો એ પણ કંપન્ન છે, અસ્થિરતા છે. તેને છોડીને '**અત્યંત નિષ્પ્રમાદ વર્તતા,...**' છઠ્ઠે ગુણસ્થાને તો જરી પ્રમાદનો શુભરાગ, પંચ મહાવ્રતનો વિકલ્પ આવે એ પણ પ્રમાદ છે. શું છે? ભીખાભાઈ! આહાહા..! ભાઈ! જેમ છે એમ વસ્તુનો એણે નિર્ણય, એનું જ્ઞાન, એના વીર્યમાં એ ભાવનો આદર કરવો જોઈએ. એ આદર કર્યા વિના ખોટાનો આદર થઈ જાય તો સ્વભાવસન્મુખ થશે નહિ. આત્મા જવાબ નહિ દે. અને એ બોલે છેને કે આમ છે, આમ છે. એ પોતાની શ્રદ્ધાની પ્રસિદ્ધિ કરે છે કે રાગથી લાભ થાય છે, ફલાણાથી લાભ થાય છે એ શ્રદ્ધાની પ્રસિદ્ધિ કરે છે કે એની શ્રદ્ધા, વિકાર ઉપર જ છે, સ્વભાવ ઉપર નથી. એનો ભરોસો રાગ ઉપર છે. સમજાણું કાંઈ? જે પુણ્ય શુભભાવથી ધર્મ મનાવે છે એ (આસ્રવ) તત્ત્વની શ્રદ્ધાની પ્રસિદ્ધિ કરે છે કે અમારો ભરોસો રાગ ઉપર છે, અમારો ભરોસો શુદ્ધ ઉપર નથી. એનું માહાત્મ્ય અમને નથી. અમારું માહાત્મ્ય રાગ ઉપર છે. ઈશ્વરચંદજી! કેમ વલ્લભદાસભાઈ! આહાહા..!

આંબેલ આટલી કરો, અપવાસ આટલા કરો, ફલાણું આટલું કરો, કરતા કરતા નિર્જરા થશે. ભગવાન! એ તો વિકલ્પ ઉઠે છેને? વિકલ્પ ઉઠવાથી નિર્જરા થાય છે? એ તારી શ્રદ્ધા બહાર આવે છે કે તારી શ્રદ્ધા રાગ ઉપર છે, વિકાર ઉપર છે. નિર્વિકારનો ભરોસો, નિર્વિકારનું માહાત્મ્ય તને છે નહિ. સમજાણું કાંઈ? પોતાની શ્રદ્ધા દાંડી પીટીને પોકાર કરે છે કે અમારો ભરોસો રાગ ઉપર છે. ચંદુભાઈ! રાગથી, વિકલ્પથી નિર્જરા થાય એમ માનનારા, ભગવાન આત્મા સ્વભાવને આશ્રયે (નિર્જરા) થાય છે એનો અમને વિશ્વાસ નથી. અમારો વિશ્વાસ રાગ ઉપર છે, વિકાર ઉપર છે એવી અમારી શ્રદ્ધા પ્રસિદ્ધ થાય છે. અમરચંદભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પ્રસિદ્ધ કરે છે. પોતાની કઈ ભૂમિકા છે અને એ ભૂમિકામાં ક્યાં મારું જોર છે ઈ પ્રસિદ્ધ કરે છે. અમરચંદભાઈ! આહાહા..!

આચાર્ય કહે છે કે તારે આત્મખ્યાતિ પ્રસિદ્ધ કરવી છે કે નહિ? આત્મપ્રસિદ્ધિ. એ સમયસારની ટીકાનું નામ જ આત્મખ્યાતિ છે. આત્મખ્યાતિ—પ્રસિદ્ધિ. પ્રસિદ્ધ કરે છે કે અમે જેવા છીએ એના ઉપર જેટલું જોર દે એટલી અમારી પ્રસિદ્ધિ થશે. એમાં એટલી અમારી સંવર, નિર્જરાની શુદ્ધિ થાશે. રાગથી નહિ, નિમિત્તથી નહિ, સંયોગથી નહિ, સંયોગના ભાવથી નહિ. રાગ સંયોગીભાવ છે, સ્વભાવભાવ નથી. કેમ ભીખાભાઈ! કેમ છે આ? ઊડાડી દે છે આ તો. દેવ-ગુરુ-શાસ્ત્ર...

મુમુક્ષુ :- ગુરુ વિના જ્ઞાન ન થાય.

ઉત્તર :- એ ગુરુ વિના જ્ઞાન થાય નહિ, ત્રણ કાળમાં આત્મા ગુરુ વિના. મહાન પદાર્થ

ચૈતન્ય ભગવાન ગુરુ એ પોતાનો ગુરુ પોતાનો આત્મા છે. બીજા ગુરુ તો નિમિત્તમાત્ર છે. સમજાણું કાંઈ? પોતાનો ગુરુ પોતે. એ પૂજ્યપાદસ્વામી કહે છે ઈષ્ટોપદેશમાં. ઈષ્ટોપદેશ. ઈષ્ટ-ઉપદેશ કોને કહેવો? પ્રિય ઉપદેશ કોને કહેવો? ઈષ્ટપોદેશ છે ને નામ? પ્રિય ઉપદેશ, ઈષ્ટ ઉપદેશ, ભગવાનના માર્ગમાં પ્રિય ઉપદેશ કોને કહેવો? કે દરેક આત્મા કે દરેક જડ પોતાની પર્યાયથી પરિણમે છે. બીજો નિમિત્તમાત્ર છે, નિમિત્તથી કાંઈ થતું નથી. એવા ઉપદેશને ઈષ્ટ ઉપદેશ, પ્રિય ઉપદેશ, હિતકારી ઉપદેશ કહેવામાં આવે છે. અમરચંદભાઈ! એ એમાં છે. ૩૫મી ગાથામાં છે. બધું ધર્માસ્તિકાયવત્... નિમિત્ત બધા ધર્માસ્તિકાયવત્ છે એવો ઉપદેશ ઈષ્ટ ઉપદેશ છે. સમજાણું કાંઈ? અને ગુરુ પરમાર્થે તું તારો છો એ ઈષ્ટ ઉપદેશ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવો ઉપદેશનો કર્તા નથી. એ થાય છે એમાં વિકલ્પ છે એના એ જ્ઞાતા છે એવી પ્રસિદ્ધ કરે છે. ઉપદેશ કરે કોણ? વાણીની પર્યાય કરે કોણ? સમજાણું કાંઈ? શશીભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તરી ગયા? એ કહે છે કે પોતાનો ગુરુ પોતે. શું અજ્ઞાની સમજી શકે છે? અને જ્ઞાની પોતાથી સમજે છે તો બીજાને શું સમજાવે? એમ કહે છે ત્યાં તો. સમજાણું કાંઈ? સમાધિશતકમાં તો એમ કહે છે પૂજ્યપાદસ્વામી. એ પૂજ્યપાદસ્વામી છેને સમાધિશતક, લ્યો એ. જે કોઈ અજ્ઞાની લાખ વાર સમજાવો તો નહિ સમજે કેમકે એની યોગ્યતા નથી. અને જ્ઞાની પોતાથી સમજે છે, સમજાવવામાં મારો ક્યાં પ્રયત્ન છે એમાં? બીજાને હું સમજાવું એ પણ એક વિકલ્પનો ઉન્માદ છે, વિકલ્પનો ઉન્માદ છે. કોણ કોનાથી સમજે? એનાથી સમજે છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ તો વીતરાગમાર્ગ છે. સમજાણું કાંઈ? વીતરાગનો પોકાર પણ વાણીમાં આવે છે કે અમારા તરફનું લક્ષ છોડ તો તને લાભ થશે. ભગવાન! પણ એમ કેમ? અમને માન તો તને લાભ થશે એમ નહિ. અમને માનવા એમ કહેવામાં આવે એ તો યથાર્થમાં તારા દ્રવ્ય-ગુણ કેવા છે એને તું માન તો અમને માન્યા એમ કહેવામાં આવે. તારો આત્મા જ અરિહંત છે, સિદ્ધ પણ આત્મા જ છે, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પણ આત્મા જ છે. કોઈ બહારમાં, આત્મપદથી કોઈ પદ બહાર રહેતું નથી. સમજાણું કાંઈ? લ્યો! કેટલો ખુલાસો ટીકામાં છેલ્લે કરી નાખ્યો છે! સમજાય છે?

**'અત્યંત નિષ્પ્રમાદ વર્તતા, અત્યંત નિષ્કંપમૂર્તિ હોવાથી જેમને વનસ્પતિની ઉપમા આપવામાં આવતી હોવા છતાં...'** વનસ્પતિ જેમ ઠરે છે એમ ઠરી ગયા. વિકલ્પનું કંપન્ન છૂટીને નિર્વિકલ્પ સમાધિમાં, આનંદમાં સ્વદ્રવ્યના આશ્રયે ઠરી ગયો એ જ મોક્ષનો ઉપાય છે. વનસ્પતિની ઉપમા આપવામાં આવે છે એવા મુનિને. ઝાડ ઠરી ગયા હોય ને ઝાડ.

એમ અંતરમાં ચિદાનંદ ભગવાન સમાધિસ્વરૂપ શાંતમૂર્તિ એવા આત્મામાં ઠરી ગયા. શાંત... શાંત... શાંત. હરણ આવે તો ખંજવાળે તો એની ખબર નથી એને. ઠુંઠા જેવું લાગે, ઠુંઠા જેવું. હરણ હરણ હોય ને? મૃગ. સમજાણું કાંઈ? એવી સ્વરૂપમાં સ્થિરતા વિકલ્પથી રહિત.. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એવી.

'**વનસ્પતિની ઉપમા આપવામાં આવતી હોવા છતાં...**' કહે છે કે વનસ્પતિની ઉપમા આપી પણ વનસ્પતિને તો કર્મના ફળનો અનુભવ છે—કર્મફળચેતના. વનસ્પતિને એકેન્દ્રિયને તો એકલું રાગ-દ્વેષ અને હરખ-શોકનું જ વેદન છે. એને બીજું વેદન નથી. આ તો ઉપમા આપી. તોપણ અહો..! નિજ પરમાત્મપદમાં જ્યાં ઠરી ગયા, વિકલ્પ અનુકૂળ હતો નિમિત્તરૂપે, એ સ્વભાવની વિશ્રાંતિ અનુસાર છોડતાં નિષ્કંપ અંદર થઈ ગયા તો વનસ્પતિની ઉપમા આપવામાં આવે છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

શ્રીમદ્‌માં આવે છેને? શ્રીમદ્‌માં. 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં...' શ્રીમદ્ ગૃહસ્થાશ્રમમાં રહેતા ભાવના ભાવે છે. 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં...' પણ આપ અહીંયાં છો ને? આટલી ભાવના! ભાઈ! ભાવના અમે અંદર સ્થિરતાની કરીએ છીએ.

વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ જો,
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા.
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.

સિંહ ને વાઘ ખાવા આવે તો મિત્ર છે. અમારે શરીર નથી રાખવું, એને શરીર જોઈએ છે તો તે અમારો મિત્ર થઈ ગયો. આહાહા..! શેઠ! અમારું શરીર નથી. એનો કાળ હોય તો ચાલ્યું જશે અને એને લેવું છે, ખાવું છે (તો એ) પરમ મિત્ર... આહાહા..! સમતાની ભાવના!

'એકાકી વિચરતો વળી સ્મશાનમાં...' એકલા. આ બાયડી, છોકરા, ધંધા લાખોના. હવે સાંભળ તો ખરો, એમાંથી છૂટવું છે રાગથી. સમજાણું કાંઈ? 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ-સિંહ...' ખીણ ખીણ. ચાર-ચાર, પાંચ-પાંચ, આઠ-આઠ ખીણ. ઓલી આવતી ને આપણે પૂના જતા નહિ? શું કહેવાય એ? માઢ? ઘાટ ઘાટ. સો સો માઈલમાં એક ઘાટ. એક ફેરી આમ જોયું... ઓહોહો..! ખીણું! આમાં વાઘ અને વરું. એમાં માણસ ગયો હોય તો ખાઈ જાય તો મરી જાય. ક્યાંય રસ્તો નીકળવાનો નહિ. એક ડુંગર મોટો, વળી બીજો ડુંગર, વળી ત્રીજો ડુંગર. એમાં જઈને મુનિ પડે. મુનિ એમાં જાય. આહાહા..! ઊંચે આભ, નીચે ધરતી, બે બાજુ વાઘ અને સિંહ. સમજાણું કાંઈ? હું નિરાલંબી આત્મા છું અંદરમાં. સમજાણું કાંઈ?

'વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ...' જુઓ! વાઘ અને સિંહ બે લીધા વળી. એક કોર વાઘ અને સિંહ આમ બેઠા છે. આહાહા..! **'અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા...'** આસન તો ભલે સ્થિર હોય પણ મનમાં ક્ષોભ નથી કે મોક્ષની ઉત્પત્તિ હમણાં નથી. 'પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.' આહાહા..! અમારા પરમમિત્ર પ્રભુ અમારો આત્મા, એની સાથે ગોષ્ઠી કરીએ. અને એ (સિંહ) પરમ મિત્ર છે. શરીર અમારે નથી જોઈતું અને એ લઈ જાય છે, લઈ જાવ ભાઈ, અમારે કામનું નથી એ. આહાહા..! સમજાણું કાંઈ? આવી ભાવના સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? અમારું કોઈ નથી, અમે કોઈના નથી. અમે અમારા છીએ. એવી સાધના કરીને એવી સ્થિતિમાં જાય કે જ્યાં નિષ્કંપ દશા થઈ જાય. સમજાણું કાંઈ?

**'વનસ્પતિની...'** લ્યો! ઓહોહો..! **'તેમ હોવા છતાં જેમણે કર્મફળાનુભૂતિ અત્યંત નિરસ્ત (નષ્ટ) કરી છે...'** જુઓ! જાણે વનસ્પતિની ઉપમા દે છે મુનિને આવા ધ્યાનમાં, આનંદમાં. કેવી છે? **'કર્મફળાનુભૂતિ અત્યંત નિરસ્ત (નષ્ટ) કરી છે...'** કર્મનું ફળ તો છે નહિ. આત્માના આનંદના અનુભવમાં નિષ્પ્રમાદપણે નિષ્કપં મૂર્તિ રહે છે. જુઓ! છેલ્લે દર્શનવિશુદ્ધિ કરતા કરતા ચારિત્ર કરીને નિષ્પ્રમાદ થઈને નિષ્કંપ થઈને ક્રમસર આગળ વધે છે. સમજાણું કાંઈ? કર્મફળનો અનુભવ અર્થાત્ રાગ-દ્વેષનો અનુભવ અત્યંત નિરસ્ત (થયા છે). **'કર્માનુભૂતિ પ્રત્યે નિરુત્સક...'** અને રાગના કાર્યનું વેદન એનાથી નિરુત્સુક છે-ઉત્સાહ નથી. રાગના વેદનનો ઉત્સાહ નથી. શુભરાગના વેદનની ઉત્સુકતા નથી, ઉલ્લાસિત નથી. સ્વભાવ તરફનું શુદ્ધ જ્ઞાનાનંદનું કાર્ય, એની ઉત્સુકતા. શુભ વ્યવહારરત્નત્રયના પણ વેદનની અનુભવની ઉત્સુકતા, ઉલ્લાસિતતા નહિ. ઓહોહો..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચોથા ગુણસ્થાનમાં ...

ઉત્તર :- એ ચોથે ભાવના કરે છે ઈ. અને આ છેલ્લો સરવાળો આવે છે એનો. ભાવના તો ત્યાં જાવું છે કે અહીં પડ્યા રહેવું છે? સમજાણું કાંઈ? જ્યારથી દૃષ્ટિ સમ્યક્ થઈ ત્યારથી પ્રતીતમાં આવ્યું કે પૂર્ણાનંદની પ્રાપ્તિ એ જ મારી મુક્તિ છે. એ તો પ્રતીતમાં આવ્યું છે અને દર્શનશુદ્ધિ ઉપરાંત તેમાં સ્થિરતા કરવાથી લાભ થશે એ ચારિત્રની પ્રતીત આવી છે. ચારિત્રની સ્થિરતા નથી. પ્રતીતિ છે કે એમાં સ્થિર થઈશ ત્યારે મારું કલ્યાણ થશે. ચારિત્રની પ્રતીતિ તેનું દર્શન બહાર નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'કર્માનુભૂતિ પ્રત્યે નિરુત્સુક વર્તતા,...'** એ વનસ્પતિને નથી એમ. આ તો ઉપમા ભલે આપી કહે છે. પણ મુનિને હરખ-શોકનો અનુભવ છે જ નહિ. કર્માનુભૂતિ. કર્મ નામ રાગ, શુભરાગ હોં! શુભરાગની અનુભૂતિ પ્રત્યે નિરુત્સક વર્તતા, પોતાના શુદ્ધ પરિણામનો અનુભવ કરે છે. **'કેવળ (માત્ર) જ્ઞાનાનુભૂતિથી...'** ત્રણેય આવી ગયા. કર્મફળચેતના, કર્મચેતના બેયને છોડીને એકલી જ્ઞાનાનુભૂતિ કરે છે. **'કેવળ (માત્ર) જ્ઞાનાનુભૂતિથી ઉત્પન્ન થયેલ...'**

જુઓ! રાગના અનુભવમાં તો દુઃખ હતું. વ્યવહારરત્નત્રયના રાગના વેદનમાં પણ દુઃખ હતું એમ ખુલાસો ભાઈ કરે છે. સમજાણું કાંઈ? જેને અમે સાધન કહ્યું હતું, પણ એનું વેદન તો દુઃખ હતું. એ કર્મચેતના છે, જ્ઞાનાનુભૂતિ નથી. આહાહા..! સમજાણું કાંઈ? પંચ મહાવ્રતના પરિણામ કર્મચેતના છે. અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ કર્મ રાગ છે. કરું એવી બુદ્ધિ નથી, પણ રાગનું વેદન દુઃખરૂપ છે. તો કહે છે કે કર્માનુભૂતિથી ઉત્સુકતા રહિત માત્ર જ્ઞાનાનુભૂતિથી ઉત્પન્ન થયેલ. વ્યવહારથી ઉત્પન્ન થયેલો આનંદ છે? નાસ્તિથી વાત કરી. અહીંયાંથી આનંદ ઉત્પન્ન થાય છે તો વ્યવહારથી રાગથી આનંદ ઉત્પન્ન નથી થયો. તેની ઉત્સુકતા નિવારી પોતાના સ્વભાવમાં સાવધાની કરે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભિન્ન અનુભૂતિ થઈ ગઈ. ત્રણેય ચેતના આવી ગઈ. કર્મચેતનાનો આદર નથી, અનુભૂતિ કર્મફળનો ભાવ નથી. ભગવાન આત્મા શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... તેનો અનુભવ એ જ્ઞાનાનુભૂતિ. અંતર અવિકારી અકષાય સ્વભાવનો અનુભવ એનું નામ જ્ઞાનાનુભૂતિ, એનું નામ શુદ્ધ પરિણતિની અનુભૂતિ, એનું નામ શુદ્ધોપયોગના વેદનની અનુભૂતિ. સમજાણું કાંઈ? એની ભૂમિકામાં એવો નિર્ણય કરે કે આ ભૂમિકા આવશે ત્યારે કલ્યાણ થશે. સમજાણું કાંઈ? શુભરાગ સાધન કહ્યું હતું અને સુમેળ કહ્યું હતું, આમ કહ્યું હતું માટે ત્યાં રહેતા રહેતા આગળ વધી જશે એમ નથી. સ્વભાવનો આશ્રય જેટલો... સમજાણું કાંઈ? દૃષ્ટિમાં જ વિપરીતતા છે એ તો. ઓહો..! જ્ઞાનીની વ્યાયામશાળામાં કદી આવ્યો નથી. સમજાણું કાંઈ? જ્ઞાનીની કસરતશાળા. શોભાલાલજી! કસરતશાળા.

મુમુક્ષુ :- જ્ઞાનીઓનો અખાડો.

ઉત્તર :- અખાડો. ભગવાન જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવ અખાડો એમાં કસરત કરતાં... સમજાણું કાંઈ? એ વ્યાયામ એમાં કરવો છે. નિમિત્તમાં શું વ્યાયામ? અને રાગમાં શું વ્યાયામ? એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકલી કુસ્તી કરવી આત્મા સાથે. કુસ્તી કરે કોણ? કોની સાથે કરે કુસ્તી? સમજાણું કાંઈ?

અને એ જ્ઞાનની પરિણતિ... એ લીધું છેને ભાઈ પરમાત્મપ્રકાશમાં? અભવિને જ્ઞાનની પરિણતિ છે જ નહિ. જ્ઞાનપરિણતિ જ નથી એને. જ્ઞાનપરિણતિ એને કહીએ કે વિકલ્પથી રહિત જ્ઞાનાનુભૂતિ થાય તેનું નામ જ્ઞાનપરિણતિ. આ ક્ષયોપશમ જ્ઞાન એને છે એ જ્ઞાનપરિણતિ નહિ. અમરચંદભાઈ! અભવિને જ્ઞાનપરિણતિ નથી એમ કહ્યું છે. જ્ઞાનપરિણતિ નથી. જ્ઞાનપરિણતિ કોને કહીએ? એ ક્ષયોપશમ છે એ જ્ઞાનપરિણતિ છે? ક્ષયોપશમભાવ છેને? કે ના. જ્ઞાનપરિણતિ નથી. જ્ઞાનપરિણતિ, જ્ઞાનાનુભૂતિની દશા એનું નામ જ્ઞાનપરિણતિ છે.

અભવિને કદી હોતી નથી. સમજાણું કાંઈ? લ્યો! ઓહોહો..! અગિયાર અંગ, નવ પૂર્વનો ક્ષયોપશમ. સનતકુમારજી! એક જ્ઞાનપરિણતિ ના પાડી. જ્ઞાનની પરિણતિ નથી. જ્ઞાનની પરિણતિ તો જ્ઞાન શુદ્ધ છે એની નિર્મળ પર્યાય એનું નામ જ્ઞાનપરિણતિ છે. જે જ્ઞાન પરલક્ષે ઉત્પન્ન થયું એ જ્ઞાનપરિણતિ જ નથી. પોતાના જ્ઞાતા-દૃષ્ટાના આશ્રયે જે જ્ઞાન શુદ્ધિ પરિણતિ થઈ એનું નામ જ્ઞાનપરિણતિ છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

'**કેવળ (માત્ર) જ્ઞાનાનુભૂતિથી ઉત્પન્ન થયેલ...**' શું ઉત્પન્ન થયું? '**તાત્ત્વિક આનંદથી અત્યંત ભરપૂર વર્તતા,...**' જુઓ! તાત્ત્વિક આનંદ, તાત્ત્વિક આનંદ, તત્ત્વમાં ભરેલો અંદર પડ્યો આનંદ. શુભરાગમાં આનંદ નથી, વ્યવહારરત્નત્રયમાં આનંદ નથી. આહાહા..! દેવીલાલજી! એ '**(માત્ર) જ્ઞાનાનુભૂતિથી ઉત્પન્ન થયેલ તાત્ત્વિક આનંદથી અત્યંત ભરપૂર વર્તતા,...**' અત્યંત ભરપૂર વર્તતા થકા આનંદનો ખજાનો અંતરમાં એકાકાર થઈને ખોલી દીધો છે. શુભરાગથી ખસીને પોતાનો સ્વભાવ નિર્વિકલ્પ સમાધિમાં ઠરી ગયા. '**તાત્ત્વિક આનંદથી અત્યંત ભરપૂર વર્તતા,...**' જુઓ! એમાં તો ઘણી વાત કરે છે કે પોતાના સ્વભાવના આશ્રયે શુભ ઘટે છે, શુભના આશ્રયે નહિ. શુભ પોતે આનંદ નથી. સમજાણું કાંઈ? હરખ થઈ જાય શુભમાં કે ઓહોહો..! ઘણો આનંદ થયો, ઘણો આનંદ થયો. શુભરાગમાં આનંદ છે જ નહિ, સાંભળને! સમજાણું? તાત્ત્વિક આનંદ નથી. ખુશ થઈ જાય છેને કોઈ વખતે ભક્તિમાં કે આહાહા..! ઘણો ઉત્સાહ આવ્યો. પણ શું આવ્યું? એ તો શુભરાગ છે. એમાં આનંદ છે નહિ. તાત્ત્વિક આનંદ એમાં નથી.

'**તાત્ત્વિક આનંદથી અત્યંત ભરપૂર વર્તતા,...**' જોયું! ભરપૂર વર્તતા થકા. પોતાના પુરુષાર્થથી દ્રવ્યનો આશ્રય લઈને આનંદના અનુભવમાં વર્તતા થકા. અહીં તો કર્મનું નામ પણ લીધું નથી. કર્મ આટલા ઘટતા જાય તો આમ થાય છે ને તેમ થાય છે. અરે..! નિમિત્તની વાત શું કરે છે? અહીં તો શુભભાવની વાત પણ છોડાવે છે. સમજાણું કાંઈ? '**શીઘ્ર સંસારસમુદ્રને પાર ઊતરી,...**' લ્યો આ અનંતચતુર્દશીનો છેલ્લો સરવાળો આવ્યો આ. સમજાણું કાંઈ? અનંતનાથ ભગવાન, પોતાનો આત્મા હોં અનંતનાથ. અનંતનાથ—પોતાના અનંત ગુણ શુદ્ધ એનો સ્વામી થઈને ક્રમે ક્રમે ક્રમે રાગ ઘટાડતા, સ્વરૂપમાં સ્થિર થતાં થતાં '**તાત્ત્વિક આનંદથી અત્યંત ભરપૂર વર્તતા, શીઘ્ર સંસારસમુદ્રને પાર ઊતરી,...**' લ્યો! અર્થાત્ તેને હવે મુક્તિનો કાળ જ અલ્પ રહ્યો. અલ્પ કાળમાં કેવળજ્ઞાન થઈ જશે.

'**શીઘ્ર સંસાર...**' શીઘ્ર શબ્દે તમારું ક્રમબદ્ધ ક્યાં રહ્યું? વળી તમારા એમ બોલે છે હોં! અરે..! ભગવાન! પણ તારે કાંઈ નથી? આહાહા..! અરે..! ભગવાન! કેવળજ્ઞાન... આહાહા..! જેણે જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા છે એને હજી અનિશ્ચિત અને નિશ્ચિત. કાંઈક અનિશ્ચિત અને કાંઈક નિશ્ચિત. પ્રભુ! તને કેવળજ્ઞાનની પર્યાય અરિહંતની ખબર નથી, તેને આત્માની ખબર નહિ ને નયની ખબર (નહિ ને) શાસ્ત્ર વાંચીને બકે. સમજાણું કાંઈ?

ઓહો..! જ્યાં કેવળજ્ઞાન(માં) ત્રણ કાળ ત્રણ લોક વ્યવસ્થિત જેમ છે તેમ થંભી ગયા નિમિત્તરૂપ. તેમાં ઉપાદાનની પર્યાય પોતાની એવી પ્રગટ થઈ ગઈ. આમ થાય છે. આ કારણે થાય છે એમ અહીં નથી કહેવું. પણ આમ આમ છે. જ્ઞાનપર્યાય છે એવું ત્યાં ચક્કર આખું લોકાલોક એક સમયમાં (જણાય છે). એવું કેવળજ્ઞાન અને નિશ્ચિતને જાણે એવી વાત નથી. બધું નિશ્ચિત છે. જ્યાં જ્યાં પર્યાય પ્રગટ થશે ત્યાં ત્યાં નિમિત્ત કોણ એ બધાનું કેવળજ્ઞાનમાં જ્ઞાન થઈ ગયું છે. કોઈ બાકી છે નહિ. આહાહા..! એવા સર્વજ્ઞનો નિર્ણય કરનારાને પોતાના સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય કરે છે ત્યારે સર્વજ્ઞનો નિર્ણય થઈ જાય છે. ત્યારે આગળ વધી (સ્થિરતા) કરતા... કરતા... કરતા પર્યાયમાં સર્વજ્ઞ થઈ ગયો હવે. સમજાણું કાંઈ?

**'શીઘ્ર સંસારસમુદ્રને પાર ઉતરી,...'** શીઘ્રનો અર્થ? હવે તેને કેવળજ્ઞાન પામવાનો કાળ દીર્ઘ નથી રહ્યો. એ પોતાના સ્વભાવ સન્મુખની કસરતમાં પડ્યા છે, તાત્ત્વિક આનંદના અનુભવમાં પડ્યા છે. સંસાર સમુદ્રને પાર. આહાહા..! ખારા જળ જેવો સંસારસાગરને પાર થઈને **'શબ્દબ્રહ્મના શાશ્વત ફળના...'** ભગવાનની વાણીનું ફળ શું? લ્યો! **'શાશ્વત ફળના (-નિર્વાણસુખના) ભોક્તા થાય છે.'** શબ્દબ્રહ્મમાં મુક્તિ કરવી એ એનું ફળ બતાવ્યું છે. શબ્દમાં એમ નથી કહ્યું કે તને સંસાર મળે અને આમ મળ્યો છે. સંસારનો અભાવ થઈને વિકલ્પ.. સંસાર શબ્દે ઉદયભાવ. સંસાર નામ ભાવસંસાર ઉદયભાવ. બાકીની બહારની વાત. એનો અભાવ કરીને **'શબ્દબ્રહ્મના શાશ્વત ફળના...'** લ્યો, શબ્દબ્રહ્મમાં કહેનારું શાશ્વત નિર્વાણસુખ. અહીં તો શબ્દબ્રહ્મમાં એ કહ્યું છે એમ કહે છે. જેમ કહ્યું કે શબ્દબ્રહ્મ બધા શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. એમ કહ્યું ને પહેલાં શ્લોકમાં? ત્યાંથી વાત ચાલી છે. બધા શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા અને સૂત્રતાત્પર્ય ગાથાદીઠ કહેવામાં આવેલો ભાવ. તો કહે છે કે બધા શાસ્ત્રનો સાર વીતરાગતા છે. તો એ વીતરાગતા શબ્દબ્રહ્મના સારરૂપ શાશ્વત નિર્વાણ પૂર્ણ વીતરાગ થઈ ગયો એ શબ્દબ્રહ્મનું ફળ છે. નિમિત્તમાં એમ કહેવાય છે. લ્યો ભોક્તા. આનંદનો ભોક્તા પૂર્ણાનંદનો. એ જ સમયસાર શબ્દબ્રહ્મ વાણીનું ફળ છે. વાણીમાં એ કહેવું છે. એ સમજે અને સ્થિર થાય તો તેને મુક્તિ થયા વિના રહેતી નથી. પૂર્ણાનંદનો ભોક્તા એ થાય છે લ્યો. કહો, સમજાણું કાંઈ?

થોડી થોડી વાત કરી એની સામે આપણે મિશ્રની. બે નયને સાચી માને, છે અપેક્ષાએ સાચી. શું? નય છે તો નયનો વિષય છે. વ્યવહારનય છે તો નય વિષયી છે, તો એનો વિષય છે. પર્યાય, રાગ એ વિષય છે અને નિશ્ચયનયનો વિષય અભેદ ત્રિકાળ એક વસ્તુ છે. એ છે અપેક્ષાએ જ્ઞાન કરવા માટે સમકક્ષી છે. આદરણીય કરવામાં એક વ્યવહાર આદરણીય નથી, હેય છે અને નિશ્ચય ઉપાદેય છે. બેયને એક (સમાન) સત્ય માને તો બે નયનો ખીચડો છે. બે ક્યાંથી આવ્યા? બેય સત્ય છે અને બેય ઉપાદેય છે અને બેયથી મુક્તિ થાય તો બે રહ્યા ક્યાંથી? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એક થઈ ગયા. બે ક્યાં રહ્યા?

મુમુક્ષુ :- એક બીજાની પૂરક...

ઉત્તર :- પૂરક નથી. જ્ઞાન કરવામાં પૂરક છે. લાભ કહ્યો માટે આશ્રય કરવામાં પૂરક નથી. બે વાત છે. નિશ્ચયનું જ્ઞાન થાય અને નિશ્ચયમાં ઠરે, સાથે વ્યવહારનું જ્ઞાન કરવામાં પૂરક છે, પ્રમાણજ્ઞાન થાય છે. પણ આશ્રય કરવામાં, લાભ કરવામાં પૂરક છે એમ છે નહિ. બધા શાસ્ત્રનો સાર મુક્તિ. આ ક્રમસર સ્વભાવના આશ્રયે પ્રાપ્ત થાય છે એમ ૧૭૨માં વીતરાગ તાત્પર્ય કહ્યું. એનો સાર કહી દીધો. (મુમુક્ષુ :- પ્રમાણ વચન ગુરુદેવ!)

मग्गप्पभावणट्ठं पवयणभत्तिप्पचोदिदेण मया।
भणियं पवयणसारं पंचत्थियसंगहं सुत्तं।।१७३।।
मार्गप्रभावनार्थं प्रवचनभक्तिप्रचोदितेन मया।
भणितं प्रवचनसारं पञ्चास्तिकसंग्रहं सूत्रम्।।१७३।।
મેં માર્ગ-ઉદ્યોતાર્થ, પ્રવચનભક્તિથી પ્રેરાઈને,
કહ્યું સર્વપ્રવચન-સારભૂત 'પંચાસ્તિકાયસંગ્રહ' સૂત્રને. ૧૭૩.

અન્વયાર્થ :— (प्रवचनभक्तिप्रचोदितेन मया) પ્રવચનની ભક્તિથી પ્રેરિત એવા મેં (मार्गप्रभावनार्थं) માર્ગની પ્રભાવના અર્થે (प्रवचनसारं) પ્રવચનના સારભૂત (पञ्चास्तिकसंग्रहं) 'પંચાસ્તિકાયસંગ્રહ' સૂત્ર (भणितम्) કહ્યું.

ટીકા :— આ, કર્તાની પ્રતિજ્ઞાની પૂર્ણતા સૂચવનારી સમાપ્તિ છે (અર્થાત્ અહીં શાસ્ત્રકર્તા શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પોતાની પ્રતિજ્ઞાની પૂર્ણતા સૂચવતાં શાસ્ત્રસમાપ્તિ કરે છે).

માર્ગ એટલે પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે ઢળતી પારમેશ્વરી પરમ આજ્ઞા (અર્થાત્ પરમ વૈરાગ્ય કરવાની પરમેશ્વરની પરમ આજ્ઞા); તેની પ્રભાવના એટલે પ્રખ્યાપન દ્વારા અથવા પ્રકૃષ્ટ પરિણતિ દ્વારા તેનો સમુદ્યોત કરવો તે; (પરમ વૈરાગ્ય કરવાની જિનભગવાનની પરમ આજ્ઞાની પ્રભાવના એટલે (૧) તેની પ્રખ્યાતિ—જાહેરાત--કરવા દ્વારા અથવા (૨) પરમવૈરાગ્યમય પ્રકૃષ્ટ પરિણમન દ્વારા, તેનો સમ્યક્ પ્રકારે ઉદ્યોત કરવો તે;) તેના અર્થે જ (-માર્ગની પ્રભાવના અર્થે જ), પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી જેનું મન અતિ ચલિત થતું હતું એવા મેં આ 'પંચાસ્તિકાયસંગ્રહ' નામનું સૂત્ર કહ્યું—કે જે ભગવાન સર્વજ્ઞ વડે ઉપજ્ઞ હોવાથી (-વીતરાગ સર્વજ્ઞ જિનભગવાને સ્વયં જાણીને પ્રણીત કરેલું હોવાથી) 'સૂત્ર' છે, અને જે સંક્ષેપથી સમસ્તવસ્તુતત્ત્વનું (સર્વ વસ્તુના યથાર્થ સ્વરૂપનું) પ્રતિપાદન કરનારું હોવાથી અતિ વિસ્તૃત એવા પણ પ્રવચનના સારભૂત છે (-દ્વાદશાંગરૂપે વિસ્તીર્ણ એવા પણ જિનપ્રવચનના સારભૂત છે).

આ રીતે શાસ્ત્રકાર (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ) પ્રારંભેલા કાર્યના અંતને પામી, અત્યંત કૃતકૃત્ય થઈ, પરમનૈષ્કર્મ્યરૂપ શુદ્ધસ્વરૂપમાં વિશ્રાંત થયા (--પરમ નિષ્કર્મપણારૂપ શુદ્ધસ્વરૂપમાં સ્થિર થયા) એમ શ્રદ્ધવામાં આવે છે (અર્થાત્ એમ અમે શ્રદ્ધીએ છીએ). ૧૭૩.

**ભાદરવા સુદ ૧૫, સોમવાર, તા. ૨૧-૯-૧૯૬૪**
**ગાથા - ૧૭૩, શ્લોક-૮, પ્રવચન - ૨૭**

૧૭૩ છેલ્લી ગાથા.

मग्गप्पभावणट्ठं पवयणभत्तिप्पचोदिदेण मया।
भणियं पवयणसारं पंचत्थियसंगहं सुत्तं।।१७३।।

કુંદકુંદાચાર્ય મહારાજે પ્રતિજ્ઞા કરી હતી તેની પૂર્ણાહૂતિ કરે છે. ૧૭૩.

'**ટીકા :—આ, કર્તાની પ્રતિજ્ઞાની પૂર્ણતા સૂચવનારી સમાપ્તિ છે...**' કુંદકુંદાચાર્ય મહારાજે પ્રતિજ્ઞા કરી હતી કે હું પંચાસ્તિકાયસંગ્રહ સૂત્ર કહીશ. એની અહીંયાં સમાપ્તિ-પૂર્ણાહૂતિ કરે છે. '(**અર્થાત્ અહીં શાસ્ત્રકર્તા શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવ પોતાની પ્રતિજ્ઞાની પૂર્ણતા સૂચવતાં શાસ્ત્રસમાપ્તિ કરે છે**).' કથનમાં તો શું આવે? જુઓ. અહીંયાં કહે, શાસ્ત્ર(ના) કર્તા. કર્તાની પ્રતિજ્ઞા એમ શબ્દ પડ્યો છે. તો આ શાસ્ત્રકર્તા કુંદકુંદાચાર્ય ખરેખર વાણીને કરે છે? એ ખુલાસો છેલ્લી ગાથામાં આવશે.

મુમુક્ષુ :- જૈનધર્મમાં તો બેય હોય.

ઉત્તર :- બે હોય શેનો? એક જ હોય. એ તો અહીંયાં વાણી રચનાકાળમાં નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા માટે શાસ્ત્રકર્તા કુંદકુંદાચાર્ય છે, એવી વાતનું જ્ઞાન કરાવવા માટે કહ્યું છે. હવે તકરાર કરે કે કર્તા પણ છે. જુઓ! તમે તો ના પાડો છોને કે શાસ્ત્ર, વાણીના કર્તા નથી. આ કર્તા આવ્યું. છે કે નહિ? પણ ઉપચારથી કર્તા છે કે નહિ? ઉપચાર એ જૂઠી વાત છે? એમ કહે છે લ્યો.

મુમુક્ષુ :- ઉપચાર ખરો કે નહિ?

ઉત્તર :- કર્તા છે કે નથી? બેમાંથી એક હોય કે નહિ? કે કાંઈ નિર્ણય નથી? કર્તા નિમિત્તપણે કહેવામાં આવે છે. છે નહિ. એ હમણા શ્લોકમાં કહેશે. વાણીને કોણ કરે? આહાહા..! અરે..! અભિમાન પણ કેટલું! અનંત પરમાણુનો એક અક્ષર, એવા અનંત સ્કંધનો એક અક્ષર, એના એક સ્કંધમાં અનંત પરમાણુ. એક અક્ષર. પંચાસ્તિકાય. 'પ'-અનંત પરમાણુનો એક સ્કંધ એવા અનંત સ્કંધનો એક અક્ષર 'પ' છે. કોણ બનાવે ભાઈ? શું થાય?

મુમુક્ષુ :- અચિંત્ય શક્તિ.

ઉત્તર :- અચિંત્ય શક્તિ જડમાં જડની, આત્મામાં આત્માની. આત્મા શું પરનો કર્તા છે? લ્યો!

'**આ કર્તાની પ્રતિજ્ઞાની પૂર્ણતા સૂચવનારી...**' કર્તાની વાત લીધી છેને? અમૃતચંદ્રાચાર્ય બોલે છે જુઓ. '**कर्तुः प्रतिज्ञानिर्व्यूढिसूचिका समापनयेम्।**' કુંદકુંદાચાર્ય કર્તા છે.

અમૃતચંદ્રાચાર્ય કહે છે લ્યો. એ અમૃતચંદ્રાચાર્ય આગળ કહેશે કે ભાઈ! મેં કર્યું નથી હોં!

મુમુક્ષુ :- મેં નથી કર્યું પણ કુંદકુંદાચાર્યે કર્યું.

ઉત્તર :- કુંદકુંદાચાર્યે પણ કર્યું નથી. મેં કર્યું શું? કોઈએ કર્યું નથી. પણ હવે એ વાણી.. આજે લેખ આવ્યો છે. શ્લોક શું કહેવાય? સેવો માર્ગ. વ્યવહારમોક્ષમાર્ગ છે દસમા ગુણસ્થાન સુધી અને એનાથી મોહકર્મનો નાશ થાય. અને પછી નિશ્ચયમોક્ષમાર્ગથી સાત કર્મોનો નાશ થાય. સાત રહ્યા કે નહિ? ક્ષીણમોહ (ગુણસ્થાન)માં જ્ઞાનાવરણીય, દર્શનાવર્ણીય, અંતરાય અને પછી ચાર અઘાતિ. એટલે બેય મોક્ષમાર્ગ છે. વ્યવહારમોક્ષમાર્ગથી મોહનો નાશ થાય, નિશ્ચયમોક્ષમાર્ગથી સાતનો નાશ થાય. એમ કરીને આઠનો થાય. તારાચંદભાઈ!

મુમુક્ષુ :- વહેંચી દીધા.

ઉત્તર :- વહેંચી દીધા, વહેંચી દીધા બસ. અમરચંદભાઈ!

મુમુક્ષુ :- સ્વપરહેતુકથી બધું થાય.

ઉત્તર :- કેટલું તદ્દન એને... અને સમ્યગ્દૃષ્ટિને... એવું લખ્યું છે અંદર, સમ્યગ્દૃષ્ટિને જેટલી પૂર્વના કર્મની નિર્જરા થાય, એથી અધિક નવો બંધ થાય, અસંયમને લઈને. કહો, એટલે બધી વાત એને સંયમ ઉપર બહારની ક્રિયા, પંચ મહાવ્રત ને એ જ સંયમ છે અને એ જ બારમા ગુણસ્થાને લઈ જવાની તાકાત છે એનામાં. વ્યવહારસંયમ, વ્યવહારદર્શન અને વ્યવહારજ્ઞાન, બારમા ગુણસ્થાને લઈ જવાની એની તાકાત છે એમ ગણધરોએ કહ્યું છે એમ લખ્યું છે. આહાહા..!

અહીં કહે છે કે અહીંયાં કર્તાની પ્રતિજ્ઞાનો અર્થ? એ શાસ્ત્ર બનવાના કાળે નિમિત્ત કોણ હતું? એટલી વાત કહેવા માટે આ વાત કરી છે. અરે..! ભગવાન! વાણી કોણ કરે ભાઈ? છ કાયની દયા પાળે. એમ બધું ખૂબ લખ્યું છે. છ કાયની દયા પાળે છે, છ કાયની રક્ષા કરે એ સંયમ છે અને એ સંયમથી રાગ-દ્વેષ ટળે છે, એ ધર્મધ્યાન છે. કહો, દેવીલાલજી! એકવાર તો ઉગમણી-આથમણી અત્યારે આવી છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. વ્યવહારને નિશ્ચય બનાવે. વ્યવહાર તો વિકલ્પાત્મક ભાગ છે. ઓહોહો..! વ્યવહાર તો પરાશ્રિત ભાવ છે. વ્યવહાર હોય એ બીજી વાત છે અને એનાથી સંવર-નિર્જરા થાય એ બીજી વાત છે. સંવર-નિર્જરા... પણ શું કહે? નહિ. ઉદયભાવ નહિ. એ ક્ષયોપશમ, ક્ષાયિકભાવ, ઉપશમભાવ એમ લખ્યું છે હોં! પંચ મહાવ્રત આદિ પરિણામ કોઈ ઉદયભાવ કહે છે એમ નથી. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ છે. હવે અહીંયાં તત્ત્વાર્થસૂત્રમાં કહે છે કે મહાવ્રત છે, બાર વ્રત છે એ આસ્રવ છે. બહુ પણ ફરી ગયું આ તો. ચક્ર તો વધારે ફરી ગયું. ઓહોહો..!

અહીં કહે છે... જુઓ! '**માર્ગ એટલે પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે ઢળતી પારમેશ્વરી**

**પરમ આજ્ઞા...**' જુઓ આ વ્યાખ્યા અમૃતચંદ્રાચાર્ય મહારાજની. '**માર્ગ એટલે પરમ વૈરાગ્ય...**' વિકલ્પ નિમિત્તથી ખસવાનો પરમવૈરાગ્ય. અહીં નાસ્તિથી વાત કરી છે. અસ્તિથી ચૈતન્યમૂર્તિ પૂર્ણાનંદ અખંડ આનંદ ધ્રુવ એમાં દૃષ્ટિ, સ્થિરતા થવાથી પરથી ખસે છે. રાગ વિકલ્પ શુભ હોય કે અશુભ હોય, એનાથી પરમ વૈરાગ્ય-તદ્દન ઉદાસ. સંયોગથી ઉદાસ અને પુણ્ય-પાપના વિકલ્પ બેય બંધનું કારણ છે. એનાથી ખસવું અર્થાત્ વીતરાગભાવની પર્યાય પ્રગટ કરવી એ જ એક માર્ગ છે. કહો, સમજાણું કાંઈ?

'**પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે ઢળતી પારમેશ્વરી પરમ આજ્ઞા...**' ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પ્રભુની આજ્ઞા-પારમેશ્વરી આજ્ઞા, '**પરમ વૈરાગ્ય કરવાની પરમેશ્વરની પરમ આજ્ઞા...**' છે. પરમ વૈરાગ્ય કરવાની પરમેશ્વરની પરમ આજ્ઞા છે. બેયમાં પરમ લગાવ્યું છે. પરમ વૈરાગ્યની પરમેશ્વરની પરમ આજ્ઞા છે. પરથી ખસી વીતરાગભાવ પ્રગટ કરવો, એનો અર્થ થયો કે ત્રિકાળ જ્ઞાયકભાવ તરફ ઢળીને રાગની ઉત્પત્તિ ન થવી એવો પરમવૈરાગ્ય, એવી પરમેશ્વરની આજ્ઞા છે. કહો, સમજાણું કાંઈ?

'**તેની પ્રભાવના એટલે પ્રખ્યાપન દ્વારા...**' કથન દ્વારા. બે વાત છેને? એક તો એ માર્ગ કહેવો અને એ માર્ગ અંતરમાં પ્રસિદ્ધ કરવો. પોતાના અંતરમાં. '**પ્રખ્યાપન દ્વારા અથવા...**' બે શબ્દ પડ્યા છે. '**प्रख्यापनद्वारेण प्रकृष्टपरिणतिद्वारेण वा**' સંસ્કૃતમાં ભાઈ બે છેને? બે છેને? કથન પણ છે. વીતરાગે આજ્ઞા કહી, ભાઈ! પ્રભુ! તું પરમેશ્વર છો. તું પૂરો પરમેશ્વર છો. આહાહા..! તારે તો, કોઈ એક વિકલ્પ છે એનાથી પણ ખસીને નિર્વિકલ્પમાં રહેવું એ જ તારો માર્ગ છે. એ માર્ગની પરમેશ્વરની પરમ આજ્ઞા છે. પરમ આજ્ઞા કેમ કહી? કે કોઈ વખતે જિનવરની વ્યવહારુ આજ્ઞામાં પંચ મહાવ્રત આદિ આવે છે કે નહિ શાસ્ત્રમાં? જિનવર કહેલા. આવે છેને સમયસારમાં? એ વ્યવહાર આજ્ઞા છે. એ વ્યવહાર આજ્ઞા એટલે કે બંધનું કારણ એને વ્યવહાર આજ્ઞા કહી છે. એનું ફળ સંસાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

એટલે અહીંયાં કહ્યું કે '**પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે ઢળતી પારમેશ્વરી પરમ આજ્ઞા...**' જુઓ આ પરમ આજ્ઞા. આજ્ઞામાં પણ પરમ આજ્ઞા અને આજ્ઞા—બે ભાગ. આહાહા..! સમજાણું કાંઈ? એકલો ચૈતન્યસ્વભાવ અવિકારી સ્વભાવમાં સાવધાની કરવી. એનો અર્થ કે રાગથી ખસીને અંતર વીતરાગ પરિણતિ પ્રગટ કરવી એ જ પરમેશ્વરની પરમ આજ્ઞા છે. કહો, સમજાણું કાંઈ? '**તેની પ્રભાવના એટલે પ્રખ્યાપન...**' કથન કરવું. એ નિમિત્તથી કથન છે અને '**પ્રકૃષ્ટ પરિણતિ દ્વારા તેનો સમુદ્યોત કરવો...**' પોતામાં નિર્મળ વીતરાગી પરિણતિ અવિકારી પ્રગટ કરવી એને માર્ગની પ્રભાવના કહેવામાં આવે છે. એ માર્ગની પ્રભાવના પોતામાં થાય છે. વાણીથી, નિમિત્તથી પરમાં થાય છે એમ કહેવાય છે. વાણી, કહે છેને વાણીથી કહેવું. એ વાણી નિમિત્ત છે તો એવું પ્રખ્યાપન કહે છે (અર્થાત્) કથન કરવું કે માર્ગ આવો છે

ભાઈ! પરમેશ્વર ત્રિલોકનાથ જૈનવીતરાગ એની રાગની આજ્ઞા નથી. કહો, સમજાણું કાંઈ? પંચ મહાવ્રત આદિ છે એ વ્યવહારસંયમ એ વિકલ્પ છે. ખરેખર પરમ આજ્ઞા એ છે જ નહિ. કહો, ભીખાભાઈ!

અરે..! કહે છે કે '**પ્રભાવના એટલે પ્રખ્યાપન અથવા પ્રકૃષ્ટ પરિણતિ દ્વારા તેનો...**' એટલે માર્ગનો. '**(પરમ વૈરાગ્ય કરવાની જિનભગવાનની પરમ આજ્ઞાની પ્રભાવના એટલે (૧) તેની પ્રખ્યાતિ—જાહેરાત—કરવા દ્વારા...**' એક વાત. જાહેરાત કરવી. એ જ આજ્ઞા. ભાઈ આમ કહે છે. વીતરાગપણાનું જ કથન કરવું એમ કહે છે લ્યો, બીજી ભાષાએ કહીએ તો. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગપણાનું કથન કરવું. ઓહો..! રાગનો એક કણ, ભાઈ! એ તારી ચીજ નથી હોં! વીતરાગમાર્ગ તો વીતરાગનું જ કથન કરે છે. ઓહો..! સમજાણું કાંઈ?

એ આત્માનુશાસનમાં કહ્યું છેને? આત્માનુશાસન શું? આત્માવલોકન. વીતરાગ મૂહૂ.. મૂહૂ... મુનિઓ તો વારંવાર વીતરાગ... વીતરાગ... વીતરાગ... (ની ભાવના ભાવે છે). એ વીતરાગ એટલે? સર્વજ્ઞ વીતરાગ એમ નહિ. તારી પર્યાયમાં રાગરહિત દશા પ્રગટ કરવી એ જ ભગવાનની–પરમેશ્વરની પરમ આજ્ઞા છે. આહાહા..! રાગ બાકી હોય વ્યવહાર,.. એ બધી વાત આવી ગઈ ને? નિશ્ચય વ્યવહાર ને અવિરોધ ને... હવે છેલ્લી મૂળ આજ્ઞા શું છે એની વાત અહીંયા કરી. આહાહા..! હો, વ્યવહાર એની ભૂમિકાને યોગ્ય, એવું નિમિત્ત હોય એનું જ્ઞાન કરાવ્યું. સમજાણું કાંઈ? વ્યવહાર આજ્ઞા પણ એને કહેવામાં આવે છે. પણ પરમ આજ્ઞા નથી એ. કહો, શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૂર્ણ રાગરહિત, વિકલ્પનો ભેદ પડે છે એનાથી રહિત, આ ભેદથી રહિત અભેદ ચિદાનંદમાં લીન રહેવું એ જ પરમ આજ્ઞા ભગવાનની છે. આહાહા..! બહુ કઠણ પડે જગતને. આ માણસને.... એક વિચાર એવો આવ્યો હતો કે અરે..! બિચારા, આ સાધારણ માણસ બિચારા મૂંઝાય છે કેટલાક.

મુમુક્ષુ :- કોઈ મૂંઝાતું નથી...

ઉત્તર :- વાહ! પણ ઓલા બે, ત્રણ, ચાર આમ મંડે, ઓલો આમ મંડે.

મુમુક્ષુ :- મંડે પણ...

ઉત્તર :- ઠીક કહે છે. એ અત્યારે ખરું કહ્યું હોં! એક આમ કહે, એક આમ કહે. માણસો બિચારાને એમ થાય કે શું હશે આ તે માર્ગ? આ તો વારંવાર અહીં પરિચયમાં આવે છે એટલે એ બોલે છે. કેમ શોભાલાલભાઈ? આહાહા..!

કહે છે કે પ્રભુની પરમ આજ્ઞા. એમણે તો વીતરાગતા સર્વજ્ઞ વીતરાગવિજ્ઞાનઘન દશા પ્રગટ કરી છે ને? તો આજ્ઞામાં એ વીતરાગતા જ માર્ગમાં આવી. સમજાણું કાંઈ? જૈન

છેને જૈન? જિનને માને એ જૈન. તો જિન ઈ કહે છે—વીતરાગ. જેમાં રાગ શુભ-અશુભ ન હોય એવી પરિણતિનો માર્ગ, વીતરાગ પરિણતિ માર્ગ એ પરમેશ્વરની પરમ આજ્ઞા છે. સમજાણું કાંઈ?

**'પરમ વૈરાગ્ય...'** જાહેરાત દ્વારા. એક તો સર્વજ્ઞ પરમાત્માએ કહેલો વીતરાગમાર્ગ એનું કથન કરવું એ વ્યવહાર થયો. **'અને (૨) પરમવૈરાગ્યમય પ્રકૃષ્ટ પરિણમન દ્વારા,...'** પરમવૈરાગ્યમય પ્રકૃષ્ટ પરિણમન દ્વારા. તો વૈરાગ્ય પરમ ક્યારે થાય છે? રાગથી ખસવું એ તો વ્યવહારથી કથન છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાનો પૂર્ણ સ્વભાવ, સમૃદ્ધિ, સંપદા રાખે છે એ તરફના અસ્તિત્વમાં ઘૂસીને રાગની ઉત્પત્તિ ન થવી, વ્યવહારના રાગની પણ, એવી વીતરાગ પરિણતિની પરમેશ્વરની પરમ આજ્ઞા છે. અમરચંદભાઈ! આહાહા..! ત્રિલોકનાથ વીતરાગ જૈન પરમેશ્વર અનંત થયા અને વર્તમાન ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. બધાની, પરમેશ્વરની આજ્ઞા, પોતામાં પરમ ઈશ્વરતામાં સ્થિર થવું એ જ આજ્ઞા છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'એની પરમવૈરાગ્યમય પ્રકૃષ્ટ...'** પ્રકૃષ્ટ નામ ઊંચા પ્રકારની વિશેષ પરિણમન દ્વારા જુઓ! પર્યાયમાં વીતરાગ પરિણતિ દ્વારા. **'તેનો સમ્યક્ પ્રકારે ઉદ્યોત કરવો...'** કથન દ્વારા- એ નિમિત્ત આવ્યું અને અંતરમાં પરમવૈરાગ્ય દ્વારા **'તેનો સમ્યક્ પ્રકારે ઉદ્યોત કરવો...'** પોતાના સ્વભાવમાં ઉદ્યોત કરવો. એના નિર્ણયમાં એ વાત જામે તો ખરી. એ જામ્યા વિના એ તરફ આત્મા તરફ વળશે ક્યારે? એક નિર્ણયમાં એમ આવવું જોઈએ કે આ વસ્તુ અખંડાનંદ, પરથી ઉપેક્ષા અને સ્વની અપેક્ષામાં રહેવું એ જ પરમેશ્વર ત્રિકાળ જ્ઞાનીની આજ્ઞા છે. સમજાણું કાંઈ?

કહે છે કે **'તેના અર્થે જ (—માર્ગની પ્રભાવના અર્થે જ), પરમગામ પ્રત્યેના અનુરાગના વેગથી...'** **'પવયણભત્તિ'** છેને શબ્દ? **'પવયણભત્તિ'** પહેલાં **'મગ્ગપ્પભાવણટ્ઠં'** એનો અર્થ કર્યો. એક પદનો અર્થ કર્યો. **'મગ્ગપ્પભાવણટ્ઠં'** એનો અર્થ કર્યો. હવે **'પવયણભત્તિ'** પ્રેરાઈને. 'પ્રેરાઈને'નો અર્થ શું? કે **'પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી...'** વારંવાર એવો વેગ આવતો હતો. પરમાગમ પ્રત્યેનો અનુરાગ. ઓહો..! આ પંચાસ્તિકાય બને, પંચાસ્તિકાય સંગ્રહ શાસ્ત્ર બને એવો વારંવાર અનુરાગ, ઘોલનમાં વિકલ્પ વારંવાર આવતો હતો. સમજાણું કાંઈ? સ્વભાવમાં ઠરતા ઠરતા પણ એ વિકલ્પ આવતો હતો વારંવાર. **'પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી જેનું મન અતિ ચલિત થતું હતું...'** ભાષા જુઓ ભાષા!

મુમુક્ષુ :- આ વ્યવહાર છે.

ઉત્તર :- આ વ્યવહાર. પ્રજ્ઞાપન કહ્યુંને પહેલાં? વ્યવહાર કહ્યો. એ કથન કર્યું. પણ કથનમાં વારંવાર આમ કહું... આમ કહું... આવું સ્પષ્ટીકરણ કરું... પંચાસ્તિકાયની ટીકા-પાઠ કહું, અમૃતચંદ્રાચાર્યને એ આવ્યું. આની ટીકા થાય તો ઠીક, વિસ્તાર સ્પષ્ટીકરણ થાય તો ઠીક. એવો પરમાગમના પ્રેમનો વેગ વારંવાર આવતો હતો. સમજાણું કાંઈ?

નિયમસારમાં છે. (પદ્મપ્રભમલધારીદેવ). એ બધી અહીંની ટીકા જ કરી છે. સમજ્યા? આ અમૃતચંદ્રાચાર્યની ટીકાનું અનુકરણ ઘણું કર્યું છે આમાં. (શ્લોક-૬) '**હમણાં અમારું મન પરમાગમના સારની પુષ્ટ રુચિથી ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે.**' પદ્મપ્રભમલધારીદેવ. હમણાં અમારું મન આ ટીકા કરવાનું કેમ થાય છે? હમણાં અમારું મન પરમાગમના સાર, પરમાગમનો સાર, નિયમસાર છેને આ? એની પુષ્ટ રુચિથી. આ વિકલ્પ છે. ફરી ફરીને અત્યંત પ્રેરિત થતું હતું. '**એ રુચિથી પ્રેરિત થવાને લીધે 'તાત્પર્યવૃત્તિ' નામની આ ટીકા રચાય છે.**' વિકલ્પ એવો વારંવાર આવતો હતો કે આ પરમાગમની પુષ્ટિ થાય. સાર... સાર.. નિયમસાર એની સ્પષ્ટીકરણ ટીકા થાય એમ અમારું મન વારંવાર એ તરફ ઢળતું હતું તો ટીકા થઈ ગઈ. તો એની ટીકા કરી એમ વ્યવહારથી કહેવામાં આવ્યું. ઓહોહો..! આ તો ઓલા ફૂલચંદજીએ લખ્યું કે અમે લોકોને સમજાવા માટે કહીએ છીએ. જુઓ! કર્તા આવ્યું કે નહિ? સોનગઢવાળા કર્તા ન માને પણ એ તો કર્તા માને છે. ભાઈ! ભગવાન! તારી પણ બલિહારી છેને! આહાહા..! અરે..! ક્યાં કઈ રીતે તર્ક કર્યો? કઈ રીતે કંઈ મોં-માથુ ન મળે કાંઈ.

મુમુક્ષુ :- એને તો મોં-માથુ હાથમાં આવી ગયું.

ઉત્તર :- આવી ગયું એને. જુઓ! એમણે લખ્યું એનો અર્થ થયો કે કર્તા છે. અને લખ્યું છે એનો અર્થ થયો એનાથી એ સમજશે. અને સોનગઢવાળા કહે છે કે કર્તા નથી તો એની શ્રદ્ધા એને નથી. અને એનાથી એ સમજશે એની ના પાડે છે અને આ કહે છે કે સમજશે. આહાહા..! રાજમલજી! તમારા વકીલાતમાં આવો તર્ક નહિ આવતો હોય. આહાહા..!

કહે છે કે અમારું મન પરમાગમની ભક્તિ. જુઓ! ભક્તિનો અર્થ અનુરાગ. '**मग्गप्पभावणट्ठं पवयणभत्ति**' પ્રવચન ભગવાનની વાણી પંચાસ્તિકાય તેને હું બનાવું એવો વિકલ્પ વારંવાર આવતો હતો. સમજાણું કાંઈ? અમારા જ્ઞાનમાં તો છે નહિ. વિકલ્પ લાવવો એમ નથી અને શાસ્ત્ર બનાવવું એ પણ નથી. અમારા સ્વરૂપમાં તો છે જ નહિ. પણ વારંવાર એ વિકલ્પ આવતો હતો તો શાસ્ત્ર બની ગયું અથવા બને છે કે બનાવું છું, બનાવું છું એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! ભારે અભિમાન ભાઈ જીવને. મૌનપણે પડ્યો છે અંદર પ્રભુ તો. અંદર ચિદાનંદઘન મૌનપણે અનાદિઅનંત મૌન. તેમાં વાણી નહિ, વિકલ્પ નહિ. ચિદાનંદઘન વીતરાગી પોતાનું સ્વરૂપ જ્ઞાયકભાવથી અનાદિઅનંત પડ્યું છે. એમાં નથી વાણી, તેમાં નથી વિકલ્પ એવી ચીજને આત્મા કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? વિકલ્પ તો આસ્રવ છે, વાણી તો અજીવ છે. જ્ઞાયકભાવ તો જીવ છે. ત્રણ તત્ત્વ તો થઈ ગયા ભિન્ન. સામગ્રી કાંઈક મળી હોય અનુકૂળ શરીર આદિ, કાંઈક ક્ષયોપશમ એવો હોય, ક્યાં લગાવે વાતને! આહાહા..!

કહે છે કે અમારા અનુરાગને કારણે અતિચલિત થતું હતું. ભાષા જોયું! '**મન અતિ**

**ચલિત થતું હતું...'** વારંવાર વિકલ્પ આવતો હતો, વારંવાર એ તરફનો. એનો અર્થ કે એ બનવાની ચીજ હતી તો એવો વિકલ્પ આવતો હતો. એ વિકલ્પ હતો માટે થયું એમ પણ નથી. તો એ થયો કર્તા અને વિકલ્પ થયું કર્મ એમ પણ નથી. શાસ્ત્ર બનવાનું હતું માટે અમને વિકલ્પ આવતો હતો એમ પણ નથી. સમજાણું કાંઈ? કારણ કે શાસ્ત્રની પર્યાય જડની થાય (અને) એને કારણે વિકલ્પ આવતો હોય તો એ થયો કર્તા અને રાગ કાર્ય થયું. એમ છે નહિ. બ્રહ્મચારીજી! એ તો વાત એવી છે. શું કરે? અને રાગ આવ્યો માટે એ વાણીની વસ્તુ બની ગઈ એમ પણ નથી. તો રાગ થયો કર્તા અને વાણીની પર્યાય થઈ કર્મ—કાર્ય થયું એમ પણ વસ્તુમાં નથી. કર્તાકર્મ ભિન્ન તો હોઈ શકતા નથી. નિમિત્તથી કથન કેવી રીતે કરે? એ વાણીની પદ્ધતિ છે.

કહે છે કે **'અતિ ચલિત થતું હતું એવા મેં...'** જુઓ! 'મેં' કહ્યું ને પાઠમાં? હવે આવ્યું. **'भत्तिप्पचोदिदेण मया'** એ શબ્દ પડ્યો છે. ત્યાં શબ્દ મૂક્યો છે. જુઓ, સમયસારમાં શબ્દ નથી આવ્યો, પ્રવચનસારમાં નથી આવ્યો. સમજાણું કાંઈ? **'मया'** મને આવો વિકલ્પ આવ્યો. **'मया' 'મેં આ પંચાસ્તિકાયસંગ્રહ નામનું સૂત્ર કહ્યું—'** પંચાસ્તિકાયસંગ્રહ. એક કાળ (દ્રવ્ય) ગૌણ. **'નામનું સૂત્ર કહ્યું—'** મેં કહ્યું. ભાષા શું કહે? અરે..! સનતકુમારજી! અરે..! ભગવાન! અરે..! વિરોધ ટાળવાનો કાળ છે એમાં વિરોધ ઉઠાવવો. આહાહા..! આ લખ્યું. પણ લખ્યું બાપુ! ભાઈ! એ તો કહે છે કે અમને વિકલ્પ આવ્યો, સૂત્ર રચ્યું એમ નિમિત્તથી કહેવામાં આવ્યું છે. કર્તા-ફર્તા અમે ત્રણ કાળમાં નથી. **'સૂત્ર કહ્યું—કે જે ભગવાન સર્વજ્ઞ વડે ઉપજ્ઞ હોવાથી...'** જુઓ! શું કહે છે? ભગવાન સર્વજ્ઞ વડે ઉપજ્ઞ હોવાથી. **'(-વીતરાગ સર્વજ્ઞ જિનભગવાને સ્વયં જાણીને...'** જુઓ! એ પંચાસ્તિકાય ભગવાને જાણ્યું છે. વળી ઓલા કહે, ભગવાને જાણ્યું તો વ્યવહાર થઈ ગયો. અરે..! તકરાર તે પણ ક્ષણે ક્ષણે તકરાર.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- માટે વ્યવહાર ખોટો. અરે..! ભાઈ! સમજાણું કાંઈ? સાંભળે છે તો ઘણા સમયથી, પહેલેથી સાંભળે છે, પણ શું કહે છે એની ખબર નહિ. જય નારાયણ. પૈસા આપો તો કહે, લાવો. રાખી દે. શોભાલાલભાઈ! વસ્તુ શું ચીજ છે એ સમજાય નહિ ત્યાં સુધી સત્યતા ક્યાંથી આવે? આમને આમ સાંભળે અને આમ કહે. ઠીક આ શું કહે છે. સારું કહે છે. પણ શું કહે છે? અને કહેવામાં સાર એનો ભાવ શું છે?

અહીં તો ભગવાન અમૃતચંદ્રાચાર્ય મહારાજ મહાસંત મુનિ નવસો વર્ષ પહેલાં ઓહોહો..! ભરતક્ષેત્રમાં જ્યારે ચાલતા હશે અને રહેતા હશે. ઓહોહો..! સિદ્ધસ્વરૂપ! જાણે ડોલતા સિદ્ધ ચાલતા. એ અમૃતચંદ્રાચાર્ય કહે છે, અમારું મન એની ટીકા કરવામાં વારંવાર પ્રેરિત થાય છે હોં! તો કુંદકુંદાચાર્ય કહે છે કે સૂત્ર મેં બનાવ્યું. અમૃતચંદ્રાચાર્ય કહે, મેં બનાવી ટીકા.

એવું નિમિત્તથી કથન કરવામાં આવ્યું છે. અરે..! ભગવાન! આહાહા..! મેં કર્યું.. મેં કર્યું... બાપુ! ભાઈ! એમાં કાંઈ વાણી અક્ષર પડ્યા છે આત્મામાં? એ તો જ્ઞાનઘન છે. એમાં જ્ઞાન હોય અને જ્ઞાનની દશા પ્રગટ થાય, કેવળજ્ઞાનની દશા પ્રગટ થાય એવું સત્ત્વ છે. પરમાણુ પ્રગટ થાય એવું સત્ત્વ એમાં ભર્યું છે? એક અક્ષર પ્રગટ થાય એવી કોઈ અંદર શક્તિ છે દ્રવ્યમાં, ગુણમાં, પર્યાયમાં? અરે..! રાગમાં. ત્રણે તો નિર્મળ છે, પણ રાગમાં તાકાત છે કે અક્ષર અંદરમાંથી છૂટે? અક્ષર તો અનંત પરમાણુનું દળ છે.

'**જિનભગવાને સ્વયં જાણીને પ્રણીત કરેલું હોવાથી.**' બે શબ્દ લીધા. સમજાણું? '**ભગવાન સર્વજ્ઞ વડે ઉપજ્ઞ હોવાથી...**' સૂત્ર છે એમ કહેવું છેને? સર્વજ્ઞ પરમાત્મા.. એક સમયમાં વીતરાગ સર્વજ્ઞ એમણે જાણ્યું સ્વ સહિત પંચાસ્તિકાય બધા. બધા પંચાસ્તિકાય એમના કેવળજ્ઞાનમાં ઉપજ્ઞ-જાણવામાં આવ્યા. જાણીને કહ્યું છે. ભગવાને જાણીને કહ્યું, છ દ્રવ્ય છે, લોકાલોક છે, આમ છે. જાણ્યું છે. વ્યવહારથી જાણ્યું એટલે (સર્વથા) નથી જાણ્યું એમ નથી. તન્મય થઈને નથી જાણતા એનું નામ વ્યવહારથી પરને જાણે છે. નિશ્ચયથી તો પોતાની પર્યાયમાં તન્મય થઈને (સ્વને) જાણે છે, (સાથે) લોકાલોક જેમ છે એમ જાણ્યું પોતાની પર્યાયમાં. આત્માની તાકાત પોતાની પર્યાય એક સમયની. આહાહા..! એ તો પર્યાયને દેખે છે. ખરેખર તો દ્રવ્ય-ગુણ-પર્યાયને જોવામાં પર્યાયનું આટલું સામર્થ્ય છે એને જાણે છે. એક સમયની તાકાત આટલી છે એમ જાણતાં સર્વ જણાઈ ગયું. લોકાલોક આવી ગયા. બહાર નજર કર્યા વિના અંતરની પરિણતિમાં આત્મજ્ઞદર્શન, આત્મદર્શિ, સર્વદર્શી, સર્વજ્ઞશક્તિનું પરિણમન થઈ ગયું. સમજાણું કાંઈ?

સૂત્ર કેમ કહ્યું? સમજાણું? કે સૂત્ર છેલ્લો શબ્દ છે ને? ૧૭૩માં. '**पंचत्थियसंगहं सुत्तं।**' તો '**પંચાસ્તિકાય સંગ્રહ નામનું સૂત્ર કહ્યું—કે જે ભગવાન સર્વજ્ઞ વડે ઉપજ્ઞ હોવાથી 'સૂત્ર' છે,...**' સૂત્ર છે આ. ભગવાને કહ્યું એ સૂત્ર છે. સમજાણું કાંઈ? '**અને જે સંક્ષેપથી સમસ્તવસ્તુતત્ત્વનું પ્રતિપાદન કરતું હોવાથી,...**' આ શાસ્ત્ર શું છે? સંપૂર્ણ જાણ્યું છે અને સંક્ષેપથી સમસ્તવસ્તુતત્ત્વનું '**(સર્વવસ્તુના યથાર્થ સ્વરૂપનું)**' સર્વ વસ્તુના યથાર્થ સ્વરૂપનું '**પ્રતિપાદન કરનારું હોવાથી,...**' વાણી પ્રતિપાદન કરે છે. ભગવાનની વાણી પ્રતિપાદન કરે છે તો 'ભગવાનની વાણી' વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાણી હોં ભાઈ! તકરાર કરવી હોય તો એને ક્ષણે ક્ષણે તકરાર. જુઓ બધું કર્યું છે, એણે એમાં ખૂબ (વિરોધનું) લખ્યું છે. બસ! એકલા વ્યવહારમોક્ષમાર્ગથી મોહનો નાશ થાય. એય..! દેવાનુપ્રિયા! અને નિશ્ચયમોક્ષમાર્ગથી સાત કર્મના નાશની વિધિ. બેય મોક્ષમાર્ગ છે વ્યવહાર અને નિશ્ચય. માટે વ્યવહારમોક્ષમાર્ગ એ મોહકર્મના નાશના કારણ—ઉપાય છે. ઉદયભાવ નથી મહાવ્રતાદિ. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક (ભાવ છે). વ્યવહાર... વાહ રે પ્રભુ વાહ! ખોજ પણ નવી કાઢીને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મોહનું જબ્બર કામ એ વ્યવહાર નાશ કરે અને નિશ્ચયમોક્ષમાર્ગ સાત કર્મનો નાશ કરે. કારણ કે નિશ્ચયમોક્ષમાર્ગ થાય બારમે. એટલે બારમે જ્યાં નિશ્ચયમોક્ષમાર્ગ થયો તો જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય કર્મનો નાશ કરીને કેવળજ્ઞાન (થાય). પછી ચારનો નાશ કરીને મોક્ષ (થાય). નિશ્ચયમોક્ષમાર્ગમાં એ તાકાત (અને) વ્યવહારમાં મહા મોહ, મૂળ જે દુશ્મન મોહ એને માટે તો વ્યવહાર ક્રિયાકાંડના પરિણામ જ નાશ કરવાનો ઉપાય છે. આહાહા..! દેવીલાલજી! અરે..! ભગવાન! પછી છેલ્લે લખ્યું છે, વિદ્વાન મંડળ વિચાર કરે આ હોં! એવી વાત છે. અરે..! પ્રભુ! વિદ્વત મંડળ.

મુમુક્ષુ :- .. મારા મતના થઈ જાઓ.

ઉત્તર :- થઈ જાઓ. આ વાંચો અને આ પ્રમાણે જુઓ મેં કાઢ્યું છે અંદરથી. કાઢ્યું છે. ભગવાન! ખરે ટાણે નડશે તને હોં!

મુમુક્ષુ :- અરે..! અત્યારે જ નડે છે.

ઉત્તર :- અત્યારે તો આમ લહેર કરે છે. દેખાય છેને. અત્યારે ક્યાં.. એને તો કાંઈ (ખબર નથી). અમે બરાબર સ્થાપીએ છીએ, બરાબર કહીએ છીએ. આચાર્ય પ્રમાણે અમે માનનારા છીએ. પંડિત પ્રમાણે નહિ. એ મરવા ટાણે થાશે ટાંગા.. હાય.. હાય.. હાય.. જ્યાં હોય ત્યાં કર્તાબુદ્ધિ સાબિત કરી છે. મેં કર્યું, મેં કર્યું. ભગવાન! જ્ઞાનમાં કર્તા છે નહિ ભાઈ! પરનું કરવું વ્યવહારથી કહ્યું એનો અર્થ છે કે કર્તા છે નહિ. કોણ કરે? આહાહા..! એ રાગના કર્તાની કર્તૃત્વબુદ્ધિ પણ મિથ્યાદૃષ્ટિ છે. ત્યાં દેહની ક્રિયા કરવી એ પણ સાચી વાત નથી. ભાઈ! એ નહિ. બાપુ! એ નહિ. પણ વ્યવહાર સાચો સ્થાપવું છેને ભાઈ એને. નિશ્ચય પણ સાચો અને વ્યવહાર પણ સાચો. બેય સાચા.

મુમુક્ષુ :- .. એમ કહે છે.

ઉત્તર :- હા, કહે છે. બેય સાચા છે. ઓલા ટોડરમલ કહે કે વ્યવહાર ઉપચાર છે અને નિશ્ચય સાચું છે. તો કહે, નહિ. ખોટું છે. આહાહા..! આવી તો વાત હમણાં છ મહિના, બાર મહિનામાં આવવા માંડી હોં!

મુમુક્ષુ :- હજી આઠમા સુધી લખ્યું છે.

ઉત્તર :- હા, એ આઠમું લખ્યું. અજીતકુમારે આઠમા સુધી લખ્યું છે. એ પણ લખ્યું. અજીતકુમારનો લેખ છે. શિવમાર્ગ આવ્યું છેને.

મુમુક્ષુ :- એમાં પાછું આઠમા સુધી છે.

ઉત્તર :- હા, ભાઈનું આઠમા સુધી. ઓલાનું બારમા સુધી.

મુમુક્ષુ :- ઓલાનું સાતમે.

ઉત્તર :- ઓલાનું સાતમે. એમાં સાતમામાં બે ભાગ લીધા છે. ધર્મધ્યાનના બે ભાગ આવે છેને? ધવલમાં એમ કે ધર્મધ્યાન દસમા સુધી લીધું છે. એ અપેક્ષાએ ત્યાં અબુદ્ધિપૂર્વક

પણ રાગ રહ્યો ત્યાં સુધી વ્યવહાર કહ્યો અને આચાર્યે છઠ્ઠા ગુણસ્થાન સુધી વ્યવહાર કહ્યો ત્યાં બુદ્ધિપૂર્વક છે, ત્યાં સુધી વ્યવહાર કહ્યો. કષાય ઉપર જોર. બુદ્ધિપૂર્વક છે ત્યાં સુધી વ્યવહાર અને અબુદ્ધિપૂર્વક છે તો એક આચાર્યે ત્યાં વ્યવહાર કહ્યો. એટલે બેની કથની આ અપેક્ષાએ છે. ધર્મધ્યાન સાતમા સુધી કહ્યું, એમાં બુદ્ધિપૂર્વક રાગ છે માટે. અબુદ્ધિપૂર્વક રાગ છે એક આચાર્યે ત્યાં સુધી.. છે તો કષાયભાવ એ જ વ્યવહારમોક્ષમાર્ગ. અને એ કષાયભાવનો અર્થ પાછો એ. કષાય એમ નહિ, ક્ષયોપશમભાવ. આહાહા..!

કહે છે કે ભાઈ! ભગવાને પ્રણીત કરેલું છે હોં આ સૂત્ર. **'અને જે સંક્ષેપથી સમસ્તવસ્તુતત્ત્વનું પ્રતિપાદન કરનારું...'** હોવાથી. ભાષા શું કરે? પ્રતિપાદન કરનારું. અક્ષરે અક્ષરે વાંધા આવે. ભગવાન પ્રતિપાદન કરતા હતા. કહો, એ કઈ નયનું કથન છે? આગળ આવશે જુઓ! આચાર્ય પોતે કહેશે. **'અતિ વિસ્તૃત એવા પણ પ્રવચનના સારભૂત છે...'** શું કહે છે? ભલે સંક્ષેપમાં કહ્યું. એમ શબ્દ આવ્યોને પહેલાં? **'સંક્ષેપમાં સમસ્તવસ્તુતત્ત્વનું પ્રતિપાદન કરનારું હોવાથી, અતિ વિસ્તૃત એવા પણ પ્રવચનના સારભૂત છે...'** ભલે સંક્ષેપમાં કહ્યું. સમજાણું કાંઈ? પણ છે **'અતિ વિસ્તૃત એવા પણ પ્રવચનના સારભૂત છે...'** પંચાસ્તિકાયમાં એક એક શબ્દ આ તો સિદ્ધાંતિક છે, એ કોઈ કથા-વાર્તા નથી. એક એક શબ્દમાં ઘણો મર્મ ભરેલો છે.

**'સંક્ષેપમાં સમસ્તવસ્તુતત્ત્વનું પ્રતિપાદન કરનારું હોવાથી, અતિ વિસ્તૃત એવા પણ પ્રવચનના સારભૂત છે (-દ્વાદશાંગરૂપે વિસ્તીર્ણ એવા પણ જિનપ્રવચનના સારભૂત છે).'** વિસ્તાર એવા બાર અંગ, એમાં પણ આ પંચાસ્તિકાયસંગ્રહ સંક્ષેપમાં આખા દ્વાદશાંગનો સાર છે. સંક્ષેપમાં પણ આખા દ્વાદશાંગનો સાર છે. કહો, સમજાણું કાંઈ? **'આ રીતે શાસ્ત્રકાર (શ્રીમદ્‌ભગવતકુંદકુંદાચાર્યદેવ) પ્રારંભેલા કાર્યના અંતને પામી,...'** જુઓ ભાષા! **'પ્રારંભેલા કાર્યના અંતને પામી, અત્યંત કૃતકૃત્ય થઈ,...'** અત્યંત કૃતકૃત્ય થઈ ગયો. એટલે હવે કાંઈક કરવાનો વિકલ્પ છે નહિ એમ કહેવું છે. **'કાર્યના અંતને પામી, અત્યંત કૃતકૃત્ય થઈ,...'** ગયા. બસ, ઓહો..! પોતાનું કાર્ય પોતામાં. કૃતકૃત્ય (થઈ ગયા).

**'પરમનૈષ્કર્મ્યરૂપ...'** જુઓ! ઓલો વિકલ્પ હતોને? અહીંયા પૂર્ણ જ્યાં થયો ત્યાં વિકલ્પ છૂટી ગયો. કરવાનો જે વિકલ્પ હતો એ છૂટી ગયો. પંચાસ્તિકાયસંગ્રહ પૂરું થયું ત્યાં. ત્યાં સુધી વિકલ્પ આવ્યા કરતો હતો. થઈ ગયું (તો) વિકલ્પ છૂટી ગયો. સમજાણું કાંઈ? **'પરમ નૈષ્કમ્યરૂપ...'** પરમનૈષ્કર્મ્ય. જુઓ! એ વિકલ્પ હતો એટલો રાગભાવનું કાર્ય હતું. વિકલ્પનું ઘોલન. નૈષ્કર્મ્યરૂપ અવસ્થા થઈ. લ્યો આ અમૃતચંદ્રાચાર્ય કહે છે કે કુંદકુંદાચાર્ય વર્તમાન સંયમી છે એમની પરમ ચૈતન્ય **'નૈષ્કર્મ્યરૂપ શુદ્ધસ્વરૂપમાં વિશ્રાંત થયા...'** કહો, સમજાણું? સ્થિર થઈ ગયા. વીતરાગભાવ સાતમે ગુણસ્થાને. કહો, સમજાણું કાંઈ?

**'પરમ નૈષ્કર્મ્યરૂપ...'** રાગનો જરી વિકલ્પ હતો એ છૂટીને શુદ્ધ સ્વરૂપમાં વિશ્રાંત (થઈ

ગયા). આહાહા..! એનો અર્થ કે રાગ હતો એ થાક હતો, રાગ હતો એ ખેદ હતો. વેગ હતો, શાસ્ત્ર કરવાનો વિકલ્પ એ વેગ દુઃખ હતું, અવિશ્રાંતભાવ હતો. એ વિકલ્પ છૂટી ગયો તો વિશ્રાંતિ થઈ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વીતરાગતા જ છે. અહીં તો ભગવાને વીતરાગતા કહી અને અમે વીતરાગમાર્ગ જ કહીએ છીએ. બસ. સમજાણું કાંઈ? વિકલ્પ ભલે આવ્યો, છૂટી ગયો.

'**પરમ નૈષ્કર્મ્યરૂપ શુદ્ધસ્વરૂપમાં વિશ્રાંત થયા (—પરમ નિષ્કર્મપણારૂપ શુદ્ધસ્વરૂપમાં સ્થિર થયા) એમ શ્રદ્ધવામાં આવે છે...**' આચાર્ય કહે છે કે અમને એટલી શ્રદ્ધા છે, અનુભવમાં સ્થિર થયા એવી અમારી શ્રદ્ધા થઈ છે, એવી અમે શ્રદ્ધા કરીએ છીએ. જુઓ! અમૃતચંદ્રાચાર્ય કહે છે એ પૂર્ણ થયું એ વખતે કુંદકુંદાચાર્ય નિષ્કર્મ્ય થયા એવી અમે શ્રદ્ધા કરીએ છીએ. સમજાણું કાંઈ? કહો, ખબર પડી હવે... પહેલાં કુંદકુંદાચાર્ય હતા. (૧૧૦૦ વર્ષ) પછી અમૃતચંદ્રાચાર્ય થયા. અમે શ્રદ્ધા કરીએ છીએ કે નિષ્કર્મ્ય અવસ્થામાં સ્થિર થઈ ગયા. સમજાણું કાંઈ? '**એમ શ્રદ્ધવામાં આવે છે...**' એવી અમે શ્રદ્ધા કરીએ છીએ.

---

इति समयसारव्याख्यायां नवपदार्थपुरस्सरमोक्षमार्गप्रपञ्चवर्णनो द्वितीयः श्रुतस्कन्धः समाप्तः।।

स्वशक्तिसंसूचितवस्तुतत्त्वै-
व्याख्या कृतेयं समयस्य शब्दैः।
स्वरूपगुप्तस्य न किंचिदस्ति
कर्तव्यमेवामृतचन्द्रसूरेः।।८।।

इति पंचास्तिकायसंग्रहाभिधानस्य समयस्य व्याख्या समाप्ता।

---

**આ રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી પંચાસ્તિકાયસંગ્રહશાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત) સમયવ્યાખ્યા નામની ટીકામાં નવપદાર્થસૂચક મોક્ષમાર્ગપ્રપંચવર્ણન નામનો દ્વિતીય શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**

**(હવે, 'આ ટીકા શબ્દોએ કરી છે, અમૃતચંદ્રસૂરિએ નહિ' એવા અર્થનો એક છેલ્લો શ્લોક કહીને અમૃતચંદ્રાચાર્યદેવ ટીકાની પૂર્ણાહુતિ કરે છે :)**

**(શ્લોકાર્થ :-) પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (—યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે એવા શબ્દોએ આ સમયની વ્યાખ્યા (—અર્થસમયનું વ્યાખ્યાન અથવા પંચાસ્તિકાયસંગ્રહની ટીકા) કરી છે; સ્વરૂપગુપ્ત (—અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત) અમૃતચંદ્રસૂરિનું (તેમાં) કાંઈ જ કર્તવ્ય નથી). (૮)**

આમ (શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યપ્રણીત) શ્રી પંચાસ્તિકાયસંગ્રહ નામના સમયની અર્થાત્ શાસ્ત્રની (શ્રીમદ્ ભગવત્‌કુંદકુંદાચાર્યદેવવિરચિત સમયવ્યાખ્યા નામની) ટીકાનો શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો).

## શ્લોક-૮ ઉપર પ્રવચન

'આ રીતે (**શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી પંચાસ્તિકાયસંગ્રહશાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત) સમયવ્યાખ્યા**...' લ્યો સમયવ્યાખ્યા ટીકાનું નામ. '**સમયવ્યાખ્યા નામની ટીકામાં નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગ પ્રપંચવર્ણન**...' પ્રપંચનો અર્થ વિસ્તાર. સમજ્યા? 'પ્રપંચ' શબ્દ પડ્યો છે. પ્રપંચનો અર્થ વિસ્તાર. '**નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગ પ્રપંચવર્ણન નામનો દ્વિતીય શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**'

હવે અમૃતચંદ્રાચાર્ય મહારાજ (કહે છે), '(**હવે, આ ટીકા શબ્દોએ કરી છે**,...' જુઓ! આ સરવાળો. આ તો જ્યાં હોય ત્યાં મેં કર્યું. મેં કર્યું. ભગવાન! તારામાં તાકાત છે એ પરમાં ક્યાંથી ઘૂસી ગઈ? અમે શબ્દ બનાવ્યા, અમે પુસ્તક બનાવ્યા, અમે ઉપદેશ કર્યો, મેં કર્યું. અરે..! ભગવાન! તું કોણ કે તું કર? '**ટીકા શબ્દોએ કરી છે**,...'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ જુદો જ છે. છે શું? જડના પરમાણુની પર્યાયનો કાળ છે તો કાળ સ્વકાળમાં પરમાણુની પર્યાય થાય છે. પુસ્તક પણ એના સ્વકાળે થાય છે, વાણી પણ એના સ્વકાળે થાય છે. આત્મા કરે શું? ઓહો..હો!

'**અમૃતચંદ્રસૂરિએ નહિ**...' જુઓ! આ ટીકા મેં કરી નથી. આહાહા..! નિશ્ચયનો અર્થ સત્યાર્થ છે. વ્યવહારથી કહેવું કે ટીકા કરી એ નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. કરી-ફરી નથી. હજી આ તો કહે, બીજાને જીવન દઈ શકે છે, ખાઈ શકે છે. જુઓ! શાસ્ત્રમાં નથી આવ્યું? દુઃખનું વર્ણન કરીને શું કહે? નાના માછલાને મોટા માછલા ખાઈ જાય છે. મચ્છ ગળાગળ આવે છે કે નહિ? ખાઈ જાય એમ કહ્યું એમાં ખાઈ શકે એ ક્રિયા કરી શકે છે એમ ક્યાં સિદ્ધ કર્યું છે. એ તો દુઃખનું વર્ણન કરવું છે. આહાહા..! આણે એને મારી નાખ્યો. રામચંદ્રજીએ લક્ષ્મણજીએ મારી... શું કહેવાય એ? રાવણે મારીને એક વિદ્યા લક્ષ્મણજીને. શક્તિ મારી મૂર્છિત થઈ ગયા. લખાણ શું કરે? જુઓ! આ શક્તિથી મૂર્છા થઈ કે નહિ? અરે.. ભગવાન! એ તો ત્યાં મૂર્છા થવાની લાયકાત હતી તો શક્તિ નિમિત્તરૂપ થઈ. અને જ્યાં એ વિશલ્યા આવી... વિશલ્યાને? વિશલ્યા બાઈ. પૂર્વનું ઘણું એવું હતું.. એનું સ્નાન(નું પાણી) જ્યાં નાખે ત્યાં (મૂર્છામાંથી) ઉઠી જાય. એવી બ્રહ્મચારિણી બાઈ પૂર્વે. લક્ષ્મણની

સ્રી થવાની છે. કોઈએ કહ્યું હતું કે તારો પતિ આવો વાસુદેવ હશે. મૂંઝાણા બધા રામચંદ્રજી વગેરે. શું કરવું? અરે..! મારો લક્ષ્મણ, મારો વીર મૂર્છાઈ ગયો. કોઈ અડશો નહિ ભાઈ હોં. ઓલી વિદ્યા એવી છે કે જો અડશો તો ત્યાં ખલાસ થઈ જશો. પણ એ તો એક કથન કેમ કરે? એવા કથન છે લ્યો. રામચંદ્રજી જ્ઞાની સમકિતી હોં. કહે છે કે ભાઈ! આ લોકો કહે છે કે આ એવી વિદ્યા શક્તિ છે કે કોઈ અડશે તો મારો વીર ચાલ્યો જશે. નહિ અડતા હોં, કોઈ નહિ અડતા. અરે..! વિભીષણ કાંઈ ઉપાય.. ઉપાય.. કહો. આ વીર પડ્યો છે મોટો યોદ્ધો. અરે..! સુગ્રીવ! કાંઈક આમાં બતાવ બાપુ! કાંઈક બતાવ, એમ રામચંદ્ર (કહે છે).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ મોક્ષગામી છે અને વર્તમાન જ્ઞાની સમકિતી છે. એવો વિકલ્પ આવે છે, અરે..! આ વીર પડ્યો હેઠે, આ રાવણ જીતી જશે. આમ તો ખ્યાલમાં છે કે એ વાસુદેવ છે. એ એને નહિ જીતી શકે. પણ હલબલ થઈ ગયા રાગમાં. ત્યારે એકે કહ્યું કે એક વિશલ્યા નામની બાઈ છે. એની પાસે એનું સ્નાન આદિનું પાણી હોય તો આ શક્તિ ચાલી જશે. બોલાવો, કોઈ એને બોલાવો. રામચંદ્રજી કહે છે હોં! પોકાર કરે છે કે અરે..! કોઈ બોલાવો વિશલ્યાને. સવાર પડ્યા પહેલાં આવી જવી જોઈએ. એલા પણ ઉતાવળ? આ ક્રમબદ્ધ...? ભાઈ! એવો વિકલ્પ પોતાની પર્યાયમાં નબળાઈથી આવે છે. જાણે છે. સવાર થયા પહેલાં... મારો વીર પડ્યો છે, સવાર પહેલાં નહિ આવે તો દેહ નહિ રહે. એકદમ જ્યાં વિશલ્યા આવી, જ્યાં હજી તો ગરે છે અંદર હોં ત્યાં ઓલી શક્તિ મોળી પડવા માંડી. એકદમ જરીક આમ... લ્યો! શક્તિએ કર્યું કે નહિ? તારાચંદભાઈ!

મુમુક્ષુ :- ...બેય શક્તિએ...

ઉત્તર :- કહો, એક શક્તિથી ઉતરી ગયું. એક શક્તિથી... અરે..! ભગવાન! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે એ તો વાત જ નથી. ભાઈ! એ કથામાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેવો થયો એનું કથન ચાલે છે. સમજાણું કાંઈ? આટલું પાણી એને છાંટ્યું (તો કાંઈ ન થયું અને) હજી આવતી હતી, પેસી ઓલામાં.. શું કહેવાય? તંબુ. તંબુમાં પેઠા પહેલા તો ઓલી શક્તિ મોળી પડવા માંડી. અરે..! વીર જાગ્યો. રામચંદ્રજી પણ ખુશી થાય છે, લ્યો. આહાહા..! લાવ પાણી અહીં. હવે આ પાણી.. ઘાયલ બહુ થયા હતા ને. ઘાયલ બહુ થયા હતા માણસો. એ પાણી બીજું ઘાયલને છાંટ્યું. બધા નિરોગી. ન થાય નિરોગી? જુઓ! પાણીથી નિરોગી થયા. એય..! અમરચંદભાઈ! અરે..! ભગવાન! બાપુ!

મુમુક્ષુ :- એમ કેમ થયું?

ઉત્તર :- એ સમયમાં એ પર્યાયનો પરમાણુના ઉત્પાદમાં બીજો પરમાણુ ઉત્પાદ કરાવી દે એમ ત્રણ કાળમાં બને નહિ ભાઈ! સમજાણું કાંઈ? એ પુદ્ગલના પરમાણુમાં ઉત્પાદ-

વ્યયની ધારા ચાલે છે. એ ઉત્પાદ-વ્યયની ધારા બીજો પલટી નાખે અને ઉત્પાદ બનાવે તો એ (પહેલા) પરમાણુનો ઉત્પાદ ક્યાં ગયો? અરે..! ભગવાન! એ તો કથાનુયોગમાં એવું વિસ્તારથી કથન હોય એવી પદ્ધતિ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ઘણું થયુંને. આ માનતુંગનું આવ્યુંને સવારે. માનતુંગે જેલને તોડી નાખી. ૪૮ તાળા. તોડી શકે છે? એમ છે જ નહિ. એવી વાત છે. એ તો એમ થવાની પર્યાય હતી તો એમ વિકલ્પથી બની ગયું. વાત એ. અરે..! ભગવાન! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે તો તો ઉત્પાદ, એનો ઉત્પાદ કહો કે કાર્ય કહો, એ પરમાણુનો ઉત્પાદ કહો, કાર્ય કહો, કોનાથી થાય? બહુ અભિમાન.

આચાર્ય કહે છે કે '**એવા અર્થનો એક છેલ્લો શ્લોક કહીને અમૃતચંદ્રાચાર્યદેવ ટીકાની પૂર્ણાહૂતિ કરે છે :**'

**स्वशक्तिसंसूचितवस्तुतत्त्वै-**
**र्व्याख्या कृतेयं समयस्य शब्दैः।**
**स्वरुपगुप्तस्य न किञ्चिदस्ति**
**कर्तव्यमेवामृतचन्द्रसूरेः।।८।।**

'**શ્લોકાર્થ :— પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (-યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે.**' વાણીમાં સ્વપર વાર્તા કહેવાની તાકાત છે તો એણે કહ્યું છે. મેં ટીકા બનાવી નથી. આહાહા..! વળી કેટલાક એમ કહે છે કે એ તો ઉત્તમ પુરુષો છે એટલે અભિમાન ટાળવા માટે કહે છે. એમણે કરી તો છે.

મુમુક્ષુ :- કર્યું તો પછી અભિમાન...

ઉત્તર :- કર્યા પછી એનો પ્રશ્ન... કરી શકતા જ નથી. અહીં તો એ કહે છે.

'**પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ...**' તત્ત્વ નામ ભાવ, સ્વરૂપ '**સારી રીતે કહ્યું છે.**' એણે કહ્યું, શબ્દોએ કહ્યું, ટીકા શબ્દોથી બની છે, મારાથી નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**સારી રીતે કહ્યું છે.**' એમ છેને? '**संसूचित**' '**संसूचित**' એમ. '**संसूचित**' સમ્યક્ પ્રકારે સારી રીતે કહ્યું છે. જુઓ! '**संसूचित**' શક્તિ છે. શબ્દોની શક્તિમાં સમ્યક્ પ્રકારે કહેવાની તાકાતથી થઈ છે. '**એવા શબ્દોએ...**' કેવા શબ્દો? '**જેમણે વસ્તુનું તત્ત્વ સારી રીતે કહ્યું છે એવા શબ્દોએ...**' મેં શબ્દો કર્યા નથી, મેં ટીકા બનાવી નથી. હું તો જ્ઞાનસ્વરૂપ છું. મારામાં વાણી નથી, વિકલ્પ નથી. હું કોને કરું? કોને બનાવું? આહાહા..! સમજાણું કાંઈ? '**આ સમયની વ્યાખ્યા (-અર્થસમયનું વ્યાખ્યાન અથવા પંચાસ્તિકાયસંગ્રહશાસ્ત્રની ટીકા) કરી છે;...**' જુઓ! કરી છે. એમ અસ્તિ કરી પહેલાં. હવે નાસ્તિ કરે છે. અસ્તિનાસ્તિ કરવી છેને. બેયમાંથી અનેકાંત સિદ્ધ કરે છે. એ પોતાની શક્તિથી વસ્તુનું સ્વરૂપ. અરે..!

જડને શું ખબર પડે? એમ કહે છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ કહીને સ્વભાવનું અવલોકન કરીને પછી ઉપદેશ દેવો. સમજાણું કાંઈ? આવે છે કે નહિ? પણ કોણ દે? ભાઈ! ભગવાન! એ તો નિમિત્તનું કથન છે. જ્ઞાનમાં ખ્યાલમાં આવે, પણ વાણી એવા પ્રકારની નીકળવી એ પોતાનું કર્તવ્ય ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. સમજાણું કાંઈ?

એ પંડિત આવ્યા હતા ઈંદોરમાં. (સંવત) ૨૦૧૩ની સાલ. સાત વર્ષ થયા. તો કહે, આ જુઓ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સભા જોઈને આચાર્યે ઉપદેશ દીધો છે એમ આનું છે કે નહિ? ભાઈ! એ વાત વ્યવહારથી કથન છે ભાઈ! એ ઉપદેશ કરે છે એમ કહેવું, આવી વાણી કહું એમ વસ્તુમાં છે ક્યાં? શોભાલાલભાઈ! એવું આવે છેને શાસ્ત્રમાં? કાગડાનું માંસ છોડાવ્યું ભીલને. સમજાણું કાંઈ? કોઈને એમ કહ્યું, આમ કહેવું. કોણ કહે ભગવાન! એ તો એવો વિકલ્પ આવ્યો અને વાણીના કાળે વાણી નીકળી ગઈ છે. આહાહા..! આવે છે કે નહિ? અમરચંદભાઈ! આમ બતાવ્યું, આમ બતાવ્યું, દ્રવ્ય-ક્ષેત્ર.. ભાઈ! એ તો વ્યવહારથી કથન છે. એના જ્ઞાનમાં આવે છે કે આવા પ્રાણી હો... બસ એટલું. પણ એવો ઉપદેશ એ પદ્ધતિનો આપવો એ આત્મામાં નથી, નથી, નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ સભા લાખની હોય કે પાંચ હજારની કે પચાસ હજારની હોય, એને જોઈને કહેવું. અરે..! ભગવાન! એ તો વ્યવહારનું કથન છે ભાઈ!

અહીં કહે છે કે શક્તિ તો એની છે ને? સ્વરૂપગુપ્ત એટલે હું તો રાગમાં આવ્યો નથી તો વાણીમાં ક્યાંથી આવું? વાણી તો પૃથક્ દ્રવ્ય છે. રાગ તો હજી પોતાની પર્યાયમાં ઉત્પન્ન થાય છે. આ તો પૃથક્ દ્રવ્ય છે તો અન્ય દ્રવ્યનો ઉત્પાદ કરનાર હું કોણ? ત્રણ લોકનો નાથ પણ વાણી નથી કરી શકતા, વાણી જડની પર્યાય છે. અજીવ દ્રવ્ય છે. આમ બોલે. અજીવને જીવ માને તો મિથ્યાત્વ. પાછો માને કે અજીવની પર્યાય આત્મા કરી શકે. મૂઢ! આ ક્યાંથી આવ્યું? બોલે ખરા સાંજ-સવાર ઓલા પડિક્કમણામાં. અજીવને જીવ માને (તો મિથ્યાત્વ). શું કરે? અજીવને જીવ માને તો મિથ્યાત્વ એનો અર્થ શું? અજીવને જીવ માને તો? એ વાણી જ્યારે થાય છે એ જડથી થાય છે. જડની પર્યાયનો ઉત્પાદ છે. એ તેં કરી? મેં બનાવી? મૂઢ છે. અજીવને જીવ માન્યો. મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. એને જૈનની ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે કે હું તો સ્વરૂપગુપ્ત છું ને. હું વિકલ્પમાં નથી આવતો તો વાણીમાં ક્યાંથી આવું? એમ કહે છે. '**(અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત)**' જુઓ! ગુપ્ત છું. જ્ઞાનસ્વરૂપ છું. હું તો જ્ઞાનસ્વરૂપ છું એ વાણીમાં ક્યાંથી આવે? વાણીને હું સ્પર્શ્યો પણ નથી, સ્વભાવે તો ખરેખર રાગને પણ સ્પર્શ કર્યો નથી. વિકલ્પ આવ્યો એને સ્પર્શ કર્યો નથી, તો વાણી તો ઘણી દૂર રહી. સમજાણું કાંઈ? '**સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું (તેમાં) કાંઈ જ કર્તવ્ય નથી.**' વળી થોડો શબ્દ મૂકે (કે) બસ કાંઈ પણ, કાંઈ પણ વ્યવહારથી તો છે કે નહિ?

'**કાંઈ જ કર્તવ્ય નથી.**' શું શુક્લચંદજી! થોડું કરી શકે છે કે નહિ? આવું લઠ જેવું શરીર છે, ઘંટી ન ચલાવી શકે? લોટ બનાવવો હોય તો ઘંટી ચલાવી શકે કે નહિ? ત્યારે શું કરે નિર્દોષ લોટ ન મળે તો? અરે..! ભગવાન! ઘંટી તો અનંત પરમાણુનો સ્કંધ છે. એની પર્યાય શું આત્મા કરી શકે છે? હલાવી શકે છે આમ? કહે છે કે મારું '**કાંઈ જ કર્તવ્ય નથી.**' આહાહા..! એવો ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટાપણે હું તો છું. મારી ચીજમાં રાગ પણ નથી થયો, તો વળી વાણીમાં ક્યાંથી આવું? એ યથાર્થ છે હોં! માન ઘટાડવા માટે નહિ, એ કરી શકતા નથી એમ કહ્યું છે. તારાચંદભાઈ!

મુમુક્ષુ :- .. કર્યું છે પુદ્‌ગલે એમાં...

ઉત્તર :- પુદ્‌ગલની પર્યાયે કર્યું છે એમાં શું કર્યું? એ અધિકાર પૂરો થયો.

(મુમુક્ષુ :- પ્રમાણ વચન ગુરુદેવ!)



: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ